

બ્રહ્મસ્વરૂપ

શ્રી પ્રમુખસ્વામી મહારાજ

ભાગ ૮





બ્રહ્મસ્વરૂપ
શ્રી પ્રમુખસ્વામી મહારાજ

(વિસ્તૃત જીવનચરિત્ર : સન ૧૯૯૫ થી ૧૯૯૮)

પ્રકાશક

સ્વામિનારાયણ અક્ષરપીઠ

શાહીબાગ રોડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪


॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

ભગવાન શ્રી સ્વામિનારાયણના પાંચમા આધ્યાત્મિક અનુગામી

બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામી મહારાજ

(વિસ્તૃત જીવનચરિત્ર : સન ૧૯૯૫ થી ૧૯૯૮)

ભાગ : ૮



લેખક

સાધુ આદર્શજીવનદાસ

Brahmaswarup Pramukh Swami Maharaj, Part 8
(Biography of Brahmaswarup Pramukh Swami Maharaj)
By Sadhu Adarshjivandas
Inspired by: HH Mahant Swami Maharaj
Presented by:
B.A.P.S. SWAMINARAYAN SANSTHA
Shahibaug, Amdavad – 380 004. India.
Publishers:
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad – 380 004. India.
1st Edition:
March 2023
Copies: 20,000

ISBN: 978-81-7526-990-3
રજૂકર્તા : બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.
પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

પ્રથમ આવૃત્તિ : માર્ચ ૨૦૨૩
પ્રત : ૨૦,૦૦૦
કિંમત : રૂા. ૨૦૦-૦૦ (સ્વામિનારાયણ અક્ષરપીઠના સૌજન્યથી
મૂળ કિંમત રૂા. ૨૫૦-૦૦માંથી ઘટાડેલી કિંમત)

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના
આશીર્વાદ[1]

પ્રમુખસ્વામી મહારાજનું એક સૂત્ર હતું – બીજાના ભલામાં આપણું ભલું.

આ સૂત્ર એ ખાલી બોલી ગયા નથી, પણ એમનું આખું જીવન, પળે-પળ અને સેકન્ડે સેકન્ડ પરને અર્થે, બીજાના કલ્યાણ માટે વપરાઈ છે. પોતાના માટે એમનું જીવન જ નહોતું. સ્વામીના મનમાં આ જ વસ્તુ હતી – બધાને રાજી કરવા. નાના-મોટાના ભેદભાવ વગર એમણે બધાને રાજી જ કર્યા છે. દેહની પરવા કરી જ નથી. એમાં એમનો દેહ ઘસાઈ છૂટ્યો છે અને એમણે પોતાની મહત્તા જરાય બહાર આવવા દીધી નથી. એકદમ છૂપા રહ્યા. એમણે પોતાનું અસ્તિત્વ મિટાવી દીધેલું.

એમનું અસ્તિત્વ સંતો, હરિભક્તો અને ગુણભાવીઓ માટે જ હતું. બીજાના તન તો આપણે સરભરા કરીએ એટલે સચવાઈ જાય, પણ સ્વામીબાપાએ બધાનાં મન સાચવ્યાં છે. તમે આ જીવનચરિત્ર આદર્શજીવન સ્વામીએ લખ્યું છે એ વાંચો તો ખબર પડે કે કેવી રીતે સ્વામીએ બધાનાં મન સાચવ્યાં છે!

સ્વામીબાપા બીજાને આગળ રાખીને, આગળ ધરીને, આગળ આવ્યા છે. એમને પૂછવામાં આવેલું કે 'તમારામાં એવી કઈ આવડત છે કે આપ આટલું બધું કાર્ય કરીને સંસ્થાને દુનિયાના ટોપ લેવલ પર મૂકી શક્યા?' ત્યારે સ્વામીબાપાએ કહેલું: 'શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની મરજી પ્રમાણે કર્યું છે. બીજી કોઈ આવડતની વાત નથી.'

આમ, ગુરુનો રાજીપો લેવાનું તાન એમને હતું. આપણે એમના શિષ્ય કહેવાઈએ છીએ, તો આપણે સૌ પણ તેઓનાં વચન જીવનમાં ઉતારી, અક્ષર-પુરુષોત્તમની નિષ્ઠા દૃઢ કરીને દિગંતમાં પ્રવર્તાવીએ.

તા. ૧૩/૮/૨૦૨૧,
સારંગપુર

---

૧. આશીર્વાદનો આ ભાવાનુવાદ વીડિયોમાંથી સંકલિત કરાયો છે. મૂળ આશીર્વાદ સાંભળવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

પ્રકાશકીય

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણના પાંચમા આધ્યાત્મિક અનુગામી અને વિશ્વવંદનીય સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય જીવનની વિસ્તૃત ગાથા વર્ણવતી આ ગ્રંથશ્રેણી આપના હાથમાં મૂકતાં આનંદ અનુભવાય છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એટલે જન્મજાત સાધુતાનું ગૌરીશિખર, જીવનભર અકિંચન રહી નિરંતરના પરિવ્રાજક ઓલિયા, પરાભક્તિ અને ગુરુ-ભક્તિનું મૂર્તિમંત સ્વરૂપ, કરુણા અને પરહિતની અવિરત વહેતી ગંગા, બીજાના સુખ માટે જીવનની આહુતિ આપનાર, નિઃસ્વાર્થ ભાવનાની સાક્ષાત્ મૂર્તિ, સમત્વથી સૌ પર વરસતી સ્નેહની અનરાધાર વર્ષા અને ભારતીય સંસ્કૃતિના અજોડ જ્યોતિર્ધર. એમની ફોરમતી પવિત્રતામાં ભગવદ્ગીતાનું ગુણાતીતગાન ગુંજ્યા કરે. એમના સાન્નિધ્યમાં પરમાત્માની સુવાસ સહેજે મઘમઘે. કોઈ અધિકાર કે કંઈક હોવાનો કોઈ દાવો નહીં, કોઈ હક્ક કે માલિકીનો ભાવમાત્ર નહીં, 'હું કંઈક છું કે હું કંઈક કરું છું' એવા અસ્તિત્વની સભાનતા એમની નજીક પણ ફરકે નહીં. સદા સરળ. સદા સહજ. દંભ કે કોઈ દોર-દમામનો અંશમાત્ર નહીં. એક વિલક્ષણ અજોડ આર્ષદ્રષ્ટા અને અદ્વિતીય સર્જક-લોકસેવક હોવા છતાં અહંશૂન્યતાની જીવતી જાગતી પરાકાષ્ઠા. તેમના જીવનની પ્રત્યેક ક્ષણ ભગવાન સ્વામિનારાયણને ચરણે લોકહિત કે જનકલ્યાણ માટે સમર્પિત. શરીરની કોઈ ખેવના નહીં. હૃદય ઋજુતાથી અહોરાત્ર ધબકે છતાં સહનશીલતાનો એમનાથી મોટો કોઈ પર્યાય નહીં. સૌમ્ય અને પ્રિય હિતકારી વાણી, પ્રેમ અને કરુણા વર્ષાવતી એમની નિર્મળ આંખો, રોમરોમમાં સદા પ્રફુલ્લિત એમની નમણી કાયા.

આ બધું આજે સાંભરે છે ત્યારે હૃદય ગદ્ગદ થઈ જાય છે. આ પૃથ્વી અને પૃથ્વી પર વસતા કરોડો લોકો સતત ૯૫ વર્ષ સુધી તેમના સાન્નિધ્યથી ધન્ય થતા રહ્યાં. આવા શબ્દાતીત-સમયાતીત-ગુણાતીત મહાપુરુષનું જીવનચરિત્ર શબ્દોમાં કંડારવું એનાથી મોટું કોઈ કપરું કામ નથી. આમ છતાં, આવનારી અનેક પેઢીઓને આ ગુણાતીત મહાપુરુષના દિવ્ય જીવનમાંથી સતત પ્રેરણા મળતી રહે તે માટે આ ગ્રંથશ્રેણી પ્રકાશિત કરતાં હર્ષ અનુભવાય છે.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની રોજનીશી લખનાર સંતોએ લખેલાં હજારો પૃષ્ઠો, હજારો હરિભક્તો અને સંતો દ્વારા લખાયેલા સ્વાનુભવોનાં હજારો પૃષ્ઠો, સ્વામિનારાયણ પ્રકાશનાં સામયિક વર્ણનો તેમ જ અન્ય અનેક દૃશ્ય-શ્રાવ્ય માધ્યમોમાંથી મળતી સામગ્રીનું સંકલન કરીને આ ગ્રંથ તૈયાર કરવાનું ભગીરથ કાર્ય પૂજ્ય આદર્શજીવનદાસ સ્વામીએ કર્યું છે. એ વાતનો આનંદ છે કે વરિષ્ઠ સંતોના માર્ગદર્શન અને અન્ય સહાયક સંતોની મદદથી અનેક ભાગોમાં વહેંચાયેલું આ વિસ્તૃત જીવનચરિત્ર ખૂબ ઝડપથી આકાર લઈ રહ્યું છે. પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી જ આ ગ્રંથ-શ્રેણી પ્રકાશિત થઈ રહી છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ પર્વે આ ગ્રંથશ્રેણી તેમને સૌથી મોટું અર્ઘ્ય બની રહેશે.

આ ગ્રંથશ્રેણી માત્ર પ્રમુખસ્વામી મહારાજના જીવનની ઝાંખી નથી કરાવતી, પરંતુ ભગવાન સ્વામિનારાયણના દિવ્ય સિદ્ધાંતો અને અક્ષરપુરુષોત્તમ દર્શન, સંપ્રદાયની અજોડ પરંપરા, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સુદીર્ઘ ઇતિહાસનું આચમન કરાવે છે. આ ગ્રંથશ્રેણી ભગવાન સ્વામિનારાયણ તેમ જ ગુણાતીતાનંદ સ્વામીથી લઈને ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ પર્યંત વહેતી ગુણાતીત પરંપરાને એક વિનમ્ર ભાવાંજલિ છે. ભારતની વૈદિક ઋષિ-પરંપરાને એક ભાવવંદના છે. કારણ કે પ્રમુખસ્વામી મહારાજ એટલે એ બધાનો સાક્ષાત્ સરવાળો !!

આ ગ્રંથના સર્જનમાં ભક્તિપૂર્વક ખૂબ જહેમત લેનાર પૂજ્ય આદર્શજીવનદાસ સ્વામી, વરિષ્ઠ સંતો, સ્વામિનારાયણ અક્ષરપીઠના સંચાલક સંતો અને કાર્યકરો સહિત સૌનો હૃદયપૂર્વક આભાર. એ સૌ પર ભગવાન સ્વામિનારાયણ અને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની કૃપા નિરંતર વરસતી રહે એ જ અભ્યર્થના.

આવો, ભગવાન શ્રી સ્વામિનારાયણ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં ચરણે પ્રાર્થના કરીએ કે આ પરમ પવિત્ર જીવનગાથા યુગે યુગે સૌને પ્રમુખસ્વામી મહારાજના શાશ્વત અસ્તિત્વનો અનુભવ કરાવતી રહે.

- સ્વામિનારાયણ અક્ષરપીઠ

શરદ પૂર્ણિમા, સન ૨૦૧૮.

અનુક્રમણિકા

વિષય **પૃષ્ઠ**

અમૃતધારા-૨૮ :
અમૃતવર્ષના અમર અધ્યાય

- **સન ૧૯૯૫**

આ પુરુષ સર્વ પ્રકારે નિર્દોષ છે ૧
અક્કલ વાપરીને કરેલું છે ૨
આપણે તો સીધા સાદા માણસ ૩
અતિ માહાત્મી મન ઉદાર ૪
ચારિત્ર્યવાન સમાજના સર્જક ૫
પડીકું વાળીને બાળી જ મૂકો ૭
ઘરસભા કરશો તો જ શાંતિ રહેશે ૮
જેના ગાડે બેઠા એનાં ગીત ગાવ ને ! ૧૦
જેને અદેખાઈ દિસે ન લેશ ૧૧
કરે કારજ કળિમળ ધોય ૧૩
કલ્પનાતીત કાર્ય ૧૪
બુદ્ધિના કટકા કરીને આજ્ઞામાં જોડાવું ૧૪
શ્રીજીનો સિદ્ધાંત શિર સાટે ૧૬
આ વડલો રાખી મૂકજો ૧૭
૧,૧૧૭ પત્રો જોવાનો ઉમંગ ૧૮
हम भी अतिनिर्मल हैं ૧૯
આ વાક્ય અવરહવર થઈ ગયું છે ૨૦
સો ગળણે ગાળીને આ વાત કરીએ છીએ ૨૧
સ્વામીશ્રીના શરીરની સ્થિતિ ૨૪
તપ કરવા ઇશક છે અતિ ૨૫
ખરા હિતકરા ૨૬

અમારે તો માળા કરવી એ ખાતું ૨૭
'વટ'નું કારણ.. ૨૮
દ્વેષ-દાઝ ઓગાળતી સાધુતા ૨૯
અગવડોના અધ્યાયમાં પુરુષાર્થનાં પ્રકરણ.. ૩૦
અમારે મન તો કિંમત છે સાધુતાની ૩૨
મોટપ નાના થવામાં છે ૩૨
પરિવર્તન અને પ્રામાણિકતાનો પ્રાણવાયુ ૩૩
અમારું માપ રાખશો તો સુખ થશે ૩૪
સાગરકાંઠે ભક્તિની ભરતી ૩૫
અમહિમા એટલે ઝેર.. ૩૬
... તો હસતે મોઢે ધામમાં જવાય.. ૩૭
આવું તો થયે જ રાખતું !.. ૩૮
આપણી જીત થઈ ગઈ છે ૩૯
અમે બોલીને ના ફરીએ.. ૪૦
મૂર્તિનું વર્ણન આવું થતું હશે ?.. ૪૧
જરા પણ આઘું-પાછું નહીં ૪૨
સમુદ્રાલમાં મૂર્તિપ્રતિષ્ઠા.. ૪૩
ભગવાનનો ભરોસો ભરપૂર.. ૪૫
સર્વે ધર્મ તેણે સાચવ્યા.. ૪૬
ઑલ કન્ટ્રી(બધા દેશ)માં એક જ સ્થિતિ ૪૭
મનમનતી કરતાં ચમચમતી સારી.. ૪૭
વાતો તમારી ભેદી, ચૈતનને નાખે છેદી ૪૮
तुमको परफैक्ट गुरु मिले हैं ૪૯
આજન્મશુદ્ધ.. ૫૧
આપણે સોનાના છીએ ૫૨
આ અણધારી વાત બની ગઈ ૫૨
'યુનો'ના સલાહકાર તરીકે સંસ્થાની નિયુક્તિ.. ૫૪
વધામણીનો વરસાદ.. ૫૫
એક-એક સ્તંભમાં ભગવાનનો આવિષ્કાર.. ૫૬
આપણે તો ભગવાન પહેલા છે.. ૫૭

લંડનના મંદિરમાં પ્રાસાદ-પ્રવેશ ૫૮
હિંદુ શ્રદ્ધાનો પ્રચંડ વિસ્ફોટ ૬૦
સદીના શ્રેષ્ઠ સંત ૬૨
પ્રતિષ્ઠાનું પુનિત પર્વ ૬૪
આ મહાનતાની કક્ષા કઈ ?! ૬૫
મંદિર-મહિમાના માઈલસ્ટોન ૬૬
Hindu of the year (વર્ષના શ્રેષ્ઠ હિંદુ) ૬૮
આખું યુરોપ રંગવું છે ૬૯
રહે પ્રભુ પાસે દાસાનુદાસ ૭૦
મંદિરના પથ્થરો સત્સંગ કરાવશે ૭૧
Once in a millenium (હજાર વર્ષમાં એક વાર) ૭૨
प्रमुखस्वामी ने कमाल कर दिया ! ૭૪
સાધનાનું શિક્ષણ ૭૫
સાધુને રજોગુણ ન શોભે ૭૬
મનની સાથે બાથ ભીડવી ૭૭
અતિ નિર્મળ ઉદાર મન ૭૭
તેનો બીજો નથી કરનાર ૭૮
મંઈ બ્રહ્મસ્વરૂપ બેઠા છે ને ! ૭૯
આ જ તત્ત્વજ્ઞાન ૮૦
એવું અધૂરું ન ચાલે ૮૧
સ્મરણીય સાગરયાત્રાનો શુભારંભ ૮૧
કથામાં ટૂંકું શું કામ કરો છો ? ૮૨
દુઃખને ભૂંસે તેવું રબ્બર ૮૩
રત્નાકરમાં રત્નતુલા ૮૪
... તો શાક-બકાલાના હિસાબે જઈએ ૮૫
પયગંબરી પગલાં ૮૭
મરજીના મરજીવા ૮૭
એવા તમે એક જ છો ૮૮
અમારી મોટામાં મોટી ડિગ્રી સાધુતાની ૮૯
યુગાન્ડાના બંધારણમાં સ્વામીશ્રીના હસ્તાક્ષર ૯૦

મહેલે ને ઝૂંપડે સોહે મારા સ્વામી ૯૨
કલ્યાણ સૌનું ચિત્તમાં ચહાય.. ૯૨
ભલી ભક્તિ પ્રભુજીની કરે ૯૩
શ્રીજીમહારાજ હૃદયમાં બેસી જાય એવું કરવું છે ૯૪
ખોરાક નથી આવ્યો ? ૯૫
સમૈયાઓ માન લેવા માટે નથી કરતા.. ૯૬
અમારા આશીર્વાદ તો સરખા જ હોય.. ૯૬
અમૃત નગરીની અમૃત શોભા ૯૭
અમૃત મહોત્સવનો મંગલ પ્રારંભ.. ૧૦૧
મહોત્સવનાં માપ અમાપ ૧૦૨
અમૃતની હેલી.. ૧૦૪
આનંદમાં ગર્વ ઉરે ન થાય ૧૦૫
અમૃત અંજલિનો અનેરો અવસર.. ૧૦૬
અમૃત પ્રાર્થનાનો પારદર્શક પ્રવાહ.. ૧૦૯
અમૃત આશિષ ૧૧૧
અમૃતસ્નેહનું વર્તુળ ૧૧૨
અમૃત સ્મૃતિ ૧૧૩
જંગમ નારાયણને અમૃત અભિનંદન ૧૧૪
યજ્ઞ, લગ્ન અને યજ્ઞોપવીતની અમૃત ત્રિવેણી.. ૧૧૫
સગા સહુના છે હિતકારી રે.. ૧૧૭
'સ્વામિનારાયણ સ્ટાન્ડર્ડ'ની ઘોષણા ૧૧૮
અમે તો ભક્ત બનવા માંગીએ છીએ ૧૧૯
'આધ્યાત્મિક સમ્રાટ'ની અમૃત આભા.. ૧૨૦
હિંદુ ધર્મના ઉદ્ધારક ૧૨૧
પ્રીતે પૂરણ લાડ પાળે છે રે.. ૧૨૩
અમૃત અનુભૂતિના અમર અધ્યાયો ૧૨૪
જગત-જનનીનો જાત અનુભવ ૧૨૬
એ શબ્દ જિંદગીમાં બોલવાનો જ નહીં.. ૧૨૭
સમાજસેવાના અમૃત સ્મારકની સ્થાપના ૧૨૮
इस महोत्सव को कायम रखो.. ૧૨૮

સફળતાનું ખરું કારણ તો આપ છો..............................૧૩૦

અમૃતધારા-૨૯ :

I Love You All – હું તમને બધાને ચાહું છું

- **સન ૧૯૯૬**

અમૃતના આસ્વાદથી આરંભ..............................૧૩૨
અમૃત ચોઘડિયાના સૂર..............................૧૩૩
૨૦૦ પાનાંના પત્રને પ્રત્યુત્તર!..............................૧૩૪
જોતાં તમને અંતર ઊભરાતું..............................૧૩૫
ભજનાનંદી..............................૧૩૬
સાધુની શોભા તો ત્યાગમાં છે..............................૧૩૭
ન જોયા દોષને દયા કરી..............................૧૩૮
અધમ-ઉધારક ખ્યાતિ ખરી..............................૧૩૯
વરતે થઈ દાસના દાસ..............................૧૪૧
આપણી મોટપ આત્મબુદ્ધિથી..............................૧૪૩
અહીં 'જે જે' ને પણે 'પેં પેં' – એવું નહીં..............................૧૪૩
સ્વામીશ્રીની મહાનતા..............................૧૪૫
સંતોની વ્યક્તિગત સેવા ન હોય..............................૧૪૬
પ્રાયશ્ચિત્ત તું નહીં, હું કરીશ!..............................૧૪૭
અધ્યાત્મ અને આરોગ્યનું જતન..............................૧૪૯
ભગવાન ભજવા હોય એને થાક કેવો?..............................૧૫૦
શાંતિના સરનામા સમું સાંનિધ્ય..............................૧૫૧
ભીડો મનાય તો કંઈ સમજ્યા જ નથી..............................૧૫૨
બોલે દીન-આધીન વચન રે..............................૧૫૨
હેતે ભજે હરિને હંમેશ..............................૧૫૩
સાધુમાં નહીં, સાધુતામાં સુખ..............................૧૫૪
મંદિરથી માંડી મુદ્રણાલયમાં મોખરે..............................૧૫૫
હરે છે જનદુઃખ આ વારે..............................૧૫૬
આવો દંભ કરવો મને ગમે નહીં..............................૧૫૭
તમને ફાવે એટલે અમને પણ ફાવે..............................૧૫૭

સમજૂતી કરીને આગળ વધવું ૧૫૮
કાર્યકરની સારામાં સારી વ્યાખ્યા ૧૬૦
ઝાડને ઉછેરવાં = માણસને ઉછેરવા ૧૬૦
પોતાનું માહાત્મ્ય ગાય એ સંત નથી ૧૬૨
પરગજુ અને પ્રભુમય ૧૬૩
'ગ્રહણ'માં મુક્તિનો આનંદ ૧૬૪
એના એ જ આવ્યા છે ૧૬૫
રાજીપાનું બૅરોમીટર ૧૬૬
પ્રાતઃપૂજાનો પરિમલ ૧૬૭
આજ્ઞા જીવના કલ્યાણ માટે જ થાય છે ૧૭૦
દિલ ચોખ્ખું રાખીને કામ કરવું ૧૭૩
હેતે હળી-મળી રહે ભેળા ૧૭૪
દેહાદિ વસ્તુ તૃણ તુલ્ય લેખે ૧૭૬
હરિસેવામાં જે સાવધાન ૧૭૭
ખપવાળાને આંચકો ન લાગે ૧૭૮
સાધુનાં ઘરેણાં ૧૭૯
રહે એમાં ઘણી ચતુરાઈ ૧૮૦
તકરાર ના થાય એ તપ ૧૮૧
દેખ્યો નહીં તુજ સરિખો દયાળ ૧૮૨
સંત સહુના છે સુખદાઈ ૧૮૩
નિષ્ક્રિયતાનું નામોનિશાન નહીં ૧૮૪
આપણે તો એક ભગવાન સાથેનો રાગ ૧૮૫
કોઈનું અહિત થાય એવું આપણે ક્યારેય કરતા નથી ૧૮૬
ભીડાભક્તિ એ જ વિશ્રામ ૧૮૮
બધે જ અક્ષરધામ માનીએ છીએ ૧૮૯
સુખદાયક એ સહુના ૧૮૯
सरकार भी ऐसा नहीं कर सकती ૧૯૦
हिंदुओं की नाक ऊँची हो गई ૧૯૨
ભેખ લે ત્યારે કામ થાય ૧૯૩
સઘળી વિદ્યા તણા ધામ છે ૧૯૪

કામમાં ઉધારો ન રાખવો..૧૯૫
हम तो सेवक हैं ૧૯૫
અમેરિકામાં અધિવેશનની આબોહવા....................................૧૯૭
અધિવેશન એ અક્ષરધામની કૉલેજ ૧૯૮
નથી તમથી અજાણ્યું તો લેશ...૧૯૮
તમને ન ગમે એવું અમારેય રાખવું નથી.............................૨૦૦
ધન કરતાં ધર્મ વધે છે ૨૦૧
સત્સંગ કરો એ જ મોટું સન્માન ૨૦૨
શિસ્ત વગરની સંસ્થા નકામી છે ૨૦૩
આપણો તો આ એક જ જવાબ ૨૦૪
આંખ્યમાં અમૃત ભર્યું..૨૦૫
હવે મારાં બે સજેશન છે ૨૦૬
સુહૃદપણું નથી એ કથાની ખામી ૨૦૭
ઉપચાર લીલાનાં વેદના અને વિનોદ ૨૦૯
ઐતિહાસિક અધિવેશનનો આરંભ.......................................૨૦૯
ભગવાનના કામમાં રાજીનામું હોય નહીં ૨૧૧
I Love You All..૨૧૨
હવે એ ચિંતા ટળી ગઈ...૨૧૩
કેટેગરીની કંઈ જરૂર નહીં ૨૧૪
રજત જયંતી સમારોહની શાનદાર ઉજવણી ૨૧૫
જીવમાં ઢોલાં ન વાગવાં જોઈએ..૨૧૮
આપણે એક જ ગ્રૂપ ૨૧૯
પ્રભુનો પ્રેમ પીરસતું પાત્ર ૨૨૦
રહ્યા અતિ આજ્ઞા અનુસાર...૨૨૧
લટક મન બસ ગઈ લાલન કી ૨૨૧
સંતાનોને સોનેરી શીખ..૨૨૩
જે સારું કામ કરે તેને કંટાળો હોતો નથી..............................૨૨૪
પરદુઃખ દેખી ન ખમાય..૨૨૪
મોટામાં મોટા મનોચિકિત્સક..૨૨૫
એવો વિચાર જ ન આવે ૨૨૬

એક અદ્વિતીય અનુભવ ૨૨૭
હરિવચનમાં હમેશ રૈ'યે ૨૨૮
મળ્યા ત્યારથી જ યાદગાર ૨૨૯
અનર્થમુક્ત આર્થિક સેવાનું આયોજન..૨૩૧
આ ટેવ પાડવાની જરૂર છે..૨૩૨
આ સત્સંગ આપણું કુટુંબ છે..૨૩૩
એ જોવાનું તને ક્યાં કહ્યું છે?..૨૩૫
જે કામ કરે તે સ્થાનિક..૨૩૬
'ભગવાને રક્ષા કરી' એમ લખ્યું હોત તો?..૨૩૭
ખરેખર ભગવાનના માણસ..૨૩૯
પાપબુદ્ધિ નહિ લેશ તે વિષે..૨૪૦
આવા દર્દી જીવનમાં પ્રથમ વાર જોયા ૨૪૧
એવા શુદ્ધ સેવક સુજાણ રે..૨૪૨
મંદિર એ શાંતિનું સ્થાન છે ૨૪૩
૧,૦૦૦ ગણી અગત્યની વાત ૨૪૫
તારું જ્ઞાન ખોટું છે, મારું સાચું છે..૨૪૫
જીવનચરિત્રો છે તે આપણો ઈતિહાસ છે..૨૪૬
સેવા કરે એ માથું જ આપ્યા બરાબર છે..૨૪૭
સંતનાં દર્શન એ ભગવાનનાં દર્શન..૨૪૮
ઠાકોરજીની સેવા થાય એ પર્સનલ (અંગત) જિંદગી ૨૪૯
એવા ક્ષમાવંત મહામતિ ૨૫૦
I Will Miss You! (મને આપની ખોટ સાલશે!)..૨૫૨
ઈશ્વરના પોતાના દેશમાં..૨૫૪
ભજે હરિ ફરે નહીં મતિ..૨૫૫
ઘી-દૂધની પહેલેથી જ અરુચિ ૨૫૬
અખંડિત આત્મીયતા..૨૫૭
સંતોની ચરણરજમાં બેસવું છે ૨૫૮
સત્પુરુષના સ્વભાવ તો સારા જ હોય..૨૫૮
આપણે મહેનત કરવાની, બસ! ૨૫૯
આધ્યાત્મિક એનર્જીનો ભંડાર..૨૬૦

તમે સંપથી કામ કરો તે ઇનામ ૨૬૧
પૈસા સારુ ધરમ નહીં ખોવાનો....................................... ૨૬૨
અમે તો સ્વામિનારાયણના દાસ છીએ ૨૬૩
ધર્મમાં પણ દૃઢ મતિ છે ૨૬૪
ભગવાનના થવું હોય તેણે ન ઊંઘવું....................................... ૨૬૫
હોડીનો હિતોપદેશ ૨૬૬
આ તો હીરાનો બિઝનેસ ! ૨૬૮
હરિભક્ત જેને અતિ વહાલા....................................... ૨૭૧
ગુરુ બિન ધ્યાન નહીં....................................... ૨૭૨
ઠેઠ સુધી તમને યાદ રાખવાના....................................... ૨૭૩
સેવાની સરિતામાં ડૂબતી સન્માનની સૂરાવલિ....................................... ૨૭૪
આત્મીયતાનું અજવાળું....................................... ૨૭૫
ખૂબ આનંદની વાત....................................... ૨૭૬
પહેલેથી જ ભૂખનું ઓછું જ ૨૭૭
વર્લ્ડ ફેમસ (વિશ્વપ્રસિદ્ધ) થવાનો ઉપાય....................................... ૨૭૯
વહાલ અને વિનમ્રતા....................................... ૨૮૦
... તો તકરાર થવાની જ છે ૨૮૧
આપણે તો કેવળ પાણી સિંચ્યું છે....................................... ૨૮૨
આઠમી અજાયબીનાં ઓવારણાં....................................... ૨૮૩
કાયમ માટેની વાત....................................... ૨૮૫
આપણું મંડળ એક જ ૨૮૫
એમાં આપણી સાધુતા શું ?....................................... ૨૮૬
સુરેન્દ્રનગરમાં શિખરબદ્ધ મંદિરનું સર્જન ૨૮૭
ઝાલાવાડમાં અક્ષર-પુરુષોત્તમનો ઝંડો ફરકે છે ૨૮૯
નર્મદા યોજના માટે અનેરું આહ્‌વાન ૨૯૦
તો શું આપ જેવું નથી થવું તમારે ?....................................... ૨૯૨
જીવન પલટતો એક ચમત્કાર....................................... ૨૯૩
સૌનું કરો કલ્યાણ....................................... ૨૯૬
તાપી તટે પ્રતાપી કાર્ય....................................... ૨૯૭
સમૈયાના સક્ષમ સમીક્ષક....................................... ૨૯૭

દીકરી જન્મે એ કંઈ ગુનો ઓછો છે ?....................................૨૯૮
પૂરી રહ્યા છો દાસના કોડ કોડે....................................૨૯૯
શિખરબંધ મંદિર થયું, શુભ સુરત શહેર મોઝાર....................................૩૦૦
શ્રીજીમહારાજના જમાનાની ઝાંખી કરાવતી સભા....................................૩૦૧
અતિ ત્યાગી તપસી તને....................................૩૦૨
મોક્ષદાતાની મુમુક્ષુતા....................................૩૦૩
અસ્મિતાનું અમૃત....................................૩૦૪
ઈન્દ્રિયજિત અભીત સદા....................................૩૦૬

અમૃતધારા-૩૦ :

The Future Is Bright – ભવિષ્ય ઉજ્જ્વળ છે

- **સન ૧૯૯૭**

ભગવાનનું કામ તો થાય એટલું કરી લેવું....................................૩૦૯
દુખતા પગે દંડવત્‌નું અર્ઘ્ય....................................૩૧૦
અંધશ્રદ્ધાનાં અંધારાં ઉલેચાય છે....................................૩૧૧
અયોગ્ય આચરણ ન કરે કાંઈ....................................૩૧૩
પરાભક્તિની પરાકાષ્ઠા....................................૩૧૩
લીધી સર્વે જનની સંભાળ....................................૩૧૫
કરતા સ્મરણ શ્વાસ-ઉચ્છ્‌વાસ....................................૩૧૬
ભીડો નહીં, એ તો સુખ....................................૩૧૮
ફૂલની કઠોરતા !....................................૩૧૮
વાંચન-વિવેકનું પંચામૃત....................................૩૧૯
આપણે એક જ આશરો રાખવો....................................૩૨૦
દલમાંહિ નહીં દગા દાવ....................................૩૨૧
હવે એ બને એવું જ નથી....................................૩૨૩
નાચે ભક્તહૃદય સૌ હરખી....................................૩૨૩
નીણમને નીલમ સમું સંભારણું....................................૩૨૪
આવી પ્રીત્ય દીઠી નહીં ક્યાંઈ....................................૩૨૫
અડધા કાગળની કરકસર....................................૩૨૭
આ તો મનુષ્ય નહીં નિરધાર....................................૩૨૮

શૈશવની રમણરેતમાં..૩૩૦
ભક્તિ કરો એ મોટું ફંક્શન..૩૩૧
અમે મોટા છીએ જ નહીં...૩૩૨
બહુ પ્રેમ ભરી પૂજા કરે ૩૩૩
આપણે તો અબજોપતિ જ છીએ...................................૩૩૫
જે કરો એ સંપીને કરો ૩૩૬
વર્ણની વિશેષતાઓનું વિલક્ષણ વર્ણન..........................૩૩૭
અતિ તને ત્યાગી ઈન્દ્રિજિત...૩૩૮
ફૂલદોલનો ઉચ્છવ રસાલ ૩૩૮
સાચા તમે સાચો સત્સંગ...૩૪૧
ઠર્યું અંતર તમને જ જોઈ ૩૪૨
કોન્સ્યુલેટ કચેરીથી કૂબા સુધી ૩૪૩
भारत के प्रवासी राजदूत...૩૪૪
આવ્યા રણ મધ્યે અવિનાશ..૩૪૫
આપણું સ્થાન ભગવાન છે ૩૪૬
આસ્તિક એટલે ભગવાન પ્રગટ છે એ સમજવું ૩૪૭
પૂરે મનોરથ મનના ૩૪૯
આ હરિ આપે છે હાર રે ૩૫૦
જ્યાં જઈએ ત્યાં આપણું જ મનાય છે ૩૫૧
બાહરીનના મહેલમાં પધરામણી......................................૩૫૨
હરિની મરજાદમાં રહે નિત્યે રે ૩૫૩
શ્રીહરિના સદાના સેવક...૩૫૪
મને કોઈ ભીડો અડતો નથી ૩૫૫
અતિ આશ્ચર્યની વાત...૩૫૬
કુવૈતમાં કૃષ્ણદર્શનનો આશ્ચર્યકારી અનુભવ ૩૫૭
શિશુશિલ્પોના સ્થપતિ ૩૫૮
અમે ટાઇમમાં માનનારા છીએ.......................................૩૫૯
તમે સંતજનના સ્નેહી ૩૬૦
સર્વે સંકટ ટાળે છે રે...૩૬૧
'પ્રમુખ' ભાવનાઓ ૩૬૩

બ્રહ્મ અને પરબ્રહ્મને જાણે એ વિજ્ઞાની ૩૬૪
સદા સુખિયા અંતરે અતિ ૩૬૫
સેવા-સરભરાની સૂક્ષ્મ સૂઝ ૩૬૬
આ મરજીવાનો મારગ છે ૩૬૭
આરામનો અનાદર ૩૬૮
મેં વાત કરી એ પકડજો ૩૬૯
ચીવટના ચોવટિયા ૩૭૧
શું લેવા દુઃખી કરો છો? ૩૭૨
જોકામાં ઝોક ખાધો ૩૭૨
આપણે બંગાળીઓમાં સત્સંગ કરાવવાનો છે ૩૭૩
મોઢું તો મારા જેવું જ હોય ને! ૩૭૪
ભગવાનનું પૂજન કરવામાં ભીડો શેનો? ૩૭૫
તમે દુર્બળના દાતાર ૩૭૬
Living God (जीते-जागते भगवान) ૩૭૭
સ્વામિનારાયણ શાળાનો શુભારંભ ૩૭૮
પેટનું ગળામાં ને ગળાનું પેટમાં ૩૭૯
બુરહાનપુરમાં ૩૮૦
अंतर का आमंत्रण ૩૮૨
જમાડે સાધુને સુખકારી ૩૮૩
અમેય ક્યાં રજા લઈએ છીએ? ૩૮૪
જોયું ઘણું, પણ જીવમાં પેઠું નથી ૩૮૫
૧૦૦% આશીર્વાદની વાત ૩૮૭
તેમાં દંભ કપટ નહીં કાંઈ રે ૩૮૮
દરશન દુર્લભ રે હો પામી ૩૮૯
સમર્પણનાં સીમાચિહ્ન ૩૯૦
આપણે તો દરેકનું ભલું કરવું છે ૩૯૧
અમે બંધનમાં છીએ જ નહીં ૩૯૨
કલ્યાણની શાળાના કુશળ કેળવણીકાર ૩૯૨
સાધુ સ્વભાવ અંતરે અતિ ૩૯૪
પ્રેમ અને પુરુષાર્થનો પરચો ૩૯૫

આત્મીયતા અને આત્મનિષ્ઠાના દસ્તાવેજ ૩૯૬
ટોચના માણસોએ બરાબર રહેવું જોઈએ ૩૯૭
ના'તા નદી નદ તળાવે..............................૩૯૮
નથી રહી જેને કોઈ તાણ..............................૪૦૦
આમ કરીએ તો રાજીપો છે, છે ને છે જ ! ૪૦૧
હીરો તો અમારો હતો..............................૪૦૨
પીધું દૂધ ભરી કટોરો ૪૦૩
આ સૂત્ર આખી દુનિયાના માણસ માટે છે ૪૦૪
સરભરાને સમય ન હોય..............................૪૦૫
બીજાનું સારું જોવું એમાં દાખડો ખરો ? ૪૦૭
નથી કોઈ વાતનું વળી દુઃખ રે..............................૪૦૮
મુક્તિ આપી કરે ભવપાર ૪૦૯
સંવાદિતાના સર્જક..............................૪૧૦
૧૯મી વિદેશયાત્રા..............................૪૧૧
પેરિસમાં પ્રતિષ્ઠા ૪૧૨
The Future Is Bright (ભવિષ્ય ઉજ્જ્વળ છે) ૪૧૩
બ્રિટિશ રાજ-પરિવારના માનવંતા મહેમાન..............................૪૧૫
સંસ્કૃતિનું શિક્ષણ..............................૪૧૭
બકિંગહામ પેલેસમાં પધરામણી..............................૪૧૮
हम किसी का बुरा करते ही नहीं..............................૪૧૯
અપાર દયા દલમાં ૪૨૦
સુખી થવું હોય તો જીવનચરિત્ર વાંચવું..............................૪૨૧
ચાલો ચાલો જીરણગઢ જઈએ રે..............................૪૨૨
નથી માનને ઇચ્છતા ક્યારેય ૪૨૩
વિષયી તારતાં ન લાગી વાર..............................૪૨૪
સોરઠ બ્રહ્મભીનો..............................૪૨૬
જીતનો ડંકો વાગી ગયો..............................૪૨૮
તમે દીન તણા છો બંધુ..............................૪૨૯
૭૭મો જન્મજયંતી મહોત્સવ ૪૩૦
ભરૂચની ભૂમિ પર શિખરબદ્ધ મંદિરનો શિલાન્યાસ..............................૪૩૨

નાની આજ્ઞા, મોટું કામ ૪૩૩
ભગવાન ભજવા જેવું લાગે છે ૪૩૪
સત્સંગ ઊંડો થાય એ કરવું.. ૪૩૫
આ તો પ્રેમની વાત છે ૪૩૭
સંકોચ-વિકાસની સમજ ૪૩૮

અમૃતધારા-૩૧ :

હૃદયસમ્રાટની હૃદયલીલા

- **સન ૧૯૯૮**

ગમે નહીં અસાધુતા રંચ રે ૪૪૦
સ્વામી મળ્યા એટલે મહામહોપાધ્યાય ૪૪૧
એનાં વચન તે સુખકારી ૪૪૧
'વચનામૃત' એ અમૃત છે.. ૪૪૨
દીકરી છે એ દીકરા જ છે ૪૪૩
નિરલોભી થઈ ભજે છે ભગવંત ૪૪૪
નર્મદા યોજનાને અમર આશીર્વાદ ૪૪૫
અમારી ચિંતા તો ભગવાન કરે જ છે.. ૪૪૭
વૈષ્ણવજન મારું જીવન ૪૪૮
ગુરુના ગૌરવગાનમાં ગરકાવ ૪૪૯
દાસને પ્રાણની પેર પાળો.. ૪૫૦
શ્રીજીમહારાજ પ્રત્યક્ષ બેઠા છે ૪૫૧
ગુરુ થવું હોય તો સેવક થવું પડે.. ૪૫૨
જેને હરિકથામાં હેત ૪૫૪
નિયમો પાળવા એ શૂરવીરોનું કામ છે ૪૫૬
તાત ગુરુ સખા ભાઈબંધ ૪૫૭
ગલતેશ્વર તીર્થમાં પધરામણી ૪૫૮
સિદ્ધાંતફેર ન જ થવો જોઈએ ૪૫૯
શિરછત્ર સમા.. ૪૬૦
'ઘર'મંદિરમાં પ્રતિષ્ઠા ૪૬૦
મનદુઃખ ન થાય એ માટે આત્મબુદ્ધિ.. ૪૬૧

આપણે માયામાંથી તોડીને ભગવાનમાં જોડીએ ૪૬૨
બીજાના સારામાં આપણું સારું ૪૬૩
સંકલ્પ ઊઠે એ જ ખામી..૪૬૪
નેતાઓના નેતા...૪૬૫
અમે ધર્મ-પરિવર્તન નથી કરતા..૪૬૭
ભજન કરવું છે એને બધે ફાવે ૪૬૮
મોળી વાત નહીં, મોળું કાર્ય નહીં, મોળા સંકલ્પ નહીં ૪૬૯
કરે હેત નવું નિત્ય નિત્ય રે..૪૭૦
સ્વભાવ ભૂલીને હળી-મળી જવું..૪૭૨
સાધુતા હોય તો કળશ ચઢે..૪૭૩
પથ્થરની સામે પુષ્પ..૪૭૫
ભક્તિ વહાલી જેને ભાવે રે..૪૭૫
મહુવામાં શ્રી સ્વામિનારાયણ જયંતી..૪૭૭
વિચરણનો વણથંભ્યો વેગ..૪૭૮
પ્રમુખસ્વામીના પ્રેમ અને પરિશ્રમનું પરિણામ ૪૭૯
અમે અહીં તમારા માટે જ આવ્યા છીએ ૪૮૧
બાપા આવ્યા અમારા ડુંગરામાં..૪૮૧
તમારે તો ઘેર બેઠાં ગંગા આવી છે ૪૮૩
સ્વામીની પ્રીત ભારી..૪૮૪
પંચમહાલમાં પથરાયો પ્રભાવ ૪૮૬
હોમ ડિલિવરી (ઘેર બેઠાં) સત્સંગ ! ૪૮૮
હરિના જન હરિ સરખા જાણો..૪૮૯
સંકલ્પ મારા સિદ્ધ કીધા..૪૯૦
આવે અંતકાળે નાથ આપે રે ૪૯૧
મહિમા ગા ગા કરો..૪૯૩
સાધુ સંગત કી આધી ઘડી..૪૯૩
જીવ જડવો એટલે..૪૯૪
મહાત્માના મહાત્મા આપણને મળી ગયા છે ૪૯૫
શરણે આવે તેને સુખ આપે..૪૯૬
હેત કરીને લાડ લડાવે રે..૪૯૭

થયાં દર્શનથી મન શાંત ૫૦૦
ભજે એના ભગવાન, પાળે એનો ધર્મ ૫૦૧
આપે હરિજનને સુખ અપાર...૫૦૨
આ દેશ તો સારો જ છે ૫૦૩
કથામાં ક્યારેય ઊંઘવાની ટેવ નહીં ૫૦૪
મહેરની લહેર ૫૦૫
સૌ દાસ થઈને રહેજો..૫૦૬
જીવ ભગવાન અને સંતને સોંપ્યો છે ૫૦૭
હૃદયસમ્રાટની હૃદયલીલા ૫૦૮
તેઓને કોઈ ફરિયાદ નહોતી...૫૧૧
Different than others (અન્યથી અલગ) ૫૧૩
માનવજાતને સમર્પિત જીવન ૫૧૫
જેનો શ્રીહરિ પર બહુ સ્નેહ..૫૧૬
વિદ્યાની એણે ખૂબ હદ વાળી ૫૧૮
જગના વાસી સૌ સુખ ભોગવે...૫૧૯
ધર્મ મેલવો નહીં દર્દ દુઃખે...૫૧૯
અમે તો ભગવાનમાં ચાલ્યા ગયા'તા.......................................૫૨૦
દિવ્યતાનો દસ્તાવેજ ૫૨૨
સર્વજીવ હિતકારી તેહ રે ૫૨૩
મેલી દેહ મમત વિસારી રે ૫૨૪
મનનાં સમાધાન માટે વચનામૃત અને સ્વામીની વાતો................૫૨૫
સ્વામિનારાયણ નામનું હેન્ડલ ૫૨૭
બધાની ભાવના છે એ આવરદા જ છે ૫૨૭
પહેલેથી જ એ રિવાજ નથી ૫૨૮
પરોપકારી સંત ગુરુહરિ..૫૨૯
ભગતવછલ તણું બિરદ પોતે વહે..૫૨૯
જ્ઞાનવારતા કીધી ઘણેરી..૫૩૦
કથા-વારતા ત્યાં નિત્ય થાય ૫૩૩
સારા સંસારની સમજ ૫૩૪
આપણે તો કોઈનુંય બૂરું ન ઇચ્છવું..૫૩૫

આવા પવિત્ર પુરુષ મેં ક્યાંય જોયા નથી....................................૫૩૬
વિનોદનો વિવેક ૫૩૭
અમારે તો બધાય સરખા જ છે ૫૩૮
શિકાગોના મંદિરનો સ્મરણીય શિલાન્યાસ ૫૩૯
આપણો લીટો મોટો કરવો..૫૪૦
ખરા કલ્યાણના કરનારા રે..૫૪૧
કથા તો બહુ જ જરૂરી છે..૫૪૩
પ્રેમના પ્રદેશમાં શિસ્તનાં સાઇનબૉર્ડ ૫૪૪
લૌકિકમાં અલૌકિક સમજવાનું છે ૫૪૫
સુખ-દુઃખ ન માને શરીર..૫૪૬
ભગવાનનું સુખ અખંડ આવે એવું વાતાવરણ કરવું છે ૫૪૬
મનધાર્યું કરતો હોય તો ઝીરો..૫૪૮
સંત પોતાને વહાલા છે ઘણા રે ૫૪૯
એકાગ્રતામાં અજોડ ૫૫૦
વિદ્વત્તા કરતાં સાધુતા ઉત્તમ..૫૫૨
Peaceful અને Powerful (શાંતિસભર અને શક્તિસભર) ૫૫૨
દાસ થઈ કર જોડું રે..૫૫૩
ગુણે કરી છો કૃષ્ણ સમાન..૫૫૫
આભાર અને અભિનંદન ૫૫૭
પહેલું પોતાનું પાકું કરવું..૫૫૮
સ્વારથ નહીં લવલેશ ૫૫૯
દુર્લભ થયા સુલભ..૫૬૦
સ્થાવર જંગમ એ છે વ્યાપક..૫૬૦
ભગવાન અખંડ સાથે જ છે..૫૬૧
આખું અમેરિકા રંગવું છે ૫૬૪
સૂચનાઓનું શીર્ષાસન ૫૬૫
અમે કોઈને છેતરવા આવ્યા નથી ૫૬૬
કથા-વાર્તા, ભજન એ જ મૌન ૫૬૭
આજે બધા પ્રતિજ્ઞા લો કે..૫૬૮
સારી ગાડી આપે તો અમને મૂંઝવણ થાય ૫૬૯

બીજાનો વિચાર કરે એ માણસ....................૫૭૦
અમારી કૃપાથી તો ભક્ત બનાય....................૫૭૨
સર્વે તીર્થ વસે અહીં આવી....................૫૭૩
દેહભાવ નહીં, દાસભાવ જ....................૫૭૪
દુનિયામાં દુર્લભ દર્શન....................૫૭૫
આશીર્વાદ તો જોરદાર જ હોય છે....................૫૭૬
આપણે તો બધા જ મુક્ત છે !....................૫૭૭
આવું ન બોલશો....................૫૭૮
અસ્સલ જ્ઞાનની વાત....................૫૭૯
જેનાં સુધા સમાન વચન રે....................૫૮૦
વહાલો સહુની પૂરે આશ....................૫૮૧
ઠેઠ અક્ષરધામ સુધી પકડીશું....................૫૮૩
છૂટો પડીશ તો કોઈ કિંમત નહીં રહે....................૫૮૩
અમારે તો એવરી ડે (દરરોજ) આનંદ....................૫૮૪
જેને ભક્તિ હરિની વા'લી....................૫૮૫
હવે 'રહી ગયા'ની વાત જ ના કરો....................૫૮૬
બધા કેસર કેરીના આંબા જેવા છે....................૫૮૭
સમયના સદુપયોગની સૂઝ....................૫૮૭
ગુરુની ગેરહાજરીથી ગમગીન....................૫૮૮
રાજકોટમાં બધું જ ભવ્ય !....................૫૮૯
સન્માન નહીં, બહુમાન કરવું છે....................૫૯૦
રાજકોટમાં મૂર્તિપ્રતિષ્ઠાનો મંગલમય માહોલ....................૫૯૧
અહો ! આપની શું આ દયા !....................૫૯૩
૭૮મો જન્મજયંતી મહોત્સવ....................૫૯૪
અતિ આસ્તિક મતિ છે ઉર રે....................૫૯૫
કોટિ કોટિ તીરથ તાંહાં આવે....................૫૯૬
અહીં તો આખું બ્રહ્માંડ તણાઈને આવશે....................૫૯૭
દરરોજ એક વખત તો ચિંતવન કરવું જ કે....................૫૯૮
ગઢપુરની મંદિર-વિકાસ યોજના....................૫૯૯
સ્પષ્ટ મત અને મતિ....................૬૦૦

થોડું તો પોતે કરવું પડે ૬૦૧
સદ્ભાવનાનાં સ્વાદ અને સુગંધ ૬૦૨
શ્રેષ્ઠતાના સદાગ્રહી ૬૦૩
વટ-બટ મૂકી કટ વળી જવું ૬૦૪
રે'શું વચનમાં અનુરાગી ૬૦૫
સત્પુરુષ સામે આર્ગ્યુમેન્ટ (દલીલ) કરે એટલે મૂર્ખા ૬૦૬
નમતા રહેજો, તો બહુ સુખ રહેશે..૬૦૭



શોભો સાધુ ગુણે સદા સરળ ને, જક્તે અનાસક્ત છો,
શાસ્ત્રીજી ગુરુ યોગીજી ઉભયની, કૃપાતણું પાત્ર છો;
ધારી ધર્મધુરા સમુદ્ર સરખા, ગંભીર જ્ઞાને જ છો,
નારાયણસ્વરૂપદાસ ગુણીને, સ્નેહે જ વંદું અહો.






ગતજી મહારાજ | શાસ્ત્રીજી મહારાજ | યોગીજી મહારાજ | પ્રમુખસ્વામી મહારાજ | મહંત સ્વામી મહારાજ


શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ
રબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી)
તથા તેમની ગુણાતીત ગુરુપરંપરા

જેનું વહન કરીને

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ભગવાન શ્રી સ્વામિનારાયણના
દિવ્ય પ્રગટ સાંનિધ્યનો અસંખ્ય લોકોને અનુભવ કરાવ્યો હતો...



રંગોત્સવ પર્વે પ્રાણપ્યારા શ્રીહરિકૃષ્ણ મહારાજને કેસૂડાના રંગથી રંગતા સ્વામીશ્રી...
(સારંગપુર, ૧૭-૩-૧૯૯૫)




સ્વામીશ્રીના સ્નેહલ રંગે રંગાવા ઉપસ્થિત ભક્ત-સમુદાય.
રંગવર્ષાથી સૌને તરબોળ કરી પ્રભુભક્તિના રંગે રંગતા સ્વામીશ્રી...



કરુણાથી છલકાતી સ્વામીશ્રીની લોકસેવાનું એક વધુ દર્શન. ભૂકંપ-ધ્વસ્ત સમુદ્રાલ ગામનું સંપૂર્ણ નવીનીકરણ કરી, વિધિવત્ લોકાર્પણ કરતા સ્વામીશ્રી... (૨-૭-૧૯૯૫)



નવનિર્મિત ગામને પાવન કરતા સ્વામીશ્રી.
તારણહાર સ્વામીશ્રીને પારંપરિક શૈલીમાં ભક્તિભાવપૂર્વક વધાવતા ગામજનો...




નૂતન બી.એ.પી.એસ. મંદિરમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની પ્રાણ-પ્રતિષ્ઠા કરી સનાતન વૈદિક સ્વરૂપોની ભક્તિ ગામવાસીઓને અર્પણ કરતા સ્વામીશ્રી... (સમુદ્રાલ, ૨-૭-૧૯૯૫)



આરસનિર્મિત ભવ્ય શિખરબદ્ધ મંદિરની પ્રતિષ્ઠા પર્વે લંડન પધારેલા સ્વામીશ્રીનું વિખ્યાત એલેક્ઝાન્ડ્રા પેલેસમાં શાનદાર સ્વાગત-સન્માન.
સ્વાગત-સભામાં ઉપસ્થિત ભક્તમેદની વચ્ચે બિરાજમાન ગુરુહરિ સ્વામીશ્રી... (૧૭-૭-૧૯૯૫)



લંડનના સુવર્ણ ઇતિહાસ સમા ત્રિદિવસીય મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવનો વેદોક્ત પ્રારંભ.
પ્રાસાદ-પ્રવેશ વેળાએ મુખ્ય પ્રવેશદ્વારેથી વિધિપૂર્વક ઠાકોરજી સાથે પ્રવેશતા સ્વામીશ્રી... (૧૮-૮-'૯૫)



પ્રાસાદ-પ્રવેશ વિધિ દરમ્યાન યજ્ઞમાં આહુતિ અર્પણ કરતા સ્વામીશ્રી, સાથે મહંત સ્વામી,
ઈશ્વરચરણદાસ સ્વામી તથા મંદિર અને હવેલી નિર્માણના મુખ્ય સહયોગીઓ... (લંડન, ૧૮-૮-'૯૫)




લંડન-ઇતિહાસની સુવર્ણ ક્ષણો – રાજમાર્ગો પરથી પસાર થતી ઠાકોરજીની અભૂતપૂર્વ શોભાયા
લંડન શહેર પર કૃપાદૃષ્ટિ વરસાવતા રથમાં બિરાજમાન ઠાકોરજી... (૧૮-૮-૧૯૯૫)



કલાત્મક રથ, બેન્ડવૃંદ, લોકનૃત્યો તેમજ વિવિધ ધ્વજોની શોભા સાથે દૃશ્યમાન વિશાળ શોભા
શોભાયાત્રામાં લંડન, યુ.કે. તેમજ અન્ય દેશોમાંથી ઉપસ્થિત ભક્ત-સમુદાય...



સ્વામિનારાયણીય ધૂનના જયઘોષ સાથે શોભાયાત્રામાં સંમિલિત સંતવૃંદ...
(૧૮-૮-૧૯૯૫)



લંડનના સીમાચિહ્‌ન સમા
પિકાડેલી સર્કસે બિરાજી
પ્રસન્નમુદ્રામાં શોભાયાત્રાને વધાવતા
સ્વામીશ્રી... (૧૮-૮-૧૯૯૫)



પિકાડેલી સર્કસે બિરાજમાન સ્વામીશ્રીનાં દર્શનથી આનંદિત થઈ ગગનભર્યા જયનાદો ગજાવતો
ભક્ત-સમુદાય... (૧૮-૮-૧૯૯૫)




મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે યોજાયેલ વેદોક્ત યજ્ઞવિધિમાં મગ્ન સ્વામીશ્રી, સાથે મહંત સ્વામી તેમજ
યજમાન ભક્ત-સમુદાય... (૧૯-૮-૧૯૯૫)



ંદિર મહોત્સવની ચરમ સીમા – ભવ્ય શિખરબદ્ધ મંદિરને જનકલ્યાણાર્થે ઉદ્‌ઘાટિત કરતા સ્વામીશ્રી
મંદિરનિર્માણના શિલાલેખનું વિધિવત્ અનાવરણ... (લંડન, ૨૦-૮-૧૯૯૫)




વેદોક્ત મૂર્તિપ્રાણપ્રતિષ્ઠા વિધિ દરમ્યાન મૂર્તિઓમાં પ્રાણન્યાસ કરતા સ્વામીશ્રી...
(લંડન, ૨૦-૮-૧૯૯૫)



મૂર્તિપ્રતિષ્ઠાવિધિ દરમ્યાન સ્વામીશ્રીનું પરાભક્તિમય દર્શન...
(લંડન, ૨૦-૮-૧૯૯૫)



ઠાકોરજીને પ્રાર્થનાપૂર્વક આર્દ્રભાવે પધરાવતા સ્વામીશ્રી...
(લંડન, ૨૦-૮-૧૯૯૫)



તિષ્ઠાવિધિ બાદ પ્રતિષ્ઠિત મૂર્તિઓની પ્રથમ આરતી ઉતારતા સ્વામીશ્રી, સાથે શ્રી અડવાણીજી,
તથા અન્ય આમંત્રિત મહાનુભાવો... (લંડન, ૨૦-૮-૧૯૯૫)




શ્ચિમ વિશ્વમાં સૌપ્રથમ વાર નિર્મિત ભારતીય સંસ્કૃતિનાં ચિરંતન મૂલ્યોનું સ્થાયી પ્રદર્શન...
સ્વામીશ્રી સાથે પ્રદર્શનના દર્શનાર્થે મહાનુભાવો... (લંડન, ૨૦-૮-૧૯૯૫)



ભારતીય કાષ્ઠકલાના અનુપમ નજરાણા સમા હવેલી-સ્થાપત્યનું વિધિપૂર્વક ઉદ્‌ઘાટન કરતા સ્વામ
સાથે શ્રી ચંદુભાઈ દાલિયા અને આમંત્રિતો... (લંડન, ૨૦-૮-૧૯૯૫)



કાષ્ઠકલા-કોતરણીથી ભરપૂર 'સ્વામિનારાયણ હવેલી'ના ઉદ્‌ઘાટન બાદ
સ્વામીશ્રી સાથે હવેલી-દર્શનાર્થે મહાનુભાવો... (લંડન, ૨૦-૮-૧૯૯૫)



ભવ્ય-દિવ્ય કલાત્મક શિખરબદ્ધ મંદિરની ચિરંતન ભેટ આપનાર વિશ્વકર્મા સ્વામીશ્રીની એક દર્શનીય છબિ...



મંદિર મહોત્સવ સમારોહમાં ઉપસ્થિત મહાનુભાવો સાથે સ્વામીશ્રીની સ્મૃતિછબિ...
(લંડન, ૨૦-૮-૧૯૯૫)



આફ્રિકા-ધર્મયાત્રા દરમ્યાન સ્થાનિક ભક્તો દ્વારા યોજાયેલી સ્વામીશ્રીની સાગરયાત્રા.
હિંદ મહાસાગરમાં પ્રાસાદિક પુષ્પો પધરાવી જળ-જળચર સૌને પાવન કરતા સ્વામીશ્રી...



અમૃત મહોત્સવ વર્ષે સ્વામીશ્રીને તુલા દ્વારા ભાવાંજલિ અર્પણ કરતા આફ્રિકાના ભક્તો.
ભક્તોના પ્રેમને શર્કરાતુલા દ્વારા અંગીકાર કરતા ગુરુ-હરિ... (મડાગાસ્કર, ૩-૧૦-૧૯૯૫)



બૃહદ નગરી મુંબઈમાં સ્વામીશ્રીના ૭૫મા જન્મ મહોત્સવ - અમૃત મહોત્સવનો મંગલ પ્રારંભ.
સ્વર્ગપુરી સમા 'સ્વામિનારાયણ નગર'માં પ્રવેશતા પ્રત્યેક દર્શનાર્થીને આવકારતો



અમૃત મહોત્સવના વિધિવત્ ઉદ્‌ઘાટન બાદ ઠાકોરજી સાથે નગર-પ્રવેશ કરતા સ્વામીશ્રી,
સાથે સકળશ મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી તથા જબરેશ્વર મહારાજ સાથે કોઠારી સ્વામી...



સૌંદર્યસૃષ્ટિના અનુપમ ધામ સમા સ્વામિનારાયણ નગરનાં વિવિધ દર્શનીય સ્થળો.
લીલાછમ ઉદ્યાનની વચ્ચે દૃશ્યમાન આકર્ષક મંદિર-પરિસર... (મુંબઈ)



'ઇન્દ્રપુરી' સમાન શોભતા સ્વામિનારાયણ નગરની રાત્રિશોભાનું અનેરું આકર્ષણ.
વિવિધ રંગબેરંગી રોશનીથી ઝળહળતા મંદિર-પરિસરનું એક નયનરમ્ય દર્શન... (મુંબઈ)



મહોત્સવમાં પધારનાર પ્રત્યેક દર્શનાર્થી પર અમૃત વરસાવતી પ્રમુખસ્વામી મહારાજની
૩૦ ફૂટ ઊંચી પૂર્ણ કદની પ્રતિમા... (મુંબઈ)



પ્રકાશથી ઝગમગતા મુખ્ય પ્રવેશદ્વાર - અમૃતદ્વારની રાત્રિશોભા.
અનેરી શોભા સજીને સૌને આવકારતો ૬૦૦ ફૂટ લાંબો, ૬૫ ફૂટ ઊંચો અને ૩૫ ફૂટ પહો



બાળકોને ગમ્મત સાથે જ્ઞાન પીરસતી બાળનગરીનું આકર્ષક પ્રવેશદ્વાર.
ાળનગરીમાં પ્રવેશતો પ્રત્યેક દર્શનાર્થી બાળસંસ્કારની વિશિષ્ટ તાલીમ સાથે વિદાય પામતો...




બાળનગરીનું એક અનોખું આકર્ષણ – કાગળ-વાંસ અને કંતાનથી નિર્મિત ગુફા મંદિર.
દિવસ સુધી ચાલનારા આ મહોત્સવમાં રોજના સરેરાશ બેથી સવા બે લાખ મુલાકાતીઓ લેખે



આધ્યાત્મિકતા અને જીવન-શુદ્ધિનો અણમોલ સંદેશ આપતાં વિવિધ પ્રદર્શનોની બોધપ્રદ પ્રસ્તુતિ... (મુંબઈ)



વ્યસનો, દુરાચાર અને માંસાહાર જેવા અધોગતિના માર્ગોની વાસ્તવિકતા દર્શાવી, નિર્વ્યસની, સદાચારી અને શાકાહારી જીવનના ઊર્ધ્વમાર્ગે પ્રેરણા આપતા ડાયારામાઓ... (મું





ભારતીય સંસ્કૃતિનાં સનાતન મૂલ્યોને દૃઢાવતાં આદર્શ પાત્રોનું હૂબહૂ દર્શન.
ભક્તિનો સંદેશ આપતો શબરીનાં એઠાં બોર અંગીકાર કરતા શ્રીરામ-લક્ષ્મણનો ડાયોરામા...



બી.એ.પી.એસ. બાળ-યુવા વૃંદ દ્વારા રજૂ થતાં ભારતીય લોકનૃત્યોનું અનેરું આકર્ષણ.
નૃત્યમંચ પર પ્રસ્તુત થતાં આ અદ્‌ભુત પારંપરિક લોકનૃત્યો, દેશના સાંસ્કૃતિક વારસાને



અમૃત મહોત્સવની ચરમ સીમારૂપ પ્રમુખસ્વામી મહારાજના ૭૫મા જન્મજયંતી દિનની ધામધૂમપૂર્વક ઉજવણી. અક્ષર દેરી અને અમૃત મહોત્સવના પ્રતીકરૂપ અમૃત સંદેશને ફુગ્ગાઓ દ્વારા ગગનમાં વહેતો મૂકતા સ્વામીશ્રી... (મુંબઈ, ૨૯-૧૧-૧૯૯૫)



સ્વામીશ્રીના અમૃત જન્મજયંતી દિનની ઉજવણીના પ્રથમ ચરણનો ભવ્ય-દિવ્ય માહોલ.
મુખ્યમંચની ઉત્સવ-શોભા વચ્ચે બિરાજમાન નિત્યપૂજામાં લીન સ્વામીશ્રી... (મુંબઈ, ૨૯-૧૧-૧૯૯૫)



અમૃત મહોત્સવ પર્વે ગુરુહરિ સ્વામીશ્રીને ઊમળકાભેર વધાવવા ઊમટેલો ભક્તોનો મહેરામણ...
બે ચરણમાં યોજાયેલા અમૃત મહોત્સવ પર્વમાં પધારીને લાખો ભક્તોએ
ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજને હૃદયની ભક્તિથી વધાવ્યા... (મુંબઈ, ૨૯-૧૧-૧૯૯૫)




૭૫મા અમૃત જન્મજયંતી દિને ઉપસ્થિત સૌ સંતો-ભક્તોને આશીર્વાદથી કૃતાર્થ કરતા સ્વામીશ્ર
(મુંબઈ, ૨૯-૧૧-૧૯૯૫)



૭૫મા જન્મજયંતી પર્વે સૌ ભક્તજનો વતી ગુરુહરિ સ્વામીશ્રીને વધાવતા મહંત સ્વામી.
સૌ ભક્તોની પ્રેમપૂર્ણ ભક્તિને અંતરથી વધાવતા ભક્તવત્સલ સ્વામીશ્રી...



અમૃત મહોત્સવ દિને ઠાકોરજી અને ગુરુહરિ સ્વામીશ્રીને આરતી-અર્ઘ્ય અર્પણ કરતો વિશાળ ભક્ત-સમુદાય... (મુંબઈ, ૨૯-૧૧-૧૯૯૫)



અમૃત મહોત્સવમાં સ્વયંસેવકોએ કરેલી નિઃસ્વાર્થ સેવાભક્તિને હાર અર્પણ કરી મહિમાપૂર્ણ બિરદાવતા સ્વામીશ્રી... (મુંબઈ, ૩૧-૧૨-૧૯૯૫)



સ્નેહમિલનની એક અવિસ્મરણીય પળ.
ગુરુહરિને કૃતજ્ઞતાપૂર્વક ભેટી પડતા મહંત સ્વામી... (મુંબઈ, ૩૧-૧૨-૧૯૯૫)



અમૃત મહોત્સવના ભવ્ય-દિવ્ય મુખ્ય મંચ પરથી રેલાયા ગુરુહરિ સ્વામીશ્રીના દિવ્ય ગુણોના ગુણાનુવાદ... (મુંબઈ)



'પ્રમુખસ્વામી મહારાજ જંગમ નારાયણ હૈં, સંતરત્ન હૈં... ઉનકા પૂરેપૂરા વ્યક્તિત્વ અમૂલ્ય હૈ।'
અમૃત મહોત્સવ પર્વે સ્વામીશ્રીના ગુણાનુવાદમાં લીન પૂજ્ય ચિદાનંદ સ્વામી... (મુંબઈ, ૩-૧૨-૧૯૯૫




સ્વામીશ્રી સાથે હવાઈ ટાપુ સ્થિત સુબ્રમુનિય સ્વામીનું ભાવપૂર્વક સ્નેહમિલન...
સંતવિભૂતિ સ્વામીશ્રીને 'આધ્યાત્મિક સમ્રાટ'ના બિરુદ સાથે વધાવતા ઉપસ્થિત ધર્મગુરુ...
(મુંબઈ, ૧૪-૧૨-૧૯૯૫)



'આ બધું જોતાં એટલું જ કહી શકાય કે – અદ્‌ભુત! બીજો શબ્દ જ મારી પાસે નથી.'
ંસાના શબ્દસુમન સાથે સ્વામીશ્રીનું અભિવાદન કરતા શ્રી પાંડુરંગ આઠવલેજી... (૧૬-૧૨-'૯૫)



ભારતીય સંસ્કૃતિના મહાન રક્ષક-ઉદ્ધારક રૂપે સ્વામીશ્રીમાં વિશ્વસનીયતા દાખવતા
આચાર્યશ્રી ધર્મેન્દ્રજી મહારાજ... (મુંબઈ, ૧૭-૧૨-૧૯૯૫)



અમૃત મહોત્સવ પર્વે સ્વામીશ્રીને અભિવંદવા પધારેલા આદરણીય રાષ્ટ્રીય નેતા
શ્રી અટલબિહારી બાજપાઈનું સ્વામીશ્રી સાથેનું સ્નેહમિલન... (મુંબઈ, ડિસેમ્બર ૧૯૯૫)



અમૃત મહોત્સવ પર્વે સ્વામીશ્રીને અમૃત અંજલિ અર્પતા માનનીય શ્રી એલ. કે. અડવાણીજી.
(મુંબઈ, ૧૦-૧૨-૧૯૯૫)



મૃત મહોત્સવ ઉપક્રમે મુંબઈ નગરને આધુનિક સુવિધાસજ્જ નેત્ર હોસ્પિટલ પ્રદાન કરતા સ્વામીશ્રી, સાથે તત્કાલીન મુખ્યમંત્રી શ્રી મનોહર જોષી... (૨૯-૧૨-૧૯૯૫)



આંખની તમામ પ્રકારની સુરક્ષા માટેનાં સાધનોથી અલંકૃત 'પ્રમુખસ્વામી નેત્ર હોસ્પિટલ'નું બાહરી દૃશ્ય



'લાવો, ઠાકોરજીની સેવા થઈ જાય ને!' એમ કહેતાં આંગળીઓ વડે કુશળતાપૂર્વક પાપડી ફોલ
સ્વામીશ્રીની સેવાભક્તિનું એક અવિસ્મરણીય દર્શન... (મહેસાણા, ૨૬-૨-૧૯૯૬)



રંગોત્સવ પ્રસંગે રંગબેરંગી પિછવાઈની ઉત્સવ-શોભા મધ્યે રાજહંસાસન પર બિરાજમાન સ્વામી
પુષ્પદોલોત્સવ પર્વે સૌ ભક્તોને આશીર્વાદના ફગવા પીરસતા સ્વામીશ્રી...



જગવિખ્યાત રેડિયો સિટી હોલ ખાતે ભવ્યતા અને દિવ્યતાપૂર્વક યોજાયો –
નોર્થ અમેરિકા સત્સંગનો રજત જયતી મહોત્સવ... (ન્યૂયોર્ક, ૩-૮-૧૯૯૬)




વામીશ્રીના સ્નેહલ સથવારે ફાલેલા-ખીલેલા અમેરિકા સત્સંગની રજત જયંતી ઉજવણી પ્રસંગે
ગુરુહરિને વધાવવા ઊમટેલો વિશાળ ભક્ત-સમૂદાય... (ન્યુયોર્ક, ૩-૮-૧૯૯૬)



૨૫ વર્ષની અલ્પ સમયાવધિમાં ૪૦,૦૦૦ ભક્તો, ૧૪ મંદિરો અને ૭૫ સત્સંગકેન્દ્રોની મોતીમાળા અર્પનાર સ્વામીશ્રીનું કલામંડિત સિંહાસન પર ભવ્ય સન્માન. સન્માનની પળોમાં નમ્રભાવે સૌને વંદન કરતા સ્વામીશ્રીની અહંશૂન્ય પ્રતિભાનું એક વિરલ દર્શન... (ન્યૂયોર્ક, ૩-૮-૧૯૯૬)



ગુરુહરિ સ્વામીશ્રીને ભક્તિનૃત્ય દ્વારા ભાવાંજલિ અર્પણ કરતું બાળવૃંદ...
(ન્યૂયોર્ક, ૩-૮-૧૯૯૬)



ઑસ્ટ્રેલિયાની ધરતી પર ઉપાસનાનાં પડઘમ. સીડની શહેરમાં નૂતન મંદિરમાં બિરાજમાન થનાર મૂર્તિઓમાં પ્રાણપ્રતિષ્ઠા કરતા સ્વામીશ્રી... (સીડની, ૨૧-૧૦-૧૯૯૬)



ત્રણ સ્થળોએ ઊજવાનાર સ્વામીશ્રીના ૭૬મા જન્મજયંતી મહોત્સવના પ્રથમ ચરણનો બોચાસણમાં મંગલ પ્રારંભ. જન્મજયંતી દિને ગુરુહરિના ગુણાનુવાદના શ્રવણમાં લીન શ્રોતાગણ... (૨૫-૧૧-'૯૬




જન્મજયંતી પર્વે સૌ ભક્તજનોની પ્રેમભરી ભક્તિને પુષ્પહાર સ્વરૂપે સ્વીકારતા ગુરુહરિ સ્વામીશ્રી
(બોચાસણ, ૨૫-૧૧-૧૯૯૬)




ઝાલાવાડની ધરતી પર સુરેન્દ્રનગર ખાતે ધામધૂમપૂર્વક ઊજવાયા – નૂતન શિખરબદ્ધ મંદિર મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ તથા સ્વામીશ્રીનો ૭૬મો જન્મજયંતી મહોત્સવ... (૫-૭ ડિસેમ્બર, ૧૯૯૬)




વેદોક્ત યજ્ઞવિધિમાં લીન સ્વામીશ્રી, સાથે મહંત સ્વામી તથા વરિષ્ઠ સંતો... (ઉપર)
પ્રતિષ્ઠા પ્રસંગે આયોજિત ઠાકોરજીની ભવ્ય શોભાયાત્રામાં સંમિલિત ભક્ત મહેરામણ...



મૂર્તિપ્રતિષ્ઠાવિધિ દરમ્યાન મૂર્તિઓમાં પ્રાણઆહ્‌વાન કરતા સ્વામીશ્રી...
(સુરેન્દ્રનગર, ૭-૧૨-૧૯૯૬)



ઝાલાવાડ પંથકના સત્સંગ-વિકાસ માટે નૂતન શિખરબદ્ધ મંદિરની ભેટ અર્પતા સ્વામીશ્રી...
(સુરેન્દ્રનગર)



'આખા ઝાલાવાડ ડિસ્ટ્રિક્ટનું શ્રેય થાય...' જન્મજયંતી દિને ઉપસ્થિત સૌ ભક્તોને
આશીર્વાદનાં અમૃત પીરસતા સ્વામીશ્રી... (સુરેન્દ્રનગર, ૭-૧૨-૧૯૯૬)



સુરત નગરીમાં ઊજવાયો – નૂતન શિખરબદ્ધ મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ તથા
ગુરુહરિ સ્વામીશ્રીનો ૭૬મો જન્મજયંતી સમારોહ... (૧૫-૧૭ ડિસેમ્બર, ૧૯૯૬)



મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે આયોજિત વિશ્વશાંતિ મહાયાગમાં સૌ પર આશીર્વાદ વરસાવતા સ્વામીશ્રી.
સ્વામીશ્રીનાં અમૃતવચનો ઝીલતો યજ્ઞવિધિમાં સંમિલિત યજમાન સમુદાય... (સુરત, ૧૫-૧૨-૧૯૯૬)



સુરતના રાજમાર્ગો પરથી પસાર થતી વિવિધ રથોમાં વિરાજિત મૂર્તિઓની શોભાયાત્રા...
(સુરત, ૧૫-૧૨-૧૯૯૬)



વેદોક્ત વિધિપૂર્વક મૂર્તિઓમાં પ્રાણઆહ્વાન કરતા સ્વામીશ્રી...
(સુરત, ૧૬-૧૨-૧૯૯૬)



ન શિખરબદ્ધ મંદિરની ભેટ દ્વારા સુરત-સત્સંગને ભાવિ-વિકાસની ગતિ અર્પતા સ્વામીશ્રી...
(સુરત, ૧૭-૧૨-૧૯૯૬)



દિવ્ય સભાપતિરાય બેઠે... ભવ્ય મધ્ય-સિંહાસન પર વિરાજિત સ્વામીશ્રીનું માળાજાપ લીન એક ભક્તિમય છબિદર્શન... (સુરત, ૧૭-૧૨-૧૯૯૬)



સ્વામીશ્રીની પરાભક્તિના સૌંદર્યરૂપ વિદ્યાનગર ખાતે રચાયેલો ઐતિહાસિક ફૂલદોલોત્સવ બાર બારણાંના હિંડોળામાં વિરાજિત શ્રીહરિનાં પ્રાર્થનાપૂર્વક દર્શન કરતા સ્વામીશ્રી...




આમ્રઘટાની શોભા મધ્યે બાર બારણાંના હિંડોળામાં બિરાજમાન ભગવાન સ્વામિનારાયણ...
(વલ્લભવિદ્યાનગર, ૨૪-૩-૧૯૯૭)



હિંડોળાખાટમાં બિરાજમાન શ્રીહરિના અખંડ ધારક સ્વામીશ્રીનાં એક અવિસ્મરણીય દર્શન...
ઐતિહાસિક પુષ્પદોલોત્સવે ગુરુ-હરિના રંગે રંગાવા ઊમટેલો વિશાળ ભક્ત મહેરામણ...
(વલ્લભવિદ્યાનગર, ૨૪-૩-૧૯૯૭)



ઠાકોરજીના પ્રસાદીભૂત રંગથી સૌ ભક્તોને રંગતરબોળ કરતા રંગરસ-મૂર્તિ સ્વામીશ્રી...
(વલ્લભવિદ્યાનગર, ૨૪-૩-૧૯૯૭)



યુ.એ.ઈ.ની ધર્મયાત્રાએ પધારેલા સ્વામીશ્રી...
ખવાનીજના રણમાં પધારી વિશાળ રેતભૂમિને પોતાનાં ચરણારવિંદથી પાવન કરતા સ્વામીશ્રી
(શારજાહ, ૫-૪-૧૯૯૭)



ણમાં નીપજતી સુસવાટાબંધ હવા અને સતત ઊડતી ધૂળની તીવ્રતા વચ્ચે પણ સ્થિરચિત્તે બિરાજી
સૌના કલ્યાણની વિશ્વહિતની ભાવના વરસાવતા સ્વામીશ્રી...
(શારજાહ, ૫-૪-૧૯૯૭)




બાહરીનમાં યોજાયેલી ઐતિહાસિક સત્સંગ-સભામાં સ્વામીશ્રીનો અમૃતલાભ માણવા પધારેલા ભક્તો-ભાવિકો, ઉદ્યોગપતિઓ સાથે સ્થાનિક આરબ મહાનુભાવો... (૧૩-૪-૧૯૯૭)



સ્વામીશ્રીની સરળતા, સાધુતા અને વૈશ્વિક પ્રતિભાની મહેકથી પ્રભાવિત આરબ મહાનુભાવોએ તેઓ સાથે મેળવેલી સ્મૃતિછબિ... (બાહરીન, ૧૩-૪-૧૯૯૭)



ામીશ્રી અને બાહરીનના અમીર શેખ શ્રી ઈસા બિન સલમાન અલ ખલિફાનું ઐતિહાસિક મિલન.
માનવંતા મહેમાન સ્વામીશ્રીને રાજમહેલમાં ઊમળકાભેર વધાવતા શ્રી શેખ... (૧૪-૪-૧૯૯૭)



પેલેસના મુલાકાત કક્ષમાં શ્રી શેખ સાથે ઠાકોરજી સહિત બિરાજમાન સ્વામીશ્રી...
(બાહરીન, ૧૪-૪-૧૯૯૭)




પેરિસમાં મૂર્તિપ્રતિષ્ઠા અવસરે
મહાપૂજામાં લીન સ્વામીશ્રી...
(૫-૧૧-૧૯૯૭)



વૈદિક વિધિપૂર્વક શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની પ્રાણપ્રતિષ્ઠા કરતા સ્વામીશ્રી...
(પેરિસ, ૫-૧૧-૧૯૯૭)



બ્રિટનના રાજમહેલમાં રાજપરિવાર દ્વારા ઠાકોરજી અને સ્વામીશ્રીનો ઐતિહાસિક સત્કાર.
વંતા અતિથિ સ્વામીશ્રીને સેન્ટ જેમ્સ પેલેસમાં આવકારતા શ્રી પ્રિન્સ ચાર્લ્સ... (લંડન, ૯-૧૧-'૯૭)



બ્રિટિશ રાજવી શ્રી પ્રિન્સ ચાર્લ્સને સ્મૃતિભેટ રૂપે સુવર્ણરસિત કુંભ અર્પણ કરતા સ્વામીશ્રી...
(લંડન, ૯-૧૧-૧૯૯૭)



બકિંગહામ પેલેસમાં ડ્યૂક ઑફ એડિનબરો શ્રી પ્રિન્સ ફિલિપ અને સ્વામીશ્રીનું સ્નેહભર્યું મિલન...
(લંડન, ૧૦-૧૧-૧૯૯૭)



ગુરુહરિ સ્વામીશ્રીના ૭૭મા જન્મજયંતી મહોત્સવના પ્રથમ ચરણનો જૂનાગઢમાં પ્રારંભ.
ભક્તિભાવના રથ પર બિરાજી સંતો-ભક્તોનું અભિવાદન સ્વીકારતા સ્વામીશ્રી... (૨૩-૧૧-૧૯૯૭)




રવા ગિરનારની ગોદમાં ભવ્યતાપૂર્વક ઊજવાયેલા સ્વામીશ્રીના ૭૭મા જન્મજયંતી મહોત્સવ પ્રસંગે ગુરુહરિને વધાવવા ઉપસ્થિત વિશાળ ભક્તમેદની... (જૂનાગઢ, ૨૩-૧૧-૧૯૯૭)




લાખો ભક્તોનાં જીવનમાં ભક્તિ અને સત્સંગનો ઉજાસ પાથરનાર સ્વામીશ્રીને દીપમાળ અને દીપસ્તંભના પ્રકાશ સાથે વધાવતો સત્સંગ-સમુદાય...




અટલાદરામાં ઊજવાયેલા ૭૭મા જન્મજયંતી સમારોહના દ્વિતીય ચરણમાં, હંસ રથ પર ઠાકોરજી સાથે બિરાજમાન સ્વામીશ્રી અને ગુરુહરિને વધાવતો ભક્ત-સમુદાય... (૭-૧૨-૧૯૯૭



સ્વામીશ્રીના ૭૭મા જન્મજયંતી મહોત્સવના ભવ્ય મંચનું એક દર્શન.
મંચ પર બિરાજમાન ગુરુહરિ સ્વામીશ્રી અને વરિષ્ઠ સંતો...



જન્મજયંતી દિને પુષ્પહાર રૂપે સૌ ભક્તોનો પ્રેમભાવ સ્વીકારતા નમ્રમૂર્તિ સ્વામીશ્રી.
(અટલાદરા, વડોદરા, ૭-૧૨-૧૯૯૭)



તૃતીય ચરણમાં નવસારી ખાતે ૭૭મા જન્મજયંતી મહોત્સવની શાનદાર ઉજવણી...
મંચ મધ્યે ભવ્ય સિંહાસન પર બિરાજમાન સ્વામીશ્રી... (૨૧-૧૨-૧૯૯૭)




જન્મજયંતી દિને ગુરુહરિ સ્વામીશ્રીને વધાવવા ઊમટેલો ૬૦,૦૦૦થી વધુ ભક્તોનો સમુદાય.
(નવસારી, ૨૧-૧૨-૧૯૯૭)




ગુરુહરિ સ્વામીશ્રીનાં ચરણોમાં સૌ સંતો-ભક્તો વતી ભાવવંદના કરતા મહંત સ્વામી...
(નવસારી, ૨૧-૧૨-૧૯૯૭)




ગુજરાતની જીવાદોરી સમી 'નર્મદા બંધ યોજના'ના સમગ્ર બાંધકામ-કાર્ય પર ઠાકોરજીની દિવ્ય દૃષ્ટિ કરાવતા સ્વામીશ્રી... (કેવડિયા કોલોની, ૨૧-૧-૧૯૯૮)



નર્મદાના પવિત્ર નીરમાં ઠાકોરજીને સ્નાન કરાવી, 'નર્મદા બંધ યોજના વહેલી તકે પૂર્ણ થાય તેવી પ્રાર્થના સાથે ધૂનરત સ્વામીશ્રી, સાથે સંતો તથા નર્મદા બંધ નિગમના અધિકારીઓ...



સરદાર સરોવર બંધના વિપુલ જળસંગ્રહ પર ઠાકોરજીની કૃપાદૃષ્ટિ કરાવતા સ્વામીશ્રી.
સ્વામીશ્રીનાં ભક્તિસભર પ્રાર્થના અને પુરુષાર્થના પ્રતાપે સાકાર પામી નર્મદા બંધ યોજના...
(કેવડિયા કોલોની, ૨૧-૧-૧૯૯૮)




ફૂલદોલોત્સવ પ્રસંગે સૌ પ્રથમ શ્રી હરિકૃષ્ણ મહારાજને કેસૂડાના રંગથી રંગતા સ્વામીશ્રી..


(સારંગપુર, ૧૩-૩-૧૯૯૮)



હવેલીની આકર્ષક શોભા વચ્ચે સંખેડાના સિંહાસન પર બિરાજમાન સ્વામીશ્રી.
દોલોત્સવ પ્રસંગે ઉપસ્થિત સૌ ભક્તોને કથામૃત રૂપી ફગવા પીરસતા સ્વામીશ્રી... (૧૩-૩-'૯૮)




પ્રેમ-પિચકારીથી રંગ-ધાર કરી સૌને રંગતરબોળ કરતા સ્વામીશ્રીનું
એક અવિસ્મરણીય છબિદર્શન... (સારંગપુર, ૧૩-૩-૧૯૯૮)



બાપા આવ્યા અમારા ડુંગરામાં, અહીં થઈ રહી લીલાલહેર...

આંગણે પધારેલા તારણહાર સ્વામીશ્રીને ઊંચકી લઈ ભાવવિભોર સ્વાગત કરતા આદિવાસી બંધુઓ. ભોળા ભક્તોના પ્રેમવશ થઈ હાથમાં લેજીમ લઈ હળવી લયે વગાડતા સ્વામીશ્રી... (ચૂલી, ૧૬-૪-'૯૮)



જીવનને અજવાળનાર સ્વામીશ્રીનું આદિવાસી પંથકના પ્રત્યેક ગામમાં થયેલું સ્નેહસભર સ્વાગત.
પ્રાદેશિક વાજિંત્રો વગાડી સ્વામીશ્રીને ઊમળકાભેર ગામમાં પધરાવતા આદિવાસી ભક્તો...
(કંબોઈ, ૧૭-૪-૧૯૯૮)



આદિવાસી ભક્તોનાં સામાન્ય, નીચાં અને અંધારાં ખોરડાંઓમાં પધારી, સૌના મનોરથ પૂરા કરી
સૌને રાજી કરતા સ્વામીશ્રી... (ચૂલી, ૧૬-૪-૧૯૯૮)



ગરીબ આદિવાસી બંધુઓનાં અનાજ-કોઠી, પાણિયારા સહિત સમગ્ર ખોરડાને દૃષ્ટિ પ્રસાદીભૂત ક
સ્વામીશ્રી. સ્થાનિક બંધુઓની પાણી પીવાની રસમને રસપૂર્વક નિહાળી સ્મૃતિ આપતા સ્વામીશ્રી
(કંબોઈ, ૧૭-૪-૧૯૯૮)



વામીશ્રીના પારસસ્પર્શે આદિવાસી ગ્રામજનોમાં પ્રગટી સદાચાર અને સત્સંગ-ભક્તિની સુવાસ.
ોઈ ગામે સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાયેલી સત્સંગ-સભામાં સ્થાનિક બંધુઓ... (૧૭-૪-૧૯૯૮)



દિવાસી ભાઈઓ સાથે હળીમળી, સૌના આત્મીય થઈને તેમના પર સ્નેહ વરસાવતા સ્વામીશ્રી...
(ચૂલી, ૧૬-૪-૧૯૯૮)




સ્વામીશ્રીની સાધુતા અને વાત્સલ્યના સ્પર્શે થયાં આદિવાસી બંધુઓનાં આમૂલ જીવન-પરિવર્તન
સદાચારના માર્ગે વચનબદ્ધ થતો આદિવાસી ગ્રામજન... (છોટા ઉદેપુર, ૧૪-૪-૧૯૯૮)



અબુધ આદિવાસી બાળકને જીવનશુદ્ધિના પાઠ સમજાવી સદાચારના માર્ગે પ્રેરિત કરતા સ્વામી
(કંબોઇ, ૧૭-૪-૧૯૯૮)



ઠાકોરજીના મધ્યાહ્ન આરામને સાચવવા હૃદયની તાત્કાલિક બાયપાસ સર્જરીને પણ ઠેલાવી કથાશ્રવણમાં લીન સ્વામીશ્રી... (લેનોક્સ હિલ હૉસ્પિટલ, ન્યૂયોર્ક, ૭-૭-૧૯૯૮)




સર્જરી બાદ શારીરિક અસ્વસ્થતામાં પણ પ્રાણપ્યારા ઠાકોરજીને મેપોન્મેપ નયને નિહાળતાં માળાજાપ કરતા સ્વામીશ્રીનું પરાભક્તિમય દર્શન... (ન્યૂયોર્ક, ૧૯૯૮)



દેહાતીત નિરંતર ડોલત, બોલત બ્રહ્મખુમારે...


બાયપાસ સર્જરી પછી પ્રથમ વખત નિજનિવાસથી બહાર પધારેલા પ્રમુખસ્વામી મહારાજ,
સંતો-ભક્તો સાથેની એક આધ્યાત્મિક ગોષ્ઠિમાં... (પ્લે લેન્ડ પાર્ક, ન્યૂયોર્ક, ૬-૮-૧૯૯૮



બાયપાસ સર્જરી બાદ શારીરિક ઉપાધિઓ વચ્ચે પણ નિજાનંદમાં મગ્ન સ્વામીશ્રી...
(પ્લે લેન્ડ પાર્ક, ન્યૂયોર્ક, ૧૯૯૮)



શ્રામલીલા દરમ્યાન સ્વાસ્થ્યની પ્રતિકૂળતાઓ અવગણીને ન્યૂયોર્ક પધારનાર સ્વામીશ્રીએ કરેલી
અમેરિકાનાં પાંચ મંદિરોની મૂર્તિપ્રતિષ્ઠાઓ... (૨૦-૮-૧૯૯૮)



સ્વામીશ્રીના હૃદયની બાયપાસ સર્જરીમાં સેવા આપનાર તમામ તબીબોનો યોજાયો કૃતજ્ઞતા સમારો
નિપુણાત ડૉક્ટરોની સ્વામીશ્રી સાથેની એક સ્મરણીય સ્મૃતિછબિ... (ન્યૂયોર્ક, ૬-૯-૧૯૯૮)



સ્વામીશ્રીના બાયપાસ ઓપરેશનના મુખ્ય તબીબ ડૉ. સુબ્રહ્મણ્યમ્‌ને
સુવર્ણરસિત અમૃતકળશ વરદહસ્તે ભેટ આપતા સ્વામીશ્રી... (ન્યૂયોર્ક, ૬-૯-૧૯૯૮)



પ્રબોધિનીના પર્વે કથામૃત પીરસી ભક્તોનાં અંતરમાં જ્ઞાન પ્રબોધ કરતા સ્વામીશ્રી...
(નૈરોબી, ૩૧-૧૦-૧૯૯૮)



રાજકોટમાં યોજાયો નૂતન મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ તથા સ્વામીશ્રીનો ૭૮મો જન્મજયંતી મહોત્
વિશ્વશાંતિ મહાયાગમાં વૈદિક વિધિમાં રત સ્વામીશ્રી, સાથે ભક્ત-સમુદાય. (૨૫-૧૧-૧૯૯૮)



રાજકોટના રાજમાર્ગો પર નીકળેલી ઠાકોરજીની ભવ્ય શોભાયાત્રા.
વિવિધ રથોમાં વિરાજિત મૂર્તિઓ અને ઉપસ્થિત ભક્ત-સમુદાય સાથે શોભતી નગરયાત્રાનું
એક વિહંગ દૃશ્ય... (૨૫-૧૧-૧૯૯૮)



મૂર્તિપ્રતિષ્ઠા વિધિ દરમ્યાન મૂર્તિઓમાં પ્રાણ આહ્વાન કરતા સ્વામીશ્રી...
(રાજકોટ, ૨૬-૧૧-૧૯૯૮)



૭૮મા જન્મજયંતી મહોત્સવે ગુરુહરિ સ્વામીશ્રીને વધાવવા ઊમટેલો વિશાળ ભક્ત મહેરામણ...
(રાજકોટ, ૨૭-૧૧-૧૯૯૮)



સ્વામીશ્રીના ૭૮મા જન્મજયંતી મહોત્સવના ઉત્સવ-મંચની શોભાનું એક દિવ્ય છબિદર્શન...
(રાજકોટ, ૨૭-૧૧-૧૯૯૮)



ભવ્ય ઉત્સવ-મંચ પર બિરાજમાન સ્વામીશ્રીનું ભક્તિમય દર્શન...
(રાજકોટ, ૨૭-૧૧-૧૯૯૮)

અમૃતધારા ૨૮



અમૃતવર્ષના અમર અધ્યાય

સન ૧૯૯૫

આ પુરુષ સર્વ પ્રકારે નિર્દોષ છે

સન ૧૯૯૫નું વર્ષ પોતાના ખોળે સ્વામીશ્રીનો અમૃત મહોત્સવ લઈને આવ્યું હોવાથી તેના પ્રથમ પ્રભાતથી જ સૌના અંતર-આંગણે અમૃત ચોઘડિયાં વાગવા માંડ્યાં. તેની સુમધુર સૂરાવલિઓ વચ્ચે અમદાવાદના મંદિરે તા. ૨/૧ના રોજ પ્રાતઃપૂજા કર્યા બાદ ઉતારા તરફ જઈ રહેલા સ્વામીશ્રીને મળવા હરિભક્તો હરોળબંધ ઊભા હતા. તેઓને લાભ આપતા સ્વામીશ્રીએ ભક્તોની પાછળ ઊભેલા અનુસૂચિત જાતિના સફાઈ કર્મચારીઓને પણ નજીક બોલાવી પ્રસાદ અને આશીર્વાદ આપ્યા.

સ્વામીશ્રીનાં આવાં સ્નેહ અને સમતાના અમૃતનો આસ્વાદ ચાખવા તા. ૩/૧ની સવારે શહેરના પોલીસ કમિશનર શ્રી મહેતા આવી પહોંચ્યા. તેઓએ સ્વામીશ્રીનો આભાર માનતાં કહ્યું: 'ગયા વર્ષે આપના આશીર્વાદ લીધા હતા એટલે તે વર્ષ શાંતિથી પસાર થયું. તેથી આ વર્ષે પણ આપના આશીર્વાદ લેવા આવ્યો છું.'

આમ, સમાજને સ્થિર અને શાંત રાખતા સ્વામીશ્રીના આશીર્વાદનું અમૃત પીવા તા. ૫/૧ના ઊગતા પહોરે એક શિક્ષક દોડી આવ્યા. તેઓએ

યાચના કરી કે 'આચાર્ય સંઘની મીટિંગમાં જઉં છું. શિક્ષણનું સ્તર ઊંચું આવે એવી દૃષ્ટિ કરજો.'

'પૈસાની સામું દૃષ્ટિ હશે ત્યાં સુધી શિક્ષણનું સ્તર ઊંચું નહીં આવે.' માસ્તરને નૈતિક સ્તરનો પાઠ ભણાવતાં સ્વામીશ્રી બોલ્યા.

આ જ રીતે તેઓએ તા. ૬/૧ની સાયંસભામાં યુવકોએ રજૂ કરેલા સત્પુરુષના મહિમા સંબંધી પરિસંવાદનું સમાપન કરતાં જણાવ્યું :

''આ વાતો બુદ્ધિ પરની છે. જેના ઉપર ભગવાનની દયા થાય એ જ આ વસ્તુ સમજીને પામી શકે. આપણે તો આપણા મનનું ધાર્યું મૂકીને એ જે કહે એમાં શંકા ના કરવી. આ પુરુષ સર્વ પ્રકારે નિર્દોષ છે. એમનામાં માયા, સ્વભાવ, દોષ કે મન કશું જ નથી. આ સમજણ રહે તો એ રાજી થાય. એ તો મનુષ્ય જેવા જ લાગે. પાછળ ચક્કર ફરે છે? આપણી માન્યતા એવી કે કંઈક ચમત્કાર કરે, મનમાં ધારેલું સિદ્ધ થાય. પરંતુ એ આવું બધું કરવા નહીં, પણ અંતરનો મેલ કાઢવા આવ્યા છે. આપણે એ માટે તત્પર થવું. એમાં સંશય ના થવો જોઈએ. એ જે ક્રિયા કરે એ નિર્ગુણ જ છે. જે કરે એમાં દિવ્યતા. મહારાજ ગુણાતીત સંત દ્વારા પ્રગટ છે, છે ને છે જ. કોઈ કહે, 'તમે ભગવાન જોયા છે?' તો કહેવું, 'હા.' પ્રગટનો આ સંપ્રદાય છે.''

આવા સંપ્રદાયનાં કેટલાંક બાલ-બાલિકાઓએ આ વર્ષે પતંગના શોખને જ ઉડાડી મૂકેલો. તેથી એકઠી થયેલી સવા લાખ રૂપિયાની બચત તેઓએ તા. ૭/૧ની સત્સંગ-સભામાં ઠાકોરજીનાં ચરણે ધરી ત્યારે વામન શિશુઓના આ વિરાટ દાનને સૌએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધું.

અક્કલ વાપરીને કરેલું છે

તા. ૧૨/૧ની સવારે લંડનના નિર્માણાધીન મંદિરની મીટિંગ યોજીને બિરાજેલા સ્વામીશ્રી સમક્ષ હજારો ઘનફૂટ પથ્થરોના કાર્યનું પૃથક્કરણ આંકડાઓની મોટી માયાજાળ અને આધુનિક મૅનેજમેન્ટની પરિભાષા સાથે રજૂ થઈ રહેલું. આ સમયે લંડનની નાણાકીય પરિસ્થિતિની સમીક્ષા પણ શરૂ થતાં સૌ મંદીનાં મોજાં વચ્ચે નિશ્ચિત સમયાવધિમાં મંદિર પૂરું કરવા અંગે શંકા સેવવા લાગ્યા.

તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'બધું પ્રોજેક્ટની શરૂઆત પહેલાં વિચારી લીધેલું છે. અક્કલ વાપરીને કરેલું છે. પહેલેથી પ્રોજેક્ટનો આવો

ખર્ચો ધારેલો. નાણાંની સગવડ નથી ને ઉપાડ્યું એવું નથી. વગર વિચારે કર્યું એવું નથી. વાંધો નહીં જ આવે. થોડું ખૂટતું થઈ જશે. વિશ્વાસ છે, ભગવાન પર ભરોસો છે. હરિભક્તોએ પાછું વાળીને જોયું જ નથી. વચને આપી દીધું છે. હજી જરૂર પડ્યે ઘર કાઢી નાંખશે. હરિભક્તો તૈયાર જ છે. (સમર્પણ કરતાં) રોકવા પડે છે. ભગવાન પૂરું કરશે.'

લંડનના મંદિરનો પાયો આજે અનાયાસે ખૂલી ગયો. તેના એક-એક કણમાં વિશ્વાસપૂર્વક વિચારતા, ગણતરીપૂર્વક ચાલતા અને દૃઢતાપૂર્વક બોલતા સ્વામીશ્રીનાં દર્શન થઈ રહ્યાં.

આપણે તો સીધા સાદા માણસ

આ અરસામાં જગવિખ્યાત ચળવળકાર અને દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપ્રમુખ શ્રી નેલ્સન મંડેલા અક્ષરધામની મુલાકાતે આવે તેવાં ચક્રો ગતિમાન થયેલાં. તે સંદર્ભમાં તા. ૧૩/૧ની સવારે વરિષ્ઠ સંતોએ સ્વામીશ્રીને વિનંતી કરી કે 'તા. ૨૮/૧ના રોજ થનારી આ મુલાકાત સુધી આપ અમદાવાદમાં રોકાઓ.'

પરંતુ આ અરજ સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'એ બધું તમે તમારી રીતે પતાવી દેજો. અમારે એનું (મુલાકાતનું) બહુ નહીં.'

આ બાબતે રાજ્યના મુખ્યમંત્રી શ્રી છબીલદાસ મહેતાએ પણ સ્વામીશ્રીને પૂછેલું કે 'તા. ૨૮મીએ નેલ્સન મંડેલા અક્ષરધામમાં આવવાના છે, તો આપ તા. ૨૭મીની રાત્રે અક્ષરધામમાં રોકાશો ને ?'

'હું તો અટલાદરા જવાનો છું.'

'પણ નેલ્સન મંડેલા એવી વ્યક્તિ છે કે એને લીધે આંતરરાષ્ટ્રીય પ્રસિદ્ધિ મળે.'

અલબત્ત, મુખ્યપ્રધાનની આ પુષ્ટિનેય સ્વામીશ્રી તરફથી કોઈ પ્રોત્સાહન ન મળ્યું.

આ સમયે એક તબીબે ભલામણ કરી કે 'સ્વામીજી ! અત્યારની ઠંડીમાં આપ એક જ જગ્યાએ રોકાવ તો સારું.'

પરંતુ આ પ્રસ્તાવને પણ નકારતાં સ્વામીશ્રી બોલ્યા : 'અમારે તો બીજે જવાનું હોતું જ નથી. જ્યાં જઈએ ત્યાં એક જ જગ્યાએ રોકાઈએ છીએ. ઠંડી તો અહીં પણ છે ને ત્યાં પણ છે.'

સ્વામીશ્રીનો આ નિર્ધાર સાંભળી ડૉ. શરદભાઈ ઓઝાએ કહ્યું: 'અત્યારે હાથના દુખાવાની જે ટ્રીટમેન્ટ ચાલે છે તે જો સંપૂર્ણ પૂરી કરો તો સારું. એના માટે દસ દિવસ રોકાવું પડે. અધૂરી છોડીએ તો જેટલો સુધારો થયો હોય તે નકામો જાય.'

'અમારે તો કાલે જ જવું છે, પણ જો તમે દસ દા'ડામાં મટાડી દેવાની પ્રૉમિસ (ખાતરી) આપતા હો તો રોકાઈ જઈએ.'

'આપને પ્રૉમિસ અમે શું આપીએ ?'

જો કે ડૉક્ટરની વાત માન્ય રાખતાં સ્વામીશ્રીએ રોકાણ લંબાવ્યું ત્યારે પેલા તબીબે પૂછ્યું: '૧૫મી તારીખથી દસ દિવસ ગણવાના ને ?'

'ના, ના. આજથી (તા. ૧૩થી) જ !' આટલી સ્પષ્ટતા કરી સ્વામીશ્રી બોલ્યા: 'વેપારી હોય એ કાપિયું વ્યાજ કાઢે. આપણે તો સીધા સાદા માણસ.'

પોતાની આ ઓળખ છતી કરતા સ્વામીશ્રી તા. ૧૪/૧ના રોજ સભામાં જવા નીકળ્યા ત્યારે ઠંડો પવન તેજ ગતિથી ફૂંકાતો હોવાથી નિખિલેશદાસ સ્વામીએ કહ્યું: 'પવન ઠંડો છે. ગરમ ટોપી પહેરતા હો તો !'

'તમે પહેરો તો હું પહેરું.'

'હું તો જુવાન છું. અમારે કશો વાંધો ન આવે.'

'અમેય જુવાન જ છીએ ને ! ઘરડા ક્યાં છીએ ?' ૭૪ વર્ષના સ્વામીશ્રીની યુવાની ટહુકી ઊઠી !

તેઓના આ શબ્દો જ નહીં, પરંતુ આ ઉંમરે પણ તેઓની ચીવટ અને ચપળતા તથા સૂઝ અને શક્તિ અનુભવ કરાવતાં કે સ્વામીશ્રીને હજી ઘડપણ સ્પર્શ્યું નથી.

અતિ માહાત્મી મન ઉદાર

તા. ૧૮/૧ની બપોરે શહેરના પ્રતિષ્ઠિત વકીલોને મળી સ્વામીશ્રી આરામમાં જવા ઊભા થયા ત્યારે તેઓએ સામે ઊભેલા એક સંતને કહ્યું: 'આ બધી ટ્યૂબલાઇટો અમથી બળે છે એ બંધ કરો.'

'આપની પાછળ અજવાળું વધારે રહે છે. એટલે સામે બેઠેલાને દર્શન સારાં થાય તે માટે લાઇટો ચાલુ રાખી છે.'

'એવું હોય તો આસન ફેરવી નાંખો. આ પાછળના પડદા ખોલો એટલે ફર્સ્ટ ક્લાસ લાઇટ આવશે.' સ્વામીશ્રી બોલ્યા.

કામકાજ કરોડોના, પણ કરકસર પઈએ પઈની – આ તેઓની શૈલી.

તે સાથે તા. ૧૯/૧ની સવારે સેટેલાઈટ વિસ્તારમાં પધરામણીએ નીકળેલા સ્વામીશ્રી અચાનક કાર્યક્રમ બદલીને ગુલઝારીલાલ નંદાજીને ઘેર જઈ પહોંચ્યા. અહીં તેઓને આ પૂર્વ વડાપ્રધાનના દૌહિત્રે કહ્યું : 'બે દિવસ પહેલાં જ નંદાજીને ગંભીર હાર્ટ ઍટેક આવેલો. તેઓ જવાના જ હતા.'

'અમારે મળવાનું બાકી હશે એટલે રહી ગયા. આશીર્વાદ આપ્યા છે.'

સ્વામીશ્રીનો આ ઘટસ્ફોટ સૌને ચોંકાવી ગયો. તેઓની ક્રિયાઓનું રહસ્ય તો તેઓ જણાવે ત્યારે જ ખ્યાલમાં આવતું.

આવા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૧૯/૧ની સાંજે શિક્ષાપત્રીના પારાયણની પૂર્ણાહુતિ થતાં જાહેરાત કરવામાં આવી કે 'ભોયકાવાળા જેઠાલાલ શેઠ સ્વામીશ્રીને તથા ઠાકોરભાઈ પટેલ પુરાણી વિવેકસાગરદાસ સ્વામીને હાર પહેરાવશે.'

તે મુજબ આ બંને અગ્રણી હરિભક્તો હાથમાં હાર લઈ મંચ પર આવ્યા, પરંતુ સ્વામીશ્રીએ જેઠાકાકાને પણ કથાકાર તરફ વળવા કહ્યું. જો કે તેમ કરવામાં આ હરિભક્તનું મન ન માન્યું. તેઓ તો સ્વામીશ્રીના કંઠમાં જ હાર અર્પણ કરવા આગળ વધ્યા, ત્યારે 'મારી આજ્ઞા છે, આજ્ઞા પાળો' કહેતાં સ્વામીશ્રી પોતાનું સન્માન શિષ્યને સમર્પિત કરી રાજી થયા.

આમ, *'અતિ માહાત્મી મન ઉદાર...'*ની શૈલી ધરાવતા તેઓને મળવા તા. ૨૦/૧ની બપોરે વાસણાના એક વૈદ્ય આવ્યા. પોતાની વાતના એક-એક વાક્યે લાંબો હાથ કરી સામેવાળા પાસેથી તાળી લેવાની તેઓની પ્રકૃતિ. તે સ્વામીશ્રી સમક્ષ પણ યથાવત્ જ રાખતાં તેઓ વાક્યે-વાક્યે હાથ લંબાવી બોલવા લાગ્યા કે 'સાચી ભૂખે ખાય તો સો વરસનો થાય, દે તાલ્લી... આ દુનિયામાં માંદા જ ઝાઝું ખાય છે, દે તાલ્લી... જે મારે ત્યાં આવે એને પહેલાં હું ખાતાં શિખવાડું છું, દે તાલ્લી...'

આ રીતે સ્વામીશ્રીએ ત્રીસેક વાર તાળી આપી. તે વખતે સામેવાળાના મનોભાવોને સંતોષવાની તેઓની શ્રદ્ધા અને સહૃદયતા જોનારા પણ તાળી પાડી ઊઠ્યા.

ચારિત્ર્યવાન સમાજના સર્જક

તા. ૨૩/૧ની રાત્રે સ્વામીશ્રીને મળવા આવેલા વિદેશી આર્કિટેક્ટ શ્રી

પાદસેવનદાસ, શ્રી નાઈજલ તથા શ્રી જહોન એલન માયાપુરીમાં તૈયાર થઈ રહેલા એક ગગનચુંબી મંદિરના નિર્માણ સાથે સંકળાયેલા હતા, પરંતુ તેઓને એક મુશ્કેલી સતાવી રહેલી. ઇસ્કોનના સ્થાપક પૂજ્ય ભક્તિવેદાંત સ્વામીના સંકલ્પ મુજબ ૩૫૦ ફૂટ ઊંચું આ મંદિર કરવા માટે ૧૦૦ x ૧૦૦ ફૂટનું ગર્ભગૃહ કરવું પડે તેમ હતું. આ પડકારરૂપ કાર્ય ન ઊકલે ત્યાં સુધી સમગ્ર યોજના સાકાર ન થાય.

આ સમસ્યા સાંભળી સ્વામીશ્રીએ કહ્યું: 'શ્રીજીમહારાજની કૃપાથી વિઘ્નો દૂર થશે, પ્રશ્નો ઊકલી જશે અને મંદિર થઈ જશે.'

તેઓના આ આશીર્વાદ વરસ્યાના ૪૮ કલાકમાં જ નિષ્ણાત સોમપુરાના માર્ગદર્શન મુજબ, શિલ્પશાસ્ત્ર અનુસાર નકશા તૈયાર થઈ જતાં ઘણા સમયથી અટકેલો એક સંકલ્પ સાકાર થવાની દિશામાં આગળ વધ્યો.

આમ, સૌને સહાયરૂપ બનનારા સ્વામીશ્રી તા. ૨૪/૧ની સવારે પાલડીના સંસ્કારધામની ભૂમિ પર પગલાં પાડી, સાડા બાર વાગ્યે અટલાદરા પહોંચ્યા ત્યારે અત્રે નવનિર્મિત સંકુલ 'પ્રમુખપ્રાસાદ' તેઓના પ્રથમ પદાર્પણથી ધન્ય થયું.

અહીં તા. ૨૬/૧ની સવારે ચાલી રહેલી મુલાકાતો દરમ્યાન ઇજનેરી વિદ્યાશાખાની પરીક્ષામાં સાત વાર નાપાસ થયેલો એક યુવાન આવ્યો. ઉપરાછાપરી મળેલી નિષ્ફળતાના ભારથી ભાંગી ગયેલા તેણે રડમસ અવાજે કથની કહી ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'લ્યા! લોકો તો દસ વાર નાપાસ થાય છે તોય કાંઈ થતું નથી ને તું શું કામ ચિંતા કરે છે? અત્યારે મહેનત કરીને મંડી પડ. ભગવાનને સંભારીને બળ રાખજે.'

સ્વામીશ્રીએ તે નાપાસને નાસીપાસ ન થવા દીધો.

આમ, સૌમાં હામ પૂરનારા તેઓના યોગે અહીંના એક મુરબ્બી શ્રી અરવિંદભાઈ પટેલનું જીવન પલટાયેલું. જો કે નકટાઓની નાતને નાકવાળો ન ગમે, તેમ આ સુધરેલા હરિભક્તને ખરડવાનો પ્રયત્ન તેઓના મુંબઈ-સ્થિત સાગરીતે આરંભેલો. તેની સામે 'પ્રમુખસ્વામીના પ્રતાપે હું નહીં જ બગડું, તું ગમે એ કર'નો ટંકાર અરવિંદભાઈએ પણ કરેલો.

તેઓના આ પડકારને પછાડવા માટે સાંતાક્રુઝના સમીપવર્તી સારંગ ડિસ્કો બારમાં એક કારસો રચાયેલો. અહીં તા. ૨૧/૨/'૯૪ની સાંજે સાડા સાત વાગ્યાથી રાત્રે સાડા નવ વાગ્યા સુધી ચૌદ યુવાન રૂપ-લલનાઓને

અરવિંદભાઈની આસપાસ નચાવવામાં આવી. તેમાંથી જે અરવિંદભાઈના ગળા હેઠે દારૂનો એક ઘૂંટડો પણ ઉતારી દે તેને ૫૦૦ રૂપિયાનું રોકડું ઇનામ હતું. અરવિંદભાઈને પણ જે ભોગ ભોગવવા હોય તે મફતમાં ભોગવવાની ઑફર બારના માલિકે મૂકેલી. પરંતુ બારબાળા કે બારવાળા – કોઈની કારી ન ફાવી.

સત્સંગીનો આ વિજય જોઈ તેઓને બારમાં ઢસડી જનારા શ્રી જગદીશભાઈએ તા. ૧૦/૩/'૯૪ના રોજ અરવિંદભાઈને લખી જણાવેલું કે –

'જ્યાં જવાન છોકરીઓ ડાન્સ કરતી હોય ને દારૂની રેલમછેલ ચાલતી હોય એવા સંજોગોમાં તો મને લાગે છે કે વૈરાગી પણ એક વાર સંસારમાં આવવા વિચારે, પણ તમે તો તટસ્થ રહ્યા. આ એક ઈશ્વરીય ચમત્કાર કહેવાય. તે જોઈને મને પણ વ્યસનો પ્રત્યે નફરત થઈ ગઈ છે. તમારા સ્વભાવ, વિચાર, વાણી, દૃષ્ટિમાં તો આસમાન-જમીનનો ફરક થઈ ગયો છે. મારે પણ સ્વામિનારાયણની કંઠી પહેરવી છે.'

જીવનશુદ્ધિ ઇચ્છતી આવી ૫૦ વ્યક્તિઓને લઈ અરવિંદભાઈ તા. ૨૭/૧ની સવારે સ્વામીશ્રી પાસે આવી પહોંચ્યા. વ્યસનીઓની આ જમાત અત્યાર સુધીમાં ૬૬ લાખ રૂપિયાનો દારૂ ગટગટાવી ગયેલી. તેમાંની એક તો દારૂના નશામાં અગાશીએથી ભૂસકો મારીને પગ ભાંગનારી પણ હતી. તે સૌએ આજે સ્વામીશ્રી પાસે સદાચારના શપથ લીધા ત્યારે સૌ ચારિત્ર્યવાન સમાજના સર્જક સમા સ્વામીશ્રીને નમી પડ્યા.

પડીકું વાળીને બાળી જ મૂકો

તા. ૨૬/૧ની સાયંસભામાં કીર્તન આરાધનાનો કાર્યક્રમ લંબાઈ જતાં સર્જાયેલી સમયની કટોકટીને થાળે પાડવા એક વ્યવસ્થાપક સંતે સ્વામીશ્રીને નિવેદન કર્યું કે 'બાપા ! આજે પાંચ જ મિનિટ આશીર્વાદ આપજો.'

'એક જ મિનિટ આપીશ, બસ !' સ્વામીશ્રીએ સહાનુભૂતિનો સૂર રેલાવ્યો.

પરંતુ એ કડવો કટાક્ષ છે એ તો ત્યારે જ ખબર પડી કે જ્યારે તેઓએ તરત જ કહ્યું : 'ભગવાન ભજવા આવ્યા છીએ ને ટાઇમ-ટાઇમ શું કરો છો ? ભગવાન ભજી લેવા. બીજી ચિંતા ન કરવી.' આમ કહી સ્વામીશ્રીએ વીસ મિનિટ સુધી અમૃતવાણી વહાવી.

આ રીતે સૌના ઉત્કર્ષ માટે મન મૂકીને વરસ્યે જતા તેઓ તા.

૨૮/૧ની સાંજે કિશોરદિનની ખાસ સભામાં આવી બિરાજ્યા. તે વખતે તેઓ સમક્ષ થવા માંડેલી ટેલિવિઝન સંબંધી ચર્ચાનો યોગ્ય નિષ્કર્ષ ન આવતાં સ્વામીશ્રીને જ રસ્તો સુઝાડવા વિનંતી થઈ, ત્યારે માઇક મુકાય તે પહેલાં જ તેઓ અભિપ્રાય આપવા માંડ્યા કે 'જોવું જ નહીં. નાંખી દેવું, એટલે બધા પ્રશ્નો પૂરા...'

સ્વામીશ્રી આ બોલ્યા એટલામાં માઇક ગોઠવાઈ જતાં તેઓએ વધુમાં જણાવ્યું :

"યુવકો કહે છે, 'અમારે શું કરવું?' મેં કહ્યું : 'ટી.વી.ને પડીકું વાળીને બાળી જ મૂકો એટલે પ્રશ્ન રહે જ નહીં.' મૂળ અહીંથી (અંતરમાંથી) બાળી નાંખીએ તો જગત બળેલું જ છે. આટઆટલાં બણગાં ફૂંક્યાં કરીએ, વાતો કર્યા જ કરીએ પણ જીવમાંથી નીકળતું નથી. યુવકોને તો કહું છું જ કે મરણિયો ઉપાય કરો. ઘરમાંથી તોડીને ફેંકી દો. મા-બાપને એ માટે પગે લાગો કે 'મારે ટી.વી. છોડવું જ છે.' પ્રલોભન જબરજસ્ત છે, પણ ધારીએ તો થઈ શકે એવું છે. ટી.વી. કંઈ સાથે આવવાનું નથી, પણ મોહ એવો છે કે છૂટતું નથી. એ ડબલું મર્યા પછીયે બાંધીને લઈ જ જજો. જ્યાં જઈએ ત્યાં જોવા તો મળે! ટી.વી. ચલાવનારાઓ તો પૈસાની પાછળ છે. તમારું જીવન બગડે એ એને જોવું નથી અને આપણેય મૂરખ.

આવી વસ્તુઓનો પહેલેથી જ ધર્મમાં નિષેધ કર્યો છે. આ કંઈ જેમ-તેમ લખી નાંખેલી વાતો નથી. કવિઓની કલ્પના કે ધુમાડામાં બાચકા નથી. અનુભવની વાત છે, પણ મોહ છે એટલે સ્વીકારી શકતા નથી. વિશ્વાસ હોય તો કામ થાય, નહીં તો એમ લાગે કે 'સ્વામી ટાઢા પો'રનું બોલી ગયા. બાવાને વળી જગતના સુખની શું ખબર પડે?' પણ સ્વામી જે બોલ્યા છે એ સાક્ષાત્ અક્ષરબ્રહ્મ બોલ્યા છે એ વિશ્વાસ રાખવો. વધારે પડતા પૈસાની કંઈ જરૂર નથી. વધારે પૈસાનો શો ઉપયોગ? નાટક-સિનેમા ને નાચવા-કૂદવાનું, લગનમાં દારૂ પાવાનો. એવા દારૂ પીને ભેગા થયેલા કેટલા દિવસ રહેવાના? માટે આવાં દૂષણોનો ત્યાગ કરો."

ઘરસભા કરશો તો જ શાંતિ રહેશે

તા. ૨૯/૧ની સાયંસભા બાદ સ્વામીશ્રી જ્યારે સૌને વ્યક્તિગત દર્શનનો લાભ આપી રહેલા ત્યારે મંચ પર આવી ચડેલો એક સાવ નાનો

બાળક સ્વામીશ્રી પાસે પહોંચી જઈ તેઓની દાઢી પસવારવા માંડ્યો. તે સમયે સ્વામીશ્રી પણ એની સામે જોઈ રહ્યા. ત્યારે પેલા બાળકે કહ્યું : 'દાદા ! મારે સાધુ થવું છે.'

'ભણી-ગણીને મોટો થા. પછી કરીશું, હોં.' સ્વામીશ્રી હસતાં-હસતાં બોલ્યા.

આમ, જેની જે કક્ષા હોય તેને તે રીતે સુખ આપતા તેઓ તા. ૩૦/૧ની સવારે અંજેસર પધાર્યા.

અત્રે નવનિર્મિત લાલજી મહારાજ વિદ્યાલયનું ઉદ્‌ઘાટન કરી માગામ અને આસોજને પાવન કરતાં રાત્રે સ્વામીશ્રી પુનઃ અટલાદરા આવી ગયા.

અહીં તા. ૧/૨ની સાયંસભામાં યોજાયેલી ઘરસભા વિષયક ગોષ્ઠીના અનુસંધાનમાં તેઓએ જણાવ્યું :

''ઘરસભાની વાત આવે ત્યાં જ પ્રશ્નો ઊભા થાય છે. મંદિરે જવું હોય, સત્સંગ કરવો હોય ત્યારે જ પ્રશ્નો ઊભા થાય છે. દુનિયાનું મા'લો, સિનેમામાં જાવ, સગે-વહાલે જવું પડે ત્યાં પ્રશ્નો જેવું નડતું જ નથી. ત્યાં સમય મળી રહે છે. એટલે ઘરસભા માટે 'ટાઇમ નથી' એવું કહેવું અજ્ઞાન છે. કેટલાક તો રાત્રે ફોનનું રીસીવર નીચે જ મૂકી દે છે. ગમે એવી ઈમરજન્સી હોય તોય ટેલિફોન ન ઉપાડે. એક ઊંઘ ન બગડે એ માટે આવું થાય છે, તો આ સત્સંગને માટે એવું કેમ નથી થતું ? બીજાં બધાં કામ કરી શકતા હોઈએ તો આ કાર્યમાં કેમ પ્રશ્નો નડે છે ? આ વસ્તુનું મહત્ત્વ સમજાયું નથી, પણ પ્રશ્નો સામે સહનશીલતા આ જ્ઞાન આપશે. આ જ્ઞાન વગર શાંતિ જ નથી. માટે આ ઘરસભા કરવાની છે ને કરશો તો જ શાંતિ રહેશે.

લાખ રૂપિયાનો પલંગ બનાવો પણ ઊંઘ આવવી ભગવાનના હાથમાં છે. આજ્ઞા મુજબ જેમ કામ થશે એમ સુખ આવશે. ઘરનાં ન બેસે તો એકલા બેસીને ઘરસભા કરો. શરૂ કરશો તો લાખો ભેગા થશે. આપણને આપણી જાતનો જ વિશ્વાસ નથી. વિશ્વાસ રાખો કે – ઘરસભાથી સારું થવાનું જ છે. ટી.વી.નો મહિમા સમજાયો છે તો કેમ બધા ભેગા થઈ જ જાય છે ને ! ટી.વી.માંથી રૂપિયા નીકળે છે ? છતાં રસ પડે છે. જડ વસ્તુમાં લાભ મનાયો છે તો આ ચેતન વસ્તુમાંથી લાભ નહીં થાય ? આ વાત સમજ્યે જ છૂટકો છે. માટે ઘરસભાનો નિત્ય વિચાર કરવો.''

ક્લેશથી કંતાતાં કુટુંબોને બચાવવા માટે સ્વામીશ્રીના મતે ઘરસભા

એક ઉત્તમ ઉપચાર હતો. તેથી તેઓનાં વક્તવ્ય કે વાર્તાલાપમાં આ વિગત અવારનવાર ગૂંથાતી રહેતી.

એક વાર એકધારું પત્રલેખન કરી રહેલા તેઓને સંનિષ્ઠ કાર્યકર શ્રી ધીરેન્દ્રભાઈ વીંછીએ પૂછેલું કે 'બાપા ! આ બધી ટપાલોમાં શું હોય છે ?'

'દુઃખની વાતો !'

'એને ટાળવાનો કોઈ ઉપાય ખરો ?'

'ઘરમાં બધાં ભેગાં મળીને બેસે, સત્સંગ કરે તો અંદરોઅંદરની ગેરસમજ દૂર થાય અને શાંતિ રહે.'

સ્વામીશ્રીએ ચીંધેલી સુખની આ સડક સરકતા સમયે વધુ ને વધુ પ્રસ્તુત અને પ્રશસ્ત પુરવાર થઈ રહી છે.

જેના ગાડે બેઠા એનાં ગીત ગાવ ને !

તા. ૨/૨ના રોજ યોજાયેલા બાળદિન નિમિત્તે સ્વામીશ્રીનાં ભોજન-ભ્રમણ, પૂજા-દર્શન વગેરે દરેક કાર્યક્રમમાં બાળકિલ્લોલ છાઈ રહ્યો. દિવસ દરમ્યાન ઊછળતી રહેલી આ ભક્તિનો ઊભરો સાંજની બાળસભામાં તો એવો ચડ્યો કે સૌ તરબોળ થઈ ગયા. નર્તન હોય કે કીર્તન, પ્રવચન હોય કે અભિનય – પ્રત્યેક પ્રસ્તુતિને છટાદાર રીતે રજૂ કરી બાળકો સૌની દાદ મેળવી રહ્યા.

પરંતુ આ બાળકો જાણતા હતા કે 'અમને ખીલવનારા માળી તો સ્વામીબાપા છે.' તેથી સ્વામીશ્રીના આશીર્વાદ શરૂ થતાં જ એક કોરે બેઠેલા બાળકોએ પોતાના કોમળ કંઠે બુલંદ જયઘોષ કર્યો. તેના પ્રતિસાદમાં સ્વામીશ્રી પણ 'બાળકોનીયે...' કહી 'જય' બોલવાનું બાળકો પર છોડતાં અટકી ગયા. બાળકોને આવી કલ્પના નહીં. તેથી 'જય'નો પડઘો જોઈએ એવો ન ગાજ્યો ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'બોલો, બાળકો ! તમારી પણ જય ! તમે આવો સરસ કાર્યક્રમ આપ્યો ને નિયમિત અહીં આવો છો તો તમારી જય કેમ ના બોલીએ ?'

આ પ્રેમમઢ્યા અને આદરભર્યા શબ્દો દ્વારા કેવળ બાળકો જ નહીં, પણ વડીલોનેય ડોલાવતા સ્વામીશ્રીએ તા. ૪/૨ના રોજ વસંત પંચમી ઊજવી.

ત્યારબાદ તા. ૫/૨ની સવારે ડભાસા થઈને બામણગામ પધારેલા તેઓના વરદહસ્તે અહીં તા. ૬/૨ના રોજ અક્ષર-પુરુષોત્તમ મહારાજની પ્રતિષ્ઠા સંપન્ન થઈ. તેની સાથે ગામના રામજી મંદિર અને નવનિર્મિત એસ.ટી. બસ સ્ટેન્ડનું પણ ઉદ્‌ઘાટન કરી સ્વામીશ્રીએ ઝારોળામાં પગલાં પાડ્યાં.

અત્રે તા. ૭/૨ના રોજ નિર્માણાધીન મંદિરનો ખાતવિધિ કરી તેઓ વિદ્યાનગર, મહેળાવ, ડભાણ, શાંતિપુરા લાટ, વાસણા(બુઝર્ગ)ને લાભ આપતાં તા. ૯/૨ની રાત્રે સવા આઠ વાગ્યે પુરુષોત્તમપુરા પધાર્યા.

અહીં તા. ૧૧/૨ની સાંજે મંદિરનું ખાતમુહૂર્ત કરી સુરેન્દ્રનગર પહોંચેલા સ્વામીશ્રીનું અત્રે આવવાનું પ્રયોજન પણ મંદિરની ગતિવિધિને વેગ આપવાનું જ હતું. આ હેતુને પૂર્ણ કરી તા. ૧૩/૨ની સવારે સોલડી પધારેલા સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા અહીંના નૂતન મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત થયા.

તે પછી આજની સાંજે ધ્રાંગધ્રામાં આવેલા શિશુકુંજના પ્રાંગણમાં જાહેર-સભાનો લાભ આપી સુરેન્દ્રનગર આવી ગયેલા સ્વામીશ્રી સમક્ષ તા. ૧૪/૨ની સવારે રોજના સાત કલાક સાંપ્રદાયિક ગ્રંથો વાંચતાં એક મહિલા ભક્તની વાત નીકળી. તે સાંભળી સ્વામીશ્રીએ પુષ્ટિ કરી કે 'હરગોવિંદ માસ્તર પણ એવા જ હતા. ૯૪ વર્ષે રોજ આઠ કલાક વાંચતા.'

'આટલું બધું કેમનું વંચાતું હશે ?!'

કોઈએ આ આશ્ચર્ય વ્યક્ત કર્યું ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'આપણે એવી ટેવ પાડી નથી ને ! ટેવ પાડીએ તો બધું થાય. આપણો સમય વેસ્ટ (નકામો) બહુ જાય છે. સેવા ને બીજામાંથી નવરા થઈએ એટલે બીજી વાતો બહુ ચાલે. દુનિયાનાં પુસ્તકો વાંચવાની ટેવ પડે પણ આપણાં પુસ્તકો રીપીટ ન કરે. દુનિયાનાં વાંચીને શું કરવું છે? જેના ગાડે બેઠા એનાં ગીત ગાવ ને ! એક વાર જીવનચરિત્ર વાંચ્યા પછી મૂકી ના દો. ફરી વાર વાંચો.'

સ્વામીશ્રી આ વાંચન-વિવેક સમજાવી રહેલા ત્યાં જ કો'ક બોલ્યું : 'અત્યારે સારંગપુરમાં વિશ્વના ધર્મોનો તુલનાત્મક અભ્યાસ ચાલે છે.'

'તુલનાત્મક એટલે આપણા જ્ઞાનને પુષ્ટ કરે એ.' આટલું કહી અધ્યયનને યોગ્ય દિશા ચીંધતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'મહારાજે જે પ્રવર્તાવ્યું છે એ સર્વોપરી છે. દરેક ધર્મમાંથી એને પુષ્ટિ મળતી હોય એવું લેવું. પહેલાં આપણું નક્કી કરીને પછી બીજું ભણો.'

જેને અદેખાઈ દિસે ન લેશ

તા. ૧૫/૨ની સવારે સજનપુર ગામના મંદિરનો ખાતવિધિ કરનારા સ્વામીશ્રી મૂળી થઈને ભાદરા પહોંચ્યા ત્યારે અત્રે મુલાકાતીઓનું જોર ઓછું

હતું, પણ મંદિર સંકુલના વિકાસ માટે ઘર અને જમીનો સંપાદન કરવાનું કામ માથું પકવે તેવું રહેતું. તેમાં ભલભલાની ધીરજનો અંત આવી જાય. પરંતુ સ્વામીશ્રી શાંતિપૂર્વક વાટાઘાટ ચલાવે. ઘણી વાર તો જે-તે વ્યક્તિને સમજાવવા તેના ઘેર પહોંચે. તે વખતે એ વ્યક્તિ પાસેથી કેવો પ્રતિભાવ મળે તે નિશ્ચિત ન રહે.

એક વાર આવા એક વડીલને દર્શાવતાં સ્વામીશ્રી બોલ્યા : ''અત્યારે ભંડાર છે ત્યાં એ રહેતા. અમે ઘર ખાલી કરવાની વાત લઈને ગયા તો હજી બારણે પ્રવેશીએ એ પહેલાં જ અમને કહે, 'નીકળો બહાર. પગ જ ના મૂકશો. મારે ખાલી કરવું જ નથી.' એમ કહેતાં અમને બહાર જ કાઢી મૂક્યા.''

આ બયાન સાંભળી સૌને મંદિર-વિકાસ માટે સ્વામીશ્રીએ ઉઠાવેલો પરિશ્રમ અને તેઓએ વેઠેલાં અપમાન તાદશ થઈ રહ્યાં.

તેની વચ્ચે તા. ૧૭/૨ની સવારે ભાદરા મુકામે પસાયા બેરાજા ગામના મંદિરનો ખાતવિધિ કરનારા સ્વામીશ્રીને આજની રાત્રે એક વ્યવસ્થાપક સંતે કહ્યું : 'મને એવું લાગે છે કે મિલકતો લેવી સહેલી છે, પણ સાચવવી અઘરી છે. મને એની ચિંતા વધારે રહે છે.'

'તમે માથે પોટલું લઈને શું કામ ફરો છો? જેણે આ બધું કર્યું છે એ સાચવશે નહીં? જેણે કર્યું છે એને એની ચિંતા છે જ!'

'આ તો હું મારી બુદ્ધિ પ્રમાણે વાત કરું છું.'

'આપણી બુદ્ધિ તો મર્યાદિત જ છે. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના સંકલ્પે બધું થાય છે. આપણે આપણને કર્તા શું કામ માનવા? બોજો ઉપાડનાર એ છે. આપણે માથે લઈને ફરીએ તો ચિંતા થાય.'

ગુરુના કર્તાપણાનું આટલું જ્ઞાન દૃઢાવી સ્વામીશ્રીએ પુરુષાર્થની પ્રેરણા પણ આપી કે 'આપણે મોટાં મોટાં હરિમંદિરો કર્યાં છે તો હવે ગામડે ફરતા સંતોએ ત્યાં પડાવ નાંખવો. અત્યારે 'કેમ જઈશું? શું કરશું?' એ પ્રશ્ન તો રહ્યો જ નથી, તો બે-ત્રણ દા'ડા બધે રહેવું જોઈએ.'

સત્સંગ-વિકાસની આ એક જડીબુટ્ટી બતાવનારા સ્વામીશ્રી તા. ૧૮/૨ના રોજ ભાદરા ખાતે ખાખરડા ગામના મંદિરનું ખાતમુહૂર્ત કરી તા. ૧૯/૨ની સવારે જામવંથળી પહોંચ્યા. અત્રે તેઓએ નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કર્યા.

આ પ્રસંગે જ્યાં સભા યોજાયેલી તે જમીનને પણ તેના માલિકોએ

મંદિરના વિકાસ માટે સમર્પિત કરી દીધી. તે દાતાઓ પૈકીના એક શ્રી શામજીભાઈ મકવાણાએ સ્વામીશ્રીને પૂછ્યું કે 'મારી પાસેથી જૂના મંદિરવાળાએ પણ જમીન માંગી છે, તો આમાંથી થોડી આપું ?'

'આપો ને ! ત્યાં બધા ભગવાન જ ભજવાના છે ને !' સહર્ષ સંમતિ આપતાં સ્વામીશ્રી બોલ્યા.

'જેને અદેખાઈ દિસે ન લેશ, એવા જનો તો જીવજો વિશેષ...' પંક્તિ તેઓને યથાર્થ લાગુ પડતી.

કરે કારજ કળિમળ ધોય

જામવંથળીથી ભાદરા પધારેલા સ્વામીશ્રી તા. ૨૦/૨ના રોજ અહીંથી વિદાય લઈ જાયવા પહોંચ્યા. અત્રે નિર્માણ પામેલા બાઈઓના મંદિરમાં પ્રતિષ્ઠા કરી ડાંગરાને લાભ આપતાં તેઓએ રાત્રે રાજકોટને પાવન કર્યું.

અહીં નિર્માણાધીન મંદિરની કાર્યવાહીમાં પ્રોત્સાહનનો પવન ફૂંકી સ્વામીશ્રી તા. ૨૩/૨ના રોજ વિદાય થઈ રહેલા. તે જ દિવસે અમેરિકાથી એક હરિભક્તનો ફોન આવ્યો. તેઓના પિતા ૭૬મા વર્ષે પુનર્લગ્નની રઢ લઈને બેઠેલા ! આ સાંભળતાં જ સ્વામીશ્રી બોલ્યા : 'એય ખરા છે ને ! આ ઉંમરે હવે ધામમાં જવાના વિચાર હોય કે આવા ? સત્સંગનો અરથ શું ? જુવાનિયાઓને પઈણ ઊપડે એ તો સમજાય, પણ એને બદલે આ તો ડોસાને ઊપડ્યું !'

જીવની પામરતા જોઈ દયાવાન બનેલા સ્વામીશ્રીએ આટલું કહી ફોન જોડનારા હરિભક્તને જણાવ્યું : 'એમને અહીં મારી પાસે મોકલી દો. એમનું પઈણેય ઊતરી જશે ને વૈરાગ થઈ જશે.'

સ્વામીશ્રીના આ શબ્દોમાંથી હૃદયગ્રંથિ ગાળવાનું તેઓનું અમોઘ ઐશ્વર્ય છલકાઈ ઊઠ્યું. તે પછી અગાઉ બનેલા આવા જ બે કિસ્સાનું વર્ણન કરી સ્વામીશ્રી બોલ્યા : 'એ બધાનાંય પઈણ ઊતરી ગયાં ને વૈરાગ થઈ ગયો.'

ગુણાતીતાનંદ સ્વામીએ છઠ્ઠા પ્રકરણની ૨૨૭મી વાતમાં એક હરિભક્તનું નામ લઈને કહ્યું છે કે 'એ બહુ સારો હતો પણ બેક (થોડો) કુસંગનો પાશ લાગી ગયો, તે મેં આંહીં લાવી બ્રહ્મરૂપ કરીને ધામમાં મોકલી દીધો.'

*'કરે કારજ કળિમળ ધોય...'*ની આ ગુણાતીત રીત સ્વામીશ્રીમાં પણ

ઝળકતી હતી. તેના અનુભવીઓ હજારોની સંખ્યામાં મળી આવે.

કલ્પનાતીત કાર્ય

રાજકોટથી ગોંડલ પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં અત્રે તા. ૨૫/૨નો દિવસ રાત્રે નવ વાગ્યા સુધી સરકી ચૂકેલો. હવે રાત્રિવિશ્રામના નિશ્ચિત સમય પૂર્વે બાકી બચેલા દોઢ કલાકમાં સ્વામીશ્રીને ચાર મહત્ત્વપૂર્ણ મીટિંગો ઉપરાંત ગોંડલ પંથકની ઑઇલ મિલના માલિકો સહિત ૩૦૦ આગંતુકોને મુલાકાત આપવાની હતી.

આવા વ્યસ્ત કાર્યક્રમમાં જ સ્વામીશ્રીને મળવા આવી ચડેલા એક સ્થાનિક યુવાનને શહેરના એક સંગઠન સાથે વાંધો પડેલો. તેથી ઊભો થયેલો ક્લેશ ગોંડલને ઘણાં પીલી રહેલો, પરંતુ બે હાથી પરસ્પર ઝઘડે તેમાં ઘાસ ચગદાઈ મરે એવી આ પરિસ્થિતિમાં, સ્વામીશ્રીએ બંને જૂથો વચ્ચે મનમેળ બેસાડતાં સૌએ રાહતનો દમ લીધેલો.

સ્વામીશ્રીએ ફૂંકેલો આ પરિવર્તનનો પવન જોઈને સાંસદ શ્રી મહાવીરસિંહ તો બોલી ઊઠેલા: 'હું ગોંડલના ભાઈઓને મળ્યો છું. કલ્પના નથી થતી કે આ કેવી રીતે બની શકે! પાંચ મિનિટનો સત્સંગ થાય ને માણસ બધાનો ત્યાગ કરી દે ?! સ્વામીજીમાં આ દૃષ્ટિ ને તાકાત છે.'

સ્વામીશ્રીની આ શક્તિના અનુભવી પેલા આગંતુક યુવાનના ગળામાં આજે કંઠી પહેરાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'સમાધાન કર્યું છે તો કહેનારા બંને પક્ષે મળશે, પણ મોટું દિલ રાખજો. મનમાં જો દંશ રહે તો પાછું ચાલ્યા કરે. રજપૂતનો દીકરો જે ટેક લે તે જવી ન જોઈએ. તમને થાય કે 'સમાધાન કરવામાં નમતું જોખવું પડ્યું', પણ એ કાયરતા નથી. નમી પડવું એ બહાદુરી છે.'

જીવનનો આનંદ અકબંધ રાખવા સ્વામીશ્રીની આ શીખ ગાંઠે બાંધી રાખવા જેવી ખરી.

બુદ્ધિના કટકા કરીને આજ્ઞામાં જોડાવું

તા. ૨૬/૨ની સવારે ગોંડલથી વિદાય લેતાં પૂર્વે ઠાકોરજીનાં દર્શન કરવા પધારેલા સ્વામીશ્રીને મળવાની ઇચ્છા નૈરોબીના એક હરિભક્તે વ્યક્ત કરી. તે સાંભળી સ્વામીશ્રી પ્રદક્ષિણાની બેઠક પર જ બેસી ગયા અને તે ભક્તને માર્ગદર્શન આપી સંતોષ પમાડ્યો.

સરળતાની આ સડકે જ સતત સરકતા તેઓએ અહીંથી અમરેલી પહોંચવા દેરડી થઈને જતો ટૂંકો રસ્તો મોજૂદ હોવા છતાં કુંકાવાવના હરિભક્તોને લાભ આપવા લાંબો માર્ગ પસંદ કર્યો. પોતાના ગણિતમાં સ્વામીશ્રી સમય કરતાં સત્સંગીને હંમેશાં આગળ રાખતા.

તે રીતે અમરેલી પધારેલા તેઓએ અત્રે આજની સાંજે શ્રીરંગ સોસાયટીના નાકે બંધાયેલા સભામંડપમાં ધર્મલાભ આપ્યો.

તેને અનુસરતાં તા. ૨૭/૨ની સવારે શહેરની એક ગૌશાળામાં બંધાનારા 'પ્રમુખસ્વામી મહારાજ અમૃતધામ ગૌસદન'નો ખાતવિધિ સ્વામીશ્રીના વરદહસ્તે થયો. આ ગૌધામને સ્વામીશ્રીએ સંસ્થા વતી માતબર રકમનું અનુદાન અપાવી ઉપકૃત કરેલું.

આમ, ગૌરક્ષાની પ્રવૃત્તિમાં પ્રાણ પૂરી તેઓ ગુણાતીતાનંદ સ્વામી દ્વારા નિર્મિત જૂના મંદિરે પધાર્યા. અત્રે દર્શનલાભ લઈ ધારી પહોંચેલા સ્વામીશ્રીનાં પગલાં તા. ૨૮/૨ની સવારે ચલાળામાં પડ્યાં.

અહીં પૂજ્ય વલ્કુ બાપુના આદર-પ્રેમ સ્વીકારી આગળ વધેલા તેઓ સાવરકુંડલા પહોંચ્યા ત્યારે અત્રે તેઓના ઉતારે કાપડની આડશો બાંધી કામચલાઉ શૌચાલય ઊભું કરવામાં આવેલું. નિવાસનો ઓરડોયે એટલો સાંકડો હતો કે નિત્ય વ્યાયામ માટે પણ સ્વામીશ્રીને માંડ-માંડ જગ્યા મળી.

આવી અગવડોમાંયે રાજી રહી સૌને રાજી કરવા વિચરતા તેઓ તા. ૧/૩ની સવારે આંબરડી પહોંચ્યા ત્યારે મુક્તરાજ જાગા સ્વામીની આ જન્મભૂમિમાં તેઓના વરદહસ્તે અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત થયા. નવીનીકરણની સતત ચાલતી રહેલી પ્રક્રિયાને કારણે આ સ્થળે ત્રીજી વાર પ્રતિષ્ઠા કરી સ્વામીશ્રી રાજુલા તથા મોરંગીને પાવન કરતાં તા. ૨/૩ના રોજ મહુવા પધાર્યા.

અહીંથી તા. ૩/૩ની સવારે ભાદરા(મહુવા) પહોંચેલા તેઓના વરદહસ્તે ગામના નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજ્યા. તે પછીના ક્રમમાં તા. ૪/૩ના રોજ તળાજાને તરબોળ કરતાં સ્વામીશ્રી તા. ૫/૩ની સવારે ઓદરકા આવ્યા.

અત્રે તેઓએ રામસંગ બાપુના ઘર-આંગણે ઊભેલા બદામના વૃક્ષ તળે ઠાકોરજી જમાડી સારંગપુરના સંતોને હિતવચનો સંભળાવ્યાં કે 'તર્ક તરકડો છે. એનો અંત નથી. બુદ્ધિના બે કટકા કરીને સત્પુરુષની આજ્ઞામાં જોડાવું

અને બીજી લપ્પન-છપ્પનમાં પડવું નહીં.'

બ્રહ્મસૂત્ર જેવો આ સારગર્ભ સંદેશ આપી આજની સાંજે ભાવનગર પધારેલા સ્વામીશ્રીએ અહીં રાત્રિભોજન બાદ સંતો સાથે જ ચેષ્ટાગાન કર્યું. તે પછી આ આહ્નિકનો મહિમા ગાતાં તેઓ બોલ્યા :

'પ્રેમાનંદ સ્વામીએ કેટલાં સુંદર લીલાનાં પદો લખ્યાં છે. આ એક-એક પદની મહત્તા સમજાય તો અંતરમાં શાંતિ થઈ જાય. દોષ, સ્વભાવમાત્ર ટળી જાય ને મૂર્તિ અંતરમાં ઊતરી જાય. આ રોજ બોલીને સૂઈ જઈએ પછી બીજું સાંભરે જ નહીં. ખાવામાં, ના'વામાં કલાક ન કરવો. ક્રિયા ઝટપટ પતાવી દેવી. નવરા ન બેસવું. જીવનચરિત્ર, કથા, સેવા, દર્શન ચાલુ જ રાખવાં, તો મન આઘું-પાછું થાય નહીં. ભગવાન યાદ રહે એ કરવું. પ્રેમાનંદ સ્વામીએ મહારાજની મૂર્તિનું કેવું નિરીક્ષણ કર્યું ! એવું કરીએ તો શાંતિ થાય.'

શાંતિનું આ સરનામું ચીંધી સ્વામીશ્રી શયનાધીન થયા.

શ્રીજીનો સિદ્ધાંત શિર સાટે

તા. ૬/૩ની સવારે આવેલા વયોવૃદ્ધ ગાંધીવાદી નગરશેઠ શ્રી ગુલાબચંદે સ્વામીશ્રી સમક્ષ અહોભાવ વ્યક્ત કર્યો કે 'આપ વિશ્વમાં જે કાર્ય કરી રહ્યા છો, આ ઉંમરે આટલું ફરી રહ્યા છો એ અશક્ય જેવું લાગે છે. પરમ ચેતના જ હોય એવું લાગે છે.'

સ્વામીશ્રીની આ પરમ ચેતનાની ચિનગારી આજની સાંજે સ્થાનિક અખબાર સૌરાષ્ટ્ર સમાચારના તંત્રી શ્રી પ્રતાપભાઈ શાહને અડી ગઈ. તેથી સચેત થયેલા તેઓ ગણેશ ક્રીડાંગણમાં ભરાયેલી સભાને સંબોધતાં બોલ્યા: 'સમાજના ઉત્થાન માટે આ જમાનામાં સ્વામીજી જેવો પુરુષાર્થ કોઈ કરતા હોય એ ધ્યાનમાં નથી. સતયુગ, ત્રેતાયુગ અને દ્વાપરયુગમાં જે ઋષિમુનિઓ હતા અને સમાજ-સુધારણા માટે એમણે જે પ્રયાસ કર્યો હતો એ બધા કરતાંયે વધારે પુરુષાર્થ આ કળિયુગમાં સ્વામીજીએ કર્યો છે. એમણે સમાજની બધી જ પ્રવૃત્તિમાં રસ લીધો છે એનો હું ભારોભાર સાક્ષી છું.'

આમ, પુરુષાર્થની પ્રચંડ પ્રતિમા સમા સ્વામીશ્રી તા. ૯/૩ની સાંજે પ્રસાદ જમી રહેલા ત્યારે એક જાણીતા ગાંધીવાદી લેખકના મંતવ્યની વાત કરતાં કો'કે કહ્યું: 'એમનું કહેવું એમ છે કે અત્યારે તમે સ્ત્રી-સાધુ મર્યાદાની વાતો કરો છો, પણ જ્યારે તમે છૂટ મૂકશો ત્યારે તમારા જ મોઢે હજાર

ફાયદા ગણાવશો.'

આ સાંભળી એ લેખક જાણે સામે જ બેઠા હોય તેમ સ્વામીશ્રી બોલ્યા : 'અમે તો છૂટ નથી જ આપવાના. અમારે તો શ્રીજીમહારાજનો સિદ્ધાંત શિર સાટે છે. એમની જે મર્યાદા છે એ બરાબર જ છે.'

આટલું કહી સ્વામીશ્રીએ ઉમેર્યું : 'એ (લેખક) સિદ્ધાંતની વાતો કરતા હોય તો ગાંધીજીના સિદ્ધાંતને હજી સુધી પકડીને શું કરવા બેસી રહ્યા છે ? જેમ તમારો સિદ્ધાંત સાચો એમ અમારો સાચો છે.'

આ શબ્દો દ્વારા સ્વામીશ્રીની પર્વતપ્રાય સિદ્ધાંતનિષ્ઠા રણકી ઊઠી.

આ વડલો રાખી મૂકજો

તા. ૧૦/૩ની સવારે કાળિયાબીડના સંસ્કારધામનું ઉદ્‌ઘાટન કરી સ્વામીશ્રી હાલ જ્યાં ભાવનગરમાં શિખરબદ્ધ મંદિર છે તે ભૂમિ પર પહોંચ્યા. અત્રે તેઓ છેલ્લે પધાર્યા ત્યારે જે વટવૃક્ષ નીચે બિરાજેલા તેનો નિર્દેશ કરી તેઓએ સંતોને કહ્યું : 'આ વડલો રાખી મૂકજો.'

આમ, એક ઝાડનું જીવન લંબાવનારા સ્વામીશ્રીને આ અરસામાં વળગેલો હાથનો દુખાવો નિયમિત થતી સારવારને કારણે ધીરે-ધીરે નાબૂદ થવાની અણીએ પહોંચેલો, પરંતુ તેથી સૌ રાહત અનુભવે તે પહેલાં સ્વામીશ્રીની જમણી આંખના ડાબા ખૂણે લાલાશ પકડતાં સૌના જીવ તાળવે ચોંટી ગયા.

આ તકલીફનું નિવારણ કરવા શહેરના પ્રતિષ્ઠિત નેત્રચિકિત્સક ડૉ. જગદીપ કાકડિયાએ બાહ્ય હેમરેજના નિદાન સાથે દવા લખી દીધી અને આંખને વધુ આરામ આપવાની તાકીદ કરી, પરંતુ સ્વામીશ્રી તો બળતી-દુખતી આંખે તા. ૧૧/૩ના રોજ વરતેજના મનહરકુંવરબા રાજપૂત વિદ્યા-સંકુલની ભૂમિ પર સભાલાભ આપી ગઢડા જઈ પહોંચ્યા.

અત્રે તા. ૧૨/૩ના રોજ ખાખરિયાના હરિભક્તો ગામના નિર્માણાધીન મંદિરનો ખરડો કરવા આવ્યા ત્યારે સ્વામીશ્રીએ સૌને મહિમાની વાતો સંભળાવી સેવા માટે સજ્જ કર્યા. તે પછી વારાફરતી ફાળો નોંધાવવા આવવા માંડેલા ભક્તોની યાદી બનાવવા ચતુર્ભુજદાસ સ્વામી એક નાની ચબરખી લઈ આવ્યા. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'ખરડો લખવો છે ને નાનું લઈને શું બેઠા ? સંકુચિત પહેલેથી જ થઈએ તો પછી સારું ક્યાંથી થાય ?'

આ ટકોર સાંભળી પેલા સંત મોટો કાગળ લાવી લખવા તત્પર થયા,

પરંતુ ત્યારે પણ સ્વામીશ્રીએ કહ્યું: 'પહેલાં કાગળ ઉપર 'સ્વામી-શ્રીજી' લખો અને પછી ખરડાનું ટાઇટલ (મથાળું) બાંધો.'

તેઓ નાની-શી બાબતોમાંયે ચીવટયુક્ત અને ભક્તિસભર જણાતા.

૧,૧૧૭ પત્રો જોવાનો ઉમંગ

તા. ૧૩/૩ની રાત્રે સ્વામીશ્રી ઠાકોરજી જમાડીને પરવાર્યા ત્યારે પત્ર-પરિચારક એક મોટું પાર્સલ લઈને આવ્યા. તેમાં રહેલા ૧,૧૧૭ પત્રો ઉચ્ચ ગુણાંક પ્રાપ્ત કરવા માટે પરીક્ષાપર્યંત ટી.વી.ના ત્યાગની પ્રતિજ્ઞા લેનારા મુંબઈના બાળકોએ મોકલેલા. તે બતાવી સેવકે સ્વામીશ્રીને કહ્યું: 'આને દૃષ્ટિ વડે પ્રસાદીભૂત કરી દો.'

'એવું હોય?'

'પણ તે મોકલનારા આનંદજીવન સ્વામીએ એમ કરવાનું જ લખ્યું છે.'

'એમણે તો આપણને તસ્દી ન પડે એટલે લખ્યું હોય! પણ બાળકોએ આટલો દાખડો કર્યો ને ટી.વી. છોડ્યું, ભક્તિથી કર્યું છે તો આપણેય થોડો દાખડો કરવામાં શું વાંધો છે? દરેકના પત્રો જોઈ લઈશું.'

ભક્તો-ભાવિકો તરફથી આવતા પ્રત્યેક પત્રને સ્વામીશ્રી આટલા ઉમળકાથી આવકારતા! વજૂદ વિનાની વિગતો, ગરબડિયા અક્ષરો, બિનજરૂરી લંબાણ વગેરે કશું જ તેમાં નડતરરૂપ ન બનતું.

આવી અસીમ શ્રદ્ધા સાથે તેઓ તા. ૧૪/૩ની સવારે અક્ષર ઓરડીએ પધાર્યા ત્યારે અહીં મુંબઈવાસી હરિભક્ત શ્રી રમેશભાઈ બખાઈના સસરા તરફથી પારાયણ ચાલી રહેલું. સ્વામીશ્રી પધાર્યા એટલે ઓરડીમાં બેઠેલી બાઈઓ ખૂણામાં ચાલી ગઈ. તેમાંથી કો'ક ભાવિક મહિલાએ કહેવડાવ્યું કે 'સ્વામીને અંદર આવીને દર્શન કરવાં હોય તો અમે બહાર નીકળી જઈએ.' આમ જણાવી સ્વામીશ્રી પ્રદક્ષિણા ફરવા ગયા ત્યારે બાઈઓ બહાર આવી ગઈ.

તેથી પ્રદક્ષિણા કર્યા બાદ સ્વામીશ્રી અક્ષર ઓરડીમાં પહોંચ્યા. ત્યાં તેઓએ અક્ષરધામની સભા વગેરે પ્રતિમાઓને ધારી-ધારીને નીરખી. લખાણ પણ વાંચ્યું. છેલ્લે એક નાના ટેબલ પર ચઢીને દર્શનનો લાભ લીધો. આમ, આજે સારી રીતે દર્શનનો મેળ પડતાં સ્વામીશ્રીના મુખેથી શબ્દો સરી પડ્યા: 'એ બાઈનું કામ થઈ ગયું!'

અમૃતનો ઘૂંટડો અજાણતાં પીનારા પણ અમર થઈ જાય તેમ જાણે-

અજાણે ગુણાતીત સંતની સેવા કરનારાના કામ નીકળી જાય છે.

हम भी अतिनिर्मल हैं

તા. ૧૫/૩ના રોજ ગઢડામાં ચાલી રહેલી મુલાકાતો દરમ્યાન એક ભાવિકે અરજ ગુજારી કે 'બાપા ! આવતે જન્મે સાધુ થવું છે.'

આ સાંભળતાં જ સ્વામીશ્રી બોલ્યા: 'આપણને મહારાજ-સ્વામીનો આશરો છે ને દૃઢતા છે એટલે આવતા જનમની વાત જ કરવી નહીં. જે મળ્યા છે એ છેલ્લે ચોખ્ખા કરીને લઈ જશે.'

આ બળકટ બાંયધરી આપી વિદાય થયેલા સ્વામીશ્રી તા. ૧૫/૩ની રાત્રે સારંગપુરમાં વાળુ કરવા બિરાજ્યા ત્યારે સામે બેઠેલા ઘનશ્યામચરણદાસ સ્વામી બોલ્યા: 'સુરતનું મંદિર પૂરું થવા આવ્યું છે, પણ હવે તિજોરીનું તળિયું દેખાય છે, તો કંઈક ભરાય એવું કરો.'

'માળા કરો. આપણે બીજું શું કરવાનું હોય ?'

'તળિયું દેખાયું એમાં માળા ફેરવ્યે શું થાય ?'

'આપણે તો જે થયું એ માળા ફેરવ્યે જ થયું છે. કથા-વાર્તા, ભજન થાય એટલે ભગવાન દયા કરે.' સ્વામીશ્રી બોલ્યા.

આમ, સદાય ભજનના ભરોસે જ રહેતા તેઓ આજની રાત્રે ઠાકોરજી જમાડી રહ્યા ત્યારે દુબઈથી એક સત્સંગી કિશોરનો ફોન આવ્યો. તેનો પરિચય સ્વામીશ્રીએ પૂછ્યો ત્યારે તે કિશોરે કહ્યું: 'હું અતિનિર્મલ.'

'तुम अतिनिर्मल हो तो हम बोलते हैं वो भी अतिनिर्मल हैं।' સ્વામીશ્રીના મુખેથી સહજભાવે સ્વ-પરિચય સરી પડ્યો.

આવા *'અતિ નિર્મળ, નહીં મન મેલા...'* સમા તેઓના વરદહસ્તે તા. ૧૬/૩ના રોજ ઊજવાયેલી પ્રાગજી ભક્તની જયંતીએ ૧૩ નવયુવાનો દીક્ષિત થયા. તેને અનુસરતાં તા. ૧૭/૩ના દિવસે જામેલી રંગોત્સવની રંગતમાં ૨૨,૦૦૦થી વધુ ભક્તો ભીંજાયા.

આ અરસામાં દિલ્હી ખાતે યોજાયેલા રાષ્ટ્રીય પશુ તથા કૃષિ પ્રદર્શનમાં સંસ્થા-સંચાલિત ગૌશાળાનાં આઠ પશુઓએ સમગ્ર ભારતના શ્રેષ્ઠ પશુધન તરીકે આઠ ઇનામો મેળવી ગુજરાતનું ગૌરવ વધારેલું. આ પારિતોષિકોને આજની સભામાં સ્વામીશ્રીએ પ્રસાદીભૂત કર્યાં ત્યારે તેઓના આ યશસ્વી કાર્યને સૌએ તાળીઓના ગડગડાટથી બિરદાવ્યું.

એ જ રીતે તા. ૧૮/૩ની સવારે સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા થયેલા ‘અમૃત મહોત્સવ’ના ઇષ્ટિકા પૂજનને પણ ભક્તોએ હર્ષોલ્લાસથી વધાવ્યું.

આ વાક્ય અવરહવર થઈ ગયું છે

જેમ *‘મયૂર જાગે સુણી મેઘનાદ...’* તેમ સ્વામીશ્રીને સાંભળી-નિહાળી સારંગપુરના સંત-સારંગો પણ ટહુકવા માંડે. તેઓના એ ટહુકાર પ્રતિવર્ષ ‘સારંગસ્તુતિ’ ગ્રંથરૂપે પ્રકાશિત થાય. તે મુજબ તૈયાર થયેલા આ પુસ્તકનું પઠન તા. ૨૩/૩ની સવારે સ્વામીશ્રી સમક્ષ શરૂ થયું.

તેમાં એક લેખકના મહિમાવાચક શબ્દો આવ્યા કે ‘સ્વામી ! શ્રીહરિમાં આપ પ્રતિષ્ઠિત છો.’

આ સાંભળતાં જ સ્વામીશ્રી બોલ્યા : ‘આ વાક્ય અવરહવર થઈ ગયું છે. સુધારો. આમાં આપણે મહારાજથી મોટા થઈ ગયા એવું થાય. શ્રીહરિ આપણામાં પ્રતિષ્ઠિત છે એવું હોવું જોઈએ.’

આ રીતે સિદ્ધાંતની ‘અવરહવર’ને તરત જ સુધારતા સ્વામીશ્રી તા. ૨૪/૩ની સવારે સ્મૃતિમંદિરે પધાર્યા ત્યારે ઈશ્વરચરણદાસ સ્વામીએ લંડનના મંદિરની પ્રતિષ્ઠા ધામધૂમથી થાય અને ડંકો વાગે તે માટે આશીર્વાદ માંગ્યા. તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા : ‘રોજ આ સંકલ્પ કરું છું, છતાં આજે રૂબરૂ કરીએ.’ આમ કહેતાં તેઓએ શાસ્ત્રીજી મહારાજ સમક્ષ ધૂન જગાવી.

સમર્થ હોવા છતાં સદા સેવકભાવે વર્તતા તેઓની આવી દાસત્વભક્તિ તા. ૨૫/૩ની રાત્રે પણ પ્રકાશી રહી. આ સમયે સ્વામીશ્રી પોઢતાં પૂર્વે મુલાકાત ખંડના બારણે દર્શન દેવા પધાર્યા ત્યારે અહીં ગોંડલના એક કાર્યકર બેઠેલા. તેઓએ સ્વામીશ્રીને જોતાં જ જોરથી કહ્યું: ‘અક્ષર દેરીથી ‘જય સ્વામિનારાયણ’ કહ્યા છે.’

‘કોણે ?’

‘જબરેશ્વર મહારાજે.’

‘શું કહ્યું છે ?’

‘આપનામાં ને એમનામાં ફેર નથી.’

‘તમારે આવું ન બોલવું. તમે જૂના ને અનુભવી કહેવાવ. આપણે તો સેવક ને એ ભગવાન.’

‘એ વાત સાચી, પણ એ આપનામાં રહીને બધું કરે છે.’

'એ બરાબર છે, પણ ભગવાન એટલે ભગવાન. તમારે પ્રિન્સિપાલ થઈને જેમ-તેમ રફ ન બોલવું. જાણી કરીને બોલવું.'

'રફ' સમજણને 'પૉલિશ' કરતાં સ્વામીશ્રીએ કહ્યું. તેઓ મહિમાના અતિરેકને હંમેશાં છોલી નાંખતા.

સો ગળણે ગાળીને આ વાત કરીએ છીએ

તા. ૨૬/૩ની સવારે સુરકા ગામના મંદિરનું ઈષ્ટિકા-પૂજન કરી સ્મૃતિમંદિરે પધારેલા સ્વામીશ્રી અહીંથી ઉતારે જવા પગથિયાં ઊતર્યા ત્યારે તેઓને લઈ જવા ડૉ. હરેન્દ્રભાઈની નવી ગાડી ઊભેલી. તેમાં સ્વામીશ્રી બિરાજ્યા એટલે ચાલક તરીકે રહેલા માલિકે ગિયર પાડી એક્સલરેટર પર પગ દબાવતાં કહ્યું: 'બાપા! આજે હું પહેલી જ વાર ગાડી ચલાવું છું.'

આ સાંભળી ગાડીમાં બેઠેલી વ્યક્તિ કાં તો અકળાય કાં તો ગભરાય; પરંતુ સ્વામીશ્રી બોલ્યા: 'વાંધો નહીં. ધીરે ધીરે ચલાવો.'

ભક્તનો ભાવ પૂરો કરવા આજે તેઓએ જાતને જોખમમાં મૂકી. ઠેઠ ઉતારે પહોંચતાં સુધી તેઓ જરૂર પડે ત્યાં શિખાઉ ચાલકને સૂચનાઓ આપતા રહ્યા અને ગાડીને ગંતવ્ય સુધી પહોંચાડી દીધી.

આમ, આજે એક નવા નિશાળિયાને યોગ્ય દિશાદર્શન આપનારા સ્વામીશ્રીએ તા. ૨૭/૩ની સવારે સંત આશ્રમના વ્યાખ્યાન ખંડમાં પધારી સંતોને પણ માર્ગદર્શન પૂરું પાડ્યું.

તેની પાર્શ્વભૂમિકામાં વિગત એવી બનેલી કે આ અરસામાં બે વ્યક્તિઓ સંપ્રદાયના સિદ્ધાંત વિરુદ્ધના જ્ઞાનનો યુક્તિપૂર્વક પ્રચાર કરતી હતી. તેઓ કહેતા કે 'પરબ્રહ્મ નિરાકાર છે, સેવાપ્રવૃત્તિ માયા છે અને નિવૃત્તિમાર્ગ શ્રેષ્ઠ છે.' વળી, તેઓ ગુણાતીત ગુરુઓનાં જીવનચરિત્રો વાંચવાનો નિષેધ પણ કરતા. મોક્ષ માટે સત્પુરુષની આવશ્યકતાનેય નકારતા. શ્રવણ, કીર્તન, સ્મરણ વગેરે નવધા ભક્તિનું ખંડન પણ ખરું. તેઓ વચનામૃતને શ્રીજીમહારાજની સાક્ષાત્ વાણી ન સમજતાં ઉપદેશ-વચનોનું સંકલનમાત્ર ગણતા. નિયમ-ધર્મના પાલનની ગૌણતા બતાવી 'હું બ્રહ્મ છું' એમ ધારીને ફરવું તેને સાધના સમજતા...

ગેરમાર્ગે દોરનારી આવી તો કંઈક વાતો તેઓ કરતા. જો કે 'ખાડો ખોદે તે પડે'ના ન્યાયે એ ઉપદ્રવી તત્ત્વોનું પોતાની કુબુદ્ધિના કારણે જ પતન

થતાં તેઓ સત્સંગ છોડીને નીકળી ગયેલા.

પરંતુ તેઓએ વાવેલાં અને વેરેલાં અવિદ્યા તેમ જ અશુદ્ધિનાં બીજ સંતો તથા સાધકોની મનોભૂમિમાં ન પાંગરે તે હેતુસર વિદ્રોહના વનને વાઢતું વક્તવ્ય આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

"દરેક સંપ્રદાયમાં એના જે ઇષ્ટદેવ, એના જે ગુરુ જે વાક્ય બોલ્યા છે એ બરોબર જ છે એવો વિશ્વાસ હોવો જોઈએ. આ સંપ્રદાયના, શ્રીજીમહારાજના શબ્દોના અવળા અર્થો કરીએ અને સમજાવીએ એ મહાપાપ. તેમાં પોતે તો પડે ખાડામાં, પણ બીજાને પાડવાની વાત. શ્રીજીમહારાજ કરતાં આપણે ડાહ્યા છીએ? શાસ્ત્રીજી મહારાજ કરતાં ડાહ્યા છીએ? શાસ્ત્રીજી મહારાજ કોણ પુરુષ થઈ ગયા એ સમજો તો ખરા! તેઓએ જૂની સંસ્થાના પ્રચંડ વિરોધની સામે સત્ય સિદ્ધાંત સ્થાપ્યો. જૂની સંસ્થા પાસે પૈસા હતા, સત્તા હતી; જ્યારે શાસ્ત્રીજી મહારાજ પાસે કંઈ નહોતું. છતાં સિદ્ધાંત સાચો હતો તો દરિયાપાર સુધી વાતો ગઈ. હવે એ આખો સિદ્ધાંત ખોટો થઈ ગયો? મંદિરો ખોટાં થઈ ગયાં? મૂર્તિઓ ખોટી થઈ ગઈ? નિરંજન, નિરાકાર પરબ્રહ્મ એ કંઈ આપણો સિદ્ધાંત છે? આપણે માટે તો બધું શ્રીજીમહારાજ છે.

શ્રીજીમહારાજના શબ્દોમાંથી એક શબ્દ શા માટે પકડો છો? બધા જ શબ્દોનો સમન્વય કરો ને! પણ ના, 'અમે વચ્ચેથી ઉપાડ્યું છે તે સાચું છે.' તો આપણે સંપ્રદાયમાં સમજ્યા શું? આપણા ગુરુઓને ખોટા કરી નાંખ્યા ને! એ કંઈ બ્રહ્મજ્ઞાન છે? ઉત્કૃષ્ટ જ્ઞાન એટલે ભગવાન અને સંત પ્રધાન છે એ આપણું ઉત્કૃષ્ટ જ્ઞાન. એને સમજી રાખો એ બુદ્ધિવાળા. મહારાજે સીધે સીધી લાઇન બતાવી છે, એ મુજબ કરશો તો ધીરે ધીરે પગથિયાં ચઢશો. જો કૂદકા મારશો તો હેઠા પડશો ને માથું, હાથ, પગ ભાંગશે.

મોટાપુરુષ જે બતાવે એ કરવું. એ જે કહે એ બ્રહ્મવાક્ય. વાસીદું વાળવાનું કહે તો વાસીદું વાળો. એમાં જ બધું જ્ઞાન આવી જશે અને એમાં જ બ્રહ્મરૂપ થવાનું છે. આ તો (સેવામાં) હાથ-પગ હલાવવા નહીં અને ખાતી ઘડીએ પાછું બ્રહ્મરૂપ મટી જવાય. પત્તર લઈને ત્યાં બેસી જવાય! આ વિપરીત જ્ઞાન કહેવાય. એનાથી દૂર રહેવાનું. આપણા ગુરુઓ (ઉચ્ચ આધ્યાત્મિક) સ્થિતિવાળા હતા છતાં તેઓએ પ્રવૃત્તિ કરી છે અને કરાવી છે. આ પ્રવૃત્તિ માયા નથી, નિવૃત્તિ જ છે. મોટાપુરુષ જે જે આજ્ઞા કરે એ કરીએ તે પુરુષાર્થ.

જીવનચરિત્ર જેવી વસ્તુ જ્યારે વાંચવાની મના થાય ત્યારે એ

ગુરુઓના આશીર્વાદને લઈને આગળ આવ્યા છીએ અને એમના પ્રતાપે અહીં બેઠા છીએ એ તો સમજો! કોઈ અન્નદાતાએ થોડું આપ્યું હોય તોય રાત-દિવસ એના ગુણ ગાઈએ છીએ કે 'તેં મારું ભલું કર્યું.' ત્યારે જેને લઈને બેઠા છીએ, જેણે આવું સુખ આપ્યું છે, આવો આનંદ-પ્રમોદ કરીએ છીએ એ ગુરુઓનાં જીવનચરિત્રોનો મહિમા નહીં ગાવ ત્યારે કૂતરાનો ગાશો? બિલાડાનો ગાશો? આપણે તો ડગલે ને પગલે સત્પુરુષ છે. જેણે આપણા ઉપર ઉપકાર કર્યા એને આપણે જિંદગીભર ભુલાય શી રીતે?

ભગવાન સ્વામિનારાયણના આશરે આવ્યા છો તો એનાં ચરિત્રો ગાવ. આ તો *'ગીતો ગાવાં વીરાનાં અને માલ ખાવ માટીનો.'* પતિનું બધું ભોગવવું છે, આનંદ કરવો છે અને વીરાનાં ગીતો ગાવાં છે, એ કેવું? આ જ્ઞાનમાં તો શ્રીજીમહારાજનો દ્રોહ થઈ ગયો, સંસ્થાનો દ્રોહ થઈ ગયો ત્યારે એમ લાગણી કેમ ન થઈ કે 'સ્વામીને કેટલું દુઃખ થયું હશે?' અમે કંઈ દુશ્મન નથી, પણ હું નહીં કહું તો તમને કોણ કહેશે? કોઈકે કહ્યું ને માની લીધું એમ નથી. સ્વામી કંઈ છોકરું છે તે કોઈની વાત માની લે? કેટલાયે અમને વાતો કરી ત્યારે આ સ્પષ્ટતા કરી છે. સો ગળણે ગાળીને આ વાત કરીએ છીએ.

બહારની વાતો સાચી મનાય તો શું આ સહજાનંદના સંતોએ લખ્યું એ ખોટું લખ્યું? એ બધા સાવ મૂર્ખ હતા? કેમ એવું મનાય આપણને? આપણા ઇષ્ટદેવ, ગુરુઓ વર્ત્યા એ શું ખોટું છે? એ લોકોએ બ્રહ્મજ્ઞાન નથી મેળવ્યું? એમનો મોક્ષ નથી થયો? મહારાજનો જેને આશરો થયો છે એ બધાનું કલ્યાણ છે જ! જે વિપરીત જ્ઞાન છે એને તોડી જ નાંખવું જોઈએ. એ જો ચલાવીએ તો અંધ પરંપરા ચાલે. સાચી વસ્તુ કહેવી એ દ્રોહ નથી, અપરાધ નથી, ખંડન નથી. શ્રીજીમહારાજનું ખંડન થતું હોય, આપણા ગુરુઓનું ખંડન થતું હોય, સિદ્ધાંતોનું ખંડન થતું હોય એ કાંઈ સાંભળી લેવાની વસ્તુ છે? સાચી વાત કહેવામાં શરમ શાની? સિદ્ધાંતમાં સમાધાન નહીં. સિદ્ધાંતની બાબતમાં જુદું ચાલતું હોય તો શૂરવીરતાથી માથું મૂકવું જોઈએ. આ વાતમાં તટસ્થ ન ચાલે. તટસ્થ એટલે મહારાજ, સ્વામીનો પક્ષ રહે તે. ગુણગ્રાહક દૃષ્ટિ આ વાતમાં ન હોય. જે ખોટી રીતે ચાલ ચાલતા હોય એને જાહેરમાં કહેવાનો કોઈ વાંધો નથી. એમાં સિદ્ધાંત માટે તો ખાસ. પંચ વર્તમાનમાં ખામી હોય તે જાહેરમાં કહેવાય નહીં, તે શાંતિથી મોટાપુરુષ આગળ કહી દેવાય.

આ વાત એવી દૃઢ કરવી કે ફરી ફેરવણી ન થાય. ગમે તેવો નિરાકારનો શબ્દ આવે કે દુનિયાના ગમે તેવા બુદ્ધિશાળીનો શબ્દ આવે તો પણ 'ભગવાન સ્વામિનારાયણ સર્વોપરી છે, એમના થકી કલ્યાણ છે અને યોગીજી મહારાજ મારા ગુરુ છે' એ સિવાય બીજું પેસવું જ ન જોઈએ. એની ગૌણતા આવતી હોય તો એની આપણે જરૂર નથી. એનો પક્ષેય ન હોય. એની સાથે હેત પણ ન હોય. લાગણી ખોટાની સાથે ન હોય. આમાં જરાય ગડમથલ રાખવાની નથી. ભેગા બેસો, ગોષ્ઠિ કરો પણ 'આના વગર મને ન ફાવે' એમ ન થવું જોઈએ. એકલવાયા જીવનમાંથી આ બધી અણસમજણની પ્રવૃત્તિ ઊભી થાય છે. સમજણમાં, જ્ઞાનમાં, કથામાં બધાની સાથે મિક્સ ન થઈએ એવું એકલવાયું જીવન બરાબર નથી. કોઈ કહે ને વસમું ન લાગે એવું જ્ઞાન શીખી લેવું. કથા-વાર્તા, કીર્તનનું અંગ ને સરળતા નહીં હોય તો વસમું લાગશે.

જે સત્સંગમાંથી ગયા છે એ પોતાના અહંથી અને પોતાના સ્વભાવથી. જે વાત પકડી એ ન મૂકી એટલે ગયા. ગુરુને મૂકી દીધા અને બીજું (અદ્વૈત, નિરાકારનું) જ્ઞાન પેસી ગયું એને લઈને આ બધા ગયા. અક્કલ ખોટી પકડાઈ ગઈ (તેથી ગયા). એ બોલાય જ નહીં કે 'એ સારા હતા, સાચા હતા ને નિર્દોષ હતા.' એ સારા હતા, એનું જ્ઞાન સાચું હતું તો આપણે પણ એને પાત્ર બનીએ છીએ. મહારાજનો સિદ્ધાંત સાચો છે, જોગી મહારાજે વાત આપી છે તે સાચી છે. એ જ માર્ગે આપણે ચાલવું છે. એ જ સુખ આપણે લેવું છે. એમનું આપણને બળ છે. બધાને એવું બળ મળે તે આશીર્વાદ છે.''

સ્વામીશ્રીના શરીરની સ્થિતિ

તા. ૩૧/૩ની સવારે યજ્ઞપુરુષ વાડીએ પધારેલા સ્વામીશ્રીએ અત્રે પ્રાત:પૂજાથી બપોર સુધી રોકાઈને સૌને દર્શન-આશીર્વાદનું અલૌકિક ભાથું બંધાવ્યું.

તે દ્વારા કંઈકની ભૂખ ભાંગી તા. ૨/૪ના રોજ વિદાય થયેલા તેઓ આજની સાંજે રૂદેલ પહોંચ્યા. અહીં શ્રી સૂર્યકાંતભાઈ પટેલ દ્વારા યોજાયેલા પારાયણમાં સ્વામીશ્રી આગામી પાંચ દિવસ સુધી રોજ સાંજે બોચાસણથી પધારતા રહ્યા.

આ કથાસત્રની વચ્ચે જ તેઓ તા. ૫/૪ની સવારે બામણવા, નંદેલી

અને ફિણાવનાં પાદરને ગાડીમાં બેઠાં-બેઠાં જ પાવન કરતાં જલસણ પધાર્યા. અહીં તેઓએ ગામની સીમમાં જ બેઠા ઘાટના સુંદર મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી ગામવાસીઓને ધન્ય કર્યા.

ત્યારબાદ પુનઃ બોચાસણ પધારેલા સ્વામીશ્રીની આંખ આ અરસામાં વળગેલી બીમારીથી લાલ રહેતી હતી. તે સંદર્ભમાં તા. ૬/૪ની સવારે કો'કે પૂછ્યું ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'કપડું જૂનું થાય એટલે થીંગડાં મારી-મારીને ચલાવવાનું. આંખ, કાન, નાક, દાંત બધાંનું એવું છે. એક મટે ત્યાં બીજાનું ચાલ્યા જ કરે છે.'

સ્વામીશ્રીના વૃદ્ધ શરીરની આ સ્થિતિ હતી. છતાં આશ્ચર્ય એ રહેતું કે થીંગડાંવાળા એ શરીરરૂપી વસ્ત્રમાં ક્યારેય પ્રમાદનો પવન પેસી શકતો નહીં!

તેથી જ તો તેઓ તા. ૭/૪ના રોજ બોરસદમાં શ્રી નારાયણભાઈ પટેલના ઘેર જઈ પહોંચ્યા. અહીં તેઓને સમાચાર મળ્યા કે 'રાજ્યના નવા વરાયેલા મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ તા. ૯/૪ની બપોરે દોઢ વાગ્યે સ્વામીશ્રીનાં દર્શને આવવા ઇચ્છે છે.' આ જાણી સ્વામીશ્રીએ વ્યવસ્થાપકને ફોન જોડાવી જણાવ્યું કે 'જુઓ, મુખ્યમંત્રી મારાં દર્શને ઓછા આવે છે? એ તો ઠાકોરજીનાં દર્શને આવે છે. બપોરે તો ઠાકોરજી પોઢી ગયા હોય, એટલે અનુકૂળ હોય તો બીજો સમય ગોઠવજો.'

અસંખ્ય મહાનુભાવોનો આદર ઝીલનારા સ્વામીશ્રી કદી પોતાને મોટા માનતા જ ન હતા.

તપ કરવા ઈશક છે અતિ

તા. ૮/૪ની સવારે આવેલા ડૉ. ગુપ્તા મહંત સ્વામીના સ્વાસ્થ્યની દરકાર લેનારા. તેઓએ સ્વામીશ્રીને જણાવ્યું: 'મહંત સ્વામી ટ્રીટમેન્ટ લે છે, પણ ઉપવાસ વધારે કરે છે. એની ના પાડો.'

આ સાંભળી સ્વામીશ્રીએ મહંત સ્વામીને બોલાવી કહ્યું: 'ડૉક્ટર કહે છે કે ઉપવાસ બહુ ના કરવા.'

'પણ કાલે તો વાંધો નહીં આવે.'

'કાલે તો મોટી નોમ (શ્રીહરિ જયંતી) છે એટલે કરવી જોઈએ. એનો વાંધો નહીં, પણ બીજા ઉપવાસમાં ફરાળ કે ફ્રૂટ જે ફાવે એ લેજો.'

આટલી ભલામણ મહંત સ્વામીને કરી સ્વામીશ્રી ડૉક્ટર સામે જોતાં

બોલ્યા: 'આ લોકોને પહેલાં યોગીબાપાએ બહુ જ ઉપવાસ કરાવેલા, એટલે હવે ઉપવાસનો મહિમા નીકળતો નથી. મારેય એવું છે ને ! ઉપવાસનો મહિમા માંડ નીકળે છે !'

ગુરુ-શિષ્યની એક જ રીતિ: *'તપ કરવા ઇશક છે અતિ...'*

આવા તેજસ્વી, તપસ્વી સ્વામીશ્રી પાસે આજની બપોરે આવેલા અન્ય એક ડૉક્ટર શ્રી દોશીએ આભાર માનતાં કહ્યું: 'સ્વામીજી ! અમારી ટી.બી. હૉસ્પિટલ માટે મેં આપને વાત કરી ને અમે એક્સ-રે મશીન ખરીદીએ એ પહેલાં તો અમને આપના તરફથી ચેક મળી ગયો !'

'એમ ?!' સ્વામીશ્રીએ આશ્ચર્ય વ્યક્ત કર્યું. તેઓ પોતે કરેલી સખાવતને સાવ જ વીસરી ગયેલા !

પોતાનાથી ફૂલ્યાં-ફાલ્યાં રહેતાં લાખો હેક્ટરની ગણતરી રાખ્યા વિના સતત સરતી રહેતી સરિતા સમા સ્વામીશ્રીની નિશ્રામાં તા. ૯/૪ના રોજ શ્રીહરિ જયંતીનો ઉત્સવ ધામધૂમથી ઊજવાયો. જો કે આ સમૈયામાં સભામંચ પાટો ગોઠવીને તૈયાર કર્યો હોવાથી નૃત્યની પ્રસ્તુતિ વખતે થતા કલાકારોના ઠેકા સ્વામીશ્રીના આસનને પણ હલાવતા રહ્યા. છતાં તેઓની પત્રધારા તો અવિરત વહેતી જ રહી.

ખરા હિતકરા

સતત વિચરણશીલ સ્વામીશ્રી જે-તે મંદિરમાં રોકાતા ત્યારે તેના ખૂણેખૂણાની મુલાકાત લેતા. વળી, તે મંદિરોની ધજા નીચે વિસ્તરેલી સત્સંગ પ્રવૃત્તિઓને પણ તેઓ ભ્રમણ-ભોજન વખતે સંતો-કાર્યકરો દ્વારા સાંભળતા. આ શ્રવણ અને નિરીક્ષણના આધારે સ્વામીશ્રી પોતાના રોકાણના છેલ્લા દિવસોમાં સ્થાનિક સંતોને આગામી કાર્યવાહીના નકશા આંકી આપતા.

આ ક્રમમાં તા. ૧૦/૪ની રાત્રે સ્વામીશ્રીએ ગ્રામ્ય વિચરણ કરતા સંતોને માર્ગદર્શન આપતાં કહ્યું:

'તમે ગામડે ફરો છો એમાં હમણાં જેમ અમે સાંભળ્યું કે રઢુમાં આપણા એક સત્સંગી કુટુંબના બધા સભ્યો મૂંગા, લંગડા કે અમુક ગાંડા છે. ગરીબ છે અને સગાંઓ ભૂવાને બોલાવવાનું કહે છે છતાં કેફમાં બોલે છે કે 'હું એક સાજો છું, પણ જો મારુંય આવું થાય તોય મારા ગુરુ એક જ.' આવા નિષ્ઠાવાળા પણ ગરીબ, દુ:ખી હોય એવા હરિભક્તનું તમારે લિસ્ટ

રાખવું. એને કપડાં, અનાજ વગેરે જે કાંઈ તાત્કાલિક જરૂરત હોય એ આપણે સુખી હરિભક્તને કહી પૂરી પાડવી. કંઈક નોકરી જેવું મળી જતું હોય તો એ માટે પ્રયત્ન કરવો. આ બધું કોઠારીને પૂછીને કરવું. સ્વતંત્ર નહીં. જરૂર પડે ને યોગ્ય હોય તો મોટી મદદ પણ થઈ શકે.'

આશ્રિતોની આવી ખેવના રાખનારા સ્વામીશ્રી પાસે આ વખતના અહીંના રોકાણ દરમ્યાન અમદાવાદનો એક યુવાન આવી ચડ્યો. તેની કિડની ફેઇલ થતાં સ્વામીશ્રીએ દોઢ લાખ રૂપિયાના ખર્ચે આ યુવકની શસ્ત્રક્રિયા સિવિલ હૉસ્પિટલમાં કરાવેલી. પરંતુ તે પછીયે એક વર્ષ સુધી મહિનાના એક લેખે બાર ઇંજેક્શન લેવાનાં હતાં. આવા એક ઇંજેક્શનની કિંમત ૬,૫૦૦ રૂપિયા થતી હતી, જે ખર્ચ એ બીમાર માટે પહોંચ બહારનો હતો. આ મુશ્કેલી પણ તેણે તા. ૧૨/૪ના રોજ રજૂ કરી ત્યારે સ્વામીશ્રીએ મોમ્બાસાવાસી હરિભક્ત શ્રી કનુભાઈ પટેલ દ્વારા છેક લંડનથી આ ઇંજેક્શનો તાત્કાલિક મોકલી આપવાની વ્યવસ્થા કરાવી એક યુવાનના જીવનને ધબકતું રાખ્યું.

ત્વરિત અને કશાય કોલાહલ વિનાની આવી શાંત સહાય એ સ્વામીશ્રીની વિશેષતા. તે દ્વારા તેઓ અસંખ્ય મનુષ્યોના આધાર બની રહેલા.

અમારે તો માળા કરવી એ ખાતું

તા. ૧૨/૪ના રોજ બોચાસણથી વિદાય થયેલા સ્વામીશ્રી પોર ગામની જી.આઇ.ડી.સી.માં એક હરિભક્તના કારખાને પધરામણી કરી ભરૂચ પહોંચ્યા ત્યારે માથે આવેલા ચૈત્રના સૂર્યે મંદિરની ટાઇલ્સને તપાવી મૂકેલી. છતાં પગ મૂકતાં જ સિસકારો બોલાવી દે એવી એ ગરમ લાદી પર ચંપલ કાઢી સ્વામીશ્રી ઊભા રહ્યા અને શાંતિથી હનુમાન-ગણપતિનાં દર્શન કર્યાં !

ત્યારબાદ પ્રીતમ સોસાયટીમાં ઉતારે પધારેલા તેઓ સમક્ષ બેઠેલા સંતો-ભક્તોની હળવી વાતોમાં નર્મદા યોજનાનો મુદ્દો નીકળ્યો. તે વખતે એક હરિભક્ત 'સાધુઓની કેબિનેટ આવે તો કામ થઈ જાય' કહી કયા સંતને કયું ખાતું આપવું તેની પણ ફાળવણી કરવા લાગ્યા.

તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'અમારે સાધુને તો માળા કરવી, ભજન-સેવા કરવાં એ ખાતું. ભજનમાં જેવો માલ છે એવો ચૌદ લોકના બ્રહ્માંડમાં ક્યાંય નથી. જો ભાવ અને પ્રેમથી ભજન કરીએ તો સુખ ને શાંતિ આવે. મહારાજે અમને આ ધંધો સારો સોંપ્યો છે.'

સ્વામીશ્રીને રોજના બે-ત્રણની સરેરાશથી રાજકાજ સાથે સંકળાયેલા મંત્રી-સચિવો કે અધિકારી-અમલદારો મળતા રહેતા. તેઓના આશીર્વાદથી ચૂંટણીમાં જ્વલંત વિજય મળ્યાના, પ્રધાનપદાં પ્રાપ્ત થયાંના કે સરકારી ગૂંચવાડા ઊકલ્યાના અઢળક પ્રસંગો બનતા. કેટલીયે સરકારી યોજનાના આરંભ તેઓના વરદહસ્તે કરાવવામાં આવતા. છતાં સ્વામીશ્રીના ભજનનું પલ્લું તસુભાર ઊંચકાયું નહોતું. તેઓને વ્યવહારનો વેગ લેશ લાગ્યો નહોતો. તેઓની આ પણ એક અનેરી અને સોનેરી સિદ્ધિ.

'વટ'નું કારણ

તા. ૧૨/૪ની સાંજે ભરૂચના વિશાળ હૉસ્ટેલ ગ્રાઉન્ડમાં અમૃત મહોત્સવની ઉદ્‌ઘોષ સભા યોજાયેલી. તે નિમિત્તે શહેરભરમાં ઊભી કરાયેલી સ્વાગત કમાનોમાં સૌથી વધારે ૧૫ કમાનો ખડી કરવાનું સૌજન્ય શ્રી ઇકબાલભાઈ નામના બિરાદરનું હતું! આ રીતે પ્રત્યેકનો પ્રેમ મેળવનારા સ્વામીશ્રીના સાંનિધ્યમાં આજે સભા એવી ઊભરાઈ કે ભાવિકોને સમાવવા સભામંડપની સીમા આંકતી કનાતો ખોલી નાંખવી પડી. મંચ પર પણ ધારાસભ્યો, જી.એન.એફ.સી.ના ઉચ્ચ હોદ્દેદારો સહિત અનેક ધાર્મિક-સામાજિક અગ્રણીઓએ ઉપસ્થિત રહી સ્વામીશ્રીને વધાવ્યા.

આ સમારોહથી આકર્ષાઈને તા. ૧૩/૪ની સવારે રૉટરી ક્લબના આગેવાનો સ્વામીશ્રી પાસે દોડી આવ્યા. તેઓ નગરને અનુરૂપ સ્મશાનઘાટ વિકસાવી રહેલા. તેમાં સહાય અર્થે તેઓએ વિનંતી કરતાં સ્વામીશ્રીએ પ્રાતઃપૂજા પછી સભામાં ટહેલ નાંખતાં જ કંઈક હરિભક્તોએ સેવાની પહેલ કરી દીધી. તેથી મદદ માટે આવેલા આયોજકોની હથેળીઓ છલકાઈ ગઈ.

આમ, એક સામાજિક કાર્યને વેગ આપી, સ્વામીશ્રી આ શહેરમાં મોટું મંદિર કરવાની નેમ સાથે જુદી જુદી જગ્યાઓનું નિરીક્ષણ કરવા નીકળ્યા. તે ક્રમમાં તેઓ અમદાવાદ-મુંબઈના રાજમાર્ગને અડીને આવેલી એક વાડીમાં પધાર્યા. ઝાડેશ્વરની સીમમાં વસેલી ચાર એકરની આ જમીન શ્રી ચીમનભાઈ, નારાયણભાઈ, રામજીભાઈ અને મોતીભાઈની માલિકીની. સતત ધમધમતા હાઈવે પર હોવાથી ખૂબ મોકાની આ ભૂમિ પર સ્વામીશ્રીની દૃષ્ટિ ઠરી. તેઓની અનુવૃત્તિ જોઈ શ્રી મોતીભાઈ પટેલે જણાવી દીધું કે 'બાપ-દાદાની જમીન હતી ને બાપ લેવા માંગે તો આપવા તૈયાર જ છીએ.'

દાતાનો આ ઉત્સાહ જોઈ સ્વામીશ્રીએ પણ તા. ૧૪/૪ની સવારે ચારેય ભાઈઓ પાસે ભૂમિદાનનો સંકલ્પ કરાવી કહ્યું: 'આ મંદિર રહેશે ત્યાં સુધી અહીં કથા-કીર્તન-ભજન થશે અને એનું પુણ્ય તમને મળશે. ઈકોતેર પેઢી તરશે.'

જમીનની આ અર્પણવિધિના દિવસે જ અલ્પાહાર કરવા બિરાજેલા સ્વામીશ્રીને અગ્રણી સત્સંગી શ્રી નવીનભાઈ(લાલજી)એ બે દિવસ પૂર્વે થયેલી ભવ્ય સભાના અનુસંધાનમાં પૂછ્યું: ''શહેરના લોકો કહે છે કે 'લાલજીના ગુરુનો વટ પડી ગયો !' આ વાત બરાબર છે ને ?''

'(વટ) પડેલો જ છે, જ્યારથી શાસ્ત્રીજી મહારાજ અને યોગીબાપા મળ્યા ત્યારથી !' પ્રાપ્તિની મસ્તીમાં સ્વામીશ્રી બોલ્યા.

દ્વેષ-દાઝ ઓગાળતી સાધુતા

તા. ૧૪/૪ના રોજ ભરૂચથી વિદાય લઈ નીકળેલા સ્વામીશ્રી અંકલેશ્વર અને ડુમ્મસને લાભ આપતાં તા. ૧૬/૪ની સાંજે સુરત પધાર્યા.

અહીં સ્કૉટલેન્ડવાસી શ્રી જ્યોર્જ તેઓના યોગમાં આવ્યા. ભારત ભમવા નીકળેલા આ પ્રવાસી આબુ જઈ રહેલા ત્યારે તેઓની નજરે અક્ષરધામ ચડેલું. તે જોવા ૧૫ મિનિટ ઊતરેલા તેઓ અઢી દિવસ રોકાઈ પડેલા. સર્જન બાદ સર્જનહારને નીરખવા તો તેઓ તા. ૨૪/૪ના રોજ અત્રે સુરત દોડી આવ્યા.

અહીં તેઓને દિવ્ય અનુભવ થતાં તેઓએ બે દિવસ સુધી સ્વામીશ્રીનો સત્સંગ માણ્યો. ત્યારબાદ વિદાય લેતાં પૂર્વે સ્વામીશ્રીને પાઠવેલા આભારપત્રમાં તેઓએ લખ્યું: 'હું આપની પાસેથી જે શીખ્યો છું એને હંમેશાં યાદ રાખીશ. દુનિયામાં જ્યાં જઈશ ત્યાં બધે જ આપની અને આપના સત્સંગીઓની વાતો કરતો રહીશ.'

સ્વામીશ્રીનું દૈવત પુરવાર કરતા આવા પ્રસંગો છાશવારે બનતા.

આ દૈવત સ્વામીશ્રીએ તા. ૨૬/૪ના રોજ મોટી વડાળના નિર્માણાધીન મંદિરના પાયામાં પૂર્યું. આજની સવારે આ મંદિરનો ખાતવિધિ કરી સાંધિયેર પહોંચેલા તેઓએ અહીં નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કર્યા.

આ મંદિર ખડું કરવામાં મુખ્ય યોગદાન આપનારા શ્રી દુર્લભજીભાઈએ

સ્વામીશ્રી સમક્ષ ભાવના વહાવી કે 'મારી પાસે ૨૭ ગુણ પાકું સુખડ છે. તેય હું સંસ્થાને આપી દઉં છું.'

આ સાંભળી સ્વામીશ્રીએ આશીર્વાદ વરસાવ્યા કે 'તમે ચંદન આપી ઠાકોરજીને ઠંડક કરી, તો ભગવાન પણ તમને ઠંડક કરશે.'

શ્રીજીની આ શીતળતા સૌને આપવા વિચરતા તેઓ અહીંથી ડાયમંડ નગરમાં પધાર્યા. અત્રે તેઓનો લાભ અપાવવા યજમાન શ્રી ભીમજીભાઈએ ઘણા સ્નેહીઓને એકત્રિત કરેલા. તેમાંના એક મુરબ્બીએ તા. ૨૭/૪ની રાત્રે સ્વામીશ્રીને કહ્યું: 'મેં ૧૮ વર્ષ પોલીસ ઇન્સ્પેક્ટર તરીકે નોકરી કરી. મારા વિચારો પહેલેથી જ રાષ્ટ્રવાદી. ભગવાં ઉપર મને સખત નફરત. ભગવું ભાળું ને દંડો ઉગામું. તગેડી મેલું. મને સાધુમાત્ર હરામનું ખાનારા જ લાગતા. પરંતુ બે વર્ષ પહેલાં આપ અહીં પધાર્યા ત્યારથી મારું મન બદલાઈ ગયું. તિરસ્કારને બદલે આદર થતો ગયો. આપનું કાર્ય પણ ત્યારપછી જોયું.'

સ્વામીશ્રીની સાધુતાનું પોત પૂર્વગ્રહનાં દ્વેષ-દાઝને ટાળનારું હતું.

અગવડોના અધ્યાયમાં પુરુષાર્થનાં પ્રકરણ

તા. ૨૯/૪ની સવારે આંકલાવના મંદિરનું ખાતમુહૂર્ત કરી ડાયમંડ નગરથી નીકળેલા સ્વામીશ્રી બારડોલી પધાર્યા.

અહીં કેશવ નગરમાં નિર્માણ પામેલા મંદિરના પ્રતિષ્ઠા મહોત્સવ ઉપક્રમે પંચદિવસીય પારાયણનું આયોજન થયેલું. તે માટે પાટીદાર જિનિંગ કમ્પાઉન્ડમાં બંધાયેલા ભવ્ય શમિયાણામાં ભાગવતની કથા માણવા પ્રથમ દિવસથી જ મોટી માનવમેદની ઊમટવા લાગી. તે સંખ્યા તા. ૨/૫ના રોજ યોજાયેલા યજ્ઞના દિવસે તો કાબૂ બહાર થઈ ગઈ.

તેની વચ્ચે સ્વામીશ્રીએ સ્વરાજ આશ્રમમાં પધારી યજ્ઞનો વિધિ સંપન્ન કર્યો. તે સાથે જ બુટવાડા ગામના મંદિરની મૂર્તિઓનું પૂજન કરી તેઓ બારડોલી સત્યાગ્રહના સ્થાને પધાર્યા. બૅરિસ્ટર શ્રી વલ્લભભાઈ પટેલને 'સરદાર'નું બિરુદ અપાવનારા આ સત્યાગ્રહ વખતે 'સરદાર' જ્યાં રહેતા તે ઓરડીમાં એમનાં પલંગ અને બેઠક પર ઠાકોરજી પધરાવી સ્વામીશ્રીએ આ લોખંડી પુરુષની સ્વાતંત્ર્ય-સેવાઓને અંજલિ આપી.

ત્યારબાદ તેઓ તા. ૩/૫ના રોજ અક્ષર-પુરુષોત્તમ મહારાજનો પ્રતિષ્ઠાવિધિ ધામધૂમથી સંપન્ન કરી રાત્રે આઠ વાગ્યે ઉકાઈ આવી પહોંચ્યા.

અત્રે નિર્માણાધીન છાત્રાલયના જે ઓરડામાં સ્વામીશ્રીએ નિવાસ કર્યો ત્યાં હજી ભોંય પર લાદી જડવાની પણ બાકી હતી !

આવી અગવડમાં પ્રેમપૂર્વક ઉતારો કરનારા તેઓને લંડનમાં ચાલતા મંદિર-નિર્માણ સંબંધી એક તાકીદનો સંદેશો આજે મોકલવો હતો; પરંતુ આ વિસ્તારમાં સુવિધાઓ ટાંચી, તેથી રાત્રે બાર વાગ્યા સુધી મથામણ ચાલી. છતાં સંપર્ક ન સધાતાં બીજે દિવસે સોનગઢથી ફોન જોડવા એક છોકરો દોડાવવામાં આવ્યો. તેનો ફેરોયે અફળ નીવડ્યો. છેવટે સોનગઢથી સાંકરી સંદેશો મોકલ્યો. તે ત્યાંથી લંડન પહોંચ્યો. તેનો પ્રતિભાવ લઈ સંતો રાત્રે ઉકાઈ પહોંચ્યા ત્યારે એક તાત્કાલિક સંદેશાનું આદાન-પ્રદાન કરવામાં સ્વામીશ્રીને વીસ કલાક વીતી ચૂકેલા ! આવા અંતરિયાળ સ્થાનમાં તેઓ ચાર દિવસ રોકાવાના હતા !

આજે સ્વામીશ્રીનાં કાર્યો જોઈ મુગ્ધ થઈ રહેલો સમાજ એ કાર્યો સ્વામીશ્રીએ જે પરિસ્થિતિમાં રહીને કર્યાં છે તે જાણશે ત્યારે તેને સ્વામીશ્રીની મહાનતાનો પૂરો પરિચય મળી રહેશે !

આવા સ્વામીશ્રી લંડનના મંદિરમાં જેટલો રસ લઈ રહેલા તેટલી જ અભિરુચિ તેઓને અહીં ઉકાઈમાં બંધાઈ રહેલા આદિવાસી બાળકોના છાત્રાલયમાં પણ હતી. તેથી તેઓ તા. ૪/૫ની સવારે આ નિર્માણ-કાર્યનું નિરીક્ષણ કરવા નીકળ્યા. પરંતુ તાજેતરમાં જ સ્લેબ ભરાયેલો હોવાથી ઠેર-ઠેર ટેકારૂપે મૂકેલી વળીઓનું જંગલ ઊગી નીકળેલું. તેની વચ્ચેથી માર્ગ કાઢતાં સ્વામીશ્રી સઘળે ફર્યા. એક ઠેકાણે તો તેઓએ ડાબો હાથ ઊંચો કરી વળીએ ટેકવ્યો અને જમણું ચરણ ડાબા ચરણે ટેકવી બાંધકામ સંબંધી વિમર્શ કર્યો.

ત્યારબાદ તેઓ ઊર્જાનગરમાં યોજાયેલી આજની સાયંસભામાં ધર્મલાભ આપી તા. ૫/૫ની સાંજે ઉકાઈ બંધની જગ્યામાં પધાર્યા.

અત્રે સ્વામીશ્રીએ ૬૧૨ ચોરસ કિ.મી.ના વિશાળ જળાશય પર ઠાકોરજીની દૃષ્ટિ કરાવી બંધની પાળી પર જ હરિકૃષ્ણ મહારાજને બિરાજમાન કર્યા અને મંત્રો બોલાવી વિધિસર પુષ્પો પધરાવ્યાં. બંધની ઠેઠ નીચે જતી સર્વિસ ટનલમાં પણ તેઓ લિફ્ટ દ્વારા પહોંચ્યા. આ રીતે બધે ફરતાં-ફરતાં સૌની સુખાકારીના શુભ સંકલ્પો સાથે ધૂન તો તેઓના મુખમાંથી સરતી જ રહી.

આમ, બંધ અને બાંધકામને પાવન કરી સ્વામીશ્રી સેન્ટ્રલ પલ્પ મિલમાં ગોઠવાયેલી જાહેર-સભામાં પધાર્યા. અત્રે પ્રાસંગિક ઉપદેશ આપતાં તેઓ બોલ્યા : 'જેમ વાંસમાંથી કાગળ અને શેરડીમાંથી ખાંડ બને છે એમ

જીવનો શિવ કરવો હોય તો સત્સંગ કરવો પડે. અમૃતનું ટીપું પીવાથી અમર થઈ જવાય એમ થોડો પણ સત્સંગ આપણું પરિવર્તન કરી નાંખે છે.'

અમારે મન તો કિંમત છે સાધુતાની

તા. ૬/૫ના રોજ ઉકાઈથી વિદાય લઈ સ્વામીશ્રી વ્યારાની જે. બી. ઍન્ડ એસ. એ. સાર્વજનિક હાઈસ્કૂલમાં સભાલાભ આપતાં સાંકરી પહોંચ્યા.

અત્રે તા. ૧૦/૫ની સાંજે પોતાનો હૃદ્‌ગત અભિપ્રાય જણાવતાં તેઓએ કહ્યું : 'અમારે મન તો કિંમત છે સાધુતાની. ગમે એટલાં આયોજનો કરતો હોય એ તો મારા ભ'ઈ ! ઠીક છે, જો સાધુતા ન હોય તો. નિયમ-ધર્મ અને બીજી રીતે પાકો હોય એને ભલે થોડું ઓછું આવડતું હોય, પણ કિંમત એની છે.'

આ માપદંડ રાખીને વિચરતા સ્વામીશ્રીના વરદહસ્તે તા. ૧૨/૫ની સવારે નૈરોબીના શિખરબદ્ધ મંદિરનો ખાતવિધિ યોજાયો. આ અવસરે ઠાકોરજીએ સ્નાન કરેલા જળની સાથે સ્વામીશ્રીએ ગંગા-યમુનાનાં નીરનો અભિષેક પણ ઇષ્ટિકા અને મૃત્તિકા પર કર્યો. આ પ્રાસંગિક પૂજાદ્રવ્યો લઈ મંદિરની ભૂમિ પર ખાતવિધિ કરવા મહંત સ્વામી પધારવાના હતા. તેઓ સાથે સ્વામીશ્રીએ આશીર્વાદ મોકલાવ્યા કે 'મહારાજ સર્વોપરી છે, એમનો સત્સંગ સર્વોપરી છે, એમ મંદિર પણ સર્વોપરી થાય.'

આમ, યુરોપ બાદ આફ્રિકા ખંડમાં મોટા મંદિરનાં મંડાણ કરી તેઓ ઠાકોરજીનાં દર્શને પધાર્યા ત્યારે અત્રે પ્રદક્ષિણા ફરતાં તેઓએ પૂછ્યું : 'આપણે કાલે એકાદશીએ દંડવત્ કરેલા ?'

'ના.'

'તો લાવો રજાઈ.' આમ કહેતાં રજાઈ પથરાવી સ્વામીશ્રીએ આજે બારસ પર્વણીએ એકાદશીનું ઉજવણું અને દંડવતનું ચુકવણું કર્યું.

આ ભક્તિભાવ સાથે તેઓએ તા. ૧૪/૫ના રોજ કીમના નિર્માણાધીન મંદિરનો ખાતવિધિ કર્યો.

મોટપ નાના થવામાં છે

સાંકરીના રોકાણ દરમ્યાન અમૃત મહોત્સવના વિવિધ સેવા વિભાગોની મીટિંગોના સતત ચાલતા દોરમાં તા. ૧૪/૫ની સવારે સ્વામીશ્રીએ સેવાલક્ષી માર્ગદર્શન આપતાં જણાવ્યું :

''આપણે સૌ સેવક છીએ. કોઈ મોટો નથી, કોઈ નાનો નથી; છતાં મર્યાદા રાખવાની છે. કામ કરવું છે તો એકમના થવું. ઉત્સવો કરીને અભાવ-અવગુણ કાઢવો છે. એને બદલે પેસવો ન જોઈએ. આપણે એક જ ગ્રૂપ. જે કંઈ રીઝલ્ટ આવ્યું એમાં બધાની જવાબદારી. આપણે પોતાની મહત્તા નથી વધારવી. 'હું કરું છું' એવો ભાવ જ ના હોવો જોઈએ. ક્યારેય આ વાત ન નીકળવી જોઈએ કે 'મારાથી આમ થયું.'

કોઈ બોલી જાય તો ભૂલી જવું, માફ કરવું. વાત પકડી ન રાખવી. મૂકવાથી જ ફાયદો છે, મોટપ છે. મોટપ નાના થવામાં છે. હજારોની સાથે કામ લેવું એ રમત વાત નથી. હજારોનું મન રાખવા માટે કેટલું મૂકવું પડે! શાસ્ત્રીજી મહારાજ, યોગીબાપાએ નાના ધૂળ જેવાને હાથ જોડીને કામ કર્યું છે. મોટાપુરુષો (મનનું) મૂકીને રાજી રહ્યા છે. અત્યાર સુધી સત્સંગ કર્યો ને હજી આ બધું છોડી ન શકીએ તો સત્સંગ શું પચાવ્યો? સત્સંગમાં સત્સંગની રીતે જ વર્તવું. કોઈ ગમે એ કરે પણ 'મારે સેવા કરવી જ છે' એવું તાન રાખવું. બાકી તમે પાછા પડો ને બીજાને પાડો. સમૈયો સર્વોપરી થાય ક્યારે? મનનું મૂકવું પડશે. ધાર્યું મૂકવું પડશે. ભૂલવાથી જ સમૈયો સર્વોપરી થશે.''

સ્વામીશ્રીના મુખેથી અસ્ખલિતપણે સેવાસંહિતા સરી રહી, પરંતુ બપોરના બાર વાગ્યાનો સમય થતાં કો'કે કહ્યું : 'બાપા! હવે આપ આરામ કરો.'

'સંતો-હરિભક્તો એક જ વિચારે, સૌ રાજી થાય એ આરામ છે. કામ સારું થાય એ આરામ. ચિંતા મટે એ આરામ.' સ્વામીશ્રી બોલ્યા.

પરિવર્તન અને પ્રામાણિકતાનો પ્રાણવાયુ

સાંકરીની આસપાસના અમુક વિસ્તારો તો વ્યસનોના વાડા જેવા. તેમાં ક્યાંક વૈભવના પગલે વ્યસનો ઘૂસેલાં, તો ક્યાંક તે અજ્ઞાનની આંગળી ઝાલીને આવેલાં, પરંતુ સંતોના વિચરણથી સમજણનો સૂર્યોદય થતાં સૌને પોતાના ભલાની ભાળ મળેલી. તેથી વ્યસનમુક્ત બનેલા કેટલાક આદિવાસીઓ તા. ૧૭/૫ની સવારે અલ્પાહાર કરતા સ્વામીશ્રીનાં દર્શને બેઠેલા. તેઓનો પહેરવેશ સાદો, પરંતુ સ્વચ્છ-સુઘડ હતો. બોલી ગામઠી, પણ ગળી લાગે તેવી. ભણતર શૂન્ય, છતાં ઘડતર ૧૦૦ના આંકને અડે એવું.

તેની પ્રતીતિ કરાવતાં એક વૃદ્ધ જમુનાકાકાએ કહ્યું: 'મારે તો બપોરે-હાંજે દારૂ વગર ની હાલે. તણ દિ'એ મરઘાં જોઈએ જ. ગામના લોકો હારાં

બકરાં હોધવા મને જ મોકલે. લોકો મને જમુના ખાટકી જ કહેતાં. મારું ઘર હાવ ઝુપ્પડ. પાથરવા કંતાન બી ની મલે. પણ હવે સત્સંગ થયો તે શાંતિ થૈ ગઈ. તણ વરહમાં મારું ઘર મજબૂત (પાકું) થૈ ગિયું. અત્યારે પાછલી જિંદગી વિચારતાંયે હસું આવે.'

મદ્ય-માંસને બદલે સુખના સ્વાદ માણતા થયેલા આવા બાવીસ જણા તો એકલા માછીસાદળા ગામમાં જ હતા. અલબત્ત, સ્વામીશ્રીની પ્રતિભાનો પરિચય આપનારા આવા નમૂના મઢૂલીથી મહેલ સુધી જોવા મળતા. તેનું એક ઉદાહરણ તા. ૧૮/૫ની બપોરે પણ ઝળકી રહ્યું.

આ સમયે ઠાકોરજી જમાડી રહેલા સ્વામીશ્રી સમક્ષ નૈરોબીનિવાસી સામાણી પરિવારના શ્રી અનિલભાઈ અને દિનેશભાઈ બેઠેલા. એક વાર હેન્ડન વિસ્તારમાં આવેલા રૉલેક્સ ઘડિયાળના શો રૂમમાં ગયેલા તેઓએ શુક્રવારના એ દિવસે સાડા સાત લાખ રૂપિયાનું એક એવાં બે ઘડિયાળ નોંધાવેલાં. તેને ઘેર પહોંચતાં કરવાનું કહી તેઓ કામકાજે નીકળી પડેલા. પરંતુ સરતચૂકથી દુકાનના કર્મચારી દ્વારા ત્રણ ઘડિયાળ ઘેર પહોંચ્યાં. તેથી બેખબર પેલા કર્મચારીએ સાંજે સ્ટૉકની ગણતરી કરી ત્યારે એક ઘડિયાળની ઘટ માલૂમ પડતાં તેને તો પરસેવો છૂટી ગયો. પોતાના વાર્ષિક પગાર જેટલી આ ખોટને કારણે એ કર્મચારીને પોતાની નોકરી જવાની ઘડીઓ દેખાઈ રહી. ઉપરીને આ ગરબડની જાણ કરતાં તેની જીભ ન ઊપડી.

પરંતુ શનિ-રવિની રજા બાદ સોમવારે દુકાન ઊઘડી ત્યાં જ પેલા બે સત્સંગી યુવકો ત્રીજી ઘડિયાળ પાછી આપવા પહોંચી ગયા. તે જોઈ કર્મચારી તો દંગ રહી ગયો. તેના જીવમાં જીવ આવતાં જીભ પર શબ્દો ફૂટ્યા કે 'આજે તો તમે મારી નોકરી બચાવી !'

આ સાંભળી તે યુવાનોએ ખિસ્સાંમાંથી સ્વામીશ્રીની છબી કાઢી કહ્યું: 'આ અમારા ગુરુનો આદેશ છે કે – પ્રામાણિક રહેવું.' તે વખતે પેલો પરદેશી નોકરિયાત પોતાના તારણહાર સમા સ્વામીશ્રીને નીરખી જ રહ્યો.

દેશ હોય કે પરદેશ – સ્વામીશ્રીએ ફૂંકેલો પરિવર્તન અને પ્રામાણિકતાનો પ્રાણવાયુ કંઈકને ઉગારતો રહેતો.

અમારું માપ રાખશો તો સુખ થશે

તા. ૧૮/૫ની રાત્રે પત્રલેખન કરતા સ્વામીશ્રી પર સુરેન્દ્રનગરથી

આવેલા ફોનમાં સંતસ્વરૂપદાસ સ્વામીએ ત્યાંના મંદિરમાં ઠાકોરજીનું સિંહાસન થોડું નીચું કરવા અંગે સલાહ માંગી. આ સમયે તે મંદિરમાં સેવારત તમામ સંતોની ઊંચાઈ પ્રમાણમાં ઓછી હોવાથી સ્વામીશ્રી હળવા મિજાજમાં બોલ્યા : 'તમે બધા નીચા છો. તમારું માપ રાખશો તો ડખલ થશે. અમારું માપ રાખશો તો સુખ થશે.'

ગમ્મતમાંયે સ્વામીશ્રીએ એક સંદેશ આપી દીધો કે તેઓના માપોમાપ એટલે કે તેઓના આદેશ અનુસાર જીવનને ઘાટ આપનારો સુખી બને છે.

આ રીતે સૌને સુખિયા કરવા જ વિચરતા તેઓ તા. ૨૨/૫ની સવારે સાંકરીથી વિદાય લઈ બારડોલીને લાભ આપતાં નવસારી પહોંચ્યા.

અત્રે મંદિર પરિસરમાં તૈયાર થયેલાં નૂતન અતિથિગૃહ અને નિજ-નિવાસનું ઉદ્‌ઘાટન કરી સ્વામીશ્રીએ સૌની સેવાને સાર્થક કરી ત્યાં જ આજની રાત્રે નાંદેડના પ્રસિદ્ધ શીખગુરુ બાબા શ્રી યોગેન્દ્રસિંઘ પધાર્યા. તેઓને ઊભા થઈને હાર-શાલથી સન્માનનારા સ્વામીશ્રી પાસેથી આવો જ મીઠો આવકાર તા. ૨૭/૫ની સવારે ઇટોલાના શ્રી પ્રવીણભાઈ પામ્યા.

આ હરિભક્તે અમૃત મહોત્સવ નિમિત્તે ૭૫ મંદિરોનાં દર્શને જવાનો નિયમ લીધેલો. આ અમૃત પ્રવાસની આજે પૂર્ણાહુતિ કરતાં તેઓએ પોતે યાત્રા કરેલાં મંદિરોની યાદી સ્વામીશ્રી સમક્ષ ધરી. તે હાથમાં લઈ સ્વામીશ્રી આસપાસ ઊભેલા સૌને સંભળાય તેમ એક પછી એક નામ વાંચવા લાગ્યા, પરંતુ તેમાં ચાણસદનું નામ આવતાં જ તેઓ તે સ્થાન ઓળંગી ગયા !

આમ, શ્રીજી-આજ્ઞામાં સારધાર વર્તનારા સ્વામીશ્રી આજે નવસારીથી વિદાય લઈ સમરોલી અને બિલિમોરાને પાવન કરતાં રાત્રે તીથલ પધાર્યા.

સાગરકાંઠે ભક્તિની ભરતી

તીથલના સમીપવર્તી કોસંબાના રણછોડજી મંદિરની બાજુમાં આવેલા મેદાન પર તા. ૨૯/૫થી ભાગવત સપ્તાહનો પ્રારંભ થતાં ખારા સમંદરને કાંઠે મીઠી વીરડી જેવી ઘટના બની રહી. તેમાં સાગરની પાર્શ્વભૂ ધરાવતા નૌકાકાર સિંહાસન પર બિરાજેલા સ્વામીશ્રી સમર્થ સુકાનીની જેમ પોતાની અમૃતધારાથી સૌને તૃપ્ત કરવા માંડ્યા.

તે સાંભળી અબ્રામા ગામના એક ભાવિક શ્રી મગનભાઈ તો તા. ૧/૬ની સવારે સ્વામીશ્રીને કહી ગયા : 'આપની વાતો એટલી સીધી ને સાદી

હોય છે કે તરત જીવમાં ઊતરી જાય છે.'

તેથી જ સ્વામીશ્રીના ઉતારાની સામે ઊછળતા દરિયાની જેમ ભક્તો-ભાવિકોનાં હૈયે પણ ભક્તિની ભરતી સદાયે ચઢતી રહી. તે કારણે તા. ૨/૬ના રોજ ૪૬મો પ્રમુખવરણી દિન ધામધૂમથી ઊજવાયો.

આ પ્રસંગે વલસાડ જિલ્લાનાં ૮૦ ગામોના પાટીદારોએ સન્માનપત્ર આપી સ્વામીશ્રીને સત્કાર્યા. આ અવસરે થયેલાં પ્રતિષ્ઠિત પાટીદારોનાં પ્રવચનોમાં સ્વામીશ્રીના સંતો-કાર્યકરોની જહેમતને કારણે આમ જનતામાં આવેલા પરિવર્તનનો પડઘો ગુંજતો રહ્યો. વળી, આ પંથકમાં સ્વામીશ્રીના કાર્યથી વટાળ પ્રવૃત્તિનો વેગ પણ મંદ પડેલો. નાનાં બાળકો સુધ્ધાં માંસાહાર છોડી ઘરમાં પોતાની શુદ્ધ શાકાહારી રસોઈ અલગથી રાંધતાં થયેલાં. અંધશ્રદ્ધાના અંધારામાં અટવાતાં કંઈક બાઈ-ભાઈ ભગવાનના ભરોસે સુખી અને સધ્ધર જીવન જીવતાં બનેલાં. તે બદલ પણ જિલ્લાના અગ્રણીઓએ અહોભાવ અને આભારની લાગણી વ્યક્ત કરી.

આમ, દિન-પ્રતિદિન વધતું રહેલું અહીંના સત્સંગનું વહેણ વિશેષ વેગવંતું કરવા સ્વામીશ્રીએ તા. ૪/૬ના રોજ સ્થાનિક ભક્તોને શ્રીજીમહારાજના ચલસ્વરૂપ સમા ઠાકોરજીની ભેટ ધરી તેનું નામ 'તીર્થેશ્વર' પાડી આપ્યું. વળી, તેઓએ ઉતારાની પાછળ બંધાયેલા વાંસ-વળીઓના મંદિરનેય હરિમંદિરનો દરજ્જો આપી અહીં એક ભક્તિકેન્દ્ર સ્થાપી દીધું. તેની સાથે આજના દિવસે પારાયણની પૂર્ણાહુતિ નિમિત્તે યોજાયેલા વિશ્વશાંતિ મહાયાગમાં પાંચ વાર ઘીની આહુતિ આપી સ્વામીશ્રીએ વિશ્વશાંતિની શિખાઓને ચહુદિશ ફેલાવી દીધી.

આ રીતે સત્સંગની ક્ષિતિજોને વિસ્તારતા તેઓ તા. ૫/૬ની સવારે ગાંધીધામ ઍક્સપ્રેસ દ્વારા મુંબઈ આવી પહોંચ્યા.

અમહિમા એટલે ઝેર

છેલ્લા વરસ-દા'ડાથી સ્વામીશ્રીને વળગેલી જકડાયેલા ખભાની બીમારી તા. ૬/૬ના રોજ ટળતાં આ દિવસ સૌ માટે સ્મરણીય બની રહ્યો. તેને વિશેષ આસ્વાદ્ય બનાવતાં સ્વામીશ્રીએ આજે અમૃતધારા વહાવી કે –

"કેટલાંક ઝેર જોવાથી ચઢે. કેટલાંક ખાવાથી ને કેટલાંક સંગ કરો ને ચઢે. માટે કુસંગથી દૂર જ ચાલવું. ભગવાન અસલ છે એમાં વળગવું. ભગવાન માટે શરીર ઘસાઈ જવું જોઈએ. કો'ક ના કરે એનું ન જોવું. આપણે

આપણા માટે આવ્યા છીએ. બીજાના અવગુણની વાત થવી જ ના જોઈએ. અમહિમા એટલે ઝેર. અમહિમાનો એક શબ્દ પડે ને ખલાસ. આ તો કો'ક ગમે એવી વાત કરતું હોય તો ધ્યાનથી સાંભળે, 'ઓહોહો ! શું સરસ વાત !' શેની સરસ ? તારા જીવનું ભૂંડું થાય છે એ જો ને !

યોગીબાપાએ કેટલી અદ્ભુત વાતો કરી છે ! એમની વાતના પડકારા વાગે ને અંતર ચિરાઈ જાય. આપણે એમના શિષ્ય છીએ. એનો કેફ કેમ ન આવે ? સાચી રીતે એમને સેવ્યા હોય તો બીજો વિચાર થાય ? અરે ! એના માટે શું ન થાય ? સત્સંગ એટલે સત્પુરુષને હાથ જોડવા ને કહે એમ કરવું. ત્યાં મનની બધી જ વસ્તુઓ મૂકી દેવી પડે. આપણી માનેલી બધી જ માન્યતા તોડી નાંખવી. બીજો સંકલ્પ જ ના થવો જોઈએ. સારું થાય, ખોટું થાય એ વિચાર જ નહીં. સત્સંગ થાય કે મટે એ વિચાર આપણે નથી કરવાનો. એ બધું જોનારા સત્પુરુષ છે. આ બધા શબ્દો જીવમાં દૃઢ નહીં થાય ને મનધાર્યું ના મુકાય તો અંતરમાં શાંતિ નહીં થાય.''

... તો હસતે મોઢે ધામમાં જવાય

તા. ૭/૬ની સાયંસભામાં સ્વામીશ્રીના આશીર્વાદ પૂર્વે એક અક્ષરવાસી ભક્ત નિમિત્તે ધૂન કરાવવામાં આવી. તેને જ પ્રવચનની પીઠિકા બનાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

''આ દેહ ક્યારે પડી જાય એનો નિર્ધાર નથી. એટલે કરવાનું રહી ન જાય એ માટે આ વાત છે.

લગન થાય ત્યારે કન્યા ચોરીમાં આવે. પછી બ્રાહ્મણ વરરાજાને બોલાવે. વરરાજા ઊઘલીને આવ્યો હોય, વાજાં વગાડીને. મંડપ આગળ સાસુ આવે. ચારે દિશામાં સલેખડાં વેરે. તે એમ કહે કે 'હજી સમય છે. તારા માટે આ દિશા ખુલ્લી છે, આ દિશા ખુલ્લી છે. હજી ચેતવું હોય તો ! એક વાર ફંદામાં પડ્યા પછી છુટાશે નહીં.'

પણ વરરાજાને તો ઉમંગ હોય ને ! 'ગમે એ થાય, આ બંદો જાય એવો નથી !' એમ કહેતો પેલું કોડિયું રાખ્યું હોય ને ! એના ઉપર એવો પગ મૂકે કે કોડિયાના ભુક્કા થઈ જાય. એ એમ કહે કે 'મારા આટલા કટકા થઈ જાય તોય લગન કર્યાં વગર જવાનો નથી. વીસ વરસની ઉપાડવી જ છે.' ગોર મહારાજ પાછા બોલે : 'સમય વરતે સાવધાન. હજી સમય છે.' બૈરાં (લગ્નગીતોમાં)

પાછાં ગમે એવું બોલે. છતાં એ બધું સહન કરી લે, કારણ કે તાન છે.

એમ આપણને શ્રીજીમહારાજ મળ્યા, જોગીબાપા મળ્યા તો અવસર ચૂકવો નહીં. મોક્ષની બાબતમાં સાવધાન રહેવું, તો હસતે મોઢે ધામમાં પહોંચી જવાય.'

આમ, મરણની ધૂન અને પરણના તાનને સાંકળી સ્વામીશ્રીએ મોક્ષનો મુદ્દો સૌના હાથમાં મૂકી દીધો.

આવું તો થયે જ રાખતું!

અમૃત મહોત્સવ માટે નિર્ધારિત ભૂમિ પર તા. ૮/૬ની સવારે પદાર્પણ કરી ઉતારે પધારેલા સ્વામીશ્રી સમક્ષ આજની રાત્રે 'ગુરુભક્તિ' પુસ્તકનું પઠન શરૂ થયું. તેમાં સરદારગઢના કાર્યક્રમ બાબતે યોગીજી મહારાજે સ્વામીશ્રી પર દોષનો ટોપલો ઢોળી દીધાનો પ્રસિદ્ધ પ્રસંગ વંચાતાં સ્વામીશ્રી ખૂબ હસ્યા. એ હાસ્યમાંથી ગુરુની દિવ્ય લીલાનો આનંદ છલકાઈ રહ્યો.

તે જોઈ કો'કે પૂછ્યું: 'સ્વામી! આવું યોગીબાપાએ કેટલા પ્રસંગે કર્યું હશે?'

'આવું તો થયે જ રાખતું! આ સરદારગઢનો પ્રસંગ મોટો બન્યો એટલે લખાઈ ગયો.'

સ્વામીશ્રીનો આ ખુલાસો એટલું સમજાવી ગયો કે તેઓ વિષે આપણે જેટલું જાણીએ છીએ તે કરતાં તેઓ ઘણું-ઘણું વધારે કરી ગયા છે. તેય કોઈ હુંહાટા વિના!

જો કે તેઓની આવી શાંત જીવનશૈલીના પડઘા પણ જબરજસ્ત ઊઠતા. તેથી આકર્ષાઈને તા. ૧૨/૬ની સાંજે એક અંગ્રેજ આર્કિટેક્ટ શ્રી પીટરસન લંડનથી ઊડીને અહીં આવી પહોંચ્યા. હજી તો લંડનના મંદિરનું નિર્માણ પૂરું થયું નહોતું, છતાં એ અપૂર્ણ બાંધકામને જોઈને આ વિલાયતીને સ્વામીશ્રી વિષે પૂર્ણ ભાવ જાગી જતાં દોડી આવેલા તેઓને સ્વામીશ્રીએ ચાલુ સભામાં મળીને સંતોષ આપ્યો.

આ જ રીતે આંધ્રપ્રદેશના એક મુરબ્બી શ્રી વેંકટાચલમ્ પણ સ્વામીશ્રીની સભામાં રોજ આવતા. તેઓ ન તો સ્વામીશ્રીની ભાષા સમજે કે ન તો તેઓને સંપ્રદાયની કોઈ પૂર્વ-પાર્શ્વ ભૂમિકા. છતાં સ્વામીશ્રીનાં દર્શન-માત્રે એવું સમાધાન મળે કે સભામાં એક કાને થઈને બેસી જાય. સભા બાદ

ભોજન-દર્શનમાં પણ આવે અને વિદાય વખતે રોજ સાતેક કિલો ચોખ્ખું ઘી ઠાકોરજીને ધરતા જાય. સ્વામીશ્રીએ તેઓને રોજ ઘી ન લાવવા કહ્યું તોય તેઓનો આ ક્રમ ચાલુ જ રહ્યો.

સ્વામીશ્રીના સાંનિધ્યમાં બનતી રહેતી આવી ઘટનાઓ જોઈ આપણને પણ કહેવાનું મન થઈ આવે એમ છે કે 'આવું તો થયે જ રાખતું !'

આપણી જીત થઈ ગઈ છે

તા. ૧૩/૬ની સાયંસભા વિસર્જિત થઈ ત્યારે એકેએક શ્રોતાનું અંતર ગાઈ રહેલું : *'અહો ભાગ્ય, અહો મહાભાગ્ય, આવી જગમાં જડે નહીં જાગ્ય...'* કારણ કે આજે સ્વામીશ્રીએ આશીર્વાદમાં જણાવેલું :

"આપણને સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ મળ્યા. એ વસ્તુનું આવન-જાવન છે જ નહીં. આ વસ્તુનો કેફ હોય તો સંસારની મહત્તા મળે કે ના મળે તોય હંમેશાં આનંદ જ રહે. 'કલ્યાણ થશે કે કેમ ?' એવું રહે જ નહીં. શ્રીજીમહારાજનો સાક્ષાત્ આશરો છે ને યોગીબાપા મળ્યા છે એટલે ગમે એટલા આઘાપાછા થઈશું, તોય કાનપટ્ટી પકડીને ધામમાં મૂકી દેશે. આપણે તો જીવ છીએ, પણ સમર્થ પુરુષ મળ્યા છે એ આપણને ક્યાંથી મૂકશે ? હવે કલ્યાણ માટે હિમાલયમાં કે બીજે ક્યાંય ગોતવા જવું પડે એમ નથી. પેલી ગરીબ બાઈને રાજાએ રાણી બનાવી પણ કંગાલપણું ગયું નહીં તો મારીને કાઢી મૂકી; એમ આપણને સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ મળ્યા છે ને હજી કલ્યાણને માટે ફાંફાં મારવાનાં ? દૃઢતાથી રહો. આપણા આ લોક અને પરલોક – બેય સુધરવાના જ છે.

આપણને જે મળ્યા છે એ શ્રેષ્ઠ છે, એટલે કંગાલપણું ન રાખવું. આપણામાંથી દોષો કાઢીને એ બ્રહ્મરૂપ કરશે. અંતરમાં ભગવાન સિવાય કાંઈ રહેશે જ નહીં. જે મળ્યા એનો કેફ ચઢવો જોઈએ. 'ક્યાં કીડી ને ક્યાં હાથી ?' આ વસ્તુ મળવી દુર્લભ છે. એ સુલભ થઈ એ કેવળ એમની દયા. 'આ કોઈ સામાન્ય મનુષ્ય નથી મળ્યા, ભગવાન સાક્ષાત્ મળ્યા છે,' એ ભાવથી મંડીએ તો ઉધારો નહીં રહે. આ સામાન્ય સંત નથી. ભગવાનના ધારક છે. સમર્થ છે. ભગવાન એમને વશ છે. એવો મહિમા સમજાય તો કરવું કાંઈ રહે નહીં. આપણી જીત થઈ ગઈ છે. ધામમાં બેસી ગયા છીએ. માટે નિશ્ચિંત રહેવું."

અમે બોલીને ના ફરીએ

તા. ૧૪/૬ની સવારે સ્વામીશ્રીનાં પૂજાદર્શનનો લાભ લેનારા કુવૈતના કોન્સલ જનરલ શ્રી મકાલી-અલ-હમદાને પ્રાતઃપૂજા બાદ લાગણી વ્યક્ત કરી કે 'અમારે ત્યાં પૂજા વગેરે માટે થોડા પ્રતિબંધ છે, પણ આપની પૂજા જોયા પછી મને ભાવના થઈ છે ને હું ત્યાં સરકારને કહીશ કે ભારતીયોને તકલીફ આપ્યા વગર પૂજા કરવા દેવી જોઈએ.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'અમે પૂજામાં દરેકનું સારું થાય એવી જ પ્રાર્થના કરીએ છીએ.'

'મેં આ અનુભવ્યું.' પેલા કુવૈતી રાજદ્વારીએ કબૂલ્યું.

આમ, સૌનાં અંતરદ્વાર ખોલનારી નિત્યપૂજા પૂર્ણ કરીને ઉતારે પધારેલા સ્વામીશ્રી, આ અરસામાં ગઢડાના મંદિરનો વિકાસ કરવા માટે કેટલાંક મકાનો ખરીદવાની કાર્યવાહી ચલાવી રહેલા. તે ક્રમમાં તા. ૧૭/૬ની સવારે એક ઘરની ખરીદીનું કામ પાકું કરી તેઓએ મકાનના બાનાખતની પરિભાષામાં જાતે જ લખાણ તૈયાર કર્યું. તેની ખરાઈ કરવા જ્યારે સોલિસિટર શ્રી રજનીકાંત મહેતાએ તે મુસદ્દો જોયો ત્યારે એ કાયદાકીય નિષ્ણાત બોલી ઊઠ્યા : 'આમાં મારે જોવાપણું જ નથી રહ્યું. આપે તો પૂર્ણ ડ્રાફ્ટિંગ કર્યું છે !'

આ રીતે કાયદામાં પાકા સ્વામીશ્રી વાયદામાં પણ એવા જ સો ટચના !

તેથી આજે મકાનની લે-વેચ પાકી થતાં તેના માલિક સાથે ઘરોબો ધરાવનારા સતારે જ્યારે પૂછ્યું કે 'સ્વામી ! આ બોલી થઈ છે એમાં ફેરફાર નહીં થાય ને ?'

ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું : 'અમે સાધુ બોલીને ના ફરીએ. ફરે તો તું ફરે.'

પોતાની આ રીતથી સૌના વિશ્વાસપાત્ર બનેલા તેઓને મળવા આજે હર્ષદ ચાવડા દોડી આવ્યા. લંડનના મંદિર-નિર્માણની પ્રક્રિયા સાથે સંકળાયેલા આ યુવાન માથે આવેલા કાર્યભારથી ચિંતિત હતા. તેઓએ સ્વામીશ્રીને કહ્યું : 'આપ હવે કંઈક ઐશ્વર્ય વાપરો તો લંડનનું કામ પૂરું થાય.'

'અત્યાર સુધી વાપર વાપર જ કર્યું છે ને !' આટલું જણાવી સ્વામીશ્રીએ ઉમેર્યું : ''અક્ષરધામ(બનાવવા)માં (ઐશ્વર્ય) ના વાપર્યું ? બીજાં મંદિરોમાં, સમૈયાઓમાં ના વાપર્યું ? તુંય બૂમો પાડતો'તો કે 'પથ્થરનું કામ પૂરું નહીં

થાય.' પણ તારું કામ સમયે પૂરું થયું કે નહીં? એ (ઐશ્વર્ય) વાપર્યું કે નહીં? એમ આ'ય થઈ જશે.''

સ્વામીશ્રીનું કોઈ પણ કાર્ય જોતાં આ અનુભવ ચોક્કસ થાય કે *'બહુ સામર્થી વાવરી શ્યામ, કામ તે કૈંક કરી...'*

સ્વામીશ્રીને દેશ-વિદેશની વિવિધ ભાષાઓનું કોઈ જ્ઞાન નહીં, કોઈ લાંબો-પહોળો શાળાકીય અભ્યાસ નહીં, કોઈ અંગત જમીન-જાગીર નહીં, કમ્પ્યૂટર-ઇન્ટરનેટ-ફોન-ફેક્સ જેવાં આધુનિક સાધનોના સંચાલનની કોઈ ફાવટ નહીં, કોઈ સાધન-સંપન્ન શિષ્ય-સમુદાય નહીં, કોઈ રાજ્યાશ્રય નહીં, કોઈ સખાવતી શેઠિયાઓનું પીઠબળ નહીં, છતાં સ્વામીશ્રી વિક્રમી સમય-મર્યાદામાં દુનિયા દેખતી રહી જાય એવી કાલજયી કાર્યકથા આલેખી ગયા એ તેઓનું ઐશ્વર્ય નહીં તો બીજું શું?

તેઓ માટે સદા ગવાતું રહેશે કે *'કર્યાં કારજ આશ્ચર્યકારી રે, જેવા આવ્યા'તા ધામેથી ધારી રે...'*

મૂર્તિનું વર્ણન આવું થતું હશે?

તા. ૧૯/૬ની સવારે અક્ષર ભુવનની અગાશીમાં મકાનની પાળીને સમાંતર લંબચોરસ આકારે પાથરેલા પાથરણા પર સ્વામીશ્રી પોતાની સાહજિક ચાલે પગલાં પાડી રહેલા ત્યારે જ એક ખૂણેથી પવનને કારણે પાથરણું ઊંચું થયું. આ સમયે જ સ્વામીશ્રી ત્યાં પહોંચેલા. તેથી તેઓનો ડાબો પગ ઊંચકાયેલા પાથરણાની આંટીમાં આવતાં સમતુલા ખોરવાઈ અને તેઓ પડ્યા! આ જોઈ દર્શનાર્થીઓના જીવ અધ્ધર થઈ ગયા. અલબત્ત, પડતી વખતે બંને હાથના પંજા આગળ ટેકવાઈ ગયા હોવાથી ચિંતાજનક ઈજા ન પહોંચી, તોય સ્વામીશ્રીની હથેળીમાં મરી ગયેલા લોહીની પાતળી રેખાઓ ઊપસી આવી, પરંતુ તેની ગમગીની વધુ પ્રસરે તે પહેલાં સ્વામીશ્રીએ સામેથી જ કીર્તનો ગાવાનું ચાલુ કરાવી ભ્રમણ આદર્યું.

અણધારી આપત્તિઓને સ્વસ્થતાથી પચાવવાનું તેઓને સહજ હતું.

આ વિશેષતા સાથે વિચરતા સ્વામીશ્રી આજની બપોરે ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે તેઓ સમક્ષ વંચાવા માંડેલા પુસ્તકમાં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિનું વર્ણન આવ્યું કે *'એક હાથ ઊંચો કરીને અને બીજો હાથ વાળીને દર્શન દેતા...'*

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'આ લખ્યું છે, પણ 'અભયહસ્ત રાખીને' એવું લખવું જોઈએ. એવું એ (લેખક) કેમ ન સમજ્યા? મૂર્તિનું વર્ણન આવું થતું હશે?!'

ઠાકોરજી સંબંધી સેવા કે સાહિત્યમાં સ્વામીશ્રી લેશ ઊણપ ન ચલાવતા.

જરા પણ આઘું-પાછું નહીં

તા. ૨૨/૬ની રાત્રે ભોજન બાદ પોતાના ઓરડા તરફ પધારી રહેલા સ્વામીશ્રીના રસ્તામાં એક બાળક ઘનશ્યામ તેની નાનકડી હથેળીમાં જાણે પ્રેમ ભરીને ઊભો હતો. અમૃત મહોત્સવ નિમિત્તે પોતાની ખિસ્સાં-ખર્ચીમાંથી બચાવેલી રકમ તે સ્વામીશ્રીને અર્પણ કરવા લઈ આવેલો.

તે જોઈ એક સંત બોલ્યા: 'જુઓ, આ વી.આઇ.પી. ગેસ્ટ આવ્યા છે.'

આ સાંભળી 'એમ?' કહેતાં પાછા વળેલા સ્વામીશ્રીએ ટિપાઈ પર પડેલો હાર જાતે જ નીચા નમી ઉપાડ્યો. તે પેલા બાળકને પહેરાવતાં બોલ્યા: 'સારું... સારું... તમે આવ્યા...' આમ કહી સ્વામીશ્રીએ તે શિશુની સાથે હાથ પણ મિલાવ્યો.

પેલા સંત દ્વારા તો ગમ્મતમાં જ બોલાયેલું, પણ સ્વામીશ્રીએ સાચા ભાવથી માનવંતા મહેમાન જેવી જ સરભરા એક બાળકની કરી દીધી!

આ મહિમા અને મમતા સાથે વિચરતા તેઓ પર તા. ૨૪/૬ની બપોરે અમેરિકાથી એક સામાજિક અગ્રણીનો ફોન આવ્યો. તેમાં આ મુરબ્બીએ પોતાના ઘેર આયોજિત લગ્ન સમારંભમાં સંસ્થાના સ્વયંસેવકો વ્યવસ્થા સંભાળે તેવી વાત ઉચ્ચારી ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું: 'અમારા યુવકો તો આવશે, પણ તમારા જમણવારમાં ખાવા-પીવાનું કેમનું છે? એમાં જો પેલું (દારૂ-માંસ) હશે તો છોકરાઓને નહીં ફાવે.'

શેહ-શરમમાં દબાયા વિના સ્વામીશ્રીએ નિધડકપણે કહી દીધું, કારણ કે તેઓ સ્વયં અણિશુદ્ધ વર્તતા અને તે માર્ગે આશ્રિતોને પ્રેરતા.

આ અંગે પ્રમાણપત્ર આપતા હોય તેમ તા. ૨૫/૬ની રાત્રે દર્શને આવેલા ખ્યાતનામ ખગોળવિજ્ઞાની શ્રી જે. જે. રાવલ બોલ્યા: 'હું અહીં વર્ષોથી આવું છું. વૈજ્ઞાનિક તરીકે બધી જ સૂક્ષ્મતાથી સંતોનું જીવન જોઉં છું કે થોડું પણ આઘું-પાછું જોવા મળે તો છોડીને જતો રહું. પરંતુ એવું જરા પણ જોવા મળ્યું નથી!'

સમુદ્રાલમાં મૂર્તિપ્રતિષ્ઠા

તા. ૨૬/૬ની સાંજે સ્વામીશ્રીને મળવા દોડી આવેલા એક નિવૃત્ત રેલવે અધિકારી શ્રી ગોપાલકૃષ્ણ ઐયરે સ્વાનુભવ વાગોળ્યો કે 'હું આ (મુંબઈના) મંદિરની પ્રતિષ્ઠા થઈ તે દિવસથી રોજ દર્શને આવું છું. ત્યારબાદ મને શારીરિક, આર્થિક, સામાજિક કે કોઈ પ્રશ્ન આવ્યો નથી.'

આવા જ સુખના સ્ફુલિંગો વિસ્તારનારી સ્વામીશ્રીની આત્મીયતા.

તેનો અનુભવ તા. ૨૮/૬ની સવારે શ્રી ધીરુભાઈ શાહ આગવી રીતે કરી રહ્યા. મુલાકાતીઓની હરોળમાં આવેલા આ હરિભક્તને જોતાં જ સ્વામીશ્રીએ પૂછ્યું : 'પેલા તમારા બનેવી હેરાન કરે છે એ ક્યાં છે ?'

આ પૂછપરછથી ગદ્‌ગદિત થઈ ઊઠેલા તે સત્સંગી આસપાસ ઊભેલા સંતોને કહેવા લાગ્યા : 'મેં સ્વામીબાપાને આ અંગે ક્યારેય વાત નથી કરી. છતાં અંતર્યામીપણે તેઓ બધું જાણી ગયા. અમારા જેવા સામાન્યની પણ બાપા કેટલી ચિંતા કરે છે !'

આવી જ અનુભૂતિમાંથી પસાર થઈ રહેલા મહારાષ્ટ્રના ભૂકંપપીડિતો.

બે વર્ષ પૂર્વે મરાઠાવાડને ધ્રુજાવી ગયેલા ધરતીકંપના અસરગ્રસ્તોને સ્વામીશ્રીનો હાથ મળતાં હવે તો તે સૌએ સ્થિરતા મેળવી લીધેલી. તેમાં પણ સંસ્થાએ દત્તક લીધેલા સમુદ્રાલ ગામે તો ૨૮૦ મકાનોના નિર્માણ સાથે નવાં જ રૂપ-રંગ સજી દીધેલાં. આ નવનિર્મિત મકાનો તથા ગ્રામસેવાનાં સંકુલોનો લોકાર્પણ સમારોહ તા. ૩૧/૩ના રોજ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી વગેરે અગ્રણીઓની ઉપસ્થિતિમાં થઈ ચૂકેલો.

તેને અનુસરતાં તા. ૨/૭ના રોજ યોજાયેલો – ગામના નાભિકેન્દ્ર સમા બી.એ.પી.એસ. મંદિરનો પ્રતિષ્ઠાવિધિ. તે માટે આજના દિવસે મુંબઈથી હવાઈમાર્ગે સોલાપુર પહોંચી ત્યાંથી મોટરમાર્ગે નીકળેલા સ્વામીશ્રી રસ્તે આવતા નળદુર્ગ નગરના સરકારી વિશ્રામગૃહને પાવન કરી ૧૧:૫૦ વાગ્યે સમુદ્રાલના દ્વારે પધાર્યા.

અહીં તેઓને આવકારવા એકઠા થયેલા ૯,૦૦૦થી વધુ ભાવિકોમાં કેટલાક સૌજન્યદાતાઓ હતા, કેટલાક ગામવાસીઓ હતા, તો કેટલાક આજુબાજુનાં ગામોમાં વસતા રહીશો હતા કે જેઓ પોતાના ગામનું નવીનીકરણ સંસ્થા કરી દે તેવી દરખાસ્ત લઈને આવેલા. નાદ અને નર્તનના

સંગમે સ્વામીશ્રીને વધાવતાં તે સૌનાં હૈયેથી એક જ અવાજ ઊઠતો હતો: *'ભલે આવ્યા અનાથના નાથ...'*

આ અભિવાદન ઝીલતા સ્વામીશ્રી ગામના પ્રવેશદ્વારનું વિધિવત્ ઉદ્‌ઘાટન કરી મંદિરના આંગણે પહોંચ્યા. અત્રે તૈયાર થયેલી સ્મૃતિદેરીમાં ચરણારવિંદનું સ્થાપન કરી તેઓ મંદિરમાં પધાર્યા. અહીં અક્ષર-પુરુષોત્તમ મહારાજની સાથે રાજ્યદેવતા વિઠ્ઠલ-રૂકમાઈ, ગ્રામદેવતા નૃસિંહજી અને ગુરુ પરંપરાની મૂર્તિઓ સિંહાસનમાં બિરાજમાન થઈ ગયેલી. તેમાં પ્રાણ પૂરવાની સાથે સ્વામીશ્રીએ માડજ ગામમાં બનનારી શાળાનું ખાતમુહૂર્ત પણ કર્યું.

ત્યારબાદ તેઓ ગામમાં દૃષ્ટિ કરવા નીકળ્યા ત્યારે ૧,૦૮,૫૩૫ ચો.ફૂ.નું નવું બાંધકામ સ્વચ્છ-સુઘડ દીસતું હતું. પહોળા માર્ગો અને મકાનો પર જે-તે દાતાની તકતીઓ લગાડવામાં આવેલી. તેમાંના એક મકાનનું ઉદ્‌ઘાટન કરતાં સ્વામીશ્રીએ તે ઘરના નિવાસીને માલિકીપત્રક અર્પણ કર્યું.

આ રીતે સઘળે ઘૂમીને તેઓ જાહેર-સભામાં પધાર્યા ત્યારે તે ખીચોખીચ ભરાઈ ગયેલી. પરંતુ હવાઈયાત્રાની કેટલીક મર્યાદાને કારણે સાંજે છ વાગ્યે સોલાપુરના હવાઈમથકે પહોંચવું જરૂરી હોવાથી સાયંસભા અત્યારે સવારના સમયે તબદીલ કરવામાં આવેલી. તેથી કોલાહલ ઘણો મચી રહેલો. તેમાં હારતોરાનો વિધિ શરૂ થતાં વારંવાર ઊઠવા માંડેલા જયનાદ, જાહેરાતોને ધ્યાનપૂર્વક સાંભળવામાં અવરોધરૂપ બનવા લાગ્યા. આવી પરિસ્થિતિમાં ગૂંચવાયેલા ઉદ્‌ઘોષક દ્વારા પુનર્વસનમાં સહકાર આપનારા દક્ષિણ આફ્રિકાના શ્રી નાનુભાઈનું નામ બોલવાનું રહી ગયું! પરંતુ સ્વામીશ્રીએ તે યાદ કરાવ્યું. જ્યારે એ હરિભક્ત આવ્યા ત્યારે સ્વામીશ્રીએ તેઓને મોટો હાર પહેરાવી બિરદાવ્યા.

આ રીતે મંચ પર પોતાને અભિનંદન આપવા આવતા એક-એક મહાનુભાવને પ્રગાઢ પ્રેમથી મળતા સ્વામીશ્રી, એ જ ઘડીએ લાંબીલચક યાદીની જાહેરાતમાં ચુકાઈ જતા એકલ-દોકલ નામ પણ ફટ્... દઈને પકડતા!

આવા શતાવધાની તેઓએ આ અવસરે અમૃતધારા વહાવી કે –

'संस्था ने यह काम किया है लेकिन यश तो जो दाता है उनको है। उन लोगों ने सेवा दी तो अच्छा काम हुआ। ये संकट भगवान ने दिया और दाताओं को भी भगवान ने भेजा। सब करनेवाले भगवान हैं, इसलिए भगवान का उपकार भूलना नहीं चाहिए।'

આ આશીર્વાદ આપી સ્વામીશ્રીએ અત્રે બપોરે પોણા બે વાગ્યે ભોજન ગ્રહણ કર્યું. તે પછી અલ્પ વિશ્રામ લઈ તેઓ સોલાપુરના ઍરપોર્ટ પર પહોંચ્યા ત્યારે બરાબર છ વાગ્યા હતા. તેથી પાઇલટને તેઓના જ કાંડે બાંધેલું ઘડિયાળ બતાવતાં સ્વામીશ્રી બોલ્યા : 'ટાઇમસર આવી ગયા ને !'

તેઓનું આવું ટકોરાબંધ કામ જોઈ એ વિમાનચાલક પણ ઘડીભર તો સ્થિર થઈ ગયા.[1]

ભગવાનનો ભરોસો ભરપૂર

સોલાપુરથી મુંબઈ પધારેલા સ્વામીશ્રીનો એકો-કાર્ડિયોગ્રામ તા. ૪/૭ની સવારે પોણા અગિયાર વાગ્યે લેવાઈ રહેલો, પરંતુ તે સમયે સ્વામીશ્રી તો રીતસર સૂઈ ગયા ! નસકોરાંનો મધુર સ્વર પણ સંભળાવા લાગ્યો. લગભગ અડધા કલાકે આ તબીબી વિધિ પૂરો થયો ત્યારે ડૉ. લોટલીકર વગેરેએ આશ્ચર્ય સાથે પૂછ્યું : 'સ્વામી ! આપ તો સૂઈ ગયેલા ?'

'સૂઈ જ જાય ને ! સુખ છે.'

'દર્દીને તો રીઝલ્ટની ચિંતામાં ઊંઘ જ ન આવે.'

'ભગવાનની ઇચ્છા હોય એ રીઝલ્ટ આવે. એમાં શું ? હાયવોય કર્યે કાંઈ થવાનું છે ? જે થવાનું છે એ થવાનું છે. આપણે તો ભગવાન પર નાંખીને એ...ય સૂઈ જવાનું.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓની રીત જ હતી : *'હરિ કો ચિંત્યો હરિ કરે, તા પર રહું નચિંત...'*

અલબત્ત, તનના જતન બાબતે તદ્દન નિશ્ચિંત સ્વામીશ્રી ભક્તોની કાળજી લેવામાં સદા તત્પર રહેતા. તેથી જ આજની સાંજે જ્યારે તેઓને રાયમના શ્રી છોટુભાઈએ ફોન પર સમાચાર આપ્યા કે 'દક્ષિણ આફ્રિકાના નાનુભાઈ આપને મળીને આજે અહીં આવ્યા, પણ અત્યારે બેભાન થઈ ગયા છે. હું એકલો છું...'

આ સાંભળતાં જ સ્વામીશ્રીએ સાંકરીના મંદિરે ફોન જોડી બે-ત્રણ સંતોને તાબડતોબ રાયમ પહોંચી જે જરૂરિયાત હોય તે પૂરી કરવા જણાવ્યું.

---

૧. સ્વામીશ્રીએ લીધેલી સમુદ્રાલની મુલાકાત અને અહીં તેઓએ આપેલા ધર્મલાભનો આસ્વાદ માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

એક ભક્તની આટલી દરકાર લઈ તેઓ આજે રાત્રે પોઢ્યા ત્યારે ૧૧:૨૦ વાગ્યે સેવકને પૂછ્યું: 'નાનુભાઈના શું સમાચાર આવ્યા?' સંતો આ અંગે બેખબર હતા.

પરંતુ જ્યારે તા. ૫/૭ની સવારે સમાચાર મળ્યા કે 'ગઈકાલે રાત્રે ૧૧:૨૦ વાગ્યે નાનુભાઈ પરલોક સિધાવી ગયા છે', ત્યારે ગઈકાલે આ જ સમયે સ્વામીશ્રીએ કરેલી પૂછપરછનું રહસ્ય સૌને સમજાયું. બે દિવસ પહેલાં સમુદ્રાલમાં આ હરિભક્તનું ચુકાઈ ગયેલું નામ યાદ કરાવી તેઓને હાર પહેરાવવાની સ્વામીશ્રીની ચેષ્ટાનો મર્મ પણ આજે વિશેષ પકડાયો. અંતકાળે પહોંચેલા સત્સંગીઓને સ્વામીશ્રી સ્મૃતિનાં એવાં ભાથાં ભરી આપતા કે તેઓની પરલોકની સફર સુખદ બની રહેતી.

સર્વે ધર્મ તેણે સાચવ્યા

તા. ૧૫/૭ની સવારે પરદેશ પ્રવાસનો પ્રારંભ કરતાં પૂર્વે સ્વામીશ્રીએ આજની પ્રાતઃપૂજા પછી નવસારીના મંદિરમાં બિરાજનારા ઠાકોરજીનું નામ 'પૂર્ણેશ્વર' પાડી આ ચલસ્વરૂપની ભેટ ભક્તોને આપી. ત્યારબાદ ૮:૨૦ વાગ્યે પ્રયાણ કરનારા તેઓ હવાઈમાર્ગે સ્થાનિક સમય મુજબ બપોરના સાડા બાર વાગ્યે લંડન પધાર્યા. તે વખતે અહીં સ્વાગતમાં બ્રિટિશ સાંસદ, ભારતીય રાજદૂતાવાસના પ્રતિનિધિઓ સહિત ભાવવિભોર સત્સંગીઓનો મહેરામણ હડુડી રહેલો.

તે સૌનો અપ્રતિમ આદર ઝીલતા સ્વામીશ્રી હેડલીવુડમાં આવેલા સંનિષ્ઠ સત્સંગી શ્રી મોહનભાઈ પટેલ(કોલોરામા)ના ઘેર ઉતારે પધાર્યા ત્યારે આ આલિશાન આવાસમાં પણ તેઓનો ઉમળકાભેર સત્કાર થયો. અહીં ભોજનનો સમય તો ક્યારનોય થઈ ગયો હોવાથી સ્વામીશ્રીને જમવા માટે વિનંતી થઈ, પરંતુ તેઓનું ભોજનપાત્ર જે ગાડીમાં હતું તે વાહન લંડનના વર્તુળાકાર માર્ગ M25 પર અવળા માર્ગે ચડી જતાં હજી આવ્યું નહોતું. તેથી સ્વામીશ્રીનું મન મોંમાં કોળિયો મૂકવા રાજી નહોતું. તેઓ કહી રહેલા: 'આપણે જમીને આરામ કરવાનો છે એના બદલે આરામ કરીને જમીશું. આમાં ખાટું-મોળું શું થઈ જવાનું છે?'

શ્રીજીમહારાજની આજ્ઞા અનુસાર કાષ્ઠના ભોજનપાત્ર વિના ન જમવાનો તેઓનો નિર્ણય અફર જણાતાં વાતાવરણમાં ઉદાસીનતા ફરી વળી.

તેને હડસેલવા કો'ક બજારમાંથી નવું જ પત્તર તાબડતોબ લઈ આવ્યું. તેમાં શાક, રોટલી વગેરે પીરસી તે પાટલા પર મુકાયું, પરંતુ તેને હડસેલી દેતાં સ્વામીશ્રી ભૂખ્યા પેટે આરામમાં જવા ઊભા થઈ ગયા. શયન માટે ઓરડામાં જતાં પૂર્વે તેઓના છેલ્લા શબ્દો હતા: 'સંતો ! તમે બધા જમી લેજો.'

સ્વામીશ્રીના દૃઢ ધર્મપાલનને દર્શાવતી આ ક્ષણ પ્રતિષ્ઠાપર્વના મંગલાચરણ સમી બની રહી.

ઑલ કન્ટ્રી(બધા દેશ)માં એક જ સ્થિતિ

તા. ૧૫/૭ની રાત્રે આઠ વાગ્યે સ્વામીશ્રી ભોજન માટે બિરાજ્યા ત્યારે શરીર-ઘડિયાળ મુજબ ગણતરી કરીએ તો તેઓએ આજની સવારે ભારતમાં ગ્રહણ કરેલા અલ્પાહારને ૧૮ કલાક વીતી ગયેલા! તેથી ભોજન વખતે દર્શનાર્થીઓની વાતોનો વિષય બપોરે ભૂલી પડેલી મોટર જ રહી. તેમાં વચ્ચે યજમાનના દીકરા શ્રી હરીશભાઈ બોલ્યા: 'બાપા ! આપને જેટલૅગને લીધે ઊંઘમાં તકલીફ પડી હશે.'

'અમારે તો ઑલ કન્ટ્રીમાં એક જ સ્થિતિ. અક્ષરધામનો ટાઈમ ક્યારેય ફરતો નથી.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આમ, એક રહેણી ધરાવતા તેઓના સ્વાગત માટે જાજરમાન એલેક્ઝાન્ડ્રા પૅલેસ તા. ૧૬/૭ની સવારથી થનગની રહેલો. તેને પ્રાતઃપૂજાથી ધન્ય કરી સ્વામીશ્રી લંડનના નિર્માણાધીન મંદિરનું નિરીક્ષણ કરવા પધાર્યા. આ મંદિરનાં એક-એક સ્તંભ, કાંગરા, તોરણ, શિખર વગેરેનો ઉપાડ અને ઉઘાડ બેનમૂન વર્તાતાં હતાં. તે જોઈ વિશ્વકર્મા સમા સ્વામીશ્રીના મુખેથી શબ્દો સરી પડતા: 'નકશીકામ અદ્ભુત થયું છે !!'

પરંતુ તેનું સઘળું શ્રેય ઠાકોરજીનાં ચરણે ધરતાં તેઓએ મંદિરના ત્રણેય ખંડમાં હરિકૃષ્ણ મહારાજને પધરાવ્યા. તે સમયે તેઓની આંખોમાં જામેલાં હર્ષાશ્રુ મોતીની જેમ ઝળકી રહ્યાં !

મનમનતી કરતાં ચમચમતી સારી

લંડનમાં ઊજવાનારા મંદિર-મહોત્સવનો લાભ લેવા વડોદરાના યુવાનોએ સ્કૂટરયાત્રા દ્વારા ઠેઠ ઈંગ્લેન્ડ જવાનો ઇરાદો સેવેલો, પરંતુ અમુક દેશોના વિઝા મેળવવામાં મુશ્કેલી સર્જાતાં સ્વામીશ્રીએ જ 'આપણી યાત્રા પૂર્ણ

થઈ ગઈ' એમ જણાવી આ પ્રવાસનો સાંખ્ય કરાવી દીધેલો.

આ સંદર્ભમાં તા. ૧૭/૭ના રોજ સંતોએ સ્વામીશ્રીને કહ્યું: 'આપને ખબર હતી તો પહેલેથી જ કહી દેવું'તું ને! તો આ લોકો ખોટી મહેનત ન કરત.'

'ના પાડીએ તો મનમાં પાછો સંકલ્પ રહી જાત. 'મનમનતી કરતાં ચમચમતી સારી' એમ શાસ્ત્રીજી મહારાજ કહેતા.'

'એ શું?'

સંતોની આ જિજ્ઞાસા સંતોષતાં સ્વામીશ્રીએ કહેવતની કુળકથા આરંભી કે –

''એક વાર એક ખેડૂત ચાલીને થાકી ગયો. બેસી પડ્યો. આગળ ચાલવાના હોશ હતા નહીં. ત્યાં એક દરબારને ઘોડા ઉપર જતાં જોયા. એને મન થઈ ગયું કે 'લાવ ને! દરબારને પૂછી જોઈએ, જો ઘોડી આપે તો!' મનમાં એમ થાય કે 'પૂછી નાંખું' ને પાછું મન ના પાડે.

આવું બહુ ચાલ્યું. પછી થયું: 'લાવ, પૂછી જ નાંખું.' તેથી દરબારને કહે: 'તમારું ઘોડું બેસવા આપો ને! પાછું મોકલી આપીશ.'

દરબાર તો સાંભળતાંવેંત ખિજાયા: 'તું મારી પાસે ઘોડો માંગે છે?' એમ કહીને બરડે જે સરક મારી તે સોળ ઊઠી ગયા. તે જોઈ પેલા ખેડૂતે મનમાં વિચાર કર્યો કે 'પેલી મનમનતી કરતાં આ ચમચમતી સારી.' ભલે થોડી વાર ચમચમ્યું પણ વસવસો તો ન રહી જાય કે 'માંગ્યું હોત તો સારું થાત!''

આ પ્રાસાદિક વાત જાણી સંતોએ પૂછ્યું: 'ગુણાતીત પુરુષોની આ જ પદ્ધતિ હોય છે?'

'બેસ્ટમાં બેસ્ટ આ જ પદ્ધતિ છે.' આટલું કહી સ્વામીશ્રીએ સમજાવ્યું: ''જો મેં પહેલેથી જ છોકરાઓને કહ્યું હોત કે 'વિઝાની મહેનત રહેવા દો, અમુક દેશો વિઝા નહીં આપે,' તો એમને મનમાં રહેત કે 'બાપાએ ના પાડી.' પણ આ મહેનત કરી, ખૂબ દોડ્યા ને વિઝા ન મળ્યા એ 'મનમનતી કરતાં ચમચમતી સારી' જેવું થયું.''

ગુણાતીત ગુરુ આશ્રિતોનાં મન અને જીવને ડગલે ને પગલે કેવાં જાળવે છે તેનું દર્શન આજે સ્વામીશ્રીએ કરાવ્યું.

વાતો તમારી ભેદી, ચૈતનને નાખે છેદી

તા. ૧૭/૭ની સાંજે એલેક્ઝાન્ડ્રા પેલેસમાં યોજાયેલી સત્સંગ-સભામાં

લાભ આપ્યા બાદ સ્વામીશ્રી ઉતારે પરત પધારી રહેલા ત્યારે ગાડીચાલક શ્રી મહેશભાઈ પટેલે કહ્યું : 'બાપા ! આજે આપનું પ્રવચન સાંભળ્યા પછી મને એમ જ થયું કે 'આપે મારા માટે જ વાત કરી છે.' હવે હું કાયમ માટે માંસાહાર બંધ કરી દઉં છું.'

યુવાનની આ દૃઢતા જોઈ પ્રસન્ન થઈ ઊઠેલા સ્વામીશ્રી ગાડીમાંથી ઊતરતાં પૂર્વે બેઠાં-બેઠાં જ તેને ભેટ્યા.

આ જ રીતે તા. ૨૦/૭ની સાંજે કૉપલન્ડ સ્કૂલમાં આયોજિત સભા બાદ ઉતારે પાછા વળતાં આ યુવકે કહ્યું : 'સ્વામી ! આજે આપે જાણે મારા ઉપર જ બધી વાત કરી. રોજ વચનામૃત વાંચવાનો વિચાર કરું છું, પણ હવે બળ મળશે.' આટલું જણાવી તેઓએ ઉમેર્યું : 'મંદિરમાં જઈએ ત્યારે ઘણી વાર કો'કનો સ્વભાવ જોઈને અવગુણ આવી જાય, પણ આજે આપે જે કહ્યું તે જોતાં આ અમારી ભૂલ થાય છે.'

સ્વામીશ્રીના સાદા શબ્દો પણ પાપ અને પૂર્વગ્રહના પોપડાઓ પળમાં ખેરવી દેતા.

પોતાની આ વિશેષતા સાથે તેઓ તા. ૨૧/૭ની સાંજે ફ્રેન્ડ્સ હૉલમાં યોજાયેલી જાહેર-સભામાં જવા નીકળ્યા ત્યારે ગાડીચાલક યુવાન શ્રી જયેશે પૂછ્યું : 'બાપા ! આજની સવારે આપે બગીચામાં બિરાજી વૃક્ષના છાંયે પૂજા કરી ત્યારે ઘણા બધાએ ફોટા લીધા. આ રીતે લોકો ચારે બાજુથી ફોટા પાડતા હોય તો આપને પૂજા કરવામાં ખલેલ ન પહોંચે ?'

'એ બાજુ ધ્યાન આપીએ તો પહોંચે ને !' સ્વામીશ્રી બોલ્યા.

'જેની સુરતા શામળિયાની સાથ...' એવા તેઓ દુન્યવી આકર્ષણો અને અડચણોથી સદા મુક્ત હતા.

तुमको परफैक्ट गुरु मिले हैं

તા. ૨૧/૭ની સાંજે ફ્રેન્ડ્સ હૉલમાં યોજાયેલી સભામાં પધારેલા સ્વામીશ્રીને અહીં પ્રખર વક્તા પૂજ્ય આચાર્યશ્રી ધર્મેન્દ્રજી મળ્યા. તેઓનું સ્વામીશ્રી સાથે આ પ્રથમ જ મિલન હતું, પરંતુ આ ધર્માચાર્યે સત્સંગીઓને ઉદ્દેશી જણાવ્યું કે –

'प्रमुखस्वामी ने आप में भक्तिभाव, समर्पण और अदम्य इच्छाशक्ति पैदा की, इसलिए समग्र हिंदू जाति उनकी कृतज्ञ है। प्रमुखस्वामी ने कितना

चमत्कारी कार्य किया है! जितने भी विशिष्ट आम हैं वे उनकी गुठली से पैदा नहीं होते, उसकी कलम चढ़ाई जाती है। आज हिंदुत्व की कलम चढ़ाने का काम हमारे प्रमुखस्वामी ने किया। तुम भाग्यशाली हो, तुमको परफैक्ट (परिपूर्ण) गुरु मिले हैं। प्रमुखस्वामी ने विदेशों की धरती पर जो महान क्रांतिकारी कार्य किया है, उसका वर्णन दो-चार शब्दों में मैं नहीं कर सकता।'

સ્વામીશ્રી વિષે આ જે અહોભાવ વ્યક્ત થયો તેનો અનુભવ સૌને સભા બાદ તરત જ મળ્યો. આ સમયે મંચની ધારે પહોંચેલા સ્વામીશ્રીએ અહીં ઊભા રહી એક વ્યક્તિ તરફ નિર્દેશ કરતાં કહ્યું: 'પેલા આપણા ડૉક્ટરને બોલાવો.'

તેઓએ ચીંધેલી આંગળી અનુસાર હાજર થયેલા ડૉ. દિનેશભાઈ પટેલ સ્વામીશ્રીની આંખોના લૅન્સની સેવા કરતા. તેઓ ગળગળા સાદે બોલ્યા: 'બાપા! આજે આપે તો ઠેઠ ખૂણામાં મને જોઈ લીધો!'

'તમે અમને આંખો આપી, તો અમારે તમને જોવા જ પડે ને!' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓ દ્વારા ખૂણે ઊભેલાની પણ થતી રહેતી આવી સંભાવના જોઈ સૌ કેમ ન કહે કે 'तुमको परफैक्ट गुरु मिले हैं।'

આવા પરિપૂર્ણ ગુરુ સ્વામીશ્રી તા. ૨૨/૭ની સવારે કૉપલન્ડ સ્કૂલમાં પ્રાત:પૂજા કરવા માટે પધાર્યા. અત્યાર સુધી તેઓ યોગ્ય હૉલના અભાવે નિવાસસ્થાને જ પૂજા કરતા. તેથી હરિભક્તો તેઓના આ દર્શનલાભથી વંચિત રહી જતા, પરંતુ આજથી શાળામાં રજાઓ પડતાં સ્વામીશ્રીએ સ્કૂલના હૉલમાં પૂજા કરવાનું આરંભ્યું. જો કે તે માટે તેઓને આવવા-જવાનો સમય મળીને સવા કલાકની મુસાફરી કરવી પડતી. છતાં હરિભક્તોના લાભાર્થે તેઓએ પોણો કલાકની પૂજા માટે સવા કલાકની સફર ખેડવાનું પસંદ કર્યું. તેનો ધક્કો અલ્પાહારને લાગતાં ઉકાળા-પાણીનો સમય પોણો કલાક ઠેલાઈને છેક સવા નવ વાગ્યે પહોંચી ગયો.

રોજ થનારી આ હાલાકી જોઈ યજમાન શ્રી મોહનભાઈએ વિનંતી કરી કે 'બાપા! તમારે પૂજા કરવા માટે સવા કલાકની મુસાફરી કરવી પડે છે. એમાં નાસ્તો બહુ મોડો થાય છે. એના કરતાં અહીં ઉતારે જ પૂજા કરવાનું રાખો.'

'ત્યાં બધા હરિભક્તોને આવવું અનુકૂળ પડે, એટલે ત્યાં છે એ જ સારું છે. આપણે તો વાંધો નહીં.' સ્વામીશ્રીએ કહ્યું.

તેઓ પરફેક્ટની સાથે પ્રેમાળ ગુરુ હતા. તેથી હરિભક્તોની સાનુકૂળતાને લક્ષમાં રાખીને વિચરતા સ્વામીશ્રી આજની સાંજે એક કલાકની મુસાફરી ખેડીને લુટનના ક્વિન્સ વે હૉલમાં પણ ધર્મલાભ આપી આવ્યા.

આજન્મશુદ્ધ

તા. ૨૩/૭ની સવારે કૅમડન સેન્ટર ટાઉન હૉલમાં પ્રાત:પૂજા કરી સ્વામીશ્રી મંદિરનું નિરીક્ષણ કરવા પધાર્યા ત્યારે અહીં કામ કરતો એક કદાવર કૅરેબિયન શ્રી મેલ્વિન તેઓ પાસે આવી ચડ્યો. તે સ્વામીશ્રીના બ્રહ્મચર્ય-વ્રતની વાત સાંભળીને આશ્ચર્યચકિત હોવાથી સ્વામીશ્રી પાસે જતાંવેંત તેણે પોતાની પડછંદ કાયા નમાવતાં પૂછ્યું: 'Since how many years are you observing this rule of not seeing woman?' – આપ કેટલાં વર્ષોથી મહિલાઓને ન જોવાનો નિયમ પાળી રહ્યા છો?

'સાઈઠેક વર્ષથી.' બાજુમાં ઊભેલા બ્રહ્મવિહારીદાસ સ્વામી વચ્ચે જ બોલ્યા. તેઓએ અઢારમા વર્ષે સ્વામીશ્રીએ સ્વીકારેલા ત્યાગાશ્રમના અનુસંધાનમાં ગણતરી કરી હતી.

પરંતુ તે સુધારતાં સ્વામીશ્રીએ કહ્યું: 'ના, એને કહો – ૭૫ વર્ષથી.'

આ સાંભળતાં જ મેલ્વિન સહિત સૌનાં નેત્રો વિસ્ફારિત થઈ ગયાં. સંતોને તો સ્વામીશ્રીના શબ્દોમાં શ્રીજીમહારાજનાં આ વચનોનો જ પડઘો સંભળાઈ રહ્યો કે 'અમે જન્મ્યા છીએ તે દિવસથી કરીને આજ દિવસ પર્યંત સદાય નિર્દોષપણે છીએ.'[૨]

આવા આજન્મશુદ્ધ સ્વામીશ્રી તા. ૨૪/૭ની સાંજે સભાસ્થળ તરફ હંકારી રહેલા ત્યારે તેઓને ગાડીચાલક યુવાને પૂછ્યું કે 'બાપા! આજે રોજ કરતાં વહેલા છીએ તો શહેરમાં જરા આંટો મારવો છે?'

'ના, ત્યાં શું કામ છે?'

'વહેલા છીએ ને લોકો ઓછા આવ્યા હોય, તેથી વજન ના પડે.'

'આપણે વજન સાથે શું લેવા-દેવા છે? વહેલા જઈને બેસવામાં આપણી શોભા છે. ભાર પડ્યો કે નહીં – એ બધું લૌકિક વ્યવહારમાં હોય, આપણે નહીં. તું જવા જ દે. ધીમી ના ચલાવતો.' સડસડાટ દોડતી ગાડીની જેમ સ્વામીશ્રીની ભાવના રેલાઈ રહી.

---

૨. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩૩.

માનની ઉઘરાણી માટે પેંતરા રચવાનું તેઓને ન ફાવે.

આપણે સોનાના છીએ

તા. ૨૬/૭ના રોજ સાયંભ્રમણ કરી રહેલા સ્વામીશ્રી પાસે યજમાનનો કુટુંબી બાળક વંદન બે મોટા ફુગ્ગા લઈને દોડી આવ્યો. તેનો આ પ્રેમભાવ સ્વીકારતાં, સ્વામીશ્રીએ બે હાથમાં એક-એક ફુગ્ગો લઈ ભ્રમણનો એક આંટો પૂરો કર્યો. તે પછી એ ફુગ્ગા બાળકને પરત કર્યા. મહાનતા કેટલી અલ્પતા ધારણ કરી શકે છે તેનું આ દર્શન પામી સૌના ચહેરા પર હાસ્ય ફરી વળ્યું.

આ રીતે એક બાળકના મનોભાવની દરકાર લેનારા સ્વામીશ્રીએ તા. ૨૭/૭ની સવારે કિશોરોને હિતવચનો સંભળાવ્યાં કે –

"આપણે સોનાના છીએ. આપણને બહારનું કે અંદરનું વાતાવરણ અસર કરવું ન જોઈએ. સોનું ઢીલું-પોચું ન થાય ને અક્કડ પણ ન થાય. ઊભરોય ન આવે ને ઊભરો બેસીય ન જાય. આપણે ભેગા થઈએ પણ એકબીજાના અવગુણ ગાઈએ એ ન થવું જોઈએ. સંપ તૂટવાનું કારણ જ અભાવ-અવગુણ છે. આપણે કેવળ ભગવાન અને સંતની સામું જ જોવું. જોગીબાપા ખોટા છે? એની સામું જુઓ ને! બીજા શું કરે છે એ શું કામ જોવું? તમારામાં એવા બીજા દોષો નથી? 'મારો ઑર્ડર બધાએ પાળવો જોઈએ પણ હું કોઈના ઑર્ડરમાં ન રહું' એવી ભાવના છે બધાની! આપણે ભગવાનનો ઑર્ડર માનો, આપણે એમને રાજી કરવા છે.

પાર્ટીઓને કલ્ચર (સંસ્કૃતિ) કહે છે, પણ જેમાં બાઈ-ભાઈ ભેગાં થઈ નાચે એવા ડિસ્કો એ કલ્ચર છે? કચ્ચર છે. આપણા અસલ કલ્ચર પર જાવ ને! પણ રોકીએ ત્યાં વધારે વસમું પડે છે. આ મંદિર કર્યું એ આપણા માટે છે.

કોઈકની ભૂલ થઈ જાય એ બરાબર, પણ વાતો બધે કર્યા કરીએ એ સારું નહીં. એમાં રાજી થવાની જરૂર નહીં. આપણે ભૂલ નથી કરતા? ભૂલ થાય તો મોટું મન રાખી ક્ષમા કરવી. સુધરશે તો અહીં સુધરશે. બે-પાંચ વાર ભૂલ થાય તો પછી એ એની જાતે જ નીકળી જશે. આપણને ઍક્શન (પગલાં) લેવાનો શું અધિકાર? દંડ કરવો હોય તો જાત ઉપર કરો ને!"

આ અણધારી વાત બની ગઈ

આ અરસામાં સ્વામીશ્રી સમક્ષ મંદિર-મહોત્સવના વિવિધ સેવા-

વિભાગો ક્રમ વાર અહેવાલ આપતા.

તે મુજબ તા. ૨૮/૭ની સવારે સોવેનિયર વિભાગે પોતાની રજૂઆત બાદ તૈયાર થયેલી સ્મરણિકા સ્વામીશ્રીના હાથમાં મૂકી. તેને આદિથી અંત સુધી જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'ઇઝલિંગ્ટન મંદિરમાં યોગીબાપાએ પ્રતિષ્ઠા કરી એ ફોટો આમાં નથી. એ મુકાવો. અત્યારે જ એ ફોટો મેળવીને વ્યવસ્થિત કરી દો.'

આ સૂચનમાં સ્વામીશ્રીના સૂક્ષ્મ નિરીક્ષણ કરતાંયે તેઓની સદા સજાગ ગુરુભક્તિ વધારે ઝળકતી દેખાય છે. કોઈ પણ રીતે ગુરુનું નામ-કામ રોશન થાય એમાં જ તેઓને રસ.

આવો જ ભક્તિભાવ ઘૂંટતાં, તેઓ આજની રાત્રે ઉતારે યોજાયેલી સમર્પિત ભક્તોની સભામાં બોલ્યા : 'મંદિરનું જે કામ થઈ રહ્યું છે એ અદ્‌ભુત છે. આ અણધારી વાત બની ગઈ. આવું મંદિર કરશું એવું ધાર્યું ન'તું. એનો અરથ એ કે ભગવાનની ઇચ્છા પ્રમાણે થયું. બાકી આપણે તો ટૂંકા વિચારના માણસો. ભગવાનના વિચારો મોટા એટલે આવો સુયોગ કરી આપ્યો.'

અહંની એઠથી અસ્પૃશ્ય આ શબ્દો સૌને અલૌકિક લાગ્યા. પોતાના જ વિચાર અને વર્તનની નીપજ સમા મંદિરના મુકુટને સ્વામીશ્રીએ ઠાકોરજીના શિરે કેવો સિફતપૂર્વક ગોઠવી દીધો !

આ દાસભાવ સાથે તેઓએ તા. ૨૯/૭ની સવારે ભારતીય રાજદૂત શ્રી એલ. એમ. સિંઘવીના કેન્સિંગ્ટન પેલેસ ગાર્ડનના નિવાસસ્થાને પગલાં કર્યાં. અહીંથી તેઓ હિંદુજા પરિવારના ઘેર પધાર્યા ત્યારે આ કુટુંબના સભ્યો ખુલ્લા પગે સ્વાગતમાં ઊભેલા. તત્કાલીન ઈંગ્લેન્ડના શ્રીમંતોની સૂચિમાં સાતમા ક્રમાંકે આવતા તે સૌએ સ્વામીશ્રીનો ભાવભર્યો સત્કાર કરી તેઓને દીવાનખંડમાં પધરાવ્યા. અહીં પ્રાસંગિક પૂજન બાદ શ્રી ગોપીચંદ હિંદુજાએ પૂછ્યું : 'સ્વામીજી ! લંડન કેવું લાગ્યું ?'

'ભગવાન બિરાજ્યા ને તમારા જેવા ભક્તો મળ્યા એટલે સારું જ હોય ને ! બાકી બધા દેશો સરખા છે.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓને ભક્ત અને ભગવાન વિના દેશ-દુનિયામાં કોઈ દિલચસ્પી નહોતી.

આવા અસંગી તેઓ સમક્ષ શ્રીચંદ હિંદુજાએ ભાવના વ્યક્ત કરી કે 'નિસડનમાં થયું એવું મંદિર તો રીજન્ટ્સ પાર્કમાં થવું જોઈએ, બકિંગહામ

પેલેસની નજીક.'

'તમે સંકલ્પ સારો કર્યો છે, ભગવાન એ પૂરો કરશે.'

આટલી આર્ષવાણી ઉચ્ચારી મંદિરે પરત ફરેલા સ્વામીશ્રીને મળવા ગુજરાત સમાચાર દૈનિકના સંવાદદાતા શ્રી દેવેન્દ્ર પટેલ પ્રતીક્ષામાં બેઠેલા. તેઓએ સ્વામીશ્રી સમક્ષ અહોભાવ પ્રગટ કર્યો કે 'અહીં મંદિર જોયું. દેલવાડાનાં દેરાંનેય લોકો ભૂલી જશે. હજારો વર્ષ સુધી લોકો આપને યાદ કરશે. આ મંદિરથી હિંદુ વાદ અને હિંદુ આર્ટ – બંને જીવી ગયાં. આ મંદિર તૈયાર થયા પછી આપને શું લાગણી થાય છે?'

'આપણે ધાર્યું ન'તું એવું થયું છે.'

'હવે પછી આપનો બીજો સંકલ્પ શું છે?'

'બસ! ભગવાન જે સુઝાડે એ કરીએ છીએ.' સ્વામીશ્રીએ જણાવ્યું.

*'મરજી વિના પગલું ન ભરે...'*ની તેઓની આ શૈલી પેલા પત્રકારને સ્પર્શી જતાં તેઓ બોલી ઊઠ્યા: ''સન ૧૯૮૫માં ગુણાતીત દ્વિશતાબ્દી થઈ ત્યારે મને એમ હતું કે 'સંસ્થાનું હાઇ પોઇન્ટવાળું (ટોચનું) કામ થઈ ગયું. હવે આવું કામ નહીં થાય.' ત્યાં 'અક્ષરધામ' થયું અને અહીંનું જોયા પછી હું કોઈ લિમિટ (સીમા) બાંધવા માંગતો નથી.'' આટલું કહેતાં એ ખબરપત્રી સ્વામીશ્રીના અમર્યાદિત ઐશ્વર્યના પ્રદેશમાં ખોવાઈ ગયા.

'યુનો'ના સલાહકાર તરીકે સંસ્થાની નિયુક્તિ

તા. ૩૧/૭ની સાંજે યુરો સ્ટાર ટ્રેન દ્વારા પેરિસ પહોંચેલા સ્વામીશ્રીનો નિવાસ અત્રે ગ્રોનલ વિસ્તારમાં વસેલી ફ્લેટોટેલ ઇન્ટરનેશનલ હૉટલના ૩૧મા માળે રાખેલો. અહીંથી જગપ્રસિદ્ધ ઍફિલ ટાવર સ્પષ્ટ દેખાતો હોવાથી તે બતાવતાં સ્વામીશ્રીએ સહવાસીઓને પૂછ્યું: 'પેલું મહેફિલ ટાવર જોયું?'

ઍફિલની અજાયબી માટે આ નવો શબ્દ વાપરી સૌને સ્મૃતિ આપનારા તેઓએ તા. ૧/૮ના રોજ સંસ્થાને ઍફિલ ટાવર જેવી જ એક ઉચ્ચ સિદ્ધિ અપાવી. આજ રોજ 'યુનો' દ્વારા બી.એ.પી.એસ.ને 'NGO in consultative status (Category II) with the Economic and Social Council of the United Nations' – યુનોની આર્થિક અને સામાજિક સમિતિના બિનસરકારી સલાહકાર તરીકેનું પદ એનાયત થયું.

છેલ્લાં ૨૫ વર્ષ દરમ્યાન સ્વામીશ્રીના નેતૃત્વ હેઠળ સંસ્થાએ મેળવેલી

અકલ્પ્ય પ્રગતિ અને પ્રતિષ્ઠાના શિરપાવરૂપ આ પદ હતું. આવું સન્માન મેળવનારી ગુજરાતની પ્રથમ સંસ્થા બી.એ.પી.એસ. બની. તેથી સંતોએ ઉમંગપૂર્વક આ સમાચાર સ્વામીશ્રીને આપ્યા, પરંતુ તેઓએ શ્રીજીમહારાજ અને શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજની કૃપાને આ સિદ્ધિના કારણરૂપે જણાવી વાતમાં કોઈ વિશેષ રસ ન દાખવ્યો. તેઓ તો પેરિસના બે દિવસના રોકાણ દરમ્યાન આ નાનકડા મંડળના વિકાસ માટે જ પ્રયત્નશીલ રહ્યા અને તા. ૨/૮ની બપોરે પુનઃ લંડન પધારી ગયા.

અહીં સ્ટેશને ઊતરીને શ્રી નીતિનભાઈ પલાણના ઘેર ઠાકોરજી જમાડવા જઈ રહેલા તેઓના હાથમાં સત્સંગ પત્રિકા આવી. તેમાં છપાયેલું મંદિર-મહોત્સવનું આમંત્રણ અનેક વિગતોથી ભરચક હતું. તે પર નજર ફેરવતા સ્વામીશ્રી ઉપરછલ્લું વાંચતા હોય તેવો ભાસ થતો હતો, પરંતુ વાંચન પૂરું કરીને તેઓએ સૂચના આપી કે 'આ આમંત્રણની વિગતમાં શિવ-પાર્વતીનું નામ રહી ગયું છે. અહીંની આમંત્રણ પત્રિકામાં પણ એવું છે કે સત્સંગ પત્રિકામાં સરતચૂક થઈ છે એ જોઈ લેજો ને સુધારી લેજો.'

ઉચ્ચ કક્ષાની નામના મેળવ્યા પછીયે આવી ઝીણી બાબતોની ચોકસાઈ સ્વામીશ્રીની ભક્તિ અને કર્તવ્ય-પરાયણતાને સૂચવી રહી.

વધામણીનો વરસાદ

લંડન ખાતે આયોજિત મંદિર મહોત્સવના સ્થળ તરીકે ગિબન્સ ગ્રાઉન્ડ પસંદગી પામેલું. તે પર આકાર લેનારા 'સ્વામિનારાયણ નગર'ના બાંધકામનો વિધિસર પ્રારંભ તા. ૩/૮ની સવારે સ્વામીશ્રીએ કરી આપ્યો. ત્યારબાદ તેઓ ઉતારે પધાર્યા ત્યારે અહીં નૈરોબીથી આવેલા ભક્તો પૈકીના એકે અહોભાવ વ્યક્ત કર્યો કે 'બાપા ! મંદિર જોયું. તમે તો અહીં રિદ્ધિ-સિદ્ધિ ખડી કરી દીધી છે !'

'રિદ્ધિ-સિદ્ધિની વાત ક્યાં છે ? અહીં તો બધાં ડબલાં (કૅન) વીણે છે. ઘેર-ઘેર જઈને બે-પાંચ પાઉન્ડ માંગીને બધું ભેગું કર્યું છે. એમાં સિદ્ધિની વાત ક્યાં આવી ?'

સિદ્ધિ પર શ્રમની સરસાઈ સ્થાપતાં સ્વામીશ્રી બોલ્યા, કારણ કે મંદિર-નિર્માણમાં સહયોગ આપવાના ભાગરૂપે અહીં કૅન કલેક્શનનો કાર્યક્રમ યોજાયેલો. તેમાં ચાર વર્ષના બાળકથી લઈને ૮૦ વર્ષના વૃદ્ધોએ કુલ ૫૦

લાખ કેન એટલે કે ૯૧,૩૫૫ કિલો એલ્યુમિનિયમ રી-સાઇક્લિંગ માટે એકત્રિત કરી પર્યાવરણ સુરક્ષાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડેલું.

એ જ રીતે, મંદિર-નિર્માણમાં ટેકો ધરવાના હેતુસર કેર પત્રિકાઓ પ્રકાશિત કરવામાં આવેલી. સંસ્થા દ્વારા લેવાતી વ્યક્તિ, વિશ્વ, પરિવાર, સમાજ અને માનવતાની સંભાળને રજૂ કરતી આ પત્રિકાઓનું વિતરણ કરી સત્સંગીઓ આર્થિક અનુદાન એકત્રિત કરતા.

આમ, સૌની સહિયારી સેવા વડે ખડા થયેલા આ મંદિરના મહિમા-ગાનથી આ સમયે પશ્ચિમી અખબારોની કૉલમો ઊભરાવા લાગેલી.

ધ ગાર્ડીઅન, એશિયન એઇજ, ધી ઍડવૉકેટ, ધી ઇન્ડિપેન્ડન્ટ, ધ ટાઇમ્સ, ધ ડેઇલી ટેલિગ્રાફ, ધ સન્ડે ટેલિગ્રાફ, ડેઇલી ઍક્સપ્રેસ વગેરે વિખ્યાત વર્તમાનપત્રો મંદિરની આલબેલ પોકારવા માંડેલાં કે –

'આ મંદિરની ગુણવત્તાને તોલે ભાગ્યે જ કોઈ કૃતિ આવી શકે...'

'ગ્રીષ્મના તેજસ્વી સૂર્યમાં ચમકતું-દમકતું આ મંદિર જાણે ગુજરાત રાજ્યનાં લીલાછમ જંગલો વચ્ચેથી સીધું જ ઉપાડીને અત્રે મૂકી દીધું હોય એમ લાગે છે...'

'ભારત બહારનું સૌથી મોટું હિંદુ મંદિર...'

'બ્રિટનનો તાજમહલ...'

'નિસડનમાં દિવ્યતા એની ચરમસીમાએ...'

'હિંદુઓનું સ્વર્ગ...'

મંદિરની પ્રતિષ્ઠા પૂર્વે થવા માંડેલા આ વધામણીના વરસાદે ભારતીયો ઉપરાંત વિલાયતીઓમાં પણ મંદિર-મહોત્સવની ખાસ્સી ઉત્કંઠા જગાડી દીધી.

એક-એક સ્તંભમાં ભગવાનનો આવિષ્કાર

સ્વામીશ્રી સમક્ષ રોજેરોજ થતા અહેવાલ-કથનના ક્રમમાં, તા. ૪/૮ની રાત્રે બાંધકામ, મેઇન્ટેનન્સ અને ઈલેક્ટ્રિક વિભાગોના સ્વયંસેવકોનો પરિચય આપવા બેઠેલા કાર્યકરે જ્યાં વાત કરી કે 'બાપા ! આ ગિરીશ.'

ત્યાં જ સ્વામીશ્રી બોલ્યા : 'હા, એ બહુ જૂનો. એના પપ્પા દાદુભાઈ. મૂળ વસોના. એના દાદા ભઈલાલ. શૂરવીર ! વઢવાણની પ્રતિષ્ઠાનો પહેલો કાગળ લઈને શાસ્ત્રીજી મહારાજ પાસે આવ્યા'તા.'

સ્વામીશ્રી પાસે પરિચય આપનારો હરહમેશ આશ્ચર્ય અનુભવતો,

કારણ કે તેના કરતાં સ્વામીશ્રી વધુ માહિતી ધરાવતા જોવા મળે.

આમ, મમતા અને માહિતીના ખજાના સમા તેઓએ, જેમ-જેમ મંદિર-પ્રતિષ્ઠાના દિવસો નજીક આવવા માંડ્યા તેમ-તેમ ઉતારે ઓછું અને મંદિરે વધુ રોકાવાનું શરૂ કર્યું. પ્રાતઃપૂજાથી પરવારી મંદિરે આવી જતા તેઓ રાત્રે જ નિવાસસ્થાને પધારતા. બપોરનો વિશ્રામ પણ મંદિરે જ લેતા. અહીં તો બાંધકામનો ધમધમાટ ચારેકોર ચાલતો હોવાથી ઊંઘમાં વિક્ષેપ પહોંચે, તેથી સૌ સ્વામીશ્રીને આરામદાયક ઉતારે રહેવા વીનવે, પણ તે વિનંતી તેઓ કાને ન ધરતા. સૈન્યને નદીમાં ઉતારી પોતે કિનારે બેસી રહે એવા એ સેનાપતિ નહોતા.

આવા વિરલ નેતાએ લંડનમાં સર્જેલા મંદિરને જોઈ અચંબો પામેલા વિશ્વ હિંદુ પરિષદના મહામંત્રી શ્રી અશોક સિંઘલે તો તા. ૬/૮ના રોજ સ્વામીશ્રીને જ કહી દીધું કે 'મંદિરનું નિર્માણ અહીં આટલી ઝડપથી થયું એ બાબતમાં આપનું માર્ગદર્શન જોઈએ છે. અયોધ્યામાં પણ આ રીતે ઝડપથી મંદિર બને એવું અમે ઇચ્છીએ છીએ.'

આવો જ અહોભાવ વ્યક્ત કરતાં આ અગ્રણીએ આજની સાંજે હેમરસ્મિથ ટાઉન હૉલ ખાતે યોજાયેલી સભામાં પણ જણાવ્યું કે –

'અહીંનું મંદિર જોઈને મારી છાતી ફૂલી જાય છે. પાછલાં હજાર વર્ષમાં ભારતની બહાર કોઈ પણ દ્વારા ન થયું હોય એવું આ કાર્ય છે ! આ કાર્ય કઈ રીતે પૂરું થઈ શક્યું હશે એ મોટા વિચારકો માટે સંશોધનનો વિષય બની રહેશે. અહીં મંદિરના એક-એક સ્તંભમાં ભગવાનનો આવિષ્કાર જોઈ શકાય છે.'

આપણે તો ભગવાન પહેલા છે

લંડનમાં સ્વામીશ્રીએ સર્જેલા મંદિરની આરતી મહાનુભાવો તથા અખબારોની સાથે રેડિયો અને ટી.વી. ચેનલો પણ ઉતારવા માંડેલી. તેમાં CNN, BBC, ઝી, ચેનલ-૪ જેવી વિશ્વવિખ્યાત પ્રસારણ સંસ્થાઓથી લઈને સ્થાનિક ચેનલોનો સમાવેશ થતો હતો. તેની વિગતો સમયે-સમયે સ્વામીશ્રી સમક્ષ રજૂ થતી.

આવી જ એક રજૂઆત તા. ૭/૮ની સવારે થઈ ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'આ સમાચારમાં ઇટાલી અને બલ્ગેરિયાના પથ્થરો વપરાયાની વાત આવી

તો એમાં અંબાજીના પથ્થરનું કેમ ન આવ્યું ? પેલાની સાથે આ પણ આવવું જોઈએ. માટે જે ઇન્ટરવ્યૂ આપતા હોય તેને શીખવાડી દો કે આ પણ બોલે જ !'

લંડનના મંદિરમાં બલ્ગેરિયાની ખાણોનો ૨,૮૨૮ ટન લાઈમ સ્ટોન, ઈટાલીની ખાણોનો ૧,૨૦૦ ટન સંગેમરમર, અંબાજીની ખાણોનો ૯૨૦ ટન આરસ તથા સરદિનિઆનો ૧૩૫ ટન ગ્રેનાઇટ ઉપયોગમાં લેવાયેલો. ૫૦ ગ્રામથી ૫૬ લાખ ગ્રામ વજન ધરાવતા કુલ ૨૬,૩૦૦ પથ્થરોમાંથી આ મંદિર નિર્માણ પામેલું. તે સંદર્ભમાં સ્વામીશ્રીએ ઉપરોક્ત ટકોર કરી.

આ જ રીતે તેઓના સાંભળવામાં આવેલી અખબારી વિગતોમાં કાષ્ઠની હવેલીના આર્કિટેક્ટ તરીકે શ્રી નાઇજલ લેનનું નામ ક્યાંય આવ્યું નહોતું. તે બાબતે પણ ધ્યાન દોરતાં તેઓ બોલ્યા: 'એમનું નામ પેપરોમાં નથી આવતું, તો એની તપાસ કરી હવેથી એ નામ આવે એવું કરજો.'

આમ, કોઈનાય સહયોગને ન ભૂલનારા સ્વામીશ્રી ઠાકોરજીને તો શીદ ભૂલે ?

તેથી જ્યારે તા. ૧૭/૮ની સાંજે ચેનલ-૪ના સંવાદદાતા વીડિયો-સંદેશ મુદ્રિત કરવા આવ્યા ત્યારે સ્વામીશ્રીએ પ્રથમ જ પાકું કરી લીધું કે 'હરિકૃષ્ણ મહારાજને (ફિલ્માંકનમાં) લેવાના છે કે નહીં ?' આટલું પૂછી તેઓ બોલ્યા: 'આપણે તો ભગવાન પહેલા છે. એ અહીં બિરાજવાના છે. એનાં જે દર્શન કરશે એ લોકોનું કલ્યાણ થશે. આપણે ટી.વી.માં આવીએ ને ઠાકોરજી રહી જાય એવું કેમ ચાલે ?'

લંડનના મંદિરમાં પ્રાસાદ-પ્રવેશ

તા. ૧૮/૮ની સવારે પોણા નવ વાગ્યે સ્વામીશ્રી નિસડનના બ્રેન્ટફિલ્ડ રોડ અને મેડો ગાર્થના પૂર્વીય ભાગના[3] સંગમે પધાર્યા ત્યારે અહીં ૧૬૩ સ્તંભ, ૩૨ ગવાક્ષ, ૭ શિખર, ૬ ઘુમ્મટ, ૪ ઝરૂખા અને ૫૦૦ ભાત ઉપસાવતી ૫૫ છતના સંયોજનથી ખડું થયેલું મંદિર તેઓને વધાવવા થનગની રહેલું. ૧૯૫ x ૭૫ x ૭૦ ફૂટના પરિમાણનું આ સ્થાપત્ય London landmark(લંડનના સીમાચિહ્ન)ની ખ્યાતિને પામનારું હતું. તેના પાયામાં ૨૩ થી ૩૬ ફૂટની ઊંડાઈ અને બે ફૂટનો વ્યાસ ધરાવતા ૧૯૪ થાંભલા ૭૦૦

---

૩. આ રસ્તાને તા. ૧૨/૧૦/૨૦૨૦થી બ્રેન્ટ બરોની કેબિનેટે 'પ્રમુખસ્વામી રોડ' તરીકે ઘોષિત કર્યો છે.

ટન કોંક્રીટ સંઘરીને ઊભેલા.

આ અડીખમ આધાર પર ૨૨,૬૦૦ ચો.ફૂ.માં પથરાયેલી ૧૮૦ સેન્ટિમીટર જાડી ભરણીમાં ૪,૫૦૦ ટન કોંક્રીટ પૂરવામાં આવેલું. માઇનસ પાંચ ડિગ્રી તાપમાન વચ્ચે સતત ૨૪ કલાક ચાલેલી કાર્યવાહી દ્વારા સંપન્ન થયેલું આવું ગંજાવર બાંધકામ ઈંગ્લેન્ડની ધરતી પર અગાઉ કદી થયું નહોતું.

આવા ખમતીધર સ્તર પર ઊભેલા ૮,૦૦૦ ટન વજન ધરાવતા મંદિરના પથ્થરની ઘડાઈ માટે રાજસ્થાન અને ગુજરાતમાં ચૌદ સ્થળે શિલ્પ-શાળાઓ ઊભી કરવામાં આવેલી. તેમાં પ્રથમ પથ્થર ઘડવાનું શરૂ થયેલું – તા. ૧૫/૨/૧૯૯૩ના રોજ અને છેલ્લો પાષાણ નકશી પામ્યો – તા. ૧૦/૬/૧૯૯૫ના દિવસે. આ પથ્થરો ક્રમ વાર ઈંગ્લેન્ડ આવતાં અહીં પથ્થરના બાંધકામનો પ્રારંભ થયેલો – તા. ૨૯/૯/૧૯૯૩થી અને પૂર્ણાહુતિ થઈ – ઑગસ્ટ, ૧૯૯૫માં !

આમ, માત્ર અઢી વર્ષની ટૂંકી સમયાવધિમાં ઇટાલી, બલ્ગેરિયા, અંબાજીના પથ્થરો કંડલા પહોંચી, ત્યાંથી વિવિધ સ્થળે કોતરણી પામી, પુનઃ કંડલાથી જહાજો દ્વારા ઈંગ્લેન્ડમાં ઊતરી, અત્રે નિસડનમાં મંદિરરૂપે ગોઠવાઈ ગયેલા ! આવું કાર્ય પણ વિશ્વ પ્રથમ વાર નીરખી રહેલું.

આવા અદ્વિતીય મંદિરના મુખ્ય દ્વારેથી તા. ૧૮/૮ની સવારે પ્રવેશ કરી સ્વામીશ્રીએ દ્વારશાખનું પૂજન કર્યું. તે પછી તેઓ ઘુમ્મટ તળે ચાલતા વાસ્તુવિધિમાં પહોંચ્યા ત્યારે અત્રે મંદિર-નિર્માણના યજ્ઞમાં હોમાઈ ગયેલા હરિભક્તો બેઠેલા. તેમાંના મોટા ભાગના યજમાનોને સ્વામીશ્રીએ સ્વહસ્તે નાડાછડી બાંધી. ત્યારબાદ શેષ વિધિ સંપન્ન કરી તેઓ ગર્ભગૃહના દ્વારશાખને પૂજતાં ગર્ભગૃહમાં પ્રવેશ્યા.

અહીં સિંહાસનની પીઠિકા પર બિરાજી પીંડિકાપૂજન કર્યા પછી તેઓનાં પગલાં કાષ્ઠનિર્મિત કોતરણીયુક્ત હવેલીમાં પડ્યાં.

સભાગૃહ, રસોઈઘર, રમતકક્ષ, પરિષદ ખંડ, લગ્નમંડપ, કાર્યાલય સંકુલ, ગ્રંથાલય, ભંડાર વગેરે સુવિધાઓથી સજ્જ આ હવેલી ૧,૦૨,૦૧૮ ચો.ફૂ. વિસ્તારમાં પથરાયેલી. બર્માનાં સાગ અને બ્રિટનનાં ઑક વૃક્ષનાં કાષ્ઠમાંથી નિર્માણ પામેલા આ સંકુલના બાંધકામમાં વપરાયેલાં ૨૨૬ ઑક વૃક્ષોના વળતરરૂપે ૨,૩૦૦ ઑક વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલું.

આમ, પર્યાવરણને સુરક્ષિત જ નહીં, પણ સંવર્ધિત કરીને રચવામાં

આવેલી આ હવેલીને રોનકદાર બનાવતી હતી – ૨૫૦ x ૩૫ ફૂટની પાર્શ્વભૂ (facade). કલામંડિત ૫૪ કાષ્ઠ-સ્તંભો પણ હવેલીને કમનીય શોભા આપી રહેલા. તેની સાથે પ્રકાશ-યોજનાથી ઓપતી કાષ્ઠકલાયુક્ત બે માળ ઊંચી દીવાલો અને મોહક ઝરૂખા આગવું આકર્ષણ જન્માવતાં હતાં. આ હવેલીની ભોંય પર પથરાયેલી જાજમમાં પરંપરાગત ગુજરાતી શૈલીની નયનરમ્ય ગૂંથણી કરવામાં આવેલી. આંખોને શાંત અસરથી ભરતા રંગો દ્વારા ઊપસેલી તે ભાત અતિથિને અનેરા રોમાંચનો અનુભવ કરાવતી હતી.

આ રીતે ૧૭,૭૬૦ ચો.ફૂ. કાષ્ઠ પર નીખરી ઊઠેલી ભારતીય કલાનાં નૂર ધરાવતી આ હવેલીમાં પ્રવેશ વખતે સ્વામીશ્રીએ સ્થપતિ અને કૉન્ટ્રાક્ટરો સહિત આ સંકુલના મુખ્ય સૌજન્યદાતા શ્રી ચંદુભાઈ દાલિયા વગેરેને સાથે રાખ્યા. જન્માષ્ટમીના શુભ દિવસે થયેલા સ્વામીશ્રીના આ પદાર્પણથી પ્રતિષ્ઠાના પર્વનો પ્રારંભ થઈ ગયો.

હિંદુ શ્રદ્ધાનો પ્રચંડ વિસ્ફોટ

મંદિરમાં થયેલા સ્વામીશ્રીના પ્રાસાદ-પ્રવેશ બાદ તા. ૧૮/૮ની બપોરે નગરયાત્રાની નોબતો ગગડવા માંડી. હાઇડ પાર્કથી શરૂ થનારી આ શોભાયાત્રા પિકાડેલી સર્કસ, હે માર્કેટ થઈને ટ્રફાલ્ગર સ્ક્વેરમાં વિરમવાની હતી. તેમાં સામેલ થનારા ૮,૦૦૦થી વધુ ભાવિકોની વ્યવસ્થા જાળવવા પોલીસતંત્રે એક પોલીસ દીઠ ૨૫૦ પાઉન્ડના પગારે ૨૦૦ ચુનંદા સંત્રીઓ ગોઠવી દીધેલા.

અલબત્ત, સંસ્થાના સ્વયંસેવકો અને હરિભક્તોની સ્વયંશિસ્તથી નગરયાત્રા એટલી શાંતિપૂર્વક સરકી કે પોલીસો તો શોભાના જ બની રહ્યા ! તે જોઈ સ્કોટલેન્ડ યાર્ડ પોલીસના મુખ્ય ટ્રાફિક નિયંતા તો પોલીસ દીઠ ઠરાવેલો અઢીસો પાઉન્ડનો ચાર્જ લેવાનો ઇન્કાર કરતાં બોલ્યા: ‘અમે ફી નહીં લઈએ પણ આ નગરયાત્રાની એક વીડિયો લઈશું, જે અમારા એક પાઠ તરીકે અમે જાળવીશું. શોભાયાત્રામાં આપને અમારી જરૂર નથી.’

શિસ્તબદ્ધ સત્સંગીઓની જેમ આજે સૂર્ય પણ પોતાના તેજ સાથે સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનને વધાવવા આવી પહોંચ્યો હોવાથી તાપમાનનો પારો ૩૧ ડિગ્રી સેન્ટિગ્રેડના આંકને આંબી ગયો. જો કે પોતાની અનિશ્ચિતતા માટે પ્રખ્યાત વિલાયતી હવામાન માત્ર આજે જ નહીં, પણ

સમૈયાની પૂર્ણાહુતિ સુધી સખણું રહેતાં ઈંગ્લેન્ડની ધરતીએ છેલ્લાં ૩૦૦ વર્ષોમાં ન જોયો હોય એવો ઉનાળો આ વર્ષે અનુભવ્યો ! તેથી કાળા બજારમાં પંખાઓ વેચાવા લાગ્યા અને ઠંડાં પીણાંની જગ્યાઓ ખાલી થઈ ગઈ. પ્રસાર માધ્યમોએ તો આ આબોહવાને ઇન્ડિયન સમર (ભારતીય ઉનાળો) તરીકે જ ઘોષિત કરી દીધી. તા. ૨૫/૬ થી તા. ૨૩/૮ સુધી રહેલું આવું ઉષ્માસભર હવામાન, તા. ૨૩/૮ની બપોરે મહોત્સવની અંતિમ સભા બાદ સ્વામીશ્રી મોટરમાં બેસતાં જ વરસાદી બની ગયેલું !

આવા વિસ્મયકારી વાતાવરણમાં તા. ૧૮/૮ની બપોરે એક વાગ્યે શોભાયાત્રાને લીલી ઝંડી મળતાં જ લંડન હિલોળે ચડ્યું. સિંહ રથમાં બિરાજમાન ઘનશ્યામ મહારાજ, મયૂર રથમાં શોભતા અક્ષર-પુરુષોત્તમ મહારાજ, ગજ રથમાં દર્શન દેતી ગુરુપરંપરા, હંસ રથમાં મહાલતા હરિકૃષ્ણ મહારાજ અને રાધાકૃષ્ણ દેવ, નંદી રથ તથા ગરુડ રથમાં અનુક્રમે પ્રતિષ્ઠિત થયેલાં શિવ-પાર્વતી તેમ જ રામ-સીતા, તો મત્સ્ય રથમાં બેઠેલાં પ્રેરક ભારતીય પાત્રોના પરિવેશમાં સજ્જ બાળકો... જાણે સપ્તરંગી મેઘધનુષ જ પૃથ્વી પર ઊતરી પડ્યું હોય તેવો ભાસ કરાવતા આ સાત રથની વચ્ચે-વચ્ચે પરંપરાગત લોકનૃત્યો અને કીર્તનોની રમઝટ બોલતી હતી. તેની સાથે લેસ્ટર, ડલાસ, નૈરોબી અને સ્કોટિશ પાઇપ બૅન્ડના વાદન, ભક્તોના હાથમાં લહેરાતા વિવિધ દેશોના રાષ્ટ્રધ્વજ, સો ઉપરાંત સંતોની ભગવી આભા, સકળશ મહિલામંડળ વગેરેની શોભા જોઈ શહેરવાસીઓ થંભી ગયા.

બ્રિટનના વક્ષઃસ્થળ પર નીકળેલી આ ભારતીય સંસ્કૃતિની વિજય-સવારી જોઈ પ્રસિદ્ધ અખબાર ધી ઇન્ડિપેન્ડન્ટના તંત્રીએ તો મથાળું બાંધી દીધું :

Hinduism comes of age in Britain – બ્રિટનમાં હિંદુત્વ પુખ્તતા ધારણ કરે છે.

તેની પુષ્ટિમાં આ વર્તમાનપત્રે છાપ્યું પણ ખરું કે –

'સ્વામિનારાયણ મંદિરના ઉદ્‌ઘાટન પ્રસંગે નીકળેલી શોભાયાત્રા મધ્ય લંડનના એવા રાજમાર્ગો પરથી પસાર થઈ કે જ્યાંથી બ્રિટન વિશ્વભરમાં શાસન કરતું. આજથી પચાસ વર્ષ પહેલાં આવું બનવાની કોઈ કલ્પના પણ કરી શકાતી નહીં ! આ ભવ્ય નગરયાત્રા જાણે એવું કહી રહી છે કે પૂર્વના ધર્મની તાકાત મજબૂત થતી જાય છે. આ એક અદ્વિતીય મંદિર દ્વારા એમ સમજી શકાય છે કે આપણી વચ્ચે હવે સમૃદ્ધ

અને અત્યંત આત્મવિશ્વાસ ધરાવતો સમાજ આવી પહોંચ્યો છે.'

આવી આ ઐતિહાસિક શોભાયાત્રાને પોતાની દૃષ્ટિ વડે ધન્ય કરવા સ્વામીશ્રી હૉટલ હેમ્પશાયરના સાતમા માળે ભોજન તથા વિશ્રામ લઈ બપોરે પિકાડેલી સર્કસની જગ્યામાં પધારી ગયા. પાઘ પહેરેલી, લાક્ષણિક ઢબમાં ગાતરિયું ઓઢેલી, હાથમાં માળા ફેરવતી તેઓની મૂર્તિનાં દર્શનની નગરયાત્રીઓને તો કલ્પના જ નહોતી, પરંતુ તે અચાનક સાકાર થતાં ગગનભેદી જયઘોષ ગાજી ઊઠ્યો.

કદાચ તે સાંભળીને જ ધ ગાર્ડીઅન અખબારે લખી દીધું હશે: '*હિંદુ શ્રદ્ધાનો પ્રચંડ વિસ્ફોટ.*'

આ વિસ્ફોટની ધણેણાટી ઝી ટી.વી. ચેનલે જીવંત પ્રસારણ દ્વારા આખાયે યુરોપમાં સંભળાવી. બી.બી.સી.એ પણ નગરયાત્રાની ઝલક બતાવી સેવાનો સંતોષ મેળવ્યો. ઇતિહાસમાં પ્રથમ વાર બ્રિટિશ પોલીસે મધ્ય લંડનના હાર્દ સમા વિસ્તારમાં વાહન-વ્યવહાર થંભાવી સ્વામીશ્રીનાં દર્શનની સાનુકૂળતા કરી આપી. આવો અવર્ણનીય માહોલ અનુભવી સ્વામીશ્રી બોલી ઊઠ્યા: 'સ્વામી-મહારાજ લંડનના હૃદયમાં બિરાજી ગયા. યોગીબાપા ખૂબ રાજી થયા છે. ડંકો વાગી ગયો.'

પરંતુ આ ભાવવિભોર શબ્દો બાદ તેઓએ તરત જ બ્રહ્મવિહારીદાસ સ્વામીને પૂછ્યું: 'અહીં કબૂતરને ચણ ક્યાં નાંખે છે?'

'ટ્રફાલ્ગર સ્ક્વેરમાં.'

'તો તમે મારા વતી એમને ચણ નાંખી આવજો. મૂઠી-મૂઠી નહીં, ખોબે-ખોબે નાંખજો. લોભ નહીં રાખતા.' સ્વામીશ્રીએ સૂચના આપી.

જ્યારે તેઓ આખા યુરોપનું, કંઈક સમાચાર માધ્યમોનું, હજારો સત્સંગીઓનું કેન્દ્ર બનેલા ત્યારે પણ તેઓના કેન્દ્રસ્થાને તો કરુણા અને કલ્યાણ-ભાવના જ રહ્યાં. તેથી પારેવાંઓની ચિંતા કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'પ્રાર્થના કરીએ કે દરેક કબૂતર સત્સંગમાં જન્મ લે, મુક્ત થાય!'

આ સાંભળી સૌને સમજાયું કે 'સ્વામીશ્રી અહીં સન્માન ઝીલવા નહીં, પણ જીવોનું કલ્યાણ કરવા પધાર્યા છે!'

સદીના શ્રેષ્ઠ સંત

તા. ૧૮/૮ની બપોરે સવા ત્રણ વાગ્યે વિરમેલી નગરયાત્રા બાદ

મંદિર મહોત્સવની પ્રથમ સભાનો પ્રારંભ સાંજે ગીબન્સ રિક્રીએશન સેન્ટરમાં થયો ત્યારે અહીં વીસ હજારથી વધુ ભાવિકોની ઉપસ્થિતિને કારણે સભાગૃહ તરીકે બાંધવામાં આવેલી માર્કી સાંકડી પડી. આ હકડેઠઠ મહેરામણને મહંત સ્વામીના પ્રવચન બાદ મહોત્સવના મુખ્ય પુરસ્કર્તા(patron) તરીકે નિમાયેલા ભારતીય રાજદૂત શ્રી એલ. એમ. સિંઘવીએ સંબોધ્યો.

આ પ્રસંગ માટે જ ઝાંબિયાથી આવી પહોંચેલા પૂજ્ય ચિદાનંદ મુનિએ પણ લાગણી અભિવ્યક્ત કરી કે –

'મંદિર અને હવેલીનાં દર્શન કરી હું અવાક્ થઈ ગયો છું. પ્રમુખસ્વામી મહારાજને માટે આપણે કહી શકીએ કે 'Saint of century.' સદીના શ્રેષ્ઠ સંત. લોકો તાજમહલ જોવા જાય છે, દર્શન માટે નહીં. પરંતુ આ મંદિરમાં લોકો પ્રેરણા માટે દર્શન કરવા આવશે. હું તમામ હિંદુઓને કહેવા ઇચ્છું છું કે અગર આપને કોઈ સંસ્થા જોવી હોય, સંપ જોવો હોય, સાચી એકતા-સંવાદિતા જોવી હોય તો આ સ્વામિનારાયણ સંસ્થાનાં દર્શન કરો. તે હિંદુ ધર્મનું એક રત્ન છે.'

આ જ રીતે અમેરિકાના કાર્યક્રમને ઠેલીને આ મહોત્સવમાં ઉપસ્થિત રહેલા મહામંડલેશ્વર પૂજ્ય સત્યમિત્રાનંદગિરિજીએ પણ યશોગાન ગાયાં કે –

'ईसाई बंधुओं के बीच मंदिर करना कठिन है, लेकिन प्रमुखस्वामी ने किया! मैं भारत के प्रधानमंत्री को सुझाव देना चाहता हूँ कि प्रमुखस्वामी में अव्यक्त शक्ति बहुत है, विरोधियों की शक्ति कम हो जाए ऐसा आकर्षण है। अपने देश में अयोध्या, काशी, मथुरा के मंदिरों का काम प्रमुखस्वामी को दो। बीसवीं शताब्दी में गाँधी के बाद कोई महान पुरुष हैं तो वे प्रमुखस्वामी महाराज हैं। वे सब घृणा समाप्त करेंगे।'

આ વક્તવ્ય બાદ સ્વામીશ્રીએ આજે આવેલી જન્માષ્ટમી નિમિત્તે બાલપ્રભુ શ્રીકૃષ્ણના પ્રાગટ્યને આરતીનો અર્ઘ્ય આપી વધાવ્યું.

તેને અનુસરતાં આવેલી તા. ૧૯/૮ના રોજ યજ્ઞ, લગ્ન, દીક્ષા અને યજ્ઞોપવીત વિધિનો ચંદરવો છાઈ રહ્યો. તેની તળે યજ્ઞશાળાના મંચ પર શોભતી ૧૭ મૂર્તિઓ, સુવર્ણકળશ અને ધજાદંડની સન્મુખ ગોઠવાયેલા ૯૫૪ યજમાનોના ચહેરા પર હરખની સુરખી પ્રસરી ગઈ. વૈદિક મંત્રોથી નભ-નગર ગુંજી રહ્યાં. તેની વચ્ચે સ્વામીશ્રીએ અગ્નિપ્રાગટ્ય કરી ઠાકોરજીને પ્રેમથી પૂજ્યા. સમૂહ લગ્નના ૧૧ વરરાજાઓને પણ મીંઢળ બાંધ્યાં તથા

કન્યાઓ માટે મંગળસૂત્ર અને હાર આપ્યાં.

ત્યારબાદ બાર બટુકોને યજ્ઞોપવીત તેમ જ બે નવયુવાનોને દીક્ષા આપી સ્વામીશ્રી મીચલ બ્રૂક સ્કૂલમાં પધાર્યા. અત્રે રચાયેલી બાળનગરીનું ઉદ્‌ઘાટન કરી તેઓ શ્રી ચંદુભાઈ દાલિયાના ઘેર રખાયેલા ઉતારે પરત ફર્યા.

પ્રતિષ્ઠાનું પુનિત પર્વ

તા. ૨૦/૮ની સવારે નવનિર્મિત મંદિરનાં આંગણે પધારેલા સ્વામીશ્રી અત્રે કેટલાંક પગથિયાં ખુરશીમાં બેસીને ચડ્યા, પરંતુ છેલ્લાં દસ પગથિયાં તો તેઓ કોઈનોય ટેકો લીધા વિના આપબળે ચડી ગયા. આ ઉમંગ સાથે સ્વામીશ્રી આજે અંકિત થઈ રહેલી તેજસ્વી તવારીખ જણાવતી તકતીઓનું અનાવરણ કરી ઘુમ્મટમાં પધાર્યા. અહીં બેઠેલા આશરે અઢીસો મહાનુભાવો અને યજમાનો સાથે તેઓ પ્રતિષ્ઠાવિધિના સંકલ્પમાં સામેલ થયા ત્યારે ઘોષ ગાજી રહ્યો કે –

'યુરોપખંડે, થેમ્સ મહાનદ્યાઃ તીરે, ઍટલાન્ટિક મહાસાગરસ્ય પૂર્વસ્મિન્ પ્રદેશે, લંડન ઇત્યાખ્ય મહાનગરમધ્યે, યુવ નામ્નિ સંવત્સરે, શાલિવાહન શાકે, માસોત્તમે માસે શ્રાવણમાસે, કૃષ્ણ પક્ષે, દશમ્યાં તિથૌ, સૂર્યવાસરે, મૃગશીર્ષનક્ષત્રે, વૃષભરાશિસ્થિતે ચંદ્રે, સિંહરાશિસ્થિતે સૂર્યે...'

આ વૈદિક સંકલ્પના એક-એક શબ્દે પશ્ચિમના આકાશમાં પૂર્વનું પ્રભાત ફૂટી રહ્યું. સ્વામીશ્રીની ભક્તિ, સત્સંગીઓની સેવા અને સહયોગીઓના સહકારની ત્રિવેણીમાં તરબતર થતું આ મંદિર આકાશની અગાશીએથી ઊતરી આવેલા ઝળહળતા ઝુમ્મર જેવું દર્શાઈ રહેલું! અહીં રચાયેલો – માર્દવ અને મજબૂતીનો સંગમ, ભવ્યતા અને દિવ્યતાનો સુમેળ તથા પુરાતન અને અર્વાચીનનો સમન્વય. તે દ્વારા મહોરી ઊઠેલું આ મંદિર એટલે યુરોપની ધરતી પર પ્રમુખસ્વામી મહારાજનું અમીટ પગલું!

તેઓના આ ચિરંતન ચરણચિહ્નને વંદન કરવા આજે જાણે સમય પણ થંભી ગયો! હરિકૃષ્ણ મહારાજના ખંડમાં મહંત સ્વામી તથા ઘનશ્યામ મહારાજના ખંડમાં ઈશ્વરચરણદાસ સ્વામીને રાખી મધ્ય ખંડમાં ધામ, ધામી અને મુક્તને પ્રતિષ્ઠિત કરી રહેલા સ્વામીશ્રીએ પ્રતિષ્ઠાવિધિના અંતે ૧૦:૧૩ વાગ્યે પ્રતિષ્ઠિત મૂર્તિઓની પ્રથમ આરતી આરંભી. તે સાથે જ નગારાં ગડગડ્યાં, ઝાલરો રણઝણી, ઘંટનાદ ગુંજ્યા અને શંખનાદ ગાજી રહ્યો. આ

આરતીની પૂર્ણાહુતિ સાથે ઊઠેલા જયઘોષથી અંતર અને આકાશ ભરાઈ રહ્યાં.

ઝી ટી.વી. ચેનલ દ્વારા આ પ્રતિષ્ઠાવિધિ યુરોપભરમાં જીવંત પ્રસારિત થઈ રહ્યો હોવાથી અક્ષર-પુરુષોત્તમ મહારાજની દૃષ્ટિ ઝીલી યુરોપ સનાથ થયું. તેની સાથે યુરોપમાં ઊછરતું ભારતનું ભવિષ્ય નિશ્ચિંત બન્યું, સ્વામિનારાયણ સંપ્રદાયનો વિકાસ નિશ્ચિત બન્યો અને પરદેશી સમાજ વિસ્મિત બન્યો. સ્વામીશ્રીની આ સોળમી વિદેશયાત્રામાં તેઓનો પ્રતાપ સોળે કળાએ ખીલી ઊઠ્યો ! તેથી અંજાઈને વિદેશી અખબારો દિવસો સુધી શીર્ષકો ચમકાવતાં રહ્યાં કે –

'સંત પૉલના ઘરમાં હિંદુઓ સૈકાઓ સુધી ટકે એવું સ્મારક બાંધે છે...'

'સ્વર્ગનું પ્રવેશદ્વાર...'

'પ્રકાશના પુંજ પાથરતું નિસડનનું મંદિર...'

'દૂધના ફીણ જેવા ધવલ આરસમાં કંડારાયેલું વીસમી સદીના અંત ભાગનું અતિ ઉત્તમ સર્જન...'[૪]

આવું મંદિર ખુલ્લું મુકાતાં જ દર્શનાર્થીઓની ભીડે બ્રૅન્ટફિલ્ડ રોડ છલકાવી દીધો. પોલીસના અંદાજ અનુસાર ૫૫,૦૦૦ મુમુક્ષુઓ આજના પ્રથમ દિવસે જ દર્શને આવી ગયા. આ ભક્તભીડનો ભાર હળવો કરવા બ્રૅન્ટફિલ્ડ રોડને આજના દિવસે એકમાર્ગીય જાહેર કરી દેવાયો. છતાં ત્રણ-ત્રણ કલાક સુધી લાઇનમાં ઊભા રહ્યા પછી દર્શન પામનારા અંગ્રેજ શ્રી કેવિન મેકગ્રાથ હર્ષભીની આંખે બોલી ઊઠ્યા : 'લાંબી પ્રતીક્ષાને યોગ્ય આ મંદિર છે. મારે ફરીથી ઊભા રહેવું પડે તોપણ ઊભો રહું.'

આ મહાનતાની કક્ષા કઈ ?!

પ્રતિષ્ઠાવિધિ બાદ સ્વામીશ્રી મંદિરમાં ગોઠવાયેલા સ્થાયી પ્રદર્શન – 'Understanding Hinduism'નું ઉદ્‌ઘાટન કરવા પહોંચ્યા. હિંદુ ધર્મના ઉદ્‌ભવ અને વિકાસની રસપ્રદ યાત્રા કરાવતા ૨,૦૦૦ ચો.ફૂ.માં વિસ્તરેલા આ પ્રદર્શનને નિહાળી તેઓએ કાષ્ઠકલાના નમૂનારૂપ હવેલીનાં દ્વાર ખોલ્યાં.

---

૪. લંડનના મંદિરમાં થયેલી આ મૂર્તિપ્રતિષ્ઠા અને તે નિમિત્તે યોજાયેલા વિવિધ કાર્યક્રમોને માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

અહીંથી મંદિરના ચોકમાં પધારી સ્વામીશ્રીએ ૭,૫૦૦ ફુગ્ગાઓને ગગનગામી કરી યુરોપના આકાશને સંસ્કૃતિના અમૃત સંદેશથી ભરી દીધું.

આ સંદેશનો વિશેષ વિસ્તાર કરવા તેઓ સભામાં પધાર્યા ત્યારે આ સમારોહ મહાનુભાવોની નક્ષત્રમાળાથી ઝગમગી રહેલો. તેમાં રાષ્ટ્રીય નેતા શ્રી એલ. કે. અડવાણી, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલ, રાજસ્થાનના મુખ્યમંત્રી શ્રી ભૈરવસિંહ શેખાવત, બ્રિટિશ સાંસદ શ્રી ટોબી જેસલ વગેરે ઉપસ્થિત હતા. આ સભાનું દીપપ્રાગટ્ય દ્વારા ઉદ્‌ઘાટન બ્રિટિશ વડાપ્રધાનના પ્રતિનિધિરૂપે આવેલા ગૃહમંત્રી શ્રી માઇકલ હાવર્ડે કર્યું.

ત્યારબાદ ભારતીય વડાપ્રધાન શ્રી પી. વી. નરસિંહરાવના શુભેચ્છા સંદેશનું પઠન થયું. તેને અનુસરતાં અંગ્રેજ ગૃહપ્રધાને ભાવોર્મિ વહાવ્યા બાદ સ્વામીશ્રીએ આશીર્વર્ષા કરી કે 'આજે ભગવાન સ્વામિનારાયણ અને શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજને કરોડ વંદન કરીએ તોપણ ઓછાં છે. એમના આશીર્વાદ અને એમની પ્રેરણાથી જ આ કાર્ય થયું છે. તેમાં આપ બધાનો બહુ પ્રયત્ન છે. બધાને ખૂબ ધન્યવાદ છે.'

આ આશીર્વાદ સાથે સમારંભ પૂર્ણ કરી સ્વામીશ્રી મંચ પરથી નીચે ઊતરી રહેલા. તે વખતે તેઓની નજર જયપુરના મૂર્તિકાર શ્રી ગોપાલભાઈ પર જતાં સ્વામીશ્રી તેઓની નજીક ગયા અને બાજુમાં ઊભેલા રાજસ્થાનના મુખ્યપ્રધાનને આ સત્સંગીનો પરિચય કરાવ્યો. તેઓ સમક્ષ આ સલાટની મૂર્તિકળા વખાણી. દુનિયામાં ડંકો વાગે એવું કાર્ય કર્યા પછીની તરતની જ ક્ષણોમાં, એક અદના શિલ્પી અને સત્સંગીનો મહિમા મુખ્યમંત્રીને સંભળાવવા ત્રણેક મિનિટ થોભી જનારા સ્વામીશ્રીની આ મહાનતાની કક્ષા કઈ?!

મંદિર-મહિમાના માઈલસ્ટોન

પ્રતિષ્ઠા-સભા બાદ સ્વામીશ્રી મંદિર સંકુલમાં જ તૈયાર થયેલા તેઓના જે નૂતન નિવાસમાં પધાર્યા ત્યાં રોકાવાની વિનંતી સૌએ તેઓને અગાઉ કરેલી, પરંતુ તે વખતે સ્વામીશ્રીનો મત પડેલો: 'ભગવાનને લઈને તો આપણે છીએ. એ બેસે, એ જમે પછી જ આપણાથી જમાય ને!'

આમ, ડગલે ને પગલે ભક્તિ અદા કરતા તેઓ આજે આ નૂતન નિવાસમાં ઠાકોરજી જમાડી સવા બે વાગ્યે પોઢ્યા, પણ આંતરરાષ્ટ્રીય હિંદુ સંમેલનમાં ઉપસ્થિત રહેવા ૩:૨૦ વાગ્યે તો સભાગૃહનાં દ્વારે આવી પહોંચ્યા.

અહીંથી બૅન્ડની સૂરાવલિઓના સથવારે તેઓ સંમેલનના મંચ પર પધાર્યા ત્યારે અત્રે પૂજ્ય સત્યમિત્રાનંદગિરિજીએ સંમેલનનો દીપ પ્રગટાવતાં જ, વિવિધ વક્તવ્યો દ્વારા હિંદુ અસ્મિતાનું ગુંજન શરૂ થયું. આ સંમેલન સૌ માટે ખુલ્લું હોવાથી હજારો હિંદુઓ પોતાના ધર્મનું ગૌરવ આત્મસાત્ કરવા સભામાં ઉપસ્થિત હતા. તેની સાથે લંડનની બ્રેન્ટ બરોના સુકાનીઓ અને સંસદના સદસ્યો સહિત કંઈક સ્થાનિક પ્રજાજનોએ પણ સ્થાન લીધેલું.

તેઓના પ્રતિનિધિરૂપે બોલતા હોય તેમ સાંસદ શ્રી રહોડ્ઝ બોયસને કહ્યું : 'આજથી પચાસ વર્ષ પહેલાં દ્વિતીય વિશ્વયુદ્ધ વખતે હું હિંદુસ્તાન આવ્યો હતો. એ વખતે હિંદુસ્તાનમાં બ્રિટન હતું. આજે હું અહીં બ્રિટનમાં હિંદુસ્તાન જોઉં છું. મને ખૂબ આશ્ચર્ય થાય છે.'

લેસ્ટરના સંસદસભ્ય શ્રી કિથ વાઝ પણ સ્વામીશ્રીને બિરદાવતાં બોલ્યા : 'પ્રમુખસ્વામી મહારાજ હિંદુ ધર્મના સૂર્ય સમાન છે. તેઓ બ્રિટનના વડાપ્રધાન કે યુનોના જનરલ સેક્રેટરી હોત તો તે આપણું અહોભાગ્ય હોત !'

આ પ્રસંગે ઈંગ્લેન્ડના વડાપ્રધાન શ્રી જહોન મેજરના શુભેચ્છા સંદેશનું વાંચન થયા બાદ પ્રસિદ્ધ ઉદ્યોગપતિ શ્રીચંદ હિંદુજાએ જણાવ્યું કે –

'ભારતના રાજકીય ધુરંધરો, નેતાઓ, મહાત્માઓ, ઉદ્યોગપતિઓ, માંધાતાઓ છેલ્લાં ૫૦ વર્ષમાં જે નથી કરી શક્યા તે એકલા પ્રમુખસ્વામી મહારાજ કરી શક્યા છે. સર્વપ્રથમ વખત જ એવું બની રહ્યું છે કે વિશ્વના ટોચકક્ષાનાં વર્તમાનપત્રો કે વર્લ્ડ બી.બી.સી. સહિત સૌ કોઈએ ચમત્કાર સમા આ મંદિરને અસાધારણ સ્થાન આપ્યું છે. આ મંદિરના પ્રોજેક્ટમાં કોઈ વર્તમાનપત્રે એક પણ વિરોધાભાસી કે નકારાત્મક વિધાન ઉચ્ચાર્યું નથી ![૫]

અહીં બધું જ પારદર્શક. કોઈ ઉદ્યોગપતિ કે વેપારીને દાન માટે અરજ ગુજાર્યા સિવાય સૌએ અહીં સ્વેચ્છાએ સેવા કરી છે. અમે ઉદ્યોગપતિઓ આ સફળતાનું રહસ્ય પામવા ઇચ્છીએ છીએ. સ્વામીશ્રી આટલા બધા સફળ બન્યા છે છતાં એમનામાં કોઈ અહંકાર કે ઘમંડ નથી. આ દેશના ટોચના ઉદ્યોગપતિઓ પણ જે ઝડપે મંદિર પૂરું ન કરી શકે, એટલી ઝડપે સ્વામીજીએ પૂરું કર્યું છે !'

---

૫. જાહેર સંપર્કનો વ્યવસાય ધરાવતી એક કંપનીના સર્વેક્ષણ મુજબ વિવિધ પ્રસાર માધ્યમોએ મંદિરની જે પ્રશસ્તિ ફેલાવી તેનો અંદાજિત ખર્ચ ૯૦ લાખ પાઉન્ડ જેટલો થવા જાય એમ હતું.

આમ, મંદિર-મહિમાના માઈલસ્ટોન બની રહેલાં વક્તવ્યોના આ ક્રમમાં રાજસ્થાનના મુખ્યમંત્રી શ્રી શેખાવત બોલ્યા: 'આજે મંદિરને જોઈ કોઈ કલ્પના જ નથી કરી શકતો કે લંડનમાં આવીને આ પ્રકારે કળાનું પ્રદર્શન થઈ શકે!'

શ્રી એલ. કે. અડવાણીએ પણ ઉચ્ચાર્યું: 'સ્વામી વિવેકાનંદ પછી આજે સો વર્ષે પ્રમુખસ્વામીએ વિશ્વભરમાં ભારતીય સંસ્કૃતિનો વિજયઘોષ કર્યો છે.'

મંદિરનો આવો અપરંપાર મહિમા સાંભળતો સૂર્ય આથમ્યો ત્યારે આજે તેના ઉદય અને અસ્ત વચ્ચે સ્વામીશ્રીએ જે કરી દેખાડ્યું તે સૂર્ય સમું જ દીર્ઘજીવી અને દેદીપ્યમાન હતું.

Hindu of the year (વર્ષના શ્રેષ્ઠ હિંદુ)

મંદિર-પ્રતિષ્ઠા બાદ તા. ૨૧/૮ અને તા. ૨૨/૮ના રોજ યોજાયેલાં બાળ, યુવા અને મહિલા સંમેલનોમાં ઉપસ્થિત મહાનુભાવોના મુખેથી પણ મંદિર અને સ્વામીશ્રીની જ પ્રશસ્તિ સરતી રહી.

આ દોરમાં ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ અને સ્થાપત્યવિદ શ્રી વેંકટરામને સ્વાનુભૂતિ વર્ણવી કે 'માણસથી આવું સુંદર મંદિર બની જ ન શકે. અવતારી પુરુષ જ કરી શકે. મેં ઘણાં-ઘણાં મંદિરો જોયાં છે, પણ મારે કબૂલ કરવું જોઈએ કે મારા જીવનમાં જોયેલું સૌથી સુંદર મંદિર આ છે.'

આવા જ કંઈક અહોભાવ સાથે હવાઈ ટાપુના શ્રી શિવાય સુબ્રમુનિય સ્વામીએ જાહેર કર્યું કે 'સૂકીભઠ ધરતી પર જીવન ધબકાવતી અમીવૃષ્ટિ કરતા મેઘનો જેટલો ઋણસ્વીકાર કરવો જોઈએ, એટલો જ ઋણસ્વીકાર આપણે સ્વામીજીનો કરવો ઘટે. આ મૂર્ધન્ય સંતવિભૂતિને બિરદાવવાનો આ અવસર છે, જેઓએ આંતરરાષ્ટ્રીય સ્તરે લોકચાહના મેળવી છે અને એ પણ તમામ પડકારોની સામે! અને એટલે જ અમે 'હિંદુઇઝમ ટુડે' તરફથી તેઓને 'હિંદુ ઑફ ધ યર'નો ૧૯૯૫નો ઍવોર્ડ આપતાં હર્ષ અનુભવીએ છીએ.'

આ ભાવના સાથે તા. ૨૩/૮ની મહોત્સવ સભામાં સ્વામીશ્રીને શ્રી શિવાય સુબ્રમુનિય સ્વામીના પ્રતિનિધિઓ દ્વારા સન્માનવામાં આવ્યા ત્યારે ઉપસ્થિત દસેક હજાર હરિભક્તોનાં હૈયાં અનેરા ગૌરવ સાથે ધબકી રહ્યાં. એ હૈયાંનો ભક્તિભાવ પ્રવચનો, પુષ્પહારો અને પુષ્પાંજલિ દ્વારા પણ સ્વામી-ચરણે રેલાતો રહ્યો. તેને નતમસ્તકે સ્વીકારતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે –

'જો દેહભાવ હોય તો ઉત્સવનો આનંદ ઉત્સવ સુધી જ રહે, પણ જો દેહભાવ ટળે તો અખંડ આનંદ રહે છે. શ્રીજીમહારાજને આપણી પાસે આ કરાવવું છે. આપણી પ્રકૃતિને લઈને આનંદ, સુખ જતાં રહે છે. આનંદ, સુખ માટે કથા-કીર્તન, સેવા છે. આપણો જયકાર થઈ ગયો, પણ આપણે આગળ કેટલા વધ્યા તે જોવું. સંપ, સુહૃદભાવ, એકતા, સંગઠન રાખવાં. તે ક્યારે તૂટે ? તો મનધાર્યું કરીએ ત્યારે !

મનધાર્યું મૂકવા માટે આ મંદિર છે. દોષો ટાળવા માટે આ સમૈયા-ઉત્સવ છે. ગમે તેટલી પ્રવૃત્તિ હોય તોપણ આ અનુસંધાન રાખવું. જો એમ મનાય કે 'હું શ્રેષ્ઠ છું', તો અભાવ-અવગુણ આવશે. આ સત્સંગ દિવ્ય છે. કોઈમાં ખામી નથી, પણ દેહભાવને લીધે એવું લાગે છે !

ભક્તો-મુક્તોની સેવા મળી છે. ઊંચે સાદે ન બોલાય. પણ દેહભાવ આડો આવે ત્યારે ભાન નથી રહેતું. માટે નિરંતર જાણપણું રાખવું, અંતર્દૃષ્ટિ કરવી, સંત સમાગમ કરવો. તમે બધા આવ્યા તેમાં તકલીફ તો પડી હશે. કોઈ વ્યવસ્થા-અવ્યવસ્થા થઈ હોય તો માફ કરજો. દાસ થઈને કાર્ય કરવું.'

આમ, જાણે ઉત્સવ ઊજવાયો જ ન હોય અને લાખો માણસો આવ્યા જ ન હોય એવી અંતર્દૃષ્ટિયુક્ત વાતો સંભળાવી સ્વામીશ્રીએ સૌને નિશાન દઢાવી દીધું. પ્રવૃત્તિ કરાવવી, પણ તેનો ફેર ચડવા ન દેવો, એ જ તો ગુણાતીત સંતની વિશેષતા છે ને !

આખું યુરોપ રંગવું છે

તા. ૨૩/૮ની સાંજે યોજાયેલી સ્વયંસેવક સભામાં ૪૪ સેવા વિભાગોના ૩,૦૦૦ સ્વયંસેવકોની પ્રાસંગિક પ્રસ્તુતિઓ જોઈ ભાવવિભોર બનેલા સ્વામીશ્રી બોલવા લાગ્યા :

''પ્રથમ આપ સર્વેને સાષ્ટાંગ પ્રણામ સાથે જય સ્વામિનારાયણ !

આપ સર્વેએ જે ભક્તિભાવથી, હૃદયના પ્રેમથી, રાત-દિવસ થાક-ઉજાગરો વેઠીને સેવા કરી છે તે અવર્ણનીય છે, કરોડો ધન્યવાદ છે. હવે જેમ દૂધ અને દાળનો ઊભરો આવે છે, પછી પાછો બેસી જાય, એમ આપણે આ મહોત્સવ આવ્યો તે ઊભરો આવ્યો, પછી એ બેસવો ન જોઈએ. એ જ આનંદ, ઉત્સાહ, ધગશ એ આપણો સંકલ્પ હોવો જોઈએ. મંદિર તરફ જ આપણી દૃષ્ટિ હોવી જોઈએ. મંદિર જ આપણા માટે સર્વ-હિતકારી છે.

હવે શ્રાવણ પૂરો થાય છે, પછી ભાદરવો આવે છે. આપણા યુવકો એવા તૈયાર કરવા કે હવે ડિસ્કો પેસે જ નહીં. કોઈ આપણને એક હજાર કે લાખ પાઉન્ડ આપે તો પણ બાઈ-ભાઈ ભેગાં થઈ નાચતાં હોય એવા ડિસ્કોમાં નહીં જ જવાનું, તો સેવા સાર્થક થઈ કહેવાય. 'ચલાવી લેવું' એવો શબ્દ જ ન જોઈએ. મંદિર દેખાવ માટે કે લોકો વાહ... વાહ... કે પ્રસન્નતા કરે એટલા માટે નથી કર્યું. મંદિરમાં આવીને આપણું આદર્શ જીવન બને.

બજારની કોઈ પણ વસ્તુ હવે આપણા જીવનમાં પેસે નહીં. બારમાં નહીં, મંદિરમાં જવાનું. કેટલાક કહે, 'આ ના થઈ શકે.' એ નિર્માલ્ય માણસની વાત છે. આખું યુ.કે. નહીં, આખું યુરોપ રંગવું છે. આ મંદિરમાંથી એવી જાગૃતિ આવે અને એમાંથી આખો પ્રસાર થાય તે કરવું છે. વ્યવહાર કે સંસાર છોડવાની વાત નથી, પણ સંસારમાં નિયમ રાખવા. ગરબડિયો સંસાર નહીં. પેલો પેલાની સાથે જાય એ વાત નહીં!

દરેક ઠેકાણે લોકો કહે છે કે 'બહુ સારી તમારી વ્યવસ્થા છે, આયોજન છે, શક્તિ-સંગઠન છે.' એને લઈને બધી સંસ્થાઓ તમને બોલાવે છે. આપણે પ્રશંસા મેળવી છે, પણ 'યોગીજી મહારાજના યુવક, સ્વામિનારાયણના સત્સંગી' એવી છાપ ઉપસાવવી છે. જીવન એવું બનાવવું છે કે બીજાને જોઈને સત્સંગ જ થાય! જેમ પથ્થર ઘસી-ઘસીને ઊજળો બનાવ્યો છે, તેમ હૃદયની અંદરથી કામ, ક્રોધ, લોભ, મારું-તારું આ બધું કાઢી નાંખો. એકદમ શાંત થઈ જવું, તો સત્સંગ સમજ્યા કહેવાય. નહીં તો સમજ્યા જ નથી. બધાની સાથે બેસવું, મેળ સંપૂર્ણ રાખવો, પણ નિયમ-નિષ્ઠાથી આપણે જુદા દેખાવા જોઈએ. તમે એવા તૈયાર થાવ. આપણને કોઈ આંગળી ચીંધી ન જાય. યુવક એટલે યુવક! બસ, એનાં વખાણ કરવા પડે...''

સ્વામીશ્રીના વક્તવ્યમાં આભાર-દર્શનની સાથે દિશાદર્શન પણ હતું, તે સૌના હૃદયને સ્પર્શ્યું. તેથી આશીર્વાદ બાદ વણથંભી તાળીઓ ગગડતી રહી. તે સ્વામીશ્રીના બીજા-ત્રીજા આદેશે અટકી. તેઓના સિવાય કોઈનું રોક્યું ન રોકાય એવું જોમ અને જોશ સિંચી સ્વામીશ્રી વિદાય થયા.

રહે પ્રભુ પાસે દાસાનુદાસ

તા. ૨૪/૮ની સવારે મંદિરની નૂતન હવેલીમાં પ્રથમ પ્રાતઃપૂજા કર્યા બાદ સ્વામીશ્રીએ અમૃતધારા વહાવી કે –

'આજે અહીં હવેલીમાં પ્રથમ શરૂઆત થાય છે. શ્રીજીમહારાજ સર્વોપરી, સાકાર, પ્રગટ અને કર્તા – આ ચાર વસ્તુ દૃઢ કરવા માટે આ હૉલમાં બેઠા છીએ. સ્વામી કહે છે – 'આજ તો સત્સંગમાં મહારાજ, સાધુ ને મંદિર બધું સર્વોપરી છે.' આવું દુનિયામાં ક્યાંય ન મળે! માટે આસક્તિને લીધે દોડાદોડી ન કરવી. દુનિયાનું તો મળશે, પણ આસક્તિ કાઢનાર ભગવાન અને સંત નહીં મળે.

આ સ્વામિનારાયણ હવેલી પણ સર્વોપરી છે. અહીં ભૂખ્યા-તરસ્યા બેસી રહીએ તોય શાંતિ થઈ જાય. એમાં દરેકનો પ્રેમ અને ભાવ રેડાયો છે. તો હવે એનો લાભ લેવો. ફાંફાં ન મારવાં. ક્લબમાં જવું નહીં. જગતની મોટપ લેવાની જરાય જરૂર નથી. ભગવાનની મોટપ લઈ લો. અત્યારે બધું સાનુકૂળ છે. દુઃખ છે એ સ્વભાવનું છે. એ હશે તો આવા સ્થાનનું સુખ નહીં આવે.'

મોક્ષનો આ મેવો પીરસી સ્વામીશ્રી નિજનિવાસમાં અલ્પાહાર લેવા બિરાજ્યા તે વખતે વર્લ્ડ-વાઇડ સ્ટુડિયોના સંવાદદાતાઓ મંદિરના ઘુમ્મટમાં લેવાનારી સ્વામીશ્રીની મુલાકાત સંબંધી પૂર્વતૈયારી કરી રહેલા. આ ફિલ્માંકન ૧૪૫ દેશોની ૪૪૦ ટી.વી. ચેનલો દ્વારા વિવિધ ભાષાઓમાં પ્રસારિત થવાનું હતું. તે માટે સ્વામીશ્રી નિશ્ચિત સમયે પધાર્યા ત્યારે પ્રશ્નોત્તરીનો પ્રારંભ કરતાં એક ખબરપત્રીએ પૂછ્યું: 'સ્વામીજી! આપ લાખોના ગુરુ છો તો આપનું મુખ્ય કાર્ય શું છે?'

'લાખોના ગુરુ તો એક ભગવાન છે. અમે તો તેમના સેવક છીએ.'

વીજળીના વેગે ઊભરી આવેલી સ્વામીશ્રીની આ માનરહિત સ્થિતિએ પત્રકારો શ્રી માર્ક અને જહોનને નિઃશબ્દ કરી મૂક્યા.

તે વખતે સ્વામીશ્રી બોલ્યા: 'સેવક તરીકે ભગવાનના જે આદેશો મળ્યા છે તે મુજબ લોકોને ભગવાનના માર્ગે વાળવાનું કાર્ય અમે કરીએ છીએ અને કરતા રહીશું.'

એક યુગકાર્ય કર્યા પછી, દિવસો સુધી પ્રશંસાની અવિરત વર્ષા ઝીલ્યા પછી પણ *'રહે પ્રભુ પાસે દાસાનુદાસ...'*ની સ્વામીશ્રીની સ્થિતિમાં તસુભાર ફર્ક પડ્યો નહોતો.

મંદિરના પથ્થરો સત્સંગ કરાવશે

મંદિર મહોત્સવમાં સહયોગ આપનારા દાતાઓનો આભારવિધિ

સમારોહ તા. ૨૪/૮ની સાયંસભામાં યોજાયેલો. તેમાં ઉપસ્થિત ૨,૦૦૦થી વધુ મહાશયોને બિરદાવતાં સ્વામીશ્રી બોલ્યા કે 'તમારા કામ આગળ સ્મૃતિ-ભેટ વિશેષ નથી, પણ શ્રીજીમહારાજ આપ બધામાં બેસે, અંતે અક્ષરધામમાં સેવામાં બેસાડે.'

સ્વામીશ્રીના આ ઉદ્‌ગાર સાથે મંદિર મહોત્સવ સંબંધી તમામ કાર્યવાહી પૂર્ણ થતી હતી, પરંતુ સ્વામીશ્રીએ હવે મંદિરના સંચાલન સંબંધી બેઠકોનો દોર ચાલુ કરી દીધો. તે અંતર્ગત તેઓએ મંદિરમાં મૂકવાની સૂચનાઓનાં બૉર્ડ તેમ જ બ્રૉશર સહિત પગરખાં અને પૂજાપ્રકાર સુધીનાં તમામ પાસાં આવરી લીધાં. મંદિરની પવિત્રતા જળવાય અને દર્શનાર્થીની સુવિધા સચવાય – આ બે વિચારોને લક્ષમાં રાખી તેઓએ મંદિરની આચાર-સંહિતા ઘડી આપી. તે સાથે જ સ્વામીશ્રીએ દિલ્હીના અક્ષરધામ સંબંધી વિમર્શ પણ આરંભી દીધો. તેઓના જીવનમાં કદી પોરો ખાવાની વાત જ નહોતી.

આ ઉમંગ સાથે વર્તતા તેઓએ અહીંના ઉત્સવ પૂર્વે એકથી વધુ સંતોને પત્રમાં લખેલું: 'મંદિરના પથ્થરો સત્સંગ કરાવશે તેમ આપણે વાતો કરીએ છીએ, તો તેમ સત્સંગ થશે ને લાખોને સુખ-શાંતિ મળશે.'

સ્વામીશ્રીના આ શબ્દોની સત્યતા પુરવાર કરતો આગંતુકોનો પ્રવાહ પ્રતિષ્ઠા બાદ અનવરત વહેવા માંડેલો. મુલાકાતીઓના આ ધસારામાં તા. ૩૦/૮ની સવારે આવેલા સત્સંગી શ્રી હન કૉપે પૂછ્યું: 'સ્વામી ! આપે આટલું સુંદર મંદિર અને હવેલી કર્યાં ને થોડા દિવસોમાં આપને જવાનું થશે, તો કંઈ દુ:ખ જેવું અનુભવાય છે ?'

'ના, ના, દુ:ખ શેનું થાય ? આપણે તો ફરતા હોઈએ. આવાં ને આવાં કામ બીજે પણ ચાલતાં હોય છે.'

સ્વામીશ્રીના આ ઉત્તરમાં *'સુંદર રીત્ય એ સંતની, એમ રહે તેહ નિરસ્નેહ...'*નું દર્શન છે. ઓતપ્રોત થઈને પણ અલિપ્ત રહેવું એ તેઓની વિશેષતા હતી.

Once in a millenium (હજાર વર્ષમાં એક વાર)

તા. ૩૦/૮ના રોજ મહંત સ્વામીની આગેવાની હેઠળ સ્વદેશ પરત ફરી રહેલા સંતો પૈકીના એકે અરજ કરી કે 'સ્વામી ! દેશમાં વરસાદની ખેંચ છે તો કંઈક દયા કરો.'

'તમે બધા દેશમાં જાવ છો, તો તમે ઊતરશો એ ભેગો વરસાદ પણ ઊતરશે.'

સ્વામીશ્રીની આ વાણી જ્યારે સંતો મુંબઈ ઊતર્યા ત્યારે તેઓએ શબ્દશઃ સત્ય થતી અનુભવી. ઉતરાણ વખતે મુંબઈમાં એવો ધોધમાર વરસાદ પડી રહેલો કે વિમાનમાંથી સામાન કાઢવા માટે એક કલાક સુધી રાહ જોવી પડી! *'તમારા ભય થકી સાક્ષાત્, વસુ (ઇન્દ્ર) વરસાવે વરસાત...'*નો આ રોકડો અનુભવ સ્વામીશ્રીમાં કરી સૌ ભીંજાઈ ગયા.

સ્વામીશ્રી વિષે અહોભાવની આવી જ અનુભૂતિ તા. ૩૧/૮ની સવારે શ્રી મિહિર બોઝ કરી રહ્યા. પત્રકારત્વના ક્ષેત્રે આકરા આલોચક તરીકે પંકાયેલા તેઓ, ધર્મ પ્રત્યે બિલકુલ રસ ન ધરાવતા હોવાથી, નવનિર્મિત મંદિરની મુલાકાત ઉતાવળે લઈ સ્વામીશ્રી પાસે પહોંચેલા.

અહીં મુલાકાતીઓની હરોળમાં ઊભા રહી ગયેલા તેઓ કો'કને કંઠી પહેરાવતા, તો કો'કને મસ્તકે હાથ મૂકી આશીર્વાદ આપતા; કો'કના પ્રશ્નો ઉકેલતા, તો કો'કને લટકે-મટકે પ્રફુલ્લિત કરતા સ્વામીશ્રીને જોતા રહ્યા. સ્વામીશ્રી જે કરતા તે તેઓને શાંત અને સાહજિક લાગ્યું.

આ રીતે ચાલી રહેલી મુલાકાતોના ક્રમમાં જ્યારે શ્રી બોઝનો વારો આવ્યો ત્યારે તેઓએ કોઈ જ પૂર્વભૂમિકા બાંધ્યા વિના સ્વામીશ્રીને લાગલું જ પૂછ્યું : 'ગુરુ તરીકે આપ પસંદગી કેવી રીતે પામ્યા ?'

'ગુરુની કૃપાથી !'

'આપની રામકૃષ્ણ પરમહંસ જેવી સ્થિતિ છે ?'

'અમારે તો ભગવાનની સેવા મળી ને ગુરુ રાજી થયા એ જ સ્થિતિ ! બીજું શું ?' આમ કહી સ્વામીશ્રીએ ઉમેર્યું : 'તેમની (રામકૃષ્ણ પરમહંસની) સ્થિતિ આધ્યાત્મિક હતી, અમારી પણ તે જ છે. આવી સ્થિતિ ભગવાન આપે છે.'

હરોળબંધ આવી રહેલા ભક્તોને આશીર્વાદ આપતાં-આપતાં આ બંને ઉત્તરો વાળ્યા બાદ સ્વામીશ્રીએ એ કટાર લેખકને પૂછ્યું : 'હવે કાંઈ પૂછવું છે ?'

'ના.'

શ્રી બોઝને હવે કાંઈ પૂછવા જેવું રહ્યું નહોતું. તેઓ માત્ર આટલું જ બોલી શક્યા : 'Shockingly simple! unbelievably simple! very deep

touching simplicity!' – આશ્ચર્યજનક સાદગી! કલ્પનાતીત સાદગી! હૃદયસ્પર્શી સાદગી!

છ મિનિટ પણ નહીં ચાલેલી મુલાકાતની આ અનુભૂતિ શ્રી મિહિર બોઝે તા. ૯/૯ના રોજ પ્રકાશિત થયેલા 'ધી ઇન્ડિપેન્ડન્ટ' સામયિકમાં છ પાનાં ભરીને ઠાલવી. 'Once in a millenium – હજાર વર્ષમાં એક વાર' – આ શીર્ષક સાથે છપાયેલા એ લેખમાં તેઓએ જણાવ્યું:

'પરમ પૂજ્ય પ્રમુખસ્વામીને કૃષ્ણ અને ઈસુની સરખામણી વિષે પૂછી ગૂંચવવા મેં ધારેલું, પરંતુ જ્યારે એક શિસ્તબદ્ધ કતારને અંતે હું તેમની પાસે પહોંચ્યો ત્યારે ભગવાં વસ્ત્રોમાં સજ્જ તેઓ એટલા મૃદુ, શાંત અને સાદા લાગ્યા કે તેમને આવો પ્રશ્ન પૂછવો મને અયોગ્ય લાગ્યું. વીસ વર્ષ પહેલાં તેમણે એક સંકલ્પ કર્યો અને નક્કી કરેલા દિવસે હજાર વર્ષમાં ક્યારેક જ ઉદ્‌ભવતું મંદિર સાકાર કરી બતાવ્યું!'

આવા અનેક અવનવા અનુભવોમાંથી પસાર થયેલો ઑગસ્ટ મહિનો આજે પૂર્ણ થયો, પરંતુ ક્રાંતિ અને આઝાદી સાથે સંકળાયેલો તેનો સંબંધ સન ૧૯૯૫માં પણ અકબંધ રહ્યો, કારણ કે આ મહિનામાં સ્વામીશ્રીએ એક શાંતક્રાંતિ દ્વારા અનેકની આધ્યાત્મિક આઝાદીનો માર્ગ મોકળો કરી દીધેલો!

प्रमुखस्वामी ने कमाल कर दिया!

પશ્ચિમને પૂર્વનો પૂરેપૂરો પરિચય કરાવી તા. ૩/૯ના રોજ દક્ષિણ આફ્રિકા જવા વિદાય થઈ રહેલા સ્વામીશ્રીને મંદિર-નિર્માણ બાબતે અભિનંદન આપનારાઓમાં છેલ્લા હતા – રાષ્ટ્રીય નેતા શ્રી અટલબિહારી બાજપાઈ. મંદિર અને હવેલીને જોતાં તેઓના મુખમાંથી શબ્દો ફૂટી નીકળ્યા: 'प्रमुखस्वामी ने यहाँ कमाल कर दिया! अद्‌भुत... अद्‌भुत...!!'

આમ, એક કમાલ કાર્યનો અમલ સૌને ચઢાવી આજની રાત્રે આઠ વાગ્યે ગગનગામી થયેલા સ્વામીશ્રી તા. ૪/૯ની સવારે જોહાનિસબર્ગ આવી પહોંચ્યા.

આ મંડળને તેઓના આવતાંવેંત તા. ૫/૯ના રોજ જળઝીલણી એકાદશીના ઉત્સવનો લાભ મળી ગયો. શ્રી મણિભાઈ પટેલના બંગલે યોજાયેલા આ ઉત્સવમાં ઘણા ભાવિકો ઊમટી પડ્યા.

તેની સાથે મેફેર રીક્રિએશન સેન્ટરમાં યોજાતી નિત્ય સત્સંગ-સભાઓ અને શ્રી દીનેશભાઈ છીતાને ઘેર રખાયેલું સ્વામીશ્રીનું નિવાસ-સ્થળ પણ

મુમુક્ષુઓથી ભરચક રહેતું.

આ ક્રમમાં તા. ૮/૯ના રોજ આવી પહોંચેલા ભારતીય રાજદૂત શ્રી એમ. કે. મંગલમૂર્તિએ સ્વામીશ્રીને જણાવ્યું : 'आज आपका कार्य सुना और देखा तो लगता है कि आप सच ही कल्चरल एम्बेसेडर (संस्कृतिदूत) हैं। मैं तो कहता हूँ कि आपका काम हमारे से अधिक है, क्योंकि हम तो राजनीतिज्ञों से संबंधित होते हैं और आप छोटे से भक्तों के कोन्टेक्ट (संपर्क) में भी रहते हैं।'

ઉચ્ચ પદવીધારીઓને પણ સ્વામીશ્રીની કક્ષા કંઈક અલગ અને અધિક જ અનુભવાતી.

સાધનાનું શિક્ષણ

દક્ષિણ આફ્રિકાના વધતા સત્સંગની નિશાનીરૂપે આ દેશની પ્રથમ યુવા-શિબિર તા. ૯/૯ના રોજ હ્યુગોનો સ્કૂલમાં યોજાઈ. તેમાં અમૃતધારા વહાવી સ્વામીશ્રીએ તા. ૧૦/૯ની સવારે સ્થાનિક મંદિરનો પાટોત્સવ સંપન્ન કર્યો. ત્યારબાદ લેનેશિયા પહોંચેલા તેઓએ અત્રે તા. ૧૨/૯ના રોજ શ્રી નિરંજનભાઈના બંગલે શાસ્ત્રીજી મહારાજનું સ્મૃતિપર્વ ઊજવ્યું. તે નિમિત્તે સભાસ્થળ તરીકે રહેલા પાટીદાર હૉલમાં છ દિવસ સુધી ધર્મલાભ આપનારા સ્વામીશ્રીએ તા. ૧૪/૯ની રાત્રે લાભ લેવા સાથે ફરતા યુવાનોને લક્ષમાં લીધા. તેમાંના રાજન, રીપલ, ભાવિન તો ત્યાગાશ્રમનાં દ્વાર ખટખટાવનારા.[૬] તેથી તેઓને હિતવચનો સંભળાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

'જગત કરતાં અહીં હજારગણું, લાખગણું, કરોડગણું સારું છે. દુ:ખ એક મનનું રહે છે, એ ટાળવાનું છે. સમાગમથી જ્ઞાન થાય ને મનનું દુ:ખ ટળે. આને આ વસ્તુ મળી ને મને ના મળી એ અજ્ઞાન ! આપણે તો જે મળે એનાથી ચલાવી લેવું. ઠરાવ કરો એટલે દુ:ખ થાય જ !

આની જોડે ફાવે ને આની જોડે નહીં – એવું પણ ના રાખવું. ભગવાન ને સંતની જોડે ફાવે તો બધે ફાવે.

જે મળે તેનાથી આનંદ કરી લેવો. 'શું થશે ? કેમ થશે ? ગામડે જવાનું થશે તો ફાવશે કે નહીં ?' લ્યા, ભ'ઈ ! ફાવશે જ ! મોટાપુરુષની આજ્ઞા સામી દૃષ્ટિ રાખવી, મનનું ધાર્યું ન કરવું.

---

૬. આ યુવકો સ્વામીશ્રી દ્વારા દીક્ષિત થઈ અનુક્રમે સાધુ યજ્ઞતિલકદાસ, સાધુ ભક્તિસ્વરૂપદાસ અને સાધુ ત્યાગરત્નદાસ બન્યા.

બધા સાથે હળી-મળીને સેવા કરીએ, પણ કોઈના બંધનમાં આવી ન જવાય તે જોવું. મુખ્ય બંધન ભગવાન ને સંતમાં કરવું. મોટાપુરુષ ગૌણ ન થવા જોઈએ. એ જે રીતે રાજી થાય એમ કરવું.'

સાધનાનું આ શિક્ષણ આપી સ્વામીશ્રી તા. ૧૭/૯ની સવારે ડર્બન પધારી ગયા.

સાધુને રજોગુણ ન શોભે

ડર્બનમાં શ્રી કેતનભાઈ પટેલના ઘેર રોકાયેલા સ્વામીશ્રીને સ્થાનિક કાર્યક્રમથી માહિતગાર કરવા શ્રી જય સંઘવી અને વિજય પટેલ આવ્યા. તેઓએ ધરેલી વિગત પર નજર ફેરવી સ્વામીશ્રી પોતાની એક રુચિ પ્રગટ કરતાં બોલ્યા:

'સંતોને ઘેર-ઘેર જમાડવાની ઇચ્છા રાખવી જ નહીં. ત્યાં 'રસોઈ કઈ રીતે કરવી' એનું ઠેકાણું હોય નહીં! સંતોના નિયમો રહે નહીં. એના કરતાં પધરામણી રાખી દેવી. જમાડવા હોય એ એક ઠેકાણે મંદિરમાં ગોઠવે. હું તો દેશમાં પણ સંતોને ઘેર જમાડવા લઈ જાય એ મતનો નથી. લોકો કેવું ખવડાવતા હોય એની શું ખબર પડે?'

સ્વામીશ્રીનું વલણ હરહમેશ *'ધર્મ પાળવો દૃઢ મને...'*નું રહેતું. તેમાં તેઓ લેશ કાંકરીચાળો ચલાવી ન લેતા.

તેથી જ તેઓ માટે નવા બૂટ લઈ આવનારા શ્રી કિરીટભાઈને નિરાશ થવું પડ્યું. આ હરિભક્ત તા. ૧૮/૯ની સવારે સ્વામીશ્રીને કહી ગયેલા કે 'અત્યારે તમે જે બૂટ પહેરીને ચાલો છો એમાં તો પગના સાંધાને નુકસાન થાય. એના કરતાં ચાલવા માટે ખાસ બૂટ આવે છે, એ લઈ આવીશ.'

આ વાયદા મુજબ તેઓ તા. ૧૮/૯ની રાત્રે નવાં પગરખાં લઈ આવ્યા, પરંતુ તેઓએ જેવાં તે ખોખામાંથી કાઢ્યાં કે સ્વામીશ્રી બોલ્યા: 'ઓહોહો...! આવા બૂટ અમને ન ચાલે. અમારે સાદા જોઈએ.'

આ સાંભળી બાજુમાં બેઠેલો એક ક્રિકેટ-રસિયો બોલ્યો: 'બાપા! તમે પહેરો તો ખરા, સુનિલ ગાવસ્કર (તત્કાલીન વિખ્યાત ક્રિકેટર) જેવા લાગશો.'

'આપણે ક્યાં એવું થવું છે? આપણે તો ભગવાનના ભક્ત થવું છે.'

આટલું કહી સ્વામીશ્રીએ સમજાવ્યું: 'અમારે તો સિમ્પલ ને સાદું જોઈએ. સાધુને રજોગુણ ન શોભે. તમારો ભાવ છે તો તમારી સેવા થઈ ગઈ!'

બૂટ એ સ્વામીશ્રીની જરૂરિયાત હતી, પણ તેમાંય તેઓની પસંદગી સાદગી પર ઊતરી.

મનની સાથે બાથ ભીડવી

તા. ૧૮/૯ના રોજ મળવા આવેલા એક ધાર્મિક સંસ્થાના સંન્યાસીએ સ્વામીશ્રીને કેટલાંક પુસ્તકો ભેટ ધર્યાં. તે દરેકનાં મથાળાં આજની રાત્રે સ્વામીશ્રીએ સંતો પાસે વંચાવ્યાં. તે બધાં જ શાંતિ-વિષયક હોવાથી સ્વામીશ્રી બોલ્યા : 'લોકોને આવાં પુસ્તકોમાં રસ બહુ, પણ એમાં લખ્યું છે એ પ્રમાણે કરવું પડે. શાંતિ તો ભગવાન અને સંતની પાસે છે. એમના આદેશો ઝીલવા પડે. એ કરવું નહીં, તો શાંતિ ક્યાંથી મળે ?'

આ પૂર્વભૂમિકા તૈયાર કરી તેઓ સામે બેઠેલા સંતોને ઉદ્દેશી બોલ્યા :

'આપણે મનની સાથે બાથ ભીડવી. હવે આપણે સત્સંગ અને મોટાપુરુષને મૂકીને ક્યાંય જવું નથી. સાધુતા ને નિયમ-ધર્મ રાખીને મંડવું છે. દેહને ખાસડાં જેવું કરી નાંખવું. કથા-વાર્તા, કીર્તન-ભજનમાં આળસ નહીં. એનું જોર હોય તો વાંધો ન આવે. મન સામે લડાઈ લઈ લેવી. એને કહી દેવું કે 'બેસ, બેસ, છાનું-માનું !' બળ રાખીએ તો સુખી થવાય.'

આ જ રીતે સાંસારિક માર્ગે ઝુકાવનારા યુવાનોનું પણ અંતર રંગતાં સ્વામીશ્રીએ તા. ૧૯/૯ની રાત્રે જણાવ્યું :

'ઘેર જઈને નિયમ-ધર્મ બરાબર રાખીએ, બહારનું ખાઈએ-પીએ નહીં, પૂજા-પાઠ બરાબર કરીએ, યુવક મંડળમાં નિયમિત જઈએ, બીજાને લાવીએ તો સાધુ જ છીએ.'

અતિ નિર્મળ ઉદાર મન

તા. ૨૦/૯ની સવારે ગુજરાતી હિંદુ સંસ્કૃતિ કેન્દ્રમાં પગલાં કરી માઉન્ટ એચકોમ્બ પર પધારેલા સ્વામીશ્રીએ અત્રે ઊંચાઈએ ગાડી ઊભી રખાવીને પર્વતોમાં પથરાયેલાં ડર્બન અને હિંદ મહાસાગરને દૃષ્ટિમાં લીધાં.

ત્યારબાદ ચેટલવર્થના રજપૂત સમાજ દ્વારા નિર્મિત મંદિરે પહોંચેલા તેઓના વરદહસ્તે અત્રે પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનું પ્રથમ પૂજન થયું. આ સમયે સિંહાસનની સામે બિરાજેલા સ્વામીશ્રીએ નકશો દોરી કઈ મૂર્તિ ક્યાં પધરાવવી તે અંગે પણ માર્ગદર્શન આપ્યું. એ જ રીતે તેઓએ પૂજાવિધિ

સંબંધી કેટલીક ગૂંચવણોમાં પણ રસ્તો કાઢી આપ્યો.

આમ, સૌની સમસ્યાઓ હળવી કરતા તેઓને મળવા આજની રાત્રે એક યુવાન આવી ચડ્યો. તેના મનમાં એક વિચાર સતત ઘૂમરાતો રહેતો કે 'સ્વામીએ મારા મન પર કબજો જમાવી રાખ્યો છે.'

તેથી તે કાયમ આવેશમાં જ રહેતો. એ જ સ્થિતિમાં આજે તેણે સ્વામીશ્રીને પણ કહી દીધું: 'તમે મારા મનને જકડી રાખ્યું છે. બાકી હું તમને અત્યારે મારું.'

તેનો આ સનકી ઉન્માદ સાંભળી સૌ તમતમી ઊઠ્યા, પણ સ્વામીશ્રી તેને પ્રેમથી સાંભળતા રહ્યા. એટલે તેણે ચલાવ્યું: 'તમે તમારો કન્ટ્રોલ પાછો ખેંચી લો.'

આમ કહેનારા તેના આક્રોશમાં અલ્પવિરામ આવ્યું ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'જો, તારા મનમાં ઘૂસી ગયું છે એટલે તને લાગ્યા કરે છે કે 'કન્ટ્રોલ કર્યો છે.' બાકી આપણા બધાનો કન્ટ્રોલ એક ભગવાન કરે છે. મને કન્ટ્રોલ કરનારાય ભગવાન છે. તને એવું લાગતું હોય તો અમે અમારો કન્ટ્રોલ ખેંચી લઈએ છીએ. હવે તને કાંઈ વાંધો છે?'

અવ્યવસ્થિત ચિત્ત ધરાવનારાને પણ સ્વામીશ્રીએ સમજ અને સંતોષ મળે તે રીતે વાત કરી. તેમાં લેશ ઉપેક્ષા કે ઉકળાટ જોવા ન મળ્યાં. એટલું જ નહીં, તેઓએ આ યુવાનને કોઈ નિષ્ણાત મનોચિકિત્સકની નજર હેઠળ રાખવાની ભલામણ પણ એક સત્સંગી ડૉક્ટરને કરી.

પરંતુ તેથીયે આગળ, જ્યારે તા. ૨૧/૯ની સવારે આ કઢંગા યુવાનના કાકાએ સજળ નયને ભત્રીજા વતી માફી માંગી ત્યારે પણ સ્વામીશ્રીએ કહ્યું: 'એમાં દુઃખ લગાડવાની જરૂર નથી. એને વહેમ પેસી ગયો છે એટલે બોલે, માટે એની ચિંતા ન કરવી. એનું સારું થાય તેવો સંકલ્પ કરવો.'

આ ખુલાસો સાંભળનારા સૌ 'ૐ श्रीउदाराय नमः...' કહેતાં સ્વામીશ્રીને પોંખી રહ્યા.

તેનો બીજો નથી કરનાર

આ અરસામાં દુનિયાભરમાં દુગ્ધપાનનું ઐશ્વર્ય બતાવી રહેલા વિઘ્નવિનાયક દેવ ગણેશજી ઘર કે મંદિરમાં – જે તેઓને દૂધ ધરાવે તે ગટગટાવી જતા હતા. આ બાબતે મુંબઈવાસી એક યુવાન શ્રી રાજુએ તા.

૨૧/૯ના રોજ ફોન જોડી સ્વામીશ્રીને પૂછ્યું કે ‘આ ગણપતિ દૂધ પી જાય છે એનું શું સમજવું ?’

‘ભગવાનની ઇચ્છાથી જ થયું છે એમ માનવું. દુનિયામાં આવું જે કંઈ બની રહ્યું છે તે બધું એમની જ ઇચ્છાથી થાય છે.’ સ્વામીશ્રીએ જણાવ્યું.

આ જ રીતે આજની રાત્રે પણ આ ‘મિલ્ક મિરેકલ’(દુગ્ધપાનના ઐશ્વર્ય)નું રહસ્ય ખોલતાં તેઓએ કહ્યું : ‘જોગીબાપાનું આજે શ્રાદ્ધ છે એટલે ભગવાને દુનિયામાં પરચો કર્યો ! ભગવાને આ કર્યું, જેથી પથ્થરમાં પણ દેવ છે એવો ખ્યાલ સૌને આવે ને ! આ ભગવાનની ઇચ્છાથી જ થાય છે.’

આ સાથે સ્વામીશ્રીએ જાણપણું પણ આપ્યું કે ‘ભગવાનની ઇચ્છા હોય એટલે આવું બને, પણ આપણે પરચા ઇચ્છવા નહીં. તેથી આકર્ષણ થાય, પણ થોડા દિવસ પૂરતું ! પછી બીજે વળગે. એમાં જ્ઞાન, નિષ્ઠા ન થાય. એટલે આપણે તો શ્રીજીમહારાજનો આશરો રાખીને ભજન કરવું.’

આ રીતે સૌને પરચાપ્રેમી નહીં, પણ પ્રભુપ્રેમી બનાવતા સ્વામીશ્રી આ વર્ષે જ્યાં પધારતા ત્યાં ભક્તો તેઓની પ્રતીક અમૃત જયંતી ઊજવવાનો લહાવો ન ચૂકતા. તે અનુસાર અહીં તા. ૨૧/૯ની સાંજે બેટર સી હૉલમાં આ ઉત્સવ સંપન્ન થયો. આ અમૃત-સ્મૃતિ સાથે જ દક્ષિણ આફ્રિકાના વિચરણ પર પૂર્ણવિરામ મુકાયું.

મંઈ બ્રહ્મસ્વરૂપ બેઠા છે ને !

તા. ૨૩/૯ની બપોરે બાર વાગ્યે સ્વામીશ્રીને લઈ ઊડેલું સાઉથ આફ્રિકન ઍરવેઝનું વિમાન એક વાગ્યે જોહાનિસબર્ગ ઊતર્યું. અહીંથી કેન્યા ઍરવેઝની સેવા ગ્રહણ કરતાં સ્વામીશ્રી બપોરે પોણા ત્રણ વાગ્યે પુનઃ ગગનગુફામાં પહોંચ્યા. આ હવાઈ મુસાફરીમાં પાઇલટની વિનંતીથી કૉકપીટને પણ પાવન કરનારા તેઓ સાંજે ૭:૨૦ વાગ્યે મોમ્બાસા પધારી ગયા.

અહીં ઍરપોર્ટ પર સૌનો ભક્તિભાવ સ્વીકારી સ્વામીશ્રી પૂર્વ રાષ્ટ્રપ્રમુખ શ્રી જોમો કેન્યાટાના બંગલે રખાયેલા ઉતારા તરફ ગતિ કરવા લાગ્યા. આ સમયે પોલીસની ઍસ્કોર્ટ ગાડીઓ તેઓને દોરી રહેલી, પરંતુ સ્વામીશ્રીની ગાડીના ચાલક ઍસ્કોર્ટની ગતિ સાથે તાલ મિલાવી શકતા નહોતા. તે જોઈ એક સહપ્રવાસીએ બળાપો કાઢ્યો કે ‘શું આમ નરસિંહ મહેતાની વેલ જેવી ગાડી હાંકે છે ?’

આ અકળામણનો પ્રતિભાવ ગાડીચાલક આપે તે પહેલાં તો સ્વામીશ્રી બોલી ઊઠ્યા: 'મંઈ (અંદર) સમર્થ પુરુષ બેઠા છે, બ્રહ્મસ્વરૂપ બેઠા છે ને! એટલે હડદો ન લાગવો જોઈએ ને!' આમ કહેતાં તેઓ ખિલખિલાટ હસી પડ્યા. એ હાસ્યના ફુવારામાંથી વેરાતી જ્ઞાન-ગમ્મતની ધારાઓએ સૌને તરબતર કરી મૂક્યા.

આવી જ હળવાશથી તા. ૨૫/૯ની સાંજે લોહાણા મહાજન વાડીમાં ધર્મલાભ આપી સ્વામીશ્રી ઉતારે જવા નીકળ્યા. તે જ વખતે તેઓએ પ્રાંગણમાં ઊભેલા શ્રી ઘનશ્યામભાઈને જોયા. નકુરુના આ હરિભક્ત હમણાં હમણાં જ દૃષ્ટિ ગુમાવી બેઠેલા. તેથી સ્વામીશ્રીએ તેઓને બોલાવી આશીર્વાદ આપ્યા.

તે પછી ગાડી ઊપડી ત્યારે એક સહયાત્રીએ પૂછ્યું: 'સ્વામી! આવા સમર્પિત હરિભક્તને શા માટે આવું દુ:ખ?!'

'ભગવાનનું એવું! ભક્તને દુ:ખ આપે. આ ને આ જન્મે પૂરું કરવાનું હશે! એના જીવમાં ભવિષ્યમાં કંઈ બીજું થવાનું હોય એટલે આ રક્ષા કરી છે.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓના શબ્દોમાં પરમાત્માની પરોપકારી પદ્ધતિ ઝળકી રહી.

આ જ તત્ત્વજ્ઞાન

તા. ૨૯/૯ની બપોરે ઠાકોરજી જમાડી રહેલા સ્વામીશ્રી સમક્ષ નાગજીભાઈ પટેલ, હર્ષદભાઈ રાણા વગેરે ભક્તો તેઓને આફ્રિકામાં આગમન વખતે વેઠવી પડેલી મુશ્કેલીઓ વર્ણવવા લાગ્યા. પરંતુ કોઈ પણ વાતને અધ્યાત્મની દિશા આપવામાં સ્વામીશ્રી કુશળ. તેથી તેઓ આ વિગતો સાંભળી બોલ્યા: 'આવું કઠણ હતું છતાં તમે ગમે તેમ કરીને અહીં આવી ગયા. એમ સત્સંગમાં માલ મનાઈ ગયો હોય તો ગમે તે પ્રસંગોમાં મન પાછું ન પડે.'

'પણ પેલામાં પૈસા દેખાય એટલે વાંધો ન આવે. અહીં કંઈક અક્ષરધામ જેવું દેખાડો ને!'

આમ કહી હર્ષદભાઈ સ્વામીશ્રી તરફ દડો ઉછાળવા ગયા ત્યાં જ તેને કેફની ફૂંકે ઉડાડતાં શાંતુભાઈએ કહ્યું: 'હજી તમને અક્ષરધામ નથી દેખાતું? આ સામે બેઠું એ જ મૂર્તિમાન અક્ષરધામ!'

આ વાતને સસ્મિત અનુમોદન આપતાં સ્વામીશ્રી બોલ્યા: 'ચીતરેલા

નાગને સૌ કોઈ પૂજે ને મૂર્તિમાન આવે તો ડાંગ લે. પરોક્ષમાં પ્રતીતિ સૌને આવે.'

આ સાંભળી હરિભક્તોએ પૂછ્યું: 'આવું થાય છે એનું કારણ શું હશે?'

'પરોક્ષભાવ. એ ટળે તો વાંધો ન આવે.'

સ્વામીશ્રીનું આ નિદાન સાંભળી નટુભાઈ ચોકસીએ કેફ ઘૂંટ્યો કે 'સ્વામીમાં રહેલા મહારાજ જમે ત્યારે જ આખા બ્રહ્માંડને અનાજ મળે છે!'

'આ જ તત્ત્વજ્ઞાન!'

સ્વામીશ્રીના આ ટૂંકા ઉદ્‌ગારમાં સૌને *'તે જ જ્ઞાની, તે તત્ત્વવેત્તા, જેણે પ્રગટ પ્રભુને પેખિયા...'*નો પડઘો સંભળાયો. પ્રત્યક્ષ સ્વરૂપની નિષ્ઠાનું નિશાન દૃઢાવતાં સ્વામીશ્રીએ ભોજન પૂર્ણ કર્યું.

એવું અધૂરું ન ચાલે

મોમ્બાસામાં સ્વામીશ્રીનો લાભ લૂંટવા દોડી આવેલા દેશ-વિદેશના ઘણા ભક્તોની સરભરામાં સ્થાનિક મંડળે મોગો, મડાફ, મકાઈ અને મટુંડાની હાટડી ચોવીસે કલાક ખુલ્લી મૂકી દીધેલી. આ પ્રાદેશિક પાકને સૌ યથાશક્તિ માણતા.

તે પીરસવાની સેવામાં રોકાયેલા સ્થાનિક સીદી શ્રી હમીસી અને તેના માણસોને પુરસ્કારરૂપે આપવા કનુભાઈ પટેલ ટી-શર્ટ લઈ આવ્યા. આ વસ્ત્રો તા. ૨૯/૯ની બપોરે સ્વામીશ્રીના હસ્તે આફ્રિકનોને અપાતાં હતાં ત્યારે સ્વામીશ્રીએ પેલા દાતાને પૂછ્યું: 'એકલું ઉપરનું આપ્યું, પણ નીચેનું સૂંથણું લાવ્યા છો કે નહીં?'

'ના.'

'એવું અધૂરું ન ચાલે. આખું શરીર ઢંકાય એવું દાન કરવું.' સ્વામીશ્રીએ કહ્યું.

તેઓ હતા – સંપૂર્ણ સહાયના હિમાયતી.

સ્મરણીય સાગરયાત્રાનો શુભારંભ

તા. ૨૯/૯ની સાંજે ૫:૧૯ વાગ્યાથી સ્વામીશ્રીના સાંનિધ્યમાં પ્રારંભ પામેલી એક સ્મરણીય સાગરયાત્રા સાત દિવસ સુધી ચાલવાની હતી. આ દરિયાઈ ખેપ માટે એમ. એસ. રોયલ સ્ટાર જહાજમાં ૨૫૮ સહયાત્રીઓ સાથે સ્વામીશ્રીએ કિલિન્ડિની બંદરેથી વિદાય લીધી ત્યારે ઢળતો સૂર્ય તેઓનું મુખ પખાળી રહ્યો. થોડી વારે એ પ્રકાશ ઠાકોરજી પર પડતાં સ્વામીશ્રીએ જાતે

જ ઠાકોરજીને સૂર્યની વિરુદ્ધ દિશામાં ફેરવી લીધા. તેઓની આવી ભક્તિના તરંગો પર સવાર થયેલી મનવાર હિંદ મહાસાગરના અફાટ જળરાશિમાં આગળ ધસવા માંડી.

પરંતુ થોડી વારમાં સામુદ્રી સફરની આડઅસરરૂપે કેટલાક મુસાફરોને ઊલટીનો ઉપદ્રવ પીડવા લાગ્યો.

આ ઘટનાક્રમના અનુસંધાનમાં તા. ૩૦/૯ની સવારે અલ્પાહાર દરમ્યાન એક યુવકે પૂછ્યું : 'બાપા ! આપની તબિયત કેમ છે ?'

'સારું છે.'

'જે વ્યાધિ થાય એ અમને આપજો.'

'હમણાં નહીં. મુસાફરી થાય પછી આપીશું.'

આટલો હળવો વિનોદ કરી સ્વામીશ્રી ગંભીરતાપૂર્વક બોલ્યા : 'તમે ભજન ના કરો, મંદિરે ના આવો એ અમારે મન વ્યાધિ છે. બીજા વ્યાધિ તો જે જીરવી જાણે એ જ જીરવી જાણે, આપણાથી ન જીરવાય.'

સ્વામીશ્રીના આ પ્રતિભાવમાં સમજ અને સામર્થ્ય – બંને હતાં. જગતનાં ઝેર જીરવી જવાં તે ગુણાતીત સંતનું જ કામ, મનુષ્યનું નહીં ! જો માનવી તે પીવા જાય તો ફાટી મરે – સાગરને સમાવવા જતા તળાવની જેમ !!

કથામાં ટૂંકું શું કામ કરો છો ?

સાગરયાત્રાનો પ્રથમ મુકામ તા. ૩૦/૯ની સવારે ઝાંઝીબારના કિનારે થયો ત્યારે લવિંગના ધામ સમા આ દેશમાં સ્વામીશ્રીના આગમનને વધાવવા પ્રવાસન મંત્રી, ભારતના કોન્સલ જનરલ, દેશના મુફ્તી, ઇસ્લામિક કમિટીના અગ્રણી, એંગ્લીકન ચર્ચના પાદરી, ગુજરાતી સમાજના અગ્રણી વગેરે જહાજમાં આવી ગયા. તેઓનો આદર ઝીલી દસ વાગ્યે મોટર દ્વારા નગરમાં નીકળેલા સ્વામીશ્રીએ અહીં યોગીજી મહારાજના પ્રાસાદિક ઘેર પગલાં કરી ભવાની ઇન્ટરનેશનલ પ્લાઝામાં સભા ભરી. અત્રે દારેસલામથી ફેરી દ્વારા આવી પહોંચેલા સો જેટલા હરિભક્તોએ સાગરપ્રવાસીઓ માટે અલ્પાહારની વ્યવસ્થા કરેલી. તેને ન્યાય આપી સૌ નગરનાં ઐતિહાસિક સ્થળોની મુલાકાતે રવાના થયા અને સ્વામીશ્રી જહાજ પર પધાર્યા.

અહીં તેઓએ યાત્રાના એક જ દિવસમાં માપી લીધેલું કે 'પીરસવામાં

પશ્ચિમી ઢબ મુજબ વારાફરતી આવતી વાનગીઓને કારણે અને દિવસ દરમ્યાન પાંચ વાર પીરસાતાં ખાણાંને લીધે જમવામાં જ ચાર-પાંચ કલાક વીતે છે.' તેથી સ્વામીશ્રીએ આજની સાંજે ચાર વાગ્યે ઝાંઝીબાર છોડ્યા પછી વ્યવસ્થાપકોને તાકીદ કરી કે 'જમવામાં આટલા કલાકો જતા રહે છે એના કરતાં ભજનનું કંઈક કરો ને ! નવ વાગ્યે નાસ્તો તો થાય છે, પછી દસ વાગ્યે ચાની શી જરૂર ? ખાઓ-પીઓ એનો મને વાંધો નથી પણ સવારે નવથી અગિયાર વાગ્યાનો સમય કથાનો રહેવો જ જોઈએ. ખાવાનું ગોઠવ્યું એટલું જ કથાનું પણ ગોઠવવું. ખાવામાં ચાર કલાક, તો કથામાં ટૂંકું શું કામ કરો છો ?'

આમ કહી સ્વામીશ્રીએ જહાજના લાઉન્જમાં કથા શરૂ કરાવી અને સ્વયં જ નિષ્કુળાનંદ કાવ્યમાંથી એક કડવું ગાઈ સિત્તેર મિનિટ સુધી વરસી પડ્યા.

તેઓના આ ઈશકને બિરદાવતાં કો'કે રાત્રિભોજન વખતે કહ્યું : 'બાપા ! આજે તો આપ દોઢ કલાક એકધારું બોલ્યા !'

પરંતુ આ કહેનારે કથા-સમયમાં કરેલો વીસ મિનિટનો વધારો સ્વામીશ્રીને ખટક્યો. તેથી તેઓએ જાણપણું આપ્યું કે 'આપણે માપનું કહીએ તો કામનું. મહત્તા વધારવા વધુ ન કહેવું.'

અતિશયોક્તિ પ્રત્યે સ્વામીશ્રીને ભારોભાર અરુચિ. જે નિર્દંભ હોય તેમાં જ સંભવે એવો આ ગુણ તેઓનો પડછાયો બનીને જીવનભર સાથે રહેલો.

તે સાથે સ્વામીશ્રીએ રાત્રિભોજન બાદ પણ પોતાના ઓરડામાં એક કલાક કથાપ્રવાહ વહેવડાવી આ સાગરયાત્રાને ઉજાણીને બદલે છાવણીની કક્ષામાં લાવી મૂકી.

એ જ રીતે તા. ૧/૧૦ની સાંજે તેઓએ સતત ૧૦૦ મિનિટ સુધી મીઠી અમૃતધારા રેલાવી ખારા સમુદ્રને ધન્ય કરી દીધો.

દુઃખને ભૂંસે તેવું રબ્બર

તા. ૨/૧૦ની સવારે જહાજમાં જ નિત્યક્રમથી પરવારી સ્વામીશ્રી સ્ટીમ લૉન્ચ દ્વારા બપોરે એક વાગ્યે માયોટે ટાપુ પર ઊતર્યા. અહીં નગરના દર્શન માટે ગાડીઓ ગોઠવાય તે સમય દરમ્યાન તેઓ નાનકડી કુટીર જેવા એક પ્રવેશદ્વારમાં ગોઠવેલા પથ્થરના તૂટલા-ફૂટલા બાંકડા પર બિરાજી હરિભક્તો સાથે ગોષ્ઠિ કરવા લાગ્યા.

આ વાર્તાલાપમાં એકે પૂછ્યું : 'બાપા ! એવું કોઈ રબ્બર નથી કે જે

વાપરીએ એટલે અપમાન, દુઃખ બધું ભૂંસાઈ જાય?'

'એવું રબ્બર તો આપેલું જ છે, પણ એનો ઉપયોગ બરાબર થતો નથી. निजात्मानं ब्रह्मरूपम्... પોતાના આત્માને બ્રહ્મરૂપ માનવાની વાત મહારાજે કેવી સરસ આપી છે!'

આવી સરસ વાત સંભળાવી સ્વામીશ્રી વ્યવસ્થા ગોઠવાતાં માયોટેને પાવન કરવા નીકળ્યા. મડાગાસ્કરની ઉત્તરે આવેલા કોમોરો દ્વીપસમૂહનો આ ટાપુ કાજુ, નાળિયેર અને સુગંધીદાર પુષ્પોનો પ્રદેશ. લીલોતરીથી મઢેલી તેની ભૂમિ પર એકાદ કલાકના વિહાર દ્વારા આ દ્વીપના સંસ્કારને જાગ્રત કરી સ્વામીશ્રી પુનઃ મનવારમાં આવી ગયા.

અહીંથી સાંજે સાડા ચાર વાગ્યે યાત્રા આગળ ધપી ત્યારે કપ્તાન શ્રી રોય ડિયરમેનના આગ્રહથી સ્વામીશ્રી કન્ટ્રોલ કૅબિનમાં પધાર્યા. ત્યારબાદ તેઓએ ગૅલેરીમાં જઈને કપ્તાન દ્વારા દરિયાઈ રચનાની સમજ મેળવી. તે સમયે અસ્તાચળે ઢળેલા સૂર્યથી આકાશનું આંગણું ભગવા રંગે રંગાઈ ગયેલું. એવી જ ભગવી આભા અવની પર પ્રસરાવતા સ્વામીશ્રીનું ગાતરિયું હવામાં ફરફરી રહેલું. તે સાથે આંખો સહેજ ઝીણી કરી દૂર-દૂર સુધી દૃષ્ટિ ફેલાવતા તેઓની આ કૃપાથી દરિયાનું દિલ ઊછળી રહ્યું. સ્વામીશ્રીનું હૈયું પણ સૌને સુખ આપવા થનગની રહ્યું હશે! તેથી સ્ટીમરની આ મુલાકાત બાદ તેઓએ સંધ્યા-સભામાં સતત ૭૭ મિનિટ સુધી કથામૃત રેલાવી દીધું.

રત્નાકરમાં રત્નતુલા

ટચૂકડા તારાઓની વિરાટ દુનિયા તળે તરતાં-સરતાં રાત્રિ વિતાવી રોયલ સ્ટારે તા. ૩/૧૦ની સવારે આઠ વાગ્યે મડાગાસ્કરથી એક કિ.મી. દૂર નાંગળ ખોડ્યું ત્યારે તેની રોનક ફરી ગયેલી. રંગબેરંગી ફુગ્ગાઓથી શોભતું આ જહાજ આજની વિજયાદશમીના દિવસે આવી રહેલા એક આગવા અવસરની આલબેલ પોકારી રહેલું. હિંદ મહાસાગરનું મોતી ગણાતું ૫૮૭ ચો.કિ.માં વિસ્તરેલું મડાગાસ્કર પણ આજે ટાપુઓની દુનિયામાં ટોચે પહોંચવાનું હતું. તેમાં નિમિત્ત બનનારી ઘટના સ્ટીમરના તરણહોજના આંગણે આકાર પકડી ચૂકેલી.

આ પ્રસંગ માટે તરણહોજને અડધો ઢાંકી મંચ ખડો કરાયેલો. તેના જમણા છેડે શોભી રહેલી કાષ્ઠનિર્મિત તુલાના એક પલ્લે સ્વામીશ્રીને

પધરાવી બીજા પલ્લાને ભારોભાર રત્નોથી ભરી દેવા આતુર સત્સંગીઓ તો સવારે આઠ વાગ્યાથી સભામાં ગોઠવાઈ ગયેલા. તેમાં સમુદ્રયાત્રીઓની સાથે મડાગાસ્કરનાં જુદાં જુદાં શહેરમાંથી આવેલા દસ ભક્તો પણ સામેલ હતા. આ સૌ ઠાકોરજી સહિત સ્વામીશ્રીની રત્નતુલા કરી રત્ન જેવી ઝળહળતી સ્મૃતિ ઝંખી રહેલા.

તે મનોરથ પૂરો કરવા સ્વામીશ્રી નવ વાગ્યે સભામાં પધાર્યા તે પૂર્વે દશેરાની મહાપૂજા સંપન્ન થઈ ચૂકેલી. તેને અનુસરતાં સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં ધૂન-પ્રાર્થના બાદ સમુદ્રમંથનનું રૂપક રજૂ થયું.

તે પછી બરાબર ૯:૫૫ વાગ્યે તુલાના ડાબે ત્રાજવે સ્વામીશ્રી બિરાજ્યા. તેના સામે છેડે સાકરના પડા મુકાવા લાગ્યા. તે ત્રાજવું નીચું નમતાં સ્વામીશ્રી પલ્લામાંથી ઊતરી આસન પર બેઠા અને સાકરની સામે રત્નો ખડકાયાં. આ પલ્લું ૧૦:૧૯ વાગ્યે નમતાં સૌએ કરેલા હર્ષોલ્લાસથી દરિયો પણ ખળભળી ઊઠ્યો. ગુરુહરિને અમૃત મહોત્સવે અમૃત-અંજલિ આપ્યાનો સંતોષ સૌની આંખોમાં ચમકી રહ્યો. જો કે સ્વામીશ્રીના પહાડ જેવા ઉપકારો સામે આ રત્નાંજલિ તો ધૂળની ઢગલી જ હતી !

તેથી સ્વામીશ્રીને આરતીનાં અર્ઘ્ય દ્વારા વધાવતાં સૌનાં અંતર ગાઈ રહ્યાં: *'ચરણોં મેં શીશ મેલી દીનતા ઉચ્ચારીએ, કૌન ઐસી ભેટ ગુરુરાજ આગે ધારિયે...'*

... તો શાક-બકાલાના હિસાબે જઈએ

રત્નતુલા બાદ ૧૧:૪૦ વાગ્યે સ્વામીશ્રી સ્ટીમ લૉન્ચ દ્વારા મડાગાસ્કરના વાયવ્ય ખૂણે આવેલા નૂઝી-બી બંદરે પધાર્યા. તેના કાંઠેથી પંદર કિ.મી. દૂર આવેલી હૉટેલ લેટ્સ કૉકોટિવમાં વીસ-પચીસ ભાવિકો એકત્રિત થયેલા. ત્યાં પહોંચી સ્વામીશ્રીએ ધર્મલાભ આપતાં જણાવ્યું: 'નવો પરિચય છે પણ તમને હિંદુ ધર્મ પ્રત્યે પ્રેમ છે એટલે અહીં આવ્યા છો. આપ સૌની મંદિર કરવાની ઇચ્છા છે તો મંડી પડો. સહકાર મળી જશે ને મંદિર થઈ જશે. રવિવારે સૌએ ભેગા થવું.'

આમ, એક નવા પ્રદેશને સત્સંગથી ખેડી સન રેડિયોના સંવાદદાતાની જિજ્ઞાસા સંતોષતાં સ્વામીશ્રી દોઢ વાગ્યે પુનઃ સ્ટીમરમાં આવી પહોંચ્યા અને જલતરંગ પર જહાજ સરવા લાગ્યું. તેમાં સાંજે પોણા સાત વાગ્યે કથા-

વાર્તાનો ઘોષ ઊઠ્યો. ભક્તોએ આજે પ્રશ્નોત્તરી દ્વારા લાભ લેવાનું વિચાર્યું હોવાથી સ્વામીશ્રીને વિવિધ પ્રશ્નો પુછાતા ગયા.

તે ક્રમમાં એક જિજ્ઞાસા એવી પ્રગટ થઈ કે 'સ્વામી! આપની પાસે એવું તે શું છે કે જેથી આપનાં પ્રથમ દર્શને જ બધાંનાં અંતરમાં અદમ્ય આકર્ષણનો અનુભવ થાય છે?'

આ કુતૂહલનો ખુલાસો આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'આપણું મુખ, શરીર કે ડા'પણ જોઈને કંઈ આકર્ષણ થતું નથી. આકર્ષણ એક ભગવાનનું છે. શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના થયા છીએ એટલે ભાવ થાય છે. એમના ન થયા હોય તો આપણને કોઈ પૂછે એમ નથી. તમારાં કે મારાં ઘરેણાં એમનાં છે. આકર્ષણ કે જે કહો એ, એ એમનું પોતાનું છે. એ ઘરેણાં ઉતારી લે તો શાક-બકાલાના હિસાબે જઈએ. બેઠા છીએ એ એમના આશીર્વાદથી! આપણી આવડત, બુદ્ધિથી શોભા કે કિંમત નથી.'

સ્વામીશ્રીના શબ્દોમાં દાસત્વનો દરિયો છલકાઈ આવ્યો.

પરંતુ દરિયાના અતલ ઊંડાણને પામવા મરજીવા બાવડાં વીંઝે તેમ સ્વામીશ્રીના ગુણસાગરમાંથી મોતી મેળવવા મથતા ભક્તો દ્વારા વધુમાં પુછાયું કે 'સ્વામી! કયા એક વિચારથી આપને દરેક ઉપર કરુણા રહે છે?'

'એક જ દયા કે 'જીવનું સારું કરવું છે.' માતાને બાળક લાતો મારે તો પણ મા તરછોડે નહીં; એમ આપણે ગમે એટલા આઘા-પાછા થઈએ તોય એમને કરુણા રહ્યા જ કરે છે. એમને ચોવીસ કલાક જે આનંદ છે એ આપવાની ઇચ્છા છે. એ ભાવનાથી કામ કરે છે એટલે કરુણા છે, છે ને છે જ!'

અંતર ઉલેચતાં સ્વામીશ્રી આટલું બોલ્યા ત્યારે ભક્તોએ પૂછ્યું: 'આપ પ્રવૃત્તિમાં સતત વ્યસ્ત રહો છો છતાં મહારાજ સાથેનો તાર અતૂટ રહે છે, એ કઈ રીતે?'

'તમારી ને અમારી પ્રવૃત્તિમાં આકાશ-પાતાળનો ફેર! તમારે ત્યાં તો No admission without permission (પરવાનગી વિના પ્રવેશ નહીં), ને અમારે તો Welcome (મીઠો આવકાર)! સત્પુરુષ પ્રવૃત્તિનો બોજો માથે રાખે નહીં. તમે ગૃહસ્થ આજ્ઞામાં રહીને પ્રવૃત્તિ કરો તો તમારે પણ નિવૃત્તિ.' સ્વામીશ્રીએ જણાવ્યું.

દૂર ઊગેલા ચંદ્રની જેમ આજે તેઓ પણ ખીલી ઊઠેલા. તેથી સૌનાં

હૈયાં શીતળ થઈ ગયાં.

પયગંબરી પગલાં

રાત્રિના અંધકારને ચીરતું જહાજ તા. ૪/૧૦ની સવારે મડાગાસ્કરના ઉત્તરીય અને મોઝામ્બિકના પૂર્વીય કિનારા વચ્ચે ગોઠવાયેલા રમણીય દ્વીપ અંજુઅન પર પહોંચ્યું. અહીં સ્વામીશ્રીને વધાવવા પૂર્વની ઉષાએ વરસાદનાં અમીછાંટણાં વડે મેઘધનુષની કમાન રચી દીધી. હરિયાળીથી આચ્છાદિત ડુંગરોને બાઝી પડેલાં વાદળો વચ્ચે કેરી, કેળ અને પપૈયાંથી લચી પડેલો આ પ્રદેશ પાવન કરવા સ્વામીશ્રી બાર વાગ્યે નીકળ્યા.

દોઢેક કલાકના એ વિહાર દરમ્યાન ભેગો ફરતો માર્ગદર્શક માહમદ ટીના સ્વામીશ્રીને વારંવાર કહી રહ્યો : 'આપ ખરેખર પયગંબર છો ! અહીં છેલ્લા કેટલાય મહિનાઓથી વરસાદ નહોતો. આજે આપે પગ મૂક્યા ને વરસાદ શરૂ થયો છે !'

સ્વામીશ્રીનાં આવાં પયગંબરી પગલાંએ આ નગરના એકમાત્ર ગુજરાતી તરીકે રહેતા પોરબંદરી લુહાણા શ્રી લલિતભાઈની દુકાનને પણ ધન્ય કરી.

આમ, એક નવા ભૂખંડ પર પોતાનાં પદચિહ્ન છોડી સ્વામીશ્રી પરત પધાર્યા ત્યારે જહાજે હવે સતત ચાલીસ કલાકની મુસાફરી માટે મોમ્બાસા ભણી સુકાન મરોડ્યું.

મરજીના મરજીવા

મોમ્બાસા તરફના વળતા પ્રવાસમાં બે-એક કલાક વીત્યા હશે ત્યાં સાંજે સાત વાગ્યે સ્વામીશ્રી સભામાં પધાર્યા. તે વખતે ગઈકાલની પ્રશ્નોત્તરીનો દોર આગળ લંબાયો. તેમાં ભક્તોએ પૂછ્યું : 'સ્વામી ! યોગીબાપાના વખતમાં ઘણા એવા પ્રસંગો બનતા જેમાં આપના ઉપર દોષનો ટોપલો વાંક વગર ઢોળાઈ જતો હોય ! આવા પ્રસંગે યોગીબાપાની મરજીને વળગી રહેવા છતાં આપ તટસ્થ કઈ રીતે રહેતા ?'

આ જિજ્ઞાસા શમાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

''આપણને યોગીબાપાને વિષે તો પહેલેથી જ શાસ્ત્રીજી મહારાજના સાક્ષાત્ સ્વરૂપનો જ ભાવ હતો. એમનું વચન એ ભગવાનનું જ વચન ! એમ માનીને જ શાસ્ત્રીજી મહારાજ, યોગીબાપાને સેવેલા. પ્રસંગો તો ઘણા બનતા,

પણ એ કહે એમાં શંકા નહીં. જુદો વિચાર કે મન જુદાં ન પડે.

સૂડી વચ્ચે સોપારી જેવી પરિસ્થિતિ આવે, પણ એમની મરજી શું છે એ આઠે પહોર, 24 hours (ચોવીસ કલાક), નિશ-દિન વર્તવાનો જ વિચાર હોય. એટલે ભલે ને સૂડી વચ્ચે સોપારી થાય, સહન જ કરી લેવાનું! લોકો ભલે ગમે એમ બોલે પણ બાપા તો રાજી થાય છે ને! જો આપણને એમ થાય કે 'આપણે શું કામ અપજશ લેવો?', ને ના કહીએ તો બધા બાપા ઉપર તૂટી પડે. એના કરતાં આપણે જ અપજશ ના વહોરી લઈએ!

પેલા લોકોનો મને અભાવ પણ નથી આવ્યો. આવા ઘણા પ્રસંગો સહન કર્યા છે, છતાં હરિભક્તો કે સંતો માટે દુઃખ થયું નથી. શાસ્ત્રીજી મહારાજનું વચન અને જોગીબાપા રાજી થાય એ વિચાર હંમેશાં ચાલતો આવ્યો. એ રીતે વર્ત્યા તો આજે આનંદ ને સુખ છે.''

દરિયાની જેમ જ સ્વામીશ્રીની ગુરુભક્તિ હડૂડી રહી.

અત્યારે મધદરિયે પહોંચેલી સ્ટીમરમાંથી ચારેકોર જળ સિવાય કશું જ નજરે ચડતું નહોતું. એ જ રીતે સ્વામીશ્રીના જીવનમાં પણ ગુરુની પ્રસન્નતા વિના બીજાં કોઈ વાત-વિચાર રહ્યાં નહોતાં. ગુરુ માટે જ જીવતા અને ઝઝૂમતા તેઓ ગુરુની મરજીના મરજીવા હતા.

એવા તમે એક જ છો

કેન્યાનાં વિવિધ મંડળોએ મળીને કરેલું સાગરયાત્રાનું આયોજન સ્વામીશ્રીની નિશ્રામાં પળે-પળે અવિસ્મરણીય બની રહેલું, પરંતુ તા. ૫/૧૦ના રોજ અંતિમ સામુદ્રી સફર ચાલી રહી હોવાથી આ સુખ પર હવે પૂર્ણવિરામ મુકાવાનું હતું. તેથી શ્રી અરવિંદભાઈ સાહેબે આજની વિદાય-સભામાં કહ્યું: 'બાપા! દિવસો ક્યાં વીતી ગયા તેની ખબર ન પડી! છૂટા પડવાનું મન થતું નથી.'

'તો આ બાજુ આવી જાવ.' સ્વામીશ્રી બોલ્યા. તે સાથે જ જહાજમાં હાસ્યનું મોજું ફરી વળ્યું. તેમાં વિરહનો ભાવ સાવ ધોવાઈ ગયો.

આ વખતે એક સાગરપંખી ચારેકોર ચકરાવો મારી વળી પાછું તૂતક પર બેસી જતું હતું. તે જોઈ સ્વામીશ્રીએ કહ્યું: 'આપણે *'નાવ કે કાગ કી ગતિ ભઈ...'* વાત કરીએ છીએ એવું અત્યારે બરાબર જોવા મળ્યું!' આમ કહી તેઓએ 'ખાસ આ ફોટો લઈ લો' એમ જણાવ્યું.

આવાં કંઈક દૃશ્યોથી આંખ અને અંતર ભરતાં સૌ તા. ૬/૧૦ની સવારે કિલિન્ડિની બંદરે આવી પહોંચ્યા ત્યારે અત્રે સ્વાગતમાં ઊભેલા હરિભક્તોએ જયનાદો ગુંજાવી સ્વામીશ્રીને આવકાર્યા.[૭]

તે અભિવાદન ઝીલતા સ્વામીશ્રી ઉતારે પધાર્યા ત્યારે અહીં તા. ૭/૧૦ની સવારે મેયર શ્રી અહમદ મુઈદાની તેઓના સત્તરેક કાઉન્સિલરો સાથે દર્શને આવ્યા. આ નિમિત્તે યોજાયેલી નાનકડી સભામાં ઉદ્‌બોધન કરતાં આ નગરપતિએ સ્વામીશ્રીને ઉદ્દેશીને જણાવ્યું કે 'આ દુનિયામાં જેના નામે મિલકત, પૈસો કે જમીનનો ટુકડોય ન હોય અને પત્ની ન હોય, અખંડ બ્રહ્મચર્ય પાળતા હોય, એવા તમે એક જ છો. તમે એક આદર્શ નેતા છો.'

અમારી મોટામાં મોટી ડિગ્રી સાધુતાની

તા. ૮/૧૦ના રોજ આવેલી શરદ પૂર્ણિમાની સવારે મોમ્બાસાને લાભ આપી વિદાય થયેલા સ્વામીશ્રીએ શરદ પૂનમની રાત્રિ દારેસલામને ફાળવેલી. તેથી અત્રે સનાતન ધર્મસભાના પ્રાંગણમાં સૌએ ઉત્સવ મનાવ્યો.

તેને અનુસરતાં સ્વામીશ્રી તા. ૯/૧૦ની સવારે શંકર આશ્રમમાં પધાર્યા ત્યારે અત્રે ઊભેલા પૂજારીને જોતાં જ તેઓએ પૂછ્યું: 'જૂના પૂજારી ક્યાં છે?'

તેઓની આ પૂછપરછ નવા પૂજારી સહિત સૌને ચોંકાવી ગઈ.

આ રીતે પોતાની સતેજ સ્મૃતિશક્તિથી સૌને આંજતા સ્વામીશ્રી તા. ૧૨/૧૦ની સવારે મ્વાન્ઝાના ઍરપોર્ટ પર ઊતર્યા ત્યારે તેઓને વધાવવા ટાન્ઝાનિયાના ગૃહમંત્રી શ્રી ન્યાન્ડા દોડી આવ્યા.

તેઓનો સત્કાર ઝીલી આગળ વધેલા સ્વામીશ્રી તા. ૧૪/૧૦ની સાયંસભામાં બિરાજતાં આફ્રિકન બાળક શ્રી લુકાસે *'યોગીજી સ્વામી! તમે બહુનામી...'* કીર્તન ગાયું. તે સાંભળી સ્વામીશ્રી તે શિશુને અભિનંદન આપવા સામેથી તેની પાસે પહોંચી ગયા. ત્યારબાદ તેઓએ આજના આશીર્વાદમાં પણ એ બાળકને બિરદાવતાં કહ્યું: 'આ આફ્રિકન છોકરો તમે ના બોલી શકો

---

૭. સ્વામીશ્રીએ ખેડેલી આ સાગરયાત્રા દરમ્યાન થયેલા વિવિધ ભક્તિસભર કાર્યક્રમોની ઝલક માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો..

એવું કીર્તન બોલ્યો. ટ્રેન કર્યો (તાલીમ આપી) તો તૈયાર થયો. એમ આપણે આપણા છોકરાને ટ્રેન (તૈયાર) નહીં કરીએ તો બીજું કોણ કરશે ?'

આ અણિયાળા સવાલથી સૌને સજાગ કરતા સ્વામીશ્રી આવી જ જાગૃતિ આણવા તા. ૧૫/૧૦ના રોજ કંપાલા પધાર્યા. યુગાન્ડાના આ પાટનગરમાં દેશના શિક્ષણમંત્રી શ્રી કૅપ્ટન બાબુ, ભારતીય રાજદૂત, ઍન્ટેબેના મેયર વગેરે મહાનુભાવો તેઓના આશીર્વાદ પામી ધન્ય થયા.

ત્યારબાદ તા. ૧૬/૧૦ની સવારે મંદિરનો પાટોત્સવ ઊજવી સ્વામીશ્રી નંદલાલભાઈ કારિયાના ઘેર ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે ચાલતા થયેલા વાર્તાલાપમાં એક હરિભક્તે કહ્યું : 'બાપા ! અમારામાં તો નામની પાછળ ડિગ્રી લખે એટલે તરત ખ્યાલ આવે, જ્યારે સંતોને તો એવું હોય નહીં, એટલે શું ખબર પડે ?'

'જેમ જેમ સમાગમ કરો એમ ખબર પડે.' આટલું કહી સ્વામીશ્રીએ ઉમેર્યું : 'અમારે તો ડિગ્રી લખવાની જ નહીં. અમારી મોટામાં મોટી ડિગ્રી સાધુતાની. એ જ વિશેષતા. બાકી 'પ્રવચન કેવું કરે છે ? કે વિદ્વાન કેવા છે ?' એ બધું તો ઠીક ! જેમ ગમે એટલી સંપત્તિ હોય પણ માનવતા ના હોય તો શું કામનું ? એવું છે આ ! લોકોને રંજન કરી રોકી રાખે, પણ સાધુતા વગરનું નકામું. એ અમારે મુખ્ય ! એ હોય તો બીજું બધું શોભે.'

યુગાન્ડાના બંધારણમાં સ્વામીશ્રીના હસ્તાક્ષર

તા. ૧૬/૧૦ની સાંજે કંપાલાના સનાતન મંદિરે પધારેલા સ્વામીશ્રીએ અત્રે આરતી ઉતારી આશીર્વાદ આપતાં 'સનાતન કોણ ?, વૈદિક ધર્મ એટલે શું ?' વગેરે વિષયો સમજાવ્યા. તેઓનું આ વક્તવ્ય સાંભળી ઝૂમી ઊઠેલા મંદિરના ચૅરમેન શ્રી હસમુખભાઈ દાવડાએ પ્રવચનમાં સ્વામીશ્રીનો સ્વાનુભવ જણાવ્યો કે 'મને તથા અમારા મૅમ્બરોને જે પ્રશ્ન હતો એ આપના પ્રવચનથી દૂર થયો છે ! આપ ખરેખર અંતર્યામી પુરુષ છો જ ! મારા મનમાં હતું કે હું આપને વિનંતી કરું કે આ બાબતમાં કંઈક પ્રકાશ પાડો, ને આપે મારા મનનું જાણી લીધું ! ભારતવર્ષ આવા પુરુષોથી શોભાયમાન છે.'

આમ, ભારતના ગૌરવરૂપ સ્વામીશ્રી પાસે તા. ૧૭/૧૦ની સવારે યુગાન્ડાના બંધારણીય ખાતાના મંત્રી શ્રી સ્ટીવન કવુમા આવી પહોંચ્યા. તેઓ તાજેતરમાં જ તૈયાર થયેલા આ દેશના બંધારણના એક ઘડવૈયા.

તેઓએ પ્રાસંગિક વાતચીત બાદ સ્વામીશ્રી સમક્ષ બંધારણ ધરતાં કહ્યું : 'આ કૉપીમાં આપના આશીર્વાદ લખી આપો. અમે એને અમારા રેકોર્ડ્ઝમાં રાખીશું. આપને બીજી કૉપી મોકલી આપશું.'

મંત્રીનો આ મનોરથ પૂરો કરતાં સ્વામીશ્રીએ યુગાન્ડાના બંધારણમાં લખ્યું :

'યુગાન્ડાની પ્રજા સુખી થાય ને દેશનો વિકાસ થાય ને પ્રજામાં સુખ શાંતિ રહે અને યુગાન્ડામાં દેશ-પરદેશના રહેતા ભાઈઓ માટે પોતપોતાના ધર્મમાં રહી ભગવાન(ની) પ્રાર્થના કરી શકે તેવું બંધારણમાં છે તો આ દેશમાં ધર્મભાવના વધશે ને લોકોમાં નૈતિક(તા) અને આધ્યાત્મિકતા વધશે ને સંસ્કારી પ્રજા થશે. હમારા ગુરુ યોગીજી મહારાજ અત્રે મંદિર પ્રતિષ્ઠા વખતે પધારેલા ત્યારે તેઓ ને તેઓના ગુરુ શાસ્ત્રીજી મહારાજે આશીર્વાદ આપેલ છે તો દેશમાં સર્વે સુખી થશે.

શા. નારાયણસ્વરૂપદાસના આશીર્વાદ.'

દેશના બંધારણમાં કોઈ ધર્મગુરુના આશીર્વાદ સંગૃહીત થતા હોય તેવી આ વિરલ ઘટના હતી. આ ઐતિહાસિક અવસરને રાષ્ટ્રીય દૂરદર્શને દેશભરમાં ચમકાવ્યો.

તેથી કૃતાર્થ થયેલા મંત્રી શ્રી સ્ટીવને આ પ્રસંગે દિલગીરી વ્યક્ત કરી કે 'પાછલાં વર્ષોમાં આપ જેવા પુરુષનું અમે સ્વાગત કરી શક્યા નથી એનું અમને દુઃખ છે.'

આ વસવસો શમાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'તમે વિશાળ ભાવના રાખીને યુગાન્ડાનું હિત થાય એ માટે સુંદર બંધારણ કર્યું છે એટલે બહુ રાજી થયો છું. બંધારણમાં દીર્ઘદૃષ્ટિ રાખી છે, એટલે ભવિષ્યની સરકાર પણ એનું અનુસરણ કરશે. બધાને પાછા બોલાવી પ્રોપર્ટી પાછી આપી એવું દુનિયામાં ક્યાંય જોયું નથી !'

સ્વામીશ્રીના આ અભિપ્રાયનો અંગ્રેજી અનુવાદ કરી રહેલા યોગીચરણદાસ સ્વામીથી છેલ્લા વાક્યનું ભાષાંતર કરવાનું ચુકાઈ ગયું. તે યાદ કરાવતાં સ્વામીશ્રીએ તરત જ કહ્યું : 'આ વાક્ય કેમ ન બોલ્યા ?!'

તેઓની આ ટકોરથી આશ્ચર્ય પામતાં સૌ *'સર્વે તણા છે ગુરુ સર્વજ્ઞાતા...'* સમા સ્વામીશ્રી સમક્ષ ઝૂકી ગયા.

મહેલે ને ઝૂંપડે સોહે મારા સ્વામી

યુગાન્ડાના જુદા જુદા રાજાઓને તેઓની જાગીરો નવી સરકારે પરત કરતાં આ દેશના સૌથી મોટા અને જોરાવર રાજ્ય તરીકે બુગાન્ડા ઊભરી આવેલું. તેના રાજવી શ્રી મુએન્ડા મુટેબીએ મેંગો વિસ્તારમાં ઊભેલી પોતાના રાજ્યની વિધાનસભામાં પધારવાનું નિમંત્રણ સ્વામીશ્રીને આપેલું. તે સ્વીકારી તા. ૧૭/૧૦ની સાંજે સ્વામીશ્રી અહીં પહોંચ્યા ત્યારે આ રાજ્યના મુખ્યપ્રધાન પ્રવેશદ્વારે જ સ્વાગતમાં તૈયાર ઊભેલા. તેઓ સ્વામીશ્રીને રાજાના સ્વાગત કક્ષ સુધી દોરી ગયા.

અત્રે શ્રી મુએન્ડાએ સ્વામીશ્રીને આવકારતાં કહ્યું: 'મેં આપના વિષે ઘણું સાંભળ્યું છે. આજે આપના વિચારો અને કાર્યને જાણવાની જિજ્ઞાસા છે.'

આ સાંભળી શ્રી મહેન્દ્રભાઈ બૅરિસ્ટરે સ્વામીશ્રી અને સંસ્થાનો પરિચય આપ્યો. તે જાણી આ રાજા ખૂબ પ્રભાવિત થયા. સ્વામીશ્રીએ જ્યારે દેશના વિકાસ અંગે આશીર્વાદ પાઠવ્યા ત્યારે તો તેઓ ધન્યતા અનુભવી રહ્યા. તેથી પંદર મિનિટની આ ઉષ્માસભર મુલાકાત બાદ જ્યારે સ્વામીશ્રી વિદાય માટે ઊભા થયા ત્યારે તેઓને વળાવવા શ્રી મુએન્ડા ઠેઠ નીચે સુધી આવ્યા.

તેઓનું આ વિદાયમાન સ્વીકારી સ્વામીશ્રી ટીંડામાં આવેલા એક હરિભક્તના ઘેર જઈ પહોંચ્યા. વીજળીવિહોણા આ મકાનમાં તેઓએ મીણબત્તીના અજવાળે પગલાં પાડી ભક્તનો ભાવ પૂરો કર્યો !

ઝાકમઝોળથી છલકાતા રાજભવનની રોશનીમાંથી સ્વામીશ્રી સીધા જ મીણબત્તીથી ટમટમતા ખોરડામાં પધારેલા, પરંતુ આ બંને સ્થળોએ એકસરખી રહેલી તેઓની મુખરેખાઓ, સમદર્શી સ્વામીશ્રીની છબીને સૌનાં અંતરમાં આંકી ગઈ.

કલ્યાણ સૌનું ચિત્તમાં ચહાય

કંપાલાથી વિદાય લઈ નીકળેલા સ્વામીશ્રીએ તા. ૧૯/૧૦ના રોજ જિન્જાના મંદિરનો પાટોત્સવ ઊજવ્યો. આ પ્રસંગે યુગાન્ડાના નાયબ વડાપ્રધાન શ્રી કાટેગાયા, ક્યાબાઝીંગા પરગણાના રાજા અને મુખ્યપ્રધાન, એન્ગ્લીકન તેમ જ કેથલિક ચર્ચના પાદરીઓ સહિત ઘણા રાજકીય તથા ધાર્મિક મહાનુભાવો ઉપસ્થિત હતા.

તે સૌને પ્રેરણા પીરસી કકીરામાં શ્રી મનુભાઈ માધવાણીના બંગલે પધારેલા સ્વામીશ્રીએ અત્રે તા. ૨૦/૧૦ની સવારે પ્રાસાદિક પુષ્પો અને જળ સત્સંગી શ્રી બાબુભાઈ પટેલને આપતાં કહ્યું: 'અમારા નીકળ્યા પછી આ ફૂલો અને જળ નાઈલના મૂળમાં પધરાવી આવજો. એમાં રહેલાં જીવ-જંતુઓનું કલ્યાણ થાય અને જ્યાં-જ્યાં પાણી પીવાય ત્યાં સૌને સંસ્કાર પડે અને શાંતિ થાય.'

આવી ઉદાત્ત કલ્યાણભાવના સાથે વિચરતા સ્વામીશ્રી તા. ૨૦/૧૦ના રોજ કકીરાથી વિદાય લઈ ઈગાન્ગા અને બુગેરીને પાવન કરતાં ટરોરો પહોંચ્યા.

અહીં પચીસ વર્ષે થઈ રહેલા તેઓના આ આગમનને નવનીતભાઈ પટેલ વગેરે ભક્તોએ વધાવ્યું. તેઓનો પ્રેમ સ્વીકારી સ્વામીશ્રી મુક્તરાજ મગનભાઈના સ્મૃતિ-સ્થાને પહોંચ્યા.

અત્રે આરતી ઉતારી તેઓ મંદિરના ચોકમાં પ્રવેશ્યા ત્યારે મંદિરનાં ત્રણ શિખર પર રહેલા સુવર્ણ કળશો ૩૫ વર્ષ પછીયે હજી ગઈકાલે જ ચઢાવ્યા હોય તેમ ઝગમગી રહેલા. તે સિવાયનું બધું જર્જરિત હતું. પરંતુ સ્વામીશ્રીની શ્રદ્ધા નવીન હોવાથી તેઓએ જીર્ણ સિંહાસનમાં પણ ઠાકોરજી પધરાવી આરતી ઉતારી. ત્યારબાદ પ્રાસંગિક કથાવાર્તા, ભોજન અને વિશ્રામ લઈ સાંજે મુસાફરી આગળ વધારનારા સ્વામીશ્રી રસ્તામાં કાકામેગાના મંદિરે સવા કલાકનો લાભ આપી કિસુમુ પહોંચ્યા.

ભલી ભક્તિ પ્રભુજીની કરે

કિસુમુને તા. ૨૧/૧૦ના રોજ વાઘ બારસ અને ધન તેરસનો બેવડો લાભ મળેલો. પરંતુ પટેલ સમાજની વાડીમાં ચોપડા પૂજન અને મંદિરમાં અન્નકૂટોત્સવ ઊજવી હરિભક્તોએ આ બેવડા લાભનેય બેવડાવી દીધો. આ આયોજનમાં સ્વામીશ્રી પણ એવા ભળ્યા કે સૌને નવા વર્ષની નોબતો ત્રણ દિવસ વહેલી વાગી ગઈ. એ ગગડતા ઉમંગ વચ્ચે જ વિદાય લઈ સ્વામીશ્રી તા. ૨૨/૧૦ની સવારે હવાઈમાર્ગે નૈરોબી આવી ગયા.

અત્રે પ્રારંભિક દિવસોમાં શ્રી રસિકભાઈ પટેલના ઘેર રોકાયેલા તેઓએ તા. ૨૩/૧૦ની સાંજે દિવાળી નિમિત્તે પ્રિમિયર ક્લબના ગીતા હૉલમાં ચોપડા પૂજનનો લાભ આપ્યો.

ત્યારબાદ તા. ૨૫/૧૦ની સવારે સૌને નવા વર્ષના આશીર્વાદ આપી

મંદિરમાં ઠાકોરજીનાં દર્શને પધારેલા સ્વામીશ્રીએ ૧૧ દંડવત્ કર્યા.

તે જોઈ સંતોએ પૂછ્યું : 'આજે કેમ વધારે ?'

'દિવાળીને દિ' રહી ગયેલા ને !' ચોપડો ચોખ્ખો કરતાં સ્વામીશ્રી બોલ્યા.

આ જ ભક્તિભાવથી તેઓએ અન્નકૂટ પણ ભાવવિભોર થઈને ધરાવ્યો.

તેઓની આવી ભક્તિના રંગે રંગાયેલા એક સ્થાનિક ગુણાનુરાગી આ અરસામાં અત્રે મંગલ મંદિર બાંધી રહેલા. અંબાજી માતાના આ પરિસરમાં તા. ૨૭/૧૦ના રોજ પગલાં કરનારા સ્વામીશ્રીએ તા. ૨૮/૧૦ના દિવસે નૈરોબીના ભાલમાં લાભ પાંચમનો ચાંદલો ચોડ્યો અને તેઓ તા. ૩૦/૧૦ની સાંજે ૪:૩૬ વાગ્યે ભારત આવવા વિદાય થયા.

પરંતુ ૪,૭૯૦ કિ.મી.ની આ હવાઈ મુસાફરી તેઓએ આરતી, અષ્ટક અને ચેષ્ટાનાં આહ્નિક તેમ જ ગ્રંથવાંચનમાં જ વિતાવી.

આ ક્રિયાઓથી પરવારી રાત્રે ૧૧:૪૦ વાગ્યે સ્વામીશ્રી પોઢ્યા, પણ તે વખતે તેઓને સાંભર્યું કે 'પુસ્તક-વાંચનમાં સમય જતાં પત્રવાંચન તો થયું જ નથી !' તેથી સૂતેલા તેઓ બેઠા થઈ ગયા અને રાત્રે ૧૨:૪૫ વાગ્યા સુધી પત્રો વાંચતા રહ્યા !

આ કર્મઠતા સાથે સાડા ત્રણ મહિનાનો વિદેશપ્રવાસ પૂર્ણ કરી સ્વામીશ્રી રાત્રે ૧૨:૫૫ વાગ્યે મુંબઈ ઊતર્યા.

શ્રીજીમહારાજ હૃદયમાં બેસી જાય એવું કરવું છે

સ્વામીશ્રી મુંબઈમાં પધાર્યા ત્યારે આ શહેર અમૃત મહોત્સવ ઊજવવા થનગની રહેલું. ઠેર-ઠેર લાગેલાં નાનાં-મોટાં હૉર્ડિંગ્સ અધ્ધરથી અમૃતની આલબેલ પોકારતાં હતાં, તો વિવિધ આયોજનો લઈને ઘૂમતા સંતો-ભક્તો શેરીએ-શેરીએ અમૃતકુંભ ઠાલવી રહેલા. આ સમયે અમૃત મહોત્સવ નિમિત્તે ચુનાભટ્ટી વિસ્તારમાં આકાર પકડી રહેલા 'સ્વામિનારાયણ નગર'માં ૧,૮૦૦ સ્વયંસેવકો સેવામાં જાતને નિચોવતા હતા. સાચા લાભના મર્મને પામેલા તેઓ સ્વામીશ્રીનાં દર્શન માટે પણ મંદિરે આવ્યા નહોતા ! પરંતુ તેઓની આ સેવાભાવના જ તા. ૩૧/૧૦ની સાંજે સ્વામીશ્રીને 'નગર'માં ખેંચી ગઈ.

અહીં દોઢેક કલાક ગાડીમાં જ બિરાજીને નિર્માણાધીન 'નગર'ને નિહાળ્યા બાદ સ્વામીશ્રી સ્વયંસેવકોની ભોજનશાળામાં પધાર્યા. અત્રે ઊભા કરાયેલા નાનકડા મંચ પર બે અમૃતકુંભની વચ્ચે તેઓનું આસન રચવામાં આવેલું.

તે પર બિરાજેલા સ્વામીશ્રીએ સ્વયંસેવકોને આશીર્વર્ષાથી ભીંજવતાં કહ્યું :

'બધાને ખાસ જય સ્વામિનારાયણ! નવા વરસના આશીર્વાદ. મહારાજના વખતમાં જેમ *'વિના નાણે, જગ જાણે, વિપ્ર જમાડ્યા કોટ...'* એમ લંડનમાં જબરજસ્ત ઉદ્‌ઘોષ થયો. ડંકો વાગ્યો ને અણુ-અણુમાં પશુ-પક્ષી બધે પહોંચી ગયું. અહીં પણ કરોડ આવશે. સ્વયંભૂ જુવાળ ઊમટશે. તમે સેવા કરો છો પણ એકલા ન માનશો. મુક્તો તમારી સાથે છે. દેશ-પરદેશથી જે બધા આવે એ ગુણ લઈને જાય. બધાની છાતી તો ઠરે, પણ શ્રીજીમહારાજ હૃદયમાં બેસી જાય એવું કરવું છે. ભગવાન વિશેની શ્રદ્ધા વધે એવું કરવું છે.

આજે બધું જોયું. રસોડું કેટલું લાંબું! દુનિયા જમાડવાની હોય એવું છે. આ તૈયાર થશે ત્યારે તો લોકો ચક્કર ખઈને પડશે. બહારના તો ઘોડે ચઢીને જ આવશે, પણ આપણે તપવું નહીં. શબ્દને સહન કરી લેવા. સમૈયાનો મૂળ આધાર તમારા પર જ છે. તમારા વગર કામ શોભે જ નહીં. અનંત જન્મ કષ્ટ વેઠ્યાં છે, આ છેલ્લો જનમ છે.'

એક-એક બુંદે પુષ્ટિ-તુષ્ટિ પમાડનારી આ અમૃતધારા વહાવી સ્વામીશ્રી મંદિરે પધાર્યા.

ખોરાક નથી આવ્યો?

ભારતમાં દેખાનારા ગ્રહણને લીધે આ વર્ષે દેશભરનાં મંદિરોમાં ઠેલાયેલો અન્નકૂટોત્સવ તા. ૧/૧૧ના રોજ ધામધૂમથી ઊજવાયો. તેને અનુસરતાં આવેલી તા. ૨/૧૧ની બપોરે સ્વામીશ્રી ઠાકોરજી જમાડી રહેલા ત્યારે અચાનક તેઓએ બાજુમાં બેઠેલા સંતને પૂછ્યું : 'ખોરાક નથી આવ્યો?'

ભોજન વખતે વંચાતા ગ્રંથ સ્વામીશ્રીને મન આત્માનો ખોરાક. તેથી તે બાબતે તેઓએ આ પૂછપરછ કરી.

આમ, કથાશ્રવણમાં અતિ આસક્ત તેઓની સાનુકૂળતા માટે આ સમયે તેઓનાં ચોકઠાંમાં રોજ સી-બોન્ડનું પોચું સ્તર (cushion) લગાવવામાં આવતું, પરંતુ એક વાર તે રીતે તૈયાર થયેલાં ચોકઠાં આવતાં વિલંબ થયો. અલબત્ત, તે વખતે સ્વામીશ્રી તો ગ્રંથશ્રવણમાં એટલા લયલીન થઈ ગયેલા કે તેઓએ વગર ચોકઠે જમવાનું શરૂ કરવા કોળિયો હાથમાં લઈ લીધો! પરંતુ સેવકે તેઓને રોક્યા ત્યારે જ સ્વામીશ્રીને ચોકઠું ન પહેર્યાનો ખ્યાલ આવ્યો.

હરિકથામાં આવું હેત ધરાવનારા તેઓને તા. ૩/૧૧ના રોજ મહંત

સ્વામી અને કોઠારી સ્વામીએ અમૃત મહોત્સવની આમંત્રણ પત્રિકા અર્પણ કરી. તે સ્વામીશ્રીએ ઠાકોરજીને ધરાવ્યા બાદ ખોલી, પરંતુ તેમાં રહેલી ગુરુજનોની ગેરહાજરી ખટકતાં તેઓએ કહ્યું: 'આમાં શાસ્ત્રીજી મહારાજ અને જોગીબાપાની મૂર્તિ ક્યાં છે? એ તો આવવા જ જોઈએ!'

કોઈ પણ સંસ્થાકીય પ્રસંગની આમંત્રણ પત્રિકામાં સ્વામીશ્રીની નજર શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજને શોધતી. આ બાબતે એકેય સમાધાન તેઓના ગળે ન ઊતરતું. પત્રિકાની સજાવટમાં વત્તું-ઓછું કરીને કે લખાણમાં કાપકૂપ કરાવીનેય સ્વામીશ્રી પોતાના ગુરુની છબીઓ નિમંત્રણ પત્રિકામાં અવશ્ય મુકાવતા.

સમૈયાઓ માન લેવા માટે નથી કરતા

આ અરસામાં મુંબઈ ખાતે આયોજિત એક રાષ્ટ્રીય પક્ષના મહા-અધિવેશન માટે એકત્રિત થયેલા ૩૨,૦૦૦ કાર્યકરો અમૃત મહોત્સવ નિમિત્તે તૈયાર થયેલા ઉતારામાં રહેતા હતા. તે સૌને સંસ્થાની સરભરા ખૂબ જ પસંદ પડતાં રાજ્ય અને રાષ્ટ્ર સ્તરના ઘણા નેતાઓ સ્વામીશ્રીનાં દર્શને આવવા લાગ્યા. આ ક્રમમાં તા. ૧૦/૧૧ના રોજ કેટલાક મંત્રીઓ સાથે ઉપસ્થિત થયેલા ગુજરાતના નવનિયુક્ત મુખ્યમંત્રી શ્રી સુરેશભાઈ મહેતાને મનોરથ હતો કે 'સ્વામીશ્રીને તેઓના અમૃત મહોત્સવે રાજ્ય તરફથી સન્માનવા.'

પરંતુ આ વિગત આજની રાત્રે સંતો દ્વારા રજૂ થઈ ત્યારે સ્વામીશ્રીનો પ્રતિભાવ આવ્યો કે 'આ બધી માથાકૂટની શું જરૂર? આ સમૈયાઓ માન લેવા માટે નથી કરતા. આપણું સન્માન શ્રીજીમહારાજે કરી લીધું છે. આપણે સાદું-સિમ્પલ છે એ બરાબર છે.'

આટલી અરુચિ દર્શાવી સ્વામીશ્રીએ ઉમેર્યું: 'આ (અમૃત મહોત્સવનો) સમૈયો થયો એટલે બધું પૂરું! બીજા આવા સમૈયા કરવા જ નથી. નાહી નાંખવાનું! માથાકૂટમાં પડવું જ નહીં.'

'હરિજન તો માનથી હટે...' એ શબ્દો સ્વામીશ્રીના જીવનમાં સદા સાકાર થયેલા જોવા મળતા.

અમારા આશીર્વાદ તો સરખા જ હોય

તા. ૧૫/૧૧ની સવારે અલ્પાહારથી પરવારેલા સ્વામીશ્રી પાસે એક

મુમુક્ષુના પત્ર અંગે માર્ગદર્શન લેવા પહોંચેલા અક્ષરજીવનદાસ સ્વામીએ મુશ્કેલીની વિગત જણાવી કહ્યું : 'બાપા ! એને સારા આશીર્વાદ આપો.'

'આશીર્વાદમાં સારા શું ને ખરાબ શું ? અમારા આશીર્વાદ તો સરખા જ હોય !' સ્વામીશ્રી બોલ્યા.

આમ, સદા સર્વત્ર સમાનભાવે આશીર્વાદનું અમૃત વરસાવી મર્ત્ય માનવીઓને મૃત્યુંજય બનાવનારા અને મૃતઃપ્રાય સમાજને સજીવન કરનારા સ્વામીશ્રીના અમૃત મહોત્સવની ઘડીઓ હવે નજીક સરકી રહેલી. મુંબઈના આંગણે આ ઉત્સવ ઊજવવાનો હોવાથી વીતેલા સમગ્ર વર્ષ દરમ્યાન અહીં કીર્તન આરાધનાઓ દ્વારા ઉત્સવનો સૂર ગુંજતો રહેલો, તો પ્રાર્થનાયજ્ઞ, વ્યસનમુક્તિ યજ્ઞ, વાર્તાસત્ર વગેરે આયોજનોથી બાળકોએ ઉત્સવનો સંદેશ જન-જન સુધી પહોંચાડેલો. અમૃત-પત્રિકાના વિતરણ દ્વારા પણ મુંબઈના ઘેર-ઘેર ઉત્સવની સૌરભ પ્રસરી ચૂકેલી.

પરંતુ અત્યાર સુધી એક શહેરમાં સીમિત આ સૂર, સંદેશ અને સૌરભને વિશ્વવ્યાપી બનાવવા તા. ૨૫/૧૧ના રોજ જ્યારે અમૃત મહોત્સવના આરંભની ક્ષણ આવી પહોંચી ત્યારે સમગ્ર સત્સંગ-સાગર હિલોળે ચડી ગયો.

અમૃત નગરીની અમૃત શોભા

મુંબઈના ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર આવેલા ચુનાભટ્ટી વિસ્તારમાં વસેલી ૭૪ એકરની ભૂમિ અમૃત મહોત્સવના સ્થળ તરીકે પસંદગી પામેલી. આ જમીન પર આ વર્ષના વૈશાખનો સૂરજ તપતો હતો ત્યારથી જ નિર્માણના શ્રીગણેશ થઈ ગયેલા. પરંતુ આ જગ્યાનું ભૂતલ દરિયાઈ સપાટીનું જ હોવાથી પ્રવેશદ્વાર, મંદિર, પ્રદર્શન, સભામંડપ વગેરેનાં બાંધકામ માટે જરૂરી પાયા ગાળવામાં ત્રણ-ચાર ફૂટ ઊંડે જતાં જ પાણી આવી જતું. ભૂગર્ભ ગટરો માટે પણ ઢાળ ન મળતાં મુશ્કેલી સર્જાતી. કમરબૂડ ઊગેલા ઘાસને કારણે જમીન પર નકશાના નિશાન કરવામાંયે દિશા સૂઝે તેમ નહોતી. વળી, મોટા ઉંદરો અને સર્પ ઇત્યાદિ ઉપદ્રવોના રહેઠાણ જેવી આ અવાવરુ ભૂમિ મચ્છરોની કૉલોની પણ ખરી ! તેથી ઢીંચણઢાંક જોડાં (ગમબૂટ) પહેરીને જ ફરવું પડે. આસપાસ વસતા ઝૂંપડાવાસીઓ ઉત્સર્ગક્રિયા માટે આ જ જગ્યા વાપરતા હોવાથી ગંદકીનું સામ્રાજ્ય પણ ઘણું વિસ્તરેલું.

તે જોઈ લોકો તો એમ જ કહેતા કે 'અહીં છ મહિના બાદ ઉત્સવની

ઉજવણી શક્ય જ નથી!' પરંતુ આ મેદાનમાં પરસેવો નિતારવા લાગેલા સંતો-સ્વયંસેવકોથી 'નગર'નો નજારો ઊભરવા માંડેલો અને તા. ૨૫/૧૧ની સવારે તો તેનો એક-એક ખૂણો શિષ્ટ તથા સંદેશપ્રદ સુશોભનના સાજ સજી અમૃતસ્વરૂપ સ્વામીશ્રીની કુમકુમ પગલીઓ ઝીલવા તત્પર બની રહ્યો.

અત્યાર સુધી પતરાંની આડશ પાછળ નગરના નિર્માણની પ્રક્રિયા ચાલતી હોવાથી શહેરવાસીઓ માટે તેનું દર્શન દોહ્યલું હતું, પરંતુ આજે એ આવરણ હટતાં જ સૌની નજરે ચડેલા ૬૦૦ ફૂટ લાંબા, ૬૫ ફૂટ ઊંચા અને ૩૫ ફૂટ પહોળા કલાત્મક અમૃતદ્વારથી દ્રુતગતિ માર્ગ (ઍક્સપ્રેસ હાઈવે) વિલંબિત ગતિનો માર્ગ બની રહ્યો! અગ્રભાગ અને પાર્શ્વપીઠમાં એકસમાન કલામંડિત આ પ્રવેશદ્વારના મધ્ય ભાગનું વિશાળ તોરણ અમૃતકુંભ ધારણ કરેલા દસ-દસ અમર શિશુઓના ગગન-નૃત્યથી ભરપૂર હતું. આ દ્વારની ભીતરી વેદિકા પર સામ-સામે વિરાજિત શ્રી અને સરસ્વતી સૌનાં શિરે વિદ્યા તથા સૌંદર્ય વરસાવી રહેલાં. અમૃતદ્વારનાં બંને ઉદુંબરે ઊભેલી પાંચ-પાંચ ફૂટ ઊંચી વેદિકા પર વાંસ-નેતરમાંથી નિર્મિત બાર-બાર ફૂટ ઊંચા વનકેસરી શોભી રહેલા. આ વનરાજના મસ્તકે ઊભેલા અઢાર ફૂટ ઊંચા દેવદૂતો અતિથિઓને અમૃતપાન કરાવવા હાથમાં અમૃતકુંભ લઈ તત્પર હતા, તો આ મહાલયની ટોચ પર માનવકદના વીસ ગાંધર્વો અમૃતકળશ લઈને ઊડતા હતા. તેની સાથે મહાદ્વારની બંને પાંખે આભને આંબતી પાંચ-પાંચ ઘૂમટીઓ દ્વારની કલગીરૂપ બનેલી. સ્વામીશ્રીનાં ચાર આકર્ષક તૈલચિત્રો પણ આ દ્વારની શોભા અનેકગણી વધારી રહેલાં.

આમ, એક નજરે આંખોમાં ભરવો અઘરો થઈ પડે એવો આ ઉત્કૃષ્ટ કલાકૃતિનો નમૂનો નિહાળી, 'નગર'માં પ્રવેશતા મુમુક્ષુનાં નેત્રોને વિસ્ફારિત કરી દેતાં – ચક્રાકૃત હરિયાળીનાં રંગબેરંગી ફૂલો. તેની સુગંધથી તરબતર થયેલા અતિથિઓની નજરે ચઢતું – દસ ફૂટ ઊંચી પગથાર પર ખડું થયેલું અક્ષર-પુરુષોત્તમ મંદિર.

ચારેકોર લીલાછમ ઉદ્યાનની વચ્ચે ૧૨૫ x ૧૧૦ x ૭૦ ફૂટના પરિમાણ સાથે ઊભું થયેલું આ ગુલાબી મંદિર. તેના પ્રાંગણમાં બાર ફૂટ ઊંચો સમૃદ્ધિ-સૂચક અમૃતકળશ શ્રીફળને ધારી રહેલો. મંદિર પરિસરના કેન્દ્રમાં ઊભેલી કલાપૂર્ણ છત્રી તળે સ્વામીશ્રીની પૂર્ણ કદની પ્રતિમા દર્શન આપી રહેલી. રૂપકામ, શિલ્પ-સૌંદર્ય અને મૂર્તિરચનાથી સભર આ મંદિરની નજાકત

શરીરને સ્થિરતા, ચિત્તને પ્રસન્નતા અને હૃદયને આહ્લાદનો અનુભવ કરાવતી. તેમાં બિરાજેલા અક્ષર-પુરુષોત્તમ મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ તથા દેવો તેમ જ અવતારો મનને શાંતિથી ભરી દેતા. મંદિરના પગથારની ચારેબાજુ પથરાયેલી દીવાલ પર મહોરી ઊઠેલી શ્રીજીમહારાજની જીવનલીલા પણ અહોભાવ ઉપજાવતી.

મુખ્ય દ્વારથી આ મંદિર સુધીના ધોરી પથની મધ્યે ઊભેલી ૧૮ ફૂટ ઊંચી ગણેશજીની નૃત્યમુદ્રા મુલાકાતીઓ પર માંગલ્ય વરસાવતી. આ મુખ્ય માર્ગની બંને બાજુ ખીલી ગયેલાં ઉપવનોની સૃષ્ટિમાં ૧૫-૧૫ ફૂટના અંતરે ઊભેલા ગુચ્છ-વલ્લરીથી આવૃત્ત વીસ સ્તંભો કલાની કવિતા લલકારતા હતા. બગીચાની સીમાંત રેખાઓ પર ઝૂલતા નાના-તાજા રંગીન ફૂલછોડ અને બાર-બાર ફૂટના અંતરે ઝબકતા રંગબેરંગી કમલદીપો પણ પગને જકડી લે તેવા હતા. આવા ૭૦૦ કમલદીપ, ૧૨ ફુવારા, પર્વત-ઝરણાં, તળાવ-કમળ, ફૂલ-બિછાતની રંગોળી, મોર-મૃગની વન્ય સૃષ્ટિ જેવાં કંઈક આકર્ષણ ધરાવતી 'નગર'ની વનશ્રી ૨,૦૦,૦૦૦ ચો.ફૂ.માં પથરાયેલી. તે આવનારાને ભુલાવી દેતી કે પોતે કોંક્રીટના જંગલ સમા શહેરમાં રહે છે! અહીં ફોરતી ૧,૫૦,૦૦૦થી વધુ પુષ્પ-પૌધાની સુગંધ પણ નવીનતાનો નશો ચઢાવી દેતી.

પરંતુ સ્વામીશ્રીના ઉત્સવો હંમેશાં બોધપ્રદ રહેતા. તેથી મંદિરના ઉત્તરમુખે 'સીમારહિત સુંદર વિશ્વ'ની પ્રદર્શન-સૃષ્ટિ સર્જાયેલી. ૭૦ X ૧૬૦ ફૂટ વિસ્તારનો એક એવા ચાર પ્રદર્શન ખંડો ધરાવતી આ અજાયબ દુનિયા ઉત્સવ દરમ્યાન ૮,૦૦,૦૦૦ મુલાકાતીઓએ નિહાળી. તેનું પ્રવેશદ્વાર બનીને ઊભેલો ૪૫ ફૂટના પરીઘનો વિશ્વગોલક પણ એટલો મનભાવન હતો કે દર્શનાર્થી આપમેળે પ્રદર્શન ગંગામાં ગરક થઈ જતો. તેમાં ભારતની ભવ્યતા, શાકાહારનો સંદેશ, બંધુત્વ અને એકત્વની ભાવના, ઘર્ષણમુક્ત જીવનશૈલી વગેરેના પાઠ શીખતો-શીખતો તે બહાર નીકળતો ત્યારે તેને વ્યસનમુક્તિ યજ્ઞની શિખાઓ દેખાતી. તેમાં વ્યસનોનાં વળગણને હોમી મુલાકાતી હળવોફૂલ બની જતો.

પ્રદર્શન ઉપરાંત પ્રેરણાની પરબ જેવાં સુવાક્યો, ચિત્ર-આલેખન, રમત અને હસ્તકળાના નમૂના વગેરે પણ 'નગર'માં સુચારુ રીતે ઠેર ઠેર મૂકવામાં આવેલાં. તેમાંથી મળતી પર્યાવરણની રક્ષા, બાળ-સંસ્કાર, ઉચ્ચ શિક્ષણ, ભગવત્શ્રદ્ધા, પારસ્પરિક મૈત્રી, સદ્વાંચન, જીવદયા, સંત-અસંત વિવેક વગેરે

આવશ્યક જીવનમૂલ્યોની શીખ આગંતુકના જીવનને નવા વળાંક પર મૂકી દેતી.

તેની સાથે વૃક્ષ-વેલી, પક્ષી-પતંગિયાં, પર્ણ-પુષ્પ વગેરેથી શોભતું ૬૦ X ૧૦ X ૪૦ ફૂટનું પ્રવેશદ્વાર બાળનગરીની કિલ્લોલભરી દુનિયા ઉઘાડનારું હતું. તેમાં પ્રવેશતાં જ આંખનું અતિથિ બનતું ૩૫ ફૂટ ઊંચું ગુફા-મંદિર તો મુલાકાતીના મનમાં રમી રહેતું.

આ મંદિરના આંગણે મહોરેલા મનોહારી લૅન્ડ-સ્કેપમાં ઊભેલો ભારતનો વિશાળ ત્રિરંગી નકશો દેશની શાન બનેલા મહામાનવોને પોતાનામાં સમાવી રાષ્ટ્ર-ભક્તિની આબોહવા ફેલાવતો હતો. તેની સંગતમાં નૃત્યમંચ પર રજૂ થતાં પારંપરિક લોકનૃત્યો દેશના સાંસ્કૃતિક વારસાને પ્રેક્ષકોની નસેનસમાં દોડતો કરી દેતાં.

આ ઉપરાંત, આનંદ-મંગલ, રિદ્ધિ-સિદ્ધિ, ચિંતામણિ અને કલ્પવૃક્ષની વિરાટ માર્કીમાં ભરાયેલાં વ્યાવસાયિક પ્રદર્શનો તથા સંસ્થા તેમ જ સ્વામીશ્રીનો પ્રાથમિક પરિચય આપતું 'અમૃતસિંધુ' વીડિયો થિયેટર પણ રસપ્રદની સાથે બોધપ્રદ પુરવાર થતાં હતાં.

તેની સમાંતર મહોત્સવનો સભામંડપ પ્રેરણાનું પૂર વહાવતો. તેમાં પ્રવેશવા માટે બનેલા જ્ઞાનદ્વારની શોભા જોઈ કોઈ કૅમેરાધારી તસવીર ખેંચ્યા વિના રહી ન શકતો. આ જ્ઞાનદ્વારના પરિસરમાં જ ચોમેર ઊછળતા ધૂમિલ ફુવારા વચ્ચે સ્વામીશ્રીની ત્રીસ ફૂટ ઊંચી વિરાટ પ્રતિમા બિરાજમાન હતી. અહીં બેઠાં-બેઠાં તેઓ જાણે ચારેકોર અમૃતના મેઘ વરસાવી રહેલા.

તેઓ સમક્ષ શીશ ઝુકાવી દર્શકો અર્ધચંદ્રાકારી જ્ઞાનદ્વારના બે વિરાટ સ્તંભો પર ઓપતી ગજમુખી કલા તથા અંતિમ બે સ્તંભ પર પ્રજ્વલિત મયૂરદીપને નિહાળતા. તેથી ધરાઈને સૌ ૨૫,૦૦૦ની જનસંખ્યાને સમાવતા સ્તંભશૂન્ય સભામંડપમાં પ્રવેશતા ત્યારે ૧૫,૦૦૦ ફૂટનું બંગાળી કૂચીકામ જોઈ આશ્ચર્યમાં ગરકાવ થઈ જતા. અહીં આઠ ફૂટ ઊંચા સભામંચની પિછવાઈમાં શોભતા પૂર્ણ કદના અક્ષર-પુરુષોત્તમ મહારાજ અને ગુરુપરંપરાનાં અર્ધ તૈલચિત્રો મનની વૃત્તિને સ્થિર કરી દેતાં. અત્રે સવાર-સાંજ બબ્બે કલાક વહેતી જ્ઞાનગંગામાં ડૂબકી મારી સૌ ધન્ય થઈ જતા.

આ રીતે ભાતીગળ રંગોમાં તરબતર ફુવારા, લૅન્ડ-સ્કેપનું મનોહારી સૌંદર્ય, બંગાળી કળાની આંખ આંજતી સૃષ્ટિ, વીજદીપકોનો લાખેણો લખલખાટ, ગીત-સંગીતની સરવાણી, નૃત્યોની રઢિયાળી રમઝટ, શીલ-

સંસ્કારની ગંગોત્રી સમી બાળનગરી, મંદિરોની અમાપ ભવ્યતા, સીમારહિત વિશ્વનો ઋષિસંદેશ પ્રસરાવતાં પનોતાં પ્રદર્શનો વગેરેથી ભરી-ભરી આ અમૃતપુરીનાં દ્વાર રાત્રે ૧૧:૦૦ વાગ્યે ભિડાતાં ત્યારે બહાર નીકળતા મુલાકાતીના પગમાં બે ઘડી બેડી બંધાઈ જતી. તે ફરી-ફરી આ નગરીને આંખોમાં ભરી લેવા તલસતો.[૮]

અમૃત મહોત્સવનો મંગલ પ્રારંભ

અમૃત મહોત્સવનો શુભારંભ કરવા તા. ૨૫/૧૧ની સવારે આઠ વાગ્યે પધારી ચૂકેલા સ્વામીશ્રી અહીં પ્રવેશદ્વારના આંગણે પથરાયેલી પુષ્પોની જાજમ પર ઊભા રહ્યા. તેઓના આ આગમનને વધાવતાં કલકત્તા, ડલાસ, નૈરોબી અને લેસ્ટરનાં બૅન્ડ માંગલિક સૂરો છેડવા લાગ્યાં. એક શમ્યો ને બીજો ઊઠ્યોના ન્યાયે ગુંજતા જયઘોષ તો ઘડીભર જંપવાનું નામ લેતા નહોતા. આ દૃશ્યની સાક્ષી બની રહેલી આંખો હજારો હતી, પણ દૃષ્ટિ એક જ હતી. 'નગર'ના સૌજન્યદાતાઓ પણ અલાયદી જગ્યામાં બેસી આ નજારો નજરમાં ભરી રહેલા.

આવા ભાવપ્રચુર માહોલમાં સ્વામીશ્રીએ અમૃત મહોત્સવના ઉદ્ઘાટનનો વૈદિક સંકલ્પ કર્યો. ત્યારબાદ ઈશ્વરચરણદાસ સ્વામીએ તેઓને રક્ષાસૂત્ર બાંધ્યું. સ્વામીશ્રીએ પણ સદ્ગુરુ સંતો અને ઉત્સવભૂમિ આપવાનું સૌજન્ય દાખવનારા શ્રી શાંતિભાઈ સોમૈયાને નાડાછડી બાંધી. તે પછી મહંત સ્વામીએ ઠાકોરજીનું પૂજન કરી શ્રીફળ વધેરતાં જ સ્વામીશ્રી હાથમાં હરિકૃષ્ણ મહારાજને ધારણ કરી પુષ્પપથારી પર પગલીઓ પાડવા લાગ્યા. તે ક્ષણે જ લાખોની મુક્તિ માટે અમૃતદ્વાર ખૂલી ગયાં !

આ સમયે મહંત સ્વામી અને ડૉક્ટર સ્વામી અમૃતકળશ લઈ તથા કોઠારી સ્વામી જબરેશ્વર મહારાજને હાથમાં ધારી સ્વામીશ્રીને અનુસરી રહ્યા. આ અમૃતયાત્રાને ગમન પથની બંને બાજુ શિસ્તબદ્ધ બેઠેલી ભક્તમેદની હરખભેર વધાવી રહી. તેની વચ્ચે પુષ્પવૃષ્ટિ કરતા દેવ-બાળકોએ વાતાવરણને વધુ મંગલમય બનાવ્યું.

---

૮. અમૃત મહોત્સવ નિમિત્તે સર્જાયેલા આકર્ષક અને પ્રભાવક 'સ્વામિનારાયણ નગર'ની ઝલક માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

સૌનું આ અભિવાદન ઝીલતાં મંદિરે પહોંચેલા સ્વામીશ્રીના વરદહસ્તે મૂર્તિઓનાં પૂજન થયાં. બાળનગરી, સભાગૃહ, પ્રદર્શન ખંડ વગેરેનાં ઉદ્‌ઘાટન પણ તે-તે નિર્માણના સૌજન્યદાતાની ઉપસ્થિતિમાં સદ્‌ગુરુ સંતોએ કર્યાં.

તે દરમ્યાન 'નગર'માં તૈયાર કરાયેલા ઉતારા 'સર્વસ્વ'માં પધારેલા સ્વામીશ્રીને મળવા કલકત્તાથી શ્રી ચંદ્રસિંહ મિરાણી આવી ચડ્યા. તેઓ અહીં પહોંચવામાં થયેલા વિલંબની વિગત જણાવતાં બોલ્યા: 'કલકત્તામાં તો આજે સખત વરસાદ અને તોફાન છે.'

'બે દિવસથી અહીં આવું આવું કરતો હતો, તે અહીંનું ત્યાં ગયું.'

સ્વામીશ્રીના મુખેથી આશ્ચર્યકારી વાત નીકળી ગઈ!

તેઓની અમીદૃષ્ટિથી જ સમગ્ર આયોજન નિર્વિઘ્ને સંપન્ન થઈ રહ્યું છે તેનો અનુભવ સૌ કરી રહ્યા અને સ્વામીશ્રી 'નારાયણ સભાગૃહ'માં જઈ પહોંચ્યા. અત્રે આયોજિત મહોત્સવની પ્રથમ સભામાં કોઠારી સ્વામીએ ઉત્સવના સહયોગીઓને બિરદાવ્યા. તે સાથે સ્વામીશ્રીના જન્મસ્થાન ચાણસદથી અમૃતજ્યોત લઈને આવેલા ૩૧ દોડવીરોને પણ સત્કારવામાં આવ્યા.

આ યાત્રિકો સહિત હકડેઠઠ શ્રોતાવર્ગને આશીર્વાદ આપી સ્વામીશ્રી 'નારીરત્ન મહિલા પ્રદર્શન'ના દ્વારે પધાર્યા. અત્રે ગાડીમાં બેઠાં-બેઠાં જ દીપ-પ્રાગટ્ય કરી તેઓ દાદર મંદિરે આવી પહોંચ્યા ત્યારે તેઓએ ખુલ્લી મૂકેલી રમ્ય-સૌમ્ય અમૃત નગરીમાં દર્શનાર્થીઓનો પ્રવાહ પૂરની પેઠે પ્રવેશવા માંડ્યો.

મહોત્સવનાં માપ અમાપ

અમૃત મહોત્સવના ઉદ્‌ઘાટનની પ્રથમ ક્ષણથી જ ૨૨,૦૦૦ બાઈ-ભાઈ સ્વયંસેવકોની કાર્યવાહીએ કોઈ સુશાસિત સરકારી તંત્રને ટક્કર મારે તેમ ગતિ પકડી લેતાં ઉત્સવનું કદ 'નગર' નહીં, પણ 'મહા'નગરની કક્ષાનું ભાસતું હતું.

૩૭ દિવસ સુધી ચાલનારા આ ઉત્સવમાં ૧,૩૬,૦૦૦ હરિભક્તોના ઉતારાની વ્યવસ્થા માટે ઉતારા વિભાગ ટાંકણીથી લઈને ટોચની સુવિધા પહોંચાડવા સજ્જ હતો.

રસોડાનું ગંજાવર ખાતું તો સૌને અચંબો જ પમાડતું રહેતું. અહીં હજારો મણના હિસાબે સીધાં-સામગ્રી ખડકાતી, તો લાખો નંગની ગણતરીએ સાટા, જલેબી, લાડુ, અડદિયા, મોહનથાળ, મેસૂર, સમોસા ઇત્યાદિ મિષ્ટાન્ન અને ફરસાણ બનતાં. ૧,૪૦૦ ચૂલે રોટલી-રોટલા અને ભાખરી-થેપલાં

તૈયાર થતાં, તો ૫૦૦-૫૦૦ લિટરની ક્ષમતાયુક્ત લીંબોળીઓમાં ઊકળતાં દાળ-કઢી અને પંપ દ્વારા ટેન્કરમાં ઠલવાઈને જે-તે ભોજનશાળામાં પહોંચતાં આ પ્રવાહી વ્યંજનોની પુરવઠા પદ્ધતિ સૌને હેરત પમાડતી. માત્ર વીસ જ મિનિટમાં ૪૦,૦૦૦ ભાવિકોને જમાડી દેતી ભોજનશાળાઓ જોઈ સૌ મોંમાં આંગળાં નાંખી જતા. આ રીતે રસોડા વિભાગે ઉત્સવ દરમ્યાન ૨૫,૦૦,૦૦૦ ભક્તોને જમાડ્યા.

તેની સાથે ૭૦ X ૧૦૦ ફૂટનાં દસ તળાવો, ૨૫ કિ.મી.ની પાઇપ-લાઇનો, ૮૫ પરબો વગેરે દ્વારા ખળખળ વહેતો પાણી વિભાગ સૌની તૃષા છિપાવતો, તો ૧,૫૦,૦૦૦ વાહનોની વ્યવસ્થા સંભાળનારો ટ્રાન્સપોર્ટ વિભાગ હેરફેરને સરળ બનાવતો.

૩૭ દિવસમાં ૩૮,૦૦૦ લોકોને વ્યસનમુક્ત કરનારા વ્યસનમુક્તિ વિભાગે, સમાજને પ્રતિવર્ષ ૧૧,૧૯,૧૫,૧૭૯ (અગિયાર કરોડ, ઓગણીસ લાખ, પંદર હજાર, એકસો ઓગણ્યાએંશી) રૂપિયાની બચત ધરી દીધી. એ જ રીતે ઉત્સવ દરમ્યાન ૩,૬૦,૦૦૦ સી.સી. રક્તદાન એકત્રિત કરનારો મૅડિકલ વિભાગ અનેકને જીવતદાન આપનારો નીવડ્યો.

મહોત્સવ સ્થળના ૭૪ એકર, તેના સમીપવર્તી BMRDA અને ભક્તિપાર્કમાં રખાયેલા ઉતારા-સ્થળના ૧૧૨ એકર તથા પાર્કિંગ વિભાગના ૩૭ એકર મળીને ૨૪૩ એકરના ઉત્સવ-વિસ્તારને ૮ ઍક્સચેન્જ અને ૪૦૫ કિ.મી.ના દોરડે સાંકળીને દૂર-સંચાર વિભાગે દૂર-નજીકના ભેદ મિટાવી દીધેલા, તો વિદ્યુત વિભાગ 'નગર'ના ખૂણે-ખૂણાને ઝળહળાવી રહ્યો.

આ રીતે એકમેક સાથે સંકલન સાધી એક શરીરની જેમ ઉત્સવને ધબકતો રાખી રહેલા ૪૨ સેવા વિભાગોથી ધમધમતું 'નગર' રોજના સરેરાશ બેથી સવા બે લાખ મુલાકાતીઓ લેખે ૭૮,૦૦,૦૦૦ દર્શનાર્થીઓથી છલકાતું રહ્યું. પરંતુ રોજ રાત્રે ૧૧:૦૦ થી ૫:૦૦ વાગ્યા સુધી મંડી પડનારા સ્વચ્છતા વિભાગના સ્વયંસેવકો તેને એવું ચોખ્ખુંચણક કરી દેતા કે ઊગતા દિવસની સવારે આવનારાને આજે જ ઉદ્‌ઘાટન થવાનું હોય તેમ લાગે !

આવા આ ઉત્સવમાં સ્વયંસેવકોએ સેવા, સમર્પણ, સમજણ, સહનશીલતા, સુહૃદભાવ, ભીડાભક્તિ, તપ વગેરેની અવધિ લાવી દીધી. મરણ-પરણના પ્રસંગો છોડીને, ધીકતા ધંધા-રોજગારને તિલાંજલિ આપીને, મુશ્કેલીથી મળેલી નોકરીઓને ઠોકરે ચડાવીને, નવજાત સંતાનોનું મોં

જોવાનો મોહ તજીને બેથી છ મહિના સુધી સેવાયજ્ઞમાં આહુતિ આપનારા આ સ્વયંસેવકોએ સમય, સંપત્તિ, શરીર કે માન, મોટપ, મોભા સહિત સઘળું સ્વાહા કરી દીધેલું ! તેથી જ તો માલેતુજાર શેઠિયાઓ અહીં ટેન્ટમાં પ્લાસ્ટિક પર સૂતા. ઉચ્ચ પગાર અને પદવી ધરાવનારા અત્રે સંડાસ-સફાઈની સેવાને હાથ પર ધરતા. આ દૃષ્ટિએ પણ અમૃત મહોત્સવનાં માપ અમાપ બની રહ્યાં.[૯]

અમૃતની હેલી

અમૃત મહોત્સવમાં આવનારા હરિભક્તોની યથાયોગ્ય વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ઉત્સવને ત્રણ-ત્રણ દિવસના બે તબક્કામાં વિભાજિત કરી દેવાયેલો. તેમાંના પ્રથમ સત્રનો પ્રારંભ તા. ૨૭/૧૧ના રોજ બાળદિનથી થયો.

આ દિવસની પ્રાતઃપૂજા કરવા સ્વામીશ્રી BMRDAના વિશાળ ખુલ્લા 'અમૃત સભાગૃહ'ના આંગણે પધાર્યા ત્યારે ત્યાં તેઓને આવકારવા ઊભેલો અમૃતદ્વાર સાર્થક બન્યો. ૧૮૦ X ૬૮ X ૧૨ ફૂટના પરિમાણનું આ બદામી રંગની ઝાંય ધરાવતું દ્વાર ૭૫ કળશો દ્વારા અમૃત છલકાવતું હતું. તેમાંથી પ્રવેશ પામેલા સ્વામીશ્રીએ ઉપસ્થિત ૯૦,૦૦૦થી વધુ ભક્તોનું અભિવાદન ઝીલતાં-ઝીલતાં મુખ્ય મંચ પર પદાર્પણ કર્યું.

કલાત્મક કોતરણી અને ઘુમ્મટથી શોભતો ૩૨ ફૂટ ઊંચો આ મંચ પણ ભવ્ય મહાલયની ઝાંખી કરાવતો હતો. તેમાં સ્વામીશ્રી બિરાજતાં જ બાળકોએ જુસ્સાભેર જયનાદો ગજવી તેઓનું સ્વાગત કર્યું. તે પછી સમગ્ર પૂજા દરમ્યાન બાળકોના કોમળ કંઠે વહેતાં રહેલાં શ્લોક, સ્તોત્ર અને કીર્તનગાન તથા નૃત્ય તેમ જ મુખપાઠના વિવિધ કાર્યક્રમોએ આજની સવારને ભક્તિરંગે રંગી દીધી. તેથી પ્રસન્ન થયેલા સ્વામીશ્રીએ સામેથી માઇક મંગાવીને સૌ પર અમૃતવર્ષા વરસાવી.

તે દ્વારા સૌને ભીંજવી તેઓ 'નગર'ના ઉતારે અલ્પાહાર ગ્રહણ કર્યા બાદ નારાયણ સભાગૃહમાં પ્રથમ સત્રની પ્રથમ સભામાં પધાર્યા. અહીં તેઓની જીવનભાવના – 'આપણે તો દર્શન, ભજન, નિયમ, સેવા, કથાવાર્તા

---

૯. મહોત્સવમાં કાર્યરત વિવિધ સેવા વિભાગો અને સ્વયંસેવકોની સેવાભાવનાને માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

એ જ અમૃત મહોત્સવ'નો પડઘો વિવિધ સંત-પ્રવચનો દ્વારા પડ્યો. તેની વચ્ચે સમગ્ર સત્સંગ સમાજ વતી મહંત સ્વામીએ ચંદનની અર્ચા કરી સ્વામીશ્રીને પૂજ્યા. તે પછી સ્વામીશ્રીએ સૌને આશીર્વાદનું અમૃતપાન કરાવ્યું.

તેને અનુસરતાં અમૃત સભાગૃહમાં યોજાયેલી સાયંસભા *'બોલ્યા શ્રીહરિ રે...'* સંવાદ દ્વારા બાળકોએ ઘણી રોચક અને પ્રેરક બનાવી. તે પછી બે બાળ વક્તાઓએ સ્વામીશ્રી અને બાળકોના સ્નેહસંબંધને જોશીલી શૈલીમાં વર્ણવ્યો ત્યારે તેઓની આ પ્રસ્તુતિને પોતાની અમૃતધારામાં સાંકળતાં સ્વામીશ્રીએ કહ્યું :

'આપણે બાળકોનો પ્રોગ્રામ જોયો. છેલ્લા બે બાળકો ઘનશ્યામ અને કેતને જે પ્રવચન આપ્યું તેવું પ્રવચન તો મને પણ બોલતાં નહીં આવડે! છટા, કહેવાની પદ્ધતિ, સરસ રીતે રજૂઆત... આવું બધું બહુ કઠણ છે. તે તો ભગવાનની કૃપા હોય તો થાય.'

પોતે જ ખીલવેલાં ફૂલોને માળી પસવારે તેમ પોતાનાં સ્નેહજળ પીને મહોરેલાં બાળપુષ્પોને સ્વામીશ્રીએ બિરદાવ્યાં. ત્યારબાદ તેઓ 'નગર'ના સંકુલમાં જ આવેલા સોમૈયા આયુર્વિહારના પાંચમા માળે પધાર્યા. મહોત્સવ દરમ્યાન તેઓનો રાત્રિમુકામ અહીં રહેવાનો હતો.

અત્રે તા. ૨૮/૧૧ની સવારે નિત્યક્રમથી પરવારેલા સ્વામીશ્રી અમૃત સભાગૃહમાં પધાર્યા ત્યારે યુવાદિન ઉપક્રમે યુવકોએ કીર્તનો રેલાવી પ્રભાતને ભક્તિભીનું કર્યું. ત્યારબાદ નારાયણ સભાગૃહમાં આયોજિત યુવા પ્રસ્તુતિમાં સૌએ *'એવા સંતની બલિહારી રે...'* અને 'સુવાસિત અમૃત' કાર્યક્રમો દ્વારા સ્વામીશ્રીની ગુણસૌરભ માણી. યુવાદિનની આ રજૂઆતો પણ એક જ વાત ઘૂંટતી રહી: *'પ્રમુખસ્વામીએ આ બ્રહ્માંડે, અમૃતની હેલી કીધી...'*

આનંદમાં ગર્વ ઉરે ન થાય

'આજ આનંદ ઊભરાયો જાય, ન મનમાં સમાય;

*આજ કોડ દિવાળી દેખાય, શી ઉપમા અપાય...'*ની અનુભૂતિ સાથે લાખો હૈયાં તા. ૨૯/૧૧ની સવારે સ્વામીશ્રીનાં દર્શનની પ્રતીક્ષામાં ધબકી રહેલાં. આ ભક્તોએ આજે સ્વામીશ્રીના ૭૫મા પ્રાગટ્યપર્વે સ્વામીશ્રી જે માર્ગેથી પધારવાના હતા તેને પુષ્પ-પાંખડીઓથી શણગારી દીધેલો. આ પ્રવેશ પથના અંતે લાલ જાજમથી મઢેલા ઉપમંચ પર પુષ્પદલોની વર્તુળાકાર ગોઠવણી કરી આકર્ષક ભાત ઉપસાવવામાં આવેલી. આ મંચની ધારે-ધારે

તથા વચ્ચે પણ થોડાં-થોડાં અંતરે મુકાયેલા ઝળહળતા દીવડાઓથી પ્રકાશનું પાથરણું પથરાઈ ગયાનો ભાસ થઈ રહેલો. તેની પર બે-બે ફૂટના પરિઘ ધરાવતા ગુલાબ, મોગરો, ગલગોટાનાં કાગદી ફૂલોનો પરિવેશ પહેરી ડોલતા શિશુઓ સ્વામીશ્રીને વધાવવા ગોઠણભેર થઈ ગયેલા.

આવા ઉપમંચથી ત્રણ પગથિયાં ચઢતાં આવતા મુખ્ય મંચની મધ્યમાં રહેલી સ્વામીશ્રીની પૂજા-પીઠિકાએ પણ આજે અનેરા સાજ સજેલા. આ પીઠિકાની બંને બાજુ દસેક ફૂટના અંતરે ઊભેલા અમૃત વર્ષાભિનંદનના શુભેચ્છાપત્રો ભક્તોની ભાવનાને વરસાવી રહેલા. પૂજાપીઠની સન્મુખ કાચની ભાતવાળા સુવર્ણરંગી અમૃતકુંભની શોભા નીખરી ઊઠેલી. ચારેકોર રંગબેરંગી ફૂલોથી લદોલદ ફૂલદાનીઓનો ઠસ્સો પણ અનેરો હતો.

આ સઘળી શોભાને સાર્થક કરવા સ્વામીશ્રી અમૃતદ્વારે આવી પહોંચ્યા ત્યારે આ મહાકાય દરવાજો પોતાના કાંગરે-કાંગરે દીવડાઓ પ્રગટાવી તેઓને આવકારી રહ્યો. અહીંથી બૅન્ડના ધ્વનિ દ્વારા દોરાતા સ્વામીશ્રી ગાડીમાં બેઠાં-બેઠાં જ સૌની ભાવવંદના ઝીલતાં આગળ સરકી રહ્યા. રોજ મંચની ડાબી બાજુથી લિફ્ટ દ્વારા મંચ પર પ્રવેશતા તેઓ આજે મંચની સામે આવેલા પગથિયેથી જ ઉપર પધારવાના હતા. તેથી એ સોપાનપંક્તિ પાસે ગાડી ઊભી રહેતાં બારણું ખૂલ્યું, સ્વામીશ્રી ઊતર્યા અને હજી તો કોઈ સંત-ભક્ત બારણું બંધ કરવા જાય તે પહેલાં તો સ્વામીશ્રીએ સ્વયં જ ગાડીનો દરવાજો બંધ કર્યો !

તે જોઈ સામે ઊભેલા નારાયણમુનિદાસ સ્વામીએ કહ્યું : 'સ્વામી ! આજે તો આપનો જન્મદિન. આજે આપે આવી સેવા કરવાની ન હોય ! આજે તો આપે માન-સન્માન સ્વીકારવાનાં હોય.'

'આજે તો સ્વયંસેવક થવાનું હોય.' આટલું કહેતાં સ્વામીશ્રી દાદરા ચઢવા લાગ્યા.

*'આનંદમાં ગર્વ ઉરે ન થાય...'*ની પોતાની આ સહજ સ્થિતિમાં રહીને જ તેઓએ ઉપમંચ પરથી અક્ષર દેરી અને અમૃત મહોત્સવનાં પ્રતીક ધરાવતા ફુગ્ગાઓને આકાશમાં તરતા મૂક્યા. અમૃત સંદેશના પ્રસારણની આ ક્ષણને સૌએ બુલંદ જયકારોથી વધાવી લીધી.

અમૃત અંજલિનો અનેરો અવસર

તા. ૨૯/૧૧ના રોજ આવેલા અમૃત દિનની પ્રાતઃપૂજાના અંતિમ

ચરણમાં લાખો ભક્તોએ *'ભૂલીશ હું જગતની માયા, ગુરુજી ! નહીં ભૂલું તમને...'* પ્રાર્થનાપદનું સમૂહગાન કરીને પોતાની નિષ્ઠા સ્વામીચરણે સમર્પિત કરી. આ ભક્તિભાવથી રીઝેલા સ્વામીશ્રીએ પણ સામેથી માઇક મંગાવી આશીર્વાદની અમૃતગંગા વહાવી દીધી. તેમાં તરતાં-તરતાં સૌ દીક્ષા મહોત્સવના કિનારે આવી બેઠા.

હા, આજે ૩૨ સુશિક્ષિત યુવાનો સ્વામીશ્રીના વરદહસ્તે ત્યાગાશ્રમ સ્વીકારવાના હતા. આ ઐતિહાસિક વિધિ પૂર્વ-આયોજન મુજબ 'નગર'ના નારાયણ સભાગૃહમાં યોજાયેલો, પણ તેમાં આજના પર્વે ઊમટેલી માનવ-મેદનીનો સમાવેશ અશક્ય હતો. તેથી પ્રાતઃપૂજા માટે આરક્ષિત આ ખુલ્લા અમૃત સભાગૃહમાં જ દીક્ષાવિધિ ફેરવાયો, પરંતુ અહીં મંડપ ન હોવાથી સૌને તડકે બેસી લાભ લેવો પડ્યો.

તે સંદર્ભમાં દીક્ષાવિધિ બાદ આશીર્વાદ આપતાં સ્વામીશ્રી બોલ્યા :

'આજના પ્રસંગે પ્રથમ તો આપ બધાની ક્ષમા માંગવાની કે તમને તડકે બેસાડ્યા છે. અમે છાંયડે બેઠા છીએ એટલે કષ્ટ તો આપને પડ્યું, પણ આવા દીક્ષા મહોત્સવનાં દર્શન થયાં એ આપણાં બહુ પુણ્યની વાત છે. નારણજી મહારાજ કહેતા કે 'સ્વામિનારાયણ ભગવાનનો મોટો પ્રતાપ એ કે મા-બાપ અછબડા નીકળી ગયેલા, નિરોગી, ભણેલા-ગણેલા છોકરા ભગવાનના શરણે મોકલે છે.' અમારે ઉછેર કરવો પડે નહીં, ભણાવવા-ગણાવવા પડે નહીં, એમ તૈયાર થઈને આવે છે એ ભગવાન સ્વામિનારાયણનો પ્રતાપ, યોગીજી મહારાજનો સંકલ્પ.'

આમ, ગુરુમહિમા વાગોળતાં સૌ બાર વાગ્યે છૂટા પડ્યા - ન પડ્યા ત્યાં તો સાંજના ચાર વાગ્યાથી સભાગૃહમાં ભક્તોની ભરતી ઊમટવા માંડી. તે સૌનાં હૈયે ગુરુહરિને તેઓના ૭૫મા જન્મજયંતી દિનની મુખ્ય સભામાં અમૃત અંજલિ આપવાનો ઉમળકો ઊછળી રહેલો. આ અવસરે સૌને મળવાની સ્વામીશ્રીની ઇચ્છા બર આવે તે હેતુથી તેઓ સાંજે સાડા છ વાગ્યે અમૃતદ્વારે પધાર્યા ત્યારે અહીંથી તેઓને કલાત્મક રથમાં બિરાજમાન કરવામાં આવ્યા. તે વખતે આ અમૃતમૂર્તિની ચિરંતન સ્મૃતિ માટે ફટાફટ દબાતી કૅમેરાની ચાંપો વીજળીના ઝબકારા વેરતી રહી. તેના ઉજાશમાં રથારૂઢ સ્વામીશ્રી જોડેલા હાથે અને ઢળેલા મસ્તકે સૌને વંદન કરતાં આગળ વધી રહ્યા. આ રથયાત્રા દરમ્યાન મંચ પર ગુરુભક્તિ નૃત્યની રમઝટ મચી રહી.

આ રીતે સૌને સમીપ દર્શનનો સંતોષ આપી મંચ પર પધારેલા સ્વામીશ્રી મોરપંખનો અણસાર આપતી ચક્રાકૃત પાર્શ્વભૂ ધરાવતા સિંહાસને બિરાજ્યા. ૧૦ x ૧૦ ફૂટની વેદિકા પર ગોઠવાયેલા આ સિંહાસનની પાછળ રહેલા તોરણ-ગવાક્ષમાં ઠાકોરજી અને અક્ષર-પુરુષોત્તમ મહારાજ શોભતા હતા. બાર સ્તંભ અને પાંચ તોરણયુક્ત સમગ્ર મંચની પિછવાઈમાં શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજની પૂર્ણ કદની મૂર્તિઓ પણ દર્શનદાન દેતી હતી. ઝળહળતા વિવિધરંગી વીજદીપકોમાંથી ફૂટતી તેજલકીરો વિશાળ મંચને અનેરા શોભા-સરોવરમાં સ્નાન કરાવી રહેલી. સ્વામીશ્રી પર પડતા તેજના શેરડા તેઓની ગૌર અને ગૌરવભરી મૂર્તિને વધુ સ્મરણીય બનાવતા હતા. એ મૂર્તિમાં નિમગ્ન સંતો-ભક્તો દ્વારા સ્વામીશ્રીને અમૃત અંજલિ આપવાનો પ્રારંભ થયો.

તેના પ્રથમ પુષ્પરૂપે યોગીજી મહારાજની દિવ્ય વાણીનો રણકો સભાગૃહમાં ફરી વળ્યો કે 'આજે આપણે પ્રમુખસ્વામીની (જન્મ)તિથિ ઊજવવા ભેગા થયા છીએ. જેમ દિવાળીનો (દિવસ) કહેવાય એમ આ કહેવાય. આ તિથિ ઊજવી તે સામાન્ય ઊજવી નથી. આ તો શાસ્ત્રીજી મહારાજની તિથિ ઊજવાય (છે) ! બાર મહિને સ્વામીની તિથિ ઊજવવી. સારી રીતે ! શાનદાર !! ફાસફૂસિયું નહીં. મોટા પાયે ઊજવવી, જેથી આપણે જોઈએ, દર્શન કરીએ તો પછી શાંતિ થાય ને !'

આ યોગીવાણી અનુસાર સરકવા માંડેલી સભા ભભકાભરી નહીં, પણ સ્વામીશ્રીના જીવનની જેમ ભાવભરી હતી. તેમાં કલ્પનાના કોઈ રંગો પુરાયા નહોતા કે નહોતું એમાં વર્ણન અને વાક્છટાનું પ્રભુત્વ. આ પ્રસ્તુતિમાં સ્વામીશ્રીની ભક્તવત્સલતા, તેઓએ વેઠેલો ભીડો, યોગીજી મહારાજ અને શાસ્ત્રીજી મહારાજની સ્વામીશ્રી વિશેની લાગણી, સ્વામીશ્રીની નમ્રતા તેમ જ ધર્મની દૃઢતા, તેઓનાં પરોપકાર તથા પરાભક્તિ વગેરે ગુણોના પ્રત્યક્ષ અનુભવી સંતો-ભક્તો જ પ્રસંગ-કથન કરી રહેલા. આ રજૂઆત ખીલતા વૃક્ષ જેવી સહજ હોવાથી એમાં ક્રમનો પણ કોઈ મેળ નહોતો રહ્યો. તેથી પ્રારંભમાં જ મહંત સ્વામીએ સ્વાનુભૂતિ વર્ણવી, તો અંતે રોહીશાળાના ગામઠી ભક્ત જશમતભાઈએ સ્વાનુભવ વાગોળ્યો !

આમ, સહજના કિનારે સરી રહેલો આ ભાવપ્રવાહ એવો પ્રબળ હતો કે તેમાં તણાયા વિનાનું કોઈ ન બચ્યું. ભરચક સભા એવી સ્થિર થઈ ગઈ

કે એકમેકનો શ્વાસોચ્છ્વાસ સાંભળી શકાય. મુંબઈના ઘોંઘાટભર્યા માહોલમાં સ્વામીશ્રીના પ્રસંગોની સ્મૃતિએ જાણે એક શાંતિદ્વીપ રચી દીધો !

તેમાં સ્વયં સ્વામીશ્રીએ અટલાદરા મુકામે ચૂનાની ચક્કી ચલાવતાં પોતાને લાગેલી ગરમીમાં શાસ્ત્રીજી મહારાજે વરસાવેલી કૃપાવર્ષાનો પ્રસંગ વર્ણવ્યો ત્યારે તો સૌના આનંદની અનુભૂતિ આકાશને અડી ગઈ. આ પ્રસંગનું સમાપન કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'શાસ્ત્રીજી મહારાજને આ શરીરથી કંઈ કામ લેવું હશે, આ શરીરથી ઘણી સેવાઓ કરાવવી હશે, એટલે એમની દયાથી શરીર ચાલે છે. યોગીજી મહારાજના પણ એવા આશીર્વાદ અને હાથ છે. એટલે આ શરીર જ્યાં સુધી ચાલે ત્યાં સુધી સેવા કરવાની છે અને આપ બધાને રાજી કરવાના છે.'

ભક્તોને રાજી કરવા જીવન ઘસી નાંખનારા સ્વામીશ્રી તેઓના અમૃત મહોત્સવે પણ એ જ ભાવ ઘૂંટી રહ્યા. આ સાંભળી સૌનું હૃદય પોકારી ઊઠ્યું : *'પૂર્વનાં પુણ્ય ફળ્યાં, જીવન આધાર મળ્યા, મુક્તિના ઉધાર્યા ટળ્યા રે... સ્વામી ! તારા રૂપે આજ શ્રીજી મળ્યા...'*

સૌના અંતરમાં ઊભરાવા માંડેલી આ લાગણી જ પડદા પર સ્વામીશ્રીની વિવિધ છબીઓ દ્વારા રેલાવા લાગી. તે દરમ્યાન સ્વામીશ્રી મંચની પાછળ રાખવામાં આવેલી વ્યવસ્થા અનુસાર રાત્રિભોજન ગ્રહણ કરી પુનઃ સભામાં આવી બિરાજ્યા અને વીડિયો-દર્શન બાદ પ્રસંગોનો પ્રવાહ પુનઃ વહેવા માંડ્યો. ૨૧ સંતો-ભક્તોની આ અમૃત અંજલિ સતત ત્રણ કલાક સુધી ચાલતી રહી. તેની ચરમ સીમાએ શરૂ થયો – અમૃત પ્રાર્થનાનો દોર !

અમૃત પ્રાર્થનાનો પારદર્શક પ્રવાહ

અમૃત મહોત્સવની મુખ્ય સભામાં સમગ્ર સત્સંગ સમાજ વતી વરિષ્ઠ સંતોએ કરબદ્ધ થઈ એક પછી એક પ્રાર્થના સ્વામીશ્રીને કરવા માંડી ત્યારે અમૃતસભાની ભાવસપાટી તેના ઉચ્ચતમ આંકને આંબી ગઈ.

પ્રાર્થનાના એ પારદર્શક પ્રવાહમાં વિવેકસાગરદાસ સ્વામીએ સૂર રેલાવ્યો કે 'ગુણાતીત સ્વરૂપ જ્ઞાન દઈને, નિર્દોષ મુજને કરો; દીપાવો દીવડો અખંડ સુખનો, હે સ્વામી ! મારા હૃદે.'

આ સૂરને અનુસરતાં ઈશ્વરચરણદાસ સ્વામીએ ઊર્મિ પ્રગટ કરી કે 'અહં-મમત્વ થકી અમારી હંમેશાં રક્ષા કરજો. છતી દેહે આપનું જેવું છે એવું

સ્વરૂપ અમને ઓળખાય અને આ દેહે અમે આપની અનુવૃત્તિમાં રહીએ અને આપને પ્રસન્ન કરી શકીએ એવા હરહમેશ આશીર્વાદ આપજો.'

પ્રાર્થનાના આ વહેણમાં જાતને ઝબકોળતાં ત્યાગવલ્લભદાસ સ્વામીએ અંતરની આરત વહાવી કે 'હે સ્વામીબાપા ! તમે અમારા માટે ૭૫ વર્ષ સુધી આપના દેહને ન્યોચ્છાવર કરી નાંખ્યો છે. અમે આજે આપના પગલે અને આપના સંબંધવાળા સંતો-હરિભક્તોનો વિશેષ મહિમા સમજીએ તેમ જ આપને વિષે પણ એવી નિર્દોષબુદ્ધિ થાય અને આપે જે આ એક ભગીરથ કાર્ય – અનેક જીવને બ્રહ્મરૂપ કરવાનું હાથમાં ધર્યું છે એમાં પણ અમને સામેલ કરજો. અમારા અનેક ગુના માફ કરીને તમે અમને અક્ષરધામની ગતિ પમાડજો.'

આ ભાવવાહી સ્વર શમ્યો ત્યાં જ કોઠારી સ્વામીનો ગદ્ગદ કંઠ રેલાયો કે 'હે સ્વામીબાપા ! આપ આજના અમૃત મહોત્સવ પ્રસંગે અમારા ઉપર એવી દૃષ્ટિ કરો કે અમે સૌ આપની કૃપાને જીરવી શકીએ. આપ જે અમૃત પાઓ છો એ અમે પચાવી શકીએ અને આપને રાજી કરી અક્ષરધામની પ્રાપ્તિ કરી શકીએ.'

સદ્ગુરુ સંતોની આ અમૃત પ્રાર્થનાનો એક-એક શબ્દ સભાજનોની ભાવનાનો પડઘો પાડી રહ્યો. તેથી લાખો ભક્તો એકસાથે સ્વામીશ્રીને પ્રાર્થના કરી રહ્યા હોય તેવું અવર્ણનીય દૃશ્ય સર્જાયું.

તેમાં સ્વામીશ્રીને સંબોધતાં ડૉક્ટર સ્વામીનો નાભિનાદ ગુંજ્યો કે 'જ્યારે આપનું સ્વાસ્થ્ય બગડે છે ત્યારે સત્સંગમાં ખળભળાટ બહુ થઈ જાય છે, એટલે આપ આપનું સ્વાસ્થ્ય સારું રહે તેવી કૃપા કરજો. આજે તો જબરજસ્ત ઉત્સાહ છે, પણ આવો ને આવો ઉત્સાહ જિંદગીના અંત સુધી રહે એવી પ્રેરણા કરજો અને આ સત્સંગના તથા વ્યક્તિગત વિકાસ માટે વધારેમાં વધારે અગત્યની વસ્તુ એ આપના સ્વરૂપનું જ્ઞાન છે. તે જ્ઞાન સાચા અર્થમાં થાય અને સાચા અર્થની અંદર બધા સંપીને કાર્ય કરી શકીએ એવો બુદ્ધિયોગ અને બળ આપજો.'

આ અવસરે મહંત સ્વામીએ પણ મહિમાભર્યા મૃદુ કંઠે જણાવ્યું: 'સ્વામીબાપા ! આપે જે કર્યું છે એટલું તો કોઈ કરી શકે તેમ નથી. ૧૦૧ ટકા સાચી વાત છે અને એટલું બધું કરવાનું છે કે શું માંગવું તે પ્રશ્ન છે ! પણ ટૂંકમાં એક જ વાત કે આપમાં અત્યંત પ્રીતિ થાય એના માટે એવો સંગ આપજો, એવો સંજોગ આપજો, એવું બળ, બુદ્ધિ અને પ્રકાશ આપજો.'

અંતે બાલમુકુંદ સ્વામીએ અરજ કરી કે 'બાપા! આપને પ્રાર્થના કરું છું કે આપની મૂર્તિમાં મનુષ્યભાવ આવે નહીં, સદા દિવ્યભાવ સમજાય અને આપના સંતો, આપના હરિભક્તો દરેકમાં નિર્દોષબુદ્ધિ રહે. કોઈનો અભાવ-અવગુણ આવે નહીં તથા ઇન્દ્રિયોના ગણ થકી રક્ષા કરજો અને અમારામાં કંઈ ભૂલચૂક હોય તો માફ કરજો. આપની મૂર્તિનું અખંડ સુખ મળે એ જ પ્રાર્થના.'

અમૃત પ્રાર્થનાના આ સપ્તરંગી મેઘધનુષની કમાન વળી-લળીને સ્વામીશ્રીને વીનવી-વધાવી રહી. તેમાં સૌની પુષ્પાંજલિનો પ્રેમ ભળતાં સ્વામીશ્રી સ્વયં ભાવવિભોર બની ગયા. એ જ આર્દ્રતા સાથે તેઓની વાણી વરસવા લાગી.

અમૃત આશિષ

સૌના શિરે અમૃત આશિષનો અભિષેક કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે –

''આજે અહીંયાં જે કાંઈ આપણે લાભ લઈ રહ્યા છીએ તે બધો પ્રતાપ ભગવાન સ્વામિનારાયણ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનો છે. શાસ્ત્રીજી મહારાજે એવું જબરજસ્ત કાર્ય કર્યું છે કે પાતાળે પાયા નાંખ્યા છે. શેષનાગને માથે ખીલી વાગી છે. જોગી મહારાજે પણ નાના-મોટા દરેકના જીવમાં આ વાત દૃઢ કરાવી. એટલે આ બે પુરુષોનો પ્રતાપ એવો જબરજસ્ત છે. એમની સાખ બહુ મોટી છે. એ સાખે કરીને આપણું બધું કામ થાય છે. એમના નામે કામ થાય છે. એ પોતાની રીતે પોતાનું કાર્ય કરશે. આપણી સેવા રહી ન જાય એટલા માટે આપણે ઉત્સાહમાં ભળી સત્સંગનું કાર્ય કરવું છે. આપણી જેટલી શ્રદ્ધા, વિશ્વાસ, તેટલું કામ થશે.

તેમને કોઈ નાનો-મોટો નથી કરવો, ઓછો-વત્તો નથી કરવો. ઓછું-વત્તું આવે તે આપણને એવો વિશ્વાસ, શ્રદ્ધા નથી એટલે એવું થઈ જાય છે. એમાં ભગવાન, સંતનો દોષ નથી. આપણામાં કસર છે, એટલે એ કસર ટાળવા આપણને ભૂલતા નથી. આપણું મન કદાચ પાછું પડ્યું હોય તો પણ સુધારી લે છે. આપણા પર એમની બહુ જ દયા છે, કૃપા છે. આપણી ખબર ક્ષણે-ક્ષણે રાખીને આપણને બ્રહ્મરૂપ કરી સેવામાં બેસાડવા છે એવો સંકલ્પ લઈને આવ્યા છે.

આપ બધા ખૂબ દૂર-દૂરથી સમય લઈને, અગવડ-સગવડ વેઠીને અહીં પધાર્યા છો. આપ બધાને ખૂબ ભાવના પણ હોય કે આપણે દૂરથી આવ્યા

છીએ, આપણે સ્વામીને નજીકથી મળાયું નથી, એમની પાસે જવાયું નહીં, પુષ્પ અર્પણ કરી શક્યા નહીં. એવી ભાવના આપ બધાને હોય એ સ્વાભાવિક છે. મને પણ બહુ ઇચ્છા રહે (કે) દરેકને મળું. એવી ભાવના વર્ત્યા જ કરે છે...''

આટલું બોલતાં તો સ્વામીશ્રીની વાણી ભાવપ્રવાહમાં ડૂબી ગઈ અને આંખો ભીની થઈ રહી. તેથી ભક્તોની આંખે પણ આંસુનાં તોરણ ઝૂલવા લાગ્યાં. સમસ્ત સભા ભાવસમાધિમાં લીન બની. ગુરુ-શિષ્યના અન્યોન્ય સ્નેહનું આ અનન્ય દર્શન કરવા આકાશમાં સતત ઘૂમતા ચંદ્ર, તારા, નક્ષત્ર, ગ્રહો પણ ઘડીભર સ્થિર થઈ ગયા.

થોડી ક્ષણો આમ જ વીતી અને સ્વામીશ્રીની વાણી પુનઃ વહી રહી :

''...આટલો મોટો સમાજ છે. (તેમાં) કોઈએ એમ નહીં માનવાનું કે 'આપણે સ્વામીને નથી મળ્યા.' તમારી જે શ્રદ્ધાંજલિ છે, પુષ્પાંજલિ છે, તમારો ભાવ કહો તે આથી પણ વિશેષ છે. તમે દૂર બેઠા છો, નજીક બેઠા છો, પણ તમે ભાવથી અહીં આવી જે કાર્ય કર્યું છે તે અનંતગણું ભગવાન માનશે ને સુખ આપશે. મળાયું - ન મળાયું સર્વે માફ કરશો. રાજી રહેશો. સંતોએ માંગ્યું, હરિભક્તોએ માંગ્યું, મારે પણ એ જ માંગવાનું છે કે જોગી મહારાજના લાડીલા સંતો છે, હરિભક્તો પણ લાડીલા છે. તે બધાને હું રાજી કરી શકું, બધાના આશીર્વાદ મેળવી શકું એવું બળ મહારાજ મને પણ આપે.''

સ્વામીશ્રીની આ અમૃતધારા વિરમી ત્યારે લાખોનો સમુદાય તેઓને ભેટી રહ્યાના અનુભવથી નીતરતો હતો. આ જ ભાવથી સૌએ સ્વામીશ્રીને સમૂહ આરતીનું અર્ઘ્ય આપી વધાવ્યા.

અમૃતસ્નેહનું વર્તુળ

સમૂહ આરતી બાદ દેશ-વિદેશનાં મંડળોએ મોકલાવેલા જે ભવ્ય હારતોરાઓથી સ્વામીશ્રીને વધાવવામાં આવ્યા તે ૭૫-૮૦ ફૂટ લાંબા કલાત્મક હારમાં ભક્તિ જ ગૂંથાઈને આવેલી. પુષ્પ, તલ, મમરા, મોરપીંછ, કઠોળ, કાગળનાં ફૂલ, પવિત્રાં, સૂકામેવા વગેરે તો કેવળ શોભાનાં પ્રતીક હતાં. આ ક્રમમાં મુંબઈના મહિલા મંડળે બનાવેલો ૭૫ ફૂટ લાંબો હીરનો હાર મહોત્સવની સેવામાં હોમાયેલા આગેવાન ભક્તોએ સ્વામીશ્રીને અર્પણ કર્યો. તે વખતે સ્વામીશ્રીએ પણ દરેક ભક્તને વારાફરતી બોલાવી હાર પહેરાવ્યા. આ હરોળમાં 'નગર'ના બાંધકામની પૂરણીમાં મદદરૂપ થનારી એક સામાન્ય

વ્યક્તિ પણ આવી ચડી. તેનેય સ્વામીશ્રીએ હાર પહેરાવી આવકારી !

આમ, પોતાના અમૃતસ્નેહના વર્તુળમાં સૌને સમાવતા તેઓ ઉતારે પધાર્યા ત્યારે પોણા બાર વાગી ચૂકેલા. દિવસભરના શ્રમિત તેઓ આરામના નિયત સમય કરતાં સવા કલાક મોડા હતા. છતાં મહોત્સવની ભીડમાં એક બાળકે આપેલી ચિઠ્ઠી પલંગ પર બેઠાં-બેઠાં વાંચીને જ સ્વામીશ્રી પોઢ્યા !

તેઓના આવા અમૃતવર્ષણથી તા. ૩૦/૧૧ની સવારે વિદ્યાનગર-સ્થિત છાત્રાલયના યુવકો પણ તરબતર થઈ રહ્યા. આજના સમગ્ર દિવસ દરમ્યાન આ છાત્રાલયના ૧,૦૦૦ પૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન યોજાયેલું. આ યુવાનોના અંતરમાં સ્વામીશ્રીને વધાવવાનો ઉમંગ હતો. તેઓ સ્વામીશ્રીનું ઋણ ચૂકવવાના આશયથી ત્રીસ લાખ રૂપિયાની માતબર સેવા પણ ઠાકોરજીનાં ચરણે ધરવા આતુર હતા, પરંતુ સ્વામીશ્રીનો કાર્યક્રમ એવો વ્યસ્ત ચાલી રહેલો કે તેમાંથી સમય કાઢીને સંમેલનમાં જઈ શકાય એમ જ નહોતું. તે જોઈ વ્યવસ્થાપકોએ તો સંદેશો પણ મોકલાવી દીધેલો કે 'સ્વામીશ્રી સભામાં નહીં પધારે.'

પરંતુ *'જે કોઈનું દિલ નહીં દુખાવે...'* તેવા સ્વામીશ્રી યુવાહૃદયને કેમ કચડાવા દે ? તેઓ પોતાના કાર્યક્રમોને કોરે મૂકી છાત્રાલયના આ સંમેલનમાં સવાર અને સાંજ – એમ બે વાર જઈ પહોંચ્યા ! સતત વરસતા તેઓના આવા અમૃતમેઘથી 'નગર'માં આવેલું કોઈ નિરાશ થઈને ન જતું.

અમૃત સ્મૃતિ

તા. ૧/૧૨ની સાંજે નિત્યક્રમથી પરવારેલા સ્વામીશ્રીના આશીર્વાદ લેવા ભારતીય જનતા પક્ષના અગ્રણી નેતા શ્રી નરેન્દ્રભાઈ મોદી આવી પહોંચ્યા. પક્ષની રાષ્ટ્રીય કારોબારીમાં સામેલ તેઓએ સ્વામીશ્રી સાથેની આજની આ મુલાકાત બાદ ઈન્ટરવ્યૂ આપતાં જણાવ્યું : 'प्रमुखस्वामीजी के पास जाते हैं तो कभी लगता है – वे हमारी माँ हैं; कभी लगता है – हमारे पिता हैं; कभी लगता है – हमारे बंधु हैं; कभी लगता है – हमारे सखा हैं। पता ही नहीं चलता कि प्रमुखस्वामीजी क्या हैं ?!'

આવું અવર્ણનીય વ્યક્તિત્વ ધરાવતા સ્વામીશ્રીની કૃપાથી નિર્વિઘ્ને પૂર્ણ થયેલા અમૃત મહોત્સવના પ્રથમ તબક્કામાં સ્વયંસેવકોનું યોગદાન બહુમૂલ્ય હતું. તેથી તેઓને વિશેષ લાભ આપવાના હેતુસર તા. ૧/૧૨ની

સાંજે 'નગર'ના સભાગૃહમાં યોજાયેલી સભામાં સ્વયંસેવકો વતી સંતોએ સ્વામીશ્રીને હારતોરા કર્યા. તે પછી તરત જ શરૂ થયેલા પ્રવચનના પ્રારંભમાં સ્વામીશ્રી બોલ્યા: 'આપ બધાને 'જય સ્વામિનારાયણ' અને આશીર્વાદ છે. આપ બધા વતી યજ્ઞવલ્લભ સ્વામીએ હાર અર્પણ કર્યો છે, પણ એ હાર હું આપ બધાને અર્પણ કરું છું.'

આમ કહી સ્વામીશ્રીએ પોતે ધારણ કરેલો પુષ્પહાર પુનઃ મંગાવ્યો અને તે સભામાં બેઠેલા ૨૨,૦૦૦ સ્વયંસેવકોને પહેરાવતા હોય તેમ બે હાથમાં પકડી રાખી જણાવ્યું:

'આ હાર તમે બધા હવે સ્વીકારી લેજો, કારણ કે નજીક તો નથી (આવી શકાતું), પણ આ બધાને હાર છે. તમે જે સેવા કરી છે, તમે જે મહેનત કરી છે, રાત-દિવસ અહીંયાં આવીને જે નિષ્ઠાપૂર્વક, દૃઢતાપૂર્વક, વ્યવસ્થિત સેવા કરી છે એને માટેનો હાર તમને બધાને અર્પણ કરું છું. તો આવી એકનિષ્ઠાથી આપને સેવા કરવાનું બળ મળે એ પ્રાર્થના.'

હાર પહેરાવતી મુદ્રામાં જ હાથ રાખી આટલું બોલ્યા પછી પણ સ્વયંસેવકોનું મહિમાગાન કરતાં સ્વામીશ્રીની વાણી વહી રહી:

'જે આપણો ઉત્સવ ચાલે છે એ બધાની અંદર જે કંઈ સારું દેખાય છે એ બધું આપને આભારી છે, કારણ કે આપ બધાના હાથ-પગ છો. ભલે તમે દૂર રહેતા હો, નજીક આવવાનો ચાન્સ (મોકો) ઓછો હોય, પણ એ મનમાં રાખવાનું નથી. ભગવાન તમારી સેવા જુએ છે. માટે વ્યવસ્થાપકો આપણને જે આજ્ઞા આપે તે કામ પૂરું કરીને જ આપણે બધાએ છૂટા પડવાનું છે. છૂટા પડીને અંતે બધાને ધામમાં બેસવું છે એવો સંકલ્પ રાખવો.'

જંગમ નારાયણને અમૃત અભિનંદન

તા. ૨/૧૨થી શરૂ થયેલા મહોત્સવના દ્વિતીય તબક્કામાં પણ દેશ-પરદેશથી પધારેલા હજારો ભક્તોને સ્વામીશ્રીએ પ્રેમપૂર્વક આવકાર્યા અને તે સૌને દર્શન-આશીર્વાદનું અપાર સુખ આપ્યું.

આ સત્ર દરમ્યાન જ તા. ૩/૧૨ના રોજ ઉપસ્થિત થયેલા પૂજ્ય ચિદાનંદ સ્વામીએ જણાવ્યું કે 'प्रमुखस्वामीजी जंगम नारायण हैं, संतरत्न हैं। आप साक्षात् धरम के मूर्तिमान प्रतीक हैं। आपकी वृत्ति तैलधारा की तरह प्रभु में जुडी है। पूरेपूरा व्यक्तित्व अमूल्य है। आपके द्वारा भगवान का कार्य हो रहा है।'

આ અહોભાવ સાથે તા. ૪/૧૨ના રોજ સ્વામીશ્રીનો પ્રતીક જન્મોત્સવ ઊજવાયો. તે નિમિત્તે તેઓને વધાવવા દહીંસરના એક મરાઠી મુમુક્ષુ શ્રી વાઘમારે પોતાના વિસ્તારથી ઉત્સવ-સ્થળ સુધી લક્ષ્મી નામની હાથણી લઈને આવેલા. પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રી જ્યારે ઉપમંચની ધારે પધાર્યા ત્યારે આ 'લક્ષ્મી'એ સર્વગુણસંપન્ન સાક્ષાત્ 'નારાયણસ્વરૂપ'ને સૂંઢ વડે હાર પહેરાવી કૃતાર્થતા અનુભવી. આ દૃશ્યને ઉપસ્થિત હજારો હરિભક્તોએ તાળીઓના ગડગડાટથી વધાવ્યું. સ્વામીશ્રીએ પણ હાથણીને પ્રસાદ જમાડી તેનો મોક્ષમાર્ગ મોકળો કરી આપ્યો.

ત્યારબાદ તેઓએ આજે ૫૦ મુમુક્ષુઓને ભાગવતી દીક્ષા પ્રદાન કરી આ ઉત્સવને વિશેષ યાદગાર બનાવ્યો. તેને અનુસરતાં આજની સાંજે યોજાયેલી જન્મજયંતીની સભામાં પણ સ્વામીશ્રીએ શાસ્ત્રીજી મહારાજની માંદગીમાં પોતે અટલાદરાથી સારંગપુર પહોંચ્યા તે પ્રસંગ વર્ણવી સૌને અમૃત-લહાણ કરાવી દીધી.[૧૦]

યજ્ઞ, લગ્ન અને યજ્ઞોપવીતની અમૃત ત્રિવેણી

મહોત્સવના દ્વિતીય તબક્કાના સમાપન બાદ 'નગર'માં વૈદિક શ્રૌત યાગ અને ચાતુર્માસ્ય યાગની શિખાઓ પ્રજ્વલિત થઈ ઊઠી. આ યજ્ઞના યજમાનપદે પ્રતિદિન ત્રણ વાર હોમ કરતા અગ્નિહોત્રી બ્રાહ્મણ જ બેસી શકે તેવો શાસ્ત્રીય ધારો. તેથી આવા યજ્ઞ કરાવી શકે તેવા બ્રાહ્મણો ભારતમાં જૂજ બચેલા. પરંતુ પૂના-સ્થિત વૈદિક સંશોધન મંડળના સહયોગથી પંડિત શ્રી રાજારામ મળી આવ્યા. તેઓના યજમાનપદે તા. ૫/૧૨ની સવારે દસ વાગ્યે સ્વામીશ્રીએ વૈદિક મંત્રોના ઘોષ વચ્ચે નવ દિવસ સુધી ચાલનારા શ્રૌત યાગનો પ્રારંભ કર્યો. આ સમયે અરણીમંથન વડે ફક્ત ચાર જ મિનિટમાં અગ્નિપ્રાગટ્ય થયા બાદ સ્વામીશ્રીએ આશીર્વાદની અમીવૃષ્ટિ વરસાવી.

વૈદિક કાળમાં યજ્ઞકર્તા ઋષિઓ આશ્રમમાં જ ગૌશાળા રાખતા અને મંત્રોચ્ચાર સાથે ગોદોહન કરી એ જ દૂધનો યજ્ઞમાં વિનિયોગ કરતા. આ

---

૧૦. બે તબક્કામાં ઊજવાયેલી સ્વામીશ્રીની અમૃત જયંતી અને દીક્ષા સમારોહની ઝલક માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

પ્રાચીન પ્રણાલિકાનું અનુસરણ કરતાં અહીં 'નગર'માં પણ વાછરડાં સહિતની ગાયો રાખવામાં આવેલી. સ્વામીશ્રીએ આ પશુધનને પણ પૂજ્યું.

આ રીતે આધુનિકતાથી અવરાઈ ગયેલા સમાજમાં વૈદિક પરંપરાનું જતન કરતા તેઓ યજ્ઞશાળામાંથી વિદાય લઈ 'નગર'માં ઊભા થયેલા વ્યાવસાયિક એકમોમાં પગલાં કરવા પધાર્યા.

ત્યારબાદ દૈનિક ક્રમમાં પરોવાયેલા તેઓ આજની સાયંસભામાં પહોંચ્યા ત્યારે મંચસ્થ મહાનુભાવોએ તેઓને આવકાર્યા. તે પૈકીના એક જગવિખ્યાત ફિલ્મ નિર્દેશક શ્રી ફ્રિચ એટલે ગાંધીનગરના અક્ષરધામમાં પ્રદર્શિત થતા મલ્ટિમીડિયા શૉના સર્જક. તેઓએ આજે હૃદયોર્મિ વહાવી કે 'પ્રમુખસ્વામીજીએ જે કાર્ય કર્યું છે તેની આગળ મારું કાર્ય નહીંવત્ છે. કેટલું નહીંવત્ કે પ્રમુખ-સ્વામી મહારાજનાં પગરખાં થવા જેટલી પણ મારી કિંમત નથી !'

આવા સ્વામીશ્રી તા. ૬/૧૨ની સવારે ૯૬ બટુઓને યજ્ઞોપવીત અર્પણ કરી અમૃતેષ્ટિ શ્રીહરિ મહાયાગનો પ્રારંભ કરાવવા યજ્ઞશાળામાં પધાર્યા. સ્માર્ત પરંપરા મુજબ પાંચ દિવસ સુધી ચાલનારા આ યજ્ઞમાં ૨૮ કુંડોની ફરતે બેસી કુલ ૭૧૬ યજમાનો હોમ કરવાના હતા. તે માટે સંસ્થાના પુરોહિત સમા શ્રી પરમાનંદભાઈ દવે તથા શ્રી ઘનશ્યામભાઈ શુક્લ વગેરે વેદિયા વિપ્રોએ તમામ વ્યવસ્થા સંપૂર્ણ કરી દીધેલી. આ યજ્ઞની સમાંતર ચાલનારાં વેદ-પારાયણની કુટિરોમાં ચાર વેદ પધરાવવામાં આવેલા. તે સહિત વેદપાઠીઓનું પૂજન કર્યાં બાદ સ્વામીશ્રીએ અમૃતેષ્ટિ યજ્ઞનો પ્રારંભ કરી આપ્યો.

આ યજ્ઞની સાથે આજની સાંજે મહોત્સવના માંડવે લગ્નનો અગ્નિ પણ પ્રગટી ચૂક્યો. દહેજના દૈત્યને દફનાવનારાં ૪૪ યુગલો આજે અહીં આયોજિત સમૂહ લગ્નોત્સવમાં અમૃતગ્રંથિથી જોડાવાનાં હતાં. માલેતુજારથી માંડીને તદ્દન સાધારણ સ્થિતિના આ વરરાજાઓને સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા અને મહંત સ્વામીએ મીંઢળ બાંધ્યાં. ગૃહસ્થાશ્રમની ધન્યતા આથી બીજી કઈ હોઈ શકે !

આવી ધન્યતા સ્વામીશ્રી સભામંડપમાં પધારતાં અહીં પણ સૌ અનુભવી રહ્યા. તેમાંના એક એટલે કૉર્પોરેશન બેંક ઑફ ઇન્ડિયાના ચૅરમેન શ્રી કે. આર. રામમૂર્તિ. તેઓએ ભાવોર્મિ વહાવી કે 'હિમાલયમાં કદાચ સારા સંતો હશે, પરંતુ સમાજમાં રહીને સુવાસ ફેલાવે તેવા અજોડ સંત પ્રમુખસ્વામી છે. એમનાં દર્શનથી શાંતિ મળે છે.'

સગા સહુના છે હિતકારી રે

તા. ૭/૧૨ની સવારે સ્વામીશ્રી નિત્યપૂજા કરીને 'નગર'ના નિવાસ-સ્થાને પધાર્યા ત્યારે ત્યાં સરકારી ગુપ્તચર શાખાનો લેબ્રેડોર કૂતરો જંજીર ઊભો હતો. તેની મદદ 'નગર'ના સુરક્ષા વિભાગ દ્વારા સ્ફોટક પદાર્થોની ભાળ કાઢવામાં લેવાતી. આ શ્વાનની નજીક સ્વામીશ્રી આવતાં જ તે સત્સંગ માટે આસન જમાવતો હોય તેમ સ્વામીશ્રી સમક્ષ બેસી ગયો. તેની આ અદબને બિરદાવતાં સ્વામીશ્રીએ તેના માથે પ્રેમથી હાથ ફેરવ્યો અને સ્વહસ્તે બિસ્કિટ જમાડતાં બોલ્યા: 'આ દેશનું અને સમાજનું કાર્ય કરે છે ને અહીં ભગવાનના કામમાં આવ્યો તો એનુંય કલ્યાણ થશે.'

આ જ રીતે તેઓએ 'સર્વસ્વ'ના સરોવરમાં તરતાં બતકો પર પણ જળ છાંટી તેઓને અમૃતમાર્ગના અધિકારી બનાવ્યાં.

આમ, પશુ-પંખી સહિત સૌને તરબોળ કરતી સ્વામીશ્રીની અમૃતવર્ષા આજે સો બટુઓને પણ ભીંજવી ગઈ. આ બાળ-ભૂદેવોને જનોઈ ધારણ કરાવનારા સ્વામીશ્રીએ આજની સાંજે પ્રભુતામાં પગલાં પાડનારા ૪૧ વરરાજાઓનેય આશીર્વાદ પાઠવ્યા.

ત્યારબાદ તેઓ રસોડા વિભાગનું નિરીક્ષણ કરી નારાયણ સભાગૃહ તરફ જવા નીકળ્યા. આ સમયે નિશ્ચિત દિવસોની સેવા પૂર્ણ કરી વતન પરત ફરનારા કેટલાક સ્વયંસેવકો પણ પોતાના ઉતારા પ્રમુખ-હૃદયથી ઈસ્ટર્ન ઍક્સપ્રેસ હાઈવે ભણી જઈ રહેલા. હાથે-માથે સામાનનો ભાર લઈ ચાલતા તેઓ હાઈવે પરથી વાહન મેળવી બસ સ્ટેન્ડ કે રેલવે સ્ટેશન સુધી પહોંચવાના હતા, પણ સ્વયંસેવકોનું આ વૃંદ નજરે ચડતાં સ્વામીશ્રીએ સહયાત્રીઓને પૂછ્યું: 'આ બધાને પહોંચાડવા માટે વાહન નથી રાખ્યાં?'

પરંતુ સંતો વ્યવસ્થા વિષે બેખબર હોવાથી કાંઈ ન બોલ્યા.

તે દરમ્યાન સ્વામીશ્રી સભામંડપમાં આવી પહોંચ્યા. અહીં ગાડીમાંથી ઊતરી તેઓ લિફ્ટ દ્વારા ઉપર ચડવા લાગ્યા. તે વખતે જ દૂર ઊભેલા ટ્રાન્સપોર્ટ વિભાગના અગ્રણી કાર્યવાહક શ્રી મોતીરામભાઈ લાડને જોતાં સ્વામીશ્રી સૂચના આપવા લાગ્યા: 'એય મોતીરામ! આ બધા સ્વયંસેવકો જઈ રહ્યા છે તો એમને માટે વાહનની વ્યવસ્થા નથી રાખી? ન રાખી હોય તો કાલથી વ્યવસ્થા કરાવી દેજો. ભૂલી ન જતા. લખી રાખો.'

સ્વામીશ્રી જ્યારે આ ચિંતા કરી રહેલા ત્યારે લિફ્ટ ઉપર તરફ સરકી રહી હોવાથી તેઓ અને પેલા કાર્યકર વચ્ચેનું અંતર વધી રહેલું. વળી, સભા કાર્યક્રમનો અવાજ પણ ઘણો ઊઠતો હતો. તેથી સ્વામીશ્રી ઊંચા સાદે બોલીને પણ આ સૂચના આપતા રહ્યા. તે સાંભળનારા સૌનાં હૈયે *'સગા સહુના છે હિતકારી રે...'* સમા સ્વામીશ્રીની છબી કદી ન ભૂંસાય એ રીતે લખાઈ ગઈ!

'સ્વામિનારાયણ સ્ટાન્ડર્ડ'ની ઘોષણા

મહોત્સવના દિવસો દરમ્યાન સ્વામીશ્રી રોજ વિવિધ વિભાગોની મુલાકાત લેતા. તેઓનાં ભોજન વખતે પણ આ વિભાગોનો અહેવાલ અપાતો. કોઈ ગ્રંથ સાંભળતા હોય તેમ સ્વામીશ્રી સેવાની આ ગાથાનું શ્રવણ કરતા. તેમાં એક વિગત તેઓએ એવી સાંભળી કે 'કેટલાય સ્વયંસેવકો એવા છે, જે વ્યાજે ભાડું લાવીને સેવામાં આવ્યા છે!'

આ જાણી ભાવાર્દ્ર બનેલા સ્વામીશ્રીએ સંતોને કહ્યું: 'તમારી પાસે આવા જેટલા સ્વયંસેવકોનાં નામ હોય એનું લિસ્ટ બનાવીને મને આપજો. આપણે એ બધાને ભાડાના પૈસા આપવા છે.'

સ્વયંસેવકોની સંભાળના આ ક્રમમાં સ્વામીશ્રી તા. ૯/૧૨ની સવારે 'નગર'ના ભાગરૂપ ભક્તિપુરમ્‌માં યોજાયેલી બાળસેવક સભામાં પધાર્યા. તેમાં બેઠેલા ૧,૭૫૦ બાળસેવકોની મધ-મીઠી સરભરા અત્યાર સુધી કંઈકને મંત્રમુગ્ધ કરી ચૂકેલી. આ સેવકો દ્વારા સંચાલિત બાળનગરી જોઈ નહેરુ પ્લેનેટેરિયમના નિયામક શ્રી રાવલ તો બોલી ઊઠેલા: 'બાળનગરીની એક કલાકની મુલાકાત આખી જિંદગીના ભણતર બરાબર છે!'

આવી આ બાળનગરીમાં ઊભા કરાયેલા થિયેટરમાં દર્શાવાતો ભગવાનની આશ્ચર્યકારી સૃષ્ટિનો વીડિયો શૉ જોઈ નાસ્તિકતાના નમૂના જેવા એક પત્રકારે કબૂલ કરેલું કે 'નાસ્તિકમાં નાસ્તિક માણસને પણ આ બતાવવા જેવું છે. આને કેવળ જોઈને જ ભગવાનમાં આસ્થા જાગે એવું છે.'

આવા બાળસેવકો પર આજે આશીર્વર્ષા કરતાં પૂર્વે સ્વામીશ્રીએ તેઓની લાક્ષણિક શૈલી મુજબ 'બાળ મંડળની જય' બોલાવી, પરંતુ પ્રતિભાવ થોડો મોળો જણાતાં તેઓએ બીજી વાર જય ઝિલાવી કહ્યું: 'બાળ મંડળની પણ જય! મોટેથી બોલો ને! જય તો તમારી છે, અમે તો ખાલી અહીં બેઠા છીએ. તમે કામ એવું સરસ કર્યું છે કે તમારી પણ જય હોય. સંતો અને કાર્યકર્તાઓની

મહેનતથી આ બધું કાર્ય થયું છે, તો તમારો આગળ આધ્યાત્મિક વિકાસ પણ સરસ થશે. સામાજિક રીતે પણ સારું કાર્ય કરવાની શક્તિ મળશે.'

સમુદ્રસેતુના નિર્માણનો યશ ખિસકોલીના શિરે હોય ? પરંતુ સ્વામીશ્રીની તો રીત જ ન્યારી. તેથી બાળકોને બિરદાવી તેઓ આજની સાયંસભામાં પધાર્યા ત્યારે લોકસભાના અધ્યક્ષ શ્રી શિવરાજ પાટીલ સહિત ભારતના અધિક સોલિસિટર જનરલ, કેન્દ્રીય કાયદા સચિવ, ટાઇમ્સ ઑફ ઇન્ડિયા અને ઇન્ડિયન ઍક્સપ્રેસ જેવાં અખબારી જૂથોના અગ્રણી પદાધિકારીઓએ તેઓને વધાવ્યા. એ જ રીતે તા. ૧૦/૧૨ની સાયંસભામાં રાષ્ટ્રીય નેતા શ્રી એલ. કે. અડવાણીએ પણ સ્વામીશ્રીને અમૃતાંજલિ પાઠવી.

આ રીતે 'નગર'ની સાયંસભા જેમ વિવિધ મહાનુભાવોનાં વક્તવ્યોથી ગાજતી તેમ સ્વામીશ્રીની પ્રાતઃપૂજા અને રાત્રિસભાઓ સુપ્રસિદ્ધ ગાયકોનાં કીર્તનગાન અને વિખ્યાત વિશારદોનાં વાદ્યવાદનથી ગુંજતી. આ ક્રમમાં સી. આનંદકુમાર, રવીન્દ્ર જૈન, તિલકરાજ, હેમંત ચૌહાણ, પુરુષોત્તમ ઉપાધ્યાય, પંડિત જશરાજ, શિવકુમાર શર્મા, હરિપ્રસાદ ચૌરસિયા વગેરેએ કલાનાં કામણ પાથર્યાં. તેની વચ્ચે તા. ૧૨/૧૨ના રોજ મુંબઈના મંદિરનો ૧૨મો પાટોત્સવ ધામધૂમપૂર્વક ઊજવાયો.

તેને અનુસરતાં તા. ૧૩/૧૨ની સાયંસભામાં પધારેલા માન્યવર મહાત્મા પૂજ્ય ચિન્ના જિયર સ્વામીએ કહ્યું : ''अपने श्रीप्रमुखस्वामी महाराज एक उच्च कोटी के आचार्य हैं। कभी कोई वस्तु बन गई तो लोग बताते रहते हैं कि 'ये तो जापानीझ स्टान्डर्ड है... ये तो अमरिकन स्टान्डर्ड है...' लेकिन आध्यात्मिक विश्व में अभी तक ऐसा कोई स्टान्डर्ड नहीं बना है। परंतु आज से हम किसी आध्यात्मिक वस्तु की तुलना करनी हो तो बोल सकते हैं कि 'ये स्वामिनारायण स्टान्डर्ड है या नहीं ?' प्रमुखस्वामीजी महाराज एक ऐसे शिल्पी हैं जो हजारों-हजारों मूर्तियों का निर्माण करते हैं। काषाय धारण करते हुए वे यह सारा आयोजन कर रहे हैं ये अत्यंत आश्चर्य का विषय है।''

સ્વામીશ્રી વિષે આવો જ અહોભાવ ઝાંઝરકાના મહંત પૂજ્ય બળદેવ-દાસજી મહારાજ તથા પાળિયાદના મહંત પૂજ્ય અમરા બાપુએ પણ વ્યક્ત કર્યો.

અમે તો ભક્ત બનવા માંગીએ છીએ

તા. ૧૩/૧૨ની રાત્રે દસ વાગ્યે બાળનગરી પર દૃષ્ટિ કરવા પધારેલા

સ્વામીશ્રીએ અહીં બાળ પ્રદર્શન, નિયમ કુટિર, વાલી કક્ષ, પપેટ શૉ, ભૂલ-ભુલામણી, કમ્પ્યૂટર કક્ષ વગેરેની મુલાકાત લીધી. તે દરમ્યાન એક રજૂઆત માણવા તેઓ ઊભા રહ્યા ત્યારે અત્રે દર્શકોને સમજાવતો હોય તેવી છટામાં બાળસેવક પૂછી રહ્યો : 'બોલો, તમારે શું થવું છે? ડૉક્ટર? એન્જિનિયર?... તમે શું બનવા માંગો છો?'

'બસ! અમે તો ભગવાનના ભક્ત બનવા માંગીએ છીએ.' સ્વામીશ્રી બોલી ઊઠ્યા.

તેથી જ તા. ૧૪/૧૨ના રોજ તેઓ બાળનગરીની 'નિયમ કુટિર'માં પધાર્યા ત્યારે એક આશ્ચર્યકારી ગતિવિધિ સર્જાઈ ગઈ.

અહીં પર્વતોની વચ્ચે વસેલા આશ્રમમાં બનાવેલી કુટિરોમાં બેઠેલા બાળકો 'માતા-પિતાને પ્રણામ કરવા, ભગવાનને પ્રાર્થના કરવી, વ્યસનોથી દૂર રહેવું, ટી.વી. જોવામાં વિવેક રાખવો, સારો અભ્યાસ કરવો' – જેવા નિયમોથી આગંતુક બાળકોને પ્રતિજ્ઞાબદ્ધ કરતા. તેથી પ્રેરણા પામીને ૩૭ દિવસમાં ૮૪,૦૦૦ બાળકોએ સંસ્કારી જીવનના શપથ લીધેલા.

આવી આ કુટિરમાં આજે સ્વામીશ્રી આવતાં જ બાળસેવકો ખુશ થઈ ગયા. તેઓએ હોંશે-હોંશે પોતાની કાર્યવાહીનું નિદર્શન કરી દેખાડ્યું. તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : 'મને પણ નિયમ આપો.'

આ સાંભળી બાળકો એકમેકની સામે જોવા લાગ્યા, ત્યારે સ્વામીશ્રી જ સામેથી બોલ્યા : "અમે નિયમ લઈએ છીએ કે 'તમે જેને નિયમ આપ્યા હોય એ બધા તે સારી રીતે પાળી શકે, તેના જીવનમાં નિયમ બાબતે ફેર ન થાય, બળ મળે, એ માટે મારે હંમેશાં પ્રાર્થના કરવી."

સૌના ઉત્કર્ષ માટે પ્રયત્નશીલ સ્વામીશ્રીની કેવી ઉત્કૃષ્ટ ભાવના!

'આધ્યાત્મિક સમ્રાટ'ની અમૃત આભા

તા. ૧૪/૧૨ની સાંજે મહોત્સવને માણવા આવેલા ડૉ. ભીમપ્પા મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના કાર્યવાહક સભ્ય અને નિષ્ણાત તબીબની સાથે પ્રાધ્યાપક તથા સમાજવિજ્ઞાની તરીકે પણ પંકાયેલા. તેઓએ આજે સ્વાનુભવ જણાવ્યો કે 'હું મારા રાજ્ય કર્ણાટકમાં કદી કોઈ સાધુ-સંન્યાસીના શરણે ગયો નથી. ત્યાં ઘણા મઠ-મહાત્માઓ મેડિકલ કૉલેજનું પણ સંચાલન કરે છે. છતાં મેં તેઓમાંથી કોઈની આગળ મારું મસ્તક ઝુકાવ્યું નથી. પરંતુ

આ મહાન પ્રમુખસ્વામીજીમાં મેં જોયું છે કે તેઓ કોઈ એક સમાજ માટે નહીં, પણ સમગ્ર માનવજાત માટે કાર્ય કરે છે. તેઓ ઉપલા-નીચલા દરેક વર્ગના છે. તેથી જ મેં તેઓ માટે મારો ઘણો સમય ફાળવ્યો છે. હું આ મહાન સ્વામીજીનો ભક્ત બની ગયો છું. આવું કાર્ય મેં ક્યાંય જોયું નથી. હું જીવીશ ત્યાં સુધી આ સંદેશો ફેલાવતો રહીશ.'

સ્વામીશ્રીની સાધુતાનો અમૃતસ્પર્શ ભલભલા બૌદ્ધિકને પણ ઝંકૃત કરી મૂકતો.

તેનું એક અનુપમ દર્શન પામી હિલોળે ચડી ગયેલી સમસ્ત સભાને આજના અન્ય અતિથિવિશેષ પૂજ્ય શિવાય સુબ્રમુનિય સ્વામીએ ગુરુભક્તિનો મર્મ સમજાવ્યો. હવાઈ ટાપુથી પધારેલા આ મઠાધિપતિએ 'Obey your Guru, Obey your Guru, Obey your Guru...' અર્થાત્ 'આપના ગુરુની આજ્ઞા પાળો'નું સૂત્ર ત્રણ વાર ઘૂંટાવી સ્વામીશ્રીને 'A Spiritual Maharaja' – 'આધ્યાત્મિક સમ્રાટ' કહી બિરદાવ્યા. તે સાથે તેઓએ શ્રોતાઓને કહ્યું : 'તમો ખરેખર ભાગ્યશાળી છો કે તમને પ્રમુખસ્વામી જેવા ગુરુ મળ્યા છે !'

આવા ગુરુને આજે મળનારા હિંદુત્વના હિમાયતી શ્રી ડેવિડ ફ્રોલીએ સ્વાનુભૂતિ વર્ણવી કે 'સ્વામી જે બોલે છે તે મને કંઈ સમજાતું નથી, પરંતુ એટલું અનુભવાય છે કે એમની વાણીમાં પોતે ઉપર બેઠા છે અને લોકો નીચે બેઠા છે એવો રણકાર સહેજ પણ નથી. એમની વાણી સીધી છે. અને એમનામાં આટલી શક્તિ છે, છતાં કોઈનેય ઑર્ડર આપતાં જોયા નથી !'

આ રીતે પ્રતિદિન સ્વામીશ્રીની પ્રશસ્તિનો પ્રવાહ વહેતો જ રહેતો; પરંતુ પોતાની આ મહાનતાથી તદ્દન અભાન રહી સ્વામીશ્રી તો મહોત્સવમાં પધારનારા પ્રત્યેક મહાત્મા કે મહાનુભાવને શાલ ઓઢાડી સન્માનતા. સંતો-મહંતોને દક્ષિણા પણ અવશ્ય અપાવતા.

હિંદુ ધર્મના ઉદ્ધારક

તા. ૧૫/૧૨ની સવારે અલ્પાહારથી પરવારેલા સ્વામીશ્રીને ડૉ. ભીમપ્પાએ કહ્યું : 'હજી સુધી કોઈ મહાત્માને હું નમ્યો નથી, પણ આપના સંસર્ગમાં આવ્યા પછી આપને સમર્પિત થઈ જવાની ઇચ્છા જાગી છે. આપના હસ્તે કંઠી બાંધવી છે.'

આ અરજમાં સૌને સ્વામીશ્રીના વર્તનનો જ પડઘો સંભળાઈ રહ્યો.

તેથી આકર્ષાઈને આજની સાંજે આવેલા ભારત સાધુ સમાજના મહામંત્રી પૂજ્ય હરિનારાયણાનંદજીએ સ્વામીશ્રીને અમૃત અભિનંદન આપતાં કહ્યું: 'आप तो आध्यात्मिक क्षेत्र में हमारे प्राण हैं। शुक्ल यजुर्वेद के चालीसवें अध्याय में ईश्वर की विस्तृत व्याख्या की है, वो आपसे बिलकुल मिलती-झुलती है।'

આ અવસરે અગ્રણી જૈન પરિવ્રાજક શ્રી ચિત્રભાનુજીએ પણ સ્વરચિત પદ *'મૈત્રીભાવનું પવિત્ર ઝરણું...'* ગાઈ સ્વામીશ્રીને જણાવ્યું: 'આપના સંતો એ સમર્પણની કથા છે. એ જ હિંદુસ્તાનને સમર્થ રાખશે.'

આ રીતે મહોત્સવના મહેમાન બનનારા મહાત્માઓની શ્રેણીમાં તા. ૧૬/૧૨ની સાંજે પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીજી પધાર્યા. તેઓ ઉત્સવનું 'નગર' માણીને આવ્યા હોવાથી સ્વામીશ્રીને મળતાં જ બોલી ઊઠ્યા: 'આ બધું જોતાં એટલું જ કહી શકાય કે – અદ્‌ભુત! બીજો શબ્દ જ મારી પાસે નથી.'

આ અહોભાવ સાથે તેઓ સ્વામીશ્રીની જ ગાડીમાં બેસી સભાના સ્થળે જવા નીકળ્યા. તે વખતે પૂજ્ય શાસ્ત્રીજી એક ડબ્બી ખોલી તેમાંથી ખદિરાદિવટી લીધા બાદ તે ડબલી બંધ કરવાનો યત્ન કરી રહ્યા. આ જોઈ બાજુમાં બેઠેલા સ્વામીશ્રી મદદમાં આવી ગયા. તેઓએ ડબ્બી બંધ કરી તેને પહેરણના ખિસ્સામાં પણ મૂકી આપી!

આવા વિનમ્ર સ્વામીશ્રીને અમૃત અભિવંદના કરવા તા. ૧૭/૧૨ના રોજ પૂજ્ય આચાર્યશ્રી ધર્મેન્દ્રજી મહારાજ આવી પહોંચ્યા. તેઓએ સાયંસભામાં પોતાની જોશીલી શૈલીથી સ્વામીશ્રીનો મહિમા ગાતાં અરજ ગુજારી કે –

'हे प्रमुखस्वामी महाराज! आप ही बचा सकते हैं इस धर्म को डूबने से। और किसी में ये सामर्थ्य नहीं है। संपूर्ण हिंदू समाज आपकी ओर निर्निमेष, आशाभरी दृष्टि से देख रहा है। आप मार्गदर्शन करें।'

સ્વામીશ્રીનું વ્યક્તિત્વ સૌ માટે એક અમર આશ્વાસન સમાન હતું.

તેથી જ તો તા. ૧૮/૧૨ની રાત્રે વિશ્વ હિંદુ પરિષદના અગ્રણી શ્રી અશોક સિંઘલ પણ ૨૦૦ કાર્યકરોને લઈ ધર્મવિમર્શ માટે સ્વામીશ્રી પાસે દોડી આવ્યા. તેઓ સાથે આજે ચિન્મય મિશનના પૂજ્ય તેજોમયાનંદ સ્વામી તથા તા. ૧૯/૧૨ના રોજ મહામંડલેશ્વર પૂજ્ય અખંડાનંદસાગરજી, જામનગરના પૂજ્ય દેવપ્રસાદજી મહારાજ વગેરે પણ ઉપસ્થિત રહ્યા.

પ્રીતે પૂરણ લાડ પાળે છે રે

તા. ૧૯/૧૨ના રોજ વધુ એક વાર બાળનગરીમાં પધારેલા સ્વામીશ્રીને બાળકોએ ખૂબ ઉમંગથી વિવિધ વિભાગોની કાર્યવાહી સમજાવી. તે વખતે કિંચિત્ નામના એક બાળકે ફૂલ ધરતાં કહ્યું : 'બાપા ! આ તૂટેલું ફૂલ છે. બીજાં બચ્યાં જ નહોતાં. આ એક જ હતું !'

'તારો ભાવ ક્યાં તૂટેલો છે ? એ મોટો છે ને ! સુગંધી તો એમાં છે.'

આટલું કહી સ્વામીશ્રી બોલ્યા : 'ભાવ હોય એનાથી જ કામ થાય છે. આપણે ભગવાન ને સ્વામી રાજી થાય એ એક જ ભાવ રાખવો.'

આ શીખ દ્વારા બાળકના મનમંદિરમાં ભાવની ધજા ફરકાવી સ્વામીશ્રીએ કમ્પ્યૂટર કક્ષને પાવન કર્યો. અત્રે 'પ્રકૃતિમાંથી પ્રેરણા'ની રમત નિહાળતા તેઓ બાળસેવકો સાથે એટલા હળી-મળી ગયા કે બાળકો કંઈક રજૂઆત જોઈ ખુશ થાય ત્યારે મિત્રતાના દાવે સ્વામીશ્રીનાં બાવડાં થપથપાવા લાગે !

આમ, અનેરો બાળકિલ્લોલ કરાવતાં સ્વામીશ્રી ગુફામંદિરમાં દર્શન કરી આગળ વધ્યા ત્યારે ત્યાં રસ્તામાં કેટલાક બાળકો ઝાડને પાણી સિંચી રહેલા. તે જોઈ પ્રસન્ન થયેલા સ્વામીશ્રીએ તે બાળકોને નજીક બોલાવી કહ્યું : 'અહીં સેવા કરો છો તો ભગવાન રાજી થશે; પણ ઘેર જઈનેય બગીચો કરવો. છોડ વાવવા. સ્કૂલમાં પણ વૃક્ષો વાવવાં અને પાણી પાવું.'

આ રીતે બાળકોની મનોભૂમિમાં પર્યાવરણની જાળવણીનાં બીજ વેરતાં સ્વામીશ્રી કલાકેન્દ્રમાં પહોંચ્યા.

અહીં બાળકો કાથી-કાગળ, પૂંઠાં-ચીંથરાં, કાપડ-માટી જેવા મામૂલી પદાર્થોમાંથી હસ્તકલા વાપરી નમૂનેદાર વસ્તુઓ નિપજાવતા. બાળકોની કલ્પનાશક્તિને સર્જનાત્મક માર્ગે વાળતી આ નવતર પ્રયોગશાળાના દ્વારે દસ વર્ષીય સુકેતુ કાપડમાંથી બનાવેલાં પુષ્પોનો હાર પકડી સ્વામીશ્રીને આવકારવા તત્પર હતો, પરંતુ તે નીચી કદ-કાઠીનો હોવાથી હાર પહેરાવવામાં સુગમતા રહે તે સારુ પ્લાસ્ટિકના નાનકડા સ્ટૂલ પર ઊભો હતો. પોતાને મળનારા આજના દુર્લભ લાભને ચિરંતન કરવા તેણે પોતાના દોસ્તને ફોટો ઝડપી લેવાનું પણ કહી રાખેલું.

તે મુજબ જયનાદોના કલશોર વચ્ચે સ્વામીશ્રી પધાર્યા ત્યારે સુકેતુએ હાર પહેરાવ્યો. તે હાર સ્વામીશ્રીએ એ બાળકના કંઠમાં આરોપતાં તેનાં

નામ-ઠામ પૂછ્યાં. ત્યારબાદ તેઓએ બાળકોની કલાશક્તિનાં અન્ય પ્રતીકો પર દૃષ્ટિ કરી વિદાય લીધી. પરંતુ આ સમયે તસવીરની તપાસ કરતાં સુકેતુને ખબર પડી કે 'કૅમેરાના રોલમાં ગરબડ સર્જાતાં તેનો ફોટો પડ્યો જ નથી !'

આ સાંભળતાં જ એ બાળક ડૂસકાંની પરનાળ વહાવવા લાગ્યો. પોતાનો મનોરથ ભાંગતાં તે પણ ભાંગી પડ્યો. તેને શાંત રાખવાના ઉપાયરૂપે એક કાર્યકરે આ બાબતનો પત્ર સ્વામીશ્રીને લખવાનું સૂચન કર્યું. તેથી એ બાળક 'મને ફોટો લાવી આપો'ની રઢવાળો કાગળ લખી જાતે જ તેને સ્વામીશ્રીના ઉતારે આપી આવ્યો.

આ પત્ર અમૃત મહોત્સવના ભરચક કાર્યક્રમોમાં બે-ચાર દિવસ બાદ સ્વામીશ્રીના હાથમાં આવ્યો. તે વાંચી તેઓએ પોતાની સાથે રહી તસવીરો લેતા યોગીચરણદાસ સ્વામીને આ બાબતે પૂછ્યું, ત્યારે તે સંતે જણાવ્યું: 'આ મુલાકાતનો રૅકોર્ડ અમદાવાદ પહોંચી ગયો છે.'

આ સાંભળી સ્વામીશ્રીએ ત્યાંથી આ ફોટો મંગાવી બાળકને પહોંચાડવાની તાકીદ કરી. તે મુજબ ચાલેલાં ઘટનાચક્ર પ્રમાણે બે-એક અઠવાડિયાં બાદ ફોટો પેલા બાળકના હાથમાં આવ્યો ત્યારે તો તે આનંદના આકાશમાં ઊડવા લાગ્યો. આ વિગત જાણનારા સૌ પણ સગી જનેતાનેય ઝાંખી કરે એવા સ્વામીશ્રીના જતનને વાગોળી રહ્યા.[૧૧]

અમૃત અનુભૂતિના અમર અધ્યાયો

તા. ૨૦/૧૨નો દિવસ પંડિત પ્રતિભાઓને બિરદાવવાનો હોવાથી સ્વામીશ્રીએ આ પ્રસંગે સંસ્કૃતના પ્રસાર દ્વારા સંસ્કૃતિ-રક્ષાના કાર્યમાં સંલગ્ન વિદેશી વિદ્વાનોથી લઈને દેશના મૂર્ધન્ય પંડિતોને શાલ અને સ્મૃતિભેટનાં સન્માનથી નવાજ્યા. તેમાંના એક શ્રી ડાહ્યાભાઈ શાસ્ત્રીએ સ્વામીશ્રીની સ્તુતિ કરતા ૭૫ શ્લોકોની પુસ્તિકા 'પ્રમુખપીયૂષ' નામે રચેલી. તેનું ઉદ્‌ઘાટન આર.એસ.એસ.ના સરસંઘસંચાલક શ્રી રજ્જૂભૈયાના હાથે થયું.

શ્રેષ્ઠીઓની આ શૃંખલામાં આજે સ્વામીશ્રીને મળેલા પ્રખર પત્રકાર

---

૧૧. અમૃત મહોત્સવના પૂર્વાર્ધમાં યોજાયેલા વિશિષ્ટ કાર્યક્રમો અને સ્વામીશ્રીની 'નગર'ની મુલાકાતોને માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

શ્રી અરુણ શૌરીએ પણ સ્વાનુભૂતિ વર્ણવી કે 'स्वामीजी! आपने लंदन में मंदिर किया उसे देखकर हर्ष के आँसू आ जाते हैं।'

સ્વામીશ્રીનાં આવાં અલૌકિક જીવન અને કાર્યને પ્રસ્તુત કરતી રસપ્રદ નૃત્યનાટિકા 'સંત પરમ હિતકારી' આજની રાત્રિસભામાં રજૂ થઈ ત્યારે તેને દૃષ્ટિમાં લઈ સ્વામીશ્રીએ કલાકારોનો દાખડો સુફળ કર્યો.

આમ, રોજેરોજ અમૃત અનુભૂતિ કરાવતો આ મહોત્સવ હવે તેના અંતિમ ચરણમાં આવી જતાં મુલાકાતીઓ અને મહાનુભાવોથી 'નગર' ઊભરાવા માંડ્યું, કારણ કે અહીં ચોતરફ પ્રસરેલી શાંતિની આબોહવામાં સૌ અનેરી ટાઢક અનુભવતા. ચારે દિશામાં વહેતા પરિવર્તનના પવનમાં કંઈક ચોખ્ખા થઈ જતા. ગુજરાતી, હિંદી, મરાઠી, અંગ્રેજી, તેલુગુ, ઉર્દૂ, બંગાળી વગેરે ભાષાનાં અખબારો તેમ જ સામયિકોએ આ મહોત્સવના અમૃતને દશે દિશામાં પ્રસરાવેલું. ઍર ઇન્ડિયાની વિમાની સેવાએ તો આ ઉત્સવની અડધો કલાકની ફિલ્મ પણ પ્રસારિત કરવા માંડેલી. તેથી સમાજના કોઈ વર્ગ કે વર્ણનો માનવી 'નગર'નો અતિથિ બન્યા વિના ન રહ્યો. વિશ્વવ્યાપી જૈન સોશિયલ ગ્રૂપે તો તેના પાંચમા આંતરરાષ્ટ્રીય અધિવેશનના સ્થળ તરીકે આ ઉત્સવ-ભૂમિ પર જ પસંદગી ઉતારી અને ઉદ્‌ઘાટક તરીકે પણ સ્વામીશ્રીને જ નિમંત્રણ આપ્યું. આ અધિવેશનને તા. ૨૩/૧૨ની સાંજે સ્વામીશ્રીએ ખુલ્લું મૂક્યું.

આમ, માનવીમાત્ર માટે અમૃત સદન સમાન બની રહેલા આ મહોત્સવને માણવા તા. ૨૪/૧૨ના રોજ ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી ટી. એન. શેષાન આવી પહોંચ્યા. પોતાની તટસ્થ અને કડક કાર્યવાહીથી તત્કાલીન રાજનીતિમાં ખળભળાટ મચાવી મૂકનારા આ મહાનુભાવે આવતાં-વેંત સ્વામીશ્રીનાં ચરણોમાં સાષ્ટાંગ પ્રણિપાત કરી પોતાનો આદર અભિવ્યક્ત કર્યો. તે પછી ચાલતા થયેલા વાર્તાલાપમાં તેઓએ અત્યંત લાગણીસભર બની સ્વામીશ્રી પાસેથી દેશસેવાનું માર્ગદર્શન મેળવ્યું.

આ લાગણીનો લય આજની સાયંસભામાં પણ જાળવી રાખતાં શ્રી શેષાને કહ્યું : 'સ્વામીજી ! અમને એ સનાતન પુરાણી જગ્યા પર વાપસ લઈ જાઓ, જે ગંદા ભ્રષ્ટાચારથી દૂર-દૂર મઘમઘતા ધર્મની જગ્યા છે. સ્વામીજી ! અમને શક્તિ આપો, હાથ ઝાલો, હૃદયે લગાવો. ભગવાનના નામથી આપને કોટિ પ્રણામ કરું છું.'

આ અમૃત અનુભૂતિને વધુ સઘન બનાવતાં વિખ્યાત વ્યાખ્યાતા પૂજ્ય

સત્યમિત્રાનંદગિરિજીએ જણાવ્યું કે 'यदि संसार में फिर एक बार विश्वकर्मा स्वयं प्रकट हुए हों तब ही ऐसा नयनरम्य और भव्यातिभव्य नगर खड़ा हो सकता है, और दूसरा कोई कर सकता है तो प्रमुखस्वामीजी महाराज कर सकते हैं! इसमें कोई अतिशयोक्ति नहीं है। मैं उनसे प्रार्थना करता हूँ कि प्रसाद में मुझे आपकी एक पघड़ी दीजियेगा। आपकी पघड़ी मैं लगाऊँ तो मुझे भी इतनी शक्ति मिले।'

જગત-જનનીનો જાત અનુભવ

અમૃત મહોત્સવના અંતિમ તબક્કામાં 'નગર'ની મુલાકાત લઈ ધન્યતા અનુભવતા વિવિધ ક્ષેત્રના અગ્રણીઓએ ઉત્સવ-સભામાં વહાવેલા ઉદ્‌ગારો તેઓના મનોમસ્તિષ્કમાં પડેલી સ્વામીશ્રીની ઘેરી છાપનો પુરાવો પૂરતા હતા, પરંતુ તા. ૨૬/૧૨ની સવારે સ્વસ્તિવાચન કરતાં-કરતાં આવી પહોંચેલા એક ભૂદેવે તો સ્વામીશ્રીના માથે હાથ મૂકી તેઓને આશીર્વાદ આપ્યા!

તેઓની આ ભોળપ જોઈ કેટલાક હસી પડ્યા. કેટલાકે તેમાં અવિવેક જોઈ નાકનાં ટેરવાં પણ ચડાવ્યાં.

તે વખતે સ્વામીશ્રીએ એ આગંતુકને પૂછ્યું: 'કયું ગામ?'

'મહુવા.'

'તો તો તમે ભગતજીના ગામના! તમારે તો આશીર્વાદ આપવાનો અધિકાર!'

સ્વામીશ્રીના મુખેથી *'દેશ પવિત્ર, પવિત્ર જન...'* અનુસાર સંબંધનો મહિમા સરી પડ્યો. તેઓનું અંતર વ્યક્તિમાત્ર પ્રત્યેના આદરથી સદૈવ ઊભરાતું રહેતું. તેથી જ તેઓના સંપર્કમાં આવનારાને અનોખી સ્નેહાનુભૂતિ અને સુખાનુભૂતિ થતી.

તે પામી અભિભૂત થયેલા વિચક્ષણ અને વગદાર નેતા શ્રી પ્રમોદ મહાજને તા. ૨૭/૧૨ની સાયંસભામાં જણાવ્યું કે –

'मैं राजनीति में होने के कारण आज तक अनगिनत भाषण कर चुका हूँ, लेकिन जब मैं आज प्रमुखस्वामी के सांनिध्य में बैठा हूँ तो शब्द मुझे छोड़कर जा रहे हैं। मैं जिस क्षण से यहाँ आया हूँ तब से इस परिसर में एक निःशब्द क्रांति का रूप अपनी आँखों से देख रहा हूँ।

मुझे आज भी वह दिन याद है जब मैं प्रमुखस्वामीजी से पहली बार

मिला था! उनको देखने के बाद मुझे इतना ही लगा कि सारी दुनिया की मातृशक्ति अगर किसी एक व्यक्ति में आकर सिमट गई हो, तो यह इस व्यक्ति में है। प्रमुखस्वामीजी को देखकर ये आनंद आता है कि जैसे बरसों के बाद कोई बिछड़ा पुत्र अपनी माँ से मिल रहा हो!

स्वामीजी की विशेषता है कि वे अपने में हिमालय की उँचाई को रखते हैं, पेसिफिक महासागर-सी चिंतन की गहराई भी रखते हैं, फिर भी अपने प्रयासों से आप और मेरे जैसे जो धूल में पड़े हुए लोगों को उठाने का काम करते हैं। अगर किसी राजनैतिक दल को चुनाव का घोषणा-पत्र करना हो तो वह कह दें कि हम देश में जब भी सत्ता पर आएँगे तब देश को इसी 'नगर' जैसा बनाएँगे, तो उससे बड़ा कोई घोषणा-पत्र करने की आवश्यकता आपको नहीं पड़ेगी।'

મહોત્સવ દરમ્યાન સ્વામીશ્રીની આવી પ્રશંસાના પર્વતો ખડકાતા, પરંતુ સ્વામીશ્રી તો તેમાંથી એક કણ-કાંકરી પણ પોતાના શિરે ટકવા ન દેતા. આવા પ્રસંગે તેઓ કહેતા: 'અહીં જે સંતો અને મહાનુભાવો આવે છે એ બધા ખૂબ જ સારી છાપ લઈને જાય છે. ઘણી સારી વાત છે, પણ આ બધા પાછળ ભગવાનની શક્તિ, યોગીજી મહારાજના આશીર્વાદ, સંતો-યુવકો-હરિભક્તો તથા બાઈ-ભાઈના પુરુષાર્થથી સુંદર કાર્ય થયું છે.'

એ શબ્દ જિંદગીમાં બોલવાનો જ નહીં

મહોત્સવના દિવસો દરમ્યાન સ્વામીશ્રી રોજ ૫૦૦ થી ૭૦૦ મુમુક્ષુઓ તેમ જ મહાનુભાવોને મળતા. તેની સાથે મીટિંગો અને સભા કાર્યક્રમોના દોર પણ ચાલતા રહે.

આ ક્રમમાં તા. ૨૮/૧૨ની રાત્રે તેઓ એક સંતને માર્ગદર્શન આપી રહેલા. તે વખતે એ સંત પ્રકૃતિવશાત્ બોલ્યા: 'મને એ સેન્ટરમાં નહીં ફાવે એમ લાગે છે!'

પરંતુ સ્વામીશ્રીને આવી નાદારી ન ફાવી. તેથી તેઓ કહેવા લાગ્યા: ''ન ફાવે' એવો શબ્દ તારા માટે સારો નથી. કેમ ન ફાવે? ફવડાવવાનું જ છે! ફાવશે જ! શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનું દૃષ્ટાંત જુઓ. બધે ફવડાવ્યું છે. એમને કેવી જોડ હતી? અત્યારે તો એવું નથી ને? સાધુ થયા પછી મોળી વાત ન કરવી. બળની વાત કરવી.''

સ્વામીશ્રીનો આ અભિપ્રાય જાણી પેલા સંતે હાથ જોડતાં કહ્યું: 'ફાવશે જ !'

'હં... 'ન ફાવે' એ શબ્દ જિંદગીમાં બોલવાનો જ નહીં.' રાજી થતાં સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓ સંજોગો સામે ઝૂકવામાં નહીં, સંજોગોને ઝુકાવવામાં માનતા.

સમાજસેવાના અમૃત સ્મારકની સ્થાપના

મહોત્સવ દરમ્યાન સોમૈયા આયુર્વિહારના પાંચમા માળે નિવાસ કરનારા સ્વામીશ્રીની સ્મૃતિરૂપે સોમૈયા પરિવારને અહીં એક મંદિર કરવાનો સંકલ્પ થયેલો. આ મનોરથને સાકાર કરતાં સ્વામીશ્રીએ તા. ૨૯/૧૨ની સવારે અક્ષર-પુરુષોત્તમ મહારાજની સાથે મુખ્ય દેવો અને અવતારોની પ્રતિમાઓનું પૂજન કર્યું.

તેને અનુસરતાં તેઓ 'પ્રમુખસ્વામી નેત્ર ચિકિત્સાલય'ના આંગણે પહોંચ્યા ત્યારે ઉત્સવ સ્થળની સામે જ ખડા થયેલા સમાજસેવાના આ અમૃત સ્મારકનું ઉદ્ઘાટન કરવા મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી મનોહર જોશી ઉપસ્થિત હતા. ભારતી મૅડિકલ ઍન્ડ રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા સંસ્થાને સુપ્રત થયેલી ઈમારતે જ અમૃત મહોત્સવની ચિરંજીવ સ્મૃતિરૂપે હૉસ્પિટલનું રૂપ ધારણ કરેલું. ગરીબ દર્દીઓની રાહત દરે સારવાર કરવા નિર્માણ પામેલા આ સુવિધાસજ્જ સ્વાસ્થ્ય સંકુલનું લોકાર્પણ કરતાં મુખ્યમંત્રીએ શ્રીફળ વધેર્યા બાદ નાડાછડી છોડીને તકતીનું અનાવરણ કર્યું. તે પછી સ્વામીશ્રીએ આ અસ્પતાલના પ્રત્યેક માળે પુષ્પવૃષ્ટિ કરી અને અમીદૃષ્ટિ વેરી.

અહીંથી સૌ 'નગર'ના સભાગૃહમાં યોજાયેલી ઉદ્ઘાટન સભામાં પહોંચ્યા ત્યારે અત્રે મુખ્યમંત્રીએ ઉદ્બોધન કરતાં જણાવ્યું કે 'यहाँ संस्था जो काम कर रही है वह महाराष्ट्र सरकार और हिन्दुस्तान सरकार का काम कर रही है। यहाँ जो प्रदर्शनी है, इतनी अच्छी प्रदर्शनी मैंने मेरी जिंदगी में अभी तक नहीं देखी है। ऐसी प्रदर्शनी मुंबई शहर में कायम रखने की ज़रूरत है।'

આમ, મુખ્યમંત્રી પણ મહોત્સવના અમૃત પ્રવાહમાં તણાઈ ગયા.

इस महोत्सव को कायम रखो

તા. ૩૧/૧૨ના રોજ સન ૧૯૯૫ના વર્ષ પર જ નહીં, પણ એક

યુગ પર પડદો પડી રહેલો. આ વર્ષના મધ્ય ભાગમાં લંડનના આંગણે મંદિર બાંધી સ્વામીશ્રીએ પશ્ચિમી વિશ્વને ડોલાવી દીધું, તો વર્ષના અંતે મુંબઈમાં મહોત્સવ ઊજવી તેઓએ પૂર્વીય પ્રદેશને સ્થિર કરી મૂક્યો. આ મંદિર અને આ મહોત્સવ – બંનેની કથા આજે કાલજયી પુરવાર થઈ રહી છે. આ બંને પ્રસંગે રચાયેલાં અનુપમ આયોજન, સુચારુ સંયોજન, અનોખા અધ્યાત્મ અને વિવેકપૂર્ણ વ્યવહારના ચંદરવા તળે લાખો લોકો શાતા પામ્યા. આ બંને અવસરે વહેલાં શીલ, શિસ્ત, સેવા, સમર્પણ, સંપ, સુહૃદભાવ અને સમજણની સપ્ત સિંધુનાં જળથી લોકોનાં મળ ધોવાયાં.

તેથી જ તો મંદિરની જેમ આ મહોત્સવને પણ ચિરસ્થાયી કરી દેવાની ભલામણ જે અહીં આવ્યા તે કરતા રહેલા. પાંચ વાર 'નગર'ની મુલાકાત લઈ ચૂકેલા એક ૮૪ વર્ષીય સરવરિયા વિપ્રનો આત્મા તો સમૈયાના સમાપનની વાત સાંભળતાં જ કકળી ઊઠેલો કે 'नहीं... नहीं... इस महोत्सव को कायम रखो। यहाँ कुछ ऐसी शांति मिलती है कि मैं क्या कहूँ!'

હા, કોઈનીયે ઇચ્છા નહોતી કે –

આ કલ્પવૃક્ષની ડાળો કપાય,

આ અમૃતહૃદ સુકાય,

આ સુંદર સૃષ્ટિ સમેટાય.

પરંતુ 'संयोगा विप्रयोगान्ताः' – સંયોગના અંતે વિયોગ આવીને ઊભો જ રહે છે. તે મુજબ તા. ૩૧/૧૨ની સાંજે ઉત્સવના સમાપનની સભા આરંભાઈ ચૂકી. તેના પ્રથમ ચરણમાં વિવિધ સંતોએ આ મહોત્સવની ફલશ્રુતિ સંભળાવી. બાળકોએ *'મન મંદિરિયે બિરાજે, વહાલા પ્રમુખસ્વામી બિરાજે...'* ગીતના આધારે નૃત્ય રજૂ કરી સ્વામીશ્રીને પોતાના મનમંદિરમાં પધરાવી દીધા.

ત્યારબાદ મહોત્સવના માર્ગદર્શક રહેલા ઈશ્વરચરણદાસ સ્વામીએ ઉત્સવ દરમ્યાન સૌને અનુભવાયેલા સ્વામીશ્રીના પ્રૌઢ પ્રતાપને વર્ણવી સફળતાનું શ્રેય સ્વામીશ્રીને જ અર્પણ કર્યું. તે સાથે મહોત્સવના અધ્યક્ષપદે આરૂઢ મહંત સ્વામીએ સૌની લાગણીને વાચા આપતાં જણાવ્યું કે 'આ ઉત્સવ બાપાએ અનેકમાં રહીને સફળ રીતે ઊજવ્યો. બાપા ફરી-ફરી આવો લાભ આપતા જ રહે તે પ્રાર્થના.'

આ અરજને અનુસરતાં મહોત્સવના સંયોજક સમા કોઠારી સ્વામીએ સજળ નયને આભારવિધિ કર્યો. તે પછી વિવિધ સ્મરણિકાનાં ઉદ્‌ઘાટનોએ,

સરી જતા આ ઉત્સવને સ્મૃતિની સાંકળે બાંધી રાખવા પ્રયત્ન કર્યો.

સફળતાનું ખરું કારણ તો આપ છો

અમૃત મહોત્સવના સમાપન સમારોહમાં સ્વામીશ્રીએ અમૃતવાણી વરસાવી કે –

"આ ઉત્સવની અંદર દરેકે તન, મન, ધનથી સેવા કરી છે. કોઈ પ્રકારની ખામી રાખી નથી. દરેકે પોતાની શક્તિથી બહાર જઈને કામ કર્યું છે. ઘણી-ઘણી મોટી-મોટી વ્યક્તિઓ આવી. તે બધાને પણ થયું કે 'અમે ઘણા સમારંભો કરીએ છીએ, પણ આટલી સફળતા મળતી નથી!' એની પાછળની આ સમર્પણ ભાવના, સેવા ભાવના! એ ભગવાન ને સંતનો મહિમા હોય તો જ થાય; બાકી થવું બહુ દુર્લભ છે. યુવકો, યુવતીઓ, બાળકો, બાઈ-ભાઈ હરિભક્તો, સંતો, સદ્ગુરુ સંતો બધાંએ પોતાનું સમજીને અને પોતાના કરતાં પણ ભગવાન રાજી થાય, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ રાજી થાય એ ભાવથી કર્યું છે એ બહુ મોટી વાત છે.

આટલી મોટી મેદની આવી, પણ એકપણ અનિચ્છનીય બનાવ બન્યો નથી! બધા સારી પ્રેરણા લઈને ગયા છે, એ આ સમૈયાની ફલશ્રુતિ છે. ભગવાનનો પ્રતાપ હોય તો જ આ થઈ શકે. આ સફળતાનું ખરું કારણ તો આપ છો. આપ બધાંએ ખૂબ જ ખંતથી અને કાળજીથી આ કામ કર્યું છે, તો જ આ સફળતા મળી છે. એટલે આપ બધાંને કોટિ કોટિ ધન્યવાદ છે! કરોડો નમન કરીએ તો પણ ઓછાં છે! પ્રણામ છે!

આપણે જે દૃઢતા અહીં કરી છે તો આપણા છેલ્લા શ્વાસ સુધી આવું જીવન રાખવાનું છે. આવી સેવા, ભક્તિ, નિષ્ઠા, શિસ્ત, પવિત્ર જીવન આપણે જ્યાં જઈએ ત્યાં રાખીએ. 'આ અક્ષર-પુરુષોત્તમવાળા, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજવાળા!' એમ છાપ પડી જ જવી જોઈએ. આ ગુણો છે તે આપણી મૂડી છે. એ મૂડી સાચવીશું એટલો આનંદ રહેશે.

અહીંયાં કેટલી ખરાબ ભૂમિ હતી! ઉંદર, સાપ નીકળતા. મચ્છરોનો ત્રાસ હતો. એમાં આપણા યુવકોએ સેવા કરી છે. પાર વિનાની મુશ્કેલીઓ સહી છે. શ્રદ્ધા ખૂટી જાય એવું કામ હતું. મહિમા હોય તો જ આ થાય. કોઈએ દેહની ગણના કરી નથી. સારી-સારી વ્યક્તિઓએ પણ જાજરૂ સાફ કરવાની, ગટરો સાફ કરવાની સેવા કરી છે. ઑફિસર હોય, સુખી માણસ હોય પણ

અહીં નાનામાં નાની સેવા કરે છે.

કાલે હું જરા નીકળ્યો હતો ત્યારે ઘણો-બધો કચરો જોયો. ત્યારે થયું કે 'આ લોકોને આખા દિવસમાં કેટલો બધો કચરો સાફ કરવો પડતો હશે !' સાફ કરી-કરીને બિચારાના હાથ દુઃખી જાય. પણ નિર્માની થઈને આવી સેવા કરી છે.

હવે ગમે ત્યાં જઈએ પણ કથા-વાર્તા, કીર્તન-ભજન, સાધુતા-નમ્રતા, વિવેક આપણી અંદર કાયમ માટે રહે એ આ કાર્યની ફલશ્રુતિ છે.

આપ બધાંને ખૂબ-ખૂબ ધન્યવાદ છે ! આપને લઈને જ આ સમૈયાની સફળતા છે. મહારાજ, સ્વામી, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ બધાંને એમની સેવામાં રાખે. બધાંને જય સ્વામિનારાયણ !'

સ્વામીશ્રીએ આજે એવું અમૃત સિંચી દીધું કે હવે કોઈ તાકાત આ અમૃત મહોત્સવને હૈયાભૂમિ પરથી મિટાવી શકે એમ નહોતી.

તેથી હરખઘેલા બનેલા સત્સંગ સમાજ વતી સદ્‌ગુરુ સંતોએ સ્વામીશ્રીને પુષ્પહાર પહેરાવી આભાર માન્યો. સ્વામીશ્રી પણ તે સૌને હારતોરા કરી આશ્લેષમાં સમાવતા ગયા. આ ક્ષણે સમગ્ર સભામાં એક જ સૂર ઊઠી રહ્યો : *'એક દો તીન ચાર, પ્રમુખસ્વામીનો જયજયકાર...!'*

પરંતુ તેનો પડઘો પાડતાં સ્વામીશ્રી બોલતા ગયા : *'એક દો તઈણ ચાર, સૌ સંતોનો જયજયકાર...!'*

આમ, પોતાનાં કાર્ય અને કીર્તિને શિષ્યોના જયજયકારમાં વિલીન કરતા સ્વામીશ્રી મહોત્સવના મંચ પરથી વિદાય થયા ત્યારે ન કેવળ આ સમાપન સમારોહ, ન કેવળ સ્વામિનારાયણ નગર, ન કેવળ મુંબઈ મહાનગર, પણ આખી આલમ સ્વામીશ્રીમાં લીન થઈ રહી. સન ૧૯૯૫ પણ આ જ અમૃત સાગરમાં સમાઈને અમર બની ગઈ ![૧૨]

---

૧૨. અમૃત મહોત્સવના ઉત્તરાર્ધમાં યોજાયેલા વિવિધ કાર્યક્રમો અને સમૈયાના સમાપનની ક્ષણોને માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...



I Love You All
હું તમને બધાંને ચાહું છું

સન ૧૯૯૬

અમૃતના આસ્વાદથી આરંભ

સન ૧૯૯૬ની પ્રારંભિક પળો અમૃતનાં ઓવારણાં લેતી ઊગવા પામી, કારણ કે આ સમયે સતત સાડત્રીસ દિવસ સુધી અમૃત મહોત્સવના 'નગર'માં બિરાજીને લાખો પર અમીદૃષ્ટિ ઢોળનારા સ્વામીશ્રીની મૂર્તિને કલાત્મક રથમાં પધરાવી શોભાયાત્રાના સ્વરૂપે સમગ્ર 'નગર'માં વિહાર કરાવવામાં આવી રહેલો. આ અભૂતપૂર્વ યાત્રામાં સદ્‌ગુરુ સંતો સાથે સામેલ થયેલા સ્વયંસેવકોએ પોતાના સેવા વિભાગના પ્રતીકરૂપ સાધન-સામગ્રી સાથે રાખેલી. જેની પુનરાવૃત્તિ કદી થવાની નહોતી એવા એક સ્વર્ણિમ ઇતિહાસના સાક્ષી નહીં, પણ તેમાં સહભાગી બનનારા આ સંતો-સ્વયંસેવકો સ્વામીશ્રીને લઈ 'નગર'ના ખૂણે-ખૂણે ફર્યા.

આ 'નગર'યાત્રા તા. ૧/૧ના પ્રારંભની પંદરમી મિનિટે (00:૧૫ના સમયે) 'નગર'ના ભવ્ય દ્વાર પાસે વિરમી. અહીં દ્વારની મધ્યમાં સ્વામીશ્રીની મૂર્તિ વિરાજિત કરીને સેંકડો સંતો અને હજારો હરિભક્તોએ જ્યારે આરતી પ્રગટાવી ત્યારે તેના ઝળહળાટથી અવની-અંબર પ્રકાશી રહ્યાં.

આમ, વિલાસના વિષને બદલે અમૃતના આસ્વાદને ગળથૂથીમાં

ધોળતી સન ૧૯૯૬ પોતાના જીવનની પ્રથમ ક્ષણથી જ અમૃતના ઓડકાર ખાવા લાગી !

અમૃત ચોઘડિયાના સૂર

તા. ૧/૧થી 'નગર'ના વિસર્જનની પ્રક્રિયા શરૂ થઈ ગઈ હોવાથી સ્વામીશ્રીએ તા. ૨/૧ની પ્રાતઃપૂજા સંતનિવાસના સભાગૃહમાં કરી. ત્યારબાદ આ વર્ષની પ્રથમ અમૃતધારા વહાવતાં તેઓએ કહ્યું :

'સબ સંતન કી જય ! મહોત્સવ પૂરો થયો. કાલથી 'જય' બોલાવવાની પણ બંધ થશે.[૧૩] જેણે ભજન, ભક્તિ, સેવા કરી છે એની જય બોલાય. જેણે કંઈ કર્યું ન હોય એની શું જય બોલાય ? આપણે પ્રાપ્તિનો કેફ રાખવાનો છે. કથા-વાર્તાનું સુખ લીધું પછી અમહિમાનું રોલર નહીં ફેરવવાનું. આપણે ગટરમાં પડ્યા'તા; ખાડામાં પડ્યા'તા ! આ દુનિયામાં ભલે કોઈ પૈસે-ટકે સુખી હોય, પણ ખાડામાં જ છે, કારણ કે મહાભારતના શાંતિપર્વમાં તો ભગવાનના ધામની આગળ દેવતાના લોકનેય નરકતુલ્ય ગણ્યા છે. એમાંથી ભગવાન અને સંતે આપણને ઉગાર્યા. કેટલી મોટી પ્રાપ્તિ છે !

આપણે સેવા કરી પણ એમાં ભૂલ થઈ હોય તો અંતર્દૃષ્ટિ કરી પ્રાયશ્ચિત્ત કરી લેવું. ઉપવાસ કરી નાંખવો. દંડવત્ કરી લેવા. કથા-સેવા બંને કરવાં જોઈએ. કથા-વાર્તા કરશું તો સેવાનું બળ રહેશે. સેવા કરશું તો કથા-વાર્તાનું બળ રહેશે. પાછી વૃત્તિ વાળવાની છે. આ અમૃત મહોત્સવ એ અમૃત ચોઘડિયું ! કથા-વાર્તા, સેવા એ અમૃત ચોઘડિયું ! શ્રીજીમહારાજ ભગવાન સાચા છે, વચનામૃત એટલું જ સાચું છે. શાસ્ત્રીજી મહારાજનો સિદ્ધાંત સાચો છે. ગુરુ સાચા છે. ગુણાતીત સંત જે કહે એનાથી દેહભાવ ટળે, પ્રકૃતિ ટળે.'

આ જ રીતે તા. ૩/૧ની સાંજે અમૃત સભાગૃહના ખુલ્લા પ્રાંગણમાં યોજાયેલો મહોત્સવનો અંતિમ સમારોહ સ્વયંસેવક-સભાના રૂપમાં હતો. તેમાંયે અમૃત ચોઘડિયાનો સૂર રેલાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'આપ સૌએ સેવા કરી એની પણ જય ! બધાંએ ખૂબ કાળજીપૂર્વક કામ કર્યું છે. કોઈએ વેઠ નથી ઉતારી. જે આવ્યા એ બધાના જીવમાં સમૈયો બેસી ગયો. જોગી મહારાજનો સંકલ્પ હતો કે 'મુંબઈ રંગવું છે.' તો ઠેર-ઠેર

---

૧૩. ઉત્સવ નિમિત્તે સમગ્ર સત્સંગમાં ગુંજતી રહેલી 'પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અમૃત મહોત્સવની જય' ઉત્સવની પૂર્ણાહુતિ થતાં હવે શમવાની હતી.

મુંબઈમાં 'નગર'ની વાત પહોંચી ગઈ. એ માટે બધાંને ધન્યવાદ! 'નગર'માં આવવાથી જેને સત્સંગ નહોતો એને સત્સંગ થયો. કેટલાયે વ્યસનો મૂક્યાં. પોલીસોને પણ સિક્યોરિટીના સ્વયંસેવકોએ સત્સંગ કરાવ્યો.

કોઈક તો ઘરમાં બે-ત્રણ ગુજરી ગયા છતાં સેવા છોડીને ન ગયા. કેટલાકનો ચાંદલાવિધિ તેઓ અહીં હતા ને થઈ ગયો! આવા પ્રસંગોમાં પોતાનો ઉત્સવ માની ગયા નહીં એ બહુ મોટી વસ્તુ છે. તમારી આવી સેવા મહારાજ-સ્વામી ભૂલશે નહીં. આપણે પણ એમને ભૂલીએ નહીં. બધા ઘેર પાછા જાઓ ત્યારે ધંધા-વેપાર વગેરેમાં જે મુશ્કેલીઓ હોય એ દૂર થાય ને બધી રીતે સુખી થવાય. અમે તો શું આનો બદલો આપીએ, પણ મહારાજને પ્રાર્થના કરીએ છીએ કે તમને અખંડ સુખ રહે ને મહારાજ અક્ષરધામમાં સૌને સેવામાં રાખે.'

આ અમૃત વચનોનું રસપાન કરનારા સૌ સેવાની સાર્થકતા અનુભવી રહ્યાં.

૨૦૦ પાનાંના પત્રને પ્રત્યુત્તર!

અમૃત મહોત્સવનો ડંકો મારી તા. ૪/૧થી વિચરણમાં નીકળી પડેલા સ્વામીશ્રી જલગાંવ અને ચોપડાને પાવન કરતાં તા. ૫/૧ની બપોરે અઢી વાગ્યે અમલનેર પધાર્યા.

અત્રે તેઓએ તા. ૬/૧ની સવારે યોજાયેલા પ્રતિષ્ઠા નિમિત્તેના યજ્ઞમાં મૂર્તિઓનું પૂજન કર્યું. તેની સાથે ગલવાડે ગામના મંદિરનો ખાતવિધિ પણ થયો. તેને અનુસરતાં આજની સાંજે નીકળેલી નગરયાત્રાએ લાખની વસ્તી ધરાવતા અમલનેરને ઘેલું કરી મૂક્યું. ચાર કિ.મી. લાંબી આ શોભાયાત્રાને વધાવવા વેપારીઓએ પ્રત્યેક શેરીને સ્વયંભૂ સજાવેલી. પૂજાપો અને પ્રસાદ લઈ સૌ દુકાને-દુકાને ખડા થઈ રહેલા.

આ નગરયાત્રાની ભવ્યતાના પડઘા સ્વામીશ્રીના રાત્રિભોજન વખતે પણ ગાજતા રહ્યા. તે સાંભળી એક ભાવિક બોલ્યા : 'અહીંના લોકો કહે છે કે નગરનાં બધાં સાર્વજનિક મંડળો ભેગાં મળીને કાઢે તોય આવી નગરયાત્રા ન નીકળે એટલી એ અદ્ભુત હતી!'

આ સૂરમાં સૂર મિલાવતાં સ્વામીશ્રીએ પણ કહ્યું : 'આવી નગરયાત્રા તો ન જ નીકળે ને! અહીં તો સર્વોપરી ભગવાન બિરાજવાના છે. એ જ

સૌમાં પ્રેરણા કરે ને! આખા ગામનાં તો શું, આખા બ્રહ્માંડનાં ભેગાં થાય તોય આવી (નગરયાત્રા) ક્યાંથી થાય?'

શ્રીજીના સંબંધવાળું બધું જ સ્વામીશ્રીને મન મહાન!

આવી જ મહિમાદૃષ્ટિ તેઓને ભક્તો પ્રત્યે પણ! તેથી તો તેઓ આજના ભોજન બાદ મુંબઈના એક ભાવિકે મોકલાવેલો ૨૦૦ પાનાંનો પત્ર વાંચવા બિરાજ્યા!

આ દળદાર પત્રની સાથે બીજો એક પત્ર પણ સ્વામીશ્રીએ સૌને બતાવ્યો. કંઠી અને છાપેલી મૂર્તિ સાથે આવેલા એ પત્રમાં લખેલા શબ્દો વાંચતાં તેઓએ જ કહ્યું: 'એણે લખ્યું છે કે ચાર મહિના થયા છતાં મારું એકે કામ થયું નહીં! એટલે આ પાછું મોકલું છું.'

આમ જણાવી હસતાં-હસતાં સ્વામીશ્રી બોલ્યા: 'પેલા પરચા સૌ લખે છે પણ આ પરચો કોઈ લખતું નથી.'

પોતાના આશીર્વાદથી કામ થયા બદલ આભાર માનતા સેંકડો પત્રો દાબીને તેઓએ આ એક પત્રને જાહેર કર્યો! કેટલી નિર્દંભતા! કેટલી નિખાલસતા!

જોતાં તમને અંતર ઊભરાતું

તા. ૭/૧ની સવારે સ્વામીશ્રીએ અમલનેરના ત્રિશિખરીય ભવ્ય મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી વધુ એક મોક્ષનું મથક સ્થાપી દીધું. તેને અનુસરતાં તેઓએ તા. ૮/૧ના સુપ્રભાતે ધૂલિયામાં છાત્રાલયનો ખાતવિધિ સંપન્ન કર્યો.

આ પ્રસંગે યોજાયેલી સભા પૂર્ણ કરીને તેઓ મંચ પરથી નીચે ઊતરી રહેલા ત્યારે એક જર્મન ભાવિક શ્રી વિલ્ફ્રેડ સ્વામીશ્રીની ગાડી સાફ કરતા હતા.

જર્મનીમાં મૅનેજમેન્ટ કન્સલ્ટન્ટનો વ્યવસાય કરતા આ મુમુક્ષુ સન ૧૯૮૬માં સ્વામીશ્રીને મળેલા. તે પછી તેઓને પ્રત્યક્ષ દર્શનનો યોગ સાંપડ્યો નહોતો. તેથી સ્વામીશ્રીનાં દર્શનની એવી તાલાવેલી ઊપડેલી કે તેઓ ટિકિટ કપાવીને સીધા જ તા. ૨૯/૧૧ના રોજ મુંબઈ ઊતરી પડેલા. તે વખતે તેઓને ખ્યાલ નહીં કે 'સ્વામીશ્રી ક્યાં છે?' પણ દાદર મંદિરે તપાસ કરતાં ખબર પડી કે 'સ્વામીશ્રી મુંબઈમાં જ છે અને આજે તેઓની ૭૫મી જન્મજયંતી છે!' તેથી રોમાંચિત થઈ ઊઠેલા આ જર્મન તે દિવસથી જ લાભ લેવા સ્વામીશ્રીની

સાથે ફરી રહેલા.

તે જોઈ આશ્ચર્ય પામી કો'ક પૂછતું કે 'તમે સાથે ફરો છો પણ સ્વામીશ્રીની ભાષા તો સમજતા નથી! આમાં તમને શું લાભ?'

આ સાંભળી તે જર્મન જવાબ વાળતા: 'મને સ્વામીશ્રીની સભામાં જે સુખ આવે છે એનું હું વર્ણન કરી શકું એમ નથી! એમનો આત્મા મારા આત્માને મળતો હોય એવું લાગે છે.'

આમ, સ્વામીશ્રી વિષે *'જોતાં તમને અંતર ઊભરાતું...'*ની અનુભૂતિ ધરાવતા શ્રી વિલ્ફ્રેડ એક વિશ્વવિખ્યાત યોગગુરુના શિષ્યને નાતે છેલ્લાં પચીસ વર્ષથી યોગશિક્ષક તરીકે પણ કાર્યરત હતા; પરંતુ સ્વામીશ્રીના યોગમાં આવતાં રણઝણી ઊઠેલા તેઓએ સ્વામીશ્રીને જ કહ્યું:

'સમાધિનું સુખ સ્થાયી નથી. ક્ષણિક આનંદની અનુભૂતિ થયા પછી હવે એ બધું સુખ સુકાઈ ગયું હોય એવું લાગે છે. અહીં આપનાં દર્શન-સમાગમથી અને ભક્તિયોગની ઝલક મેળવીને ફરીથી આનંદનો સ્રોત જાગ્રત થયેલો અનુભવાય છે. મારા મગજમાં આનંદનું ઉપવન ઝૂમી રહ્યાનો અનુભવ થાય છે. અત્યાર સુધી જ્ઞાનમાર્ગનું અનુસરણ કરીને હવે હું ભક્તિમાર્ગ માટે પાત્ર બન્યો હોઉં એવું લાગે છે. આપ કહો એ રીતે આગળ વધું. મારી આગળની વ્યવસ્થા કરીને આવ્યો છું.' આમ કહેતાં તેઓ સ્વામીશ્રી પાસે દીક્ષિત થવા તત્પર બની રહ્યા.

જેમ સૂર્યના યોગે કોઈ પણ દેશની ભૂમિમાં ફૂલ ખીલી ઊઠે, તેમ સ્વામીશ્રીના સંગે કોઈ પણ દેશના મનુષ્યમાં ભક્તિની કૂંપળો ફૂટી નીકળતી.

ભજનાનંદી

તા. ૮/૧ની રાત્રે હીરે ભવનમાં ધર્મલાભ આપ્યા બાદ સ્વામીશ્રી એક ગુણાનુરાગીને ઘેર ઠાકોરજી જમાડી શ્રી નિરંજનભાઈ દવેના 'પ્રમુખપ્રસાદ' બંગલે પધાર્યા. અહીં સંતોને ચેષ્ટાગાન કરતા જોઈ તેઓ પણ સૌ સાથે ચેષ્ટા ગાવા બેસી ગયા. આ અણધાર્યા લાભથી સંતોને તો *'વર્ણવું સુંદર રૂપ અનુપ...'* પંક્તિઓ પ્રત્યક્ષ થઈ ગઈ! જો કે આ ચેષ્ટાગાન વિરમ્યું ત્યારે સૌથી વધુ હરખ તો સ્વામીશ્રીને હતો. તેથી તેઓ બોલ્યા: 'આજે મજા સારી આવી! ભેગા બેસીને ચેષ્ટા બોલવાનું થયું! રોજ તો કોઈનું કોઈ કામ હોય, કોઈ મળનારા હોય, કંઈ બીજું હોય; પણ આજે એય ન રહ્યું એટલે નિરાંતે

ભગવાન ભજવાનું થયું.'

ભજનનો આટલો આનંદ મમળાવી સ્વામીશ્રીએ પૂછ્યું : 'બધા સંતોની સૂવાની વ્યવસ્થા થઈ ગઈ?'

'અરે, અહીં તો *'હરિ સે હરિજન બઢે...'* જેવું છે! આપના કરતાંય સારો ઉતારો સંતોનો છે.'

'સારું... સારું... આપણે એમાં રાજી. સંતોને તકલીફ પડવી ન જોઈએ ને!' આટલું કહી પુરાણી સ્મૃતિ વાગોળતાં સ્વામીશ્રી બોલ્યા :

''શાસ્ત્રીજી મહારાજના વખતમાં તો પથ્થરયુગ હતો. જ્યાં-ત્યાં પડ્યું રહેવાનું! ઓપન લેટરીન (વગડામાં શૌચ જવાનું) ને કોઈ ઠેકાણું નહીં! તે સમયે તો આજે જેમ વરખેડામાં નગરયાત્રા વખતે ગાડામાં બેસવાનો સવાદ આયો એમ બેસીને જતા. '૭૬માં અહીં આવ્યા ત્યારે દેવે(દેવચરણદાસ સ્વામીએ) નાસ્તાના ડબ્બા સાથે લીધા. મેં ઠપકો આપ્યો કે 'ત્યાં શું ગામ નથી? લોકો એમનેમ રહે છે? આપણે શું ભૂખે મરી જવાના છીએ?'

અમે પહેલાં સોનગીર ગયા, ત્યાં ડૉ. રમેશે સારી સેવા કરી. પછી વરખેડા, જાપી, મોહાડી, કુસુંબે બધે ગયા. બધે સારી વ્યવસ્થા હતી. પહેલાંનું દુઃખ સુખ થઈ ગયું!

પહેલાં જ્યારે મોટા સ્વામી સાથે અહીં આવ્યો ત્યારે બે-અઢી મહિના રહેલો. આ દેશમાં ધર્માદો લખવાનો હોય એને ટીપવાનું કહે. તે વખતે બે-ચાર વાર કહીએ ત્યારે માંડ સવા રૂપિયો ટીપે. કોઈ ભેગા થાય જ નહીં! આવીને બેઠા હોય તોય કહે, 'કાલે ટીપીશું.' એમ કરતાં બે-ત્રણ દા'ડા કાઢી નાંખે. તે વખતે બધાના દેશકાળ પણ એવા! ધીરે ધીરે સત્સંગ વધ્યો ને હરિભક્તોને રિદ્ધિ-સિદ્ધિ મળતી ગઈ ને સગવડ વધી.''

પથ્થરયુગથી પારસયુગ સુધીનો ઇતિહાસ સ્વામીશ્રીએ ખોલી આપ્યો. આ યુગ-પરિવર્તનમાં તેઓનો સિંહફાળો.

સાધુની શોભા તો ત્યાગમાં છે

તા. ૯/૧ની સવારે વરખેડા પધારેલા સ્વામીશ્રીના વરદહસ્તે અહીંના નૂતન મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજની પ્રતિષ્ઠા થઈ. આ નિમિત્તે ગામની બહાર વાડીએ રાખેલી સભામાં દસ હજારથી વધુ ભક્તોને આશીર્વાદ આપી સ્વામીશ્રી તા. ૧૦/૧ની બપોરે મોટરમાર્ગે વ્યારા પહોંચ્યા.

અત્રે રાત્રે એક મધ્યમવર્ગીય હરિભક્ત શ્રી હસમુખભાઈએ ધોતિયું ઓઢાડતાં પૂછ્યું : 'બાપા ! કેટલી સેવા કરું ?'

'૧૫૧ રૂપિયા કરજો.'

'બાપા ! અમે આપના આશીર્વાદે ટેરીકોટન પહેરીએ ને આપને અમે સસ્તામાં પતાવીએ એવું ક્યાંથી ચાલે ? ૫૦૦ રૂપિયા આપું છું.'

આ અંગે સ્વામીશ્રીએ આનાકાની કરી, પણ એ હરિભક્ત તો આટલી સેવા લખાવીને જ જંપ્યા. તે જોઈ સ્વામીશ્રીએ આસપાસ ઊભેલા સંતોને કહ્યું :

'જોયું ? હરિભક્તોને કેટલો પ્રેમ છે ! પણ આપણે સાધુતા રાખવી. સૌની સાથે રહીએ એમાં મજા. જુદા ન થવું. આપણે સાધુ છીએ એ જાણપણું ક્ષણેક્ષણ રહેવું જોઈએ. ગમે એટલી ભક્તિ, સેવા કરીએ, એની કિંમત નહીં. આપણી સાધુની કિંમત તો નિયમમાં રહીને કથા, સેવા કરીએ એ જ ! મનધારી બધી સેવા કરે ને રજોગુણ આવી જાય તો ખલાસ ! સાધુની શોભા તો ત્યાગમાં છે.

પ્રેમમાં લલચાવું નહીં. હરિભક્તને પ્રેમથી સેવા, કથા કરવી, પણ લાલચમાં ન પડવું. હરિભક્તને બોલાવવા-ચલાવવા પણ ઠાકોરજીની સેવા કરાવવી. આપણા માટે કાંઈ થવું ન જોઈએ. એમાંથી પાપ પેસે. સાચે ભાવે ભક્તિ કરીએ તો ભગવાન ધ્યાન રાખે જ છે. જો સાચો ભાવ ન હોય તો ગોદા ખાવા પડે. આપણે માંદા પડીએ ને વિચાર આવી જાય, પણ ચિંતા દેહની નહીં, ભગવાન ભજવાની કરવી. 'માળા, કથા, ચેષ્ટા, સેવા થઈ કે નહીં ?' એ ચિંતા કરવી. કોઈ માન આપે ને લેવઈ જવાય તો ગયો, ગયો ને ગયો ! હરીએ, ફરીએ, ભેગા રહીએ પણ ભગવાન ને સંતમાં બંધાવું. આપણે એમની જ લાલચ. એ સારધાર પાર ઊતરી જાય. આપણે સંગીતકાર હોઈએ કે કથાકાર; સાધુતા પહેલી ! બહારની કવ્વાલી, ગઝલો આવી જાય, પણ નંદ સંતોનું જ (કીર્તન) ગાવ ને ! ભગવાનની આજ્ઞામાં રહીને કરીએ એટલે એમને ગમે જ – એ સમજી રાખવું.'

ન જોયા દોષને દયા કરી

તા. ૧૧/૧ની સવારે વ્યારાથી કપૂરા પધારેલા સ્વામીશ્રી અહીંના નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કરી એ જ કાર્ય માટે સાંકરી આવી પહોંચ્યા.

અત્રે પણ મોટા મંદિરની ખાતવિધિનાં પડઘમ વાગી રહેલાં. તે નિમિત્તે એકત્રિત થયેલા ઘણા સંતો પૈકીના એકે તા. ૧૨/૧ની બપોરે સ્વામીશ્રી સમક્ષ 'પ્રકાશ'નું વાંચન શરૂ કર્યું. તેમાં મંદિરના પૉલિશિંગની વિગત આવતાં એ વાંચનાર સંત 'પૉ' એમ પહોળો ઉચ્ચાર કરવાને બદલે 'પો' એવો મૃદુ ઉચ્ચાર કરતાં પોલિશિંગ બોલ્યા. આ સાંભળી સાથે બેઠેલા સંતોએ સુધરાવ્યું, પણ બે-ત્રણ વારના પ્રયત્ન પછીયે નવો ઉચ્ચાર પાઠકની જીભે ન ચઢતાં સૌ હસી પડ્યા.

તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'એક વાર જાણ્યું કે આ એની મર્યાદા છે, તો હવે આપણે સેટ થઈ જવાનું!'

*'જેની દૃષ્ટિ અમૃતે ભરી, ન જોયા દોષને દયા કરી...'*ની રીત રાખનારા સ્વામીશ્રી સૌને નભાવી જાણતા.

આવા ઉદારદિલ તેઓને મળવા આજની સાંજે આવેલા ૯૯ વર્ષીય વલ્લભભાઈ આ પંથકના અગ્રણી સમાજસેવક. તેઓએ સ્વામીશ્રીને જણાવ્યું: 'આપની શક્તિ અને કાર્યપદ્ધતિ જોતાં લાગે છે કે આપ સંન્યાસી ન હોત તો જરૂર વડાપ્રધાન હોત!'

'એની તો અમારે જરૂર જ નથી. અમારે તો ભક્ત થયા એ જ સાચું છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓને પદ-પદવી કરતાં પરાભક્તિ વધુ પસંદ!

અધમ-ઉધારક ખ્યાતિ ખરી

આ અરસામાં સાંકરી મુકામે નવા શિખરબદ્ધ મંદિરના ખાતમુહૂર્ત નિમિત્તે ગર્તનું ખોદકામ ચાલી રહેલું. તેમાં જાતને જોતરનારા હરિભક્તોને દર્શનદાન આપી સ્વામીશ્રી તા. ૧૩/૧ની સવારે અલ્પાહાર કરવા બિરાજ્યા ત્યારે તેઓ સામે આધુનિકતાના ફરજંદ જેવો એક કિશોર બેઠેલો. તે હતો તો ૧૫ વર્ષનો, પણ હજી સાતમા ધોરણના અભ્યાસ સુધી જ પહોંચેલો.

તેની વિગત સંભળાવતાં એક સંતે સ્વામીશ્રીને કહ્યું: 'આ બિયર પીએ છે.'

'પીજે જ! દરેક પાર્ટીમાં પીતો રહીશ તો મજા રહેશે. કોઈ ના પાડે તોય પીજે. હું કહું છું! આ ઉંમરે જ પીવાનું હોય ને!' સ્વામીશ્રીએ વક્રોક્તિ ઉચ્ચારી. તેમાં કટાક્ષ નહીં, દુ:ખ હતું. તેથી તેઓએ પૂછ્યું: 'આ બધું કોણે શિખવાડ્યું?'

'જાતે જ ! ટી.વી. અને મિત્રો પાસેથી.'

આ સાંભળી એ છેલબટાઉ છોકરાને લઈ આવનારા સંતે જણાવ્યું: 'બાપા ! એ ભણે છે સ્કૂલમાં, પણ બધા મિત્રો કૉલેજના ! સ્કૂલમાં જવાનું નામ નહીં. આખો ઘોડદોડ વિસ્તાર એને ઓળખે.'

આ જાણી વાણીને ધાર આપતાં સ્વામીશ્રી બોલ્યા: 'બસ ! આવી રીતે જ નામના મેળવજે, ગુંડા તરીકે ! ગુંડાગીરી કરવી, ચોરી કરવી, પાર્ટીઓમાં જવું, તો જ નામ નીકળે ને !'

આટલું કહી એ કિશોરના કાંડે બાંધેલું મણકાવાળું કડું જોઈ પૂછ્યું: 'આ ફેશનની શું જરૂર છે ?'

'આ તો માળા છે.'

'કઈ રીતે ને ક્યારે, કયો જાપ કરે છે ?'

'ક્યારેક રામ... રામ... કરું છું.'

'તો જે મોઢે રામનામ લીધું એ મોઢે દારૂ-માંસ લેવાય ? તારું નામ શું ?'

'પરીક્ષિત.'

'એ કોનું નામ હતું તે ખબર છે ? એની કથા ખબર છે ?'

'હા, એમ તો થોડી ખબર છે !' આમ કહેતાં એ કિશોરે ડચકાં ખાતાં-ખાતાં પરીક્ષિતે કળિયુગને સુવર્ણમાં વાસ આપ્યો તે વાત કરી.

ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'એકલા સુવર્ણમાં નહીં, દારૂ-માંસ-વ્યભિચારમાં પણ એનો વાસ છે. એ આપણા જીવનમાંથી જતાં રહે એમ કરવું. આજે મંદિરે આવ્યો છે તો નક્કી કર કે 'ગમે તે થાય પણ દારૂ, બીડી, તમાકુ હવે બંધ !' તારો આ ભણવાનો ટાઈમ છે. આપણે સારા થઈને નામના કરવી છે. માટે રોજ ભગવાનને પ્રાર્થના કર. મા-બાપ, શિક્ષકો, સંતોનું માનવું. બીજા તો બગાડવાના જ છે.'

કોઈ પિતા સગા દીકરાને સમજાવે એમ સ્વામીશ્રી એક અજાણ્યા કિશોરને દિશા આપતા રહ્યા. તેમાં જ અલ્પાહાર પૂરો થયો. તેથી પેલા કિશોરને નજીક બોલાવી તેઓએ પૂછ્યું: 'આ બધું હવે નથી જ કરવું – એવું થાય છે ?'

'હા.'

'તો દૃઢતા કર. હજી નાનો છે. સુધરી જઈશ. સારા ભક્ત થવું છે.'

'હું આજથી બધું મૂકી દઉં છું.' પરીક્ષિત બોલ્યો.

સ્વામીશ્રીની કરુણાનો વિજય થયો. એક બાળસૂર્ય કળિયુગનું ધુમ્મસ ભેદી ઝળહળતો બહાર આવ્યો.

તે કિશોરને સ્વામીશ્રીએ વર્તમાન ધરાવ્યાં. તેને માળા આપતાં પહેલાં ફેરવી બતાવી કહ્યું : 'આ રીતે રોજ બે માળા કરજે. અત્યાર સુધી ભૂલો થઈ તે બદલ ઠાકોરજી આગળ જઈને પાંચ દંડવત્ કરજે.'

વર્ષો પહેલાં શુકદેવજીએ એક પરીક્ષિતને ઉગારેલો. એ ઇતિહાસ સ્વામીશ્રી જ્યાં જતા ત્યાં પુનરાવર્તિત થતો રહેતો.

વરતે થઈ દાસના દાસ

તા. ૧૪/૧ની સવારે મકરસંક્રાંતિના પુણ્યપર્વે ઝોળીની આહ્લેક જગાવતાં પહેલાં સ્વામીશ્રીએ હરિભક્તોને એક અનોખા દાનની વાત કરી કે 'જેમ આર્થિક દાન આપવું અગત્યનું છે એમ હવે ચૂંટણીઓ આવે છે. મત પણ એક દાન છે. વૉટ આપવા જાવ ત્યારે પણ દાન માનીને સંસ્કારી, ચારિત્ર્યવાળાને મત આપજો. લાલચ માટે જેવા-તેવાને આપશો તો ભારતનું નખ્ખોદ વાળશે.'

અધ્યાત્મ-માર્ગના આરાધક સ્વામીશ્રીએ સમાજની ચિંતા ક્યારેય છોડી નહોતી.

તેના જ ભાગરૂપે તેઓએ તા. ૧૫/૧ની સવારે સાંકરીમાં શિખરબદ્ધ મંદિરનો ખાતવિધિ કર્યો. પરંતુ તે પછી તેઓ સભાના મંચ પર પધાર્યા ત્યારે ઇન્દ્ર પણ યજમાન થઈને ગર્તમાં જળ ઠાલવવા આવી ગયો. આ વૃષ્ટિથી ચુવાતો મંડપ સ્વામીશ્રીને ન ભીંજવે તે હેતુસર તેઓ પર શેરડીના સાંઠાના ટેકે બૂંગણ ધરી દેવાયું.

એ જ અવસ્થામાં આશીર્વાદ આપી સ્વામીશ્રીએ એક સ્મરણીય શિલાન્યાસ સંપન્ન કર્યો અને બારડોલી, ભરૂચ તથા કરજણને લાભ આપતાં તેઓ તા. ૧૮/૧ની રાત્રે અટલાદરા પધાર્યા.

અહીં સ્વામીશ્રી તા. ૧૯/૧ની સાયંસભામાં જવા માટે નિજનિવાસમાંથી બહાર ઓરડામાં પધાર્યા ત્યારે ત્યાં શાસ્ત્રીજી મહારાજના સમકાલીન ૮૬ વર્ષીય તુલસીભાઈ ખુરશીમાં બેઠેલા. તેઓને પગે લાગતાં સ્વામીશ્રી બોલ્યા : 'તમે તો ઠેઠ અહીં દર્શન દેવા આવ્યા !'

તેઓની આ રીતભાત જોઈ સંકોચ પામેલા તુલસીભાઈએ પોતે ખુરશી

પર બેસવા બદલ પણ રંજ વ્યક્ત કર્યો. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું: 'એવો સંકોચ ન રાખવો. પહેલાં તો આપણે ભેગા જ ફરતા'તા ને! જમીન પર નીચે બેસીનેય વાતો કરતા.'

'તે વખતે તો આપની મોટપની ખબર ક્યાં હતી? હવે તો આપ રાજાધિરાજ બન્યા!'

'કશા રાજાધિરાજ નહીં. આપણે એવું ક્યાં છે જ!'

'રાજાધિરાજ'નું બિરુદ ખૂંચ્યું હોય તેમ સ્વામીશ્રીએ જણાવ્યું.

આ જ રીતે તેઓને ભગવત અને તિલક નામના બાળકોએ બોલાવેલી પોતાના શતાબ્દી મહોત્સવની જય પણ ખટકી. તેથી તેઓએ આ શિશુઓને મીઠી ચીમકી આપતાં કહ્યું: 'હવે આ જય બોલ્યા તો કાલથી અહીં આવવાનું બંધ કરી દઈશ.'

છતાં આ ચંચળ બાળ-માનસ સ્વામીશ્રી સાયંસભામાંથી પરત પધાર્યા ત્યારે જયનાદ ગજવવાના આશયથી ઓરડાના બારણે આવી ઊભેલું. તેઓએ અહીં સ્વામીશ્રીની શતાબ્દીનો રાગ બદલી 'દિલ્હી અક્ષરધામ મહોત્સવની જય...' ઉચ્ચારી.

તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'તમે જય બોલાવી ને! એટલે આજે કોઈને અંદર આવવા નહીં મળે. આ સજા. હવેથી એકે મહોત્સવ છે નહીં. કોઈ સંતો પણ એમને શિખવાડશો નહીં. છોકરા તો ચાળે ચઢી જાય.'

આમ કહી સ્વામીશ્રીએ એ બંને બાળકોને પ્રાયશ્ચિત્તરૂપે દંડવત્ કરાવ્યા.

ત્યારબાદ તેઓ જમવા બિરાજ્યા ત્યારે દર્શનાર્થી સંતો-ભક્તો સામે ગોઠવાઈ ગયા. તેને થોડી વાર થઈ ત્યાં સ્વામીશ્રીએ પૂછ્યું: 'પેલા બે છોકરા કેમ દેખાતા નથી?'

'આપે ના પાડી એટલે...'

સ્વામીશ્રીની ગમ્મતને ન સમજનારા પેલા નાદાન બાળકો બહાર જ બેસી રહેલા. તે જાણી સ્વામીશ્રીએ તેઓને અંદર બોલાવી સામે બેસાડ્યા. જમ્યા પછી તો નજીક બોલાવી પ્રેમથી કહ્યું: 'સૉરી! તમને દુઃખ થયું હોય તો માફ કરજો.'

આ બાળકો તા. ૨૦/૧ની સવારે લિફ્ટમાં ભેગા થયા ત્યારે પણ ...ીશ્રીએ 'કાલે તમને ખોટું લાગ્યું હોય તો માફ કરજો' કહી તેઓને પ્રસાદ ... પ્રસન્ન કર્યા.

વયમાં કોઈ નાના હોય કે મોટા – સ્વામીશ્રીની રીત તો *'વરતે થઈ દાસના દાસ...'* અનુસાર જ રહેતી.

આપણી મોટપ આત્મબુદ્ધિથી

તા. ૨૧/૧ની સાંજે યોજાયેલી રવિસભામાં હકડેઠઠ મેદનીને સંબોધ્યા બાદ સ્વામીશ્રી વ્યક્તિગત દર્શન આપવા બિરાજ્યા ત્યારે તેઓએ વડોદરાના એક જૂના હરિભક્તને બતાવી બાજુમાં બેઠેલા સ્થાનિક સંતને પૂછ્યું: 'આમને ઓળખો છો ?'

'હા, બિપીનના બાપુજી ધૂળાભાઈ પટેલ.'

આ સાંભળી મર્માળુ હસતાં સ્વામીશ્રી બોલ્યા: 'આમ બેટાથી બાપની ઓળખ ન અપાય; બાપથી બેટાની ઓળખ અપાય. ડુ યુ અન્ડરસ્ટેન્ડ (સમજ પડી)?'

આ રીતે લૌકિક વિવેક શીખવનારા તેઓના મુખેથી આધ્યાત્મિક વિવેક પણ વહેવા લાગ્યો કે 'આપણે હરિભક્તોનો પરિચય કેળવવો. આપણી સાધુની વિશેષતા, શોભા એ જ છે કે – હરિભક્તોને સાચવવા. મહિમા સમજી સેવા-સરભરા કરવી. આપણને એમ કે આપણે મોટા-મોટા માણસોની ઓળખાણ છે, પછી નાનાની શી જરૂર ? પણ એવું ન માનવું. બહારના માણસો તો કો'ક વાર પ્રસંગોપાત્ત આવે. જ્યારે હરિભક્તો બારે મહિના ભીડો વેઠીને, મહિમા સમજી સેવા કરે છે, તે અધિક સમજવા. *ઓલ્ડ ઈઝ ગોલ્ડ.* ભગવાન અને સંત ઓલ્ડ (અનાદિના) છે. તેના સંબંધવાળા સંતો-હરિભક્તો પણ ઓલ્ડ છે. આપણી મોટપ સંતો-હરિભક્તો સાથેની આત્મબુદ્ધિ, સેવા વગેરેથી છે. માટે તે વસ્તુ સાચવવી.'

સમગ્ર જીવન દરમ્યાન સ્વામીશ્રી જેને અનુસરતા રહેલા તે સત્સંગની રૂડી રીત તેઓએ આજે નાના-નવા સંતોને પણ શિખવાડી.

અહીં 'જે જે' ને પણે 'પેં પેં' – એવું નહીં

તા. ૨૨/૧ના રોજ ચાણસદમાં 'પ્રમુખસ્વામી વિદ્યામંદિર'નું ઉદ્‌ઘાટન રાજ્યના શિક્ષણમંત્રી કરવાના હતા. તેની વાતો સ્વામીશ્રી સમક્ષ તા. ૨૧/૧ની સવારે નીકળી, પણ તેમાં તેઓએ લેશ રસ ન દાખવતાં તે વિગત બપોરિયાંની જેમ તરત જ બુઝાઈ ગઈ. અલબત્ત, આ સમયે સ્વામીશ્રીનું

નિઃસ્નેહી વર્તમાન પૂર્ણપણે પ્રકાશી રહ્યું.

આ શૈલી શિખવાડતાં તેઓએ તા. ૨૨/૧ની સાયંસભામાં કહ્યું: 'આપણે સત્પુરુષમાં જોડાઈ જવું. જોડાવું એટલે એમની અંદર પેસી જવું? ના, એમની આજ્ઞા પ્રમાણે રહેવું. અહીં આવીને 'જે જે' (જય જય) કરે ને પણે (બહાર) 'પેં પેં' કરે – એવું નહીં. જોડાવામાં બધાં મનના વિચારો, કલ્પનાઓ છોડી દેવી પડે. આપણે ધાર્યું હોય ને સત્પુરુષ ના પાડે ત્યારે મગજ ફાટી જાય, પણ અહીં મનને અમન કરી નાંખવું, તો કંઈ વાંધો ન આવે.'

આવી જ મીઠી અમૃતધારા તા. ૨૪/૧ના રોજ વસંત પંચમીની સભામાં વહાવી સ્વામીશ્રી તા. ૨૫/૧ની સવારે બામણગામને પાવન કરતાં બપોરે બોચાસણ પધાર્યા.

અહીં ઠાકોરજી જમાડ્યા બાદ સામે બેઠેલા સંતો પર અચાનક જ વરસવા માંડેલા તેઓએ કહ્યું:

''સંપ્રદાયના ગ્રંથો થકી નિશ્ચય કર્યો હોય તો વાંધો ન આવે. જો દૃઢતા ન કરી હોય ને બીજાં વાંચનમાં પડી જાય તો માણસ ફગી જાય. પણ માણસને બહારનું વાંચવાનો રસ બહુ. એમાંથી સમજણ કરવા જતાં મૂળ જતું રહે. આપણે તો મહારાજ, સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી જેવા પરમહંસો શું કહી ગયા છે એના આધારે નિર્ણય કરવો જોઈએ. જે આશ્રમમાં અને જેના માટે આ'યા છીએ એ વસ્તુ પહેલાં દૃઢ કરવી. પહેલાં સંતોમાં આ જ રહેતું; આપણા ગ્રંથો વારંવાર વાંચે. હવે એવું વાંચવામાં રસ નથી આવતો. એનું એ લાગે ને! નવીનતા ન લાગે.

બીજે ભાષા, અલંકાર સારાં મળશે પણ કલ્યાણની વાત તો મહારાજે આપી એથી વધારે કોણ આપે? શ્રીજીમહારાજ સાક્ષાત્ ભગવાન છે – એ વાત પહેલાં દૃઢ થવી જોઈએ. એમાં જ વિશ્વાસ ન હોય તો બીજાનાં વચનમાં વિશ્વાસ આવી જ જાય. બીજામાં વિશ્વાસ આવે ને મહારાજના વચનમાં ન હોય તો સમજ્યા શું? શાસ્ત્રીજી મહારાજે જે વાત કરી એમાં બીજાની સાખ લેવાની હોય જ નહીં! એમાં વિશ્વાસ ન આવે ને બીજે જઈએ તો ગાયને મૂકીને પોઠિયે જ વળગવાનું ને! લાતો જ ખાવાની. મોઢાં સૂઝી જાય.

જો મુખ્ય નૉલેજ (જ્ઞાન) ન હોય તો બીજાં નૉલેજને શું કરવાનાં? આપણે તો મહારાજ ને સ્વામીનાં વચનના આધારે જ બીજું હોય. એને મળતું આવતું ન હોય તો ગમે તેવું હોય, આપણે માટે નકામું. આપણે સંતોએ તો ખાસ

આ ગ્રંથો ઉપર જ ભાર મૂકવો. એ જે કહે એ જ આપણો આધાર. ભણનારા હોય કે ગામડે ફરનારા – સંતોએ આ વાત ઉપર જ ભાર આપવો. અક્ષર અધો-ઊર્ધ્વ પ્રમાણે રહિત છે તો અંદર બીજું બધું જ્ઞાન આવી જાય કે નહીં ?

બીજાને મળીએ, કરીએ, ત્યારે સૌને આદર અવશ્ય આપવો, પણ એનો અંતરમાં ભાર ન રહેવો જોઈએ. મહારાજને સમજ્યા એમાં અવતારમાત્ર; સ્વામીને સમજ્યા એમાં સંતમાત્ર આવી ગયા !''

સ્વામીશ્રીની મહાનતા

તા. ૨૬/૧ની સાંજે સભામંડપમાં સાયંભ્રમણ કરી રહેલા સ્વામીશ્રીને મળવા વડોદરા-સ્થિત ઈસ્કોન સંસ્થાના ચાર સંતો આવ્યા. તે સૌને સ્વામીશ્રી ભ્રમણ થંભાવીને મળ્યા ત્યારે એ સંતમંડળ પૈકીના એક શ્રી ક્રતુદાસજીએ અહોભાવ વ્યક્ત કરતાં કહ્યું : 'સ્વામીજી ! લંડનમાં અમારા મંદિરમાં સરકાર તરફથી જે દખલ થઈ એ વખતે આપે આપના હરિભક્તોને અમારી પડખે રાખ્યા ! સારી મદદ કરી !!'

'આપણે હિંદુઓએ તો એકબીજાને મદદ કરવી એ ફરજ છે ને !'

'ફરજ કરતાં પણ એ આપની મહાનતા છે.'

એક સંતને થયેલો સ્વામીશ્રીની મહાનતાનો આ અનુભવ તા. ૨૭/૧ના રોજ એક સંસારીને પણ થઈ રહ્યો.

આ દિવસે બોચાસણથી વાસણા જઈ રહેલા સ્વામીશ્રીએ બોરસદ વટાવ્યું ત્યાં હરિભક્ત શ્રી નાથાભાઈ કો'ક બીમાર વૃદ્ધને આશીર્વાદ અપાવવા રસ્તે ઊભેલા. એ જરા-જર્જરિત કાયા વિકલાંગ પણ હતી. તે જોઈ તેઓને આશીર્વાદ દેવા સ્વામીશ્રી જ નીચે ઊતર્યા !

આ રીતે અન્યના સુખ માટે જાતે તકલીફ ઉઠાવતા તેઓ અહીંથી વાસણા ગામની નિર્માણાધીન અંગ્રેજી માધ્યમની શાળાનો ખાતવિધિ કરી ગામના રામજી મંદિર આગળ બંધાયેલી વાડીમાં પધાર્યા. અત્રે ચાલતા ત્રિદિવસીય પારાયણની પૂર્ણાહુતિમાં આશીર્વાદ વરસાવી સ્વામીશ્રી પુનઃ બોચાસણ આવી પહોંચ્યા.

અહીં આજના દિવસનો ઉત્તરાર્ધ તેઓની વ્યાવહારિક સૂઝ-શક્તિનો પરિચય આપનારો બની રહ્યો.

એક જાણીતું ગામ સરપંચની ચૂંટણીના મુદ્દે બે ભાગમાં વહેંચાઈ ગયેલું.

વટે ચઢેલી આ વાતનો ઘા હજી તાજો જ હોવાથી તેને કોઈ ખોતરીને પહોળો કરે તે પહેલાં સ્વામીશ્રીએ રુઝાવવાનો પ્રયત્ન આદર્યો. તે માટે તેઓએ એ ટચૂકડા ગામના નાનકડા પદ માટે વકરેલા વિખવાદને ડામવા આજની સાંજે અઢી કલાક ગાળ્યા! પ્રથમ તો સ્વામીશ્રીએ સત્સંગીઓને ભેગા કર્યા, તે પછી સરપંચના પદ માટે હોડે ચડેલી બે વ્યક્તિઓમાં મનમેળ કરાવ્યો. અંતે ગામને એકરાગે ગૂંથ્યું. આ રીતે અનેકની શાંતિને હરી લેનારા એક મામલાને થાળે પાડી સ્વામીશ્રીએ ગ્રામવિકાસનો માર્ગ મોકળો કરી આપ્યો.

ભલે કહેવાયું હોય: *'બંને જણાનાં મન માંહિ ભાવે, એવો ન્યાય કદી બની ન આવે...'* પરંતુ બંને પક્ષને સ્વીકાર્ય હોય તેવો ઉકેલ લાવવામાં સ્વામીશ્રીની હથોટી હતી.

તે અનુસાર આજે તેઓ રાજ્યના વિકાસની કુંઠિત થયેલી એક ધારાને વહેતી કરવાના પ્રયત્નમાં પણ સવા કલાક સુધી વ્યસ્ત રહ્યા.

સંતોની વ્યક્તિગત સેવા ન હોય

તા. ૨૯/૧ની સાંજે સ્વામીશ્રી પ્રસાદ અંગીકાર કરી રહેલા ત્યારે સામે બેઠેલા સંતોએ કહ્યું: 'બાપા! બપોરે અમે પોરડા જઈ આવ્યા.'

"ત્યાં તો અમારી ઊંટની સવારી નીકળેલી. (ઈશ્વરભાઈ) માસ્તર કહે: 'સ્વામીને બીજો બધો લાભ મળ્યો છે, પણ ઊંટનો લાભ મળ્યો નથી.' તે ઠેઠ પેટલાદ રોડથી સવારી નીકળેલી." સ્વામીશ્રી બોલ્યા.

આ રીતે ભક્તોના ભાવ પૂરા કરવામાં કશું બાકી ન છોડનારા તેઓએ તા. ૩૦/૧ની સવારે મિત્રાલ ગામમાં જઈ અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવ્યા. આ પ્રસંગે સમસ્ત ગામવાસીઓનો ઉત્સાહ અવર્ણનીય હતો. નાના-મોટા સૌની ભક્તિથી તૈયાર થયેલું આ મંદિર ઉદ્‌ઘાટિત કરી સ્વામીશ્રી વિદ્યાનગર પહોંચ્યા.

અહીં તા. ૧/૨ની સાંજે આણંદ નગરપાલિકાનું સન્માન સ્વીકારી તેઓએ તા. ૨/૨ની સવારે મહોળેલના મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી.

ત્યારબાદ સ્વામીશ્રી વિદ્યાનગર પધાર્યા ત્યારે અત્રે આજની રાત્રે હરિભક્ત શ્રી કિરીટભાઈ ભગતે એક મહિલાની વિગત જણાવતાં કહ્યું: 'સ્વામી! આ બહેને અમુક રકમ આપનાં ધોતિયાં પેટે અને અમુક રકમ મહંત સ્વામીનાં ધોતિયાં માટે મોકલી છે.'

આ વાતને અહીં જ અટકાવતાં સ્વામીશ્રી બોલ્યા: 'તમે જુદાં જુદાં શું કરો છો? આટલાં વરસોથી સત્સંગમાં રહો છો ને ખબર નથી કે સંતોની આ રીતે વ્યક્તિગત સેવા ન હોય?'

પ્રણાલીના લોપ સામે સ્વામીશ્રીનો પુણ્યપ્રકોપ અવશ્ય ઊતરતો.

પ્રાયશ્ચિત્ત તું નહીં, હું કરીશ!

તા. ૩/૨ની સવારે નિત્યપૂજા માટે પધારેલા સ્વામીશ્રીએ પૂજાની પાટ પર એક ખૂણે ચરણારવિંદનો ફોટો જોતાં જ પૂછ્યું: 'આ કોનાં ચરણારવિંદ છે?'

'યોગીબાપાનાં.' કો'કે બારોબાર કહી દીધું.

પરંતુ સ્વામીશ્રી તરત બોલ્યા: 'તમે લોકો બનાવટ કરો છો. લાવો, એ ફોટો મારી પાસે.'

આ પગલું ભરતાં પાસે ઊભેલા વેદપુરુષદાસ સ્વામી ખચકાયા. તેથી સ્વામીશ્રીએ સહેજ કડક સૂરમાં કહ્યું: 'લાવો, હું કહું છું ને! મને આપી દો અને આ જે લાવ્યા હોય એમને મારી પાસે મોકલજો.'

આમ કહી પોતાનાં ચરણારવિંદનો તે ફોટો સ્વામીશ્રીએ પૂજામાંથી લેવડાવી દીધો અને તેને પોતાના ઉતારે પહોંચાડી દેવાની તાકીદ પેલા સંતને જ કરી.

ત્યારબાદ તેઓએ પ્રાત:પૂજા પૂર્ણ કરી ત્યારે ફોટો લાવનારા શ્રી ઘનશ્યામભાઈ હાજર થઈ ગયા; પરંતુ તેઓ તો ફક્ત વાહક બનેલા, ફોટો તો કો'ક મહિલા ભક્ત લઈ આવેલાં. તેથી આ હરિભક્તને સ્વામીશ્રીએ જણાવ્યું: 'આ ફોટો તેઓ કોની પાસેથી લાવ્યાં તેની તપાસ કરો. એમની પાસે નેગેટિવ હોય તો એ લઈને મને આપી જાવ. જેટલા ફોટા કાઢ્યા હોય એ મને આપી જાવ.'

સ્વામીશ્રીના શબ્દે-શબ્દે અકળામણ હતી. તેથી તેઓએ બીજા દિવસે પણ પેલા સત્સંગીને જોતાં જ ઉઘરાણી કરી કે 'તમે મને ફોટાવાળાનું એડ્રેસ આપવા કેમ ન આવ્યા?'

'બાપા! આ ફોટો એ બહેનને તેઓના લંડન રહેતા ભાઈ તરફથી લગ્ન નિમિત્તે મળ્યો છે. આ પ્રસંગ બન્યા પછી એ બહેન રડ્યાં કરે છે.'

'તમે લંડનનું એડ્રેસ મેળવી મને હમણાં જ આપી જાવ.' લાગણીમાં તણાયા વિના સ્વામીશ્રી બોલ્યા, કારણ કે મહાન પુરુષો શુદ્ધ પરંપરાના પોષક

હોય છે, અંધ-પરંપરાના નહીં!

તેથી તા. ૫/૨ની સવારે સ્નાન કરી ધોતિયું પહેરતી વખતે સ્વામીશ્રીએ વેદપુરુષદાસ સ્વામી પાસે પેલો ફોટો મંગાવ્યો, પરંતુ આ સંતે તે ફોટો જ્યાં મૂકેલો ત્યાંથી કોઈ ઉપાડી ગયું હોવાથી તેઓએ કહ્યું: 'ફોટો કોઈ લઈ ગયું છે! મળતો નથી.'

'તમે બનાવટ કરો છો, ખોટું બોલો છો.'

આ શબ્દોથી શરૂ થયેલા સ્વામીશ્રીના પુણ્યપ્રકોપનું તેજ આજે ઘણું હતું. તે અનુભવી પેલા સંત રડમસ થઈ ગયા. એ જ સ્થિતિમાં તેઓએ જણાવ્યું: 'બાપા! હું ખરેખર નથી જાણતો. આપ કહો એ પ્રાયશ્ચિત્ત કરવા હું તૈયાર છું.'

'પ્રાયશ્ચિત્ત તું નહીં, હું કરીશ! જો આજ સાંજ સુધીમાં ફોટો હાજર નહીં થાય તો કાલથી હું ઉપવાસ પર ઊતરીશ.'

સ્વામીશ્રીનો આ ટંકાર સાંભળી સૌ સ્તબ્ધ થઈ ગયા.

પરંતુ આ આખરીનામું આપી ગાના મુકામે પ્રતિષ્ઠાવિધિ માટે જવા તૈયાર થયેલા સ્વામીશ્રીએ છાત્રાલયના વ્યવસ્થાપક યજ્ઞપ્રિયદાસ સ્વામીને પણ ફોટાની તપાસનો આદેશ દઈ દીધો. તે મુજબ આખો દિવસ સઘન શોધખોળ ચાલી છતાં કશું હાથ ન લાગ્યું!

અલબત્ત, આજની રાત્રે સ્વામીશ્રીને લંડનથી આ ફોટો મોકલનારા હરિભક્તની ભાળ મળી ગઈ. તેથી તેઓએ એ સત્સંગીને ફોનમાં આદેશ આપતાં કહ્યું: 'ચરણારવિંદની નેગેટિવ તમારી પાસે છે એવું અમને અહીં જાણવા મળ્યું. તમે એ નેગેટિવ મને હાથોહાથ પહોંચે એ રીતે મોકલી આપજો ને તમે જ્યાં-જ્યાં ફોટા આપ્યા હોય ત્યાંથી પાછા ખેંચી લેજો.'

પરંતુ આ ગતિવિધિથી સ્વામીશ્રી રાહત પામ્યા, સંતો નહીં! તેઓને તો 'આવતીકાલે સ્વામીશ્રી નહીં જમે તો?'ની ધાસ્તીએ જંપવા જ ન દીધા. જો કે સ્વામીશ્રીના અનશન વ્રતનો નિર્ધાર જાણી ફોટો ઉપાડી જનારો કોઈ ન જાણે એમ ફોટાને સંત આશ્રમના ગ્રંથાલયમાં મૂકી ગયો. ત્યાંથી એ છબી હાથમાં આવતાં સૌને હાશ થઈ; પણ પોતાનાં ચરણારવિંદના ફોટા ન પૂજાય તેના માટે ત્રણ-ત્રણ દિવસ સુધી સ્વામીશ્રીએ ઉઠાવેલી જહેમત સૌનાં અંતરમાં કોતરાઈ ગઈ.

તા. ૬/૨ની સવારે ફોટો લાવનારા ઘનશ્યામભાઈએ ફોટો મોકલનારા

મહિલાની વ્યથા રજૂ કરી ત્યારે પણ સ્વામીશ્રી બોલ્યા: 'એમાં એમનો વાંક નથી, પણ ખોટો સિદ્ધાંત ન પેસે, પ્રથા ન પેસે, એટલે આવું કર્યું છે.'

આમ કહી તેઓએ એ મહિલાએ મોકલેલા અન્ય ફોટામાં હસ્તાક્ષર પાડી આપી લાગણીની માવજત પણ લીધી.

અધ્યાત્મ અને આરોગ્યનું જતન

તા. ૭/૨ની સવારે પ્રતિષ્ઠા નિમિત્તે ડેમોલમાં પધારેલા સ્વામીશ્રીના આગમનને ગામવાસીઓએ નમૂનેદાર શોભા અને સ્વચ્છતા સાથે વધાવ્યું. સ્વામીશ્રીએ પણ પ્રેમપૂર્વક અક્ષર-પુરુષોત્તમ મહારાજને પધરાવી ગામને ભગવાનની ભેટ ધરી. તેની સાથે તેઓએ ગામમાં બંધાનારા જલારામ મંદિરનો ખાતવિધિ પણ સંપન્ન કર્યો.

વળી, આ અરસામાં સરકાર દ્વારા પોલિયો નાબૂદી માટે રસીકરણનું અભિયાન ઊપડેલું. તે અંતર્ગત સ્વામીશ્રીએ આજની સાંજે વિદ્યાનગરની સભામાં ૨૫ બાળકોને રસીપાન કરાવી સ્વસ્થ જીવનના માર્ગે ચડાવ્યા.

આ રીતે સમાજનાં અધ્યાત્મ અને આરોગ્યનું જતન કરતા તેઓ તા. ૮/૨ની સવારે જોળ ગામની સીમમાં બંધાઈ રહેલી પાર્થ ટાઉનશિપમાં પગલાં કરી વરતાલ પહોંચ્યા.

અત્રે હરિકૃષ્ણ મહારાજનાં દર્શન બાદ સ્વામીશ્રી પ્રદક્ષિણામાં પધાર્યા ત્યાં જ મંદિરના એક વ્યવસ્થાપકે તેઓનો હારતોરાથી સત્કાર કર્યો. તે સ્વીકારી સ્વામીશ્રી પગથિયાં ઊતર્યા ત્યાં પણ મંદિરના કોઠારી સહિત ચાર સંતોએ પુષ્પહાર પહેરાવ્યા. એ ચારેય હાર કંઠમાં ધારણ કરી રાખી સ્વામીશ્રીએ ઔપચારિક વાર્તાલાપ બાદ દરેક સંતને તે હાર પહેરાવતાં કહ્યું: 'આ તો આપણું કુટુંબ જ છે.'

આ સ્નેહભાવ સાથે તેઓ અક્ષર ભુવનના બંને માળે દર્શન કરી નૈઋર્ત્ય ખૂણે વસેલા હરિમંડપમાં પહોંચ્યા. અહીં પૂજારીએ શ્રીજીમહારાજની ઓરડીનાં તાળાં ખોલી નાંખતાં સ્વામીશ્રીએ અંદર જઈ દર્શનનો લહાવો લીધો.

ત્યાંથી સભામંડપમાં થઈને પરમહંસોનાં આસનોની જગ્યાએ પધારેલા તેઓ અત્રે નિત્યાનંદ સ્વામી, સ્વયંપ્રકાશાનંદ સ્વામી વગેરેનાં આસને મસ્તક ઝુકાવતાં વિજ્ઞાનાનંદ સ્વામીના ખંડે પહોંચ્યા. શાસ્ત્રીજી મહારાજનું આ

પ્રાસાદિક સ્થાન. તેથી સ્વામીશ્રી ત્યાં દંડવત્ કરવા લાગ્યા. તે પછી તેઓ પલાંઠી વાળીને બેઠા અને પુરાણી સ્મૃતિઓ કરી.

ત્યારબાદ રામપ્રતાપભાઈના ઓરડે પહોંચેલા તેઓએ અત્રે અંદર પધારી દર્શન કર્યાં. છેલ્લે સંત આશ્રમમાં પગલાં કર્યાં બાદ આચાર્યોનાં સમાધિ-સ્થળે થઈ સ્વામીશ્રી વિદ્યાનગર પરત ફર્યા.

ભગવાન ભજવા હોય એને થાક કેવો?

તા. ૯/૨ની સવારે વિદ્યાનગરથી વિદાય લઈ સ્વામીશ્રી માલવણ જવા નીકળ્યા ત્યારે આ મુસાફરીમાં તેઓની સાનુકૂળતા સાચવવા પોલીસ ઍસ્કોર્ટની ગાડી આગળ ચાલવા લાગી. પરંતુ તે જોતાં સ્વામીશ્રી બોલ્યા: 'આ રોજ-રોજ ઍસ્કોર્ટની શી જરૂર? આ ખોટો મોહ છે.'

'સરકારની એટલી સેવા થઈ જાય ને!' ગાડીચાલક યુવકે કહ્યું.

પરંતુ તે સાંભળી સ્વામીશ્રીએ જણાવ્યું: 'સરકારના ઘરના પૈસા ઓછા છે? આ તો પ્રજાના પૈસા બગડે છે. આપણે એ બધી શી જરૂર?'

પોતાના મોભા-મરતબા જાળવવા સરકારી સંસાધનોનો બેફામ દુર્વ્યય કરનારા અમુક વર્ગથી સ્વામીશ્રી ખાસ્સા જુદા હતા.

તેઓની આવી જીવનશૈલી જ સૌમાં તેઓ પ્રત્યે પ્રેમ પ્રગટાવતી. તેના પ્રતીકરૂપે જ ઊભું થયેલું – માલવણનું નવનિર્મિત મંદિર.

પાંચ વર્ષ પૂર્વે વણાકબોરીના મંદિરનો ખાતવિધિ કરવા જઈ રહેલા સ્વામીશ્રીએ આ ગામના રહીશોને ગાડી ઊભી રખાવી બેઠાં-બેઠાં જ આશીર્વાદ આપેલા; પરંતુ તે ક્રિયાથી સૌમાં રોપાયેલાં ભક્તિબીજ આજે મંદિરરૂપે મહોરી ઊઠેલાં! તેમાં મૂર્તિપ્રતિષ્ઠા કરવા સ્વામીશ્રી પધાર્યા એ તેઓની આ ગામમાં પ્રથમ પધરામણી!

આમ, દૃષ્ટિમાત્રે સત્સંગ ખીલવી શકે એવા પ્રતાપી સ્વામીશ્રીએ કરેલો અથાક પરિશ્રમ આપણી પ્રેરણા માટે જ હશે કે શું?!

આવો શ્રમ ઉઠાવીને આજે અહીં પહોંચેલા તેઓએ વૈદિક વિધિપૂર્વક પ્રતિષ્ઠા કરી ડાકોરમાં બપોરનો વિશ્રામ લીધો.

અત્રે સાંજે રણછોડરાયજીનાં દર્શન બાદ પીપલગ થઈને સ્વામીશ્રી રાત્રે નડિયાદ પહોંચ્યા ત્યારે આજના દિવસે પાંચ ગામોમાં વિચરણ થઈ ચૂકેલું. તેથી સાથે રહેલા એક સંત બોલ્યા: 'આજે તો થાકી ગયો. અમને થાક

લાગે છે તો આ ઉંમરે આપને કેટલો થાક લાગ્યો હશે ?!'

'આસક્તિનું વચનામૃત કયું?' જવાબ આપવાને બદલે સ્વામીશ્રીએ સામે પ્રશ્ન પૂછ્યો. પછી એ વચનામૃતનું પોતે જ આખું વિવરણ કરી બોલ્યા: 'ભલા માણસ! ભગવાન ભજવા હોય એને થાક કેવો?'

ભગવાનની લગની માનવીય શક્તિઓને કેટલી વિસ્તારી શકે છે તેનું દર્શન સ્વામીશ્રીના પ્રત્યેક દિવસે થતું રહેતું.

શાંતિના સરનામા સમું સાંનિધ્ય

તા. ૧૦/૨ની સવારે નડિયાદમાં અલ્પાહાર ગ્રહણ કરી રહેલા સ્વામીશ્રીને સામે બેઠેલા એક બાળકે કહ્યું: 'બાપા! અમૃત મહોત્સવમાં હું આપનાં દર્શને આવ્યો ત્યારે આપે જે લટકું કરેલું એ એકદમ યાદ છે! આજે પણ કંઈક સ્મૃતિ આપો.'

આ સાંભળી થાળમાં મૂકેલી લાડુડીનો ઘા કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'લે, આ સ્મૃતિ!'

સ્વામીશ્રીના આ લાડ અને લાડુ એ બાળકના હાથની સાથે હૈયામાં પણ ઝિલાઈ ગયા.

લાભના આવા લાડુ જમાડવા આજે ડભાણ પધારેલા સ્વામીશ્રીના વરદહસ્તે અહીં મંદિર-સંકુલમાં સભામંડપ અને સંતનિવાસ ઉદ્‌ઘાટિત થયાં.

ત્યારબાદ પુનઃ નડિયાદ આવી પહોંચેલા તેઓની નિશ્રામાં આજે યોજાયેલી સાયંસભા શહેરના પ્રતિષ્ઠિતો સાથે જંગી જનમેદનીથી ચિક્કાર હતી. તે સમુદાયને સંબોધતાં માઈ મંદિરના મહંત પૂજ્ય કેશવભવાની મહારાજે જણાવ્યું: 'ધર્મરાજાના ચોપડામાં ભૂલ આવે પણ બાપાનું હૃદય એવું કમ્પ્યૂટર છે કે કરોડોની વચ્ચે ઊભા રહીને બાપા આપણું નામ દઈને બોલાવે. અમે પણ આ જોયું, માણ્યું છે. એમના સાંનિધ્યમાં આવીએ ત્યારે મનને શાંતિ મળે છે.'

આ અનુભવ સૌ શ્રોતાઓનો હોવાથી તાળીઓના ગડગડાટ દ્વારા દરેકે તેને અનુમોદન આપ્યું.

તે શમતાં સ્વામીશ્રીના આશીર્વાદ શરૂ થયા, પરંતુ આજે પ્રવચન દરમ્યાન તેઓને ઉધરસ, ખરેડી અને ખોંખારાનો ઉપદ્રવ એટલો બધો રહ્યો કે તેઓનો અવાજ પણ તરડાઈ જતો. છતાં સ્વામીશ્રી ચાલીસ મિનિટ સુધી કથારસ રેલાવતા રહ્યા.

ભીડો મનાય તો કંઈ સમજ્યા જ નથી

તા. ૧૨/૨ની સવારે મૂર્તિપ્રતિષ્ઠા દ્વારા વટાવમાં અક્ષર-પુરુષોત્તમનો વાવટો ફરકાવી આજની સાંજે અમદાવાદ પધારેલા સ્વામીશ્રીના આગમનને સૌએ બુલંદ જયનાદો અને આકર્ષક આતશબાજીથી આવકાર્યું.

આ પ્રેમભાવ સ્વીકારી સભામાં પહોંચેલા સ્વામીશ્રીએ પોતાની જીવન-ભાવના જ વહાવતા હોય તેમ કહ્યું :

"ભગવાન અને સંતના ગુણ ગાવા કે સત્સંગ કરાવવામાં ભીડો પડતો નથી ને પડ્યો પણ નથી. ભગવાનનું કામ કરવા આવ્યા છીએ તેમાં ભીડો હોય પણ નહીં. આ કામમાં રાત-દિવસ તો શું, અનંત જન્મ સુધી મંડીએ તોય ઓછું છે. શું સંતો-મહારાજો! આપણે સત્સંગ કરવો ને કરાવવો એ નોકરી કરવાની જ છે. એમાં જો ભીડો મનાય તો કંઈ સમજ્યા જ નથી. આ તો સહેજ માથું દુખતું હોય તો કહે, 'સભામાં નહીં જવાય.' પાછું જમતી ઘડીએ તો પત્તર માંડી દેવાય છે. સેવા, કથા-વાર્તા, દર્શન, ભજન એ મહારાજનો સિદ્ધાંત છે, તો આપણે ખબડદાર થઈને કરવું તો સુખિયા થઈ જવાય."

બોલે દીન-આધીન વચન રે

તા. ૧૫/૨ની રાત્રે સ્વામીશ્રીનાં દર્શને આવેલા અમદાવાદના પ્રતિષ્ઠિત વકીલો પૈકીના એક શ્રી મહેતાએ કહ્યું : 'આપની સંસ્થાએ ધૂમ્રપાન-નિષેધની જે પુસ્તિકા પ્રકાશિત કરી છે એની સમાજમાં અસર બહુ મોટી છે. આ પુસ્તિકા વાંચીને મેં તો સિગારેટ છોડી પણ મેં બીજા દસને આ પુસ્તિકા આપી તો એમણે પણ છોડી!'

સ્વામીશ્રીની એકેએક પ્રવૃત્તિ સમાજોદ્ધારનો શંખ ફૂંકતી રહેતી.

આ ક્રમમાં રોજ યોજાતી સત્સંગ-સભાઓનો ફાળો પણ બહુમૂલ્ય!

તા. ૧૭/૨ની સાંજે યોજાયેલી આવી જ એક સભામાં રજૂ થઈ રહેલો કાર્યક્રમ – 'અમદાવાદ : અતીતથી આજ' રંગ જમાવી રહેલો. પરંતુ તેની પ્રસ્તુતિમાં સમયનો દોર લંબાઈ જતાં ૩૫ મિનિટ મોડું થઈ ગયું. તેથી સ્વામીશ્રી સમક્ષ માઇક મૂકતાં વ્યવસ્થાપકે કહ્યું કે 'બાપા! આપ પાંચ જ મિનિટ બોલજો.'

પરંતુ સ્વામીશ્રી તો વીસ મિનિટ સુધી વરસ્યા. તેમાં છેલ્લે બોલ્યા :

'સંતોએ મને કહ્યું હતું કે 'પાંચ જ મિનિટ બોલજો.' પણ વધારે બોલાયું છે તો માફ કરજો.'

આ ક્ષમાયાચના સાથે સ્વામીશ્રી સભામાંથી વિદાય લઈ ઉતારા તરફ જઈ રહેલા ત્યારે એક સંતે કહ્યું: 'આપે આ રીતે જાહેરમાં માફી કેમ માંગી? કાર્યક્રમ તો અમારે કારણે લંબાયેલો, એટલે વાંક તો અમારો હતો.'

'સાધુની આજ્ઞા લોપાય એટલે માફી માંગવી પડે ને!' સ્વામીશ્રી બોલ્યા.

તેઓ કદી સત્તાધીશની રૂએ વર્ત્યા જ નહોતા.

હેતે ભજે હરિને હંમેશ

આ અરસામાં સ્વામીશ્રીને છાતીમાં દુખાવાની જે તકલીફ ઊપડેલી તે તેઓના જ શબ્દોમાં કંઈક આવી હતી:

'લગભગ મહિનાથી સાંજે વૉકિંગ કરતો હોઉં ત્યારે છેલ્લા બે-ત્રણ રાઉન્ડ બાકી હોય એ દરમ્યાન ડાબી બાજુમાં દુખાવો થાય છે. બે-ત્રણ દિવસ વચ્ચે ના પણ થાય અને થયા પછી આસન કરું એ દરમ્યાન મટી જાય. પછી ચોવીસ કલાક કંઈ નહીં.'

મહિના-દા'ડાથી ખૂંચી રહેલા આ કષ્ટ વિષે સ્વામીશ્રીએ અત્યારે ફોડ પાડ્યો, તેનું કારણ ગામડાંઓમાં ગોઠવાયેલા પ્રતિષ્ઠાવિધિના કાર્યક્રમોને ધક્કો ન પહોંચે એ જ હશે ને!

પરંતુ ૭૫મા વર્ષે શિયાળાની ઋતુમાં ઊપડેલા છાતીના દુખાવાની ગંભીરતા સમજી ડૉક્ટરોએ તા. ૧૮/૨ની સાંજે સ્ટ્રેસ ટેસ્ટ માટે હૉસ્પિટલનો કાર્યક્રમ ઘડી કાઢ્યો. તે માટે વિદાય લેતાં પહેલાં સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શને પધાર્યા ત્યારે આજનો દિવસ અમાસનો હોવાથી ઠાકોરજીના હાથમાં કટારીનું આયુધ ધરાવેલું. તે જોઈ સ્વામીશ્રીએ પૂજારીને કહ્યું: 'ઠાકોરજીને કટારી સીધી હાથમાં આપી દો છો એને બદલે ભેટમાં આપવી (એટલે કે કમરે બાંધવી).'

સૌ સ્વામીશ્રીના દેહની શુશ્રૂષામાં પરોવાયેલા, પણ સ્વામીશ્રી ઠાકોરજીની સંભાળમાં ડૂબેલા. તેઓનું હૃદય તો એ જ હતા ને!

આવા પ્રભુપરાયણ તેઓ નવરંગપુરાની શુશ્રૂષા હૉસ્પિટલમાં પહોંચ્યા ત્યારે અહીં તપાસમાં કશું જ ચિંતાજનક ન નીકળતાં સૌ રાહત પામ્યા, પણ ડૉક્ટરોએ વિશેષ શ્રમ ન લેવા સ્વામીશ્રીને વિનંતી કરી.

આ સલાહ સાંભળી મંદિરે પધારેલા સ્વામીશ્રીએ અત્રે આવતાંવેંત

સતત દોઢ કલાક સુધી એક આસને બિરાજી ૧૧,૦૦૦થી વધુ ભક્તોને વ્યક્તિગત દર્શનનો લાભ આપી શ્રમની સીમા દેખાડી દીધી! પરિશ્રમ ઓછો ઉઠાવવાનાં તબીબોનાં સૂચન સ્વામીશ્રીના જીવનમાં ઝાકળના બુંદ જેટલુંય ટકવા ન પામતાં.

સાધુમાં નહીં, સાધુતામાં સુખ

તા. ૨૦/૨ની સાંજે યોજાયેલી ઘરસભા વિષયક ખાસ સભાના પ્રારંભમાં ગૃહસ્થાશ્રમની અનેક વિટંબણાઓનું વર્ણન અને નિદર્શન જુદા-જુદા હરિભક્તોએ કર્યું. અંતે સમસ્યાઓના સુખદ સમાધાન તરીકે ઘરસભાનો મહિમા ગવાયો.

આ કાર્યક્રમના સંદર્ભમાં સ્વામીશ્રીના રાત્રિભોજન વખતે એક સંતે કહ્યું: 'સુખમાત્ર સાધુમાં છે.'

'સાધુમાં નહીં, સાધુતામાં સુખ છે.' સ્વામીશ્રીએ સુધાર્યું.

કેવળ ફૂલનો મહિમા નથી, તે સુગંધીદાર હોવું જરૂરી છે. આ મર્મ સમજાવી સ્વામીશ્રીએ ઉમેર્યું: 'સાધુ થઈને સાધુતા શીખવી પડે. નહીં તો જરા જરામાં દુ:ખ. *'બિના વિવેક ભેખ સબ દુખિયા...'* વસ્તુ મળે કે ન મળે, સાધુતા હોય તો વાંધો ન આવે.'

સ્વામીશ્રીએ વહેતી કરેલી આ વાતમાં ઝંપલાવતાં એક સંત બોલ્યા: 'થોડુંક મનગમતું કરવા દેવું ને પછી મુકાવવું. એક વાર તો મનગમતું કરવા દેજો.'

'એક વખતની ક્યાં વાત કરો છો? અનેક વખત કરવા દઈએ છીએ, ત્યારે તો રહ્યા છો! જો બધું મનગમતું કરવા ન દઈએ તો ઘરભેગા થઈ જાય. એટલે થોડું કરવા દઈએ છીએ. એમ કરતાં-કરતાં આપણું પેસી જશે. 'લે તેરા ધાબળા' થઈ જશે.' સ્વામીશ્રીએ પોતાની રીત પ્રગટ કરતાં જણાવ્યું.

તે સાથે તેઓ તા. ૨૧/૨ની સવારે મંદિરના પરિસરમાં આકાર લઈ રહેલા નિર્માણાધીન સભામંડપ વગેરેનું નિરીક્ષણ કરવા નીકળ્યા. આ ક્રમમાં અક્ષરપીઠનું ગોડાઉન, પ્રકાશન વિભાગ, હિસાબ-કિતાબનાં કક્ષ વગેરેમાં પણ પગલાં પાડી સ્વામીશ્રી બપોરે જમવા બિરાજ્યા ત્યારે અક્ષરપીઠના સંકુલમાં જ કાર્યાલય ધરાવતા એક સંત બોલ્યા: "આજે આપ બધે પધરામણી કરવા નીકળ્યા ત્યારે મને એમ કે 'અમારી ઑફિસોમાં પધારશો.' એટલે મેં ઑફિસ

સાફ કરવા માંડી...''

'એટલે જ ન આવ્યો ! દેખાવની ભક્તિ શું કામની ?'

આમ કહી સ્વામીશ્રીએ ગમ્મતમાં પણ ગમ આપી દીધી કે 'ભગવાન બધું જ જુએ છે એમ માની હંમેશાં વ્યવસ્થિત સેવા કરવી.'

મંદિરથી માંડી મુદ્રણાલયમાં મોખરે

સ્વામીશ્રી દ્વારા નિર્મિત લંડનના મંદિરને તા. ૨૧/૨ના રોજ બ્રિટનનું પ્રસિદ્ધ પારિતોષિક 'નેચરલ સ્ટોન ઍવોર્ડ' આપી બિરદાવવામાં આવ્યું. પથ્થર-નિર્મિત શ્રેષ્ઠ સ્થાપત્યને નવાજતો આ ઇલકાબ આપવા 'સ્ટોન ફેડરેશન ઑફ ધ ગ્રેટ બ્રિટન' દ્વારા લંડનની શાહી હિલ્ટન હૉટેલમાં દબદબાભર્યો સમારંભ યોજાયેલો. તેમાં પ્રસિદ્ધ શાસક જ્યોર્જ પંચમના પૌત્ર ડ્યૂક ઑફ ગ્લુસેસ્ટરના હસ્તે જ્યારે મંદિરને ખિતાબ એનાયત થયો ત્યારે સભાગૃહ તાળીઓના ગડગડાટથી ગુંજી ઊઠ્યું.

આ જાજરમાન પ્રસંગે મંદિરને બિરદાવતાં 'રોયલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ બ્રિટિશ આર્કિટેક્ટ્સ' સંસ્થાના ચાર નિષ્ણાત નિર્ણાયકોએ પોતાનો મત રજૂ કરતાં કહ્યું :

'આ મંદિરના સ્થાપત્યને નિહાળનારી હરકોઈ વ્યક્તિ તેની ઝીણી અને નાજુક કલા-કોતરણીમાં આસાનીથી ખોવાઈ જાય છે. નકશી-સુશોભનની હદ બહારની સમૃદ્ધિ સાથે આ મંદિરમાં એક દિવ્ય, પવિત્ર, શાંતિપ્રદ વાતાવરણ અનુભવાય છે, જે આ મંદિરની મહાન સિદ્ધિ છે ! આ એક એવું સ્થાપત્ય છે, જેની તુલના કોઈ પણ અન્ય ઇમારત સાથે કરવી અશક્ય છે. આથી જ એની ગુણવત્તાનાં તમામ પાસાં નજર સમક્ષ રાખી અમે નિર્ણાયકો એને વિશિષ્ટ પારિતોષિક એનાયત કરીએ છીએ.'

મંદિરે મારેલા આ ડંકાની સાથે આ અરસામાં સંસ્થાના મુદ્રણાલય 'સ્વામિનારાયણ અક્ષરપીઠ'ની કીર્તિનો ઘોષ પણ વિશ્વના આકાશમાં ગાજી રહ્યો.

આ વર્ષના પ્રારંભમાં જ દક્ષિણ એશિયાઈ દેશોના સંગઠન 'સાર્ક' દ્વારા 'ફર્સ્ટ સાઉથ એશિયા પ્રિન્ટ કોંગ્રેસ' નામે મુદ્રણ-સ્પર્ધા યોજાયેલી. હજારો મુદ્રકોએ જેમાં સ્પર્ધક તરીકે ઝુકાવેલું તેવી આ પ્રતિષ્ઠિત હરીફાઈમાં, અક્ષરપીઠને 'એક્સલન્સ ઇન પ્રિન્ટિંગ' – 'મુદ્રણકલામાં સર્વોત્તમ'નું પારિતોષિક આપવામાં આવેલું. આ નિમિત્તે દિલ્હી ખાતે આયોજિત ખાસ

સમારોહમાં કેન્દ્રીય મંત્રી શ્રી શૈલીજાના હસ્તે સંસ્થાને ઇલકાબ એનાયત થયો એ ક્ષણ ભારત માટે પણ ગૌરવાસ્પદ બની રહી.

હરે છે જનદુ:ખ આ વારે

તા. ૨૪/૨ની સવારે અમદાવાદથી દહેગામ પધારેલા સ્વામીશ્રીના વરદહસ્તે અહીં નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત થયા. કપડવંજના રસ્તે આવેલી ૩,૩૦૦ ચોરસ વાર જમીનમાં ખીલી ઊઠેલા આ ભક્તિપુષ્પના મૂળમાં ગામના અનેક ભક્તો-ભાવિકોનો પરિશ્રમ સિંચાયેલો. સૌની આ જહેમતને સાર્થક કરી સ્વામીશ્રી સિદ્ધપુર પહોંચ્યા.

અત્રે તેઓ શ્રી ત્રિભુવનભાઈ પટેલના ઘેર બિરાજેલા ત્યારે દર્શને આવેલા મનુભાઈ મોદી ભાવવિભોર હતા.

બંને આંખે પથ્થરિયો મોતિયો ધરાવતા આ ભક્તની એક આંખે સન ૧૯૮૧માં કરાવેલું ઑપરેશન નિષ્ફળ ગયેલું. તેથી એ આંખની રોશનીએ સદાયને માટે વિદાય લઈ લીધેલી. બીજી આંખની દૃષ્ટિને પણ મોતિયાએ ઢાંકી દીધી હોવાથી છેલ્લાં પંદર વર્ષથી આ સત્સંગી અંધાપામાં જ અટવાતા હતા. બીજી આંખે ઑપરેશનની વાત લઈને સંબંધીઓ ડૉક્ટરો પાસે જતાં ત્યારે શસ્ત્રક્રિયાની સફળતા બાબતે કોઈ તબીબ ખોંખારીને કહેતા નહીં.

આથી મૂંઝાયેલા આ મુરબ્બીના કુટુંબીઓએ સ્વામીશ્રીને પત્ર લખેલો. તે વાંચી સ્વામીશ્રીએ મનુભાઈને અમદાવાદ બોલાવી તેઓની આંખે હાથ ફેરવી મોતિયાનું ઑપરેશન કરાવવા આશીર્વાદ અને અનુમતિ આપેલાં. તેના પ્રતાપે જે પરિણામ વિષે ડૉક્ટરો સાશંક હતા, તે મળતાં આ હરિભક્ત પંદર વર્ષ બાદ નવી દૃષ્ટિ પામેલા !

આવી કૃપા કોનું હૈયું ન છલકાવે ? તેથી અંતરના ભાવ આંખો દ્વારા વહાવતા મનુભાઈએ આજે સ્વામીશ્રીનાં ચરણ અશ્રુબિંદુના અભિષેકથી જ પખાળ્યાં !

આવી જ સ્થિતિ તા. ૨૫/૨ના રોજ આવેલા શ્રી વિષ્ણુભાઈની હતી. વેડાના આ વતનીના ઘેર સ્વામીશ્રીના આશીર્વાદથી લગ્નના વીસમા વર્ષે પુત્રનું પારણું ઝૂલતું થયેલું ! તેથી કૃતજ્ઞતા અનુભવતા આ ભક્તે પોતાના નાનકડા દીકરા પર સ્વામીશ્રીનો વરદહસ્ત મુકાવ્યો.

આવા તો હજારો ભક્તો-ભાવિકોને સ્વામીશ્રી વિષે 'હરે છે જનદુ:ખ

*આ વારે...'*નો અનુભવ થતો રહેતો.

આવો દંભ કરવો મને ગમે નહીં

તા. ૨૫/૨ની સવારે સિદ્ધપુરના સમીપવર્તી રાજપુરના સંસ્કાર ભુવનમાં પ્રાતઃપૂજા કરી સુજાણપુર પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં અત્રે પટેલ વાડીમાં ચાલતા પંચદિવસીય પારાયણની પૂર્ણાહુતિ થઈ.

ત્યારબાદ આજની સાંજે મહેસાણા પહોંચેલા સ્વામીશ્રી અહીં તા. ૨૬/૨ની રાત્રે ઠાકોરજી જમાડીને પરવાર્યા તે વખતે તેઓએ એ જ આસન પર પલાંઠી વાળેલી રાખી અને સંતો પાસે ચેષ્ટાગાન શરૂ કરાવ્યું.

આ આહ્નિક દરમ્યાન ખોળામાં ઓશીકું રાખી ધ્યાનસ્થ મુદ્રામાં બિરાજેલા સ્વામીશ્રીની રસરૂપ મૂર્તિને સૌ અંતરમાં ઉતારતા હતા ત્યારે જ એક સંત પાપડી લઈ આવ્યા. તેથી સંતો દર્શન કરતાં-કરતાં આ શાક ફોલવા લાગ્યા.

તે જોઈ સ્વામીશ્રી પણ બોલ્યા : 'લાવો, ઠાકોરજીની સેવા થઈ જાય ને !'

આમ કહેતાં સેવામાં પરોવાયેલા તેઓની આંગળીઓ પર કુશળતા રમવા લાગી. પાપડીની બંને બાજુની રગ ત્વરાથી ઉતારીને સ્વામીશ્રી પાપડીનાં ઊભાં ફાડિયાં કરતા. તેની અંદર ઇયળ ઇત્યાદિની તપાસ માટે સૂક્ષ્મ નજર ફેરવી લેતા. તે પછી ફાડિયાને યથાવત્ કરી તેના વચ્ચેથી બે કટકા કરતા.

આ સમયે જ કો'ક ઉત્સાહી ભક્તે સ્વામીશ્રીએ ફોલેલી પાપડી સાથે સંતોએ ફોલેલી પાપડીનો મોટો જથ્થો ભેળવી દીધો. 'સ્વામીશ્રીએ ઝાઝી પાપડી ફોલી છે તેવું ફોટામાં આવે' તેવો ઇરાદો પેલા ભક્તનો હતો. પરંતુ તે જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'આવો દંભ કરવો મને ગમે નહીં.'

*'યશ કીર્તિ વધારવા લાજ, નહીં દંભ દેખાડવા કાજ...'*ની રીતે જ સ્વામીશ્રી રહેતા. તે મુજબ તેઓએ આજે પાપડી બાદ લીલા પોપટામાંથી ચણા પણ ફોલી આપ્યા.

તમને ફાવે એટલે અમને પણ ફાવે

તા. ૨૭/૨ની સાયંસભા શ્રી ચંદુભાઈ પટેલની વિમલ ડેરીના પ્રાંગણમાં કરી સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે આજના અંતિમ દિવસના અનુસંધાનમાં એક સંત સહજભાવે પૂછી બેઠા : 'બાપા ! આપને અહીં ફાવ્યું ને ?'

'તમને અહીં ફાવે એટલે અમને પણ ફાવે. તમને ઉચાટ રહે તો અમને ન ફાવે. આપણે એવું રાખવું કે 'સ્વામીને ઉચાટ થાય જ નહીં.' કથા-વાર્તા, સેવા, મંદિર એ બધું ફાવી જ જાય એટલે અમને ફાવે.'

સેવકધર્મની આ શીખ દૃઢાવતા સ્વામીશ્રી તા. ૨૮/૨ની સવારે મહેસાણાથી વિદાય લઈ કડીના નિકટવર્તી ગામ રાજપુર પહોંચ્યા. અત્રે મંદિરના નવનિર્મિત પ્રવેશદ્વાર અને ટાવરના ઉદ્‌ઘાટન કરી તેઓ ગાંધીનગર પધાર્યા.

અહીં તૈયાર થઈ ગયેલા નૂતન નિવાસમાં સ્વામીશ્રી તા. ૨૮/૨ની સાયંસભા બાદ બિરાજ્યા ત્યારે આજે લંડનના મંદિરમાં દર્શને આવનારા બ્રિટિશ પાટવીકુંવર શ્રી પ્રિન્સ ચાર્લ્સના કાર્યક્રમની જિજ્ઞાસા સૌમાં હતી. તેની વિગતથી સ્વામીશ્રી સુપેરે માહિતગાર હોવાથી તેઓએ સ્વયં જ શ્રી ચાર્લ્સના આગમનથી વિદાય સુધી થનારા કાર્યક્રમોની માહિતી સૌને આપી. પરંતુ તેમાં તેઓએ એક વાતનો ઉલ્લેખ કરવાનું ટાળતાં સંતોએ કહ્યું: 'સ્વામી! આપે કાર્યક્રમ જણાવ્યો પણ તેમાં આપના આશીર્વાદની વીડિયો ક્યારે બતાવવાની છે એ તો આપે કહ્યું જ નહીં!'

'આપણું તો આપણે ભૂલી જ જવાનું હોય ને!' સ્વામીશ્રી બોલ્યા.

'સ્વ'ને વીસરીને વિચરેલા તેઓને યાદ કરતાં આજે વિશ્વ થાકતું નથી.

સમજૂતી કરીને આગળ વધવું

તા. ૨૯/૨ની સવારે નિત્યક્રમથી પરવારી અક્ષરધામના નિરીક્ષણ અર્થે નીકળેલા સ્વામીશ્રી મુખ્ય સ્મારકમાં દર્શન કરતાં બોલ્યા: 'મૂર્તિ અદ્‌ભુત છે! અહીં આવતાંવેંત શાંતિ થઈ જાય એવું છે. બેઠાં-બેઠાં આ મૂર્તિ દુનિયાના લોકોને આકર્ષે છે બહુ.'

અક્ષરધામને આ એક અંજલિ આપી તેઓ તા. ૨/૩ના રોજ રાંદેસણની સંસ્થા-સંપાદિત ભૂમિ પર પધાર્યા. અત્રે આમ્રવૃક્ષની ઘટા નીચે બિરાજી તેઓએ અહીં નિર્માણાધીન શૈક્ષણિક સંકુલ અંગે વિમર્શ અને ધૂન કર્યાં. ત્યારબાદ આ ભૂમિ પર વસેલા બોરના પ્રાસાદિક જળનો કેસૂડાના ગુચ્છ વડે સૌ પર છંટકાવ કરતાં સ્વામીશ્રી તા. ૩/૩ના રોજ સારંગપુર પધારી ગયા.

અહીં તા. ૫/૩ના દિવસે ફૂલદોલોત્સવનો લાભ લેવા ૩૦,૦૦૦થી વધુ ભક્તોનો સમુદાય ઊમટી પડ્યો. તેઓને રંગભીના કરી સ્વામીશ્રી

પરવાર્યા ત્યાં જ આજની સાંજથી બાળ અગ્રેસરોના દિવ્ય સંનિધિ પર્વનો મંગલદીપ પ્રગટી ગયો. તેના ઉજાસમાં તા. ૬/૩ની સવારે અમૃતધારા વહાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

'આપણે અગ્રેસરોએ કાર્યકરો સાથે ખૂબ જ વિવેકથી કાર્ય લેવાનું હોય છે. નાના-મોટા દરેકની સાથે પ્રેમથી કાર્ય લેવું. કોઈ કારણસર ભૂલ થાય તો આપણે ગુસ્સે ન થઈ જવું, ઉગ્ર ન થવું, શાંતિ રાખીને સમજાવવું. એ પ્રમાણે કરવાથી જ આપણા કાર્યમાં સરળતા થાય છે. માટે આપણી અંદર પ્રેમ અને મહિમા – એ બે વસ્તુ જોઈએ. યોગીજી મહારાજે એવી રીતે નાના-મોટા દરેક હરિભક્તોને આગળ લીધા છે. સત્સંગ વધવાનું કારણ મોટાપુરુષોની અપાર દયા છે. એમની મહાન દૃષ્ટિ છે. 'હું કહું તેમ થાય' એવી ભાવના ન રાખવી. સમજૂતી કરીને આગળ વધવું. ખૂબ બળ અને હિંમત રાખવાં. કંટાળ્યે અથવા ઉદાસ થયે કામ આવે એમ નથી.'

આ જ રીતે સત્સંગ પ્રવૃત્તિ સંભાળતા અગ્રેસરોનું દિવ્ય સંનિધિ પર્વ તા. ૮/૩થી શરૂ થયું. તેમાં પણ માર્ગદર્શન આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'આપણે સત્સંગની દૃઢતા કરાવવા જઈએ છીએ. માટે ઊડતી મુલાકાત જેવું ન કરવું. કામ કરવું તો વ્યવસ્થિત ને ચોક્કસ! થોડું થાય પણ સારું કરવું. સત્સંગમાં ચોરી, બનાવટ ન કરવી. એ તો બહારનાં દૂષણ છે. મંદ ન પડવું, મોળા ન પડવું. લપસી પડ્યા તો હાથ-પગ ધોઈને ઊભા થઈને ચાલવા મંડવાનું. અક્ષરધામમાં જવાનું છે એ હકીકત વસ્તુ છે. એમાં બેમત નથી. આ પીંજણ નથી. આ સત્સંગ આપણો પોતાનો મનાઈ ગયો હોય, આપણા જીવના કલ્યાણનો મનાઈ ગયો હોય અને ભગવાન, સંતો, ભક્તો આપણા મનાઈ ગયા હોય તો પીંજણ ન લાગે.'

આવો જ અમૃતલાભ વહેંચવા સ્વામીશ્રી તા. ૯/૩ની સવારે શિબિરના સ્થળ તરફ જઈ રહેલા. તે વખતે ગાડીના કાચમાંથી સીધો તડકો તેઓ પર પડતો હોવાથી એક સાધક ગાડીની સાથે હાથમાં છત્રી રાખી દોડવા લાગ્યા. તેઓને સ્વામીશ્રી ઈશારા વડે આમ ન કરવાની સૂચના આપતાં બોલ્યા : 'ખબર નહીં, લોકો આવો પ્રેમ શું કામ કરતા હશે ?'

'ગુણાતીતાનંદ સ્વામી તો ઊંધા પગે દોડતા.'

આ દલીલ દ્વારા ગાડીચાલક યુવાને પેલા સાધકની તરફેણ કરી, ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું : 'કહે એમ કરે તો ઊંધા પગે જ છે!'

તેઓને મન *'વાળે હરિ જીભ ત્યાં વળે તન...'* એ જ મોટામાં મોટી અંગત સેવા હતી.

કાર્યકરની સારામાં સારી વ્યાખ્યા

ગાડીમાંથી ઊતરીને સ્વામીશ્રી શિબિરમાં પધાર્યા ત્યારે અહીં ચાલી રહેલા યજ્ઞપ્રિયદાસ સ્વામીના વક્તવ્યમાં વાત આવી કે 'અપેક્ષા વગર કાર્ય કરે એ કાર્યકર.'

આ જ વાક્યને ઝીલી લેતાં સ્વામીશ્રીએ આશીર્વાદમાં જણાવ્યું:

"કોઈ પણ જાતની અપેક્ષા વગર કાર્ય કરે એનું નામ કાર્યકર. આ સારામાં સારી વ્યાખ્યા છે! અપેક્ષા રાખે તો કાર્ય થાય જ નહીં. ભગવાન રાજી થાય એ જ સ્વાર્થ. પોતાના જીવનું કલ્યાણ થાય એ સ્વાર્થ. અપેક્ષા હોય તો વિક્ષેપ થાય. અપેક્ષા વગર સેવા થાય તો જેટલું કામ કરવું હોય તેટલું થઈ શકે.

કાર્ય કરવા જે ગામે જઈએ ત્યાં મહેમાન થતાં પણ શીખવું. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજે સત્સંગ કરાવ્યો છે – સામા માણસને અનુકૂળ થઈને! એ રીતે ટાઇમ લઈને, ગામની પરિસ્થિતિ જોઈને, ગામનું વાતાવરણ જોઈને, કુટુંબનું વાતાવરણ જોઈને કાર્ય કરીએ તો સત્સંગેય વધે ને સારું થાય. પોતાને કાર્યકર તરીકેની સમજણ-નિષ્ઠા પણ વાંચન કરીને દૃઢ થવી જોઈએ. પહેલામાં પહેલું નિષ્ઠા, સંપ્રદાયનું જ્ઞાન, ગુરુપરંપરા આપણા જીવનમાં દૃઢ થવી જોઈએ. સંપ્રદાયના રિવાજો છે, નિયમો છે એને પણ બરાબર સમજવા જોઈએ. એ પ્રમાણે આપણું જીવન હોવું જોઈએ.

સારા કાર્યકર થાવ અને બીજાને બનાવો. એક પછી એક સારા કાર્યકર ઊભા કરતા જાવ. 'કોઈ ના થાય' એવું નહીં. 'મારાથી આગળ વધી જશે' એવી ભાવના ન રાખવી. ભલે બીજા સવાયું કરે."

આમ, કાર્યલક્ષી અને જીવનલક્ષી – બેય પલ્લાં સમતોલ રાખી સ્વામીશ્રીએ પ્રેરક વાતો સંભળાવી.

ઝાડને ઉછેરવાં = માણસને ઉછેરવા

દિવ્ય સંનિધિ પર્વના દિવસો દરમ્યાન સ્વામીશ્રીના ત્રણેય ભોજન સમયે કાર્યકરોનો પરિચય અપાતો. તેની સાથે સંતો પણ પોતાના વિચરણના વિશેષ પ્રસંગો કહેતા.

આ ક્રમમાં તા. ૧૦/૩ની સવારે સૌરાષ્ટ્ર વિભાગના સંતોએ જળસંચય અભિયાન અને વૃક્ષારોપણ અભિયાનમાં નડતી મુશ્કેલીઓ જણાવતાં કહ્યું કે 'જળસંચય અભિયાનમાં ખેડૂતોને જ ઉત્સાહ નથી ને તેઓ કહે છે કે પાણી વગર ઝાડ શું રોપે ?'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: ''આપણે સૌને સમજાવવા. ભલે ને થોડા થાય પણ આપણે તો મંડવું. 'માણસને ઉછેરવા અને ઝાડને ઉછેરવાં એ બે સરખું જ છે, ઝાડ હશે તો જીવાશે,' એમ મહિમા કહેવો.''

આ રીતે સૌના પરલોકની સાથે આ લોકના પર્યાવરણનું પણ જતન કરનારા સ્વામીશ્રી માટે આ અરસામાં સારંગપુર મુકામે નૂતન નિવાસ તરીકે 'સર્વસ્વ'નું સંકુલ તૈયાર થઈ ગયેલું. તેમાં તા. ૧૦/૩થી મુકામ કરનારા સ્વામીશ્રી તા. ૧૩/૩ની રાત્રે ઠાકોરજી જમાડવા આવી રહેલા ત્યારે નારાયણમુનિદાસ સ્વામીએ પૂછ્યું: 'આ નવા ઉતારામાં ફાવે છે ને ?'

'બાવાને વળી ફાવવું કે ન ફાવવું શું? રોજ બદલાવાનું. રોજ નવા કૂવાનાં પાણી ને નવી ઘંટીના લોટ ખાવાના. એમાં ફાવી ગયેલું જ હોય ! સાધુ થયા પછી બધું ફાવી જ જાય. નહીં તો રોજ ઊઠીને પ્રશ્ન ઊભો થાય. જેને કથા-વાર્તા, ભજન કરવું છે એને બધે જ ફાવે. મુનિ ! પહેલેથી અંગ જ એવું પાડ્યું છે ને, કે કોઈ મુશ્કેલી જ ન આવે.'

આ અભિપ્રાયમાંથી સ્વામીશ્રીની બ્રહ્મખુમારી છલકાઈ આવી.

એ જ સ્થિતિમાં ભોજન ગ્રહણ કરી પત્રવ્યવહારમાં પરોવાયેલા તેઓ પર દિલ્હીના અક્ષરધામની જમીન અંગે ધર્મવત્સલદાસ સ્વામીનો ફોન આવતાં સ્વામીશ્રીએ માર્ગદર્શન આપ્યું. તેના અનુસંધાનમાં સામે બેઠેલા પ્રિયવ્રતદાસ સ્વામીએ પૂછ્યું: 'બાપા ! જમીનની બાબતમાં આવું કેમ થાય છે ? જમીન કેમ મળતી નથી ?'

'જોગીબાપાનો સંકલ્પ જમુના કિનારે કરવાનો છે એટલે એ મોહ મુકાતો નથી. બાકી બહાર તો ઘણી જમીનો મળે છે !'

સ્વામીશ્રીએ કરેલા આ ખુલાસામાં ગુરુના વચનને સાકાર કરવાની તેઓની તમન્ના ઝળકી રહી.

આ તાન સાથે મંડેલા તેઓએ આજે સંતોને હિતકારી વચનો સંભળાવ્યાં કે –

''આપણે તો ભગવાન ભજીને સુખી થવું. સારા સાધુ થવું. કથા-વાર્તા

કરતાં થાકવું નહીં. જંગલમાં, મહેલમાં કે ઝૂંપડે બધે જ ફાવે. સારી સગવડ થાય ત્યારે માનવું કે 'અહોહો, ભગવાનની દયા થઈ!' ને સગવડ ન મળે તો માનવું – 'વિશેષ દયા થઈ!' ન મળે તો હરખ-શોક ન કરવો. જેમ-તેમ, જ્યારે-ત્યારે નિર્વાહ કરી લેવો તો દુઃખ કે તકરાર-ટંટો ન થાય. પહેલેથી જ્ઞાન સિદ્ધ કર્યું હોય તો ટોચો ન લાગે. કોઈ શબ્દ કહે તો મન પાછું ન પડે.''

પોતાનું માહાત્મ્ય ગાય એ સંત નથી

આ વખતના સારંગપુરના નિવાસ દરમ્યાન સ્વામીશ્રી સવારે ચોસઠ-પદી ગ્રંથના આધારે મનનીય કથાલાભ આપતા. આ ક્રમમાં તા. ૧૫/૩ના રોજ *'એવા વિકારી જનની વાત...'* પદનું નિરૂપણ કરતાં તેઓએ જણાવ્યું:

'પોતાનું માહાત્મ્ય ગાય તો એ સંત નથી. સંતને તો ભગવાનનું જ માહાત્મ્ય ગાવાનું. આપણી મોટપ મોટા માણસને મળ્યા, પૈસા-ટકા, સમૃદ્ધિ, વિદ્વત્તા, પંડિતાઈથી નથી. આજ્ઞા-ઉપાસના પાળવાથી આપણી મોટપ છે. આપણે ભક્તિભાવ જોઈએ, કથા-વાર્તા જોઈએ.'

આ જ રીતે તા. ૧૯/૩ની સવારે *'સુણો સાધુ શુકજી સરખા રે...'* પદનો બોધ સમજાવતાં સ્વામીશ્રીએ કહ્યું:

'આપણા ગુરુઓ જે થઈ ગયા છે એના જેવી સ્થિતિ કરવી છે, એવો વિચાર હંમેશાં રાખવો. સાધુતા રાખવાની. સાધુતાનો અર્થ સમજ્યા? સાધુતા એટલે ખમવું. માન-અપમાન, સુખ-દુઃખ બધાંની અંદર સહનશીલતા રાખવી. કોઈ દિવસ ઉતાવળા-આકળા થવું નહીં. મૂકવા આવ્યા છીએ તે મૂકવું. કરવા આવ્યા છીએ તે કરવું. સત્સંગમાં રુચિ થાય એવા સાધુનો જોગ રાખવો. બાહ્ય વૃત્તિ કરવા જેવી નથી. અંતર્દૃષ્ટિ હંમેશાં રાખીને સદા આનંદમાં રહેવું. એવા આશીર્વાદ છે.'

આ સમયે હવે શ્રીહરિ જયંતીનો ઉત્સવ પણ નજીક આવી રહેલો. તે ઉપક્રમે શરૂ થયેલા શ્રીહરિ પર્વ નિમિત્તે સંતો સ્વામીશ્રીનાં ભોજન દરમ્યાન શ્રીજીચરિત્રોને પીરસતા. સ્વામીશ્રીને તો આ જ મનગમતી વાનગી. તેથી તેઓ એકાગ્રચિત્તે શ્રવણમાં પરોવાઈ જતા. પ્રસંગોપાત્ત અમૃતવચનો પણ સંભળાવે.

તે મુજબ તા. ૨૧/૩ની રાત્રે પરમહંસોના પ્રસંગોને આધારે રજૂ થયેલી વાણી, વર્તન અને વિચરણ વિષયક ચર્ચાનું સમાપન કરતાં સ્વામીશ્રી બોલ્યા:

'પરમહંસોએ વર્તન સાથે વિચરણ કર્યું તો ભાર પડી ગયો. દુઃખ-સુખ

વેઠ્યું, પણ ભાગી ન ગયા. અડીખમ રહ્યા. આપણે તો સુખ ને સુખ જ છે તોય ઢીલા પડી જઈએ છીએ. શરીર ઉપર તાન ન રાખવું, મહારાજની પ્રસન્નતા ઉપર જ રાખવું. ખમીએ તો સમાસ થાય ને સાધુ થયા એ સાર્થક. 'ફાવશે કે નહીં?' એ ન જોવું. કોઈ અપમાન કરે તો ઊભા થઈને 'જય સ્વામિનારાયણ' કહેવા. સત્સંગ હેત-પ્રીત અને વાતોથી વધ્યો છે, તલવાર ખેંચવાથી નહીં. ગ્રંથોનું વાંચન જોઈએ. ફરી-ફરી વાંચવું, તો કામ થઈ જાય. અહીં આવ્યા ને અલેલટપ્પા જેવા રહ્યા એનો અરથ શું? બધા સાથે પ્રેમ રહે એવું વર્તન કરવું.'

આટલું કહી સ્વામીશ્રી શયનકક્ષમાં પધાર્યા ત્યારે તેઓએ સામેથી શાલ-ધાબળો મંગાવ્યાં, હીટર ચાલુ કરાવ્યું અને ગાતરિયું પણ ગાંઠ મારી ઓઢી લીધું. શરીરમાં ચઢેલા તાવની આ નિશાની હતી. આવી પરિસ્થિતિમાંયે તેઓએ સદુપદેશ વહાવી દીધેલો!

પરગજુ અને પ્રભુમય

આ અરસામાં ગ્રામોદ્ધાર તથા મહિલા-ઉત્કર્ષનું કાર્ય કરતી એક સમાજસેવી સંસ્થાની આર્થિક દરખાસ્ત સરકારી કાર્યવાહીમાં અટવાઈ પડેલી. વાજબી પ્રસ્તાવ પણ પાંચ વર્ષથી 'જૈસે થે'ની સ્થિતિમાં જ અધિકારીના ટેબલ પર પડી રહેતાં અસહાય બનેલા એ સંસ્થાના કાર્યવાહકોએ સ્વામીશ્રી સમક્ષ મદદનો હાથ લંબાવેલો. તેને સ્વામીશ્રીનો સાથ સાંપડતાં માત્ર પાંચ જ મિનિટમાં તે દરખાસ્ત પર મંજૂરીની મહોર વાગી જતાં કંઈક મહિલાઓ અને ગરીબોના ઉત્કર્ષની બારી ઊઘડી ગયેલી.

તે બદલ સ્વામીશ્રીનો આભાર માનતાં એ સંસ્થાના મોવડીઓએ તા. ૨૨/૩ના રોજ સ્વામીશ્રીને કહ્યું : 'આ કામ આપના સિવાય થાત જ નહીં!'

'બધું ભગવાનની ઇચ્છાથી થયું છે.' સ્વામીશ્રી તરત બોલ્યા.

તેઓ પરગજુ તો હતા જ, સાથે પ્રભુમય પણ.

તેઓની આ રીત અત્યારે આવેલી માંદગીમાંયે અકબંધ રહેલી. તાવ, ઝાડા, અશક્તિ વગેરેએ એકસાથે સ્વામીશ્રીના શરીર પર હુમલો કર્યો હોવા છતાં સ્વામીશ્રીએ મંદિરનાં નિત્ય દર્શનનો ક્રમ તૂટવા ન દીધો. તેની સાથે તેઓની પત્રગંગા પણ એવી જ અખંડિત વહી રહી.

તેમાં આવેલા એક પત્રમાં મોકલનારાએ નામ-સરનામાને બદલે 'આત્મા કો નામ ક્યા?' લખેલું. તે વાંચી હસતાં-હસતાં સ્વામીશ્રી બોલ્યા : 'આત્માનું

નામ નહીં તો આત્માને પત્ર પણ નહીં! આત્મા આત્માને સમજી લેશે.'

સ્વામીશ્રી પાસે આવા સમયખાઉ પત્રો ઘણા આવતા, પરંતુ તે સૌને સ્વસ્થતા જાળવી માથે ચઢાવતા તેઓ તા. ૨૯/૩ની સવારે સભામાં આશીર્વાદ આપી ઉતારે પધાર્યા. અત્રે આરામમાં જવા પલંગ પર બેઠેલા તેઓને કંઈક યાદ આવતાં તેઓએ એક કાગળ મંગાવ્યો. તેથી એક સંત સંસ્થા તરફથી સ્વામીશ્રીના પત્રવ્યવહાર માટે વપરાતો મોંઘો કાગળ આપવા ગયા. ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'આ નહીં, સાદો જ જોઈએ છે.'

'આ જ વાપરો ને! બીજા લોકો તો આ જ વાપરે છે.'

'બીજા ભલે વાપરે. અત્યારે આપણે એની જરૂર નથી.' આમ કહી સ્વામીશ્રીએ સાદો કાગળ મંગાવી તેના પર વડોદરાના અક્ષરવાસી હરિભક્ત શ્રી હિમાભાઈ નિમિત્તે કયા મંદિરમાં કેટલી સેવા કરવી તેની યાદી લખી તેઓના દીકરાઓને મોકલાવી.

એ સાદા કાગળ પર લખાયેલી સેવાના આંકડા હજારોની કિંમતના હતા, પણ તે કાગળ પર અંકાયેલી સ્વામીશ્રીની કરકસરની કિંમત તો સૌને એથીયે અધિક જણાઈ.

'ગ્રહણ'માં મુક્તિનો આનંદ

તા. ૪/૪ની સવારે ૩:૪૫ થી ૭:૩૦ વાગ્યા સુધી ચંદ્રગ્રહણનો સમૈયો ઊજવનારા સ્વામીશ્રીએ આ પ્રસંગે જનમોજનમનું ગ્રહણ કાઢી નાંખે એવો સદુપદેશ વહાવતાં જણાવ્યું કે –

"સગવડ ન મળે તો પણ મોઢું ચડી ન જાય તો આપણી ભગવાન સામી દૃષ્ટિ કહેવાય. કોઈક દેશકાળ આવે ને સમયે જો કામ લાગે તો એ જ્ઞાન કહેવાય. સત્પુરુષની મરજી શું છે? એનો નિરંતર વિચાર રહેવો જોઈએ. એમની મરજી એ છે કે 'સર્વકર્તા ભગવાનને જાણવા.' પણ આ તો 'બીજાની મરજીથી થયું, સ્વામીને કોઈએ કાનફૂસિયા કર્યા એટલે આ કામ થયું...' પણ જે થયું તે! આપણને કહેનાર તો એ છે ને! પછી ભલેને બીજાના કહેવાથી કહે. આપણે સ્વામી સાથે કામ છે કે બીજા સાથે? આ જ્ઞાન જ્યારે સમય આવે ત્યારે સ્રવી જાય, મનનું ધાર્યું મુકાવે ત્યારે સ્રવી જાય કે 'બીજાના કહેવાથી થયું.' પછી એની સાથે ઈર્ષ્યા, ખટપટ થાય, જૂથ થાય. પણ એ બધી માથાકૂટ મૂકીને 'ભગવાનની ઇચ્છાથી થયું છે' એ માનો તો એ લપ છૂટી જાય.

ભગવાન ભજવા આવ્યા છીએ તો થોડુંક કષ્ટ થાય એમાં ગભરાઈ જવું નહીં. ધીરજ રાખવી. આપણા ગુરુઓ કેવા થઈ ગયા! એ જુઓ. જે આજ્ઞા થઈ એ કર્યું. 'મને આવડશે નહીં' એમ પણ ન કહ્યું. આપણે તો તરત કહી દઈએ – 'મને નહીં ફાવે.' પણ ના શું ફાવે? કરવા માંડો એટલે ફાવશે જ! જન્મ્યા ત્યારે ક્યાં શીખીને આવ્યા છીએ! બધું મનધાર્યું આવડે છે, પણ ભગવાન ને સંત કહે એ ન આવડે ત્યારે પતી ગયું. માટે મનનું કાઢીને સ્વામી રાજી થાય એમ કરવું. કોઈ ગમે તે કહે.

આપણને રિટાયર (નિવૃત્ત) થવાનો વિચાર આવી જાય, પણ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજે ક્યારેય કહ્યું છે કે 'મને રિટાયર થવા દો.' મહારાજને રાજી કરવા છે તો શરીરને ઘસી જ નાંખો.

દામ-વામ (ધન-સ્ત્રી) મૂકી દઈએ તો બ્રહ્મરૂપ થઈ ગયા. એ બે ત્યાગી માટે છે જ નહીં! એનો સંકલ્પ ન થવો જોઈએ. આપણા સ્વભાવ, દોષો, ધન-સ્ત્રી એ હૃદયમાંથી મુકાઈ ગયું તો આપણું ગ્રહણ ગયું.''

સ્વામીશ્રીનો વાક્પ્રવાહ આજે વણથંભ્યો રહે એમ પૂરપાટ વહી રહેલો, પરંતુ વ્યવસ્થાપકોએ ગ્રહણના સમયમાં જ પ્રાતઃભ્રમણ ગોઠવ્યું હોવાથી ૭:૧૦ વાગ્યે સ્વામીશ્રીએ વાણીને વિરામ આપ્યો, પણ આ સમયે તેઓ બોલ્યા : 'મને વૉકિંગ કરવાનું કહી ગયા છે એટલે મેં ટૂંકાવ્યું. બાકી હું તો હજી લંબાવવાનો હતો. જો વૉકિંગ ના હોત તો આજે મારે આઠ વગાડી દેવા'તા!''

સ્વામીશ્રીના કથા-વાર્તાના ઇશકને ક્યારેય ગ્રહણ લાગ્યું નહોતું. છતાં વ્યવસ્થા મુજબ તેઓએ પ્રાતઃભ્રમણ આરંભ્યું. તે દરમ્યાન પંદર મિનિટમાં જ ગ્રહણના મોક્ષની ઘડી આવતાં સ્વામીશ્રીએ ભ્રમણ થંભાવી સામેથી માઇક હાથમાં લેતાં કહ્યું : 'છેલ્લે ધૂન-ભજનની કકડાટી એવી બોલી તો ગ્રહણનો મોક્ષ થયો. ભજનથી જ દુઃખમુક્ત થવાય છે, માટે અંતરમાં સંકલ્પ-વિકલ્પ ઊઠે ત્યારે કાયમ ભજનની કકડાટી એવી બોલાવવી કે સુખ-શાંતિ થઈ જાય.'

એના એ જ આવ્યા છે

ગ્રહણના સમૈયા બાદ તા. ૪/૪ની સાંજે સારંગપુરથી વિદાય લઈ ગઢડા પધારેલા સ્વામીશ્રી અત્રે લક્ષ્મીવાડીના મંદિરમાં દર્શન કરી નિષ્કુળાનંદ સ્વામીની ઓરડી તરફ જઈ રહેલા. તે વખતે ત્યાં ઊભેલા વડીલ સંત ભક્તિવલ્લભદાસ સ્વામી આદરભાવ પ્રગટ કરતાં બોલવા જ લાગ્યા :

'પ્રમુખસ્વામી! તમે તો સંતમંડળ બહુ તૈયાર કરી દીધું! તમે સ્વામિનારાયણ ભગવાનના નામનો ડંકો મારી દીધો છે. બહુ વિચરણ કરો છો. વધારે જુવાન લાગો છો.'

આટલો અહોભાવ પ્રગટ કરી આ સંતે વધુમાં કહ્યું: 'તમે તો શ્રીજીમહારાજની જેમ ચાલો છો! શ્રીજીમહારાજ ચાલતા ત્યારે જેમ સાથેના પોગી ન'તા વળતા, એવું છે તમારું! ભગવાનનું બળ છે ને!'

શ્રીજીની આ શક્તિ સાથે વિચરતા સ્વામીશ્રીએ તા. ૫/૪ની સવારે લાખણકા પધારીને અહીંના નૂતન મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવ્યા.

એ જ રીતે તેઓ તા. ૬/૪ના રોજ બાબરા ગામના નવનિર્મિત મંદિરમાં પણ મૂર્તિપ્રતિષ્ઠા કરી પુનઃ ગઢડા આવી ગયા.

અત્રે તેઓ તા. ૭/૪ની સવારે ૧૧:૦૦ વાગ્યે સભામાં પધાર્યા ત્યારે એક કથાકાર સંત શ્રીજીમહારાજની લીલાઓ વર્ણવી રહેલા. તે થોડી વાર સાંભળ્યા બાદ સ્વામીશ્રી વચ્ચે જ બોલ્યા: 'લાવો! માઇક લાવો! એના એ જ આવ્યા છે!'

તેઓના આ શબ્દો સાંભળનારા સૌ *'સ્વામી ભેટ્યે ભેટ્યા મહારાજ...'*ની અનુભૂતિ કરી રહ્યા.

રાજીપાનું બૅરોમીટર

તા. ૮/૪ની સવારે અનીડા ગામના મંદિરનો ખાતવિધિ કર્યા બાદ સ્વામીશ્રી તા. ૧૦/૪ની બપોરે ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે યોગીજી મહારાજના સંકલ્પોની વાતો નીકળી. તે સંદર્ભમાં સંતોએ સ્વામીશ્રીને કહ્યું: 'જોગીબાપા સંકલ્પ કરી ગયા ને આપ પૂરા કરી રહ્યા છો; એમ આપે પણ કરવા ને બીજા પૂરા કરશે.'

'આપણે પાછળવાળાને ઉપાધિ ક્યાં કરાવવી?' ગમ્મત કરતાં સ્વામીશ્રી બોલ્યા.

આવી જ હળવાશ તેઓ આજની સાંજે નિત્ય વ્યાયામથી પરવાર્યા ત્યારે વ્યાપી વળી.

આ સમયે, વીતેલા સપ્તાહ દરમ્યાન સ્વામીશ્રીએ ઝાલાવાડના એક ગામના બે તડાને સાંધવા માટે જુદા જુદા ત્રણેક તબક્કામાં મળીને આશરે પાંચેક કલાકનો સમય કાઢેલો તેનો ઉલ્લેખ થયો. તે સંદર્ભમાં સંતોએ

સ્વામીશ્રીને પૂછ્યું : 'આપ જ્યારે બે પક્ષોને સમાધાન કરાવતા હો ને એ લોકો માને નહીં, તો આપને મનમાં શું થાય ? કંટાળો ના આવે ?'

'એમાં શું કંટાળો આવે ? એ ન માને તો ભગવાનની ઇચ્છા ! આપણે ક્યાં ઘી વેચ્યું'તું ? મહેનત કરીએ. થાય કે ન થાય તો ખરખરો નહીં કે 'કેમ ન થયું ?' આપણે કહીએ ને એમને ન મનાય તો પછી લોઢે લોઢું ઘસાય (તે બંને પક્ષોને અંદરોઅંદર ઘર્ષણ થયા કરે).'

સમજણનો આવો સૂર રેલાવતાં સ્વામીશ્રીએ તા. ૧૧/૪ની સત્સંગ-સભામાં પણ જણાવ્યું કે –

''મોટાનો રાજીપો હોય એના અંતરમાં શાંતિ રહે. આ બૅરોમીટર છે. સુખ વર્તે ત્યારે જાણવું કે રાજીપો છે. આપણે આજ્ઞામાં ન વર્તતા હોઈએ એટલે સહેજે જ અશાંતિ રહે. મોટાપુરુષ તો દયાળુ છે, એટલે આપણને સાચવે, માફ કરે, પણ આપણા અંતરમાં અશાંતિ રહ્યા કરે. ભગવાન અને સંતનાં વચનમાં વિશ્વાસ રાખવો. એમનાં બળે બધું નભે છે. એમના વિશેની આપણી શ્રદ્ધા વધવી જોઈએ. શ્રદ્ધા હોય એને અખંડ કથા-વાર્તા ચાલ્યા જ કરે. ડૉક્ટર સ્વામીને જેમ સુખ આયા જ કરે છે, એમ !

આપણે રુચિ રાખીએ કે 'સ્વભાવ મૂકવો છે', તોય મોટાપુરુષ રાજી થઈ જાય ! હું જ્યારે ભણતો ત્યારે સિદ્ધાંત કૌમુદીની શરૂઆત જ કરી હતી, તોય શાસ્ત્રીજી મહારાજ મને 'શાસ્ત્રી' લખવા માંડ્યા. મેં પૂછ્યું તો કહે, 'તેં વ્યાકરણ હાથમાં લીધું એટલે શાસ્ત્રી.' એમ આપણે ખાલી આદર કરીએ તોય ભગવાન અને સંત રાજી થઈ જાય. સાક્ષાત્ યોગીબાપા મળ્યા છે તો કામ કેમ ન થાય ? વિશ્વાસ રાખવો.''

પ્રાતઃપૂજાનો પરિમલ

તા. ૧૨/૪ની સવારે અલ્પાહાર બાદ સ્વામીશ્રીને વીંટળાઈ વળેલા સંતોએ જિજ્ઞાસા વ્યક્ત કરી કે 'બાપા ! આપ પૂજામાં માનસી કરતી વખતે હરિકૃષ્ણ મહારાજની ચલમૂર્તિને સ્નાનાદિક કરાવો છો કે પછી પૂર્ણ કદના સવા ચોસઠ તસુના મનુષ્ય સ્વરૂપને ?'

'મનુષ્યાકૃતિ હોય એ જ ! મહારાજનું સ્વરૂપ નાનું-મોટું છે જ ક્યાં ? એ તો જે હતા એ જ સવા ચોસઠ તસુની મૂર્તિ છે. એને જ નવડાવવા, ધોવડાવવાના હોય ને !'

'શાસ્ત્રીજી મહારાજમાં જ શ્રીજીમહારાજને ધારીને આપ ધ્યાન કરો છો ?'

'ગુરુ તરીકે સ્થૂળ શરીરે એમને જોયા હોય, લાભ લીધો હોય, એટલે એમની માનસી કરીએ, પણ એય મહારાજનું સાક્ષાત્ સ્વરૂપ માનીને જ કરીએ.'

'પૂજામાં આપ માળા ફેરવતા હો ત્યારે વારાફરતી બધાં મંદિરોની મૂર્તિઓ સંભારો છો કે પૂજામાં સ્થાપન કરેલી મૂર્તિઓનાં વારાફરતી દર્શન કરો છો ?'

'જે મૂર્તિ સ્થાપન કરી હોય એનાં જ દર્શન થાય ને! ગોંડલના ઘનશ્યામ મહારાજ ને સારંગપુરના હરિકૃષ્ણ મહારાજને સંભારીએ ખરા. પણ વિશેષ તો આ જે ઠાકોરજી (ચલમૂર્તિ) છે એની ઉપર કોન્સન (કોન્સન્ટ્રેશન એટલે કે એકાગ્રતા) ને પટની મૂર્તિઓ પર કોન્સન કરીએ.'

'એ મૂર્તિઓ વારાફરતી જુઓ કે...?'

'એક વખત બધી જ મૂર્તિનાં દર્શન કરી લઈએ. પછી સૌથી પહેલી મહારાજ(ઠાકોરજી)ની મૂર્તિ છે. પછી (એની નીચે) અક્ષર-પુરુષોત્તમ મહારાજ છે ને નીચે શાસ્ત્રીજી મહારાજ, યોગીબાપાની છે. એટલે એ પાંચેય મૂર્તિઓ આવી જાય છે.'

'શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કરો ત્યારે મૂર્તિ સંભારો છો કે એમની ક્રિયાને ?'

'ક્રિયા હોય. પલંગમાં બેઠા હોય, વાત કરતા હોય, આ રીતે બેઠા'તા, આ રીતે મળ્યા'તા. એ જ રીતે જોગી મહારાજનું પણ સંભારીએ. ક્રમમાં બધું આવે એમ નહીં, પણ સહેજે જ આવે. એકની એક લીલા દસ વખત પણ આવે. કાયમ નવી-નવી એવું નહીં, પણ વધારે તો જે યાદ હોય એ સાંભરે.'

'ગઢડામાં હો ત્યારે ગઢડાની લીલા સંભારો કે ગમે ત્યારે ગમે તે લીલા સંભારો ?'

'બોચાસણ હોઈએ ત્યારે ત્યાંની થોડી સાંભરે. સારંગપુરમાં સારંગપુરની, ગોંડલમાં ગોંડલની! જે-જે સ્થાનમાં હોઈએ તે ઘડીએ તે યાદ આવી જાય.'

'આપે પહેલાં કહ્યું કે વિશેષ હોય એ યાદ આવે. તો વિશેષ કઈ-કઈ યાદ આવે છે ?'

'કોઈ વખત એવો પ્રસંગ હોય ત્યારે એ સાંભરી આવે. જેમ કે સુવર્ણ જયંતીનો પ્રસંગ, જયપુર ગયા હોઈએ અને એવા બીજા કોઈ મોટા પ્રસંગ

હોય તો. બાકી સ્વાભાવિક તો યાદ હોય એટલા આવી જ જાય.'

'સારંગપુરમાં હો ત્યારે શું શું યાદ આવે ?'

'ત્યાં શાસ્ત્રીજી મહારાજ કથા-વાર્તા કરતા હોય, સૂતાં-સૂતાં સાંભળતા હોય, બેઠાં-બેઠાં સાંભળતા હોય, આપણે વાંચતા હોઈએ ને પાછું હરે... હરે... કરે – એવું બધું સાંભરે. કેટલીક વાર એકાદશીના દિવસે વંડી કરાવતા હોય, દરવાજા આગળ આપણે કામ કરતા'તા ને ખુરશી નાંખીને ત્યાં બેસતા'તા. એક વાર ત્યાં મદારો (કમાન) ચઢાવવાની વાત હતી ત્યારે હરિકૃષ્ણ સ્વામીએ કહ્યું: 'ચાલો જમવા.' ત્યારે સ્વામી કહે: 'મદાર ચઢે પછી આવું.' તે વખતે દોઢ-બે વાગી ગયા'તા ! એવા પ્રસંગો યાદ આવી જાય.'

'ગઢડામાં હો ત્યારે કયા પ્રસંગો યાદ કરો છો ?'

'અહીં સ્વામી બહુ ઓછું રહેલા. બે-ત્રણ વાર આવવાનું થયેલું. એક તો ભૂમિપૂજન વખતે અહીં બેઠા'તા ત્યારે બધી વાત કરેલી કે 'અહીં મંદિર કરવું છે. આ બાજુ (ગામ ભણી) દરવાજો કરવો છે. પાછળ સાધુની ધર્મશાળા કરવી છે. મંદિરનાં પગથિયાં ઘેલામાં જાય...' વગેરે. કેટલીક વખત અહીં દર્શન કરવા આવ્યા હોય ત્યારે સ્વામી પોતે હાથ કરીને બહુ દૃઢતાથી કહેતા કે 'અહીં મંદિર થશે ! આ ટેકરા પર હું મંદિર જોઉં છું.' એ જ રીતે મોટા મંદિરે દર્શન કરવા જોડે ગયા હોઈએ એય સ્મૃતિ થાય.'

'શાસ્ત્રીજી મહારાજના કયા કયા સંકલ્પોનું આપને અનુસંધાન રહે છે ?'

'ગઢડામાં અહીં દરવાજો કરવો વગેરે...'

'અને યોગીબાપાના એવા કોઈ સંકલ્પ ?'

'યોગીબાપાના સંકલ્પો તો પાર ન આવે એટલા !' આમ કહી હાસ્ય વેરતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'તેઓ જ્યાં હોય ત્યાં સંકલ્પ કરીને ગયા છે. સ્વામીના પૂરા થાય પછી આપણે કરશું.'

'જેમ યોગીબાપાએ સંકલ્પ કર્યા પણ એમણે પૂરા ન કર્યા ને તમારા ઉપર છોડતા ગયા. એમ તમારેય કરી તો રાખવા.'

આ સાંભળી મુક્તપણે હસતાં સ્વામીશ્રી બોલ્યા: 'હું રહીશ ત્યાં સુધી એમના સંકલ્પ પૂરા થવાના નથી. એટલે તમારે બધાએ તૈયાર રહેવાનું જ છે. આખા બ્રહ્માંડમાં સત્સંગ કરાવવાની વાત છે એ ઓછો કંઈ હું પૂરો કરીને જવાનો છું ?'

'બ્રહ્માંડમાં બધાને સત્સંગ કરાવવો એટલે સ્વામિનારાયણનું નામ બધા

જાણતા થાય એ રીતે કે તિલક-ચાંદલા સહિત પૂજા કરતા થાય એ રીતે ?'

'સ્વામિનારાયણને બધા જાણતા થઈ જાય એટલે આપણે જાણ્યું કે 'બધે સત્સંગ થઈ ગયો!' બધા ધર્મોને દુનિયા બધી ઓછી જાણે છે ? મૂળ આપણી વાત બધે પ્રસરી ગઈ ને ઉદ્‌ઘોષ થઈ ગયો એ !'

'આપ પૂજામાં જળ પ્રસાદીનું કરો એ સમયે શું બોલો છો ?'

'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'

'અને પ્રસાદ ધરો ત્યારે ?'

'પ્રાર્થના કરું ને મહારાજ જમો... સ્વામી જમો... એમ બોલીએ. *યથા દેહે તથા દેવે.*'

આમ, સ્વામીશ્રીની પ્રાતઃપૂજાનો પરિમલ પ્રસરી રહ્યો. તેમાંથી તેઓની પરાભક્તિ અને ગુરુભક્તિ મહેકી ઊઠી.

આજ્ઞા જીવના કલ્યાણ માટે જ થાય છે

પ્રાતઃપૂજાનો પરિમલ માણ્યા બાદ સંતોની વાતોએ સાધનાના માર્ગે વળાંક લેતાં સ્વામીશ્રીને પુછાયું: 'બાપા ! મોટાપુરુષનું કાર્ય જોઈએ ત્યારે ઘણી વાર મનુષ્યભાવ આવે કે મોટાપુરુષ આ જાણતા હશે કે નહીં જાણતા હોય ?!'

'એ બધું જ જાણે છે, પરંતુ આપણી રીતે ના થાય એટલે મનુષ્યભાવ આવે ને ! એમની બધી રીત જુદી હોય ને અલૌકિક હોય, એટલે આપણને એનો ખ્યાલ ન આવે. એટલે એક જ વસ્તુ છે કે 'ગુરોરાજ્ઞા હ્યવિચારણીયા.' ગુરુની આજ્ઞામાં વિચાર કે સંકલ્પ કે શંકા નહીં. છતાં આપણને શંકા થાય તો વિચાર કરીએ કે 'એ જે કરે છે તે સારું કરે છે.' એમ પાછી વૃત્તિ વાળવી. બુદ્ધિ છે એટલે આવું થોડું દેખાય, પણ મહારાજ સર્વકર્તા માનીએ પછી એમને વિષે કોઈ દોષ ન આવે. દાદાખાચરનાં ખળાં તણાઈ ગયાં. આપણને થાય કે 'ભક્તની રક્ષા તો કરવી જોઈએ ને !' પણ એમનું ધ્યાન આપણા કરતાં વધારે છે જ.'

સ્વામીશ્રીની આ સ્પષ્ટતા સાંભળી કોઈએ પૂછ્યું: 'બાપા ! અમે કેવી રીતે રહીએ તો અમને અનુભવાય કે આપનો રાજીપો અમારા ઉપર છે ?'

'આજ્ઞામાં વર્તે એટલે બધું થઈ જાય.'

'આજ્ઞા તો પાળીએ જ છીએ.'

'એ આપણા મનથી માની લીધું છે!'

'આપે કહ્યું હોય કે ભણો. ને એ પ્રમાણે ભણતા હોઈએ. એમાં શું મનનું આવ્યું?'

'ભણવામાં પણ થોડું પાછું મનસ્વીપણું આવી જતું હોય. મંઈ બીજી લાઇન આવી જતી હોય.'

'આજ્ઞામાં મનસ્વીપણું થઈ જાય છે એનો સ્પષ્ટ ખ્યાલ આવતો નથી. એ કેવી રીતે આવે?'

'જો એને ભગવાનમાં ને મોટાપુરુષમાં ખરેખર હેત હોય તો એને થાય કે આ મારી ભૂલ થાય છે.'

'કોઈ પણ આજ્ઞા થાય છે તે ખાલી વ્યવસ્થા જાળવવા માટે થાય છે કે જીવની સામે જોઈને થાય છે?'

'આપણે તો આજ્ઞા થાય છે તે એના જીવના કલ્યાણ માટે જ થાય છે. વ્યવસ્થા માટે હોય તોય બધી આજ્ઞામાં એક જ ધ્યેય હોય છે કે 'આપણા જીવનું સારું થાય ને આપણાથી ભગવાનની સેવા થાય' એ દૃષ્ટિ હોય છે. એ વ્યવસ્થા કરે છે એમાં એના જીવનું રૂડું થાય ને એમાંથી એનું આખું પરિવર્તન થાય.'

'કેટલાક એવું માને છે કે સત્પુરુષને વિષે દિવ્યભાવ રાખવો એ ખાલી સંપ્રદાયમાં વ્યવસ્થા જળવાઈ રહે એ માટે જ છે.'

'એ એનો મનસ્વી વિચાર છે. સંપ્રદાયમાં વ્યવસ્થા એટલે શું? સત્પુરુષને બીજો કોઈ સ્વાર્થ છે કે મારી સેવા કરે? મારી મહત્તા વધે?'

'અંગત સ્વાર્થ નહીં પણ સંસ્થાની વ્યવસ્થા માટે હોઈ શકે?'

'વ્યવસ્થા તો એક ભગવાન સાચવનારા છે. આપણે શું વ્યવસ્થા સાચવવાના? આ તો આપણા કલ્યાણ માટેની વાત છે.'

'જેને જે ક્રિયા સોંપવામાં આવે તે એના કલ્યાણ માટે જ હોય છે?'

'હા, કલ્યાણ માટે જ છે! એ જ ધ્યેય છે, બીજું કાંઈ નથી. એને (સત્પુરુષને) કોઈ વ્યવસ્થા કરવાની વાત જ નથી. એ ધારે તો આખા બ્રહ્માંડમાં સત્સંગ કરી નાંખે. આપણે કરીએ કે ન કરીએ તો પણ એનું કંઈ બાકી રહેવાનું છે?'

'કોઈ પણ આજ્ઞા થાય એમાં પાછા પડીએ તો સાધનામાં ખોટ કહેવાય ખરી?'

'હાસ્તો! પાછા પડવાનું કારણ શું? તો એમાં મનુષ્યભાવ આવ્યો! એના વચનમાં વિશ્વાસ ન આવ્યો. નહીં તો આજ્ઞામાં સારધાર જ ઊતરી જવાય ને! પાછો ન પડે.'

'ઘણી વાર ઘણાને એમ લાગે કે 'વ્યવસ્થા તો વ્યવસ્થાપકો કરી દે છે ને આપ તો ખાલી હા કહી દો છો!' એમાં શું સમજવું?'

'એટલા માટે તો કહીએ છીએ કે સીતાની સમજણ રાખો. પછી કંઈ વાંધો આવે ખરો? જેણે કહ્યું હોય એણે! મહારાજ કહે, 'હું તો ઘણા વખત કોઈનું સાંભળું છું, પછી રાજીપો-કુરાજીપો થાય છે. કોઈના કહેવા-સાંભળવાથી થતો નથી.' એ ભાવ આપણને ક્યાં રહે છે?'

'આપ ઘણી વાર ભૂલ સ્પષ્ટપણે કહો છો પણ ત્યારે એને સાચું મનાતું નથી કે 'આ મારી ભૂલ છે.' એનું કારણ શું?'

'કારણ, હજી એમાં એટલી આત્મબુદ્ધિ થઈ નથી એટલે નથી સમજાતું. મિત્રમાં આત્મબુદ્ધિ છે તો એનું સમજાય છે, બૈરાંનું સમજાય છે. દેહ ને દેહના સંબંધીમાં હેત છે એવું દૃઢ હેત સત્પુરુષમાં કરો તો બધું મનાય. એ ન થયું, તો વાતો કરે પણ વાચ્યાર્થ; બોલવા પૂરતું! પણ જો લક્ષ્યાર્થ જ્ઞાન થયું હોય તો કોઈ વાંધો ન આવે.'

'આત્મબુદ્ધિ દૃઢ કરવા શું કરવું?'

'ઊંધુ ઘાલીને એ જે કહે એ કર્યા જ કરવાનું! વિચાર નહીં, સંશય નહીં, સંકલ્પ નહીં.'

'સંસારમાં તો લગ્ન કરે ને તરત આત્મબુદ્ધિ થઈ જાય, જ્યારે અહીં સત્પુરુષમાં કેમ નથી થતી?'

'પેલું અનાદિથી જીવમાં પડેલું છે ને આ નવો ઢાળ છે. આ તો આખું કલેવર બદલવાનું છે. દેહભાવ ટાળીને આત્મભાવ કરવાનો છે. એટલે એકદમ ક્યાંથી થાય? આપણેય વગર ફોગટની પટલાઈ કેટલી ચાલ્યા કરે છે! એમાં કંઈ કહેવું પડે? એમાંથી પાછા વળવું એ જ મોટી વસ્તુ છે. આ જે સાધુતાનો મારગ છે એ દૃઢ થાય તો આત્મબુદ્ધિ સહેજે દૃઢ થઈ જાય.'

'સાધનાને માર્ગે ચઢીએ છીએ, પડીએ છીએ, એમ થયા કરે છે, પણ સાવ પડી નહીં જઈએ તે કેમ જણાય?'

'ભગવાન ને મોટાપુરુષનો અભાવ આવ્યો, એની અરુચિ થઈ ગઈ એ પડ્યો! બેસવાની ડાળ કપાઈ ગઈ એટલે એને પછી પડવાનું જ છે ને!

દૃઢ આત્મબુદ્ધિ થાય પછી ન પડાય. ચઢીએ, પડીએ પણ 'આપણું સારું થવાનું જ છે' એવો દૃઢ નિર્ધાર થઈ જાય પછી વાંધો નહીં.'

'મોટાપુરુષને વિષે આત્મબુદ્ધિ થઈ છે એની પ્રતીતિનાં શા લક્ષણ છે?'

'આજ્ઞા કરી એ કરવા મંડી જ પડે, કોઈ પણ જાતનો વિચાર કર્યા વગર! આજ્ઞા થાય ને આઘું-પાછું થાય ત્યારે આપણને એટલું થાય કે એને આત્મબુદ્ધિ નથી.'

આટલું કહી સમાપન કરતા હોય તેમ સ્વામીશ્રી બોલ્યા :

'મહારાજ-સ્વામી ઘણું કહી ગયા છે. ખુલાસાય થયા છે. મૂળ વિશ્વાસ રાખીને કર્યા કરવું. ધ્યેય એક જ છે કે 'ભગવાન ને સંત સાચા છે અને આપણું સારું જ થવાનું છે!' માટે એમાં બીજો વિચાર ન કરવો. વિક્ષેપ આવ્યા જ કરશે. સમૂહમાં રહેવાનું છે, એકબીજાના સ્વભાવનું ઘર્ષણ છે – એ બધું ચાલવાનું જ છે. એની અંદર આ એક વિચાર જો રાખીએ તો સહન પણ થાય અને ભગવાન ને મોટાપુરુષને વિષે ભાવ પણ રહે. હેત છે ત્યાં સુધી ગમે તે કહે પણ મન પાછું ન પડે. જે થાય છે એ આપણા સારા માટે જ થાય છે.'

ઘેલાના ઘાટે આજે સ્વામીશ્રીએ અપૂર્વ જ્ઞાનગંગા વહાવી દીધી. તેમાં ડૂબનારા સૌ ગાઈ ઊઠ્યા: *'જે જે કે'વાનું હતું તે કહ્યું રે, નથી કેડ્યે કે'વા કાંઈ રહ્યું રે...'*

દિલ ચોખ્ખું રાખીને કામ કરવું

તા. ૧૭/૪ની સવારે મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરીને પ્રદક્ષિણાના પાછળના ભાગમાં પધારેલા સ્વામીશ્રી અહીં શિખરની નીચેના કોતરણીવાળા ભાગને સ્પર્શતાં બોલ્યા: 'આ થરવાળા કહેવાય. શાસ્ત્રીજી મહારાજની થરવાળા કરવાની બહુ ઇચ્છા. હરજીવનદાસને એમ કે થરવાળાને બદલે સીધાં પાટિયાં જ મૂકી દઈએ. પરંતુ શાસ્ત્રીજી મહારાજે આગ્રહથી કરાવ્યા. છેલ્લે અહીં આવ્યા ત્યારેય જોઈને રાજી થયેલા. થરવાળા ઉપર હાથ ફેરવેલો.'

આમ, પથ્થરે-પથ્થરે અને પગલે-પગલે ગુરુની સ્મૃતિ કરતા સ્વામીશ્રીએ આજે તેઓના ઉતારામાં પ્રવેશતી વખતે જાળીની બહારનો ભાગ બતાવી કહ્યું: 'અહીં અને ઠાકોરજી આગળના લીમડે રેતીના ઢગલા પર અમે પડ્યા રહેતા. હરજીવનદાસ સાથે વાતો કરતાં-કરતાં કેટલીય વાર સૂઈ જતા. પાથરવાનું તો શેનું?'

સ્વામીશ્રીએ વેઠેલી અગવડના અધ્યાયો અકલ્પનીય છે, છતાં તેઓ જીવનપર્યંત સૌને સુખ-સગવડની જ લહાણી કરતા રહ્યા એ આશ્ચર્ય !

અહીં ગઢડામાં પણ તેઓએ આ વખતે લહાણનાં વહાણ છોડતાં ધર્મધુરા ધારણ કર્યા બાદ સૌથી વધુ દિવસોનું રોકાણ કર્યું. તે પર પૂર્ણવિરામ મૂકી આજે ગોંડલ તરફ પ્રયાણ કરતાં પૂર્વે સ્વામીશ્રીએ અમૃતધારા વહાવી કે –

''સાથે રહીએ છીએ એટલે એકબીજાને બોલવાનું થાય, મનદુઃખ પણ થાય. પણ જે થયું હોય એ ભૂલી જવું. કોઈ દિ' આંટીની વાત નહીં. જે શબ્દો બોલ્યા હોય એ સંભારવા નહીં. આંટી પડી હોય એ બંનેએ એકબીજાને 'જય સ્વામિનારાયણ' કહી દેવા. મહારાજ માફ કરે. આપણા વિચારો નાના સંતોમાં ન પેસે એ ધ્યાન રાખવું.

દરેકે એ ધ્યાન રાખવું કે કોઠારી એટલે કોઠારી! મુખ્ય માણસની મર્યાદા સચવાવી જ જોઈએ. એ પછી સાંબેલું હોય તો સાંબેલાનેય પગે લાગવું પડે. પાંચ માણસ સાંભળતાં એનું ઘસાતું ન બોલવું. શિસ્ત એટલે શિસ્ત. શિસ્ત, સંગઠન અને મર્યાદા વગર સંસ્થા ટકી ન શકે. સ્ત્રી-ધનનો ત્યાગ પૂરેપૂરો જોઈએ. એમાં ફાંકાં એટલાં ફાંફાં.

મોક્ષ માટે આવ્યા છીએ તો ખટપટ ના કરવી. આપણે જીવનના અંત સુધી દૃઢ કરવું કે 'કોઈ બગાડ પેસે જ નહીં.' સ્વામીએ જે નીમ્યા હોય એની મર્યાદા સચવાવી જ જોઈએ. એ નાનો હોય કે મોટો! એને હલકો પાડીને આપણી મહત્તા ગાવા ન મંડવું. દિલ ચોખ્ખું રાખીને કામ કરવું. આપણા કોઈનો ગરાસ જતો નથી. જે છે એ ભગવાનનું જ છે, એટલે આપણે તો મનની આંટી મૂકવાની જ વાત છે. સંતોમાં સરળતા અગત્યની છે. આપણને પોતાને શાંતિ રહે એટલે દુનિયામાં શાંતિ જ છે.''

હેતે હળી-મળી રહે ભેળા

ગઢડાથી ગોંડલ પધારેલા સ્વામીશ્રીનો લાભ લેવા અહીં આવેલા પરપ્રાંતના કેટલાક બાળકો સેવા-સમાગમથી પરવારી ફાજલ સમયમાં ક્રિકેટ પણ રમી લેતા. આ વાત તા. ૨૩/૪ની સાંજે નીકળી, ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'મને ક્રિકેટમાં જેટલો રસ હતો એટલો જ અત્યારે ઊડી ગયો. હવે મને કંઈ સમજણ ન પડે. બધું ભુલાઈ ગયું. મૂક્યા પછી એનો વિચાર જ ન આયો.'

શ્રીજીમહારાજ કહે છે કે 'સાચો ત્યાગી કોને કહીએ? તો જે પદાર્થનો

ત્યાગ કર્યો હોય તેનો પાછો કોઈ દિવસ મનમાં સંકલ્પ પણ ન થાય. જેમ વિષ્ટાનો ત્યાગ કર્યો છે તેનો પાછો સંકલ્પ થતો નથી, તેમ સંકલ્પ ન થાય.'[૧૪]

પરંતુ આવો અતિશય ત્યાગી સ્વભાવ ધરાવતા સ્વામીશ્રીએ *'હેતે હળી-મળી રહે ભેળા...'*ની રીત અપનાવેલી તે તેઓની કેવળ દયા જ !

આવી દયાના મેઘ અહીં ગોંડલમાં વરસાવી રહેલા તેઓએ જ્યારે જાણ્યું કે 'પરેશ કાપડિયા નામનો એક સ્થાનિક કિશોર એસ.આર.પી. સેન્ટરમાં બપોરે અઢી વાગ્યે બાળ મંડળ ચલાવવા જાય છે.' ત્યારે સ્વામીશ્રીએ એ કિશોરને અલ્પાહાર દરમ્યાન કહ્યું : 'તું જે રીતે નિરૂપણ કરે છે એ મને સંભળાવ.'

આ જ રીતે તેઓ મુંબઈથી આવેલા હરિકૃષ્ણ દવે, ભાવિક સોની, કુમારિલ દવે વગેરે બાળકો પાસે પણ કથામાં કહેવાયેલાં દૃષ્ટાંતો પોતાનાં ભોજન દરમ્યાન બોલાવતા. તેની સાથે તેનો સાર પણ શોધાવે. તેઓની રજૂઆતને ઉમળકાથી બિરદાવવાનું પણ ન ચૂકે.

એક વાર આ બાળકો પૈકીના એકે સ્વામીશ્રીને કહ્યું : 'મને સ્કૂલમાં યોગ શિખવાડે છે.' ત્યારે સ્વામીશ્રીએ 'કર તો, કઈ રીતે યોગ કરે છે એ બતાવ !' કહીને તેની પાસે આસન-પ્રાણાયામ કરાવ્યાં. અંતે તેઓ બોલ્યા : 'કાલે હું આસન કરતો હોઉં ત્યારે બધા બાળકો આવજો અને મારી સાથે ૐ બોલજો. બધાનો એકસાથે એક અવાજ આવવો જોઈએ.'

સ્વામીશ્રીના આ નિમંત્રણથી બાળકો હરખાઈ ઊઠ્યા. પરંતુ જો ન ઊડે તો એ પતંગિયું નહીં, એમ ન લડે તો એ બાળકો નહીં ! તે મુજબ ક્યારેક આ ચંચળ શૈશવ પરસ્પર આખડે-બાખડે ત્યારે સ્વામીશ્રી જ તેઓના વાલી બની પરિસ્થિતિ થાળે પાડતાં સમજાવે કે 'જુઓ, આપણે અહીં સારી પ્રેરણા લેવા આવ્યા છીએ. અહીં તોફાન ન કરાય. સ્વભાવ મૂકવા. હવે ફરિયાદ ન આવવી જોઈએ.'

આવી ટકોર સાથે સ્વામીશ્રી આ શિશુઓને પૂછતા પણ રહે કે 'કંઈ તકલીફ હોય તો કહેજો. મૂંઝાશો નહીં. કંઈ જોઈતું હોય તો મને કહેવું. જમવાનું ન ફાવતું હોય તો કહેજો. ઉતારામાં મચ્છરદાની છે ને ?'

આ બાળકોની રમત ઉતારાની પાછળ આંબલી નીચે કામ કરતા મિસ્ત્રી મોતીભાઈને અડચણરૂપ લાગતી. તેથી તેઓએ એક વાર આ રમતનો વીંટો વળાવી દીધો. ત્યારે સ્વામીશ્રીએ પેલા વયસ્ક ભક્તને બોલાવી છોકરાઓને

---

૧૪. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૮.

રમવા દેવા સમજાવેલા – જાણે મા સંતાનનું ઉપરાણું લે તેમ!

આમ, સ્વાસ્થ્ય કે સત્સંગ, ભક્તિ કે ભોજન – દરેકમાં સ્વામીશ્રીની આવી સ્નેહાળ સંભાળ માણનારા બાળ, કિશોર, યુવક અને વડીલોની સંખ્યા લાખોમાં થવા જાય.

દેહાદિ વસ્તુ તૃણ તુલ્ય લેખે

તા. ૨૬/૪થી હરિભક્ત શ્રી શૈલેશભાઈ અજમેરાના અક્ષરવાસી પુત્ર અક્ષરની પુણ્યસ્મૃતિમાં પારાયણનો પ્રારંભ થઈ રહેલો. તેનો પૂજનવિધિ પોતાની પ્રાતઃપૂજાની સમાંતર જ શરૂ કરાવનારા સ્વામીશ્રીએ મહાપૂજાની વિધિમાં જ્યારે આરતી શરૂ થઈ ત્યારે પોતે પણ ચાલુ પૂજાએ આરતી માંગી અને હરિકૃષ્ણ મહારાજ તથા પૂજામાં પાથરેલી મૂર્તિઓની આરતી ઉતારી.

આવું જ એક વિશિષ્ટ દર્શનદાન સ્વામીશ્રીએ તા. ૨૮/૪ની સવારે પણ આપ્યું.

આ સમયે ભ્રમણ કરવા નીકળેલા તેઓએ આછા બદામી રંગના બૂટ પહેરેલા, પરંતુ તે નવા જોડા ડંખતાં તેઓના બંને પગની પાછલી બાજુની ચામડી લાલ થવા માંડી અને તે ઉખડવાયે લાગી! દર્શનાર્થીઓ આ જોઈ રહ્યા, પણ સ્વામીશ્રી જાણે કશું જ થતું ન હોય એમ એ જ ચાલે પગલાં માંડતા હતા. છેવટે બૂટ બદલવામાં આવ્યા ત્યારે સ્વામીશ્રીએ આશ્ચર્ય વ્યક્ત કરતાં પૂછ્યું કે 'ડંખ બંને પગે છે?'

તેઓના પગમાં પડેલા આ ડંખની ઈજા એવી ઊંડી હતી કે તેઓને થોડા દિવસો સુધી તો ચંપલ પહેરીને ભ્રમણ કરવું પડ્યું; પરંતુ આવા જખમની નોંધ પણ સ્વામીશ્રીએ આજે ન લીધી! તેઓ *'દેહાદિ વસ્તુ તૃણ તુલ્ય લેખે...'*ની રીતે જ રહેતા.

તેની સાથે *'વર્તે છે પંચવ્રત પ્રમાણ...'* જેવું તેઓનું જીવન!

તેથી જ તા. ૨૯/૪ના રોજ આવેલી એકાદશીએ અક્ષર દેરીમાં દર્શન બાદ સ્વામીશ્રીએ ઇશારા દ્વારા દંડવત્ કરવાનું પાથરણું મંગાવ્યું; પરંતુ તે બિછાવનારા વેદસ્વરૂપદાસ સ્વામીએ રજાઈને દેરીની સન્મુખ પાથરી ત્યારે સ્વામીશ્રીએ તેને ડાબી બાજુએ ખસેડાવી, કારણ કે સન્મુખ દંડવત્ કરતી વખતે જાળીની બહાર ઊભેલાં મહિલાઓ અને સ્વામીશ્રી વચ્ચે કોઈ પુરુષ ભક્તો નહોતા.

ધર્મપાલનના આ ખટકા સાથે તેઓએ તા. ૩/૫ની સવારે ખાખરિયા ગામના મંદિરનો ખાતવિધિ સંપન્ન કર્યો.

હરિસેવામાં જે સાવધાન

ગોંડલના રોકાણ દરમ્યાન જ્યારે સ્વામીશ્રી અક્ષર દેરીમાં પ્રદક્ષિણા ફરવા પધારે ત્યારે સંતો પરમહંસોનાં પદો ગાય. આ વખતે પણ એક સાંજે આ ક્રમ ચાલી રહેલો તે સમયે જ થાળ લઈને આવેલા પૂજારીએ રાજભોગને મૂર્તિ સમક્ષ મૂક્યો. આ જોઈ તરત જ થાળનું પદ ઉપાડતાં બ્રહ્મમુનિદાસ સ્વામી ગાવા લાગ્યા: *'વસ્યો છે છોગલાવાળો...'*

પરંતુ તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'ઊભા રહો... ઊભા રહો... પડદો પડવા દો. થાળ પરથી કપડું લેવા દો.'

આ રીતે થાળ વ્યવસ્થિત ગોઠવાઈ જતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'હવે ગાઓ.'

આમ, હરિસેવામાં સાવધાન સ્વામીશ્રી આજની રાત્રે એક સંસ્થાકીય મીટિંગથી પરવાર્યા ત્યારે તેઓ પાસે એક હરિભક્તે કષ્ટ વ્યક્ત કર્યું કે 'મને ઘૂંટણે 'વા' છે. આશીર્વાદ આપો.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'ઘૂંટણ ઉપર ઘી ચોપડી તે પર દેશી થોરનું દૂધ લગાડજો. તે દૂધ પર કાળી ઝીણી માટીનો થથેડો કરી દેજો. તે થોડો સમય રાખી મૂકી પછી કાઢી નાખવું. તે પછી ઘૂંટણ પર ઘી ચોપડી દેવું. એકાંતરે આવું કર્યા કરજો. ત્રણ વારના પ્રયોગમાં ઘણો ફેર પડી જશે.'

આટલો ઉપચાર સૂચવતી વખતે પલાંઠી વાળી બિરાજેલા સ્વામીશ્રીએ પોતાનો જમણો પગ લંબાવી ઘૂંટણ સુધી ધોતિયું ઊંચું કરી, કેવી રીતે દવા ચોપડવી તેનું નિદર્શન પણ કરી આપ્યું. વળી, જણાવ્યું: 'અમારે એક સાધુને અમારો સમાગમ ફળ્યો. એમણે આ પ્રયોગ કર્યો ને 'વા' મટી ગયો! તમેય કરજો.'

દુઆના દેનારા સ્વામીશ્રીએ આજે દવા પણ ચીંધી આપી.[૧૫]

ભક્તો સાથે આવા ઓતપ્રોત તેઓને તા. ૪/૫ની સવારે મળેલા

---

૧૫ સ્વામીશ્રીએ સૂચવેલા આ ઉપચારનું મૂળ આર્યભિષક્ નામના વૈદક શાસ્ત્રમાં મળે છે. તેમ છતાં તેઓએ ચીંધેલો આ ઉપાય નિષ્ણાત વૈદ્ય કે તબીબની સલાહ વિના સ્વતંત્રપણે ન અજમાવવો.

રાજકોટના જોઇન્ટ ચેરિટી કમિશનર શ્રી તળાવિયા તો ગળગળા થઈ કહેવા લાગ્યા: 'હું અત્યારે જે છું એ આપને આભારી છે. હું બારડોલીનો સામાન્ય હળપતિ. ઝૂંપડામાં ઊછરેલો! પણ આપના આશીર્વાદથી જ આટલો ઉપર આવ્યો.'

અનેકનો આ અનુભવ આજે એકના મુખેથી ઊછળી આવ્યો.

ખપવાળાને આંચકો ન લાગે

તા. ૪/૫ની સાંજે ગોંડલથી વિદાય લઈ ભાદરા પધારેલા સ્વામીશ્રીનો સમાગમ કરવા હાલાર ઉપરાંત છેક કચ્છથી પણ ભક્તો દોડી આવ્યા. તે પૈકીનાં જુદાં જુદાં ૨૪ ગામોનાં મંડળોએ પારાયણો નોંધાવી દેતાં અહીં અનેરું કથાસત્ર યોજાઈ ગયું. તેનું સૂત્ર સંભાળનારા સ્વામીશ્રી રોજ સવારે અમૃતધારા વહાવી સૌને તૃપ્ત કરતા. જો કે તેઓને તો ભોજન સમયે પણ ભજનનો દોર ચાલતો રહેતો.

તે અનુસાર તા. ૬/૫ની રાત્રે સ્વામીશ્રી જમવા બિરાજ્યા ત્યારે વંચાતા એક પુસ્તકમાં વર્ણન આવ્યું કે 'શ્રીજીમહારાજે પ્રેમાનંદ સ્વામીને આઠ મહિના સંગીત મુકાવી નિષ્કુળાનંદ સ્વામીના મંડળમાં ફરવા મોકલ્યા.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'સંગીતની વાતમાં સહેજે રજોગુણ આવી જાય, લોકોને રાજી કરવાનું તાન આવી જાય, ભગવાન એક બાજુ રહી જાય ને બાહ્યવૃત્તિ થઈ જાય. સાધુતામાં રહીને કરે તો કેવળ સંગીતમાં મોહ ન થાય! મહારાજે પ્રેમાનંદ સ્વામીને મુકાવ્યું. ખપવાળા હોય તેને મૂકતાં વાર ન લાગે, આંચકો પણ ન લાગે. પહેલું તો સંગીત મૂકવું કઠણ ને પાછું નિષ્કુળાનંદ સ્વામીનો સમાગમ કરવાનો. વૈરાગની મૂર્તિ. એ તો એનાથીય કઠણ પડે, મૂંઝવણ થાય. પણ સંતોને મહારાજનો ખપ હતો એટલે વાંધો ન આવ્યો.'

આ સદ્‌બોધ વહાવનારા સ્વામીશ્રી ભાદરા પધારે ત્યારે તેઓનો ઘણો સમય મંદિરના વિકાસ માટે જરૂરી મકાનોનું સંપાદન કરવાની પ્રક્રિયામાં વીતતો. આ ગતિવિધિના ફલસ્વરૂપે વિસ્તરતી સંકુલની હદ જોવા તેઓ એક વાર તો નીકળે જ!

તે મુજબ તા. ૮/૫ની સાંજે નિરીક્ષણ માટે નીકળેલા સ્વામીશ્રી ધર્મશાળાના જૂના નળિયાંવાળા ઓરડા જોઈ બોલ્યા: 'આ અમારો પહેલાંનો

નિવાસ. પ્રતિષ્ઠા વખતે અહીં પડી રહેતા. બહાર ખુલ્લામાં સૂઈ રહીએ. બાજુમાં જનરલ રસોડું ધમધમે. રૂમમાં તો ખાલી પૂજા જ રાખવાની.'

આકાશ નીચે રહીને આકાશને અડે એવાં મંદિરો બાંધી ગયા છે સ્વામીશ્રી !

એવા જ એક મંદિરના નિર્માણને વેગ આપવા તેઓ તા. ૯/૫ની સાંજે ડાંગરા થઈને રાજકોટ આવી પહોંચ્યા.

સાધુનાં ઘરેણાં

રાજકોટમાં આવતાંવેંત તા. ૧૦/૫ની સવારે સ્વામીશ્રીએ નિર્માણાધીન મંદિરના ઘુમ્મટમાં જતાં જમણા હાથે આવતો સ્તંભ પ્રતિષ્ઠિત કર્યો. તે પછી ઊભાં-ઊભાં જ હાથમાં માઇક લઈ તેઓએ આશીર્વાદ આપ્યા કે 'રાજકોટ સૌરાષ્ટ્રનું કૅપિટલ કહેવાય. શ્રીજીમહારાજ અને અંગ્રેજ ગવર્નર માલ્કમનો ઐતિહાસિક મેળાપ પણ અહીં થયેલો. એના દેશમાં પણ આપણું રાજ, મંદિર થઈ ગયું. અહીં પણ મંદિરનું કામ સારું થયું છે. આજે સ્તંભનું સ્થાપન થયું. એમ આપણા જીવનમાં અક્ષર-પુરુષોત્તમ, યોગીબાપા આપણો આધારસ્તંભ ! બધે ફાંફાં મારવાં જવાનું નથી. આપણા કુટુંબને પણ એ જ નિષ્ઠા કરાવવી.'

સ્તંભ-સ્થાપનનો આ સિદ્ધાંત સમજાવી ઉતારે પધારેલા સ્વામીશ્રી આજની રાત્રે આરામમાં જઈ રહેલા ત્યારે એક સંતે પૂછ્યું: 'સ્વામી! આ વરસાદ વરસતો નથી એનું કારણ શું ?'

'લોકોનું પાપ. વાતાવરણ કેટલું બગાડી નાંખ્યું ! બધાંને ભોગવવું જ છે. આપણે ભગવાનની માળા લઈને બેસવું.'

આમ કહી સામે બેઠેલા એક સંતને સ્વામીશ્રીએ પૂછ્યું: 'તમે માળા ફેરવો છો ?'

'પૂજા વખતે.'

'એ તો આખી દુનિયા ફેરવે છે ! સભામાં પણ માળા લઈને બેસવું. સભામાં ડાફોળિયાં ન મારવાં. મૌન રાખવું.'

આટલી સભાશિસ્ત સમજાવી સ્વામીશ્રીએ ઉમેર્યું: 'ભૂખ્યા થયા હોઈએ ત્યારે એવું થાય છે કે મેસૂબ હોય તો જ જમું ? એમ ભજનની ભૂખ લાગવી જોઈએ. સાધુએ જીવનચરિત્રો વાંચવાનું પણ અંગ રાખવું. એ સાધુનાં ઘરેણાં છે. બીજાં ગપ્પાં મારવાં કરતાં આ વાંચવાની ટેવ પાડવાની જરૂર છે.'

રહે એમાં ઘણી ચતુરાઈ

તા. ૧૧/૫ના રાત્રિભોજન બાદ પત્રવ્યવહારમાં પરોવાયેલા સ્વામીશ્રી સમક્ષ અંગ્રેજીમાં આવેલા પત્રો અંગે પૂછવા બેઠેલા યુવક રથિન રાવલે એક કાગળ ખોલી વાંચવાની શરૂઆત કરી, ત્યાં જ સ્વામીશ્રી બીજો પત્ર વાંચવા લાગ્યા. તે જોઈ પેલા યુવકે વાંચવું બંધ રાખ્યું, ત્યારે સ્વામીશ્રીએ કહ્યું: 'તું તારે બોલ ને!'

'એકસાથે બેય ફાવશે?'

'હા... હા... તું તારું કામ કર, મને બધું જ ફાવશે. અમારે બીજાની ઘોડ્યે (જેમ) એકસાથે એક જ કામ થાય એવું ઓછું છે! જો, આ ત્રીજુંય આયું...' એમ કહેતાં સ્વામીશ્રી ફોન પર વાત પણ કરવા લાગ્યા!

તેઓની આવી શતાવધાની પ્રતિભા તા. ૧૨/૫ની રાત્રે પણ ઝળકી ઊઠી. આ સમયે રવિસભામાં લાભ આપીને ઉતારે પધારેલા સ્વામીશ્રી સમક્ષ સભામાં માળા લઈને બેસવાની વાત નીકળી. તે સંદર્ભમાં સામે બેઠેલા એક ભક્તનો નિર્દેશ કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'એમણે માળા ગળામાં રાખી હતી, પણ સભામાં ફેરવતા ન હતા. કેમ?!'

૮,૦૦૦ ભક્તોથી ચિક્કાર આજની સભામાં આ ભક્તે માળા હાથમાં ન રાખતાં ગળામાં રાખી છે એ સ્વામીશ્રી પારખી ગયેલા!

તેઓની આવી વિચક્ષણતાનો બીજો એક રસપ્રદ દાખલો તા. ૧૩/૫ની સવારે નોંધાયો. આ સમયે દેવનંદનદાસ સ્વામીએ મીણમાં ઢાળેલી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ સ્વામીશ્રી સમક્ષ મૂકી. તેનું નિરીક્ષણ કરી સ્વામીશ્રીએ મૂર્તિના હોઠનો એક તરફ દબાયેલો ખૂણો અને બંને કાનના લેવલમાં પડેલા સૂક્ષ્મ ફેર પ્રત્યે ધ્યાન દોર્યું.

આમ, સકલ-કલા-કોવિદ સમા તેઓ પાસે આ અરસામાં એક ભારત-પ્રવાસી આવી પહોંચ્યા. આ યાત્રિકે ભારતના અમૂલ્ય વારસાની ૬૦,૦૦૦ સ્લાઇડ તૈયાર કરેલી. તેમાંથી કેટલીક અલભ્ય મૂર્તિઓનાં દર્શન સ્વામીશ્રીને કરાવી એ તસવીરકારે વિદાય લીધી ત્યારે રાત્રિના સાડા દસ વાગી ચૂકેલા. તેથી પોઢવા માટે પલંગ પર બિરાજી ગયેલા સ્વામીશ્રી સમક્ષ એક સંત હમણાં જ થયેલા મૂર્તિદર્શનના કાર્યક્રમને સંભારતાં બોલ્યા: 'પેલી બધી મૂર્તિઓ બરાબર, પણ શાંતિલાલ જેવી એકેય મૂર્તિ નહીં!'

'પેલી મૂર્તિઓ તો કેટલી મોંઘી છે! આ મૂર્તિનું તો કાંઈ ઊપજે નહીં.' સ્વામીશ્રીએ કહ્યું.

આ સમયે સંતોએ સમૂહમાં પંક્તિ ગાઈ કે *'કામદુઘા કલ્પતરુ, પારસ ચિંતામણિ ચાર; સંત સમાન એકે નહીં, મેં મનમાં કર્યો વિચાર.'*

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'સંતોએ સારનો સાર કાઢ્યો. મહિમા સમજાયો છે એ સારું છે.'

આમ, પ્રાપ્તિના શબ્દોને અનુમોદન આપતાં સ્વામીશ્રી પોઢ્યા.

તકરાર ના થાય એ તપ

તા. ૧૩/૫ની સવારે કરજણ ગામના સંસ્કારધામનું ખાતમુહૂર્ત કરનારા સ્વામીશ્રીએ રાજકોટના મંદિરમાં સ્તંભ-સ્થાપન કરતી વખતે ઇચ્છા વ્યક્ત કરેલી કે 'જો બીજા થાંભલા તૈયાર હોય તો મૂકવા માંડો. હું બે-ચાર દિવસ અહીંયાં છું. જો મુકાઈ જાય તો જોઈને જવું છે.'

તેઓના આ શબ્દોએ સૌમાં ઉત્સાહની ચિનગારી ચાંપી દેતાં સંતો, યુવકો અને કારીગરો મંડી પડેલા. તેથી બે-ત્રણ મહિને જે કામ થાય તે ફક્ત ત્રણ જ દિવસમાં પૂર્ણતા પામેલું! ૮૬ થાંભલા પર કુંભી, સ્તંભપંક્તિ, કાંટાસરુ, ઠેકી, ભરણી અને ભેટાસરુ ગોઠવાઈને સંપૂર્ણ વેલ ખીલી ગયેલી.

તા. ૧૪/૫ના રોજ આવેલી યોગી જયંતીની સવારે આ રચના જોઈ ખૂબ પ્રસન્ન થયેલા સ્વામીશ્રી આજની સાંજે સુરેન્દ્રનગર પહોંચ્યા.

અહીં પણ મંદિર-નિર્માણનું કાર્ય પૂરજોશમાં ઊપડેલું. આવતાંવેંત તેને વેગ આપવા માંડેલા સ્વામીશ્રી તા. ૧૫/૫ની રાત્રે ભોજન માટે બિરાજ્યા તે વખતે વંચાતા એક અહેવાલમાં યોગીજી મહારાજનું વાક્ય આવ્યું: 'અમે ચાર વાગ્યે ઊઠતા. કંતાન પર સૂતા.'

આ સાંભળી સ્વામીશ્રી સામે બેઠેલા સંતો-ભક્તોને ઉદ્દેશી બોલ્યા: 'ગાદલું વાપરો એનો વાંધો નહીં, પણ કોઈ વાર ન મળે તો ચલાવી લેતાં શીખવું. ન મળે ને તકરાર ના થાય એ તપ!'

તપની આ પ્રાયોગિક અને સુયોગ્ય સમજ આપી સ્વામીશ્રી તા. ૧૮/૫ના રોજ લીંબડી પધાર્યા ત્યારે તેઓએ આ ઉપદેશ અમલમાં પણ મૂકી બતાવ્યો.

અત્રે એક સુવિધાસજ્જ બંગલામાં તેઓનો ઉતારો રાખવામાં આવેલો,

પરંતુ શહેરમાં જો મંદિર હોય તો મોટે ભાગે ત્યાં જ મુકામ કરવાનો સ્વામીશ્રીનો આગ્રહ રહેતો. તેમાં થોડી-ઘણી તકલીફ હોય તોય તેઓ વેઠી લેતા.

લીંબડીમાં એવી જ પરિસ્થિતિ હતી. અહીંના મંદિરમાં ઉપરના માળે રખાયેલા સ્વામીશ્રીના નિવાસ-સ્થાનનું ધાબું વૈશાખના તાપને લીધે સખત તપી જતું. વળી, વીજળીની આવન-જાવનને કારણે ગરમી વધુ અનુભવાતી. તેથી આજની રાત્રે નવ વાગ્યે સ્વામીશ્રી આર્થિક સેવાની લખણી કરવા બિરાજ્યા ત્યારે ગાતરિયું કાઢી ખુલ્લા ડિલે સૌને મળ્યા.

આમ, અગવડભર્યા ઉતારામાં રહીને મહાલય જેવાં મંદિરો આપી જનારા સ્વામીશ્રીનાં તપ અને પરોપકાર – એમના જેવા જ વિશિષ્ટ છે !

દેખ્યો નહીં તુજ સરિખો દયાળ

તા. ૧૯/૫ની સવારે નિત્યક્રમથી પરવારેલા સ્વામીશ્રીને ધારીના મંદિરમાં સોળ વર્ષ સુધી પૂજારીની સેવા કરનારા શ્રી દેવરાજભાઈનો અક્ષરવાસ થયાના સમાચાર મળ્યા. તે સાંભળી સ્વામીશ્રીએ ગોંડલના મંદિરે ફોન જોડાવી સંતોને સૂચના આપી કે 'તમે ધારી જઈ આવજો. દેવરાજભાઈના તેરમાના દા'ડે બે દિવસનું પારાયણ કરાવજો અને છેલ્લે દા'ડે સંસ્થાના ખર્ચે મંડળના બધા હરિભક્તોને જમાડજો.'

સંસ્થાના એક ખૂણે સેવા કરનારા ભક્તને પણ કેવી ઉમદા શ્રદ્ધાંજલિ !

આ રીતે સ્વજનની જેમ ભક્તોના પડખે ઊભા રહેતા સ્વામીશ્રીને હવે જે પાંદરી ગામે જવાનું હતું તે લીંબડીથી પાંચેક કિ.મી.ના જ અંતરે ઊભેલું. પરંતુ ચૂડાના એક હરિભક્તે પોતાના નિર્માણાધીન પેટ્રોલ પંપ પર પગલાં પાડવાની વિનંતી સ્વામીશ્રીને કરી રાખેલી. તેથી તેઓએ ગાડી પ્રથમ એ માર્ગે લેવડાવી. આભની અટારીએ સળગતી વૈશાખી સૂર્યની સગડીને માથે રાખી સ્વામીશ્રી આ એક પધરામણી માટે ૨૫ કિ.મી.નો ફેરો કરી પાંદરી પહોંચ્યા.

અત્રે તેઓ કંતાનની છત ધરાવતા નળિયાંવાળા નાના મંદિરમાં પધરાવેલા ઠાકોરજીનાં પૂજન-આરતી કરી ગામઠી શૈલીથી તૈયાર કરેલા આસન પર સહજપણે બિરાજ્યા. સામે નાનકડી જગ્યામાં ગોઠવાયેલા ભક્તો વચ્ચે કુટુંબીની જેમ જ વાત કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'ભગવાન અને સંત ગરીબનિવાજ છે. ભાવ હોય તો એ બંગલા કરતાં પણ વિશેષ છે. ભાવ છે ત્યાં બધું જ છે. આ ગામનો ભાવ પણ એવો છે.'

આ શબ્દોને સાકાર કરતા સ્વામીશ્રીએ બપોરે ૧૧:૩૦ વાગ્યે અહીંથી વિદાય લેતાં પૂર્વે ભર તડકામાં બે પધરામણીઓ કરી. ત્યારબાદ લીંબડી પહોંચીને તેઓ ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે થાળ જોઈ બોલ્યા: 'સુખડી ક્યાં ગઈ?'

પાંદરીમાં પૂજનના પ્રસંગે ઠાકોરજીને ધરાવેલી સુખડી સંતો અહીં લઈ આવેલા તે વિગત સ્વામીશ્રીના ખ્યાલમાં હતી. એ પ્રસાદ થાળમાં ન જોતાં તેઓએ સામેથી મંગાવ્યો અને સુખડી નહીં, પણ ભક્તોનો ભાવ આરોગ્યો.

આમ, સવારથી રાત સુધી ભક્તોની જ દરકાર કરતા સ્વામીશ્રીને જોઈ સૌ ગાઈ ઊઠતા: *'દેખ્યો નહીં તુજ સરિખો દયાળ...'*

સંત સહુના છે સુખદાઈ

લીંબડીથી ધંધુકા પધારેલા સ્વામીશ્રીના વરદહસ્તે અહીંના નવનિર્મિત મંદિરમાં તા. ૨૦/૫ની સવારે અક્ષર-પુરુષોત્તમ મહારાજની પ્રતિષ્ઠા સંપન્ન થઈ. તે વખતે ભાલના મુખ્ય મથક સમા આ નગરની સ્મૃતિ વાગોળતાં સ્વામીશ્રીએ કહ્યું: 'અમે અહીં ક્રૂડ લેવા ગાડું લઈને આવીએ ત્યારે મહાત્માકાકા(દ્વારકાદાસ)ના જીનમાં ગાડાં છોડીએ. સરકારી કામ હોય તોય અહીં આવવાનું થતું. તે વખતે લગભગ નાનુભાઈ સોનીને ત્યાં જ જમવાનું થાય. ઘણી વાર જૂના મંદિરે પણ રાત રોકાવાનું થાય.'

આ પ્રાસાદિક મંદિર તથા શહેરના રોકડિયા હનુમાનજીના મંદિરે પણ સ્વામીશ્રી અહીંના રોકાણ દરમ્યાન પહોંચ્યા.

ત્યારબાદ તેઓ બપોરે શ્રી મહેન્દ્રભાઈ પટેલના ઘેર જમવા બિરાજ્યા ત્યારે આ દરબારી પંથકની વાતો માંડતાં એક સંત બોલ્યા: 'સ્વામી! જટુભાના ભાઈ પ્રવીણસિંહને બોટાદમાં મકાન જોઈતું હતું...'

હજી તો તે સંતે આમ જણાવ્યું ત્યાં જ સ્વામીશ્રીએ કહ્યું: 'જટુભાના ભાઈ પ્રવીણસિંહ બોલવાને બદલે સીધું પ્રવીણસિંહ બોલો ને! એમના આખા કુટુંબને હું ઓળખું છું. વજુભાના દીકરાઓ કિરીટસિંહ, મંગળસિંહ, જટુભા, પ્રવીણસિંહ, બાબુભા, આપણા શ્રીનિવાસ (સ્વામી) અને જિતુ. વજુભાના ભાઈ ગોવિંદસિંહ બાપુના રણજિતસિંહ, સરદારસિંહ, નરેન્દ્રસિંહ ને દિલીપસિંહ.'

આ ડઝનેક નામ બોલતાં સ્વામીશ્રીને માંડ દસ સેકન્ડ થઈ! તેમાંય વિશેષતા એ રહી કે આ સઘળી નામાવલિ તેઓ તે-તે ભાઈઓની ઉંમર

અનુસાર ઊતરતા ક્રમમાં બિલકુલ બરાબર બોલ્યા !! પિતાને પોતાના પુત્રોનો પરિચય હોય એમ સ્વામીશ્રી એક-એક સત્સંગીને ઓળખતા.

તેઓના આ પ્રેમના પરિઘમાં આજની સાંજે તો નગરના મુસ્લિમ બિરાદરો પણ સમાઈ ગયા.

આ સમયે પ્રસાદ ગ્રહણ કરી રહેલા સ્વામીશ્રી સમક્ષ પ્રતિષ્ઠા મહોત્સવનો અહેવાલ રજૂ કરતાં સંતોએ કહ્યું: 'બપોરે ગામના ૨૦,૦૦૦ ભાવિકો પ્રસાદ જમ્યા.' તેમાં ગામના તત્કાલીન આગેવાનોએ મુસ્લિમ ભાઈઓને જમવા નોતર્યા નહોતા તે વાત પણ થઈ.

આ સાંભળી સ્વામીશ્રીએ તે અગ્રણીઓને બોલાવી જણાવ્યું: "તમે જે કર્યું એ તમારી રીતે બરાબર હશે, પણ હવે મુસલમાન ભાઈઓને પૂછો કે 'તમને બધાને પ્રસાદ મળે એવી અમારા સ્વામીની ઇચ્છા છે.' જો તે બધા સંમત થાય તો ઘર દીઠ બુંદી-ગાંઠિયાનો પ્રસાદ પહોંચાડજો. તે વખતે એમના મુખ્ય માણસોને સાથે રાખજો."

સ્વામીશ્રીની આ વાત જ્યારે ગામના મુસ્લિમોના કાને પહોંચી ત્યારે તેઓને અહોભાવ સાથે આનંદ થયો કે 'બાપાએ અમને સામેથી યાદ કર્યા !'

આ લાગણી સાથે સ્વામીશ્રીએ મોકલાવેલો પ્રસાદ જમનારા તેઓ પણ અનુભવી રહ્યા: *'સંત સહુના છે સુખદાઈ રે...'*

નિષ્ક્રિયતાનું નામોનિશાન નહીં

તા. ૨૦/પની સાંજે ધંધુકાથી વિદાય લઈ બોચાસણ પધારેલા સ્વામીશ્રીએ અહીં ગામના મંદિરમાં તા. ૨૩/પના રોજ રણછોડરાયની પ્રતિષ્ઠા કર્યા બાદ અમદાવાદની વાટ લીધી.

અત્રે ઈસનપુરમાં સંસ્થાએ સંપાદિત કરેલી ભૂમિ પર આજની સાંજે ધર્મલાભ આપનારા તેઓના વરદહસ્તે તા. ૨૪/પની સવારે ચાણક્યપુરીના નૂતન મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજ્યા. અહીંથી પાછા વળતાં સ્વામીશ્રી રસ્તે આવેલા ઓમકારેશ્વર મહાદેવનાં દર્શન કરી મંદિરે પરત પધાર્યા.

પરંતુ આજની સાંજે તેઓ સભામાંથી ઉતારે આવ્યા ત્યારે વીજપ્રવાહ ખોરવાયેલો. છતાં સ્વામીશ્રી અંધારામાં બેસી રહેવાને બદલે ચાર્જેબલ ટ્યૂબલાઇટના અજવાળે ખોળામાં પેડ રાખી પત્રો લખવા માંડ્યા. તે જોઈ

લેખનની અનુકૂળતા રહે તે માટે સ્વામીશ્રી સમક્ષ નાનું ટેબલ ગોઠવી તે પર બત્તી ટેકવવામાં આવી. તેથી સ્વામીશ્રી ટેબલ પર પૅડ મૂકીને લખવા લાગ્યા. પણ થોડી વારમાં ચાર્જેબલ ટ્યૂબનું ઉછીનું ઈંધણ ખૂટ્યું. તે વખતે એક સંતે નાનું ચાંદરણું પડે તેવી બૅટરી ચાલુ કરી. કાગળ પર એક સમયે એક જ જગ્યાએ પડતા આ અજવાળાના નાનકડા કુંડાળે પણ સ્વામીશ્રી પત્રો લખતા રહ્યા. અંધારે લખાયેલા એ પત્રોએ કંઈ કેટલાયનાં જીવનમાં અજવાળાં પાથર્યાં હશે !

સ્વામીશ્રીના પરિશ્રમનો આવો પ્રકાશ તા. ૨૫/૫ના રોજ પણ પથરાયો. આ દિવસની બપોરે સ્વામીશ્રીને એક કામના સંદર્ભે કો'કે કહ્યું : 'આપ બેઠાં બેઠાં જ સંકલ્પ કરો ને ! બધું દૃષ્ટિમાત્રે થઈ જાય.'

પરંતુ આ વાતને ઉડાડતાં સ્વામીશ્રી બોલ્યા : 'બેઠાં-બેઠાં કંઈ થયું છે ? શ્રીજીમહારાજ સાક્ષાત્ આવ્યા તોય ફર ફર કરવું પડ્યું ! શાસ્ત્રીજી મહારાજ અને યોગીબાપાએ પણ કર્યું. એટલે એમનેમ કંઈ થાય નહીં. હાથ-પગ હલાવવા પડે. બેઠાં-બેઠાં સંકલ્પ કરીએ તોય ઊભા થવું જ પડે !'

આ સાંભળી એક સંતે કહ્યું : 'લંડનમાં સંકલ્પમાત્રે મંદિર થયું ને !'

'એ કંઈ બેઠાં બેઠાં ઓછું થયું છે ? પંદર વાર ગયા તો થયું.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓના અધ્યાત્મમાં નિષ્ક્રિયતાનું નામોનિશાન નહોતું. 'क्रियावानेष ब्रह्मविदां वरिष्ठः'[१६] – 'પ્રભુની પ્રસન્નતા માટે પ્રવૃત્તિ કરનારો બ્રહ્મવેત્તાઓમાં ઉત્તમ છે' – તે વૈદિક વાક્ય મુજબ સ્વામીશ્રી બ્રહ્મજ્ઞાનીઓમાં શ્રેષ્ઠ હતા.

આપણે તો એક ભગવાન સાથેનો રાગ

તા. ૨૭/૫ની સવારે મંદિર સંકુલમાં તૈયાર થયેલા અતિથિ-નિવાસ 'અક્ષર મહોલ'નું ઉદ્‌ઘાટન કરી તા. ૨૮/૫ના રોજ હવાઈમાર્ગે સુરત પહોંચેલા સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય અત્રે બે દિવસ સુધી શિથિલ રહ્યું. પરંતુ તેમાં સહેજ સુધારો જણાતાં તા. ૩૧/૫ની સાયંસભામાં ઉપસ્થિત થયેલા તેઓની હાજરીમાં સમર્પણ દિનની જાહેરાત થઈ. તેના અનુસંધાનમાં ઉદ્‌ઘોષક બોલ્યા : 'હરિભક્તો પોતાનું સુવર્ણ સ્વામીશ્રીને અર્પણ કરવા થનગની રહ્યા છે...'

---

૧૬. મુંડક ઉપનિષદ : ૩/૧/૪.

આ સાંભળતાં જ સ્વામીશ્રીએ સુધરાવ્યું કે 'સ્વામીશ્રીને નહીં, ઠાકોરજીને અર્પણ કરી રહ્યા છે એવું બોલો.'

આટલાથી પણ સંતોષ ન થતાં તેઓ આશીર્વાદમાં બોલ્યા: 'અતિ ઉત્સાહમાં આવે પછી ક્યાં કઈ વાત કરવી તેનો ખ્યાલ ન રહે. હમણાં જ પારાયણમાં સાધુના નિયમની વાત કરી કે 'સાધુ કનક-કામિનીથી દૂર રહે છે.' પણ એનાઉન્સ (જાહેરાત) કરનારો કથામાં બેસતો નથી લાગતો. જે કંઈ છે એ ભગવાનનું છે. એમનાં ચરણોમાં જ સમર્પણ કરવાનું છે. સાધુનાં ચરણોમાં ધરવાની વાત હોય જ નહીં. કનક અને કામિની – આ બંને જો રાખે તો એ ત્યાગી નહીં, બેરાગી કહેવાય. એટલે આમેય રાગ ને આમેય રાગ. વર્ણસંકર. આપણે તો એક જ ભગવાન સાથેનો રાગ.'

આમ, *'રૂડી રીતને પાળે પળાવે...'* મુજબ રહેનારા સ્વામીશ્રીનાં દર્શનથી પણ સૌનાં હૈયે ટાઢક વળતી. તેના એક અનુભવીએ તા. ૧/૬ની રાત્રે આવીને સ્વામીશ્રીને જ કહ્યું: 'મને હજી આ સંસ્થા કે સત્સંગ પ્રત્યે જોઈએ એવું આકર્ષણ થતું નથી, પરંતુ આપનાં દર્શનનું મને અત્યંત આકર્ષણ થાય છે. આપને જોઈને ગદ્‌ગદ થઈ જવાય છે.'

સ્વામીશ્રીની આવી સાધુતાનાં હીર-નૂરમાં પરવાના થઈને હોમાયેલા સુરતી ભક્તોએ તા. ૨/૬ના રોજ ધામધૂમથી સમર્પણ સમારોહ યોજ્યો. તેના પ્રથમ ચરણમાં આજની સવારે એક મુમુક્ષુને દીક્ષિત કરી સ્વામીશ્રી સાયંસભામાં પધાર્યા ત્યારે બાઈ-ભાઈ સત્સંગીઓએ અગાઉથી લખાવેલાં દાન ઉપરાંત પહેરેલાં ઘરેણાં પણ ઠાકોરજીને ધરી દઈ કૃષ્ણાર્પણનો કિનારો દેખાડી દીધો!

તે જોઈ સ્વામીશ્રી બોલી ઊઠ્યા: 'ભગવાન ને સંત રાજી થાય એ રીતે કરવું એ મોટામાં મોટો ભીડો છે. આપ બધાંએ એવું કર્યું છે. સુરતનો સત્સંગ જોઈએ છીએ ત્યારે લોયાનું ત્રીજું વચનામૃત સૌએ સિદ્ધ કરેલું અનુભવાય છે. ભીડામાંયે ચઢતો ને ચઢતો રંગ રાખ્યો છે.'

કોઈનું અહિત થાય એવું આપણે ક્યારેય કરતા નથી

તા. ૩/૬ની સાંજે સુરતથી ડુમ્મસ પધારેલા સ્વામીશ્રી પાસે તા. ૫/૬ની બપોરે એક લકવાગ્રસ્ત ભાવિક આવ્યા. આંખે ઑપરેશન કરાવેલું હોવાથી ગોઝપીસ સાથેની પટ્ટી મારીને આવેલા તેઓ બોલ્યા: 'બાપા! આપના હાથે

આંખની આ પટ્ટી ખોલી આપો ને !'

...અને સરળ-પ્રેમાળ સ્વામીશ્રીએ એ સામાન્ય જનની આંખ આગળનું આવરણ દૂર કરી આપ્યું. તે વખતે એ આગંતુકની જ નહીં, પણ સૌની આંખો સમક્ષ સ્વામીશ્રીની 'વત્સલ મૂરત, સ્નેહલ સૂરત' ખડી થઈ ગઈ.

આ મૂરતની મોહિની તા. ૬/૬થી નવસારીમાં પ્રસરવા લાગી. અત્રે આજની સવારે પધારેલા સ્વામીશ્રીએ કેજલ સાર્વજનિક હૉસ્પિટલનો ખાતવિધિ કરી ઉપકાર-ગંગાનું એક વહેણ વહાવી દીધું. આ હૉસ્પિટલના નિર્માણમાં તેઓની પ્રેરણાથી અમેરિકાના શ્રી વિનોદભાઈ પટેલે મોટું યોગદાન આપેલું.

આવો સેવાભાવી સમાજ તૈયાર કરવાની સાથે સ્વામીશ્રી સહનશીલતાની મૂર્તિઓ પણ ઘડતા. તેઓએ કંડારેલી આવી કેટલીક પ્રતિમાઓની એક ખાસ સભા આજની સાંજે આપણા મંદિરે યોજાયેલી. તેમાં બેઠેલા કો'કના હાથે, પગે કે માથે પાટા બાંધેલા. કો'કના ચહેરા ઉઝરડાયેલા હતા, તો કો'કની આંખો સૂજેલી હતી. એ સભામાં કેટલીક વીરાંગનાઓ પણ હતી, જેણે કોસંબામાં નિર્માણાધીન મંદિર સામે અણસમજથી ઊભા થયેલા વિરોધના વાવાઝોડાને પોતાની શાંત તાકાતથી પડકારેલું. જડબાતોડ જવાબ આપવા સક્ષમ કોસંબાનાં આ યુવા-યુવતીઓએ શૂરવીરતાનાં શસ્ત્રોને ધીરજ અને સહનશીલતાનાં મ્યાનમાં પૂરી દઈ એક દાખલો બેસાડેલો.

મંદિરના પક્ષધર આ યુવા-યુવતીઓને સંબોધતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'આપ બધાંને ધન્યવાદ છે. તમે જે સહન કરો છો અને જે મુશ્કેલી વેઠો છો એ જોઈ અમને પણ દુ:ખ થાય છે. અમારે લઈને તમારે કષ્ટ સહન કરવું પડ્યું છે, પણ તમે રાજી રહેજો. કોઈનું અહિત થાય એવું આપણે ક્યારેય કરતા નથી, પણ ગેરસમજને લઈ એવાં તત્ત્વોને લીધે આ બધું થયું છે! આપણે ધીરજ રાખી છે તો હજી રાખશો. આપણે પ્રાર્થના કરો કે 'એમના ખરાબ વિચારો દૂર થાય.' એ વિરોધ ભલે કરે, આપણને કંઈ નહીં થાય ને વિરોધ કરનારા પૂજવા માટે આવશે, સત્સંગ કરતા થશે. તમે સહન કર્યું છે એટલે સામેવાળા પીગળશે. તમારો જય થશે.'

સ્વામીશ્રીના આ શબ્દોમાં એવાં હેત અને હૂંફ હતાં કે કેટલાંય યુવા-યુવતીઓની આંખો ઊભરાઈ આવી. તેની સાથે આજે સ્વામીશ્રીની ક્ષમા-ભાવનાનો એક નવો સીમાડો પણ દેખાઈ રહ્યો.

ભીડાભક્તિ એ જ વિશ્રામ

'આપના આશીર્વાદ ક્યારેય નિષ્ફળ નથી જતા. અમે આશીર્વાદ લઈને કૅન્સર હૉસ્પિટલ માટે ગયા ને દાનનો જે પ્રવાહ આવ્યો એમાં અમને પણ આશ્ચર્ય થાય છે!' નવસારીમાં સ્વામીશ્રીને મળેલા ડૉ. પ્રભુભાઈની આ પ્રતીતિ.

'હું ૨૨ વર્ષથી તમાકુ ખાતો હતો, પરંતુ અમદાવાદમાં એક વાર આપનાં દર્શને આવ્યો અને આપે મને આ વ્યસન છોડાવ્યું. ત્યારથી આજ સુધી અડવાનું મન જ થતું નથી.' નવસારીમાં નિયુક્તિ પામેલા એક મહારાષ્ટ્રીયન જજનો આ જાત અનુભવ.

આવી કંઈક અનુભૂતિઓથી સૌને અમીર કરતા સ્વામીશ્રી તા. ૮/૬ની સાંજે નવસારીથી વિદાય લઈ સેલવાસ પહોંચ્યા ત્યારે અહીં પણ એક દર્શનાર્થી બોલી ઊઠ્યા: 'તમારાં દર્શન કરતાં થાકતો નથી, તરસ છીપતી જ નથી.'

આવા સદા દર્શનીય સ્વામીશ્રી તા. ૯/૬ની સવારે આદિવાસી ગામ રખોલીના આંગણે પધાર્યા. અહીંના નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કરી તેઓએ અમૃતધારા વહાવી કે –

'આપ બધા આમ ગરીબ છો, પણ ગરીબ નથી. જેને ભગવાન, સંત અને સત્સંગ નથી મળ્યા એ ગરીબ છે. આપણને તો એ મળ્યા છે. તમે અહીં ભજન, કીર્તન કરો છો તો આજે ભગવાન સામેથી બેસવા આવ્યા. આપણે ભગવાનને રાખીએ તો કોઈ ભય નથી. આ મંદિરે જે દર્શન કરશે એના સંકલ્પ સિદ્ધ થશે.'

આ વરદાન સાથે આજે આ પંથકની સુખાકારી માટે ઍમ્બ્યુલન્સ સેવાની ભેટ આપી સ્વામીશ્રી તા. ૧૧/૬ની બપોરે એક વાગ્યે મુંબઈ પધારી ગયા.

અત્રે દર્શન બાદ તેઓ સભામંડપમાં બિરાજ્યા ત્યારે કથા કરી રહેલા વક્તા સંત બોલ્યા: 'સ્વામીશ્રી અહીં વિશ્રામ લેવા પધાર્યા છે.'

આ મુદ્દાને પોતાના આશીર્વાદનો વિષય બનાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'હમણાં કહ્યું કે વિશ્રામ લેવા આ'યા છે. પણ આપણે તો ભીડાભક્તિ એ જ વિશ્રામ. કથા-વાર્તા, ભજનનો ભીડો એ ભીડો ન કહેવાય. એમાં જ વિશ્રામ પામવાનું છે.'

સ્વામીશ્રીના મુખેથી વિશ્રામની વિશિષ્ટ વ્યાખ્યા સરી પડી.

બધે જ અક્ષરધામ માનીએ છીએ

મુંબઈમાં આગમનની સાંજે દર્શને આવેલા હરિભક્ત શ્રી હીરાભાઈ પરીખે વાતચીતમાં સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા! આપને મુંબઈમાં વધારે સુખ આવે છે ને ?!'

'અમે તો બધે જ અક્ષરધામ માનીએ છીએ, પછી બધે જ સુખ હોય ને! દુઃખ ક્યાંથી હોય ?' સ્વામીશ્રી કેફથી બોલ્યા.

*'સંત સુખિયા સદા, દુઃખ નવ ધરે કદા...'*ની તેઓની સ્થિતિનું રહસ્ય આજે અનાયાસે ઊઘડી ગયું. તેનું બીજું પાસું પણ આજની રાત્રે ખૂલ્યું.

આ સમયે લંડનવાસી યુવક શ્રી તરુણે પૂછ્યું : 'બાપા! તબિયત કેમ છે ?'

'લે, નાડી જોઈ લે.' હાથ લાંબો કરતાં સ્વામીશ્રી બોલ્યા.

ત્યારે તે યુવકે કહ્યું : 'આ તો અમારા જેવા બહુ દુઃખ આપતા હોય એટલે આપને પૂછવું પડે.'

'કોઈ દુઃખ આપતું જ નથી ને અમે લેતાંય નથી. બધું ભગવાન ઉપર નાંખી દઈએ છીએ. આ તો શરીર છે ને અવસ્થા થાય એટલે બધું થયા કરે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

ભગવાનના આધારે જીવતા તેઓને કોઈ દુઃખી કરી શકે એમ નહોતું.

સુખદાયક એ સહુના

આ અરસામાં સ્વામીશ્રીની સત્તરમી વિદેશયાત્રાના પ્રારંભનો દિવસ નજીક આવી ગયો હોવાથી મુલાકાતીઓની ભીડ બેહદ ઊભરાવા માંડેલી. તેથી તા. ૧૫/૬ની સવારે તો સ્વામીશ્રી અલ્પાહાર પહેલાં જ ૩૦૦ ભાવિકોને મળ્યા અને અલ્પાહાર પછી ૨૦૦થી વધુને! દુનિયાની કઈ વ્યક્તિના બે કાને આટલી સહાનુભૂતિ સાથે વેદના-સંવેદના સાંભળી હશે ?

પરંતુ મુલાકાતીઓની સંખ્યા કરતાંયે મુલાકાત વખતે નીખરતી સ્વામીશ્રીની કાળજી વધુ ધ્યાનાકર્ષક બની રહેતી.

તા. ૧૬/૬ના રોજ તો રવિવાર હોવાથી મળનારાઓનો ધસારો ખાસ્સો હતો. તેમાં એક હરિભક્ત શ્રી બારિયાની સાથે આવેલો તેઓનો નાનકડો પૌત્ર ઊંચા આસને બેઠેલા સ્વામીશ્રી સુધી પહોંચી શકે એમ નહોતો. તેથી તે પોતાની કંઠી ખમીસની બહાર કાઢતાં ઊંચે સાદે બોલ્યો : 'પ્રમુખસ્વામી! આ

મારી કંઠી તો જુઓ, કેવી થઈ ગઈ છે !'

આ સાંભળી એ બાળકનો મનોભાવ કળી ગયેલા સ્વામીશ્રીએ સહેજ નીચા નમીને કહ્યું : 'ઓહો ! આ તો બહુ ગંદી થઈ ગઈ છે. લાવ, બીજી પહેરાવું.'

બાળકને આ જ જોઈતું હતું ! તે મળતાં એ ખુશ થતો ચાલી નીકળ્યો.

આવો જ આનંદ આજે એક આધેડ વ્યક્તિ પણ અનુભવી રહી.

હાથમાં બેગ પકડીને આવેલા તેઓ સ્વામીશ્રીને મળી આગળ વધ્યા ત્યારે તેઓના હાથ ખાલી હતા, પરંતુ તે દૂર જાય તે પહેલાં જ સ્વામીશ્રીએ તેઓને પૂછ્યું : 'આ બેગ કોની છે ?'

આ વખતે એ આગંતુકને ખ્યાલ આવ્યો કે તેઓએ વાત કરતી વખતે ઉતાવળમાં પોતાની બેગ સ્વામીશ્રીના હાથમાં પકડાવી દીધેલી અને સ્વામીશ્રીએ તેને વાર્તાલાપ દરમ્યાન પકડી રાખેલી ! સ્વામીશ્રીની આ સરળતા જોઈ એ અતિથિ શરમિંદા બની રહ્યા.

મુલાકાતના આ ક્રમમાં સિંધી ભાવિક શ્રી માધુભાઈ આહુજા પણ એક હતા. તેઓએ પોતાનો જમણો હાથ લાંબો કરતાં સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! આ હાથ દુ:ખે છે.'

'દેખો, મેરેકું ભી દુખતા હૈ. ઊંચા નહીં હોતા.' આમ કહી તેઓ તરફ ડાબો હાથ લંબાવતાં સ્વામીશ્રી બોલ્યા : 'આપ યહાં હાથ ફેરવો. અચ્છા હો જાયે.'

આ વાક્યમાં રહેલો મર્મ ન પામનારા પેલા ભાવિકે સ્વામીશ્રીના ડાબે હાથે પોતાનો હાથ ફેરવી આપ્યો. તેઓની આ ભોળપ જોઈ સૌ હસી પડ્યા.

પોતાના જીવનકાળ દરમ્યાન સ્વામીશ્રી લાખોને મળેલા – આવાં જ હેત અને હળવાશથી !

सरकार भी ऐसा नहीं कर सकती

તા. ૧૮/૬ના રોજ આવેલી અધિક આષાઢી બીજની સવારે ખજુરાહો વિમાનને નિમિત્ત બનાવી પોતાનો ધર્મરથ વિશ્વની વાટે વહેતો કરતા હોય, તેમ સ્વામીશ્રીએ આજથી વિદેશયાત્રાનો પ્રારંભ કર્યો. આ હવાઈ રથે એક જ આકાશી છલાંગમાં ૭,૨૧૯ કિ.મી.નું અંતર કાપી સ્થાનિક સમય અનુસાર બપોરે ૧:૩૨ વાગ્યે લંડનમાં ઉતરાણ કર્યું.

સ્વામીશ્રીના આ આગમનને સત્સંગીઓ ઉપરાંત અહીંના મંદિરથી પ્રભાવિત કંઈક ભાવિકોએ ઉમંગથી વધાવ્યું. હજી તો એક વર્ષ પણ પૂરું

ન કરનારા લંડનના મંદિરે વિદેશમાં ઊભું કરેલું હિંદનું હવામાન સૌને સ્વામીશ્રીનો મહિમા સવિશેષ સમજાવી રહેલું. તેથી આકર્ષાઈને ઈંગ્લેન્ડના તત્કાલીન વિપક્ષ નેતા શ્રી ટોની બ્લેર પણ તા. ૨૧/૬ના રોજ દર્શને આવવાના હતા. તેઓના કાર્યક્રમની વિગત આપતાં એક કાર્યકરે સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! આ સભામાં બધા જ મુખ્ય ઉદ્યોગપતિઓ, ધનપતિઓ વગેરેને બોલાવ્યા છે. તે જોઈ ટોની બ્લેરને થઈ જાય કે આ બધાયના ગુરુ પ્રમુખસ્વામી છે !'

'ગુરુની વાત નહીં, પણ દરેકને એમ થવું જોઈએ કે આ હિંદુઓનું સ્થાન છે, અહીં સંસ્કૃતિની વાત છે અને સંસ્કાર આપવામાં આવે છે. એ થાય તે જોવું.' આયોજનને દિશા આપતાં સ્વામીશ્રી બોલ્યા.

સ્વયં નહીં, પરંતુ સંસ્કૃતિ આગળ આવે તેમાં તેઓને રસ.

આ હેતુસર અત્રે પધારેલા સ્વામીશ્રીની ભવ્ય સ્વાગત સભા તા. ૧૯/૬ની સાંજે સંપન્ન થઈ. તેમાં ઉપસ્થિત ખ્યાતનામ ઉદ્યોગપતિ શ્રી લક્ષ્મી-નિવાસ મિત્તલે સભા બાદ સ્વામીશ્રીને કહ્યું : 'आपका प्रवचन सुना। बहुत अच्छा लगा। मैंने विश्व में कहीं ऐसा मंदिर नहीं देखा! सरकार भी ऐसा नहीं कर सकती। यहाँ आपकी इतनी मानता (प्रभाव) है कि जब देखूँ तब इतना बड़ा हॉल भरा ही रहता है।'

સ્વામીશ્રીના કાર્યનું તેજ અનુભવી આ 'સ્ટીલ કિંગ' સાચે જ પીગળી ગયા.

મંદિરની આવી જ અસરદાર અનુભૂતિનો સ્પર્શ તા. ૨૧/૬ના રોજ શ્રી ટોની બ્લેર પામ્યા. ૪૨ વર્ષનું આ સશક્ત નેતૃત્વ જીવનમાં પહેલી જ વાર કોઈ ધર્મગુરુને નમી રહેલું. મંદિર જોયા બાદ તેના સર્જનહારને જોવાની અભીપ્સા સંતોષાતાં તેઓ ખૂબ ખુશ હતા. એ ખુશી સાથે જ તેઓએ સ્વામીશ્રીને કહ્યું : 'મને આશીર્વાદની ઇચ્છા છે, કારણ કે મારે સારું કામ કરવું છે.'

તેઓના આ શબ્દો પાછળ છુપાયેલી ભાવનાને વાચા આપતાં એક સત્સંગીએ જણાવ્યું : 'બાપા ! તેઓ અહીંના વડાપ્રધાન થાય તેવા આશીર્વાદ આપો.'

'આશીર્વાદ છે, થઈ જવાશે. મહારાજને પ્રાર્થના !' સ્વામીશ્રીના મુખેથી અમોઘ વાણી સરી પડી.[૧૭]

---

૧૭. શ્રી ટોની બ્લેરે તા. ૨/૫/૧૯૯૭ના રોજ બ્રિટનના વડાપ્રધાન તરીકે સત્તાનાં સૂત્રો સંભાળ્યાં ત્યારે સૌને સ્વામીશ્રીના આ આશીર્વાદનો મર્મ વિશેષ સમજાયો.

આ આશીર્વાદ ઝીલી શ્રી બ્લેર સભામાં પહોંચ્યા ત્યારે અહીં સ્વામીશ્રી માટે હજારો ભક્તોની આંખોમાં ઊભરાયેલો પ્રેમ જોઈ તેઓ અવાક્ બની ગયા. આ પ્રસંગે હાજર રહેલા અનેક શ્રેષ્ઠીઓ, સાંસદો અને ભક્તમેદનીને સંબોધતાં તેઓએ જણાવ્યું:

"હું ખરેખર મંત્રમુગ્ધ છું. મેં મારા જીવન દરમ્યાન આ મંદિર જેવું સુંદર સ્થાપત્ય જોયું નથી. હું હૃદયપૂર્વક કહું છું કે 'સ્વામીજીમાં મને નમ્રતા, સામર્થ્ય અને ભગવાનપણાની પ્રતીતિ થઈ રહી છે.' ભલે હું ખ્રિસ્તી છું, પણ મને ગમતો સહિષ્ણુતા, સર્વધર્મ-સમાદરનો ભાવ મને અહીંથી શીખવા મળ્યો! પ્રદર્શનમાં જોયેલું સાદું, સામર્થ્યથી ભરેલું અને બીજાના ઉત્કર્ષ માટેનું ભગવાન સ્વામિનારાયણનું જીવન અતિ અસાધારણ લાગે છે. અત્યારે એ જ ભાવનાઓ પ્રમુખસ્વામીમાં જીવંત જણાય છે. તેઓ સાથેની આજની મારી મુલાકાત મારા રાજકારણમાં મોટો ભાગ ભજવશે."

हिंदुओं की नाक ऊँची हो गई

લંડનના રોકાણ દરમ્યાન ચાલતી થયેલી નવું ચોકઠું નિર્માણ કરવાની પ્રક્રિયાના ભાગરૂપે સ્વામીશ્રી તા. ૨૨/૬ની સવારે ડૉ. બ્રાયન સ્મિથના દવાખાને પધાર્યા. અહીં ભાવ અને ચોકસાઈનો સુમેળ રાખી સારવાર કરવા માંડેલા આ તબીબ અમુક કાર્યવાહી માટે જરૂરી એવું સ્વામીશ્રીના મસ્તકનું માપ લેતાં બોલ્યા: 'સ્વામીજીની બ્રેઇન સાઇઝ બીજા લોકો કરતાં મોટી છે.'

આ અભિપ્રાય બાદ એ વિલાયતી ડૉક્ટરે ચોક્કસ માપ લેવા સ્વામીશ્રીના મુખમાં મીણનાં ચોકઠાં મૂક્યાં અને તે લેશ પણ ન હલે તેમ દબાવી રાખવા કહ્યું. આદેશને અનુસરવામાં તો સ્વામીશ્રીને સારી ફાવટ! તેથી તેઓ બિલકુલ હાલ્યા-ચાલ્યા વગર બેસી રહ્યા. તે જોઈ તાજ્જુબ થયેલા ડૉક્ટર બાજુમાં ઊભેલા સંતોને કહેવા લાગ્યા: 'મારા જીવનમાં મેં જેટલા દર્દીઓ જોયા છે તેમાં સ્વામીશ્રી અપવાદરૂપે જ હોય તેટલા શાંત, અતિ શાંત દર્દી છે.'

સ્વામીશ્રીની આવી આગવી આભાનો અનુભવ આજની સાંજે સુપ્રસિદ્ધ ઉદ્યોગપતિ શ્રી જી. પી. બિરલા પણ કરી રહ્યા. સ્વામીશ્રીને મળતાં જ તેઓ મંદિરનો મહિમા ગાવા લાગ્યા કે 'बड़ी अद्‌भुत चीज़ बन गई। इतना बड़ा हो गया कि हिंदुओं की नाक ऊँची हो गई। बहुत शांति मिली।'

'यहाँ लंदन में भी आपके दादाजी ने बड़ा मंदिर करने का संकल्प

किया था। वो नहीं हुआ तो भगवान ने दूसरी रीत (अन्य प्रकार) से संकल्प पूरा किया।' સ્વામીશ્રીનો આ પ્રતિભાવ શ્રી બિરલાને ચકિત અને આનંદિત કરી ગયો.

એ જ અવસ્થામાં તેઓએ અહોભાવ ઉચ્ચાર્યો કે 'इस देश में तो ऐसा करना बहुत ही मुश्किल काम है। यहाँ तो मंदिर में स्टील का भी उपयोग नहीं किया, वो बड़े आश्चर्य की बात है! इतना वज़न स्टील के बिना कैसे रह सकता है?!'

પોતાનાં દિલ-દિમાગ પર છવાયેલા મંદિરના આ પ્રભાવની અસર તળે જ શ્રી બિરલાએ વધુમાં કહ્યું: 'तीन साल में इतना बड़ा काम करना वो भगवान की कृपा के बिना हो नहीं सकता। सबसे बड़ा तो आपने ये किया कि बड़ा जिम्नेशियम (sports hall) बना दिया। बालक आएँ तो जाने का नाम नहीं लेंगे। बहुत युनिक आइडिया (मौलिक विचार) है।'

આ જ રીતે તા. ૨૪/૬ની સાંજે આવેલા મોદી ઇન્ટરનેશનલ કંપનીના ચૅરમેન શ્રી બી. કે. મોદીએ સ્વામીશ્રીને જણાવ્યું: 'आज तो मंदिर में सब देखा। आपने पूरे हिन्दुस्तान का नाम बढ़ा दिया। पूरे पश्चिम में भारत की इज्ज़त बढ़ा दी। यहाँ लंदन में ध्वज गाड़ दिया।'

સ્વામીશ્રીએ ખડા કરેલા હિંદુત્વના હિમાલય જેવા મંદિરને નીરખનારા શબ્દે-શબ્દે અહોભાવ ઘૂંટતા જ રહેતા.

ભેખ લે ત્યારે કામ થાય

લંડનમાં સ્વામીશ્રી પધાર્યા ત્યારથી ભક્તો માટે તો મંદિર જ રહેઠાણ બની ગયેલું. પાર્કિંગ વિભાગમાં પહેલી ગાડી સવારે પાંચેક વાગ્યે ગોઠવાઈ જતી અને છેલ્લી ગાડી રાત્રે અગિયારેક વાગ્યે નીકળતી.

સૌનો આ ભક્તિભાવ ઝીલતા સ્વામીશ્રી પણ ઠાકોરજીનાં દર્શન કરવા પધારે ત્યારે મૂર્તિઓમાં તલ્લીન થઈ જતા. તેનાં શોભા-શણગારની સાથે સાનુકૂળતાનું પણ ધ્યાન રખાવતા. ક્યારેક તો ભક્તિના વેગમાં ખેંચાઈને પોતે જ સેવામાં પરોવાઈ જતા.

આ ક્રમમાં તા. ૨૫/૬ની સવારે સ્વામીશ્રીએ જોયું કે શાસ્ત્રીજી મહારાજને ધારણ કરાવેલું ગાતરિયું હથેળીઓને પણ ઢાંકી રહ્યું છે, ત્યારે તેઓએ કોઈને કહ્યા વિના જ નજીક જઈ તે વસ્ત્રને વ્યવસ્થિત કરી દીધું!

આ ગુરુભક્તિ સાથે સ્વામીશ્રીએ તા. ૨૫/૬ની રાત્રે નિષ્ઠાવાન અગ્રણીઓને પ્રેરક માર્ગદર્શન આપતાં જણાવ્યું કે 'અત્યારે તમે અહીંયાં એવા આજીવન સેવકો તૈયાર કરો, જે સત્સંગ માટે ફર્યા જ કરે. આપણે કેટલા ભોગ આપવા તૈયાર છીએ? બૈરાં, છોકરાં, પૈસા છૂટતાં જ નથી. રિટાયર્ડ થાય તો પણ બહાર નીકળવા તૈયાર નથી થતા. મહિનો-મહિનો ભેગા વાતો સાંભળે તોય કોઈને રંગ ચડતો નથી! ફ્રેન્ચ, પોર્ટુગલ (પોર્ટુગીઝ) બધી ભાષામાં તૈયાર થાય. વરસ-દા'ડાની ટ્રેનિંગ આપો. પછી બહાર નીકળાય. અમથા આંટા મારીને પાછા આવવાનું હોય તેમાં કામ ન થાય. જેમ અંગ્રેજોએ અહીંથી દુનિયામાં રાજ કરેલું, તો આપણે પણ તેના રાજ્યમાંથી જ શરૂ કરો. અહીં કોઠી સ્થાપી દીધી છે. કથા, પ્રવચન, કીર્તન બધાંમાં તૈયાર થાય પછી ટુકડી પાડીને નીકળો તો બધું રંગાવા માંડે.'

સ્વામીશ્રી સત્સંગ-વિસ્તારનું આ આયોજન આપી રહેલા ત્યાં જ એક હરિભક્ત બોલ્યા: 'બાપા! દૃષ્ટિ કરો તો થઈ જાય.'

'દૃષ્ટિ તો છે જ, પણ આપણામાં એવી અસ્મિતા નથી. જેમ દેશને માટે ભેખ લે છે, તેમ કરે ત્યારે કામ થાય છે. આપણે તો જ્ઞાનમાં પણ તૈયાર નથી. બે પ્રશ્ન પૂછે તો ફેં ફેં ફીફાં પડી જાય. અભ્યાસ જ નથી તો જ્ઞાન ક્યાંથી થાય?'

સ્વામીશ્રીએ આજે જાગૃતિનો શંખ ફૂંકી દીધો.

સઘળી વિદ્યા તણા ધામ છે

તા. ૨૮/૬ની સવારે સ્વામિનારાયણ સ્કૂલની સભામાં પધારેલા સ્વામીશ્રીએ સૌ છાત્રો પર આશીર્વાદ વરસાવતાં પ્રથમ પૂછ્યું: 'જય સ્વામિનારાયણ! આર યુ હેપી?' (તમે બધા રાજી છો?)

'હાઆઆઆ...' લાક્ષણિક લહેકામાં બાળકો બોલ્યા.

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું: 'હું (ગુજરાતીમાં) બોલીશ એ તમને (અંગ્રેજી માધ્યમવાળાને) સમજાશે નહીં, તેમાં શું હેપી? એટલે આપણે તો દર્શન-પર્શન મોટો જગન!' આમ કહી સ્વામીશ્રીએ વિદ્યાર્થીઓ અને શિક્ષકો – બંનેને તેઓની ફરજ પ્રત્યે સભાન કરતો ઉપદેશ આપ્યો.

ત્યારબાદ તેઓએ સંભળાવેલી વાતોનું અંગ્રેજી ભાષાંતર આત્મસ્વરૂપદાસ સ્વામીએ શરૂ કર્યું, પરંતુ તેઓનું બોલવું પૂરું થયું ત્યાં જ સ્વામીશ્રીએ પૂછ્યું: 'શિક્ષકો બાળકોને પોતાના માને એ વાત કરી?'

ભાષાંતરકારથી આ વિગત વીસરાઈ ગયેલી, તે સ્વામીશ્રીએ કહેવડાવી.

આ ઘટના તેઓ વિષે *'સઘળી વિદ્યા તણા ધામ છે...'*નો અનુભવ કરાવી ગઈ.

કામમાં ઉધારો ન રાખવો

સ્વામિનારાયણ સ્કૂલમાંથી વિદાય લઈ સ્વામીશ્રી વેમ્બલીમાં આવેલા 'સાયા'ના સંકુલમાં પગલાં કરવા પહોંચ્યા.

ત્યાંથી મંદિરે પરત ફરી તેઓ રાત્રે ભોજન બાદ મંદિરની કાર્યવાહક સમિતિની મીટિંગમાં બિરાજ્યા. તેમાં મોટા મંદિરનું સંચાલન કરવાનો નવો અનુભવ મેળવી રહેલા કાર્યકરોને પ્રેરણા સિંચતાં સ્વામીશ્રીએ કહ્યું :

"કામ તો દરેક માટે નવું જ છે, પણ સેટ થઈ જશે. કામમાં ઉધારો ન રાખવો. દરરોજનું કામ દરરોજ પતાવી દેવું. 'પછી કરીશ... પછી કરીશ...' એમાં આળસ આવે ને કામ પડ્યું રહે. જે કામ હાથમાં લીધું એ પતાવી જ દેવાનું. નહીં તો એક વાર કરોડ રૂપિયાનું કામ થઈ જાય, પણ પચાસ રૂપિયાનું રહી જાય તે ઠેઠ સુધી ન થાય.

જે કામ કરવું તે પર્ટિક્યુલર (ચોક્કસ) કરવું. જેની જરૂર હોય તેને અગ્રસ્થાન આપીને કરી નાંખવું. કામ પૂરું ન થયું તો બીજે દિવસે દોઢે કામ કરવું. ગાડી લેઇટ (મોડી) હોય તો સ્પીડ વધારે તેમ આપણે વધારીને કામ કરવું.

સેવા સાથે કથા-વાર્તાનું પણ નક્કી રાખવું. કથા-વાર્તા વિના એકલી પ્રવૃત્તિથી દેહભાવ આવી જાય કે 'મને કહ્યું?' 'આ મારું... આ તારું...' થઈ જાય. પણ સમજૂતી કરવા પ્રયત્ન કરવો. દરેક ડિપાર્ટમેન્ટવાળા પોતાની પાસે કેટલી સામગ્રી છે તેનું લિસ્ટ બનાવી દો. બાકી અમે તો મીટિંગમાં વાત કરીને હાલ્યા જઈશું. કેમ નીતિન (પલાણ)! બરાબર?'

'હા, બાપા! આપ શીખવો. આપ રાજી કેવી રીતે થાવ એ બતાવો.'

'બસ! આ જ વાત! કાર્ય કરો.'

આ શબ્દો સાથે મોજનો મજકૂર બતાવી સ્વામીશ્રી ઉતારે પધાર્યા.

हम तो सेवक हैं

લંડનના મુકામ દરમ્યાન સ્વામીશ્રીનાં ભોજન વખતે અવકાશ મળે ત્યારે કાર્યકરો દ્વારા મુલાકાતીઓના પ્રતિભાવો કહેવામાં આવતા. આ ક્રમમાં

તા. ૩૦/૬ની સવારે એક અનુભવ ટાંકતાં મહેન્દ્રભાઈ અમીને કહ્યું : ''સ્વામી ! વિદેશમાં પણ જનરેટરની નિકાસ કરનારા દિલ્હીના એક મોટા ઉદ્યોગપતિ અહીં આવેલા. તેઓ મંદિર, હવેલી, પ્રદર્શન વગેરે જોઈ વિદાય થતાં પહેલાં ટોઈલેટ(શૌચાલય)માં ગયા, તો ત્યાંની સ્વચ્છતા જોઈ મોંમાં આંગળાં નાંખી ગયા અને બોલ્યા : 'દિલ્હીમાં તમે જ્યારે આવું મંદિર કરો ત્યારે જરૂર મને જણાવજો. હું તમને મોટાં જનરેટર સેવામાં આપીશ.''

આ સાંભળી હાસ્ય વેરતાં સ્વામીશ્રીએ જણાવ્યું : ''આપણે તો કહેતા કે 'પથરા સત્સંગ કરાવશે,' પણ આ તો ટોઈલેટ બી (પણ) સત્સંગ કરાવે છે !''

અસ્વચ્છતાથી અસ્પૃશ્ય મંદિરો એ સ્વામીશ્રીની મોટી દેણ છે.

તે પૈકીના એક લંડનના મંદિરને આ અરસામાં 'ધ રોયલ ફાઈન આર્ટ કમિશન અને બ્રિટિશ સ્કાય બ્રૉડકાસ્ટિંગ' દ્વારા 'The most enterprising building award' – 'અતિ સાહસિક સંકુલ'ના ખિતાબથી નવાજવામાં આવ્યું.

આવા અનુપમ મંદિરના નિર્માતા સ્વામીશ્રીને આ અરસામાં દંત-ચિકિત્સા માટે અવારનવાર દવાખાને જવું પડતું. તે સંદર્ભમાં તા. ૧/૭ની સવારે તેઓ હસતાં-હસતાં બોલ્યા : 'હવે આ દંતકથા પર થિસિસ લખનારો મળે તો લખાય તેમ છે !'

ચોકઠાંની આવી તકલીફને કારણે સ્વામીશ્રીને જમવા-ચાવવામાં ઘણી મુશ્કેલી રહેતી. કેટલીક વાર તો ચોકઠાં કઠવાને કારણે રક્તસ્રાવ પણ થતો. જો કે તેની જાણ સ્વામીશ્રી જમ્યા બાદ ચોકઠાં કાઢે ત્યારે જ થતી. દુખાવાને દાબીને તેઓ શાંતિથી જમી લેતા. તે વખતે ચાલતી બાળ-કિશોર કે યુવા-વડીલોની રજૂઆતમાં પણ પૂરું ધ્યાન આપી સ્વામીશ્રી ગમ્મત કરાવતા જતા.

આમ, મુશ્કેલીઓ વચ્ચે પણ અણનમ રહેતા તેઓ આજની સાંજે મંદિર-નિરીક્ષણ માટે નીકળ્યા ત્યારે જ પ્રસિદ્ધ ધર્મગુરુ શ્રી જે. પી. વાસવાણી આવી પહોંચ્યા. આ સમયે સ્વામીશ્રી ભોંયરામાં હોવાથી ત્યાં જ મિલન યોજાતાં સ્વામીશ્રીએ પુષ્પહાર પહેરાવી આ અતિથિને આવકાર્યા. તે પછી શરૂ થયેલા વાર્તાલાપમાં શ્રી વાસવાણીએ સ્વામીશ્રી પ્રત્યે અહોભાવ ઉચ્ચાર્યો ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'हम तो भगवान के दास हैं, नौकर हैं।'

'नहीं, आप ही भगवान हैं।'

'हम तो सेवक हैं, भगवान तो स्वामिनारायण हैं।' સ્વામીશ્રીએ કહ્યું.

વાક્ય ટૂંકું હોય કે લાંબું, પણ તે અક્ષર વિનાનું ન હોય ! તેમ સ્વામીશ્રીનો

વાર્તાલાપ સંક્ષિપ્ત હોય કે સુદીર્ઘ, પણ તે સેવકભાવ ઘૂંટ્યા વિનાનો ન હોય.

આ રીતે તેઓ આજે મંદિરના વિવિધ સેવા વિભાગો પર દૃષ્ટિ વેરી રાત્રિ-ભોજન માટે બિરાજ્યા ત્યારે સામે બેઠેલા એક યુવકને પૂછ્યું : 'કેમ લલિત ?'

'બસ, બાપા ! આપ લૂંટવા જેવા છો એટલે લૂંટીએ છીએ.'

આ સાંભળી ખડખડાટ હસતાં સ્વામીશ્રી બોલ્યા : 'ફક્કડ બાવા પાસે શું લૂંટવાનું ? અમારે તો *'ચંદુ મંદુ ચાર ભાઈ, ઘંટડી વગાડ ભાઈ'* એવું છે ! અમારે તો જો, આ માળા છે !'

આમ બોલતી વખતે માળાની મૂડી પર મુસ્તાક સ્વામીશ્રીનો રંગ કંઈક જુદો જ જણાયો. આ રંગે લંડનને રંગી તેઓ તા. ૨/૭ના રોજ અમેરિકા જવા વિદાય થયા.

અમેરિકામાં અધિવેશનની આબોહવા

આ વર્ષે અમેરિકાનું સત્સંગ મંડળ તેની સ્થાપનાનો રજત જયંતી મહોત્સવ ઊજવી રહેલું. તેને સ્મરણીય બનાવવા તા. ૨/૭ની સાંજે ૪:૦૫ વાગ્યે ન્યૂયોર્ક આવી પહોંચેલા સ્વામીશ્રીના વરદહસ્તે તા. ૪/૭ની સવારે સ્થાનિક મંદિરના નવનિર્માણનો ખાતવિધિ યોજાયો. તેમાં નાળિયેર વધેરતી વખતે કેટલાક છાંટા રસ્તા તરફની દિશાએ ઊડતાં સ્વામીશ્રી બોલ્યા : 'એ બાજુ ઊડ્યું એટલે એ જમીન પણ મળી જશે !'

વિકાસની આ આગાહીને સાકાર કરવા તેઓએ રજત જયંતી નિમિત્તે અધિવેશનનું આયોજન આપેલું. તેને જબ્બર પ્રતિસાદ આપતાં સત્સંગની બાળ, યુવા અને વડીલ પેઢી તૈયારીમાં મંડી પડેલી. પરંતુ તેમાં મુખપાઠની પ્રવૃત્તિ લોઢાના ચણા ચાવવા જેવી પુરવાર થઈ રહેલી, કારણ કે યાદ રાખવાનું સાહિત્ય ગુજરાતી ભાષામાં અને તેને યાદ રાખવા માટે પ્રયત્નશીલ સ્પર્ધકો વિદેશી વાતાવરણના. તેથી ગુજરાતી વાક્યો અને પંક્તિઓ અંગ્રેજીમાં લિપિબદ્ધ થાય તોય ગોખવું અઘરું પડે. વળી, આ ડૉલરિયા દેશમાં સમયની ખેંચ ઘણી વર્તાય. ખર્ચનો ખાડો પૂરવા વ્યવસાય માટે દૂર-સુદૂર જવામાં જ ઘણો સમય વીતી જાય.

છતાં 'સ્વામીબાપાને રાજી કરવા છે'નો મંત્ર સૌમાં પ્રાણ ફૂંકતો રહેલો. તેથી ધબકતા કોઈ ભક્ત તો બારી-બારણે કે દીવાલે મુખપાઠનાં વાક્યો ચોંટાડેલાં રાખતા. અધિવેશનની તૈયારી માટે કેટલાકે ઊંઘ કાપી, તો

કેટલાકે મુસાફરી કે કામકાજમાં કેસેટ-શ્રવણનો આશરો લઈ મુખપાઠ માટે કમર કસી. કેટલાયે વેકેશનની મોજ-મજાને રજા આપી, તો કેટલાકે રજાઓ લઈ મુખપાઠની મજા માણી. અધિવેશનમાં મદદરૂપ થવા દેશમાંથી આવેલા ૨૧ સંતોએ પણ પ્રોત્સાહન પ્રેરવામાં પાછી પાની નહોતી કરી. તેથી સમગ્ર અમેરિકામાં અધિવેશનની આહ્‌લાદક આબોહવા જામી ગયેલી.

અધિવેશન એ અક્ષરધામની કૉલેજ

અધિવેશનના અખાડામાં ઊતરેલા સ્પર્ધકોને પુષ્ટિ આપવાની એક તક સ્વામીશ્રી પણ એળે જવા ન દેતા. તેથી તેઓએ તા. ૪/૭ની બાળ-કિશોર સભામાં જણાવ્યું: 'તમે બધા ખૂબ મહેનત કરો છો એટલે તમારી પણ જય! આ અધિવેશન છે એ અક્ષરધામની કૉલેજ. આ કૉલેજમાં આપણા અંતરનો વિકાસ થાય, આત્માનું કલ્યાણ થાય, ધર્મનું પ્રવર્તન થાય. સંસ્કારી, આધ્યાત્મિક સમાજ તૈયાર કરવો તે માટે આ કૉલેજ છે. આ વાત બહુ મોટી છે, પણ ધીરે ધીરે આપને સમજાશે. આ બધા સંતો બ્રહ્મવિદ્યા ભણીને આ બાજુ આવી ગયા. તમારે પણ આ બાજુ આવવાનું છે. સમજ્યા?'

ભોગભૂમિમાં ઊછરતા છોડવાઓ પર વૈરાગ્યનો આ વીંઝણો ફેરવી સ્વામીશ્રી પ્રશ્નોત્તરીમાં પુછાયેલો એક પ્રશ્ન સંભારી બોલ્યા :

'પાયખાનું એટલે શું? ડુ યુ અન્ડરસ્ટેન્ડ? આ દુનિયા, અમેરિકા આમ તો સારું છે, પણ ભગવાન વિના બીજે મન જાય તો ટોયલેટ (સંડાસ) જેવું ને! તે આપણે જ કર્યું હોય પણ હાથમાં લેવાનું મન થાય? રેફ્રિજરેટરમાં મૂકવાનું મન થાય? એમ જેટલું ભગવાનની આજ્ઞા વિરુદ્ધ કરીએ તે એવું જ છે! તેમાં પડવા જેવું છે જ નહીં.'

સ્વામીશ્રીની આજની સમજાવટમાં ગુણાતીતની લટક અનુભવાઈ. ગુણાતીતાનંદ સ્વામીએ ત્રીજા પ્રકરણની ૬૪મી વાતમાં કહ્યું છે ને કે "અમારી સમજણ તો કોઈને કહેવાય નહીં, પણ આજ થોડીક કહું.' એમ કહીને બોલ્યા જે, 'મહારાજની મૂર્તિ વિના ખાવાની વિષ્ટા ને પીવાની લઘુશંકા એવું છે.''

નથી તમથી અજાણ્યું તો લેશ

તા. ૫/૭ની સાંજે ન્યૂયોર્કથી ઑર્લાન્ડો પહોંચેલા સ્વામીશ્રી ઍરપોર્ટથી મંદિર તરફ જઈ રહેલા ત્યારે અધિવેશનની તૈયારીનો અહેવાલ આપતાં શ્રી

રઘુભાઈ બોલ્યા : 'બાપા ! અહીં સંતો આવ્યા ને બધાએ બહુ મહેનત કરી.'

'મહેનત કરવા તો આવ્યા છે. અમારે બીજો ધંધો શું ? એ જ ઑફિસ ને એ જ દુકાન ! ભજન કરવું ને કરાવવું.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આમ, ગમે તેટલી પ્રવૃત્તિમાં પણ ભજનના દોરમાં સતત પરોવાયેલા રહેતા તેઓએ અત્રે તા. ૭/૭ની સવારે મંદિરનો પાટોત્સવ ઊજવ્યો.

તેને અનુસરતાં તા. ૮/૭ની રાત્રે મુલાકાતો આપતા સ્વામીશ્રીનાં દર્શને આવેલા રાજુનું મૂળ ગામ ઝમરાળા. આ જાણતાં સ્વામીશ્રી તેને કહેવા લાગ્યા : 'તારા બાપુજી તારાથીયે નાના હતા ત્યારથી ઓળખું ! આ રાજુ, રાજુ પોપટભાઈ, પોપટભાઈ મોહનભાઈ ને મોહનભાઈ મોતીભાઈ. પોપટભાઈ ને હરજીભાઈ બે ભાઈઓ. મોહનભાઈ ને વાલજીભાઈ બે ભાઈઓ. શાસ્ત્રીજી મહારાજના વખતનું કુટુંબ. મોતીભાઈને પણ મેં જોયેલા.'

સ્વામીશ્રીએ સંભળાવેલા સંબંધોના આ સમીકરણથી તો કદાચ પેલો આગંતુક યુવક પણ અજાણ હશે. ચાર-ચાર, પાંચ-પાંચ પેઢી સુધી ઊંડા ઊતરેલા સ્વામીશ્રીના આતમનાં અમી ચાખી સૌ ઝૂમી ઊઠતા.

એ જ રીતે તેઓના ઐશ્વર્યનો ઓવારો પણ કંઈકને ભીંજવતો રહેતો. તેની એક છાલક ઊડી – તા. ૯/૭ની સવારે.

આ સમયે ઑર્લાન્ડોથી એટલાન્ટા જવા વિમાનમાં બેસી ગયેલા સ્વામીશ્રીની બાજુમાં એક બેઠક ખાલી જોઈ દૂર ઊભેલો લંડનવાસી કિશોર પ્રજ્ઞેશ 'બાપાની બાજુમાં બેસું કે નહીં ?'ની અવઢવ અનુભવી રહેલો. પરંતુ તે જ વખતે સ્વામીશ્રી તેને ઉદ્દેશી બોલ્યા : 'બેસ... બેસ... તું તારે.'

અંતર્યામીના આ આદેશથી આશ્ચર્યનો આંચકો અનુભવતાં સ્વામીશ્રીની પાસે ગોઠવાયેલો તે કિશોર ગઈકાલે રાત્રે શહેર મહાલવા નીકળેલો. ત્યાંથી પાછા વળતાં લાગેલી ભૂખની ઝાળને શમાવવા તેણે ઉતારાની મોટલમાં મળતી ફ્રેન્ચ ફ્રાઇઝ ખાધેલી. આ વિગત તેણે કોઈને જણાવી નહોતી, પણ કોઈ જ ભૂમિકા વિના તેને સંબોધતાં સ્વામીશ્રી બોલ્યા : 'આપણે ગમે એટલી ભૂખ લાગી હોય, પણ બહારનું તો ન જ ખાવું.'

બસ, આટલું જ ! પછી એક શબ્દ નહીં !

પરંતુ તે સાંભળી હલબલી ઊઠેલો પેલો કિશોર સ્વામીશ્રીમાં *'તમે વ્યાપક સર્વ પ્રદેશ, નથી તમથી અજાણ્યું તો લેશ...'*ની સર્વજ્ઞતાને અનુભવી રહ્યો. તે એ જ ક્ષણથી બજારુ ખાણી-પાણી છોડવા કટિબદ્ધ થઈ ગયો. એટલું

જ નહીં, હવાઈ મુસાફરી બાદ સ્વામીશ્રીની આ અંતર્યામી શક્તિનો પરચો તેણે પોતાની સાથે મોટલમાં ભાણું માંડનારા મિત્રોને કહ્યો ત્યારે તેઓને પણ ખૂબ પસ્તાવો થયો. તે સૌએ પણ બહારની ખાણી-પીણી ન લેવા જીભ કચરી દીધી.

તમને ન ગમે એવું અમારેય રાખવું નથી

આ વખતે સ્વામીશ્રી જે કેન્દ્રમાં જાય ત્યાં તેઓનાં ભોજન અને ભ્રમણ વખતે અધિવેશનનાં મુખપાઠ કે વક્તવ્યોની ઝડી વરસાવી સ્પર્ધકો આશીર્વાદના ઇલકાબ મેળવતા.

તે ક્રમમાં તા. ૧૦/૭ની સાંજે સ્વામીશ્રી પ્રસાદ ગ્રહણ કરીને બિરાજ્યા ત્યારે હરિભક્ત શ્રી મૂકેશભાઈ પટેલે પ્રાર્થના વહાવી કે 'બાપા ! તમને ન ગમે એવો એકે સ્વભાવ રાખવો નથી, તો દયા કરજો.'

'તમને ન ગમે એવું અમારેય રાખવું નથી.' સ્વામીશ્રીએ પણ પોતાનો નિર્ધાર વ્યક્ત કર્યો.

આ ભાવના સાથે વિચરતા તેઓ આજે સાયંસભામાં આવી બિરાજ્યા ત્યારે 'સાચું કોણ?' કાર્યક્રમના ભાગરૂપે ઘરસભા, નિત્યપૂજા અને ટી.વી. ત્યાગનો એક-એક વિષય લઈ એક-એક કાર્યકરે પોતાના મુદ્દાની શ્રેષ્ઠતા દર્શાવવાનો પ્રયત્ન કર્યો. અંતે આ ચર્ચાનો ઉકેલ લાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

"હવા, પાણી, ખોરાક ત્રણેય જોઈએ એમ આ ત્રણેય કરવાનું છે. પૂજા તો કરવાની જ છે ! જેમ શેવિંગ(દાઢી કરવા)નો ડાબડો લગેજ(સામાન)માં મૂકી જ દઈએ. એમાં શંકા થાય છે કે 'કોઈના ઘેર જઈશું તો તેને ખોટું લાગશે ?' ઊલટું એ જ તમને પાણી લાવી દે, સાબુ લાવી દે ! પણ પૂજામાં તો પહેલાં આપણા જ મનમાં શંકા થાય. લાજે-શરમે તિલક-ચાંદલો નથી કરતા. જે કરવાનું છે તેમાં સંકોચ થાય છે ને જ્યાં સંકોચ રાખવાનો છે ત્યાં સંકોચ જ નથી. પહેલાં તો એવી મર્યાદા હતી કે મોટા બેઠા હોય તો બીડીય ન પીએ. આજે તો બધા ભેગા થઈને બારમાં જ બેઠા હોય. ફેશન થઈ ગઈ. તે ઍટિકેટ ગણાય. આ દેશમાં રહ્યા એટલે દારૂ, અનીતિ, ડિસ્કો, ગરબા-રાસ બધું કરવું જ પડે એવું કોણે કહ્યું ?

જેમ વધુ ભોગવો એમ વધારે ખેંચાવાય. સિંહ, વાઘ, વીંછીને સંઘરીએ ? તેમ દારૂ, ટી.વી. અને બાઈ-ભાઈ ભેગાં મળી નાચતાં હોય એવા ડિસ્કો વગેરે વાઘ ને વીંછી જેવું જ છે ! ભક્તિ, સત્સંગ, પૂજા-પાઠમાં ભલે કદાચ ફાયદો

નહીં થાય, પણ નુકસાન તો નથી જ! પેલાંમાં તો કૌટુંબિક, સામાજિક, માનસિક, આર્થિક, રાષ્ટ્ર બધી જ રીતે નુકસાન છે. માટે ઘરમાં ઘરસભા કરવી. બધા સમજી રાખો. ટી.વી. મૂકી દેવું. મમત મૂકી દેવું. તો ઘરમાં પણ કજિયો મટી જાય ને પછી ૐ શાંતિઃ... શાંતિઃ... શાંતિઃ...''

ધન કરતાં ધર્મ વધે છે

સ્વામીશ્રી જ્યાં જાય ત્યાં તેઓનું જીવનશુદ્ધિનું અભિયાન તો જારી જ રહેતું. ગંદકીમાં રોગચાળો વકરે તેમ વિલાસમાં અશુદ્ધિ વધે. તેથી વિદેશમાં સ્વામીશ્રીનું આ અભિયાન વિશેષ તેજ જણાય. દારૂ, માંસ, ઈંડાં, સ્ત્રી-પુરુષ મર્યાદા તોડતા ગરબા, ડિસ્કો, ટી.વી. વગેરેનો નિષેધ તેઓ કથા, પ્રવચન કે વાર્તાલાપ દ્વારા કરતા જ રહે. તે સમયે તેઓનો જુસ્સો, નિઃસ્વાર્થ ભાવ, તર્ક, સમજાવટ બધું મળીને ખરડાયેલાને શુદ્ધ-સ્વચ્છ કરતું જાય.

તે મુજબ તા. ૧૦/૭ની સભામાં તેઓએ વહાવેલી અમૃતધારા કંઈકને અંતર્દૃષ્ટિ કરાવી ગયેલી. તેથી તા. ૧૧/૭ની સવારે ઘણા યુવાનો સ્વામીશ્રી પાસે સદાચારના નિયમો ગ્રહણ કરવા આવી પહોંચ્યા.

તેમાંના એક યુવકે કહ્યું: 'હું ઈંડાં બંધ કરું છું.'

'એ સારું, પણ ડિસ્કોનું કેમ છે?'

સ્વામીશ્રીની આ પૂછપરછથી મૂંઝાયેલો પેલો યુવાન બોલ્યો: 'મને એમ કે બધાએ એક જ નિયમ લેવાનો છે!'

આ સાંભળી સ્વામીશ્રીએ જણાવ્યું: 'આ તો મુખ્ય નિયમ છે. આપણા ઘરમાં કેટલો સત્સંગ છે!' આમ કહેતાં તેઓ તે યુવાનની ત્રણ પેઢી ગણાવતાં બોલ્યા: 'હવે અમને રાજી કર. મૂકી દે.'

'ઓ.કે.'

એટલામાં જ આ નિયમબદ્ધ થનારા યુવકના પિતાજી આવી પહોંચ્યા. તેથી તેઓ પર નિશાન તાકતાં સ્વામીશ્રીએ પૂછ્યું: 'તમારે ગરબાનું કેમ છે?'

'જાઉં છું, પણ ફંડ રેઈઝીંગ (આર્થિક ભંડોળ ભેગું કરવા) માટે.'

પરંતુ આ સાંભળી સ્વામીશ્રી કહેવા લાગ્યા: 'તું જાય છે તો આ લોકો ગયા વિના રહેવાના છે? જ્યાં બાઈ-ભાઈ ભેગાં થઈને નાચતાં-કૂદતાં હોય ત્યાં આપણાથી પગ જ ન મુકાય.'

'પણ બાપા! ફંડ રેઈઝીંગ માટે...'

'એવા ફંડની કાંઈ જરૂર નથી. એમાં આપણો લોભ છે. ધર્મ રાખો ને! પૈસા જ છે. લોભમાં ધર્મ ખોવાનો? ધન કરતાં ધર્મ વધે છે.' સ્વામીશ્રીએ કહ્યું.

તેઓને નવરાત્રિના પર્વનો નિષેધ નહોતો, પરંતુ આ પર્વની પવિત્રતાને અભડાવતા અનાચારની અરુચિ રહેતી. તેઓ અધર્મના માર્ગે ધર્મનું પોષણ કરવામાં નહોતા માનતા.

સત્સંગ કરો એ જ મોટું સન્માન

તા. ૧૧/૭ની બપોરે સ્વામીશ્રી પોઢવા પધારી રહેલા ત્યારે જ અહીંના અગ્રણી હરિભક્ત શ્રી જયંતીભાઈ ઓરડામાં પ્રવેશ્યા. તેઓના હાથમાં જ્યોર્જિયા રાજ્યના ગવર્નર અને એટલાન્ટા શહેરના મેયરે સ્વામીશ્રીને આપવા તૈયાર કરેલાં સન્માનપત્રો હતાં. તે જોઈ વાટકા વડે જલપાન કરી રહેલા સ્વામીશ્રીએ પૂછ્યું: 'શું આવ્યું?'

'સન્માનનું છે બાપા!'

'તમે બધા સારામાં સારો સત્સંગ કરો એ જ મોટું સન્માન.' સ્વામીશ્રી બોલ્યા.

આ વલણ ધરાવનારા તેઓએ આજની સાયંસભામાં નગર અને રાજ્યના પ્રતિનિધિઓ દ્વારા એનાયત થયેલાં સન્માનપત્રો સ્વીકાર્યાં. રાજ્ય તરફથી તો સ્વામીશ્રીને 'માનદ નાગરિકત્વ'નું બહુમાન પણ આપવામાં આવ્યું.

પરંતુ પોતાના અંતરમાં રમતા ભાવોને વાચા આપતાં તેઓએ આજના વક્તવ્યમાં કહ્યું:

'સંસાર માટે કૉલેજની ડિગ્રીઓ બરાબર છે, પણ આત્મા ને પરમાત્માનું જ્ઞાન જો થાય તો બીજી કોઈ અપેક્ષા રહેતી નથી. કોઈ કહે, 'ગધેડા છો.' તો જોઈ લેવું કે 'પૂંછડું નથી, ચાર પગ નથી!' આપણે તો આત્મા છીએ. પછી ભલે ને બોલે! મહારાજને આપણામાં રંચમાત્ર કસર રાખવી નથી. એમના ઊંચા સંકલ્પો છે. તેમાં આપણે ભળી શકતા નથી ને કસર મૂકી શકતા નથી એ ખોટ છે. એમને સારા, સુખી બનાવવાનો સંકલ્પ છે, તો સમજીને, જ્ઞાન દૃઢ કરીને રહેવું. તેમાં સાચવવા પડે તે ખોટું. ત્યાં સુધી કસર છે. આપણને શું સાચવવા પડે?

જેમ ઘરમાં અપેક્ષા નથી રાખતા તેમ સત્સંગ ઘર મનાયું હોય તો દુઃખ ન લાગે. તેમાં 'આને બોલાવ્યો, મને ન બોલાવ્યો...' એ શું? ભગવાનની દૃષ્ટિ

તો પડી ગઈ છે, હવે કોની દૃષ્ટિ બાકી રહી ?

આપણે એવા થવું કે આપણને સાચવવા જ ન પડે. આપણે તો સત્સંગ કરીને સુખ લેવું છે, તો 'આ આવો, આ તેવો' એમ કરવાની જરૂર શી છે ? હાથી ચાલતો હોય ને કૂતરાં ભસે તેમાં હાથીને કાંઈ ન થાય. એ તો એની મેળે ચાલ્યો જ જાય. શબ્દ આકાશનો ભાગ સમજવો. જ્ઞાન હોય તો રીસ ન રહે.

બીજું – નિયમ-ધર્મ, પૂજા-પાઠ, તિલક-ચાંદલો નિયમિત કરવું જ પડે. ટી.વી.નું અહીં બહુ જ છે. પણ આપણે આસક્તિ જ ન રાખવી. જેનાથી ઇન્દ્રિયોને વિકાર થતા હોય તે ન જોવું. નિયમમાં રહીએ એટલે શાંતિ. આ જ અમૃત !'

શિસ્ત વગરની સંસ્થા નકામી છે

એટલાન્ટામાં અમૃત વરસાવી સ્વામીશ્રી હવે વિદાય લેવાના હોવાથી તા. ૧૨/૭ની રાત્રે સ્વયંસેવકોની વિશિષ્ટ સભા યોજવામાં આવી. તેમાં છેલ્લા અઠવાડિયાથી રાત-દા'ડો જોયા વિના સેવામાં ખડે પગે રહેલાં ૩૦૦ બાઈ-ભાઈ સેવકો પર પ્રસન્નતા વરસાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

''કોઈ પણ સંસ્થાનો જો વિકાસ થતો હોય તો પહેલામાં પહેલી ઇષ્ટનિષ્ઠા, ગુરુનિષ્ઠા અને સંસ્થાની નિષ્ઠા હોવી જોઈએ. તેમાંય સમર્પણભાવ હોય તો શોભે, નહીં તો ન શોભે. સંગઠન એ બીજી વાત છે. ત્રીજી વાત શિસ્તની છે. શિસ્ત વગરની સંસ્થા નકામી છે. શિસ્ત વિના અભાવ આવે, એકબીજાને અનુકૂળ ન થવાય; તે ખોટ છે. જેને જવાબદારી સોંપી હોય એને અનુકૂળ થવું જોઈએ.

આપણે આજ્ઞા પ્રમાણે વર્તન, વાણી, વિચાર હોવાં જોઈએ. શિક્ષાપત્રી પ્રમાણે જીવન હોય તો કોઈને કાંઈ કહેવાપણું રહે જ નહીં. નિયમમાં રહીને કરીએ તો વિકાસ થાય ને અભાવ આવે નહીં. આપણે મોટાઈ માટે કામ કરવાનું નથી, દાસના દાસ થઈને કામ કરવાનું છે. જવાબદારી આપી છે તે તો વ્યવસ્થા માટે કર્યું છે, પણ એમાં મોટાઈ નથી. આપણને કામ સોંપ્યું તો કરવું ને પછી ના પાડી તો દર્શન કરવાં, કથા સાંભળવી, પણ પછી ખટપટ ન કરવી. 'મારી સેવા કેમ લઈ લીધી ?' એમ નહીં ! થાય ત્યાં લગી સેવા મળી તે આપણાં ભાગ્ય ! કદાચ ધંધામાં આઘું-પાછું થાય, પણ તેમાં સત્સંગ ન મુકાય તે ધ્યાન રાખવું. કોઈ સત્સંગમાંથી પડે નહીં તે પ્રાર્થના.''

આપણો તો આ એક જ જવાબ

તા. ૧૩/૭ની સાંજે હ્યુસ્ટન જવા માટે સ્વામીશ્રી એટલાન્ટાના ઍરપોર્ટ પર આવી ચૂક્યા, પરંતુ વિમાન ઊપડવાને વાર હોવાથી વળાવવા આવેલા હરિભક્તો તેઓને વીંટળાઈ વળ્યા. તે સૌના મનોભાવ અને મનોરથ અનુસંધાન વિના એક પછી એક વહેવા લાગતાં પ્રેરક પ્રશ્નોત્તરી જ યોજાઈ ગઈ કે –

'બાપા ! હવે ક્યારે પાછા આવશો ?'

'ભગવાનની ઈચ્છા હશે ત્યારે અવાશે. આપણી ઈચ્છાથી કાંઈ થતું નથી.'

'હવે અહીં અમેરિકામાં લંડન જેવું મંદિર કરો.'

'એય થશે. સમય આવે ત્યારે બધું થાય.'

'પણ બાપા ! એ ક્યાં કરશો ? ન્યૂયોર્કમાં ? એટલાન્ટામાં ?'

'ભગવાનની ઈચ્છા હશે ત્યાં થશે. આપણો તો આ એક જ જવાબ છે !'

'બાપા ! આ વખતે આપ ડંકો મારો.'

'આ જુઓ ને ! આ બધા અહીં આવે એવા છે ? પણ સત્સંગમાં આવે છે, સેવા કરે છે, એ ડંકો જ છે ને !'

'બાપા ! તમે તો અમારા જીવનપ્રાણ છો.'

'જીવનપ્રાણ તો ભગવાન છે આપણા સૌના.'

'બાપા ! અમને અક્ષરધામમાં લઈ જશો ?'

'તારો મિત્ર હોય તેને તું તારા ઘેર લઈ જાય કે નહીં ? એમ આપણે ભગવાનનો આશરો હોય તો તે પણ ધામમાં લઈ જાય.'

'બાપા ! રવિસભામાં ૬૦૦ થી ૭૦૦ની સંખ્યા થાય એવા આશીર્વાદ આપો.'

'એટલું શું કરવા ? આખો હૉલ ભરાઈ જાય એવી વાત કર ને ! આ તો વાણિયા ખરા ને ! લોકો વધારે આવે તો વધારે ખર્ચો થાય ને !'

સ્વામીશ્રીના આ ગમ્મતભર્યા પ્રતિભાવથી સૌ હસી પડ્યા.

આમ, હાસ્ય અને હળવાશના હલેસે માર્મિક વાતો વહાવતા સ્વામીશ્રી ગગનગામી બન્યા ત્યારે જ ભક્તોને ભાન થયું કે 'તેઓ એક ધમધમતા ઍરપોર્ટ પર છે.'

સ્થળ-કાળને ભુલાવી દે એવું હતું સ્વામીશ્રીનું સાંનિધ્ય અને સામર્થ્ય.

આંખ્યમાં અમૃત ભર્યું

એટલાન્ટાથી હ્યુસ્ટન પહોંચેલા સ્વામીશ્રીને મળવા તા. ૧૭/૭ની બપોરે આવેલા વિયેટનામી કારીગર શ્રી લી સોનરીટે સ્વામીશ્રીના ઉતારામાં જરૂરી લાદી જડવાનું કામ કરેલું. એ કામ કરતી વખતે તેઓએ હરિભક્તોને પૂછેલું કે 'આ કોના માટે કરવામાં આવે છે?'

તેઓની આ જિજ્ઞાસા સંતોષવા ભક્તોએ સ્વામીશ્રીની છબી દર્શાવેલી. એ જોતાં જ આ કારીગર જાણે દિગ્મૂઢ બની ગયા હોય તેમ તસવીરને નીરખી જ રહેલા. ત્રણેક મિનિટ સુધીનાં આ લગાતાર દર્શન બાદ તેઓએ વાત કરેલી કે 'મને એક વાર સ્વપ્નમાં બુદ્ધનાં દર્શન થયેલાં. તેમની આંખોમાં જેવી શાંતિ મેં જોઈ હતી તેવી જ શાંતિ મને આ મહાપુરુષની આંખોમાં અનુભવાય છે.'

સ્વામીશ્રીની આ આશ્ચર્યકારી અનુભૂતિ ધરાવતા એ વિયેટનામી નાગરિક જેને સૂંઘવાથી થાક ઊતરી જાય તેવું એક વિશિષ્ટ પ્રકારનું તેલ સ્વામીશ્રીને ભેટ ધરી ગદ્ગદિત થઈ ઊઠ્યા.

આવો જ અનુભવ સૌને તા. ૧૭/૭ની સાંજે યોજાયેલા રથયાત્રાના ઉત્સવમાં પણ થઈ રહ્યો. આ સમૈયાનો લહાવો લૂંટવા ૪૦૦-૪૦૦ માઈલનાં અંતર કાપીને હરિભક્તો ઊમટી પડેલા. તેઓને લાભ આપવા કલાત્મક રથમાં ઠાકોરજી સાથે સ્વામીશ્રી બિરાજતાં જ રથયાત્રાનો પ્રારંભ થયો. વિવિધ વેશધારી યુવકો, કળશવતી મહિલાઓ, ઢબૂકતાં ઢોલ સાથે નાચતા કિશોરો, પ્રાસંગિક કીર્તનોની રમઝટ વગેરેથી ગુંજતી આ યાત્રા મંદિરના સંકુલમાં વિહરીને સભાગૃહમાં વિરમી.

અત્રે ઉત્સવ-મર્મ સમજાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'આપણે ફળિયામાં ઘોડો ફેરવી લીધો. મંદિરની પ્રદક્ષિણા ફર્યા તેમાં આખું હ્યુસ્ટન શહેર આવી ગયું! પણ આજે આવા ઉત્સવોને વિકૃત કરવામાં આવ્યા છે. નવરાત્રિમાં પણ હવે કેટલેક ઠેકાણે બિઝનેસ થઈ ગયો. જાહેરમાં ગમે એમ હરવું-ફરવું, એવો જમાનો આવી ગયો. ઉઘાડો સમાજ થઈ ગયો. પણ આપણે તો પવિત્ર દેશમાંથી આવ્યા છીએ. આપણે આપણી વાત બીજાને આપવાને બદલે બીજાની રીતે નાચવા લાગ્યા. લગ્નપ્રસંગ તો પવિત્ર છે. આજે એમાં પણ ડિસ્કો પેસી ગયા. જેમાં સ્ત્રી-પુરુષની મર્યાદા ન રહે તેમાં ક્યાંથી સુખ થાય? બૈરાં બીજે ફરતાં હોય, પુરુષો આંટા મારતા હોય, પછી

ઝઘડા જ થાય ને !

બીજી સ્ત્રીમાત્રને માતા સમજીએ તો બેસવાનું, હસવાનું, તાળીઓ લેવાનું ક્યાં રહ્યું ? એવું સ્ત્રીઓને પુરુષો એ ભાઈ, બાપ છે. એક જ પતિ. એકબીજાનો વિશ્વાસઘાત ન કરવો. અહીંયાં બધા વડીલો બેઠા છે તે પણ મર્યાદા સાચવે. આ તો દાદાનેય વેગ ચડી જાય ! એય ટી.વી. ને નાટારંગમાં ચડી ગયા. હવે નવરા થઈને ભજન કરો ને ! એક ડોસો ૬૦ વર્ષે છોકરાને માટે જોવા ગયો ને એ પરણીને આવ્યો ! આપણે કંકોત્રીમાં લખીએ, 'પ્રભુતામાં પગલાં.' પણ આવું કર્યું તો પ્રભુતામાં કે માયામાં ? આપણે લખવા-બોલવામાં બધું કરીએ, પણ આચરણમાં નથી. તેથી ઘણાં દુઃખ થાય છે. સંતનાં વચન પ્રમાણે જીવીએ તો શાંતિ થાય.'

હવે મારાં બે સજેશન છે

હ્યુસ્ટનથી ડલાસ આવેલા સ્વામીશ્રી તા. ૧૮/૭ની રાત્રે વિશ્રામ માટે પલંગ પર પોઢ્યા ત્યારે તેઓની આંખમાંથી લૅન્સ કાઢતા સંતને જોઈ બાજુમાં ઊભેલા સ્થાનિક સત્સંગી શ્રી હર્ષદભાઈ પટેલે પૂછ્યું : 'લૅન્સ હતા ?! મને એમ કે સ્વામીબાપા ચશ્માંથી વાંચતા હતા એટલે લૅન્સ નહીં હોય !'

આ કુતૂહલ અંગ્રેજી ભાષામાં વ્યક્ત થયેલું; છતાં તે સમજી ગયેલા સ્વામીશ્રી ટિસ્યૂ પેપર વડે આંખ લૂછતાં-લૂછતાં બોલ્યા : 'અમારે એવું છે ત્યારે ! *તપેલીમાં તપેલી, મંઈ કલંગી ઘોડો.*'

'એ શું વળી ?'

'અમે નાના હતા ત્યારે છોકરાં એકબીજાને ઉખાણાં પૂછે. *'તપેલીમાં તપેલી, મંઈ કલંગી ઘોડો... તારો બાપ ગોલો.'* આ તાળાની વાત છે. એક તાળું, તેમાં પાછી કળ, એમાં પાછો ઘોડો. ઘોડો એટલે ચાવી.' આમ કહેતાં હસી પડેલા સ્વામીશ્રી હાસ્યસભર એ બોખા મુખે જ બોલ્યા : 'અમારેય એવું ! એક તો આંખ, આંખમાં લૅન્સ ને એની ઉપર પાછાં ચશ્માં !'

દિવસની અંતિમ પળોમાં સ્વામીશ્રી આટલા હળવા રહીને યોગનિદ્રામાં સરકી જતા.

આ જ હળવાશથી તેઓ તા. ૧૯/૭ની સવારે બાળ-કિશોરોની વિશિષ્ટ સભામાં બિરાજ્યા. તેમાં યોજાયેલી પ્રશ્નોત્તરીમાં શશી નામના બાળકે પૂછ્યું : 'બાપા ! અમને બાળ મંડળમાં તો વાંધો નથી આવતો, પણ કૉલેજમાં દૂર

જવાનું થાય કે જ્યાં કોઈ સત્સંગી મિત્રો જ ન હોય; તો સત્સંગની દૃઢતા કેવી રીતે રાખવી ?'

આ પડકારને પહોંચી વળવાનું બળ સિંચતાં સ્વામીશ્રીએ કહ્યું: 'બાળ મંડળના સંસ્કાર પડ્યા છે તો ત્યાં પણ પૂજા-પાઠ, પ્રેયર, પુસ્તકો બધું રાખી શકાય છે. વળી, ભગવાનને પ્રાર્થના કરવી, જેથી બળ રહે. જાણપણું પણ રહેવું જોઈએ કે 'મિત્રોની રીતોમાં તણાવું નથી.' અમારે ઘણા છોકરા લંડનમાં આવતા. અહીં પણ આવે છે. તે ચુસ્ત હતા તો દૂર ભણ્યા તો ત્યાં પણ શુદ્ધ રહ્યા. જો આપણે ભગવાનને ભૂલીએ નહીં તો ભગવાન આપણને ભૂલે નહીં. એ આપણને સહાય કરે...'

આ સમયે વિમલજીવનદાસ સ્વામીએ વિપુલ પટેલની યાદ અપાવતાં સ્વામીશ્રીએ તે કિશોરને ઊભો કરી કહ્યું: 'જુઓ, આ ઊભો. સારામાં સારી યુનિવર્સિટીમાં ભણે છે છતાં પાંચ વર્ષથી ટી.વી. પણ જોયું નથી.[૧૮] એમ દૃઢતા ન હોય તો સહાય ક્યાંથી કરે ? માટે ૨૫ વર્ષ સુધી તો કાંઈ જોવું જ નહીં.'

આ જ રીતે તા. ૨૧/૭ના રોજ પાટોત્સવ ઊજવી રાત્રિભોજન માટે બિરાજેલા સ્વામીશ્રીએ સામે બેઠેલા યુવકોને વાત કરતાં જણાવ્યું:

'હવે મારાં બે સજેશન (સૂચન) છે, તમને જો યોગ્ય લાગે તો કરજો. આપણે જ્યાં બાઈ-ભાઈની મર્યાદા ન જળવાતી હોય તેવા ડિસ્કો અને ગરબા – એ બેમાં ન જવું. જરા તમને કઠણ પડશે પણ દૃઢતા હશે તો વાંધો નહીં આવે. આ બંધન નથી, પણ આપણા વિકાસ માટે છે, સારા માટે છે. મૂળ એ ઝાડનું બંધન છે ? ના. એમ ન જાણવું કે 'સ્વામી આવીને બાંધી જાય છે.' પણ તમારા સારા માટે છે. એવા નિયમો પાળો કે બીજાને પ્રેરણા મળે. નિરાશ ના થવું. નિયમમાં ભૂલ થાય તો ઊભા થવું. પડ્યા પછી બેસી ન રહેવું.'

સ્વામીશ્રીનો આ વાક્પ્રવાહ કુટેવોના કાળા પાણાને ચીરતો ચાલી નીકળ્યો. તેમાં સ્નાન કરનારી યુવાની વિશેષ પવિત્ર બની રહી.

સુહૃદપણું નથી એ કથાની ખામી

આ અરસામાં કનડી રહેલી એક શારીરિક તકલીફના નિદાન માટે સ્વામીશ્રી તા. ૨૨/૭ની સવારે ડેન્ટન વિસ્તારના એક દવાખાને પધાર્યા. અત્રે

---

૧૮. હાર્વર્ડ યુનિવર્સિટીના આ સ્નાતક સમય જતાં સ્વામીશ્રીના હસ્તે દીક્ષિત થઈ સાધુ મંગલનિધિદાસ બન્યા.

તેઓને વીસ મિનિટ ચત્તા અને વીસ મિનિટ ઊંધા સુવડાવી પરીક્ષણ કરવામાં આવ્યું. તે સંદર્ભમાં સ્ટ્રેચર પરથી નીચે ઊતરતાં સ્વામીશ્રી ગમ્મતમાં બોલ્યા: 'ઊંધા પાડીને પૈસા લે એમ કહીએ છીએ ને, એ આ!'

આ વિનોદભર્યો મિજાજ લઈને તેઓ આજની સાંજે ડલાસથી ન્યૂયોર્ક આવી પહોંચ્યા. અહીંથી આશરે ૨૦૦ કિ.મી.ના અંતરે વસેલા કેટ સ્કીલમાં શરૂ થનારા રાષ્ટ્રીય અધિવેશનની આડે હવે ગણતરીના દિવસો જ બચ્યા હોવાથી પૂર્વતૈયારીનો ધમધમાટ મંદિરમાં સર્વત્ર વર્તાતો હતો. સ્વામીશ્રી પધારતાં મુલાકાતીઓનો પ્રવાહ પણ ઠલવાવા લાગ્યો.

આવા કંઈક આગંતુકોને તા. ૨૩/૭ની સવારે માર્ગદર્શન આપી સ્વામીશ્રી ઊભા થયા ત્યારે તેઓએ ઊંચે જોયું. તેમાં જરૂરિયાતથી વધુ બળતી બત્તીઓ બુઝાવવાનો સંકેત હતો. તે સમજી એક સંત ઊભા થયા ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'દિવાળી ન કરવી. ધ્યાન રાખવું.'

તેઓની કરકસર વિદેશના વૈભવી વાયરામાં પણ ન કટાતી - ન ખવાતી.

સદા ચકચકિત રહેતી સ્વામીશ્રીની આ સુટેવના અજવાળે તા. ૨૩/૭ના રાત્રિભોજન વખતે જાહેર સંપર્ક વિભાગના કાર્યકરોએ અહેવાલ જણાવ્યા બાદ હાથ જોડ્યા કે 'બાપા! અમારા સૌમાં સુહૃદભાવ આવે તે પ્રાર્થના.'

'સુહૃદપણું નથી એ કથાની ખામી છે. 'મારું જ મહત્ત્વનું' એ ખોટી સમજણ છે. જેમ ગાયનું દરેક અંગ પવિત્ર જ કહેવાય. તેમ ભગવાનની ભક્તિ જે અંગથી થતી હોય તે બધાં જ અંગ પવિત્ર છે.' સ્વામીશ્રી બોલ્યા.

સેવા સંબંધી આ સચોટ સમજ આપી તેઓ ડાબા હાથે વળગેલા દુખાવાને દૂર કરવાની કસરતમાં પરોવાયા. તે વખતે હાથ ઊંચો-નીચો કરાવવા લાગેલા ફિઝિયોથેરાપિસ્ટ શ્રી જુલિયસે અમુક સમય બાદ હાથને ઊંચો કરતાં સારો એવો ખેંચ્યો. તે જોઈ યોગીચરણદાસ સ્વામીએ કહ્યું: 'બાપા! દુખશે, હોં.'

'દુખાય ત્યારે જ ડૉક્ટર સાચા! એ મટાડી શકે.' સ્વામીશ્રી બોલ્યા.

*'કાચું માને કસણી વિના...'*ની તેઓની વિચારસરણી.

આ રીતે ચાલતો વ્યાયામ સવા દસ વાગ્યે વિરમ્યો ત્યારે આરામના સમયને હજી પંદર મિનિટ બાકી હોવાથી સેવકે પૂછ્યું: 'શું કરશું હવે?'

'ભજન. બીજું શું?' સ્વામીશ્રી બોલ્યા.

ભજનની આ પ્રેરણા તેઓએ આજે સૂતાં-સૂતાં પણ આપી. નેત્રમણિ

નીકળી ગયા બાદ બંને આંખોને લૂછતાં-લૂછતાં સ્વામીશ્રી બોલવા લાગ્યા: 'સંતો! *સવાર થાય ને સાંજ પડે છે, દિન ઉપર દિન જાયે જી...* આ કાલે આવ્યા, સવાર થઈ, પાછી સાંજ પડી. ભગવાન ભજી લેવા જેવું છે. આપણે ખ્યાલ રાખવો પડે – ભજન થાય છે કે નહીં?'

પોતાની આ રુચિ સ્પષ્ટ કરતાં સ્વામીશ્રી પોઢ્યા ત્યારે સૌ 'જાગી' ગયેલા.

ઉપચાર લીલાનાં વેદના અને વિનોદ

તા. ૨૪/૭ની બપોરે ભોજન લઈ રહેલા સ્વામીશ્રી સમક્ષ અપાતા કાર્યકરોના પરિચયમાં જ્યાં શ્રી મહેશભાઈ પટેલનો વારો આવ્યો ત્યાં જ સ્વામીશ્રી બોલ્યા: 'શ્રીજીમહારાજે વરતાલ પ્રકરણના દસમા વચનામૃતમાં ભાદરણના ભગુભાઈને ઉત્તર આપ્યો છે, તેઓના કુટુંબમાં આ છે.'

આમ, એક-એક સત્સંગીની કુળકથાને જીભના ટેરવે રમાડતા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૨૭/૭ના રોજ દેવપોઢી એકાદશી અને પ્રતીક ગુરુપૂર્ણિમાના ઉત્સવો ધામધૂમથી ઊજવાયા. તેમાં આશીર્વાદ આપ્યા બાદ અતિ અલ્પ માત્રામાં ફરાળ ગ્રહણ કરી સ્વામીશ્રી હાથના ઉપચાર માટે બિરાજ્યા.

તે વખતે અમેરિકન ડૉક્ટરે દાંત ભીંસીને કાર્યવાહી શરૂ કરતાં સ્વામીશ્રી બોલ્યા: ''અમને એક ક્રિકેટરોનો ડૉક્ટર મળેલો. મારો હાથ પકડીને જે મંડ્યો! પણ 'અલ્યા ભ'ઈ! હું ક્યાં ક્રિકેટ રમું છું?' તોયે આમ... આમ... કરે. મને થયું: 'હાથ છૂટો પડી જશે!' એને ક્રિકેટરોને જલદી સાજા કરીને મેદાનમાં મોકલી દેવાના હોય, તેમ એ પ્રયોગ મારા પર કર્યો. લંડનમાં એક જણ મણકા હરખા (સરખા) કરવા આવેલો. તેણે જે આંચકો માર્યો! તે સંતો કહે, 'ના... ના... તમે એ રહેવા દો.' અમદાવાદમાં એક આવેલો. દેશી ઉપચાર કરે. એણે આવીને જે ઝાટકો માર્યો કે ખભો જ જુદો પડી જાત!''

આ ઉપચાર લીલાઓ સ્વામીશ્રીએ હસતાં-હસતાં વર્ણવી. તેઓ વેદનાની વાતો પણ વિનોદ સાથે કરતા.

ઐતિહાસિક અધિવેશનનો આરંભ

તા. ૨૮/૭ની સવારે પોણા અગિયાર વાગ્યે સ્વામીશ્રી કેટ સ્કીલ પર્વતની ગોદમાં વસેલા ફ્રાયર ટક ઇન મુકામે આવી પહોંચ્યા ત્યારે અહીં ૪૯ સત્સંગકેન્દ્રોનાં ૩,૨૦૦ બાલ-બાલિકા, યુવા-યુવતી કાર્યકરો હાજર

હતાં. સતત છ દિવસ સુધી ચાલનારા અધિવેશનમાં ભાગ લેવા થનગનતી આ ઊગતી પેઢી માટે આશરે દોઢસો એકરમાં વિસ્તરેલું અહીંનું સંકુલ ૫૦૦ આવાસખંડો, વિશાળ સભાગૃહો, ક્રીડાંગણ, ભોજનખંડ, જળાશય, સ્પર્ધા કક્ષ વગેરેની સુવિધાઓથી સજ્જ હતું. તેના આંગણે સાંજે સાડા છ વાગ્યે સ્વામીશ્રીના વરદહસ્તે અધિવેશનનો મંગલ દીપ પ્રગટી ગયો.

તેથી પ્રસરેલાં અજવાળાંમાં અમૃતધારા વરસાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'પ્રથમ તો આપ સર્વેને ખૂબ ધન્યવાદ આપું છું. જે દેશની અંદર ભૌતિકવાદ, અર્થવાદ છે ત્યાં આપ સૌ કામ-ધંધો છોડીને અધિવેશનમાં આવ્યાં તે માટે ધન્યવાદ આપીએ એટલા ઓછા છે. આપણે અહીં આવ્યા તો સાત દિવસ સાધુ થઈ જવાનું.'

આવી અમૃતધારાઓ આ અધિવેશનમાં અવિરત વહેતી રહી. તે ક્રમમાં તા. ૨૯/૭ના રોજ સ્વામીશ્રીએ કહ્યું:

''આપણે એક દા'ડો ખાઈએ તો ના ચાલે? રોજ-રોજ ખાવાની શી જરૂર છે? પણ જમવામાં એવરી ડે થ્રી ટાઈમ (રોજ ત્રણ ટાણાં)! કેટલાક તો પાંચ ટાઈમ પણ ખાઈ નાંખે. તેમ પૂજા-પાઠ, ભજન બધું જ કરવું. પેટપૂજા રોજ કરીએ છીએ તેમ આ પૂજા રોજ કરવી જોઈએ. આપણને કોઈ મદદ કરે તો આપણે તેને થેંક યુ કહીએ છીએ, તેમ ભગવાને શરીર, બુદ્ધિ, સમજશક્તિ વગેરે કેટલું બધું આપ્યું! તેનો આભાર માનવા પણ એમને સંભારવા જોઈએ.

ટી.વી. કુસંગનું મૂળ છે. એને રાક્ષસ કહો, ભૂત કહો, ઝેર કહો એ જ છે. કેટલાક એમ કહે કે 'આજે ઘેર-ઘેર ટી.વી. થઈ ગયાં. માટે આ કંઈ બંધ થાય એમ નથી. તેમાં તમારું ઢોલકું શું વગાડ્યા કરો છો?' પણ આ વાત જેટલી કહેવાય એટલી ઓછી છે! આપણને એમ કે 'આ તો પેલાની વાત છે. મને ક્યાં વાંધો છે?' જાણે ઉપરથી આવ્યા હોય તેમ!

વળી, સત્સંગ પરીક્ષા તો આપવી જ! તેનાથી કુસંગથી દૂર રહેવાનું બળ મળે, સંપ્રદાયનો ઇતિહાસ જાણવા મળે, આધ્યાત્મિક જ્ઞાન થાય. અહીં પ્રાજ્ઞ પરીક્ષા સુધી પહોંચ્યા તેથી મને ઘણો આનંદ થયો.''

સ્વામીશ્રીની આવી અમૃતવર્ષાની સાથે અત્રે વિવિધ સ્પર્ધાઓનો માહોલ પણ જામેલો રહેતો. તેમાં રોમાંચ અને રસાકસીથી ભરેલી એક-એક પ્રસ્તુતિ નિર્ણાયકોને મૂંઝવી મારતી. અમેરિકાની અંગ્રેજી આબોહવામાં ઊછરેલા બાળકો અને કિશોરો કડકડાટ ગુજરાતીમાં વચનામૃત તથા વાતો

સમજાવતા, કીર્તનો ગગડાવતા, શ્લોક-સાખી લલકારતા ત્યારે અધિવેશનનું સ્થળ ધર્મધ્વનિથી ગુંજી ઊઠતું.

ભગવાનના કામમાં રાજીનામું હોય નહીં

સત્પુરુષના સંગે જીવનો શિવ થઈ જાય એમ સ્વામીશ્રીના સાંનિધ્યમાં કેટ સ્કીલનું ફાયર ટક ઇન જાણે 'અક્ષરધામ' બની ગયેલું! અત્રેનો સભાગૃહ 'ધર્મધામ' અને સ્વામીશ્રીનો નિવાસ બકિંગહામ વિલેજ 'અક્ષર કુટિર'માં પરિવર્તન પામી ચૂકેલો. સ્પર્ધકોનાં આવાસગૃહો પણ ગઢડા, સારંગપુર, ગોંડલ, બોચાસણની ઓળખ મેળવી ચૂકેલાં.

આમ, સર્વત્ર પ્રસરેલા ભારતના ભાવાવરણમાં તા. ૩૦/૭ના રોજ ગુરુપૂનમનો ભારતીય ઉત્સવ યોજાયો. તેના પ્રાતઃસત્રમાં કાર્યકરો દ્વારા બાળ-પ્રવૃત્તિના વિકાસમાં નડતી મુશ્કેલીઓનું નિદર્શન રમૂજપ્રેરક પ્રહસન દ્વારા થયું. તેને જ પોતાના આશીર્વાદની આધારશિલા બનાવતાં સ્વામીશ્રીએ કહ્યું:

'આ કાર્ય કઠણ છે, પણ આ બાળકો પોતાના મનાય, યોગીજી મહારાજના મનાય તો પ્રવૃત્તિ કરવામાં મોળા ન પડી જવાય. આજે બાળકને કુટુંબમાંથી પ્રેમ મળતો નથી. તેનું આધ્યાત્મિક ધોરણ ઊંચું આવે એવી મા-બાપની પણ તૈયારી નથી. એટલે આપણે કાર્યકરોએ બાળકો સાથે આત્મીયતા કરવી. કંટાળ્યે કામ થતું નથી. ૧૦૦માંથી ૫૦ આપણી વાત માને, ૨૫ માને, અરે! ૧૦૦માંથી એક જણ આપણી વાત માને તોય તે સફળ છે! અને કદાચ કોઈ ન માને તોય વાંધો નહીં, આપણી ભક્તિ તો થઈ ગઈ! ૧૦૦માંથી ૧ તૈયાર થાય તે પણ સાર્થક છે. આપણને કાર્ય સોંપ્યું છે, તે કરીએ એટલે રાજીપો. એ જ સ્વાર્થ રાખવાનો છે.

પ્રતિકૂળ છે, પણ તેમાં કરી બતાવવું એ જ વિશેષતા છે ને! હું નવરો હોઉં તો બધું કર્યા કરું, પણ વિટંબણામાં કામ કરવું, પ્રતિકૂળતામાં અનુકૂળતા કરવી તેની જ મહત્તા છે. પ્રશ્નો તો છે જ, પણ સામા ચાલીને કામ કરવાનું. માટે ઉત્સાહથી કાર્ય કરો ને બધે ડંકો વાગી જાય તેવું બળ મળે એ પ્રાર્થના.'

આવી જ ચેતનાનો સંચાર કરતાં તા. ૩૧/૭ની સવારે પણ સ્વામીશ્રીએ યુવા તેમ જ વડીલ કાર્યકરોને જણાવ્યું:

'આપણને સત્સંગ પ્રવૃત્તિમાં જે પ્રશ્ન છે તે દેહભાવને લઈને છે. આપણને વહેવારમાં પ્રશ્ન નથી થતો. કુટુંબ માટે કેટલું ઘસાય છે! પણ અહીં -

'રાજીનામું સ્વીકારી લો' એમ વાત આવે! પણ ભગવાનના કામમાં રાજીનામું હોય નહીં ને હોલી ડે (રજા) પણ હોય નહીં. આ પોતાનું મનાશે તો મૂકવાનો વિચાર જ નહીં આવે. જેમ મન મારીને વહેવાર ચલાવીએ છીએ તેમ જેને ભગવાન ભજવા છે તેને કોઈ મુશ્કેલી છે જ નહીં! અમેરિકા આવતાં પહેલાં ચિંતા હતી? 'એક વાર અમેરિકા પહોંચવા દો, પછી બધું થશે' એ કેવું દૃઢ હતું?

એક જણે વાત કરી કે 'છ મહિને અમેરિકા આવ્યો.' આકાશ-પાતાળ એક કરી નાંખ્યું! હવે આવું સંસાર માટે વેઠે છે તો ભગવાન માટે મુશ્કેલી ગણાતી હશે? તમને અમે કાંઈ ૨૪ કલાકની ફરજ આપી છે? ૨૪ કલાકમાંથી એક જ કલાક અમને આપો. આમ તો દશાંશ આપવો જોઈએ. આપ સૌને વહેવાર મુકાવતા હોય તો બરાબર છે, પણ જીવન નિયમિત નથી એટલે સમય વેડફાઈ જાય છે...'

આમ, દૂર કેટ સ્કીલ પર્વત પર પડતી વરસાદી ધારાઓની જેમ સ્વામીશ્રીની અમૃતવાણી આ અધિવેશનમાં વરસતી રહી. તેથી સૌમાં સદ્‌ગુણોનાં સઘન વન ખીલી ઊઠ્યાં.

I Love You All

તા. ૨/૮ની સવારે અલ્પાહારથી પરવારેલા સ્વામીશ્રી રોબિનહૂડ ક્લબમાં પ્રવેશ્યા ત્યારે અહીંનું સભાગૃહ ૫૮૨ કિશોર-કિશોરીઓથી ચિક્કાર હતું. તેઓ સમક્ષ થવા માંડેલી વિવિધ પ્રસ્તુતિઓના ક્રમમાં કિશોર વયનું મનોમંથન શરૂ થયું. તેમાં એક કિશોર સ્વામીશ્રીને પત્ર લખતો હોય તેવા અભિનય સાથે સત્સંગ અને રાગ-રંગ વચ્ચે અટવાતી કિશોરાવસ્થાને ચીતરી રહ્યો. તેના અંતે અવઢવમાં અટવાયેલી એ ઊગતી પેઢીને દિશાદર્શન કરતાં સ્વામીશ્રીએ કહ્યું:

'યુવાની તોફાની છે. ઉન્માદ આવી જાય પણ આપણને જે રોકે છે તે અનુભવની વાત કરે છે. 'અમે તો અમારી રીતે ચાલીએ, અમને કોઈ રોકનાર ન હોવા જોઈએ' એ અજ્ઞાન છે, દીર્ઘદૃષ્ટિ નથી. 'મને કોઈ બંધનની જરૂર નથી' એ આપણી ભયંકર ભૂલ છે. ઘણા તો રસ્તા ઉપર પણ મર્યાદા મૂકીને વર્તે છે; પણ આપણી સામાજિક, ધાર્મિક જવાબદારી છે. માટે સૌ સત્સંગમાં, અભ્યાસમાં આગળ વધો એવા આશીર્વાદ છે, ને છેલ્લે – I Love You All.'

સ્વામીશ્રીના આ છેલ્લા વાક્યે સૌનું અંતર ભરી દીધું. તેથી સૌ

કિશોર-કિશોરીઓએ પોતાનાં સ્થાન પરથી ઊભાં થઈ સ્વામીશ્રીને સ્ટેન્ડિંગ ઑવેશનનું સન્માન આપ્યું. તે જ વખતે બ્રહ્માંડભરની મધુરતા સ્વામીશ્રીના મૃદુ સ્વરે વરસી પડી કે ''ગુજરાતીમાં કહું તો 'હું તમને બધાંને ચાહું છું.''

આ સાંભળી પુનઃ બુલંદ હર્ષોલ્લાસ થયો. તેને કેટ સ્કીલ પર્વતની પ્રત્યેક ગિરિકંદરાએ પ્રતિસાદ આપતાં ક્યાંય સુધી આ ઉલ્લાસ ઊછળતો રહ્યો. આ ક્ષણોને જીવનમાં ચિરસ્થાયી બનાવવા સ્વામીશ્રીએ સૌ કિશોરોને સ્વહસ્તે માળાની ભેટ આપી. તેઓના અંગ્રેજી હસ્તાક્ષરમાં લખાયેલા નિયમ-પત્રકનું પણ સંતોના હાથે વિતરણ થયું. આવા અમૂલ્ય ઉપહારો પામી શિબિરાર્થીઓ ધન્યતા અનુભવી રહ્યા.

હવે એ ચિંતા ટળી ગઈ

જેમ વિશાળ વૃક્ષનો રસ ફળ દ્વારા માણવા મળે તેમ છેલ્લા એક વર્ષથી ધબકતા અધિવેશનના આયોજનનો અર્ક તા. ૨/૮ની સાંજે યોજાયેલા ઇનામ વિતરણ સમારોહમાં નિર્ણાયકોના મુખેથી આ રીતે વહી રહ્યો કે –

'અતિ પ્રભાવક! બાળકો પાસેથી અમે શીખ્યા...!

આ દેશમાં આટલી હદે આ પેઢી આ પ્રકારની સ્પર્ધાઓમાં હોંશભેર જોડાય એ સ્વામીશ્રીની દિવ્ય પ્રેરણા વિના શક્ય નથી...!

આ બાળકો-યુવાનોને જોતાં આપણી સંસ્થાના ભાવિ માટે કોઈ જ ચિંતા રહેતી નથી...!

સંપ્રદાયના સિદ્ધાંતો યુવકો-હરિભક્તો પ્રતીતિપૂર્વક બોલતા. તેથી એ ગોખેલી સ્ક્રિપ્ટ નહીં, પણ હૈયાંના બોલ બની રહેતા...

આ સ્પર્ધકોને ઇનામ કરતાં સ્વામીશ્રીની પ્રસન્નતા મેળવવાની તત્પરતા વધુ હતી...'

સ્પર્ધકોની અનુભૂતિ પણ આવી જ રહી. કો'ક કિશોરે જણાવ્યું કે 'આ અધિવેશને મારા મનમાં સંપ્રદાયના જ્ઞાન માટે જિજ્ઞાસા જગાડી છે', તો કો'ક કિશોરીએ કહ્યું: 'આ અધિવેશને મને ટાઇમ કોન્શિયસ (સમય પ્રત્યે સભાન) અને ગુજરાતી ભાષાની ચાહક બનાવી છે.'

માતા-પિતા પાસેથી વચનામૃત-વાતો કે શ્લોક-કીર્તન શીખનારા બાળકો બોલ્યા: 'અધિવેશનથી મા-બાપ સાથેની આત્મીયતા વધી છે', તો કેટલાય યુવકો સંપ્રદાય સંબંધી કોઈ પણ પ્રશ્નનો ઉકેલ આપવાની ત્રેવડ કેળવી

દેનારા આ અધિવેશનનો આભાર માની રહ્યા.

આવા આનંદકારી અનુભવોની આપ-લે સાથે ઇનામ વિતરણ સમારોહ આગળ ધપી રહેલો ત્યાં જ સ્વામીશ્રી પધારતાં તેઓના હસ્તે પુરુષ વિભાગના ૭૮૭ પારિતોષિકોનું વિતરણ શરૂ થયું. તેના અંતે સૌ પર આશીર્વાદનાં અમી વરસાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

'આજના ઉત્સવની જય! ઇનામ લેનારની પણ જય! મહેનત કરનારની પણ જય!

આપને ઇનામ મળ્યાં તે સ્મૃતિ છે, પણ આશીર્વાદ મળ્યા તે મોટું ઇનામ છે. આ અધિવેશનમાં આપણને સંપૂર્ણ સફળતા પ્રાપ્ત થઈ છે. અહીં તો કોઈ કોઈને સમૂહમાં ગમે નહીં, પણ બધાએ ભીડો વેઠી લીધો. ૨૫ વર્ષમાં સુંદર કાર્ય થયું. હજુ વધુ કાર્ય કરીશું તો વધુ શોભશે. કે. સી. (પટેલ) કહે કે 'ભવિષ્યમાં મંદિરો સંભાળશે કોણ?' પણ હવે એ ચિંતા ટળી ગઈ.'

સ્વામીશ્રીના આ ઉદ્‌ગારો અધિવેશનની સાર્થકતા સમજાવી રહ્યા. તેથી હરખઘેલા બનેલા સૌનો આદર ઝીલતાં સ્વામીશ્રી ઉતારે પધાર્યા.

અત્રે પણ તેઓના રાત્રિભોજન વખતે અધિવેશનના અનુભવો જ પડઘાતા રહ્યા. તે વખતે આ આયોજનમાં અથાક પુરુષાર્થ કરનારા શ્રી કનુભાઈ પટેલ સામે જ હતા. તેઓને આજની રાત્રે આરામમાં જતાં પૂર્વે સ્વામીશ્રીએ સામેથી બોલાવતાં કહ્યું : 'આવ, કનુ! આશીર્વાદ લે. બહુ દાખડો કર્યો!' આમ કહી તેઓએ આ હરિભક્તને આશ્લેષમાં સમાવી લીધા.

અલબત્ત, આ એક કાર્યકરને જ નહીં, અધિવેશન દ્વારા સ્વામીશ્રીએ અમેરિકાના સમગ્ર સત્સંગને પણ આ રીતે જ પોતાના બાહુપાશમાં જકડી લીધેલો!

કૅટેગરીની કંઈ જરૂર નહીં

તા. ૩/૮ની સવારે કેટ સ્કીલથી થયેલું સ્વામીશ્રીનું પ્રસ્થાન અમેરિકાના સત્સંગની એક તેજસ્વી તવારીખ આલેખવા માટે હતું. તેના પ્રથમ ચરણરૂપે તેઓ બપોરે બાર વાગ્યે મેનહટનમાં આવેલી વ્હીટની ઇમારતના છઠ્ઠા માળે રખાયેલા ઉતારે આવી પહોંચ્યા.

અત્રે જર્મની-સ્થિત વિશ્વ અદાલતના ૨૧ ન્યાયમૂર્તિઓની સમિતિમાં સ્થાન પામનારા પ્રથમ ભારતીય શ્રી પી. સી. રાવ પોણો કલાકથી તેઓની

પ્રતીક્ષામાં બેઠેલા. ભારતના કાયદા સચિવ તરીકે ફરજ બજાવતા આ કાનૂની નિષ્ણાત નવી કારકિર્દીના પ્રારંભમાં સ્વામીશ્રીના આશીર્વાદ લેવા ઉત્સુક હતા. તેઓને સ્વામીશ્રીએ સંદેશ આપતાં કહ્યું : 'भारत की शान बढ़ाना, नाम रखना।'

આ સાથે આ મહાનુભાવને પુષ્પહાર પહેરાવવાની ઇચ્છા પણ સ્વામીશ્રીને હોવાથી તેઓએ કાર્યકર શ્રી ગિરીશભાઈ પટેલને મંદિરે દોડાવેલા; પરંતુ તેઓ અહીં પહોંચે તે પહેલાં તો મુલાકાત આટોપાઈ ગયેલી. મહેમાનો નીચે ઊતરી ચૂકેલા. ત્યાં જ હાર લઈને આવેલો પેલો યુવક મળ્યો. તે જોઈ શ્રી રાવે હસતાં-હસતાં કહ્યું : 'स्वामीजी ने हमें कंठी बाँधी है तो हार की क्या ज़रुरत!'

વિશ્વ કક્ષાની એક વ્યક્તિ પર પડેલા સ્વામીશ્રીના આ ગાઢ પ્રભાવને જોઈ હાથમાં હાર લઈને ઊભેલો યુવક રોમાંચિત થઈ ઊઠ્યો. પરંતુ એથીયે અધિક આશ્ચર્ય અને અહોભાવ તો છઠ્ઠા માળે ભોજન લઈ રહેલા સ્વામીશ્રીની સમક્ષ બેઠેલા સંતો-ભક્તો અનુભવતા હતા.

અહીં તે સૌમાં ચર્ચાઈ રહેલી વાતનો વિષય હતો – 'યુનો'માં આપણી સંસ્થાને મળેલું દ્વિતીય કૅટેગરી(કક્ષા)નું સલાહકાર પદ !

તેના અનુસંધાનમાં કોઈકે 'સંસ્થાને પ્રથમ કૅટેગરી મળવી જોઈએ' તેવો સૂર છેડ્યો, પણ તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'કામ કરી બતાવો એટલે બસ. કૅટેગરીની કંઈ જરૂર નહીં. કૅટેગરી ન આપે તો આપણે ક્યાં આપણું કામ બંધ કરવાના છીએ ?'

કૅટેગરી નહીં, પણ કામ કરવા સાથે નિસ્બત ધરાવનારા સ્વામીશ્રીની કૅટેગરી કંઈક જુદી જ હતી.

રજત જયંતી સમારોહની શાનદાર ઉજવણી

હજારો ચોરસ ફૂટની છત પર લીંપાયેલા સુવર્ણના વરખ, નવ-નવ માળ સુધી ઊંચકાતા પાંચ ફરતા મંચ, માઇક વિના ૬,૦૦૦ દર્શકો સાંભળી શકે એવી સાઉન્ડ સિસ્ટમ, પાંચ-પાંચ માળ સુધી ખેંચાતી બાલ્કનીઓ, પળવારમાં અવનવી સૃષ્ટિ સર્જતા વીસ મહાકાય પડદાઓ, વિશ્વના ચોક સમા મેનહટનમાં મોકાનું સ્થાન વગેરે કંઈક વિશેષતાઓથી ભરપૂર હોવાને કારણે 'રેડિયો સિટી મ્યુઝિક હૉલ' એટલે દુનિયાના નામાંકિત કલાકારો માટે આકર્ષણનું કેન્દ્ર. અહીંથી પ્રસરતી કાર્યક્રમોની ધારાને વૈશ્વિક સમાચાર બનવામાં લેશ વાર ન

લાગે. તેથી જ તો આ હૉલના મંચ પરથી ફિલ્મ અને સંગીત ક્ષેત્રનાં ટોચનાં ઈનામો સ્વીકારવામાં અદાકારો તેમ જ કલાકારો ગર્વ અનુભવે.

આવા પ્રતિષ્ઠિત હૉલમાં સ્વામીશ્રીને સન્માનવાનો મનોરથ અમેરિકાના સત્સંગીઓને હતો. જેઓએ ફક્ત ૨૫ વર્ષના ટૂંકા ગાળામાં જ ચારમાંથી ચાલીસ હજાર હરિભક્તોનો ઊજળો સમુદાય અમેરિકાને ભેટ ધરેલો, જેઓએ ૨૫ વર્ષની અલ્પ સમયાવધિમાં જ ૧૪ મંદિરો અને ૭૫ સત્સંગકેન્દ્રોની મોતીમાળા અમેરિકાના કંઠમાં આરોપેલી, જેઓએ દુનિયાને ડોલાવનારા અમેરિકાને ભારતીય ઉત્સવોની ઉજવણીથી ડોલાવેલું, જેઓએ ૨૫ વર્ષમાં ૧૭ ધર્મયાત્રાઓ[૧૯] અને ૪૩૪ સંતોની પદરજથી અમેરિકાને પાવન કરેલું[૨૦] એ સ્વામીશ્રીને વધાવવા આ હૉલથી ઓછું કોઈને ખપે તેમ નહોતું.

તેથી આ સભાગૃહને છાજે તેવો જ સભા કાર્યક્રમ ઘડવામાં પણ પચીસેક કાર્યકરોએ ૫૦૦ કલાક સુધી મંત્રણાઓ ચલાવેલી. આ સઘળી મહેનત સાર્થક બનવાની ઘડી તા. ૩/૮ની સાંજે સાડા પાંચ વાગ્યે આવી ગઈ.

આ સમયે રેડિયો સિટી હૉલના ત્રીજા માળે આવેલું સભાગૃહ ભક્ત-મેદનીથી ચિક્કાર હતું. તેના મંચ પર રહેલા વિશાળ ચિત્રપટ પર શ્લોકોના મંગલગાન સાથે ભગવાને મનુષ્યજાતિને આપેલા ઉપહારો, શ્રીજીમહારાજના ઉપકારો અને ગુરુવંદનાનાં દૃશ્યો ઝિલાઈ રહેલાં. થોડી વારમાં તો *'હે પ્રમુખસ્વામી પધારો... સ્વાગતમ્...'*ની સૂરાવલિ ગુંજવા લાગી અને એ જ વખતે પહેલે માળે ગોઠવાયેલા કલામંડિત સિંહાસન પર બિરાજેલા સ્વામીશ્રીને લઈ આખો મંચ ઊંચકાવા લાગ્યો. ધીરે ધીરે સરકતો તે મંચ બીજો માળ વટાવી ત્રીજા માળે સ્થિર થવા ઉપર આવી રહ્યો ત્યારે સભાગૃહમાં બેઠેલા ૬,૦૦૦ ભક્તોને પ્રથમ સ્વામીશ્રીની પાઘનું દર્શન થયું. તે પછી ઢળેલાં નયનોવાળું તેજસ્વી મુખારવિંદ દૃષ્ટિગોચર થતાં જ ગગનભેદી જયનાદોથી રેડિયો સિટી હૉલ ગાજી ઊઠ્યો.

આ આહ્‌લાદક અનુભવ સૌ હૃદયસ્થ કરે તે પહેલાં તો બે હાથ જોડેલી સ્વામીશ્રીની સમગ્ર મૂર્તિ આંખોની અતિથિ બની રહી. અંધારભર્યા મંચ પર તેજના ફુવારાઓથી નહાતી એ છબી રાત્રિના અંધકારને ભેદીને ઊગતા

---

૧૯. તેમાંથી નવ વખત સ્વામીશ્રી સ્વયં પધારેલા અને આઠ વખત સંતમંડળો આવેલાં.

૨૦. કોઈ એક ગુરુના અનુયાયી સંતો આટલી મોટી સંખ્યામાં અમેરિકા આવ્યા હોય તે એક વિક્રમસર્જક વિગત છે.

સૂરજની જેમ ઝળહળી રહી! તેને વધાવવા ચારેકોરથી ફૂલઝરની વર્ષા થવા માંડી ત્યારે તો ૧૪૦ x ૧૨૦ ફૂટનો મંચ એક ઝગમગતા બ્રહ્માંડ જેવો ભાસી રહ્યો! શબ્દો સાંકડા અને વર્ણન વામણાં સાબિત થઈ રહે એવી આ ક્ષણોના કિનારે સંસ્થાના પરિચયની પ્રસ્તાવના બંધાઈ. તેને અનુસરતાં નૃત્યાંજલિ સમર્પિત થઈ. તેના છેલ્લા થૈકારે અમેરિકાના સત્સંગની રજત જયંતીના આયોજનની આ અંતિમ સભાના પ્રારંભનો દીપ પ્રજ્વલિત થઈ ઊઠ્યો. તેના ઉજાશમાં સ્વામીશ્રીને પુષ્પહાર પહેરાવી સન્માનવામાં આવ્યા.

એ હારની સુગંધમાં સંસ્થાકીય સિદ્ધિઓની સુવાસ ભેળવતું વક્તવ્ય ગૂંથાયું. તે પછી સ્વામીશ્રીના સરકતા સિંહાસનના સંગે રથયાત્રાનો માહોલ જામ્યો. તેની પર ગગનમાંથી પુષ્પપાંખડીઓ વરસી પડી. તેથી વ્યાપેલા રોમાંચ વચ્ચે સંત પ્રવચનો અને ભારતીય કોન્સલ જનરલની ભાવોર્મિ વહી રહી. તેને અનુસરતાં, યાંત્રિક કરામત દ્વારા રજૂ થવા માંડેલા સ્વામીશ્રીના સાથીઓ સમાં મોટર, કલમ, ચશ્માં, મોજડીના દિલધડક સ્વાનુભવોએ સૌને ભાવવિભોર કરી મૂક્યા. એ જ અવસ્થામાં રેડ ઇન્ડિયનની વેશભૂષામાં સજ્જ કલાકારો દ્વારા અંગ્રેજી ગીત રજૂ થયું.

આમ, એક પછી એક પ્રસ્તુતિઓ ધ્વનિ અને પ્રકાશના સંયોજન સાથે મિનિટ-ટુ-મિનિટની ગણતરી પ્રમાણે સરકતી રહી. તેથી દર્શકોની દાદ મેળવનારી આ રોચક રજૂઆતો દરમ્યાન વીતેલો પોણા ત્રણ કલાકનો કાફલો જાણે સેકન્ડમાં સમેટાઈ ગયો હોય તેવો અનુભવ સૌ કરી રહ્યા.

તે જ વખતે સ્વામીશ્રીના આશીર્વાદનો પ્રારંભ થયો. તેમાં તેઓએ જણાવ્યું :

'મહારાજ-સ્વામીની પ્રેરણાથી, યોગીજી મહારાજના આશીર્વાદથી અને ભક્તોની સેવા-નિષ્ઠાથી અહીં કાર્ય થયું છે. આપણે જે સંસ્કારોની સંપત્તિ ભારતમાંથી લાવ્યા તે સતત જાળવી રાખવી. વિજ્ઞાને ગતિ આપી, દિશા આપી નહીં. ભૌતિક વિકાસ સાથે આધ્યાત્મિક વિકાસ નહીં સાચવીએ તો પ્રાપ્ત કરેલી વસ્તુ પણ શાંતિ નહીં આપે. ગ્રંથોનું વાંચન કરીએ, મંદિરમાં શ્રદ્ધા અને સંતનો આદર – આ ત્રણ વસ્તુ આપણને પશુમાંથી માણસ બનાવે છે. નિયમો સાચવીશું તો નિયમો આપણને સાચવશે.'

આ બ્રહ્મનાદ શમતાં જ *'હે જી મેં તો હરખે નિહાળ્યા નાથ, આજ મારો ઝાલ્યો સ્વામીએ હાથ...'* કીર્તનના તાલે દેવબાળકો મંચ પર ઘૂમવા લાગ્યા.

તેના અંતિમ ચરણમાં સૂર્ય-ચંદ્રના વેશધારી બાળકોએ સ્વામીશ્રીનો હાથ પકડી લીધો. આ શિશુઓનો હાથ બીજા બાળકોએ, એમના હાથ અન્ય બાળકોએ, એમ કરતાં સમગ્ર શ્રોતાસમૂહ સ્વામીશ્રીના હાથ સાથે સંકળાઈ ગયો.

સમારોહની આ ચરમ સીમાએ પડદો પડવા લાગ્યો. તાળીઓ ગગડવા લાગી. દર્શકો ઝૂમવા લાગ્યા. મંચ પર પડદો પડ્યો, પણ આજના દિવ્ય લાભથી કંઈકનાં પડળ-પડદા હટી ગયાં. અમેરિકાના સત્સંગ-ઇતિહાસમાં એક શાશ્વત સીમાચિહ્નરૂપે આજનો કાર્યક્રમ અંકિત થઈ ગયો.

જીવમાં ઢોલાં ન વાગવાં જોઈએ

તા. ૪/૮ના રોજ ન્યૂયોર્કથી બોસ્ટન પધારેલા સ્વામીશ્રી અહીં તા. ૫/૮ની સવારે મિડલસેક્સ કમ્યુનિટી કૉલેજની મુલાકાત લઈ તા. ૬/૮ના રોજ એડિસન પહોંચ્યા. અત્રે તા. ૯/૮ની સાયંસભામાં વિખ્યાત સીટન હૉલ યુનિવર્સિટીના ચાન્સેલર તથા ચૅરમેને તેઓને યુનિવર્સિટીનું સ્મૃતિચિહ્ન આપીને સન્માન્યા.

આ પ્રસંગે કુલપતિ શ્રી પીટરસને જણાવ્યું કે 'અમે સ્વામીશ્રીને Internationally recognized man of peace – શાંતિ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે સ્વીકૃત થયેલા માનીએ છીએ. તેઓ લોકોને એકબીજાની નજીક લાવ્યા છે. સ્વામીશ્રીના સાદા સંદેશથી પરસ્પર પ્રીતિની સુંદર ભાવના ઊભી થઈ છે. તેઓએ ધિક્કાર વિનાનું વાતાવરણ સર્જ્યું છે.'

આવા સ્વામીશ્રીને રીઝવવા આજની એકાદશીએ ૧૦૦ કિશોર-કિશોરીઓએ નિર્જળ ઉપવાસ કરેલો. તે સૌ પર આશીર્વાદ વરસાવવા રાત્રે છેક ૯:૫૦ વાગ્યે કિશોર સભામાં પધારેલા સ્વામીશ્રી બોલ્યા :

'આજે તો ઘણાને ઊઠે ત્યારથી ખાવાની જ વાત છે! તેમાં તમે ઉત્સાહથી તપ કર્યું છે એ ધન્યવાદની વાત છે. વૃદ્ધો તો બધા બે-પાંચ-દસ વર્ષમાં જતા રહેશે, પણ અત્યારથી તમે ખબડદાર હો તો મંદિર ભરાતું જાય. બધાંએ જ્યાં બાઈ-ભાઈની મર્યાદા ન જળવાતી હોય એવાં નોરતાંમાં ન જવાના નિયમ લીધા છે તે પણ ઉત્તમ વાત છે. મંદિરમાં પ્રૉગ્રામ રાખો, મર્યાદા પ્રમાણે રમો. બહાર તો પંચવિષયનાં ઢોલાં વાગે છે, પણ આપણા જીવમાં ઢોલાં ન વાગવાં જોઈએ. ભવિષ્યમાં યુવકો દ્વારા સત્સંગ બહુ વધશે. એવી યુવકોમાં શક્તિ છે.'

આપણે એક જ ગ્રૂપ

તા. ૧૦/૮ની સવારે સ્વામીશ્રી અલ્પાહાર કરવા બિરાજ્યા ત્યારે યુવક શ્રી પરેશ ત્રિવેદી એક મોટું બૉક્સ ઊંચકી ભોજનખંડમાં પ્રવેશ્યા. તે જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું : 'એ દવા છે?'

'ના, બાપા! પ્રસાદીના પાણીની બોટલો છે.'

'એ દવા જ છે ને! વગર ઇન્સ્વેસ્ટમેન્ટ(રોકાણ)ની દવા.' સ્વામીશ્રી બોલ્યા.

ઠાકોરજીના પ્રાસાદિક જળનો આ મહિમા સમજનારા તેઓ આજની રાત્રે જમવા બિરાજ્યા ત્યારે રેડિયો સિટી હૉલના કાર્યક્રમમાં જહેમત ઉઠાવનારા શ્રી કનુભાઈ પટેલ, રાજનભાઈ પટેલ, દેવેન્દ્રભાઈ પટેલ વગેરે કાર્યકરો દર્શન માટે બેઠા હતા. તે બધાએ એક જ સૂર છેડ્યો કે 'આ પ્રોગ્રામ સ્વામીશ્રીની દયા વિના અશક્ય જ હતો!'

તેનું એક કારણ એ કે 'સાંજે પાંચ વાગ્યે શરૂ થનારા આ કાર્યક્રમની પૂર્વતૈયારી માટે મંચનો કબજો મળેલો બપોરે બાર વાગ્યે!'

વળી, આ કાર્યક્રમમાં ભાગ લેનારા ન્યૂયૉર્ક, એડિસન વગેરે કેન્દ્રોના બાળ-કિશોરોએ પોતપોતાનાં સ્થાને નૃત્યાદિકની પ્રેક્ટિસ કરેલી, પણ તે સૌ ભેગા મળી પ્રેક્ટિસ નહોતા કરી શક્યા. તેથી રજૂઆતમાં જરૂરી સંકલન સધાશે કે કેમ તે વિષે સૌ શંકાશીલ હતા.

પરંતુ આ વિગત સાંભળી સ્વામીશ્રી બોલ્યા : '*ગરુડ તજીને પાળા પધાર્યા...* જેવું થઈ ગયું! ભગવાન સાક્ષાત્ આવીને ઊભા એટલે બધું ઊકલી ગયું.'

'પણ બાપા! આપ પરીક્ષા તો ખરેખરી લો છો, હોં કે.'

'એ તો લેવી જ પડે! હાડકાં ને ચામડાં હૌ (બધું) નોખું પાડી નાંખે. તો જ પાકા થવાય.'

આ રીતે તેઓએ પાકા કરેલા કંઈક ભક્તોના પરિશ્રમથી એડિસનના આંગણે સાત એકરની ભૂમિ પર નવનિર્મિત મંદિર ખડું થઈ ગયેલું. તેમાં તા. ૧૧/૮ની સવારે મૂર્તિપ્રતિષ્ઠા કરવા જતાં પૂર્વે અલ્પાહારથી પરવારી ઉતારામાં બિરાજેલા સ્વામીશ્રીએ સામે બેઠેલા બે સંતોને પૂછ્યું : 'કેમ તમારે નાસ્તો નથી કરવાનો?'

'બીજા ગ્રૂપમાં કરીશું.'

'કેમ બીજા ગ્રૂપમાં ?'

'અહીં કોઈ આવે તો કંઠી પહેરાવવા, મૂર્તિ આપવા બેઠા છીએ.'

'તેમાં ગ્રૂપ શું હોય ? A ગ્રૂપ, B ગ્રૂપ...'

'ના, ના બાપા ! અમારા માટે તો આપનું ગ્રૂપ એ ગ્રૂપ. આ તો વ્યવસ્થા ખાતર મોડા જમવા જઈશું.'

'તો બરાબર ! આપણા ગુરુ એક, સમજણ એક, ઇષ્ટદેવ એક. એક જ ગ્રૂપ, બીજાં ગ્રૂપ હોય જ નહીં !' સ્વામીશ્રીએ સિદ્ધાંતવાક્ય ઉચ્ચાર્યું.

પ્રભુનો પ્રેમ પીરસતું પાત્ર

તા. ૧૧/૮ની સવારે સ્વામીશ્રીના વરદહસ્તે એડિસનના જે મંદિરમાં ધામધૂમથી અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજ્યા તે મંદિર એટલે સેંકડો સત્સંગીઓના શ્રમનું પરિણામ. તેથી તેના પ્રતિષ્ઠા-પ્રસંગે ઊમટી પડેલા ૭,૦૦૦ના માનવ મહેરામણમાં એક હતા – શ્રી રોન પટેલ.

પત્રકારત્વના ક્ષેત્રે પ્રતિષ્ઠિત ગણાતું પુલિત્ઝર પ્રાઇઝ મેળવનારા આ ખ્યાતનામ તંત્રીએ સ્વામીશ્રીને જણાવ્યું : 'આપ અતિ પવિત્ર છો. ભગવાનનો પ્રેમ આપનામાંથી મળે છે. તેનાથી યુવાનોને, કિશોરોને આપનું આકર્ષણ રહે છે. સૌને આપના માટે અત્યંત ભાવ થાય છે. અમારા હજારો શબ્દો અફળ જાય, પરંતુ આપનો એક પણ શબ્દ અફળ નથી જતો. આપ એવા અદ્‌ભુત પુરુષ છો !'

સ્વામીશ્રીની આવી અમોઘ વાણીનો એક આગવો અનુભવ તા. ૧૨/૮ની સાંજે મેયર શ્રી જ્યોર્જ સ્પડારો કરી રહ્યા. સ્વામીશ્રીના પ્રવચનથી પ્રભાવિત થયેલા તેઓએ સભાને સંબોધતાં જણાવ્યું કે "આજે સ્વામીજી બોલતા હતા ત્યારે મને લાગ્યું કે 'મારે તાત્કાલિક આ શબ્દોનું ભાષાંતર જોઈએ.' મને ખ્યાલ આવ્યો કે 'તેઓ બોલતા હતા તે ન સમજાવાથી હું ઘણું ગુમાવું છું."

સ્વામીશ્રીની આવી સુધા સમાન વાણીનાં કામણ તા. ૧૩/૮થી કેનેડાના મોન્ટ્રીઅલ શહેરમાં પ્રસરવા લાગ્યાં. અહીં આજની સાંજે કર્કલૅન્ડના ટાઉન હૉલમાં યોજાયેલી સભામાં શાંતિ-સંદેશ સંભળાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

'અશાંતિ દૂર કરવા માટે તો સંત સમાગમ, શાસ્ત્ર-વાંચન અને

ભગવાનને પ્રાર્થના – આ ત્રણ વસ્તુઓ છે.'

રહ્યા અતિ આજ્ઞા અનુસાર

મોન્ટ્રીઅલમાં શ્રી અનંતભાઈ સોનેજીના ઘર-આંગણે તા. ૧૪/૮ની પ્રાતઃપૂજા કર્યા બાદ અલ્પાહારથી પરવારેલા સ્વામીશ્રી પાસે આવેલો યુવક શ્રી નીલ ગુનાહિત કિસ્સાઓનું પગેરું કાઢવામાં પાવરધો હતો. હાથપંજાની છાપોનો પણ તે નિષ્ણાત.

તેણે તેના ક્ષેત્રની વિગતે વાત કરી ત્યારે સ્વામીશ્રીએ પૂછ્યું : 'લોકો ગુનો આચરે જ નહીં તેવું ન કરાવી શકો ?'

આ પૂછપરછને તે ગુનાશોધક ન પામી શક્યો, ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'સત્સંગ રાખજો. અમે તો કોઈ કાંઈ ગુનો જ ન કરે તેવું કરાવીએ છીએ.'

હા, તેઓ હતા – મૂળ પર પ્રહાર કરનારા, ડાળી-પાંદડાં પર નહીં !

આવા મૂળગામી સ્વામીશ્રીથી પ્રભાવિત એક આફ્રિકન શ્રી રોન ફિલ આજે દર્શને દોડી આવ્યા. વર્તમાનપત્રમાં સ્વામીશ્રીની વિગત વાંચી આકર્ષણ પામેલા તેઓ ગઈકાલની સભામાં પણ ઉપસ્થિત હતા. તેમાં તેઓને કંઈ જ સમજ ન પડવા છતાં તેઓએ આનંદ અને સંતોષ અનુભવેલા.

સ્વામીશ્રીની આવી મરમાળી મૂર્તિનો આનંદ તા. ૧૫/૮ના રોજ મેનોટીકના ભાવિકોને માણવા મળ્યો. આ નગરમાં શ્રી સુધીરભાઈના ઘેર ઊતરેલા સ્વામીશ્રી આજે સાયંભ્રમણ કરવા નીકળ્યા ત્યારે બંગલાની બહાર રસ્તા સુધી ઊભા પટ્ટે જાજમ પાથરવામાં આવેલી. તેની એક કોરે બેસી દસ-બાર યુવાનો અને ચાર-પાંચ સંતો દર્શનલાભ લૂંટી રહેલા. પરંતુ એક આંટો પૂરો કરતાં જ સ્વામીશ્રીને દૂર પાંચ-સાત મહિલાઓ દર્શન માટે બેઠાં હોય તેમ જણાયું. તેથી તેઓએ બે-ત્રણ યુવકોને તે તરફ બેસી જવા સૂચના આપી.

દૂર દેશના એકાંતમાં પણ *'રહ્યા અતિ આજ્ઞા અનુસાર...'*ની સ્વામીશ્રીની શૈલી અકબંધ રહેતી.

લટક મન બસ ગઈ લાલન કી

મેનોટીકથી ટોરોન્ટો આવેલા સ્વામીશ્રી તા. ૧૭/૮ની સવારે અલ્પાહાર કરવા બિરાજ્યા તે વખતે ઓરડામાં પ્રવેશેલા એક હરિભક્તને જોતાં જ તેઓએ પૂછ્યું : 'આવો પ્રભુદાસ ! કાલે કેમ નહોતા દેખાયા ?'

ગઈકાલની સભામાં ૬૦૦થી વધુ ભાવિકો ઊમટેલા; છતાં 'કોણ નથી આવ્યું ?' એ સ્વામીશ્રીની સૂક્ષ્મ અને સ્નેહસભર નજરમાં નોંધાઈ ગયેલું.

આ અમીનજર સાથે આજની સાંજે શહેરના ઇન્ટરનેશનલ સેન્ટરમાં લાભ આપનારા તેઓ પાસે તા. ૧૮/૮ના રોજ હરિભક્ત શ્રી ઉપેન્દ્રભાઈ ઓઝા આવ્યા. ડાયાલિસીસના મશીન પર જિંદગી ટાંગીને ઘૂમતા આ સત્સંગીનો ચહેરો જોઈ કોઈ કળી ન શકે કે 'તેઓની બેય કિડની વર્ષોથી વખારે પડી છે.'

તેઓની પીઠ પર પ્રેમભર્યો ધબ્બો મારતાં સ્વામીશ્રી બોલ્યા : 'આત્મ-જ્ઞાનની વાતો તો ઘણા કરે છે, પણ આ બેમાં – ઉપેન્દ્ર અને ભગવાનજીમાં અમે એ પ્રત્યક્ષ જોયું. દેહભાવ જ નહીં ! દેહ સામે દૃષ્ટિ જ નહીં.'

હરિભક્તોની ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિ પર વાગેલી આ મહોરમાં સ્વામીશ્રીના સામર્થ્યનો પરિચય છે. અલબત્ત, આ પગથિયા સુધી સૌને પહોંચાડતા તેઓનો પરિશ્રમ પણ આજે જોવા મળ્યો.

આજના રવિવારે મંદિરમાં મહાપૂજા ગોઠવાયેલી. તેની પ્રથમ હરોળમાં નાસ્તિક મગજ અને રંગીલો મિજાજ ધરાવતો એક યુવાન બેઠેલો. કદી મંદિરનું પગથિયું ન ચઢનારો તે આજે પિતાનું દિલ ન દુખાય એ હેતુથી જ અહીં આવેલો અને પૂરી નીરસતાથી વિધિ કરી રહેલો. તેમાં સ્વામીશ્રી પધારતાં જનમંગલ નામાવલિનો પાઠ શરૂ થયો. તેને અનુસરતાં યજમાનો 'નમઃ'ના ઉદ્‌ઘોષ સાથે જમણા હાથે અક્ષતનો અભિષેક કરવા લાગ્યા; પરંતુ આ પૂજાપદ્ધતિથી અજાણ પેલો યુવાન જમણા હાથમાં ચોખા રાખી ડાબા હાથે તેને પધરાવી રહેલો.

૩૭૫ યજમાનોની ભીડમાં તેની આ અવળ-સવળ હરકત સ્વામીશ્રીથી અજાણી ન રહી ! તેથી તેઓએ મંચ પરથી જ હાથની સંજ્ઞા દ્વારા પેલા યુવકને અવળાનું સવળું કરવા જણાવ્યું. પણ એ એક ઇશારે પેલા યુવાનને ઘાયલ કરી મૂક્યો. તે આખો દિવસ સ્વામીશ્રીની આ ચેષ્ટાને જ વાગોળતાં બોલતો રહ્યો : 'What I felt that time, I cannot describe in words!' – 'મેં એ સમયે જે અનુભવ્યું તે શબ્દોમાં વર્ણવી શકું એમ નથી !'

આ અનુભવ સાથે તેણે આજની સાંજે વર્તમાન ધરાવી કંઠી બંધાવી, બીજે દિવસે દારૂનું વ્યસન છોડ્યું અને નિયમિત રવિસભા ભરવાની આજ્ઞા શિરે ચડાવી.

કયા હાથે ચોખા પધરાવવા તે શીખવવાથી માંડી ભક્તોને આત્મ-નિષ્ઠાની ઉચ્ચ ભૂમિકા સુધી પહોંચાડતા સ્વામીશ્રીના સંગમાં બ્રહ્મવિદ્યાનું કોઈ શિક્ષણ અધૂરું ન રહેતું.

સંતાનોને સોનેરી શીખ

તા. ૧૮/૮ની સાયંસભામાં સનાતન હિંદુ મંદિરે લાભ આપનારા સ્વામીશ્રીએ આ ધર્મસ્થાનના ઉત્કર્ષ માટે સંસ્થા વતી માતબર રકમની સખાવત પણ કરાવી.

તેઓની આવી ઉદારતાના ઓવારે તા. ૧૯/૮નો દિવસ સમાજદિન તરીકે ઊજવાઈ રહેલો. આ પ્રસંગે ટોરોન્ટોની તમામ હિંદુ પ્રજા વતી વિવિધ સંસ્થાના આગેવાનોએ સ્વામીશ્રીને સત્કાર્યા. સ્થાનિક સત્સંગ મંડળે પણ વૃદ્ધ અને વડીલ સભ્યોને સન્માન્યા.

વયસ્ક વ્યક્તિઓની આ સંભાળથી રાજી થયેલા સ્વામીશ્રીએ આશીર્વાદમાં જણાવ્યું :

''સિનિયર સિટીઝન(વડીલ)ને સંભાર્યા તે મોટી વાત છે. માટે બાળકોને વિનંતી કે 'મા-બાપની ખબર રાખવી.' એમણે આપણને રમાડ્યા, જમાડ્યા, લાડ લડાવ્યા, તો આપણે ઘડપણે તેમની સેવા કરવી. જે મા-બાપે આપણને અનુકૂળતા કરી આપી ભણાવ્યા, પરણાવ્યા, તેમને ભૂલી જઈએ તો કૃતઘ્ની કહેવાઈએ. એમણે આપણાં તોફાન, રડવાનું, રીસ બધું સહન કર્યું કે નહીં? તેમ આપણે હવે તેમના સ્વભાવ વધી ગયા હોય તો સહન કરવા. એ જ વિચાર કરવો કે 'નાની ઉંમરમાં તેમણે આપણને સાચવ્યા, તો આ ઉંમરે આપણે એમને સાચવવાં.'

આજે લગ્ન થાય પછી છોકરાને છોકરીનાં મા-બાપ ન ગમે અને છોકરીને છોકરાનાં મા-બાપ ન ગમે. કેવી વિચિત્ર વાત! પણ એ નથી સમજતાં કે 'પરણ્યા એટલે એનાં મા-બાપ એ આપણાં મા-બાપ!' આપણું ગમે તે થાય, પણ એમને તો સાચવવાં જ! આજે તો ઘરડાં મા-બાપને વૃદ્ધાશ્રમમાં મૂકી આવે છે. આપણે એવું ન કરવું. ધામમાં જાય ત્યાં સુધી ઘેર જ સેવા કરવી. ખરા ખેડુ હોય તેને પોતાના બળદિયા સાથે આત્મીયતા હોય. તે કાંઈ કામ ન કરી શકતો હોય, પડી રહ્યો હોય, તોય સાચવે. મફત ખવડાવે. આવી તો પશુ સાથે આત્મીયતા છે! જ્યારે આ તો માણસ! ને

વળી, પોતાનાં મા-બાપ! એ આપણા દેવ છે. એમણે વેઠ્યું છે તો આપણે પણ કંઈક વેઠવું.'

આજે વાલી-સંતાન વચ્ચે વધી રહેલી ખાઈને પૂરતા સેતુ સમાન છે આ શબ્દો!

જે સારું કામ કરે તેને કંટાળો હોતો નથી

ટોરોન્ટોમાં નૂતન મંદિર માટે સંપાદિત થયેલી ભૂમિને તા. ૨૦/૮ની સવારે પાવન કર્યા બાદ ઉતારે પરત ફરેલા સ્વામીશ્રી સવા અગિયાર વાગ્યે બાળ-યુવા સભામાં પહોંચ્યા. તેમાં ગોઠવાયેલી પ્રશ્નોત્તરીમાં કિશોર શ્રી પ્રતીક શાહે પૂછ્યું: 'બાપા! આપ આટલું બધું કામ કરો છો, વિચરણ કરો છો, લોકોને મળો છો, તો આપને કંટાળો નથી આવતો?'

'જે માણસ સારું કામ કરે છે તેને કંટાળો હોતો નથી.'

માનવમાત્ર માટે મુદ્રાલેખ બની રહે એવું આ વિધાન ઉચ્ચારી સ્વામીશ્રી વધુમાં બોલ્યા:

'ભગવાનનો રાજીપો લેવો છે તો એમાં આપણને થાક-ઉજાગરો હોય નહીં. ભગવાનનું કામ કરવા માટે તો શરીર આપ્યું છે. ભજન કરવું ને કરાવવું, સત્સંગ કરવો ને કરાવવો, એ આપણો બિઝનેસ છે.'

આ જ રીતે આજની રાત્રે કેનેડાના કાર્યકરો સમક્ષ સેવાનો સાથિયો પૂરી આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું:

'કાર્યકર્તા એટલે સેવક. અહીં ભગવાનની આગળ બધા જ નાના છે – એમ સમજીને જેને જે સેવા મળી એ કરવી જ જોઈએ. આ ટ્રેનિંગ જ એવી છે કે પહેલામાં પહેલું આપણું અભિમાન જ જવું જોઈએ. ઘરધણી થઈને સેવા કરવી. આ બધું આપણા ગુરુઓ તરફથી, જીવનચરિત્રોમાંથી શિખાય. જ્ઞાન એટલે પહેલું આપણામાંથી અહં જવું જોઈએ. કોઈ આપણું ખરાબ કરવા આવ્યા નથી. કોઈના હાથમાં એવી સત્તા નથી કે તમારું ખરાબ કરી શકે. આપણા સ્વભાવને લઈને દુઃખી થઈએ છીએ.'

પરદુઃખ દેખી ન ખમાય

તા. ૨૧/૮ની બપોરે મુલાકાતોના ક્રમમાં આવેલી એક ત્રાહિત વ્યક્તિ મુંબઈની રહીશ હોવા છતાં કદીયે દાદર મંદિરના દાદરા ચઢી નહોતી.

સત્સંગની લેશ પણ પૂર્વભૂમિકા ન ધરાવનારા તેઓ મુંબઈમાં તો સહકારી બેંકના મૅનેજરપદે હતા, પરંતુ કેનેડામાં ત્રણ-ત્રણ મહિના સુધી ધક્કે ચઢવા છતાં તેઓને નોકરીનો પત્તો ખાતો નહોતો. તેથી હવે તેઓ અહીં મજૂરીકામ કરવા માટે પણ તૈયાર હતા. પરંતુ તેમાંય ગજ ન વાગતાં બેકારીનો બલિ બની ચૂકેલી એ વ્યક્તિ બે દિવસ પૂર્વે સ્વામીશ્રીને મળવા આવેલી. આજે ફરી વાર તેઓને જોતાં સ્વામીશ્રીએ સ્થાનિક સત્સંગી શ્રી નરેશભાઈને તેઓનું સંકટ ટાળવા ભલામણ કરી.

અજાણ્યાના પણ મદદગાર બનવામાં સ્વામીશ્રીને જરાયે વાર ન લાગતી.

આ કરુણાભાવ સાથે તેઓ ગુજરાત કલ્ચરલ સેન્ટરમાં યોજાયેલી આજની સાયંસભામાં લાભ આપી આવ્યા.

ત્યાંથી મંદિરે પધારી સ્વામીશ્રી જ્યારે જમવા બિરાજ્યા ત્યારે યોગીજી મહારાજના સંક્ષિપ્ત જીવનચરિત્રનું વાંચન ભક્તિસાગરદાસ સ્વામીએ શરૂ કર્યું. તેના પ્રારંભમાં દીક્ષા પ્રસંગનો ઉલ્લેખ આવ્યો, ત્યાં જ સ્વામીશ્રી બોલ્યા: 'આ વંચાઈ ગયું છે. આગળથી વાંચો.'

આ પુસ્તકનું વાંચન સ્વામીશ્રી સમક્ષ છેલ્લે છેક એડિસનમાં થયેલું. તે પછી કંઈ કેટલાય અહેવાલોનાં ઝૂમખાં તેઓ આગળથી પસાર થઈ ગયેલાં. છતાં તેઓને દિવસો પહેલાં વાંચન કઈ લીટીએ અટકેલું તેનો ખ્યાલ હતો! તેઓની કથા સંબંધી આ આસક્તિ અને એકાગ્રતા તેમ જ તીવ્ર સ્મરણ-શક્તિની ત્રિવેણીમાં સૌ ડૂબી ગયા.

મોટામાં મોટા મનોચિકિત્સક

તા. ૨૨/૮ની બપોરે દર્શન માટે આવેલા જાણીતા મનોચિકિત્સક ડૉ. દિલખુશ પંજવાણી સ્વામીશ્રીને મળતાં તેઓના નામની સાર્થકતા અનુભવી રહ્યા. તેઓએ આ સ્વાનુભવને ઉચ્ચારતાં જણાવ્યું:

'મને જે લાગે છે તે કહું છું. મને કોઈ પૂછે કે 'દુનિયાના મોટામાં મોટા મનોચિકિત્સક કોણ હશે?' તો હું નામ આપું કે 'પ્રમુખસ્વામી મહારાજ!' એનું કારણ એટલું જ છે કે હું એક વર્ષ સુધી એક દર્દીની માંડ સારવાર કરું છું ને માંડ એ ઠેકાણે પડે ત્યાં દારૂ પી લે, કંઈક આઘું-પાછું કરે! જ્યારે સ્વામીશ્રી તો સભામાં બોલે, હાલતાં-ચાલતાં બોલે ને યુવકો એ રીતે કરવા માંડે છે અને જિંદગી સુધી છોડતા નથી!!'

કોઈ પણ ક્ષેત્રના નિષ્ણાતને સ્વામીશ્રી પાસે અનુભવ થતો કે *'તમારી હું નાથ ! નહીં તડોવડ્ય...'*

છતાં સૌની સાથે સૌના જેવા બનીને રહેવામાં સ્વામીશ્રીની મહાનતા હતી.

તે સાથે તેઓ આજની સાંજે સભામાં જઈ રહેલા ત્યારે છ વર્ષીય બાળક કેવલ સોલંકીએ તેઓ સમક્ષ હાથ લંબાવ્યો. એ નાનકડા હાથમાં અધિવેશનમાં મળેલું પ્રમાણપત્ર હતું. તે સ્વામીશ્રીને ધરતાં એ બાળકે કહ્યું: 'બાપા ! લખી આપો.'

પ્રમાણપત્રમાં સ્વામીશ્રીના હસ્તાક્ષર લેવાની તમન્ના બાળ માનસમાં જાગેલી. તે સંતોષવા સ્વામીશ્રીએ પત્રક તો હાથમાં લઈ લીધું, પણ લખવા માટે ટેકારૂપે રાખવા કોઈ પૅડ-પુસ્તક આસપાસમાં નજરે ન ચડ્યું. તે વખતે બાજુમાં ઊભેલા બોસ્ટનવાસી કિશોર શ્રી અક્ષરે સ્વામીશ્રી આગળ વાંકા વળીને પોતાની પીઠ ટેકારૂપે ધરી દીધી. સ્વામીશ્રીએ પણ મંદ હાસ્ય વેરતાં એ 'અક્ષર'પીઠ પર પ્રમાણપત્ર ટેકવી હસ્તાક્ષર પાડ્યા.

એવો વિચાર જ ન આવે

તા. ૨૩/૮ના રોજ કેનેડાના કાર્યક્રમ પર પૂર્ણવિરામ મુકાતું હોવાથી આ દિવસ શુક્રવારનો હોવા છતાં ભાવિકોની સંખ્યા ઘણી હતી. સૌ અનિમિષ નયને સ્વામીશ્રીની મૂર્તિને પી રહ્યા. પ્રાતઃપૂજાનું દર્શનસત્ર આ રીતે પૂરું થતાં સ્વામીશ્રી અલ્પાહાર માટે બિરાજ્યા. તે વખતે બાલિકા મંડળે પુછાવેલા પ્રશ્નો કાર્યકર દ્વારા રજૂ થવા માંડ્યા.

તેમાં એક જિજ્ઞાસા એવી પ્રગટ થઈ કે 'બાપા ! આપને ક્યારેય એવું થાય છે કે 'મારે લઈને આ બધું થાય છે ?''

'એવું થાય જ નહીં ને ! એવો વિચાર જ ન આવે. ભગવાન જ બધું કરે છે.'

'હજારો માણસ આપનાં દર્શન દર સેકન્ડે કરતાં હોય છે, તો આપને કેવું લાગે છે ?'

'એમાં શું લાગવાનું ?'

'આપે કાંઈ દિવ્ય સ્વરૂપ ક્યારેય બતાવ્યું છે ?'

'એ બતાવતા જ નથી. ભગવાનનું દિવ્ય સ્વરૂપ હોય, આપણે કાંઈ

દર્શન આપવાની વાત નથી.'

'ક્યારેય સભામાં કંટાળો આવ્યો છે?'

'ના, ભગવાનનું કાર્ય કરીએ એમાં કંટાળો શેનો?!' સ્વામીશ્રીએ જણાવ્યું.

ભક્તિ અને નમ્રતાથી તરબતર આ પ્રતિભાવોથી સૌને પ્રભાવિત કરતા તેઓ આજની સવારે સાડા અગિયાર વાગ્યે શિકાગો આવી પહોંચ્યા.

એક અદ્વિતીય અનુભવ

શિકાગોના સેન્ટ ચાર્લ્સ ટાઉનમાં શ્રી દિનકરભાઈ પટેલના ઘેર રોકાયેલા સ્વામીશ્રી રોજ સાંજે અહીંના મેગા સેન્ટરમાં ધર્મલાભ આપતા. તે ક્રમમાં તા. ૨૪/૮ના દિવસે મેયર શ્રી નોરિસે તેઓને 'કી ટુ ધ સિટી'નું સન્માન આપી સત્કાર્યા.

આવા જ એક પ્રતિષ્ઠિત પરદેશી ડૉ. લેરી લર્નર તા. ૨૫/૮ની બપોરે સ્વામીશ્રીને મળવા આવી પહોંચ્યા. પોતાના મિત્ર શ્રી મન્સૂર ડાયા સાથે આવેલા આ યહૂદી ડૉક્ટરે યકૃતનું પ્રત્યારોપણ કરાવેલું. તે જાણતાં જ અનુકંપાથી વશ સ્વામીશ્રી તે તબીબની છાતી, ઉદર, ખભે હાથ ફેરવવા લાગ્યા. આ ચેષ્ટાનો મર્મ સમજાવતાં આનંદસ્વરૂપદાસ સ્વામીએ શ્રી લર્નરને કહ્યું: 'સ્વામીશ્રી આપને આશીર્વાદ આપે છે. તેઓના આ હાથે હજારોનાં દુઃખ દૂર થયાં છે, શાંતિ મળી છે.'

આ સાંભળી એ ડૉક્ટરે સ્વામીશ્રીને જ જણાવ્યું: 'આપની આંખો જોતાં એ વાત દેખાય છે કે આપે એવાં કાર્ય કર્યાં જ હશે!'

'કામ તો ભગવાન કરે છે. માણસ તો નિમિત્ત છે.' પોતાની પ્રશંસા પર પડદો પાડતાં સ્વામીશ્રી બોલ્યા.

ત્યારે આનંદસ્વરૂપદાસ સ્વામીએ કહ્યું: 'સ્વામીશ્રી દ્વારા ભગવાન કામ કરે છે.'

'I can feel it – હું તેનો અનુભવ કરું છું! એમના દિવ્ય ઑરાનો સ્પર્શ થતો હોય તેવો મને અનુભવ થાય છે.' આટલું કહી શ્રી લર્નર સ્વામીશ્રીનાં ભોજન-દર્શન માટે પણ બેઠા.

પરંતુ આ ભોજનસત્રનો આસ્વાદ તો તેઓની દાઢે વળગ્યો. તેઓ બોલી ઊઠ્યા: 'એક જ સ્થળે, એક વ્યક્તિ પાસે બધા જ પ્રકારના માણસો

બેઠા હોય તેવું અદ્‌ભુત દૃશ્ય મેં આજ પહેલાં ક્યારેય જોયું નથી.'

આ અદકેરી અનુભૂતિ સાથે જ તે ડૉક્ટર સ્વામીશ્રી જમી રહ્યા ત્યારે તેઓની નજીક આવી કહેવા લાગ્યા: 'આપના સંપર્કથી મને એટલું બધું સારું લાગે છે કે હું દરેક વિગત પોઝિટિવ (સવળી) અનુભવી રહ્યો છું. મને હૂંફ મળી, શાંતિ મળી. હું તરવરતો થઈ ગયાનો અનુભવ કરું છું. આપે જ્યારે મારો સ્પર્શ કર્યો ત્યારે હું સાક્ષીભાવે મારી જાતને જોતો હોઉં તેવો અનુભવ થયો.'

આટલું કહ્યા પછી પણ આ આગંતુક અમેરિકનનો અહોભાવ અટકવાનું નામ લેતો નહોતો. તેઓએ વધુમાં વર્ણવ્યું: 'હું આજના અનુભવની વાત કોઈને કહીશ તો તે કોઈની સાથે સરખાવી નહીં શકે. How humble he is! – સ્વામીશ્રી કેટલા નમ્ર છે!'

શ્રી મન્સૂર ડાયાએ પણ આવી જ અનુભૂતિ દોહરાવી કે 'આ મારા માટે જીવનભરની મૂડી જેવો અનુભવ છે, જે જીવનમાં એક જ વખત થાય!'

આ અનુભવથી આકર્ષાયેલા આ બંને પ્રતિષ્ઠિતો આજની રાત્રે પણ સ્વામીશ્રીનાં ભોજન-દર્શનનો લાભ લેવા દોડી આવ્યા.

સ્વામીશ્રીનો આવો પ્રતાપ તા. ૨૬/૮ની સવારે તો બેવડાયો. આ સમયે તેઓનાં દર્શને આવેલા ખોજા ભાવિક શ્રી હીરાણીએ તેઓનું અહીં આવવાનું કારણ જણાવ્યું કે ''મને સ્વપ્નમાં પીરે દર્શન દઈ કહ્યું: 'તારે શાંતિ જોઈતી હોય તો અહીં પ્રમુખસ્વામી નામે ફકીર આવ્યા છે, તેમની પાસે જા!'' આટલું કહેતાં તો એ મુલાકાતી મુમુક્ષુ સ્વામીશ્રીનાં ચરણે ઢળી પડ્યા.

તેઓને સ્વામીશ્રીએ કહ્યું: 'અમારે તો ભગવાન સ્વામિનારાયણના સમયથી ખોજા પરિવાર સાથે ગાઢ સંબંધ છે. તમેય હવે નિયમિત આવતા રહેજો.'

સ્વામીશ્રીનાં આ આતિથ્ય અને આત્મીયતામાં એ ખોજા ખોવાઈ ગયા.

હરિવચનમાં હમેશ રૈ'યે

શિકાગોમાં સ્વામીશ્રીના ઉતારાના પ્રાંગણમાં પારદર્શક પ્લાસ્ટિકનો નાનો મંડપ નાંખવામાં આવેલો. તેમાં સવાર-સાંજ ભ્રમણ અને દર્શનનો લાભ સૌને મળતો. તે માટે પુરુષો મંડપમાં અને મહિલાઓ બહાર બેસતાં. પરંતુ તેઓ ક્યારેક પ્લાસ્ટિકને અડોઅડ ગોઠવાતાં, જેથી સ્વામીશ્રીનો ભ્રમણપથ અને બહેનોની બેઠક વચ્ચેનું અંતર ટૂંકું થઈ જતું.

આ વિગત તા. ૨૬/૮ની સવારે સ્વામીશ્રીના ધ્યાનમાં આવતાં તેઓએ સૂચવ્યું: 'મહિલાઓને મંડપથી પાંચ-સાત ફૂટ દૂર બેસાડવાં. ત્યાં પાથરણાં પાથરી દેવાં. નીચે ન બેસવું પડે.'

પાળ તૂટે નહીં અને પોષણ અટકે નહીં એ રીતે સ્વામીશ્રી કાર્ય કરી જાણતા.

તેઓની આ સંતુલિત જીવનરીતિનું દર્શન અહીંના રોકાણ દરમ્યાન વધુ એક વાર થયું, જ્યારે મિનિયાપોલીસથી આવેલા એક હરિભક્તે તેઓ સમક્ષ લેટરપૅડ ધરતાં કહ્યું: 'બાપા! મારાં પત્ની ટ્રાવેલ્સનો વ્યવસાય શરૂ કરે છે. તેને આપના આશીર્વાદની જરૂર છે. બે શબ્દ લખી આપો તો કૃપા!'

આ ઇચ્છા પૂર્ણ કરતાં સ્વામીશ્રીએ લખ્યું: *'પૂજ્ય ગુણવંતભાઈને આશીર્વાદ છે...'*

આ વાંચી એ હરિભક્તે પોતાનાં પત્નીના નામે આશીર્વાદ લખી આપવા જણાવ્યું, ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'તમારું નામ લખ્યું એમાં આખા કુટુંબને આશીર્વાદ આવી ગયા!'

*'હરિવચનમાં હમેશ રૈ'યે...'*ની તેઓની જીવનશૈલી દેશ-પરદેશમાં એકસમાન રહેતી.

મળ્યા ત્યારથી જ યાદગાર

તા. ૨૬/૮ની સવારે ઉતારે જ યોજાયેલી કિશોર-કિશોરી મંડળની ખાસ સભામાં પ્રશ્નોત્તરી દ્વારા પોતાની જિજ્ઞાસા સંતોષવા માંડેલા કિશોરો પૈકીના એકે પૂછ્યું: 'સ્વામીબાપા! આપનો શાસ્ત્રીજી મહારાજ સાથેનો યાદગાર પ્રસંગ કહેશો?'

'શાસ્ત્રીજી મહારાજ અમને મળ્યા ત્યારથી જ યાદગાર થઈ ગયા છે.'

સ્વામીશ્રીના આ ઉત્તરથી સૌ તાળી પાડી ઊઠ્યા. આ હર્ષનાદ ઝીલતાં સ્વામીશ્રીએ વધુમાં જણાવ્યું: 'યાદગારની દૃષ્ટિએ તો એમણે મારો એક પ્રસંગ બન્યો હતો તેમાં રક્ષણ કર્યું એ અમારો મોટામાં મોટો પ્રસંગ! આપણા માટે તેમણે ઝેર પણ પચાવી દીધું. તે કાતિલ ઝેર હતું છતાં એમણે આપણા માટે શરીર રાખ્યું એ આપણા માટે ખૂબ સારો પ્રસંગ કહેવાય.'

સ્વામીશ્રીએ પોતાની આ સ્મરણમૂડી વહેંચી ત્યાં જ તરુણ પટેલે[૨૧]

---

૨૧. તેઓ સમય જતાં સ્વામીશ્રીના વરદહસ્તે દીક્ષા લઈ સાધુ અક્ષરાતીતદાસ બન્યા.

પૂછ્યું : 'સ્વામી ! તમને ભગવાન દેખાય છે ?'

'ભગવાન દેખાયા ત્યારે તો અહીંયાં આવ્યા, નહીંતર આવીએ શું કરવા? શાસ્ત્રીજી મહારાજ મળ્યા એમાં ભગવાન સાક્ષાત્ દેખાયા. શ્રીજીમહારાજે વરતાલના ૧૧મા વચનામૃતમાં કહ્યું છે ને કે સંતમાં આત્મબુદ્ધિ એ ભગવાનનાં સાક્ષાત્ દર્શનનું સાધન. સંત તે ભગવાનનું સ્વરૂપ છે જ !'

'એટલે તમે ભગવાનનું સ્વરૂપ !'

'હા, એ બરોબર ! Right (સાચું) ! આપણે એમ જ માનવું કે એમાં ભગવાન સર્વ પ્રકારે રહ્યા છે. મહારાજ જ દર્શન આપે છે, મહારાજ જ વાતો કરે છે, મહારાજની જ આપણે સેવા કરીએ છીએ. થયાં તને દર્શન ?'

'થયાં.'

'ક્યારે થયાં ?'

'તમે જ્યારે લાભ આપો છો ત્યારે અને અત્યારે પણ થયાં.'

'એમ ! વાહ. તો હવે પ્રશ્ન પૂછતો નહીં કોઈ દા'ડો.'

સ્વામીશ્રીના આ પ્રતિભાવથી તાળીઓનો ગડગડાટ વરસી રહ્યો. તેમાંથી નીપજેલા હાસ્યરસથી સ્વામીશ્રી પણ ભીંજાઈ ગયા.

તેમાં જ પોતાની વાણીને ઝબકોળતાં તેઓ બોલ્યા :

'આવું નક્કી થયું હોય તો કોઈ દા'ડો પ્રશ્ન ન થાય. આપણું ધાર્યું થયું કે ના થયું, પણ છે જ એ ! કદાચ અમે અંધારામાં બેઠા હોઈએ ને તારામાંથી પ્રકાશ નીકળે તો તને થાય ને કે 'લ્યો, આમનામાં તો કોઈ પ્રકાશ નહીં ને મારામાંથી દીવો નીકળ્યો !' પણ ત્યારે આપણે જાણવું કે 'બધો પ્રતાપ એમનો છે.' અધિવેશનમાં ઇનામ લઈ આવ્યો છું એ કોને લઈને ?'

'તમારે લીધે.'

'હા, એ રાખવાની વાત છે. આપણામાં જે બુદ્ધિ, શક્તિ, બળ છે, આપણે જે કંઈ કાર્ય કરી શકીએ છીએ, તે તે જ કરે છે. એવું ના થાય કે 'લ્યો, એમનામાં કાંઈ નથી.' તું સારામાં સારું પ્રવચન આપે ને અમારે તો કીન્ટલ(ક્લિન્ટન)ને બદલે ક્લીન્ટનલ થઈ જાય છે. પણ 'એને લીધે જ બધું આવ્યું છે' એમ સમજાય, તો આપણે ભગવાનનું સ્વરૂપ સમજ્યા.'

સ્વામીશ્રીએ આજે જેમ છે તેમ વાત કહી દીધી.

ત્યારબાદ પોતાના ઉતારે જઈ રહેલા તેઓએ એક ઓરડામાં સેવા કરતા બે કિશોરોને જોઈ પૂછ્યું : 'તમે સભામાં નહોતા આવ્યા ?'

'ના, બાપા !'

'આવી સભા હોય ત્યારે આવી જ જવું. બધા દૂર-દૂરથી આવે છે ને તમે અહીં ને અહીં રહી ગયા ! સેવા તો વહેલી-મોડી કરી લેવી.' સાધનાનું સંતુલન સમજાવતાં સ્વામીશ્રી બોલ્યા.

અનર્થમુક્ત આર્થિક સેવાનું આયોજન

શિકાગોમાં પણ સ્વામીશ્રીએ મોટા મંદિરનાં પગરણ માંડી દીધાં હોવાથી તે માટે ફાળો નોંધાવવા હરિભક્તો રોજેરોજ સ્વામીશ્રીના દ્વારે હરોળબંધ ઊભા રહી જતા. તેમાંથી જેની જે સ્થિતિ તે મુજબ સ્વામીશ્રી લક્ષ્યાંક આપતા. તેની સાથે સત્સંગીઓ પોતાના સ્નેહીજનો પાસેથી આર્થિક સેવા એકત્રિત કરે તેવા આયોજનની રૂપરેખા પણ ઘડાયેલી. આ સેવામાં ઝંપલાવનારા ચાલીસેક ભક્તો તા. ૨૮/૮ની સવારે સવા દસ વાગ્યે સ્વામીશ્રી પાસે માર્ગદર્શન અને આશીર્વાદ લેવા આવી પહોંચ્યા.

તે સમયે સ્વામીશ્રી શૌચવિધિ માટે જવા ઊભા થઈ ગયેલા, પણ મંદિર-નિર્માણની પ્રેરણા આપવા તેઓ થંભી ગયા. ઊભાં-ઊભાં જ તેઓના મુખેથી આર્થિક સેવાના ઉત્તેજન (fund raising) સંબંધી મુદ્દાઓ નીકળવા લાગ્યા કે –

'આપણે આ જ શહેરમાંથી મંદિર પૂરું કરવું છે એટલે દરેકે પોતાના વિસ્તારમાંથી, કુટુંબીમાંથી આટલા ડૉલર ભેગા કરીશ, એમ ટારગેટ (લક્ષ્યાંક) લઈ લેવો. એકબીજાના એરિયામાં એક જ વ્યક્તિ પાસે બીજા પહોંચી જાય તેવું ન થવું જોઈએ. મોટું દાન આપે તેવા હોય એવાને મુખ્ય માણસો મળે. અમારા જેવાને મોકલે તો કાચું કપાઈ જાય. જેટલી રકમ લખાવી હોય એનું મહિને - બે મહિને ફોલો-અપ કર્યા કરવું. સમૈયો આવે તેમાં તેઓને બોલાવવા. પ્રસાદ મોકલવો. અન્નકૂટમાં આમંત્રણ આપવું. નહીં તો એવું જ રહે કે 'આ લોકો પૈસા લેવા જ આવે છે.' પણ આપણે એ હેતુ નથી રાખવાનો. એના જીવનું સારું થાય છે. માટે સંપર્કમાં રહેવું. કોને કોને મળવું તેનું લિસ્ટ બનાવવું. સંકલ્પ પૂરો કરનાર ભગવાન છે. બધાએ સહકુટુંબ જોડાવું. આ તો સાકટમ નોતરું, પાઘડીબંધ નહીં. જે સેવા કરશે તેના આત્માનું કલ્યાણ થશે.'

સ્વામીશ્રીના આ અનુભવજન્ય દિશાદર્શનમાં તેઓનો શુભ અને શુદ્ધ હેતુ પ્રકાશી રહ્યો.

આ ટેવ પાડવાની જરૂર છે

તા. ૨૮/૮ના રોજ રક્ષાબંધનનો ઉત્સવ ઊજવી સ્વામીશ્રી તા. ૨૯/૮ના રોજ ક્લીવલેન્ડ પધારવાના હતા. તે માટે સમયસર ઍરપોર્ટ પર પહોંચવાના હેતુથી તા. ૨૯/૮ની બપોરે સ્વામીશ્રીનો નિવાસ હવાઈ મથકથી નજીક આવેલા શ્રી જનકભાઈ પટેલના ઘેર ગોઠવાયેલો. ત્યાં પહોંચવા માટે સ્વામીશ્રીએ આ દિવસની સવારે વિદાય લેતાં તેઓની મોટર આસ્ફાલ્ટની સડક પર પાણીની જેમ સરકવા લાગી. તે વખતે ગાડીચાલક શ્રી મહેશભાઈ પટેલે મનોમંથન રજૂ કર્યું કે 'બાપા! એકેએક જીવનચરિત્ર મેં વાંચ્યું છે, પણ જોઈએ એવી દૃઢતા થતી નથી.'

'વહેવાર છે એટલે એવું રહે, પણ વાંચન થાય છે તે અગત્યનું છે. એ હોય એટલે મહારાજ, ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ થયો કહેવાય. ઘણા તો 'પ્રકાશ' મંગાવે, પણ વાંચતા નથી. પણ આ ટેવ પાડવાની જરૂર છે. જે નવરાશ મળે તેમાં વાંચ્યા જ કરવું; અટકવું નહીં. જેને કરવું જ છે તેને ટાઇમ મળી જ જાય.'

સત્સંગ-સાહિત્યનું વાંચન એ સ્વામીશ્રીની મનગમતી વાત. તેથી તક મળતાં જ તેઓ તેની પ્રેરણા આપી દેતા. આજે તેનું પાન કરનારા ગાડીચાલકે કહ્યું: 'બાપા! સત્સંગ થયા પહેલાં બહુ ખરાબ સોબતો હતી. એક વર્ષમાં ૨૦૦ ફિલ્મો જોતો. ફિલ્મી ગીતોનો એવો ગાંડો શોખ કે દેશમાંથી અહીં આવ્યો ત્યારે ૪૦૦ કૅસેટો ભેગી લઈને આવેલો; પરંતુ આજે ઘરમાં ટી.વી. પણ બંધ રહે છે. કૅસેટો હવે દરિયામાં પધરાવી દેવી છે.'

ભોગભૂમિમાં આવા વીતરાગી મન ખડા કરનારા સ્વામીશ્રીની સામર્થી કેવી! તેઓના સંગમાં *'અવિદ્યાનાં આવરણ સર્વે નાસે અંગથી...'*નો અનુભવ સર્વસામાન્ય રહેતો.

આવો તેઓનો સત્સંગ માણવા હેમાંગભાઈ મુખી, પંકજભાઈ, ધીરુભાઈ પટેલ વગેરે યુવાનો તો સ્વામીશ્રી સાથે ઍરપોર્ટના નિકટવર્તી ઉતારે દોડી આવેલા. તે સૌને ઠાકોરજી જમાડતી વખતે દીક્ષાંત પ્રવચન આપતા હોય તેમ સ્વામીશ્રીએ કહ્યું:

'કટ વળી જવું એ મુદ્દો છે. આપણે એક વાત નક્કી રાખવી – સ્વભાવ મૂકવા, પણ સેવા ન મૂકવી. હરિભક્તોને રમાડવા-જમાડવા. તે રાજી તો

મહારાજ રાજી. કદાચ અંદરોઅંદર બોલવું-ચાલવું થઈ જાય, પણ અંતે નમી જવું. મોટાપુરુષ કહે તો તો લાંબા જ થઈ જવું. મનધાર્યું મૂકવું, પણ સેવા ન મૂકવી. ઘણા લોકો સેવા કરે, પણ બીજાને અડચણ કર્યા કરે. એ રીતે સેવા ન કરવી. બીજાને અનુકૂળ થઈને કરવી. એકબીજાના ખાતામાં ડખલ ન કરવી, નહીં તો ખટપટ થયા કરે. કોઈને સુખ ન આવે. પછી 'સેવા મૂકો પડતી' એવું થાય. બધા એવી રીતે સેવા મૂકશે તો મંદિર કોણ કરશે? મંદિર નવું બાંધવું છે એ કોને માટે બાંધવાનું રહ્યું? માટે બધો બગાડ જીવમાં પડેલો છે. તે પ્રસંગ પડ્યે બહાર આવે, એટલે સમયે જાણપણું રાખવું.'

આ અમૃતધારાથી યુવકોને ભીંજવતા સ્વામીશ્રી આજની સાંજે પોણા સાત વાગ્યે ક્લીવલેન્ડ આવી પહોંચ્યા.

આ સત્સંગ આપણું કુટુંબ છે

ક્લીવલેન્ડમાં સ્વામીશ્રીને આવકારવા અમેરિકન વસ્તુઓ અને ભારતીય શૈલીના વિનિયોગથી સુંદર મંદિર તૈયાર થઈ ગયેલું. ફક્ત ૧૦૮ દિવસમાં જ પૂર્ણ થયેલું તળિયાથી ટોચ સુધીનું આ નિર્માણકાર્ય સ્થાનિક ભક્તોનાં શ્રમ અને શ્રદ્ધાના પુરાવારૂપ હતું. તેથી રીઝેલા સ્વામીશ્રી સ્વાગતમાં જ સૌ પર પ્રસન્નતા વરસાવી આજની રાત્રે સ્થાનિક ભક્તો સાથે પ્રતિષ્ઠાના આયોજન માટે બિરાજ્યા.

આ સમયે હરિભક્ત શ્રી ગિરીશભાઈ આશરે ચિંતા વ્યક્ત કરી કે 'બાપા! બધું નવું-નવું છે તો કદાચ તકલીફ પડે તો માફ કરજો.'

'એ ચિંતા તમે નહીં રાખતા. હરિભક્તો જે આવવાના છે એ બહાર મોટેલમાં રહેવાના છે. તેનું ધ્યાન રાખો. અમારે સંતો તો જેમ-તેમ, જ્યાં-ત્યાં ચલાવી લેશે. અહીંયાંય (કારપેટ ઉપરેય) સૂઈ રહેશે. અમારે કોઈને કાંઈ અડચણ પડવાની નથી.' સ્વામીશ્રી બોલ્યા.

પોતાની સગવડ સંબંધી સૂચના આપતાં તેઓ કાયમ આ જ કહેતા રહેલા કે 'એ ચિંતા તમે નહીં રાખતા.'

આ રીતે વિચરતા સ્વામીશ્રીએ તા. ૩૦/૮ની રાત્રે કાર્યકર મીટિંગમાં જણાવ્યું કે –

''આ સત્સંગ આપણું કુટુંબ છે. કાંઈક થાય તો ભૂલી જવાનું. ચર્ચા થાય જ નહીં! પાંચ જણાની વચ્ચે અભાવ-અવગુણની વાતો કરો તે કુટેવ

છે. એ સ્વભાવ મૂકીશું તો જ શાંતિ થશે. આપણું મૂકી દેવાનું, તો સત્સંગ વધશે. યોગીજી મહારાજના જીવનમાંથી આપણે આ જ શીખ્યા છીએ કે 'દાસ છીએ, સેવક છીએ.' જ્ઞાનનું ફળ શું? એક રાગ, એક રુચિ. એટલું હોય તો શું ન થાય? તમે આટલા પાંચ જણા છો તોય અમેરિકા હલાવી નાંખો! તો હવે સ્વભાવ મૂકીને નમી જ પડવાનું. ભૂલ થઈ જાય તો તેને મોટી ન કરવી. કોઈએ જાણી જોઈને થોડી ભૂલ કરી હોય? ને એવું કર્યું હોય તો એ એની ભૂલ છે; પણ આપણે એ જોવાનું કે 'કેમ ભૂલ સુધરે?' માણસ છે તો ભૂલ કરે પણ ખરો. એટલે એના પર થોડું ચડી બેસવાનું! આપણે આપણું મમત્વ મૂકી દેવું.

આજે સમાજના લોકો આપણું સારું જોતા હોય ત્યારે આપણે ખરાબ થવાની શી જરૂર? એકબીજાને સમજવાનો દાખડો કરવો. મૂળ બધા પ્રૅક્ટિકલ (વ્યવહારુ) થાઓ. કાયદો છે પણ હાર્ડ ને ફાસ્ટ ન ચલાવવું. આ સત્સંગ છે, સરકાર નથી. અંદરના ને બહારના બધાને એકસરખો આદર આપવો. આપણને એમ કે 'આ માણસને ક્યાં નિષ્ઠા છે?' એટલે એને બોલાવે-ચલાવે નહીં. પણ બોલાવ્યા વિના વાત ક્યાંથી થવાની છે? વાત વિના નિશ્ચય ક્યાંથી થવાનો છે? આપણને એમ કે 'એણે સેવા ક્યાં કરી છે?' પણ એવા માણસને બોલાવીએ-ચલાવીએ તો એને ગુણ આવે. એને હાર પહેરાવીએ, આગળ બેસાડીએ તો શું એ મોટો થઈ ગયો? આપણે જે સેવા કરી છે તે કાંઈ ઓછી થવાની નથી. નિષ્ઠાની મોટપ ઓછી થવાની નથી. માટે માન્યતાઓ એવી ન રાખવી કે 'કોઈ સેવા કરતો-કરાવતો હોય તો એનું માન વધી જશે ને હું રહી જઈશ!' 'હું જ એક સાચો ને તે ખોટો' એવું શા માટે?

બીજી વાત – સિદ્ધાંત ને મર્યાદા સાચવવાં. તેમાં પ્રૅક્ટિકલ ન ચલાવવું. સ્ત્રી-પુરુષ ભેગાં થઈને મંદિરમાં ગરબા ગાય તે ન ચાલે.

બીજું, અક્ષર-પુરુષોત્તમનો મહિમા પૂરેપૂરો રાખવો, પણ કોઈનું ખંડન ન કરવું. કોઈ મહાત્મા આવે તો તે પણ ભગવાન જ ભજાવે છે ને! માટે બ્રૉડ માઇન્ડ (વિશાળ મન) રાખવું. સિદ્ધાંતથી વિરુદ્ધ હોય તો કહેવું પડે, પણ આદર કરવાથી, તેમના મંદિરમાં જવાથી કાંઈ એના ઉપાસક નથી બની જતા. દરેક મંદિર સાથે સંબંધ સારા રાખવા. પ્રતિનિધિઓને મોકલવા. શિક્ષાપત્રી પ્રમાણે અહીં શિવરાત્રિ, જન્માષ્ટમી બધું કરવું ને એમની સભામાં જવું. એમાં આપણી નિષ્ઠા ઓછી થતી નથી. પાર્ટી હોય કે એવું હોય ત્યારે ન જવું ને સિદ્ધાંત, મર્યાદા સાચવવાં.

આપણે આટલા ઉજાગરા કરીને મંદિર કર્યું તે શા માટે? સમાસ માટે. ને અસંતોષ મેળવીને જઈએ તે શાથી? તો સ્વભાવ. સત્સંગમાં સ્વભાવ નહીં ઘસાય તો શું બજારમાં ઘસાવાના છે? ભગવાનના પાને પડ્યા છીએ તો ભગવાન સ્વભાવ કાઢશે.''

સ્વામીશ્રીની આજની વાતોએ સૌનાં અંતર વીંધી તેને એકતાના તારમાં પરોવી દીધાં.

એ જોવાનું તને ક્યાં કહ્યું છે?

કાર્યકરોને માર્ગદર્શન આપી આરામમાં જવા માટે ઊભા થયેલા સ્વામીશ્રી સમક્ષ એક મુમુક્ષુને ધરવામાં આવ્યા. તેઓ જેટલા જૂના એટલું જ જૂનું તેઓનું વ્યસન. તે છોડવાની વાત આજે સૌએ કરતાં એ મુરબ્બીએ સ્વામીશ્રીને કહ્યું: 'હું તો બાપા! આપ મારી બીડી કાઢો એના આશીર્વાદની રાહ જોઉં છું. બાકી બીજા કહે તો એટલી જ વાત કહી દઉં કે જેણે કોઈ પાપ કર્યાં ન હોય તે મને સલાહ આપે.'

'એ વળી ક્યાં વાત કરી? બધા પાપ કરીને આવ્યા છે એમ સમજાય છે એટલે બધામાં અવગુણ દેખાયો ને! પણ 'બધા સારા જ છે, હું જ એક સુધારો કરી લઉં, મારે જ મારું કામ કરવાનું છે,' એમ વિચારવું. બધા અવગુણના ભરેલા છે એ જોવાનું તને ક્યાં કહ્યું છે? હવે નક્કી કર.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓની આ દલીલ પેલા વ્યસની માટે તાતા તીર જેવી નીવડી. તે વ્યસન છોડવા કટિબદ્ધ થયા. સ્વામીશ્રીએ મંદિર પહેલાં માનવમાં દેવ પધરાવી દીધા.

આ જ ઉત્સાહથી તેઓએ તા. ૧/૯ની સવારે ક્લીવલેન્ડના મંદિરમાં પણ અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કર્યા. આ સનાતન સ્વરૂપોને વધાવવા ૬૦ થી ૬૦૦ માઈલના અંતર કાપી આશરે ૩,૦૦૦ હરિભક્તો ઊમટી પડ્યા. તેઓની ઉપસ્થિતિમાં સ્વામીશ્રીને રાજ્યના ગવર્નરે મોકલાવેલું સન્માનપત્ર તેઓના પ્રતિનિધિએ અર્પણ કર્યું.

આ બહુમાન સ્વીકારી ઉતારે પહોંચેલા સ્વામીશ્રી તા. ૨/૯ની સવારે સાડા દસ વાગ્યે બાળ-કિશોર સભામાં પધાર્યા. અત્રે વાત શરૂ કરતાં જ તેઓએ 'બધા અ..પ..ટ..! આમ ઢીલા ન બેસવું. આ જો, આ ભૈ બેઠા... પલાંઠી વાળો...' કહી સૌને સતર્ક કરી દીધા.

ત્યારબાદ શરૂ થયેલી પ્રશ્નોત્તરીમાં કિશોરોએ પૂછ્યું: 'બાપા! જેમ મહારાજે સંતોને પોતાની વિશેષતા કહી, તેમ આપની વિશેષતા કહેશો?'

'અમારે વિશેષતા એ કે ભક્તિ થાય ને ભક્તિ કરાવીએ. સાધુતા અને નિર્માનીપણું વગેરે ગુણો દરેકમાં આવે એ આપણી વિશેષતા.'

'સ્વામી! આપની અમારી પાસે શું અપેક્ષા છે?'

'બાળ-યુવક મંડળમાં જવું, જીવમાં સત્સંગ થાય, નિયમ-ધર્મ પણ રહે, પવિત્ર જીવન થાય, માતા-પિતાને રાજી કરવા. આપણે બીજી શું અપેક્ષા? આપણે ક્યાં પૈસા જોઈએ છે? પદાર્થ, ખાવું-પીવું એ થોડું જોઈએ છે? એવી કોઈ અપેક્ષા નથી. એ જ અપેક્ષા કે – બધા સારા બની શકો!'

આમ, પોતાની અપેક્ષા અને વિશેષતા જણાવી સ્વામીશ્રી તા. ૩/૯ની સવારે શહેરનાં શિવ-વિષ્ણુ મંદિરમાં દર્શને પધાર્યા. ત્યારબાદ તેઓ આજની સાંજે જ શાર્લોટ આવી પહોંચ્યા.

જે કામ કરે તે સ્થાનિક

શાર્લોટમાં પધારેલા સ્વામીશ્રીની સત્સંગ-સભાઓ હિંદુ સેન્ટરમાં થતી, પરંતુ તા. ૫/૯ના રોજ જન્માષ્ટમીનો ઉત્સવ નૂતન મંદિરના હૉલમાં ધામધૂમથી ઊજવાયો. આ દિવસ વળી નિર્જળ ઉપવાસનો. તેના અનુસંધાનમાં શ્રી દુષ્યંતભાઈ ગજ્જરના ઘેર ઉતારે પહોંચેલા સ્વામીશ્રીએ એક રમૂજી પ્રાસંગિક વાત કરતાં કહ્યું:

''એક બાઈ હતી. ભગત બહુ. જન્માષ્ટમી આવી તે ઉપવાસ કર્યો. એના છોકરાને પણ કરાવ્યો. છોકરો સાંજ સુધી તો ટક્યો. પછી વારે ઘડીએ કહે: 'મને ભૂખ લાગી છે. મારે ખાવું છે.' તો એની મા કહે: 'હમણાં કાનુડાનો જનમ થવા દે, પછી આપું.' છોકરો કંટાળ્યો: ક્યારે બાર વાગે ને ક્યારે ખાવા મળે? એટલે કહે: 'બા! કાનુડો તો દર વર્ષે જનમશે, પણ ખાવા નહીં આપે તો આ જન્મેલો કાનુડો મરશે.''

સ્વામીશ્રીની આ ગમ્મતમાં આજે થયેલી એક ગરબડનું ઝરણું પણ ભળ્યું. તેથી આજની સભામાં સ્મૃતિ-ભેટના વિતરણ વખતે સર્જાયેલી અવ્યવસ્થાના સંદર્ભમાં સંતોને ઉદ્દેશી સ્વામીશ્રી બોલ્યા:

'આપણે પહેલેથી આયોજન કરી દેવું પડે. જે લેનારા હોય તેને ભેગા રાખવા પડે. આપણે સામેથી પૂછી લેવું કે 'મદદની જરૂર હોય તો કહેજો.'

ટીમવર્ક હોય તો થોડામાં ઝાઝું કામ થાય. કૉ-ઑર્ડિનેશન (સંયોજન) જોઈએ.'

સ્વામીશ્રીની આ ટકોર સાંભળી એક સંતે કહ્યું: 'અહીં જે સંતો અધિવેશન નિમિત્તે ફરેલા એ સ્થાનિક કહેવાય ને તેઓ કાર્ય કરતા હોય એટલે અમે વચ્ચે ન પડ્યા. આયોજન ફરી જાય તો એમને તકલીફ.'

'પણ આપણે સામેથી 'મારી જરૂર છે?' એમ કહેવાય કે નહીં? ત્યાગવલ્લભ સ્વામી સદ્‌ગુરુ છે, તો પણ ગમે ત્યાં મંદિરમાં જાય, રસોડામાં પહોંચી જ જાય! આપણે કોઈ સ્થાનિક નથી. એ પણ નથી ને તમે પણ નથી. જે કામ કરે તે સ્થાનિક.'

સ્વામીશ્રીના મુખેથી કાર્યસંહિતા સરી પડી.

'ભગવાને રક્ષા કરી' એમ લખ્યું હોત તો?

તા. ૬/૯ની સવારે સ્વામીશ્રી અલ્પાહાર કરી રહેલા ત્યારે એટલાન્ટાથી આવેલા શ્રી ચીમનભાઈ દરજીએ કહ્યું: 'બાપા! બહુ કઠણ પરિસ્થિતિમાં હું અહીં પહોંચી શક્યો છું. એટલે મેં રસ્તામાં જ નિયમ લીધેલો કે શનિ-રવિના બે દિવસમાં બાપાની રોજ પાંચ પ્રદક્ષિણા ફરવી.' આટલું કહેતાં તો એ ભાવિક ઊભા થઈ સ્વામીશ્રીની લગોલગ આવી ગયા.

તે જોઈ એક સંતે જણાવ્યું: 'ભ'ઈ! પ્રદક્ષિણા પછી કરજો. મંદિરે કરશો તો બધા સંતોની પણ થઈ જશે.'

પરંતુ સ્વામીશ્રી એ વડીલનો પક્ષ રાખતાં બોલ્યા: 'એમનો નિયમ છે તો આવવા દો.' આમ કહી પ્રદક્ષિણામાં અડચણ પડે એ રીતે બેઠેલા એક સંતને ઊભા કરતાં સ્વામીશ્રીએ કહ્યું: 'તમે ઊભા થઈ જાવ. એમણે નિયમ લીધું છે તો આપણે તોડવું નહીં, પાર પાડવું.'

આ સહકાર સાંપડતાં પેલા ભક્તે ભોજનના આસન પર બિરાજેલા સ્વામીશ્રીની પાંચ પ્રદક્ષિણા કરી. તેઓનો ભાવ એવો પ્રબળ હશે કે આજે સ્વામીશ્રીનું આસન ભીંતને અડાડીને મુકાયું નહોતું! તેથી પ્રદક્ષિણાની પૂરતી સાનુકૂળતા રહી.

આમ, સૌના મનોરથ પૂરતા સ્વામીશ્રી સમક્ષ અહીંના આગેવાન ભક્તોએ પણ ધા નાંખેલી કે 'બાપા! મૂર્તિપ્રતિષ્ઠાનો ઉત્સવ સર્વોપરી થાય તે માટે બે કામ આપે કરવાનાં છે. એક તો C.O. (માલિકીહકનું પ્રમાણપત્ર) મળી જાય અને બીજું, આ જ દિવસોમાં વરસાદની આગાહી છે, પણ તે પડે નહીં.'

આ સાંભળી સ્વામીશ્રીએ હાથ ઊંચો કરતાં કેફમાં કહેલું: 'મહારાજ ભળશે.'

તેઓના આ વરદાનને કારણે પ્રતિષ્ઠાના બે દિવસ પૂર્વે માલિકી પત્રક મળી ગયું અને શહેર પર ત્રાટકનારું ફ્રેન નામનું વાવાઝોડું પણ અન્ય દિશામાં વળી ગયું.

આ સમાચાર તા. ૬/૯ની સવારે હરિભક્તોએ સ્વામીશ્રીને જણાવ્યા ત્યારે તેઓ બોલ્યા: 'સારું થયું. અહીંયાં રક્ષા થઈ. બહુ મોટું વિઘ્ન આવવાનું હતું તે કાંટે સરી ગયું.'

'પણ બાપા! વાવાઝોડું હજી પશ્ચિમી કાંઠે આગળ વધે છે. તેથી અહીં આવનારા હરિભક્તોને નડવાનું ખરું.'

'વાવાઝોડું દરિયા બાજુ કિનારે-કિનારે જ જાય છે?'

'હા, બાપા!'

'તો જાય દરિયા ભેગું! આપણે નથી જોઈતું.' આમ કહેતાં સ્વામીશ્રી હસી પડ્યા. તેઓના આ હાસ્યના હડસેલે તબાહી વેરનારો ચક્રવાત સાચે જ સાગરમાં સમાઈ ગયો!

તેથી બીજે દિવસે પ્રકાશિત થયેલા અખબાર શાર્લોટ ઓબ્ઝર્વરમાં છપાયું: *'...big blow from hurricane Fran never came... nothing like the torrential downpours forecasters first predicted ...no shelters were opened, no flooding were reported or any major problems with wind...'* અર્થાત્ *ફ્રેન વાવાઝોડાનો સપાટો ન આવ્યો... હવામાન-શાસ્ત્રીઓએ પૂર્વે ભાખેલા ધોધમાર વરસાદ જેવું કશું ન બન્યું... અસરગ્રસ્તો માટે કોઈ આશ્રયસ્થાન ખોલવું ન પડ્યું, પૂર કે પવનથી ઊભી થયેલી કોઈ મોટી મુશ્કેલીના અહેવાલ નથી.*

નગરવાસીઓના પણ ઉદ્ગાર વર્તમાનપત્રમાં છપાયા કે 'It's a big surprise...!' – આ એક મહાન આશ્ચર્ય છે!

આ અખબારી અહેવાલો સ્વામીશ્રીના ઐશ્વર્યની ગવાહી પૂરતા હતા; પરંતુ જ્યારે સ્વામીશ્રીને આ વિગત જણાવવામાં આવી ત્યારે તેઓ બોલ્યા: 'બહુ મોટું આશ્ચર્ય થયું એના કરતાં 'ભગવાને રક્ષા કરી' એમ લખ્યું હોત તો શું વાંધો હતો?'

જીવ આશ્ચર્ય કે ઐશ્વર્યમાં અટવાય તે કરતાં ભગવાનમાં જોડાય તેમાં

સ્વામીશ્રીને વધુ રસ.

તેથી જ આજે જ્યારે એક નાના કેન્દ્રમાં સંસ્કારધામ બાંધવા અંગેની વાત કરતાં વહીવટકર્તાઓએ પૂછ્યું : 'બાપા ! ત્યાં સત્સંગ ઓછો છે, તો મંદિર કરીએ પછી બધું સારું ચાલશે ને ?'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'એ ચિંતા ભગવાન પર નાંખવી. બધું સારું જ થવાનું છે. ભગવાનના આશીર્વાદ છે. ભગવાનનું મંદિર છે ને ભગવાન સંભાળનારા છે.'

સ્વામીશ્રીનાં ચાર વાક્યમાં ચાર વાર 'ભગવાન' શબ્દ પડઘાતો રહ્યો. તેઓ ભગવાનના કર્તાપણાનું અખંડ અનુસંધાન રાખી વિશ્વભરમાં વિચરતા.

ખરેખર ભગવાનના માણસ

તા. ૬/૯ની સાંજે મર્કેન્ડાઇઝ માર્ટમાં યોજાયેલી જાહેર-સભા અઢી હજાર ભાવિકોથી છલકાતી હતી. તેમાં 'કી ટુ ધ સિટી' આપી સ્વામીશ્રીને સન્માનવા ઉપસ્થિત થયેલા ઉપમેયર શ્રી એ. એલ. રુસોએ આ બહુમાન એનાયત કરતાં પૂર્વે પોતાની ભાવના વક્તવ્ય દ્વારા વર્ણવી. તે પછી તેઓએ સ્વામીશ્રીને ચાવી, સન્માનપત્ર અને શહેરનું સ્મૃતિચિહ્ન અર્પણ કર્યાં. આ સમયે સ્વામીશ્રીએ પણ પોતાની લાક્ષણિક રીત મુજબ શ્રી રુસોનો હાથ પકડી તેઓને કૌટુંબિક શાંતિ અને શારીરિક સ્વાસ્થ્ય સંબંધી આશીર્વાદ આપ્યા.

પરંતુ આ અમૃતસ્પર્શથી રણઝણી ઊઠેલા ઉપમેયર પુનઃ માઇક પાસે જઈ કહેવા લાગ્યા : 'આ સ્વામી ખરેખર ભગવાનના માણસ છે. આ અનુભવ મને હજી હમણાં જ એમણે મને સ્પર્શ કર્યો ત્યારે થયો છે. એમના વ્યક્તિત્વમાં લોકોના પરમ કલ્યાણની ભાવના છલકાતી રહેતી હોય તેવો અનુભવ હું કરું છું.'

આવા પરમ કલ્યાણકારી સ્વામીશ્રીએ તા. ૭/૯ની સવારે નવનિર્મિત મંદિરના સભામંડપમાં પ્રાતઃપૂજા બાદ એક શિક્ષિત યુવાનને દીક્ષિત કરતાં ભગવું ઓઢાડ્યું. તે પછી તેઓ ઉતારે પરત ફરી રહેલા ત્યારે ગાડીમાં બેઠેલા એક સંતે ગાડીચાલકને પૂછ્યું : 'શું નામ તમારું ?'

તે વખતે સ્વામીશ્રી જ પરિચયનો પનો પાથરતાં બોલવા લાગ્યા :

'આ લોકો ભગતજીના વખતનું કુટુંબ. આના દાદાના દાદા હતા પુરુષોત્તમભાઈ. તેના દીકરા ભાઈલાલ, તેના દીકરા જશભાઈ, એમના

દીનુભાઈ ને દીનુભાઈનો આ મયૂર. યોગીબાપાના જીવન ચરિત્રમાં જોન્સન કંપનીનું નામ આવે છે ને! બાપા વાત નહોતા કરતા કે 'નાની ઓરડી. નિર્ગુણ સ્વામી સૂએ તો બીજે છેડે પગ અડે.' તે કંપનીવાળા એ આના દાદા જશભાઈ. બહુ ઉત્સાહી હતા. શાસ્ત્રીજી મહારાજ આવે ત્યારે બધે ચાલીને કહેવા જાય ને પાછો કાર્યક્રમ ફરે ને સ્વામી આવવાના ન હોય તો પાછા ના પાડવાય ચાલીને જાય!'

સ્વામીશ્રીના મુખેથી એક પરિવારનો પરિચય સડસડાટ સરી રહ્યો.

પેઢીઓની પેઢીઓ યાદ રાખનારા સ્વામીશ્રીને પેઢીઓની પેઢીઓ યાદ કરતી રહે તેમાં શું આશ્ચર્ય!

પાપબુદ્ધિ નહિ લેશ તે વિષે

શાર્લોટના ઉતારે અલ્પાહારથી પરવારી સ્વામીશ્રી પુનઃ મંદિરના આંગણે પહોંચ્યા ત્યારે અહીં પ્રતિષ્ઠાવિધિનો સંપૂર્ણ તખ્તો ગોઠવાઈ ચૂકેલો. તે અનુસાર રચાયેલાં ધજા-પતાકાના શણગાર, રંગોળીના સાથિયા, રંગબેરંગી ફુગ્ગાઓની હારમાળા, વિવિધ વાનગીના થાળ વગેરેની શોભા-સુગંધ વચ્ચે સ્વામીશ્રીના હસ્તે ધામધૂમપૂર્વક અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજ્યા ત્યારે સ્થાનિક રહીશો પણ તાજ્જુબ થઈ ગયા. તેમાંના એક પત્રકાર શ્રી ડીન સ્મિથે તો સ્વામીશ્રીને કહી દીધું: 'આપ બહુ સારા માણસોના ગુરુ છો!'

પરંતુ સ્વામીશ્રી તો આજના કાર્યનો યશ શિષ્યોને સમર્પિત કરતાં બોલ્યા: 'બહુ થોડા ટાઈમમાં આ મંદિર પૂરું કર્યું તે એક રેકોર્ડ કહેવાય.[૨૨] ભગવાનના આશીર્વાદથી, યોગીજી મહારાજની દૃષ્ટિથી અને આપ બધાના પુરુષાર્થથી જ બધું થયું છે. આપ સૌએ આ મંદિરમાં બહુ જ સહકાર આપ્યો છે તો સૌને શાંતિ થાય.'

આ રીતે કાર્યકલગી ભક્તોના શિરે સ્થાપી સ્વામીશ્રી ઉતારે પધાર્યા ત્યારે અત્રે ભરૂચથી એક ફોન આવ્યો. આ નગરના નિકટવર્તી ઝાડેશ્વરમાં સંસ્થાને શિખરબદ્ધ મંદિર બાંધવા માટે જમીન દાનમાં મળેલી, પરંતુ કેટલાક સ્થાનિક સત્સંગીઓના મનમાં હાઈવેને અડીને જ આવેલી આ ભૂમિ વેચીને મંદિર તવરા મુકામે નર્મદાના કાંઠે કરવાનો વિચાર ઝબકેલો. આ પગલું

૨૨. ૨૩,૫૦૦ ચો.ફૂ.માં વિસ્તરેલું આ મંદિર ભક્તોએ માત્ર ૭૩ દિવસમાં જ તૈયાર કરી દીધેલું.

ભરવામાં જમા પાસું મોટું લાગતાં ઘણાને તે પ્રસ્તાવ ગમી ગયેલો.

તેથી તેઓ વતી વાત કરતાં આજે અભયસ્વરૂપદાસ સ્વામીએ ફોનમાં વિગતની માંડણી કરી, ત્યાં જ સઘળું સમજી ગયેલા સ્વામીશ્રીએ પૂછ્યું: 'મોતીકાકા અને તેઓના ભાઈઓએ આપણને જમીન શાના માટે આપી છે?'

'મંદિર કરવા.'

'તો આપણે હવે બીજી ભાવના ન રાખવી. મંદિર ત્યાં (ઝાડેશ્વરમાં) હાઈવે પર જ કરવું છે. ત્યાંથી હજારો અને લાખો સંતો-ભક્તો પસાર થશે, તેઓ દર્શન કરશે અને સૌને લાભ થશે.'

સ્વામીશ્રીનો આ અભિપ્રાય *'પાપબુદ્ધિ નહિ લેશ તે વિષે...'* તરીકે તેઓનો પરિચય આપી રહ્યો. તેઓએ બાંધેલાં મંદિરોના પાયામાં પથરા નહીં, પણ તેઓની પરાભક્તિ અને પ્રામાણિકતા પુરાયાં છે. આવાં મંદિરો સદીઓ સુધી ટકે એમાં શું નવાઈ!

આવા દર્દી જીવનમાં પ્રથમ વાર જોયા

તા. ૭/૯ની સાંજે શાર્લોટથી સેન્ટ લૂઈસ પહોંચેલા સ્વામીશ્રીને સત્કારવા અત્રે આયોજિત સભામાં શહેરના નગરપતિ, મિઝૂરી રાજ્યના ગવર્નર તથા સ્થાનિક કોંગ્રેસમેનના પ્રતિનિધિઓ વગેરે ઘણા વિદેશી મહેમાનો પણ ઉપસ્થિત હતા. તે પૈકીના એક એવા સેન્ટ જોહ્નના મેયર શ્રી ગસ ડિગાર્ડિઅને તો આવતીકાલના પ્રતિષ્ઠાદિનને 'પ્રમુખસ્વામી દિન' તરીકે ઘોષિત કરી દીધો. એટલું જ નહીં, તા. ૮/૯ના રોજ પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજર રહેલા તેઓએ સ્વામીશ્રીને 'કી ટુ ધ સિટી'ના સન્માનથી નવાજ્યા.

સ્વામીશ્રીએ પણ વેદવિધિપૂર્વક ઠાકોરજીને પ્રતિષ્ઠિત કરી શહેરને મંદિરનું નજરાણું ભેટ ધરતાં જણાવ્યું: 'સહેજે સહેજે સાકરનો ગાંગડો મોઢામાં આવી ગયો. સુમનભાઈ ભક્તા અને અમૃતભાઈનો ઉમંગ હતો તો થોડાક પ્રયત્નમાં કામ થઈ ગયું.'

આમ, ભક્તોની અલ્પ સેવાને બિરદાવતાં આજની સાંજે જ હ્યુસ્ટન પધારેલા સ્વામીશ્રીની ઍન્જિયોગ્રાફી અત્રે તા. ૧૧/૯ના રોજ સેન્ટ લુક્સ એપિસ્કોપલ હૉસ્પિટલમાં કરવામાં આવી. અસ્પતાલમાં આવેલી દસ નંબરની કેથ લેબમાં ડૉ. વીરેન્દ્ર માથુર દ્વારા ૧૦:૫૨ વાગ્યે શરૂ થયેલી આ શસ્ત્રક્રિયા કલાકેક ચાલી. તેનો અહેવાલ આપતાં આ નિષ્ણાત તબીબે સંતો-ભક્તોને

જણાવ્યું: 'સ્વામીજીનો રિપોર્ટ બહુ નોર્મલ છે. એન્જિયોપ્લાસ્ટીની જરૂર નહીં પડે. ભગવાનના આશીર્વાદ છે.'

સ્વામીશ્રીના હૃદય સંબંધી આટલી વિગત આપી તે ડૉક્ટરે પોતાના હૃદયની વાત કરતાં કહ્યું: 'સ્વામીજી બહુ અદ્‌ભુત દર્દી જોયા. શું એમની ધીરજ! આટલી વિધિઓ થઈ પણ એક શબ્દ, એક ઊંહકાર કર્યો નથી. બહુ જ સહનશક્તિ છે. આવા દર્દી જીવનમાં પ્રથમ વાર જોયા.'

સ્વામીશ્રીનો જાદુ આજે એક વિખ્યાત હાર્ટ સર્જનના હૃદય પર ચાલી ગયો.

એવા શુદ્ધ સેવક સુજાણ રે

ઍન્જિયોગ્રાફી બાદ હૉસ્પિટલના છઠ્ઠા માળે આવેલા B669A ઓરડામાં પધારેલા સ્વામીશ્રી અહીં આપમેળે જ બોલવા લાગ્યા: 'બહુ સારી રીતે પતી ગયું. કાંઈ ખબર જ ન પડી!'

તે વખતે ઍન્જિયોગ્રાફીની પ્રક્રિયાના જાણકાર એક હરિભક્તે પૂછ્યું: 'ડાઈ દાખલ કરી ત્યારે શરીરમાં કંઈ ગરમાવો લાગેલો?'

'ના, ના. જરાય ગરમાવો ન લાગ્યો. પછી જ્યારે બહાર કાઢ્યું ત્યારે જરાક હૂંફાળું લાગ્યું. બાકી તો કાંઈ ખબર જ પડી નથી. હું તો સૂઈ ગયેલો. બે-ત્રણ ઝોકાં જેવું આવી ગયું.'

'પગ ખેંચાય છે?'

'જરાય નહીં.' સ્વામીશ્રી બોલ્યા.

દર્દ વિનાના આ દર્દીને સૌ વંદી રહ્યા અને સ્વામીશ્રી આજની રાત્રિ હૉસ્પિટલમાં વિતાવી તા. ૧૨/૯ની સવારે વધુ બે તબીબી પરીક્ષણો પછી બાર વાગ્યે મંદિરે આવી પહોંચ્યા.

અત્રે તેઓએ તા. ૧૪/૯ના રોજ પાટોત્સવ અને પ્રતીક જન્માષ્ટમીના ઉત્સવો ઊજવ્યા.

તેને અનુસરતાં તા. ૧૫/૯ની સવારે તેઓનો એકો-કાર્ડિયોગ્રામ લેવાયો. ત્યારબાદ તે વિષયક ચર્ચા ડૉક્ટરો કરવા લાગ્યા ત્યારે સ્વામીશ્રી પણ સાંભળવામાં તલ્લીન બની ગયા. તે જ વખતે યુવક શ્રી છગન પટેલે તેઓની તસવીર લેવા કૅમેરાની ચાંપ દબાવી. આ જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'જો આ પાછો ફોટો લેવા માંડ્યો. એમાં પગનાં તળિયાં-બળિયાં બધું આવી જાય. એ

ઢાંકી દેવું જોઈએ.'

'બાપા ! તળિયાં નહીં આવે.'

પરંતુ છબીકારની આ ખાતરી સ્વામીશ્રીના ગળે ન ઊતરી.

બન્યું પણ એમ જ ! તે યુવકે ફોટો ધોવડાવ્યો તો તેમાં તળિયાંનો ભાગ સ્પષ્ટ દેખાતો હતો. તેથી તેણે સ્વામીશ્રીની માફી માંગી. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'હવે ફાડી જ નાંખ. આપણે રાખવો નથી. બધાને શોખ થઈ જાય છે. પણ અંદર રાખ ને મૂર્તિ !'

આ વાત સાંભળી છગન ઢીલો પડી ગયો. છબી એટલી સુંદર આવેલી કે ફાડતાં જીવ કકળી ઊઠે. એટલે તેણે બાંયધરી આપી : 'બાપા ! હું કોઈને આ ફોટો નહીં આપું ને બતાવીશ પણ નહીં. રાખવાની આજ્ઞા આપો તો સારું !'

પરંતુ મચક ન આપતાં સ્વામીશ્રી બોલ્યા : 'રાજી કરવાની વાત છે ને !'

આ મૃદુ છતાં મક્કમ વચનને પેલો યુવક ઠેલી ન શક્યો. તેણે ન છૂટકે ફોટો ફાડ્યો. અલબત્ત, *'એવા શુદ્ધ સેવક સુજાણ રે, પ્રભુ પ્રગટના પ્રમાણ રે...'* તરીકે સ્વામીશ્રીની મૂર્તિ તે યુવાન સહિત સૌનાં અંતરમાં જડાઈ ગઈ.

મંદિર એ શાંતિનું સ્થાન છે

તબીબી પરીક્ષણનો અહેવાલ ચિંતામુક્ત આવતાં પૂર્વવત્ સભામાં લાભ આપવા માંડેલા સ્વામીશ્રી તા. ૧૫/૯ની સાંજે કિશોર સભામાં પધાર્યા ત્યારે રાહુલ પટેલ[૨૩], જયકિશન પટેલ વગેરેએ પ્રશ્નોત્તરીનો પ્રારંભ કર્યો. તેમાં તેઓએ પ્રથમ જ પૂછ્યું કે 'બાપા ! અમારે કિશોર-કિશોરીઓએ મંદિરમાં આવ્યાં પછી કેવી રીતે વર્તવું જોઈએ ?'

આ પ્રશ્નના ઉત્તરરૂપે સ્વામીશ્રીએ આચારસંહિતા સંભળાવી કે –

'મંદિરમાં આવીએ ત્યારે પ્રથમ આપણા શૂઝ (પગરખાં) કાઢી, વ્યવસ્થિત શૂઝ હાઉસ(પગરખાં ઘર)માં મૂકી ભગવાનનાં દર્શન કરવા આવવું. દંડવત્ પણ કરવા જોઈએ. પ્રાર્થના કરવી જોઈએ. ત્યારબાદ જ તમારો જે કાર્યક્રમ, સભા હોય ત્યાં જવું. સભાનો કાર્યક્રમ પૂરો થયા બાદ જ રમત-ગમત, સેવા જે કંઈ આયોજન હોય તેમાં જવું. મંદિરમાં શિસ્ત જાળવવી. કોઈ તોફાન, ઝઘડો, બોલાચાલી કોઈની સાથે ન કરવાં. મંદિર એ શાંતિનું સ્થાન છે, પવિત્ર છે. અહીં ફક્ત ભગવાનનાં જ ગુણગાન ગવાય. અહીંયાં આપણે

---

૨૩. તેઓ સમયાંતરે સ્વામીશ્રીના હસ્તે દીક્ષિત થઈ સાધુ વિરાટસ્વરૂપદાસ બન્યા.

ઘણા લોકો સભામાં બેઠાં-બેઠાં વાત કરે છે, પણ એ બધું મૂકીને શાંતિ થઈ જાય એવું આપણે કરવાનું છે.'

મંદિરમાં વર્તણૂકની આટલી સમજ અપાઈ ત્યાં જ કિશોરોએ પોતાના મનોમંથનને વાચા આપી કે 'બાપા! આપની આજ્ઞા પાળવાની દૃઢતા છે પણ ઘણી વખત મિત્રોનાં દબાણ કે જગતનાં આકર્ષણને લીધે ઢીલાશ આવી જાય છે, તો તેની સામે કેવી રીતે ઝઝૂમવું?'

'એવા વાતાવરણમાં ન જવું.' સમસ્યાનું નિરાકરણ લાવતાં આટલું કહી સ્વામીશ્રીએ ઉમેર્યું:

''એ બંધી ન હોય તો આપણા નિયમ તૂટી જાય છે. હું ઘણી વખત કહું છું કે 'ઝેરનું જીવમાં નક્કી થઈ ગયું છે કે તે લેવાય નહીં, અડાય પણ નહીં.' જોયું નથી, એનો અનુભવ કર્યો નથી, છતાં નક્કી થઈ ગયું છે; તેમ આમાં પણ નિશ્ચય થવો જોઈએ કે આપણે ડિસ્કો, જુગાર, બાર કે ક્લેશવાળા વાતાવરણમાં જઈએ એ બધી વસ્તુ ખરાબ જ છે. અગ્નિની અંદર આપણે હાથ નાંખીએ છીએ? એમ આ બધી વસ્તુઓ આપણા માટે ફાયર છે. તો કોઈ મિત્ર કહે તોપણ આપણે ના જઈએ.

ન્યૂયોર્કના કે. સી. પટેલ અને અશ્વિનભાઈ પટેલ એક પાર્ટીમાં આમંત્રણ હતું એટલે ગયા હતા, પણ તે દિવસે એકાદશી હતી. તેથી તેઓએ કહ્યું: 'અમારે એકાદશી છે. અમે કશુંય લેતા નથી.' આ દૃઢતા હતી તો ઘણો આગ્રહ થયો તો પણ ડગ્યા નહીં. જ્યાં દુર્ગંધ હોય, ગટરનું પાણી જતું હોય ત્યાં કોઈ તમને કહે કે 'ઊભા રહો', તો ઊભા રહેવાનું મન થાય? મિત્ર કહે તોય કહી દઈએ: 'જા, તારે ઊભા રહેવું હોય તો ઊભો રહે.'

તેમ આ વાતાવરણ, કુસંગ એ બધું દુર્ગંધ છે. એમાંથી સારી લાઇફ બનવાની નથી. એમાં જવું જ નહીં. ચીભડાનો પ્રસંગ ખબર છે? છોકરાએ મન જીત્યું અને મહારાજને ચીભડું જમાડ્યું. મિત્રોને ખોટું લાગે એનો વાંધો નથી, પણ ભગવાનને ખોટું લાગવું ન જોઈએ. મક્કમતા ગમે તે સંજોગોમાં રહેવી જોઈએ.''

સ્વામીશ્રીની આજની વાતો *'એની બોલી છે રોકડી રૂડી રે, નથી વારતા એની નમૂડી (નબળી) રે...'*નો અનુભવ કરાવી ગઈ. તેથી ગુજરાતી ભાષાને અડધી-પડધી સમજનારા બાળકો-કિશોરો પણ સ્વામીશ્રીના જોમસભર હાવભાવ પરથી ઉપદેશનો હાર્દ પામી ટટ્ટાર થઈ ગયા.

૧,૦૦૦ ગણી અગત્યની વાત

કિશોર સભામાંથી વડીલ સભામાં પધારેલા સ્વામીશ્રીએ અહીં શિક્ષાપત્રી પારાયણના અનુસંધાનમાં વાક્‌પ્રવાહ વહેવડાવ્યો કે –

''આજે ભાઈએ જાહેરાત કરી, 'શિક્ષાપત્રી ફ્રી આપવામાં આવશે.' પણ આપણે મફત મળે એટલે ઉપાડી જઈએ ને રાખી મૂકીએ એનો અરથ ખરો ? આ વાત ૧,૦૦૦ ડૉલર કરતાં વધારે છે. તેમાં ઘણું રહસ્ય ભરેલું છે. એક લીટી વાંચો તોય ઘણું છે. વિચાર સાથે વાંચન કરતા જાઓ તો ઘણું મળે. વાંચીને પાંચ-દસ મિનિટ વિચાર કરવો તો ખબર પડે કે 'શું કહેવા માંગે છે ?' સત્શાસ્ત્રનું વાંચન એ દવા છે; પણ મહિમા નથી. બાળકના હાથમાં ચિંતામણિ છે.

'નવરાશ ક્યાં મળે છે ?' એવું આપણને થાય, પણ એવું નથી. આપણને રસ નથી. નોકરી, ધંધો બધાંમાં ટાઇમ જાય છે તે સાચું, પણ ધારો તો તમને બે કલાક તો મળી જ શકે ! વેવાઈ-જમાઈ આવે તો ઊભા ને ઊભા રહીએ. નહીં તો એમ થાય કે 'ખોટું લાગશે તો દીકરી ઘેર મોકલી દેશે.' એ બધાંમાં ટાઇમ મળે છે, પણ સત્સંગનાં વાંચન માટે નથી મળતો. એનો મહિમા નથી તેથી ઉપેક્ષા થાય છે, પણ ખરી જરૂર તો એની જ છે. જગતની વસ્તુઓ છે તેના કરતાં ૧,૦૦૦ ગણી અગત્યની વાત આ છે – સત્સંગનો સ્ટડી (અભ્યાસ) કરવાની ! જેમ હવા વગર રહી શકાય ? એ રોજ જોઈએ જ ! તેમ આ પણ જરૂરી છે. આપણને આજે બધી સગવડ છે પણ જાણપણું ન હોય તો નકામું થઈ જાય.''

તારું જ્ઞાન ખોટું છે, મારું સાચું છે

સત્સંગ સભા બાદ ઉતારે જવા નીકળેલા સ્વામીશ્રીની ગોલ્ફ કાર્ટ ચરણારવિંદનો ફોટો પાડનારો પેલો યુવક છગન જ હંકારી રહેલો. તેણે સ્વામીશ્રીએ ફોટો ફડાવી નાંખ્યો તે સંદર્ભમાં જ વાત ઉપાડી કે 'બાપા ! થોડો લાભ તો લીધો. એક દર્શનનો લાભ હવે નહીં મળે.'

'(ચરણના) ફોટામાં શું દર્શન કરવાં ? એકલાં (ચરણનાં જ) દર્શન કરવા કરતાં આખી મૂર્તિ જ (અંતરમાં) ઉતારી લે ને !'

'પણ બાપા ! આ સ્મૃતિ રહેત ને !'

'તું સમજ ! એનો વિશેષ શું છે ? તારું જ્ઞાન ખોટું છે, મારું સાચું છે.'

'શ્રીજીમહારાજ તો પોતાનાં ચરણારવિંદ આપતા.'

'એ તો ભગવાન હતા. ધારે એ કરે. આપણે સેવક, સેવક જ રહેવું ને આટલું જ જ્ઞાન રાખવું.'

સ્વામીશ્રીએ આટલી સમજ આપી તેમાં ઉતારો આવી ગયો.

અહીં તા. ૧૭/૯ની બપોરે પલંગ પર પોઢેલા તેઓનું એક ચરણ વળેલું અને એક ઉઘાડું હતું. ડૉક્ટર રક્તદાબ માપી રહેલા. તે જ વખતે ભારતથી લાભ લેવા આવેલા યુવક સમીર શાહે ફોટો ખેંચ્યો. તેનો ઝબકારો થતાં સ્વામીશ્રી ચમક્યા અને બોલ્યા : 'જો આ પાછો ! ફોટા પાડે છે.'

'કેમ ? એમાં શું ?'

અગાઉની ગતિવિધિથી અજાણ ડૉ. કિરણભાઈ આમ બોલ્યા ત્યારે સંતોએ તેઓને વસ્તુસ્થિતિ જણાવી કે 'પગ ઉઘાડા હોય ત્યારે ફોટા નહીં પાડવાના.'

'કેમ ? એલર્જી છે ?' ડૉક્ટરે પૂછ્યું.

તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'અરે ! ખરેખરી એલર્જી ! આવા આવે તેમાં ટેન્શન... ટેન્શન થઈ જાય.'

'આપણે ટેન્શન ન રાખવું.'

'ટેન્શન એવું વધી જાય ને કે જબરજસ્ત ! પગે લાગીને હાલતા થાય એની ક્યાં ના છે ! પણ અમથા-અમથા ડખલ કર્યા કરે.' સ્વામીશ્રી બોલ્યા.

પોતાનાં ચરણના ફોટા બાબતે તેઓની અરુચિ, અણગમો, અકળામણ બધું એકસાથે વરસી પડ્યું !

જીવનચરિત્રો છે તે આપણો ઇતિહાસ છે

હ્યુસ્ટનમાં રોકાયેલા સ્વામીશ્રીનો લાભ લેવા આવેલા શ્રી રમેશભાઈ લવલેન્ડ સિટીના નિવાસી. આણંદ-સ્થિત નાના અડધના આ વતનીના ઘરમાં બે પડાળિયો સત્સંગ. તેથી આ દેશના અંતરિયાળ ગામમાં રહેવા છતાં તેઓના જીવનમાં સત્સંગની રીતિ-નીતિ અકબંધ રહેલી. છતાં તેઓ તા. ૧૮/૯ના રોજ મળ્યા ત્યારે સ્વામીશ્રીએ પૂછ્યું : 'ત્યાં કંઈ વાંચન રાખો છો ?'

'થોડું ઘણું વાંચીએ.'

આ સાંભળી વિશેષ પ્રેરણા સિંચતાં સ્વામીશ્રીએ કહ્યું : 'આપણે નાનાં-

મોટાં પુસ્તકો અહીંથી લેવાં ને વાંચન રાખવું. નૉલેજ વધે. જીવનચરિત્રો છે તે આપણો ઇતિહાસ છે. ને શાસ્ત્રીજી મહારાજનું ખાસ વાંચજો. નાનું અડધ તો એમનું મુખ્ય કહેવાય. ત્યાં કેશવલાલ પ્રાગજી, મણિભાઈ નારણભાઈ, જીવાભાઈ વગેરે મોટા-મોટા હરિભક્તો હતા. ત્યાં બેસીને જ શાસ્ત્રીજી મહારાજે બોચાસણનું મંદિર કરેલું. તમારા સસરા ચૂનીભાઈએ પણ મોમ્બાસામાં યોગીજી મહારાજની બહુ સેવા કરેલી.'

આમ, કુળ-કુટુંબની તવારીખ સંભળાવી સ્વામીશ્રીએ તે હરિભક્તને અસ્મિતાથી ભરી દીધા. તેથી તેઓને સ્વામીશ્રી વિષે હેત વધ્યું.

સેવા કરે એ માથું જ આપ્યા બરાબર છે

તા. ૧૯/૯ની સવારે દૈનિક ક્રમથી પરવારી મુલાકાતોમાં પરોવાયેલા સ્વામીશ્રીને એક કાર્યકરે કહ્યું : 'બાપા ! મને સેવામાંથી મુક્ત કરો.'

'એટલે મંદિરે નહીં આવવાનું !' સંતો સામે જોઈ સ્વામીશ્રી ઠાવકાઈથી બોલ્યા.

તેઓના આ વ્યંગથી વીંધાયેલા પેલા કાર્યકરે જણાવ્યું : 'એમ નહીં બાપા ! મંદિર તો ખરું જ. ઇષ્ટનિષ્ઠા, ગુરુનિષ્ઠા તો માથું જાય તોય ન મુકાય.'

'આ માથું મૂકવાની જ વાત છે. બે ભાઈઓ હતા. એકને પૈસા જોઈતા હતા, તો કહે : 'પૈસા શું માંગે છે ? માથું માંગ, માથું !' પણ માથાને શું કરવાનું ? આ સેવા કરે એ માથું જ આપ્યા બરાબર છે.'

'બાપા ! હું મારાં પોતાનાં કામ બાજુએ રાખીને સેવા કરું છું, ભોગ આપું છું.'

'એ આપવો જ પડશે. એ બધી દલીલ મારી પાસે નહીં ચાલે. ભોગ આપ્યો છે ને હજુ આપવો પડશે. અમે ઘરબાર છોડીને આખા જ હોમાઈ ગયા છીએ. ભગવાનનું કામ છે ને ભગવાનને રાજી કરવાના છે.'

'પણ બાપા ! આ સેવા કરતાં કુસેવા થઈ જાય.'

'શું કરવા થાય પણ ? અમે આખી દુનિયામાં ફરીએ છીએ. હજારો પ્રશ્નો અમારી પાસે આવે છે, હજારો ! તમને તમારી જવાબદારી વધારે લાગતી હોય તો કોઈ મદદમાં આવી જાય એ રીતે ગોઠવી દો. તમને કોઈ કહેતું નથી કે 'તમે જાવ ને સેવા ન કરો.' બધું મનથી માની લીધું છે, પણ બધા જોડે બેસજો એટલે ખુલાસો થઈ જાય.'

આ રીતે સમજ સિંચી સ્વામીશ્રીએ તે કાર્યકરને સેવામાં પુનઃ જોડી દીધા. ધર્મધુરંધર થઈને પણ ધૂળ જેવા જીવની ગરજ રાખતા તેઓ અદ્વિતીય અજાયબી સમા હતા.

સંતનાં દર્શન એ ભગવાનનાં દર્શન

તા. ૨૦/૯ની સવારે હવાઈમાર્ગે હ્યુસ્ટનથી સાનહોઝે આવી પહોંચેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં અહીં તા. ૨૧/૯ના રોજ યોજાયેલી બાળ-કિશોર સભામાં ગમ્મતનો ગુલાલ ખરેખરો ઊડ્યો. સામે બેઠેલાં નાનાં ભૂલકાંઓને નહીં કથામાં રસ કે નહીં ગુજરાતીમાં ઝાઝી ગતાગમ. તેથી તેઓ સ્વામીશ્રી કંઈક પૂછે ને જવાબ કંઈક તૃતીયમ્ જ આપે. વળી, બેઠાં-બેઠાંયે કંઈક ને કંઈક ઇતર પ્રવૃત્તિમાં ગૂંચાયેલાં રહે. એટલે સ્વામીશ્રી ચાલુ પ્રવચને વારે-વારે સૂચના આપતા રહ્યા કે –

'એ 'કોટ'વાળા! Look here!' 'હં... અલ્યા, છોકરા! પટ્ટો પછી બાંધજે ભ'ઈ! આ વાત થાય છે એ લેશન ચાલે છે...' 'જો પેલો બગાસું ખાય! બગાસું નહીં ખાવાનું અહીંયાં...'

આવા વહાલભર્યા વાતાવરણમાં જ શરૂ થયેલી પ્રશ્નોત્તરી દરમ્યાન બાળક શ્રી અંબરીષ પટેલે પૂછ્યું: 'બાપા! તમે ભગવાનને જોયા છે?'

'જોયા જ હોય ને! ત્યારે તો અહીં આવ્યા છીએ ને સાધુ થઈ ગયા છીએ. શાસ્ત્રીજી મહારાજ મળ્યા એ ભગવાન જેવા સમર્થ હતા. સંત એ ભગવાનનું સાક્ષાત્ સ્વરૂપ છે, સર્વ જગતના આધાર છે. એમનાં દર્શન એ ભગવાનનાં દર્શન, એ બોલે એ ભગવાન બોલે છે, એ સેવા આપે તે ભગવાન સેવા આપે છે, એવા ભાવથી આપણે દર્શન કરીએ તો આપણને ભગવાનનાં દર્શન થયાં બરાબર કહેવાય; એટલે આપણે પણ ભગવાનનાં દર્શન થયાં છે.'

*'હરિ હરિજન એક સદા...'*નો આ બોધ વહાવી આજની સાંજે કન્વેન્શનલ સેન્ટર ખાતે યોજાયેલી સભામાં પધારેલા સ્વામીશ્રીએ અહીં પણ ધર્મનિર્મળી છાંટી. તેને અનુસરતાં તેઓએ તા. ૨૩/૯ના રોજ આવેલા જળઝીલણી એકાદશીના ઉત્સવમાં સુખની છોળ્યો ઉડાડી.

એ જ હેતુસર, તા. ૨૪/૯ની સાંજે સ્વામીશ્રી લૉસ એન્જલસના આંગણે આવી પહોંચ્યા.

ઠાકોરજીની સેવા થાય એ પર્સનલ (અંગત) જિંદગી

સૂર્ય એનો એ જ, છતાં રોજ-રોજ તેનો ઉદય જોવો ગમે. તેમ સ્વામીશ્રી એ જ, તોય રોજ-રોજ તેઓનાં ભ્રમણ-ભોજન, સભા-પૂજા વગેરેનો લાભ લેતાં સંતોષ ન થાય. તેઓની આવી આકર્ષક તેજસ્વિતા તા. ૨૬/૯ની સવારે તેઓ શિખરબદ્ધ મંદિર માટે જમીનોનું નિરીક્ષણ કરવા નીકળ્યા ત્યારે ચોતરફ પ્રસરી રહી.

તેઓએ આરંભેલી મંદિર-નિર્માણની આ ગતિવિધિ જોઈ ભક્તો પણ દાનપ્રવાહ વહેવડાવવા માંડ્યા. તેમાં તણાતા એક કિશોરે સ્વામીશ્રીને કહ્યું: ‘બાપા ! મને અઠવાડિયે વીસ ડૉલર વાપરવા મળે છે. તેમાંથી ચાર ડૉલર હું મંદિર માટે અર્પણ કરીશ.’

સ્વામીશ્રીની અમીદૃષ્ટિ આ સમર્પણવીર પર વરસી રહી ત્યાં જ બીજો ફૂટડો કિશોર બોલ્યો: ‘૩૦ દિવસમાં હું ૩૦ વાર બહાર ભોજન લઉં છું. તે પ્રત્યેક ભોજનનો ખર્ચ બેથી ત્રણ ડૉલર છે. એમાંથી હું બાર ભોજન બહાર લઈ બાકીના ડૉલર મંદિરમાં આપીશ.’

સમર્પણની આ સરિતામાં ઝંપલાવતાં અન્ય એકે કહ્યું: ‘હું દર વર્ષ કરતાં અડધાં કપડાં ખરીદીશ અને પડોશીના ઘેર શનિ-રવિએ સાફસૂફી કરવા જઈશ. તેના જે ડૉલર મળે તે મંદિરમાં આપીશ.’

આ જ રીતે પોતાના મોજશોખને કચડતા કંઈક કિશોરો ગરજતા રહ્યા કે –

‘હું ફિલ્મ જોવા મારા ફ્રેન્ડ્ઝ સાથે જાઉં છું. તે હવે નહીં કરું એટલે મહિને દસ ડૉલર બચશે. તે હું મંદિરમાં આપીશ...’

‘મારી બર્થ-ડેમાં બહુ પ્રેઝન્ટ (ભેટ) આવે. તે બધાને કહીશ કે ‘મને કૅશ આપો.’ એ બધી કૅશ મંદિર માટે આપીશ...’

‘મારા ફાધરે અભ્યાસ માટે ૩૫,૦૦૦ ડૉલર બૅંકમાં મારા નામે મૂક્યા છે. મારે તો ૩૦,૦૦૦ ડૉલરની જ જરૂર પડશે. માટે કાંઈક સેવા લો. ૨,૦૦૦ ડૉલર આપું ?’

કિશોરો દ્વારા લેવાયેલી આ એક-એક પ્રતિજ્ઞા પાયાના પથ્થરો જેવી બની રહી. રકમ કરતાંયે તેઓએ ઠોકરે ચડાવેલો વિલાસ એ વધુ મહત્ત્વની બાબત.

સેવાના આ પ્રવાહમાં વહેતા એક હરિભક્તે તો કહ્યું: ‘બાપા ! આપે

મને ૧૦,૦૦૦ ડૉલરની સેવા માટે કહેલું, પણ મેં પાંચ હજાર જ લખાવેલા. મારાં પત્નીને આ ખબર પડી તો મને એણે ધમકાવ્યો કે 'સ્વામીએ કહ્યું તેમાં ઓછા કેમ લખાવ્યા?' એટલે આજે હું દસ હજારની સેવા તો કરું જ છું, પણ મારાં પત્નીએ કહ્યું છે તે મુજબ પેનલ્ટી(દંડ)ના ૧,૦૦૦ એક્સ્ટ્રા સાથે ૧૧,૦૦૦ ડૉલરની સેવા લખાવીશ.'

આમ, સ્વામીશ્રી દ્વારા જ્યાં-જ્યાં મંદિરનાં મંડાણ થતાં ત્યાં-ત્યાં આબાલવૃદ્ધ બાઈ-ભાઈનાં અંતરમાં સેવાના લોઢ ઊછળવા માંડતા. આ નિર્માણપ્રક્રિયા સ્વામીશ્રીએ બાંધેલાં મંદિરો જેવી જ બેનમૂન બની રહેતી.

તેનું એક સત્ર પૂરું કરી સ્વામીશ્રી તા. ૨૭/૯ની બપોરે ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે કાર્યકરોનો પરિચયવિધિ ચાલતો થયો. તેમાં શ્રી કાંતિભાઈએ કહ્યું: 'બાપા! હું બાળ મંડળ ચલાવું છું ને આ રાકેશ પટેલ કિશોર મંડળ. તેને તો નોકરી ને મંદિર બે જ વાત છે. એને કોઈ પર્સનલ જિંદગી જેવું છે જ નહીં!'

'ઠાકોરજીની સેવા થાય છે એ પર્સનલ જિંદગી જ છે.'

અંગત જીવન અંગે અંગત અભિપ્રાય સ્વામીશ્રીએ આપી દીધો.

એવા ક્ષમાવંત મહામતિ

તા. ૨૮/૯ની સાયંસભામાં સેરીટોઝ અને ડાયમંડ બાર શહેરના મેયરોએ સન્માનપત્ર આપી સ્વામીશ્રીને વધાવતાં સ્વામીશ્રીના કીર્તિ-કિરીટમાં વધુ એક છોગું ઉમેરાયું.

પરંતુ જે સમયે નગરે નગરે અમેરિકન વહીવટદારો સ્વામીશ્રીને બિરદાવી રહેલા એ જ વખતે ભારતના એક કહેવાતા ક્રાંતિકારી લેખકે સ્વામીશ્રીની પ્રતિભાને પોતાના પૂર્વગ્રહની પીંછીથી ખરડવાનો પ્રયત્ન કરેલો. તેઓએ ભારતના એક અખબારમાં છાપેલું લખાણ સત્યથી વેગળું અને દ્વેષથી ધૂંધળું હતું. તેથી તેઓને હકીકતથી વાકેફ કરવા તથા વાચકોને ગેરસમજથી દૂર રાખવાના હેતુસર સંતોએ એક જવાબ તૈયાર કરેલો. તે ભારતના જ એક વર્તમાનપત્રમાં છાપવાનો હતો.

પરંતુ આ ગતિવિધિની જાણ આજની સાંજે સ્વામીશ્રીને થઈ ત્યારે તેઓએ સંતોને પૂછેલું: 'એ જવાબ છાપવા માટે મોકલી દીધો?'

'મળેલા સમાચાર મુજબ તો મોકલી દીધો હશે!'

'આપણે જવાબ લખવાની જરૂર શું છે? તપાસ કરો. ન મોકલ્યો હોય તો આગળ ન વધે.' આટલું બોલતાં સહેજ ઊંચે ચઢેલો સ્વામીશ્રીનો સૂર આક્ષેપ અને અપમાનના પ્રતિકાર બાબતે સ્પષ્ટ નારાજગી સૂચવી રહેલો.

તેથી જવાબ આપતો લેખ અખબારમાં ન મોકલવાની જાણ કરતો ફેક્સ દેશમાં કરી દેવાયેલો. પરંતુ સ્વામીશ્રીએ આજનાં રાત્રિભોજન અને મુલાકાતો બાદ ફેક્સ કરનારા સંતને પુનઃ પૂછ્યું: 'ત્યાંથી ફેક્સ મળ્યાનો જવાબ આવ્યો?' આટલું કહી ઉત્તરની અપેક્ષા રાખ્યા વિના જ તેઓએ જણાવ્યું: 'મેં તમને ચોખ્ખું કહેલું કે 'ફોન કરી દો.' હજી ટાઈમ છે, તરત ફોન કરો.'

ક્ષમાના ખડગથી વિદ્રોહનું વન કાપવા તત્પર બનેલા સ્વામીશ્રીની આ કાર્યવાહી *'સંત સદા શીતળ રહે, ક્યારે ન તપે રે કામ-ક્રોધની ઝાળ...'*નો અનુભવ તેઓ વિષે કરાવી રહી.

તે જ સમયે અમદાવાદથી આવેલા ફોનની ઘંટડી રણકી. તે દ્વારા સમાચાર મળ્યા કે 'આક્ષેપબાજને આપવા તૈયાર કરેલો જવાબ સ્થગિત કરી દેવાયો છે.'

આ સાંભળી હાશ પામેલા સ્વામીશ્રીએ તે ફોન કરનારા સંતોને પણ કહ્યું: 'આપણે જવાબ આપવાની જરૂર શી છે? શાસ્ત્રીજી મહારાજ માટે કેટલું લખાયું? આપણે એકેયનો જવાબ ક્યાં આપ્યો છે? સારું થયું. હવે લાંબું નહીં થાય.'

ફોનમાં આટલું જણાવી અહીં એલ.એ.માં સામે ઊભેલા સંતોને સ્વામીશ્રી કહેવા લાગ્યા: 'આ લખ્યું હોત તો લાંબું થાત. એને જવાબ આપ્યે એ સુધરવાનો હતો?'

'એ તો ન સુધરે, પણ લોકોમાં ગેરસમજૂતી ઊભી કરે છે ને!' કો'ક બોલ્યું.

ત્યારે સ્વામીશ્રીએ બે હાથ પહોળા કરી જણાવ્યું: 'શાસ્ત્રીજી મહારાજ માટે આટલાં થોથાં વિરોધમાં લખી દીધાં. તોય એકેયને ગેરસમજૂતી થઈ છે? દીવાલો ચીતરી છે એ તમે જોઈ છે?'

'હા.'

'એમાં ભૂંડું કોનું દેખાય છે? લખનાર લખ્યા કરે ને વાંચનાર ભૂલી જાય.'

'પણ બાપા! આ લખનારો તો આપણી પાછળ જ પડી ગયો છે. તે વર્ષોથી લખે છે, એટલે સંતોને જવાબ આપવાની ઇચ્છા થાય છે.'

'એ ઇચ્છા જ ખોટી. આપણો સિદ્ધાંત જ નથી કે જવાબ આપવો.'

સ્વામીશ્રીની સાધુતાના સ્ફુલિંગ આમ વેરાઈ રહ્યા. તેના ઉજાસમાં તેઓ બોલતા જ રહ્યા :

"કોઈને આવું (આપણું ખરાબ) વાંચવાથી ઊંધું પડતું નથી. આપણો એકેય સમૈયો ઓછો થયો? એકેય સભા નાની થઈ? એકેય વાતમાં પાછા પડ્યા? બધું દા'ડે દા'ડે વધતું જ જાય છે. આમાં જવાબ લખો ને છપાય એટલે સીધી જ વાત આવે કે 'પ્રમુખસ્વામીને પૂજાવું-મનાવું છે એટલે લખાવે છે!' ભલે ને અમેરિકાથી લખ્યું હોય, લંડનથી લખ્યું હોય કે ચંદ્રલોકથી લખ્યું હોય, પણ નામ તો અંદર લખ્યું ને! આપણે ક્યાં મનાવું છે, પૂજાવું છે! આપણે ખોટું કરતા હોઈએ તો વાદમાં ઊતરવું પડે!"

આમ કહેતાં આજની રાત્રે સ્વામીશ્રીએ વિશ્રામ માટે આંખો મીંચી ત્યારે ચારેકોર *'ક્ષમાવંત મહામતિ...'*ની તેઓની છબી ચમકી રહી.

I Will Miss You! (મને આપની ખોટ સાલશે!)

ભરચક રવિવાર એ પરદેશી સત્સંગની તાસીર. તે મુજબ તા. ૨૯/૯ના રોજ આવેલા રવિવારની સવારથી મંદિર છલકાવા માંડ્યું. આ ભક્તમાળની સાથે મઘમઘતી ફૂલમાળ અને ઝગમગતી દીપમાળ વચ્ચે સ્વામીશ્રીનું પ્રાતઃભ્રમણ પૂરું થયું. તેને અનુસરતાં આવેલી પ્રાતઃપૂજા ગિરિકંદરાઓમાંથી વહેતી ગંગા-યમુનાના કાંઠે સંપન્ન થઈ. છેલ્લા એક સપ્તાહનો યુવકોનો પરિશ્રમ આ સુશોભનરૂપે લહેરાઈ રહેલો.

આજની સાયંસભા પણ એવી જ રોનકદાર બની રહી. આ સમારોહમાં કેલિફોર્નિયાના ગવર્નર તથા વ્હીટીઅર, ઑરેન્જ, સાયપ્રસ, કુડાઈ, બીયુના પાર્ક, એલ.એ., એર્ટીશિયા, ફુલરટન વગેરે શહેરોના નગરપતિઓએ સ્વામીશ્રીના સત્કારમાં પોતાના તરફથી વેલકમ સર્ટિફિકેટ મોકલી આદર અભિવ્યક્ત કર્યો. તદુપરાંત, અનેક ધાર્મિક-સામાજિક સંસ્થાના અગ્રણીઓએ પણ સ્વામીશ્રીને સન્માન્યા. તા. ૧/૧૦ની સાયંસભામાં તો હોમિયોપેથિક કૉલેજ ઑફ કેનેડાએ સ્વામીશ્રીને 'DHMS – ડિપ્લોમા ઇન હોમિયોપેથિક મૅડિસિન ઍન્ડ સાયન્સ'ની માનદ પદવીથી નવાજ્યા.

પરદેશીઓ તરફથી વરસી રહેલી પ્રશંસાની આ વર્ષા સ્વામીશ્રીના પ્રદાનને આભારી હતી. અમેરિકાના સત્સંગની રજત જયંતી નિમિત્તે પધારેલા તેઓએ અહીંના ૯૨ દિવસના રોકાણ દરમ્યાન અધિવેશન દ્વારા સૌમાં

અસ્મિતાનું અમૃત સિંચેલું. તેની સાથે ચાર મંદિરોનાં દ્વાર ખોલી અમેરિકાની આબોહવામાં આધ્યાત્મિકતાનો પ્રાણવાયુ વહેતો કરેલો. હજારોના હિસાબે આપેલી મુલાકાતો દ્વારા સંતપ્ત મનોભૂમિ પર અમીધારા વરસાવેલી. કાર્યકરોનાં હાડ-હૈયાંમાં નિયમ, નિશ્ચય અને પક્ષની ત્રિવેણી ભરી દીધેલી.

તેથી તા. ૨/૧૦ના રોજ તો સ્વામીશ્રી બોલી ગયા : 'આશીર્વાદના તો ઢગલા થયા છે.' આમ, તેઓએ સૌને રાજી કરવામાં કશી કસર છોડી નહોતી.

તેથી જ આજે શબ્દની ચાંચમાં ભાવતંતુને પકડી કુમળી વયનું એક હૃદયપંખી સ્વામીશ્રી પાસે પત્રની પાંખ ફફડાવતું ઊડી આવ્યું. અમેરિકાનો એક-એક સત્સંગી જે અનુભવી રહેલો તેની જ તાન છેડતાં તે ગાઈ રહ્યું :

I'll Never Forget You Swami!, How could I?
Some of My Happiest Times And Funniest Moments
Have Been with You.
We've Talked And Enjoyed So much With Each Other.
That Nothing Could Ever Take Away Those Special Memories.
I Am so Thankful To You For Being Part of Them.
I Will Miss You!
You Will Always Be In My Thoughts,
And I'll Always Remember You With Love.
Thank You Swamibapa For All Your Love And Careness
During America's VICHARAN !

હું આપને કદી નહીં ભૂલું સ્વામી !, કેવી રીતે ભૂલી શકું ?
આપની સાથે વીતી છે મારી સુખમય પળો અને આનંદમય ઘડીઓ.
આપણે સાથે મળી માંડી છે ગોઠડી અને માણી છે મજા.
એ વિશિષ્ટ યાદોને કોઈ ઝૂંટવી શકે એમ નથી.
એ સ્મૃતિઓનો એક હિસ્સો બની જવા બદલ હું ઋણી છું આપનો.
મને આપની ખોટ સાલશે !
આપ મારા વિચારોમાં હંમેશાં રહેશો,
અને હું આપને સદાયે સસ્નેહ યાદ કરતો રહીશ.
અમેરિકાના વિચરણ દરમ્યાન આપે વરસાવેલા વહાલ અને લીધેલી

સંભાળ બદલ આપનો આભાર સ્વામીબાપા !

તા. ૨/૧૦ના વિદાય દિને સ્વામીશ્રીના પલંગની બાજુમાં રાખેલા સ્પીકરમાં એક બાળકની આ 'અક્ષર' ભાવના ગુંજી ત્યારે વાતાવરણમાં વિદાયનો વિષાદ વધુ ઘેરો બન્યો. તેથી આજની રાત્રે દસ વાગ્યે સ્વામીશ્રી ઑકલેન્ડ જવા ઊડ્યા ત્યારે તો અમેરિકાનું આકાશ અને હરિભક્તોનાં હૈયાં ચિત્કારી ઊઠ્યાં : 'I Will Miss You, Swami!' – 'સ્વામી ! મને આપની ખોટ સાલશે !'[24]

ઈશ્વરના પોતાના દેશમાં

લૉસ એન્જલસથી વિદાય થયેલા સ્વામીશ્રી પૂર્વના પ્રદેશ તરફ ગતિ કરી રહ્યા હોવાથી આંતરરાષ્ટ્રીય દિવસરેખા(International dayline)ની માયાજાળમાં તા. ૩/૧૦ ખોવાઈ ગઈ અને ન્યૂઝીલેન્ડની ધરતી પર સ્વામીશ્રી આવી પહોંચ્યા ત્યારે તા. ૪/૧૦નું પરોઢ ફૂટી નીકળ્યું.

તેઓની પદરજથી પાવન થતો પૃથ્વીનો આ ૪૫મો દેશ હજી સૂર્ય-કિરણોથી સચેત જ થઈ રહેલો. આ અજવાળાંમાં સ્વામીશ્રીનું તેજ ભળતાં ન્યૂઝીલેન્ડનું આકાશ વધુ દેદીપ્યમાન બની રહ્યું. સ્થાનિક પ્રજાની માન્યતા મુજબ 'ઈશ્વરના પોતાના દેશ' તરીકે ગણાતા આ ભૂભાગ પર આજે સાચે જ ઈશ્વર પધારી ચૂક્યા !

દેવના આ દેશમાં ઑકલેન્ડના ઍરપોર્ટ પર જૂજ ભાવિકોનું સ્વાગત સ્વીકારી સ્વામીશ્રી તાસ્માન સામુદ્રધુનીના કિનારે આવેલા હિલ્સ બરોમાં ઉતારે પહોંચ્યા. અહીં શ્રી દુર્લભભાઈ તથા તેઓના જમાઈ જિતુભાઈ પટેલે સ્વામીશ્રી માટે નવો બંગલો જ ખરીદી લીધેલો. તેની સાથે પ્રાતઃપૂજા અને સાયંસભાનાં સ્થળ તરીકે આલ્બર્ટ ગ્રામર હાઈસ્કૂલ, રાધાકૃષ્ણ મંદિર, ભારતીય મંદિર વગેરે પાવન થવા માંડ્યાં.

સ્વામીશ્રીને તો કોઈ પણ દેશમાં સત્સંગ પ્રવર્તાવવાનું જ તાન. તેથી સહેલાણીઓના સ્વર્ગ સમા આ પ્રદેશમાંય તેઓએ આવતાંવેંત મંદિરનાં

---

૨૪. સ્વામીશ્રીએ ખેડેલી અમેરિકાની આ ધર્મયાત્રા દરમ્યાન બનેલા વિવિધ ઐતિહાસિક પ્રસંગો માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

ચક્રો ગતિમાન કરી દીધાં. તેના ભાગરૂપે સ્વામીશ્રીએ તા. ૫/૧૦ના રોજ બે જમીનો નિહાળી તેના સંપાદનની પ્રક્રિયા શરૂ કરવા જણાવ્યું. તેની સમાંતર તેઓએ આ નવા દેશમાં સુગ્રથિત બંધારણ અને ટ્રસ્ટી બૉર્ડની નિયુક્તિ દ્વારા સત્સંગ-પ્રસારને પણ વેગવાન બનાવી દીધો.

સત્સંગની આ સરવાણી તેઓ તા. ૯/૧૦ના રોજ તો પુકીકુહી ગામે રેલાવી આવ્યા. અત્રે શ્રી ભુલાભાઈ અને તેઓના પરિવારજનોએ સ્વામીશ્રીનાં પગલાં પોતાનાં ઘર, ખેતર તથા ગામના હૉલ ઉપરાંત પુકીકુહી હિલ પર કરાવી આ ટેકરાને પણ તીર્થત્વ અપાવ્યું.

આમ, સૌના સંકલ્પો પૂરતા સ્વામીશ્રીએ તા. ૧૦/૧૦ની સવારે વેલિંગ્ટનની ધરતી પર ચરણ મૂક્યાં.

અત્રે આગમનના પ્રથમ દિવસની સભા ઇન્ડિયન ઍસોસિયેશનના હૉલમાં યોજાયેલી. તેમાં ભારતીય હાઇકમિશનર શ્રી મીના તથા દેશના વનમંત્રી શ્રી જહોન ફેલોન વગેરેનો સત્કાર સ્વીકારનારા સ્વામીશ્રીએ ઉપસ્થિત ભાવિકોને આશીર્વાદ પાઠવી કૃતાર્થ કર્યા. તેની સાથે તા. ૧૧/૧૦ના રોજ આકાશવાણી ભારત ભુવન નામના રેડિયો સ્ટેશન દ્વારા ધ્વનિમુદ્રિત કરવામાં આવેલા સ્વામીશ્રીના આશીર્વાદ દરેક ગુજરાતીના ઘેર-ઘેર ગુંજી ઊઠ્યા.

આ રીતે દેશના આ પાટનગરને સ્વામીશ્રી સત્સંગ-રંગે રંગી રહેલા તે જ વખતે Windy Wellington (ઝંઝાવાતી વેલિંગ્ટન) ઉક્તિ પણ સાર્થક થઈ રહેલી. સખત વરસાદ અને પ્રતિ કલાકે ૧૬૦ કિ.મી.ના વેગથી ફૂંકાતા પવન વચ્ચે સ્વામીશ્રી ગોવનભાઈના ઘેર રખાયેલા ઉતારેથી સભાસ્થળ સુધીની દડમજલ કરતા. જ્યાં યુવાન ડિલ પણ કાંપી ઊઠે ત્યાં ૭૬ વર્ષની આ વૃદ્ધ કાયા અડીખમ વિચરી રહેલી! આશ્રિતો પર કેવી અનુકંપા!

ભજે હરિ ફરે નહીં મતિ

વેલિંગ્ટનમાં તા. ૧૪/૧૦ની સાયંસભાનું સ્થળ એવલન ઇન્ટરમીડિયેટ સ્કૂલ ઉતારાથી નજીક જ હતું. ત્યાં સભાનો પ્રારંભ સાંજે સાત વાગ્યાનો હોવા છતાં સ્વામીશ્રી સાડા છ વાગ્યે કહેવા લાગ્યા: 'ચાલો, સભામાં જઈએ.'

આ સાંભળી સંતોએ કહ્યું: 'બાપા! હજી સભાને વાર છે. કીર્તનિયા સંતો પણ હજી હમણાં જ નીકળ્યા છે.'

પરંતુ આ ખુલાસો કાને ન ધરતાં સ્વામીશ્રી બોલ્યા: 'અહીં નવરા

બેસી રહીએ એના કરતાં ત્યાં દર્શન, ભજન થાય ને!' આમ જણાવી તેઓ સભામાં જવા તૈયાર થઈ ગયા.

તેઓની આ તાલાવેલીની ખબર સભાસ્થળે ગયેલા સંતોને પહોંચાડી દેવાતાં તેઓએ અગમચેતી વાપરી સભા વહેલી શરૂ કરી દીધી. તેથી સ્વામીશ્રી પહોંચ્યા ત્યારે કીર્તનભક્તિ રેલાઈ રહેલી. તે જોઈ સ્વામીશ્રીએ સોફા પર બેસતાં પહેલાં પત્ર-પરિચારકની સેવામાં જોડાયેલા ભક્તિસાગરદાસ સ્વામીને કહ્યું : 'તમે સાત વાગ્યાનું કહેતા હતા ને! પણ જુઓ, ભજન થાય છે કે નહીં? વહેલા આવીએ તો ભક્તિ થાય.'

ભક્તિનો આ મર્મ તેઓએ તા. ૧૫/૧૦ની સવારે પણ સમજાવ્યો. આ દિવસે વેલિંગ્ટનથી સીડની ઊડવાનું હતું. આ મુસાફરીના કલાકોની વાતો કરતાં એલ.એ.થી ન્યૂઝીલેન્ડની યાત્રાના સંદર્ભમાં ભક્તિસાગરદાસ સ્વામી બોલ્યા: 'આપણે એ પ્રવાસમાં ચોવીસ કલાક ગુમાવ્યા છે. તેનો હિસાબ બાકી છે.'

આ સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : 'લો, આ મોટા હીરાના વેપારી હોય એમ વાત કરે છે!' પછી ઉમેર્યું : 'આપણે ગુમાવ્યું છે શું ?! આપણે તો બધે જ ભક્તિ કરી છે, સત્સંગ કરાવ્યો છે, સૌ હરિભક્તોને રાજી કર્યા છે, મંદિરોમાં પ્રતિષ્ઠા-શિબિર કર્યાં છે – એમ ભજન કર્યું છે. ભજન ન કર્યું તો ગુમાવ્યું કહેવાય!'

ભજનનું આ વજન દૃઢાવતા સ્વામીશ્રી તા. ૧૫/૧૦ની સાંજે ન્યૂઝીલેન્ડથી વિદાય લઈ સીડની આવી પહોંચ્યા.

ઘી-દૂધની પહેલેથી જ અરુચિ

સીડનીમાં ઉતરાણ કરી સ્વામીશ્રી મોસમન વિસ્તારમાં આવેલા સ્કાઉટ હૉલ ખાતે યોજાયેલી સ્વાગત-સભામાં પહોંચ્યા ત્યારે ત્યાં બે યુવકો શણગાર સજાવતા હતા અને એક કિશોર ચાદર બિછાવતો હતો! સ્વામીશ્રી પધારતાં સૌએ ઝડપથી બધું ઠીકઠીક કરી દીધું. તે પછી સ્વામીશ્રીએ આરતી-અષ્ટકનું આહ્નિક કર્યું ત્યાં જ વક્તા સંતો આવી જતાં આઠ-નવની સંખ્યાનો શ્રોતાગણ ધરાવતી એ સ્વાગત-સભા શરૂ થઈ ત્યારે ૧૨૫ની ક્ષમતા ધરાવતો આ હૉલ ખાસ્સો મોટો જણાતો હતો! ધીમે-ધીમે ભાવિકો આવતાં જતાં તે ભરાવા માંડ્યો. આજે વિસ્તરેલી સીડનીના સત્સંગની ક્ષિતિજો જોઈ કોઈ આ

સ્વાગત સમારોહની કલ્પના પણ કરી શકશે ?

છતાં આ સભામાં પણ કેફથી આશીર્વાદ પાઠવી સંજયભાઈ મહેતાના ઘેર ઉતારે પધારેલા સ્વામીશ્રી અત્રે ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે આઇ. પી. મહેતા પોતાને થયેલી બાયપાસ સર્જરીની વાત છેડતાં બોલ્યા: 'મારે કોલેસ્ટેરોલ વધારે છે. બાળપણથી ઘી, દૂધ બહુ ખાધેલાં ને !'

'મારે ઘી-દૂધની પહેલેથી જ અરુચિ.' સ્વામીશ્રીએ કહ્યું.

આ ટૂંકા વાક્યમાંથી ઝળકી ઊઠેલાં તેઓનાં તપ-ત્યાગનાં તેજ દુનિયાના મોટામાં મોટા ટાપુ અને નાનામાં નાના ખંડ સમા ઑસ્ટ્રેલિયામાં પથરાવા લાગ્યાં.

અખંડિત આત્મીયતા

તા. ૧૬/૧૦ અને ૧૭/૧૦ના રોજ અનુક્રમે એર્મિંગ્ટન કમ્યુનિટી સેન્ટર તથા કુ-રીંગ-ગાઈ ટાઉન હૉલ સ્વામીશ્રીની પરાવાણી તેમ જ પદરેણુથી પાવન થયાં. આવા જાહેર લાભ ઉપરાંત સ્વામીશ્રી વ્યક્તિગત મુલાકાતો દ્વારા પણ સૌમાં સત્સંગ સિંચતા રહેતા.

આ ક્રમમાં, તા. ૧૮/૧૦ની સવારે અલ્પાહાર લેતા તેઓની સામે બેઠેલા એક કિશોરનો નિર્દેશ કરી સંતોએ કહ્યું: 'બાપા ! આ મુમુક્ષુ...'

'એય મુમુક્ષુ ને એનો બાપેય મુમુક્ષુ અને એના દાદાય મુમુક્ષુ ! છેક ભગતજી મહારાજના વખતનો સત્સંગ છે.' આટલું જણાવી સ્વામીશ્રીએ તે કિશોરની પેઢીઓ ગણાવી દીધી કે 'આનો બાપ સુભાષ, તેના બાપા ગોરધનભાઈ, ગોરધનભાઈ પ્રહ્‌લાદભાઈ ને પ્રહ્‌લાદજી દાજી. એ દાજીભાઈને ભગતજી મહારાજના વખતથી અક્ષર-પુરુષોત્તમની નિષ્ઠા.'

દુનિયાના કોઈ પણ ખંડમાં સ્વામીશ્રીની આત્મીયતા અખંડ જણાતી. તેનો વધુ એક ચમકારો આજની બપોરે પણ માણવા મળ્યો.

આ વખતે સ્વામીશ્રી સમક્ષ 'જેવા મેં નીરખ્યા રે...' પુસ્તક-શ્રેણીના ૭મા ભાગનું વાંચન થઈ રહેલું. તેમાં પચાસેક વર્ષ પૂર્વે સારંગપુરના મંદિરમાં સેવા કરતા કાના બેરાની વિગત વંચાઈ. તે સાંભળી સ્વામીશ્રી બોલવા લાગ્યા:

''હા, એ ખરેખરો સેવાભાવી ! મહિને પાંચ રૂપિયા લેતો ને જે ચીંધે તે સેવા કરતો. મેં કહ્યું: 'તને સાત રૂપિયા પગાર કરી દઉં.' તે કહે, 'ના, ના. પાંચ બરાબર છે. મંદિરના વધારે ના લેવાય.' તે ગૌશાળામાંથી દૂધ લાવે,

ઉકાળા-પાણીની વ્યવસ્થા કરે ને બીજું દૂધ હોય તે આખરી દે. તેની છાશ બનાવે. તે લેવા ગામના માણસો આવે. તેમાં કાના બેરાનાં બૈરાં-છોકરાં પણ હોય, પરંતુ એમને વ્યવસ્થા પ્રમાણે જ આપે, પક્ષપાત ન કરે!''

આમ, પચાસ વર્ષ પછી પણ પાંચ રૂપિયાના પગારદારની પ્રામાણિકતા હરખથી ગાનારા સ્વામીશ્રીના હૃદયમાં માનવમાત્રને સ્થાન મળેલું.

સંતોની ચરણરજમાં બેસવું છે

તા. ૧૮/૧૦ના રાત્રિભોજન બાદ ચાલતો થયેલો વાર્તાલાપ વૃક્ષની જેમ વિકસી રહેલો. સામે બેઠેલા સંતો-ભક્તોમાંથી ગમે તે, ગમે ત્યારે જિજ્ઞાસાઓ વ્યક્ત કરી સમાધાન મેળવતા જતા. સ્વામીશ્રી પણ ગમ્મત સાથે જ્ઞાન પીરસી રહેલા.

તે ક્રમમાં 'શ્રીજીમહારાજ અંતકાળે લેવા આવે ત્યારે વિમાન કેવું હોય?, તેમાં શ્રીજીમહારાજ ક્યાં બેસે?, તે વિમાન કોણ ચલાવે?' વગેરે કુતૂહલ વ્યક્ત થયાં. સ્વામીશ્રીએ પ્રત્યક્ષ જોતા હોય એમ આ અગોચર વાતોને નયનગોચર કરી આપી. તે પછી ચેષ્ટાગાન થયું.

આ આહ્નિક આટોપી સ્વામીશ્રી પોઢવા માટે પલંગ પર બિરાજ્યા ત્યારે વળી વિમાનવાળી વાત નીકળી. તેમાં કો'કે પૂછ્યું: 'બાપા! આપ અંતકાળે વિમાન લઈને આવો ત્યારે આપ પ્લેનમાં ક્યાં બેસો?'

'નીચે. બધા સંતોની ચરણરજમાં બેસવું છે.' સ્વામીશ્રી તત્ક્ષણ બોલી ઊઠ્યા.

'દાસ તમારા દાસનો મને, રાખો નાથ હજૂર...' એ પંક્તિ તેઓના જીવનમાં પ્રાર્થનારૂપે નહીં, પરંતુ તેઓના પરિચયરૂપે રહેલી.

સત્પુરુષના સ્વભાવ તો સારા જ હોય

તા. ૧૯/૧૦ની સવારે અલ્પાહાર લેતા સ્વામીશ્રી સામે બેઠેલા એક દસ વર્ષીય બાળકની ગમ્મત કરવાના હેતુસર કો'ક બોલ્યું: 'કાલે સારું મુહૂર્ત છે. એને સાધુ કરી દઈએ.'

આ વાક્યને પગથિયું બનાવી સૌ રમૂજની નિસરણી પર એક-એક પગલું મૂકવા લાગ્યા, પરંતુ સૌની વાતોમાં પડઘાતો પોતાને સાધુ બનાવી દેવાનો સૂર સાંભળી પેલો બાળક રડમસ થઈ ગયો. ત્યારે તેને સધિયારો

દેતાં સ્વામીશ્રીએ કહ્યું: 'ભલે બધા કહે. તારે ગભરાવું નહીં. દીક્ષા તો મારે આપવાની છે ને! પછી ડરવાનું શું? હું તારી પડખે છું ને!'

બાળકના મિષે સ્વામીશ્રી જાણે સૌને બાંયધરી આપી રહ્યા: 'ડરવાનું શું? હું તારી પડખે છું ને!'

તેઓનું આવું નિર્ભય શરણ છોડવું કોને ગમે? તેથી એક યુવક બોલી ઊઠ્યો: 'બાપા! આપની પાસે રહેવું ગમે છે.'

'પાસે રહેવું તો ગમે, સ્વભાવ પણ ગમવા જોઈએ. નહીં તો પાસે રહીને ડખા કરે.'

'પણ સત્પુરુષના સ્વભાવ તો સારા જ હોય ને!'

'એમના તો સારા જ હોય, પણ આપણા સારા ન હોય ને! આપણા સ્વભાવ ટાળવા એ સ્વભાવ રાખે. શિવલાલ શેઠને નહોતા ટોક્યા?'

'સત્પુરુષ આપણને ટોકે ત્યારે કઈ સમજણ રાખવી?'

'એ કહે છે તે બરાબર જ છે. આપણા આત્માના શ્રેયને અર્થે જ કહે છે. એ વાત કરે છે તેમાં કોઈ સ્વાર્થ નથી. સત્પુરુષ આપણા સ્વભાવ ઓળખાવે છે, પણ 'મારી ભૂલ છે જ નહીં, મેં કાંઈ કર્યું જ નથી,' તેમ દલીલ કરે તો રાજીપો ન થાય. 'ભૂલ ટાળવાની છે' એમ મનમાં હોય એ મુમુક્ષુ કહેવાય. એ તરત સુધરવાના. તરત હાથ જોડી દે. અટંટ રહે તો માફ ન કરે.'

'સત્પુરુષ આપણને તરત માફ કરી દે?'

'તરત માફ કરી દે. ફરી સુધારો કરી દે તો રાજી થાય. આજ્ઞા પાળે તો રાજીપો થાય.'

સાધક અને સત્પુરુષ – બંનેની રીત સ્વામીશ્રીએ ઉજાગર કરી આપી.

આપણે મહેનત કરવાની, બસ!

તા. ૧૯/૧૦ની સવારે અલ્પાહાર બાદ સ્વામીશ્રી ઓરડામાં પધાર્યા ત્યારે મુલાકાત, મીટિંગ કે પત્રવ્યવહાર વગેરે કોઈ કાર્ય બાકી બચ્યું નહોતું. તે જોઈ તેઓ બોલ્યા: 'લાવો, કાંઈ વાંચીએ.'

પરંતુ આજે તો વાંચન માટે પણ કોઈ સાહિત્ય પાસે નહોતું. છેવટે ઑસ્ટ્રેલિયાનું એક પરિચયાત્મક પુસ્તક હાથ લાગતાં તે સ્વામીશ્રીને આપવામાં આવ્યું. તેઓએ એ પુસ્તકનાં પચીસ પાનાં એક બેઠકે વાંચી સમયને લેખે લગાડ્યો.

ત્યારબાદ સ્વામીશ્રી નિયત સમયે ભોજન માટે બિરાજ્યા ત્યારે આ વર્ષે આવી રહેલા તેઓના જન્મજયંતી મહોત્સવે યોજાયેલી પાર્ષદી દીક્ષાની વાતો નીકળી. તે સંદર્ભમાં જ્ઞાનવત્સલદાસ સ્વામી બોલ્યા : ‘આટલા નવા થશે તોય ૭૦૦માં ૧૧૩ ખૂટશે.’

‘એય થઈ જશે !’

સ્વામીશ્રીની આ ખાતરી સાંભળી સંતોએ પૂછ્યું : ‘યોગીબાપાના ૭૦૦ના સંકલ્પ પછી આપે કંઈ પ્લાનિંગ વિચારેલું છે કે આટલાં વર્ષોમાં આટલું થવું જોઈએ ?’

‘પ્લાનિંગ કરવાનું જ નહીં. એ ભગવાન જ કરી આપે. આપણે મહેનત કરવાની, બસ ! એ આપણી ભક્તિ. એમની યોજના પ્રમાણે વિકાસ થયા કરે. જ્યારે જેટલા સંતો જોઈએ છે તેટલા ભગવાન તૈયાર કરી દે છે.’ સ્વામીશ્રીએ કહ્યું.

તેઓ પોતાના ‘પ્લાનિંગ’સભર પુરુષાર્થની પુષ્પમાળા શ્રીજીમહારાજના કંઠમાં પહેરાવી સંતોષ પામ્યા.

આધ્યાત્મિક એનર્જીનો ભંડાર

તા. ૧૯/૧૦ની સાંજે રોઝલિઆ કમ્યુનિટી હૉલમાં યોજાયેલી સભામાં સત્સંગીઓ ઉપરાંત ભારતીયોની સંખ્યા પણ ઘણી હતી. તે સમુદાયની વચ્ચે કેનબૅરા-સ્થિત હિંદુ મંદિરના અગ્રણી શ્રી હિમાંશુ પોટાએ સ્વામીશ્રીને જણાવ્યું કે ‘આપ ૧૯૮૪માં પધાર્યા હતા ત્યારે કઠોપનિષદની વાત કરેલી, તે આજે પણ મને યાદ છે ! આપની પાસે બહુ જ શક્તિ છે. ‘બાર વર્ષ પહેલાં જેમને મળ્યા હોઈએ તે વૃદ્ધ તો હશે જ’ એવા મારા વિચારો હતા, પણ આજે આપનાં દર્શન કરું છું, ત્યારે મેં જોયા હતા કે કલ્પ્યા હતા તેનાથી પણ આપ વધુ યુવાન જણાઓ છો. શું આધ્યાત્મિક એનર્જી રેડીએટ થઈ રહી છે !’

આવી આધ્યાત્મિક ઊર્જાથી ઑસ્ટ્રેલિયાને ભરવા સ્વામીશ્રીએ તા. ૨૧/૧૦ની સવારે ક્રાંતદર્શી કદમ ઉઠાવ્યું. દશેરાના આ દહાડે તેઓએ પ્રાત:પૂજાથી પરવારી પોતાના નિવાસસ્થળે જ પીઠિકા પર પધરાવેલી અક્ષર-પુરુષોત્તમ મહારાજ, રાધાકૃષ્ણ દેવ અને ગુરુપરંપરાની મૂર્તિઓમાં પ્રાણ પૂર્યા. હજી ત્રણ દિવસ પૂર્વે તો સ્વામીશ્રીએ મંદિર માટે જગ્યા જોયેલી, ગઈકાલે પ્રતિષ્ઠાવિધિની તૈયારી કરવા આદેશ આપેલો અને આજે સાઠેક

બાઈ-ભાઈ ભક્તોની ઉપસ્થિતિમાં તો પ્રતિષ્ઠા કરી પણ દીધી ! આ મૂર્તિઓ તા. ૧૫/૧/'૯૭ના રોજ મંદિર માટે નિશ્ચિત થયેલા ગ્લેઝવિલના એક સંકુલમાં બિરાજવાની હતી.

તેની પ્રતિષ્ઠાના આ અવસરે આરતી ઉતાર્યા બાદ માઈક પાસે આવી ઊભાં-ઊભાં જ આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

''ભગવાને સ્થાન કરી આપ્યું તો એમ નથી કે 'હવે એ ચલાવશે ને એ સત્સંગ વધારશે.' તેને માટે આપણે ચિંતા કરવી પડે. હવે તમારી જવાબદારી વધી. માટે કામ કરવું, ઉત્સવો કરવા, મંડળો કરવાં. મનુષ્યો પણ આવશે. ભગવાન તો તૈયાર બેઠા છે. જેમ સત્સંગ વધશે એમ ભગવાન પણ પહોળા થશે. ન્યૂયોર્કમાં બૅઝમેન્ટમાં ભગવાન બેઠા'તા, પણ ધીમે ધીમે ઊંચે ગયા. લંડનમાં પણ નાની જગ્યામાંથી મોટું કામ થયું. માટે મનમાં મોળો સંકલ્પ ન કરવો. થવાનું છે ને થઈ જ જશે.''

આમ, ઑસ્ટ્રેલિયાની ધરતી પર સ્વામીશ્રીએ વિજયાદશમીના દિવસે ઉપાસનાનો અશ્વ દોડાવી દીધો. તે સાથે જ વિશ્વના પાંચેય ખંડોમાં અક્ષર-પુરુષોત્તમ મંદિરોની વિજયપતાકા ફરકી જતાં *'નવખંડ ધરતીમાં સ્વામી, છતરાયા ચાલે રાજ...'* પંક્તિ યથાર્થ ઠરી.

તમે સંપથી કામ કરો તે ઇનામ

પ્રતિષ્ઠાવિધિ બાદ અલ્પાહાર ગ્રહણ કરીને સ્વામીશ્રીએ સીડનીના સ્થાનિક સત્સંગીઓ ડૉ. જયંતભાઈ ગોકાણી, હરિભાઈ ગોહિલ વગેરે સાથે બેઠક યોજી જણાવ્યું કે 'બધાએ સત્સંગ શિક્ષણ પરીક્ષા તો આપવી જ ! આપણી સમજણ ચોખ્ખી થાય. અમથા પણ, પરીક્ષા ન આપવાની હોય તોય, વરસમાં બે-ત્રણ વાર બધાં પુસ્તકો વાંચી જ લેવાં. આપણે જવાબદાર થયા. હવે આપણને કોઈ પૂછે તો બરાબર જવાબ આપતાં આવડે. ખુલાસો થઈ જાય ને ! આપણે ચર્ચા કરીને કોઈને પાછા પાડવા નથી, પણ ઉપાસનાનું પુસ્તક તો ખાસ બધા કાર્યકરોએ વાંચવું. રોજ અભ્યાસ કરો તો આપણને દૃઢ થતું જાય. શાસ્ત્રીજી મહારાજે જે કામ કર્યું તેમાં શંકા રહે જ નહીં. એટલે એ ખાસ રાખવું.'

આ રીતે જ્ઞાનની નિત્ય કવાયતનો આદેશ આપી સ્વામીશ્રીએ સીડનીના સત્સંગને મજબૂતી બક્ષી. તેની સાથે કાર્યવાહક સમિતિ નીમી જવાબદારીઓ

સ્પષ્ટ કરી. નવનિર્મિત મંદિરનો ખરડો નોંધી જમા પાસુંયે સધ્ધર બનાવી આપ્યું. આજે મહાલય જેવા જણાતા એક-એક મંદિરના પાયામાં સ્વામીશ્રીએ કેવી અપાર જહેમત ઉઠાવી છે તેનું વધુ એક ઉદાહરણ અહીં જોવા મળ્યું.

પરંતુ આ સઘળો પરિશ્રમ તેઓ કેવા નિરપેક્ષભાવથી ઉઠાવતા તેનુંયે એક હૃદયંગમ દર્શન તા. ૨૨/૧૦ની છેલ્લી ક્ષણોમાં લાધ્યું. આ સમયે એક ફોનમાં વાત કરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'હવે તમારે અમને ઇનામ આપવાનું છે, એ શું ? તમે ઉત્સાહથી, ઉમંગથી, એક રાગ ને એક સંપથી કામ કરો તે (અમારું) ઇનામ. એ ઇનામ તમે આપો એ આશીર્વાદ આપવા છે.'

સંત અને સત્સંગીઓની એકતા જ સ્વામીશ્રીને મન ઇનામ હતી.

પૈસા સારુ ધરમ નહીં ખોવાનો

તા. ૨૩/૧૦ની બપોરે સીડનીથી મેલબર્ન પહોંચેલા સ્વામીશ્રીએ અત્રે શ્રી હરિદાસભાઈ ભોજાણીને ત્યાં નિવાસ ઠરાવી સાંજે ફૉરેસ્ટ હિલ સેકન્ડરી કૉલેજના હૉલમાં ધર્મલાભ આપ્યો. તેને અનુસરતાં તેઓએ તા. ૨૪/૧૦ની પ્રાત:પૂજા વરમોન્ટ હાઈસ્કૂલમાં કરી.

ત્યારબાદ સ્વામીશ્રી ઉતારે આવી અલ્પાહાર કરવા બિરાજ્યા તે વખતે આજની સવારે થયેલા ક્ષૌરકર્મના સંદર્ભમાં કો'ક બોલ્યું : 'સ્વામી ! આ યોગેશને લંડનમાં ૧૯ વર્ષ પહેલાં આપની મુંડનવિધિનાં દર્શન થયેલાં તે પછી છેક આજે થયાં !'

'મને તો આજે પણ ન થયાં.' લાભ લેવા ફ્લોરિડાથી આવેલા યુવક રાજુ પટેલે વસવસો વ્યક્ત કર્યો. તેનું કારણ જણાવતાં એ યુવાને કહ્યું : 'બધા હરિભક્તોને હૉટલથી હૉલ પર લાવવાના હતા એટલે હું તો ગાડી લઈને આંટા મારતો હતો.'

'એ આના કરતાં મોટી સેવા થઈ ગઈ !' મસ્તક પર ડાબા હાથની આંગળી અસ્ત્રાની જેમ ફેરવતાં આટલું કહી સ્વામીશ્રીએ ઉમેર્યું : 'ઓછું નહીં માનવાનું. બધાની સેવા થઈ તે સારું ને !'

આ શબ્દો દ્વારા સેવાનો મહિમા સમજાવનારા તેઓએ આજની સાંજે ગ્રીમ ઈરવિન સેન્ટરમાં અમૃતધારા વહાવી. તેને અનુસરતાં તેઓ તા. ૨૫/૧૦ની સાંજે મોનશ વિશ્વવિદ્યાલયના હૉલને પોતાની પરાવાણીથી ગુંજાવી તા. ૨૬/૧૦ની રાત્રે પર્થના ઉતારે પહોંચ્યા ત્યારે સાડા અગિયાર

વાગી ચૂકેલા.

અત્રે યજમાન શ્રી હસમુખભાઈ વાડિયાના પ્રયત્નથી તા. ૨૭/૧૦ની સાંજે મૂરલે સ્પોર્ટ્સ સેન્ટર ખાતે યોજાયેલી સ્વાગત-સભામાં પંજાબી, ચીની અને સ્થાનિક પ્રજાજનો પણ નજરે ચઢતા હતા.

આ જ રીતે તા. ૨૮/૧૦ની સાયંસભા સ્વામીશ્રીએ કેરિનીઅપ શોપિંગ સેન્ટરના કમ્યુનિટી હૉલમાં ભરી.

આમ, પર્થમાં ત્રણ દિવસના ટૂંકા રોકાણમાં પણ ભવિષ્યના વિશાળ સત્સંગની પીઠિકા તૈયાર કરી, તેઓ તા. ૨૯/૧૦ની સાંજે સિંગાપોર જવા ઍરપોર્ટ પર આવી ગયા.

અહીં તેઓને ચાર નંબરના દરવાજા પાસે આવેલી વી.આઇ.પી. લાઉન્જમાં લઈ જવા હરિભક્તો ઉત્સુક હતા. ફર્સ્ટ ક્લાસના પ્રવાસી તરીકે આ જગ્યાનો લાભ લેવો જોઈએ – તેવો સૌનો આગ્રહ હતો. તેથી અગાઉથી આવી ગયેલા સ્વામીશ્રીના સહપ્રવાસીઓને પણ ભક્તોએ અત્રે મર્યાદા મુજબ બેસાડેલા. પરંતુ ઍરપોર્ટનો કર્મચારી સ્વામીશ્રીની વ્હીલચૅર જેવી એ લાઉન્જમાં લઈ ગયો ત્યાં જ તેના વિચિત્ર વાતાવરણને પારખી ગયેલા સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'બહાર ચલ... બહાર ચલ...'

કર્મચારી તો આ ભાષાથી અજાણ, પણ સંતોએ તેને સમજ પાડતાં તે વ્હીલચૅર બહાર લઈ આવ્યો. તે જોઈ અગાઉથી લાઉન્જમાં બેઠેલા સહયાત્રીઓ પણ ઊભા થઈ ગયા. તેમાંના એકે સ્વામીશ્રીને કહ્યું : 'અંદર બેઠા હતા. આપ બહાર આવી ગયા એટલે અમે...'

'અંદર છે કાંઈ બેસાય એવું ? લોકો ખાતા-પીતા હોય ને ગંધ મારે.'

'આ તો આયોજકોનું કહેવું એમ કે પૈસા આપ્યા છે તો ઉપયોગ કરવો પડે ને !'

'અરે, પૈસા ભર્યા તેથી શું થઈ ગયું ? પૈસા સારુ ધરમ નહીં ખોવાનો.' સ્વામીશ્રી બોલ્યા.

'ધર્મ મૂકી ન કરવું કાંઈ...' એ તેઓનો સિદ્ધાંત.

અમે તો સ્વામિનારાયણના દાસ છીએ

પર્થના હવાઈ મથક પર સાંજે સાડા પાંચ વાગ્યે સ્વામીશ્રી સિંગાપોર ઍરલાઇન્સના વિમાનમાં પ્રવેશ્યા ત્યારે તેઓને અલગ રસ્તેથી જ લાવવામાં

આવ્યા હોવાથી વિમાનમાં કોઈ નહોતું. પરંતુ 'ઠાકોરજી પ્રવેશે તે પહેલાં પોતે પ્રવેશ લઈ લીધો'ના વિચારથી સ્વામીશ્રી અસુખ અનુભવી રહ્યા. તેથી જ બેઠક પર સ્થાન ગ્રહણ કર્યા પછીયે તેઓ આતુરતાપૂર્વક ઠાકોરજીની વાટ જોવા લાગ્યા. અંતે ઠાકોરજી સાથે પ્રવેશેલા પ્રિયવદનદાસ સ્વામીને જોતાં જ સ્વામીશ્રી એકદમ બોલી ઊઠ્યા: 'એ સ્વામી! ઠાકોરજી અહીં રાખો.'

આમ કહી તેઓએ આર્મ રેસ્ટ પર વિમાનનું ઓશીકું રખાવી તે પર ઠાકોરજી મુકાવ્યા અને તેઓના હાથ અનાયાસે જોડાઈ ગયા. આંખોનું મટકવું બંધ થઈ ગયું. ગદ્‌ગદભાવે હોઠ ફફડી રહ્યા. આ રીતે થોડી ક્ષણો વીતી ત્યારે સંતોએ પૂછ્યું: 'સ્વામી! શું પ્રાર્થના કરી?'

'કાંઈ નહીં. ભજન કર્યું.'

આટલું કહી સ્વામીશ્રીએ ભલે પૂછપરછ પર પડદો પાડી દીધો, પણ સૌનો અંતરાત્મા કબૂલ કરતો હતો કે તેઓનું હૈયું *'મેરી તકસીર કરિયો માફ...'*નું જ ગાન કરી રહ્યું હશે!, કારણ કે સતત પોણો કલાક સુધી સ્વામીશ્રી માળા ફેરવતાં ફેરવતાં પ્રાર્થનાલીન જ રહ્યા. તેઓની આ ભક્તિના સ્ફુલિંગોથી વિમાનમાં પણ મંદિરના ગર્ભગૃહ જેવી પવિત્રતા ફરી વળી.

આવા વાતાવરણમાં નામસ્મરણ બાદ સ્વામીશ્રીએ સવા કલાક સુધી પત્રવાંચન કર્યું. તે પછી તેઓએ ગોડી, આરતી, અષ્ટકનું આહ્‌નિક પૂર્ણ કરી આસપાસ ઊભેલા સંતો-ભક્તોને 'જય સ્વામિનારાયણ' પાઠવ્યા. તે વખતે એક બાળક સામે જોઈ સ્વામીશ્રીએ કહ્યું: 'આ વાણિયો યાદશક્તિવાળો છે. અષ્ટકો મોઢે બોલ્યો.'

પરંતુ આ સાંભળી એ બાળકે 'હું વાણિયો નથી' એમ કહેતાં સ્વામીશ્રીને જણાવ્યું: 'હું તો સ્વામિનારાયણ છું. તમે સ્વામિનારાયણ, તો અમે પણ સ્વામિનારાયણ!'

'અમે ક્યાં સ્વામિનારાયણ છીએ? અમે તો સ્વામિનારાયણના દાસ છીએ.' સ્વામીશ્રી બોલ્યા.

દેશ હોય કે પરદેશ, અવની હોય કે આકાશ, પ્લેન હોય કે ગાડું – સ્વામીશ્રીએ પોતાનું 'દાસ'નું પદ કદી ગુમાવ્યું નહોતું!

ધર્મમાં પણ દૃઢ મતિ છે

પર્થથી સિંગાપોર પહોંચેલા સ્વામીશ્રી અત્રે શ્રી લલિતભાઈ

બેલાવાલાના ઘેર પોઢ્યા ત્યારે રાત્રિના બાર વાગ્યા ઉપર પાંચ મિનિટ વીતી ચૂકેલી. આ રીતે સૌને સુખિયા કરવા દિવસ-રાત એક કરીને વિચરતા તેઓની સ્વાગત-સભા તા. ૩૦/૧૦ની સાંજે શ્રી સેનપાગા વિનયગર મંદિરમાં યોજાઈ.

તેમાં અગ્રણી ભારતીયોનો સત્કાર સ્વીકારી ઉતારે પરત પધારેલા સ્વામીશ્રી અત્રે તા. ૩૧/૧૦ની સવારે ભ્રમણ કરવા નીકળ્યા ત્યારે તેઓની નજરમાં બાઈ-ભાઈ માટે પથરાયેલું એક સળંગ પાથરણું નોંધાઈ ગયું. તેથી તેઓએ સંતોને સૂચના આપી કે 'આ લોકો નવા છે એટલે ખબર ન હોય, પણ આપણે આસન જુદું કરી દેવું. પૂજામાં આવું ત્યારે જુદું કરી નાંખજો. જેમ સંતોનું જુદું છે તેમ બહેનો ને ભાઈઓનું પણ જુદું થવું જોઈએ.'

સદ્ધર્મની સડક પર સ્વામીશ્રી કોઈ ખાડો પડવા ન દેતા.

તેથી જ તેઓએ જ્યારે જાણ્યું કે 'મુંબઈથી લાભ લેવા આવેલો યુવક મુનીન્દ્ર પટેલ હૉટલમાં ઊતર્યો છે અને બહાર જે ચોખ્ખું મળે તે જમી લે છે,' ત્યારે તેઓએ આ યુવાનને બોલાવી કહ્યું : 'આવું ન કરવું. હવેથી અહીં સંતો સાથે જમી લેવાનું.'

સત્સંગની આવી કંઈક રૂડી રીત સૌમાં સતત સિંચાતી રહે તે માટે સ્વામીશ્રીએ તા. ૩૧/૧૦ની સાંજે કાર્યકર શ્રી રઘુરાજસિંહ ઝાલાના ઘેર પધારી મહાપૂજા સંપન્ન કર્યા બાદ અહીં જ નિયમિતપણે અઠવાડિક સભા યોજવાનો આદેશ આપી દીધો.

ભગવાનના થવું હોય તેણે ન ઊંઘવું

તા. ૧/૧૧ની સવારે સિંગાપોરથી કુઆલાલુમ્પુર પહોંચેલા સ્વામીશ્રીના અહીં પ્રથમ આગમનને વધાવવા આજની સાંજે લક્ષ્મીનારાયણ મંદિરમાં સ્વાગત-સભા યોજાઈ. શ્રી હરસુખભાઈ કામદાર વગેરે આગેવાનોના પ્રયત્નથી સફળતાપૂર્વક પૂર્ણ થયેલા આ કાર્યક્રમમાં સૌનું અભિવાદન સ્વીકારી સ્વામીશ્રી ભૂપતભાઈ શાહના ઘેર ગોઠવાયેલા ઉતારે પધાર્યા.

અત્રે તા. ૨/૧૧ની બપોરે એક સંતે પોતાના સખાની ગમ્મત કરતાં કહ્યું : 'સ્વામી ! આમણે તો દેશમાં જઈને સૂવાનો પ્લાન કર્યો છે.'

સ્વામીશ્રીની તેજ રફતાર સાથે તાલ મિલાવવામાં ગમે તેવો સશક્ત પણ શિથિલ થઈ જાય. આ અનુભવ મેળવનારા એક સહપ્રવાસીનું આ આગામી આયોજન રમૂજ ખાતર જ છતું કરવામાં આવ્યું, પણ તેને ગંભીરતાથી લઈ

સ્વામીશ્રી કહેવા લાગ્યા:

"આપણે શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનો વિચાર કરવો. તેઓએ માથું દુ:ખે, તાવ આવે, પેટ દુ:ખે, બીમાર થયા હોય પણ બધે ફરવાનું મૂક્યું નથી. ભગવાન શ્રીજીમહારાજ માટે દેહ મળ્યો છે. તેને તો ઘસી જ નાંખવો, બીજો વિચાર જ નહીં. દુનિયામાં પૈસા સારુ કેટલું ફર ફર કરે છે! એ તો બધું મૂકીને જવાનું છે ને આપણે તો આ બધું ભેગું લઈને જવું છે, એટલે સૂઈ ન જવું.

દુનિયાના થવું હોય તો સૂઈ જવું ને ભગવાનના થવું હોય તેણે ન ઊંઘવું. કોઆલાનો[૨૫] જન્મ મળ્યો હશે ત્યારે નહીં ઊંઘ્યા હોઈએ? આ જન્મે હવે ઓછું ઊંઘવાનું. ખેડૂત સવારે ત્રણ-ચાર વાગ્યાના ઊઠીને કોહ (કોશ) હાંકતા જ હોય છે ને! બારે બાર મહિના મહેનત કર્યા જ કરે. લોકો આટલી મહેનત કરે છે ને આપણે આળસ થઈ જાય કે 'કરીએ છીએ!'

જરૂર જેટલું ઊંઘવાનું. પાંચ-છ કલાકથી વધારે નહીં. વાંચન કરો, માળા કરો, ઘણું કરવાનું છે. નોકરી-ધંધાવાળા ક્યાં ઊંઘે છે? અને આપણે તો બેના ચાર કલાક ખેંચી નાંખે! ટાઇમે સૂઈ જવાનું હોય, પણ તે વખતે અટરપટર કર્યા કરે ને બધાને જાગવાનો ટાઇમ થાય ત્યારે સૂઈ જાય. ટાઇમ-ટુ-ટાઇમ નહીં એટલે આખો દિવસ ગરબડ ચાલ્યા જ કરે."

સ્વામીશ્રીની આજની વાતો જન્મોજન્મની ઊંઘ ઉડાડી દે તેવી રહી. તે સાંભળનારા સૌ ખરેખર 'જાગી' ગયા.

હોડીનો હિતોપદેશ

કુઆલાલુમ્પુરના ટૂંકા રોકાણમાં પણ તા. ૩/૧૧ની સવારે અહીં સત્સંગ મંડળની સ્થાપના કરી સ્વામીશ્રી બૅંગકોક પહોંચ્યા.

અત્રે આજની સાંજે હોલી-ડે ઇન હૉટલના હૉલમાં યોજાયેલી સ્વાગત-સભામાં ભારતીય વારસાને જાળવી રાખવાનો અનુરોધ કરનારા તેઓએ તા. ૪/૧૧ના પ્રભાતે ITF ઇમારતના ૩૫મા માળે આવેલા સભાગૃહમાં પ્રાત:પૂજા કરી.

ત્યારબાદ શ્રી તુલસીભાઈ પટેલના ઘેર ઉતારે પધારેલા તેઓ સમક્ષ બપોરના ભોજન પછી સંતો-ભક્તોની ગોષ્ઠી ચાલતી થઈ. તેમાં શ્રી રસિકભાઈ

---

૨૫. ઑસ્ટ્રેલિયન પ્રાણીની એક જાતિ. તે દિવસના વીસેક કલાક સુધી ઊંઘે છે.

અજમેરાએ પૂછ્યું : 'સ્વામી ! આપણે સત્સંગના નિયમો પાળીએ છીએ તોય ક્યારેક સહન કરવું પડે છે, પણ મારા કેટલાક પરિચિતો છે તે બધી રીતે પૂરા છે; તોય તેમની તો ઉન્નતિ જ થાય છે ! તેનું શું સમજવું ?'

આ સાંભળતાં જ સ્વામીશ્રી બોલ્યા : "ઉન્નતિ તો આપણી થાય છે. પેલી ઉન્નતિ આપણને દેખાય છે, પણ સાચી ઉન્નતિ નથી. એ લોકોની ઉન્નતિ બહારથી લાગે છે, પણ જ્યારે નિષ્ફળતા મળે, અશાંતિ થાય, ઠોકર વાગે ત્યારે સાચી પ્રગતિની ખબર પડે. એ વખતે પેલાને પ્રશ્ન થાય, ધીરજ ન રહે અને આને તો ધીરજ-હિંમત રહે. સત્સંગનું એ જ ફળ છે. એને આશરો છે એટલે એમ થાય કે 'આપણી સાથે ભગવાન છે. તેથી વાંધો નહીં આવે."

સૌને આટલો જ્ઞાનવિહાર કરાવી સ્વામીશ્રી આજની સાંજે અહીંની વિખ્યાત અને ભરપૂર ચોફાયા નદીમાં નૌકાવિહાર માટે પધાર્યા. ૪૫૦ ફૂટની પહોળાઈમાં ઘૂઘવતી આ સરિતાના સર્પાકાર વળાંકો પર બૅંગકોક પથરાતું ચાલ્યું છે. નદીને બેય કિનારે ઊભેલાં સ્તૂપ અને પેગોડા બૌદ્ધ ધર્મની તથા આભ આંબતી ઇમારતો આધુનિક બૅંગકોકની યાદ આપે છે.

પરંતુ સ્વામીશ્રી તો આ જળયાત્રા દરમ્યાન સત્સંગનો સીમાડો વિસ્તારવાના પ્રયત્નમાં જ રસબસ રહ્યા. તેથી તેઓ સાથે બેઠેલા સ્થાનિક ભક્તો શ્રી સુરેન્દ્રભાઈ પટેલ, શૈલેશભાઈ ઉપાધ્યાય, ત્રિભુવનભાઈ જાદવ વગેરેને કહેવા લાગ્યા : 'આપણે હવે કલાક - દોઢ કલાકની સભા શરૂ કરો. યોગીબાપાની આજ્ઞા છે. રવિવારે તો રજા હોય છે ને ?'

'હા, પણ વ્યાવહારિક પ્રસંગો એ જ દિવસે હોય છે.' કો'ક બોલ્યું.

આ વાસ્તવિકતાનું સમાધાન આપતાં સ્વામીશ્રીએ કહ્યું :

'વહેવારની કાંઈ ના નથી, પણ એકલું એ જ કરવાનો શો લાભ ? સભા તો આપણા ઘડતરની વાત છે. રવિવાર નહીં તો બીજો વાર નક્કી કરો. તમે કહો છો, 'મંદિર કરો.' પણ પહેલાં મંડળ થાય, પચીસ-પચાસ ભોગ આપનારા તૈયાર થાય એ કરવાનું છે. તે માટે સંપની વાત કરી છે. ઉત્સાહ તો જ જાગે – જો એકરાગથી કામ થતું હોય ! આપણે બીજામાં દોષ જોઈએ છીએ પણ આપણામાં બીજા દોષ હશે. એટલે એ ભૂલવાનું. આપણે શ્રીજીમહારાજને, યોગીજી મહારાજને રાજી કરવા છે કે નહીં ? તો તમે બે-ચાર જણા છો, પણ બધાને સત્સંગ થઈ જાય.'

સ્વામીશ્રીનો વાક્પ્રવાહ ચોફાયા નદીના નીરની જેમ જ ખળકી રહ્યો.

આ સમયે નૌકાના યંત્રનો અવાજ ઘણો હોવાથી તેઓને ઊંચે સાદે બોલવું પડતું. છતાં વીસ મિનિટ સુધી તેઓએ હોડીમાં હિતોપદેશ વહાવી દીધો.

પરંતુ સર... સર... વહેતા કાળપ્રવાહમાં ૬:૫૦ વાગ્યા એટલે સ્વામીશ્રીએ આરતીની આજ્ઞા કરી. તે વખતે તેઓએ પાઘ ઉતારી ત્યારે તેઓના મસ્તક પર પડેલો પાઘનો કાપો સંધ્યાના આછા ઉજાશમાંયે સ્પષ્ટ દેખાવા લાગ્યો. ગાતરિયું તો ક્યારનુંય એક ખભેથી સરીને ડાબા ખભે આવી ગયેલું. તેથી અડધી માળા ગળે ઝૂલતી દર્શાતી હતી. બે નાનાં ઓશીકાંમાં ડાબી કોણી ટેકવી જમણા હાથે તાળી વગાડતાં સ્વામીશ્રી આરતીમાં લીન થયા. થોડી વારમાં તે વિધિ પૂર્ણ થતાં ચોફાયાના તટ-તરંગ પર ઊઠેલો જયનાદ બૅંગકોકની હવામાં ફેલાઈ ગયો.

આ સમયે એક સંત 'અહીં છલછલ વહેતું પાણી કાઠિયાવાડની કોરીકટ નદીઓમાં જાય' તે લાગણી રજૂ કરતાં બોલ્યા : 'બાપા ! આપ પાણીમાં બેઠા છો તો સંકલ્પ કરો કે...'

'આપણે બધા પાણીમાં જ બેઠા'તા. આ તો યોગીજી મહારાજ જેવા ગુરુ મળ્યા એટલે કાઢી લીધા.'

નદીના નીરની જેમ ઊઠેલો સ્વામીશ્રીની ગુરુભક્તિનો આ તરંગ સૌને ભીંજવી ગયો.

આ તો હીરાનો બિઝનેસ !

નૌકાવિહાર બાદ શહેરમાં એક ભાવિકના ઘેર ઠાકોરજી જમાડી સ્વામીશ્રી ઉતારે પહોંચ્યા ત્યારે અત્રે એક સંતે આજના જળવિહારનો અહેવાલ આપવા મુંબઈના મંદિરે ફોન જોડ્યો. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'ભૈ, ફોન છે. બને ત્યાં સુધી શૉર્ટ(ટૂંક)માં વાત કરવી. જ્ઞાન બધું એક દા'ડા પછી પહોંચીએ છીએ ત્યાં કરવું. કાગળ લખો, દસ પાનાં ભરીને ! સમાચાર દેવા પૂરતું જ ફોનનું રાખવું, લાંબું નહીં. આ તો જાણપણું જોઈએ.'

સ્વામીશ્રીનો આ વિવેક જોઈ એક સંતે અહોભાવ વ્યક્ત કર્યો કે 'બાપા ! આપના સિદ્ધાંતો બહુ ઊંચા છે !'

ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું : 'ટાણે મોતી ભરડી નાંખવાં, પણ બીજે તો જાણપણું જોઈએ ને ! આપણે કરીએ તો આપણને સારી ટેવ પડે. ધોતિયાં વાળીને મૂકી દેવાં. હરિભક્તોને ત્યાં પણ સાફસૂફ કરી આપવું. ગંદું મૂકીને

જતા ન રહેવું. હરિભક્તોને ત્યાં રસોઈ હોય તો ચેક કરવી. એમ નહીં કે 'ચોખ્ખું જ છે ને!' ઘણી વાર હરિભક્તો નથી જાણતા. આ બધી ટેવ તો ઝીણી-ઝીણી જ છે, પણ તે પડે તો જીવન વ્યવસ્થિત થાય.'

અધ્યાત્મના શિખરે બેસીને પણ સ્વામીશ્રી રોજિંદા વ્યવહારની ઝીણી-ઝીણી વિગતોમાં ખબરદારી શીખવતા. *'કાચું પોચું પ્રભુને ન ભાવે...'* એ તેઓનો પણ સ્વભાવ ખરો.

તે સાથે વિચરતા સ્વામીશ્રીનું નિકટનું સાંનિધ્ય સહયાત્રી સંતો-ભક્તો માટે હવે ગણતરીના કલાકો પૂરતું હતું. તેથી ભંભલી ભરી લેવાના હેતુથી એક સંતે પૂછ્યું: 'સ્વામી! આપ વૃત્તિ દ્વારા અમારું સેવન કરો છો, પણ અમને કેવી રીતે ખબર પડે કે અમે સેવાઈ રહ્યા છીએ?'

'ચોવીસ કલાક ભેગા જ છીએ – એમ સમજે ને કથા, સત્સંગ, ભક્તિ કરે, નિયમ-ધર્મની દૃઢતા રાખે, 'હું સાધુ છું' એવો વિચાર હોય ને અમુક વસ્તુ થાય તો વિચાર આવે કે 'આ મારાથી ન થાય,' તો એ સેવન જ છે.'

સ્વામીશ્રીએ આપેલી સેવનની આ પારાશીશી જોઈ સંતોએ પૂછ્યું: 'સ્વામી! આપ તો અમારા સ્વભાવો જાણો છો, તોય આપને અમારી સાથે હેત કેવી રીતે રહે છે?'

'હેત કરે છે તે સ્વભાવ કાઢવા માટે. જીવ તો અવળો જ છે પણ ભગવાન હેત કરે એટલે એની મેળે જ અંતર્દૃષ્ટિ થાય કે આપણી પર આવી દયા છે તો આપણાથી આવું ન થાય.'

સત્પુરુષની આ રીત ઉદ્ઘાટિત કર્યા બાદ સ્વામીશ્રીએ સાધકની શૈલી સમજાવતાં કહ્યું:

''આપણે પણ એવું બળ રાખવું કે 'ખરેખરા સાધુ થવું છે.' કથા, સેવા, તપ, સંયમ-નિયમ બધાંમાં એક્કા. 'હું સાધુતા પ્રાપ્ત કરવા આવ્યો છું' એમ રહે તો વાંધો ન આવે, પણ બાલાં મારીએ તો કાંઈ સુખ આવે? આપણું જ મન નિરાશ થઈ જાય કે 'અહીં બધું એવું જ છે!' પણ 'કોણ મળ્યું છે!' એ વિચાર કરવો, એ અંતર્દૃષ્ટિ કરવી. કોઈના અવગુણ જોવા નહીં. આપણામાં છે તે સુધારવા. આ તો હીરાનો બિઝનેસ! એને કાંઈ મોળી વાત હોય?''

સ્વામીશ્રી સાચે જ હીરાનો વેપાર માંડીને બેઠા હોય તેમ સૌના હાથમાં હીરા જેવા શબ્દો મૂક્યે જતા હતા. આ માલ વધુ ખાંપવા સ્વામીશ્રીને પુછાયું: 'બાપા! કથા કરીએ, વાતો કરીએ, પણ આપણા જીવનમાં ન હોય ત્યારે

વિચાર આવે કે અમથી વાતો કરવાની ને!'

આ અવઢવનો ખુલાસો કરતાં સ્વામીશ્રીએ કહ્યું:

''આપણા જીવમાં તો કશું જ નથી, પણ ભગવાન મળ્યા છે, ગુરુ મળ્યા છે, તો સ્વભાવ ટળી જ જવાના છે. આપણે જે ગુણ ગાઈએ છીએ તે પોતાના નથી ગાતા કે 'હું આવો ત્યાગી છું ને વૈરાગી છું ને કથા-વાર્તા કરું છું!' આપણી વાત કરતા હોઈએ, પોતાની મહત્તા લાવતા હોઈએ તો દંભ છે, પણ મહારાજનો મહિમા, ચરિત્રો ગાયાં કરો તો સ્વભાવ ઘસાય ને બળ મળે. આપણે સુધારો કરવો છે એ ૧૦૦% છે, પણ અપૂર્ણપણું ન થઈ જાય એ માટે લાકડી-ટેકો મહારાજનો મહિમા! પડી ગયા તો ઊભા થાવ, ધૂળ ખંખેરી નાંખો. આપણે ભગવાનનું, યોગીજી મહારાજનું બળ છે. તેઓ બધી કસર ટાળીને ભગવાનના ધામમાં લઈ જશે.

આ જુઓ ને! આપણે સાધુ થયા ત્યારે કાંઈ આવડતું હતું? પણ અત્યારે તડાતડ વાતો કરો છો તે શેની થાય છે? એ ભગવાનનું બળ! સંતો થઈને આવે છે તે મંદિરોના વહીવટ ચલાવે તેવા કોઈ હતા? રસોઈ કરતાં કોઈને આવડતું'તું? લખતાં આવડતું'તું? એટલે આ તો ભગવાને આપેલાં ઘરેણાં છે. જો સાચવીએ તો આપણી શોભા, ન સાચવીએ તો પછી ટકાના ત્રણ શેર. આવડતેય જતી રહે, બુદ્ધિ પણ જતી રહે.''

સ્વામીશ્રી આજે ખજાનો ખોલીને લહાણી કરી રહેલા. તેથી સંતોએ પૂછ્યું: 'બાપા! બધા મોટા સંતોનાં અંગ જુદાં દેખાય છે. સંત સ્વામીનું જ્ઞાનનું, ડૉક્ટર સ્વામીનું કથાનું, કોઠારી સ્વામીનું સાધુતાનું, ત્યાગવલ્લભ સ્વામીનું સેવાનું...'

'...પણ મૂળ તો ભગવાન ને સંતને રાજી કરવા એ જ છે ને! ધ્યેયમાં કોઈ ફેર નથી, રીત તો જુદી હોય!' અધવચ્ચેથી જ વાત ઉપાડતાં સ્વામીશ્રી બોલ્યા. વળી, ઉમેર્યું: 'અંગ બધાં સારાં છે. અંગ પ્રમાણે સેવા કરવી, પણ ધ્યેય એક જ – ભગવાન રાજી થાય. કોઈને લખવાનું, કોઈને રસોઈનું, કોઈને સંગીતનું અંગ હોય, પણ ધ્યેય બદલાવું ન જોઈએ. એકબીજાના અવગુણ જોઈને કામ કરે કે ઈર્ષ્યાનો ભાવ રાખે તે ન થવું જોઈએ.'

'હીરાનગરી' બૅંગકોકમાં સ્વામીશ્રીએ આજે હીરાની હાટ માંડી દઈ મુમુક્ષુઓને ન્યાલ કરી મૂક્યા.

હરિભક્ત જેને અતિ વહાલા

તા. ૬/૧૧ના રોજ ભારતમાં થનારા સ્વામીશ્રીના આગમન માટે વિમાનોના વિકલ્પોની વિચારણા તા. ૫/૧૧ની બપોરે ચાલેલી. ઍર ઇન્ડિયાનું વિમાન દિલ્હીમાં રોકાણ કરીને તા. ૬/૧૧ની રાત્રે બાર વાગ્યે મુંબઈ પહોંચતું હતું અને કેથે પેસિફિકનું પ્લેન રાત્રે આઠ વાગ્યે સીધું જ મુંબઈ ઊતરતું હતું. તેથી સૌને થયું કે 'સ્વામીશ્રીને કેથે પેસિફિકના વિમાનમાં જ લઈ જવા.'

આ વાજબી વિચારને વેગ પકડતાં વાર ન લાગી અને સ્વામીશ્રી સહિત સૌ સંતોની ટિકિટો કેથે પેસિફિકમાં આરક્ષિત કરી દેવાઈ.

પરંતુ આ સમાચાર તા. ૫/૧૧ની સાંજે સ્વામીશ્રીને મળ્યા ત્યાં જ તેઓ આકળા થઈ કહેવા લાગ્યા: 'કોને પૂછીને કરાવ્યું? બપોરે તો અમથી વાત થયેલી ને! તમે ફરી પૂછવા આવ્યા?'

આ પ્રતિભાવ સામે સંતો-ભક્તોએ રાત્રે ઉતરાણમાં મોડું થવાનું કારણ ધર્યું, ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'મને કાંઈ મોડું થતું નથી અને મોડું થાય તો વાંધો શું છે? હરિભક્તોએ ખર્ચ કરીને આપણી સાથે ટિકિટ કરાવી હોય. પહેલેથી બધા સાથે છે.'

સ્વામીશ્રીની અકળામણનું કારણ અહીં છતું થયું! છેલ્લા કેટલાય સમયથી સાથે ફરતા હરિભક્તોને છોડી વહેલા પહોંચી જવું તે બાબત સ્વામીશ્રીને શૂળની જેમ ખૂંચેલી. તેથી તેઓએ પુનઃ કહ્યું: 'ભલે રાત્રે બે વાગે, મને કાંઈ વાંધો નથી આવવાનો. મારી તબિયતને કાંઈ થવાનું નથી. ત્યાં વહેલા જઈને શું ફૂલાં ગૂંથવાનાં છે! બધાની ભેગા જ રાખવાનું છે.'

માતાને સંતાનથી અળગા થતાં જે પીડા થાય તેવી જ લાગણી સ્વામીશ્રી હરિભક્તોથી વિખૂટા પડતાં અનુભવી રહ્યા. એટલે એ જ લય-તાલ જાળવી રાખતાં તેઓ વારંવાર કહી રહ્યા: 'હરિભક્તોને મૂકીને જવું એ આપણી શોભા છે?'

'પણ બાપા! આપની સગવડ થાય તેમાં બધા રાજી જ છે.'

'નથી જોઈતી સગવડ.' સુવિધાને સાપની જેમ ફગાવતાં સ્વામીશ્રીએ આટલું કહી ઉમેર્યું: 'આમાં આપણી લાયકાત શું? ને આપણી કિંમત કેટલી? આ બધો સંઘ છોડીને જતા રહેવું કાંઈ સારું લાગે છે?'

સ્વામીશ્રીની આ લાગણીથી પલળેલા અમદાવાદના ડૉ. મૃદુલભાઈ

પારેખ વિનંતી કરવા ગયા કે 'બાપા ! અમને વાંધો નથી. આપ વહેલા...'

'તમે બોલશો નહીં. મારે તમને મૂકીને જવું તેમાં મારી લાયકાત શું ? – હું એમ કે'ઉં છું. આ પરાણે ટિકિટ ઊભી કરી છે. મારું કહ્યું કરો તો તબિયત સારી જ છે. પરાણે કરીને તબિયત બગાડવી છે ? તમે (આ વાત) માનો તો તબિયત સારી જ છે. પરાણે કરો તો બગડે જ !' સ્વામીશ્રી આટલું બોલી રહ્યા ત્યારે વાતાવરણમાં સન્નાટો છવાઈ ગયો.

ફક્ત આ હવાઈયાત્રા જ નહીં, સમગ્ર જીવનયાત્રા દરમ્યાન દુનિયાની કોઈ અગવડ-સગવડ સ્વામીશ્રીને હરિભક્તોથી અલગ કરી શકી નહોતી. તેઓ માટે સત્સંગીઓ શિરના કેશ નહોતા, જે ધારીએ ત્યારે શરીરથી દૂર કરી શકાય. સત્સંગીઓ તો સ્વામીશ્રી માટે હતા – શરીરમાં દોડતા રક્તકણ અને શ્વેતકણ, જેની માત્રા ઘટતાં જ શરીર ઢીલું-ઠંડું પડી જાય ![૨૬]

ગુરુ બિન ધ્યાન નહીં

તા. ૬/૧૧ની સાંજે ૬:૫૫ વાગ્યે સ્વામીશ્રી ઍર ઇન્ડિયાના વિમાન દ્વારા બેંગકોકથી ભારત આવવા વિદાય થયા ત્યારે આ મજલમાં ક્રૉમ્પ્ટન કંપનીના માલિક શ્રી મનમોહન થાપરને અનાયાસે સત્સંગનો લાભ મળી ગયો. તેઓએ પોતાની અધ્યાત્મ-તૃષા સંતોષવા સ્વામીશ્રીને ઘણા પ્રશ્નો પૂછ્યા. તેમાં તેઓએ એક જિજ્ઞાસા જણાવી કે 'ખ્રિસ્તીમાં જેમ ઈસુ છે, મુસ્લિમમાં અલ્લાહ છે, તેમ હિંદુઓમાં કોઈ એક સ્વરૂપ નથી, તો મારે કોને ભજવા ?'

'એમાં તો અનુભવી ગુરુ મળે ને તે કહે તે સ્વરૂપની ઉપાસના કરે તો થાય. સાચા ગુરુ મળવા દુર્લભ છે. તે શોધીએ પછી એ જે સ્વરૂપ બતાવે એ તમારે માટે બરોબર છે.' સ્વામીશ્રીએ કહ્યું.

*'જ્ઞાન ધ્યાન ગુરુ બિન, મિલે નાહીં કાહુ ઠોર...'*નો આ સનાતન સંદેશ સુણાવતાં તેઓ ૯:૨૫ વાગ્યે દિલ્હી ઊતર્યા.

અત્રે સ્થાનિક સંતોએ કરેલી વ્યવસ્થા મુજબ વી.આઇ.પી. લાઉન્જમાં ઠાકોરજી જમાડી આગળ વધેલા સ્વામીશ્રી ૧૧:૪૦ વાગ્યે મુંબઈ આવી

---

૨૬. સ્વામીશ્રીએ ખેડેલા એશિયા-પેસિફિક પ્રદેશના આ ધર્મ-પ્રવાસમાં સામેલ થવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

પહોંચ્યા ત્યારે અહીં તો મધરાતે પણ મુમુક્ષુઓનો મેળો જામી ગયેલો! તે સૌનો ભક્તિભાવ સ્વીકારતા સ્વામીશ્રી રાત્રે ૧૨:૨૦ વાગ્યે મંદિરે પધાર્યા ત્યારે સભાગૃહ ચિક્કાર હતું. સૌના ચહેરા પર પ્રભાતની તાજગી વર્તાતી હતી. તે જોઈ સ્વામીશ્રી બોલી ઊઠ્યા: 'હરિભક્તોને પ્રેમ બહુ! અહીં પણ ઊમટી પડ્યા અને ત્યાંય!'

ભક્તોના આ પ્રેમપર્યંક પર જ તેઓ શયનાધીન થયા ત્યારે સમયદેવતા ૧૨:૪૫ વાગ્યાના કાંટે બેસી સ્વામીશ્રીનાં દર્શન કરી રહ્યા.

ઠેઠ સુધી તમને યાદ રાખવાના

તા. ૬/૧૧ની મધરાતે સાડા બાર વાગ્યે દર્શન કરીને વિદાય થયેલા ભક્તો તા. ૭/૧૧ની સવારે સાડા છ વાગ્યે તો મંદિરમાં હાજર થઈ જતાં સમગ્ર પરિસર ભરચક જણાતું હતું. આ શ્રદ્ધાળુ સત્સંગીઓ પર સામેથી માઈક મંગાવી અમૃતધારા વરસાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું:

''મુંબઈ મંડળની પણ જય! આપ બધાએ સારી રીતે વિદાય આપી હતી તો યાત્રા પણ સારી રીતે થઈ ગઈ. આખી પૃથ્વીનો આંટો મારી આવ્યા. પહેલાં એક વાર મારેલો. બધાને વિશેષ દૃઢતા થાય, નિષ્ઠા થાય, પાકું જ્ઞાન થાય ને બીજાને પણ પ્રેરણા મળે એ માટે ત્યાં ગયા, કારણ કે ત્યાં બાળકોને પણ સાચવવાના છે. અમેરિકામાં ઘણો સત્સંગ થયો. ૨૫ વર્ષમાં ૧૪ મંદિરો થયાં. શાર્લોટનું મંદિર બે મહિનામાં કર્યું. ઓક્યુપંક્ચર સર્ટિફિકેટ (ઓક્યુપન્સી સર્ટિફિકેટ) નહોતા આપતા, તે જન્માષ્ટમીના દા'ડે ભગવાન જન્મ્યા ને મળી ગયું!

આ વખતે નવો પ્રદેશ થયો ન્યૂઝીલેન્ડ. સીડનીમાં પણ ભગવાન બેસી ગયા. પર્થમાં નવું મંડળ થયું. મેલબર્નમાં તો ભોજાણીનું પરિવર્તન થઈ ગયું. એ પાછા કવિતા જોડે કે 'प्रमुखस्वामी क्या बरसाते हैं? वात्सल्य की हेली...''

આ વાક્ય સ્વામીશ્રી એવા લહેકાથી બોલ્યા કે સભામાં હાસ્યની હેલી વરસી ગઈ.

તેઓની આવી અમૃતહેલી આજે દિ' આખો વરસતી રહી. તેમાં સાંજે પોણા છ વાગ્યે ઊડેલી એક છાલકે તો સૌને તરબતર કરી મૂક્યા. આ સમયે આવેલા એક મુલાકાતીએ પૂછ્યું: 'સ્વામી! હું તમને એક ઘડી વીસરતો નથી. તમે મને વીસરો છો?'

'ના, ના. કોઈ દિવસ નહીં. ઠેઠ સુધી તમને યાદ રાખવાના.' સ્વામીશ્રી બોલ્યા.

આવા હેતની હેલી બીજે ક્યાંય મળશે?

સેવાની સરિતામાં ડૂબતી સન્માનની સૂરાવલિ

તા. ૭/૧૧ની સાંજે મુંબઈનો માનવપ્રવાહ માટુંગા રેલવે સ્ટેશનની સામે આવેલા ડેવિડ સાસૂન ચિલ્ડ્રન સોસાયટીના પ્રાંગણ તરફ ધસી રહેલો. અહીં ૧૪૨ દિવસમાં ૫૮,૦૯૬ કિ.મી.નો વિશ્વપ્રવાસ કરીને પધારેલા સ્વામીશ્રીને વધાવવા સ્વાગત સમારોહ યોજાયો હતો. તે માટે તસોતસ બિછાવેલી લાલ જાજમ, તે પર પથરાયેલી ફૂલપાંખડીઓ, હવાને લહેરખે ઝૂમતા ફુગ્ગાઓ, મંચની આકર્ષક સજાવટ, હજારો ભાવિકોની તરસતી આંખો – આ સઘળું સાંજે ૬:૪૦ વાગ્યે સ્વામીશ્રી પધારતાં સાર્થક અને સજીવન થઈ ઊઠ્યું. સ્વામીશ્રી મંચ પર બિરાજમાન થતાં જ અભિવાદનના શબ્દોનો સિલસિલો શરૂ થયો.

પરંતુ પોતાની પ્રશંસાનાં આ પુષ્પોની સુગંધ માણવાનું છોડી, હાથમાં માળા લઈ બિરાજેલા સ્વામીશ્રી તો ચિંતા કરવા લાગ્યા – આંધ્રના વિનાશક વાવાઝોડામાં સપડાયેલા અસરગ્રસ્તોની!

આ સમયે તેઓએ સેવાલક્ષી દિશાદર્શન આપતાં દક્ષિણ ભારતની સત્સંગ પ્રવૃત્તિ સંભાળતા યજ્ઞેશ્વરદાસ સ્વામીને કહ્યું: 'રાહતકાર્ય માટે ખાસ જરૂર હોય એવાં ગામો પસંદ કરવાં અને કેટલા ચોખા જોઈએ તે મને જણાવો.' વળી, સ્વામીશ્રીએ પૂછ્યું: 'અત્યારે આપણે જે ચોખા આપીએ છીએ તે સાફ કરેલા છે?' આટલું કહી તેઓએ લાગણી વહાવી કે 'ચોખા સાફ કરેલા જ મોકલવા, જેથી સૌ સીધા જ રાંધી શકે.'

સ્વામીશ્રીની આવી ઝીણી ખેવના સાથે આરંભાયેલા આંધ્રના આ રાહત-કાર્યમાં સંસ્થાએ ૨૦ ગામોના ૧૦,૦૦૦ અસરગ્રસ્ત કુટુંબોમાં ૨૬,૦૦૦ કિલોથી વધુ ખાદ્યસામગ્રીનું વિતરણ કર્યું. એટલી જ સંખ્યાનાં શર્ટ-સાડી વગેરે વસ્ત્રો પણ વહેંચાયાં. એક-એક કલાકની નૌકાયાત્રા કરી સંતો જ્યારે બેઘર અને બેહાલ મનુષ્યો પાસે પહોંચ્યા ત્યારે એ હોનારતગ્રસ્તોની આંખો છલકાઈ ઊઠી.

સંસ્થાનું આ કાર્ય જોઈ મુખ્યમંત્રી શ્રી ચંદ્રાબાબુ નાયડુ, સ્વાસ્થ્યમંત્રી, શિક્ષણ સચિવ વગેરેએ સ્વામીશ્રી અને સંતો પ્રત્યે આભારપત્રો દ્વારા કૃતજ્ઞતા વ્યક્ત કરતાં લખ્યું:

'I am greatly impressed with the work done by BAPS. It is well organised and systematic. More than the material help, they are spreading a message of love and peace.' – 'હું બી.એ.પી.એસ.ના કાર્યથી અત્યંત પ્રભાવિત થયો છું. આ સંસ્થા સુઆયોજિત અને પદ્ધતિસર છે. તેઓ દ્વારા સામગ્રીઓની સહાય તો મળે જ છે, પણ તેથીયે વિશેષ મહત્ત્વનું એ છે કે તેઓ પ્રેમ અને શાંતિનો સંદેશ પ્રસરાવે છે.'

આવી અદકેરી સમાજસેવાનો પ્રવાહ વહાવનારા સ્વામીશ્રીની આ દયા-દરકારમાં તેઓની આજની સન્માન-સભામાં રેલાતા *'સત્ સ્વાગતમ્...'*ના સૂરો ડૂબી ગયા. 'પ્રમુખસ્વામી મહારાજની જય'ના ઘોષ પણ તેમાં જ વિલીન થયા. વક્તાઓ દ્વારા કહેવાતી સ્વામીશ્રીની ગુણગાથા સાંભળીને હરખાતા ભક્તોની તાળીઓના નાદ પણ સ્વામીશ્રીની આ લાગણીના પૂરમાં જ ગરક થઈ રહ્યા. આંધ્રના એ અસરગ્રસ્તોને તો તેઓની જીવાદોરી સમી સ્વામીશ્રીની આ દિલાવરીનો ખ્યાલ પણ નહીં હોય ને !

આવા પરગજુ સંતના સ્વાગત-સન્માન માટે વિશ્વ જેટલું મોટું મેદાન અને આકાશ જેટલો મોટો મંડપ પણ સાંકડો ગણાય.

આત્મીયતાનું અજવાળું

તા. ૮/૧૧ની સવારે મુંબઈથી વિદાય લઈ હવાઈમાર્ગે રાજકોટ પહોંચેલા સ્વામીશ્રી આજની સાંજે અક્ષર દેરીના આંગણે આવી ગયા.

અત્રે તેઓના સાંનિધ્યમાં યોજાયેલી તા. ૯/૧૧ની સાયંસભામાં યુવક મંડળના વાર્ષિકોત્સવ નિમિત્તે મંચ પરથી સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થવા લાગ્યો. આ સમયે સ્વામીશ્રીનું આસન મંચની સામે મધ્યમાં ગોઠવેલું, પણ તેથી આસનની પાછળ બેઠેલા ભક્તોને કાર્યક્રમ જોવામાં અવરોધ ઊભો થશે તેમ લાગતાં સ્વામીશ્રીએ પોતાનું આસન ઠેઠ ખૂણામાં ખસેડાવ્યું. કહો ને કે ભક્તોની સગવડ સાચવવા તેઓએ પોતાની સુવિધા ખૂણામાં ધકેલી દીધી !

પરંતુ તેઓનું આસન હટ્યું એટલે બાજુમાં મૂકેલો બાલમુકુંદદાસ સ્વામીનો સોફો પણ ઊંચકીને ખૂણામાં લાવવામાં આવ્યો. તે જોઈ સ્વામીશ્રીએ આ સંતને કહ્યું : 'માફ કરજો, તમને મેં ઉઠાડ્યા !'

પોતાના અંગભૂત આવી અહંશૂન્યતા સાથે સ્વામીશ્રી તા. ૧૦/૧૧ના રોજ આવેલી દીપાવલીના દિવસે પ્રાતઃભ્રમણનાં પગલાં પાડવા લાગ્યા ત્યારે

ભ્રમણપથની બંને કોરે દીવડાઓ ઝગમગી રહેલા. તેના તેજોવલયથી લીંપાતું સ્વામીશ્રીનું દંતવિહીન મુખ હળવે સ્વરે રટાતા મહામંત્રથી મર્માળું દીસતું હતું. ડાબા ખભે નાંખેલા ગાતરિયાનો છેડો અડધા ઉદરને સ્પર્શીને ચરણોમાં નમવા ધસી જતો હોય તેમ નીચે તરફ લંબાતો હતો, તો જમણી બાજુનો છેડો કુક્ષિમાંથી પસાર થઈ જમણા ખભે વર્તુળાકારે વીંટળાતો સ્વામીશ્રીના બરડે વિશ્રામ લઈ રહેલો. આ મૂર્તિને પીવા સેંકડોની મેદની સવારથી એકત્રિત થઈ ચૂકેલી.

તેની વચ્ચે ભ્રમણપથ પર ચાલતાં-ચાલતાં સ્વામીશ્રી સભામંડપની જાળીએ પહોંચ્યા ત્યારે તેઓની ચકોર નજરે નોંધી લીધું કે સાનહોઝેથી આવેલો એક યુવક બહાર ઊભો છે. તેથી તેઓ પણ ઊભા રહી ગયા અને એક સંતને સૂચના આપી: 'પેલો પરેશ બહાર ઊભો છે. એને અંદર બોલાવીને ખુરશી પર બેસાડજો. એને કેડનો દુખાવો છે.'

દિવાળીના પ્રભાતે જ પ્રગટી ગયેલું સ્વામીશ્રીની આત્મીયતાનું આ અજવાળું સૌને આંજી ગયું. ભક્તોની સંભાળ લેવી એ જ સ્વામીશ્રીને મન દિવાળી હતી.

ખૂબ આનંદની વાત

ગોંડલમાં તા. ૧૧/૧૧ના રોજ અન્નકૂટોત્સવ ઊજવ્યા બાદ સ્વામીશ્રીએ તા. ૧૨/૧૧ની સવારે ફૂટેલા વિ.સં. ૨૦૫૩ના પ્રથમ પ્રભાતને પોતાની પ્રાતઃપૂજાથી માંગલિક બનાવી દીધું. આ મંગલતા વિસ્તારવા તા. ૧૩/૧૧ની સવારે વડિયા(દેવડી) ગામમાં મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે પધારેલા તેઓ અત્રે નવનિર્મિત મંદિરના પ્રાંગણમાં પ્રવેશતાં જ બોલ્યા: 'પહેલાં વંઢો (વંડો) આમ હતો ને અત્યારે ફેરફાર કરી નાંખ્યો.'

વર્ષો પહેલાં જોયેલાં ગામોની ભૂગોળમાં થતા આવા સૂક્ષ્મ સુધારાની નોંધ પણ સ્વામીશ્રીનું મગજ પલક વારમાં લઈ લેતું. પોતે કરેલા વિચરણના એક-એક ગામ અને ઘર સાથે આવો ગાઢ નાતો ધરાવતા તેઓએ આજે નૂતન મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી ગામવાસીઓની સેવા-શ્રદ્ધાને સાર્થક કરી.

એ જ રીતે તા. ૧૪/૧૧ની સવારે સ્વામીશ્રીએ દેવચડીના નવા મંદિરમાં ઠાકોરજી પ્રતિષ્ઠિત કર્યા.

પ્રતિષ્ઠાના આ ક્રમમાં તા. ૧૬/૧૧ની સવારે તેઓના વરદહસ્તે નાના વેરાવળના નૂતન મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજ્યા. આ વૈદિક સ્વરૂપોની પ્રતિષ્ઠા બાદ આરતી થઈ ત્યાં જ સ્વામીશ્રીને શૌચ-સ્નાન માટે જવાનું થતાં તેઓ વિધિનો ઉત્તરાર્ધ મહંત સ્વામીને સોંપી દેહક્રિયા માટે પધાર્યા.

ત્યારબાદ પુનઃ પ્રતિષ્ઠા-સભામાં પહોંચી આજની સાંજે રાજકોટ પધારેલા સ્વામીશ્રીએ અત્રે મોરબીના સત્સંગ ભુવનમાં બિરાજનારા ઠાકોરજીનાં પૂજન-આરતી સંપન્ન કર્યાં.

તેને અનુસરતાં આજે જ જામનગર પહોંચેલા તેઓએ અત્રે બે દિવસના ટૂંકા રોકાણમાંયે રામજી મંદિર, દ્વારકાધીશ મંદિર, કબીર આશ્રમ વગેરે ધર્મસ્થાનોમાં પધારી સૌને લાભ આપ્યો અને તા. ૧૮/૧૧ની રાત્રે ખાખરડાને ધન્ય કર્યું.

અહીં સ્થાનિક સાફાધારી ૭૬ દરબારોએ જયનાદો અને તલવાર-બાજીના દાવ ખેલી સ્વામીશ્રીને આવકાર્યા. આ શૂરવીરતાભર્યો સત્કાર સ્વીકારનારા સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા અહીંના નૂતન મંદિરમાં તા. ૧૯/૧૧ની સવારે અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજ્યા.

આ પ્રતિષ્ઠા દ્વારા સ્વામીશ્રીએ *'બારાડી તારી બળતરા, મટે ન બારે માસ...'*નું મહેણું ભાંગી આ બારાડી પંથકમાં સુખની સરવાણી વહાવી દીધી. તેમાં પ્રથમ ડૂબકી મારતાં આ ગામની ૭૬ વ્યક્તિઓએ વ્યસનોને તિલાંજલિ આપી ત્યારે તેઓ પર પ્રસન્નતા વરસાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'આ ખૂબ આનંદની વાત છે. આ યાદગીરી છે.'

ગામને આ કાયમી સંભારણું આપતાં તેઓ આજની રાત્રે ભાદરા પધારી ગયા.

પહેલેથી જ ભૂખનું ઓછું જ

ભાદરામાં સ્વામીશ્રીએ ઠરાવેલા દોઢ દિવસના અલ્પ રોકાણમાં ૭૬મી જયંતીની પ્રતીકાત્મક ઉજવણીનો માહોલ જ છવાયેલો રહ્યો. તેથી ૭૬ સેર અને ૭૬ ઈંચના મગ-મગફળીના હાર, ૭૬ વાનગીઓનો અન્નકૂટ, આ જ સંખ્યાને અનુસરતાં વસ્ત્ર-વાસણોની ભેટ અને ૭૬ વ્યક્તિઓની વ્યસન-ત્યાગની પ્રતિજ્ઞાઓથી ગામની ભાવિક જનતાએ સ્વામીશ્રીને રીઝવ્યા.

આવા ઉત્સવભર્યા વાતાવરણમાં તા. ૨૦/૧૧ની સવારે શિકાગોથી

આવેલા યજ્ઞેશ પટેલના ફોનમાં વાત શરૂ કરતાં જ સ્વામીશ્રી 'નારાયણ... નારાયણ... જય સ્વામિનારાયણ !' બોલ્યા.

આ સાંભળી સૌને નવાઈ લાગી, પણ વાત કરનારો પેલો કિશોર તો ઘેલો જ બની ગયો ! આજથી આઠ વર્ષ પૂર્વે નૈરોબીમાં તેણે ભજવેલા નારદજીના પાત્રમાં તે વારે વારે 'નારાયણ... નારાયણ...' રટતો હતો, એ વિશેષતા સ્વામીશ્રીએ આજે સંભારી આપેલી.

રોજ-રોજ પીરસાતા અવનવા કાર્યક્રમોમાં આવતાં સેંકડો પાત્રોના ચહેરા યાદ રાખવા જ્યાં કઠણ પડે, ત્યાં તેના હાવભાવ અને શબ્દોનીયે સ્મૃતિ સાચવતા સ્વામીશ્રીનું મગજ તથા હૃદય કેટલાં સ્નેહ અને શક્તિથી સભર હશે !

તે સાથે વિચરતા તેઓ આજની રાત્રે સાડા આઠ વાગ્યે જમવા બિરાજ્યા ત્યારે હળવા મિજાજમાં સેવકે પૂછ્યું : 'ભૂખ લાગી છે ને ?'

'નથી લાગી, એટલે તો મોડું થયું.'

સ્વામીશ્રીનો આ પ્રતિભાવ સાંભળી ધર્મકુંવરદાસ સ્વામીએ જિજ્ઞાસા વ્યક્ત કરી કે 'બાપા ! કોઈ દા'ડો આપને કકડીને ભૂખ લાગી હોય એવું થયું છે ખરું ?'

'ના, ક્યારેય નહીં. પહેલેથી જ ભૂખનું ઓછું જ !'

સ્વામીશ્રીના આ ખુલાસામાં તેઓનો ઊર્મિવિજય પડઘાઈ ઊઠ્યો.

આવા વિરલ વિજયવીર તેઓ તા. ૨૧/૧૧ની સવારે ઊંડ નદીના તીરે ઊભેલા વટવૃક્ષ તળે પધાર્યા. અત્રે ત્રણ પ્રદક્ષિણા ફરી સ્વામીશ્રી નદી સામે નીરખી રહ્યા. તેમાં જળ નહોતું, પણ તેઓએ સ્મૃતિસલિલમાં ડૂબકી લગાવતાં કહ્યું : 'અહીં સામે કિનારે સંતોએ રેતીનું મંદિર બનાવેલું. જોગીબાપાએ ત્યાં મને આરતી કરવા મોકલ્યો હતો. પિરામિડ પણ અહીં કર્યું હતું.'

આમ, આજની દેવપ્રબોધિની એકાદશીએ તીર્થની સાથે તીર્થસર્જકની સ્મૃતિ કરી સ્વામીશ્રી ડાંગરાને લાભ આપતાં ગઢડા આવી પહોંચ્યા.

અત્રે તા. ૨૨/૧૧ના રોજ આવેલા ગામના એક ભાવિકે કહ્યું : 'સ્વામી ! આપ મારા સ્ટુડિયોમાં પાંચ મિનિટ પગલાં કરો એવી વિનંતી કરવા આવ્યો છું.'

પરંતુ સમયની સંકડાશમાં આ આમંત્રણ ઝીલવું અઘરું હોવાથી સ્વામીશ્રીએ જણાવ્યું : 'મારે આજે જ સારંગપુર પહોંચવાનું છે, એટલે અવાય એવું તો છે નહીં. પણ લે, હું તને પ્રસાદીનાં પુષ્પો આપું છું. આ પુષ્પો તને

અહીં આપીએ ને ત્યાં પધરામણી થઈ જાય એવું આ તો કામ છે !'

સ્વામીશ્રીનું સર્વત્ર વ્યાપક બ્રહ્મસ્વરૂપ તેઓના જ આ શબ્દોમાં દર્શાઈ રહ્યું.

વર્લ્ડ ફેમસ (વિશ્વપ્રસિદ્ધ) થવાનો ઉપાય

તા. ૨૨/૧૧ની સાંજે ગઢપુરથી વિદાય લેતાં પૂર્વે સ્વામીશ્રી અહીંના શ્રીજીસ્થાપિત મંદિરે પધાર્યા ત્યારે સભામંડપની ઓસરીમાં ઊભેલા વયોવૃદ્ધ સંત ભક્તિવલ્લભદાસ તો તેઓને જોતાંવેંત ભેટી પડતાં બોલી ઊઠ્યા: 'પ્રમુખસ્વામી ! તમે તો કમાલ કરી. તમને મળવા હાટુ તો ખાસ લક્ષ્મીવાડીથી અહીં આવી અડધો કલાકથી રાહ જોઉં છું. યોગીબાપા એટલે યોગીબાપા ! શું એમની સ્થિતિ ! અને તમારી તો વાત જ નોખી !'

આ અપ્રતિમ આદર સ્વીકારી સ્વામીશ્રી દાદાખાચરના દરબારમાં પહોંચ્યા ત્યારે નીંબતરુ વિનાનો ચોક જોઈ તેઓની નજર કંપી ઊઠી. શ્રીજી સાથે જોડાયેલો લીંબડો આજે નામશેષ થઈ ગયેલો. એ લીંબડાની આસપાસ બાંધેલી જાળી આગળ ઊભા રહી સ્વામીશ્રી ઘડીભર તો સ્મૃતિઓનાં ઉપવનમાં ખોવાઈ ગયા. લીંબડાની મૂળ જગ્યાએ જ ધરાશાયી વૃક્ષના ફળમાંથી ફૂટેલા ચાર-પાંચ છોડવાઓ પર, દૃષ્ટિ દ્વારા પોતાનાં અમી સિંચી તેઓ વાસુદેવ નારાયણના ઓરડે પધાર્યા. તે ખાલી અને ખુલ્લો હોવાથી અંદર પ્રવેશી દર્શન કર્યાં.

ત્યારબાદ અક્ષર ઓરડી, લક્ષ્મીવાડી અને ભક્તિબાગના દર્શનક્રમથી પરવારી સારંગપુર પહોંચેલા સ્વામીશ્રી રાત્રે ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે વાતોનાં વહેણ વહી રહ્યાં. તે દરમ્યાન ત્યાંથી પસાર થયેલા યુવક નીતેશને જોતાં સ્વામીશ્રીએ પૂછ્યું: 'મોરડિયા ! આ સંતે દૂધીનું પ્લેન બનાવ્યું. તું એવું કંઈ શીખ્યો ?'

'એ તો ચશ્માંની દુકાન ચલાવે છે. ૧૪,૦૦૦ રૂપિયાની ફ્રેમ રાખી છે. એ એવી કે જેમ વાળો એમ વળે. વર્લ્ડ ફેમસ છે એ ફ્રેમ !' કો'ક બોલ્યું.

તે સાંભળી સ્વામીશ્રીએ પેલા યુવકને કહ્યું: 'તુંય વર્લ્ડ ફેમસ બનજે. જેમ વાળે એમ વળજે. તારી કિંમત એમાં વધશે.'

આ જ મર્મ ઘૂંટાવતાં તેઓએ આજની રાત્રે પોઢતાં પૂર્વે સંતોને પણ કહ્યું: 'જે સેવા કરે એ સેવક અને જેમ કહે એમ કરે એ દાસ. આ બે વસ્તુ આવી એટલે બધું આવી ગયું !'

વહાલ અને વિનમ્રતા

પ્રતિવર્ષ સ્વામીશ્રીની જન્મજયંતીએ ઊમટતી ભક્તભીડને સુવ્યવસ્થા પૂરી પાડવાના હેતુસર, આ વર્ષે સ્વામીશ્રીનો જન્મોત્સવ ત્રણ સ્થળે ઊજવવાનું આયોજન થયેલું. બોચાસણ મુકામે ખૂલનારી આ શૃંખલાની પ્રથમ કડીમાં ખેડા, અમદાવાદ, વડોદરા અને સાબરકાંઠા જિલ્લાના ભક્તો લાભ લેવાના હતા.

તે માટે તા. ૨૩/૧૧ના રોજ બોચાસણ પધારેલા સ્વામીશ્રી અત્રે તા. ૨૪/૧૧ની સવારે શાસ્ત્રીજી મહારાજના ઓરડે દર્શન કરવા ગયા ત્યારે સ્મૃતિ-પ્રદેશમાં વિહાર કરતાં બોલવા લાગ્યા: 'અહીં જમણી બાજુના ખૂણે ચોકડી રહેતી. ત્યાં એક ઘંટીના પડિયા પર બેસીને ના'વાનું. સામે એક પાંજરું લબડાવી રાખતા. એમાં કપ-રકાબી પડ્યાં રહે. જ્યારે સ્વામી અહીં આવે ત્યારે ઉકાળો પીતા.'

આટલું કહી બારણાની ડાબી તરફ આવેલી ઓસરીની દીવાલ બતાવી સ્વામીશ્રીએ જણાવ્યું: 'શાસ્ત્રીજી મહારાજ કાયમ અહીં બેસતા અને હરિભક્તોને મળતા. ઓસરીને જાળી હતી. બહાર એક નાનો ઓટલો હતો. ત્યાં બેસીને દાતણ કરતા.'

સ્વામીશ્રીએ રેલાવેલી આ ગુરુસ્મૃતિને સથવારે તા. ૨૫/૧૧ના રોજ ૭૬મી જન્મજયંતી આવી પહોંચી. આ પ્રસંગે હજારો નકલોનો ફેલાવો ધરાવતા અખબાર 'નયા પડકાર' દ્વારા પ્રકાશિત થયેલી ખાસ પૂર્તિને કારણે ચારેકોર સ્વામીશ્રીની ગુણગંગા પ્રસરી ગયેલી. તેમાં ડૂબકી મારી ધન્ય થવા આવેલા આશરે ૭૦,૦૦૦ ભક્તોની મેદનીથી જન્મજયંતીનું સભાસ્થળ ઊભરાતું હતું. મહાનુભાવોથી મંચ પણ છલકાતો હતો. તે સૌનો સત્કાર સ્વીકારી સ્વામીશ્રી પુષ્પના ઉદ્યાન સમી પિછવાઈની આગળ ગોઠવાયેલા મુકુટાકાર આસન પર બિરાજ્યા.

આ સમયે વિદ્યાનગર છાત્રાલયના વિદ્યાર્થીઓએ *'વંદન કરીએ કરોડો કરોડો...'* કીર્તનના આધારે નૃત્ય રજૂ કર્યું.

ત્યારબાદ કલાકારોનો આ કાફલો આશીર્વાદ લેવા સ્વામીશ્રીની આસપાસ વીંટળાઈ વળ્યો. તેઓને સ્વામીશ્રીએ 'આ નૃત્ય કરવામાં જેમ મહેનત કરી તેમ અભ્યાસ અને ભક્તિમાં પણ મહેનત કરજો'નો સંદેશ આપ્યો.

તે જ વખતે એક યુવક પોતાના પગની એડી સ્વામીશ્રીના આસન પર ટેકવતાં બોલ્યો : 'બાપા ! અહીં હાડકું વધે છે.'

આ સાંભળતાં જ સ્વામીશ્રી એ યુવકના પગ પર પોતાનો હાથ ફેરવવા લાગ્યા ! આજે જેઓના ચરણસ્પર્શ માટે હજારો તલસી રહેલા તે સ્વામીશ્રી પોતાના જન્મદિને શિષ્યનો ચરણસ્પર્શ કરવામાં લેશ ન ખચકાયા. તેઓએ યુવકના પગે હાથ ફેરવતાં આશીર્વાદ આપ્યા : 'ભગવાન બધું સારું કરશે.'

સ્વામીશ્રીનાં આ વહાલ અને વિનમ્રતાએ જનમેદનીની સ્થિતિ ચિત્રવત્ કરી મૂકી.

... તો તકરાર થવાની જ છે

૭૬મી જન્મજયંતીના પ્રતીક પર્વે ૬૦થી વધુ કલાત્મક હારતોરાનું સન્માન સ્વામીશ્રીને અર્પણ થયું, પરંતુ તેથી તદ્દન નિર્લેપ રહી અમૃતધારા વરસાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

"આપણે આધ્યાત્મિક જીવન જીવવા આવ્યા છીએ તો હંમેશાં આપણા સામું નજર રાખીને આગળ વધવાનું છે. બીજાની વાતોમાંથી આપણને જ ખોટ આવે છે. 'મારું એ જ સારું' કહેશો તો તકરાર થવાની જ છે. એ તો એની જાતે મનાશે. તમારા કાર્યથી, વર્તનથી તમે એવું કાર્ય કરી બતાવો તો આપોઆપ માનશે. શાસ્ત્રીજી મહારાજનું કાર્ય અને જીવન શુદ્ધ અને સારું હતું તો હજારો માણસોએ અક્ષર-પુરુષોત્તમનું જ્ઞાન સ્વીકાર્યું. એમણે બીજાનું જોવાનું રાખ્યું નહોતું. કોઈની સાથે ટીકા-ટીપ્પણ કરી નથી. જેને જે કહેવું હોય તે કહે, આપણે આપણું કાર્ય કર્યે જાવ. બીજાને સમજાશે, આજે નહીં તો કાલે ! ભગવાન દરેકમાં પ્રેરણા કરનાર છે. યોગીજી મહારાજ અને શાસ્ત્રીજી મહારાજે આ સિદ્ધાંત રાખ્યો હતો. એમણે કોઈ શું બોલે છે, લખે છે, એનો પણ વિચાર કર્યો નથી. જવાબ આપવાનો પણ સંકલ્પ કર્યો નથી, તો *'જેનાં વેરી ઘાવ વખાણે'* એવું થયું છે.

આપણે જો આપણી વાતને સાચી કરવા મથીશું તો અસુખ અને અશાંતિ થશે ને પાછું પડાશે. જે માણસમાં જેટલા ગુણ છે તે ગ્રહણ કરી લો. દરેક માણસમાં એક ગુણ સારો છે જ ! બીજા નવ્વાણું અવગુણ મૂકી દો. આપણે એના કર્તા નથી, એના કર્તા ભગવાન છે. એમને ત્યાં ન્યાય છે. રામજી ચોપડા ચોખ્ખા રાખે. તેને ત્યાં વહાલું-દવલું, ન્યાય-અન્યાય, મારું-

તારું, નાનું-મોટું કંઈ નથી. માટે આધ્યાત્મિક લાભ લેવામાં 'ભગવાન અને સંત શેમાં રાજી છે?' એ વિચાર હંમેશાં રાખવો. એ વિચાર નહીં હોય તો ગમે તેટલું કાર્ય કરશું તો પણ અશાંતિ રહેશે. એ સિદ્ધાંતને બરોબર જીવમાં જો ઉતારીશું તો દુનિયાના કોઈ છેડા ઉપર જાવ તો પણ વાંધો નથી. પ્રવૃત્તિમાં પણ તમે નિર્લેપ રહી શકશો. પીએચ.ડી. ગણો કે જે ગણો એ આ ડિગ્રી છે – હું ભગવાનનો દાસ, સેવક, અક્ષર, આત્મા છું અને ભગવાનની ઉપાસના કરવાની છે.''

આપણે તો કેવળ પાણી સિંચ્યું છે

પ્રતીક જન્મજયંતીની સભામાં આશીર્વાદ પાઠવી સ્વામીશ્રી મંદિરે જવા નીકળ્યા ત્યારે ભક્તભીડની ભરતી એવી ચડેલી કે સુરક્ષાસંત્રીઓનો જાપ્તો પણ રફેદફે થઈ જતો હતો. તે જોઈ ગાડીમાં બેઠેલા એક સહયાત્રી બોલ્યા: 'જુઓ, આનું નામ પ્રેમ!'

'પ્રેમ નહીં, પ્રેમનો ઢગલો.' પ્રેમનું પ્રમાણ કરતાં સ્વામીશ્રીએ કહ્યું.

આ સંદર્ભમાં જ તા. ૨૭/૧૧ની સવારે અલ્પાહાર દરમ્યાન ભગવત્ચરણદાસ સ્વામીએ ઊર્મિ વહાવી કે 'સ્વામી! અમે એટલું તો જોયું કે આપના માટે હરિભક્તો કુરબાન થઈ જાય છે.'

'આ તો શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે ખેડાણ જબરજસ્ત કર્યું છે એટલે ચાલે છે. એમણે દરેકના જીવમાં ભગવાન બેસાડી દીધા.'

'તમેય ઘેર-ઘેર ફર્યા છો, હરિભક્તોને સાચવ્યા છે. એટલે તેઓ આટલું તો કરે જ ને!'

'આપણે તો ક્યાં કંઈ કર્યું છે? મૂળિયાં શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે નાંખ્યાં છે. આપણે તો કેવળ પાણી સિંચ્યું છે.'

સ્વામીશ્રીનો આ પ્રતિભાવ સાંભળી શ્રીકૃષ્ણ પંડ્યાએ વાર્તાલાપમાં ઝંપલાવ્યું કે 'અમારા પાળજ ગામનો હીરો કહેતો – 'બાપાએ તો મારા ગધેડા ઉપર પણ હાથ મૂક્યો છે.' આપને એમાં નાનપ જેવું ન લાગે?'

''એમાં નાનપ શેની? વાંધો તો તમને આવે કે 'હું પ્રિન્સિપાલ! મારાથી જવાય?' પોઝિશન, પ્રોટોકોલ તૂટી જાય. પણ અમે તો સાધુ છીએ. અમે સંદેસર ગયા તો પહેલાં સીધા દેવીપૂજકોના વાસમાં ગયા. આખો વાસ ભેગો થયો ને સભા થઈ. ગામના હતા એ કહે, 'સ્વામી ક્યાં ગયા?' પછી

ખબર પડી કે 'એ તો દેવીપૂજકોના વાસમાં ગયા છે.' ત્યારે બધાને નવાઈ લાગી.'' સ્વામીશ્રી બોલ્યા.

'સૌ પર મહેર કરો છો સ્વામી...' જેવું તેઓનું જીવન હજીયે સૌને નવાઈભર્યું જ અનુભવાઈ રહ્યું છે ને!

આઠમી અજાયબીનાં ઓવારણાં

આ સમયે ૧૯ ભાષાઓમાં બે કરોડ સાત લાખ નકલોનો ફેલાવો ધરાવતા વિશ્વપ્રસિદ્ધ સામયિક રીડર્સ ડાઈજેસ્ટ દ્વારા લંડનના મંદિરને 'વિશ્વની આઠમી અજાયબી' તરીકે બિરદાવવામાં આવેલું. શ્રી ઇઆન પિન્ડારની કલમે લખાયેલા આ મેગેઝિનના લેખમાં મંદિર-મહિમા ગવાયો હતો કે –

''હાલ સ્વામિનારાયણ હિંદુ મિશન તરીકે જાણીતી આ સંસ્થાના વડા પ્રમુખસ્વામી મહારાજ છે. તેઓ ૭૫ વર્ષની વય વટાવી ચૂક્યા છે અને 'સ્વામીશ્રી' તરીકે ઓળખાય છે. સામાજિક અને આધ્યાત્મિક પુનરુત્થાનના મહાન, ઉમદા કાર્યમાં પ્રેરણા પૂરી પાડતા આ મહાન આધ્યાત્મિક નેતા વિશ્વના ખૂણે-ખૂણે અવિરતપણે વિચરણ કરતા જ રહે છે. તેઓ નામદાર પોપ અને આર્ચ બિશપ ઑફ કેન્ટરબરીના પણ મહેમાન બન્યા છે. ૧૯૮૮માં બ્રિટિશ પાર્લામેન્ટે તેમને પોતાને ત્યાં આમંત્રી, તેમના મહાન અને ઉમદા કાર્યની ઊંડી કદર કરી હતી.

ફિલાડેલ્ફિયા ઇન્કવાયરરની રવિવારની પૂર્તિના તંત્રી કહે છે કે '૭૫ વર્ષની વયે તો મોટા ભાગની વ્યક્તિઓ પોતે જીવન દરમ્યાન મેળવેલાં પૈસો અને પ્રતિષ્ઠાને જ વાગોળ્યા કરે. સ્વામીશ્રી પાસે પોતાની એવી કોઈ ભૌતિક સમૃદ્ધિ નથી, પરંતુ તેમને જે હરિભક્તોના ભાવ અને ભક્તિની સમૃદ્ધિ સાંપડી છે એવી સમૃદ્ધિ કોઈ હાંસલ કરી નહીં શકે!'

જ્યારે સ્વામીશ્રીએ નિસડનમાં એક સાનુકૂળ જગ્યા તરીકે અહીંનું સૂચન કર્યું ત્યારે લંડનમાં આ ગમે નહીં એવા ઔદ્યોગિક ઉપનગર ઉપર જાણે કે કદી પિછાણી ન હોય એવી ભવ્યતા બક્ષવા પસંદગી કરી હોય એમ જણાયું.

૧૯૮૪માં તેમણે હરિભક્તોને જે યોજનાઓ અંગે સૂચનો કર્યાં તે કેટલાં બધાં ઉમદા અને ભવ્ય હતાં! ભારતની બહાર સૌથી પહેલું, ભારતીય પરંપરાને અનુરૂપ એવું, તાજમહેલનાં સૌંદર્ય અને

કલા-કારીગરીની સ્પર્ધામાં ઊભું રહે એવું હિંદુ મંદિર નિર્માણ કરવા પૂરતી જ એ યોજનાઓ નહોતી, પરંતુ સમગ્ર સંકુલની રચના સ્થાપત્યનો એક સર્વોત્કૃષ્ટ નમૂનો બને એવી કરવાની હતી. અહીં 'શ્રમમાં ભાગીદારી'નાં દર્શન થતાં હતાં. બૅન્ક ઑફિસરો ઈલેક્ટ્રિશિયનો બન્યા હતા, વકીલો ઝાડુ હાથમાં લઈ સફાઈ કામદારો બન્યા, તો એકાઉન્ટન્ટો ગટરના કામમાં લાગી ગયા.

સંતો માત્ર શ્રદ્ધામાં જ રાચી રહ્યા હોય એમ નહોતું. તેમની પ્રાચીન રહન-સહન હોવા છતાં તે સૌ એક આધુનિક કાર્યજૂથની ઢબે કામ કરતા હતા. સ્વામિનારાયણ મંદિરના કોઈ પણ મુલાકાતીને અદ્વિતીય આનંદની અનુભૂતિ અહીં થાય છે. આંખને આંજી દે એવી ચોખ્ખાઈથી શોભતા મંદિરનાં છ ઘુમ્મટો અને નવ શિખરો, નિસડનનાં તમામ મકાનોની અગાશીઓથી ઘણે ઉપર જાણે વિજયી બનીને ઊભાં ન હોય! જેવા અંદર પ્રવેશો એટલે જેની ઉપર અદ્ભુત કોતરણીથી ભારતની ભાતીગળ સાંસ્કૃતિક ગાથાઓ અંકિત કરાઈ છે એવા સ્તંભોનું સંગેમરમરીય વન તમારું અભિવાદન કરતું હોય એમ લાગે! ભવ્ય ઉન્નત ગુંબજમાંથી ચળાતાં સૂર્યકિરણો નીચેની આરસની પાટોને ઝગમગાવી રહ્યાં છે. ભગવાન સ્વામિનારાયણ જેમને તેમના લાખો અનુયાયીઓ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ તરીકે આરાધે છે, તેમની અતિ દિવ્યમૂર્તિ મંદિરના મધ્ય ખંડમાં પ્રતિષ્ઠિત થઈ છે. આવાં દિવ્ય દર્શન એ જીવનની કોઈ અતિ ધન્ય અનુભૂતિની જાણે કે અણમોલ તક છે.

જેને પ્રિન્સ ઑફ વેલ્સ લંડનના સૃષ્ટિસૌંદર્યમાં વિશેષ ઉમેરો કરતી એક ઉમદા કલાકૃતિ તરીકે ઓળખાવે છે, તેનાં દર્શને અહીં રોજ-રોજ જુદી-જુદી શાળાઓના વિદ્યાર્થીઓના સમૂહો અને અન્ય પર્યટકો ઊમટે છે. અહીંના સ્થાનિક રહીશો પણ ખૂબ ધન્યતા અનુભવે છે. એક પાંસઠ વર્ષીય મહિલા છેલ્લાં ૨૦ વર્ષથી નિસડનમાં રહે છે. તેઓ આ સુંદર કલાકૃતિ જોઈ અવાક્ થઈ બોલી ઊઠ્યા: 'કેટલી સુંદર કલાકૃતિ! આનાથી અળગા થવાય જ નહીં!' તમામ સંપ્રદાયના લોકો, અરે! નાસ્તિકો પણ એકબીજાને કહે છે કે 'આ એક અતિ સુંદર મંદિર છે!'

આ તો હજી પ્રારંભમાત્ર છે. તેની યશગાથાઓ યુગો સુધી ગવાતી રહેશે.''

કાયમ માટેની વાત

તા. ૨૮/૧૧ની રાત્રે સ્વામીશ્રીના ભોજન દરમ્યાન સારંગપુરના વિદ્યાર્થી સંતોએ શ્લોકગાનની રમઝટ મચાવી ત્યારે સ્વામીશ્રીએ સામે બેઠેલા બોચાસણના હરિસેવાદાસ સ્વામીને પણ કંઈક બોલવા આજ્ઞા કરી. તે ઝીલતાં આ સંતે ભક્તચિંતામણિનું ૬૪મું પ્રકરણ ગાયું. તેઓના આ મુખપાઠને બિરદાવતાં સ્વામીશ્રી બોલ્યા: 'ઓછું ભણેલા છે છતાં ઉચ્ચારણ સારા છે, ગાવાની હલક પણ સારી છે.'

પરંતુ આ સમયે તે સંતે સ્વામીશ્રીને જણાવ્યું: ''મારો સંકલ્પ હતો કે 'આપ પધારો ત્યારે મારે આ ગાવું.' આપે સામેથી મારો સંકલ્પ પકડ્યો !''

આમ, સૌના મનોરથ પૂર્ણ કરતા સ્વામીશ્રીએ તા. ૨૯/૧૧ની સવારે પોતાનો મનોભાવ પ્રગટ કર્યો.

અત્રે તેઓની પ્રાતઃપૂજા બાદ દર્શન વખતે ઘણી પડાપડી થઈ જતી. વળી, વગર કામે કેવળ દર્શનના હેતુથી વારંવાર એકના એક ભક્તો આવ્યે જતા. તેથી જે નવા આવ્યા હોય તેને પૂરતો સમય ફાળવી ન શકાતો. સુવ્યવસ્થાના આગ્રહી સ્વામીશ્રીને આ કઠતું. તેથી તેઓ આજની પ્રાતઃપૂજા પછી વ્યવસ્થાનો દોર પોતાના હાથમાં લેતાં બોલ્યા: 'લાવો, માઈક ! મારે બે વાત કરવી છે.' આમ કહી તેઓએ જણાવ્યું:

'ખાસ તો બધા હરિભક્તોને વિનંતી છે કે સત્સંગ, દર્શન કરવા જઈએ ત્યારે તે બહુ શાંતિથી કરવાં જોઈએ. શિસ્ત ન શીખીએ તો દર્શને આવવાનો કોઈ અરથ નથી. રોજ આ બાબતમાં કહેવું એ બરાબર નથી. ધક્કામુક્કી થાય તેમાં તમનેય સુખ નહીં ને મનેય સુખ નહીં. માટે જેણે એક વાર પણ દર્શન કર્યાં નથી એ જ અહીં આવે. તમે દૂરથી દર્શન કરશો એનું ફળ નજીક આવવાથી નહીં મળે. આ તમને કાયમ માટેની વાત કરું છું. ગોપીઓએ એક વાર ચરણસ્પર્શ કર્યો ને જગતનું સુખ ખારું થઈ ગયું. આપણે તો આ (ચરણ) કેટલીયે વાર ઘસી નાંખ્યું ! એટલે એનાથી વધારે ફળ નથી. જો મહિમા અને પ્રેમથી એક જ વાર સ્પર્શ કરો તો બધું સુખ મળી જાય.'

આપણું મંડળ એક જ

તા. ૩૦/૧૧ની સવારે સ્વામીશ્રીના અલ્પાહાર વખતે ચર્ચાઈ રહેલા

મંદિર-માવજત સંબંધી વિષયના સંદર્ભમાં એક સંતે જણાવ્યું: 'ઉતારા સારા હોય પણ આવનારા ગમે એવા હોય ને એ દાતણની ચીરી સંડાસમાં નાંખે. એ પછી ઊભરાય. એટલે અત્યારે સફાઈ કરવાવાળા પણ કોઈ એ કામ કરવા તૈયાર નથી હોતા.'

આ અનુભવ સામે પોતાનો અભિપ્રાય જણાવતાં સ્વામીશ્રી બોલ્યા: 'આપણે જ સાફ કરવાવાળા. આપણે સેવક જ છીએ ને! ઉતારા એવી વસ્તુ છે કે એનું ધ્યાન રોજ રાખવું પડે. બે-ત્રણ દા'ડે એ સાફ થવું જ જોઈએ. ઉતારામાં બૉર્ડ જરાં વધારે ચીતરવાં કે 'દાતણ અહીં નાંખો... કચરો અહીં નાંખો...' બાકી કેટલાક તો જાજરે નાંખે એવા જ હોય! પણ બે-ચાર દા'ડે બધું જોઈ લેવું જોઈએ. ગંદકી થવી જ ના જોઈએ.'

સ્વચ્છતાના આ આગ્રહ સાથે વિચરતા સ્વામીશ્રી આજની સવારે બોચાસણથી વિદાય લઈ મહેળાવ, વરતાલ અને વિદ્યાનગરને પાવન કરતાં તા. ૨/૧૨ની સવારે લાંભવેલ પધાર્યા.

અત્રે નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કર્યા બાદ વિદ્યાનગર પરત ફરેલા તેઓ પાસે તા. ૩/૧૨ની સવારે એક સત્સંગ-કેન્દ્રના અગ્રણી હરિભક્તો આવ્યા. તેઓએ શરૂ કરેલા નવા મંડળની વાત માંડતાં એક પ્રતિનિધિએ કહ્યું: 'બાપા! અમે એનું નામ 'અક્ષર-પુરુષોત્તમ જ્ઞાનવર્ધક મંડળ' પાડ્યું છે. આ એનું બંધારણ છે, એમાં હસ્તાક્ષર કરી આપો.'

આ અરજી સાંભળી સ્વામીશ્રીએ બંધારણ હાથમાં લીધું, પરંતુ હસ્તાક્ષરને બદલે હિતોપદેશ આપ્યો કે ''આપણું મંડળ એક જ – 'અક્ષર-પુરુષોત્તમ મંડળ.' બીજાં નામ પાડવાની જરૂર જ નહીં. શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજ આપણા ગુરુ. આપણે બીજાં નામ-ઠામની જરૂર જ નહીં. આ તો નામ જુદાં પાડે ને પછી નકામી અંદરોઅંદર ખેંચાતાણી થાય. પછી દુઃખ ઊભું થાય. એટલે આપણે જુદું કરવું જ નહીં. આપણી સંસ્થા એક, આપણા ગુરુ એક, એમ આપણું મંડળ પણ એક.''

સ્વામીશ્રીના પ્રત્યેક પગલે સંસ્થાની એકતા અખંડિત થતી રહેતી.

એમાં આપણી સાધુતા શું?

તા. ૩/૧૨ની સવારે અલ્પાહાર બાદ સ્વામીશ્રીને મળવા આવેલા નૈરોબીના શ્રી ઘનશ્યામભાઈ પટેલ વગેરે વડીલ ભક્તોએ પ્રસ્તાવ મૂક્યો કે

'બાપા ! આપ જ્યાં જાઓ ત્યાં ધૂળ ને ધૂળ ઊડે છે. તેથી આપને અવારનવાર શરદી થઈ જાય છે. તો અમારી ઇચ્છા છે કે આપના વિચરણ માટે એક હૅલિકોપ્ટર લાવીએ. આપ મંજૂરી આપો.'

'એવી કંઈ જરૂર જ નથી.' સ્વામીશ્રીએ વાતને ઊગતાંવેંત જ કાપી.

છતાં હરિભક્તોએ કહ્યું : 'બાપા ! અત્યારે અહીંનો ટ્રાફિક એવો છે ને ! જતાંય બીક લાગે.'

પરંતુ આ વાતનેય વાઢતાં સ્વામીશ્રી બોલ્યા : 'મારા માટે આવા ખોટા ખર્ચા કરવા જ નહીં. મારે વપરાશ કેટલો ? વરસમાં બે દા'ડા ઉપયોગ કરવો એમાં વ્યાજ કેટલું ચઢે ? ઠાકોરજીના પૈસા રોકાય.'

'બાપા ! તમારા માટે શું ન કરીએ ! આપનો કેટલો ઉપકાર છે અમારા ઉપર !'

'તમારે પ્રેમ ને ભાવ છે એ બરાબર, પણ મારે અત્યારે આની જરૂર નથી.'

'જરૂર હોય તોય આપ ક્યાં કહો છો ?' હરિભક્તોએ જણાવ્યું.

પરંતુ સ્વામીશ્રીએ દાદ ન દેતાં સૌ પાછા વળ્યા.

આ ભક્તસમૂહ સાથે એક સંત પણ વિનંતી કરવામાં સામેલ હતા. તેઓનેય સ્વામીશ્રીએ સ્પષ્ટતા કરી કે 'બીજા બધા તો કહે, પણ આ બાબતમાં તમારે ભળવું નહીં. આપણે હૅલિકોપ્ટરો રાખીએ એમાં આપણી સાધુતા શું ? એ બધી લક્ઝરી (વૈભવ) આપણને ના શોભે.'

સુવિધાઓની સોય જેમાં ફાંકાં ન પાડી શકે તેવું નક્કર હતું સ્વામીશ્રીની સાધુતાનું પોત !

સુરેન્દ્રનગરમાં શિખરબદ્ધ મંદિરનું સર્જન

તા. ૪/૧૨ની સવારે વિદ્યાનગરથી વિદાય લઈ પુરુષોત્તમપુરા પધારેલા સ્વામીશ્રી અત્રે મંદિરનો ખાતવિધિ કરી ચિત્રાસર પહોંચ્યા. અહીં તેઓએ તા. ૫/૧૨ના પ્રભાતે નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવ્યા અને આ જ કાર્ય માટે તેઓ આજની સાંજે સુરેન્દ્રનગર આવી ગયા.

બે નદીઓનો સંગમ જેવો રમણીય અને સ્મરણીય દીસે એવો જ માહોલ અત્યારે આ શહેરના આંગણે સર્જાયેલો. અહીં નૂતન શિખરબદ્ધ મંદિરની પ્રતિષ્ઠા અને અંગ્રેજી તારીખ અનુસાર સ્વામીશ્રીની ૭૬મી જન્મ-જયંતીની ઉત્સવ-ધારાઓ મળી રહેલી. તેમાં ડૂબકી લગાવી પાવન થવા સમગ્ર

સૌરાષ્ટ્રના હજારો હરિભક્તો ઊમટી પડેલા. તેઓને સમાવવા ૩૦ એકરમાં ખડું થયેલું ઉત્સવ-સ્થળ 'સ્વામિનારાયણ નગર' અઢી હજાર સ્વયંસેવકો અને સેંકડો સંતોના શ્રમસલિલથી સિંચાયેલું. તેઓ દ્વારા ઊભી થયેલી ભવ્ય કમાનો સ્વામીશ્રીના સ્વાગતમાં ઝૂલી રહેલી. નગર-પ્રવેશથી નવનિર્મિત મંદિર સુધીના માર્ગની બંને બાજુ ઊભા રહેલા ટ્રાન્સપોર્ટ વિભાગના સ્વયંસેવકો સ્વામીશ્રીના કંઠમાં પહેરાવેલી ભક્તમાળ જેવા શોભતા હતા. તેઓ પોતાની આગળથી સ્વામીશ્રી પસાર થાય ત્યારે જોરદાર જયનાદ ગજાવતા. એક તરંગ શમે ત્યાં બીજો ઊઠે એમ ઘૂઘવતા આ પ્રેમપૂરમાં સ્વામીશ્રી તણાવા માંડતાં મંદિરે પહોંચવાનો માર્ગ લંબાયો. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'આ તો નગરયાત્રા જેવું થયું !'

'આવતીકાલે મૂર્તિઓની શોભાયાત્રા નીકળશે ને આજે આ આપની નીકળી !' એક સહપ્રવાસીએ ઉમળકો વ્યક્ત કર્યો.

પરંતુ તે સાંભળી સ્વામીશ્રીએ જણાવ્યું: 'આપણી નગરયાત્રા કોઈ ભોજિયોભાઈએય કાઢતો નથી. આ તો હરિકૃષ્ણ મહારાજની નગરયાત્રા નીકળી.'

આ ભક્તિભાવ સાથે સુરેન્દ્રનગરમાં પ્રવેશેલા સ્વામીશ્રી તા. ૫/૧૨ની સાંજે સીધા 'નગર'માં આયોજિત સ્વયંસેવક સભામાં પધાર્યા. તેઓની આ પધરામણીથી ૫૫ X ૨૪ ફૂટનો ભવ્ય નારાયણ દ્વાર અને ૩૬૦ X ૩૦૦ ફૂટનો વિશાળ સભામંડપ ધન્ય થઈ ઊઠ્યો.

તેના મંચ પર બિરાજી પુષ્પહાર અને પુષ્પાંજલિનાં સ્વાગત સ્વીકાર્યા બાદ સમૈયાના સ્તંભ સમા સ્વયંસેવકોને મજબૂતી આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજે ખૂબ કૃપા કરીને આપણને આ સેવા સોંપી છે. ભગવાનના દરબારમાં અક્ષરમુક્તોને સરખી જ સેવા મળે. ને આ અક્ષરધામની સભા છે, માટે કોઈ સેવા નાની-મોટી સમજવાની નથી. આ ઝાલાવાડમાં પ્રતિષ્ઠા થશે એ સેવાની જિંદગીભર સ્મૃતિ રહેશે.'

સ્વામીશ્રીની આ અમૃતધારાના તીરે સરકવા માંડેલા ઉત્સવમાં તા. ૬/૧૨નું પ્રભાત યજ્ઞની ધૂમ્રસેરોથી છવાઈ ગયું. ૭૬ કુંડો ફરતે બેઠેલા ૭૬૦ યજમાનોની ઉપસ્થિતિમાં શરૂ થયેલા આ વિધિમાં ઠાકોરજીને પંચામૃતથી સ્નાન કરાવવાનું ગોઠવ્યું નહોતું. પરંતુ સ્વામીશ્રીએ કહ્યું: 'અહીં મહારાજ સ્નાન કરશે તો અહીં પાણી થશે ને ! માટે સ્નાન કરાવો જ.'

તેઓના આ એક સૂચનથી પરંપરા, ભક્તિ અને સામાજિક સુખાકારી – ત્રણેયનું જતન થઈ રહ્યું. તેથી ઊઠેલાં ભૂદેવોનાં સસ્વર અને બુલંદ વેદગાનથી સમગ્ર શહેર ગુંજી રહ્યું.

તેના પડઘા શમ્યા ત્યાં જ અભૂતપૂર્વ નગરયાત્રાનાં પડઘમ ગાજી ઊઠ્યાં. અક્ષર રથ, ગરુડ રથ, હંસ રથ, શુક રથ, મયૂર રથ વગેરેની આકર્ષક શોભા તેમ જ વિવિધ ભજન મંડળીઓનો કીર્તન-કલરવ અને અવનવી વેશભૂષામાં સજ્જ બાળ-કિશોરો તથા કળશધારી મહિલાઓ સહિત સંતો-ભક્તોનાં વિશાળ વૃંદ વગેરેથી શોભતી દોઢ કિ.મી. લાંબી આ યાત્રાએ છ કિ.મી.નો પંથ કાપતાં ત્રણ કલાક લીધા. તેને જોવા સમગ્ર શહેર સ્થગિત થઈ ગયું. જૈન મંદિર, જવાહર ચોક, મુખ્ય બજાર, ગાદીપરા વગેરે સ્થળેથી પસાર થતી આ શોભાયાત્રાના માર્ગે અનવરત પુષ્પો વરસતાં રહ્યાં, ફટાકડા ફૂટતા રહ્યા, જયનાદો ગુંજતા રહ્યા.

ઝાલાવાડમાં અક્ષર-પુરુષોત્તમનો ઝંડો ફરકે છે

અભૂતપૂર્વ યજ્ઞ અને નગરયાત્રાની ઘેરી અસરથી અભિભૂત સુરેન્દ્રનગર તા. ૬/૧૨ની રાત્રિસભામાં પ્રસ્તુત થયેલી ઝાલાવાડી સત્સંગની ગૌરવગાથા નિહાળીને પણ દંગ રહી ગયું. સંવાદ, નૃત્ય, વીડિયો, પ્રસંગકથન વગેરે માધ્યમો દ્વારા ગૂંથાયેલી આ ગાથામાં ઇતિહાસના વિમોચનની સાથે ઉદ્‌ઘાટિત થતાં રહેલાં આ પંથકનાં કથાનકો દર્શકોનાં મનમાં સત્સંગની અસ્મિતા ઘોળતાં રહ્યાં. રાત્રે સાડા આઠ વાગ્યે શરૂ થયેલો આ કાર્યક્રમ બે કલાક સુધી અવિરામ ચાલ્યો. છતાં હજી ઘણું દર્શાવવાનું બાકી રહી ગયું તેમ અનુભવતાં નારાયણમુનિદાસ સ્વામીએ સભામંચ છોડી રહેલા સ્વામીશ્રી સમક્ષ ખરખરો વ્યક્ત કર્યો કે 'ગુરુની જયંતીએ ગુરુના ગુણ ગાવાનો જોઈએ એવો લાભ ન મળ્યો !'

આ સાંભળી સભામંડપ અને શ્રોતાસમૂહ તરફ નિર્દેશ કરતાં સ્વામીશ્રી બોલ્યા : 'આ (નગર) ને આ (હરિભક્તો) બધાં જે કંઈ દેખાય છે એ ગુરુના ગુણ જ છે ને !'

તેઓના આ ઉદ્‌ગારમાંથી ગુરુના ગુણનું નવીન દર્શન સૌ પામ્યાં. 'નગર'ના જડ-ચેતનમાં વિલસી રહેલા સ્વામીશ્રીના આ વિભૂતિતત્ત્વને માણી આજે પાળિયાદ, સાયલા, દૂધઈ, ઝાંઝરકા વગેરે ધર્મસ્થાનોના પૂજ્ય

મહંતશ્રીઓ સહિત અનેક સામાજિક-રાજકીય અગ્રણીઓ પણ ધન્યતા અનુભવી રહ્યા.

આ અનુભૂતિ તા. ૭/૧૨ના રોજ આવેલા પ્રતિષ્ઠાદિને વધુ વ્યાપક અને તીવ્ર બની, કારણ કે સુરેન્દ્રનગરના રેલવે મથકની નિકટમાં જ ખડું થયેલું ૧૪૦ X ૬૦ X ૭૫ ફૂટ પરિમાણ ધરાવતું પંચશિખરીય મંદિર આજે સનાથ થવા થનગની રહેલું. તેનાં ૭ ઘુમ્મટ-ઘુમ્મટી, ૧૧ કળશ, ૪૦ કમાન અને ૫૦ સ્તંભના કણ-કણમાં ચેતનનો સંચાર થવાની મંગલ ઘડી આવી ચૂકેલી.

આ ગતિવિધિનો સવાયો ઉમંગ સ્વયં સ્વામીશ્રીને હતો. તેથી પ્રતિષ્ઠા કરવા માટે પધારતી વખતે પગથિયાં પાસે ખુરશી તૈયાર હોવા છતાં તેઓ બોલ્યા: 'ઠાકોરજી પહેલ-વહેલા બિરાજે છે ને! આપણે ચઢીને જ જઈએ.'

ભક્તિના આ ટેકે સ્વામીશ્રી ૭૬ વર્ષની વૃદ્ધ વયે પણ દાદરા ચઢી મધ્ય ખંડમાં બિરાજેલા અક્ષર-પુરુષોત્તમ મહારાજ સમક્ષ આવી ઊભા. અત્રે તેઓએ વેદમંત્રોને અનુસરતાં અક્ષર-પુરુષોત્તમ મહારાજને યાવચ્ચંદ્રદિવાકરૌ પ્રતિષ્ઠિત કરી દીધા. આ ધન્ય ઘડીને સૌએ હર્ષોલ્લાસથી વધાવી લીધી. તેની વચ્ચે મંદિરની પાછળ પ્રદક્ષિણામાં પધારેલા સ્વામીશ્રીએ અહીં દોરી ખેંચી કળશને અનાવૃત્ત કર્યા. તે સાથે જ ઝાલાવાડમાં અક્ષર-પુરુષોત્તમનો ઝંડો ફરકી ગયો.

નર્મદા યોજના માટે અનેરું આહ્‌વાન

સુરેન્દ્રનગરના મંદિરમાં પ્રતિષ્ઠાનો દિવસ તારીખ અનુસાર સ્વામીશ્રીનો જન્મદિન હતો. તેથી ઉત્સવની ઉજવણીમાં પણ કળશ ચઢી જતાં સ્વામીશ્રી સભામાં પધાર્યા ત્યારે ચોમેર *'આવી અનુપમ જન્મજયંતી...'*નો નાદ ગુંજી રહ્યો. તેમાં ૬૫,૦૦૦ સત્સંગીઓનાં ભક્તિઅર્ઘ્યરૂપે થયેલી પુષ્પાંજલિની સૌરભ ભળતાં વાતાવરણ દિવ્ય અને દેદીપ્યમાન બની ગયું.

તેને વધુ આસ્વાદ્ય બનાવતાં સ્વામીશ્રીની અમૃતધારા વહેવા લાગી: "ઝાલાવાડને આંગણે આજે ભગવાન શ્રીજીમહારાજ પોતાના ભક્ત સહિત વિરાજમાન થયા. નાની અને મોટી ઝાલાવાડના સેન્ટર (કેન્દ્ર) એવા આ સુરેન્દ્રનગરમાં બાઈ-ભાઈ તમામ કાર્યકરો, હરિભક્તો ને પ્રજાજનોના સહકારથી આ સુંદર કાર્ય થયું. આજે મહારાજ બેઠા છે, તેમને પ્રાર્થના કરીએ કે 'આખા ઝાલાવાડ ડિસ્ટ્રિક્ટનું શ્રેય થાય."

આ આશીર્વાદ બાદ સ્વામીશ્રીએ આ પંથકની સળગતી સમસ્યા સમા જળસંકટને વિદારવા જોશભરી હાકલ મારતાં જણાવ્યું :

"અહીં પાણીનો પ્રશ્ન ચાલ્યા જ કરે છે ! વાતો સાંભળીએ છીએ, 'નર્મદા આવશે ને આપણું કલ્યાણ કરશે.' પણ નર્મદા વહેલી આવતી નથી, એનું કારણ આપણો કુસંપ છે. સાથે બીજા વિરોધ પણ છે, પણ જો આપણામાંથી કુસંપ મટે તો ગમે તેવા વિરોધનો પણ નાશ થઈ જાય. પાંડવો પાંચ જ હતા, પણ એવો સંપ હતો તો ભગવાન ભળ્યા ને એક વાળ વાંકો ન થયો ! તેમ જ ગુજરાતમાં પણ એક સંપ હોય, એક રાગ હોય, પછી ગમે તે પક્ષ હોય, તો નર્મદા આવે. જો નર્મદા લાવવી હોય તો બધા જ દ્વેષો મૂકીને 'નર્મદા જ મારો ધર્મ છે, નર્મદા જ મારું કાર્ય છે' એવો પ્રયત્ન કરીએ તો કામ સરળ બને.

પચાસ વરસથી વાતો સાંભળીએ છીએ. ૩૦ વરસ તો ખાતમુહૂર્તને થઈ ગયાં. આજે આપણે બૂમો ન પાડવી પડે, પણ નથી થયું એનું કારણ કુસંપ છે. 'હું કરું એ જ સાચું ને બીજો કરે એ ખોટું' એવી ભાવનાઓ છે ! પણ જે પાણીએ મગ ચડતા હોય એનાથી ચડાવી દો. જેનાથી કામ થતું હોય તે થવા દો. કુસંપ જે સમાજમાં હોય તે નાશ પામે. ઘરમાં ગોળો ભરેલો હોય ને પાણી બધા જ પી જાય, પણ કોઈ પાણી ઉમેરે નહીં. એટલે ગોળાનું પાણી સુકાઈ જાય. એમ બધું જ છે આપણી પાસે, પણ કુસંપને લઈને પાણી સુકાઈ જાય છે. આજે આપણે સૌ ફરજ ચૂક્યા છીએ. દરેકને પોતાની રીતે કરવું છે, પણ આપણે શ્રદ્ધા, સંપ રાખીએ ને ગુજરાતનો એક-એક માનવ તૈયાર થશે તો આ કાર્ય થશે.

આ કામ કોઈ બીજાનું નહીં, પણ આપણું પોતાનું છે. પાણી આપણે લાવવું છે ને આપણે પીવું છે. આજે કૂવા રિચાર્જનું કામ આપણી સંસ્થા કરે છે, કારણ પાણી બધા પીએ છે પણ અંદર કોઈ નાંખતું નથી. માટે કૂવા, બોર રિચાર્જ કરો. આ બધી યોજનાઓ આપણે જ કરવી પડશે. જનતા જનાર્દન કહેવાય છે. ગુજરાતમાં નાના-મોટા સૌ એક-એક રૂપિયો રોજ ફાળવે તો દરરોજ ચાર કરોડનું કામ થાય, પણ આપણા પૈસા વ્યસનો, લડવામાં ખોટા માર્ગે જાય છે. વર્ષોથી દુકાળ ભોગવતા આવ્યા છીએ ને નર્મદાની આશા રાખીને બેઠા છીએ તો આપણી ખરાબ વૃત્તિઓને રોકીને જાતે જ મહેનત કરશું તો આ પ્રશ્ન ઊકલશે. સંપ ત્યાં સંપત્તિ. યુદ્ધની અંદર ચારે બાજુથી આયોજન કરવું પડે તો મોરચો જિતાય. એક ખૂણે બેસીને ન થાય. જેની પાસે

બુદ્ધિ, શક્તિ છે એ બધાય કરશે તો આ કામ થશે.''

સ્વામીશ્રીની વાણી આજે નર્મદાના પાણીની જેમ રેલાઈ રહી. જીવના આત્યંતિક કલ્યાણની સાથે સમાજ-કલ્યાણ પણ તેઓને મન અગત્યનું હતું. તેથી જ નર્મદાના નીરને ગુજરાતના ખૂણે-ખૂણે વહેવડાવવા માટે સ્વામીશ્રીએ કરેલો પુરુષાર્થ ઇતિહાસમાં અજોડ પુરવાર થયો છે.[૨૭]

તો શું આપ જેવું નથી થવું તમારે ?

ઝાલાવાડમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજના ડંકા ગજવી સ્વામીશ્રી તા. ૮/૧૨ની સાંજે કોઠા પધાર્યા ત્યારે અત્રે યોજાયેલા ત્રિદિવસીય પારાયણમાં લાભ લેવા ૧૦૦થી વધુ હરિભક્તો તો અમેરિકાથી ઊમટી પડેલા. તે સૌનો ભક્તિભાવ જ જાણે કડકડતી ટાઢમાં સ્વામીશ્રીને આ નાનકડા ગામમાં ખેંચી લાવેલો. સ્વામીશ્રીએ પણ સૌના કોડ પૂરા કરવામાં કોઈ કસર ન રાખી.

તેથી સૌને તેઓ સાથે એવી આત્મીયતા થઈ ગઈ કે તા. ૧૦/૧૨ની સવારે તો પારાયણના એક યજમાન શ્રી મગનભાઈ પટેલ પોતાના ઘેર અલ્પાહારથી પરવારેલા સ્વામીશ્રીના માથે હાથ મૂકી ઊભા રહી ગયા ! એ જ અવસ્થામાં તેઓએ તસવીરકારને ફોટો ખેંચવા કહ્યું.

આ અજુગતું જોઈ એક સંતે યજમાનને ટકોર્યા કે 'આમ સ્વામીશ્રીના માથે હાથ ન મુકાય.'

'ભલે ને મૂકતા. ભગવાનના ભગત માથે હાથ મૂકે તો સારું ને !' મંદ સ્મિત કરતાં સ્વામીશ્રી હળવે સાદે બોલ્યા.

મહિમાની આ અવધિ સાથે વિચરતા તેઓ આજની સાંજે કોઠાથી વિદાય લઈ અમદાવાદ આવી પહોંચ્યા.

અત્રે તેઓ રાત્રે ભોજન લેવા બિરાજ્યા ત્યારે વાતાવરણ શૂન્યમૌન હોવાથી સ્વામીશ્રી બોલ્યા : 'આમ સાવ બેસી રહેવું એના કરતાં કંઈક વાંચો.'

સ્વામીશ્રીને મન મૌન કરતાંયે કથાનો મહિમા અધિક. તેઓની આ રુચિ અનુસાર 'પ્રકાશ'નું વાંચન શરૂ થયું ત્યારે તેમાં આવેલા એક લેખના

---

૨૭. સુરેન્દ્રનગરમાં ઊજવાયેલા પ્રતિષ્ઠા ઉત્સવ અને સ્વામીશ્રીના જન્મજયંતી મહોત્સવને માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

સંદર્ભમાં પાઠક બોલ્યા : 'અહંશૂન્ય રહેવું બહુ અઘરું છે.'

'એમાં અઘરું શું છે ? જેને ભગવાન ને સંતને રાજી કરવા છે એને કશું જ અઘરું નથી.' ઉકાળાનો ઘૂંટડો લેવાનું ઠેલીને સ્વામીશ્રીએ કહ્યું.

તે સાંભળી પેલા સંતે વાસ્તવિકતા રજૂ કરી કે 'અઘરું તો આપને નથી.'

'તો શું આપ જેવું નથી થવું તમારે ? કીર્તન તો ગાવ છો કે *'આપ રીઝો એમ રાજી.'* ત્યારે એ ગાવાનું શું કામનું ? માટે 'આ વસ્તુ કઠણ છે' એવું ન કહેવું. લોકો ઢીલા પડી જાય. 'શું ન થાય ?' એવું કહેવું.' સ્વામીશ્રી એકશ્વાસે ઉચ્ચારી ગયા.

તેઓની વાણીમાં *'કે'દિ દીન વચન ન ભાખે...'*ની વિશેષતા કાયમ જોવા મળતી.

જીવન પલટતો એક ચમત્કાર

તા. ૧૧/૧૨ની સવારે સ્વામીશ્રીએ 'પ્રમુખસ્વામી હેલ્થ કૅર ઍન્ડ રીસર્ચ સેન્ટર'ના રૂપે સંસ્થાકીય સમાજસેવાની એક નૂતન ધારા વહેતી કરી. આ નિમિત્તે તેઓની પ્રાતઃપૂજા બાદ ઉદ્‌ઘાટનનો સંકલ્પવિધિ યોજાયો. તેને અનુસરતાં સ્વામીશ્રીએ દસ વાગ્યે અક્ષર મહોલના મુખ્ય દરવાજે પધારી દવાખાનાની દ્વારશાખનું પૂજન કર્યું. ત્યારબાદ આ સ્વાસ્થ્ય સંકુલમાં મંગલ પ્રવેશ કરી તેઓએ વિવિધ વિભાગોમાં અમીદૃષ્ટિ વેરી.

તે પછી ઉતારે પધારેલા સ્વામીશ્રીને મળવા આજની સાંજે આવેલા લેખક શ્રી મકરંદ મહેતા 'હું જે લખું છું, હું જે માનું છું, એ જ સત્ય છે, બીજું સત્ય નથી,' એવી વિચારધારાને વરેલા હતા. તેઓએ 'પશ્ચિમી ભારતમાં સાહિત્ય અને બદલાતી સામાજિક ચેતના' વિષયક સેમિનારમાં રજૂ કરવા એક લેખ લખેલો. તે કલકત્તાથી પ્રકાશિત થતા 'Quarterly review of historical studies' અને 'અર્થાત્' ત્રૈમાસિકમાં છપાયેલો. બૌદ્ધિકતા તથા બિનસાંપ્રદાયિકતાની ઘેરી અસર હેઠળ લખાયેલા આ આશરે ૩૯ પાનાંના લેખમાં લેખકે શ્રીજીમહારાજ અને તેઓના પરમહંસો માટે ઘણી અધૂરી તેમ જ અઘટિત વિગતો લખેલી. તેથી જબરજસ્ત ઊહાપોહ મચેલો. કૉર્ટકેસ પણ થયેલા. છતાં લેખક પોતાનાં મંતવ્યો છોડવા કે બદલવા તૈયાર નહોતા થયા.

પરંતુ એક ચમત્કારિક અનુભવ તેઓના જીવનમાં ૧૮૦ ડિગ્રીનો વળાંક લઈ આવેલો. એ જ તેઓને આજે અહીં સ્વામીશ્રી પાસે ખેંચી લાવેલો.

પરંતુ સ્વામીશ્રી પાસે આવતાં પહેલાં સંતોને મળેલા આ લેખક ધ્રૂસકાંભર રુદન સાથે કહી રહેલા: 'તે વખતે મેં અધૂરું વાંચન કરીને ભરડી માર્યું હતું. આજે મને એનો ભરપૂર પસ્તાવો થઈ રહ્યો છે.'

આ વિગત ઈશ્વરચરણદાસ સ્વામીએ સ્વામીશ્રીને જણાવી ત્યારે સ્વામીશ્રીના મુખમાંથી શબ્દો નીકળ્યા: 'લાવો, એમને હાર પહેરાવીએ.'

તેઓનો આ ઉમળકો પેલા લેખકને આશ્ચર્યકારી લાગતાં તેઓ ગદ્‌ગદ થઈ ગયા. એ જ અવસ્થામાં તેઓ બોલવા લાગ્યા:

''થોડાં વર્ષો પહેલાં મેં 'અર્થાત્'માં લેખ લખ્યો હતો. એ લેખને હું વર્ણવતો નથી, કારણ કે એ મને વર્ણવવા જેવો નથી લાગતો. મને લાગે છે કે 'એ મારી મોટી ભૂલ હતી.' હમણાં નોર્થ ઈંગ્લેન્ડની સદરલેન્ડ યુનિવર્સિટીમાં મને એ લોકોએ પાંચ વર્ષ માટે વિઝિટિંગ પ્રૉફેસર નીમેલો છે. તે માટે મારે અને મારાં પત્નીને ઈંગ્લેન્ડ જવાનું થયું. ત્યાં યજમાન જે. કે. પટેલ બન્યા. તેમની સાથે હું બે-ત્રણ વખત લંડનના સ્વામિનારાયણ મંદિરે દર્શને ગયો.

એ અરસામાં એક વાર હું ભારત પાછો ફરતો હતો. મારી ફ્લાઇટ લંડનથી રોમ થઈ બૉમ્બેની હતી. રોમમાં મારા મિત્રે એક દિવસનું ૧,૮૫,૦૦૦ લીરા ભાડું આપીને હૉટલ હીબેરિયામાં મારા અને પત્ની માટે રહેવાનું તથા નાસ્તાનું બુકિંગ કરાવી રાખેલું. અમે બારમી નવેમ્બરે લગભગ બાર વાગ્યે રોમના ઍરપોટ પર ઊતર્યાં. ઍરપોર્ટ પર થોડોક સામાન અમે ક્લૉક રૂમમાં જમા કરાવ્યો અને બે-ત્રણ બેગો લઈને અમે ટરમિરી સ્ટેશને પહોંચ્યાં. ત્યાંથી બસમાં હૉટલ હીબેરિયામાં જઈએ છીએ ત્યાં જ મને એક જણે વાતમાં રોક્યો અને એક સેકન્ડની અંદર જ મારી બેગ જતી રહી!

તે બેગમાં જ અમારા પાસપોર્ટ, વીઝા હતા. એ ઉપરાંત, મારાં ટ્રાવેલર્સ ચૅક, ઍર-ટિકિટ હતી. આ બધું ગયું! અમે ગાંડાં જેવાં થઈ ગયાં. કશું સૂઝે નહીં. બસમાં અમે બૂમો પાડી, પણ કોઈ અમારી ભાષા સમજે નહીં. બધાએ પોતાના ખભા ઉછાળ્યા. કોઈને અમારી પડી જ નહોતી. પછી અમે પોલીસ ચોકી શોધી. તે અમને અઢી કલાકે મળી. પોલીસે ફરિયાદ નોંધી. એક કૉપી મને સહી-સિક્કા કરી આપી, જે મેં મારી પાસે જ રાખી છે. મારી પાસે દસ્તાવેજી પુરાવો છે. પછી અમે મહામહેનતે હૉટલ હીબેરિયામાં પહોંચ્યાં. રાતના ઊંઘ ના આવી.

અમે આ ભયંકર અનુભવથી ગભરાઈ ગયાં હતાં. ત્યાં બેઠાં બેઠાં મેં

'હે સહજાનંદ સ્વામી ! હે પ્રમુખસ્વામી ! મારો કંઈક ગુનો હોય તો માફ કરો. મારી ભૂલ થઈ છે. મહેરબાની કરી મને બચાવો. તમારામાં સત હોય તો મને બચાવી લો.' (એમ પ્રાર્થના કરી.) મારાં પત્ની પણ પ્રાર્થના કરે.

તેવામાં રાત્રે બે વાગ્યે મને ઝગારો મારે તેવો પ્રકાશ દેખાયો. એ જ્યોતિઃપુંજમાં મને ભગવાન સ્વામિનારાયણ અને પરમ પૂજ્ય પ્રમુખસ્વામીનાં દર્શન થયાં. તેઓ મને આશીર્વાદ આપતા હતા કે 'ચિંતા ન કરશો. શાંતિથી સૂઈ જાવ. સૌ સારાં વાનાં થશે.' મેં પત્નીને પણ આ વાત કરી.''

આટલું કહેતાં શ્રી મહેતા ડૂસકાં ભરવા લાગ્યા. આ કથાનક સાંભળી રહેલા સોથી વધુ સંતો કુતૂહલતાની ચરમ સીમાએ પહોંચી ગયા. તેમાંથી એક સંત પ્યાલો ભરી પાણી લાવ્યા. તે બે ભ્રમર વચ્ચે આંગળીઓ ટેકવી, દુઃખના માર્યા માથું નીચું કરી રડતા પેલા લેખકને ધરવામાં આવ્યું, પરંતુ તેઓ તો હીબકાં ખાઈ રહેલા. તે ડૂસકાં નીરવ વાતાવરણમાં સ્પષ્ટપણે સંભળાતાં હતાં. તેઓનો આ વલોપાત જોઈ સ્વામીશ્રી ધીરે સ્વરે બોલ્યા : 'મહારાજ... સ્વામી... સ્વામી... ધીરજ રાખો...'

આ અનુકંપાનો ઑક્સિજન પામી થોડી વારે સ્વસ્થ થયેલા શ્રી મકરંદભાઈએ બયાન આગળ વધાર્યું :

''એ આખી રાત અમે ઊંઘ્યાં નથી, કારણ કે પૈસા નહીં ને બીજી ફ્લાઇટ અઠવાડિયા પછીની હતી. જિંદગીમાં કઈ રીતે સારું થાય છે, કઈ રીતે જીવન પલટાય છે તે બુદ્ધિના તર્કથી ખબર પડતી નથી. મને લાગે છે કે આપણાં નસીબ ભાગ ભજવે છે. મને બહુ મોટો ટ્રોમેટિક એક્સપીરિયન્સ (આઘાતજનક અનુભવ) થયો. હું માનું છું કે 'Faith begins when reason ends.' – 'તર્ક-વિતર્ક શમે ત્યારે શ્રદ્ધા શરૂ થાય છે.'

બીજે દિવસે ભારતીય રાજદૂતાવાસમાં ગયો. ત્યાં ઘાંટાઘાટ કરી કે 'મારે હમણાં એક વાગ્યાની ફ્લાઇટ પકડવાની છે. તમે જલદી કરો.' ત્યાં બીજો માણસ કે જેનું નામ કોટેચા કે કચેરિયા હતું તે લગભગ સવા દસ વાગ્યે દોડતો દોડતો આવી મને કહે : 'આ તમારો પાસપોર્ટ ને બધું આવી ગયું !'

અમને નવાઈ લાગી કે 'આ કઈ રીતનું બને ! આ તો ચમત્કાર ! મારાં પત્ની તો અત્યારે જેમ હું રડું છું એવી રીતે ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યાં. એ ચોર મારો ૩૦૦ પાઉન્ડનો ટ્રાવેલર્સ ચૅક લઈ ગયો પણ મારો પાસપોર્ટ અને ટિકિટ મને મળ્યાં. અહીંયાં મને સમજણ પડતી નથી.

અમારી પાસે ઍરપોર્ટ સુધી પહોંચવાના પૈસા ન મળે. તેથી અમે એક લાખ લીરા ઍમ્બેસીમાંથી ઉછીના લીધા. અમદાવાદ પહોંચ્યા બાદ અમે તે પરત કર્યા. અમે વિના વિઘ્ને અમદાવાદના અમારા ઘર ભેગાં થયાં.

સાચોસાચ આ એક ચમત્કાર હતો!!'

આ અકલ્પનીય અનુભૂતિનું કથન અટક્યું ત્યારે સ્વામીશ્રીના સતનું તેજ ચોતરફ લીંપાઈ ગયેલું. તર્કના કાંટા વચ્ચે શ્રદ્ધાનું ગુલાબ ખીલી ચૂકેલું. તેથી જ પેલા લેખકે સ્વામીશ્રીના હસ્તે પુષ્પહારની સાથે કંઠી પણ પહેરી.

સ્વામીશ્રીની સાધુતાથી કંઈક પૂર્વગ્રહ-પીડિત માનસ પણ ભક્તિભર્યાં બની જતાં.

સૌનું કરો કલ્યાણ

તા. ૧૨/૧૨ની સવારે અમદાવાદથી વિદાય લઈ સ્વામીશ્રી ગાંધીનગર પધાર્યા ત્યારે અત્રે નૂતન મંદિરની પ્રતિષ્ઠા નિમિત્તે યોજાયેલા યજ્ઞમાં ૧,૦૦૦ ભક્તો-ભાવિકો વેદવિધિને અનુસરી રહેલા. આ યજમાનોને અગ્નિપ્રાગટ્ય અને મૂર્તિપૂજન કર્યાં બાદ આશીર્વાદ પાઠવી સ્વામીશ્રી વિદાય લેવા તૈયાર થયા ત્યારે યજ્ઞના આચાર્યપદે નિયુક્ત ભૂદેવો શ્રી ઘનશ્યામભાઈ શુક્લ અને પરમાનંદભાઈ દવેએ લાગણી વહાવી કે 'બાપા! અમે બ્રાહ્મણો એવું ઇચ્છીએ છીએ કે આપ અનંતકાળ સુધી અમારી વચ્ચે રહો.'

આ અરજ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'તમે ભૂદેવો છો એટલે તમારું કહેવું દેવો માને, પણ આ લોકમાં રહેવાનું કે જવાનું એ તો ભગવાનની ઇચ્છાને આધીન છે. એવો સંકલ્પ કરો કે દુનિયામાં કોઈ ભૂખે સૂએ નહીં, કોઈને પાણીની સમસ્યા નડે નહીં, સમયે સમયે વરસાદ પડે.'

સ્વામીશ્રીના હૈયેથી *'સૌનું કરો કલ્યાણ, દયાળુ પ્રભુ હો...'*ની વૈશ્વિક ભાવના વહી છૂટી.

તે સાથે વિચરતા તેઓના સાંનિધ્યમાં આજની સાંજે અક્ષરધામના નૈમિષારણ્યમાં કીર્તન આરાધના યોજાયેલી. તેમાં ઉપસ્થિત મુખ્યમંત્રી શ્રી શંકરસિંહ વાઘેલા સહિત અનેક મહાનુભાવોએ ગાંધીનગરને નૂતન હરિમંદિરની ભેટ આપવા બદલ સ્વામીશ્રીનો આભાર માન્યો.

તે ઝીલતા સ્વામીશ્રીએ તા. ૧૩/૧૨ની સવારે નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવ્યા. ત્યારબાદ તા. ૧૪/૧૨ના રોજ વિદાય

લેતાં પૂર્વે તેઓ અક્ષરધામના પરિસરને અડીને ઊભેલા વટવૃક્ષ તળે પધાર્યા. અહીં યોગીજી મહારાજે ગાંધીનગરને વિકાસના આશીર્વાદ આપી અક્ષરધામનું બીજારોપણ કરેલું. આ ગુરુચરિત્રને ચિરંજીવ કરતા સ્વામીશ્રી અત્રે શિલાલેખનું સ્થાપન કરી હવાઈમાર્ગે જઈ પહોંચ્યા સુરતના આંગણે !

તાપી તટે પ્રતાપી કાર્ય

તા. ૧૪/૧૨ની સવારે સવા અગિયાર વાગ્યે સુરત પધારેલા સ્વામીશ્રીને ઍરપોર્ટથી મંદિર સુધી દોરી જવા અત્રે કલેક્ટરની આગેવાની હેઠળ ૭૬ મોટરોનો રસાલો તૈયાર હતો. આ ઉમળકાભર્યું સ્વાગત સ્વીકારતા સ્વામીશ્રી સુરતની શાન સમા નવનિર્મિત શિખરબદ્ધ મંદિરે પધાર્યા ત્યારે આ સ્થાપત્યનો કાંગરે-કાંગરો થનગની ઊઠ્યો. અહીં મંદિર-પ્રતિષ્ઠાની સાથે સ્વામીશ્રીના ૭૬મા જન્મજયંતી મહોત્સવની ઉજવણી પણ હોવાથી ૩,૦૦૦ બાઈ-ભાઈ સ્વયંસેવકો સમૈયાને પોતાના ખભે ધારી સેવારત બનેલાં.

આજની સાંજે આ સેવાધારીઓનાં શિરે અમૃતધારાનો અભિષેક કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'આપ બધા કેડ બાંધીને તૈયાર થયા છો એ જાણીને ખૂબ આનંદ થયો. સૌરાષ્ટ્રનો માલ ઝાઝો છે એટલે વાંધો નહીં આવે. પથ્થરને પણ તોડી નાંખે એવા, સેવામાં પાછા ન પડે એવા સૌ શૂરવીર છો. મુંબઈમાં (અમૃત મહોત્સવ વખતે) પથ્થરવાળી જમીનમાં પણ આપ સૌ મંડ્યા'તા. પેલું ગરનાળું પાડવાનું હતું, તોપણ મંડ્યા'તા. તેથી અમને પણ વિશ્વાસ છે. અને આ તો આપણા ઘરને આંગણે ઉત્સવ હોવાથી બધાની એવી સેવા કરો કે જેની યાદગીરી જિંદગીભર રહી જાય. જમણમાં તો સુરતનું જમણ. પ્રેમથી, ઉત્સાહથી આપણે બધાને જમાડવા છે.'

શબ્દે-શબ્દે ઉત્સાહના ફુવારા ઉડાડતા આ આશીર્વાદ આપી સ્વામીશ્રીએ સ્વયંસેવકો માટે સમૈયો સાર્થક કરી આપ્યો.

સમૈયાના સક્ષમ સમીક્ષક

સેંકડો સ્વયંસેવકોનાં શ્રમ-શ્રદ્ધાથી ખીલેલા ૪૦ એકરના ઉત્સવ-સ્થળ 'સ્વામિનારાયણ નગર'નું ઉદ્‌ઘાટન તા. ૧૫/૧૨ની સવારે યોજાયેલું. આ પ્રસંગે સ્વામીશ્રીને ગાડીમાં જ બેસી રહેવા વિનંતી થયેલી, પણ તેઓ

૧૪૦ X ૩૫ ફૂટના અક્ષર દ્વાર પાસે ઊભા રહી સૌ સંતોની સાથે જ વિધિમાં સામેલ થઈ ગયા.

આ ઉત્સાહથી 'નગર'ને સૌ માટે ખુલ્લું મૂકી સ્વામીશ્રી પ્રાત:પૂજા કરવા મહોત્સવના મંચ પર પધાર્યા ત્યારે આ સ્ટેજ સુશોભનથી ભરપૂર હતું. પરંતુ સ્વામીશ્રીની નજરમાં તો શોભાસાગર શ્યામ જ રહેતા. તેથી તેઓએ વ્યવસ્થાપક સંતોને સૂચના આપી: 'તમે જરા દૂરથી જોઈ આવો. ઠાકોરજીનાં દર્શન થાય છે?'

અર્ધગોળાકાર ઘુમ્મટના સુશોભનમાં પધરાવેલા ઠાકોરજી આછા અંધકારમાં હોય તેમ જણાતું હોવાથી સ્વામીશ્રીનું આ સૂચન આવેલું.

એ જ રીતે પ્રાત:પૂજા બાદ તેઓએ રસોડાના સંતોને કહ્યું: 'આ સભામંડપની સામે જ તમારા રસોડાનો કોઠાર છે. વચ્ચે રસ્તો જ છે. એટલે અત્યારથી જ ધ્યાન રાખજો. માણસોનું ટોળું ઘૂસશે તો સીધા કોઠારમાં જ ધસારો કરીને અવ્યવસ્થા ઊભી કરશે. એટલે અત્યારથી જ કમ્પ્લીટ સિક્યુરિટી રાખજો. કોઠાર આગળ આડિયાં ગોઠવી દેજો, નહીં તો બધું કાબૂ બહાર જતું રહેશે.'

એક નજરમાં જ દૂર-નજીકના સૌ વિભાગોની શક્તિ-ક્ષતિ માપી લે એવા સ્વામીશ્રી સમૈયાના સક્ષમ સમીક્ષક હતા. તેઓના વરદહસ્તે આજે અકોલા અને રાયપુર(છત્તીસગઢ)નાં નિર્માણાધીન મંદિરોનો ખાતવિધિ પણ થયો.

દીકરી જન્મે એ કંઈ ગુનો ઓછો છે?

તા. ૧૫/૧૨ની પ્રાત:પૂજા બાદ યજ્ઞશાળામાં પધારેલા સ્વામીશ્રીએ અહીં અગ્નિપ્રાગટ્ય કરી વિશ્વશાંતિ મહાયાગનો આરંભ કરી આપ્યો. અત્રે મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની સાથે તેઓએ શહેરના પરાવિસ્તાર વેડ રોડના સંસ્કારધામની મૂર્તિઓનું પણ પૂજન કર્યું.

ત્યારબાદ ૧૧૧ કુંડની ફરતે બેઠેલા ૯૩૬ યજમાનોને આશીર્વાદથી ભીંજવી સ્વામીશ્રી ઉતારે પધાર્યા ત્યારે અહીં એક સંતે કો'ક મુમુક્ષુનો પ્રશ્ન રજૂ કરતાં પૂછ્યું: 'સ્વામી! આ ભાઈને એક દીકરો છે. હવે બીજું આવનારું બાળક જો દીકરી હશે તો? – એવી તેઓને મૂંઝવણ રહે છે.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'દીકરી આવે તો વાંધો શું છે? એક

નારાયણ છે ને બીજાં લક્ષ્મીજી આવશે. દીકરી જન્મે એ કંઈ ગુનો ઓછો છે ?'

જેમ છોડવે ખીલતું પ્રત્યેક ફૂલ વધાવવા યોગ્ય છે તેમ સ્વામીશ્રીને મન પૃથ્વી પર આવતો દરેક જીવ આવકારપાત્ર હતો. મર્યાદામાં રહેતા તેઓ સ્ત્રી-શક્તિનું પણ મહત્ત્વ સમજતા.

તેઓની આ શૈલીને અનુસરતાં આજની સાંજે સુરતની સડકો પર નીકળેલી નગરયાત્રામાં પ્રત્યેક સ્તર અને સમાજના મનુષ્યો સામેલ થયા. બપોરે સવા ત્રણ વાગ્યાના સુમારે જ્યારે અપાર વિવિધતા અને અસીમ ઉત્સાહના બે કિનારા વચ્ચે ૫૦,૦૦૦ની સંખ્યાનો માનવપ્રવાહ શોભાયાત્રાના રૂપમાં વહેવા માંડ્યો ત્યારે સુરત સ્થિર થઈ ગયું. લાલ ગેટ, ઊના પાણી, ભાગા તળાવ ચૉક, મકાઈ પુલ, ટીંબલિયા વાડ, આઠવા ચૉક, સરદાર પુલ થઈને મંદિરે વિરમેલી આ નગરયાત્રા સતત સવા ચાર કલાક સુધી નગરનું નજરાણું બની રહી. તે જ્યાં-જ્યાંથી પસાર થઈ ત્યાં-ત્યાં શિસ્ત, શોભા, સેવા અને સ્વચ્છતાના સાથિયા પૂરતી ગઈ. તેથી સુરત ખૂબસૂરત બની રહ્યું ! નગરયાત્રાના સમાપન સમયે સ્વામીશ્રી પણ દર્શન આપવા પધારતાં માનવમેદની મહેરામણની જેમ હડુડવા લાગી.

આ નગરયાત્રાનો નાદ શમ્યો ત્યાં જ 'નગર'ના સભાગૃહમાં કીર્તન આરાધનાના સૂરો રેલાયા. સંગીતના સાજ સાથે વહેતી આ સૂરાવલિઓએ સભામાં ઉપસ્થિત મંત્રી-સંત્રીથી લઈ હજારોના સમુદાયને ડોલાવી દીધો.

પૂરી રહ્યા છો દાસના કોડ કોડે

સુરતના સમૈયામાં તા. ૧૬ અને ૧૭ ડિસેમ્બરના દિવસો શિરમોર હતા. આ સમયગાળામાં તાપી તટે શિખરબદ્ધ મંદિરની પ્રતિષ્ઠા અને સ્વામીશ્રીની જન્મજયંતીની ધારા ભળતાં સાચે જ ત્રિવેણી સર્જાઈ ગઈ.

પરંતુ આ મંગલ સંગમમાં સૌપ્રથમ સ્નાન માટે સદ્‌ભાગી બન્યા – આદિવાસી બાળકો !

ઉકાઈથી આવેલું આ છાત્રવૃંદ પોતાની સાથે પ્રેમના પ્રતીકરૂપે મમરાનો મોટો હાર લાવેલું. તે વડે જન્મોત્સવના સપરમા દા'ડે સ્વામીશ્રીને વધાવવાનો ઉમંગ આ આદિવાસીઓનાં અંતરમાં ઉછાળા મારતો હતો. પરંતુ એ રંગમાં ભંગ પાડતાં ઉતારામાં ઘૂસી આવેલું એક ભૂંડ પેલા મમરાના હારને ચૂંથવા-ચાવવા માંડ્યું. તેની આ અઘટિત હરકત ચાલતી હતી તે જ વખતે

સ્વયંસેવકો આવી જતાં ભૂંડ તો ભાગી ગયું પણ તેણે હારને રફેદફે કરી મૂક્યો.

પોતાના ભગ્ન હૃદયના અવશેષ જેવો એ તૂટલો-ફૂટલો હાર લઈ આદિવાસી બાળકો તા. ૧૬/૧૨ની સવારે સ્વામીશ્રી નિત્યપૂજાથી પરવારી ઉતારે જવા ગાડી પાસે પહોંચ્યા ત્યારે ત્યાં જ ઊભેલા, પરંતુ હાર હવે સ્વામીશ્રીને પહેરાવવા યોગ્ય રહ્યો નહોતો. છતાં સ્વામીશ્રી બોલ્યા: 'પહેરાવવામાં વાંધો નહીં. લાવો, એ હાર! અત્યારે પહેરાવી દો. ભૂંડે આવું કર્યું તો એનુંયે કલ્યાણ થઈ ગયું.'

...અને પોતાની જન્મજયંતીના ઉત્સવ નિમિત્તે સ્વામીશ્રીના કંઠમાં પહેલો હાર આરોપિત થયો – એ આદિવાસી બાળકોના હાથે! જન્મજયંતીએ પહેરેલા ૯૫ કલાત્મક હારની શૃંખલામાં પ્રથમ આ હાર ગ્રહણ કરીને સ્વામીશ્રીએ પોતાનાં સ્થૈર્ય, ધૈર્ય અને વાત્સલ્યની ત્રિવેણી રચી દીધી.

શિખરબંધ મંદિર થયું, શુભ સુરત શહેર મોઝાર

તા. ૧૬/૧૨ની સવારે સ્વામીશ્રીનાં પ્રેમ અને પરિશ્રમનું પુષ્પ સુરતના આંગણે મંદિરરૂપે વિકસી ચૂકેલું. ૧૦૦ જેટલા સ્તંભ, ૮૨થી અધિક તોરણ, ૨૮ ગવાક્ષો, ૭ ઘુમ્મટીઓ સહિત ૭૫ ફૂટ ઊંચા આ સપ્ત-શિખરીય સ્થાપત્યના કણ-કળશમાં હજારો ભક્તોનાં સેવા-સમર્પણ ઝળહળી રહેલાં. બંસીપહાડપુરની ૨,૩૧૦ ટન ગુલાબી શિલાઓ ઉપરાંત, ૧૩૮ ટન આરસ અને ૩ ટન ગ્રેનાઇટ અહીં ભગવાનનું ઘર બનીને ગોઠવાઈ ગયેલાં. શ્રીજીથી યોગીજી સુધીની પ્રાણવાન પરંપરાની પ્રેરણા આ મંદિરના પાયામાં હતી, તો સ્વામીશ્રીનો પુરુષપ્રયત્ન તેના પથ્થરે-પથ્થરમાં.

આવા મંદિરમાં પ્રભુને પધરાવવા સ્વામીશ્રીએ તા. ૧૬/૧૨ની સવારે ૩૫ x ૮૭ ફૂટમાં પથરાયેલા આરસજડિત પૉડિયમ પર પગ મૂક્યા ત્યારે ચિક્કાર પરિસર, ભરચક સરદાર પુલ અને મંદિરની આસપાસ ઊભેલાં ઉત્તુંગ સંકુલો પરથી બુલંદ જયઘોષ વરસવા લાગ્યા. હા, મંદિરમાં પ્રવેશવા અસમર્થ માનવપૂર પુલ અને ઊંચી ઇમારતો સુધી ફરી વળેલું. આ દિવ્ય અવસરની ઝાંખી ઝડપવા સૌ આતુર હતા.

તેઓની આંખોના અતિથિ બનેલા સ્વામીશ્રી પૉડિયમ પરથી ફુગ્ગાઓને ગગનગામી કર્યા બાદ જમણી બાજુની પ્રદક્ષિણામાં પધાર્યા. અહીંથી તેઓએ સુવર્ણકળશોને અનાવૃત્ત કરતાં જ સૂર્યપુત્રી તાપીના સંગાથી બનેલા આ

મંદિરને સાક્ષાત્ સૂર્ય ઝગમગાવવા લાગ્યો. એ ઝળહળાટ સાથે પૂજનવિધિમાં બેઠેલા યજમાનોનો થનગનાટ ભળતાં નિદ્રાધિવાસમાંથી ઠાકોરજી જાગ્યા. તેઓ સમક્ષ સિંહાસનના પ્રથમ પગથિયે ઊભા રહેલા સ્વામીશ્રી પ્રતિષ્ઠાવિધિને અનુસરવા લાગ્યા.

થોડી વારમાં જ તેઓનાં કરકમળો દ્વારા મૂર્તિમાં પ્રાણ પુરાયા ત્યારે ઊઠેલા 'અક્ષર-પુરુષોત્તમ મહારાજની જય'ના પ્રચંડ નાદથી તાપીનાં નીર ખળભળી ઊઠ્યાં. સુવર્ણ-સિંહાસન અને સુવર્ણ-કળશોથી સંપન્ન મંદિરમાં ગુરુ-પરંપરાની આરસ પ્રતિમાઓ સાથે મહારાજ-સ્વામી જોટે બિરાજતા હોય તેવો આ પ્રથમ પ્રસંગ ભારતભૂમિ પર નોંધાતાં સુરતની મૂરત સોનાની બની રહી.

શ્રીજીમહારાજના જમાનાની ઝાંખી કરાવતી સભા

પ્રતિષ્ઠાવિધિ બાદ સ્વામીશ્રી ઉત્સવ-સભામાં પધાર્યા ત્યારે તે ૫૦,૦૦૦ ઉપરાંત ભક્તોની મેદનીથી છલકાતી હતી. તેમાં મંદિર-નિર્માણના સહયોગીઓનો આભારવિધિ થયા બાદ અમૃતધારા વહાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

'સુરતના આંગણે મંદિર થયું છે એ દરેકના માટે છે. એમાં ભક્તિ-ભાવથી દર્શન કરશે એનું ભગવાન કલ્યાણ કરશે. યોગીજી મહારાજની અહીં મંદિર માટે બહુ જ ઇચ્છા હતી. એમાં સંતો, હરિભક્તો, યુવકો, આર્કિટેક્ટો, એન્જિનિયરોએ ખૂબ પુરુષાર્થ કર્યો. તેથી મંદિર તૈયાર થયું. આ પ્રસંગે વિશેષે કરીને બે વ્યક્તિઓને ન ભૂલવી જોઈએ : એક તો આશાકાકા ને બીજા અંબુભાઈ. એમની પાયાની મહેનતથી આ મંદિર ઊભું થયું છે. આજે ભગવાનની પાસે બેઠાં-બેઠાં પણ તેઓ ખૂબ રાજી થતા હશે. સુરતના આંગણે મહાન તીર્થ થઈ ગયું.'

બરાબર બાર વાગ્યે આ આશીર્વર્ષાને વિરામ આપનારા સ્વામીશ્રી આજની સાંજે યોજાયેલી વિશેષ સભામાં પણ સમયસર પધારી ગયા. સુરતના સત્સંગની તવારીખને વણી લેતી આ પ્રસ્તુતિમાં અરદેશર કોટવાલ, ખીમા સુથાર, આત્મારામ દરજી વગેરે શ્રીજીના સમકાલીન ભક્તોનાં કથાનક એવાં રસપ્રચુર રીતે રજૂ થયાં કે સ્વયં સ્વામીશ્રી આશીર્વાદમાં બોલી ઊઠ્યા : 'આપણે જાણે મહારાજના જમાનામાં જઈને પાછા આવ્યા હોઈએ એવું લાગ્યું !'

આ સભામાં વચ્ચે વાળુ માટે ઊઠ્યા તે સિવાય તેઓ સળંગ ચાર કલાક સુધી બિરાજ્યા. તેથી રાત્રે પોઢવા માટે સ્વામીશ્રી પલંગ પર બેઠા

ત્યારે રાત્રિના અગિયાર વાગી ચૂકેલા. તે વખતે આખા દિવસનો શ્રમ અને આરામમાં થયેલા વિલંબને લક્ષમાં રાખી તબીબોએ પૂછ્યું : 'કેમ છે શરીરે ?'

'બસ, આનંદમ્... સુખમ્...' સ્વામીશ્રી બોલ્યા.

સમૈયો હોય કે ન હોય – તેઓની આ સ્થિતિ કાયમની !

અતિ ત્યાગી તપસી તને

તા. ૧૭/૧૨ની સવારે ૯૩,૦૦૦થી વધુ સંખ્યામાં ઊમટેલા ભક્તસમૂહે યશોગાન અને પુષ્પમાળાઓ દ્વારા સ્વામીશ્રીની ૭૬મી જન્મજયંતીએ ઋણાભિવ્યક્તિ કરી. તેના જ ભાગરૂપે બાર યુવાનોએ પાર્ષદી દીક્ષા સ્વીકારી જીવન સમર્પિત કર્યું, તો સુરતની મહાનગરપાલિકાએ સરદાર પુલના પશ્ચિમી છેડે ઊભેલા ચૉકને 'સ્વામિનારાયણ સર્કલ' તરીકે જાહેર કર્યો. તેની સાથે ભૂલકાં-ભવન શાળાથી કૃભકો સર્કલ તરફ જતા જકાતનાકા સુધીના માર્ગને 'પ્રમુખસ્વામી મહારાજ માર્ગ' નામાભિધાન કરી શહેરના હોદ્દેદારોએ સ્વામીશ્રીને ઉચિત અંજલિ આપી દીધી.

આ અવસરે અમીવૃષ્ટિ કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'ભગવાન પાસે એ જ પ્રાર્થના કરીએ કે આપ સુરતમાં બિરાજ્યા છો તો બધા પર એવી દૃષ્ટિ કરો કે બધાનાં અંતઃકરણ શુદ્ધ થઈ જાય, શાંતિ થઈ જાય, બધા અંતરથી સુખી થઈ જાય. જેણે તને-મને-ધને, જાણે-અજાણે સેવા કરી છે એને ભગવાન અક્ષરધામના અધિકારી બનાવે.'[૨૮]

આ આશીર્વાદ સાથે સમાપ્ત થયેલા ઉત્સવની સંકેલણીનું કાર્ય પુરજોશમાં ઉપાડવાનું હતું, પરંતુ તા. ૧૮/૧૨ના રોજ આવતો સુદ નવમીનો નિર્જળ ઉપવાસ સેવાકાર્યની ઝડપમાં સંતોને અવરોધ ઊભો કરશે તેમ જણાતાં તા. ૧૭/૧૨ની રાત્રે વ્યવસ્થાપક સંતોએ સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા ! પંચ ભેગું થયું છે. રાજીપો છે ?'

આ પૂછપરછમાં ઉપવાસના દિવસે ભોજનગ્રહણની છૂટ આપવાનો ઇશારો હતો. તે પામી ગયેલા સ્વામીશ્રી બોલ્યા : 'રાજીપો છે જ. તમને ગમે

---

૨૮. સુરતમાં ઊજવાયેલા મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ અને સ્વામીશ્રીના ૭૬મા જન્મજયંતી મહોત્સવને માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

એમ કરવાનું. તમને ગમે તો અમારે છૂટ છે! અમે નકામા પાપમાં પડીએ.'

મસ્તક ઢળેલું રાખીને જમણા હાથે બાંધેલી નાડાછડીને ડાબા હાથની આંગળી વડે રમાડતાં સ્વામીશ્રીએ આટલું કહી ઉમેર્યું: 'આજે બધા સંતો જમ્યા છે કે નહીં? ઉપવાસ તો આવા કેટલાય આવે ને જાય.'

'આ તો વાઇન્ડ-અપની સેવા છે એટલે થયું કે છૂટ આપો તો સારું!'

'વાઇન્ડ-અપ છે એમાં શું થઈ ગયું? એક દા'ડો નહીં જમે તો શું થઈ જવાનું? આવું તો દર વખતે ચાલ્યા કરશે. તમે બધાનાં મન માંદાં ના પાડી દો. આપણે આવું કરવું જ નહીં! છતાં તમારા બધાની ઇચ્છા હોય તો કરજો. મારે તમને સંતોને ક્યાં કુરાજી કરવા!'

આ અભિપ્રાયમાં રહેલી સ્વામીશ્રીની 'હા'માં અમી નહોતું. તેથી જ્ઞાનેશ્વરદાસ સ્વામીએ સૌ વતી કહ્યું: 'અમે ઉપવાસ કરીશું જ!'

'ના, હવે કાલે બધાને જમાડી દેજો, પણ ફરી વાર આવી વાત લાવતા નહીં.' સ્વામીશ્રીએ જણાવ્યું.

*'અતિ ત્યાગી તપસી તને...'*ની પ્રકૃતિ ધરાવતા તેઓ ઉપવાસમાં બાંધછોડ કરવા બાબતે કદી ઉત્સાહ ન દાખવતા. છતાં સંતો-ભક્તોનાં મન સાચવવા સ્વામીશ્રી ક્વચિત્ નમતું જોખતા, પણ તે વખતે તેઓની સદા પ્રસન્ન મુખાકૃતિ કિંચિત્ કરમાઈ જતી.

મોક્ષદાતાની મુમુક્ષુતા

તા. ૧૮/૧૨ની સાંજે સુરત મંદિરેથી વિદાય થયેલા સ્વામીશ્રી વેડ રોડના સંસ્કારધામને પાવન કરતાં સાંકરી પહોંચ્યા.

અત્રે તેઓના આગમન સાથે જ સંતશિબિરનો પ્રારંભ થઈ ગયો. મંદિરની સામે આવેલા બંગલાનું ભોંયતળિયું આ શિબિરના સ્થળરૂપે હતું. તેમાં સ્વામીશ્રી વાળુ કરવા બિરાજ્યા ત્યારે સામે બેઠેલા ૪૧૮ સંતો ચાતક-નજરે દર્શન કરવા લાગ્યા.

આ ભોજન બાદ શિબિરસત્ર આગળ ધપે તે પૂર્વે સ્વામીશ્રીને નિજ-નિવાસમાં પધારવા વિનંતી થઈ ત્યારે તેઓ બોલ્યા: 'હુંય શિબિરનો જ સભ્ય છું ને! ચાલુ રાખો. હું બેઠો છું.' આમ કહેતાં સ્વામીશ્રી ઠેઠ સુધી બિરાજ્યા.

મોક્ષદાતા હોવા છતાં તેઓએ છેવટ સુધી ટકાવી રાખેલી મુમુક્ષુતા તેઓની આગવી વિશેષતા.

સ્વામીશ્રીની આ ખાસિયતનું દર્શન સમગ્ર શિબિર દરમ્યાન થતું રહ્યું. તેઓ શિબિરમાં શ્રોતારૂપે કલાકો સુધી બેઠા અને વક્તા તરીકે પણ કલાકો સુધી બોલ્યા. ભોજન વખતે ચાલતા સંતોના ગુણકથનમાંયે તેઓ ઓતપ્રોત થઈ જતા. જરૂર પડ્યે પુષ્ટિ પણ કરતા. તે સમયે સૌને જણાતું કે નાના-મોટા દરેક સંતનું સ્થાન સ્વામીશ્રીના હૃદયમાં છે.

અસ્મિતાનું અમૃત

તા. ૨૦/૧૨ની સાંજે સંતો તેમ જ સત્સંગીઓને ઉપયોગી થાય તેવો ઉપદેશ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

"પરમહંસોએ કીર્તન બનાવ્યું કે *'હમ તો એક સહજાનંદ ગાવે...'* જે કંઈ છે એ સહજાનંદ છે. આપણો મોક્ષ, કલ્યાણ એના થકી છે. વેદ-ઉપનિષદોમાં જે કંઈ ભગવાનની વાત આવે છે તે સર્વ આ સહજાનંદ છે. તમને જે મળ્યું તે શ્રેષ્ઠ જ છે. બીજે ફાંફાં ન મારો. તેનાં જ ધ્યાન, ભજન, ભક્તિ બધું કરો. દુનિયામાત્રનાં શાસ્ત્રોનો સાર વચનામૃતમાં આવી ગયો! 'સ્વામીનો વાતો'માં બધું આવી ગયું! આ અસ્મિતાની વાતો છે.

નિત્યાનંદ સ્વામીને કેટલી નિષ્ઠા! મહારાજને કહ્યું કે 'તમે માંડવીની બજારમાં ભીખ માંગતા હો, પાંચ-સાત છોકરાં હોય તોપણ તમે ભગવાન છો એ નિષ્ઠા ન જાય.' આ અસ્મિતા. ભગવાન ગમે તેવું મનુષ્યચરિત્ર કરે તોપણ કોઈ ફેરફાર ન થાય એ અસ્મિતા. ભગવાન અંધારામાં બેઠા હોય ને પોતાના અંગૂઠામાંથી તેજ નીકળે તોપણ 'એમના પ્રતાપે છે' એમ માને. તે વિના 'હું' થઈ જાય. પણ તારામાં પ્રકાશ આવ્યો ક્યાંથી? બજારમાં જઈએ તો પૈસોય આવે એમ નથી. એમનાથી જ સંપ્રદાય ચાલે છે.

યોગીજી મહારાજે 'હું'કારો કર્યો નથી. શાસ્ત્રીજી મહારાજ અને શ્રીજીમહારાજની જ વાત. કોઈ પણ આવે તો માનતા આપે, મહાપૂજા કરાવે. દોરા-ધાગા બધું ઉડાડી દીધું. એક જ સહજાનંદ! અસ્મિતા એટલે એમના સિવાય બીજો વિચાર ન થવો જોઈએ.

સાચી વાત છે તો ડરવાનું શું કામ? ગુણાતીતાનંદ સ્વામીએ અભેસિંહને શું કહ્યું? 'અમે સાચાબોલા સાધુ તો ખરા ને! બસ, અમારા વચને શ્રીજીમહારાજને સર્વોપરી માનો.' પરંતુ આપણને દૃઢ નથી થયું તેથી સંશય થઈ જાય છે. અસ્મિતા ન હોય તો ખલાસ થઈ ગયું. શાસ્ત્રીજી મહારાજને

અસ્મિતા હતી કે 'વાત સાચી છે', તો દેહ પડે તો ભલે. ભગવાન માટે કુરબાન. બે હજાર સાધુની સંસ્થા સામે હતી. શાસ્ત્રીજી મહારાજને મારવા માટે પણ પ્રયત્ન થયેલા. એવા સંજોગોમાં મોળી વાત નથી કરી. માતરવાળા એક હરિભક્ત કહેતા ને કે 'અમે શાસ્ત્રીજી મહારાજનાં પોટલાં લઈને અહીં-તહીં ફર્યા કરતા.' પણ એને ક્યાં ખબર હતી કે આ પોટલાં અમેરિકા પહોંચશે! શાસ્ત્રીજી મહારાજ જાણતા હતા. એમને અસ્મિતા હતી કે 'ભગવાન સ્વામિનારાયણ સાચા છે ને ગુણાતીતાનંદ સ્વામી અક્ષર છે.' આ અસ્મિતાથી ઝઝૂમ્યા. ખરેખરા ઝઝૂમ્યા.

અસ્મિતા એટલે જે નક્કી છે તેમાં કાંઈ ફેરફાર ન થાય. ભલે ને ગમે તેટલાં પ્રલોભનો મળે! એની કોઈ જરૂર નથી. ભલે ભિખારી થઈ જવાય તોય શું વાંધો છે? માન-મોટપ, સુખ-દુઃખ મળે કે ન મળે. યોગીજી મહારાજ માટે કોઈ બે મત થઈ શકે નહીં. સુરતી દૂધપાકમાં હાથ પડ્યો છે. સો ટચનું સોનું છે. એમાં ફેરફાર નહીં. શાસ્ત્રીજી મહારાજ એક માણસને વાતો કરવા રાતોરાત જાગતા. કેટલી અસ્મિતા હશે! આપણા માટે અસ્મિતા બતાવી છે. એમનામાં આપણને ક્યારેય પણ, ત્રિકાળમાં એવો સંશય ન થવો જોઈએ કે 'આ ખોટું કરી, સમજાઈ ગયા છે.'

ગમે તેવો વિદ્વાન અક્ષર-પુરુષોત્તમની વાત કાઢી નાંખે તોપણ આપણા મનમાંથી વાત જવી જ ન જોઈએ. 'અમારી સમજણ બરાબર છે' એવું છાતી કાઢીને કહેવું જોઈએ. અસ્મિતા હોય તો મન પાછું ન પડે. મોટાપુરુષે ખોટે રવાડે ચડાવ્યા નથી. યોગી મહારાજ જેવા પુરુષ બ્રહ્માંડમાં નથી. આપણને બીજું જોવાનું બહુ મન થાય. કલ્યાણ કરવું, એકાંતિક કરવા, વાસના ટાળવી, એ આ સત્પુરુષના હાથમાં છે. આજે પરદેશમાં યોગનું મહત્ત્વ વધતું જાય છે, પણ કેવળ યોગાસન, પ્રાણાયામ કરવાથી નિર્વાસનિક ન થવાય. આપણા સિદ્ધાંતને મૂકીને આપણે કહીએ કે 'આનો સિદ્ધાંત સાચો છે' તો એ અજ્ઞાન છે.

આપણી વાત કર્યે જ રાખવી. ગામડે ગયા ને સત્સંગ ન થયો તો થાય કે 'સ્વામિનારાયણ ભગવાન હશે કે નહીં હોય?' પણ સ્વામી કહેતા કે 'પ્રસાદ ખાય તે કૂકડો થઈને બોલશે.' એમને એટલી અસ્મિતા કે 'બે, ચાર, પાંચ, દસ વર્ષે પણ સત્સંગી થશે.' માટે કોઈ પણ પ્રકારે એમાં વિચાર ન કરવો. આ વાતમાં ખૂબ દઢતાપૂર્વક રહેવું. એમના સ્વરૂપમાં, એમના કાર્યમાં કોઈ શંકા ન થાય. બધી વસ્તુમાં દિવ્યતા, દિવ્યતા, દિવ્યતા, દિવ્યતા, દિવ્યતા, દિવ્યતા!

આ માર્ગે ચાલ્યા છીએ તો એ ગમે ત્યારે નસ્તર મૂકી દેશે ને આપણામાંથી બધું કાઢી નાંખશે. આપણે અવિશ્વાસ ન લાવવો. એ મળ્યા છે તો સોએ સો ટકા થવાનું જ છે. આવાં ઉત્તમ વચનો ધારવાં, વિચારવાં, તો કોઈ પ્રકારનો વાંધો નહીં આવે. આપણે ભૂલા પડ્યા જ નથી.''

અડતાલીસ મિનિટ સુધી અસ્ખલિત વહેલા આ વાક્પ્રવાહમાં સ્વામીશ્રીનું મુખ નહીં, પણ રોમ-રોમ બોલતું રહ્યું. તેઓના રૂંવાડે-રૂંવાડે રહેલા અક્ષર-પુરુષોત્તમ મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ જ આજે સૌને અસ્મિતાનું અમૃત પિવડાવી ગયા.

ઇન્દ્રિયજિત અભીત સદા

તા. ૨૩/૧૨ની બપોરે સંતશિબિરના પ્રથમ ભાગનું સમાપન થયા બાદ તા. ૨૫/૧૨થી શરૂ થયેલા દ્વિતીય તબક્કામાં ઉપસ્થિત ૨૫૦ સંતોને પણ સ્વામીશ્રીએ સાધુતાનો 'સા' ઘૂંટાવ્યો. આ શિબિરમાંય તેઓ એક શિબિરાર્થી થઈને જ કલાકોના કલાકો બેઠા. શિબિરના સત્રમાં અલ્પવિરામ આવે ત્યારે સંતો તો આવશ્યક દેહક્રિયા કરવા ઊઠે, પરંતુ સ્વામીશ્રી તો એ સમયે પણ પત્રલેખન કે સંત-મુલાકાતમાં પરોવાઈ જાય. તેથી સતત ત્રણ-ત્રણ, ચાર-ચાર કલાક બેસવાના દાખલા ઘણી વાર બનતા.

તે જોઈ તા. ૨૮/૧૨ની બપોરે ભગવત્ચરણદાસ સ્વામીએ પૂછ્યું: 'સ્વામી! એકધારા આમ બેસી રહ્યા છો તો પેશાબ-પાણી નથી કરવાં?'

'અમારે તમારી જેમ કંઈ ઓછું છે? પાંચેય ઇન્દ્રિયો વશ છે.' સ્વામીશ્રી સહજભાવે બોલ્યા.

આવા ઇન્દ્રિયજિત તેઓ આજની રાત્રે ઠાકોરજી જમાડી રહેલા ત્યારે આત્મસ્વરૂપદાસ સ્વામીએ કહ્યું: ''અમે ૧૯૭૫ની સાલમાં અમદાવાદ મુકામે જ્યારે તત્ત્વજ્ઞાન ભણતા ત્યારે સામુદ્રિક શાસ્ત્રના અભ્યાસી પ્રૉફેસર જોષી કહેતા, 'સ્વામીજીની આંખ છે એ સાક્ષાત્કારની આંખ છે અને એમના કાન સૂચવે છે કે એમના પગ તળેથી કરોડો રૂપિયા વહ્યા જતા હશે, પણ તેમાં તેઓ લેશ મોહ નહીં પામતા હોય.''

પરંતુ પોતાની આ પ્રશંસાને નમ્રતાનાં નીરમાં ડુબાડતાં સ્વામીશ્રી બોલ્યા: 'આપણને કોઈ ભોજિયોય પૂછતો ન હતો. આ તો જોગીબાપાએ બધામાં સત્સંગનો મહિમા નાંખ્યો એટલે લોકો આપી જાય છે. એમણે બહુ

તપ કર્યું, દાખડો કર્યો એટલે આ બધું વધે છે.'

આ સમયે એક સંતે પોતાનું અવલોકન રજૂ કર્યું કે 'અત્યારે બધા સંતોમાં આત્મબળ બહુ આવી ગયું. બધાં ક્ષેત્રોમાં ઝંપલાવે. પાછા ન પડે. આ બધું આપ ગાદી પર આવ્યા પછી જ બધા શીખ્યા. પહેલાં આવું સરભરા, વ્યવહાર કે એવું કશું જ નહોતું.'

'તે વખતે તે પ્રમાણે હતું.' આટલું કહી સ્વામીશ્રીએ ઉમેર્યું :

'તે વખતે સત્સંગીઓ ઓછા. પહેલાં તો સવારે ચા-પાણી જ નહીં. નાસ્તો પણ નહીં. ચોમાસું હોય ત્યારે પાપડી શેકે. સંતોય એવા ટ્રેઇન્ડ (તાલીમબદ્ધ) નહીં. નિર્ગુણ સ્વામી બધાને બોલાવવા-ચલાવવામાં હોશિયાર. સરભરા જેવું એમને ખરું ! બીજા માળા ફેરવે. જવાનિયા કોઈ દેખાય જ નહીં ને ! બોચાસણમાં એક મુકુંદ હતા, પંડોળીના ! બોલી પણ એવી ! ગમે એવો આવ્યો હોય એને એમ જ પૂછે, 'ચોંહી (ક્યાંથી) આયો ? લ્યા, કંઈ બોલે છ ?' જાડાં ચશ્માં તે બહુ લાંબું દેખાય નહીં.

સ્વામી(શાસ્ત્રીજી મહારાજ)ના વખતમાં ૫૦ સંતોથી વધારે થાય જ નહીં ને ! ને આવે એય બધી રીતે ખઈ-પી ઊતરેલા જ આવે.'

સ્વામીશ્રીએ સંસ્થાના અતીતનું એક પાનું ઉઘાડી આપ્યું. તેના પાયા પર ઊભેલા સંસ્થાના વર્તમાનને સન ૧૯૯૬ છેલ્લા ૩૬૫ દિવસથી નીરખી રહેલી. સમયની એ આરસીમાં જોતાં તેની નજર સામે સ્વામીશ્રીની ભવ્ય વિદેશયાત્રા ઊભરી આવી. તેમાં તેને પૃથ્વીના પૂર્વ ભાગમાં વસેલા દેશોથી માંડી પશ્ચિમી ગોળાર્ધમાં વસેલા દેશો સુધી ઉપાસનાનો ઉજાશ ફેલાવનારા એકમાત્ર સ્વામીશ્રી જણાયા.

વળી, અમેરિકામાં અધિવેશનની આધ્યાત્મિક આબોહવા ઊભી કરનારા પણ સ્વામીશ્રી સિવાય અન્ય કોઈ આંખે ન ચડ્યા. સ્વામીશ્રીની નિશ્રામાં ૨૫ વર્ષ પૂરાં કરનારા અમેરિકાના સત્સંગની ભરયુવાની પણ સન ૧૯૯૬ને આશ્ચર્યકારી અનુભવાયેલી.

એ જ રીતે, ભારતની ભૂમિ પર આ વર્ષે બે શિખરબદ્ધ મંદિરો પ્રતિષ્ઠિત કરી સ્વામીશ્રીએ ઇતિહાસ સર્જી દીધેલો. આવાં કંઈક કીર્તિમાન સ્થાપવા છતાં તદ્દન નમ્ર અને અત્યંત ભક્તિપરાયણ રહેતા તેઓ આ વર્ષ માટે વિસ્મયનો વિષય થઈ પડેલા.

તેથી જ, તા. ૩૧/૧૨ની રાત્રે બાર વાગ્યે વિદાય લેતી સન ૧૯૯૬

સ્વામીશ્રીને વધાવતાં ગાઈ રહી :

'આવી રીત્ય દીઠી ન સાંભળી, તેવી આજ જોઈ અમે મળી...'



The Future Is Bright

ભવિષ્ય ઉજ્જવળ છે

સન ૧૯૯૭

ભગવાનનું કામ તો થાય એટલું કરી લેવું

સન ૧૯૯૭નું પરોઢ ફૂટ્યું ત્યારે વિશ્વના ૪૦ દેશોમાંથી ૩૮ ભાષાઓમાં પ્રકાશિત થયેલી 'ગિનિઝ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્ઝ'ની સાડા આઠ કરોડ નકલો સ્વામીશ્રીની સ્તુતિ લલકારી રહેલી, કારણ કે વિક્રમસર્જક વિગતોને બિરદાવતા આ પ્રતિષ્ઠિત પુસ્તકની આ વર્ષની આવૃત્તિમાં લંડનના મંદિરની આરતી ઉતારતાં લખાયેલું :

'ભારતવર્ષની બહાર સૌપ્રથમ વાર બંધાયેલું સંપૂર્ણ પથ્થરનિર્મિત હિંદુ મંદિર...'

આ દસ્તાવેજી લખાણ દ્વારા તા. ૧/૧ના રોજ સ્વામીશ્રીનો મહિમા દુનિયાના ખૂણે-ખૂણે ગુંજી રહ્યો; પરંતુ આ સમયે તેઓ તો માંડ બસોની સંખ્યા ધરાવતા સાંકરી ગામમાં સત્સંગનો લાભ આપી રહેલા !

આ રીતે પોતાની સિદ્ધિ-પ્રસિદ્ધિથી અજાણ રહીને વિચરતા સ્વામીશ્રી તા. ૪/૧ની સવારે બુહારી પધાર્યા.

અહીં ભક્તોનાં સેવા-સમર્પણથી તૈયાર થયેલા નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કરીને વ્યારા પહોંચેલા તેઓ અત્રે

વાળુથી પરવાર્યા ત્યારે સામે બેઠેલા યુવક શ્રી હરેશ મોરડિયાએ પૂછ્યું :

'સ્વામી! મને ઘણી વાર વિચાર આવે છે કે આપને બધું ટાઈમે જ કરવું પડે! ઊઠવાનું, પૂજા, આરામ, સભા વગેરે બધું ટાઈમે કરવાનું. એમાં અમારી જેમ કો'ક વાર વધારે સૂવું હોય, મહિનો ફ્રી રહેવું હોય એવું થઈ ન શકે તો કંટાળો ન આવે?'

'આપણે આપણી રીતે રહેવા ક્યાં આવ્યા જ છીએ! આપણે તો ભગવાન ને જોગી મહારાજની રીતે રહેવા આવ્યા છીએ.' પોતાની જીવનશૈલી સ્પષ્ટ કરતાં આટલું કહી સ્વામીશ્રીએ ઉમેર્યું :

'ભગવાનનું કામ તો જેટલું થાય એટલું કરી લેવું. ઘણા જનમ સૂઈ લીધું છે. ભગવાન ન મળ્યા હોત તો હજી સૂતેલા જ હતા ને! એમણે જગાડ્યા છે કે માળા કર્યા કરો ને ગામોગામ ફર્યા જ કરો. વ્યવહારનું કામ છે એ કંટાળાવાળું છે, પણ ભગવાનનું કામ કંટાળાનું છે જ નહીં!'

૭૬મા વર્ષે પણ આવો હતો સ્વામીશ્રીનો થનગનાટ!

દુખતા પગે દંડવત્‌નું અર્ઘ્ય

તા. ૫/૧ના રોજ વ્યારાના મંદિરનો પાટોત્સવ ઊજવી સ્વામીશ્રી આજની સાંજે ઉકાઈ જવા નીકળ્યા ત્યારે રસ્તે આવેલા સોનગઢમાં ૭૬ યુવાનોનો ઉત્સાહ મોટર-સાઈકલ પર સવાર થઈ ઊછળી રહેલો. આ યુવકો ૭૬ વાહનોની રેલી દ્વારા ફિરંગી માતાના મંદિરેથી સ્વામીશ્રીને ઠેઠ શહેરની સરહદ સુધી વળાવવા આવ્યા. અત્રે ઊભેલા નગરવાસીઓનું સન્માન ઝીલી સ્વામીશ્રી ઉકાઈ પહોંચ્યા.

અહીં આદિવાસી બાળકો માટે તૈયાર થયેલા નૂતન છાત્રાલયમાં નિવાસ ઠરાવનારા તેઓએ તા. ૬/૧ની સવારે વિદ્યાર્થીઓ તથા વાલીઓને આશીર્વાદ આપતાં જણાવ્યું :

"શિક્ષણમાં આજે ધાર્મિક શિક્ષણ અપાતું નથી, એટલે એ આપવા માટે આવાં ગુરુકુળો સ્થાપીએ છીએ. સૌને વિનંતી કે જે વિષય ભણો એમાં સંપૂર્ણ બનો. હિંમત હારવી નહીં. ભગવાનના પ્રતાપે બધું જ શક્ય છે, માટે એમનો આશરો દૃઢ રાખવો. શિક્ષકોને પણ વિનંતી કે 'આ બધા જ બાળકો આપણા બાળકો છે' એમ માનીને ભણાવવું."

આ ઉપદેશ વહાવી છાત્રાલયનું નિરીક્ષણ કરવા નીકળેલા સ્વામીશ્રીએ

રસોડામાં રસોઈના મસાલાઓ હાથમાં લઈને તપાસ્યા. તે વખતે જીરુંની ટચૂકડી દાંડી હાથમાં આવતાં તેઓએ ભંડારી સંતને સૂચના આપી: 'જો આ! ધ્યાન રાખવું. એમ ન માનવું કે જનરલ (આમ જનતા માટે) છે. સફાઈ રાખવી.'

આમ, આદિવાસીઓનાં ભાણાંની પણ ઠાકોરજીના થાળ જેવી જ ચિંતા કરતા સ્વામીશ્રી અહીંથી વિદાય લઈ બાજીપુરાને પાવન કરતાં તા. ૭/૧ની સાંજે નવસારી પહોંચ્યા.

અત્રે મંદિરમાં દર્શન કરી તેઓ લાલ પાથરણાં પર પગલાં પાડતાં પ્રદક્ષિણા ફરવા લાગ્યા, પરંતુ પાંચમી પ્રદક્ષિણાએ ઠાકોરજીની પાછળ આવેલા સંતનિવાસ તરફના બારણે ઊભા રહી ગયેલા સ્વામીશ્રી અહીં પોતાના જમણા પગના ઢીંચણે ડાબો પગ ટેકવી તેનું તળિયું તળાસવા લાગ્યા. તે જોઈ સૌ 'ચરણમાં પુષ્પની પાંખડી ચોંટી હશે' તેવા ભ્રમમાં રહ્યા.

પરંતુ થોડી વારે સ્વામીશ્રી પગના તળિયેથી કંઈક ખેંચી રહ્યા હોય તેમ જણાતાં સંતોએ નજીક જઈને જોયું, તો તેઓ હેબતાઈ જ ગયા! સ્વામીશ્રીના ડાબા પગની એડીમાં ત્રણ સ્ટેપલ પીનનું ઝૂમખું ઘૂસી ગયેલું! તેને ઉખાડતાં જ લોહીના ટશિયા ફૂટી આવ્યા. છતાં સ્વામીશ્રીના મુખમાંથી સિસકારો ન નીકળ્યો. આ ઈજાની સારવાર માટે તેઓને સંતનિવાસમાં લઈ જવાયા. અહીં દવા વડે ઈજાગ્રસ્ત ભાગ સાફ કરી પટ્ટી લગાડાઈ. આ ઉપચાર પછી સભામાં જવા નીકળેલા સ્વામીશ્રી દુખતા પગે પણ બાકી રહી ગયેલા દંડવત્ કરવાનું ન ચૂક્યા!

અંધશ્રદ્ધાનાં અંધારાં ઉલેચાય છે

આ અરસામાં ઠંડીનું જોર ઘણું હોવાથી સ્વામીશ્રી મોટે ભાગે ગાંઠ મારીને ગાતરિયું પહેરતા. તેથી તેઓ તા. ૮/૧ની રાત્રે જમવા બિરાજ્યા ત્યારે સેવકે પૂછ્યું: 'ગાંઠ છોડવી છે?'

'હવે જે ગાંઠ વાળી એ વાળી. જોગીબાપાની ગાંઠ વળી એ છોડવી નથી.' સ્વામીશ્રી મર્મમાં બોલ્યા.

આવી દૃઢતા સૌમાં સિંચવા વિચરતા તેઓ તા. ૧૦/૧ની સાંજે ડુમ્મસ પધાર્યા.

અત્રે તા. ૧૨/૧ની સાયંસભામાં એક સ્વાનુભવ કહેવા ઊભા થયેલા શ્રી રણજિતસિંહ પરમાર વ્યવસાયે તો સરકારી નોકરિયાત હતા, પરંતુ

સંજોગોવશાત્ બની બેઠેલા મેલી વિદ્યાના વિશારદ. તેઓને સન ૧૯૯૧માં ગુરુ પણ *'મતિ મેલી, અતિ ફેલી...'* જેવા મળી જતાં, કારેલાનો વેલો લીંબડે ચઢ્યા જેવો ઘાટ થયેલો. તેથી સમય જતાં તેઓ મઠની મૂઠના જોરે દેડકા ડાંભવા માંડેલા.

તે દરમ્યાન સન ૧૯૯૩ના અરસામાં તેઓના કો'ક મિત્રે એક સત્સંગીનું કાસળ કાઢવા તેઓને સાધ્યા. અમુક રકમમાં આ કામ નક્કી થતાં હરિભક્ત પર અભિચારનો અત્યાચાર શરૂ થઈ ગયો.

પરંતુ ભક્તની નિષ્ઠા સામે મેલી વિદ્યા વામણી પુરવાર થવા માંડી. તેથી 'હાર્યો જુગારી બમણું રમે'ના ન્યાયે રણજિતસિંહ ભુરાયા થયા. છતાં કોઈ કારી ન ફાવતાં તેઓએ પોતાના ગુરુ આગળ નિષ્ફળતાનું નિવેદન કર્યું.

પછડાટની આ વાત સાંભળી પ્રથમ તો ગુરુ પણ ગિન્નાયા. તેઓએ ઉકળાટમાં કહી દીધું: 'તું મંત્ર ખોટો બોલતો હોઈશ.' ત્યારે રણજિતસિંહે મેલા મંત્રો બોલી બતાવ્યા. તે યથાતથ હોવાથી ગુરુ ઊંડા ઊતર્યા. થોડી વારે ધ્યાનમાંથી જાગ્રત થઈ તેઓ બોલ્યા: 'તું ખોટી જગ્યાએ ભરાયો છે.'

પોતાના પ્રયોગોમાં પહેલી વારની પીછેહઠથી રણજિતસિંહનાં ભવાં ચડી ગયાં. તેમાં આ ગુરુવાણીએ બળતામાં ઘી હોમ્યું. પરંતુ એથી ભડકો થાય એ પહેલાં તેને ઠારતાં એ ગુરુ જ બોલ્યા: 'તું જેના પર પ્રયોગ કરે છે એ તો પ્રમુખસ્વામીનો શિષ્ય છે. ત્યાં તારો ગજ નહીં વાગે.'

રણજિતસિંહ માટે આ પરાજય પચાવવો કઠણ હતો. પોતાની પત્ની પર જ પ્રયોગો કરી પોતાની સિદ્ધાઈની ચકાસણી કરનારા તેઓ આજે વાગેલી આ ઠોકરથી ધૂંવાંપૂંવાં થઈ ગયા. પરંતુ આ ઠેસ જ તેઓને તા. ૧૫/૧૨/'૯૪ના રોજ સુરતના આપણા મંદિરે લઈ આવી. અહીં તેઓએ ઘનશ્યામચરણદાસ સ્વામીના હાથે કંઠી પહેરી સ્વામીશ્રીને ગુરુ તરીકે સ્વીકારી લીધા.

જો કે એમ કરતાં નવું વિઘ્ન ઊભું થયું. આ આશરાની ખબર તેઓના ગુરુને પડતાં તેઓએ ઑફર મૂકી: 'મારે આગળ-પાછળ કોઈ વસ્તાર નથી. તું જ મારો વારસદાર! મારો વીસ લાખનો બંગલો તને લખી દઉં.'

પરંતુ આ લાલચને રણજિતસિંહ તાબે ન થતાં ગુરુ તરફથી ધમકીઓનો દોર શરૂ થયો. તે વખતે આ ભક્તે સ્વામીશ્રીને પત્ર લખ્યો. સ્વામીશ્રીએ દૂર રહી બળ પ્રેરતાં તેઓ અણનમ રહ્યા. તેથી ધીરે-ધીરે ઉપાધિ શમી ગઈ.

ઉપરોક્ત હકીકત રણજિતસિંહે સ્વયં વર્ણવી ત્યારે સૌ સ્વામીશ્રીને વધાવી રહ્યા. અંધશ્રદ્ધા સામે શ્રદ્ધાના વિજયની એ ઘડી હતી, તંત્ર પર મંત્રની સરસાઈ સ્થાપતી એ ક્ષણ હતી. લાખોના જીવનમાં શ્રદ્ધાના આવા દીવડા પ્રગટાવી સ્વામીશ્રીએ પાથરેલાં અજવાળાંથી આજેય વિશ્વ ઝળાંહળાં છે.

અયોગ્ય આચરણ ન કરે કાંઈ

તા. ૧૩/૧ની સવારે સ્વામીશ્રી ડુમ્મસથી વિદાય લેવા તૈયાર થયા ત્યારે યજમાન શ્રી સી. કે. પીઠાવાલાએ અનુભવ વ્યક્ત કર્યો કે 'આપની પધરામણી અહીં થવા માંડી તે પછી ગામમાં બહુ ફેરફાર થવા લાગ્યા છે. બધા વ્યસન છોડી સુખી થવા લાગ્યા છે. આપ અહીં વારે-વારે પધારો એ વિનંતી છે.'

પરિવર્તનની છડીઓ પોકારતું સ્વામીશ્રીનું આવું સાંનિધ્ય આજથી અમદાવાદના ભાગ્યે આવ્યું. તેને માણતાં અહીંના ભક્તોએ તા. ૧૪/૧ની સવારે ઉત્તરાયણ પર્વ ધામધૂમથી ઊજવ્યું. આ ઉત્સવની સભા નૂતન બાંધકામના ભોંયરામાં થતાં આ સંકુલના સભાગૃહનું ઉદ્‌ઘાટન થઈ ગયું.

તેને અનુસરતાં તા. ૧૬/૧ની સાંજે સામૂહિક વર્તમાન-ધારણ વિધિ આવી પહોંચ્યો. તેમાં નવી કંઠી પહેરવા ઇચ્છતા મુમુક્ષુઓ એકસાથે એકત્રિત થવાના હતા. આ કાર્યક્રમમાં આગળ પુરુષો અને પાછળ મહિલાઓને બેસાડવાનું સૂચન કો'કે ધર્યું. પરંતુ તેને ફગાવતાં સ્વામીશ્રી બોલ્યા: 'આપણે આ બાબતમાં નવો ચીલો પાડવો જ નથી. એમાં પાછળથી લાંબું થાય ને આગળ વધે. ઠાકોરજીની પ્રસાદીની કરાવેલી કંઠી મહિલાઓ પહેરે છે એ રીત જ બરાબર છે!'

*'અયોગ્ય આચરણ ન કરે કાંઈ...'*ની રીતે રહેતા સ્વામીશ્રી અનર્થોને અગાઉથી પારખી જતા. તેઓની આવી તકેદારી સંસ્થા, સંતો અને સત્સંગીઓને સુરક્ષિત રાખતી.

પરાભક્તિની પરાકાષ્ઠા

તા. ૧૭/૧ની રાતથી સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય કથળતાં તા. ૧૮/૧ની સવારે સાત વાગ્યે તેઓ જાગ્યા ત્યારે તાવ અને રાત્રિભર ચાલેલી ઝાડાની તકલીફને કારણે શરીર ધ્રૂજતું હતું. તેથી તપાસવા આવેલા તબીબોએ પડખું ફરવાની સૂચના આપી ત્યારે પણ સ્વામીશ્રી સેવકોની સહાય વડે જ પડખું

ફરી શક્યા. આવા સંજોગોમાં સંતોએ પૂછ્યું : 'આપને ઢીલાશ વર્તાય છે તો મોટેરા સંત આપની નિત્યપૂજા કરી લે એમ રાખવું છે ?'

'આપણે અહીં બેઠાં જ પૂજા કરી લઈશું. અહીં પાથરો.' સ્વામીશ્રીએ સીધો આદેશ જ આપી દીધો.

તે મુજબ તેઓ સાદી ટિપાઈ પર પૂજા પથરાવી પલંગ પર જ પલાંઠી વાળી ઉત્તરમુખે પૂજા કરવા બિરાજ્યા. નેત્રમણિ વિના જાડી ફ્રેમનાં ચશ્માં પહેરી, ચોકઠાં વગરના મુખે માળા ફેરવતા તેઓના શરીરમાં માંદગી વિશેષ વર્તાતી હતી. છતાં તેઓએ પૂરી પંદર મિનિટ સુધી માળાજાપ કર્યો.

પરંતુ તા. ૧૯/૧ની સવારે તો વાતાવરણમાંયે પલટો આવતાં ભર શિયાળામાં, નેવાં નીતરે એવો વરસાદ વરસવા લાગ્યો. તેથી ઠંડો પવન પણ કાતિલ બન્યો. આવા સંજોગોમાં ઉતારે પ્રાતઃપૂજા કર્યા બાદ સ્વામીશ્રીએ ઇચ્છા વ્યક્ત કરી કે 'મારે મંદિરે દર્શને જવું છે.'

વરસતા વરસાદ અને ફૂંકાતા પવનમાં આ પ્રસ્તાવ વધાવવા જેવો નહોતો. તેથી વડીલ સંતોએ સવિનય નામરજી બતાવી ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'કાલેય દર્શન રહી ગયાં ને આજેય રહી જશે.'

'રહી નહીં જાય. સાંજે કરીશું.'

પરંતુ આ વિનંતી ધ્યાનમાં ન લેતાં સ્વામીશ્રીએ પોતાને ઊભા કરવાના નિર્દેશરૂપે બંને હાથ ઊંચા કરતાં કહ્યું : 'છત્રી રાખજો ને ! આપણે ગાતેડિયું વાળી લઈશું. શાલ-ટોપી ઓઢી લઈશું એટલે વાંધો નહીં આવે.'

આટલું કહેતાં સ્વામીશ્રી દર્શન કરવા નીકળ્યા જ ! તેઓની પરાભક્તિનો વેગ પવન અને પર્જન્ય કરતાં વધુ પ્રબળ સાબિત થયો.

તે જોઈ લિફ્ટમાં સાથે રહેલા નિખિલેશદાસ સ્વામી ગમ્મતના સૂરમાં બોલ્યા : 'આજે આપે પકડ્યું એ મૂક્યું નહીં.'

'બીજું બધું હોય તો મૂકી દઈએ, પણ ભક્તિનું તો ના મુકાય ને ! કથા-વાર્તા, દર્શન-સેવા એ તો કરવાનું જ ને !' સ્વામીશ્રીએ જણાવ્યું.

તે અનુસાર તેઓ તાડપત્રીના છત્ર નીચે સરકતાં ઠાકોરજી આગળ પધાર્યા. અહીં તેઓએ આજે એકાદશી હોવાથી દંડવત્ કરવા માટે પાથરણું પાથરવા જણાવ્યું. માંદગીમાં આ પરિશ્રમ ન લેવા પુનઃ દલીલો થઈ, પણ તે સામે ન ઝૂકતાં સ્વામીશ્રી દંડવત્ કરવા ઝૂક્યા.

આ રીતે મંદિરમાં દર્શન બાદ તેઓએ પ્રદક્ષિણા ફરી હનુમાનજી અને

ગણપતિજીનાં દેરે જવાનો મનોરથ ઉચ્ચાર્યો, પરંતુ ખુલ્લી પ્રદક્ષિણા વરસાદને કારણે લપસણી થઈ ગયેલી. ત્યાં પવનને ખાળવો પણ અશક્ય હતો. છતાં ધીરે ધીરે ડગ દેતાં સ્વામીશ્રી બધે જ દર્શન કરીને ઉતારે પધાર્યા ત્યારે તેઓની પરાભક્તિ પરાકાષ્ઠાએ પહોંચી ગયેલી.

લીધી સર્વે જનની સંભાળ

ચાર દિવસના વિશ્રામ બાદ સ્વાસ્થ્યની ગાડી પાટે ચડી ગયેલી જણાતાં તા. ૨૨/૧થી સ્વામીશ્રીએ રોજિંદો ક્રમ અપનાવી લીધો. તેના ભાગરૂપે આજની બપોરે તેઓ જમી રહેલા ત્યારે વંચાતા પુસ્તકમાં પાઠકે વાંચ્યું: 'ગુણાતીતાનંદ સ્વામી તો અમારા નિરંતરના જામીન છે.'

આ વિધાન વાંચનના પ્રવાહમાં સડસડાટ વહી ગયું. કોઈનેય તેમાં રહેલી ક્ષતિ ન પકડાઈ, પણ સ્વામીશ્રીએ ફરી વાંચવા કહ્યું. તે વખતે સૌને સમજાયું કે "હકીકતે 'શ્રીજીમહારાજ ગુણાતીતાનંદ સ્વામીના નિરંતરના જામીન છે' એવું વાક્ય હોવું જોઈએ."

આ સુધારો કરવાની સૂચના સ્વામીશ્રીએ આપી દીધી.

કથાશ્રવણમાં આવી એકાગ્રતા ધરાવતા તેઓ તા. ૨૩/૧ની રાત્રે પત્રવાંચનમાં પણ એ રીતે જ પરોવાયેલા, પરંતુ થોડી વારે તેઓ પત્ર એક બાજુ મૂકી કંઈક વિચારતા હોય તેમ બેસી રહ્યા. તે જોઈ સામે બેઠેલા એક સંતે પૂછ્યું : 'કંઈ કામ છે ?'

ત્યારે એક સત્સંગીનું નામ દઈ સ્વામીશ્રી બોલ્યા : 'એ હરિભગત અહીં આપણને મળ્યા'તા ?'

'હા, ઉત્તરાયણના દિવસોમાં આવ્યા ત્યારે આપને મળેલા.'

'તો ઠીક. એમને મનમાં થોડું મળવાનું રહે ખરું ! એ મળવા આવ્યા હોય ને કોઈએ ના પાડી હોય તો પાછું દુઃખ લાગે; પણ મળી લીધું છે એટલે વાંધો નહીં.' આટલું કહી સ્વામીશ્રી પુનઃ પત્રો વાંચવા લાગ્યા. કેવી અનુકંપા !

તે સાથે તેઓ સભામાં પધાર્યા ત્યારે આજે રવિવાર હોવાથી હરિભક્તોને સમાવવામાં નવા બંધાયેલા વિશાળ હૉલનો પનો પણ ટૂંકો પડ્યો. તે સંદર્ભની વાત સ્વામીશ્રીની વાળુ વેળાએ નીકળતાં અક્ષરવત્સલદાસ સ્વામીએ કહ્યું : 'હૉલ તો નાનો પડ્યો. હવે સ્ટેડિયમ રાખવું પડશે.'

'સ્ટેડિયમ શું કામ ? આખું અમદાવાદ નાનું પડશે.'

વિકાસનું આર્ષદર્શન સ્વામીશ્રીના મુખેથી સરી પડ્યું !

તે મુજબ વધી રહેલા સત્સંગને સંતોષવા અમદાવાદના મંદિર સંકુલમાં વિસ્તરણનું કાર્ય ચાલતું થયેલું. તેમાં મજૂરી કરી પેટિયું રળતા રોજમદાર મજૂરોને સ્વામીશ્રી ઉતારે જતાં-આવતાં નિત્ય જોતા. આ સમયે ચૂલા પેટાવી રોટલા શેકતા એ મહેનતકશ માનવીઓને તેઓ ગાડીમાં બેઠાં-બેઠાં જ હાથ જોડીને પ્રણામ પાઠવતા. એ મજૂરિયા પણ સ્વામીશ્રીની ગાડી આવતાં કામકાજ મૂકી સળંગ ઊભા રહી જાય અને સ્વામીશ્રીને શીશ નમાવે.

આ દૂરનો નાતો તા. ૩૧/૧ની સાંજે નિકટતામાં પરિણમ્યો. આ સમયે સ્વામીશ્રીએ મજૂરોને વહેંચવા પોતાની સાથે પ્રસાદ લેવડાવ્યો. તે સભામાંથી પરત ફરતી વખતે ગાડી ઊભી રખાવી સૌને આપ્યો. મજૂરોને એ મિષ્ટાન્ન કરતાંયે સ્વામીશ્રીની મમતા દાઢે વળગી ગઈ.

તેને માણી તા. ૨/૨ની સવારે વેસ્ટ ઇન્ડિઝના પ્રધાનમંત્રી શ્રી વાસુદેવ પાંડેય પણ ધન્યતા અનુભવી રહ્યા. મૂળ ભારતીય વંશના આ વડાપ્રધાન અક્ષરધામ જોયા બાદ તેના સર્જકને મળવાની ઇચ્છા રોકી ન શકતાં પોતાની હવાઈ મુસાફરીને વિલંબમાં નાંખીને પણ સ્વામીશ્રી પાસે દોડી આવેલા. આઠ મિનિટની આ મુલાકાત દરમ્યાન તેઓ પોતાના દેશમાં પધારવાનું આમંત્રણ સ્વામીશ્રીને વારંવાર પાઠવતા રહ્યા.

આવા પ્રતિષ્ઠિત મહાનુભાવને મળનારા સ્વામીશ્રી તા. ૪/૨ની સવારે નિત્યપૂજા બાદ મંદિર તરફ આવી રહેલા ત્યારે હરોળબંધ ઊભેલા પેલા મજૂરોને જોતાં જ બોલ્યા: 'આપણે અહીં આટલું રહ્યા એ દરમ્યાન કોઠારીએ આ બધાને જમાડ્યા કે નહીં ?'

આ રીતે મજૂર, મંત્રી સહિત સૌને સરખો સંતોષ આપતા સ્વામીશ્રી.

કરતા સ્મરણ શ્વાસ-ઉચ્છ્વાસ

છેલ્લાં દસેક વર્ષથી આસન-પ્રાણાયામ સ્વામીશ્રીનો નિત્યક્રમ બની ચૂકેલાં. આ સંબંધી કેટલીક જિજ્ઞાસાઓ ધરાવતા સંતોએ તા. ૪/૨ની સાંજે સ્વામીશ્રીને પૂછ્યું :

'આપ આસનની શરૂઆત શબાસનથી કરો છો. તે વખતે આપ શું વિચારો છો ?'

'એમાં તો આપણે મહારાજ, સ્વામી ને શાસ્ત્રીજી મહારાજ – યોગીજી

મહારાજની સ્મૃતિ કરતાં કરતાં સૂઈ રહેવાનું.'

'આપનાં આસન દરમ્યાન શ્રીજીમહારાજની જુદી જુદી લીલાઓની કૅસેટ વાગે છે. તો એ વખતે આપ એ લીલાઓની સ્મૃતિ કરો છો?'

'મૂળ તો આસન દરમ્યાન અક્ષર દેરીમાં બેઠા હોઈએ. દેરીની મૂર્તિ છે એની સામે બેસીએ. પછી મહારાજનું જે નામ કૅસેટમાં આવે એની સ્મૃતિ કરીએ. ક્યારેક ચરણારવિંદની, લાલજી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિનું પણ સ્મરણ કરીએ.'

'એનો અર્થ એમ થયો કે આપ કોઈ પણ જગ્યાએ આસન કરતા હો, પણ હો તો અક્ષર દેરીમાં જ!'

'બરાબર છે. કાયમ ત્યાં જ!'

'એટલે આપ અત્યારે અમદાવાદમાં છો જ નહીં?'

'ના, ગમે ત્યારે ગમે ત્યાં હોઈએ, અક્ષર દેરીમાં જ છીએ ને!'

'શરૂઆતમાં તો આસન વખતે કોઈ રેકોર્ડિંગ વાગતું નહીં. ત્યારે પણ અક્ષર દેરીમાં જ હો એ રીતે આસન કરતા?'

'હા, પહેલેથી જ!'

'આપને દિવસ દરમ્યાન બીજી ક્રિયાઓ વખતે આસનની ક્રિયા યાદ આવે ખરી?'

'ના, એવું નહીં! આસન કરતા હોઈએ ત્યારે આસન; કથા વખતે કથા; દર્શન વખતે દર્શન! દરેક ક્રિયા જુદી જુદી ચાલે.'

'આપે એક વાર એવું કહેલું કે આપ પ્રાણાયામ વખતે ૐકાર બોલો ત્યારે શાસ્ત્રીજી મહારાજ જ બોલતા હોય એવું લાગે છે!'

'હા, બરાબર! એ અવાજ શાસ્ત્રીજી મહારાજનો હોય એ રીતે આવે છે.'

'બહાર તો બધા સ્વાસ્થ્ય સારું રહે તે માટે આસન કરે છે, પણ અત્યારે અમે જે સાંભળ્યું એમાં તો એવું જ અનુભવાય છે કે 'આપ જે આસન કરો છો એ તો સ્મૃતિ જ છે.' તો આપ કયા હેતુથી આસન કરો છો?'

'શરીર તો સારું રહે કે નહીં એની ચિંતા નથી, પણ આ નિમિત્તે સ્મૃતિ થાય છે. મહારાજે શરીર આપ્યું છે એટલે એમને યાદ કરીએ.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આજનો આ વાર્તાલાપ *'કરતા સ્મરણ શ્વાસ-ઉચ્છ્વાસ...'*ની સ્વામીશ્રીની સ્થિતિ સમજાવી ગયો.

ભીડો નહીં, એ તો સુખ

આસન સંબંધી પ્રશ્નોત્તરી બાદ સભામાં જતાં પૂર્વે આ અરસામાં થનારી દેશવ્યાપી બાળ શિબિરો માટે વીડિયો સંદેશ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'આજે બાળપ્રવૃત્તિનો દેશ-વિદેશમાં મોટા પ્રમાણમાં વિકાસ થયેલો છે. તે માટે જેટલા વધારે કાર્યકર તૈયાર થાય એ જરૂરી છે. બાળકો સાથે કામ લેવામાં કંટાળો આવે, પણ કોઈ કાર્યકરે બાળપ્રવૃત્તિ છોડવી નહીં. એકપણ મંડળ બંધ ન પડે એનું ધ્યાન રાખવું. દરેક કાર્યકરે એક નવું મંડળ ઊભું કરવું.'

કાર્યનો આ નકશો આપનારા સ્વામીશ્રી તા. ૫/૨ની સવારે ઇસનપુરના સંસ્કારધામમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી તા. ૬/૨ના રોજ અમદાવાદથી વિદાય લેવા તૈયાર થયા.

તે વખતે તેઓએ આપેલા લાભનું સરવૈયું માંડતાં બ્રહ્મર્ષિદાસ સ્વામીએ કહ્યું : 'બાપા ! આ વખતે ખૂબ લાભ આપ્યો. બધાને બહુ સુખ આવ્યું.'

'તમારા કરતાં વધારે સુખ તો અમને આવ્યું.'

'આપને તો ભીડો વધારે પડ્યો.'

'ભીડો નહીં, એ તો સુખ કહેવાય.' સ્વામીશ્રી બોલ્યા.

આમ, અંતરમાં લેશ ક્લેશ પામ્યા વિના હસતા મુખે કષ્ટો વેઠતા તેઓએ આજે ખાડિયા વિસ્તારમાં મહેસૂલ મંત્રી શ્રી અશોકભાઈ ભટ્ટના ઘેર પગલાં પાડ્યાં. આ સમયે સ્વાગતનો વિધિ પૂર્ણ કર્યા બાદ આ પ્રધાને સ્વામીશ્રીને તેઓનાં ચરણારવિંદની છાપ પાડી આપવા વિનંતી કરી, પરંતુ તેને ઠેલતાં સ્વામીશ્રી ઊભા જ થઈ ગયા. તેઓનો આ સેવકભાવ સૌ અહોભાવથી જોઈ રહ્યા અને સ્વામીશ્રી જઈ પહોંચ્યા – અસલાલીના આંગણે.

અત્રે ઘનશ્યામ પાર્કમાં તૈયાર થયેલા મંદિરમાં પ્રતિષ્ઠિત મૂર્તિઓની આરતી ઉતારી તેઓએ રાત્રે મહીજડાને લાભ આપ્યો.

અહીંથી તા. ૭/૨ની સવારે ભાલિયાપરા પધારેલા સ્વામીશ્રીએ નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી બપોરે સવા બાર વાગ્યે નડિયાદને પાવન કર્યું.

ફૂલની કઠોરતા !

નડિયાદમાં સ્વામીશ્રીની ગાડી મંદિર આગળ આવીને ઊભી રહી ત્યારે

તેમાં બેઠાં-બેઠાં જ તેઓએ ઠાકોરજીનાં દર્શનદ્વાર બંધ જોયાં. તેથી તેઓના મુખ પર ઉદાસી ફરી વળી. બે ક્ષણ તો તેઓ ગાડીમાં જ બિરાજી રહ્યા. તેઓની આ ખામોશીમાંથી ઠાકોરજીના દરવાજા ખોલવાનો આદેશ વગર કહ્યે સંભળાઈ રહ્યો. તે સાથે ગાડીમાંથી ઊતરતાં જ સ્વામીશ્રી સ્વાગતમાં ઊભેલા સ્થાનિક સંતોને કહેવા લાગ્યા: 'તમને ખબર ન'તી કે અમે આવવાના છીએ? આવીએ એટલે દર્શન ખુલ્લાં રાખવાં જ જોઈએ.'

તેઓની આ મરજી જોઈ અને ઠાકોરજીને પોઢાડ્યે હજી પાંચ જ મિનિટ વીતી હોવાથી બંધ દ્વાર ખૂલ્યાં. તે વખતે દર્શન-દંડવત્ કરવા માંડેલા સ્વામીશ્રીના મુખ પર ભક્તિભાવની સાથે ઠાકોરજીને જગાડ્યાનો રંજ પણ ડોકાઈ રહ્યો. તેથી મુખ્ય સંતે પહેરાવેલો આગમનનો હાર તેઓએ ગ્રહણ કર્યો, પણ સ્તબ્ધભાવે જ! જાણે-અજાણે એક સાંપ્રદાયિક પ્રણાલીને દેવાયેલો છેહ સ્વામીશ્રીને પીડી રહેલો. તે કારણે શૂન્યમૌન રહીને જ તેઓ દર્શન બાદ ઉતારામાં પ્રવેશ્યા.

અહીં તેઓએ મંદિરના વ્યવસ્થાપક સંતને કહ્યું: 'અમે આવવાના હોઈએ ને બહુ મોડું થાય એમ હોય તો તો અમે સાંજે દર્શન કરીને જમીએ, પણ થોડી જ વાર હોય તો દર્શન ખુલ્લાં રાખવાં જ! આજે તમે આ ભૂલ કરી છે તો તમે, ભંડારી અને પેલા (સત્સંગ પ્રવૃત્તિ સંભાળતા) સંત કાલે કે અનુકૂળતાએ ઉપવાસ કરી નાંખજો, જેથી ફરી ભૂલ ન થાય.'

ફૂલ-શા કોમળ સ્વામીશ્રી સંપ્રદાયની રીતિ-નીતિ જાળવવા માટે કઠોરતા ધારણ કરવામાં ખચકાતા નહીં.

વાંચન-વિવેકનું પંચામૃત

તા. ૯/૨ની સવારે નડિયાદથી વાંઠવાળી પહોંચેલા સ્વામીશ્રીના વરદહસ્તે અહીંના નૂતન મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત થયા. આ અવસરે સત્સંગીઓની શ્રદ્ધા-ભક્તિને બિરદાવી બપોરે મહેમદાવાદ પધારેલા સ્વામીશ્રી સાંજે નડિયાદ પરત આવી ગયા.

અત્રે તા. ૧૦/૨ની સવારે તેઓનાં પગલાં બ્રહ્મર્ષિ સંસ્કારધામમાં પડ્યાં. વેદવિદ્યાના જતન માટે કાર્યરત આ સંકુલમાં આપણી સંસ્થાની સખાવતથી તૈયાર થયેલા 'પ્રમુખસ્વામી પ્રસાદગૃહ'નું ઉદ્ઘાટન સ્વામીશ્રીનાં જ કરકમળોથી કરાવવાનો પ્રેમાગ્રહ સ્થાનિક કાર્યવાહકોનો હતો. આ મનોરથ

પૂર્ણ કરી વિદાય થયેલા સ્વામીશ્રી આજની સાંજે આણંદને આનંદ આપતાં અટલાદરા પધાર્યા.

અહીં તા. ૧૧/૨ના રોજ વસંત પંચમીનો ઉત્સવ ઊજવતાં તેઓએ કહ્યું: 'શાસ્ત્રીજી મહારાજની સુવર્ણતુલા થઈ ત્યારથી આ સમૈયો અહીં શરૂ થયો. પહેલાં તો બધા સમૈયા બોચાસણ થતા, પણ મથુરકાકાની ઇચ્છા કે 'આ સમૈયો અહીં કરો.' ખાસ તો એમનાં ઘેરથી વધારે ઇચ્છા.'

ઉત્સવનું આ આરંભબિંદુ જણાવી સમૈયાની સભામાં પધારેલા સ્વામીશ્રીએ વાંચન-વિવેકનું પંચામૃત પીરસતા હોય તેમ સૌ માટે લખ્યું:

'જીવનમાં વાંચવાની ટેવ પાડવી, પણ તેમાં ધાર્મિક અને આધ્યાત્મિકતાની વિશેષ દૃઢતા થાય તેવાં પુસ્તકો અને ગ્રંથો વાંચવાં... જે પુસ્તકોમાંથી પ્રેરણા મળે ને આધ્યાત્મિક પ્રગતિ થાય એવાં વચનામૃત, સ્વામીની વાતો અને ગુરુપરંપરાનાં જીવનચરિત્રનું નિયમિત વાંચન કરવું... જેનાથી આજ્ઞા ને નિયમ-ધર્મની ગૌણતા કે ખંડન થાય કે ભંગ થાય તે પુસ્તકો કે ગ્રંથોનું વાંચન ન કરવું... વાંચન એકાગ્રતાથી કરવું, સાથે પ્રાર્થના કરતા રહેવું... જે વાંચીએ તેનું વારંવાર પુનરાવર્તન કરતા રહેવું.'

વિચારીને વાંચવું અને વાંચીને વિચારવું – આ બોધ સ્વામીશ્રીએ આપી દીધો.

આપણે એક જ આશરો રાખવો

તા. ૧૨/૨ની સવારે ચંદ્રપુરા, મીરસાપુરા, ભાયાપુરા, કોસીન્દ્રા અને ચૂલી ગામનાં નિર્માણાધીન મંદિરોનું ખાતમુહૂર્ત કરી સ્વામીશ્રીએ આજની સાયંસભામાં જણાવ્યું:

'આ સંસાર ઊંટનાં બેસણાં જેવો છે. એના ઉપર બેસવાની રીત શીખે તો વાંધો ન આવે. એમ સંસારમાં પણ પ્રશ્નો તો ચાલ્યા જ કરવાના, પણ એનેય સમજી રાખ્યા હોય તો વાંધો ન આવે. ભગવાન આપણું પ્રારબ્ધ ભોગવાવે છે. આપણને ચોખ્ખા કરવા માટે પણ મુશ્કેલી આપે. આપણી કસોટી કરવા પણ દુઃખ આપે. આપણને આશરો શ્રીજીમહારાજનો જ છે, એટલે પ્રાર્થના એને જ કરવી, એ સિવાય બીજી વાત કરવી નહીં; તો ભક્ત સાચા! આપશે તો એ જ આપશે. એમાં દોરા-ધાગા કરવાના હોય નહીં. બલિને

ભગવાને સાવ હાથે-પગે કરી નાંખ્યો. એ લે છે એય સારા માટે અને આપે છે એય સારા માટે! આપણા જીવનું કેમ સારું થાય એ એમની દૃષ્ટિ છે. શરીરના મોક્ષની વાત નથી. આત્માની મુક્તિ થાય, એ બંધન છૂટે એ માટે રાત-દિવસ એ વિચાર કરે છે.

ડૉક્ટર ઑપરેશન કરે છે તો એ કંઈ ઓછા શત્રુ છે? ત્યાં સો ટકા વિશ્વાસ રાખીએ છીએ, સમર્પણ થઈ જઈએ છીએ. મને આટલી મોટી ગાંઠ ડૉક્ટરે કાઢી! તે ઘડીએ સૂતા જ રહ્યા. આમેય ન થવાય ને આમેય ન ફરાય. એ કહે એટલું જ થાય. એમ ભગવાન દુઃખ આપે ત્યારે બોલાય જ નહીં! એ આપણને સુખિયા કરવા જ આ'યા હોય છે. વાળ કપાવતી વખતે આપણે વાળંદનેય માથું આપી દઈએ છીએ. એ આમ કહે તો આમ માથું કરીએ ને ડાબી બાજુ કહે તો એમ કરીએ. તે ઘડીએ એમ ના કહેવાય કે 'હું મોટો ઑફિસર છું ને આમ હુકમ કરે છે?' એનો આટલો વિશ્વાસ રાખીએ છીએ, તો ભગવાનને કર્તા માનીએ ને એનો વિશ્વાસ કેમ ન રાખવો? ભગવાને માથું નમાવવાનું કહે તો કેમ ના નમે? સત્તર જણને પૂછો તો એ ઘા વધારે કરી આપે. વાંદરાને ઘા વાગ્યો તે બીજા વાંદરા જોવા જાય ને ઘા વધારે પહોળો કરી આપે. તે બિચારો મરી ગયો. એમ દુનિયામાં તો ઘા વધારે પહોળો કરે એવા છે. માટે આપણે એક જ આશરો રાખવો.'

દલમાંહિ નહીં દગા દાવ

તા. ૧૫/૨ની સવારે અટલાદરાના છાત્રાલયમાં નિર્માણ પામેલા નૂતન ઓરડાઓનાં ઉદ્‌ઘાટન માટે પધારેલા સ્વામીશ્રીની નજર વીજળીના લટકતા દોરડાઓ પર જતાં જ તેઓએ વ્યવસ્થાપકોને કહ્યું:

'પહેલેથી જરૂરિયાતનો ખ્યાલ ન રાખો એટલે આવી ખેંચાખેંચી કરવી પડે. પહેલેથી વિચાર કરીને બધે લાઇનો ખેંચીને પ્લગ નંખાઈ દેવા જોઈએ. આ બધો વિચાર ન આવે એ જ આળસ! બારીનો એક કાચ તૂટે ને તરત રિપેર થઈ જ જવો જોઈએ.'

આયોજનનો આ એકડો ઘૂંટાવતાં છાત્રાલયનું નિરીક્ષણ કરવા નીકળેલા સ્વામીશ્રીએ એક ઓરડો અસ્વસ્છ અને અસ્તવ્યસ્ત જોતાં એ ઓરડામાં રહેનારા વિદ્યાર્થીઓને નહીં, પણ છાત્રાલય સંભાળતા સંતોને ટકોર કરી કે 'છોકરાઓને કઈ રીતે રહેવું એ શીખવવાની જવાબદારી તમારી છે. તમારે

ખટકો રાખવો. આવું ગોબરાપણું ન ચાલે. અહીં ખાલી ભણવા નથી આવતા, સારી રીતે રહેતાં પણ શીખવાડો બધાને !'

સુઘડતાની આ સડક ચીંધી સ્વામીશ્રી તા. ૨૦/૨ની સાયંસભામાં પધાર્યા ત્યારે અહીં યુવકો 'ફક્ત મિનિટ જ' કાર્યક્રમ રજૂ કરી રહેલા. તે અંતર્ગત જે વિષયની જાહેરાત થાય તે પર વારાફરતી જુદા જુદા યુવકોએ એક મિનિટ બોલવાનું રહેતું. આ મિનિટના ભાષણ દરમ્યાન વક્તા દ્વારા વિષયાંતર થાય તો સ્પર્ધકો વાંધો ઉઠાવે. જો તેનું સમાધાન વક્તા કરી આપે તો તેને આગળ બોલવાની તક મળે.

આ રીતે છ યુવાનોએ છટાદાર રજૂઆત કર્યા બાદ સ્વામીશ્રીને પણ ચિઠ્ઠી ઉપાડવાનું કહેતાં વિષય આવ્યો: *'મોક્ષ માટે પ્રગટ સત્પુરુષની આવશ્યકતા.'*

આ વિષયનો ઉપોદ્ઘાત અત્યંત નિખાલસતાથી કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'યુવકોએ હમણાં પોતપોતાની વાત રજૂ કરી. પતંગ ઉડાડે ને એકબીજાનો કાપીને આગળ વધે એવું બધાએ કર્યું. પણ ભલા થઈને મારા પતંગમાં પડતા નહીં, કારણ કે આપણને ઝાઝી ખબર પડે નહીં ! તમે એજ્યુકેટેડ (ભણેલા) કહેવાવ ને અમારી તો સાદી-સીધી વાત છે. બોલવામાં આઘું-પાછું પણ થઈ જાય.'

આ મધઝરતી સાદી-સીધી વાણી દ્વારા સૌને આનંદમાં ગરકાવ કરી ઉતારે પધારેલા સ્વામીશ્રી તા. ૨૨/૨ની સાંજે એક મીટિંગમાં બિરાજ્યા. તેમાં વડોદરાના નિકટવર્તી મેઢાદમાં પાણીની ટાંકી બનાવવાનો મુદ્દો નીકળ્યો. અમેરિકામાં રહેતા આ ગામના શ્રી રોન પટેલને સ્વામીશ્રીએ વતનના મૂળ સાથે જોડી આપેલા ત્યારથી એ પ્રતિષ્ઠિત પત્રકારને સ્વામીશ્રી વિષે ગુણાનુરાગ. તેઓને જ પોતાના ગામમાં વારિગૃહ બનાવી આપવાની ઇચ્છા જાગેલી. તે માટે તેઓ સંસ્થા દ્વારા એક લાખ રૂપિયાનું અનુદાન આપવા પણ ઉત્સુક હતા. સરકારી યોજના મુજબ તેઓ જેટલી રકમ આપે એટલી જ સરકાર તરફથી મળે એમ હતું.

તે અનુસાર બે લાખ રૂપિયાની ધનરાશિનો મેળ પડતો જોઈ મીટિંગમાં બેઠેલા એક સભ્યે સ્વામીશ્રીને સૂચવ્યું: 'ટાંકી તો ૧,૭૦,૦૦૦ રૂપિયામાં થઈ જાય. બાકીના વધે એ સંસ્કારધામમાં વાપરી દઈએ તો આપણુંય કામ થઈ જાય !'

પરંતુ આ વાત સ્વામીશ્રીને ખટકી. તેઓ તરત જ બોલ્યા: 'એ રીતે

ગામલોકોના પૈસા લેવાની જરૂર નથી. આપણે ટાંકી કરી આપવી. બીજા પૈસા ગામવાળા બીજા વિકાસ માટે વાપરશે.'

'દલમાંહિ નહીં દગા દાવ...' જેવા સ્વામીશ્રીના નિર્દંભ જીવનનો આ ચમકારો સૌને આંજી ગયો.

હવે એ બને એવું જ નથી

અટલાદરાના રોકાણ દરમ્યાન રોજ સાંજે યોજાતા શિક્ષાપત્રીના પારાયણની સાથે સમૂહ મહાપૂજા, સમર્પણ સમારોહ, સુવર્ણકાર પરિષદ વગેરે કાર્યક્રમો પણ સંપન્ન થયા. તેમાં ભરૂચ, પંચમહાલ અને વડોદરા જિલ્લાના હરિભક્તો તેમ જ ગુણભાવીઓ ઊમટતા રહ્યા. તે સૌને શરદીના સખત ઉપદ્રવનો સામનો કરતાં કરતાં સ્વામીશ્રીએ લાભ આપ્યો.

પરંતુ શરદીની સાથે શરીરમાં અનુભવાતું કળતર વેઠીને એકધારું સભામાં બેસવાને લીધે સ્વામીશ્રીના પગ અકડાઈ જતા. આ ઉપાધિએ તા. ૨૩/૨ની સવારે તેઓને એવા રગડ્યા હશે કે તેઓ સભા સમાપ્ત કરીને ઉતારે આવ્યા ત્યારે ભોજનનો સમય થઈ ગયો હોવા છતાં બોલ્યા : 'થોડી વાર પછી જમીશું. અત્યારે જરા પગ છૂટા કરીએ.'

આમ કહી સ્વામીશ્રી 'પેલું પગ લાંબા કરવાનું લાવો' જણાવી સોફા સામે પગ લંબાવી બિરાજ્યા. તા. ૨૪/૨ના રોજ પણ આવું જ કરવું પડ્યું !

આ તકલીફ જોઈ એક સંતે સ્વામીશ્રીને કહ્યું : 'મારે તમને ફાર્મ હાઉસમાં અઠવાડિયું એવી રીતે રાખવા છે કે કોઈ આવે જ નહીં.'

'હવે એ બને એવું જ નથી !' સ્વામીશ્રી બોલ્યા.

તેઓ પાસે આરામને આદર કદી ન મળતો.

નાચે ભક્તહૃદય સૌ હરખી

તા. ૨૫/૨ની સવારે અટલાદરાથી જંબુસર પધારેલા સ્વામીશ્રી અત્રે શ્રી પ્રવીણસિંહ જાદવના ઘેર રખાયેલા ઉતારામાંથી આજની સાંજે ભ્રમણ કરવા બહાર આવ્યા ત્યારે ત્યાં એક હાથમાં લાકડી અને બીજે હાથે હાર લઈને એક વૃદ્ધ ઊભા હતા. તેઓને જોતાં જ અટકેલા સ્વામીશ્રીએ તેઓનો હાર અંગીકાર કર્યો. તે જોઈ બાજુમાં ઊભેલા વિવેકસાગરદાસ સ્વામીએ ધર્મચરણદાસ સ્વામીને પૂછ્યું : 'આ કોણ હરિભક્ત ?'

તેઓને પણ નામ યાદ ન આવ્યું, ત્યારે આ વાર્તાલાપ સાંભળી ગયેલા સ્વામીશ્રી બોલ્યા: 'આ ટુંડજના ઝવેરભાઈ. જૂના સત્સંગી. એમની સાથે બીજા એક ચીમનભાઈ પણ આવતા.'

સ્વામીશ્રીની આ સતેજ સ્મૃતિ પેલા વડીલની આંખો ચમકાવી ગઈ. તેઓ બોલી ઊઠ્યા: 'વર્ષો પહેલાં અમારે ત્યાં સ્વામી આવી ગયેલા છે. નાના ગામના મારા જેવાનેય એ ભૂલ્યા નથી!'

આવા સ્વામીશ્રીને સત્સંગીઓ પણ કેવી રીતે વીસરી શકે!

તેથી જ આજે જે. એમ. શાહ કૉલેજના પ્રાંગણમાં યોજાયેલી ભરચક સભામાં જંબુસરના મંડળે સ્વામીશ્રીને ૧,૧૦,૦૦૦ તલ પરોવીને તૈયાર કરાયેલા હારથી વધાવ્યા, તો ભાણખેતરના મંડળે સ્વામીશ્રીના ૭૭મા વર્ષ નિમિત્તે ૭૭૭ ગુલાબ ગૂંથીને બનાવેલો હાર પહેરાવ્યો. તેની સાથે સ્વામીશ્રીના તત્કાલીન આયુષ્યના દિવસો મુજબ ૨૭,૪૭૪ મોતીનો હાર વાવલીના મંડળે અર્પણ કર્યો.

નીણમને નીલમ સમું સંભારણું

તા. ૨૬/૨ની સવારે જંબુસરથી નીકળેલા સ્વામીશ્રી નીણમ ગામમાં પધાર્યા – અહીંના ઘરમંદિર જેવા હરિમંદિરનો ૨૪મો પાટોત્સવ ઊજવવા.

૨૪ વર્ષ પૂર્વે તેઓ અહીં આવ્યા ત્યારે વાહનનું પણ ઠેકાણું નહોતું ત્યાં આજે પોલીસ ઍસ્કોર્ટ સહિત ૭૭ મોટર-સાઇકલ તેઓને શોભાયાત્રારૂપે દોરી લાવી. પા સદીમાં તો સ્વામીશ્રી સંસ્થાની કાયાપલટ કરી ચૂકેલા, પરંતુ આટલાં વર્ષેય અફર રહેલી તેઓની જીવનશૈલી અને જીવન ભાવનાઓ! તેથી જ તો તેઓ આજે માંડ હજારેકની વસ્તી ધરાવતા આ ખોબા જેવા ગામમાં આવી પહોંચેલા. જંબુસરથી અહીંનું વીસેક કિ.મી.નું અંતર કાપવામાં તેઓની ગાડીને પૂરી પાંત્રીસ મિનિટ થયેલી.

આ રીતે ઊબડખાબડ પંથ કાપતાં અત્રે પધારેલા સ્વામીશ્રી પાટોત્સવ ઊજવી બપોરે ભોજન લેવા જ્યાં બિરાજ્યા એ રાવજીભાઈ પટેલનું ઘર પણ ગાર-માટીના લીંપણવાળું હતું. અધ્ધરથી ઉંદરોનો ઉપદ્રવ ન થાય તે માટે પ્લાસ્ટિકની છત જડી દીધેલી. આ વ્યવસ્થા જોઈ સ્વામીશ્રી બોલી ઊઠ્યા: 'અસલ ઘરમાં બેઠા હોઈએ એવું છે! ઘણાં વરસે આવા ઓરડામાં જમવાનું થયું.'

આ ભોજન બાદ આજની સાંજે મંદિરમાંથી બહાર નીકળતાં તેઓએ

સામે ઊભેલા હરિભક્ત શ્રી બિપીનભાઈને જોઈ કહ્યું: 'તમારું ઘર સામેની ખડકીમાં આવ્યું ને!'

પચીસ વર્ષેય સ્વામીશ્રીની સ્મૃતિ પર ધૂળ ચડી નહોતી.

આમ, *'જે જે વાટમાં આવે ગામ, તે તે જનનાં સારે છે કામ...'*ની પેઠે વિચરતા તેઓ સાંજે સાડા સાત વાગ્યે ભરૂચ આવ્યા.

અહીં પ્રીતમ સોસાયટીમાં બાંધેલા સભામંડપમાં સ્વામીશ્રી પહોંચતાં જ સ્વાગત-વિધિ શરૂ થયો. તે વખતે સ્વામીશ્રીએ વ્યવસ્થાપક સંતને પૂછ્યું: 'હાર ઠાકોરજીને ધરાયા છે?'

'હા, પટની મૂર્તિઓને ધરાવી દીધા છે.'

'હરિકૃષ્ણ મહારાજને ધરાવો. એ હોય ત્યારે એમને જ ધરાવવા. હરિકૃષ્ણ મહારાજ એટલે હરિકૃષ્ણ મહારાજ! અમથું લોલંલોલ ન કરવું.' સ્વામીશ્રી બોલ્યા.

આવી પ્રીત્ય દીઠી નહીં ક્યાંઈ

ભરૂચમાં તા. ૨૭/૨નો દિવસ ઊગ્યો ત્યારે અહીંના યુવક ભાસ્કર મહેતાનો આનંદ સમાતો નહોતો. તે યુવાનને પરણી રહેલી યુવતી પણ આ જ સ્થિતિ અનુભવતી હતી.

પેલો યુવક જ્યારે એક વર્ષના અબુધ શિશુરૂપે હતો ત્યારે જ તેના પિતા એને તરછોડીને ચાલી ગયેલા. મુંબઈમાં રહેતી પેલી યુવતીના પિતા શ્રી ત્રિગુણભાઈ ભટ્ટ પણ અક્ષરવાસી થતાં દીકરીના માથેથી બાપનું છત્ર હટી ગયેલું. પરંતુ પોતાની ઉપસ્થિતિમાં કોઈનેય અનાથપણાનો અહેસાસ ન થવા દેનારા સ્વામીશ્રી આ યુવા-યુવતીના પિતા બન્યા હોય એમ બંનેની જવાબદારી વહન કરવા લાગેલા.

તે ક્રમમાં યુવક માટે યોગ્ય જીવનસાથી શોધવાનાં ચક્રો પણ ગતિમાન કરી ચૂકેલા તેઓ સમક્ષ એક વાર જાણકાર વ્યક્તિઓએ વિવિધ નામો પ્રસ્તુત કર્યાં ત્યારે તે દરેકમાં સ્વામીશ્રીએ અસંમતિ બતાવેલી. તે જોઈ કો'કે પૂછેલું કે 'બાપા! આ બધી જ યુવતીઓ ભણેલી-ગણેલી છે, વળી સાધન-સંપન્ન પણ છે, છતાં આપ કયા કારણસર ના પાડો છો?'

'આ યુવકને બાપ નથી, તો એની માતાને સાચવે એવું પાત્ર જોઈએ ને!' સ્વામીશ્રીએ ફોડ પાડેલો.

છેવટે તેઓએ જ આ યુવકનાં લગ્ન માટે મુંબઈના પેલા અક્ષરવાસી ભક્તની પુત્રીને યોગ્ય સમજી બંનેને આગળ વધવા જણાવેલું. સ્વામીશ્રીની કરુણાથી અભિભૂત આ યુવા-યુવતીને પસંદગી બાબતે તો કંઈ વિચારવાનું જ નહોતું; પરંતુ તેઓને સતાવી રહેલી લગ્નના ખર્ચની ચિંતા !

તેનું નિરાકરણ પણ સ્વામીશ્રીએ અટલાદરાના નિવાસ દરમ્યાન લાવી દીધેલું. અત્રે તેઓએ પરણેતર યુવતીના ભાઈ અને પેલા પિતાવિહોણા યુવકને જણાવેલું: 'અમે ભરૂચ આવીએ જ છીએ ત્યારે રોજ હરિભક્તોને જમાડવાના હોય છે. તેમાં તમારાં સગાં-વહાલાંઓને જમાડી દઈશું. તમે એની ચિંતા ન કરશો. સગાંઓ સાથે આવી જજો. બધું તૈયાર હશે. તમારા ૫૦-૧૦૦ બ્રાહ્મણો જમશે તો રસોઈ આપનારને પુણ્ય થશે ને તમારું કામ થશે.'

આટલું કહી સ્વામીશ્રીએ કન્યાના ભાઈને શીખ આપેલી: 'તારે બહેનને કહેવું કે અહીં આવે એટલે આને જ ઘર માનવું. સાસુને મા માની સેવા કરવી, ક્લેશ ન કરવો.'

ત્યારપછી તેઓએ પ્રભુતામાં પગલાં માંડી રહેલા યુવકનેય બોધ આપેલો: 'તારી મમ્મીને પણ કહેવું કે એને દીકરી જ જાણવી. જૂની ટેવ ને સ્વભાવ હોય, પણ એ ચલાવી લેવાં. આપણે સામાન્ય ઘરમાં ઊછરેલાં છીએ, એટલે બંનેએ બહુ રજોગુણ ન વધારવો. ખોટા ખર્ચા નહીં.'

એક વડીલની જેમ સંસાર સંબંધી આટલી ચિંતા કર્યા બાદ સ્વામીશ્રીએ ભરૂચમાં સેવા આપતા અભયસ્વરૂપદાસ સ્વામીને મંદિરમાં જ આ પ્રસંગ માટે વ્યવસ્થા કરવા જણાવેલું. કન્યાપક્ષનાં સગાંઓ મુંબઈથી ભરૂચ આવે તેવી ગોઠવણ સ્વામીશ્રીએ જ કરી હોવાથી, આ આગંતુકોના ઉતારા, ત્યાં સ્નાનાદિ માટે ગરમ પાણી, લગ્નના દિવસે સવારે ફાફડા-જલેબીના અલ્પાહારની સૂચના આપ્યા બાદ સ્વામીશ્રીએ એ સંતને પૂછેલું: 'લગ્ન બાદ બપોરના ભોજનમાં શું કરીશું ?'

'આપના છ દિવસના રોકાણ દરમ્યાન રોજ અલગ-અલગ મિષ્ટાન્ન જમવામાં હશે ! તેમાંથી આપ કહો તે કોઈ પણ બે મિષ્ટાન્ન જમાડીએ.'

'છયે છ ન જમાડાય ?'

સ્વામીશ્રીના આ શબ્દો સાંભળી ભાસ્કરને તો થયેલું: 'કદાચ મારો સગો બાપ હોત તો તે પણ મારી આટલી માવજત ન કરત !'

આમ, સ્વામીશ્રીએ જ આ યુવા-યુવતીના પરિણયની સઘળી વ્યવસ્થા

કરી આ મંગલ પ્રસંગ માટે તા. ૨૭/૨નો દિવસ મુકરર કરેલો.

તે દિવસ આજે આવી પહોંચતાં આજનો સૂર્યોદય આ યુવા-યુવતીને પ્રકાશભર્યો નહીં, પણ સ્વામીશ્રીના પ્રેમથી ભર્યો-ભર્યો જણાયો.

આજની સવારે સ્વામીશ્રીએ નિત્યપૂજા બાદ ઉતારે જતાં વરરાજા બનેલા પેલા યુવકને પોતાની સાથે જ ગાડીમાં બેસાડી દીધો. ગાડી ઊપડી ત્યારે સ્વામીશ્રીએ તેને કહ્યું પણ ખરું કે 'જો, આ તારી જાનમાં અમે આવી ગયા!'

ઉતારે પહોંચી સ્વામીશ્રીએ સામે ઊભા રહી આ યુવકના માથે સંતો પાસે સાફો બંધાવ્યો. ત્યારબાદ તેને હાર પહેરાવી, બીજો હાર તેનાં પત્ની માટે મોકલી આપ્યો. મંદિરના આંગણે બંધાયેલા માંડવે જ્યારે આ યુવક-યુવતી લગ્નગ્રંથિથી જોડાયાં ત્યારે બેમાંથી એકેયને પિતાની ખોટ ન વર્તાઈ.

અગ્નિની સાક્ષીએ નહીં, પણ બ્રહ્માગ્નિની સાખ્યે લગ્નવિધિ સંપન્ન કરીને યુવક જ્યારે આશીર્વાદ લેવા સ્વામીશ્રીના ઉતારે પહોંચ્યો ત્યારે સ્વામીશ્રીએ તેને આશ્લેષમાં સમાવ્યો અને ઠાકોરજીનાં પ્રસાદીભૂત બે પાનબીડાં આપી આશીર્વાદ પાઠવ્યા.

આ સમયે સ્વામીશ્રીની મમતાના મેઘધનુષમાં સાત નહીં, પણ સાતસો રંગો નીખરી ઊઠેલા જોઈ સૌનાં અંતર ગાઈ ઊઠ્યાં : *'આવી પ્રીત્ય દીઠી નહીં ક્યાંઈ...!'*

અડધા કાગળની કરકસર

ભરૂચના રોકાણ દરમ્યાન તા. ૨૭/૨થી સ્વામીશ્રીએ અહીંના નિર્માણાધીન શિખરબદ્ધ મંદિરની લખણીનો પ્રારંભ કરી દેતાં હરિભક્તો સેવાની સરવાણી વહાવવા લાગ્યા.

ખરડાની આ ગતિવિધિ દરમ્યાન જ તા. ૨૮/૨ના રોજ વલસાડના શ્રી રાજુભાઈ બ્રહ્મભટ્ટ પોતાના કામ અંગે સ્વામીશ્રી પાસે ભલામણ-પત્ર લેવા આવી ચડ્યા. તે માટે સ્વામીશ્રીએ પત્ર-પરિચારકને એક કાગળ આપવા જણાવ્યું ત્યારે એ સંતે ખાસ બનાવેલા લેટરપેડમાંથી એક પાનું કાઢી ધર્યું. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'એ મોંઘા કાગળની જરૂર નથી. પેલો ચાલુ કાગળ આપો.'

આ આદેશ અનુસાર સેવકે સાદો કાગળ કાઢ્યો ત્યારે પણ સ્વામીશ્રીએ કહ્યું : 'આવડા મોટા કાગળની જરૂર નથી, અડધો કરી દો.' આમ કહેતાં

તેઓએ એક ચબરખી જેવા કાગળમાં ભલામણ ચિઠ્ઠી લખી દીધી.

હજી ગઈકાલથી જ સ્વામીશ્રીએ આરંભેલા શિખરબદ્ધ મંદિરના ખરડાની પાર્શ્વભૂમાં તેઓની આજની આ અડધા કાગળની કરકસર વિશેષ દીપી ઊઠી.

તેના અજવાળે તા. ૧/૩ની સવારે યોજાયેલી મુંબઈના નિર્માણાધીન યોગી સભાગૃહ સંબંધી મીટિંગમાં સ્વામીશ્રી વ્યંગ કરતાં બોલ્યા: 'અત્યારે તો બાંધકામ થઈ ગયા પછી અંદર સોનું, હીરા, રૂપું ને એવું બધું નંખાવવાનું ઇન્ટિરિયર(આંતરિક સજાવટ)નું બહુ ઊપડ્યું છે. બધાને એવા વિચાર બહુ થાય છે.'

આ સાંભળી મીટિંગમાં બેઠેલા જ્ઞાનપ્રિયદાસ સ્વામીએ પૂછ્યું: 'અમને પણ સારી સજાવટના વિચારો તો આવે જ છે, પરંતુ આપને શો વિચાર થાય છે?'

'અંદર બેસીને ભજન થાય એ!' આટલો જવાબ આપી સ્વામીશ્રીએ ઉમેર્યું: 'આ જમાનો એવો છે કે અંદરની શોભાની જરૂર છે; પણ અતિની જરૂર નહીં. સાદું ને સારું હોવું જોઈએ. બહુ લક્ઝરી (વૈભવ) નહીં.'

જમાના સાથે તાલ મિલાવતા સ્વામીશ્રી ભજનનો લય ન ખોરવાય તેનું જાણપણું રાખતા અને રખાવતા.

આ તો મનુષ્ય નહીં નિરધાર

તા. ૧/૩ની સાંજે અંકલેશ્વરની વિશાળ ઔદ્યોગિક વસાહત જી.આઇ.ડી.સી. અને રોટરી ક્લબ, લાયન્સ ક્લબ જેવી અન્ય સંસ્થાઓ દ્વારા સ્વામીશ્રીનો જાહેર સત્કાર સમારંભ અંકલેશ્વરની શાલિમાર હૉટલના સંકુલમાં યોજાયેલો. તેમાં નગરના શ્રેષ્ઠીઓનું અભિવાદન સ્વીકારી સ્વામીશ્રીએ તા. ૨/૩ની સવારે ઝાડેશ્વરમાં આવેલી નિર્માણાધીન મંદિરની ભૂમિ પર પગલાં પાડ્યાં.

તેને અનુસરતાં તેઓ તા. ૪/૩ની સવારે ભરૂચથી વિદાય લઈ પોર ગામની જી.આઇ.ડી.સી.માં પધરામણી કરતાં કારવણ જઈ પહોંચ્યા.

અત્રે પુરાતન લકુલીશ મહાદેવનાં દર્શન-પૂજન કરી સ્વામીશ્રી કનુભાઈ પટેલના બંગલે રખાયેલા ઉતારે ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે સંતોએ પૂછ્યું: 'બાપા! અહીં કારવણનો પ્રોગ્રામ ગોઠવવાનું કોઈ કારણ?'

સૌની આ જિજ્ઞાસા સહેતુક હતી, કારણ કે તા. ૪/૩ની સવાર સુધી સ્વામીશ્રીનું ભરૂચમાં રોકાણ અને તા. ૬/૩ના રોજ વિદ્યાનગરમાં આગમન નિશ્ચિત હતું, પરંતુ વચ્ચેના એક દિવસના કાર્યક્રમનો કોઈ ઘટસ્ફોટ સ્વામીશ્રીએ થવા દીધો નહોતો. છેવટે તેઓએ તા. ૨/૩ના રોજ કારવણ અને ડભોઈને વિચરણના નકશામાં સામેલ કરતાં સૌને આશ્ચર્ય થયેલું કે 'આવાં ઓછા-આછા સત્સંગ-સમુદાય અને ઊણી-વામણી સુવિધાવાળાં આ ગામોમાં સ્વામીશ્રી શા સારુ જતા હશે?'

ડભોઈમાં તો નિર્માણાધીન સંસ્થાકીય હૉસ્પિટલ કદાચ મુલાકાતનો હેતુ હોઈ શકે, પણ કારવણનું કોકડું તો સૌના મનમાં અણઊકલ્યું જ રહેલું! તેથી આજે અહીં કારવણમાં પધારવાનું પ્રયોજન સૌ સ્વામીશ્રીને પૂછી રહેલા.

જો કે તેનો ખુલાસો આજની સાંજે સ્વામીશ્રી લકુલીશ વિદ્યામંદિરના પટાંગણમાં જાહેર-સભા સંબોધી દસ વર્ષીય અભયના ઘેર પહોંચ્યા ત્યારે થઈ ગયો.

આ બાળક ચાર વર્ષ પહેલાં તેના મામાની સાથે બોચાસણ ગયેલો. ત્યાં તે ભોળા ભાવે સ્વામીશ્રીને આમંત્રણ આપી બેઠેલો કે 'બાપા! કારવણમાં મારે ઘેર આવો.'

તે વખતે સ્વામીશ્રી બોલેલા: 'હું ક્યારેક નવરો પડીશ ત્યારે જરૂર આવીશ.'

વાયદો અપાયાની એ ઘડી અને આજના દા'ડાની વચ્ચે સ્વામીશ્રી ત્રણ-ત્રણ વિદેશયાત્રાઓ ખેડી ચૂકેલા. તેની સાથે તેઓ લંડનના મંદિર મહોત્સવ અને અમૃત મહોત્સવનાં વિરાટ આયોજનો સંપન્ન કરી ચૂકેલા. આ બે ઉત્સવોમાં તેઓ વિશ્વકક્ષાના મહાનુભાવોને મળેલા. 'ગિનિઝ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્ઝ'માં સ્વામીશ્રીનું નામ ચમકેલું. સુરતથી સીડની સુધીનાં મંદિરોનું નિર્માણ સ્વામીશ્રી કરી ચૂકેલા. તેઓનાં દર્શન માટે લાખોની મેદની ઊમટી ચૂકેલી. પરંતુ તેની વચ્ચે સ્વામીશ્રી પોતાના વચનને વીસર્યા નહોતા! તેને નિભાવતાં તેઓ આજની રાત્રે આઠ વાગ્યે પેલા બાળકના ઘરમાં પધાર્યા અને અહીં જ તેઓએ રાત્રિ ભોજન ગ્રહણ કર્યું.

તેઓની આ પધરામણી સ્વામીશ્રીને *'આ તો મનુષ્ય નહીં નિરધાર...'* કહેવા મજબૂર કરે તેવી રહી. વાત-વાતમાં આપેલા વેણનેય સ્વામીશ્રી કેવી ખૂબીથી નિભાવી જાણતા, સૂરજ થઈને પણ તેઓ રજકણ સાથેનો નાતો

કેવો આબાદ જાળવી રાખતા અને કોઈ ચીપ(chip)-ચિઠ્ઠી વિના તેઓ મગજમાં કેટલું સૂક્ષ્મ સંઘરી શકતા તેનો આ પુરાવો પામી સ્વામીશ્રીને મનુષ્ય સમજવાની ભૂલ કોણ કરે ?

શૈશવની રમણરેતમાં

તા. ૫/૩ની સવારે સ્વામીશ્રીના ઉતારે પ્રાકૃતિક વાતાવરણની ઘેરી અસર ચોગરદમ ફરી વળેલી. પ્રભાતની ગુલાબી ઠંડક, ઊગતો સૂરજ, હળવી હવાના સ્પર્શની તાજગી, વિશાળ વટવૃક્ષનો છાંયો, તેમાં મચી રહેલો પંખીઓનો કલરવ, તે સિવાય પ્રસરેલી નીરવ શાંતિ... તેની વચ્ચે પ્રાતઃપૂજા કરવા બિરાજેલા સ્વામીશ્રી તપોવન કાળના કોઈ ઋષિ સમા જણાતા હતા. આ સમયે ગવાઈ રહેલા પદ *'જેને દેખી મારા હૈયા તો ઠરે, ઓ ભાઈ! અમને એવા સંત મળે...'*ની સાર્થકતા સ્વામીશ્રી સમક્ષ બેઠેલા ગણ્યા-ગાંઠ્યા દર્શનાર્થીઓ અનુભવી રહ્યા.

કારવણને આ અનેરી અનુભૂતિમાં તરબોળ કરતા સ્વામીશ્રી ગામના જૂના સ્વામિનારાયણ મંદિરે દર્શનનો લહાવો લઈ ડભોઈ જવા નીકળ્યા.

આ માર્ગે તેઓ થોડા આગળ વધ્યા ત્યાં જ મેનપુરા આવ્યું. સ્વામીશ્રીનાં માતુશ્રી દિવાળીબાનું આ જન્મસ્થાન. તેથી સ્વામીશ્રીની પણ રમણરેતી. એટલે જ ગામના તળાવ આગળથી પસાર થતાં તેઓ બોલ્યા :

'અહીં વર્ષે એક-બે વાર આવવાનું થાય જ ! શરૂઆતનાં ૭-૮ વર્ષો રાજનગર હતો એટલે એ પછી આવવાનું થતું. દસ-બાર વાર તો આવ્યો જ હોઈશ. આ સામે પેલી આંબલી દેખાય એની પાછળ જ ઘર હતું, ત્યાં રહેવાનું. બપોરે તળાવમાં પડવાનું. તે દા'ડે તો પાણી રહેતાં.'

અત્રે તેઓના આગમનની જાણ કોઈને કરી નહોતી, પણ *'સૂર્ય છૂપે નહીં બાદલ છાયો...'*ની જેમ શ્રી સોમાભાઈએ બંધાવેલા મંદિરે સૌ સ્વામીશ્રીનાં દર્શન માટે એકત્રિત થઈ ગયેલા. તેથી સ્વામીશ્રીએ નાનકડી સભામાં સૌને ધર્મલાભ આપ્યો. તેમાં દિવાળીબાના મામાના પૌત્ર શ્રી દેવેન્દ્ર પણ બેઠેલા. તેઓને વર્તમાન ધરાવી શ્રીજીશરણે મૂકતાં સ્વામીશ્રી બોલ્યા : 'મૂળ આ લોકો વણાદરાના, પણ આના દાદા ધરમદા' અહીં પરાંમાં ખેતી માટે આવેલા અને પછી વસી ગયા.'

આ હેતભાવથી સૌને મળી તેઓ ચાલતાં-ચાલતાં જ નજીકમાં આવેલા

કરુણાસાગર મહારાજના મંદિરે પહોંચ્યા. અત્રે ટ્રસ્ટીઓએ તેઓનું ભાવભીનું સ્વાગત કરી ભેટ ધરી, પણ સ્વામીશ્રીએ તે પાછી અપાવી દીધી.

તે જોઈ સૌએ કહ્યું: 'આપ ગુરુપદે બિરાજ્યા બાદ પહેલી જ વાર પધાર્યા છો તો અંગીકાર કરો.'

પરંતુ 'મંદિરની ભેટ ન હોય' કહી તે રકમ પ્રેમપૂર્વક પરત કરતાં સ્વામીશ્રીએ વિદાય લીધી. તે વખતે મોટરના એક્ઝોસ્ટ વડે ઊડતી પાદરની ધૂળ પોતાના ચિરપરિચિત શાંતિલાલને વળગી પડવા પાછળ ધસી આવી; પરંતુ પવન પણ પાછો પડે એવી રફતારથી ઘૂમતા સ્વામીશ્રીને ન પામી શકતાં તે રજ સ્વામીશ્રીના સાંનિધ્યની સુવાસને ઘૂંટતી ત્યાં જ ઢગલો થઈને ઢળી પડી.

ભક્તિ કરો એ મોટું ફંક્શન

મેનપુરાથી ડભોઈ પહોંચેલા સ્વામીશ્રી અહીં ગામના મોખરે સંસ્થા દ્વારા નિર્માણાધીન હૉસ્પિટલના બાંધકામનું નિરીક્ષણ કરી, કાનમ પટેલ સમાજની વાડી પાસે પધાર્યા. અત્રે તેઓએ માધ્યમિક શાળાની ભૂમિનું પુષ્પો પધરાવી પૂજન કર્યું. તેની સાથે ગામમાં બની રહેલાં સ્ટેડિયમ અને વારિગૃહનાં ખાતવિધિ પણ સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા થતાં ગામની ઉન્નતિનો ચોક પુરાઈ ગયો.

તેને અનુસરતાં આજની સાંજે એસ. સી. કૉમર્સ કૉલેજના પટાંગણમાં આયોજિત સભામાં સ્વામીશ્રીએ કહ્યું:

'સમાજમાં સેવા કરવા નીકળીએ છીએ ત્યારે પહેલાં આપણું હૃદય ચોખ્ખું હોવું જોઈએ. ધન અને સત્તાની અતિ લાલસાને લઈને કોઈને ત્રાસ આપશો નહીં. નીતિથી જે મળે એ મેળવજો. આજે તો ગાડાના પૈડાની જેમ લોકો ફરી જાય છે. પચાસ રૂપિયાના લાભ માટે ફરી જઈએ. લ્યા! કેટલી જિંદગી જીવવી છે? ગમે એવી રાજસત્તા હોય, પણ વચન ન હોય એની કિંમત શું? ખોટું કર્યું હશે તો ઊંઘ નહીં આવે.'

સાતેક હજારના શ્રોતા સમુદાયને આ અમૃતધારાનું રસપાન કરાવ્યા બાદ સ્વામીશ્રી બાલકૃષ્ણભાઈ પટેલના બંગલે પધાર્યા. અત્રે તેઓ વાળુથી પરવાર્યા ત્યારે પત્રવ્યવહારમાં કંઈ બચ્યું નહોતું. તે જોઈ સ્વામીશ્રીએ કહ્યું: 'સંતોને બોલાવો, ચેષ્ટાગાન કરીએ.'

પ્રવૃત્તિનો પૂરપાટ પ્રવાહ પણ તેઓની પરાભક્તિને ડુબાડી ન શકતો.

આ ભક્તિભાવ સાથે સ્વામીશ્રી તા. ૬/૩ની સવારે પાંચસો વર્ષ પુરાણા વાઘનાથ મહાદેવે પધાર્યા.

અત્રે દર્શન કરી તેઓ સવા સો વર્ષ જૂના સ્વામિનારાયણ મંદિરે પહોંચ્યા ત્યારે એક પુરાણી સ્મૃતિ વાગોળતાં બોલ્યા: ''અહીં તો અમે ધામધૂમથી જાન લઈને આવેલા. મથુરભાઈ મકનના દીકરાના દીકરા જયંતી અહીં પરણેલા. મથુરભાઈને એવો આગ્રહ કે 'જોગીબાપા જાનમાં આવે જ!' તે બાપા, મોટા સ્વામી ને હું જાનમાં ટ્રેનમાં બેસીને અહીં આવેલા ને આ મંદિરમાં રાતવાસો કરેલો.''

મંદિરમાં આ સ્મૃતિપ્રસાદ વહેંચી વિદ્યાનગર પધારેલા સ્વામીશ્રીને અહીં વાસદના સરપંચ બનેલા છાત્રાલયના પૂર્વ વિદ્યાર્થી શ્રી દિનેશભાઈ પટેલે તા. ૭/૩ની સવારે આમંત્રણ પાઠવ્યું કે 'સ્વામી! આપ માત્ર અડધો કલાક વાસદને આપો.'

'અત્યારે તો બીજે આયોજન ગોઠવાઈ ગયું છે. ભવિષ્યમાં જોઈશું.'

'બાપા! અમે મોટું ફંક્શન કરીશું.'

'તમે બધા ભેગા થઈને ભક્તિ કરો એ અમારે મન મોટું ફંક્શન જ છે.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓને ભીડ અને ભભકા કરતાં ભક્તિ વધુ પસંદ.

અમે મોટા છીએ જ નહીં

તા. ૯/૩ની સાંજે વિદ્યાનગરથી વણાકબોરીના થર્મલ પાવર સ્ટેશને પધારેલા સ્વામીશ્રી અહીં મુખ્ય ઇજનેર શ્રી હરિભાઈ પટેલના ઘેર ઠાકોરજી જમાડવા બિરાજ્યા. તે વખતે સ્થાનિક સંતો અત્રે તૈયાર થયેલા મંદિરના નિર્માણ માટે હરિભક્તોએ કરેલી સેવાનો અહેવાલ આપવા લાગ્યા. તેમાં એક ઉલ્લેખ એવો થયો કે 'સહયોગ આપનારા એક-બે ભક્તોને તો પોતાના આંગણે સ્વામીશ્રીની પધરામણી કરાવવાની ઇચ્છા પણ થઈ આવી છે.'

આ સંદર્ભમાં સંતોએ સ્વામીશ્રીને જણાવ્યું: 'એ હરિભક્તોનો ઉત્સાહ તો બહુ છે, પણ 'આપ મોટરમાં બેઠાં-બેઠાં દૃષ્ટિ કરી લેશો' એમ અમે સમજાવ્યા છે.'

'તમે સમજો, એ રીતે એને સંતોષ થાય નહીં.' હરિભક્તોનાં માનસને

સમજનારા સ્વામીશ્રી બોલ્યા. વળી, તેઓએ ઉમેર્યું: 'હમણાં અમે કારવણમાં હતા. મારે પેલા ઘનશ્યામને ત્યાં જવું હતું, પણ સંતોએ એમને સમજાવી દીધા. પણ જૂના હોય એને સાચવવા પડે.'

આ અંગે સંતોએ પધરામણીમાં પડતો ભીડો આગળ ધરી દલીલ કરી, ત્યાં જ સ્વામીશ્રીએ કહ્યું: 'તમે લોકો સમજતા જ નથી. તમને આગળ-પાછળનું ખબર ન હોય. શાસ્ત્રીજી મહારાજના સમયથી એને ત્યાં ઊતરીએ છીએ. ઉતારો બીજે થાય એટલે એને મનમાં રહે. આપણે જઈ આવીએ તો એને સંતોષ થાય.'

'તમે એવું કરવા જશો તો પહોંચી જ નહીં વળો.'

'એ બધું તમારે નહીં જોવાનું. જૂના માણસોનો સંબંધ જાળવી રાખવો પડે. ભલે એના દીકરા સત્સંગી હોય કે ના હોય, પણ એને આપણે જાળવી લેવા. એના બાપ-દાદાએ સેવા કરી હોય એની સામે જોવું.'

સ્વામીશ્રીના મુખમાંથી શબ્દો નહીં, પણ ભક્તો પ્રત્યેનો પ્રેમ અને મહિમા ઊછળી-ઊછળીને બહાર આવી રહ્યો.

સંતોને સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય સાચવવા પર તાન હોય, પણ સ્વામીશ્રીને સ્વાસ્થ્ય કચડીનેય સત્સંગીઓને સાચવવાનો ઈશક હોય. તેથી આવો વાણી-વિનિમય ઘણી વાર થતો રહે. તે જોઈ આજે એક સંત બોલ્યા: 'મોટા થવામાં આ બધું દુ:ખ !'

'અમે મોટા છીએ જ નહીં. અમે તો સેવક જ છીએ.' સ્વામીશ્રીએ કહ્યું.

બહુ પ્રેમ ભરી પૂજા કરે

સદા સેવક બનીને રહેનારા સ્વામીશ્રીના વરદહસ્તે તા. ૧૦/૩ની સવારે નવાકૂવા ગામની જમીન પર બંધાયેલા નવનિર્મિત મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા થવાની હતી. તે માટે સ્વામીશ્રી પધાર્યા ત્યારે તેઓની ચકોર નજરે જોઈ લીધું કે 'મૂર્તિઓના કંઠમાં કંઠી નથી.'

તેથી તેઓએ સાથે ફરતા એક સંતને કંઠી લઈ આવવા કહ્યું, ત્યારે એ સંતે જણાવ્યું: 'અત્યારે પધરામણીના થેલામાં સુખડની કંઠી નથી તો સાદી ચાલશે ?'

આ બાબતે સ્વામીશ્રીનું મન ન માન્યું. *'બહુ પ્રેમ ભરી પૂજા કરે...'*ની રીતે રહેતા તેઓને ભક્તિમાં ઊણપ કદી ન પરવડે. તેથી તેઓ બોલ્યા:

'ઉતારેથી લઈ આવતાં કેટલી વાર ?'

આ કોઈ પૂછપરછ નહોતી, પણ ઉતારેથી સુખડની કંઠી લઈ આવવાનો આદેશ જ હતો. છતાં ગોથું ખાતાં પેલા સંતે બુક સ્ટૉલમાંથી કંઠી મંગાવી. તે રતાંજલીની આવતાં અકળાયેલા સ્વામીશ્રીએ કહ્યું: 'આવી લઈને શું આ'યા! આપણા સ્ટૉકમાં હશે જ ને! ત્યાંથી મંગાવો. એક વાર કહ્યું એટલે થવું જ જોઈએ.'

ચલાવી લેવાની વૃત્તિ સ્વામીશ્રી ભક્તિમાં ક્યારેય ન ચલાવતા. તેથી તેઓ સુખડની કંઠી મૂર્તિઓને પહેરાવાઈ ત્યારે જ સુખ-સંતોષ પામ્યા.

આવા ભક્તિભર્યા હૈયે મૂર્તિઓમાં પ્રાણ પૂરી સ્વામીશ્રી નવાકૂવામાં યજમાન શ્રી નટવરસિંહ ચૌહાણના આંગણે પધાર્યા ત્યારે અત્રે પ્રતિષ્ઠા નિમિત્તે ત્રીસેક દરબારોએ વ્યસનો છોડી તેઓના આગમનને વધાવ્યું.

ગામમાં આ પરિવર્તનનો પવન ફૂંકી સ્વામીશ્રી પડાલ અને વડદલા થઈને આજની સાંજે કપડવંજ પહોંચ્યા.

અત્રે તેઓ તા. ૧૧/૩ની સવારે પાટોત્સવનો વિધિ કરી રહેલા ત્યારે કેટલાક છબીકારો હનુમાનજી તથા ગણપતિજીની મૂર્તિઓને પીઠ આવે તેમ ઊભા રહી તસવીરો ખેંચવા માંડ્યા. તે જોઈ સ્વામીશ્રી સહેજ ઊંચા સ્વરે કહેવા લાગ્યા :

'આ દેખાય છે એ પૂતળાં નથી, દેવ છે! એમની અવજ્ઞા ન થવી જોઈએ. જેમ ફાવે એમ પીઠ દઈને ઊભા ન રહેવું. ભગવાનને લઈને આપણે છીએ, એનું ધ્યાન રાખવું. માટે એક બાજુ ઊભા રહીને કાર્ય કરો. ફોટોગ્રાફરે ચારેકોર દૃષ્ટિ રાખવી જોઈએ. ખાલી એક બાજુ જ નહીં! સભામાં પણ બધા બેઠા હોય ને તમે આગળ આવીને ફોટા પાડ્યા કરો એ બધાને નડે. ખૂણો પસંદ કરીને બેસી રહેવું. આ બધું અમારે કહેવાનું ના હોય.'

સ્વામીશ્રીના આ પુણ્યપ્રકોપમાંથી તેઓની પરાભક્તિ જ નીતરી રહી.

તે સાથે પાટોત્સવ સંપન્ન કરી તેઓ આજની રાત્રે ભોજન માટે બિરાજ્યા ત્યારે એક સંતે પૂછ્યું: 'શહેરો કરતાં આપને ગામડામાં શાંતિ સારી રહે, નહીં?'

'અમને તો બધે જ શાંતિ રહે છે.' સ્વામીશ્રી બોલ્યા.

આમ, *'સદા સુખી, દુ:ખ નહીં લેશ...'*ની સ્થિતિમાં અખંડ રહેતા તેઓનાં કરકમળો દ્વારા તા. ૧૨/૩ની સવારે ભરકુંડા, દંતાલી, વિશ્વનાથપુરા

લાટ, અપ્રુજી, કઠાણા અને વાસણા(બુઝર્ગ)નાં નિર્માણાધીન મંદિરોનાં ખાતવિધિ થયાં. ત્યારબાદ નગર-સ્થિત ગોકુલેશજીની હવેલી અને જૂના સ્વામિનારાયણ મંદિરે દર્શન કરી નીકળેલા સ્વામીશ્રી આજની સાંજે આણંદ આવ્યા. અત્રે રાધાકૃષ્ણ મંદિરમાં આરતી તથા આશીર્વાદનો લાભ આપી તેઓ વિદ્યાનગર પહોંચ્યા.

આપણે તો અબજોપતિ જ છીએ

તા. ૧૩/૩ની સવારે નાપાડ(તળપદ) મુકામે જઈ અહીંના નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજની પ્રતિષ્ઠા કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'આ ગામ આમ તો નાપાડ છે, પણ બધાને પ્રેમથી આવકાર આપે છે. મંદિરો ગામની શોભા છે.'

ગામ અને મંદિરનો આ મહિમા લલકારી વિદ્યાનગર પરત ફરેલા તેઓએ અહીં તા. ૧૪/૩ની સવારે ચારુતર વિદ્યામંડળ દ્વારા સ્થપાનારી નવી કૉલેજોનાં મકાનો તથા જમીનોને પાવન કર્યાં.

આ ક્રમમાં સ્વામીશ્રીએ વલાસણ મુકામે સંસ્થા દ્વારા નિર્માણાધીન વિદ્યાસંકુલની ભૂમિ પર પણ અમીદૃષ્ટિ વેરી.

એ જ રીતે તેઓએ આજની સાંજે આણંદના કૃષિ મહાવિદ્યાલયના સુવર્ણ જયંતી સમારોહમાં લાભ આપ્યો. તેમાં પૂર્વ વિદ્યાર્થીના નાતે મહંત સ્વામી પણ નિમંત્રિત હતા. તેઓ તથા સ્વામીશ્રીનાં દર્શન-આશીર્વાદ પામી ઍગ્રિકલ્ચર યુનિવર્સિટીનો શિક્ષિત સમુદાય કૃતાર્થ થયો.

આ અનુભવ તા. ૧૬/૩ની સવારે અંબેરાવપુરાના ભક્તો કરી રહ્યા. સાધારણ સ્થિતિના આ સત્સંગીઓએ તૈયાર કરેલા મંદિરમાં સ્વામીશ્રીએ અક્ષર-પુરુષોત્તમની પ્રતિષ્ઠા કરી સૌનો દાખડો સુફળ કર્યો.

ત્યારબાદ તેઓ દેવાણ પધાર્યા ત્યારે સંપ્રદાયનું એક ઇતિહાસપૃષ્ઠ ખૂલી ગયું! અત્રે નીલકંઠવર્ણી જે દરબારમાં જે સ્થાને જમેલા તે દરબારમાં તે જ સ્થાને સ્વામીશ્રી જમવા બિરાજ્યા.

આ કૃપાથી યજમાન શ્રી ધીરસિંહ પરમારને કૃતકૃત્ય કરી સ્વામીશ્રી બદલપુર પધાર્યા ત્યારે અહીં નરઘાંના તાલ, કાંસીજોડાંના રણકાર અને ભૂંગળોના જોશીલા નાદની સ્વાગત-ત્રિવેણી રચાઈ રહી. તેમાં ઝબકોળાયા વિના સ્વામીશ્રીને છૂટકો ન રહ્યો. ભોળા ભક્તોની આ ભાતીગળ ભાવનાઓ

સ્વીકારતા તેઓ આજની સાંજે સભામાં પહોંચ્યા ત્યારે ત્યાં પણ તસુભાર જગ્યા ખાલી ન બચી. અડોઅડ ગોઠવાયેલા એ ભક્તસમુદાય પર અમૃતધારા વરસાવતાં સ્વામીશ્રી બોલ્યા :

'હકડેઠઠ જામી પડ્યા છે ને બધા ! સૌ કથા-વાર્તાના રસિયા છે. આપ બધા ઉપર શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની ખૂબ જ દૃષ્ટિ છે. આપ બધાને સામટા મળવાનું થયું.

દુનિયામાં બધું જ મળશે, પણ આ સત્સંગ મળે એ જ મોટું ભાગ્ય છે. લોકોને ચંદ્રલોક પર જવાના વિચાર આવે છે, પણ ત્યાંથીયે ધૂળનું ઢેફું જ લઈને આયા. એના કરતાં આ આપણી જમીનનું ઢેફું સારું નહીં ! બાજરો તો થાય. જેની નામના આખા જગતમાં છે એવા ગુરુના આપણે શિષ્ય છીએ તો આપણે પણ એવા બનવું. કેવળ ભગવાન સામે જ જોવાનું, તો જીવન સાચું થાય.

હું તો કહું છું કે તમે બધા બદલપુરનાં ઝૂંપડાંમાં રહો છો, પણ એના જેવું સુખ ક્યાંય નથી ! આપણે તો ભગવાન ને સંત મળ્યા એટલે અબજોપતિ જ છીએ. આપણે આપણી ખાનદાની જુઓ. કોના શિષ્ય છીએ ! એ ખાનદાનીને વળગી રહેવું. આપણને ભગવાન મળ્યા છે તો સમો સાચવી લેવો.'

જે કરો એ સંપીને કરો

તા. ૧૭/૩ની સવારે સ્વામીશ્રી બદલપુરમાં નિત્યપૂજા કરવા પધાર્યા ત્યારે મંચની ધારે માટીના પચીસ ઘડાની હરોળ ગોઠવાઈ ગયેલી. તે મંચના સુશોભનરૂપે નહોતી, પણ સ્વામીશ્રીની પ્રતિભાના પુરાવારૂપ હતી. આ ગામ અને આખા પંથકમાં વિચરીને સ્વામીશ્રીએ કરેલાં જીવન-પરિવર્તનોથી ઘણા પરિવારમાં આર્થિક સધ્ધરતા આવેલી. તેને કારણે હવે ગાર-માટીનાં ઘરની જગ્યાએ પાકાં ધાબાંબંધ મકાનો થવા માંડેલાં. આવાં પચીસ ઘરમાં મુકાનારા શ્રીફળયુક્ત કુંભ પ્રસાદીભૂત કરવા સ્વામીશ્રીની પૂજામાં પધરાવાયેલા.

આ રીતે લોકજીવનને બદીઓથી મુક્ત કરતા સ્વામીશ્રી તેને શિક્ષણથી સમૃદ્ધ પણ કરતા. તેના એક કદમરૂપે તેઓએ તા. ૧૭/૩ની સવારે બદલપુરમાં બંધાયેલા 'અક્ષર-પુરુષોત્તમ ઉત્તર બુનિયાદી વિદ્યાલય'નું ઉદ્‌ઘાટન કર્યું. સંસ્થાની સંપૂર્ણ સખાવતથી નિર્માણ પામેલા આ વિદ્યાભવનથી પછાતનેય પ્રવીણ થવા સુધીની સડક નંખાઈ ગઈ.

શૈક્ષણિક વિકાસની સાથે આ ગામના સર્વાંગી ઉત્કર્ષ માટે સ્વામીશ્રીએ

આજે દૂર ને દૂર જવા મથતા ગામના બે અગ્રણી જૂથને એકરાગથી રહેવાનો અનુરોધ કર્યો. હિતોપદેશના અંતે એ દરેકના મોંમાં કોપરાપાક મૂકી તેઓએ કહ્યું: 'આ મોઢાં ગળ્યાં થયાં, હવે પાછાં કડવાં થાય નહીં. જે કાર્ય કરો એ સંપીને કરો.'

આ રીતે એક-એક ગામની ઉન્નતિ માટે મંડ્યા રહેલા સ્વામીશ્રીએ આજની સાંજે અહીંથી વિદાય લીધી અને રસ્તે આવતાં ખડોધી, ડાલી, રાસ તથા બોરસદને પાવન કરી બોચાસણ પધાર્યા.

વર્ણની વિશેષતાઓનું વિલક્ષણ વર્ણન

બોચાસણમાં નિત્યક્રમ અનુસાર ચાલતી થયેલી મુલાકાતો દરમ્યાન તા. ૨૦/૩ની બપોરે લીંબાસીના ભક્તો દર્શને આવ્યા. હરોળબંધ આવતા તેઓ પૈકીના એક સત્સંગીને જોતાં કો'ક બોલ્યું: 'જુઓ આ, મફતભાઈ આવ્યા.'

'મફતભાઈ એ નહીં; એ તો આ પાછળ આવ્યા. આ તો મણિભાઈ.' સ્વામીશ્રીએ સ્પષ્ટતા કરી.

તેઓની આ તેજસ્વી યાદદાસ્તનો ચમકારો અનુભવી રણઝણી ઊઠેલા સૌ હજી તો સ્થિર થાય તે પહેલાં પાલિતાણાના રહીશ ડૉ. ઘેલાણી મુલાકાત માટે આવી ઊભા. તેઓએ પોતાના વેવાઈનો પરિચય આપતાં કહ્યું: 'નવાગામના બકુભાઈ એમનું નામ.'

'એમના પિતાનું નામ?' સ્વામીશ્રીએ પૂછ્યું.

ત્યારે એ આગંતુક માથું ખંજવાળવા લાગ્યા. તે સમયે સ્વામીશ્રી બોલ્યા: 'શંકરભાઈ?'

'હા, એ જ!' પેલા ડૉક્ટર હરખથી હા પાડી ઊઠ્યા.

પોતાની આવી તીવ્ર સ્મરણશક્તિથી સૌને વિસ્મિત અને પુલકિત કરતા સ્વામીશ્રી તા. ૨૧/૩ની સવારે ક્ષૌરકર્મ કરાવવા બિરાજ્યા ત્યારે શ્રીજીમહારાજની લીલા વર્ણવતો રાઘવદાસનો સલોકો ગવાયો. તેમાં વર્ણન આવ્યું: *'ચળું કરીને ખાય ઓડકાર, પેટે લઈ હાથ ફેરે તે વાર...'*

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: ''બ્રાહ્મણ હોય એ જમીને પેટે હાથ ફેરવે; લાડુ ખાધા હોય એ પચે ને! ખેડૂત હોય એ જમ્યા પછી બેય હાથને મસળે; એમ કે 'મહેનતનું ખાધું છે!' વાણિયા હોય એ હાથ ધોઈને માથે હાથ ફેરવે; એમ કે 'બુદ્ધિનું ખાઈએ છીએ!' દરબારો હોય એ ખાઈને મૂછે હાથ

ફેરવે; એમ કે 'બહાદુરીનું ખાઈએ છીએ !''

આ સાંભળી એક સંતે પૂછ્યું : 'સાધુને શું ?'

'એને તો જમીને માળા ! ભજન કરીએ છીએ એટલે મળે છે.' સંતની રીત પ્રગટ કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું.

અતિ તને ત્યાગી ઈન્દ્રિજિત

તા. ૨૨/૩ની સવારે દસ વાગ્યાથી મીટિંગમાં પરોવાયેલા સ્વામીશ્રી ઠાકોરજી જમાડી બપોરે અઢી વાગ્યે ઊભા થયા ત્યારે એ એક આસને તેઓ સતત સાડા ચાર કલાક સુધી બિરાજેલા ! ૭૬મા વર્ષે તેઓએ માંડેલી એ અડીખમ બેઠક તેઓમાં *'અતિ તને ત્યાગી ઈન્દ્રિજિત...'*ની ઝાંખી કરાવી ગઈ.

આ રીતે ઊઠતા-બેસતા તેઓના સાંનિધ્યમાં તા. ૨૩/૩ના રોજ ભગતજી મહારાજના જન્મોત્સવનો માહોલ છવાયો. આ લાભ બોચાસણમાં પહેલી વાર મળતો હોવાથી સૌ ઉત્સાહમાં હતા. સ્વામીશ્રીએ પણ આ અવસરનું નિમિત્ત લઈ આજે મંદિરમાં દંડવત્ કર્યા. ત્યારબાદ તેઓએ પૂજારીને કહ્યું : 'આજે કેસરિયા વાઘા કેમ ધરાવ્યા નથી ? ધુળેટી સુધી એ જ ધરાવવા. પછી જ બદલવા.'

આ ભક્તિરીતિ શીખવતા સ્વામીશ્રી તા. ૨૪/૩ની સવારે વિદ્યાનગર પધાર્યા.

ફૂલદોલનો ઉચ્છવ રસાલ

વિદ્યાનગર અને આણંદની મધ્યમાં વસેલા અક્ષર ફાર્મમાં તા. ૨૪/૩ની સાંજે યોજાયેલો ફૂલદોલોત્સવ સ્વામીશ્રીના સંકલ્પબીજમાંથી ફૂલ્યો-ફાલેલો. આ ઉત્સવના મંચ પર ખીલેલી આમ્રઘટા હોય કે એ આંબે ઝૂમતી કેરીઓ હોય; આ આંબાની ડાળે ઝૂલતો બાર બારણાંનો હિંડોળો હોય કે એ ડાળે કૂજતા મોર-પોપટ હોય; હિંડોળે બિરાજેલા શ્રીજીમહારાજના શણગાર હોય કે તેઓના હાથમાં શોભતી પિચકારી હોય; સભામાં રજૂ થનારો કાર્યક્રમ હોય કે સભા બાદ હરિભક્તોને અપાનારો પ્રસાદ હોય... સઘળે સ્વામીશ્રીનાં સૂચનોનો ઉઘાડ વર્તાતો હતો.

જ્યારથી ચરોતરના ચોકમાં આ ઉત્સવની ઉજવણી નક્કી થઈ ત્યારથી તેઓએ સંતોને દિશાદર્શન કરેલું કે 'આપણે અહીં ઉત્સવ કરવાનો છે તો

એમાં મહારાજે વરતાલમાં કર્યો હતો એની યાદ આવે એ રીતે બધું ગોઠવવું. પેલું કીર્તન ગાય છે ને કે *'વરતાલ ગામ ફૂલવાડીએ રે..'* એ રીતે બધી શોભા કરવી. મહારાજનો હિંડોળો બાર બારણાંનો હોય તે ગોળ પણ ફરે ને હીંચે પણ ખરો એવું કરવું.'

સ્વામીશ્રીનો આ ઉત્સાહ જોઈ સંતોએ પૂછેલું પણ ખરું કે 'એકદમ આવો વિચાર ક્યાંથી આવ્યો ?'

'બસ ! સહેજે સહેજે રાત્રે સૂતાં-સૂતાં વિચાર આવ્યો કે અહીં ઉત્સવ-મૂર્તિ સારી છે. એ જોઈને થયું કે નજીક વરતાલ છે તો કંઈક નવીનતા લાગે, કાયમ સ્મૃતિ રહે એવું કરીએ.' સ્વામીશ્રીએ જણાવેલું.

તેઓ પોતાના આ વિચારો વ્યક્ત કરી રહેલા ત્યારે ફૂલદોલોત્સવને આડે માંડ દસેક દા'ડા જ બચેલા. છતાં તેઓએ સંબંધિત સંતોને કહેલું: 'ટાઈમ થોડો છે પણ એવું આયોજન કરો કે દરેક વસ્તુ બરાબર થાય. ઉત્સવનો રંગ બરાબર જામે.'

ઉત્સવને યાદગાર બનાવવાની સ્વામીશ્રીની આ તાલાવેલી તેઓ નાપાડ ગામે પ્રતિષ્ઠા કરવા જઈ રહેલા ત્યારે પણ ઊછળી આવેલી. આ પ્રસંગે ગાડીમાં જ તેઓએ સંતોને કહેલું: 'મને એક વિચાર આયો કે આટલું બધું કરીએ તો છેલ્લે મહારાજનો મૅસેજ (સંદેશ) કંઈક આવવો જોઈએ. ભક્ત-ચિંતામણિના ૭૧મા પ્રકરણમાં હિંડોળાના પ્રસંગમાં આવે છે ને કે *'આપણે આત્મા નહીં દેહ..'* એ મૅસેજ રેકોર્ડિંગમાં મહારાજના જ અવાજમાં આવે એવું કંઈક ગોઠવવું.'

આમ, સ્વામીશ્રીનાં દિવસ-રાત આ ઉત્સવના આયોજનમાં જ વીતી રહેલાં. સમૈયાના રસ, રંગ અને સંદેશમાં કોઈ કસર ન રહી જાય તે માટે તેઓએ એક રાત્રે તો આરામમાં ગયા પછી *'વરતાલ ગામ ફૂલવાડી..'* કીર્તન તથા ભક્તચિંતામણિનું ૭૧મું પ્રકરણ સાંભળી લીધું. આ ઉત્સવની સભામાં રજૂ થનારા સાંસ્કૃતિક કાર્યક્રમની સ્ક્રિપ્ટ પણ સ્વયં વાંચી ગયા. તેનું ધ્વનિમુદ્રણેય સાંભળી લીધું. તેમાં ઘોડા પર નોબતો વાગવાની વાત આવતાં તે સુધરાવીને 'ઊંટ પર નોબતો'નું સૂક્ષ્મ સૂચન પણ કર્યું.

આ રીતે સ્વામીશ્રીના હૈયામાંથી જ સ્ફુરેલા આ ઉત્સવનો લાભ લેવા ઊભરાયેલી જનમેદનીથી ૩૫ વીઘાનું અક્ષર ફાર્મ સભાપ્રારંભથી જ ચિક્કાર થઈ ગયું. આશરે એક લાખની સંખ્યા ધરાવતા એ સમુદાયને આશીર્વાદના

ફગવા વહેંચતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

"મહારાજ કહે છે કે મારે તમારી પાસે આ કરાવવું છે કે તમે બધા આત્મા છો, અક્ષર છો, બ્રહ્મ છો. દેહ ને આત્મા નોખા છે ને બ્રહ્મરૂપ થઈને ભગવાનની ભક્તિ કરવી એ એમનો સંદેશ છે. માટે દેહભાવથી પર થઈને મહારાજને ભજવા. એમાં કોઈ માન કરે, અપમાન કરે, ગમે તેવું બોલે તોય દુ:ખ થતું નથી ને ચોવીસ કલાક અખંડ આનંદ રહે. એવી સ્થિતિ આપણે બધાએ કરવાની છે. આ મૅસેજ એમણે સર્વેનો આપેલો છે કે *'માનો ચૈતન્યરૂપ તમારું, દુ:ખરૂપ દેહ તેથી ન્યારું...'* માટે એમને બ્રહ્મભાવ કરાવવો છે એ સારી રીતે થાય એ પ્રાર્થના."

આ આશીર્વાદ બાદ ઉત્સવ-સભા નિશ્ચિત પટ્ટે સરકતી રહી અને સ્વામીશ્રી ઉત્સવ-સ્થળની નજીક આવેલા શ્રીજી રસ ભંડારના સંકુલમાં ઠાકોરજી જમાડવા પધાર્યા. અહીં આ સ્થાનના કાર્યવાહકો શ્રી ચીમનભાઈ પટેલ, ચંદુ ભગત, રાજુભાઈ પટેલ, જયેશભાઈ પટેલે તૈયાર રાખેલી વ્યવસ્થાને લેખે લગાડી તેઓ સભામાં પરત ફર્યા ત્યારે મંચ પર *'લાગે વૈકુંઠથી રૂડું વરતાલ'* કાર્યક્રમના ભાગરૂપે ભૂતકાળ અને વર્તમાનકાળની કશમકશ શરૂ થઈ. તે દ્વારા આજથી ૧૮૧ વર્ષ પૂર્વે શ્રીજીમહારાજે વરતાલમાં કરેલા પુષ્પદોલોત્સવ અને વર્તમાન ઉત્સવનું સામ્ય છતું થઈ રહ્યું.

તે જોઈ ન કેવળ ભૂતકાળ અને વર્તમાનકાળ, પણ સમગ્ર સભા ચકડોળે ચડી ગઈ. નગરયાત્રા, આકાશમાંથી ઊતરતા દેદીપ્યમાન ગોળાઓ, વૃક્ષો પર વાગતી નોબતો અને વિવિધ પ્રસંગોની સાભિનય પ્રસ્તુતિ દ્વારા ઉત્સવની અનેરી જમાવટ થઈ રહી.

તેની ચરમ સીમારૂપે હિંડોળે બિરાજેલા સ્વામીશ્રી બાર બારણાંના હિંડોળે ઝૂલતા મહારાજ સમક્ષ પધાર્યા. અહીં તેઓએ વૈદિક મંત્રોના ગાન અને આતશબાજી સાથે મહારાજના ભાલમાં કુમકુમનો ચાંદલો કરી જે ક્ષણે આરતી ગ્રહણ કરી તે જ ક્ષણે સભામાં પણ લાખ-લાખ દીવડાઓ પ્રગટી ઊઠ્યા. સમૂહ આરતીનાં આ ઝગમગતાં અર્ઘ્ય બાદ સ્વામીશ્રી ઉત્સવમૂર્તિ હીંચકાવવા લાગ્યા.

તે પછી સંતોએ તૈયાર કરેલી સુવર્ણ પિચકારી વડે તેઓએ ઠાકોરજીની ચલમૂર્તિને પાંચ વાર અને ઉત્સવમૂર્તિને છ વાર રંગની સેડ્યો છેડી રંગી દીધી. તેની સાથે બ્રિટન ખાતેના ભારતીય રાજદૂત શ્રી સિંઘવી વગેરે મંચસ્થ

મહાનુભાવોનેય રંગભીના કીધા.

આ વખતે ઉપસ્થિત મેદનીનાં હૈયાં પણ *‘રંગભર ફાગ રમાડો...’*નો આર્તનાદ વહાવી રહ્યાં. તે સાંભળી સ્વામીશ્રીની પિચકારીમાંથી પ્રેમની લાખેણી વર્ષા વરસવા માંડી. તે દ્વારા મંચની સામે પૂરના પ્રવાહની પેઠે આવી રહેલો દસ-દસની હરોળનો જનસમૂહ રંગમાં રસબસ થવા લાગ્યો. સતત દોઢ કલાક સુધી આ વેગવાન રસપ્રવાહ વહાવી સ્વામીશ્રી રાત્રે ૧૧:૦૫ વાગ્યે વિરમ્યા ત્યારે અધ્ધર આકાશમાં સ્થિર થઈ ગયેલો ચંદ્ર પણ ગાઈ રહ્યો: *‘ભલી ભજાવી હુતાશની, વળી પોતે થઈ પ્રસન્ન...’*[૨૯]

સાચા તમે સાચો સત્સંગ

વિદ્યાનગરને રંગમાં રમાડી તા. ૨૫/૩ની સાંજે મુંબઈ પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં અત્રે તા. ૨૬/૩ની સાંજે સૌને પ્રતીક રંગોત્સવનો લાભ મળ્યો. મંદિર આગળના જ રસ્તે ગોઠવાયેલા આ આયોજનમાં દસેક હજાર ભાવિકોને રંગમાં તરબોળ કર્યા બાદ સ્વામીશ્રીએ તા. ૨૭/૩ની સાંજથી પોતાની ૧૮મી વિદેશયાત્રાનો પ્રારંભ કરી દીધો.

તેના પ્રથમ ચરણરૂપે રાત્રે સાડા આઠ વાગ્યે દુબઈ પહોંચેલા તેઓનો નિવાસ શ્રી રોહિતભાઈ પટેલના બંગલે હતો. અહીં તા. ૨૮/૩ની સવારે યજમાનના પિતા શ્રી પી. ડી. પટેલે સામેથી આવી સ્વામીશ્રીને કહ્યું: ‘હું બાયપાસ ઑપરેશન માટે હ્યુસ્ટન ગયો ત્યારે મારા દીકરા કે પત્ની પણ ન કરે એવી સેવા સત્સંગીઓએ કરી. અમે બધાં એમની આગળ સત્સંગમાં બાળક હોઈએ એવાં લાગતાં હતાં. અમારી તો આખી જિંદગી બદલાઈ ગઈ હોય એવું લાગે છે. મારે આપના હસ્તે પૂજા લેવી છે.’

આમ, સત્સંગના બાગમાં સ્વામીશ્રીએ ખીલવેલા સુહૃદભાવના ફૂલથી એક જીવન મહેકી ઊઠ્યું.

એ જ રીતે કાર્યકર શ્રી શિવકુમાર રાઠોડના પરિશ્રમે અહીંથી ૧૩૦ કિ.મી. દૂર વસેલા અલ એઇનમાં સત્સંગ મંડળ મહોરાવી દીધેલું. તેનું આજે

---

૨૯. વિદ્યાનગરના આંગણે ઊજવાયેલા આ ફૂલદોલોત્સવની રંગત માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

સ્વામીશ્રીના સાંનિધ્યમાં વિધિવત્ ઉદ્‌ઘાટન થવાનું હતું. તે નિમિત્તે દુબઈ આવી પહોંચેલા ચાલીસેક ભાવિકોની સભા ઉતારાના પ્રાંગણમાં ચાલી રહેલી. તેમાં સ્વામીશ્રી પણ બિરાજેલા. સંતોના મુખેથી કથાવાર્તાનો પ્રવાહ વહેતો હતો.

ત્યાં જ અચાનક મહિલા વિભાગમાં ચીસાચીસ શરૂ થઈ, તેથી ક્ષણભર બધું અટકી પડ્યું! એ સન્નાટામાં ‘જાઉં છું... જાઉં છું...’નો ચિત્કાર સ્પષ્ટ સંભળાઈ રહ્યો. થોડી વારમાં વાતાવરણ પૂર્વવત્ થઈ ગયું.

પરંતુ સભા બાદ સ્વામીશ્રીને મળવા આવેલા આધેડ વયના શ્રી મગનભાઈ રાઠોડે સભા દરમ્યાન મચી ગયેલા ખળભળાટનો ખુલાસો કરતાં કહ્યું: ‘વર્ષોથી મારી પત્નીના પંડમાં કો’કનો પ્રવેશ થઈ ગયેલો. તેથી હેરાનગતિનો પાર નહોતો.’

પરંતુ આજે સ્વામીશ્રીના શાંત-શીતળ તેજથી પરાભવ પામેલી પેલી આસુરી શક્તિ પોબારા ભણી જતાં આ વૃદ્ધની આંખો સ્વામીશ્રી પ્રત્યે કૃતજ્ઞતાથી છલકાઈ ઊઠી. તેઓએ *‘સાચા તમે સાચો સત્સંગ...’*ના સ્વાનુભવનો સ્વાદ વાગોળતાં સ્વામીશ્રીના હસ્તે વર્તમાન ધરાવી સત્સંગ સ્વીકાર્યો.

ઠર્યું અંતર તમને જ જોઈ

તા. ૨૯/૩ની સવારે ડેરા દુબઈ વિસ્તારમાં આવેલા આપણા મંદિરે નૂતન મૂર્તિઓ પ્રતિષ્ઠિત કરનારા સ્વામીશ્રીએ તા. ૩૦/૩ની સાંજે કોન્સ્યુલેટ ભવનના હૉલને પાવન કર્યો. અત્રે કોન્સલ જનરલ શ્રી પ્રભુ દયાલે જ સ્વામીશ્રીની સત્સંગ-સભા યોજેલી.

તેમાં સ્વામીશ્રી વિષે અપ્રતિમ આદર અભિવ્યક્ત કરતાં આ રાજદ્વારીએ જણાવ્યું: ‘इतनी महान हस्ती को यहाँ प्रस्तुत देख के खुशी के मारे आवाज़ भी नहीं निकल पाती। यहाँ हम लोगों को कुछ तरह के पाबंद है। इस वज़ह से खुली तरह से स्वामीजी का स्वागत नहीं कर सकते हैं, बाकी पूरे कोन्स्युलेट को मैं फूलों के हारों से भर देता। सबको लाउड स्पीकर से आमंत्रण देकर बुलाता। देश-विदेशों में स्वामीजी के प्रभाव से वेदान्त फिलोसॉफी को जो बढ़ावा मिला है, उसकी मिसाल नहीं है।’

સ્વામીશ્રીના આ બેમિસાલ પ્રભાવથી અગ્રણી સમાજસેવક શ્રી ભરતભાઈ શાહ પણ એવા અંજાઈ ગયા કે આભારવિધિ કરવા ઊભા થયેલા

તેઓ બોલ્યા : 'આજથી પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્યમાં આપ સૌ સમક્ષ સંકલ્પ જાહેર કરું છું કે છેલ્લાં વીસ વર્ષથી હું તમાકુયુક્ત મસાલો ખાઈ રહ્યો હતો. એનો આજથી હું ત્યાગ કરું છું.'

સ્વામીશ્રીની સાધુતાથી ખેંચાયેલા આ મહાનુભાવ આજ પછી તો સ્વામીશ્રીને મળવા વારંવાર આવતા રહ્યા.

તે ક્રમમાં તા. ૬/૪ના રોજ તેઓએ સ્વામીશ્રીને જણાવેલું : 'આમ તો હું સ્વામિનારાયણનો વિરોધી હતો, પણ આપનાં દર્શન કર્યાં ને મારામાં આટલો ફેર પડ્યો. મારું વ્યસન ગયું એ આપનામાં કંઈ હશે ત્યારે જ થયું ને ! આપનું ખેંચાણ મને થયું એ આપનો પ્રતાપ છે.'

'*ઠર્યું અંતર તમને જ જોઈ...*'ના આવા અનુભવો સ્વામીશ્રીના સાંનિધ્યમાં કાયમ થતા.

કોન્સ્યુલેટ કચેરીથી કૂબા સુધી

સંયુક્ત આરબ રાષ્ટ્રોના જુદા જુદા પ્રદેશોમાં વસતા સત્સંગીઓની પુષ્ટિ માટે તા. ૩૧/૩થી દુબઈમાં બે દિવસ માટે શિબિરનો પ્રારંભ થઈ રહેલો. તેનો મંગલદીપ આજની સવારે પ્રગટાવી સ્વામીશ્રી સાંજે અજમાન જવા નીકળ્યા.

અહીં વહાણ બનાવવાના ધક્કાના એક ભાગમાં જ દક્ષિણ ગુજરાતના સત્સંગી કોળી પટેલોએ મંદિર બનાવેલું. તેમાં મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી આરતી ઉતારવા સ્વામીશ્રી જઈ પહોંચ્યા ત્યારે શબરીની ઝૂંપડીએ રામ પધાર્યા જેવો જ ઘાટ બની રહ્યો, કારણ કે પંદર વ્યક્તિ માંડ સમાય એવા નાના કૂબામાં આ મંદિર હતું.

પરંતુ ગઈકાલે કોન્સ્યુલેટના ઝાકઝમાળવાળા ભવનમાં બિરાજી ધર્મ-લાભ આપનારા સ્વામીશ્રીએ અહીં પણ એ જ ઉત્સાહથી પ્રતિષ્ઠાની આરતી ઉતારી. ત્યારબાદ તેઓએ આ મજૂરવર્ગ પર આશીર્વાદ વરસાવ્યા કે –

'આપે અહીં ધર્મની ભાવના જાળવી રાખી છે તે જોઈ આનંદ થાય છે. ભલે તમારી સૌની સાધારણ સ્થિતિ છે પણ ઓછું ન માનવું. તમે જે અહીં કરો છો એ કરોડગણું છે. આ દેખાય એ ઝૂંપડું નથી, પણ તીરથ છે. સંત પધાર્યા એટલે તીરથ થઈ ગયું. અહીંના શેખ કરોડો ડૉલર આપે ને તમે હાથ જોડો એમાં એટલું જ પુણ્ય મળે છે. કોઈ જ ફેર નથી. પેલા પાસે પૈસા છે એમ

આપણી પાસે ભાવ છે. આપણે મનમાં ક્ષોભ ન રાખવો. આપણને ભગવાન મળ્યા એટલે સર્વથી શ્રેષ્ઠ છીએ.'

સૌમાં ભગવાનને જોતા સ્વામીશ્રીને મન શ્રેષ્ઠી અને શ્રમજીવી એક સમાન હતા. તેથી જ તો તેઓ કોન્સ્યુલેટ કચેરીથી કૂબા સુધી સમાનભાવે વિચરી શકતા.

भारत के प्रवासी राजदूत

દુબઈના નિવાસ દરમ્યાન સ્વામીશ્રીને મળવા આવી રહેલા કંઈક આરબ ઉમરાવોના ક્રમમાં તા. ૧/૪ના રોજ આવેલા શ્રી મહંમદ શ્રુગી જગવિખ્યાત સિટી બેંકના એક નિયામક હતા. તેઓ આજે સ્વામીશ્રીને પ્રથમ વાર જ મળતાં બોલી ઊઠ્યા: 'હું જાણે આપનાથી ચિરપરિચિત હોઉં એમ લાગે છે.'

મેઘના યોગે બીજ મહોરી ઊઠે તેમ સ્વામીશ્રીના સંગે પૂર્વની પ્રીત પાંગરી જતી.

તેના અનુભવી આ ઉચ્ચ પદાધિકારીએ એ પણ ઘટસ્ફોટ કર્યો કે 'સ્વામીશ્રીએ ત્રણ વર્ષ પૂર્વે પોતાને લખેલો પત્ર તેઓએ ટેબલના ખાનામાં સાચવી રાખ્યો છે અને જ્યારે કોઈ પણ મુશ્કેલી સર્જાય ત્યારે તેઓ એ પત્રને નિયમિતપણે વાંચે છે.'

સ્વામીશ્રીનો આ પત્ર-પ્રભાવ અનુભવનારા આ આરબ આગંતુકે વધુમાં જણાવ્યું: 'સ્વામીજી દેખાવે ખૂબ સાધારણ જણાય છે, પણ અંદરથી ઘણા મહાન છે. તેઓ ખુદાથી નજીક છે.'

સ્વામીશ્રીની આવી ગુણસમૃદ્ધિથી અંજાયેલા ભારતીય કોન્સલ જનરલ શ્રી દયાલે આજની સાંજે ફરીથી કોન્સ્યુલેટ કચેરીમાં ધર્મસભા ગોઠવેલી. આ વખતે તો સરકારી કચેરી તરફથી જ સૌને અધિકૃત આમંત્રણ પાઠવવામાં આવેલું. તેમાં સ્વામીશ્રીની ગુણગરિમાનો પુનરોચ્ચાર કરતાં આ યજમાને જણાવ્યું: 'आज भारतीय संस्कृति का प्रतिनिधित्व जितना स्वामीजी करते हैं, इतना कोई नहीं करता। स्वामीजी भारत के रोविंग एम्बेसेडर (प्रवासी राजदूत) हैं। उनकी जो देन है उनमें सबसे महान देन लंदन का मंदिर है। अंग्रेजों ने अपने पर जो अत्याचार किये थे उनका जवाब स्वामीजी ने ऐसी मधुरता से दिया है।'

ભગવા વેશમાં રહીને સ્વામીશ્રીએ કરેલી ભારતની સેવાઓને જ્યારે ભવિષ્ય મૂલવશે ત્યારે આવા સ્વાનુભવોની સાખ તેઓને ધર્મપુરુષની સાથે રાષ્ટ્રપુરુષનું બિરુદ આપીને પણ નવાજશે.

આવ્યા રણ મધ્યે અવિનાશ

દુબઈથી તા. ૩/૪ની સવારે શારજાહ પહોંચેલા સ્વામીશ્રીએ અહીં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી સૌને ભગવાન ભજવાનું સ્થાન ઊભું કરી દીધું. ઠાકોરજીની આ પ્રતિષ્ઠાને ચિરંતન કરવા શારજાહ મંડળે આજની સાંજે હરિકૃષ્ણ મહારાજની સુવર્ણતુલા પણ યોજી. હૅપી અમ્બ્રેલા નામના ઔદ્યોગિક સંકુલમાં ગોઠવાયેલા આ સમારોહમાં સત્સંગીઓ ઉપરાંત અનેક ભાવિકોએ સેવાનો લાભ લઈ સ્વામીશ્રીની પ્રસન્નતા મેળવી.

સ્વામીશ્રીના આ સહવાસનો લાભ પામી તા. ૫/૪ની સવારે ખવાનીજનું રણ પણ પાવન બન્યું. સ્થાનિક જૈન અગ્રણી શ્રી નરેન્દ્રભાઈ વગેરેની વિનંતીથી ગોઠવાયેલા આ રણપ્રવાસ માટે ખાસ જીપમાં બિરાજી સ્વામીશ્રીએ મુસાફરી આરંભતાં જ, રેતીના વિશાળકાય ટીંબા અને ઊંડી ગર્તા કુદરતના રોલર કોસ્ટરનો અનુભવ કરાવવા માંડ્યાં.

આઠ વાહનોના આ કાફલામાં સ્વામીશ્રીની ગાડી પહેલી હોવાથી તેઓની મોટર ટીંબાની ટોચે ચઢે ત્યારે પાછળ આવતી ગાડીઓ સ્પષ્ટ દેખાતી. સીધાં ચઢાણ કે ઉતરાણમાં તે ગાડીઓ 'હમણાં ગબડી કે ગબડશે'નો ભાવ મનમાં જગાવી જતી. તેથી અંદર બેઠેલા સહયાત્રીઓ ચિચિયારી પાડી ઊઠતા.

પરંતુ ગતિની આ ગભરામણ મંદ સ્મિત સાથે નીરખી રહેલા સ્વામીશ્રી કેટલીક ક્ષણો બાદ ચાર ટેકરાઓની ખીણમાં તૈયાર કરાયેલી ડેઝર્ટ સ્પોટ નામની જગ્યાએ ઊતર્યા. તે સાથે જ સુસવાટાબંધ હવા અને રેતી તેઓને વીંટળાઈ વળ્યાં. પવનની તીવ્રતાને લીધે રીતસર રેતીનો મારો અનુભવાતો હતો. થોડી પળો માટે પણ આંખો ખુલ્લી રાખીને દર્શન કરવાની સ્થિતિ નહોતી. તેમાં સ્વામીશ્રી ગોગલ્સ પહેરી, હાથમાં ઠાકોરજી ધારી એક ખુરશી પર બિરાજ્યા. તે વખતે રેતીનું તાંડવ જોઈ તેઓ બોલ્યા : 'કલાક – બે કલાક બેસી રહીએ તો આખા ને આખા રેતીમાં ઢબુરાઈ જવાય એવું છે આ તો !'

આ પરિસ્થિતિમાં તેઓએ સ્વયં જ *'આજ મારે ઓરડે રે...'* પદ ઉપાડ્યું. આ કીર્તનગાન પૂરું થયું ત્યારે વળી સ્વામીશ્રીએ કહ્યું :

''અહીં તો આત્મારૂપ થઈને વાત કરવા જેવું છે. જ્યાં ગાડી આ...મ... થાય ત્યાં સીધું અક્ષરધામ જ દેખાય! તે ઘડીએ વિચાર થાય કે 'મહારાજની સામે દૃષ્ટિ રાખો.' અહીં ઘડીક બેઠા તો આરબોની પહેલાંની પરિસ્થિતિનો ખ્યાલ આવે. એ બધાએ બહુ દા'ડા તપ કર્યું તો ભગવાને દયા કરી.''

ઊડતી રેતીમાં મોં ખોલવું જ અઘરું હતું, પણ સ્વામીશ્રી શાંતિથી બોલતા રહ્યા.

તે વખતે હરિભક્ત શ્રી હરિકૃષ્ણભાઈ અમીને વિનંતી કરી કે 'બાપા! રણમાં છીએ તો આપ કંઈક સંકલ્પ કરો.'

ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું: 'ભગવાનની લીલા છે આ બધી. જેટલા ભગવાન ભજ્યા એટલું સુખ. બાકી તો બધું આવું ને આવું (વેરાન) જ છે. અહીં આવ્યા એની સ્મૃતિ થઈ ગઈ એ યાદ રાખવી. લ્યો, એક કીર્તન ગાવ.'

સ્વામીશ્રીએ કીર્તનગાનનો આ આદેશ તો આપ્યો, પણ સળંગ મોં ખૂલે એવી પરિસ્થિતિ જ નહોતી. છતાં તેઓએ ભજનનો કેડો ન મૂક્યો અને વિવિધ સંકલ્પો કરતાં ધૂન ઉપાડી. તેમાં 'અહીં સર્વત્ર શાંતિ થાય, દરેક દેશના ધર્મોને એકબીજા પ્રત્યે પ્રેમ વધે, દરેક દેશમાંથી અંદર-અંદરના રાગ-દ્વેષ નીકળી જાય' જેવી વિશ્વહિતની ભાવનાઓ જ પડઘાતી રહી. છેવટે ધૂનના સમાપનરૂપે 'જય' બોલાવી સ્વામીશ્રી ઊભા થયા ત્યારે તેઓનાં વસ્ત્ર રેતી વડે ભરાઈ ગયેલાં. સંતોએ તે ખંખેરી સાફ કર્યાં.

આ વખતે ઊભા રહેલા સ્વામીશ્રીએ સંતોની વિનંતીથી જમણા પગનું ચંપલ કાઢી રણરેત પર પગલું પાડ્યું. આ ચરણચિહ્ન ઝીલી રણનું હૃદય પુલકિત થઈ ઊઠ્યું. બ્રહ્મના સીધા સ્પર્શનો રોમાંચ અફાટ રણના કણકણમાં પ્રસરી ગયો.

આપણું સ્થાન ભગવાન છે

સ્વામીશ્રીના દુબઈમાં આગમન સાથે જ અહીં શોપિંગ ફેસ્ટિવલનો પ્રારંભ થયેલો. તેથી રાત પડતાં તો સમગ્ર શહેર ઝળાંહળાં થઈ જતું. લખલૂટ ખર્ચે થતી આતશબાજી જોવા લોકોનાં ટોળેટોળાં ઊમટતાં; પરંતુ આ આભાસી અજવાળાથી વિરક્ત રહી સત્સંગલક્ષી કાર્યક્રમોમાં જ રચ્યાપચ્યા રહેતા સ્વામીશ્રીએ, અહીંનો સત્સંગ નક્કર બને તે માટે તા. ૫/૪ની રાત્રે યુ.એ.ઈ.ની સત્સંગ-સમિતિ રચી દીધી.

ત્યારબાદ તા. ૬/૪ની સવારે સિંધી ભાવિક શ્રી લખા લૂલાના બંગલે પધારેલા સ્વામીશ્રીને મળવા દેશના નાણામંત્રીના સચિવ શ્રી અબ્દુલ રહેમાન લુત્ફી આવી પહોંચ્યા. આ દેશમાં સ્વામીશ્રીના નિમંત્રક બનવાનો લહાવો ઉઠાવનારા આ ધનાઢ્ય આરબે આજે વાર્તાલાપ દરમ્યાન પોતાની તસબી કાઢી સ્વામીશ્રીને આપી. ૩૩ મણકાની એ તસબી વાતો કરતાં-કરતાં સ્વામીશ્રી ઘણી વાર સુધી ફેરવી રહ્યા.

મુલાકાતની આ અમૂલ્ય સ્મૃતિ મેળવી ધન્યતા અનુભવતા શ્રી લુત્ફીએ વાતવાતમાં 'ઇન્શા અલ્લાહ' શબ્દનો પ્રયોગ કર્યો. તેનો અર્થ થાય – 'જેવી ભગવાનની મરજી!' આ તો સ્વામીશ્રીની મનગમતી કલમ. તેથી તેઓ આ શબ્દપ્રયોગ આજ પછી ઘણી વાર પ્રસંગોપાત્ત પ્રયોજીને સ્મૃતિ આપતા રહ્યા.

કોઈ પૂછે : 'બાપા! હવે ફરી ક્યારે આવશો?'

તો સ્વામીશ્રીનો જવાબ હોય : 'ઇન્શા અલ્લાહ.'

એક વાર એક જિજ્ઞાસુએ પૂછ્યું : 'મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને 'તાવ લાવું કે ટૂંટિયું?' એમ પૂછ્યું. એ રીતે આપને મહારાજ પૂછે?'

ત્યારે પણ સ્વામીશ્રી બોલ્યા : 'ઇન્શા અલ્લાહ.'

આજની રાત્રે પણ તેઓ જ્યારે જમવા બિરાજી રહેલા ત્યારે બ્રહ્મવિહારીદાસ સ્વામીએ કહ્યું : 'બાપા! આપનું બધું જ જાહેરમાં. જ્યાં બેસાડે ત્યાં બેસવાનું. રોજ ઘર બદલવાનાં. સામાન્યપણે ૭૦ વર્ષે તો માણસ પોતાનું એક સ્થાન બનાવીને શાંતિથી રહેવાની ઇચ્છા રાખતો હોય. જ્યારે આપને તો કંઈ જ નહીં.'

'अक्षरधाम एक ही शाश्वत स्थान है हमारा।' સ્વામીશ્રીએ જણાવ્યું.

આ સાંભળી સંતો બોલ્યા : 'આપ એક જ એવા છો જેને કોઈ ચિંતા નથી ને જેને કોઈ સ્થાન નથી.'

'આપણું સ્થાન ભગવાન છે. એ જ્યાં પ્રેરણા આપે ત્યાં આપણે ઊપડી જવાનું. પેલા ઇન્શા અલ્લાહે (શ્રી લુત્ફીએ) વાત ના કરી?' સ્વામીશ્રીએ કહ્યું.

તેમાંથી *'હરે ફરે હરિ ઇચ્છાઈ...'*ની તેઓની શૈલી પડઘાઈ રહી.

આસ્તિક એટલે ભગવાન પ્રગટ છે એ સમજવું

તા. ૭/૪ની સવારે દુબઈથી અબુધાબી પહોંચેલા સ્વામીશ્રીનાં દર્શનથી ભારતીય રાજદૂત શ્રી મેનન સહિત ઘણા ભાવિકો ધન્ય થયા.

અહીં શ્રી શશિકાંતભાઈ દેપાલાના ઘેર રોકાયેલા સ્વામીશ્રીની સ્વાગત-સભા આજની સાંજે ખીમજીભાઈના ઘેર યોજાઈ. તેમાં સોફા પર ટૂંકી પલાંઠી વાળીને બિરાજેલા સ્વામીશ્રી પત્રવાંચન કરતા હતા ત્યારે એક સંતે કહ્યું: 'બાપા! આપને ત્રણેક દિવસ પહેલાં ઈશ્વરચરણ સ્વામીએ બે આશીર્વાદ પત્ર લખવા માટે ફોન કર્યો હતો. એક હતા રાણીપના કેશુભાઈ અને બીજાનું નામ એમને યાદ નથી આવતું...'

'બીજા ભાસ્કરભાઈ વ્યાસ હતા. એમના બાપુજી હમણાં જ ધામમાં ગયા.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓને ન કેવળ નામ, પરંતુ કામ પણ યાદ હતું! તે વિષે પૂછનારા પેલા સંત અમદાવાદ ફોન જોડી આ નામ-કામ જણાવી આવ્યા ત્યાં સુધીમાં તો સ્વામીશ્રીએ તેઓને મોકલવાના પત્ર લખીને તૈયાર કરી દીધા.

આ કુશળતા સાથે વિચરતા તેઓ તા. ૯/૪ની સવારે અબુધાબીથી વિદાય લઈ દુબઈ પધાર્યા. અહીં આજની સાંજે યોજાયેલી વિદાય સભામાં ઠાકોરજીની સુવર્ણતુલાનો ઉત્સવ ઊજવી સ્વામીશ્રી તા. ૧૦/૪ની સવારે બાહરીન જવા વિદાય થયા.

આ હવાઈ પ્રવાસમાં વિશેષપણે અનુભવાતી વિમાનની ઘરેરાટી અને હડદાથી તેઓ હસતા હતા. તે જોઈ સંતોએ પૂછ્યું: 'કેમ હસો છો?'

'જૂનાં ગાડાં ખખડે એવું આ ખખડે છે.'

સ્વામીશ્રીનો આ ઉત્તર સાંભળી હાસ્યથી ખખડી ઊઠેલા સંતોએ કહ્યું: 'બાપા! આપે સૌને એવું સુખ આપ્યું છે અને આપો છો કે એવું બીજું કોઈ આપી શકે એમ નથી. આપ અમને મૂકીને જતા ન રહેતા.'

આ ખળખળતી લાગણીને સમજણનો સ્પર્શ આપતાં સ્વામીશ્રી બોલવા લાગ્યા: 'જુઓ, આપણા સૌની ઇચ્છા હોય કે 'મહારાજ વધુ રહે.' પણ ૪૯ વર્ષ જ રહ્યા. જો વધારે રહ્યા હોત તો કેટલો સમાસ થાત! પણ ગુણાતીતાનંદ સ્વામીએ એટલો જ સમાસ કરાવ્યો. મહારાજનું કાર્ય અધૂરું નથી. શાસ્ત્રીજી મહારાજના વખતમાં લોકો કહેતા કે 'આ જોગી શું કરશે?' પણ બાપાએ સત્સંગ ક્યાંયનો ક્યાંય પહોંચાડી દીધો! એટલે આપણે આસ્તિક થવું. આસ્તિક એટલે ભગવાન છે એટલું નહીં, પણ 'ભગવાન પ્રગટ છે' એ સમજવું. બધું એમના સંકલ્પે ચાલે છે ને ચાલશે.'

સ્વામીશ્રીએ આ હૈયાધારણ ભલે આકાશમાં આપી, પણ તે આકાશી

નથી. તેઓની આ વાતના પાયા પાતાળ સુધી પહોંચેલા છે.

પૂરે મનોરથ મનના

તા. ૧૦/૪ની સવારે પોણા દસ વાગ્યે બાહરીન આવી પહોંચેલા સ્વામીશ્રીના સ્વાગતમાં અત્રે સત્સંગીઓ ઉપરાંત ભારતીય રાજદૂત સહિત અનેક સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત હતા. તેઓનો સત્કાર ઝીલી બુધૈયા વિસ્તારમાં આવેલા સંનિષ્ઠ સત્સંગી શ્રી શિરીષભાઈ ત્રિવેદીના બંગલે પધારેલા સ્વામીશ્રીની સ્વાગત-સભા આજની સાંજે ગુણાનુરાગી શ્રી વિનયકાંત દીવાનના બંગલે યોજાઈ.

આ સમયે શિયાળાની યાદ અપાવતો તીવ્ર અને ઠંડો ઉત્તરી પવન સુસવાટા મારી રહેલો. વળી, સભા આકાશના છત્ર નીચે ચાલતી હોવાથી વાયુનો વીંઝણો વધુ કાતિલ જણાતો હતો. છતાં ૫૦૦ શ્રદ્ધાળુઓ સ્વાગતોર્મિઓ વહાવવા ઉપસ્થિત હતા. તેમાંના એક શીખ ભક્ત શ્રી જશબીરસિંગ સહાની જ્યારથી સ્વામીશ્રીનો બાહરીનનો કાર્યક્રમ નિશ્ચિત થયો ત્યારથી તેઓને પોતાના ઘેર પધરાવવાનો સંકલ્પ સેવતા હતા. તે આજે સિદ્ધ થવાનો હોવાથી ખુશ થતાં તેઓ મનના ચરખા પર હજી બીજા કંઈક સંકલ્પોની ચાદર વણી રહેલા કે 'સ્વામીશ્રી ઘેર આવે ત્યારે મારી માળા ફેરવે... મારા ઘરમંદિરમાં આરતી ઉતારે... મારા ઘેર આરામ તથા ચેષ્ટાગાન કરે... તેઓ માટે ખાસ બનાવેલા પલંગ પર બિરાજે... તેઓ મારા ઘેર સભા કરે અને જમે...'

આ સંકલ્પમાળા સભા પૂરી થતાં જ તૂટી અને સ્વામીશ્રી એ શીખ મુમુક્ષુને ઘેર પધાર્યા.

અહીં ઉપલા મજલે ઘરમંદિરમાં શુદ્ધ ઉપાસનાની મૂર્તિઓ દર્શન આપી રહેલી. તેનું પૂજન કરી સ્વામીશ્રી 'સિંહાસન ક્યાં બનાવ્યું ?' વગેરે પૂછપરછ કરવા લાગ્યા. તેની વિગત જણાવતાં યજમાને જોયું તો સ્વામીશ્રી મંદિરમાં પડેલી તેઓની જ માળા ફેરવતાં-ફેરવતાં પૃચ્છા કરી રહેલા ! તે વિરમી ત્યાં જ તેઓએ આરતી પ્રગટાવવા આદેશ આપ્યો.

આમ, ખબરેય ન પડે એમ યજમાનના એક પછી એક સંકલ્પ પૂર્ણ કરી રહેલા સ્વામીશ્રી જમવા બિરાજ્યા. તે પછી ચાલેલી આમંત્રિતો સાથેની મુલાકાતે સમય જતાં સભાનું સ્વરૂપ ધારણ કરી દીધું. તે પૂર્ણ થતાં હવે ઉતારા ભણી વિદાય લેવાની હતી, પણ સ્વામીશ્રીએ ચેષ્ટાગાન શરૂ કરાવતાં

યજમાનનો વધુ એક સંકલ્પ પૂરો થયો.

ત્યારબાદ ઉતારે જવા ઊભા થયેલા સ્વામીશ્રી દાદરા તરફ ન જતાં અચાનક બાજુના ઓરડામાં પ્રવેશ્યા. ત્યાં તેઓના આરામ માટે બનાવેલો ખાસ પલંગ મૂકેલો. એ પલંગ પર વાતચીત કરતાં-કરતાં બેસી ગયેલા સ્વામીશ્રીએ થોડી વાર અહીં બિરાજી ઊભા થતાં જશબીરસિંગને કહ્યું: 'અહીં કથા-વાર્તા થઈ, ભજન થયું, ભોજન થયું, ચેષ્ટા થઈ; બધું જ થઈ ગયું. એક દિવસમાં સબ કામ હો ગયા! હવે કોઈ સંકલ્પ બાકી ખરો?'

આટલું કહી સ્વામીશ્રીએ વિદાય લીધી ત્યારે *'પૂરે મનોરથ મનના...'* સમા તેઓને આ શીખ સત્સંગી નીરખી જ રહ્યા.

આ હરિ આપે છે હાર રે

તા. ૧૧/૪ની સવારે અગ્રણી હરિભક્ત શ્રી પ્રફુલ્લભાઈ વૈદ્યના ઘેર સત્સંગનો લાભ આપી સ્વામીશ્રી આજની સાંજે સાગૈયા વિસ્તારમાં આવેલા શ્રી નવીનભાઈ વાયાના બંગલે પધાર્યા. અહીં ચાલી રહેલી સભામાં શ્રી હાસન કમાલ આવીને બેઠેલા. દેશના માહિતી મંત્રાલયના નેજા નીચે કાર્યરત કલા અને સંસ્કૃતિ વિભાગના નિયામક તરીકે ફરજ બજાવતા આ આરબ અમીર હાડ-હૈયે કવિ પણ ખરા.

પોતાના પાકીટમાં સ્વામીશ્રીની તસવીર રાખીને ફરતા તેઓનો પરિચય જ્યારે કરાવવામાં આવ્યો ત્યારે આ અતિથિને હાર પહેરાવવાની ઇચ્છા સ્વામીશ્રીને થઈ આવી. તે માટે તેઓએ આસપાસ નજર દોડાવી હાર શોધવા પ્રયત્ન પણ કર્યો, પરંતુ કોઈ પુષ્પમાળા હાથ ન લાગી. છેવટે તેઓએ ઠાકોરજીને ધરાવેલો લીલી અને કેસરી સેરવાળો રેશમી ફૂલોનો હાર મંગાવી આ આરબ કવિને પહેરાવ્યો.

તે પછી એ હાર પોતાના હાથમાં પકડી રાખી તેમાંથી લીલા રંગની સેર બતાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'આ તમારા રિલિજિયન(ધર્મ)નો રંગ છે.' ત્યારબાદ કેસરી સેર પર હાથ મૂકતાં તેઓએ જણાવ્યું: 'આ અમારા હિંદુ ધર્મનો રંગ છે. બંને ભેગા થયા છે. આવી જ રીતે રહે તો શાંતિ થઈ જાય. આ હાર એ પ્રેમનું પ્રતીક છે.'

આટલા વિવરણ બાદ આરતી ઉતારી સ્વામીશ્રીએ થોડા પાછા ફરીને પાછળ બેઠેલા કવિ શ્રી કમાલને કહ્યું: 'તમે આ હાર તમારા ઘેર કાયમ

રાખજો. જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે યાદ કરજો. દર્શન કરજો. શાંતિ થશે.'

સ્વામીશ્રીની આ અકારણ દયાથી અભિભૂત થતાં શ્રી હાસને કહ્યું: 'જિંદગીના અંત સુધી હું આને જાળવી રાખીશ.'

'બસ ! આ હાર ભગવાને જ આપ્યો છે !'

સ્વામીશ્રીના આ શબ્દો સાંભળી આસપાસ ઊભેલા ભક્તો તાળી પાડી ઊઠ્યા. તે વખતે વાતને વાળતાં સ્વામીશ્રી બોલ્યા: 'સાક્ષાત્ ભગવાને ઉતારીને આપ્યો છે ને !'

સ્વામીશ્રીની આ સહજ ચેષ્ટાનો કમાલ કવિ શ્રી કમાલ પર બરાબર ચાલી ગયો. તેઓ વ્યસનને તિલાંજલિ આપવાના દૃઢ નિર્ધાર સાથે સ્વામીશ્રીના આજીવન ગુણાનુરાગી બની રહ્યા.

જ્યાં જઈએ ત્યાં આપણું જ મનાય છે

તા. ૧૨/૪ની સવારે વિના કોઈ કહેણે સ્વતઃ પ્રેરણાથી દોડી આવેલા પાકિસ્તાની રાજદૂત શ્રી મહંમદ નાસર સ્વામીશ્રીની પ્રતીક્ષા કરતાં આશરે પોણો કલાક સુધી બેસી રહ્યા. અંતે જ્યારે સ્વામીશ્રી સાથે મુલાકાત થઈ ત્યારે આ એલચીની આંખોમાં આશ્ચર્ય રમી રહ્યું. તેને વાચા આપતાં તેઓએ કહ્યું: 'ये संत लोग बोलते हैं लेकिन आपकी उम्र सतहत्तर साल नहीं लगती है। हमको तो आप पचपन साल के ही लगते हों।'

હૈયાને સ્પર્શતું સ્વામીશ્રીનું આવું સાંનિધ્ય આજની રાત્રે લાભ લેવા સાથે ફરતા દેશ-પરદેશના યુવાનોને માણવા મળ્યું. અહીંની હવેલીમાં સભા કર્યા બાદ ઉતારે પધારેલા સ્વામીશ્રીને વીંટળાઈ બેઠેલા આ યુવકો પૈકીનો એક બોલ્યો: 'બાપા ! આપ જો સાધુ ન થયા હોત ને બિઝનેસમાં પડ્યા હોત તોય ટૉપ લેવલ પર પહોંચી જાત.'

'એવું કશું ન થાત. ભીખ જ માંગવાની રહેત ! કોઈ ભાવ પણ ન પૂછે. ભગવાનનું કામ છે એ જ કિંમત છે. ભગવાં ઉતારીને બહાર જઈએ પછી કોઈ કિંમત નહીં. આ શણગાર ભગવાનના છે. એમની આપેલી બુદ્ધિશક્તિ છે, બાકી આપણું કોણ માને ?' સ્વામીશ્રીએ કહ્યું.

જાણે સિદ્ધિના શિખરેથી નમ્રતાની નદી વહી નીકળી !

તેમાં ડૂબેલા યુવકોએ સ્વામીશ્રીને વધુમાં પૂછ્યું: 'અમે આટલો સમાગમ કરીને છૂટા પડીએ છીએ તોય રડવું આવી જાય છે. આપને તો

આટલા બધા ભક્તો છે. છૂટા પડવાનું થાય તો કોઈ એવો વિચાર આવે ?'

'છૂટા પડવાનું છે જ ક્યાં ?'

'બાપા ! આપને કોઈ દેશ ફેવરિટ (પ્રિય) ખરો ?'

'બધું જ આપણું છે. જ્યાં જઈએ ત્યાં આપણું જ મનાય છે.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓ ખરા અર્થમાં વિશ્વ-નાગરિક હતા, વિશ્વનેતા હતા.

બાહરીનના મહેલમાં પધરામણી

તા. ૧૩/૪ની સાંજે શેરેટોન પંચતારક હૉટલમાં યોજાયેલી સ્વામીશ્રીની સત્સંગ-સભામાં બેઠેલા ૭૫૦ શ્રોતાઓમાંથી ૭૦ ઉપરાંત આરબ અમીરો હતા. તે સાથે મુસ્લિમ અને ખ્રિસ્તી મહાનુભાવોથી ભરચક આ સમારોહ શાસન, શિક્ષણ, સ્વાસ્થ્ય, વ્યવસાય, ઉદ્યોગ વગેરે ક્ષેત્રોના અસરદાર આગેવાનોથી પણ ઊભરાતો હતો. તેમાંના કેટલાકને સ્વામીશ્રી રૂબરૂ મળ્યા, તો કેટલાકને તેઓએ સ્મૃતિચિહ્નો આપી નવાજ્યા.

સ્વામીશ્રીના આવા સૌજન્ય અને વૈશ્વિક પ્રતિભાથી બાહરીનના અમીર શેખ શ્રી ઈસા બિન સલમાન અલ ખલિફા પણ પ્રભાવિત થયેલા. તેથી જ આ રાષ્ટ્રીય વડાએ પોતાના આંગણે પધારવાનું આમંત્રણ પાઠવતાં સ્વામીશ્રી તા. ૧૪/૪ની સવારે આઠ વાગ્યાના ટકોરે મહેલમાં પ્રવેશ્યા ત્યારે શેખશ્રી તેઓને આવકારવા ઠેઠ નીચલા પગથિયા સુધી ધસી આવ્યા. પરંપરાગત રાજાશાહી આરબ પરિવેશમાં સજ્જ તેઓને સ્વામીશ્રીનો પરિચય ભારતીય રાજદૂત શ્રી રજનીકાંત વર્માએ આપ્યો. તે સાંભળી આનંદિત થયેલા શ્રી શેખ હસ્તધૂનન કરતાં સ્વામીશ્રીને મળ્યા અને તેઓને પોતાના અંગત મુલાકાત કક્ષ સુધી દોરી ગયા.

અહીં શ્રી શેખ સાથે બેસતાં પૂર્વે સ્વામીશ્રીએ ઠાકોરજીને સન્માન સાથે પધરાવ્યા અને યજમાન નામદારને આશીર્વાદ આપતાં કહ્યું : 'આપને મળતાં અમને આનંદ થાય છે. આપનું સ્વાસ્થ્ય સારું રહે, આપના દ્વારા દેશમાં પણ શાંતિ રહે, ભારત સાથેના સંબંધો સારા છે અને ખૂબ સારા થાય.'

આ આશિષથી કૃતકૃત્યતા અનુભવતાં શ્રી ખલીફાએ સ્વામીશ્રીની ૭૭ વર્ષની વય જાણી આશ્ચર્ય વ્યક્ત કર્યું કે 'એટલી ઉંમર લાગતી જ નથી !'

આવું જ અચરજ તેઓએ સ્વામીશ્રીના બ્રહ્મચર્યવ્રતની વાત સાંભળી

અનુભવ્યું. સંસ્થાનું કાર્ય જાણીને પણ તેઓએ અહોભાવ વ્યક્ત કર્યો.

બારેક મિનિટના આ મિલનના અંતે શ્રી શેખે નિમંત્રણ પાઠવતાં સ્વામીશ્રીને જણાવ્યું: 'ફરી વાર આપ બાહરીન પધારજો. કોઈ પણ પ્રશ્ન આપને અહીં થાય તો કહેજો. હું બધા જ પ્રશ્ન ઉકેલી નાંખીશ.'

તેઓના આ સ્નેહભાવનો પ્રતિસાદ આપતાં સ્વામીશ્રીએ પણ કહ્યું: 'આપે આ ઉદારતા રાખી છે એ બહુ મોટી વાત છે. હિંદુ-મુસ્લિમ બધા ભેગા રહે એવી ભાવના આપે રાખી છે એ બધે જ પ્રસરે.'

આ પ્રતિભાવ સાથે સ્વામીશ્રીએ તેઓને શુભ કામનાના પ્રતીકરૂપે સુવર્ણરસિત અમૃતકુંભ અર્પણ કર્યો. આ આદરમાનથી અભિભૂત થયેલા શ્રી શેખ છેક પગથાર સુધી વળાવવા આવ્યા અને ગાડીએ ગતિ પકડી ત્યાં સુધી ઊભા રહી તેઓએ સ્વામીશ્રીને વિદાય આપી.

આમ, એખલાસભર્યા વાતાવરણમાં યોજાયેલી આ ઐતિહાસિક મુલાકાતનો ઉદ્‌ઘોષ બાહરીનના રાષ્ટ્રીય ટી.વી. અને રેડિયો દ્વારા વારંવાર થતો રહ્યો.

તેની એક વિશિષ્ટ ગુંજ તા. ૧૫/૪ની સવારે સંભળાઈ. આ સમયે સ્વામીશ્રીને મળવા આવેલો ગુજરાતના ઘાયજ ગામનો રહેવાસી રાજુ શ્રી શેખના પાટવીકુંવરની બેગમનો ગાડીચાલક હતો. તેને બેગમે જ પૂછેલું કે 'તારા ગુરુ શ્રી શેખને મળ્યા પણ તું મળવા નથી ગયો?'

ત્યારે આ પગારદારે કહેલું: 'આપ રજા આપો તો જવાય ને!'

'જા, તને અડધા દિવસની રજા આપું છું. તું દીદાર કરી આવ.'

બેગમની આ પરવાનગીમાં એ ડ્રાઇવર સહિત સૌ સ્વામીશ્રીના પ્રભાવનો પડઘો સાંભળી રહ્યા.

હરિની મરજાદમાં રહે નિત્યે રે

આ અરસામાં મહંત સ્વામીના હૃદયને વળગેલી બીમારીની સારવાર મુંબઈમાં થાય તે વિષયે એક અડચણ પુરુષ-નર્સની વ્યવસ્થા બાબતે હતી. પરંતુ આ વિગત જાણી સ્વામીશ્રીએ તા. ૧૫/૪ના રોજ એક સત્સંગી ડૉક્ટરને ફોન જોડી કહ્યું કે 'મુંબઈ જેવામાં રહો છો ને સ્ત્રી-નર્સ સિવાય બીજું કેમ ન મળે? 'ના મળે' એવું કહો છો એ શોભે જ નહીં.'

સ્વામીશ્રીની જીવનશૈલી હંમેશાં *'હરિની મરજાદમાં રહે નિત્યે...'*

અનુસાર ચાલતી. તેથી તેઓએ આજે ઈશ્વરચરણદાસ સ્વામીને પણ ફોનમાં જણાવ્યું: 'મુંબઈમાં પુરુષ-નર્સ મળે એવું ના હોય તો જ્યાં આપણી મર્યાદા સચવાતી હોય ત્યાં તપાસ કરો. હ્યુસ્ટન, ન્યૂયોર્ક, ક્લીવલેન્ડ કે જ્યાં-જ્યાં આવાં ઑપરેશન થાય છે ત્યાં તપાસ કરાવી લેજો.'

ધર્મપાલનના આ આગ્રહ સાથે વર્તતા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૧૬/૪ની સવારે ઠાકોરજીની સુવર્ણતુલા થઈ. આજનો દિવસ વળી શ્રીજીમહારાજનો પ્રાગટ્ય દિન હોવાથી સાંજે શેરેટોન હૉટલમાં શ્રીહરિ જયંતીની સભા પણ શાનદાર રીતે સંપન્ન થઈ.

આ ઉત્સવ ઊજવીને સ્વામીશ્રી ઉતારે પરત પધાર્યા ત્યારે પોણા નવ વાગ્યાનો સમય થયેલો. તે વખતે ઠાકોરજી અને સ્વામીશ્રી – બંનેના થાળ સાથે જ મુકાયા, પરંતુ તે જોઈ સ્વામીશ્રીએ કહ્યું: 'ભલે પડી આ થાળી! ઠાકોરજીને નિરાંતે જમવા દો. પછી આપણે લઈશું. આપણે ક્યાં ઉતાવળ છે?' આમ જણાવી તેઓએ અડધા કલાક સુધી થાળગાન કરાવ્યું, તે પછી જ જમવા બિરાજ્યા.

સ્વામીશ્રીના જીવનમાં સારધાર જોવા મળતી ધર્મ-ભક્તિની આવી દૃઢતા તેઓમાં શ્રીજીના પ્રાગટ્યની અનુભૂતિ કરાવતી રહેતી.

શ્રીહરિના સદાના સેવક

તા. ૧૭/૪ની બપોરે ભોજનથી પરવારેલા સ્વામીશ્રી સમક્ષ માર્મિક મજાક કરવાના હેતુસર છ ચિઠ્ઠી ધરતાં બ્રહ્મવિહારીદાસ સ્વામીએ કહ્યું: 'બાપા! આ ચિઠ્ઠીઓ શ્રીજીમહારાજે અક્ષરધામમાંથી મોકલી છે. આપ જે નંબર કહો એ ચિઠ્ઠી આપની!'

'પાંચ.'

સ્વામીશ્રીએ આ ક્રમાંક જણાવતાં તે ચિઠ્ઠી તેઓને અપાઈ અને આસપાસ ગોઠવાયેલા પાંચ યુવકોએ પણ એક-એક ચબરખી ઉપાડી. યુવકોના કાગળમાં શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછેલો: 'સન ૧૯૮૧માં મારી જયંતી ઊજવાઈ ત્યારે તમે ક્યાં હતા?'

આ સવાલનો જવાબ સૌએ પોતાની ઉંમર પ્રમાણે આપ્યો ત્યારે સ્વામીશ્રીની ચિઠ્ઠી ખૂલી. તેમાં મહારાજે પુછાવેલું: 'મારી પ્રથમ જન્મતિથિએ (એટલે કે સં. ૧૮૩૭, ચૈત્ર સુદ નવમીએ) આપ ક્યાં હતા?'

આ પ્રશ્ન વાંચીને ખડખડાટ હસી પડેલા સ્વામીશ્રી બોલ્યા: 'એ ઘડીએ તો મહારાજની ઇચ્છા હશે એટલે અક્ષરધામમાં જ ભગવાનની સેવામાં બેઠા હોઈશું.'

તેઓના આ ઉત્તરમાંથી શ્રીજીમહારાજના અનાદિ સેવક અક્ષરબ્રહ્મરૂપે તેઓનો પરિચય સરી પડ્યો.

મને કોઈ ભીડો અડતો નથી

તા. ૧૮/૪નો દિવસ બાહરીનથી વિદાયનો હોવાથી આજની સવારે સ્થાનિક યુવક શ્રી જનક પટેલની ભાવના ઊછળી આવી કે 'બાપા ! આપ અહીં પધાર્યા. અમારાથી કાંઈ તકલીફ થઈ હોય, ભીડો પડ્યો હોય તો માફ કરજો.'

'અમારે કોઈ તકલીફ પડી નથી. મને કોઈ ભીડો અડતો નથી.' આટલું કહી સ્વામીશ્રીએ ઉમેર્યું: 'તમારામાં સંપ વધે, તમારાં મન એક થાય એ અમારું સારામાં સારું શરીર ! મને બીજો ભીડો છે જ નહીં.'

સંપ જ જાણે સ્વામીશ્રીનો શ્વાસ હતો !

તે વિના ગૂંગળામણ અનુભવતા તેઓએ આજની વિદાયવેળાએ અમૃત-ધારા વહાવતાં કહ્યું:

''ઘણાને એમ થાય કે 'આજે જશે એટલે હવે નિરાંત !' સવાર-સાંજ જવું મટ્યું ! પણ આ લાભ તો લેવાય એટલો લેવો. કથા-વાર્તા એ તો આત્માનો લાભ છે. એ સમજણ થાય પછી જે મળે એમાં સંતોષ રહે, નહીં તો વિચારો થયા જ કરે. ઘણાને એમ થાય કે 'બાળક નહીં હોય તો વંશનું શું થશે ?' પણ આજ-કાલના ઘણા છોકરા સગા બાપનેય ભૂલી જાય છે. અમારે ત્રિભુવન માસ્તર કહેતા: 'મારો દીકરો એનું નામ પુ...રુ...ષો...ત્ત...મ... આવડું લાંબું લખે ને પાછળ મારા નામનો ખાલી 'ટી' જ લખે છે. આખું નામ લખતાં શું થાય છે ?' પણ એ તો સારો કે આટલુંય લખે છે, પણ હવેની પેઢી તો 'ટી' પણ નહીં લખે. આજના છોકરાને બાપને યાદ કરતાં શરમ થાય છે. એટલે કહેવાનું શું કે એ વંશ રહેતો નથી.

માટે નિયમિત સભાઓમાં જવું. ભગવાનને નિરંતર સંભારવા. ઑફિસમાં સાહેબને, શેઠને મળવું પડે છે, એમ આત્મ-કલ્યાણ માટે ભગવાનને મળવા જવું પડે કે નહીં ? બીજું કાંઈ નહીં તો એમણે જે ઉપકાર કર્યા છે એ માટે 'થેંક યુ' કરવા તો જઈએ ! નિરંતર ઊઠતાં-બેસતાં આ વાત કરવાની

છે. અહીં રોજ પૂજામાં આવતા, બે વખત હૉલમાં ભવ્ય ઉત્સવ થયો, મંદિરમાં સભા થઈ, આ દર્શન થયાં એને યાદ કરવાં. આઠ દિવસ આપણે ચરી લીધું, હવે બેઠાં બેઠાં વાગોળવું. એને યાદ કરીએ તો સુખ આવે.''

લીલાચરિત્રો સંભારી રાખવાની આ શીખ આપી સ્વામીશ્રી વિદાયની ગતિવિધિમાં પરોવાયા.

અતિ આશ્ચર્યની વાત

વિદાય દિનની બપોરે આવેલા કેટલાક મુલાકાતીઓમાં એક હતો – ગાડીચાલક શ્રી ગજેન્દ્રન્ મૂપનાર. સિટી બેંક તરફથી સેવામાં મુકાયેલો આ દક્ષિણ ભારતીય પગારદાર સ્વામીશ્રીના હસ્તાક્ષર લેવા સ્વામીશ્રીની છબી સાથે આવેલો. તેનો ભાવ પૂરો કરવા સ્વામીશ્રીએ કલમ હાથમાં લીધી ત્યારે એ ડ્રાઇવર સ્વામીશ્રીને ભાવવિભોર બનીને નીરખી જ રહ્યો. અંતે તે બોલ્યો: 'સ્વામીજી શું બોલે છે એ હું કંઈ જ સમજી શકતો નથી, પણ મને એમના પ્રત્યે અત્યંત આકર્ષણ થાય છે.'

આટલું બોલતાં તો તેની આંખોમાંથી આંસુ વહી રહ્યાં. આકર્ષણના આ અક્ષરો સૌને અગમ્ય લાગ્યા. તેથી તેને ઉકેલવા સંતોએ પૂછ્યું: 'તને સ્વામીશ્રીમાં એવું તે શું અનુભવાયું?'

'સ્વામીજી જ્યારે બોલતા હોય છે ત્યારે એમના હોઠની વિશિષ્ટ હલચલમાં મને ભગવાનની પ્રતિકૃતિ દેખાય છે. હું આ પ્રકારે ભગવાનનાં દર્શન કરતો હોઉં એવું અનુભવું છું.' ડ્રાઇવર બોલ્યો.

સ્વામીશ્રીનાં હોઠ હોય કે હાથ, હૈયું હોય કે હયાતી – સઘળું હરિનો અણસાર આપતાં.

તેથી જ આજે સાંજે તેઓ દેશના આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટ પર પહોંચ્યા ત્યારે ઘણા મહાનુભાવો તેઓને વિદાયમાન આપવા દોડી આવ્યા. તેમાં ભારતીય એલચી શ્રી વર્મા પણ સામેલ હતા.

આ રાજદ્વારી સ્વામીશ્રીની નિયમિતતાથી વિશેષ અંજાયેલા. આ વખતના રોકાણ દરમ્યાન વિભિન્ન કાર્યક્રમોમાં જે સમયે સ્વામીશ્રીને પધારવાનું હોય એ જ સમયે સ્વામીશ્રી આવી પહોંચ્યા હોય, તેના એકથી વધુ પ્રસંગોના સાક્ષી બનેલા આ રાજદૂત.

તેઓના આ અનુભવના આધારે નીકળેલી વાતોમાં સંતોએ સ્વામીશ્રીને

કહ્યું : 'આપે ઍમ્બેસેડરને તો પ્રતીતિ કરાવી જ દીધી કે ટાઈમસર આવવામાં આપ બહુ નિયમિત છો.'

'૧૦૦% ટાઈમ પર જવું એ મારો સિદ્ધાંત તો ખરો જ !' સ્વામીશ્રીની ટકોરાબંધ જીવનશૈલી આમ રણકી ઊઠી.

તે સાંભળી કો'કે પૂછ્યું : 'સ્વામી ! સાધુ થયા પૂર્વે આપ મોટરમાં બેઠેલા ?'

'ત્યારે તો જોવાની જ !'

'લ્યો, બધું આપે જ બનાવેલું છે છતાં આપને જ ચાન્સ ન મળે એ કેવું ?'

'એ જ તો જોવાનું ને ! very (અતિ) આશ્ચર્ય ! આ બધું બનાવ્યું એ બીજા માટે. પરોપકારનો સાચો અર્થ શું ત્યારે !' આટલું બોલતાં તો સ્વામીશ્રીની આંખોના ખૂણા હાસ્યથી ઊભરાયેલાં અશ્રુ વડે ભીના થઈ ગયા. એ અશ્રુબિંદુમાં તેઓની *'જગ હિતકારી જાણિયો...'*ની છબી વધુ તેજથી ચમકી રહી.

કુવૈતમાં કૃષ્ણદર્શનનો આશ્ચર્યકારી અનુભવ

બાહરીનથી નીકળેલા સ્વામીશ્રીએ તા. ૧૮/૪ની રાત્રે પોણા આઠ વાગ્યે કુવૈતમાં ઉતરાણ કર્યું ત્યારે ભારતીય રાજદૂતાવાસના સચિવ શ્રી મખીજા તેઓને આવકારવા હાજર હતા. ભારતની એલચી કચેરીના અતિથિ તરીકે સ્વામીશ્રી અહીં પધાર્યા હોવાથી સરકાર અને સત્સંગીઓનું અભિવાદન સ્વીકારી તેઓ 'પ્રમુખ વિલા' નામના બંગલે પધાર્યા. ઝાબરિયા વિસ્તારમાં આવેલું આ મકાન મહિનાની મુદત માટે કિરીટભાઈ શ્રોફ, રમેશભાઈ ઠક્કર, દીપકભાઈ પટેલ, દિનેશભાઈ લાડ વગેરે ભક્તોએ ભાડે રાખી લીધેલું.

તેમાં નિવાસ કરનારા સ્વામીશ્રી રોજ સાંજે રાજદૂતાવાસના હૉલમાં સત્સંગ લાભ આપતા. તેની સાથે પોતાના ઉતારે આવતા મુમુક્ષુઓને પણ માર્ગદર્શન આપી શાતા પમાડતા.

આ ક્રમમાં તા. ૨૧/૪ની સવારે તેઓની પધરામણી ભારતીય એલચી શ્રી મોહનચંદ્ર નાયરના ઘેર થઈ. આ સમયે યજમાન તો ખુરશીને હડસેલી સ્વામીશ્રીનાં ચરણોમાં જ બેસી ગયા. એ અવસ્થામાં જ ઔપચારિક વાર્તાલાપ બાદ સ્થાનિક સત્સંગીઓ અને સંતો શ્રી નાયરને સ્વામીશ્રીનાં જીવન-કાર્યની ઝાંખી આપવા લાગ્યા, પરંતુ તે સાંભળતાં-સાંભળતાં આ યજમાન વારે-વારે

સ્વામીશ્રીની મુખાકૃતિ નીરખતા રહેતા.

છેવટે ચાલુ વાતચીતે જ તેઓ બોલી ઊઠ્યા: 'स्वामीजी बिलकुल बालक जैसे प्रतीत होते हैं।' આટલું કહી પોતાના ઘરમાં પધરાવેલી બાલ-કૃષ્ણની મૂર્તિ તરફ નિર્દેશ કરતાં તેઓએ કહ્યું: 'देखो! ये बालकृष्ण की मूर्ति और ये स्वामीजी में कितनी सिमिलारिटी (साम्य) है! वन्डरफूल एक्सपीरियन्स (आश्चर्यकारी अनुभव) है यह!'

સ્વામીશ્રીમાં કૃષ્ણદર્શનની આ અનુભૂતિ સાથે એ રાજદ્વારીએ પોતાનાં નેત્રો સ્વામીશ્રીનાં ચરણોને અડે એ રીતે મસ્તક ઝુકાવી દીધું. તેઓને તો સ્વામીશ્રીનાં આ ચરણને પંચામૃતથી પખાળવાં હતાં, પરંતુ તેઓના ભક્તિપ્રવાહને સ્વામીશ્રીએ ઠાકોરજી તરફ વાળી દીધો.

તેઓના આ દાસભાવથી પ્રભાવિત શ્રી નાયર પોતાના સમગ્ર ભવનમાં સ્વામીશ્રીનાં પગલાં કરાવી બોલ્યા: 'सिद्धपुरुषों के पादस्पर्श अमूल्य होते हैं। जब बालकृष्ण स्वयं अपना रूप लेके यहाँ बैठे हों तो दूसरा क्या माँगना!'

આ અનુભૂતિ તેઓ વારંવાર વાગોળતા રહ્યા અને સ્વામીશ્રીએ વિદાય લીધી.

શિશુશિલ્પોના સ્થપતિ

એલચીના આવાસેથી નીકળેલા સ્વામીશ્રી કુવૈત પર કરુણાદૃષ્ટિ વેરતાં ઉતારે પહોંચ્યા ત્યારે અહીં બપોરના ભોજન બાદ હર્ષિત દેરાસરી નામનો બાળક વંટોળિયાની જેમ આવી ચડ્યો. તેનું બાળપણ ચંચળતા, ચપળતા અને ચબરાકીના ત્રિભેટે અથડાતું હતું. તે કબૂલતાં તેણે જ કહ્યું: 'બાપા! તમે મારા ગુરુ છો. હું તોફાની છું. તો મને કંઠી પહેરાવો.'

'તારા ગળામાં કંઠી તો છે.'

સ્વામીશ્રીની આ દલીલનો પ્રતિકાર કર્યા વિના એ બાળકે ગળામાંથી કંઠી કાઢતાં કહ્યું: 'હવે ક્યાં છે?'

તેનું આ તોફાન સ્વામીશ્રીને અકળાવી નહીં, પણ હસાવી ગયું. એ જ સ્થિતિમાં તેઓએ તેને સ્વહસ્તે કંઠી પહેરાવતાં જણાવ્યું: 'જો, આપણે તોફાન કરવાનું નહીં. અભ્યાસ બરાબર કરવાનો. ટી.વી. કેટલું જુએ છે?'

'ચાર કલાક.'

'લ્યા, આટલું બધું જુએ છે!'

'શું કરું? એક વાર બેસું એટલે ચોંટી જઉં છું.'

'આપણે ટી.વી. ઓછું જોવું. ભગવાનમાં ધ્યાન રાખવું. ભણવામાં ધ્યાન રાખવું. શું કહ્યું?'

સ્વામીશ્રીએ આપેલો આ પાઠ તે બાળક પોપટની જેમ બોલી ગયો. તે જોઈ કો'કે કહ્યું: 'ડાહી-ડાહી વાતો બહુ કરે છે તું!'

'પ્રમુખસ્વામી મારા ગુરુ છે. ગુરુને સાચી વાત તો કહેવી જોઈએ ને!'

બોંબ જેવો ધડાકો કરતાં તે ફટાકડો ફૂટ્યો, પરંતુ બીજી જ ક્ષણે એ બાળકે સ્વામીશ્રી સમક્ષ નોટબુક ધરતાં કહ્યું: 'બાપા! આમાં તમારા આશીર્વાદ લખી આપો ને!'

તેની આ અરજને આદર આપતાં સ્વામીશ્રીએ કલમ લઈ કાગળ પર પાંચ મુદ્દા ટપકાવ્યા: 'ધમાલ ન કરવી... અભ્યાસ બરાબર કરવો... પ્રાર્થના કરવી... દંડવત્ કરવા... માળા કરવી.'

બાળકની ગળથૂથીમાં પ્રેરણાનું આ પંચામૃત રેડી સ્વામીશ્રીએ પોતે લખેલા એક-એક મુદ્દાની સમજૂતી પણ બાળકને સદે તેમ આપી. આટલું કરી તેઓ આરામમાં જવા ઊભા થયા ત્યારે પેલા બાળકની ચંચળતા અને ચબરાકી સ્વામીશ્રીનાં સ્નેહ તથા સમજને પામી ભક્તિમાર્ગે વળી ગયેલી.

નટખટ નાનડિયાઓને નમ્ર અને નમણા બનાવવા ઇચ્છતા વાલીઓ માટે સ્વામીશ્રીનો આજનો આ વર્તાવ ખાસ્સો ઉપયોગી બને એવો છે.

અમે ટાઈમમાં માનનારા છીએ

કુવૈતના રોકાણ દરમ્યાન સત્સંગ મંડળની સ્થાપના કરી તા. ૨૨/૪ની રાત્રે અગિયાર વાગ્યે મસ્કત પધારેલા સ્વામીશ્રીએ અહીં પણ આવતાંવેંત મંડળનું મિશન ઉપાડ્યું. અત્રે બકુલભાઈ મહેતાના ઘેર તા. ૨૩/૪ની સવારે એકઠા થયેલા વિજયભાઈ સોલંકી વગેરે મુમુક્ષુઓને તેઓએ કહ્યું: 'આપણે બધાએ અહીં આવતા રહેવું. સત્સંગના સંસ્કાર તો છે. હવે અહીં આપણે મંડળ શરૂ કરવું છે.'

સ્વામીશ્રીને મન મંડળનો સીધો સંબંધ 'મંગલ' સાથે હતો. તેથી જ્યાં જાય ત્યાં મંડળ સ્થાપી મંગલતા પ્રસરાવી દેતા તેઓ આજની સાંજે હવેલીમાં યોજાયેલી સત્સંગ-સભામાં પધાર્યા.

તેઓને અત્રે આવવાનો સમય સાત વાગ્યાનો આપવામાં આવેલો અને

આ સભાસ્થળે તેઓનું પગલું પડ્યું ત્યારે ઘડિયાળ બરાબર સાત વાગ્યાનો સમય બતાવી રહેલી. તે જોઈ સ્વામીશ્રીએ એક સહયાત્રી સંતને કહ્યું: 'ઘડિયાળ સામે જુઓ. સાત વાગ્યા છે ને! એમ તો અમે ટાઈમમાં માનનારા છીએ.' આટલું બોલતાં તેઓના મુખમાંથી નિર્દોષ હાસ્ય છલકાઈ આવ્યું.

તે સાથે હવેલીમાં પધારી ધર્મલાભ આપનારા સ્વામીશ્રીએ તા. ૨૪/૪ના રોજ મસ્કતનાં બસો વર્ષ પુરાણા મોતીશ્વર મહાદેવને પાવન કર્યું.

અહીં આ ધર્મસ્થાનના જીર્ણોદ્ધારમાં માર્ગદર્શન આપી તેઓ તા. ૨૫/૪ની સાંજે પુનઃ ભારતભૂમિ પર આવી ગયા, પરંતુ આરબ દેશોનો તેઓએ ખેડેલો આ એક મહિનાનો ટૂંકો પ્રવાસ ઘણી દૂરગામી અસરો ઉપજાવનારો બની રહેવાનો હતો.[30]

તમે સંતજનના સ્નેહી

તાજેતરમાં પૂર્ણ થયેલી અખાતી પ્રદેશની યાત્રા દરમ્યાન સ્વામીશ્રીને 'ઇન્શા અલ્લાહ' શબ્દ હાથવગો થઈ ગયો હોવાથી ઍરપોર્ટ પર ઊતરી મંદિરે પધારેલા તેઓએ આ શબ્દપ્રયોગથી જ આશીર્વાદનું સમાપન કરતાં કહ્યું:

'જે કંઈ કાર્ય થયું છે તે ભગવાનની ઇચ્છાથી થયું છે. મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી પરદેશ જવાના છે તો ઇન્શા અલ્લાહ કે એમની તબિયત સારી રહે. મહંત સ્વામીનો રોગ નીકળી જાય, ઑપરેશન પણ સારું થઈ જાય.'

સદ્‌ગુરુઓને આ શુભેચ્છા પાઠવનારા સ્વામીશ્રીની સાધુતાથી ખેંચાઈને તા. ૨૭/૪ની સવારે એક શીખબંધુ આવી પહોંચ્યા. તેઓ સ્વામીશ્રીનાં દર્શન કરતાં જ ગદ્‌ગદ થઈ ગયા. ક્યાંય સુધી છાના જ ન રહે. દંડવત્ કરતી વખતેય આંખમાંથી ચોધારે આંસુ વહી રહ્યાં. સ્વામીશ્રી પાસે આવતાં તો તેઓની વાચા જ હરાઈ ગઈ. તેઓ ફક્ત એટલું બોલી શક્યા: 'त्रेता में राम, द्वापर में कृष्ण, कलि के पूर्वार्ध में गुरु नानक और स्वामीजी! अभी आप हैं।'

એ શીખ સજ્જનની બાકીની અભિવ્યક્તિ અશ્રુપ્રવાહમાં ડૂબી ગઈ. અજાણ્યાના અંતરમાં પણ પ્રથમ દર્શને જાગતા આ ભાવ જોઈ સૌ સ્વામીશ્રીના

---

૩૦. સ્વામીશ્રીએ સંપન્ન કરેલી અખાતી દેશોની આ ધર્મયાત્રાના વિવિધ ઐતિહાસિક અવસરને માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

પ્રભાવમાં ડૂબી ગયા.

આ લાગણી તા. ૨૭/૪ના રોજ વધુ ઘેરી બની. આ દિવસની બપોરે સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે સામે બેઠેલા દર્શનાર્થી સંતોમાં મહંત સ્વામી પણ હતા. તેઓના હૃદયની સ્થિતિના સંદર્ભમાં સ્વામીશ્રીએ પૂછ્યું: 'હવે કેમ રહે છે? ચાલો અથવા વધારે શ્રમ પડે ત્યારે કંઈ દુઃખે છે?'

'મને તો કંઈ થયું હોય એવો અનુભવ જ થતો નથી. કોઈ લક્ષણ દેખાતું નથી.'

'તોય બહુ શ્રમ ન લેવો. પગથિયાં ન ચઢવાં. લિફ્ટમાં જ જવું.'

સ્વામીશ્રીની આ ભલામણમાં *'તમે સંતજનના સ્નેહી...'*નું તેઓનું બિરુદ ઝળકી રહ્યું.

તેનો વિશેષ ઉજાશ તા. ૨૯/૪ની રાત્રે પણ જોવા મળ્યો.

આ સમયે સ્વામીશ્રીએ મહંત સ્વામીના સ્વાસ્થ્ય-સંદર્ભે ચોક્કસ અભિપ્રાય મેળવવા મુંબઈના વિખ્યાત કાર્ડિયોલોજિસ્ટ શ્રી અશ્વિન મહેતાને બોલાવેલા. તેઓ મહંત સ્વામીના સ્વાસ્થ્યની તપાસ કરી લે એટલે તરત જ ન્યૂયોર્કના ખ્યાતનામ ડૉ. સુબ્રહ્મણ્યમ્ સાથે ચર્ચા કરી શકાય તે માટે એ તબીબને પણ ત્યાં હાજર રખાવેલા. મહંત સ્વામીની તપાસ પોતાની નજર સમક્ષ થાય તે માટે સ્વામીશ્રીએ એક સાદી પાટ પોતાના શયનખંડમાં જ પથરાવી દીધેલી.

આમ, તપાસનો તખ્તો સંપૂર્ણ ગોઠવી તેઓ ડૉક્ટરની રાહ જોવા લાગ્યા. એમાં લગભગ એક કલાક વીત્યો ત્યારે રાત્રે સાડા દસ વાગ્યે ડૉક્ટર આવી પહોંચ્યા. આ સમય સ્વામીશ્રીના શયનનો હતો, છતાં આરામને હડસેલી તેઓ મહંત સ્વામીની તપાસ-પ્રક્રિયા નીરખતાં બેસી રહ્યા.

તપાસણીના અંતે તબીબે નિદાન કર્યું કે 'અત્યારે નળીઓમાં જે બ્લૉક છે તેમાં વધારે કોમ્પ્લિકેશન (ગૂંચવાડો) નથી. અત્યારે ઍન્જિયોપ્લાસ્ટી જ શ્રેષ્ઠ છે.'

આ સાંભળી સ્વામીશ્રી બોલી ઊઠ્યા: 'તમે આ કહ્યું એટલે અમને હવે બળ મળી ગયું. તમે ન્યૂયોર્ક વાત કરી લો.' આમ કહી બંને નિષ્ણાતો વચ્ચે ચર્ચા કરાવી સ્વામીશ્રી રાત્રે સવા અગિયાર વાગ્યે શયનાધીન થયા.

સર્વે સંકટ ટાળે છે રે

આ અરસામાં સ્વામીશ્રીના શરીરમાં ઝાડાની તકલીફે ઉપાડો લેતાં

તા. ૩૦/૪ની સાંજે તો તેઓને શૌચ-સ્નાન માટે ચાલુ સભાએ ઊઠવું પડ્યું. છતાં આ દેહક્રિયા આટોપી તેઓ પુનઃ સભામાં પધાર્યા.

આવી જ અવસ્થામાં તેઓએ તા. ૧/૫ના રોજ 'પ્રમુખસ્વામી નેત્ર ચિકિત્સાલય'ની મુલાકાત લઈ સૌને માર્ગદર્શન પૂરું પાડ્યું, તો તા. ૪/૫ની સવારે એકાદશી નિમિત્તે ૧૧ દંડવત્ દ્વારા ભક્તિ પણ અદા કરી. તેને અનુસરતાં સ્વામીશ્રીએ તા. ૯/૫ની સવારે ઘાટકોપર વિસ્તારના હરિમંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કર્યા.

આ જ સમયગાળામાં તા. ૧૨/૫ના રોજ ન્યૂયોર્કમાં મહંત સ્વામીની ઍન્જિયોપ્લાસ્ટી થવાની હતી. આ વિગત સ્વામીશ્રીના ખ્યાલમાં હોવાથી તેઓએ આ દિવસના સાયંભ્રમણ વખતે અન્ય રજૂઆતો બંધ રખાવી ધૂન કરાવી.

સ્વામીશ્રીની આવી માવજતનો તંતુ સંતોની જેમ સત્સંગીઓ સાથે પણ એવો જ સધાયેલો રહેતો. તેથી જ તેઓ તા. ૧૭/૫ની સવારે મુલુંડના નૂતન હરિમંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી સાંજે આ પરાના પ્રખ્યાત કાલિદાસ સભાગૃહમાં બિરાજ્યા ત્યારે તેઓએ ચાલુ સભાએ જાહેરાત કરાવીને મોજીદડના શ્રી પ્રભુભાઈ મિસ્ત્રીના દીકરાને પોતાની પાસે બોલાવ્યો. આ યુવાને પિતાની સંભવિત બાયપાસ સર્જરીના સમાચાર સ્વામીશ્રીને જણાવેલા. તેના અનુસંધાનમાં સ્વામીશ્રીએ ગામડામાં રહેતા આ હરિભક્તને અહીં શહેરમાં કોઈ તકલીફ ન પડે તે માટે ડૉ. કિરણભાઈને પણ ચાલુ સમારંભમાં બોલાવી તેઓની ભલામણ કરી.

સ્વામીશ્રીની આવી સ્નેહાળ સંભાળનું સૂત્ર-છત્ર ન કેવળ પોતાના આશ્રિતો, પણ સૌ માટે ફેલાયેલું રહેતું.

એટલે જ તો આ સમયમાં પાળિયાદ ગાદીના મહંત શ્રી અમરા બાપુએ તેઓના આંગણે આવી રહેલા એક મહોત્સવ અંગે જ્યારે સ્વામીશ્રી પાસે સહાય-સલાહ માંગ્યાં ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું : 'તમારો પ્રસંગ એ અમારો જ છે. અમે બધી રીતે સહકાર આપીશું. તમે ચિંતા નહીં કરતા. બધું સર્વોપરી થઈ જશે.'

આ સાથે તેઓએ સારંગપુરના વ્યવસ્થાપક સંતોને પણ કહ્યું : 'એમનું (પાળિયાદ બાપુનું) શોભે એવું કરજો.'

આમ, *'સર્વે સંકટ ટાળે છે રે...'*ની રીતે રહેતા સ્વામીશ્રીથી સૌના સઘળા પ્રસંગો દીપી ઊઠતા.

'પ્રમુખ' ભાવનાઓ

તા. ૨૧/૫ની સવારે સ્વામીશ્રી મંદિરમાં દર્શન માટે પધાર્યા ત્યારે ચંદનના વાઘામાં શોભતા હરિકૃષ્ણ મહારાજે શાસ્ત્રીજી મહારાજનું રૂપ ધર્યું હોય તેવા શણગાર સજેલા. તેઓની એક બાજુ ઊભી કરાયેલી સ્વામીશ્રીની પ્રતિમા પર ભગવી ચાદર શોભી રહેલી, તો તેઓની પાસે આશીર્વાદ વરસાવતી મુદ્રામાં યોગીજી મહારાજ બિરાજેલા. આ શોભા દ્વારા આજથી ૪૭ વર્ષ પૂર્વે થયેલી સ્વામીશ્રીની પ્રમુખ વરણીના પ્રસંગને હૂબહૂ ઉપસાવવામાં આવેલો.

આ અવસર જ આજની સાયંસભાના કાર્યક્રમોની ધરી પણ બની રહ્યો. તેના એક ભાગરૂપે યોજાયેલી પ્રશ્નોત્તરીમાં વિવેકસાગરદાસ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું : 'પ્રમુખ થયા ત્યારથી આજ દિન સુધી આપને કયો એક વિચાર સતત રહ્યો છે ?'

''એ (પ્રમુખ) થયા પછી એક જ વાત હતી કે 'સેવા જ આપણે કરવાની.' ગામડે ફરીને, કથા-વાર્તા-કીર્તન-ભજન કરવું, સતત કાર્ય કરવું ને એ કેમ વધારે થાય એવી ભાવના હતી. ધ્યેય તો આ (પ્રમુખ) પદને ભોગવવાનો નહીં, પણ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની આજ્ઞામાં રહીને અક્ષર-પુરુષોત્તમનું જ્ઞાન સર્વત્ર પ્રસરે, એમાં સર્વ સંતો-ભક્તોને રાજી રાખીને, સહકાર લઈને કાર્ય કરવું એવું સ્વાભાવિક પહેલેથી હતું. વિક્ષેપ આવે તો એમ હતું કે 'મહારાજની ઇચ્છા હશે એમ થશે !' કામ કરતાં વિઘ્ન તો આવે પણ કર્તા એ છે, માર્ગદર્શન એ જ આપવાના છે – એવો વિચાર રહેવાથી કાયમ આનંદ, ઉત્સાહ ને ધગશ રહેતાં. સત્સંગમાં આવ્યા ત્યારથી જ સ્વામીને રાજી કરવાનો, સેવા-ભક્તિ કરવાનો એક ધ્યેય હતો ને એ પ્રમાણે સેવા કરી. પ્રમુખ થયા પછી પણ એ જ કર્યું ને આજે કરીએ છીએ.'' સ્વામીશ્રીએ કહ્યું.

તેઓની મહત્તા સાતત્યમાં રહેલી. શુભ ભાવનાઓ અને વિચારો તો ઘણાનાં હૃદય તથા મગજમાં સ્ફુરે છે, પરંતુ તેને લાંબા ગાળા સુધી ટકાવી શકાતાં નથી. સ્વામીશ્રીએ નેક ઇરાદાઓનું જીવનભર જતન કરી જાણ્યું એ તેઓની આગવી સિદ્ધિ !

તેઓના ઉત્તરમાં રહેલી આ વિશેષતાને સૌ વાગોળી રહેલા તે વખતે જ કોઠારી સ્વામીએ પૂછ્યું : 'સ્વામીબાપા ! પ્રમુખ થયા પછી આપને ક્યારેક કઠણ હૃદય રાખીને નિર્ણય લેવો પડતો હોય ત્યારે કેવો વિચાર રાખો છો ?'

''વિચાર તો એક જ કે 'મહારાજ સર્વકર્તા-હર્તા છે. એ જે કરે એ સારું જ કરે છે.'

આ કાર્ય શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજનું છે. એમાં નિયમ-ધર્મ, આજ્ઞા-ઉપાસના ને મર્યાદા સચવાય, સિદ્ધાંત સચવાય, એ વખતે આ જાતનો નિર્ણય લેવો પડે. તે ઘડીએ કોઈને ખોટું લાગી જાય, પણ સિદ્ધાંત મૂકી દે તો એ માણસ જ ન કહેવાય. માટે એ વખતે વાત કરીએ ત્યારે આપણા સ્વાર્થ માટે નથી ને કોઈને દબાવવા નથી, પણ શ્રીજીમહારાજ જે વાત લઈને આવ્યા છે એ સાચી વાત ન કરીએ ને માણસને રાજી કરવા માટે બાંધછોડ કરી ઢીલું મૂકીએ, પણ એવો રાજીપો મળે એ જોવાનું નથી હોતું. ભગવાનનો રાજીપો મળે એ જોવાનું હોય છે.'' સ્વામીશ્રી બોલ્યા.

તે દ્વારા તેઓની પ્રવૃત્તિનું પ્રેરકબળ છતું થઈ ગયું. તેઓ કોમળ કે કઠોર નિર્ણયો ભગવાનને કેન્દ્રમાં રાખીને જ લેતા. તેઓની આ ભદ્ર ભાવનાઓના કારણે સંસ્થા વિશ્વમાં વિસ્તરતી રહી છે.

તે સંદર્ભમાં સ્વામીશ્રીને પુછાયું: 'સ્વામીબાપા! આજે બોચાસણવાસી સંસ્થા સ્વામિનારાયણ સંપ્રદાયનો પર્યાય બની ગઈ છે. આ વિકાસ જોઈને આપને કેવી લાગણી થાય છે?'

'આ જે કંઈ પ્રગતિ છે એ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના પ્રતાપથી થઈ છે. 'આ મારાથી થયું છે ને મેં કર્યું છે' એવું મનમાં છે જ નહીં ને રાખ્યું પણ નથી.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આમ, આજે 'પ્રમુખ' ભાવનાઓ બરાબર છલકાતી રહી. તેથી તરબતર થયેલા સૌ *'નમું નમું નાથ તમને, મોટે ભાગ્યે મળ્યા છો અમને...'* કહી સ્વામીશ્રીને વધાવી રહ્યા.

બ્રહ્મ અને પરબ્રહ્મને જાણે એ વિજ્ઞાની

તા. ૨૨/૫ની સવારે ભીવંડી મુકામે તૈયાર થયેલા સંસ્કાર ભવનમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી સ્વામીશ્રીએ આજની સાંજે અહીંના ચેલેન્જ ગ્રાઉન્ડમાં જાહેર-સભાનો લાભ આપ્યો. તેમાં અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહેલા રાજ્યસભાના સભ્ય શ્રી મૂકેશભાઈ પટેલે સ્વાનુભવ ઉચ્ચાર્યો કે 'હું વિશેષપણે ધરમમાં માનતો નથી, પણ પ્રમુખસ્વામીનાં દર્શન કર્યાં ત્યારથી પ્રભાવિત થયો છું. એમનામાં જે શક્તિ છે તે બીજા કોઈમાં નથી. હું પોતે સારો

આયોજક છું, પણ મારા જેવા કરોડો ભેગા થાય તોય ન કરી શકે એવું આયોજન સ્વામીજી કરે છે. તેઓ બીજાની જેમ ખાલી તમાશો નથી કરતા, નક્કર કાર્ય કરે છે. હું અમૃત મહોત્સવમાં પણ ગયો છું. ત્યાં મેં પોતે પણ પ્રેરણા લીધી હતી. પહેલાં હું વ્હિસ્કી અને સિગારેટ પીતો, પણ ત્યારપછી મેં ત્યાગ કરેલો.'

એક સૂર્ય પૃથ્વીના ખૂણે-ખૂણે પહોંચીને કેટલાનાં અંધારાં ઉલેચે છે એનો કોઈ હિસાબ ન મંડાય. એ જ રીતે સ્વામીશ્રીએ ક્યાં-ક્યાં અજવાળાં પાથર્યાં છે તેની પણ સંપૂર્ણ ટીપ ચોપડે નોંધાય એમ નથી. આ ગ્રંથનાં પાનાંમાં જે જોઈએ છીએ તે તો ભુવનભાસ્કર સમા સ્વામીશ્રીનાં કરોડો કિરણો માંહેલાં એક કિરણનો જ ઉજાશ છે.

તેથી અંજાઈને એક અમેરિકન સ્વામીશ્રીનો સત્સંગ માણવા અહીં ઘણા દિવસો સુધી રોકાયેલા. તેઓએ તા. ૨૩/૫ની રાત્રે સ્વામીશ્રી સમક્ષ *'ગુણાતીતોઽક્ષરમ્...'* શ્લોક કંઠસ્થ કરીને બોલી બતાવ્યો. પરદેશી લઢણમાં ગવાયેલો આ મંત્ર સાંભળી સ્વામીશ્રીએ રાજીપો વરસાવતાં કહ્યું : 'તું આટલું બોલ્યો, તારું ભવબંધન નીકળી ગયું, બસ !'

આ જ રીતે આજની બપોરે પણ તેઓ બોલ્યા હતા કે 'આપણે બ્રહ્મ અને પરબ્રહ્મને જાણે એ મોટામાં મોટો વિજ્ઞાની.'

સદા સુખિયા અંતરે અતિ

તા. ૨૪/૫ની સવારે દર્શને આવેલા અભિયાન સાપ્તાહિકના તંત્રી શ્રી વિનોદભાઈ પંડ્યાએ જિજ્ઞાસા પ્રગટ કરી કે 'સ્વામીજી ! માણસની જાતમાં આપને વધારે શું ગમે ?'

'સદ્‌ગુણો ગમે. ભગવાનના કલ્યાણકારી ગુણો હોય, સારા, ધર્મિષ્ઠ, ચારિત્ર્યવાન, સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય વગેરે ગુણો હોય એ ગમે.'

'એવા ગુણો બધામાં તો હોતા નથી.'

'બધામાં છે. એને જેવો સંગ મળે એવો એ થાય છે.' સ્વામીશ્રીએ કહ્યું.

તેઓના આ હકારાત્મક વલણથી આકર્ષાયેલા પત્રકારે પુનઃ પૂછ્યું : 'સ્વામીજી ! આપના જીવનમાં આનંદની પળ કઈ ?'

'ગુરુ મળ્યા એ.'

'ક્યારેય મન ઉદાસ થાય ખરું ?'

'એવું કોઈ કારણ નથી. સત્સંગ મળ્યો, ગુરુ મળ્યા એટલે ઉદાસી થાય એવું કંઈ છે જ નહીં.'

સ્વામીશ્રીના આ ખુલાસામાં *'સદા સુખિયા અંતરે અતિ...'*ની તેઓની સ્થિતિ પ્રકાશી રહી. તેથી અંજાયેલા ખબરપત્રીએ વધુમાં પૂછ્યું: 'સ્વામીજી ! આપ પુનર્જન્મમાં માનો છો ?'

'હા.'

'તો આપને બીજા જન્મમાં શું થવું ગમશે ?'

'અમે તો આ જન્મે ભજન-ભક્તિ કરી છે એટલે હવે ફરી વાર આવવાનું રહ્યું જ ક્યાં છે ? વાસના હોય એને ફરીથી આવવાનું હોય. વાસના ટળી જાય એટલે જન્મ પણ ટળી જાય.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓનો આ ઉત્તર પણ સંવાદદાતાને નવાઈ ઉપજાવી ગયો.

સેવા-સરભરાની સૂક્ષ્મ સૂઝ

તા. ૨૪/૫ની સાંજે નિત્યક્રમથી પરવારેલા સ્વામીશ્રીના સુમધુર કંઠે ગોડી, આરતી અને અષ્ટકો તેમ જ થાળ તથા ધૂનગાનનું ધ્વનિમુદ્રણ કરવામાં આવ્યું. આ સ્વરસંગ્રહ આજે પણ અનેકનાં અંતર અને ઓરડાને અનેરાં આધ્યાત્મિક આંદોલનોથી ઝંકૃત કરી રહ્યો છે.

એ જ રીતે સૌને પુલકિત કરતી રહેતી સ્વામીશ્રીની આત્મીયતાનો અનુભવ તા. ૨૫/૫ની બપોરને થયો. આ સમયે ઠાકોરજીના થાળની સેવા કરનારા સત્સંગી શ્રી કનુભાઈ વડોદરિયાને સંજોગોવશાત્ ભોજન ગ્રહણ કર્યા વિના મંદિરેથી નીકળવું પડે એમ થયું; પરંતુ કારણ ગમે તે હોય – સંતાન ભૂખ્યું રડવડે એ માતાને કેમ પરવડે ? તેથી સ્વામીશ્રીએ એક સંતને કહ્યું: 'એ હરિભક્તને પ્રસાદ બાંધી આપો.'

આ આદેશ અનુસાર એ સંત તુરંત એક બૉક્સમાં મીઠાઈ લઈ આવ્યા. તે જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું: 'શું લાવ્યા ?'

'હલવો.'

'આ હરિભગત તો મુંબઈના જ છે એટલે હલવો તો ખાતા જ હોય. બીજું મોહનથાળ જેવું ભરી આપો.' સ્વામીશ્રી બોલ્યા.

આવી સૂક્ષ્મતા સાથે સૌની સેવા-સરભરા કરતા તેઓ તા. ૨૬/૫ની સવારે મુંબઈથી વિદાય લઈ મનોરમાં ઊભેલા સાઇલેન્ટ હિલ રિસોર્ટમાં જઈ

પહોંચ્યા. અહીં યોજાયેલી મુંબઈના કાર્યકરોની શિબિરના પ્રથમ તબક્કામાં ઉપસ્થિત ૨૬૨ શિબિરાર્થીઓ માટે યજમાન શ્રી બિપીનભાઈ બારોટ, જિતુભાઈ બારોટ વગેરેએ ઉચિત વ્યવસ્થાઓ કરેલી.

તેની છાયા તળે આજની સાંજે સૌને અમૃતધારાનું આચમન કરાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'આપણે કાર્યકર અહીં આવ્યા છીએ તો સમય સાચવી લેવો. હું હઉં કે ન હઉં – બધાએ સમયસર હાજર થઈ જવું. મારું તો બધું હખડ-ડખડ જેવું છે. અમારે તો દેહની શુશ્રૂષા બહુ ચાલે[31] એટલે ટાઈમ ન સચવાય. અહીં બાજુમાં વૈતરણા નદી જાય છે. વૈતરણા એટલે જમપુરીની નદી. એને પાર કરવી પડે એવું શાસ્ત્રમાં લખ્યું છે. આપણે તો આજે પ્રત્યક્ષ જોઈ લીધી એટલે હવે અક્ષરધામમાં જવાના જ. વાંધો નહીં આવે.'

આમ, આવતાંવેંત સ્વામીશ્રીએ સૌને કેફનો ઘૂંટડો પીવડાવી દીધો.

આ મરજીવાનો મારગ છે

તા. ૨૭/૫ની સવારે સ્વામીશ્રી સાથે યોજાયેલી પ્રશ્નોત્તરીમાં બ્રહ્મરૂપ થવાનો વિષય નીકળતાં કો'કે કહ્યું: 'પણ બાપા! એમાં આપની કૃપાની જરૂર તો પડશે જ ને...'

'ભ'ઈ! કૃપા કેટલી કરવાની? ખેંચી ખેંચીને એટલા માટે તો અહીં લાવીને બેસાડીએ છીએ કે સંસાર ઓછો થાય. મુંબઈથી સો કિલોમીટર ખેંચીને અહીં લા'યા અને છતાં પાછા મુંબઈમાં પેસી જાય તો અમે શું કરીએ?'

સ્વામીશ્રીના આ ત્વરિત અને હળવા પ્રતિભાવથી હાસ્યનું મોજું ફરી વળ્યું. તેની વચ્ચે જ એક કાર્યકરનો પ્રશ્ન ઊછળ્યો: 'બાપા! કાર્યકર તરીકે અમારી પાસેથી આપ કઈ અપેક્ષા રાખો છો?'

આ જિજ્ઞાસા સંતોષતાં સ્વામીશ્રીએ જણાવ્યું:

'પહેલું તો આપણું પોતાનું જીવન શુદ્ધ અને પવિત્ર હોવું જોઈએ. જે કાર્ય કરવા બેઠા એ નિષ્ઠાથી કરવું; જીવમાંથી કરવું. દેખાદેખીથી નહીં, પણ ભગવાનને રાજી કરવા માટે કરવું. 'મને આટલી સગવડ મળે તો જ કરવું' એવું નહીં. શિસ્ત પણ એવી જ હોવી જોઈએ. સંગઠન ભાવના પણ હોવી

---

૩૧. તબીબોની સૂચના મુજબ સ્વામીશ્રીને સવાર-સાંજ ભ્રમણ તથા આસન-પ્રાણાયામ વગેરે ક્રિયાઓ કરવી પડતી. તે અંગે વ્યંગ કરતાં તેઓ આવો શબ્દપ્રયોગ વાપરતા, જે શરીર-સંભાળ પ્રત્યે તેઓની અરુચિને પ્રગટ કરતો.

જોઈએ. કાર્ય કરવા જાવ ત્યાં અપમાન પણ થશે, પણ એ સહન કરવું. તમારે જે પ્રશ્નો આવે છે એ બધા જ પ્રશ્નો શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજના જીવનમાં આવ્યા જ હતા! એમણે કઈ રીતે કાર્ય લીધું એ વાતો વાંચીએ તો બળ મળે. આ કોઈ ભાગેડુની વાત નથી. છાતીના લેવાની વાત છે.

ગમે એટલી મુશ્કેલી આવે છતાં કાર્ય મૂકી ના દેવું. જે સામી છાતીએ ધાયા હોય એનું બળ જુદું હોય. થોડી-થોડી વાતમાં પાછા ન પડી જવું. મુશ્કેલી વગર કોઈ શક્તિ બહાર આવતી નથી. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનું જીવનચરિત્ર વાંચજો. કેવી મુશ્કેલીઓ વચ્ચે એમણે કામ કર્યું છે! જન્મ-મરણનું વિઘ્ન કેટલું મોટું છે એ તમે સમજો. જેટલી મુશ્કેલી આવે એ વેઠવી, પણ અક્ષરધામનું સુખ લેવું, લેવું ને લેવું જ છે.'

આ જ રીતે આજની સાંજે પણ સતત પચાસ મિનિટ સુધી સ્વામીશ્રીનો વાક્પ્રવાહ ખળકી રહ્યો. તેમાંથી ઊઠતાં અમૃતબિંદુઓ આવાં રહ્યાં :

'આપણામાં અસ્મિતા જાગે ત્યારે જ કાર્ય થાય. આ સંપ્રદાય આપણો છે. શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, આ સંતો, આ સંસ્થા, આ હરિભક્તો આપણા છે. એને માટે જે કરવું પડે એમાં તૈયાર રહેવું. શ્રીજીમહારાજે અઢારને કાગળ લખ્યો ને નીકળી પડ્યા. અસ્મિતા હોય તો મૂકતાં વાર ન લાગે. આ સત્સંગ આપણો છે ને એના માટે આપણે મરી ફીટવું છે. કપડાં, જમવાનું તો જોઈએ જ, પણ અતિ વૈભવની ઇચ્છા જાગે એ અસ્મિતા ન કહેવાય. અસ્મિતા હોય તો જંગલમાં મૂકે તો જંગલમાં જઈનેય વાત કરી શકીએ.

મરણિયો થાય એ જ માલ ખાય. આ મરજીવાનો મારગ છે. સહન કરીએ તો ધામની પ્રાપ્તિ થાય એ નક્કી! *'આવી ફસ્યા ભ'ઈ, આવી ફસ્યા...'* એવું ન માનવું. 'શું થાય? કાર્યકર થતાં થઈ ગયા, પણ આઈ ફસ્યા...' એવું નથી. જે કરીએ છીએ એ બરાબર જ કરીએ છીએ. કાયરતા આવવી જ ના જોઈએ. જે તન, મન, ધન અર્પણ કરે છે એની ખરે સમે ભગવાન સહાય કરે જ છે. એ ખોટમાં નથી જવાના.'

આરામનો અનાદર

શિબિર દરમ્યાન સ્વામીશ્રીએ લહાણનાં વહાણ છોડી દીધાં હોવાથી કાર્યકરોને તેઓ સાથે સમૂહછબીનો અમૂલ્ય લાભ મળ્યો. તે ઉપરાંત

સ્વામીશ્રીએ ફેરવેલી માળાના મણકા પણ સૌ પ્રસાદીરૂપે પામ્યા. વ્યક્તિગત મુલાકાતો દ્વારા સ્વામીશ્રીએ કાર્યકરોની સાંસારિક સમસ્યાઓનેય નિવારી. આ માટે તેઓએ પોતાનાં ભ્રમણ-ભોજન કે શૌચ-સ્નાનના સમયપત્રકને પણ ખોરવી નાંખ્યું.

આ રીતે તા. ૨૮/૫ની બપોરે શિબિરનો પ્રથમ તબક્કો પૂરો થતાં સ્વામીશ્રી ઉતારે પધાર્યા, પરંતુ હજી આરામના નિશ્ચિત સમયને પંદર મિનિટની વાર હોવાથી 'લાવો, ભજન કરીએ' કહેતાં તેઓએ પત્ર-પરિચારકને બોલાવ્યા.

તે જોઈ સંતોએ પૂછ્યું: 'કો'ક દિવસ વહેલા સૂવાનું નહીં?'

'પંદર મિનિટ મોડું થાય એનો વાંધો નહીં, પણ પંદર મિનિટ વહેલું તો ન જ થવું જોઈએ.' સ્વામીશ્રી બોલ્યા.

આ કર્મઠતા સાથે કલ્યાણનો કારોબાર ચલાવતા તેઓનો લાભ લેવા આજની સાંજથી ૩૯૦ કાર્યકરો શિબિરના દ્વિતીય તબક્કામાં આવી પહોંચ્યા. તેઓને પણ 'અક્ષર' અમૃત પિવડાવતાં સ્વામીશ્રીએ કહ્યું:

''આપણે પાકું થવું. કોઈ ટોચો લાગે જ નહીં. આત્મવિશ્વાસ રાખવો કે 'ભગવાનના બળે કામ થશે જ!' ખોટો રૂપિયો હોય તો સગો ભાઈ પણ પાછો આપી જાય. આપણે તો નક્કર માલ છે. છાતી ઠોકીને કહી શકો કે 'આવા સંત છે. દર્શન કરો.' ગમે ત્યાં જાય, કિંમત પૂરી આવવાની જ છે. આપણા ઉપર આક્ષેપો થવાના, તોય આ વાત મૂકવી નહીં. હજારોને ભગવાન ભજાવવા છે. સંતો કેટલે પહોંચી વળશે? એટલે તમારા જેવા યુવકો દ્વારા સત્સંગ થશે.

લડાઈમાં ઓછા લાડવા ખાવાના હોય છે? મરવાની જ વાત! માથું હાથમાં લઈને લડવાની વાત છે. એમ સત્સંગ કરાવવામાં અપમાન કરશે છતાં સત્સંગ કરાવવો છે. પેટ કટારી મારીને લડવા નીકળે એને મૃત્યુનો ભય ખરો? હજારોનાં માથાં હડફી નાંખે. બધા એવા તૈયાર થઈ જાવ કે આદિવાસીનેય સત્સંગ કરાવે ને એ ના કરે તો ઝાડવાંનેય કરાવે. જ્યાં મોકલવામાં આવે ત્યાં બધી રીતે તૈયાર રહેવું.''

મેં વાત કરી એ પકડજો

તા. ૨૯/૫ની સાંજના શિબિર-સત્રમાં 'કાર્યકર થવામાં દુઃખ' વિષયક

એકપાત્રીય અભિનય રજૂ થયો, પરંતુ તેમાં લેખકની કલમ મોળા અને મજબૂત વિચારો વચ્ચેનું સંતુલન જાળવવામાં લપસી પડેલી. તેથી રજૂઆતમાં પણ મોળપની માત્રા પર વધુ ઝોક અપાઈ જતાં સ્વામીશ્રીની વાણીએ હૂંફ તજી ગરમી પકડી. તેઓ આશીર્વાદમાં કહેવા લાગ્યા :

"હમણાં એકપાત્રીય સંવાદ થયો એમાં બે-ચાર દિવસનું બધું ફોક થઈ ગયું. 'કાર્યકર્તા ન થવું' એ વાત ઉપર ભાર આવી ગયો. હવે આપણે મોળા પડી ગયા ને અમેય મોળા પડી ગયા એટલે શું વાત કરવી? એક ભાષામાં કહેવું હોય તો સૌને બેસતી ગાડી મળી ગઈ! પણ મોજશોખ કરવા, ફિલમમાં જાય, ડિસ્કોમાં જાય એમાં કેટલો સમય જાય છે! એની વાત તો આમાં આવી જ નહીં. જગતનું દુઃખ હજારો જન્મોથી ભોગવતાં આવ્યા છીએ, તો એ કેમ ટળશે એનો વિચાર આવ્યો? હમણાં એને હોદ્દો આવી જાય ને રાષ્ટ્રપતિ બનાવી દેવામાં આવે તો બૈરાં-છોકરાંને પૂછવા જશે? પણ કાર્યકર્તા થવામાં કહેશે, 'આટલું બધું લફરું ક્યાં ફેરવવું?' આપણે કોના યુવક, કાર્યકર છીએ એની મહત્તા નથી એટલે ઢીલું-ઢીલું થઈ જાય.

કાર્યકરો! લખચોરાશીમાં માથાં આપી દીધાં છે ને સમયેય ગયો છે ત્યારે માંડ-માંડ આ ભેગું થયું છે. હવે આપણે આ દુનિયાના ચક્કરમાં આવવું નથી ને આવી શિબિર પણ કરવી નથી, કારણ કે મહારાજના ધામમાં બેસીને મહારાજનું સુખ ચહ ચહ લીધા જ કરવાનું. ઉપાધિ જ નહીં. અનંત જન્મનો ઉકળાટ કાઢવા આ જોગ ને આ સેવા મળી છે એનો વિચાર કરવાનો છે. ભગવાન ને સંત દયાળુ છે તે આપણી સાથે આવવાના છે.

આ સત્સંગમાં એવું નથી કે તમે કાર્યકર થાવ એટલે ભગવાં પહેરી લેવાનાં. ટાઈમ-ટેબલ ગોઠવો તો દસ શું, વીસ કામ થઈ જાય. બીજું કામ કરનારા તો બીજા મળી રહેશે. ગામનો આધાર માણસ ચાલ્યો જાય તોય ગામ નથી ચાલતું? કેટલાય વડાપ્રધાન આવ્યા ને ગયા તોય રાજ્ય પડી રહ્યું? પણ આત્મકલ્યાણ આપણી જાતે જ કરવાનું છે. માટે વાદળ જેવાં દુઃખ આવી પડે તોય ભગવાનને મૂકવા નહીં. માટે પેલો ડાયલોગ (એકપાત્રીય અભિનય) કર્યો એ વાત જવા દેજો ને મેં વાત કરી એ પકડજો ને ઉત્સાહમાં આવી જજો."

સ્વામીશ્રીની આવી જુસ્સાભેર વાત સાંભળી અભિનય કરનારો યુવક શ્રી પરેશ હીંગુ તો અપરાધભાવ અનુભવતાં રડમસ થઈ ગયો. તે સ્વામીશ્રીએ જાણ્યું ત્યારે તેને કહ્યું: 'આમાં તારો વાંક ક્યાં છે? જેણે લખ્યું એનો વાંક

છે. રજૂઆત કરતાં શીખવું જોઈએ. ઢીલા પડી જાય એવી રજૂઆત ના હોય. રજૂઆત એવી કરવી કે બળ રહે. નિષેધની વાત કરો એ તરત પકડાય. આ તો જાણપણું આવ્યું કે આવા પ્રસંગો રજૂ ન થવા જોઈએ. ઊતરતાં-ઊતરતાં સાવ ઊતરી ગયું. આવી મોળી વાત સૌને ગમે, એટલે એ બાબતમાં ધ્યાન રાખવું.'

રજૂઆતની રીત સ્વામીશ્રીએ સ્પષ્ટ કરી આપી.

ચીવટના ચોવટિયા

મનોરમાં કાર્યકર શિબિર બાદ વિવિધ મંદિરોના વ્યવસ્થાપક સંતોની એક-દિવસીય મીટિંગ કરી તા. ૧/૬ની સાંજે કલકત્તા પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૨/૬ના રોજ યોગી જયંતી આવી પહોંચી. આ ઉત્સવદિનની બપોરે શ્રી પાનુભાઈ અજમેરાના ઘેર ઠાકોરજી જમાડતા સ્વામીશ્રી સમક્ષ ગ્રંથવાંચન શરૂ થયું. તેમાં કૃષ્ણપ્રિયદાસ સ્વામીએ વાંચ્યું: 'શ્રીજીમહારાજ કારિયાણીથી ગઢડા જઈ રહ્યા હતા. વચ્ચે સાલેમાળ પર્વત આવ્યો...'

આ સાંભળતાં જ સ્વામીશ્રીએ સંશય કર્યો કે 'કારિયાણીથી જતાં વચ્ચે પર્વત ન આવે. કરિયાણા હશે.'

સ્વામીશ્રીની આ શંકાથી સચેત થયેલા પાઠકે પુસ્તકમાં જોયું તો લખાણમાં કરિયાણા જ હતું. તેઓએ પોતાની ભૂલ કબૂલી, સૌએ સ્વામીશ્રીની એકાગ્રતા !

તેઓની આવી જ ચીવટ તેઓ તા. ૩/૬ની સવારે એલ્ગીન રોડ પર આવેલા યોગી સભાગૃહમાં આવ્યા ત્યારે પણ જોવા મળી. કલકત્તાના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીની પ્રાતઃપૂજા અને સાયંસભા મહદંશે અહીં યોજાતી. પૂજા બાદ પારાયણનો લાભ પણ અત્રે જ મળતો.

આજની સવારે એ પારાયણના પૂજનવિધિ બાદ સ્વામીશ્રી ઉતારે જવા નીકળ્યા ત્યારે તેઓએ એક કાર્યકરને બોલાવતાં પૂછ્યું: 'રશ્મિ ! પેલી પૂજાપાની થાળી ક્યાં ગઈ ?' આમ બોલતાં તો તેઓ જ્યાં પૂજાપો રાખેલો ત્યાં પહોંચી ગયા અને કહેવા લાગ્યા: 'જુઓ, વિધિ પત્યા પછી પણ આ પૂજાપો કેટલો વધ્યો ? આ કંઈ મહાપૂજા નથી. આ તો સામાન્ય પૂજનવિધિ છે. એમાં ચોખા, કંકુ ને બીજી વસ્તુ પણ આટલી બધી ન હોય ! બધું બગડે. થોડું રાખવું. વાણિયાના દીકરાને ફરી સમજાવવા ન પડે.'

સ્વામીશ્રી કલકત્તા પધારેલા ભવ્ય શિખરબદ્ધ મંદિરની ગતિવિધિ

માટે. આવાં મોટાં કાર્યો મનમાં રમતા હોવા છતાં તેઓએ દાખવેલો વસ્તુ-વપરાશનો આ વિવેક તેઓને ચીવટના ચોવટિયા પુરવાર કરે એવો છે.

શું લેવા દુઃખી કરો છો?

તા. ૫/૬ની રાત્રે ભોજન બાદ મુલાકાતીઓને મળી રહેલા સ્વામીશ્રીની પલાંઠી જમણું ચરણ ખુલ્લું દેખાય એ રીતે વળેલી. તે જોઈ લંડનવાસી યુવક શ્રી દેવેન્દ્ર કારિયાનું મન ફોટો ઝડપવા લલચાયું, પરંતુ જેવો તેણે કેમેરો ક્લિક કર્યો તે સાથે જ સ્વામીશ્રી તેની મુરાદ પારખી ગયા. તેથી તેઓએ કરડાકી સાથે કહ્યું: 'ફેંકી દે એ કેમેરો. હું બેઠો હોઉં ત્યારે ફોટા લેવા જ નહીં. શું લેવા દુઃખી કરો છો? સુખેથી બેસવા દેતા હો તો!'

આ અતિ અણગમા સાથે સ્વામીશ્રીએ આ ફોટાની નેગેટિવ પણ સંતોને આપી દેવા જણાવી. એટલું જ નહીં, આ ફોટો જેના કેમેરા વડે લેવાયેલો તે યુવક શ્રી નારાયણ ખન્નાને પણ તેઓએ એક ઉપવાસનું પ્રાયશ્ચિત્ત આપી દીધું.

'મહારાજ એક ભગવાન; બાકી બધા સેવક જ છે.' – આ વિધાન સ્વામીશ્રીના મુખે પ્રસંગોપાત્ત બોલાતું, પણ જીવાતું તો રોજ જ!

જોકામાં ઝોક ખાધો

કલકત્તાના મંદિરની રજત જયંતી નિમિત્તે અત્રે પધારેલા સ્વામીશ્રી તા. ૬/૬ની સવારે ડાયમંડ હાર્બર રોડ પર આવેલા જોકા ગામમાં જઈ પહોંચ્યા. અહીં સીમમાં પથરાયેલી જમીનોમાંથી એક ભૂભાગ પર ઊતરતાં જ તેઓ બોલ્યા: 'જગ્યા બહુ સરસ છે.'

'શહેરથી થોડી દૂર છે.' કો'કે કહ્યું.

ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું: 'અત્યારે તો શેઠિયાઓ બધા હવા ખાવા દૂર સુધી જાય છે. અત્યારે દૂર જેવું લાગે પણ પછી રાજી થવાશે.'

જમીનના નકશાની સાથે ભવિષ્યનો ભેદ પણ ખોલતાં આટલું કહી સ્વામીશ્રીએ શિખરબદ્ધ મંદિર માટે આ ભૂમિ પર પસંદગી ઢોળી. આ જગ્યા માટે તેઓ તા. ૭/૬ની રાત્રે પણ બોલ્યા: 'જમીનો ઘણી જોઈ. છેલ્લે આ જોકામાં ઝોક ખાધો.'

તેઓના આ નિર્ણયથી કલકત્તામાં મોટા મંદિરનાં મંડાણ થઈ ગયાં.

આપણે બંગાળીઓમાં સત્સંગ કરાવવાનો છે

જે-તે પ્રાંતમાં સત્સંગ-પ્રસાર અંગે તે-તે પ્રાંતની ભાષા શીખી લેવાની ઇચ્છા સ્વામીશ્રીને રહેતી. તેથી અહીં કલકત્તામાં આવતાં જ તેઓએ સંતો સમક્ષ વાત કરેલી કે 'તમે સંતો અહીં રહો છો તો બંગાળી શીખો. ટૂટક... ટૂટક... નહીં. બરાબર વાતચીત, પ્રવચન કરતાં આવડે એવું શીખવું. આપણે બંગાળીઓમાં સત્સંગ કરાવવાનો છે પાછો.'

આ અંગે હરિભક્તોને પણ સ્વામીશ્રીએ કહેલું: 'બધા બંગાળી શીખી જાવ. બંગાળીમાં વાત કરો તો સામાવાળા રાજી થાય અને આત્મીયતા વધે.'

સ્વામીશ્રીના આ સંકલ્પને ઝીલી સત્સંગીઓએ તા. ૭/૬ની સાંજે બંગાળી ભાવિકોની સભા યોજી. એ જ રીતે તા. ૮/૬ની સવારે ગીતા મંદિરમાં અને સાંજે હિંદ હાઈસ્કૂલમાં સત્સંગ-સભાઓ સંપન્ન થઈ. આ ક્રમમાં તા. ૯/૬ના રોજ તિથિ અનુસાર આવેલા પ્રમુખ વરણી દિનની ઉજવણીનો લાભ પણ સૌએ ઉઠાવ્યો.

આ ઉત્સવ-સભામાં સેંકડોનું સન્માન ઝીલી ઉતારે પધારેલા સ્વામીશ્રી અહીં ઠાકોરજી જમાડી પત્રવાંચનમાં પરોવાયા ત્યારે યજમાન પરિવારના યુવાન સભ્યો ચરણચંપીનો લાભ લેવા લાગ્યા. આ દૃશ્ય અઢી વર્ષના બાળક અમનને જોતાં તેય દોડી આવ્યો, પણ તેણે તો ઝોળિયા પારેવાની જેમ સ્વામીશ્રીના ખોળામાં જ પડતું મૂક્યું. પરંતુ થોડી વાર 'બાપા'નો ખોળો ખૂંદી આ બાળકે તેનો ભાઈ સ્વામીશ્રીનો જે પગ દબાવતો હતો તે જ પગે સેવા કરવાની હઠ લીધી. તેથી સ્વામીશ્રીએ તેના ભાઈને બીજા પગે આવી સેવા કરવા કહ્યું. આ તોડમાં પણ અમનનું મન ન માન્યું. એટલે તેય આવ્યો એ પગે અને ત્યાં બેઠેલા ભાઈને હડસેલવા લાગ્યો.

પરંતુ અમનનું મન કળી ગયેલા સ્વામીશ્રીએ તેની આ બાળસહજ આળવીતરાઈનો ચતુરાઈથી ઉકેલ લાવતાં કહ્યું: 'તું અહીં આવ. હાથ દબાવ.'

ત્યાં સેવા કરનારું કોઈ ન હોવાને કારણે પોતાને મળેલા આ આગવા લાભથી એ બાળકનું મન હરખાઈ ગયું. તે સ્વામીશ્રીનો હાથ દબાવવા માંડ્યો. એક વિરાટ સંસ્થાના ૭૬ વર્ષીય ધર્મગુરુ દ્વારા અઢી વર્ષના બાળકને લડાવાઈ રહેલા આ લાડ કચકડે મઢવા કો'કે કૅમેરાની ચાંપ દબાવી; પરંતુ તેથી થયેલો ઝબકારો જોઈ હાથે વળગેલો પેલો બાળક 'મને કૅમેરો આપો' કહેતાં તે ભણી

દોડવા ગયો ત્યાં જ કો'ક બોલ્યું: 'તું અહીં ઊભો રહે. બાપા તારો ફોટો પાડે.'

આ મનોરથ પૂરો કરવા સ્વામીશ્રીએ બાળકને સામે રાખી કૅમેરાને ક્લિક કર્યો. તેઓની આ ચેષ્ટા પણ સૌનાં કાળજડે કોરાઈ ગઈ.

મોઢું તો મારા જેવું જ હોય ને!

તા. ૧૦/૬ની બપોરે આવી ચડેલા બંગાળી યુવાન શ્રી સૌમ્ય ચેટરજીએ આવતાંવેંત સ્વામીશ્રીને કહ્યું: 'મારે પ્રશ્ન પૂછવા છે.'

'પૂછ.'

સ્વામીશ્રીની આ સંમતિ મળતાં જ તે યુવક ઘૂંટણિયે બેસી પૂછવા લાગ્યો: 'હું ભગવાનમાં માનતો નથી, પણ આપે ભગવાન જોયા હોય એવી વાતો થાય છે. તો આપ એ કઈ રીતે જુઓ છો?'

'આપણે એકબીજાને જોઈએ એ રીતે જ ભગવાન દેખાય છે, વાતચીત થાય છે, દર્શન થાય છે.'

'આપ એ રીતે ભગવાનને જુઓ છો તો વર્ણન કરી શકો?'

'એમાં વર્ણન શું કરવાનું? મનુષ્ય જેવો આકાર છે. પણ એ લૌકિક નથી, દિવ્ય છે.'

'એ કોના જેવા લાગે છે?'

'કોના જેવા શું? મોઢું તો મારા જેવું જ હોય ને!'

સ્વામીશ્રીના આ સહજ ઉત્તરે સૌને મલકાવી દીધા, કારણ કે તેઓના આ જવાબમાં *'જેના મુખમાં મુખ મહારાજનું...'* પંક્તિનો પડઘો હતો.

પરંતુ તે ન સમજી શકનારા પેલા યુવાને પૂછ્યું: 'તો આપ પોતે ભગવાન છો?'

'ના, એવું નથી. ભગવાન આપણા મનુષ્ય જેવા જ આકારવાળા છે, પરંતુ દિવ્ય છે.'

'આપ મને બતાવો.'

'એમનેમ ઓછા દેખાય? સત્સંગમાં આવે તો થાય ને! ડૉક્ટર એક દિવસમાં ઓછું થવાય છે?'

સ્વામીશ્રીના આ પ્રતીતિકર ઉત્તરોથી વીંધાયેલો તે યુવાન વર્તમાન ધરાવી કંઠી પહેરી વિદાય થયો.

ભગવાનનું પૂજન કરવામાં ભીડો શેનો ?

આ વખતે કલકત્તામાં તાપ અને બાફ – બંનેએ માઝા મૂકેલી. તે તકલીફને હળવી બનાવતો ઇન્દ્ર તા. ૧૦/૬ની સાંજે આવી ચડ્યો ત્યારે તેનું અભિવાદન કરવાનું સ્વામીશ્રી ન ચૂક્યા. તેઓએ ઉતારાની અગાશીમાં છત નીચે ઊભા રહી ઠાકોરજીને સર્વાંગ-સ્નાન કરાવ્યું. તેથી ઊડતા જલકણોએ સ્વામીશ્રીનેય પલાળ્યા-પખાળ્યા.

વરસાદ પડતાં પ્રસરી ગયેલી આ ઠંડક વચ્ચે તા. ૧૪/૬ની સવારથી કલકત્તાના મંદિરનો રજત જયંતી ઉત્સવ શરૂ થયો. સત્સંગના આ યૌવનપ્રવેશને વધાવવા ઠાકોરજીને પાલખીમાં પધરાવી પ્રભાતફેરી યોજાયેલી. સ્વયં સ્વામીશ્રી પણ તેમાં સામેલ થયા.

તેઓની ભક્તિનો આ ઉમળકો આજની બપોરે પણ ન શમ્યો. આ સમયે શ્રી શશિકાંતભાઈ અજમેરાના ઘેર બિરાજેલા સ્વામીશ્રી સમક્ષ આજની ઉત્સવ-સભાની રૂપરેખા આપતાં સંતોએ કહ્યું : 'સભામાં ઠાકોરજીની સુવર્ણતુલા પહેલાં વડીલ સંતો મૂર્તિનું પૂજન કરશે...'

"એ પૂજન હું જ કરીશ. લાલજીનું પૂજન કરવા માટે ઊભા થવામાં મને કંઈ વાંધો નહીં આવે. ભગવાનનું પૂજન કરવામાં ભીડો શેનો ? આ તો બસ એક પૂંછડું લઈને બેસી ગયા કે 'સ્વામીને ભીડો ના પડવો જોઈએ.'"

સ્વાસ્થ્ય-સુરક્ષાની પાળો તોડતો સ્વામીશ્રીનો ભક્તિપ્રવાહ આમ વહી છૂટ્યો.

પરંતુ તેઓ ભક્તિમાર્ગમાં જેટલા સાબદા એટલા જ ધર્મ-મર્યાદામાં પણ ! તેથી જ આજના રજત જયંતી મહોત્સવની સભામાં આયોજકોએ જ્યારે વિનંતી કરી કે 'બાપા ! આપ તુલાવિધિના અંતે સુવર્ણ મૂકો અને ઠાકોરજીનું પલ્લું નમે.'

ત્યારે સ્વામીશ્રીએ કહી દીધું : 'સાધુનું એ કામ નહીં.'

તેઓ સુવર્ણને હાથ અડાડવા સુધ્ધાં તૈયાર ન થયા. હા, ભક્તોને રાજી કરવા તેઓએ ઠાકોરજીનું પૂજન કરી સામે પલ્લે તુલસીપત્ર મૂક્યું.

સાધુની આ રીત સાથે સ્વામીશ્રી સભામાં બિરાજ્યા ત્યારે દાનવીર ભક્તો-ભાવિકો ઠાકોરજીને સુવર્ણ અર્પણ કરવા આવવા લાગ્યા. તે વખતે સ્વામીશ્રીએ વ્યવસ્થાપકોને સૂચના આપી : 'જે યુવકો રાત-દિવસ સેવામાં

ઘસાયા છે એ બધાએ ભલે સુવર્ણ ન આપ્યું હોય છતાં બધાને બોલાવો.'

સ્વામીશ્રીની આ વાત્સલ્યગંગાના કાંઠે રજત જયંતી ઉત્સવ ધામધૂમથી સંપન્ન થયો. તે બદલ પ્રસન્નતા વરસાવતાં સ્વામીશ્રી તા. ૧૬/૬ના રોજ બોલ્યા: ''આ વખતે બધાએ અદ્‌ભુત સેવા કરી છે. અમે ખૂબ રાજી થયા છીએ. એમ કહેવાય કે 'અદ્‌ભુત, અદ્‌ભુત, અદ્‌ભુત !!!''

તમે દુર્બળના દાતાર

તા. ૧૬/૬ની સાંજે કલકત્તાના શ્રેષ્ઠીઓ માટે રૉટરી સદનમાં યોજાયેલી એક ખાસ સભામાં સ્વામીશ્રી પધાર્યા ત્યારે મહાનગરના સો ઉપરાંત મહાનુભાવોએ સભાગૃહમાં સ્થાન લઈ લીધેલું. તે સૌ વતી ધારાસભ્ય શ્રી રાજેશ ખેતાને સ્વાનુભૂતિ વર્ણવી કે 'स्वामीजी की सरलता में झलक है ईश्वर की, मुस्कान में झलक है ईश्वर की, स्वामीजी की सादगी में झलक है ईश्वर की। स्वामीजी के पूरे रूप में ईश्वर की झलक दिखाई देती है।'

સૌનો આવો અહોભાવ ઝીલતા સ્વામીશ્રી સુંદર સદ્‌બોધ વહાવી છેલ્લે દરેકને વ્યક્તિગત મળ્યા. તે વખતે પ્રત્યેક આમંત્રિત અતિથિને બુંદીના મોટા લાડુની પ્રસાદી અપાતી ગઈ.

આ રીતે સૌને મળ્યા પછી ઊભા થતાં સ્વામીશ્રીએ લાડુનો એ પ્રસાદ પોતાની સાથે લેવડાવ્યો અને દરવાજે ફરજ બજાવતા બે દરવાનીઓને સ્વહસ્તે આપ્યો. સેવામાં રોકાયેલા યુવકો અને ડ્રાઈવરોને પણ આ પ્રસાદી આપતાં કહ્યું: 'તમેય વી.આઈ.પી. જ છો ! લાડુ લો.'

તેઓની આ લીલા જોનારા સૌ ખરો સામ્યવાદ તો સ્વામીશ્રીનાં ભગવાં લૂગડાંમાં નિહાળી રહ્યા.

સમતાની આ સડકે સદા સરકતા સ્વામીશ્રી તા. ૧૮/૬ની સાંજે જ્યારે ઍરપોર્ટ પર પધાર્યા ત્યારે અત્રે પણ તેઓને વિદાયમાન આપવા ખાસ્સી ભક્તભીડ ઊમટેલી. તે સૌને દર્શનદાન આપવા સ્વામીશ્રી ઍરપોર્ટ મૅનેજરની કૅબિનમાં બિરાજ્યા. તે વખતે મૅનેજર શ્રી દિલીપકુમારે ટેબલ પર પડેલી ખાલી ઍશ-ટ્રે બતાવતાં સ્વામીશ્રીને કહ્યું: 'જુઓ, આ આપના અમૃત મહોત્સવનો પ્રતાપ ! બે વર્ષથી આ ટ્રેમાં સિગારેટની રાખ પડી જ નથી. ત્યાં ઉત્સવમાં આવ્યો ને મારું વ્યસન છૂટી ગયું.'

વૃક્ષ હોય ત્યાં સુધી તેનો છાંયો માણવા મળે. નદી વહેતી હોય ત્યાં

સુધી તેનું જળ પીવા મળે. પરંતુ સ્વામીશ્રીના સમૈયા તો સંકેલાઈ ગયા બાદ પણ ફલશ્રુતિ આપતા રહેતા. તે લાભમાં નાગપુરને ઝબકોળવા સ્વામીશ્રી સાંજે ૫:૧૦ વાગ્યે કલકત્તાથી વિદાય થયા.

Living God (जीते-जागते भगवान)

સ્વામીશ્રીને લઈ ઊપડેલું વિમાન જેવી આકાશી સહેલ માણવા લાગ્યું તે સાથે જ સ્વામીશ્રી પણ પત્રની પાંખે બેસી ભક્તોના જીવન-પ્રદેશમાં સફર કરવા માંડ્યા. વચ્ચે ભુવનેશ્વરના હવાઈ મથક પર વિમાન ચાલીસ મિનિટ વધુ થોભ્યું. તે દરમ્યાન પણ આ વિલંબથી વિચલિત થયા વિના સ્વામીશ્રી પત્રવાંચનમાં જ રત રહ્યા, પરંતુ જેવું વિમાન અહીંથી ઊંચકાયું તે વખતે જ તેઓ પત્રવ્યવહારથી પરવાર્યા. પણ પત્રથી અળગી થયેલી તેઓની આંગળીઓએ માળા પકડી અને સ્વામીશ્રીનાં નેત્રો મીંચાયાં.

તેઓની આ મુદ્રા એકધારી એક કલાક સુધી અકબંધ રહી. સ્વામીશ્રીએ જાણે વિમાનમાં વન ખડું કરી દીધું! કલકત્તામાં કરેલાં કંઈક કાર્યોનો કેફ કે હવે આરંભાતા વિદર્ભ-મધ્યપ્રદેશના કંઈક કાર્યક્રમોની ભરમાર – કશું જ તેઓના ચહેરા પર ન જણાયું. વનમાં બેઠેલા ઋષિ જેવી તેઓની પ્રશાંત મુખમુદ્રા આકાશની અટારીએ કંઈક અનોખી જ ભાસી રહી.

બસ! આ રીતે શ્રીજીમહારાજમાં સદા સ્થિર રહી અહીંથી તહીં વિચરતા સ્વામીશ્રી રાત્રે ૮:૩૫ વાગ્યે નાગપુર ઊતર્યા.

અત્રે તા. ૧૯/૬ની સાંજે બ્રહ્મસમાજ અને નાગપુરના નગરવાસીઓ તરફથી યોજાયેલી સ્વામીશ્રીની સન્માન-સભામાં પ્રજાના પ્રતિનિધિરૂપે બોલતાં મેયર શ્રી દેવેન્દ્ર ફડણવીસે[૩૨] જણાવ્યું: 'कलियुग में हम भगवान का सीधा संपर्क नहीं कर पाते हैं, परंतु स्वामीजी भगवान का दूसरा स्वरूप ही हैं। उनके दर्शन से भगवान के दर्शन की प्रतीति हमें होती है।'

આવો જ અનુભવ તા. ૨૧/૬ની સવારે નાગપુર ઈમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટના ચૅરમેન શ્રીનિવાસ પાટીલના[૩૩] મુખેથી સરી પડ્યો. તેઓના નિગમ દ્વારા સંસ્થાને એક વિશાળ જમીનમાં બગીચો ખીલવવાની કાર્યવાહી સોંપાયેલી. 'સ્વામિનારાયણ પાર્ક' તરીકે ઓળખ પામનારા આ ઉપવનમાં ગોઠવાયેલા

---

૩૨. તેઓ સમયાંતરે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી બનેલા.

૩૩. તેઓ સમય જતાં સિક્કિમના રાજ્યપાલપદે આરૂઢ થયેલા.

વૃક્ષારોપણના કાર્યક્રમ પ્રસંગે શ્રી પાટીલે કહ્યું: 'वैसे भी २१ जून सबसे बड़ा दिन कहा जाता है, आज मेरे जीवन में भी ये सबसे बड़ा दिन है। हम मिट्टी हैं और स्वामीजी पुष्प हैं, उनके सहवास में आकर आज हम भी सुवासित हो गए।'

સ્વામીશ્રીની આ મહેકથી આજની સાંજે શ્રીકાંત જીચકર પણ અભિભૂત થઈ ગયા. ડૉક્ટરથી લઈને ડી.લીટ્. સુધીની આશરે વીસ પદવીઓથી અલંકૃત આ વિદ્વાન મહારાષ્ટ્ર પ્રશાસનમાં પણ ઘણા મહત્ત્વપૂર્ણ હોદ્દાઓ નિભાવનારા. આજે તેઓની યજ્ઞશાળાને પાવન કરી સ્વામીશ્રી દેશપાંડે હૉલમાં આયોજિત સભામાં બિરાજ્યા ત્યારે શ્રી જીચકરે ઉદ્ગારો વહાવ્યા કે 'स्वामीजी को मैं Living God (जीते-जागते भगवान) कहता हूँ। जिनको स्वामीजी ने आशीर्वाद दिया है उन सबको ऐसा ही लगा है कि वे अवतार पुरुष हैं, साक्षात् ब्रह्म से मिले हैं।'

સ્વામિનારાયણ શાળાનો શુભારંભ

તા. ૨૨/૬ની સવારે સ્વામીશ્રીને મંદિર અને વિદ્યામંદિર – બંનેનાં ટાણાં સાચવવાનાં હતાં. તેથી કાર્યક્રમમાં સમય કરતાં વહેલા ચાલી રહેલા તેઓ સવા નવ વાગ્યે તો નૂતન શાળાના પ્રવેશદ્વારે જઈ પહોંચ્યા. પરંતુ તે વખતે ત્યાં ઉદ્ઘાટનવિધિ કરાવનારા બ્રાહ્મણો સહિત ચકલુંય ફરકતું નહોતું. તે જોઈ સ્વામીશ્રીએ વ્યવસ્થા સંભાળનારા પ્રેમપ્રકાશદાસ સ્વામીને તાબડતોબ બોલાવી પૂછ્યું: 'હજી વિધિ માટે કેમ કોઈ બ્રાહ્મણ આવ્યો નથી ?'

'એમને સાડા નવ વાગ્યાનો સમય આપ્યો છે.'

પરંતુ સ્વામીશ્રીને આ બચાવ માફક ન આવ્યો. તેઓએ કહ્યું: 'વહેલા આવ્યા તે કાંઈ ખોટું થયું? બ્રાહ્મણો ન આવ્યા તો કાંઈ નહીં. આપણે ઉદ્ઘાટન કરી દો ને!' આમ કહી તેઓએ બાજુમાં ઊભેલા ભૂદેવ ભક્ત હરેશ્વરભાઈ તથા સરલજીવનદાસ સ્વામી પાસે ઉદ્ઘાટનનો સંકલ્પ કરાવ્યો.

આ રીતે શાળાના શુભારંભનું ચોઘડિયું સાચવી સ્વામીશ્રી હરિમંદિરમાં પહોંચ્યા. અત્રે આરસમાંથી નિર્મિત અક્ષર-પુરુષોત્તમ મહારાજને વિધિવત્ પધરાવી તેઓએ પ્રતિષ્ઠાનું મુહૂર્ત પણ જાળવી લીધું.

ત્યારબાદ તેઓ શાળાના દરેક ખંડમાં પગલાં કરવા પધાર્યા ત્યારે આ શાળામાં પ્રવેશ મેળવી ચૂકેલાં કેટલાંક શિશુઓને એક ઓરડામાં બેસાડેલાં.

તેઓનો પ્રથમ વર્ગ લેતાં સ્વામીશ્રીએ કહ્યું: 'હું બોલાવું એમ બોલો.' આમ કહી તેઓએ *'સ્વામી અને નારાયણ... અક્ષર અને પુરુષોત્તમ...'*નો નાદ ઝિલાવી ગળથૂથીમાં જ અપરાવિદ્યા સાથે પરાવિદ્યાનો સાંધો જોડી આપ્યો.

પેટનું ગળામાં ને ગળાનું પેટમાં

તા. ૨૩/૬ની સવારે નાગપુરથી નીકળેલા સ્વામીશ્રી રસ્તે આવતાં બુટીબોરીની ઔદ્યોગિક વસાહતમાં નિર્માણ પામેલા હનુમાન મંદિરમાં લાભ આપતાં જામ પહોંચ્યા.

અત્રે શ્રી રાવજીભાઈ પટેલની સની મોટલમાં સત્સંગ-શિબિરનું આયોજન ગોઠવાયેલું. તે માટે આવેલા નાગપુરના ભક્તોને તા. ૨૪/૬ની સવારે નિત્યપૂજા બાદ વ્યક્તિગત દર્શને બોલાવી લેવાની રુચિ સ્વામીશ્રીએ પ્રગટ કરી, પણ અત્યારના તબક્કે આ આયોજન અંગે વ્યવસ્થાપકે અનિચ્છા દર્શાવતાં સ્વામીશ્રી બોલ્યા: 'હજી હમણાં જ પૂજા પૂરી થઈ. ઠાકોરજી હમણાં જ થાળ જમવા ગયા. આપણે પાછળ-પાછળ પહોંચીએ તો એમને ઉતાવળ કરવી પડે. તમે તો યોગીબાપા સાથે રહ્યા છો. એમના જીવનમાંથી ઠાકોરજીની થોડી ભક્તિ કરતાં તો શીખો.'

આ ભક્તિભાવ સાથે અત્રે લાભ આપી સ્વામીશ્રી તા. ૨૫/૬ની સવારે ચંદ્રપુર પહોંચ્યા. અહીંના મંદિરની મૂર્તિઓમાં તેઓએ તા. ૨૭/૬ના રોજ પ્રાણ પૂર્યા. તે સાથે બે દિવસના રોકાણ દરમ્યાન સ્વામીશ્રી નગરના કન્યકા પરમેશ્વરી, સોમેશ્વર અને વિઠ્ઠલ મંદિરમાં પણ પધાર્યા.

તે દ્વારા સંવાદિતાની સુગંધ પ્રસરાવતા તેઓ તા. ૨૭/૬ના રોજ રાયપુર જવા નીકળ્યા; પરંતુ આ પ્રવાસમાં વિમાની સેવા વિલંબિત થતાં સ્વામીશ્રી રાયપુરમાં શ્રી તારાચંદ મિરાણીના ઘેર પોઢ્યા ત્યારે રાત્રિનો પોણો વાગી ચૂકેલો.

છતાં તા. ૨૮/૬ની સવારે અહીંના લાભાંડી વિસ્તારમાં સંસ્થા દ્વારા નિર્માણાધીન સાંસ્કૃતિક કેન્દ્રના ભૂમિપૂજનનો વિધિ કરવા સ્વામીશ્રી સમયસર પધારી ગયા. શહેરના અનેક નામાંકિત મહાનુભાવોની હાજરીમાં આ કાર્યક્રમ સંપન્ન કરી તેઓ સાંજે પંડિત રવિશંકર મૅડિકલ કૉલેજના સભાગૃહમાં પહોંચ્યા ત્યારે અત્રે નગરપાલિકા દ્વારા તેઓનો સન્માન સમારંભ યોજાયો. આ શહેરમાં આવું અભિવાદન કોઈ ધર્મગુરુ પ્રથમ વાર જ પામી રહ્યા હોવાથી

આ અવસરે મેયર શ્રી જૂનેજા સહિત ઉપમેયર, નગર-નિગમના અધિકારીઓ, કુલપતિ વગેરે અનેક સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત હતા.

આવી જ ધામધૂમ સાથે તા. ૨૯/૬ના રોજ શહેરના દેવેન્દ્રનગર વિસ્તારમાં નિર્માણાધીન મંદિરનો ખાતવિધિ કરી વિદાય થયેલા સ્વામીશ્રીની આગળની મુસાફરી *'આવે વાટમાં જે જે ગામ, દેતા દાસને દર્શન શ્યામ...'* જેવી રહી. તે મુજબ તેઓ દુર્ગ, ભિલાઈ, આમગાંવ, ગોંદિયા અને તુમસરને લાભ આપતાં તા. ૨/૭ની રાત્રે પોણા બાર વાગ્યે અકોલા પધાર્યા.

પરંતુ તુમસરથી અહીં આવનારી ટ્રેનની ગતિ એવી રહી કે સ્વામીશ્રીને શ્રમ ઘણો અનુભવાયો. આ અંગે પ્રવાસ દરમ્યાન જ જ્યારે સંતોએ પૂછેલું કે 'આ મુસાફરી કેવી?' ત્યારે સ્વામીશ્રી બોલેલા: 'પેટનું ગળામાં ને ગળાનું પેટમાં આવે એવી.'

આવી પરિસ્થિતિમાં પણ લોકકલ્યાણ માટે વિચરતા રહેતા તેઓની અનુકંપાને કોઈ આરો-ઓવારો નહોતો.

બુરહાનપુરમાં

ગઈકાલના પરિશ્રમને કારણે તા. ૩/૭ના રોજ સ્વામીશ્રીના શરીરમાં ઝાડાનો ઉપદ્રવ તો શરૂ થઈ જ ગયેલો, પણ ઊલટીની સંવેદનાયે અનુભવાઈ રહેલી. છતાં નિયત ક્રમને ન ફેરવતાં સ્વામીશ્રી પ્રમિલાતાઈ સભાગૃહમાં જ પૂજા કરવા પધાર્યા. આ સમયે ઊલટી થાય તો તૈયારીરૂપે સ્વામીશ્રીએ વાસણ ભેગું રખાવ્યું.

આવી અસ્વસ્થતા વચ્ચે જ તેઓએ તા. ૪/૭ની સવારે મૂર્તિપ્રતિષ્ઠા કરી શ્રી છોટાભાઈ પટેલના મકાનનો હૉલ અકોલાના સંસ્કારધામરૂપે ખુલ્લો મૂક્યો, પરંતુ ઝાડાને લીધે શરીરમાં વર્તાતી અશક્તિની સાથે હવે સ્વામીશ્રીને જમણા ખભા અને બરડાના ભાગમાં સ્નાયુઓ તણાઈ ગયા હોય એવો દુખાવો ઊપડ્યો. આ કસરને કારણે જમણા ઘૂંટણે બોલી ગયેલા ટચાકાની પીડામાં પણ વધારો થયો. છતાં આવી વેદનાઓ વેઠતાં જ સ્વામીશ્રી તા. ૫/૭ના રોજ ૧૬૦ કિ.મી.નું અંતર કાપી બુરહાનપુર પહોંચ્યા.

અહીં સરકાર તેઓને રાજ્યના અધિકૃત આમંત્રિત તરીકે પધરાવી રહી હોવાથી નગરપતિની ગાડી જ સ્વામીશ્રીને દોરવા લાગી. તેની સાથે સુરક્ષા-દળના સંત્રીઓ પણ ખડે પગે હતા. તેઓનાં આદરમાન ઝીલતા સ્વામીશ્રી

આજની સાંજે જૂના સ્વામિનારાયણ મંદિરે પધાર્યા.

અત્રે શ્રીજીમહારાજે સ્વહસ્તે આપેલી નારાયણની મૂર્તિનાં દર્શન કરી તેઓએ કમલ ચિત્રભવનમાં સત્સંગનો લાભ આપ્યો. આ જાહેર-સભામાં સાંસદો, ધારાસભ્યો, મેયર સહિત અનેક રાજકીય-સામાજિક આગેવાનોની ઉપસ્થિતિ રહી.

તે સૌને અમૃતધારાથી તરબોળ કરનારા સ્વામીશ્રી નિશ્ચિત આયોજન મુજબ તા. ૬/૭ની સવારે સરકારી હેલિકોપ્ટર દ્વારા ભોપાલ જવાના હતા, પરંતુ વરસાદી વાતાવરણને લીધે તે હવાઈયાત્રા મોકૂફ રહેતાં બપોરે અઢી વાગ્યે ટ્રેન દ્વારા જવાનું નિર્ધારિત થયું. તેથી સ્વામીશ્રીએ આજે આવેલી રથયાત્રાનો ઉત્સવ શ્રી કિશોર મહાજનના ઘેર રખાયેલા ઉતારે જ ઊજવ્યો.

તે પછી શ્રીજીમહારાજનાં પ્રાસાદિક સ્થાનોની દર્શનયાત્રાએ નીકળેલા તેઓ સ્ટેશન રોડ પર સંસ્થાએ સંપાદિત કરેલી ભૂમિ પર પધાર્યા.

અહીં આજે યોજાયેલું ભૂમિપૂજન વરસાદને કારણે મુલતવી રહેતાં આ જમીનની માટી સ્વામીશ્રીએ પ્રાતઃપૂજામાં મંગાવી ત્યાં જ પૂજનવિધિ સંપન્ન કરેલો. એ જમીન પર ગાડીમાં બેઠાં-બેઠાં જ દૃષ્ટિ કરી તેઓ રાજઘાટે પહોંચ્યા ત્યારે અત્રે પૂરપાટ વહેતી તાપીની મધ્યમાં નીલકંઠ વર્ણીની પ્રાસાદિક ગજશિલા દૃશ્યમાન થતી હતી. તેનાં દૂરથી જ દર્શન કરવાનાં હતાં, પણ પ્રસાદીભૂત ઘાટ જોઈ સ્વામીશ્રીને વરસાદમાંયે ઊતરવાનું મન થઈ આવ્યું.

આ સમયે ભીની થયેલી કાળી માટીએ ચીકાશ પકડી લીધી હોવાથી સૌએ તેઓને ગાડીમાં જ બેસી રહેવા વિનંતી કરી, પણ જ્યાં મહારાજનાં ચરણ પડ્યાં હોય તે જળ-જમીનને સ્વામીશ્રી કેમ ચૂકે-મૂકે? તેઓ તો ધોતિયાનો પાટલીવાળો છેડો ઓટીએ ખોસતાં નીચે ઊતર્યા અને સંભાળપૂર્વક ડગ માંડતાં ઘાટે પહોંચ્યા.

અહીં તેઓએ મહાદેવના દેરે ઊભા રહી લોટામાં જળ મંગાવ્યું અને ઠાકોરજીના વાઘા ઊંચા કરી તેઓનાં ચરણ પખાળ્યાં. છતાં સંતોષ ન થતાં સ્વામીશ્રીએ ઠાકોરજીને આસનેથી ઉતારી વાઘા સહિત જ ચરણ ડૂબે એ રીતે લોટામાં પખાળ્યાં. ત્યારબાદ વાઘા ઉતરાવી ઠાકોરજીને ઋજુતાથી પકડી લોટામાં જ બે-ત્રણ ડૂબકી મરાવી ત્યારે સ્વામીશ્રી કંઈક શાતા પામ્યા. તે પછી તેઓએ નજીકના પુરાતન શિવાલયમાં એક ચરણ ફર્શ પર અને એક ચરણ ઓટે મૂકી દર્શન કર્યાં.

અહીંથી બાલાજી મંદિરે પગલાં પાડતાં સ્વામીશ્રી લશ્કર ઍક્સપ્રેસ દ્વારા ભોપાલ થઈને સિહોર પહોંચ્યા ત્યારે રાત્રિના પોણા બાર વાગી ચૂકેલા.

अंतर का आमंत्रण

તા. ૭/૭ની સાંજે ભોપાલના રવીન્દ્ર ભુવન ખાતે યોજાયેલી જાહેર-સભામાં ધર્મલાભ આપ્યા બાદ પુનઃ સિહોર પધારેલા સ્વામીશ્રીએ અહીં તા. ૯/૭ની સવારે નૂતન મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવ્યા. ભોપાલ સુગર ઇન્ડસ્ટ્રીઝના નરેન્દ્રનગરમાં વઢવાણા પરિવારના સંપૂર્ણ સૌજન્યથી તૈયાર થયેલા આ મંદિરની પ્રતિષ્ઠામાં સામેલ થવા શહેરના મેયર ઉપરાંત રાજ્યના મુખ્યમંત્રી શ્રી દિગ્વિજયસિંહ પણ ઉપસ્થિત હતા.

આ અવસરે દૂરદર્શનના નિયામક અને તેઓના કર્મચારીઓ તરફથી યોજાયેલા પ્રશ્નોત્તરીના કાર્યક્રમમાં સ્વયં મુખ્યમંત્રીએ જ પ્રશ્નો પૂછી સ્વામીશ્રી પાસેથી ઉત્તરો મેળવ્યા. તે દ્વારા સમગ્ર રાજ્યને ધર્મસંદેશ પાઠવી સ્વામીશ્રી હવાઈ માર્ગે ઇન્દોર આવી પહોંચ્યા.

અત્રે તા. ૧૦/૭, ૧૧/૭ અને ૧૨/૭ના રોજ અનુક્રમે ગુજરાતી સમાજ હૉલ, રવીન્દ્ર નાટ્યગૃહ તથા અભય ખેલ પ્રશાલ જેવાં સંકુલોમાં સ્વામીશ્રીના ભવ્ય સન્માન સમારંભો સંપન્ન થયા. તે દરમ્યાન શ્રી મનુભાઈ પટેલના ઘેર રોકાયેલા તેઓની પ્રાતઃપૂજા જાનકીનગરના રમેશ ઍન્ડ રમેશ સભાગૃહમાં યોજાતી રહી. આ જાહેર કાર્યક્રમોની સમાંતર સ્થાનિક સત્સંગને પુષ્ટિ આપવા સ્વામીશ્રીએ તા. ૧૧/૭ની સવારે બિછૌલી મર્દાના રોડ નજીક આવેલા સ્વામિનારાયણ નગરમાં નિર્માણાધીન સંસ્કારધામનું ભૂમિપૂજન કર્યું.

તેને અનુસરતાં તેઓ અગ્રવાલ હાઈસ્કૂલની સામે આવેલી ૮૦,૦૦૦ ચો.ફૂ.ની સંસ્થાકીય જમીન પર પગલાં પાડી તા. ૧૩/૭ની સવારે એમ્બરલ વ્હાઇટ સ્કૂલમાં પધાર્યા. અહીં વિદ્યાર્થીઓને શીખ આપી સ્વામીશ્રી એમ.આઇ.જી. કૉલોનીના ૬૯ ક્રમાંકના બંગલે પહોંચ્યા. અત્રે તૈયાર થયેલા સંસ્કાર ભુવનમાં તેઓનાં કરકમળો દ્વારા અક્ષર-પુરુષોત્તમ મહારાજની પ્રાણપ્રતિષ્ઠા થઈ.

આમ, ઇન્દોર ખાતે ત્રણ દિવસના રોકાણમાં અનેકવિધ આયોજનોને સાર્થક કરી સ્વામીશ્રી ગુજરાત ઍરવેઝના 'પ્રમુખ-૨' વિમાન દ્વારા તા. ૧૩/૭ની સાંજે અમદાવાદ આવી ગયા.

અહીં આવતીકાલે મંદિરના નવા સંકુલમાં નિર્માણ પામેલા વિશાળ

રસોડાનો ઉદ્ઘાટનવિધિ હતો. આ નિમિત્તે સૌ સત્સંગીઓને મહાપ્રસાદનું નિમંત્રણ આપવામાં આવેલું. તે સંદર્ભમાં જ ભરચક સભાને આશીર્વાદ આપતાં સ્વામીશ્રી હળવા મિજાજમાં બોલવા લાગ્યા :

'भोजन की बात है, आवतीकाल चकाचक है तो सब तैयार होके पधारिये... અમદાવાદમાં આવો પ્રસંગ જોઈને આનંદ થાય છે. આ પાછું સાગમટે નોતરું છે, બાકી અમદાવાદમાં તો પાઘડીબંધ નોતરું હોય. પણ કોઠારીએ આમંત્રણ આપ્યું છે તો સૌ તૈયારી સાથે આવજો. રોગ આડો નહીં આવે... कहने की बात यह है कि आमंत्रण दिया है तो सब स्वीकार लेना। ये ऊपर का आमंत्रण नहीं है, अंतर से दिया है... આ પ્રેમની વાત છે.'

આ અમૃતવાણીથી સભાને રંજન કરી સ્વામીશ્રી ઉતારે જવા નીકળ્યા ત્યારે સૌ તેઓએ પાઠવેલા અંતરના આમંત્રણનો આસ્વાદ મમળાવી રહ્યા.

જમાડે સાધુને સુખકારી

'માંદાને જોવા જાતાં, દર્શન દઈ દુઃખ કાપતા...' એ પ્રકૃતિ સ્વામીશ્રીની પ્રથમથી જ! તેથી તા. ૧૩/૭ની સાયંસભા બાદ ઉતારે પધારતાં પહેલાં તેઓ કૅન્સરગ્રસ્ત અક્ષરપ્રસાદદાસ સ્વામીનું સ્વાસ્થ્ય જોવા પહોંચ્યા. ગઢડા મંદિરના કોઠારી તરીકે એકધારી સેવા કરનારા આ સંતને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીના મુખેથી ગુણગંગા વહી નીકળી કે 'આ સંતને પહેલેથી સંસાર નહીં. સેવા, સેવા ને સેવા. સંતો-ભક્તોને ખૂબ રાજી કર્યા છે. કોઠારી જેવો ભાવ જ રાખ્યો નથી. સેવક જેવા જ રહ્યા છે. આ દુઃખ એવું છે કે અમે પણ જોઈ ન શકીએ.'

આટલું બોલતાં સ્વામીશ્રીની આંખો ભીની થઈ જતાં વાતાવરણની ગંભીરતા ઘેરી બની. તેની વચ્ચે થોડી વારે સ્વસ્થતા કેળવી સ્વામીશ્રી બોલ્યા : 'આ સાધુ આત્મનિષ્ઠ છે એટલે સહન કરે છે. બાકી આટલો બીમાર માણસ બીજા સોને ઊંધા પાડે. ભગવાન સુખી કરશે.'

આમ, એક સંતની દિવ્ય ગતિ સુનિશ્ચિત કરતા સ્વામીશ્રી તા. ૧૪/૭ની સવારે 'ધર્મસદન'ના દ્વારે પધાર્યા. રસોડું અને વિવિધ કાર્યાલયો ધરાવતા નવનિર્મિત સંકુલનું આ નામાભિધાન સ્વામીશ્રીએ જ કરેલું.

તેની દ્વારશાખનું વિધિવત્ પૂજન કરી સંકુલમાં પ્રવેશનારા તેઓએ અહીં મોટા હૉલમાં વિશિષ્ટ દાતાઓની ઉપસ્થિતિમાં ચાલતી મહાપૂજાનો

ઉત્તરાર્ધ પૂર્ણ કરી ભંડારમાં પગલાં પાડ્યાં. અત્રે સ્વામીશ્રીએ ચૂલાને જાતે જ પેટાવ્યો અને શીરાની સામગ્રીમાં કેસરમિશ્રિત દૂધ નાંખી શીરો હલાવ્યો.

ત્યારબાદ તેઓ સંતોની ભોજનશાળામાં પધાર્યા ત્યારે ત્યાં ઠાકોરજી થાળ જમી રહેલા. તે જોઈ *'જમો થાળ જીવન જાઉં વારી...'* કહેતાં રાજભોગ ધરાવવા બિરાજી ગયેલા સ્વામીશ્રીએ ટહુાર મુદ્રામાં ચાર થાળ ગાયા.

આ થાળગાન બાદ અહીં જ જમવા બિરાજેલા તેઓએ પોતાની સામે સંતોની પંગત પડાવી અને *'જમાડે સાધુને સુખકારી...'* મુજબ દરેક સંતનાં પત્તરમાં લાડુ પીરસવા લાગ્યા. સંતો પણ આ દેવદુર્લભ પ્રસાદી લેવા હોંશે હોંશે આવવા માંડ્યા.

આ સંતમાળમાં જોડાયેલા નીલકંઠપ્રિયદાસ સ્વામીને આ સમયે ફાલ્સીફેરમ(ઝેરી મેલેરિયા)ની બીમારી વળગેલી. તે કારણે મોઢું કડવાશભર્યું જ રહેતું હોવાથી કોઈ વાનગી ખાવાની રુચિ જ ન થતી. છતાં પ્રસાદ પૂરતો એક લાડુ લેવાની નેમ રાખી તેઓ સ્વામીશ્રી સમક્ષ આવ્યા.

જો કે અત્યારે તો આટલો પ્રસાદ ખુટવાડવો પણ આ સંત માટે અઘરો હતો; પરંતુ આ પરિસ્થિતિથી બેખબર કો'કે કહ્યું: 'બાપા! આ તો ખમતીધર છે.' તેથી સ્વામીશ્રી વધુ લાડુ આપવા તત્પર બન્યા ત્યારે પેલા સંતે પોતાની માંદગીનું નિવેદન કર્યું. તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'બીમારી બધી ચાલી જશે. કાંઈ વાંધો નહીં આવે.' આમ કહેતાં ૧૧ લાડુથી તેઓનું પત્તર ભરી દીધું!

પરંતુ બન્યું સ્વામીશ્રીએ કહ્યું એમ જ! તેઓની આ પ્રસાદીથી એ સંતની જીભ પર જાણે અમી ફૂટી નીકળ્યું. ૧૧ લાડુ શાંતિથી ગળે ઊતરી ગયા અને બીજા જ દિવસથી અણઉતાર તાવે પણ વિદાય લીધી. અત્યાર સુધી આ સંત દર બે-ત્રણ વર્ષે આવી ગંભીર માંદગીમાં પટકાતા, પણ સ્વામીશ્રીનો પ્રસાદ જમ્યા બાદ ફાલ્સીફેરમનો રોગ જાણે તેઓના શરીરનું સરનામું જ ભૂલી ગયો હોય તેમ ફરી કદી ન વળગ્યો.

*'જે જે જન પ્રસાદી એ પામ્યા, તે તો સર્વે સંતાપને વામ્યા...'*નો આવો અનુભવ સ્વામીશ્રીના સાંનિધ્યમાં કરનારા સેંકડો મળી આવે.

અમેય ક્યાં રજા લઈએ છીએ?

ધર્મસદનના ઉદ્‌ઘાટન પ્રસંગે ભોજનના સુખથી સંતોને ધરવી

સ્વામીશ્રીએ ત્યાં જ બેઠાં થકા ગઢડા પ્રથમના ૧૬મા વચનામૃત પર અદ્ભુત કથામૃત પણ પીરસ્યું. ભજન-ભોજનના આ મેવા પામી સંતોને તો 'બેય હાથમાં લાડુ' જેવું થઈ રહ્યું !

આ અનુભવ દિન-પ્રતિદિન બેવડાતો રહે તેવો લાભ આપી રહેલા સ્વામીશ્રી સમક્ષ તા. ૧૬/૭ની રાત્રે સંસ્થા દ્વારા સંચાલિત મૅડિકલ સેન્ટરનો અહેવાલ રજૂ થવા લાગ્યો. તેમાં સમર્પિત ડૉ. વજુભાઈ પટેલની વાત કરતાં એક સંતે કહ્યું: 'તેઓ ખૂબ ઉત્સાહથી સેવા કરે છે. હજી સુધી એક રજા એમણે લીધી નથી.'

'અમેય ક્યાં કોઈ દિવસ રજા લઈએ છીએ ?' સ્વામીશ્રી બોલ્યા.

તેઓની રજારહિત કાર્યશૈલી સાચે જ અનુપમ હતી.

એવી જ સ્વામીશ્રીની ગુરુભક્તિ. તેનો એક ચમકારો તા. ૧૭/૭ની રાત્રિને અજવાળી ગયો.

આ સમયે શહેરના નામાંકિત આયકર સલાહકાર શ્રી કે. સી. પટેલ તેઓના પરિવાર સાથે દર્શને આવેલા. તેઓએ 'આ ઉંમરે આપને ફરવાનું તો એટલું ને એટલું જ ચાલે છે' એમ અહોભાવ વ્યક્ત કરી સ્વામીશ્રીને કહ્યું: ''આજે જ અમારા આ બાળકો ચર્ચા કરતા હતા કે યોગીજી મહારાજ મોટા કે પ્રમુખસ્વામી ?''

આ સાંભળતાં સ્વામીશ્રી બાળકોને સંબોધતાં બોલ્યા: 'યોગીજી મહારાજ જ મોટા હોં કે ! એમના જ આશીર્વાદ છે.'

તેઓએ પોતાની ગુરુભક્તિનો નેજો કદી નમવા ન દીધેલો.

જોયું ઘણું, પણ જીવમાં પેઠું નથી

તાજેતરમાં સંપન્ન થયેલી સ્વામીશ્રીની અખાતી દેશોની યાત્રાથી ભારતની વિચારશીલ વ્યક્તિઓ મંત્રમુગ્ધ હતી. તેમાંના એક કલેક્ટર શ્રી ગઢવીએ તા. ૧૮/૭ની સવારે પોતાની અનુભૂતિને વાચા આપતાં સ્વામીશ્રીને જ કહ્યું: 'આ વખતે આરબ દેશોમાં વિચરણ કરીને આપે અદ્ભુત કાર્ય કર્યું. સામાન્ય રીતે એ લોકો આપણા ધર્મ પ્રત્યે આકર્ષાતા નથી. બીજા માટે જે કાર્ય કરવું મુશ્કેલ છે એ આપે કરી આપ્યું.'

'ભગવાનનું કામ છે ને ભગવાન કરે છે. એમની ઇચ્છા હોય એટલું કામ કરવું છે. લોકોની સેવા કરવી છે.' સ્વામીશ્રી બોલ્યા.

આ રીતે લોકસેવાને સંપૂર્ણ સમર્પિત તેઓ તા. ૧૯/૭ની સવારે અમદાવાદથી વિદાય લઈ હરિયાળાને પાવન કરતાં બોચાસણ પહોંચ્યા.

અહીં તા. ૨૦/૭ના રોજ ગુરુપૂનમ નિમિત્તે એકત્રિત થયેલા હજારો હરિભક્તોને સંતોષ આપવામાં સ્વામીશ્રીએ અપાર પરિશ્રમ વેઠ્યો. છતાં રાત્રે પોણા દસ વાગ્યે તેઓ એક હરિભક્તે ફાઇલ ભરીને મોકલેલો પત્ર વાંચવા બિરાજ્યા. પુસ્તક જેવા એ પત્રની એક પછી એક વિગતોનું નિરાકરણ કરવામાં આરામ માટે મુકરર કરેલો રાત્રિના સાડા દસ વાગ્યાનો સમય પણ વીતી ગયો. 'લોકોની સેવા કરવી છે' – આ સ્વામીશ્રીની જીવનભાવના નહોતી, પણ જીવનશૈલી હતી.

તે સાથે વિચરતા તેઓનો લાભ લેવા આ અરસામાં હૉલેન્ડવાસી વિદ્યાર્થી માર્ટિન આવેલો. જ્યારથી કંઠી ધારણ કરી ત્યારથી ડુંગળી-લસણ સુધ્ધાંને તિલાંજલિ આપનારો આ મુમુક્ષુ અમદાવાદમાં સ્વામીશ્રીને મળ્યો ત્યારે તેના અંતરમાં ફડકો હતો કે 'સ્વામીશ્રી મને ઓળખશે તો ખરા ને?'

પરંતુ તેને જોતાંવેંત 'તું લંડનમાં મળ્યો'તો ને!' કહી સ્વામીશ્રીએ આવકાર આપતાં પીગળી ગયેલા આ કિશોરે રજાઓમાં નોકરી કરીને બચાવેલા છ હજાર રૂપિયા ઠાકોરજીને ધરી દીધેલા.

તેણે અહીં બોચાસણમાં તા. ૨૧/૭ની સવારે ગુજરાતી ભાષામાં સ્વામીશ્રીને પૂછ્યું: 'તમે ભગવાનનું સ્વરૂપ છો?'

'અમે તો સેવક છીએ, ભગવાનના દાસ છીએ.' સ્વામીશ્રીએ જણાવ્યું.

પોતાની આ ઓળખને આખું આયખું ટકાવી રાખનારા તેઓ આજે રાત્રે વાળુથી પરવાર્યા ત્યારે ભોજનના પાટલા નીચે પાથરેલી જાજમને સાફ કરવા નાનું હૂવર મશીન લઈ એક સંત આવ્યા. તે યંત્ર વડે સ્વચ્છ થતી જાજમને સ્વામીશ્રી બાળક-શા કુતૂહલથી જોઈ જ રહ્યા. પછી મંદ મંદ હસતાં બોલ્યા: 'પહેલાં છાણ-વાસીદાંની ફરસ એટલે ચોકો-પાટલો કરતા. પછી પોતું કરતા અને હવે આ આયું. સુધારો થયો.'

આ સાંભળી એક સંતે કહ્યું: 'આપને તો જૂની આંખે આવું ઘણું જોવા મળ્યું હશે!'

'હા, ઘણા ફેરફાર જોયા. જબરજસ્ત!'

'હજી ઘણું જોશો.'

'જોયું ઘણું, પણ જીવમાં પેઠું નથી એટલું સારું છે.'

સ્વામીશ્રીનો આ ઉદ્‌ગાર તેઓની નિર્લેપ અને નિર્વિકારી સ્થિતિ છતી કરી ગયો.

૧૦૦% આશીર્વાદની વાત

આ અરસામાં વિદેશ-ધર્મયાત્રા ખેડી રહેલા મહંત સ્વામીનો વિચરણ-પત્ર તા. ૨૫/૭ની સવારે અલ્પાહાર વખતે સ્વામીશ્રી સમક્ષ વંચાતો હતો. તેમાં 'ધરતીકંપ કઈ રીતે થાય છે?'ની જાણકારી આપતા એક શૉની વાત આવી. તે સાંભળી હસતાં-હસતાં સ્વામીશ્રી બોલ્યા : 'એ બધું શૉમાં જ સારું લાગે. જો સાચું થાય તો ખબર પડે.'

'અમારે તો સાચું થયેલું!' આમ કહેતાં સાધુજીવનદાસ સ્વામીએ સ્વાનુભવ સંભળાવ્યો કે 'અમે એલ.એ.માં સવારે અષ્ટક બોલતા હતા અને બરાબર *'શોભો સાધુગુણે સદા સરળ...'* શ્લોક શરૂ થયો ત્યાં જ ધરતીકંપનો આંચકો આવ્યો.'

આ સાંભળી ખડખડાટ હસી પડેલા સ્વામીશ્રીએ હાથનું લટકું કરતાં કહ્યું : 'હવે એ શ્લોક બોલતા નહીં, નહીં તો પાછો ધરતીકંપ થશે.'

તેઓની આ ટાપશીથી ચારેકોર રમૂજનું મોજું પ્રસરી ગયું.

પોતાની અવહેલના અને અન્યની સરાહના કરવાની એક તક સ્વામીશ્રી ન ચૂકતા. એ જ રીતે સૌની સંભાળ પણ તેઓ અચૂક લેતા.

તેથી તા. ૨૭/૭ની સવારે તેઓએ ટોરોન્ટોમાં વિચરતા મહંત સ્વામીના સેવકને ફોનમાં જણાવ્યું કે 'વિચરણનો રિપોર્ટ વાંચ્યો. વિચરણ ઘણું ચાલે છે. એમાં ટાઈમ સચવાતો નથી, તો મહંત સ્વામીને ટાઈમે સૂવાનું ને ટાઈમે જમવાનું થાય એવો કાર્યક્રમ ગોઠવવો. વિચરણમાં મોડું થાય છે તો પધરામણીઓ ન થાય ને કથા-વાર્તાનો લાભ મળે એ રીતે કરજો. અમે મહંત સ્વામીને પણ કહીશું. પછી તમે પણ બરાબર ધ્યાન રાખજો.'

મહંત સ્વામીની આ દરકાર લેતાં આજની સાંજે વિદ્યાનગર જઈ રહેલા સ્વામીશ્રીના રસ્તે ગાના આવ્યું. અહીં મંદિરના દરવાજે જ ગાડી ઊભી રખાવી બેઠાં-બેઠાં દર્શન કરી રહેલા સ્વામીશ્રીને ગામના એક કાર્યકરે કહ્યું : 'બાપા! આજે યોજાયેલી સત્સંગ શિક્ષણ પરીક્ષામાં અમારા કેન્દ્રની ૧૦૦% હાજરી રહી.'

'વાહ! તમે બધાએ બહુ દાખડો કર્યો. તમનેય ૧૦૦% આશીર્વાદ છે.'

સ્વામીશ્રી વરસી પડ્યા. તે દ્વારા પૂર્ણ પુરુષાર્થી પર પૂર્ણ કૃપાનો મર્મ સમજાવતાં તેઓ વિદ્યાનગર આવી પહોંચ્યા.

તેમાં દંભ કપટ નહીં કાંઈ રે

વિદ્યાનગરમાં રોજ સાંજે છાત્રાલયના સભાગૃહમાં યોજાતા પારાયણમાં સ્વામીશ્રીનું આસન પ્રતિષ્ઠિત મૂર્તિઓની આગળ ગોઠવાતું. અલબત્ત, ઠાકોરજીની પીઠિકા કરતાં નીચી વેદિકા પર. છતાં આ વ્યવસ્થા ઠીક ન લાગતાં તા. ૨૯/૭ની સવારે સ્વામીશ્રીએ પોતાની બેઠક મંચના ખૂણે સહેજ ત્રાંસી રાખવા સૂચન કર્યું, જેથી પોતાની પીઠ ઠાકોરજી તરફ ન રહે. પરંતુ તે રીતે ગોઠવણ કરવા જતાં સ્વામીશ્રીનાં દર્શન-સુખમાં વિક્ષેપ આવતો જોઈ એક વ્યવસ્થાપક સંતે કહ્યું: 'અમે કાયમ આ જ રીતે બેસીએ છીએ.'

'તમે ભલે બેસો. તમારે ચાલે. તમે સર્વોપરી કે'વાવ. અમે તો સેવક કહેવાઈએ એટલે અમારે ન ચાલે.' સ્વામીશ્રી બોલ્યા.

આ સેવકભાવ સાથે તેઓએ તા. ૨૯/૭ની સાયંસભામાં આશીર્વાદ વરસાવવા શરૂ કર્યા. તેમાં એક તબક્કે તેઓ બોલ્યા: 'શરીર છે એટલે ખાવું પડે, પણ ખાવા માટે જ શરીર છે એમ ન સમજવું. ઘણા તો ઊઠે ત્યારથી બેડ ટ્રી (bed tree) મંગાવે...'

તેઓએ જ્યાં આમ ઉચ્ચાર્યું ત્યાં સામે બેઠેલા ભગવત્ચરણદાસ સ્વામીએ સુધારો સૂચવ્યો કે: 'બેડ ટી (bed tea).'

આ સુધારાને અપનાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'અમે ભણેલા ઓછું એટલે એવું બધું બોલતાં ન ફાવે, કારણ કે અમે ઢોરાં ચારતાં આયેલા ને! અમારે તો બેડ ટ્રી ને ફેડ ટ્રી પણ થઈ જાય. અમારે જેમનું બોલાય એમનું, પણ તમારે સરખું સમજી લેવું...'

સ્વામીશ્રીના આ ખુલાસામાંથી નીતરતી તેઓની સરળતા અને નિખાલસતા જોઈ વિદ્યાનગરના પ્રબુદ્ધ પ્રાધ્યાપકો તો દંગ જ રહી ગયા.

આ રીતે રોજેરોજ વરસતી સ્વામીશ્રીની અમૃતધારાની સમાંતર આ સમયે મેઘવર્ષા પણ એવી જ મંડાયેલી. છેલ્લા છ દિવસથી શરૂ થયેલી આ હેલી તા. ૧/૮ના રોજ તો ચરમ સીમાએ પહોંચી. તે જોઈ સ્વામીશ્રીને પણ સવારે પોણા બાર વાગ્યે ઠાકોરજીને સ્નાન કરાવવાની ઇચ્છા થઈ આવી. તેને સાકાર કરવા તેઓ ગાતરિયું કાઢી, કછોટો વાળી, સ્લિપર પહેરી ઉતારાની

બહાર આવી ગયા.

અહીં તેઓના ઓરડાની પાછળ આવેલી લૉનમાં બાંધેલા ઢાળવાળા મંડપનાં નેવાં નીચે મોટી ધારે વરસાદી પાણી પડી રહેલું. ત્યાં પહોંચી સ્વામીશ્રીએ જમણા હાથમાં ઠાકોરજી પધરાવી ડાબા હાથે તેઓને પકડી રાખી ઘણી વાર સુધી સ્નાન કરાવ્યું. તે સાથે તેઓએ શુભ સંકલ્પોની ધૂનનો પણ વરસાદ વરસાવી દીધો.

તે પછી મંડપની ધારે દદડી રહેલા પ્રત્યેક નેવા નીચે ઠાકોરજીને સ્નાન કરાવતાં કરાવતાં સ્વામીશ્રી છેક છેલ્લા નેવે પહોંચ્યા. અહીં તો પોતે પણ શિરે જલધારા ઝીલવા લાગ્યા. ત્યાંથી પુનઃ પ્રત્યેક નેવા નીચેથી પસાર થતાં-થતાં તેઓ ઓરડાના બારણે પહોંચ્યા. અહીં તેઓનાં વેણ વરસ્યાં કે 'ગઈકાલે સાંજે વરસાદ પડતો'તો ત્યારે મને ના'વાનું મન થઈ ગયું હતું, પણ સભા હતી એટલે માંડી વાળ્યું. આજે સંકલ્પ પૂરો થયો.'

આટલું કહી સ્વામીશ્રી ઉતારામાં પ્રવેશી ગયા ત્યારે ઉપસ્થિત સૌ આજની વરસાદી સ્મૃતિનાં જળથી તરબતર થઈ રહ્યા.

દરશન દુર્લભ રે હો પામી

છેલ્લા એક સપ્તાહથી સતત વરસતા વરસાદે ગુજરાતના ઘણા પ્રદેશમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જી દીધેલી. તેની વચ્ચે જ તા. ૪/૮ની સવારે રાજકોટ જવા વિદાય થયેલા સ્વામીશ્રીના આ પ્રવાસમાં રસ્તાની બંને બાજુ અતિવૃષ્ટિની એંધાણીઓ મળી રહેલી. તે જોઈ ગાડીચાલક યુવાને કહ્યું : 'આખા વિશ્વમાં આ વખતે આવો જ વરસાદ છે.'

'તું વળી વિશ્વની વાત ક્યાં કરે છે? સારંગપુરમાં ક્યાં છે? ત્યાં પડે તો વિશ્વમાં કહેવાય!' સ્વામીશ્રી બોલ્યા.

જ્યાં પોતાના ગુરુ શાસ્ત્રીજી મહારાજ સદાયને માટે બિરાજ્યા છે એ સારંગપુરનો મહિમા સ્વામીશ્રીને મન અનન્ય હતો. જાણે એ જ તેઓનું વિશ્વ હતું.

આ ભાવ ઘૂંટાવતાં સ્વામીશ્રી રાજકોટના હરિમંદિરે રખાયેલા ઉતારે પહોંચ્યા ત્યારે બપોરના ૧:૨૫ વાગ્યાનો સમય થયેલો. તે વખતે ઠાકોરજીને સોફા પર બિરાજેલા જોતાં જ તેઓ ચંપલ કાઢી નજીક પધાર્યા અને બે હાથ જોડી પ્રાર્થના કરવા લાગ્યા : 'જય મહારાજ! આજે બહુ મોડું થઈ ગયું. માફ કરજો. રોજ તો સાડા અગિયાર વાગ્યે જમી લેતા પણ આજે વધારે મોડું થયું.

માફ કરજો. આપના પ્રતાપે સુખરૂપે પહોંચી ગયા.' હોઠ પર આ શબ્દોની સાથે સ્વામીશ્રીની આંખોમાં પણ ભીનાશ ઊભરી આવી.

આ ભક્તિભાવ સાથે ભોજન કરવા બિરાજેલા તેઓએ સામે બેઠેલા હરિભક્ત શ્રી સુરેન્દ્રસિંહને પૂછ્યું: 'દરબાર ! ભાગોળે કેમ દેખાયા નહીં ?'

'અમે બધા ગાડીઓ લઈને હાજર જ હતા, પણ અમને થયું કે 'ગરમી છે તો જરા ઠંડું પીણું પી આવીએ.' તે માટે અમે દુકાને પહોંચ્યા એટલામાં તો આપની ગાડી ધમધમાટ નીકળી ગઈ !'

બાપુના આ ખુલાસા પર મર્માળું હસતાં સ્વામીશ્રી બોલ્યા: 'થોડી ગરમી સહન કરવી પડે, તો જ આ પમાય એવું છે.'

તેઓનો આ ઉદ્‌ગાર સાંભળી સૌનાં હૃદયની ધડકન *'દરશન દુર્લભ રે હો પામી...'*નો સૂર વહાવી રહી.

સમર્પણનાં સીમાચિહ્‌ન

સ્વામીશ્રીના રાજકોટના રોકાણ દરમ્યાન શહેરના સોની બજારમાં આવેલી એમ. એન. જ્વેલર્સ દુકાનનાં પગથિયાં ચઢીને એક વિધવા મહિલા ઊભી રહી ત્યારે દુકાનદાર શ્રી ભરતભાઈ સોની તો તેઓને એક માંગણ જેવાં જ સમજી બેઠા. પરંતુ તેણે પોતાના હાથમાં રહેલી પોટલી મહાજનના મેજ પર મૂકતાં કહ્યું: 'ભઈલા ! આમાં મારી બચાવેલી મૂડી છે. તું ગણી દે ને !'

આ સાંભળી ભરતભાઈએ પોટલી ઊંધી વાળી ત્યાં તો પાંચ-દસ પૈસાના પરચૂરણની નાની ઢગલી થઈ. તેના એક-એક સિક્કાની ગણતરી કરવામાં પૂરી વીસ મિનિટ વીતી ત્યારે સરવાળો થયો – ફક્ત ત્રણસો રૂપિયા ! આ રકમ કે જેમાં એ બાઈનું ભવિષ્ય સમાયેલું તે તેઓએ દુકાનદારને ધરતાં જણાવ્યું: 'આટલા રૂપિયાનું સોનું મને આપો. મારે પ્રમુખસ્વામીને દેવું છે.'

એક ગરીબ વિધવા સ્ત્રીના આ શબ્દો સાંભળી સોની ચિત્રવત્‌ થઈ ગયા.

તા. ૧૦/૮ની સવારે રાજકોટના નિર્માણાધીન મંદિરને ટેકો ધરવા યોજાયેલા સુવર્ણ સમર્પણ સમારોહમાં ઊમટેલા હજારો સત્સંગીઓની ગાથા આવી જ ભાવનાઓથી ગૂંથાયેલી હતી. એ ભક્તોએ અર્પણ કરેલાં સુવર્ણનાં વજનમાં ફેરફાર જરૂર હતો, પણ તેઓની ભક્તિનું વજન એકસમાન હતું. સુગંધનાં ગણિત પુષ્પનાં કદની કેદમાં ક્યાં પુરાય છે ! પારિજાતનું નાનકડું ફૂલ હોય કે ગુલાબનું ઠસ્સાદાર ફૂલ – બંનેની સુગંધ માનવીના મનને તરબતર

કરી મૂકે છે. એ જ રીતે આજે નાના-મોટા તમામ ભક્તોનાં સમર્પણની સુવાસે સમગ્ર શહેરને ડોલાવી દીધું! રાજકોટવાસીઓએ તો આ ઘટનાને એક ચમત્કાર ગણાવતાં ચોપાનિયાં પણ છાપ્યાં.

સ્વામીશ્રી દ્વારા જ્યાં-જ્યાં મંદિરો થતાં ત્યાં-ત્યાં સેવા-સમર્પણનો આવો જ જુવાળ ઊઠતો. ભક્તોને પોતાને તો તેઓ જેટલું દાન કરે એટલું ઓછું જ લાગતું. તેથી ઘર દીઠ એક નહીં, પણ સૌ સભ્યો સમર્પણની સરિતામાં ઝંપલાવતા. નાની વયના પોતાનાં વીંટી-દોરા, વડીલો મરણમૂડીઓ, તો મહિલાઓ સૌભાગ્યચિહ્નો સુધ્ધાં ઠાકોરજીનાં ચરણે ધરી દેતાં. તેઓના આ ભક્તિપ્રવાહમાં તણાતા શ્રીજીમહારાજ સ્વયં ગાઈ ઊઠતા હશે: *‘એક-એકથી અધિક અંગે, રંગ છે સત્સંગનો; એવા જનને જોઈને, આનંદ ઉમંગે અંગનો.’*

આજે સ્વામીશ્રી પણ સૌ ભક્તો પર આવી જ પ્રસન્નતા વરસાવતાં બોલ્યા: ‘અત્યારે આ અપાઈ ગયું એટલે આત્મારૂપે વર્ત્યા કહેવાય. આ લોકનો વ્યવહાર ગૌણ થઈ ગયો. આ જે સેવા કરી છે એનું અનંતગણું ફળ ભગવાન આપે એ જ પ્રાર્થના.’

આપણે તો દરેકનું ભલું કરવું છે

આ અરસામાં જમણા ઘૂંટણમાં રહેતા દુખાવાને લક્ષમાં રાખીને તબીબોએ પલાંઠી વાળીને ન બેસવાની સલાહ આપતાં સ્વામીશ્રીએ તા. ૧૨/૮ની સવારે સોફા પર બિરાજી સામે પાટ પર પૂજા પથરાવી ભક્તિ અદા કરી. એ જ રીતે અલ્પાહારમાં પણ તેઓએ સામે ટિપાઈ પર થાળ રાખી પ્રસાદ આરોગ્યો.

ત્યારબાદ હરિમંદિરના હૉલમાં રાખેલી સ્વયંસેવક સભામાં પધારેલા સ્વામીશ્રીએ, ઘર-ઘડિયાળને ભૂલી સેવામાં સંલગ્ન આ સમર્પિત સમુદાય પર આશીર્વર્ષા કરતાં કહ્યું:

‘હમણાં અમે પ્રસંગ સાંભળ્યા. પસ્તી લેવા જાય ત્યારે ઘણા એમ કહેતા કે ‘ભિખારા આવ્યા છે, એને આપો.’ આપે એ સહન કર્યું. આપણી તો સેવા થઈ ગઈ. આપણે તો દરેકનું ભલું કરવું છે. આપણે એવી સેવા કરીએ કે સામાને પસ્તાવો થાય. પૂર્વે કેટલાંય વ્રત, તપ કર્યાં હશે ત્યારે આ સેવા મળી છે! ‘ઠીક છે, ફસાઈ ગયા’ એવું નથી આ! સેવામાં કોઈનો અભાવ-અવગુણ લેવો નહીં. આંટી ન રાખવી. સરળ થઈએ એ મોટાપુરુષને ગમે છે. અહીં

મશીનરી દ્વારા ગોળાકાર થાંભલા પહેલ-વહેલી વખત તૈયાર થઈને મંદિર બન્યું છે. આ તો પાછું કારીગરોનું ધામ એટલે બધા જ કારીગર ભેગા થયા છે. અમારે પાછું દિલ્હીમાં મંદિર કરવું છે તો અહીંના મંડળે ત્યાં આવવાનું છે. તમારું કામ અમને ગમ્યું છે એટલે સ્વાદ આવી ગયો છે. આ અક્ષરધામનું ભાથું છે.'

અમે બંધનમાં છીએ જ નહીં

રોજેરોજ ઊમટતા સેંકડો મુલાકાતીઓને મળવામાં સરળતા રહે તે માટે છેલ્લા કેટલાક સમયથી સ્વામીશ્રી સમક્ષ એક અર્ધગોળાકાર રોસ્ટ્રમ મુકાતું. જે આસન પર સ્વામીશ્રી ભોજન લેવા બિરાજ્યા હોય તે બેઠક જ હાઈડ્રોલિક સિસ્ટમ દ્વારા ઊંચકાઈને યોગ્ય ઊંચાઈએ આવી જતી. તે પછી તેની આગળ આ રોસ્ટ્રમ ગોઠવાતું. તેથી મુલાકાતી દીઠ ઊઠ-બેસનો સમય બચી જતો. સ્વામીશ્રીને પણ પલાંઠી વાળવાની ન થતાં તેઓના સ્વાસ્થ્યની સાનુકૂળતા સચવાતી.

આ રીતે તા. ૧૩/૮ની રાત્રે હરિભક્તોને મળી સ્વામીશ્રી પરવાર્યા ત્યારે સામે અમદાવાદથી આવેલા કેટલાક સંતો તથા યુવકો ઊભેલા. તેઓને આવકાર આપતાં સ્વામીશ્રી બોલ્યા : 'આવો અમદાવાદી !'

આ સાંભળી તેઓ સામે મુકાયેલા રોસ્ટ્રમના સંદર્ભે એક સંતે મર્મમાં કહ્યું : 'આપ બંધનમાંથી છૂટો પછી મળાય ને !'

'અમે બંધનમાં છીએ જ નહીં. બંધન તો આખી દુનિયાને છે. હા, આપણે બંધન ભગવાન અને સંતનું અને ભક્તોનું, બાકી કોઈ બંધન નહીં.' સ્વામીશ્રીએ જણાવ્યું.

કલ્યાણની શાળાના કુશળ કેળવણીકાર

તા. ૧૫/૮ના રોજ ભારતના સ્વાતંત્ર્યને પચાસ વર્ષ પૂર્ણ થતાં હોવાથી આજની પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રીએ રાષ્ટ્રધ્વજ ફરકાવીને સ્વાતંત્ર્યના સુવર્ણ મહોત્સવને વધાવ્યો. આ અવસરે આશીર્વાદ દ્વારા પણ સૌમાં દેશ-સેવાની પ્રેરણા સિંચી તેઓ તા. ૧૬/૮ની સાંજે મોવૈયાને લાભ આપતાં જામનગર પધાર્યા.

અત્રે તા. ૧૮/૮ની સવારે રક્ષાબંધનના ઉત્સવનો લાભ આપી એ જ

દિવસે ભાદરા પહોંચેલા સ્વામીશ્રીએ અહીં તા. ૧૯/૮ની પ્રાતઃસભામાં બાહ્ય અને આંતરશુદ્ધિનું અભિયાન જ છેડી દીધું હોય તેમ વાત ઉપાડી કે –

'ગામ આદર્શ થવું જોઈએ. અહીં તો સાંભળ્યું છે કે લોકો પાછા ના'તા પણ નથી. પાણી તો મળશે. જો ન મળે તો મંદિર તરફથી બે નળ મૂકી આપીશું. ચાતુર્માસ ચાલે છે માટે આજથી જ શરૂ કરો. બોલો, તમારે ઇચ્છા છે? બે બેડાં ભરી જજો, પણ ના'તા થાવ. ના'વામાં ક્યાં પૈસા બેસે છે? ગામમાં વ્યસન હોવું જ ના જોઈએ – એવો ઠરાવ કરો. આ તો નાનું ગામ છે. ધારો તો બધું થઈ શકે!'

આમ કહી સભામાં બેઠેલા વૃદ્ધોને સ્વામીશ્રીએ સીધો પ્રશ્ન પૂછ્યો: 'આમાંથી જે ડોસલાં ડોસલાં છે એને વ્યસન મૂકવાનો વિચાર આવે છે? જેને વિચાર આવતો હોય એ આંગળી ઊંચી કરો.'

આ હાકલને પ્રતિસાદ આપતાં બે-ત્રણ આંગળીઓ ઊંચી થઈ, પરંતુ તેથી સંતોષ ન પામતાં સ્વામીશ્રીએ પુનઃ વ્યસનમુક્તિનું વાજું વગાડવું શરૂ કર્યું. તેથી પ્રેરણા પામી એક પછી એક સૌ ઊભા થવા માંડ્યા. ઊભા થયેલાને સ્વામીશ્રી 'તમે ક્યાંના?' એમ ગામ પૂછતા જતા. તેમાં કો'ક બાદરપુર, તો કો'ક ધ્રોળ કે કો'ક મજોઠનો નીકળ્યો, પણ તળ ભાદરાનો ભડવીર કોઈ ઊભો ન થયો. તેથી સ્વામીશ્રીએ વળી સદાચારનો શંખ ફૂંક્યો કે 'આ પાડોશના લાભ લઈ ગયા તો ગામના બે તો ઊભા થાવ!'

સ્વામીશ્રીના આ શંખનાદે ગામના એક મુમુક્ષુમાં હિંમત પ્રેરી. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'આ આજથી હવે ડા'યા થયા...'

તે પછી અન્ય એક ભાવિક પર તીર તાકતાં તેઓએ કહ્યું: 'તમે અહીં આવો. છોકરો (સાધુ થવા) આપ્યો તો આ તમાકુ મૂકતાં શું વાર? વ્યસનનું કેમ છે?'

'બીજું કાંઈ નથી. ગુટકું છે.'

'એ તો તમાકુનોય બાપ છે! બોલો, આજથી જશે?'

'હા.'

'ને ચાતુર્માસમાં ના'વાનું?'

'એય કબૂલ!'

આમ, એક નિશાન પાડી સ્વામીશ્રીએ વધુ એક ગામવાસીને દૃષ્ટિમાં લેતાં પૂછ્યું: 'કાંઈ વ્યસન છે?'

'ના.'

'ના'વાનું કેમ છે ?'

'એ વાત જાવા દ્યો. ના'વાનું શરીર નો ખમે. સુવાસ (શ્વાસ) ચઢી જાય.'

ગ્રામીણ જનની આ ભોળપ સ્વામીશ્રી સહિત સૌને હસાવી ગઈ.

આમ, ચાલુ સભામાં જ સ્વામીશ્રી ગામવાસીઓના જીવનની જડતી લેતા ગયા. તેઓએ અચાનક પાડેલા આ દરોડામાં લગભગ ૪૫ મનુષ્યો વ્યસન-મુક્તિની વાટે વળ્યા.

ના'વા-ધોવાના એકડા ઘૂંટાવવાથી માંડી બ્રહ્મરૂપ થવાના અંતિમ આંકડા સુધી કંઈકને પહોંચાડનારા સ્વામીશ્રી, કલ્યાણની શાળાના કુશળ કેળવણીકાર હતા. તે માટે જરૂરી શ્રદ્ધા-શ્રમના પણ તેઓ ભંડાર હતા.

સાધુ સ્વભાવ અંતરે અતિ

ગ્રામીણ જનજીવનને સુસંસ્કૃત કરતા સ્વામીશ્રીએ તા. ૨૦/૮ના રોજ ભાદરાથી વિદાય લઈ શાપરની ઔદ્યોગિક વસાહતમાં કેટલીક પધરામણીઓ કરી. તે પછી ગોંડલ પહોંચેલા તેઓ અખાતી પ્રદેશોના વિચરણ પછી અહીં પહેલી વાર પધારતા હોવાથી યુવકોએ આરબ પરિવેશમાં સજ્જ થઈ તેઓને આવકાર્યા. તેઓના આ ગમતીલા ઉમળકાને પણ સ્વામીશ્રીએ આત્મીયતાભર્યો પ્રતિભાવ આપ્યો અને 'આ આરબો દાખડો કરીને ઠેઠ અહીં આવ્યા તો લાવો હાર પહેરાવીએ' કહેતાં યુવાનોના કંઠમાં હાર આરોપ્યા. સ્વામીશ્રી સમક્ષ થતી કોઈ પણ પ્રસ્તુતિ પ્રેમનો પ્રસાદ તો અવશ્ય પામતી જ !

આ પ્રસાદના સ્વાદથી સૌનાં જીવન મધુર બનાવતા સ્વામીશ્રી સમક્ષ તા. ૨૨/૮ની સવારે એક સંતે શ્રાવણ માસમાં કરેલા વિચરણનો અહેવાલ આપતાં કહ્યું : ''અમે જે વિસ્તારમાં ફર્યા ત્યાં કેટલાક આપનું ઘસાતું બોલતા. એટલે એક ગામમાં તો મેં કહી જ દીધું કે 'સત્પુરુષનો દ્રોહ કરશો તો ગામ ઉજ્જડ થઈ જશે.''

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા : ''આપણે 'ઉજ્જડ થશે' એવું ન કહેવું. આપણો આ સાધુદાવો નથી. સાધુનો તો ધરમ છે કે 'બધાનું સારું થાય.''

કોઈનુંય ભૂંડું થાય એવું સ્વામીશ્રી કલ્પી પણ ન શકતા.

આ સાધુ સ્વભાવ સાથે તેઓ તા. ૨૪/૮ની બપોરે ગોંડલથી વિદાય લઈ અટલાદરા આવી પહોંચ્યા.

અત્રે તા. ૨૫/૮ના રોજ આવેલી જન્માષ્ટમીએ વડોદરાના સૂરસાગર તળાવમાં શિવચરણનો સ્થાપન સમારોહ યોજાયેલો. આ તળાવમાં વિરાજમાન થનારી વિરાટ શિવમૂર્તિના નિર્માણનો આ શુભારંભ સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા થાય તેવો આગ્રહ આયોજકોનો હોવાથી અહીં પધારેલા સ્વામીશ્રી પ્રથમ ચીમનાબાઈ સ્ત્રી ઉદ્યોગાલયમાં પહોંચ્યા. અત્રે શહેરના શ્રેષ્ઠીઓને મળી તળાવની પાળે બાંધેલા મંચ પર બિરાજેલા તેઓએ અહીંથી પ્રાસાદિક પુષ્પો તળાવની મધ્યમાં સ્થાપેલા શિવચરણ પર પધરાવવા મોકલી આપ્યાં. ત્યારબાદ તળાવને ચારેકોર ઉપસ્થિત હજારોની મેદનીને આરતી અને આશીર્વાદનો લાભ આપી સ્વામીશ્રી મંદિરે પહોંચ્યા ત્યારે અત્રે તેઓની નિશ્રામાં જન્માષ્ટમીનો ઉત્સવ ધામધૂમથી ઊજવાયો.

પ્રેમ અને પુરુષાર્થનો પરચો

તા. ૨૬/૮ની સાંજે વડોદરાના વિખ્યાત ચિત્રકાર શ્રી મુસા કચ્છી સ્વામીશ્રીનું પૂર્ણ કદનું ચિત્ર દોરવાની ઝંખના સાથે આવેલા. તેઓએ આ ઇચ્છા વ્યક્ત કરતાં સ્વામીશ્રીને જ કહ્યું: 'આપને ગમે એવો પોઝ (મુદ્રા) દોરી આપું !'

'એવું બધું અમને ગમતું જ નથી. અમે એવું જોતા પણ નથી.'

આ પ્રતિભાવમાંથી ઊભરી આવેલી સ્વામીશ્રીની નિઃસ્પૃહી છબી પેલા ચિત્રકારના કૅનવાસ પર નહીં, પરંતુ કાળજા પર અંકિત થઈ ગઈ.

આવા અનાસક્ત સ્વામીશ્રી અપરિચિતના પણ આત્મીય થઈને વર્તતા એ તેઓની વિશેષતા. તેને પૂરેપૂરી અનુભવી ચૂકેલા સરભાણ ગામના શ્રી રમેશભાઈ પટેલ તા. ૨૮/૮ની સવારે મંદિરમાં આવ્યા ત્યારે તેઓનું હૈયું સ્વામીશ્રી વિષે તારણહારનો ભાવ ધરાવતું હતું.

અલબત્ત, છ મહિના પૂર્વે તા. ૧/૩ની બપોરે આ મુરબ્બી સ્વામીશ્રીને ભરૂચમાં મળ્યા ત્યારે તેઓનું હૈયું વેદનાથી વલોવાતું હતું, કારણ કે અખાતી પ્રદેશ રિયાધમાં નોકરી કરતો આ આગંતુકનો દીકરો દર મહિને ફોન કે ફેક્સ દ્વારા પિતા સાથે સંપર્કસૂત્ર જાળવી રાખતો, પરંતુ છેલ્લા ત્રણેક મહિનાથી તે પુત્રના કોઈ સમાચાર આ પિતાને મળ્યા નહોતા. અહીંથી મોકલેલા સંદેશાઓનો પણ કોઈ પ્રતિભાવ ન આવતાં આ બાપના કાળજે ફાળ પડેલી. પોતાનો આ ઉચાટ તેઓએ ધડકતા હૃદયે જણાવેલો ત્યારે સ્વામીશ્રીએ

સાંત્વન આપેલું કે 'રિયાધમાં તો આપણા કોઈ સત્સંગી નથી, પણ જેદ્દાહમાં નીતિનભાઈ ગઢિયા રહે છે, એને અમે કહીશું. તેઓ તપાસ કરશે.'

આ હૈયાધારણ સાથે સ્વામીશ્રીએ દીકરાનો ફોન નંબર લઈ સંપર્કનાં ચક્રો ગતિશીલ કરેલાં.

તેમાં તપાસ કરતાં માલૂમ પડેલું કે 'એ પુત્ર તો સંગના રંગે ખરડાઈને પરધર્મના પનારે જઈ બેઠો છે. તે કારણે જ તેણે મા-બાપ સાથેના સંબંધો કાપી નાંખ્યા છે.'

આ હકીકત જાણી સ્વામીશ્રીએ એ યુવકને અહીં દેશમાં પરત બોલાવવા પ્રયાસ આદરેલો. સતત છ મહિનાના સઘન પ્રયત્ન બાદ તેમાં સફળતા મળતાં એ છોકરો મુંબઈ તો આવેલો, પણ ઍરપોર્ટ પરથી જ દિલ્હી ભણી ભાગી ગયેલો. ત્યાંથી માંડ-માંડ તેને ગુજરાતમાં લઈ આવેલા.

એ યુવાન સાથે આજે તેના પિતા સ્વામીશ્રી પાસે આવી પહોંચેલા.

સ્વામીશ્રી તો ઘટનાક્રમથી પૂરેપૂરા વાકેફ હોવાથી તેઓએ પેલા યુવકને સમજાવ્યો કે 'આપણને મા-બાપે ઉછેરીને મોટા કર્યા ને એમની લાગણી દુભાય તે કેવું લાગે ? માટે એમનો ઉપકાર ભૂલવો નહીં. જે થઈ ગયું એ સંભારવું નહીં. મનમાં રાખવું નહીં કે 'હું ખોટો થઈ ગયો.' તું આવી ગયો એ સારું થયું.'

સ્વામીશ્રીની આ ઉદારતા એ યુવાનને સ્પર્શી ગઈ. તેથી તે સ્વામીશ્રીના હસ્તે કંઠી પહેરી પુનઃ સ્વધર્મની સુગંધમાં ભળી ગયો. તે જોઈ તેના પિતા તો સ્વામીશ્રીનાં ચરણે ઢળી જ પડ્યા.

સ્વામીશ્રીના પ્રેમ અને પુરુષાર્થથી આવા તો કંઈક પિતા અવળે રસ્તે ગયેલા તેઓના પુત્રોને પુનઃ પામેલા. તેની સાથે એક-એક વ્યક્તિના કામ માટે અપાર ચીવટ રાખતા સ્વામીશ્રીનું અનુપમ દર્શન પામીને પણ આજે સૌ છક થઈ ગયા.

આત્મીયતા અને આત્મનિષ્ઠાના દસ્તાવેજ

અટલાદરાના મુકામ દરમ્યાન સ્વામીશ્રીનો દર્શનલાભ લેવા ગ્રામ્ય વિસ્તારના હરિભક્તો પણ તેઓને ફાળવાયેલા દિવસોમાં સવારના પહોરથી ઊમટી પડતા. આ વખતે સ્વામીશ્રી સવારની સભા ખાસ ગોઠવાવતા અને સ્વયં પણ તેમાં પધારી લાભ આપતા. એક જ વિચારથી કે 'ગામડાંના લોકો

ભાડાં ખર્ચીને ઠેઠ અહીં આવે અને આપણે એમને બે શબ્દો કહીએ નહીં એ કેવું કહેવાય ? એ સૌને સંતોષ મળવો જોઈએ.'

આમ, કથા-વાર્તા સંભળાવીને જીવને સુખિયા કરવાનું તાન સ્વામીશ્રીને રહેતું. વળી, સભા બાદ તેઓ દરેકને વ્યક્તિગત મળે પણ ખરા. આ લાભ પામી એ ભક્તો ભાડું તો શું, આખો ભવ વસૂલ થઈ ગયાનો અનુભવ કરી રહેતા.

પરંતુ ચાર દિવસ સુધી ચાલેલા સાંજ ઉપરાંત સવારના આ કાર્યક્રમનો ભાર સ્વામીશ્રીની વૃદ્ધ કાયા ખમી ન શકી. તેથી તા. ૩૧/૮ની બપોરે તો તાવ, ઝાડા અને ઊલટીના ત્રિપાંખિયા હુમલાથી સ્વામીશ્રી પથારીવશ થઈ ગયા. આ સમયે શરીરનું તાપમાન ૧૦૩ ડિગ્રી સુધી પહોંચતાં તેઓ ચાર ધાબળા અને બે હીટિંગ પૅડની ઓથ હોવા છતાં ધ્રૂજી રહેલા. તાપમાનનો એ વધતો પારો ધીરે-ધીરે તો છેક ૧૦૪.૮ ડિગ્રી સુધી પહોંચી ગયો ! આ માંદગીને મહાત કરવા તબીબો દ્વારા ગ્લુકોઝના બાટલા ચડાવવાનું શરૂ થયું. દવા પણ સીધી લોહીમાં ભળે તે માટે હાથ પર નળી લગાવી દાખલ કરવામાં આવી. ઝાડાને કારણે નિદ્રા તો વેરણ જ રહી.

આવી પરિસ્થિતિમાં પણ સ્વામીશ્રીએ તા. ૧/૯ની સવારે રાબેતા મુજબ પ્રાતઃપૂજા કરી. નળી લગાવી હોવાથી હાથ ગૌમુખીમાં જઈ શકે તેમ નહોતો. તેથી તેઓએ માળા બહાર કાઢીને ઉપર ગાતરિયું ઢાંકી મંત્રજાપ કર્યો. એટલું જ નહીં, તાવના આ તાંડવથી શરીર ઘણું જ શિથિલ થઈ ગયું હોવા છતાં તેઓ આગ્રહપૂર્વક મંદિરમાં દર્શને પધાર્યા. અહીં પણ ઠાકોરજીની મર્યાદા જાળવવા સ્વામીશ્રી વ્હીલચૅરમાં ન જ બેઠા.

ત્યારબાદ ઉતારે આવી અલ્પાહાર ગ્રહણ કર્યા પછી થોડો આરામ લઈ પત્રવ્યવહારમાં પરોવાઈ ગયેલા તેઓના હાથમાં લગાવેલી નળી લખવામાં અડચણરૂપ બનતી હતી. છતાં ભક્તો પ્રત્યેની કરુણા એવી કે આવા સંજોગોમાં પણ સ્વામીશ્રીએ પત્રોમાં હસ્તાક્ષર કર્યા. કેટલાક પત્રો તો આખેઆખા પોતે જ લખ્યા. એ પત્રના એક-એક અક્ષરે સ્વામીશ્રીની આત્મીયતા અને આત્મનિષ્ઠાનો દસ્તાવેજ થતો ગયો.

ટોચના માણસોએ બરાબર રહેવું જોઈએ

માંદગીમાં સ્વામીશ્રીને પૂરતો આરામ મળી રહે તે માટે મુલાકાત, સભા, મીટિંગ વગેરે કાર્યક્રમો બંધ કરવામાં આવેલા; પણ પાણી અને પવન

આપમેળે માર્ગ કરતાં આગળ વહે છે તેમ સ્વામીશ્રી પણ ભોજન વખતે પ્રેરક વાતો સંભળાવીને કથા-વાર્તાનું જ વાતાવરણ ખડું કરી દેતા.

આ ક્રમમાં તા. ૨/૯ની રાત્રે તેઓએ જણાવ્યું : 'વલ્લભભાઈ(રાજુલા)નું પહેલેથી જ અંગ એવું કે જે યોગમાં આવે એ બધાને નિષ્ઠા પાકી કરાવી દે. લોચો ન રહે. એક એ ને બીજા દુર્ગેશ દવે. આસ્ટનમાં બધા સુરતીઓ રહે. એમને નિષ્ઠામાં એવું ખાસ નહીં. ઘરમંદિરમાં બધું જ હોય ! પણ દુર્ગેશ દવેએ બધાનાં ઘર ચોખ્ખાં કરી દીધાં.'

દેશના હોય કે પરદેશના – સ્વામીશ્રીના ચોપડે સૌની નોંધ લેવાતી જતી.

તેથી તેઓની બીમારીના સમાચાર જાણી ઘણા શ્રેષ્ઠીઓ પણ ખબર-અંતર પૂછવા દોડી આવતા. તે મુજબ તા. ૩/૯ની રાત્રે આવેલા શહેરના મેયર શ્રી રતિભાઈ દેસાઈ વાર્તાલાપ દરમ્યાન બોલ્યા : 'આજે સંજોગો એવા વિપરીત થઈ ગયા છે કે એમાં કાર્ય કઈ રીતે કરવું એની સમજ જ ન પડે.'

'પરિસ્થિતિ તો છે જ, પણ આપણે પ્રજા માટે કરી છૂટવું.' સ્વામીશ્રી બોલ્યા.

મુશ્કેલીમાં પણ તેઓના ઉત્સાહનો લય કદી ન ખોરવાતો. તેથી તેઓએ વધુમાં જણાવ્યું :

'ભગવાન આપણી સાથે છે એટલે ધીરજ રાખવી. મૂળ આપણો અંદરોઅંદરનો સંપ તૂટવો ન જોઈએ. આપણે કામ કરવું છે એમાં અધિકારનું માન ન રાખવું. અંદરોઅંદર આપણે જ હોદ્દા માટે ખેંચતાણ કરતા રહીએ તો લોકો આપણો તમાશો જુએ. એટલે ટોચના જે માણસો છે એણે તો બરાબર રહેવું જોઈએ. એ આઘા-પાછા હોય તો ભચ્ચ... દઈને બે ભાગલા પડી જાય. સંસ્થાને લઈને આપણે છીએ એ ધ્યાન રાખવું. સંસ્થા જેટલી મજબૂત રહે એટલું આપણું કાર્ય આગળ વધે. મતભેદ તો થાય પણ એને અંદરોઅંદર મિટાવી દેવા. ખેંચતાણ મૂકી દેવી.'

કોઈ પણ સંસ્થા માટે ઉત્કર્ષના સ્તંભ સ્વામીશ્રીએ ખોડી આપ્યા.

ના'તા નદી નદ તળાવે...

તા. ૫/૯ની સવારે અટલાદરાથી વિદાય લઈ રાણપુર પધારેલા સ્વામીશ્રી અત્રે આર. એમ. પી. બેરિંગ્સ અને ટેક્સપીન બેરિંગ્સનાં ઔદ્યોગિક ગૃહોમાં નૂતન પ્રકલ્પોનાં ઉદ્‌ઘાટન કરી શ્રી બાબુભાઈ મકવાણાના ઘેર

પહોંચ્યા. અહીં તેઓ આ આગેવાન હરિભક્ત અને તેઓના પુત્રોને ઉદ્દેશી બોલ્યા: 'તમારી ઇચ્છા હતી અને ભગવાનની દયા થઈ ગઈ તો અહીં અવાયું. બાકી સંજોગો એવા ન હતા.'

સ્વામીશ્રીના આ વિધાનમાં કોઈને તલભાર અતિશયોક્તિ ન લાગી. હાડમારી વેઠીનેય ભક્તોને રાજી કરવાની આ રીત જાળવી રાખી તેઓ આજની સાંજે બોટાદને લાભ આપતાં તા. ૬/૯ની બપોરે ગઢડા આવી ગયા.

અત્રે સ્વામીશ્રી તા. ૮/૯ના રોજ પૂર્વસ્મૃતિઓ વાગોળતાં બોલ્યા: 'પહેલાં તો અમે જ્યાં જઈએ ત્યાં ખુલ્લામાં બેસતા. અહીં ગઢડામાં તો રેતીમાં જ પડી રહેતા, પણ ત્યારે કોઈ પાસેય આવતું નહીં! એકલા-એકલા બેસી રહેતા. ને અત્યારે બેસવું હોય તો કોઈ બેસવા દે એમ નથી. લોકો આવીને વળગી પડે. તે દા'ડે રેતીના ઢગલા પર સૂતા ત્યારે બહુ મજા પડતી.'

આ રીતે અગવડભર્યા અતીતનો પણ આનંદ માણતાં તા. ૧૧/૯ની સાંજે સારંગપુર પધારેલા સ્વામીશ્રીએ અત્રે આવતાંવેંત તા. ૧૩/૯ના રોજ જળઝીલણીના ઉત્સવની સુખસરિતામાં સૌને ઝબકોળ્યા.

આ સમૈયા માટે ઉતાવળી નદીના ભરપૂર પટમાં જ ખડા કરાયેલા મંચ સુધી તેઓ કાષ્ઠના ચલાખા પર સરકતાં સરકતાં પહોંચ્યા. અત્રે વિધિપૂર્વક મહાપૂજા અને ગણેશ વિસર્જન સંપન્ન કર્યાં બાદ સ્વામીશ્રી યંત્રસંચાલિત નૌકામાં બિરાજી ઠાકોરજીને જળવિહાર કરાવવા નીકળ્યા. આ વિહારના પ્રત્યેક આવર્તનમાં તેઓ કાંઠે બેસીને દર્શન કરતા સંતો-ભક્તોની સમીપે હોડી લેવડાવતા. છેલ્લા આવર્તનમાં તો છેક ખાંભડાના બંધ સુધી પહોંચેલા તેઓએ બંધના પાણી પાળી વળોટીને વહે તે માટે ધૂન આદરી. તેને સફળ કરવા અહીંના બારેક ફૂટ ઊંડા જળરાશિમાં ઠાકોરજીને સ્નાન કરાવવાની આજ્ઞા સંતોને આપી. આ વિધિ વખતે પણ ધૂનનો તાલ તૂટવા ન દેનારા સ્વામીશ્રીનું આ દર્શન નદીના નીરની જેમ જ સૌનાં હૈયે ખળકવા લાગ્યું.

પરંતુ એ હૈયાં ઊછળી ઊઠે એ ઘડી તો ત્યારે આવી જ્યારે ઠાકોરજીના સર્વાંગ સ્પર્શથી પવિત્ર થયેલા જળમાં ઝંપલાવવા સ્વયં સ્વામીશ્રી તૈયાર થયા. તે માટે તેઓ નૌકામાંથી મંચ પર પધાર્યા. અહીં તેઓએ ગાતરિયું કાઢી કછોટો માર્યો, જનોઈ ગળે વીંટાળી અને અડધા બેઠા હોય એમ નીચા વળીને જળમાં પ્રવેશી ગયા. તેઓના આ સરિત્પ્રવેશને સૌએ તાળીઓથી વધાવી લીધો.

તેની વચ્ચે નીરમાં ઘડીક ચત્તા, તો ઘડીક સામાન્યપણે તરી રહેલા

સ્વામીશ્રી તરતાં-તરતાં છેક કિનારાની સમીપે પહોંચ્યા. આ રીતે પાંચ-સાત મિનિટ સુધી સૌને સ્મૃતિ-સુખ આપી તેઓ મંચ તરફ પરત વળ્યા ત્યારે *'ના'તા નદી નદ તળાવે, દગે દીઠા છે...'*ની અનુભૂતિ પામેલા સંતો-ભક્તોની ઉત્સવ-નૌકા પૂર્ણતાના કિનારે પહોંચી અને સ્વામીશ્રી પણ પોણા ત્રણ વાગ્યે નિજનિવાસમાં પધાર્યા.

અહીં તેઓ બોલ્યા: 'હવે બહુ તરાય નહીં. પહેલાં તો નારાયણ સરોવરમાં આ પારથી પેલે પાર ને ત્યાંથી આ પાર જતા રહેતા. તે દા'ડે ભાદરણનું આખું તળાવ તરીને પાછો આવી જતો. જવાની (યુવાની) એટલે થાક ન લાગે. હવે એવું ન થાય.'

સ્વામીશ્રીએ ઉડાડેલાં આ સ્મૃતિસલિલથી સૌ ભીંજાઈ રહ્યા.

નથી રહી જેને કોઈ તાણ

જળઝીલણી એકાદશી બાદ તા. ૧૪/૯ની સવારે સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા પ્રગટી ગયેલા દિવ્ય સંનિધિ પર્વના દીપનો ઉજાશ પામવા ૨૦૦ સંતો અને ૩૫૦ બાઈ-ભાઈ અગ્રેસર કાર્યકરો પરવાના થઈને ઊડી આવ્યાં. તે સૌને આજના પ્રથમ સત્રમાં જ કર્મઠતાનાં કિરણોથી ચમકાવતાં સ્વામીશ્રીએ કહ્યું:

'આપણું આ કાર્ય છે તે દરરોજનું દરરોજ કરી નાંખવું. આપણને એવું રહે કે 'કાલે કરીશ, સવારે કરીશ.' પણ એક મિનિટ પછી કરો તો પણ આળસ કહેવાય! આધ્યાત્મિક બાબત છે તેની ઉપેક્ષા ન થવી જોઈએ.'

સ્વામીશ્રીની આ વાણી વિરમી ત્યાં જ મુખ્યમંત્રીના હેલિકોપ્ટરે ઉતરાણ કર્યું. તેઓને મુલાકાત આપવા સ્વામીશ્રી ઉતારે પધાર્યા ત્યારે મુખ્યપ્રધાન શ્રી શંકરસિંહ વાઘેલાએ પોતાની ભાવના વ્યક્ત કરી કે 'આપના જન્મદિવસે અથવા તો કોઈ સારા દિવસે સરકાર તરફથી આપનું મોટા પાયા પર આંતરરાષ્ટ્રીય કક્ષાનું સન્માન થાય એવી મારી ઇચ્છા છે.'

પરંતુ આ ભાવપ્રવાહને એક જ શબ્દબંધથી ખાળતાં સ્વામીશ્રી બોલ્યા: 'જોઈશું.'

...અને ધસમસ દોડવા ઉત્સુક એ સન્માન-સરિતા ત્યાં જ રૂંધાઈ ગઈ.

'જેના હરિપરાયણ પ્રાણ, નથી રહી જેને કોઈ તાણ...' સમા સ્વામીશ્રીએ ઠેલેલાં રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સન્માનોનો કોઈ તોટો નથી. તેઓના રસનો વિષય રહેલો – સેવા, નહીં કે સન્માન.

આમ કરીએ તો રાજીપો છે, છે ને છે જ !

સ્વામીશ્રીની નિશ્રામાં જામેલું દિવ્ય સંનિધિ પર્વનું વાતાવરણ *'મહાનિધિમાં ચીડિયા ચંચે, ઉલેચતાં આપે થાકે...'*ની યાદ અપાવે એવું હતું. સંતો-ભક્તો લૂંટતાં થાકે એમ સ્વામીશ્રી જ્ઞાનઘન વરસાવી રહેલા. ભોજન દરમ્યાન સંતો-કાર્યકરોની વિશેષતાઓનું કથન થતું હોય કે સભાના કાર્યક્રમો હોય – રમૂજના રસની સાથે સ્વામીશ્રી ગંભીર અને ગહન જ્ઞાન સહેલાઈથી સૌનાં ગળાં હેઠે ઉતારી દેતા.

આ ક્રમમાં તેઓએ તા. ૧૫/૯ની સવારના સત્રમાં કાર્યકરોનાં ગૂંચવાયેલાં કોકડાં ઉકેલતાં સદુપદેશ વહાવ્યો કે –

'આપણે એક વખત, બે વખત, પાંચ વખત, દસ વખત, પંદર વખત ફોલો-અપ કરવું, પણ કંટાળવું નહીં, ક્રોધ કરવો નહીં, અભાવ લાવવો નહીં. જીવ પર તો દયા જ રાખવાની હોય. આપણે એટલી સેવા થાય છે, સ્વામીનો રાજીપો થાય છે. કાર્યકરો આજ નહીં તો ફરી વાર કરશે. આપણે મહિમાની દૃષ્ટિ રાખવી. બીજા નથી આવતા ને એ આવે તો છે ! એ આ જન્મે નહીં સમજે તો બીજે જન્મે સમજશે. એ જવાના નથી. આપણે એમનો અવગુણ ન લેવો, વખાણ કરવાં. ભલે ને કશું ન કરતા હોય, માથાકૂટ જ હોય, પણ એમાંથી ઘણા સારા થયા છે. આપણે મોટું મન રાખી કાર્ય કરાવવું.

યોગીજી મહારાજનું જીવનચરિત્ર કાયમ માટે વાંચવું એટલે એમ થતાં આવડે. આપણે કોઈ કાર્યકર-હરિભક્તનું કહ્યું માનીએ, એને દંડવત્ કરીએ, એને રમાડીએ-જમાડીએ, તોય ઊંધો ચાલે તો શું કરવું ? તો પણ આપણે એમાં દિવ્યભાવ રાખી કામ લેવું.

પરિપત્ર આવે છે તે સારા માટે છે. કાગળ-પત્ર મરી ગયેલા ડોહલાના ન આવે. જેને આપણું કલ્યાણ કરવું હોય, આપણને સુખી કરવા હોય એનો પત્ર આવે. માટે એની ફાઈલ રાખવી પડે. મોટાપુરુષની રુચિમાં ભળીએ તે એમનો રાજીપો. એમાં જેટલી મહેનત ન કરે એટલી કાર્યકરની ખામી. જે વખતે જે સેવા તેમાં મંડી જ પડવાનું ! એમાં વધુ થયું તે પણ ઉત્તમ, ઓછું થયું તે પણ ઉત્તમ. પણ ખંડન ન કરવું. એનો નિષેધ ન કરવો. પરિપત્ર લાંબો આવે તો માનવું કે 'વધુ સુખિયા થયા.' મહિમા સમજવો. મોળી વાત ન કરવી, હલકી વાત ન કરવી, અમહિમાની વાત ન કરવી. આમ કરીએ તો

રાજીપો છે, છે ને છે જ !'

આ જ રીતે આજના સાયંસત્રમાં પણ અનરાધાર વરસી સ્વામીશ્રીએ 'પાંદડે પાંદડે સ્વામિનારાયણ..'નું નામ ગુંજાવવા કાર્યકરોને પ્રેરણા સિંચી. આ પ્રેરણાપીયૂષનું પાન સતત થતું રહે તે માટે સ્વામીશ્રીના હસ્તે લખેલા 'સ્વામિનારાયણ' મંત્રથી અંકિત લીંબડાનું પાંદડું પણ સૌને આપવામાં આવ્યું.

આમ, સુખ, સ્મૃતિ અને સંદેશની ત્રિવેણીમાં ત્રણ દિવસ સુધી સૌને સ્નાન કરાવનારા સ્વામીશ્રીનો આભાર તા. ૧૬/૯ના અંતિમ સત્રમાં કાર્યકરોએ માન્યો ત્યારે સ્વામીશ્રી સામેથી માઈક મંગાવી બોલ્યા: 'આપનો પણ આભાર ઓછો નથી, કારણ કે ખેતી, નોકરી વગેરે મૂકવું અઘરું છે. તમે આને અગત્ય આપી તે માટે ધન્યવાદ !'

આભારનાં આ આદાન-પ્રદાન સાથે પર્વની પૂર્ણાહુતિ થઈ ત્યારે સૌ અગ્રેસરોની સમજણ વધુ સ્પષ્ટ, વિચારો વધુ ઉન્નત અને મનોબળ વધુ સુદૃઢ થઈ ગયેલાં. સ્વામીશ્રીના દિવ્ય સાંનિધ્યની આ ફલશ્રુતિ રહેતી.

હીરો તો અમારો હતો

કાર્યકરોની શિબિરમાંથી વિદાય થયેલા સ્વામીશ્રી મંદિરના સંકુલમાં ઊભેલા શાસ્ત્રીજી મહારાજના દીક્ષિત બે સંતોના ઓટે દર્શન કરી ગૌશાળામાં પધાર્યા. અત્રે ઢોર-ઢાંખરની ભાંભરણ, માખીઓનો બણબણાટ, અહીં-તહીં વીખરાયેલાં રાડાં-ત્રખલાં, છાણ-મૂતરની ગંધ વગેરેને લીધે ગૌશાળાનું પૂર્ણ 'સુખ' અનુભવાતું હતું ! તેની વચ્ચે ગોમયથી અંકિત ધરતી પર પગલાં પાડતાં સ્વામીશ્રી ઘોડારની એક ખોલી તરફ ગતિ કરી રહ્યા. ત્યાં એક ખાટલામાં હીરો ભરવાડ સૂતેલો.

તે તળ સારંગપુરનો જ નિવાસી, પણ શાસ્ત્રીજી મહારાજના સમયથી મંદિરને ઘર માની સેવા કરતો. મગજથી અબુધ, પૈસે-ટકે ગરીબ અને વાણી-વ્યવહારમાં પૂરા ગામઠી આ હીરા સાથે, સ્વામીશ્રીને અડધી સદીથી ઓળખાણ નહીં, ઘરોબો. તેઓ દેશ-પરદેશમાં ગમે ત્યાં હોય પણ આ 'હીરા'ની વાત નીકળે તો તેના ચળકાટને ઓળખાવવાનું સ્વામીશ્રી ન ચૂકે. સમયે-સમયે પડતા રહેલા સ્વામીશ્રીના આવા પ્રેમના પહેલથી ગામડિયો હીરો ઇન્ટરનેશનલ થઈ ગયેલો. ગરુડની પાંખમાં પેઠેલું મચ્છર પણ આકાશની ગતિ કરે ને !

આ હીરાની જીવનજ્યોત ઝાંખી થયાના સમાચાર થોડા સમય પહેલાં

મળ્યા ત્યારથી તેને મળવાની ઇચ્છા સ્વામીશ્રીને થઈ આવેલી. તે અનુસાર આજે તેઓ એના ખાટલે જઈ પહોંચ્યા.

સ્વામીશ્રીને જોતાં જ એ વૃદ્ધ ગોપાલક બેઠો થઈ ગયો. ત્રણ દિવસથી તેણે ખાવાનું છોડી દીધેલું, પણ આજે એના પ્રિય 'નારણ સ્વામી'માં *'ભક્ત-વત્સલ પ્રભુ આવ્યો ટાણે...'*નો અનુભવ કરતો તે ધરાઈ ગયો.

એના માથે હાથ ફેરવતાં સ્વામીશ્રી બોલ્યા : 'હીરા ! જય સ્વામિનારાયણ.'

આ મધુર સ્વર સાંભળતાં હીરાની વૃદ્ધ કાયાનો કણકણ નાચી ઊઠ્યો. તેનો આ ભાવ ઝીલી સ્વામીશ્રીએ કહ્યું : 'તેં શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની બહુ સેવા કરી છે. એટલે હવે ધામમાં જ જવું છે.' આમ કહી તેના મોંમાં સ્વામીશ્રીએ પ્રાસાદિક જળની ચારેક અંજલિ પધરાવી. બાકીનું જળ 'સ્વામિનારાયણ' મંત્રના રટણ સાથે હીરાના આખા શરીર પર છાંટી સ્વામીશ્રીએ વિદાય લીધી ત્યારે ચારેકોર ગૌશાળાની ગંધને દાબતી તેઓના સ્નેહની સૌરભ પ્રસરી ચૂકેલી.

સ્વામીશ્રીની આ મમતાનો મઘમઘાટ તા. ૨૮/૯ની રાત્રે તો વિશેષ અનુભવાયો. આ સમયે હીરા ભરવાડના અક્ષરવાસની ખબર મળતાં સ્વામીશ્રીએ તા. ૨૯/૯ની સભામાં આ નિમિત્તે ધૂન કરાવી. મંદિરના અગ્રણી સંતો પાસે શ્રદ્ધાંજલિ પણ અપાવી. તેની સાથે હીરાભાઈની અંતિમવિધિમાં અને તેઓના અસ્થિ-વિસર્જન નિમિત્તે સંતોને મોકલી આપ્યા. અક્ષરવાસી ભક્તના દીકરાઓને પણ સંસ્થાના ખર્ચે આ વિધિમાં સામેલ કર્યા. એટલું જ નહીં, હીરાના તેરમાના દિવસે સ્વામીશ્રીએ ૧૪ મણના લાડુ બનાવડાવી સમસ્ત ભરવાડ જ્ઞાતિને જમાડી ત્યારે એ જ્ઞાતિજનો બોલી ઊઠ્યા : 'સ્વામી ! હીરાની ખરી સેવા તો આપે કરી છે. અમારી નાતમાં જયજયકાર થઈ ગયો કે પ્રમુખસ્વામીએ હીરાની પાછળ કાટિયા સુધીનું બધું કર્યું !'

આ સમયે સ્વામીશ્રીએ જણાવ્યું : 'હીરો તો અમારો હતો.'

આ સાંભળી સૌ ભરવાડોને પણ થયું : 'પ્રમુખસ્વામી અમારા છે.'

પીધું દૂધ ભરી કટોરો

સારંગપુરમાં તા. ૧૬/૯ની રાત્રે ચંદ્રગ્રહણના સમૈયા બાદ તા. ૧૯/૯ના રોજ શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિપર્વનો ઉત્સવ પણ ધામધૂમથી ઊજવાયો.

આ પ્રસંગે સભા પૂર્ણ કરી સ્વામીશ્રી જમવા બિરાજ્યા ત્યારે તેઓના

થાળમાં દૂધપાક ભરેલી વાટકી મૂકેલી. તેને વડીલ સંતોની વિનંતીથી સ્વામીશ્રીએ મોઢે માંડતાં *'પીતાં દૂધ પડતો દોરો, પીધું દૂધ ભરી કટોરો...'*ની દિવ્ય સ્મૃતિનું સૌ રસપાન કરી રહ્યા.

તેને અનુસરતાં તા. ૨૫/૯ના રોજ શ્રીજીમહારાજનું સ્મૃતિપર્વ આવ્યું. આ દિવસે મંદિરના ત્રણેય ખંડમાં ભિન્ન-ભિન્ન સુશોભન કરવામાં આવેલું. તેના ભાગરૂપે હરિકૃષ્ણ મહારાજના ખંડમાં સિંહાસનનાં પગથિયાં પર વાનગીઓ ભરી થાળીઓ મૂકેલી અને શ્રીજીમહારાજ માથે ઉપરણી ઓઢી, કાન ઉઘાડા રાખી જમી રહ્યા હોય તેવી શોભા હતી. સ્વામીશ્રી પધારતાં જ સંતોએ *'મારે ઘેર આવજો છોગલાંધારી...'*નું થાળગાન શરૂ કર્યું.

પરંતુ તે વિરમતાં જ સ્વામીશ્રીએ પૂજારીને સૂચના આપી કે 'મહારાજ જમવા બિરાજ્યા છે, પણ થાળ ઠેઠ નીચે મૂક્યો છે. જમવું હોય તો કેટલો દાખડો પડે?' આમ કહી નીચે નમીને કોળિયો લેવામાં કેટલી મુસીબત પડે તેનું નિદર્શન કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'ટેબલ ઊંચું કર્યું હોત તો મહારાજ ગ્રાસ સારી રીતે લઈ શકત.'

આટલી ભક્તિરીતિ શિખવાડી તેઓ દર્શનના ક્રમમાં ધર્મકુળના ખંડ આગળ પહોંચ્યા ત્યારે અહીં *'ઝબલું ને ટોપી શિર શોભે, કંઠે મોતી માળ...'*ના બાળસ્વરૂપે ઘનશ્યામ મહારાજ શોભી રહેલા. તેઓની પરીક્ષા લેવાઈ રહી હોય તેવું દૃશ્ય ખડું કરાયેલું. તેથી મહારાજ આગળ કટાર, સિક્કો અને પુસ્તક હતાં, તો બાજુમાં ટોપી ધારણ કરેલા ધર્મદેવ.

તે જોઈને સ્વામીશ્રીએ કહ્યું: 'પરીક્ષા કરે ત્યારે ધર્મદેવને માથે ટોપી નહીં, પણ પંડિતની પાઘ પહેરાવવી જોઈએ. એ વધારે સારી લાગે.'

ભક્તિની સાથે સ્વામીશ્રીની કલાસૂઝ પણ ઊંડાણ ભરેલી રહેતી.

આ સૂત્ર આખી દુનિયાના માણસ માટે છે

આ અરસામાં સંપ્રદાયનું તત્ત્વજ્ઞાન વિશેષ સ્પષ્ટ થાય તે હેતુથી સંસ્થાના વિદ્વાન સંતો-ભક્તો દ્વારા યોજાયેલી ચર્ચામાં સામેલ થઈ સ્વામીશ્રીએ જટિલ પ્રશ્નોનું સરળતાથી નિરાકરણ કરી આપ્યું.

ચાર દિવસ સુધી ચાલેલા આ સત્ર બાદ તેઓએ તા. ૨૮/૯ના રોજ એટલાન્ટામાં એકત્રિત થયેલા અમેરિકાના ચુનંદા કાર્યકરોને ફોન દ્વારા માર્ગદર્શન આપતાં કહ્યું:

"અમેરિકામાં મોટાં પાંચ મંદિર કરવાનો સંકલ્પ છે એ વહેલી તકે થઈ જાય. આ કાર્ય શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનું છે. એમાં ભળીશું એટલી બુદ્ધિ-શક્તિ એ આપશે. બીજામાં પ્રેરણા કરશે અને સહાય પણ કરશે. યોગીજી મહારાજનું સૂત્ર છે કે 'અભાવ-અવગુણ ન લેવો. એ રસ્તો જ બંધ. સંપ રાખવો.' આ સૂત્ર આખી દુનિયાના માણસ માટે છે. ધંધામાં, સમાજમાં કે ગમે તે ક્ષેત્રમાં ને તમે ગમે એ હો, અવગુણ કોઈના ન જોવા. કંઈ પણ થાય તો પાણીમાં લીટો રાખવો. સંપ હશે તો કામ, ક્રોધ નમી પડશે. કંઈ થાય તો નમી પડવું. મંડળ-મંડળ પ્રત્યે કે બીજી સંસ્થા પ્રત્યે પણ નિંદા ન કરવી. દેશનેતા હોય કે સંતો – કોઈનાં ખંડન-મંડનમાં પડવું નહીં. 'સારું એ મારું જ છે' એવું રાખવું."

સ્વામીશ્રીએ રેલાવેલી આવી પરાવાણીના પ્રકાશથી તા. ૨૯/૯ના રોજ મરાઠી સાપ્તાહિક લોકપ્રભાના તંત્રી શ્રી મહેશ મ્હાત્રે પણ અંજાઈ ગયા. આ દિવસે દીપોત્સવી અંક માટે સ્વામીશ્રી સાથે પ્રશ્નોત્તરી કરવા આવેલા આ ખબરપત્રીએ પૂછ્યું કે 'સ્વામીજી ! આપ ભગવાનને ક્યાં જુઓ છો ?'

ત્યારે ઠાકોરજીનાં ઠેકાણાં ચીંધતાં સ્વામીશ્રીએ કહ્યું : 'ગુરુમાં ભગવાન કાર્ય કરે છે. મૂર્તિમાં પણ ભગવાન સાક્ષાત્ બિરાજમાન છે. એ ખાલી આઈડલ (આઈડોલ - પ્રતિમા) નથી, પણ સાક્ષાત્ પરમાત્મા છે! અને 'ભગવાન દરેકમાં રહેલા છે' એ દૃષ્ટિ રાખી છે; જેથી એનું અહિત કરવાનું મન ન થાય અને એનું સારું કરવાની ભાવના રહે.'

સ્વામીશ્રીના આ ઉત્તરમાં શાસ્ત્રીય તત્ત્વજ્ઞાનનું વ્યવહારુ રૂપ ઝળકી રહ્યું.

સરભરાને સમય ન હોય

તા. ૩૦/૯ની સવારે વલભીપુરના રાજવી શ્રી દાદા બાપુ સ્વામીશ્રીને મળવા આવી રહેલા, પણ તેઓનું આગમન સહેજ વિલંબમાં પડતાં સંતો સાથે વાતે વળગેલા સ્વામીશ્રી પોતાનો અનુભવ પીરસતાં બોલ્યા :

'સરભરાવાળાને માણસની પરખ ખાસ આવડવી જોઈએ. કયા ટાઈમે કઈ રીતે કોને ટ્રીટ કરવો (સંભાળવો) એનો ખ્યાલ આવવો જોઈએ. સરભરાને સમય ન હોય. બધાને એક અસ્ત્રે ન મૂંડાય. દૂરથી આવ્યા હોય, જાત્રાળુ હોય એ બધાને તરત ઉતારો આપવો જોઈએ. વૃદ્ધ ને એકલા હોય તો એનું વિશેષ ધ્યાન રાખવું જોઈએ. વિવેક ખાસ રાખવો પડે.'

સ્વામીશ્રીના મુખેથી આ સેવાલક્ષી સરવાણી વહી રહેલી ત્યાં જ અતિથિ આવી જતાં સ્વામીશ્રીએ તેઓને આવકાર્યા. આ સત્કાર ઝીલી સોફો હોવા છતાં સ્વામીચરણે જ બેસી ગયેલા દાદા બાપુ સ્વામીશ્રીને કહેવા લાગ્યા: ''આપને મેં એક પણ વાળ ધોળો નહોતો ત્યારે પણ જોયા છે. જોગીબાપાને કંઈક કહીએ તો તેઓ તરત જ કહે, 'પ્રમુખસ્વામીને વાત કરી દો. એ વાતને નહીં ભૂલે.' આપે જગતમાં જે કામ કર્યું તે અનન્ય છે.''

સ્વામીશ્રીની આવી અનન્યતા તા. ૪/૧૦ની સવારે આત્મીયતાનું રૂપ લઈ અવતરી. આજે તેઓ પ્રાતઃપૂજાથી પરવાર્યા ત્યારે ઝાંબિયાથી આવેલો પાંચેક વર્ષનો કુણાલ ભટ્ટ પાસે જઈ પહોંચ્યો. હાથમાં કૅમેરા સાથે ઊભેલા તેણે અનુમતિ માંગતાં પૂછ્યું: 'બાપા ! ફોટો પાડું ?'

'એક પાડી લે.' એક આંગળી ઊંચી કરતાં સ્વામીશ્રીએ કહ્યું.

પરંતુ એ બાળકનું ઘોડું દશેરાએ જ ન દોડ્યું. તે ચાંપ દબાવી તસવીર ખેંચવા મથતો રહ્યો, પણ ફોટો પડે જ નહીં. સ્વામીશ્રી તેની આ મથામણ બેઠાં-બેઠાં જોઈ રહ્યા. છેવટે ન ફાવ્યું એટલે બાળક રવાના થઈ ગયો. તે પછી જ મંદિરમાં દર્શન કરવા નીકળેલા સ્વામીશ્રી હનુમાનજી-ગણપતિજીની દેરીએ પધાર્યા ત્યારે પેલો બાળક વડીલ પાસેથી તાલીમ લઈ ફોટો પાડવા સજ્જ થઈ ઊભેલો. તેને જોતાંવેંત સ્વામીશ્રી ક્ષણભર અટકી ગયા. તે વખતે બાળકે તેઓની છબી ઝડપી લીધી.

ભલે પવન વેગથી વહેતો હોય, પરંતુ તે એક-એક ફૂલને પસવારતો જાય. સ્વામીશ્રી પણ તેમ જ વિચરતા. અતિ વ્યસ્ત દૈનિક કાર્યક્રમમાં પણ તેઓ એક-એક માટે થોભતા.

તેથી જ આજની બપોરે જ્યારે તેઓએ જાણ્યું કે 'ઉતારાની રખેવાળી કરતા નાવડાના શ્રી રામસંગભાઈ અને શ્રી લક્ષ્મણભાઈને પોતાની સાથે ફોટો પડાવવાની ઇચ્છા છે' ત્યારે આરામમાં જઈ રહેલા સ્વામીશ્રીએ તે બંનેને બોલાવવા જણાવ્યું. પરંતુ તપાસ કરતાં માલૂમ પડ્યું કે 'તેઓ હાલ સ્થળ પર હાજર નથી.' છતાં સ્વામીશ્રી શોધખોળને વધુ સઘન કરવાનું કહી રાહ જોતાં ઊભા રહ્યા.

તે દરમ્યાન પેલા બે વડીલોની ભાળ મળતાં તેઓને સંતો સ્વામીશ્રીના ઉતારે લઈ આવ્યા ત્યારે એ બંને ભક્તોને પોતાની અડખે-પડખે ઊભા રાખી સ્વામીશ્રીએ ફોટો લેવડાવ્યો અને યોગમુનિદાસ સ્વામીને ભલામણ પણ કરી

કે 'આ બંનેને તમે ફોટાની કૉપી પહોંચાડજો અને પૈસા ન લેશો. ફોટોગ્રાફરને કહેજો કે સેવામાં કરી દે.'

આમ, બાળકથી બુઝુર્ગ અને રાજવીથી રૈયતને સમાનભાવે રાજી કરતા સ્વામીશ્રી.

બીજાનું સારું જોવું એમાં દાખડો ખરો ?

તા. ૬/૧૦ની સવારે યજ્ઞપુરુષ વાડીમાં પધારી સ્વામીશ્રીએ સૌને *'આંબા આંબલી છાંયડે, દગે દીઠા છે...'*ની સ્મૃતિ આપી દીધી. અહીં તેઓએ આંબલીના વૃક્ષની શાખાએ ઝૂલતા ફૂલવેલોથી આચ્છાદિત હિંડોળા પર બિરાજી અલ્પાહાર ગ્રહણ કર્યો. ત્યારબાદ કાઠિયાવાડી શણગારથી સુશોભિત આ આસન પરથી જ તેઓએ સંતો દ્વારા રજૂ થયેલી વર્તન, કથા અને સરભરા સંબંધી ચર્ચા નિહાળી. અંતે સૌને શીરાની પ્રસાદી જમાડી તૃપ્ત પણ કર્યા. પરંતુ સંતોને રાજી કરવામાં સ્વામીશ્રી ધરાયા નહોતા. તેથી તેઓ સામેથી બોલ્યા : 'બધા સંતો સાથે ફોટો પડાવીએ.'

આમ, આ અણધાર્યો વિશિષ્ટ લાભ આપી મંદિરે પરત ફરેલા સ્વામીશ્રી સમક્ષ સાંજે એક વર્ગના ૯ પાર્ષદો દર્શન માટે ગોઠવાયા. તેઓનો પરિચયવિધિ પૂરો થયો ત્યાં જ એક સંત બોલ્યા : 'આ નવ ગ્રહો બેઠા છે.'

'નવ ગ્રહો તો મારી પાડે. આ બધા તો નવનિધિ કહેવાય!' સ્વામીશ્રીએ કહ્યું.

કોઈનું ગૌરવ હણાય એવું એક વેણ તેઓના મુખેથી કદી ન નીકળતું. તેઓએ જીવનભર આચરેલું વાણીનું આ તપ જેટલું વિશિષ્ટ છે, એટલું જ કઠિન પણ છે.

આ તપથી પવિત્ર થયેલી અમૃતવાણી વરસાવતાં સ્વામીશ્રીએ તા. ૭/૧૦ની સભામાં જણાવ્યું :

'અહીં આપણે મોટાપુરુષને રાજી કરવા એકત્ર થયા છીએ તો આપણે એકબીજાના ગુણ ગ્રહણ કરવા. સારું ગ્રહણ કરવું, ભલે ને કચરો એની પાસે રહ્યો. એ ભલે કચરો લઈને ફર્યા કરતો, તમે ન ફરો. આવો વિચાર બધાને આવી જાય તો શાંતિ થાય કે ન થાય? આપણે તો જેટલું બને એટલું શાંતિથી ભજન થાય અને બીજાને પણ સારું ભજનનું સુખ આવે એવા સ્વભાવ, એવા વિચાર કરવા. ગુણ કહેવામાંથી જીવ બ્રહ્મરૂપ થઈ જાય. એમાંથી નિયમ-ધર્મ

આવે, આજ્ઞા-ઉપાસના આવી જાય, બળ બધું એમાંથી આવી જાય.

ભક્ત થયા, સંત થયા, સેવક થયા અને આ રાફડો ખોદવાનો ધંધો કરીએ અને અભાવ-અવગુણની વાતો ચાલુ ને ચાલુ રહે તો મોટાપુરુષના શબ્દોનો વિચાર શું? આપણે પહેલું સહન કરવું જ જોઈએ. આપણામાં દોષ ન હોય અને દોષ કહે, ભૂલ ન હોય અને ભૂલ કહે તોય ખમવું. મોટાપુરુષના અહીં સુધી આશય છે ને આપણે કોદાળા લઈને ખોદવાની વાત કરીએ. ક્યાંથી મેળ બેસે? મોટાપુરુષે બધું સાનુકૂળ કરી આપ્યું છે, તો એ આપણી સામે દોડીને આવે, આપણને ભેટીને સેવામાં બેસાડી દે એવું આપણું જીવન, સ્વભાવ, પ્રકૃતિ હોવાં જોઈએ. યોગીજી મહારાજ જેવી વિશાળતા આપણામાં જોઈએ જ! બીજાનું સારું જોવું એમાં દાખડો ખરો?

આપણે ઘણું સાંભળ્યું છે, પણ ઘાંચીના બળદિયા જેવું! આપણે સ્વભાવનું દોરડું બાંધી રાખ્યું છે તો આપણી નાવ ક્યાંથી આગળ જાય? આપણને એવું લાગતું હોય તો મોટાપુરુષને કહેવું. એને જે કરવું હશે તે કરશે. આપણે ઉતાવળ શું કરવા કરવી? આપણે એમના જેટલી તો ધીરજ રાખો! જેનાથી નિકાલ થઈ શકે ત્યાં રજૂ કરી દેવાનું. બીજે રજૂઆત કરીએ તો જેમ વિષ્ટાને વધારે ફેંદે તો વધારે ગંધાશે. તેને તો લોચો વાળીને નાંખી જ દેવાની. ગંદવાડ ફેંદવાની કોઈ જરૂર નથી. આપણે રખડતા જીવ નથી, ધણિયાતા છીએ. શ્રીજીમહારાજ, જોગી મહારાજ આપણા ધણી છે. એને રાજી કરવા આપણે આવ્યા છીએ. આપણે આપણું જ કરવા આવ્યા છીએ. માટે આ રીતે હંમેશાં વર્તવું અને કથા-વાર્તા-કીર્તનનો લાભ લેવો.''

નથી કોઈ વાતનું વળી દુઃખ રે

તા. ૧૦/૧૦ની સવારે નેટવર્ક સામયિકના તંત્રી શ્રી ભટ્ટ તથા સહતંત્રીએ લીધેલા એક સુદીર્ઘ ઇન્ટરવ્યૂમાં સ્વામીશ્રીને પુછાયું કે 'જીવનમાં અમુક ક્ષણો એવી હોય છે જે સુખદ ક્ષણ તરીકે યાદ રહી જાય, વર્ષો સુધી મમળાવ્યા કરીએ. આપની એવી ક્ષણ હોય તે કહો.'

આ જિજ્ઞાસા સંતોષતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''અમારા ગુરુજી ઔષધ તરીકે રોજ ઉકાળા સાથે એક ચમચી દીવેલ લેતા. તેની સાથે 'વા'ની બીમારીમાં રાહત રહે તે માટે તેઓના ઘૂંટણે પણ તેલ ચોપડવામાં આવતું. એક વાર આ તેલ અને દીવેલની શીશી આજુબાજુમાં પડેલી. તેની પર કોઈ

નામ લખેલું નહીં અને રોજ ઉકાળો આપતા સેવક હાજર નહીં! તે વખતે ગુરુજીએ મને ઉકાળા સાથે દીવેલ લાવવા કહ્યું, ત્યારે મને ખ્યાલ ન રહ્યો અને મારાથી અજાણતાંમાં પેલી 'વા'ની દવા અપાઈ ગઈ! એનાથી માણસ ખલાસ થાય એવું હતું. બધા હરિભક્ત ખૂબ નારાજ થઈ ગયા કે 'કેમ તેં આમ કર્યું? ધ્યાન ન રાખ્યું!' એ વખતે મને દુઃખ થયું, પણ ગુરુજીએ આવીને મને બહુ આશીર્વાદ, આશ્વાસન આપ્યાં કે 'ચિંતા ન કરીશ. શાંતિ થશે. મને કંઈ વાંધો નહીં આવે.' જ્યારે કંઈક એવા પ્રસંગ બને ત્યારે સ્મૃતિ થઈ આવે કે 'એમના આશીર્વાદ છે.''

સ્વામીશ્રીએ આ સુખદ સ્મૃતિ વહેંચી ત્યારે પત્રકારોએ પુનઃ પૂછ્યું : 'એવી જ રીતે આપને બહુ દુઃખ થયું હોય એવો કોઈ પ્રસંગ?'

'એવો કોઈ પ્રસંગ નથી કે એવું કોઈ દુઃખ આવી પડ્યું હોય!' સ્વામીશ્રી બોલ્યા.

તેઓની આ સ્થિતિ જોઈ સંવાદદાતાઓ આભા જ બની ગયા.

તે વખતે સ્વામીશ્રીએ કહ્યું : 'ગુરુના માર્ગદર્શન પ્રમાણે જ આપણે કરતા હોઈએ એટલે આપણે કંઈ કરતા નથી. આપણે ધણી થઈએ તો આપણને દુઃખ આવે ને! આપણે મનસ્વી રીતે કરીએ તો બોજો આવે.'

સ્વામીશ્રીની આવી ગુરુમુખી જીવનશૈલી જાણી ખબરપત્રીઓએ વધુમાં પૂછ્યું : 'આપ નિરાંત કેવી રીતે ગાળો?'

'નિરાંતમાં તો ભજન છે અમારે. આમ તો ભજનનું કામ ચાલુ જ હોય! જેટલું થાય તેટલું ભગવાનપરાયણ છે. '

'વિશ્વમાં કયું સ્થળ આપને ગમે?'

'બધાં સ્થળ ભગવાનનાં છે, બધે ભગવાન વ્યાપક છે એટલે લંડન-અમેરિકા હોય કે છેલ્લાંમાં છેલ્લું ગામડું હોય, એ આપણે માટે પ્રિય છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓને 'सम्पूर्ण जगदेव नन्दनवनम्...'ની અનુભૂતિ કાયમ હતી.

મુક્તિ આપી કરે ભવપાર

આ અરસામાં શ્રીલંકાનો ધર્મપ્રવાસ ખેડીને પરત ફરેલા છ સંતોએ આ વિચરણનો અહેવાલ તા. ૧૨/૧૦ની સવારે સ્વામીશ્રી સમક્ષ રજૂ કર્યો.

આવી જ અન્ય એક રજૂઆતને તા. ૧૩/૧૦ના પ્રભાતે પણ સાંભળી

મુલાકાતમાં પરોવાયેલા સ્વામીશ્રી પાસે ઓદરકાના રામસંગ બાપુ આવી પહોંચ્યા. તેઓને પુષ્પહાર પહેરાવી આવકારતાં સ્વામીશ્રી બોલ્યા: 'મહારાજ તમને ઠેઠ અક્ષરધામ સુધી હાર પહેરાવીને લઈ જશે.'

તેઓના આ શબ્દો તા. ૨૫/૧૦ના રોજ કાળ પણ કાતરી ન શકે એવા અજેય પુરવાર થયા, કારણ કે આ દિવસની સવારે જ રામસંગ બાપુએ તેઓના દીકરા જનકસિંહને કહી દીધું: 'આજે હું ધામમાં જવાનો છું, માટે તું ક્યાંય બહાર જતો નહીં.'

અગોચર માર્ગ બિલકુલ દૃષ્ટિગોચર થઈ ગયો હોય એવી ખાતરી આ વાક્યમાં હતી, કારણ કે *'એવો સહુને મને વિશવાસ, તન તજી જાશું પ્રભુ પાસ...'*નો અનુભવ સ્વામીશ્રીના સંગે સેંકડોને રોકડો બની રહેતો. તેમાંના જ એક આ ક્ષત્રિય વડીલની વાત સાંભળીને દીકરાએ ભાવનગરના મંદિરે સંદેશો મોકલાવ્યો. તે જાણી સંતો પણ આજની સાંજે રામસંગ બાપુ પાસે જઈ પહોંચ્યા. તેઓએ પધરામણીના પૂજન બાદ આ હરિભક્તને ઠાકોરજીનો પ્રાસાદિક હાર પહેરાવ્યાની થોડી ક્ષણોમાં જ એ હાર સાથે રામસંગ બાપુ અક્ષરવાસી થઈ ગયા.

તેથી 'મહારાજ તમને ઠેઠ અક્ષરધામ સુધી હાર પહેરાવીને લઈ જશે' એ સ્વામીશ્રીના શબ્દો સંપૂર્ણ સત્ય ઠર્યા. તેઓની આ કૃપા, કરુણા અને ઐશ્વર્યને વંદતાં સૌ ચકિત થઈ રહ્યા.

સંવાદિતાના સર્જક

તા. ૧૪/૧૦ની સાંજે સારંગપુરથી ગોંડલ પધારેલા સ્વામીશ્રીએ અત્રે તા. ૧૬/૧૦ના રોજ શરદ પૂર્ણિમા ઊજવી. આ સમૈયામાં ચાંદનીના તેજને વાદળોએ અભડાવી મારેલાં, પણ સ્વામીશ્રીના મુખચંદ્રની શીતળતાએ સૌનાં હૈયાં ઠાર્યાં.

આવી જ શીતળતાનો અનુભવ તા. ૧૭/૧૦ના રોજ સુરતની રજપૂત અને પટેલ કોમનું એક જૂથ પણ કરી રહ્યું.

ત્રણેક વર્ષ પહેલાં આ બે જૂથો વચ્ચે નહીંવત્ મુદ્દે ઝરેલી ચિનગારીએ આ તબક્કે તો દાવાનળનું રૂપ પકડી લીધેલું. તેમાં ત્રણ સંતાનોનો એક પિતા હોમાઈ જતાં નાના બાળકોના ભરણપોષણનો મામલો ચકડોળે ચડેલો. તેણે બેય કોમના કેટલાયને આંખે અંધારાં લાવી દેતાં વૈમનસ્ય વકરતું જ જતું હતું.

પરંતુ આજની બપોરે સ્વામીશ્રીએ એ બંને જૂથના અગ્રણીઓને ક્રમ વાર અને ત્યારબાદ એકસાથે મળી સમજાવ્યા કે 'કોરટ કરવા બેસશો તો સુપ્રીમ સુધી જવાશે. એમાં બંને પક્ષે ગૂંચવાડો થાય, વેર વધે અને ખર્ચા પણ વધે. એના કરતાં વચ્ચેનો માર્ગ નીકળે એ કરો. બંને પક્ષે થોડું મમત્વ મૂકવાનું છે. એમાં દુઃખ થશે, પણ પછી શાંતિ છે.'

સ્વામીશ્રીના આ હિતોપદેશથી સૌના દ્વેષ-દોષ ધોવાતાં બંને પક્ષનો એક જ અવાજ નીકળ્યો: 'બાપા કહે એ માન્ય છે.'

તેથી પ્રસન્ન થયેલા સ્વામીશ્રી બોલ્યા: 'આશીર્વાદ છે. વેરઝેર ભૂલી જવું એ કરોડ રૂપિયા બરાબર છે. બંને પક્ષ ઘસારો વેઠે તો જ સમાધાન થાય. હવે એ કાણ કાઢવી નહીં. હવે આ સંબંધી વાતો કરીને વટ કરવાની જરૂર નથી. આવા પ્રસંગોમાં શૂરવીરતાનું કામ નથી. ભવિષ્યમાં સાથે બેસાય એવું કરવું.'

કોઈ પણ બાબતે સંવાદિતા સ્થાપવાના શાશ્વત સૂર સ્વામીશ્રીએ આજે રેલાવી દીધા. તે દ્વારા અંતહીન જણાતી એક વૈરકથાની ઇતિશ્રી કરી તેઓ આરામમાં જવા ઊભા થયા ત્યારે ઘડિયાળ બપોરના પોણા ચાર વાગ્યાનો સમય બતાવી રહેલી! ગઈકાલે શરદ પૂનમની સભાથી પરવારી રાત્રે બાર વાગ્યે પોઢેલા સ્વામીશ્રીએ આજની બપોરનો વિશ્રામ પણ રફેદફે કરી સૌનું હિત સાધી આપ્યું.

૧૯મી વિદેશયાત્રા

તા. ૧૯/૧૦ના રોજ ગોંડલથી વિદાય થયેલા સ્વામીશ્રી મુંબઈમાં અલ્પ રોકાણ કરીને તા. ૨૧/૧૦ની બપોરે લંડન આવી પહોંચ્યા.

અત્રે હીથ્રો ઍરપોર્ટ પરથી હેલિકોપ્ટર દ્વારા મંદિરે પધારેલા તેઓની આ ૧૯મી વિદેશયાત્રાનું એક નિમિત્ત હતું – યુગાન્ડાથી અહીં આવી વસેલા ભારતીયોના પુનર્વસવાટની રજત જયંતી.

તે માટે બ્રિટિશ-યુગાન્ડન એશિયન ટ્રસ્ટના સૂત્રધાર શ્રી મનુભાઈ માધવાણીનું નિમંત્રણ સ્વીકારી પધારેલા સ્વામીશ્રીની મુલાકાતે તા. ૨૩/૧૦ની સાંજે છ વાગ્યે યુગાન્ડાના રાષ્ટ્રપ્રમુખ શ્રી વાય. કે. મુસોવેની પણ આવી પહોંચ્યા. જીવનમાં પ્રથમ વાર જ કોઈ હિંદુ મંદિરની મુલાકાત લઈ રહેલા આ સત્તાધીશને પુષ્પહાર પહેરાવી સન્માનતાં સ્વામીશ્રીએ કહ્યું: 'આપે યુગાન્ડામાં મંદિરો પાછાં આપીને અદ્‌ભુત કાર્ય કર્યું છે! તમારી આ ઉદારતાથી અમને

વધારે આનંદ છે.'

'બહારનાને આવકારવા એ અમારી સંસ્કૃતિ હતી. મિલકતો પાછી આપી એમાં અમે નવું કશું નથી કર્યું. એ અમારા સંસ્કાર છે ને અમે એને જ અનુસર્યા છીએ.' આ પ્રતિભાવ આપતાં રાષ્ટ્રપ્રમુખે સ્વામીશ્રીને જણાવ્યું: 'આપ ફરી વાર યુગાન્ડા પધારો તો રાજી થઈશ. ગયા વખતે આપ પધાર્યા ત્યારે આપનાથી અજાણ્યો હતો, પણ હવે આપના વિષે મેં ઘણું જાણ્યું છે.'

આ રીતે પરસ્પર વહી રહેલા ભાવપ્રવાહમાં તણાતા શ્રી મુસોવેની બૅન્ડની સૂરાવલિઓ સાથે સભામાં પધાર્યા ત્યારે તે ૭,૦૦૦ પુનર્વાસી નાગરિકોથી ભરચક હતી. અહીં સ્વાગતની ઔપચારિકતા બાદ રાષ્ટ્રપ્રમુખે વક્તવ્ય દ્વારા પોતાના મનોભાવો વ્યક્ત કર્યા કે 'બ્રિટનમાં રહેવા છતાં તમોએ સંસ્કૃતિ જાળવી રાખી છે, ધર્મ સાચવ્યો છે અને તમારી આગવી ઓળખ જાળવી રાખી છે તે ધન્યવાદને પાત્ર છે. જો તમે બધાંએ ધર્મપરિવર્તન કર્યું હોત તો આજે આ હિંદુ મંદિરની મુલાકાતની તક મને ન મળી હોત!'

આ પ્રવચન બાદ સ્વામીશ્રીએ શ્રી મુસોવેનીને આશીર્વાદ સાથે સુવર્ણરસિત કુંભ, લંડન મંદિરની પ્રતિકૃતિ, સ્ફટિક તથા મીઠાઈ આપી બિરદાવ્યા. સ્વામીશ્રીનાં આ સ્નેહ, સૌજન્ય અને સાંનિધ્યની ત્રિવેણીમાં ઝબકોળાયેલા રાષ્ટ્રપ્રમુખ જાણે સ્થળ-કાળ વીસરી ગયા હોય તેમ એક કલાક વધુ રોકાઈને વિદાય થયા.

પેરિસમાં પ્રતિષ્ઠા

લંડનમાં થયેલા સ્વામીશ્રીના આગમને દિવાળીનાં દ્વાર પણ ખોલી નાંખતાં તા. ૩૦/૧૦ના રોજ દીપોત્સવની ધામધૂમથી ઉજવણી થઈ. તેના ઝગમગાટને અનુસરતાં તા. ૧/૧૧નો દિવસ વિ.સં. ૨૦૫૪નો પ્રથમ દિન હોવાથી તે અન્નકૂટની સોડમથી મઘમઘી ઊઠ્યો. આ અવસરે મંદિરના ત્રણ ખંડ ઉપરાંત હવેલીમાં પણ આશરે એક હજારથી વધુ વાનગીઓ કલાત્મક રીતે ગોઠવાઈ હતી. તેનાં દર્શનનો લાભ લેવા દિવસ દરમ્યાન ૫૦,૦૦૦થીયે અધિક ભાવિકો ઊમટ્યા.

આ જ રીતે તા. ૪/૧૧ની રાત્રે પેરિસની સીન નદીના જળ પર સરકવા લાગેલી નગરયાત્રાને પણ શહેરવાસીઓ વિસ્મયના ભાવથી નીરખી રહ્યા. અત્રે મોન્ટ્રીઅલ વિસ્તારમાં તૈયાર થયેલા મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી

મૂર્તિઓની આ શોભાયાત્રા રાત્રે આઠ વાગ્યે શરૂ થઈ ત્યારે નૌકામાં પધરાવેલા અક્ષર-પુરુષોત્તમ મહારાજ અને ગુરુપરંપરાની સાથે સ્વામીશ્રી પણ બિરાજ્યા.

૬૦૦ મુમુક્ષુઓના સંગમાં નીકળેલી આ નગરયાત્રા દરમ્યાન નદીના પાણીની જેમ સ્વામીશ્રીની વાણી પણ ખળખળ વહેવા લાગી:

'બોડાણાને માટે દ્વારકાધીશે *'ડાકોર કીધું કાશી...'* એ રીતે અહીં મુશ્કેલીઓ ઘણી હતી પણ ઉત્સાહ એટલો કે ૧૫ વર્ષે કામ થયું! ભગવાનનું કામ ધીરજવાળું છે. એ જે કરે એ સોલિડ (નક્કર) કરે છે. મૂળ મોટાપુરુષમાં શ્રદ્ધા અને વિશ્વાસ રાખવાનાં છે. આ નવીન યાત્રા છે. રેકોર્ડ (વિક્રમ) કર્યો છે. નગરયાત્રા શહેરમાં થાય એને બદલે જળમાં થઈ! શાંતિ, શાંતિ થાય એ માટે મહારાજ અને ધામ અહીં બિરાજશે.'

આ આશીર્વાદ સાથે તા. ૫/૧૧ના રોજ આવેલી લાભ પાંચમની સવારે સ્વામીશ્રીના વરદહસ્તે મૂર્તિપ્રતિષ્ઠા સંપન્ન થઈ. તેના સાક્ષી બનવા ભારતીય એલચી શ્રી શેટ્ટી અને કલા તથા સાંસ્કૃતિક વિભાગના કોન્સલ શ્રી કપૂર સહિત ઘણા નામાંકિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા.

આમ, પેરિસની આધુનિકતા સાથે આધ્યાત્મિકતાનો અંકોડો ભિડાવી સ્વામીશ્રી તા. ૫/૧૧ની સવારે પુનઃ લંડન પધારી ગયા.

The Future Is Bright (ભવિષ્ય ઉજ્જવળ છે)

લંડનમાં તા. ૬/૧૧ની સવારે યુવકોની વિનંતીથી યોજાયેલા છબી-સત્રમાં પહોંચેલા સ્વામીશ્રી યુવાનો સાથે વાતચીતમાં પરોવાયા ત્યારે તેઓની તસવીરો છબીકારો જુદા જુદા ખૂણેથી લેવા માંડ્યા. તેમાં એક ફોટોગ્રાફરે વિનંતી કરી કે 'બાપા! જરા મારી બાજુ જોઈને ઊભા રહેશો?'

'તમે જેમ કહો એમ ઊભા રહીએ, જો આમાંથી છુટકારો થતો હોય તો!'

સ્વામીશ્રીના આ હળવા પ્રતિભાવમાંથી તેઓની વીતરાગી પ્રતિભા નીખરી ઊઠી.

આવા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૭/૧૧ની સાંજે કિશોરોએ યોજેલી વિશેષ સભાનો મધ્યવર્તી વિચાર હતો – You are the future. (તમે જ ભવિષ્ય છો.) સ્વામીશ્રીના જ આ વિધાનને કેન્દ્રમાં રાખી ઘડાયેલા આજના કાર્યક્રમમાં, ઉજ્જવળ ભવિષ્યના નિર્માણ માટે ભવ્ય અતીતની ઝાંખી કરાવવામાં આવી. અવકાશયાનની મુસાફરી ચાલી રહી હોય એવો અનુભવ

કરાવતી આ ઝલક બાદ કિશોરોએ સ્વામીશ્રીને પૂછ્યું: 'કિશોરોના ભવિષ્ય માટે આપનું શું કહેવું છે?'

આ સમયે સ્વામીશ્રીની જોશીલી વાણી વરસી પડી કે –

"કિશોરોના ભવિષ્ય માટે કહેલું જ છે. ઘણાને શંકા થાય કે 'આ મંદિર તો કર્યું પણ હલાવશે કઈ રીતે?' એવું હમણાં સંવાદમાં થોડું સાંભળ્યું, પણ મહાન પુરુષોના સંકલ્પો સત્ય જ છે. આપણે એમાં શંકા ન લાવવી. The future is bright – ભવિષ્ય ઉજ્જવળ છે."

જ્યાં સ્વામીશ્રીના મુખેથી આ શબ્દો સર્યા કે તે જ ક્ષણે તે અક્ષરો મૂર્તિમાન બનીને મંચની પાર્શ્વભૂમાં ઊંચકાયા. આ 'અક્ષર'વાણીને સૌએ તાળીઓથી વધાવી લીધી.

તેને જ નિમિત્ત બનાવી સ્વામીશ્રી આગળ બોલ્યા:

"આવો ઉત્સાહ કાયમ રાખવો. આપણને થાય કે 'આ બધું આપણે ચલાવીએ છીએ.' એટલે શંકા-કુશંકા થાય છે. પણ એટલું તો સમજો કે 'તમને કોણ ચલાવે છે?' આ આખા બ્રહ્માંડનું તંત્ર ભગવાન ચલાવે છે. એ શ્રદ્ધા આપણને નથી એટલે શંકા થાય છે. એમનામાં શ્રદ્ધા, વિશ્વાસ રાખશો તો આપોઆપ તમારામાં પણ શ્રદ્ધા ને વિશ્વાસ પ્રગટ થશે.

એમણે આપણને તિલક-ચાંદલો કરવાનું કહ્યું છે તો તાવડી જેવું કપાળ લઈને ફરો છો એ કરતાં કરવા મંડો ને! મૂળ પહેલું તો આપણામાં પોલંપોલ ચાલે છે. જેને સત્સંગનું બળ હશે એ કોઈ પણ ક્ષેત્રમાં જશે, બધે સફળતા મળશે. આપણે વર્ષે એક જ યુવકને કન્વીન્સ કરીએ (સમજાવીએ) તોય કેટલા થાય?! કદાચ ન થાય તોય આપણે તો મંડો. સત્સંગ એ જ રીતે થયો છે. આ બધું જોઈએ છીએ છતાં શંકા થાય છે. આમાં ફસાવાનું નથી છતાં સંકલ્પ થાય છે કે 'મનાશે કે નહીં?' મનાશે જ! ભગવાન કરવા બેઠા જ છે. આપણે કોઈ નહીં હોઈએ તોય આ ચાલશે. 'હું છું એટલે ચાલે છે' એમ ન સમજવું. આખી દુનિયા એમના આધારે ચાલે છે તો મંદિર નહીં ચાલે?"

સ્વામીશ્રીના શબ્દે-શબ્દે શ્રદ્ધાના રણકા બજી રહ્યા.

તે ગજવી તેઓએ સ્વયં *'મહાબળવંત માયા...'* પ્રાર્થનાનું ગાન શરૂ કર્યું. તેમાં સૌના સૂર ભળવા લાગ્યા. તેના અંતે આવેલી પંક્તિ *'સહુએ સત્ય કરી માની વાત...'*ને સમજાવતાં સ્વામીશ્રીએ કહ્યું:

'મહારાજે રાજી થઈને વર તો આપ્યો પણ પાછું બધાએ એ માની

લીધું. સંશય ન થયો. માટે મહારાજનું કાર્ય છે એટલે થશે જ! ભવિષ્ય કેવું છે એ વિચારવું નહીં. The future is bright. I love you all.'

તેઓના આ સ્નેહસભર સમાપનથી તો હૉલમાં તાળીઓનો અવિરત વરસાદ વરસી રહ્યો. પ્રેમ અને ઉજ્જ્વળ ભવિષ્યની ખાતરી મળતાં કોનું હૈયું હાથ રહે! સ્વામીશ્રીએ બે હાથ ઊંચા કરી તાળીઓ થંભાવવા ઈશારો કર્યો ત્યારે જ આ ગડગડાટ શમ્યો.

આમ, આજની સભામાં સ્વામીશ્રીએ એવું અમૃત વહાવ્યું કે કોઈનુંય મન કલ્પના કરતું થઈ જાય કે *'જીવ જાય તો જાય ભલે પણ, જીવણ ન જાવા દઈયે...'*

આ જ મનોભાવ એક કિશોરના હોઠ પરથી સરી પણ પડ્યો કે 'બાપા! આપ વિદાય લેશો પછી અમારું કોણ?'

આ સાંભળતાં જ સ્વામીશ્રીના મુખે જ્ઞાનગંગા પુનઃ વહી છૂટી:

"તમે જશો તો આમ થશે ને શું થશે? ને અમારું કોણ?' એવા શબ્દો નીકળવા ન જોઈએ. એ જ્ઞાન નથી. આપણી સાથે મહારાજ, સ્વામી, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ છે જ! અનંત અક્ષરમુક્તો સાથે જ છે. આપણે ખાલીપો છે જ નહીં! ભરેલા જ છીએ એમ માનશો તો જ્યાં જશો ત્યાં વાંધો નહીં આવે, નહીં તો બહાર ભૂંસુ-ભજિયાં ખાતાં થઈ જશો."

આ જ્ઞાનદાનથી સૌનાં હૈયાં ભરતા સ્વામીશ્રીએ સભા બાદ ખેલશાળાના મંચ પર બિરાજી સૌ કિશોરો-યુવકો સાથે સમૂહ ભોજન લીધું. તે પછી યુવા નાઇટના કાર્યક્રમ માટે ફરી વાર સભામંડપમાં પધારેલા તેઓ સમક્ષ કિશોરોએ હળવી પ્રસ્તુતિઓ રજૂ કરી. તેને નવાજી સ્વામીશ્રી ઉતારે જવા વિદાય થયા ત્યારે તેઓ પાછળ ઘેલી બનેલી ઊગતી પેઢીને જોઈ સૌનાં હૈયે વિશ્વાસ જાગી ગયો કે 'The future is bright.'

બ્રિટિશ રાજ-પરિવારના માનવંતા મહેમાન

બ્રિટિશ રાજવી શ્રી પ્રિન્સ ચાર્લ્સ જ્યારથી લંડનના મંદિરની મુલાકાત લીધી ત્યારથી તેઓના મનમાં આ નયનરમ્ય સર્જનના સર્જકને મળવાની ઉત્સુકતા જાગી ગયેલી. તેને સંતોષતાં સ્વામીશ્રી તા. ૯/૧૧ના રોજ સેન્ટ જેમ્સ પેલેસના માનવંતા મહેમાન બન્યા.

તેઓની આ મુલાકાત માટે સાંજે સાડા પાંચ વાગ્યાનો સમય નિશ્ચિત

થયેલો. બરાબર એ જ સમયે મહેલના દીવાનખંડમાં સ્વામીશ્રીનું પગલું પડ્યું. તેથી તેઓની પધરામણી બાદ બે-ત્રણ મિનિટમાં આવી પહોંચેલા પ્રિન્સ ચાર્લ્સના મોંમાંથી પહેલા શબ્દો નીકળ્યા : 'દરગુજર કરશો. હું થોડો મોડો પડ્યો ! આપ સમયમાં બહુ જ ચોક્કસ છો.'

અધ્યાત્મમાં ઓતપ્રોત સ્વામીશ્રીનો લૌકિક વ્યવહાર પણ પ્રથમ ક્ષણથી સૌને અભિભૂત કરી મૂકતો.

શ્રી ચાર્લ્સની આ અનુભૂતિ સ્વામીશ્રીએ તેઓને પુષ્પહાર અર્પણ કરતાં જ બેવડાઈ ગઈ. એ હાર તેઓએ પહેરી જ રાખ્યો અને બે હાથ જોડી સ્વામીશ્રીને પ્રણામ કર્યા.

ત્યારબાદ સ્વામીશ્રીએ સોફા પર પોતાની સાથે જ આ પાટવી કુંવરને બેસાડતાં વાતચીતનો આરંભ થયો. તેમાં શ્રી ચાર્લ્સે જિજ્ઞાસા પ્રગટ કરતાં પૂછ્યું : 'આપનો વારસો કઈ રીતે નક્કી કરો છો ? પસંદ કરીને ?'

'હા.'

'તો આપનો વારસદાર ક્યારે શોધશો ?'

'સમય આવે ત્યારે ભગવાન જ પ્રેરણા આપે છે. ભગવાન જ વારસદાર શોધી કાઢશે.'

આ ખુલાસા પરથી સ્વામીશ્રીની નમ્રતાને પામી ગયેલા આ રાજવીએ કહ્યું : 'અહંશૂન્ય થવા આપે ઘણો પ્રયત્ન કર્યો હશે.'

''જીવનમાં 'ભગવાન જ કર્તા છે' એ ભાવના આવે તો નિર્માનીપણું આવે, સભ્યતા આવે. આધ્યાત્મિક ગુરુ મળે તો એ આપણને બધામાં ભગવાન જોવાની દૃષ્ટિ આપે. તેથી એ દરેકને પોતાના સમજી શકે અને દરેકમાં સમભાવ આવે. 'સારા-નરસા પ્રસંગો ભગવાનની ઇચ્છાથી જ થાય છે' એમ સમજીએ તો સ્થિરતા રહે. 'હું કર્તા છું' એમ માનીશું તો ભાર રહેશે.'' આમ કહી સ્વામીશ્રીએ માથે પાણી ભરેલો ઘડો ઉપાડી ચાલવાનું દૃષ્ટાંત જણાવ્યું.

તેઓની આ વાતમાં સંમત થતાં શ્રી ચાર્લ્સે પુનઃ પૂછ્યું : 'આપને આવી સમજણ દૃઢ કરતાં કેટલો વખત લાગ્યો ?'

'ગુરુની આજ્ઞામાં રહીને એમના આદેશ પ્રમાણે સેવા કરતા રહ્યા એટલે એમની કૃપા થઈ ગઈ.'

સ્વામીશ્રીની આવી પરાવાણીના પ્રવાહમાં શ્રી ચાર્લ્સ રીતસર ખેંચાઈ જતાં અડધા કલાકની મુલાકાત ચાલીસ મિનિટ સુધી પહોંચી ગઈ !

છેવટે સ્વામીશ્રીએ થોડા સમય પહેલાં થયેલા શ્રી ચાર્લ્સની પત્નીના આકસ્મિક અવસાન સંદર્ભે યજમાનને આશ્વાસન અને આશીર્વાદ આપ્યાં. તે વખતે પણ તેઓએ ભગવાનને કર્તા સમજવાની વાત પુનઃ દૃઢાવી ત્યારે આ પાટવી કુંવર બોલી ઊઠ્યા: 'આપ બહુ દયાળુ છો. એ સમજણ માટે હું પ્રયત્ન કરીશ.'

આમ જણાવી તેઓએ સહી કરેલી પોતાની તસવીર સ્વામીશ્રીને ભેટ ધરી. સ્વામીશ્રીએ પણ તેઓને સુવર્ણરસિત કુંભ ઉપહારરૂપે આપ્યો.

આ સાથે પૂર્ણ થયેલી મુલાકાતના અંતે નીચે દાદરા પાસે સમૂહછબી લેવાઈ. તે વખતે સ્વામીશ્રીએ મેસૂબની પ્રસાદી શ્રી ચાર્લ્સને મુખમાં આપી. તે દ્વારા તેઓ બ્રિટિશ રાજકુંવરની જીભ જ નહીં, પણ જીવનનેય મીઠાશથી ભરી વિદાય થયા.

સંસ્કૃતિનું શિક્ષણ

બ્રિટનના રાજમહેલમાં અક્ષર-પુરુષોત્તમના જ્ઞાનનો સંદેશ વહાવી સ્વામીશ્રી મંદિરે પરત ફર્યા ત્યારે અહીં તેઓની પ્રતીક જન્મજયંતીનો માહોલ બરાબર જામી ચૂકેલો. તેથી *'થાય છે જયજયકાર...'*ના સૂરો વચ્ચે ભક્તો સ્વામીશ્રીને હંસ રથમાં પધરાવી મંચ સુધી લઈ આવ્યા. તે સાથે શરૂ થયેલા કાર્યક્રમમાં સૌએ વિવિધ રીતે સ્વામીશ્રીના ગુણાનુવાદ ગાઈ ગુરુભક્તિ અદા કરી.

આ સભા બાદ યુવકોએ સ્વામીશ્રીના ઉતારે પણ જન્મદિનની ઉજવણી નિમિત્તે એક વિશિષ્ટ કાર્યક્રમ યોજેલો. તેના ભાગરૂપે ટેબલ પર કાપવા માટે મોટી કેક મૂકેલી. તેની આસપાસ મીણબત્તીઓ જલી રહેલી. શયનમાં જતાં પૂર્વે સ્વામીશ્રી અહીં પધારતાં જ ફટકિયાં ફૂટ્યાં અને એમાંથી વિવિધરંગી તોરણિયાં ચારેકોર લહેરાઈ રહ્યાં. તે સાથે જ સૌ યુવકો સમૂહમાં 'હેપ્પી બર્થ ડે ટુ યુ' કહેતાં એક ગીત ગાવા લાગ્યા. તેની વચ્ચે જયનાદોની જેમ 'હીપ હીપ હુર રે...'નો ઘોષ ઊઠતો ગયો.

આ સઘળો ભાવપ્રવાહ સ્વામીશ્રીએ તટસ્થ રહી વહેવા દીધો, પરંતુ ઉજવણી પૂરી થતાં જ તેઓએ કહ્યું:

'આમાં તમે શું બોલ્યા એ અમને ખબર ન પડી, પણ આપણે આવા પ્રસંગોમાં ભારતીય સંસ્કૃતિનું ધ્યાન રાખવું. કાપવાની સંસ્કૃતિ આપણી નથી. આપણી તો જોડવાની છે. આપણે એ લાઇન પર જવું. આપણે ભારતીય રીત

રહે એ માટે તો રાત-દિવસ પ્રયત્ન કરીએ છીએ. અહીં પ્રણાલી જે રીતે હશે એની આપણને ખબર નથી, પણ આપણે જાણ્યા વગર કરીએ એનો ફાયદો નહીં.

આપણે મીણબત્તી પ્રગટાવવાની છે, એટલે પ્રકાશ કાયમ રહે. આપણે પ્રકાશ ઓલવવાની વાત નથી. તમારો પ્રેમ અને ભાવ સારો છે, પણ આપણા સંસ્કાર સમજો. આપણે ખાવા-પીવા, આચાર-વિચાર વગેરેથી જુદા જ છીએ. આપણી સંસ્કૃતિ, આપણા વિચારોને સમજવા. બધા રાજી રહેજો. મેં આ કહ્યું એ ગમ્યું ?'

'હા.'

'એ પ્રમાણે થશે ?'

'હા.'

'તો સારું.' પ્રસન્ન થતાં સ્વામીશ્રી બોલ્યા.

સૌને સંસ્કૃતિનું આ શિક્ષણ આપી તેઓ પોઢવા પધાર્યા ત્યારે ત્યાં અગ્રણી યુવકોએ આવી કહ્યું : 'બાપા ! બહાર જે ગવાતું હતું એનો અર્થ 'અમે તમારી સાથે જ છીએ, તમે આગળ વધો...' એમ થતો હતો.'

આ અર્થ સ્વામીશ્રીએ માન્ય રાખ્યો, પણ તેનો મર્મ સમજાવતાં જણાવ્યું : 'તમે આવું બોલો ખરા પણ સાથે ક્યારે રહેવાય ? અમે કહીએ એમ રહો તો ! આ તો નિયમ-ધર્મની વાત કોઈને ગમતી નથી, પછી કહેવું શું ? એ ન ગમે તો સાથે ક્યાં છો ?' સ્વામીશ્રીએ વધુ એક વાર સ્વરુચિ પ્રગટ કરી દીધી.

તે સૌએ ઉમંગભેર ઝીલી લેતાં સ્વામીશ્રી નિરાંતે પોઢ્યા.

બકિંગહામ પૅલેસમાં પધરામણી

સેન્ટ જેમ્સ પૅલેસમાં થયેલી સ્વામીશ્રીની પધરામણીની સાહી હજી તો તાજી હતી ત્યાં જ બકિંગહામ પૅલેસમાં થનારા તેઓના પદાર્પણની નોંધ લેવા પ્રસાર માધ્યમોના માંધાતાઓ સજ્જ થઈ ગયા. તેઓની આ તત્પરતાનો અંત આણતા સ્વામીશ્રી તા. ૧૦/૧૧ની સાંજે બકિંગહામ પૅલેસમાં પધાર્યા ત્યારે ડ્યૂક ઑફ ઍડિનબરો શ્રી પ્રિન્સ ફિલિપ અત્રે ગ્રંથાલયના બારણે તેઓની રાહે ઊભેલા.

પોતાનું નિમંત્રણ સ્વીકારીને આવેલા સ્વામીશ્રીના આગમનને આ રાજવીએ હાથ જોડી વધાવ્યું અને સ્વામીશ્રીને સોફા પર પધરાવ્યા.

તે પછી શરૂ થયેલા વાર્તાલાપમાં શ્રી ફિલિપે પોતે માણેલી અક્ષરધામની મુલાકાતને વાગોળતાં સ્વામીશ્રીને કહ્યું: 'મને અફસોસ થયો કે ત્યાં હું આપને મળી ન શક્યો, પણ મને આશ્ચર્ય એ થયું કે અક્ષરધામ જેવું સુંદર સ્થાન છે છતાં ત્યાં આપ કેમ રહેતા નથી ?!'

'સ્વામીજી હંમેશાં ગામડે-ગામડે વિચરતા જ રહે છે.' દુભાષિયા તરીકે સેવા આપતા આત્મસ્વરૂપદાસ સ્વામીએ ખુલાસો કર્યો.

આ સાંભળી ઘણી નવાઈ પામેલા શ્રી ફિલિપે સ્વામીશ્રીને પૂછ્યું: 'આપને અહીં લંડનમાં રહેવાનું ગમ્યું ?'

'અહીં મંદિર થયું છે, ભક્તો આવે છે, ભક્તિ થાય છે એટલે ગમ્યું.' સ્વામીશ્રીએ જણાવ્યું.

ત્યારબાદ ચાલતા થયેલા વિમર્શમાં પણ તેઓએ કહ્યું: 'જે પોતાના ધર્મને સમજી શક્યા નથી એ જ ઝઘડા ઊભા કરે છે. જો પોતાના ધર્મને સમજે તો એને દરેક પ્રત્યે પ્રેમ થશે. ભારતની સંસ્કૃતિએ તો કહ્યું જ છે કે આખું વિશ્વ કુટુંબ સમજો.'

આ રીતે લગભગ અડધા કલાક સુધી ધર્મ-મર્મ સંબંધી વિચાર વિનિમય બાદ સ્વામીશ્રીએ શ્રી ફિલિપને સુવર્ણરસિત કુંભ, મંદિરની પ્રતિકૃતિ, પ્રસાદ વગેરે ભેટસ્વરૂપે આપ્યાં. તેથી ભાવવિભોર બનેલા આ રાજવીનું ઉચિત વિદાયમાન સ્વીકારી સ્વામીશ્રી નીકળ્યા ત્યારે વિશ્વપ્રવાસીઓના આકર્ષણરૂપ આ મહેલમાં તેઓની ભગવી આભા લહેરાઈ રહી.

हम किसी का बुरा करते ही नहीं

બકિંગહામ પૅલેસથી સ્વામીશ્રી મંદિરે પધાર્યા ત્યારે અહીં વિદાય-સભાનું વાતાવરણ છાઈ રહેલું. તેમાં આવતીકાલે થનારા ગુરુગમનના વિષાદને દક્ષિણ લંડનના યુવકોએ *'જિંદગી દેનેવાલે હે સ્વામી! તુમ છોડ ન જાના..'* કવ્વાલી દ્વારા સાભિનય વ્યક્ત કર્યો. પરંતુ તેને જ આશીર્વાદમાં વણી લેતાં સ્વામીશ્રીએ કહ્યું: *'જિંદગી લેનેવાલે ! તુમ ભી છોડ ન જાના...* દેનેવાલા નહીં છોડેગા, પરંતુ લેનેવાલાએ પણ ન છોડવું. માન-અપમાન આવે તોય મન પાછું પડવું ન જોઈએ.'

આ રીતે દૃઢ પ્રીતિનાં વિદાય-વચનો સંભળાવી ઉતારે પધારેલા સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા બિરાજ્યા. તે વખતે સામે આરબ પરિવેશમાં

ઊભેલા અરુણકુમારનો બેસી ગયેલો સાદ જોઈ તેઓ બોલ્યા: 'आपका गला तो बैठ गया है।'

આ સાંભળી એ ભક્તે જણાવ્યું: 'अच्छा करना और बुरा करना, सब आपके हाथ में है।'

'बुरा करने की ताकत हमारे में नहीं है। हम किसी का बुरा करते ही नहीं।'

સહજભાવે વહી છૂટેલો સ્વામીશ્રીનો આ સૂર તેઓની આગવી ઓળખ આપી ગયો.

અપાર દયા દલમાં

તા. ૧૧/૧૧ની સવારે લંડનથી વિદાય લઈ નીકળેલા સ્વામીશ્રી દિલ્હી થઈને મુંબઈના મંદિરે પહોંચ્યા ત્યારે રાત્રિના ત્રણ વાગ્યાનો સમય થયેલો. તેથી તેઓએ આ બ્રાહ્મમુહૂર્તમાં જ પ્રાતઃપૂજા પૂર્ણ કરી અને આજની સાંજે યોજાયેલી સ્વાગત-સભામાં અમૃતવર્ષા કરી દીધી કે 'દેશ-વિદેશ જઈ આવો એ મોટપ નથી, મહત્તા તો આજ્ઞા પાળીએ એની છે.'

આ મોટપના માલિક તેઓ તા. ૧૩/૧૧ની સાંજે બોચાસણ જવા નીકળ્યા, પણ વિમાની કર્મચારીઓની હડતાલને કારણે ઉડ્ડયન વિલંબમાં પડતાં સ્વામીશ્રી રાત્રે ૧૨:૩૫ વાગ્યે બોચાસણ પહોંચ્યા!

અહીં તા. ૧૪/૧૧ના રોજ કાર્તિકી પૂર્ણિમાનો સમૈયો હતો, પરંતુ આ દિવસે સવારથી સ્વામીશ્રીને જમણી આંખનો દુખાવો સતાવવા લાગ્યો. છતાં ઉત્સવ નિર્વિઘ્ને પૂર્ણ થાય એ માટે તેઓએ આ તકલીફ કોઈને ન જણાવતાં રાત્રે તો આંખમાં સોજો આવી ગયો અને લાલાશ પણ ઘણી પ્રસરી ચૂકી. તેથી તબીબોએ યોગ્ય ઉપચાર કર્યા બાદ, જમણી આંખ બંધ રહે તે માટે તેની પર રૂનું પૅડ મૂકી દેવામાં આવ્યું. આવી પરિસ્થિતિમાં પણ સ્વામીશ્રી આશરે સવા કલાક સુધી એકાઉન્ટ વિભાગની મીટિંગ કરી રાત્રે નિયત સમયે જ શયનાધીન થયા.

બીજા દિવસેય જમણી આંખે પૅડ અને શિલ્ડ બાંધ્યાં હોવાથી ચશ્માં માંડ પહેરાય એવી પરિસ્થિતિ હતી. છતાં એક કાને પરાણે ટકી રહેતાં ચશ્માં પહેરીને પણ સ્વામીશ્રીએ પત્રવ્યવહાર તો ચાલુ જ રાખ્યો.

તેઓનો આ પરિશ્રમ સૌને *'અપાર દયા દલમાં...'* પંક્તિ સાર્થક કરે

તેવો અનુભવાયો. શારીરિક તકલીફોના કાફલાને પ્રેમના ભાલાથી વીંધતા સ્વામીશ્રી ભક્તો સુધી પહોંચીને જ જંપતા.

સુખી થવું હોય તો જીવનચરિત્ર વાંચવું

આંખની બીમારીના ઉપદ્રવને ન ગાંઠતાં સ્વામીશ્રી તા. ૧૯/૧૧ની સાંજે બોચાસણથી વિદાય લઈ ગોંડલને પાવન કરતાં તા. ૨૧/૧૧ના રોજ તો જૂનાગઢ જઈ પહોંચ્યા.

ગુણાતીતની આ કર્મભૂમિ આ વર્ષે પ્રગટ ગુણાતીત સ્વામીશ્રીના ૭૭મા જન્મોત્સવનો પ્રથમ સમારોહ ઊજવવા સદ્ભાગી બની હતી. તે માટે પસંદ કરાયેલું ખેતીવાડી સંકુલનું ૯૦૦ x ૧૦૦૦ ફૂટનું વિશાળ મેદાન અઢી હજાર સ્વયંસેવકોની મહેનતથી સજધજ બની સ્વામીશ્રીને વધાવવા થનગની રહેલું. તેને આજની સાંજે નિરીક્ષણના નિમિત્તે સ્વામીશ્રીએ પાવન કરી દીધું.

ત્યારબાદ શ્રી મૂળુભાઈ ઓડેદરાના ઘેર પહોંચેલા તેઓ અહીં તા. ૨૨/૧૧ની સવારે અલ્પાહાર બાદ સહજભાવે બોલ્યા: 'જૂનાગઢ એટલે ગુણાતીત સ્થાન. ગુણાતીત જ્ઞાન પચ્યું હોય તો વાંધો ન આવે.'

'આપ એવી દૃષ્ટિ કરો તો એવી સ્થિતિ થાય.'

સંતોએ આ પ્રાર્થના કરી ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું:

''આજ્ઞા પાળે તો દૃષ્ટિ થાય. અનુવૃત્તિ ન સચવાય તો કંઈ ન થાય. 'જ્ઞાન લેવા આવ્યા'તા ને આ ક્યાં આવી પડ્યું' – એવું નહીં. 'બીજાએ ફૂંક મારી એટલે આમ થયું' એવું નહીં. ગુણાતીતાનંદ સ્વામીએ ૪૦ વર્ષ, ૪ માસ, ૪ દિવસ, ૪ કલાક, ૪ મિનિટ ને ૪ સેકન્ડ એવો અખાડો ચલાવ્યો કે બધાને સુખી કરી દીધા. આપણે જો ચાર વર્ષ બરાબર મંડીએ તો આ જ્ઞાન પચી જાય એવું છે. પછી ગમે ત્યાં જઈએ, મૂંઝવણ જ ન થાય. આપણને સ્વામી કહે ને સવળું લઈએ તો વાંધો ન આવે.

બધા સંતો સુખિયા થાવ. એ પ્રમાણે સુખી થવું હોય તો જીવનચરિત્ર વાંચવું. વાંચીને પાછું નાંખી ન દેવું. જીવમાં ઊતરી જવું જોઈએ. કોઈ કહી જાય એ મનમાં લાવવાનું નહીં ને એ વાત બીજાને કહેવી નહીં. આપણે તો સહન જ કરી લેવું. અગ્નિ સહન કરે તો સારામાં સારી ઈંટ થાય અને ચણતર થાય; બાકી તો ખંગાર, પછી એ ચણતરના કામમાં ન આવે.''

ગુણાતીત વાતોનો આ મેઘ વરસાવી જોષીપુરા પધારેલા સ્વામીશ્રીએ

અત્રે જૂનાગઢ કોમર્શિયલ બૅંકનું ઉદ્‌ઘાટન કર્યું. તે પછી શ્રીજીસ્થાપિત મંદિરે પધારેલા તેઓએ અહીં મધ્ય ખંડમાં ઠાકોરજીને બિરાજમાન કરાવી રાજભોગ આરતીનાં દર્શનનો લાભ લીધો.

ચાલો ચાલો જીરણગઢ જઈએ રે

તા. ૨૩/૧૧ના રોજ ન કેવળ સોરઠ પરંતુ કચ્છ-કાઠિયાવાડ અને ઠેઠ કાનમ-ચરોતર સુધી નાદ ઊઠી રહેલો: *'ચાલો ચાલો જીરણગઢ જઈએ રે, સ્વામી પ્રગટ્યા છે... કરી દર્શન સુખિયા થઈએ રે, સ્વામી પ્રગટ્યા છે...'*

આ ભાવ સાથે ચારેકોરથી ધસમસતા પૂરની જેમ જૂનાગઢ તરફ આવી રહેલા ભક્તપ્રવાહને જોઈ તળ જૂનાગઢના નાગરિકો ગાઈ રહેલા: *'હરિજનના આવે હિલોળ રે, સ્વામી પ્રગટ્યા છે... થઈ રહ્યો છે બ્રહ્મકિલ્લોલ રે, સ્વામી પ્રગટ્યા છે...'*

આમ, આજે સ્વામીશ્રીના પ્રાગટ્યનો આનંદ સર્વત્ર છવાયેલો, પરંતુ સ્વામીશ્રીને તો આનંદ હતો સેવાનો. તેથી તેઓ આજની સવારે પહોંચ્યા હાટકેશ સાર્વજનિક ચિકિત્સાલયના ખાતમુહૂર્ત પ્રસંગે. અત્રે તેઓએ આ અવસર શોભાવી સંસ્થા વતી માતબર રકમની સખાવત પણ હૉસ્પિટલને અર્પણ કરાવી. પ્રત્યેક જન્મજયંતીએ કંઈક સમાજસેવા કરી છૂટવાનું તેઓનું વ્રત આ વર્ષે પણ અકબંધ રહ્યું.

તેને અનુસરતાં સાંજે પાંચ વાગ્યે શરૂ થયેલી ૭૭મી જન્મજયંતીની સભાનું મેદાન ૫૫,૦૦૦થી વધુ ભાવિકો દ્વારા છલકાઈ ગયેલું. તેઓ વચ્ચેથી પસાર થતા રથારૂઢ સ્વામીશ્રી ૯૫ x ૩૦ x ૧૦ ફૂટના ભવ્ય મંચ પર પધાર્યા ત્યારે સૌએ તેઓને ગગનભેદી જયનાદોથી સત્કાર્યા. આ ઘોષનો પ્રતિઘોષ ગરવા ગિરનારની એક-એક ગિરિકંદરાએ પાડતાં 'પ્રમુખસ્વામી મહારાજની જય'થી નભ-નગર ઊભરાઈ ગયાં.

આ સમયે લાખોના જીવનમાં પ્રકાશ પૂરતી સ્વામીશ્રીની જીવનજ્યોતના પ્રતીકરૂપે મંચ પર પણ દીપમાળ અને દીપસ્તંભના શણગાર ઓપી રહેલા. તેની અગ્રભૂમાં મંચસ્થ સંતો તથા શ્રેષ્ઠીઓની હારમાળા હતી. તેમાં ઉપસ્થિત સ્થાનિક કૃષિ વિદ્યાલયના ઉપકુલપતિ તથા કંઈક મંત્રીઓએ સ્વામીશ્રીને વધાવ્યા. આ અભિવાદન ઝીલી સ્વામીશ્રી સહિત સૌ શ્રોતાગણમાં બિરાજતાં જ, મંચ પર 'ઇતિ વચનામૃતમ્' નામનો સાંસ્કૃતિક કાર્યક્રમ શરૂ થયો. તે દ્વારા

'વચનામૃતમાં વર્ણવાયેલા સત્પુરુષ સ્વામીશ્રી છે' એ મધ્યવર્તી વિચારની પુષ્ટિ રસપ્રદ સંવાદો, નૃત્ય અને આકર્ષક વીડિયો શૉના માધ્યમથી થઈ.

આ પ્રેરક પ્રસ્તુતિ બાદ મંચ પર બિરાજેલા સ્વામીશ્રીએ ભક્તોની પુષ્પાંજલિનું ભક્તિઅર્ઘ્ય સ્વીકારી આશીર્વર્ષા વરસાવી કે 'ઉત્સવ માટે આપ સર્વેને જે લાગણી અને પ્રેમ છે એ જોઈ આપ સર્વે પ્રત્યે આદર થાય છે, સર્વેને નમસ્કાર કરી 'જય સ્વામિનારાયણ' કરું છું.'

આ અલૌકિક આત્મીયતા અને ઉત્સવને અંતરમાં ભરતાં ભક્તો વિદાય થયા ત્યારે તેઓ ગાઈ રહ્યા: *'ભલો બન્યો છે આજ બનાવ, સ્વામી પ્રગટ્યા છે... ફરી આવો ન આવે લા'વ, સ્વામી પ્રગટ્યા છે...'*[૩૪]

નથી માનને ઇચ્છતા ક્યારેય

જૂનાગઢમાં ઊજવાઈ ગયેલા સ્વામીશ્રીના ૭૭મા જન્મોત્સવનો પડઘો બીજે દિવસે પણ સતત ગાજી રહ્યો, કારણ કે ગઈકાલે જૂનાગઢના દોઢસો ગલ્લાવાળાઓએ ગુટકા ન વેચીને સ્વામીશ્રી પ્રત્યે પોતાનો સદ્ભાવ પ્રગટ કરેલો. આ બીના અખબારોનાં પાને આજે ચમકેલી. તેની સાથે ઉત્સવ-સ્થળ કૃષિ વિદ્યાલયના ઉપકુલપતિ શ્રી ચંદ્રસિંહ રાણા, નિયામક શ્રી વલ્લભભાઈ પટેલ સહિત સૌ શહેરવાસીઓ સંતો-સ્વયંસેવકોની શિસ્ત, સ્વચ્છતા અને સુઆયોજનથી પ્રભાવિત હતા.

પરંતુ કોણ જાણે કેમ, એક વ્યક્તિને આ ભવ્ય ઉત્સવ પસંદ ન પડતાં તે તા. ૨૪/૧૧ની રાત્રે સંતો સમક્ષ બોલવા લાગી: 'આ બધા સમૈયા આમ તો બંધ કરવા જેવા. સૌ સૌના મંદિરમાં ઊજવી લે. સૌ સૌના ઘરમાં ઊજવી લે. હવે સમૈયાઓ બધા થઈ ગયા. સૌ સૌના મંડળમાં ઊજવી લે. આ સમૈયાની શી જરૂર? બધા પ્રગટનું તાન, પ્રગટનું તાન કરે છે, પણ આપણે જ થોડું તાન ઓછું કરો ને! એટલે વાંધો જ ન આવે.'

જન્મજયંતીની ઉજવણીઓને અભરાઈ પર ચડાવી દેવાની આ દરખાસ્ત અત્યંત જોશપૂર્વક રજૂ કરી સ્વયં સ્વામીશ્રીએ જ!

---

૩૪. ગરવા ગઢ ગિરનારની ગોદમાં જૂનાગઢ મુકામે યોજાયેલી સ્વામીશ્રીની આ જન્મજયંતીનો લાભ લેવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

હા, ઊંચા મંચ, ભવ્ય સિંહાસન, હજારોની મેદની, કલાત્મક હારતોરા, છલકાતાં સન્માન વગેરે તેઓને કાંટાની જેમ ભોંકાતાં.

તેથી તે બાબતે વીતરાગી સ્વામીશ્રી ભક્તો વિષે અપાર અનુરાગી. તે કારણે જ તેઓ તા. ૨૫/૧૧ની સાંજે ભૂતનાથ મંદિરના પ્રાંગણમાં આયોજિત સભા પૂર્ણ કરી પોતાની ગાડી તરફ ન જતાં અન્ય એક મોટર ભણી વળ્યા. તેમાં અહીંના જૂના હરિભક્ત શ્રી નારાયણદાસ પાઉં બેઠેલા. તેઓને સ્વામીશ્રીએ જ યાદ કરી બોલાવેલા, પરંતુ તેઓ અશક્ત હોવાથી નીચે ઊતરી શકે તેમ નહોતા. તેથી સ્વામીશ્રી તેઓની બાજુમાં સીટ પર બેસી જઈ તેઓને મળ્યા. સ્વામીશ્રીની આ દયા, દરકાર અને દાખડાએ તે સત્સંગીને ગદ્ગદ કરી મૂક્યા.

વિષયી તારતાં ન લાગી વાર

તા. ૨૬/૧૧ની સવારે જૂનાગઢથી વિદાય લઈ નીકળેલા સ્વામીશ્રી કેશોદ, વેરાવળ, સોમનાથ વગેરેને પાવન કરતાં તા. ૨૭/૧૧ની સવારે લોઢવા પહોંચ્યા.

અહીંના નવનિર્મિત મંદિરમાં તેઓનાં કરકમળો દ્વારા અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત થવાના હોવાથી લોઢવા ગામમાં ઉત્સાહના લોઢ ઊછળી રહેલા. ઠેર ઠેર કમાનો બંધાયેલી. મોટા ભાગના ગામવાસીઓએ આ નિમિત્તે પોતાનાં ઘર ધોળાવી દીધેલાં.

આ ઊછળતા ઉલ્લાસનું એક કારણ એ પણ હતું કે અહીંની પ્રાસાદિક પુરાતન વાવનું પાણી છેલ્લાં વીસ વર્ષથી ખારું થઈ ગયેલું. ગામ માટે પાણીના મુખ્ય સ્રોત સમી વાવમાં જ ઊભી થયેલી આ તકલીફે પ્રજાની હાલાકીમાં ઘણો વધારો કરેલો. પરંતુ સ્વામીશ્રીના આગમન નિમિત્તે ચાલતી પૂર્વતૈયારીઓના ભાગરૂપે આ વાવને પણ સ્વચ્છ કરવામાં આવી. તે વખતે સૌને વાવનું પાણી મીઠું માલૂમ પડ્યું! છેલ્લા ત્રણ દિવસથી ચાલી રહેલા આ ચમત્કારે આખા ગામમાં હરખની હેલી વરસાવી દીધેલી. સૌએ આ વાવના જળની ચા પી આનંદ વ્યક્ત કરેલો.

આમ, જેઓના આગમનની એંધાણી ગામ માટે આટલી ઉપકારક બનેલી તે સ્વામીશ્રીએ સ્વયં ચરણ મૂકતાં સૌનો ઉમંગ આકાશને અડી રહ્યો!

અહીંની લખુ ચારણના જે ઘરમાં નીલકંઠ વર્ણી ત્રણ મહિના સુધી

નિવાસ ઠરાવી દૂધ-સાકર જમતા રહેલા, એ જ ઘરને, તેની અંદરની દીવાલો કાઢી મંદિરનું સ્વરૂપ આપવામાં આવેલું.

શ્રીજીમહારાજના આ પ્રાસાદિક સ્થાનમાં તેઓના જ સ્વરૂપ સમા સ્વામીશ્રી પધારવાના હોવાથી સૌએ આ દિવસો દરમ્યાન ગામમાં સ્વયંભૂ જ દારૂબંધી લાદી દીધેલી, પરંતુ તેથી બાટલીઓ ઢીંચનારા કેટલાક કુસંગીઓની અકળામણ વધી ગયેલી. તેમાંય દારૂના અઠંગ વ્યસની જેસા વાઢેરને તો હવા વિના મનુષ્ય ગૂંગળાય એમ દારૂ વિના જીવ જવા બેઠેલો.

આમ તો દારૂનો નશો આ આયરના જીવનમાં ઘણી નાલેશી અને નુકસાની લઈ આવેલો. તેથી ઉકરડો બની ગયેલું તેનું ખોરડું. પત્નીના પચાસ હજાર રૂપિયાનાં ઘરેણાં પણ દારૂની બોટલમાં ઓગળી જતાં પત્ની ઘર છોડીને ચાલી નીકળેલી. તે વિના જેસાનાં ત્રણેય સંતાનો ઘરમાં ઘાસની જેમ ઊછરતાં હતાં. દારૂથી તેની બુદ્ધિ તો એવી બહેર મારી ગયેલી કે પોતાના દીકરાને જ આ દારૂડિયાએ વાવમાં ફેંકવાનો પ્રયાસ કરેલો. જેસાના મદ્યપાનથી મચતી ધમાલોથી કંટાળેલા ગામના જ કેટલાક મનુષ્યોએ તેને ઢોર માર મારી બે વાર તો બાવળિયાની કાંટાળી ઝાડીમાં ઉલાળી દીધેલો. એક વાર તો દારૂના નશામાં ચકચૂર આ જેસો પોતે જ પોતાની રિક્ષા પરનો કાબૂ ગુમાવતાં ખાડામાં ગબડી પડેલો. આ દુર્ઘટનામાં તેની જીભ કપાતાં તારથી સાંધવી પડેલી. આ ઉપચારમાં તબીબોની કડક મનાઈ હોવા છતાં તે દારૂ પીધા વિના રહી શક્યો નહોતો. આટઆટલી લાતો ખાવા છતાં આ વ્યક્તિથી દારૂની લત છૂટતી નહોતી.

તેથી જ આજનો પ્રતિષ્ઠાનો દિવસ દારૂ વિના ગાળવો ન પડે તે હેતુસર બીજે ગામ જવા તૈયાર થઈ ગયેલો આ વ્યસની ગામના બસ સ્ટેન્ડે કો'ક વાહનની વાટે ઊભો હતો. બરાબર તે વખતે જ સ્વામીશ્રીની પધરામણી થતાં ઢોલ ઢબૂક્યાં, ત્રાંસા ગગડ્યાં અને બુલંદ જયઘોષ સાથે રાસમંડળીની રમઝટ મચી. અચાનક ઊછળેલા આ અવાજે પેલા દારૂડિયાનું ધ્યાન સ્વામીશ્રી તરફ ખેંચ્યું. તેના માટે સ્વામીશ્રીનાં આ પ્રથમ જ દર્શન હતાં, પરંતુ તે દર્શને એવાં કામણ કર્યાં કે દારૂ પીવા અહીંથી ભાગવા મથતો જેસો સ્વામીશ્રીની પાછળ ઢસડાતો ચાલ્યો અને જઈ પહોંચ્યો મંદિરમાં !

અહીં પણ સ્વામીશ્રીનાં દર્શનનો જાદુ યથાવત્ ચાલ્યો અને વિના કોઈ વાતચીત એ વ્યસનીનું ભીતર વીંધાયું. સ્વામીશ્રીએ માત્ર મંદિરમાં

જ નહીં, આ જેસાના જીવનમાંયે પવિત્રતાની પ્રતિષ્ઠા કરી હોય તેમ આ ક્ષણથી એ મંદિરમાં આવતો થયો. થોડા દિવસો પછી તો તેણે કંઠી પહેરી વ્યસનને સાવ જ ફગાવી દીધું. તેમાં આવેલો આ આકસ્મિક અને ધરખમ સુધારો ગામવાસીઓની સમજ બહારનો હોવાથી કેટલાક તેની ઠેકડી ઉડાડવા લાગ્યા, તો કો'ક 'કેટલા દિવસ આ ખેલ ચાલે છે?' એમ વિચારતાં જેસાને ગબડવાના દિવસની રાહ જોવા માંડ્યા.

પરંતુ અહીં તો દિવસે-દિવસે પવિત્રતાની ચમક વધતી ચાલી. જેસાએ કંઠી બાદ સંતો પાસેથી પૂજા-પેટી લીધી અને તેના કપાળ પર ભભકાબંધ તિલક-ચાંદલો અંકિત થવા માંડ્યો. મોંમાં ગાળાગાળીનું સ્થાન મંત્રોચ્ચારે લીધું અને અડ્ડાઓને સ્થાને અઠવાડિક સભા ગોઠવાઈ ગઈ. તેના આ સદ્‌વર્તનની સુવાસ પત્નીના નાકે પહોંચતાં દૂર ગયેલી તે પણ ઘરમાં આવી ગોઠવાઈ ગઈ. સંતાનોના અભ્યાસમાં બરકત અને પરિવારમાં બચત આવી. તેથી સમય જતાં આજીવિકાના સાધન સમી દુકાન પણ પોતાની માલિકીની થઈ. આ બધાની સાથે જેસાના જીવનમાં સત્સંગનો રંગ ગાઢ થતાં સમયાંતરે તે સત્સંગ મંડળનો સંચાલક પણ બની રહ્યો!

'સંતે કૈંક અધમ ઉદ્ધાર્યા, પામર પતિતનેય તાર્યા...' એ પંક્તિ સ્વામીશ્રી જ્યાં જતા ત્યાં આ રીતે જ સાકાર થઈ ઊઠતી; પરંતુ આવું આમૂલ-ચૂલ પરિવર્તન કરવા માટે તેઓનાં ફક્ત દર્શન પણ પૂરતાં થઈ પડતાં એ વિગત ધ્યાનાકર્ષક બની રહેતી.

તાતા તેલને અડતાંવેંત ટાઢું કરી દે તે ચંદનના છાંટામાં શીતળતા કેટલી હોય? તે રીતે જોતાંવેંત પામરને પરમના પંથનો પ્રવાસી બનાવી દેનારા સ્વામીશ્રીની સાધુતાનું તેજ કેવું હશે!

સોરઠ બ્રહ્મભીનો

લોઢવામાં રોકાયેલા નીલકંઠ વર્ણી જે પાત્રમાં મલાઈ-મિસરી આરોગતા તે પ્રાસાદિક વસ્તુ અને પ્રસાદીભૂત શાલિગ્રામ અહીં નૂતન મંદિરની મૂર્તિઓના સિંહાસન સામે જ મૂકવામાં આવેલાં. પ્રતિષ્ઠાવિધિ બાદ તેનાં દર્શન કરી સ્વામીશ્રી મંદિરની બહાર આવેલી ઓસરીમાં પધાર્યા. અત્રે તેઓ પ્રસાદીની કોઠી, ઘંટીનાં દર્શન કરી જે પીપળા નીચે નીલકંઠ વર્ણી આરામ કરતા ત્યાં પહોંચ્યા. આ સમયે વૃક્ષ તો સ્મૃતિશેષ બની ગયેલું, પણ સ્વામીશ્રી એ ઠેકાણે

મહારાજને નીરખતા હોય તેમ દર્શન કરી પુરાતન વાવે આવ્યા.

આ વાવડી ઘણી ઊંડી હતી, છતાં તેઓ ઠેઠ ઊતર્યા અને ઠાકોરજીને સ્નાન કરાવી જળ માથે ચઢાવ્યું. તેની સાથે 'આ વાવનું પાણી કાયમ મીઠું રહે અને જે પીએ એ બધા સુખી થાય, સૌનું કલ્યાણ થાય' એવા સંકલ્પ સાથે ધૂન કરી રસોડે ગયા. અહીં આજના અવસરે ઊમટેલા ૧૫,૦૦૦થી વધુ ભક્તો માટે બનાવેલાં બુંદી-ગાંઠિયાના ઢગમાંથી સ્વામીશ્રીએ જાતે જ ખોબો ભરીને મહારાજને ધરાવ્યો.

ત્યારબાદ સભામાં પધારી આશીર્વાદ આપતાં તેઓએ જણાવ્યું: 'આ ગામમાં પહેલી વાર આવવાનું થયું છે. આ ગામ હરદ્વાર ને દ્વારકા જેવું તીરથ છે. અહીં રહેતા આપ બધાનાં દર્શન કરતાં અમને પણ આનંદ થાય છે. આજે આ પ્રસંગે ઘણાએ દારૂ મૂક્યો એ જાણીને પણ આનંદ થયો. જેણે-જેણે વ્યસન મૂક્યાં છે એ સુખી થશે.'

આ આશીર્વાદ અને છેલ્લા ત્રણ કલાકના સ્વામીશ્રીના સાંનિધ્યે સમસ્ત ગામને ઘેલું કર્યું હોય તેમ એકસાથે ૮૦૦થી વધુ ભાવિકોએ સ્વામીશ્રીના હસ્તે કંઠી બાંધવા ઇચ્છા પ્રદર્શિત કરી. તે જોઈ સ્વામીશ્રીએ ફરી વાર હાથમાં માઇક લઈ તેમાં જ વર્તમાન-દીક્ષાના મંત્રનું ઉચ્ચારણ કરી સૌને એક સામટા વર્તમાન ધરાવી દીધાં.

આમ, પ્રથમ પગલે જ ગામનો ઉદ્ધાર કરી તેઓ વેરાવળ તથા ચાંદુવાવને લાભ આપતાં લોજ પધાર્યા. અત્રે વાવ, મંદિર અને પ્રાસાદિક સ્થાન તથા સામગ્રીઓનાં દર્શન કરી સ્વામીશ્રી માંગરોળ પહોંચ્યા.

અહીંના વ્યવસ્થાપકોએ તેઓને ગર્ભગૃહમાં લઈ જઈ, જે મૂર્તિનું શ્રીજીમહારાજ પૂજન કરતા તેનાં દર્શન કરાવ્યાં. અત્રે જ નગરના અગ્રણીઓ પણ સ્વામીશ્રીને સન્માનવા આવી પહોંચતાં મંદિરના સભામંડપમાં જ સ્વાગત-સભા યોજાઈ ગઈ.

આ અભિવાદન સ્વીકારી નીકળેલા સ્વામીશ્રી ચોરવાડમાં રાત્રિરોકાણ કરી તા. ૨૮/૧૧ના રોજ ધોરાજી પધાર્યા. અહીં લેઉઆ પટેલ સાંસ્કૃતિક ભવનમાં જાહેર-સભાનો લાભ આપી તેઓ તા. ૨૯/૧૧ની સવારે ઉપલેટા આવ્યા.

અત્રે સ્વામીશ્રી સાંજે જૂના મંદિરે દર્શન કરવા ગયા ત્યારે ત્યાં દીવાલમાં કોતરેલો લેખ તેઓએ વંચાવ્યો. તેના આધારે તેઓ સોની બજારમાં આવેલા મલઈબાઈના ઘેર પહોંચ્યા. અત્રે શ્રીજીમહારાજ થાળ જમેલા, પણ

હાલ તો તે મકાન બિસ્માર હાલતમાં હતું. તેની મરામત ચાલી રહી હોવાથી અહીં-તહીં ઈંટ, ચૂના અને પથ્થરના ઢગલા પડેલા. છતાં તેની વચ્ચેથી માર્ગ કાઢતાં સ્વામીશ્રી પ્રસાદીના ગોખ સુધી ગયા.

પ્રાસાદિક સ્થાનોના આ મહિમા સાથે દર્શનક્રમ પૂર્ણ કર્યા બાદ સ્વામીશ્રી ભગવત્‌સિંહ કન્યાશાળાના ચોકમાં ઊમટેલી મેદનીને સંબોધી તા. ૩૦/૧૧ની સવારે સુરેન્દ્રનગર પધાર્યા.

જીતનો ડંકો વાગી ગયો

સુરેન્દ્રનગરમાં તા. ૧/૧૨ અને ૩/૧૨ના રોજ અનુક્રમે બાપુનગર (અમદાવાદ) તથા ખારવાનાં નિર્માણાધીન મંદિરોનો ખાતવિધિ કરી સ્વામીશ્રી વિદ્યાનગર પધાર્યા ત્યારે અત્રે મહંત સ્વામી પણ પરદેશ-પ્રવાસ પૂરો કરીને આવી પહોંચ્યા. તેઓને આશ્લેષમાં લઈને મળેલા સ્વામીશ્રી નિર્વિઘ્ને થયેલી મહંત સ્વામીની ઍન્જિયોપ્લાસ્ટીનો આનંદ વ્યક્ત કરતાં સભામાં પણ બોલ્યા : 'મહંત સ્વામી અને સંતમંડળ પરદેશથી આવ્યું. એ સૌનાં દર્શન કરતાં આનંદ થયો. ભગવાનની ઇચ્છાથી મહંત સ્વામીની તબિયત સારી થઈ ગઈ.'

આ ખુશી સાથે સ્વામીશ્રીએ તા. ૪/૧૨ની સવારે જીટોડિયાના નવનિર્મિત મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી.

એ જ રીતે તા. ૫/૧૨ના રોજ આંકલાવના નૂતન મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી સ્વામીશ્રી સાંજે વડોદરાના આંગણે પધાર્યા ત્યારે અહીં ઠેર-ઠેર શોભતી સ્વાગત-કમાનો અને ધજા-પતાકાઓ તેઓના ૭૭મા જન્મજયંતી મહોત્સવની આલબેલ પોકારી રહેલી. નગર વટાવતી સ્વામીશ્રીની ગાડી જેમ-જેમ આગળ વધી રહી તેમ-તેમ શેરીઓના નાકે અને શહેરના ચોકે ઊભેલા ભાવિકો પુષ્પ, અક્ષત અને જયનાદોની ત્રિવેણીથી સ્વામીશ્રીને વધાવતા રહ્યા.

સૌનો આ ઉમળકો ઝીલતાં સ્વામીશ્રી મંદિરે પહોંચ્યા ત્યારે આ સ્થાપત્યના તો કાંગરે-કાંગરે ચૈતન્યનું પ્રાગટ્ય થઈ ચૂકેલું. તેનો ખૂણે-ખૂણો 'शतं जीव शरदः'ની ભાવના વહાવી રહેલો. આ અભિવાદનને પ્રતિસાદ આપતાં સ્વામીશ્રી મંદિરની પ્રદક્ષિણાના અગ્રભાગ પર બિરાજ્યા ત્યારે સામે પ્રાંગણમાં બેઠેલા હજારો ભક્તોએ જયનાદ ગજવી તેઓને સત્કાર્યા.

તે સૌને આશીર્વર્ષાથી તૃપ્ત કરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'આપણે બહુ

ભાગ્યશાળી છીએ. આપણા ભાગે સારું લાંભું આવ્યું છે. હવે છેલ્લો જનમ. આ એમનું વરદાન છે કે સર્વને બ્રહ્મરૂપ કરવા છે. એટલે એવા લાંભામાં આવી ગયા છીએ.'

આમ કહેતાં સ્વામીશ્રીએ સ્વયં *'ભાગ્ય જાગ્યાં...'* કીર્તનની કડી ઊંચી હલકે ઉપાડી. તેનું જ વિવરણ કરતાં વધુમાં જણાવ્યું :

'ભગવાન પુરુષોત્તમ નારાયણ, અક્ષરધામના અધિપતિ કે જેમનો ભેટો થાય નહીં, એ દયાએ કરીને આવ્યા ને આપણે એમનો દર્શન-લાભ લઈએ છીએ, એમનાં પ્રવચન સંભળાય છે એ દયા થઈ છે. કોટિ કલ્યાણ થયાં છે. કોટિ કલ્યાણ એટલે છેલ્લો જનમ. હવે ઉધારો નથી. 'કેમ થશે? શું થશે? ભૂત થઈશું?' એવી શંકા રાખવાની જરૂર જ નથી. મહારાજનું પ્રગટપણું છે ને સાચા ગુરુ મળ્યા એટલે જીતનો ડંકો વાગી ગયો. શું જીતી ગયા? માયા સામેની જીત થઈ ગઈ.'

તમે દીન તણા છો બંધુ

તા. ૬/૧૨ની સાંજે સમૈયાના વ્યવસ્થાપકો સાથે મીટિંગમાં બિરાજેલા સ્વામીશ્રીને સંતો વિવિધ વિભાગોની વ્યવસ્થાથી વાકેફ કરી રહેલા. તે ક્રમમાં રસોડા વિભાગે વિગત જણાવતાં કહ્યું : 'હરિભક્તો સભામાં બેઠા હશે ત્યારે જ તેઓને ભોજન માટેનાં ફૂડ પૅકેટ્સ વહેંચી દેવામાં આવશે.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'જે હરિભક્તો બસ કે ટેમ્પા-મોટર લઈને આવ્યા હોય તેઓના ડ્રાઇવરો તો સભામાં નહીં આવે. માટે એ ડ્રાઇવરોને પાર્કિંગમાં જઈને ફૂડ પૅકેટ આપજો. ત્યાં એમને માટે પીવાના પાણી અને મુતરડીની પણ વ્યવસ્થા કરજો.'

જ્યારે ગણિત અને ગણતરી લાખોના હિસાબે ચાલતાં હોય ત્યારે પણ છેક છેડે ઊભેલો ન છૂટે તે સ્વામીશ્રીની વિશેષતા રહેતી. તેને કારણે તા. ૭/૧૨ની રાત્રે પાર્કિંગમાં ઊભેલા પેલા ડ્રાઇવરોને શિખંડ, અડદિયા, મોહનથાળ, ભાખરવડી, ફરસી પૂરી વગેરેથી સભર જમણનાં પૅકેટ હાથમાં આવ્યાં ત્યારે તેઓને જાણ પણ નહીં થઈ હોય કે આવું મિષ્ટ-ઇષ્ટ ભોજન તેઓ સુધી પહોંચાડનારા છે – ૧૦ ફૂટ ઊંચા મંચના ભવ્ય સિંહાસન પર બેઠેલા સ્વામીશ્રી!

ઊંચે જઈને પણ નીચેનાને ન ભૂલે એવા સ્વામીશ્રીને વધાવવા તા.

૭/૧૨ના રોજ એક લાખ ઉપરાંતનો ભક્તસમુદાય દોડી આવ્યો. આજે સ્વામીશ્રીના જન્મદિનની તિથિ અને તારીખ એકસાથે આવતાં સૌનો ઉત્સાહ પણ બેવડાઈ ગયેલો.

સૌનો આ ભક્તિભાવ ઝીલતા સ્વામીશ્રી આજની સવારે શાસ્ત્રીજી મહારાજના ઓરડે દર્શન કરવા પહોંચ્યા ત્યારે અહીં એક સંતે પૂછ્યું: 'અમે શું કરીએ તો આપ રાજી થાવ?'

'કહીએ એમ થશે?'

'હા.'

'તો મનધાર્યું ના કરવું.'

જન્મદિનનો આ સંદેશ સંભળાવી સ્વામીશ્રીએ મંદિરમાં કાયાકલ્પ પામેલા હરિકૃષ્ણ મહારાજ અને લક્ષ્મીનારાયણ દેવ તેમ જ હનુમાનજી તથા ગણપતિજીની નૂતન મૂર્તિઓમાં પ્રાણ પૂર્યા. આ અવસરે નવી સુખશય્યામાં પણ મૂર્તિઓની પ્રતિષ્ઠા થઈ. મંદિરના ત્રણેય ખંડોમાં નવીન સુવર્ણ-સિંહાસનોયે જડાયાં.

તે સૌની આરતી ઉતારી સ્વામીશ્રી મંદિર સામેના મેદાનમાં ખોડાયેલા મંડપ તળે પ્રાતઃપૂજા કરવા પધાર્યા. અહીં તેઓના વરદહસ્તે ૪૪ પાર્ષદો અને ૨૨ સાધકો દીક્ષા ગ્રહણ કરવા તત્પર હતા. ૪૦,૦૦૦ ભાવિકોની ઉપસ્થિતિમાં દીક્ષાનો આ દિવ્ય અવસર ઉમંગભેર સંપન્ન થયો.

૭૭મો જન્મજયંતી મહોત્સવ

સ્વામીશ્રીનો ૭૭મો જન્મોત્સવ ઊજવવા માટે અટલાદરાની સીમમાં આવેલા રેલવે મથકને અડીને ઊભેલી ૮૦ એકરની વેરાન જમીન ૫,૦૦૦ સ્વયંસેવકોના પરિશ્રમથી 'સ્વામિનારાયણ નગર'માં ફેરવાઈ ગયેલી. તેમાં રચાયેલા સાડા ચાર લાખ ચો.ફૂ.ના સભામંડપમાં સ્થાન લઈ ચૂકેલા આશરે એક લાખ હરિભક્તો તા. ૭/૧૨ની સાંજે ચાતક નજરે સ્વામીશ્રીની પ્રતીક્ષા કરી રહેલા. બરાબર ૫:૪૦ વાગ્યે સ્વામીશ્રીની પધરામણી 'નગર'ના ગુલાબી દ્વારે થતાં જ સૌનાં મુખ સૂરજમુખીની જેમ એ દિશામાં ફરી ગયાં.

આ ભક્તસમુદાય દ્વારા સ્વામીશ્રીનાં શિરે અને શરીરે અનવરત પુષ્પવર્ષા વરસતી ચાલી. તેને ઝીલતા સ્વામીશ્રી હંસ રથ પર આરૂઢ થઈને શ્રોતાઓ વચ્ચેથી મંચ તરફ અગ્રેસર થઈ રહ્યા. આ સમયે તેઓને સત્કારવા

૧૦૦ X ૩૦ ફૂટનો વિશાળ મંચ પણ થનગની રહેલો. તે પર બેઠેલા મેયર અને મંત્રી સહિત અનેક મહાનુભાવોયે સ્વાગતોપચાર લઈ સજ્જ હતા.

આમ, અવની-આકાશમાંથી વરસી રહેલાં પૂજાદ્રવ્યો સ્વીકારતા સ્વામીશ્રી સાત મિનિટની રથયાત્રા બાદ મંચના મધ્યમાં ખીલેલા કમલાસન પર બિરાજ્યા. તે વખતે એક પછી એક આમંત્રિત અતિથિઓએ તેઓને પ્રવચન-પુષ્પોથી વધાવ્યા. તેની સાથે સંવાદ અને નૃત્યની પણ રમઝટ મચી રહી.

કાર્યક્રમોની આ સળંગ શૃંખલાના અંતે સ્વામીશ્રીના આશીર્વાદ, સમૂહ આરતી અને હારતોરાનાં હૃદયંગમ દૃશ્યો સાથે ૭૭મા જન્મોત્સવ પર પૂર્ણવિરામ મુકાયું ત્યારે વડોદરાની ધરતી પોતાના આ પનોતા પુત્રને વધાવતાં હરખાઈ રહી.

વળી, આ દિવસ ભારતભરમાં પોલિયો રસીકરણ દિન તરીકે ઊજવાઈ રહેલો. તે ઉપક્રમે 'નગર'માં ઊભા કરવામાં આવેલા રસીકેન્દ્રમાં ૭,૦૦૦ શિશુઓએ લાભ લઈ નિરામય જીવન તરફ કદમ ઉપાડ્યાં. તેની સાથે આજે શહેરના ૬૦૦થી વધુ ગલ્લાવાળાઓએ ગુટકા-વેચાણ પર સ્વૈચ્છિક પ્રતિબંધ મૂકી સ્વામીશ્રીને અર્ઘ્ય અર્પણ કર્યું. સમાજસેવાની આવી કંઈક પ્રવૃત્તિઓથી પણ સ્વામીશ્રીનો ૭૭મો જન્મોત્સવ સ્મરણીય બની રહ્યો.[૩૫]

પરંતુ તેથી વિરક્ત સ્વામીશ્રી તો તા. ૧૦/૧૨ની સાંજે અટલાદરાથી વિદાય લઈ ઈટોલાને પાવન કરતાં કરજણ જઈ પહોંચ્યા.

અત્રે તેઓએ તા. ૧૧/૧૨ની સવારે નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કર્યા. આ પ્રસંગે ઉપસ્થિત ગુજરાત વિધાન-સભાના ઉપાધ્યક્ષ શ્રી ચંદુભાઈ ડાભીએ જણાવ્યું કે "થોડા દિવસ પહેલાં ગાંધીનગરમાં ઈંગ્લેન્ડના સાંસદોનું એક પ્રતિનિધિ મંડળ આવ્યું હતું. એમણે આવતાં પહેલાં વિધાનસભામાં પત્ર લખ્યો હતો કે 'અમે ગુજરાતમાં પાંચ કલાક માટે જ છીએ ને અમારે બે જ સ્થળ જોવાં છે. એક તો ગાંધી આશ્રમ અને બીજું અક્ષરધામ.' પ્રમુખસ્વામીએ ગુજરાતને જે ભેટ આપી છે એની પ્રસિદ્ધિ જોઈને અમારી છાતી ગજ-ગજ ફૂલે છે."

---

૩૫. અટલાદરાના આંગણે ઉત્સાહભેર ઊજવાયેલા સ્વામીશ્રીના ૭૭મા જન્મોત્સવને માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

આમ, ગરવી ગુજરાતના ઘડવૈયા તરીકે સૌનાં મનમંદિરમાં બિરાજી ગયેલા સ્વામીશ્રી પ્રતિષ્ઠા-ઉત્સવ બાદ કરજણથી ભરૂચ આવી પહોંચ્યા.

ભરૂચની ભૂમિ પર શિખરબદ્ધ મંદિરનો શિલાન્યાસ

ભરૂચમાં સ્વામીશ્રીના આગમનનું નિમિત્ત હતું – શિખરબદ્ધ મંદિરનું ખાતમુહૂર્ત. આ શહેરના સમીપવર્તી ઝાડેશ્વરના આંગણે હાઈવેને અડીને વિસ્તરેલી આશરે પોણા દસ એકરની ભૂમિ પર નિર્માણાધીન મંદિરનું પરિસર પથરાવાનું હતું. તેના શિલાન્યાસ ઉપક્રમે થનારી મહાપૂજામાં ૨,૭૨૨ યજમાનો નોંધાઈ ચૂકેલા.

તા. ૧૩/૧૨ની સવારે યોજાયેલા આ પ્રસંગે ગુજરાત તથા મધ્ય-પ્રદેશના ચીફ કસ્ટમ કમિશનર શ્રી એ. કે. મિત્રા પણ આવી પહોંચ્યા. આ મહાનુભાવ જ્યારે શ્રી ગણેશભાઈ અમીનના ઘેર સ્વામીશ્રીને મળ્યા ત્યારે તેઓએ પ્રાસંગિક વાતચીતમાં ઉલ્લેખ કર્યો કે 'આખા ભારતમાંથી કસ્ટમને થતી કુલ આવકની ૫૦% આવક મહારાષ્ટ્ર અને ગુજરાતમાંથી થાય છે. બાકીની ૫૦% બધાં રાજ્યોમાંથી થાય છે.'

આ માહિતી સાંભળી સ્વામીશ્રીએ પૂછ્યું: 'ગુજરાત જે ડ્યૂટી આપે એમાં રાજ્યને કેટલો ફાયદો ?'

'ડ્યૂટી પ્રમાણે નહીં, પણ જરૂર પ્રમાણે એ આવક કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યોને ફાળવાય છે. જે રાજ્યમાં વધારે જરૂર એ રાજ્યમાં વધારે મદદ થાય. ગુજરાતને ઓછી જરૂર પડે તો ઓછી મદદ થાય.'

આ વિગત જાણી સ્વામીશ્રીએ સવાલ કર્યો કે 'કેન્દ્રને આ બાબતમાં 'ભારત એક જ છે' એવો વિચાર આવ્યો તો નર્મદા યોજના માટે કેમ આવો વિચાર નથી આવતો ? નર્મદાના જળની સૌથી વધુ જરૂર ગુજરાતને છે, છતાં પરવાનગી કેમ નથી આપતા ? આમાં લાભ તો ભારતને જ છે ને !'

સ્વામીશ્રીનો આ તર્ક કસ્ટમ કમિશનરના હૈયા સોંસરો ઊતરી ગયો. તેઓને સ્વામીશ્રીની વિચારસરણી માટે માન ઊપજ્યું.

આમ, સૌના સમાન હિત માટે પ્રવર્તતા સ્વામીશ્રીના વરદહસ્તે તા. ૧૩/૧૨ના પ્રભાતે ૧૦:૨૫ વાગ્યે ખાતવિધિના ગર્તમાં પૂર્ણ કળશ સાથે કૂર્મશિલા ઢંકાઈ ત્યારે તેઓના એક દીર્ઘજીવી કાર્યનો પ્રારંભ થઈ ગયો. તેની પ્રતીતિ કરાવતાં આજે ઝાડેશ્વર વિદ્યાલયના ૪૧૧ છાત્રોએ આજીવન

વ્યસનમુક્ત રહેવાની પ્રતિજ્ઞા લીધી.

આ અવસરે નર્મદાના નીર જેવી જ પરોપકારી અમૃતધારા વહાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'જેમ નર્મદા જ્યાંથી નીકળે છે ત્યાંથી બધાને લાભ કરતી જાય છે. એને કોઈ નાત-જાત, ધર્મ કે ઊંચ-નીચના ભેદ નથી. એમ ભગવાન ને સંત આપણને પવિત્ર કરવા જ આવ્યા છે. લોકો દુઃખ કે ત્રાસ આપે, પણ એમને તો બીજાનું ભલું કરવાની જ ભાવના છે. આપણામાં 'વિશ્વ આપણું કુટુંબ છે' એવી ભાવના આવે એ માટે આવાં મંદિરો, ધર્મશાસ્ત્રો અને સંતો છે. આજે 'સમાજ કે દેશ કે ધર્મ માટે મેં આટલું કર્યું તો સમાજ, દેશ કે ધર્મ મારા માટે શું કરશે ?' એ ભાવના ખોટી છે. ભગવાને આપણને કેટલું બધું આપ્યું છે ! તો એને માટે મારે પણ કંઈક કરવું એવી ભાવના રાખવી.

અહીં મોતીભાઈએ કરોડો રૂપિયાની જમીન સેવામાં આપી દીધી છે. એ કંઈ કરોડોપતિ કે અબજોપતિ નથી, પણ એવી ભાવના સાથે અર્પણ કરી. બીજાઓનો પણ ઘણો સહકાર છે એટલે આ કાર્ય શક્ય બન્યું છે.

નર્મદાના કાંઠે આ તીરથ થયું છે એ હંમેશાં લાભ આપ્યા કરે. નર્મદા પ્રોજેક્ટ ચાલુ થયો છે એનું કામ જલદી પૂરું થાય.'

આશીર્વાદના આ અમીસિંચન સાથે શિલાન્યાસ સમારોહ સંપન્ન થયો.

નાની આજ્ઞા, મોટું કામ

તા. ૧૪/૧૨ની સવારે જી.એન.એફ.સી.ના કર્મચારીઓની વસાહત સમા નર્મદા નગરમાં સત્સંગનો લાભ આપી ભરૂચથી વિદાય થયેલા સ્વામીશ્રીએ આજની રાત્રે કુડસદને પાવન કર્યું.

અત્રે શ્રી ઠાકોરભાઈ પટેલના ઘેર વાળુ કર્યા બાદ પત્રવ્યવહારમાં પરોવાયેલા તેઓ સન્મુખ સંતો ગોઠવાવા માંડ્યા. આ દર્શનાર્થીઓને જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું : 'મહારાજો ! ભક્તિ કરી ?'

'હા, બધા જમ્યા.'

'એ તો બરાબર, પણ ચેષ્ટા બોલ્યા ?'

'ના.'

'તો બોલો.'

આમ કહી સ્વામીશ્રી પણ ચેષ્ટાગાનમાં જોડાયા. તે પછી તેઓએ આજે

રવિવાર હોવાથી સંતોના આહ્‌નિક અનુસાર ગઢડા અંત્ય પ્રકરણના ૧૯મા વચનામૃતનું વાંચન કરાવી હિતોપદેશ સંભળાવ્યો.

તેને અનુસરતાં તા. ૧૫/૧૨ની સવારે કીમ પહોંચેલા સ્વામીશ્રીના વરદહસ્તે અત્રે મુખ્ય રસ્તા પર જ બંધાયેલા મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત થયા. આ પ્રસંગે યોજાયેલી સભામાં અહીંના નવનિર્મિત મંદિરનો પાયો ખોલતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

“કીમમાં પૂજ્ય યોગીજી મહારાજના આશીર્વાદથી આપણો સત્સંગ ચાલે છે. સત્સંગમાં ઈન મીન ને તીન – કાંતિભાઈ, રવજીભાઈ ને (પદ્મકાંત) ભાવસાર. એ ત્રણમાંથી સત્સંગ થયો. યોગીજી મહારાજની નાની આજ્ઞા પાળીએ તો પણ કેવું કામ થાય છે! યોગીજી મહારાજની આજ્ઞામાં શ્રદ્ધા ને વિશ્વાસ એમણે રાખ્યાં તો આવું મંદિર થયું. અહીં શ્રીજીનંદન સ્વામી પણ બહુ જ બળિયા અને ઉત્સાહી છે.

એક વખત લક્ષ્મીજીને વિચાર આવ્યો કે ‘ભગવાન કઈ રીતે અનંત કોટિ બ્રહ્માંડના બધા જીવોનું પોષણ કરે છે?’ એ પરીક્ષા લેવા ગયાં. એક કીડીને લઈને દાબડીમાં મૂકી ને બરાબર પૅક કરી. પણ લક્ષ્મીજીના ચાંદલામાંથી એક ચોખાનો દાણો એમાં પડી ગયો. પછી ભગવાન પાસે જઈ કહ્યું કે ‘તમે બધાનું પોષણ કરો છો પણ એક જીવ રહી ગયો. જુઓ, બતાડું.’ ને દાબડી ખોલી તો ચોખાના દાણા પર કીડી હતી. તમે ટાઉન (નગર) બાંધો તો મકાન, લાઈટ, પાણી બધી જ વ્યવસ્થા કરીએ. બુદ્ધિશાળી માણસ આવું કરે તો ભગવાન તો અતિશય બુદ્ધિવાળા છે. તે જીવ-પ્રાણીમાત્રની ફિકર રાખે છે.”

સ્વામીશ્રીએ આજે સંત અને ભગવંતની રીત ઉજાગર કરી આપી.

તેનો અનુભવ અહીંની આમ જનતા પણ કરી રહી, કારણ કે આ પ્રતિષ્ઠા નિમિત્તે પ્રમુખસ્વામી આરોગ્ય કેન્દ્ર દ્વારા એક હજાર જેટલા જરૂરિયાતમંદને વિના મૂલ્યે ચશ્માંનું વિતરણ કરવામાં આવ્યું. સ્વામીશ્રીની આવી હિતકારી પ્રતિભાને વધાવવા સ્થાનિક મહિલા મંડળે ૩,૭૭,૦૦૦ તલ પરોવીને તૈયાર કરેલો હાર જ્યારે સ્વામીશ્રીને પહેરાવવામાં આવ્યો ત્યારે તેઓની લોકવલ્લભ છબીનું વધુ એક દર્શન થઈ રહ્યું.

ભગવાન ભજવા જેવું લાગે છે

તા. ૧૫/૧૨ની સાંજે કીમથી ડુમ્મસ પધારેલા સ્વામીશ્રી અત્રે આજની

રાત્રે પત્રવાંચન કરી રહેલા ત્યારે સામે સુરતના ત્રણ યુવકો આવીને બેઠા. તેમાંના એક યુવાનને સ્વામીશ્રીએ થોડા દિવસ પહેલાં ગુટકાનું વ્યસન છોડાવેલું. તેને જોતાં જ સ્વામીશ્રીએ પૂછપરછભરી નજર ફેરવી ત્યારે પેલા યુવકે કહ્યું : '૮૦% ગયું ને ૨૦% બાકી છે.'

પરંતુ આ ઢીલાશ સ્વામીશ્રીને માફક ન આવતાં તેઓ જુસ્સાભેર બોલવા લાગ્યા : 'આ વસ્તુ એક ઝાટકે જ મૂકવી જોઈએ. યુવાનીમાં હજી આ રીતે થાય છે તો આગળ ધંધામાં પ્રોગ્રેસ કઈ રીતે કરીશ ? આપણે તો છાતી કાઢીને કામ કરવાનું છે. ધંધામાં તું ઘરબાર વગરનો થઈ જાય તોય પકડી રાખે છે ? એમ આ ધંધો જ ખોટનો છે. જિંદગી ખલાસ થઈ જાય. આપણે તો ભગવાન અને સંતનું વચન અધ્ધર ઝીલવું.'

આમ કહેતાં સ્વામીશ્રીએ પોતાને પીવા માટે લવાયેલા પાણીમાંથી જ પેલા યુવકની હથેળીમાં જળ આપી વ્યસન-ત્યાગનો સંકલ્પ કરાવ્યો. પોતાની તરસ છિપાવવા કરતાંયે અધિક રસ તેઓને એક યુવાનની જિંદગી સુધારવામાં હતો.

તેથી અભિભૂત થયેલા આ યુવાનોએ વાર્તાલાપ દરમ્યાન વર્તમાન પ્રવાહોનો વિષય છેડ્યો. તેમાં રાજનીતિ સંબંધી કેટલીક વાતોના સંદર્ભમાં તેઓએ પૂછ્યું : 'સ્વામી ! આ બાબતે આપને શું લાગે છે ?'

'તું કહે છે ને અમે સાંભળીએ છીએ, બાકી તો ભગવાન ભજવા જેવું લાગે છે.' સ્વામીશ્રી બોલ્યા.

આધુનિક પેઢીને હેત કરી અધ્યાત્મમાર્ગે વાળવા તેઓ યુવકોની વાતોમાં રસ દેખાડતા, પણ તેઓનું તાન તો ભજનમાં જ રહેતું.

સત્સંગ ઊંડો થાય એ કરવું

તા. ૧૬/૧૨ની સવારે સુરત પધારેલા સ્વામીશ્રી અત્રે મંદિરનો પ્રથમ પાટોત્સવ ઊજવી પુનઃ ડુમ્મસ પહોંચ્યા. અહીં પણ તેઓએ તા. ૧૭/૧૨ના સુપ્રભાતે મંદિરનાં પગરણ માંડી દેતાં કુંજગલી-બ્રાહ્મણિયા કૉલોનીમાં શ્રી સી. કે. પીઠાવાલાએ સમર્પિત કરેલી જમીન પર ભૂમિશુદ્ધિનો યજ્ઞ કર્યો. તેની ધૂમ્રસેરો દ્વારા વાતાવરણને પવિત્ર કરતા સ્વામીશ્રી તા. ૧૯/૧૨ની સાંજે નવસારી આવી પહોંચ્યા.

આ વર્ષે ઊજવાતી આવેલી તેઓની ૭૭મી જન્મજયંતીના ત્રીજા

અને આખરી ઉત્સવનાં પડઘમ અહીં ગુંજી રહેલાં. તેની સાથે મંદિરમાં બિરાજનારી નૂતન મૂર્તિઓની પ્રતિષ્ઠાનો ઘોષ પણ ભળેલો. આ નિમિત્તે તા. ૨૦/૧૨ના રોજ યોજાયેલાં યજ્ઞ અને નગરયાત્રાનાં આયોજનથી સમગ્ર શહેર અક્ષર-પુરુષોત્તમના ગાનથી ગાજી રહ્યું. તેને અનુસરતાં તા. ૨૧/૧૨ની સવારે સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા મૂર્તિઓ પણ પ્રતિષ્ઠિત થઈ ગઈ.

આ શુભ દિવસની સાંજે જ જી.ઈ.બી. ગ્રીડ પાસે આવેલી ૩૦ એકરની ભૂમિ પર સ્વામીશ્રીનો જન્મોત્સવ ઊજવવા દક્ષિણ ગુજરાતના ૬૦,૦૦૦થી વધુ ભક્તો એકત્રિત થઈ ચૂકેલા. તેમાં મહાનુભાવોની મેદની પણ ઘણી હતી. તે સૌને સમીપદર્શનનું સુખ આપવા સ્વામીશ્રી ગરુડ આકારના રથમાં બિરાજી સૌ વચ્ચેથી પસાર થતાં મંચ પર પધાર્યા.

તે સાથે જ શરૂ થયેલી જન્મજયંતીના વિવિધ કાર્યક્રમોની શૃંખલામાં સ્વામીશ્રીના આશીર્વાદ બાદ હારતોરાનો વિધિ શરૂ થયો. અંજલિના આ ક્રમમાં શહેરના ૪૦૦ ગલ્લાવાળાઓએ ઉત્સવના બે દિવસો દરમ્યાન ગુટકા-વેચાણનો નિષેધ રાખી સ્વામીશ્રીને અર્ઘ્ય ધર્યું. એક મુસ્લિમ હૉટલ માલિકે તો ઉત્સવની પવિત્રતા અનુભવી પોતાના અંગત જીવનમાં અને પોતાની હૉટલમાંયે માંસાહારના નિષેધને આજીવન સ્થાન આપી દીધું !

આમ, આ વર્ષે સોરઠથી દક્ષિણ ગુજરાત સુધી ઊજવાયેલી સ્વામીશ્રીની જન્મજયંતીઓએ સમગ્ર રાજ્યમાં સદાચારની સુવાસ પ્રસરાવી દીધી. તેથી સ્વામીશ્રીનો જયજયકાર થઈ રહ્યો.[૩૬]

તેમ છતાં તા. ૨૨/૧૨ની સાંજે સ્વામીશ્રીએ વડીલ અને વ્યવસ્થાપક સંતોને એકત્રિત કરી કહ્યું: 'મારી તો એમ જ ઇચ્છા છે કે સૌ-સૌની રીતે સૌ-સૌનાં મંડળોમાં (જન્મજયંતીના) ઉત્સવ ઊજવી લે.'

જેમ બેડીથી બંધાયેલો માનવી બંધન ફગાવી દેવા આકુળ-વ્યાકુળ થઈ ઊઠ્યો હોય, એમ સ્વામીશ્રી વર્ષે-વર્ષે આવતી જન્મજયંતીના સકંજામાંથી છૂટવા માંગતા હતા.

પરંતુ ઈશ્વરચરણદાસ સ્વામીએ વાસ્તવિકતા રજૂ કરતાં કહ્યું: 'ઉત્સવ

---

૩૬. નવસારીમાં ઊજવાયેલા પ્રતિષ્ઠા મહોત્સવ અને સ્વામીશ્રીના જન્મોત્સવને માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

બંધ રાખીએ તોય આપ જ્યાં હશો ત્યાં તો બધા આવશે જ!'

'આપણે ક્યાંક બહાર જતા રહીશું.'

'ક્યાં જશો?'

'મહારાજ જેમ સંતાઈ ગયા'તા એમ સંતાઈ જઈશું.' હસતાં-હસતાં આટલું કહી સ્વામીશ્રીએ ગંભીરતાપૂર્વક જણાવ્યું:

'આટલો ઠઠારો કરવાની જરૂર નહીં. સાદાઈથી ઊજવવું. મંડળોવાળાને એમ થઈ જાય કે 'વટ પાડી દઈએ.' પણ દુનિયામાં વટ પાડીને આપણે શું લાભ લેવો છે! હવે તો આપણે મજબૂત કરવું. સત્સંગ ઊંડો થાય એ રીતે કરવું. આ જ્ઞાન પ્રસરાવવાની જરૂર છે.'

આ તો પ્રેમની વાત છે

સ્વામીશ્રીના સાંનિધ્યમાં કૂદકે ને ભૂસકે વિકસતા સત્સંગને સમાવવા દરેક મંદિરનાં સંકુલોનું વિસ્તરણ સમયાવકાશે થતું રહેતું. તે અનુસાર હવે નવસારીમાં પણ પરિસરના પુનર્નિર્માણની પ્રક્રિયાનો પ્રારંભ થવાનો હોવાથી એક સંતે તા. ૨૫/૧૨ની રાત્રે સ્વામીશ્રી પોઢ્યા ત્યારે કહ્યું: 'અહીં માસ્ટર પ્લાન(સંકુલ વિકાસની યોજના)નું આયોજન છે તો એમાં જરૂરી રકમ એકઠી થઈ જાય અને કોઈ ના ન પાડે એવા આશીર્વાદ આપો.'

આ સાંભળી સ્વામીશ્રી સૂતાં-સૂતાં જ બોલવા લાગ્યા:

'આપણે સાધુને શું? કથા-વાર્તા, ભજન કરીએ છીએ ને ભગવાન સૌમાં પ્રેરણા કરે છે. મૂળ આપણું ઠેકાણું હોય તો સેવા કરનારા હજારો છે. હરિભક્તો તો આપે છે. એને શાંતિ આપો. રાજી રાખો. 'એની પાસેથી પૈસા ખેંચવા જ છે' એવી વાત નહીં! થોડા સારુ મન તૂટી જાય એવો આગ્રહ ન રાખવો. સેવા કરવી અને કરાવવી, પણ એમાં વિનય ને વિવેક રાખવા ને પહેલી આપણી સાધુતા. આગ્રહ ન રાખવો કે 'તમે કેમ નથી આપતા?' આપણે ક્યાં એને ધીર્યું છે કે આગ્રહ રખાય? ધીરેલુંય લોકો આજે તો નથી આપતા. આ તો પ્રેમની વાત છે. ભગવાનની દયા છે એટલે લોકો આપે છે ને કામ થાય છે. ભગવાને હરિભક્તોને પણ સુખિયા કર્યા છે. આપણે પણ સાધુતા રાખીને ઠાકોરજી માટે સેવા કરવી-કરાવવી.'

સ્વામીશ્રીએ તેઓના જીવનકાળ દરમ્યાન ધર્માદા પર મદાર રાખીને જ બે અક્ષરધામ સહિત હજાર ઉપરાંત મંદિરો સર્જ્યાં, મહિના-મહિના સુધી

ચાલનારા ઉત્સવો ઊજવ્યા, કંઈક સમાજસેવાઓ કરી; પરંતુ એ ધર્માદો એકઠો કરવાની તેઓની રીત કદી કોઈ કચવાય નહીં એવી રહેતી. ક્રિયાના દોષથી મુક્ત રહીને ક્રિયા કરવાની તેઓની કુશળતા અનેરી હતી.

સંકોચ-વિકાસની સમજ

તા. ૨૬/૧૨ની સવારે નવસારીના નિકટવર્તી કબીલપોર અને વેજલપુરને લાભ આપી સ્વામીશ્રી આજની રાત્રે દુલસાડ પધાર્યા.

અત્રે તેઓ શ્રી મહેન્દ્રસિંહ ઠાકોરના ઘરની પાછળ આંબાવાડિયામાં નિર્માણ પામેલા મંદિરમાં તા. ૨૭/૧૨ની સવારે મૂર્તિપ્રતિષ્ઠા કરવા પહોંચ્યા. એક ઓરડા જેવા આ મંદિરમાં પટમૂર્તિઓ બિરાજેલી, પરંતુ સિંહાસનનો ઓટલો પહોળો અને ઊંચો હોઈ ઊભાં-ઊભાં પ્રતિષ્ઠા થઈ શકે એવું નહોતું. તેથી તે ઓટલા પર જ પલાંઠી વાળીને સ્વામીશ્રીએ સમગ્ર વિધિ પૂર્ણ કર્યો. મૂર્તિપૂજન વખતે ચાંદલા પણ બેઠાં-બેઠાં જ સહેજ ઊંચા થઈને કર્યા.

ત્યારબાદ આરતી અને આશીર્વાદનો લાભ આપી સ્વામીશ્રી મરલા પહોંચ્યા ત્યારે અહીં પણ પ્રતિષ્ઠાનાં પડઘમ ગુંજી રહ્યાં. તેની વચ્ચે પટેલ ફળિયામાં તૈયાર થયેલા કુટિર મંદિરમાં સ્વામીશ્રીએ અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવ્યા. તે પછી સ્વામિનારાયણ ફળિયામાં પધારેલા તેઓએ અત્રે નિર્માણ પામેલા એક શિખરીય મંદિરમાં આરસના અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કરી ગામનાં આનંદ અને આયુષ્યમાં અનેકગણો વધારો કરી આપ્યો. આ આનંદનું વિતરણ કરવા વિચરતા તેઓ આજની રાત્રે સાંકરી પધારી ગયા.

અહીં તેઓનો લાભ લેવા ઊમટેલા સંતોની સંખ્યા ઝાઝી હતી અને સ્વામીશ્રીનો ભોજનખંડ નાનો. તેથી ઘણા દર્શનાર્થી સંતોને ઓરડાની બહાર ઊભા રહેવું પડતું. પણ સ્વામીશ્રીને તો સૌને સમાવવાનું તાન. તેથી તેઓએ તા. ૩૧/૧૨ના રોજ સંતોને શીખ આપતાં કહ્યું :

'આપણે સંકોચ-વિકાસ અવસ્થા પહેલી શીખવી. એટલે શું સમજ્યા ? જગ્યા સાંકડી હોય ત્યારે સંકોચ કરીને સમાઈ જવું ને વિશાળ જગ્યા હોય તો પખતાશથી બેસવું. એ જ રીતે જ્ઞાનની દૃષ્ટિએ અંતર્દૃષ્ટિ કરવી એ સંકોચ છે. નિયમ-ધર્મની દૃઢતા કરવા, સંયમ કરવા સંકોચ કરવો પડે અને આપણને જે જ્ઞાન મળ્યું છે એનો પ્રચાર સઘળે થાય એ વિકાસ છે.'

સંકોચ-વિકાસની આ વિભાવના સંપૂર્ણ સાકાર કરનારા સ્વામીશ્રી આજની રાત્રે પોઢ્યા ત્યારે તેઓના સંગે સન ૧૯૯૭નું વર્ષ અમરત્વનું ઓઢણું ઓઢી ચૂકેલું. તેથી ધન્યતા અનુભવતું તે આજની રાત્રે બાર વાગ્યે વિદાય થયું.



હૃદયસમ્રાટની હૃદયલીલા

સન ૧૯૯૮

ગમે નહીં અસાધુતા રંચ રે

સન ૧૯૯૮ના પ્રારંભિક સમયમાં જ રાજ્યવ્યાપી ચૂંટણી યોજાવાની હોવાથી એક ઉમેદવાર તા. ૩/૧ની સાંજે આશીર્વાદ લેવા દોડી આવ્યા. તેઓને સ્વામીશ્રીએ કહ્યું :

'તમે ચૂંટણી લડો એનો વાંધો નથી. અમારા આશીર્વાદ છે, પણ ચૂંટાયા પછી કદાચ પ્રધાનપદ ન મળ્યું તોય, 'પક્ષ છોડવો નથી, સત્તા અને પૈસાની લાલચમાં લોભાવું નથી' એવું નક્કી કર્યું છે ? આપણે સેવા કરવા જ જઈએ છીએ. પ્રામાણિકતા એટલે પ્રામાણિકતા.'

રાજધર્મની આ શીખ આપનારા સ્વામીશ્રીએ અત્રે સાંકરીમાં યોજાયેલી એક ક્ષેત્રીય કાર્યકર સભામાં પણ નીતિમત્તાનો આવો જ એકડો ઘૂંટાવ્યો.

આ કાર્યક્રમમાં જ્યારે ઉદ્‌ઘોષક શ્રી હિંમતભાઈ ધામેલિયાએ સ્વામીશ્રીનો મહિમા પ્રસ્થાપિત કરવા સંપ્રદાયની અન્ય એક શાખાના કોઈ ત્યાગીએ આચરેલા શિથિલ વર્તનનો દાખલો આપ્યો ત્યારે ચાલુ સભામાં જ સ્વામીશ્રીએ તે કાર્યકરને પાસે બોલાવી જાણપણું આપ્યું કે 'ભલે સાચું હોય તો પણ આવી વાત જાહેરમાં કરવી નહીં. નિયમ લો કે આવી વાત ક્યારેય કરીશ નહીં !'

આમ, કાર્યકર્તા હોય કે રાજકર્તા – સૌને સાધુતા અને સમજદારીથી જ કામ લેવાનું શીખવતા સ્વામીશ્રી.

તેથી તેઓએ તીથલ મુકામે નિર્માણાધીન મંદિરનો પક્ષ રાખવામાં વિરોધીઓનો માર-ત્રાસ સહન કરનારા સત્સંગીઓને પણ તા. ૩/૧ના રોજ જણાવ્યું : "આપણે જીવનમાં સારું કાર્ય કરતા રહેવું. આવા પ્રસંગે આપણું લોહી તપે કે 'ખોટી રીતે હેરાન કરે ને એનું કેમ સહન કરવું ?' પણ આપણે ધીરજ રાખવી. મોળા ન પડવું. પુણ્યે પાપ ઠેલાય એમ આપણે ભગવાન ભજીશું તો આસુરી બુદ્ધિનો નાશ થશે. તમે પ્રેમથી જગ્યા આપી છે ને તમારો સંકલ્પ છે એમ અમારો પણ સંકલ્પ છે કે તીરથ થાય."

સ્વામી મળ્યા એટલે મહામહોપાધ્યાય

તા. ૪/૧ના રોજ સાંકરીથી વિદાય લઈ વિહાણ પધારેલા સ્વામીશ્રીએ અત્રે રાધાકૃષ્ણ મંદિરમાં આરતી ઉતારી એમ. વી. પટેલ હાઈસ્કૂલમાં ધર્મલાભ આપ્યો.

ત્યારબાદ આજની રાત્રે તેઓ સુરત પધાર્યા ત્યારે આ નગરીમાં હીરા બજારના કારીગર વર્ગ અને માલિકો વચ્ચે થયેલા ઘર્ષણથી ઘણા વિસ્તારોમાં તોફાનોની આગ ફેલાઈ હતી. તેમાં શેકાતા શહેરને શાતા પમાડવા સ્વામીશ્રીની શાંતિ અપીલ તા. ૬/૧ના રોજ ટી.વી. ચેનલ દ્વારા પ્રસારિત કરવામાં આવી. તેને સવળો પ્રતિસાદ મળતાં જનજીવન ધીરે-ધીરે થાળે પડવા માંડ્યું.

બરાબર આ જ વખતે શ્રુતિપ્રકાશદાસ સ્વામી, પ્રભુચરણદાસ સ્વામી વગેરે સંતો પંડિતો સાથે પરામર્શ કરવા કાશી ગયેલા. તેઓએ પોતાની આ યાત્રાનો અહેવાલ આપતાં તા. ૭/૧ની સાંજે સ્વામીશ્રીને કહ્યું : 'બનારસમાં પંડિતોની હાજરીમાં આપને મહામહોપાધ્યાયની ડિગ્રી અપાય એવી પ્રાર્થના અમે છપૈયામાં કરી છે.'

'એ બધી ડિગ્રીઓ પંડિતોને શોભે. અમારે તો સ્વામી (શાસ્ત્રીજી મહારાજ) મળ્યા એટલે મહામહોપાધ્યાય થઈ ગયા !' સ્વામીશ્રી બોલ્યા.

તેઓને ગુરુની પ્રાપ્તિમાં જ સર્વ પદવીઓનો સમન્વય મનાઈ ગયેલો.

એનાં વચન તે સુખકારી

તા. ૧૦/૧ની સવારે અલ્પાહાર બાદ શરૂ થયેલી મુલાકાતોમાં

આવેલા એક યુવાન શ્રી પરેશભાઈનું અંતર સ્વામીશ્રી વિશે *'મારો સફળ કર્યો અવતાર...'*ની લાગણી વહાવી રહેલું. ઊંચા પદની નોકરીમાં સારો પગાર ધરાવતા આ યુવક થોડા દિવસ પૂર્વે સ્વામીશ્રીને મળવા આવ્યા ત્યારે અંતરમાં અજંપો ભરીને આવેલા. પોતાના ઉચાટનો ઉકેલ તો ઠીક, તેઓને પોતાના ઉદ્વેગનું કારણ પણ પકડાતું નહોતું. આ જ તેઓની મોટી સમસ્યા હતી. બેંકનાં એકાઉન્ટ રૂપિયાથી ભરેલાં, પણ હૈયે સૂનકાર. ઘર ભર્યુંભાદર્યું, પણ ભીતર ભેંકાર.

આ મનોદશાથી ગ્રસ્ત-ત્રસ્ત એ યુવાને નાસવાની બારી તરીકે આપઘાતનો રસ્તો વિચારી જ લીધેલો, પરંતુ એ પગલું ભરતાં પહેલાં દૈવયોગે તેઓ સ્વામીશ્રી પાસે આવી ચડેલા. તે વખતે આંસુની ખારાશમાં જ પોતાની વેદનાને ઝબોળતાં તેઓએ ત્રૂટક-ત્રૂટક શબ્દોમાં પોતાની કરુણ કથની કહેલી.

તે સાંભળી સ્વામીશ્રી ફક્ત એટલું જ બોલેલા: 'લ્યા, અત્યારથી હિંમત હારી ગયો? ભગવાનનું બળ રાખીને કામ કરતાં શીખ.'

આ શબ્દોમાં રહેલાં આહ્‌વાન, અનુકંપા અને આસ્તિકતાએ પેલા ભગ્ન યુવાહૃદયને ચોટ પહોંચાડેલી. તેથી ગૂંગળાતાને પ્રાણવાયુ મળતાં જે હાશ થાય તે અનુભવ એ યુવાન કરી રહેલા.

આજે એ જ વાત ઉચ્ચારતાં તેઓએ સ્વામીશ્રીને કહ્યું: 'એકદમ શાંતિ થઈ ગઈ છે!'

સ્વામીશ્રીના સાદા શબ્દોની શક્તિના આવા દાખલા રોજેરોજ જોવા મળતા.

'વચનામૃત' એ અમૃત છે

તા. ૧૨/૧ની સવારે ગુણાતીત દીક્ષાદિન નિમિત્તે ડુમ્મસ મુકામે ડાબરા ઉત્સવ ઊજવી બપોરે સુરત પરત ફરેલા સ્વામીશ્રીએ અહીં સાંજે કિશોર સભામાં જ્ઞાનામૃત પીરસતાં કહ્યું:

'વચનામૃતનું જ્ઞાન સિદ્ધ થઈ જાય તો બીજા કોઈ ગ્રંથની જરૂર જ નથી. બધા પ્રશ્નોનાં એમાંથી સમાધાન થઈ જાય. 'વચનામૃત' શ્રુતિ છે ને 'સ્વામીની વાતો' સ્મૃતિ! વચનામૃત એવું શુદ્ધ ને સરળ ભાષામાં છે કે ગામડાનો પણ સમજી શકે ને જ્ઞાન કરી શકે. એમાં જે જ્ઞાન છે એ જેને પચ્યું હોય એ જ્યારે બોલે તો પંડિતોએ પણ સ્વીકારવું પડે. આ જ્ઞાન સમજી શકાય એવું છે, પણ

એના માટે નિત્ય અભ્યાસ કરવો પડે. વચનામૃત એ અમૃત છે. આ અમૃત પીએ તો રગરગમાં પ્રવર્તે ને જન્મ-મરણથી રહિત થઈને ભગવાનના ધામનું પરમ સુખ મળી જાય.

જ્યાં સુધી હું ને મારું છે ત્યાં સુધી ગમે ત્યાં રહો, પણ મોક્ષ નથી. આવા પુરુષ મળશે ને સમાગમ કરશો તો જ કલ્યાણ થશે. આ હકીકત વસ્તુ છે. આપણને એ સાક્ષાત્ પુરુષ મળ્યા છે! આપણો મનુષ્ય અવતાર ને ગુણાતીત સંત પ્રગટ કે જેમાં ભગવાન નિવાસ કરીને રહ્યા છે, આ જોગ થઈ ગયો! લુહાર બે લોઢાં તપાવે પછી સાંધો કેવો બાઝે? એમ આપણો સાંધો બાઝી ગયો. હવે ન સમજીએ તો આપણી ખામી છે. તકે તક મળી છે. આ તક જો ચૂકી ગયા તો ચોર્યાશી લાખ ફેરા ઊભા જ છે.'

સ્વામીશ્રીની આજની અમૃતધારા *'એવી તકમાં હું પણ આવ્યો, મારો ફેરો સફળ ફાવ્યો...'*નો સંદેશ સંભળાવતી વહી રહી.

દીકરી છે એ દીકરા જ છે

તા. ૧૪/૧ના રોજ ઊજવાયેલા ઝોળીપર્વમાં સુરતી સત્સંગીઓએ દાનનો દોર છૂટો મૂકીને સ્વામીશ્રીની ઝોળી છલકાવી દીધી. સ્વામીશ્રીએ પણ આશીર્વાદનો લાભ દઈ સૌની જીવનઝોળી સમૃદ્ધ કરી આપી.

તેઓની આવી કૃપાવર્ષાથી તા. ૧૫/૧ની સાંજે અપંગ કલ્યાણ ટ્રસ્ટના વિકલાંગ બાળકો પણ ધન્ય થઈ ઊઠ્યા. આ સમયે યોજાયેલી સભામાં સભાગૃહની ખુરશીઓ પર બેઠેલા એ અપંગ બાળકોને આશીર્વાદ આપવા સ્વામીશ્રી પોતાના આસન પરથી ઊભા થઈને છેક નીચે પધાર્યા. અહીં તેઓએ ખુરશીએ-ખુરશીએ જઈ એકેએક અપંગ શિશુને માથે હાથ મૂક્યા તેમ જ સ્વહસ્તે પ્રસાદ પણ વહેંચ્યો. અંતે ટ્રસ્ટના ચૅરમેન શ્રી કનુભાઈ ટેલરને પૂછ્યું: 'અપંગ બાલિકાઓ આવી છે?'

તે જો આવી હોય તો તેઓનેય પ્રસાદ પહોંચાડવાનો ઇરાદો સ્વામીશ્રીનો હતો, પરંતુ એ વિભાગમાં કોઈ નથી એમ જાણવા મળતાં સ્વામીશ્રીએ મંદિરના વ્યવસ્થાપક ઉત્તમપ્રકાશદાસ સ્વામીને કહ્યું: 'જેટલા વિદ્યાર્થીઓ અહીં આવ્યા છે તે સૌને જમાડજો અને જે નથી આવ્યાં તેઓ માટેનો પ્રસાદ ટ્રસ્ટીઓ સાથે મોકલી આપજો.'

સૌ પર વરસતી રહેતી સ્વામીશ્રીની આવી પ્રેમવર્ષાનો નૂતન પ્રકાર

તા. ૧૬/૧ની સવારના એક વાર્તાલાપમાં નીખરી ઊઠ્યો. આ સમયે ચાલતી મુલાકાતમાં એક મુમુક્ષુએ સ્વામીશ્રીને પૂછ્યું: 'મારે બે દીકરીઓ છે. દીકરો થાય એ માટે પ્રયત્ન કરવો?'

'તમારી શું ઇચ્છા છે?'

'તમે કહો એમ કરવું છે.'

'બસ ત્યારે! દીકરી છે એ દીકરા જ છે. તે બે પરણી જાય એટલે આપણે ભજન કરવું. સુખિયા થવાશે.'

સ્વામીશ્રીના આ અભિપ્રાયમાં સ્ત્રી-શક્તિનો મહિમા છે. તેઓને મન કોઈ અધિક-ન્યૂન નહોતું.

નિરલોભી થઈ ભજે છે ભગવંત

તા. ૧૯/૧ની સવારે સુરતથી નીકળેલા સ્વામીશ્રી બપોરે બાર વાગ્યે આમલેથામાં આવેલા ગુજરાત સ્પિનિંગ લિ.ના સંકુલમાં પધાર્યા. અત્રે તેઓ ૭૫ એકરના આ પરિસરમાં ઊભેલાં ગણેશજી, પદ્માવતીજી, બાલાજી, આંડાલ અને હનુમાનજીનાં મંદિરોમાં આરતીનો લાભ લઈ સંકુલના સંવાહક શ્રી આશિષબાબુને મળ્યા.

ત્યારબાદ અતિથિગૃહના દીવાનખંડમાં ઠાકોરજી જમાડવા પધારેલા સ્વામીશ્રીનાં દર્શને રાજપીપળાના પત્રકાર શ્રી દિલીપભાઈ પંડ્યા આવી ચડ્યા, પરંતુ ઉત્સાહવશ તેઓ સ્વામીશ્રી પર અભિષેક થાય તેવો ઇરાદો સેવી કડકડતી ચલણી નોટો ઉછાળવા લાગ્યા. તે જોઈ હેબતાઈ ગયેલા સ્વામીશ્રી બે ડગલાં પાછા હટી ગયા. તેઓની આ ક્રિયામાં હાથ તો શું, શરીરનેય દ્રવ્યનો સ્પર્શ ન થાય તેની તકેદારી જણાઈ રહી.

આ સાધુતા સાથે આજની સાંજે શહેરની રાજેન્દ્રસિંહ હાઈસ્કૂલ ખાતે યોજાયેલી જાહેર-સભામાં લાભ આપી સ્વામીશ્રી તા. ૨૦/૧ની સવારે પાટણા પહોંચ્યા. અત્રે તેઓએ ગામવાસી ભક્તોના સત્તર વર્ષના પ્રયત્નથી ટેકરા પર તૈયાર થયેલા નાજુક મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી સૌની ભક્તિ સાર્થક કરી.

તે પછી પુનઃ આમલેથા આવી ગયેલા સ્વામીશ્રી અહીં તા. ૨૧/૧ની સવારે મંદિર સંકુલના પ્રવેશદ્વારની ડાબી બાજુએ વટવૃક્ષનો રોપો વાવી વાવડી ગામે પહોંચ્યા. અત્રે તેઓ સંભવિત મંદિરની ભૂમિ પર દૃષ્ટિ કરી જનકલ્યાણની

એક યોજનામાં પ્રાણ ફૂંકવા આગળ વધ્યા.

નર્મદા યોજનાને અમર આશીર્વાદ

ગુજરાતનાં ગામ-ઘર, શેરી-શહેર અને ખોરડાં-ઓરડામાં અવિરત વિચરતા રહેવાને કારણે સ્વામીશ્રી પ્રજાની પીડાનો પૂરો ખ્યાલ પામેલા. તેથી જ તેઓ એ કષ્ટના એક ઉકેલરૂપ નર્મદા યોજનાને પૂર્ણતા સુધી પહોંચાડવા કટિબદ્ધ હતા. ગુજરાતની આ જીવાદોરી કપાય-રૂંધાય નહીં તે માટે તેઓએ આજ સુધીમાં કોઈ કસર છોડી નહોતી. આજે પણ એ જ હેતુસર સ્વામીશ્રી કેવડિયા કૉલોની તરફ અગ્રેસર થઈ રહ્યા.

આ માર્ગે વિંધ્યની પર્વતમાળા વીંધીને તેઓની મોટરે નર્મદા નદીના સેતુ પર પ્રવેશ કર્યો ત્યાં જ સામે નર્મદાનો વિશાળ મહાનદ નજરે ચઢતાં સ્વામીશ્રી ભાવવિભોર બની ઊઠ્યા. એક કોરે ગાડી ઊભી રખાવી તેઓ નર્મદાના નીરમાં પ્રાસાદિક પુષ્પો પધરાવતાં બોલ્યા: 'આખું ગુજરાત લીલું થઈ જાય એવું પાણી વહી જાય છે. જય મહારાજ ! યોજના જલદી સાકાર થઈ જાય એવી દૃષ્ટિ કરજો.'

આ પ્રાર્થના સાથે સ્વામીશ્રી કેવડિયા કૉલોનીના નર્મદા ભુવનમાં પધાર્યા ત્યારે મુખ્ય ઇજનેર શ્રી દેસાઈ સહિત અન્ય અધિકારીઓએ તેઓને સત્કાર્યા અને નકશા ખોલી સમગ્ર યોજનાની માહિતી આપી.

ત્યારબાદ નર્મદા યોજનાના મૉડલ પર દૃષ્ટિ ઠેરવી, રિવર હેડ પાવર હાઉસમાં પગલાં પાડનારા સ્વામીશ્રીને પહાડની આ માનવસર્જિત ગુફામાં વીજ-ઉત્પાદનની યોજનાથી વાકેફ કરવામાં આવ્યા. આ નિરીક્ષણ દરમ્યાન પુષ્પ, અક્ષત, કુમકુમ વગેરે પૂજાદ્રવ્યો સાથે જ રાખનારા સ્વામીશ્રીએ આ પૂજોપચાર ટર્બાઇન ગોઠવવાની જગ્યા પર પધરાવી ઊર્જામથકને દિવ્ય ઊર્જાથી ધબકતું કરી દીધું.

અહીંથી ઇજનેરો સ્વામીશ્રીને યોજનાનું બાંધકામ સંભાળતી જે. પી. ઍસોસિયેટ્સ કંપનીના કાર્યાલયની ખુલ્લી ગેલેરીમાં દોરી ગયા.

આ સ્થાનમાંથી સરદાર સરોવરનો બંધ સ્પષ્ટ જોઈ શકાતો હતો. ૮૦ મીટરની ઊંચાઈ પકડી લીધા બાદ હુંસાતુંસીની હડફેટે ચડી ગયેલા આ બંધની અટકી ગયેલી કાર્યવાહી જોઈ સ્વામીશ્રીના મુખ પર વ્યથાની રેખાઓ ઊપસી આવી. આ સમયે શ્રી અશોકભાઈ ગજ્જર વગેરે ઇજનેરોએ બંધ અને

સરોવરની વિગતો આપ્યા બાદ સ્વામીશ્રી સમક્ષ અરજ ગુજારી કે ‘આપની દિવ્ય, આધ્યાત્મિક દૃષ્ટિ આ બંધ પર કરો, જેથી બધાં વિઘ્નો દૂર થઈ જાય.’

‘ઠાકોરજી પધાર્યા છે. એમણે દૃષ્ટિ કરી છે એટલે નિર્વિઘ્ને કામ થઈ જશે. અમારા ગુરુ યોગીબાપાની ખૂબ જ ઇચ્છા હતી.’

આમ કહી ધૂન જગાવનારા સ્વામીશ્રીએ સંતોને બંધના બાંધકામ પર જઈ પુષ્પો પધરાવી આવવા આજ્ઞા કરી. તે પછી નાનકડી ટેકરી ચઢી ગયેલા તેઓએ પર્વતની આ સૌથી ઊંચી ટૂકેથી સરદાર સરોવર પર ઠાકોરજીની દૃષ્ટિ કરાવી.

ત્યારબાદ કેનાલ હેડ પાવર હાઉસમાં રખાયેલાં ટર્બાઇન અને કાર્યકક્ષમાં પધરામણી કરી, બંધની સૌથી નીચેની જગ્યાએ પધારેલા સ્વામીશ્રી અહીં વહેતી નર્મદાના કિનારે બિરાજ્યા. બાજુમાં ઠાકોરજી પધરાવ્યા. ઉચ્ચ અધિકારીઓને પણ સાથે બેસાડી પ્રાર્થના કર્યા બાદ તેઓએ નર્મદાના નિર્મળ અને શીતળ જળમાં ઠાકોરજીને સ્નાન કરાવ્યું. તે દરમ્યાન જનમંગલ નામાવલિનો પાઠ કરાવતાં સ્વામીશ્રીએ અક્ષતનો અભિષેક ચાલુ રખાવ્યો. અંતે ‘નર્મદાના શ્લોક બોલો... હવે બધા જ સંતોને પુષ્પો આપો... મંત્રપુષ્પાંજલિ બોલો...’ એમ સૂચના આપતાં-આપતાં તેઓએ નર્મદા-પૂજન કરાવ્યું. તે પૂરું થતાં પોતે જ ‘નર્મદા માત કી જય...’ ઉચ્ચારી ધૂન આદરી. તે વખતે બંધ પરનો મનાઈ હુકમ ઊઠી જાય, બાંધકામ જલદી પૂર્ણ થાય, આખા ગુજરાતને પાણી અને સમગ્ર ભારતને લાભ મળે તેવા સંકલ્પો સ્વામીશ્રીએ કર્યા.

તેઓના હૈયે રમતી જનહિતની આ ભાવનાનું વહેણ આજની સાંજે સરકારી માધ્યમિક શાળાના મેદાનમાં પણ ફરી વળ્યું. અહીં યોજાયેલી જાહેર-સભામાં સ્વામીશ્રીએ કહ્યું :

‘ધરતી રાજા રામની... બધું ભગવાનનું છે. છતાં દરેક માલિક બની જાય છે એટલે ખેંચતાણ રહે છે. માણસ જો બીજા માટે કામ કરતો થશે તો એમાં પોતાનું જ સારું થવાનું છે. બીજાની સેવા કરશો તો તમારી જ સેવા થવાની છે. માણસના અહં-મમત્વને લીધે નર્મદા યોજનામાં વિલંબ થયો છે. લોકશાહી છે એટલે વિરોધ તો હોઈ શકે, પણ વિરોધ એવો હોવો જોઈએ કે પરોપકારનું કાર્ય અટકે નહીં. આ કામ વ્યક્તિનું નથી, દેશનું છે. આમાં તો રાજ્યની સાથે દેશનો લાભ પણ છે, પરંતુ આ જ્ઞાન સમજણ વગર આવતું નથી. અહં-મમત્વ સમજણ વગર મુકાતાં નથી. એને માટે આ સત્સંગની વાત

છે. ભગવાનને ત્યાં દેર છે પણ અંધેર નથી, એટલે આ કાર્ય ભગવાન કરશે.'

સ્વામીશ્રીના શબ્દે-શબ્દે શાણપણનો સંચાર થતો રહ્યો. વિવાદ અને વિખવાદનાં વમળમાં સલવાઈ ગયેલી નર્મદાને ગુજરાતના ગામડે-ગામડે પહોંચાડવા ભગીરથ બનીને મંડેલા સ્વામીશ્રીનો આ એક દિવસીય નર્મદા-પ્રવાસ તેઓની કરુણાનો બૃહદ્ અધ્યાય બની રહ્યો.[૩૭]

અમારી ચિંતા તો ભગવાન કરે જ છે

કેવડિયા કૉલોનીના અતિથિગૃહમાં તા. ૨૧/૧ની રાત્રિ વિતાવી વિચરણમાં આગળ વધનારા સ્વામીશ્રીએ આ પ્રવાસમાં કેટલેક ઠેકાણે ગામડાંઓમાં પણ રાતવાસો ગોઠવેલો; પરંતુ તેઓની ઉંમર અને સ્વાસ્થ્યને જોતાં આ બાબતે વડોદરાવાસી હરિભક્ત શ્રી ગિરીશભાઈ પટેલે તા. ૨૨/૧ની સવારે ચિંતા વ્યક્ત કરી ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'અમારી ચિંતા તો ભગવાન કરે જ છે. તમારે બધાએ કરવાની જરૂર નહીં. જોગીબાપાએ છેલ્લા શ્વાસ સુધી આ રીતે જ કામ કર્યું છે, એટલે આપણેય મોળા ન પડવું. આપણે શૂરવીરતાની જ વાત કરવી.'

આમ, ગુરુને જ નજર સામે રાખી વિચરતા સ્વામીશ્રી થનગનતા ઉત્સાહ સાથે ૧૧:૪૦ વાગ્યે વાઘોડિયા પધાર્યા.

અહીં સૌનો સત્કાર ઝીલી તેઓએ મંદિરમાં આયોજિત સભામાં આશીર્વાદ આપતાં કહ્યું : 'અમે ને સંત સ્વામી અહીં અઠવાડિયું રહેલા. અહીંના જૂના હરિભક્તો મોરારભાઈ, ગિરધરભાઈ, જેસંગભાઈ, ધનજીભાઈ, દેસાઈભાઈ વગેરે હતા એ બધા પ્રેમી. રોજ ચેષ્ટા થઈ રહે એટલે વાડીમાંથી દેશી કેરીનો ટોપલો મૂકી જાય. રાત્રે પછી કેરી-ઉત્સવ થાય.'

સૌને સ્મૃતિનો આ સ્વાદ ચખાડી શ્રી પંકજભાઈ પટેલના ઘેર ઉતારે પધારેલા સ્વામીશ્રીનાં દર્શને તા. ૨૩/૧ની સવારે એક વિખ્યાત ગુટકા ઉત્પાદક કંપનીના માલિક આવી પહોંચ્યા. તેઓ પ્રથમ વાર જ મળી રહેલા છતાં સ્વામીશ્રીએ તેઓને જણાવ્યું : 'તમે બીજો ધંધો શોધી કાઢો. આનાથી કેટલાને

---

૩૭. ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજનાને મળેલા સ્વામીશ્રીના આશીર્વાદની ઝલક માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

નુકસાન છે ? ભગવાન બીજા ધંધામાં બરકત આપશે. એના માટે અમે પ્રાર્થના કરીશું. બીજો ધંધો વિકસતો જાય એમ આ બંધ કરતા જજો. લાખોને દુઃખી કરવા એના કરતાં આપણે થોડા દુઃખી થવું સારું. જો કે ભગવાન દુઃખી નહીં જ કરે ! તમે આ રીતે ધંધો બદલો એમાં અમે રાજી.'

સ્વામીશ્રીએ કહેલી આ નિધડક વાતમાંથી વ્યસનમુક્તિ અંગે તેઓના નેક અને નક્કર ઇરાદા તરી આવ્યા. ભગવાન જેઓની ચિંતા કરતા એ સ્વામીશ્રી મનુષ્યોની ચિંતા કરતા. માનવીઓનું આ કેવું સદ્‌ભાગ્ય હતું !

વૈષ્ણવજન મારું જીવન

તા. ૨૩/૧ની સવારે વાઘોડિયાથી ભાયાપુરા પહોંચેલા સ્વામીશ્રીના વરદહસ્તે અત્રે ગામના વારિગૃહની આગળ નિર્માણ પામેલા નૂતન મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત થયા.

ત્યારબાદ સ્વામીશ્રીને બપોરનું ભોજન અહીં જ ગ્રહણ કરવાનું હતું. છતાં તેઓએ સાડા અગિયાર વાગ્યે પ્રતિષ્ઠા-સભા સમાપ્ત થતાં જ કહ્યું : 'ગાડી તૈયાર કરાવો. ઢોલાર જવું છે.'

ભાયાપુરાના નિકટવર્તી આ ગામના હરિભક્તોએ ગઈકાલે રાત્રે સ્વામીશ્રીને પોતાને ગામ પધારવા આગ્રહભરી વિનંતી કરેલી, પરંતુ પ્રતિષ્ઠાની તડામારીમાં આ પધરામણી શક્ય જ ન હોવાથી આયોજકોએ ઢોલાર જવાની વાત પર ચોકડી મારી દીધેલી. જો કે *'વૈષ્ણવજન મારું જીવન...'* સમજનારા સ્વામીશ્રીને આ નનૈયો નહીં ગમ્યો હોય ! તેથી તેઓ આજે પોતાના ભોજનને ઠેલીને ઢોલાર જવા નીકળી પડ્યા.

હજી તો ઢોલાર તરફની આ મુસાફરી શરૂ થઈ ત્યાં જ સ્વામીશ્રીએ અન્ય એક વિચાર પણ સહયાત્રી સંતો સમક્ષ વહેતો કર્યો કે 'ઢોલાર આગળથી દેવ નદી વહે છે. એની બરાબર સામે અંટોલી છે. તમે ઢોલાર ઊતરીને તરત અંટોલી જઈ આવો. જો ત્યાં તૈયારી હોય તો અમને કહેવડાવો તો બપોરનો આરામ ત્યાં કરીએ.'

સ્વામીશ્રીના આ પ્રસ્તાવમાં ભક્તવત્સલતાની પરાકાષ્ઠા હતી. અંટોલીના સત્સંગીઓએ પણ ગઈ રાત્રે સ્વામીશ્રી પાસે આવી પોતાને ગામ પધારવા પ્રાર્થના કરેલી, તેને પ્રતિસાદ આપતા સ્વામીશ્રી આજે અંટોલી જવાનું આયોજન ગોઠવી રહેલા.

પરંતુ તેમ કરવામાં તેઓને પડતો ભીડો જોઈ અંટોલીના ભક્તોએ જ 'આપની અનુકૂળતા પ્રમાણે કરશો' એમ વિનંતી ઉચ્ચારતાં સ્વામીશ્રી ઢોલારથી પુનઃ ભાયાપુરા પધાર્યા. અત્રે ઠાકોરજી જમાડી તેઓએ બપોરનો વિશ્રામ વાઘોડિયામાં કર્યો અને સાંજે ૬:૨૦ વાગ્યે અંટોલી પહોંચ્યા.

અહીં તેઓ મંદિરે પધાર્યા તે વખતે થોડી ક્ષણો પહેલાં જ થઈ ગયેલી આરતી હજી સિંહાસન આગળ જલી રહેલી અને અષ્ટકો ગવાઈ રહેલાં. આ અષ્ટકગાન વિરમતાં સિંહાસનની નજીક પહોંચેલા સ્વામીશ્રીએ પેલી પ્રગટેલી આરતી પોતાના હાથમાં લઈ ફરીથી આખી આરતી ઉતારી.

તે દ્વારા આરતીની જ્યોત જેવી જ એક ઝળહળતી સ્મૃતિ આપી પંચાયત કચેરી આગળ ભરાયેલી સભામાં પધારેલા તેઓએ ભાવપ્રચુર અમૃતધારા વહાવી કે –

'અંટોલી સાથેનો સંબંધ તો જૂનો છે. એને લઈને આપ બધાનો પ્રેમ કદી ભુલાતો નથી. ગમે ત્યાં જઈએ પણ આપ સૌની સત્સંગની દૃઢતા ને નિષ્ઠા યાદ આવે. મોટાપુરુષની રુચિ પ્રમાણે જ સૌ વર્તે. બીજો કોઈ આગ્રહ નહીં. આવા સંબંધોને લઈને અહીં આવવાનું ખેંચાણ રહે. પણ સત્સંગ વધ્યો એટલે આવવાનું મોડું-વહેલું થાય. ભાયાપુરાની પ્રતિષ્ઠાનું થયું એટલે થયું કે 'અહીં પણ જઈએ, જેથી આપ સૌને મળાય અને દર્શન થાય.' રસ્તા ખરાબ હતા પણ ગાડાંમાં પહેલાં ફરેલા એના કરતાં સારું છે! જેને ભગવાનનું ને સમાજનું કામ કરવું છે એને કોઈ મુશ્કેલી નડવી ન જોઈએ. મુશ્કેલી પડે ને સેવા થાય એ જ અગત્યનું છે. અમે ઓછો સમય લઈને આવ્યા છીએ એ બદલ માફ કરજો.'

સ્વામીશ્રીની આ વાણીએ સૌને ગદ્‌ગદ કરી મૂક્યા. સત્સંગીઓ સાથે આવો નિકટનો નાતો ધરાવનારા તેઓ અંટોલીથી અટલાદરા પહોંચ્યા ત્યારે આજના એક દિવસમાં પાંચ ગામો ઘૂમી વળેલા.

ગુરુના ગૌરવગાનમાં ગરકાવ

અટલાદરામાં તા. ૨૪/૧ની સાંજે યોજાયેલી યોગી અંતર્ધાન દિનની સભામાં સ્વામીશ્રીએ ગુરુમહિમા રેલાવ્યો કે –

'યોગીબાપાના હૈયાનાં હેત ભુલાય એવાં નથી. ખરેખર! એક-એક મૂર્તિમાં એવો ભાવ જોવા મળે. જેણે દર્શન કર્યાં હોય એનેય આનંદ-

આનંદ થઈ જાય અને ન કર્યાં હોય એનેય આનંદ-આનંદ થઈ જાય. એમના બોલવા-ચાલવામાં ને દરેક ક્રિયામાં એવું આકર્ષણ કે દરેકને પ્રેમ થઈ જાય. એમની દૃષ્ટિ પડી હોય એય ભુલાય નહીં. એમનું હાસ્ય પણ નિર્દોષ. કેટલાક ખોટે ખોટું હસે ને ખોટે ખોટો ખોંખારો ખાય, પણ એમાં સ્વાદ આવે ? એ તો નર્યો ડોળ. જ્યારે યોગીજી મહારાજનાં તો ખોંખારા, હાસ્ય ને બધું જ દિવ્ય ! કોઈ દંભ જ નહીં. બધાંમાં આનંદ આવે.

જેની રગેરગમાં દંભ ને કપટ ભરેલા હોય એવા વિષ્ટા જેવા જીવ ચાળા કરવા જાય એમાં આનંદ શું આવે ? અસર થાય જ નહીં ! યોગીબાપાને તો એવું કંઈ જ નહીં. બધા રાજી થાય કે ન થાય, એમનું નિશાન ભગવાન હતું. નિર્દોષભાવથી ભગવાનને રાજી કરવાનું તાન. અંતરમાં કોઈ વિકાર નહીં.

જોગીબાપાનો તો થાપો પણ દરેકને યાદ, કારણ કે એ હૃદયથી પ્રેમ આપતા. એમનું બોલવું-ચાલવું, બેસવું-ઊઠવું બધું જ મધુરમ્ મધુરમ્ મધુરમ્. એમની સ્મૃતિ થઈ આવે તો જીવમાંથી અજ્ઞાન ટળી જાય. એમની મૂર્તિનાં દર્શન કરો તોય કલ્યાણ થઈ જાય. એમનાં અંગે-અંગે, રૂંવાડે-રૂંવાડે ભગવાન. એમાં ખરેખર આત્મબુદ્ધિ થઈ જાય તો બેડો પાર થઈ જાય.

એવા પુરુષ આપણને મળ્યા એ મોટાં ભાગ્ય. સર્વાંગે માયાના ભાવથી રહિત એ સ્વરૂપ મળ્યું છે તો એના થકી આનંદમાં રહેવું. આપણું કલ્યાણ થઈ રહ્યું છે.'

દાસને પ્રાણની પેર પાળો

તા. ૨૫/૧ની સવારે મીરસાપુરાના નૂતન મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કરી સ્વામીશ્રી આજની સાંજે છાણીને ધર્મલાભ આપતાં પુનઃ અટલાદરા આવી ગયા.

અહીં તેઓએ તા. ૨૬/૧ની સવારે એક બેઠક યોજી નર્મદા પુનર્વસનના ભાગરૂપ હાંફેશ્વર મહાદેવના પુનર્નિર્માણમાં ઊભી થયેલી કેટલીક પેચીદી પરિસ્થિતિઓનો ઉકેલ લાવી આપ્યો. તે જોઈ પ્રભાવિત થઈ ઊઠેલા પુનર્વસનના કમિશનર શ્રી બબ્બર તો સ્વામીશ્રીને જ મંદિર-નિર્માણનું કાર્ય અને તે માટે જરૂરી ધનરાશિ સોંપવા તત્પર થઈ ગયા, પરંતુ તેઓને સ્વામીશ્રીએ સવિનય જણાવ્યું : 'અમારો સહકાર સો ટકા રહેશે. બધું કામ અમે કરીશું, પણ કોન્ટ્રાક્ટ બીજી કંપનીને આપો, જે પૈસાનો વહીવટ કરે. અમારે તો મહાદેવની સેવા

કરવી છે. અમે તમારી સાથે જ છીએ. સોમપુરા અમારા રહેશે, પણ ઠેકેદાર બીજાને રાખો. એ સંસ્થાને તમારે પૈસા આપી રાખવા.'

સ્વામીશ્રીને દામ-નામથીયે વિશેષ રસ કામમાં. તો જ આવી ભલામણ થઈ શકે ને !

આ રીતે કેવળ એક સેવાધર્મને જ વરેલા સ્વામીશ્રી તા. ૨૭/૧ની સાંજે સભામાં જતાં પહેલાં મંદિરના જૂના સભામંડપમાં પધાર્યા.

અહીં મીરસાપુરાના સો યુવકો તેઓના આગમનની વાટ જોઈ રહેલા. બે દિવસ પૂર્વે આ ગામમાં થયેલી પ્રતિષ્ઠા વખતે આ યુવાવૃંદ સેવામાં રોકાયેલું હોવાથી સ્વામીશ્રીનો પૂરતો લાભ લઈ શક્યું નહોતું. એ ખામી ભાંગવા આજે આવેલા તે સૌને સ્વામીશ્રી સાથે સમૂહછબી પડાવવાની હોંશ પણ હતી, પરંતુ તેઓ સાથે કોઈ ફોટોગ્રાફર નહોતો. તેથી સ્વામીશ્રીએ સાથે ફરતા એક યુવકને કહ્યું : 'જા, તારો કૅમેરો લઈ આવ.'

આ જોઈ કો'ક બોલ્યું : 'આ લોકોને ગરજ હોય તો એમણે જ લઈને આવવું જોઈએ ને !'

આ ઉદ્‌ગાર જાણે સ્વામીશ્રીને દઝાડી ગયો હોય તેમ તેઓએ જણાવ્યું : 'આ બધા ગામડા ગામમાં રહેતા હોય અને પાછા ગરીબ. એ ક્યાંથી કૅમેરો લાવે ? તેઓએ મંદિર કર્યું. નિષ્ઠા કેવી ! એ કદાચ કૅમેરો ન લાવે તો આપણે તૈયાર રાખવો જોઈએ.'

આમ કહી કૅમેરો આવ્યો ત્યાં સુધી સ્વામીશ્રીએ રાહ જોઈ. અંતે એ સો યુવાનો વચ્ચે ઊભા રહી તેઓએ ફોટો પડાવ્યો ત્યારે તેઓની ભક્તવત્સલ છબી વિશેષ તેજથી ચમકી ઊઠી.

શ્રીજીમહારાજ પ્રત્યક્ષ બેઠા છે

તા. ૨૯/૧ની સાંજે પ્રસાદ જમી રહેલા સ્વામીશ્રીએ સામે બેઠેલા દર્શનાર્થીઓને પણ પ્રસાદ વહેંચવાની આજ્ઞા એક સંતને કરતાં તે સંત જમણા હાથમાં કાગળ રાખી તેમાં ડાબા હાથે પ્રસાદ ભરવા લાગ્યા. આ જોઈ સ્વામીશ્રીએ તરત જ ટકોર કરી કે 'જમણા હાથે લો.'

આ સાંભળી કો'કે ગમ્મતના ભાવમાં પ્રસાદ ભરનારા પેલા સંતને કહ્યું : 'તમે તો પૂજારી છો ને ! ઠાકોરજીએ કાંઈ કહ્યું નથી ?'

'અત્યારે કહ્યું.' સ્વામીશ્રી બોલી ઊઠ્યા.

તેઓની આ ટાપશીમાંથી *'સંત બોલે તે ભેળો હું બોલું રે...'* એ શ્રીજી-વચનનો પડઘો સંભળાઈ રહ્યો.

તે તા. ૩૦/૧ના રોજ ગજેરામાં પણ ગાજ્યો, કારણ કે આ દિવસે અહીં સ્વામીશ્રીના વરદહસ્તે ત્રિશિખરીય મંદિરમાં ધામધૂમથી પ્રતિષ્ઠા-ઉત્સવ સંપન્ન થયો.

આ પ્રસંગ શોભાવી અટલાદરા પરત પધારેલા સ્વામીશ્રી તા. ૩૧/૧ની સાંજે રાજકોટના નિર્માણાધીન મંદિરની કાર્યવાહીના વિમર્શમાં પરોવાયા. તે વખતે તેઓએ આ મંદિરમાં પ્રતિષ્ઠા કરવાની જે તારીખ જણાવી તે સાંભળી નિર્માણકાર્ય સંભાળતા સંતો-ભક્તોએ કહ્યું: 'બાપા! મંદિરનું કામ નિશ્ચિત મુદતમાં પૂરું થાય એવા આશીર્વાદ આપો.'

આ સમયે સ્વામીશ્રી ભાવપૂર્વક અને ભારપૂર્વક બોલ્યા: 'હવે સમજી રાખો કે તારીખ ફરશે નહીં. જો હવે તારીખ ફેરવવી હોય તો દસ વર્ષ મોડું થશે. ડબલ ને ત્રણ ગણો ઓવરટાઇમ કરો. તારીખ આપ્યા વગર કામ થતું નથી. મહેનત તો પડશે, પણ થઈ જશે. અમે માળા કરશું. અમારો ફૉર્સ એ છે.'

'અમારે એ જ જરૂર છે.'

'એ અમે આપીશું જ! એમાં વાંધો નથી.'

'પ્રતિષ્ઠા ધામધૂમથી થાય, મૂર્તિ ત્યાં બેસે એમ અમારા સૌનાં અંતરમાં પણ બેસી જાય એવા આશીર્વાદ આપો.'

'મૂર્તિ બેઠા વગર આ કામ થાય એમ જ નથી. મૂર્તિ દેખવી છે? બેઠી છે એ દેખાતી નથી ને પેલી જોવાની વાત કરો છો. શ્રીજીમહારાજ પ્રત્યક્ષ બેઠા છે ને એમની પ્રેરણાથી કામ કરીએ છીએ.'

સ્વ-સ્વરૂપની સમજ આપતાં સ્વામીશ્રી બોલી ગયા. તે સાંભળી સૌના જુસ્સામાં જબરજસ્ત ઉછાળ આવી ગયો.

ગુરુ થવું હોય તો સેવક થવું પડે

તા. ૧/૨ના રોજ અટલાદરામાં વસંત પંચમીનો ઉત્સવ ઊજવી તા. ૨/૨ની સવારે તો સ્વામીશ્રી પાળિયાદ પહોંચી ગયા.

અત્રે તેઓના વરદહસ્તે શ્રી ઉનડ બાપુની મૂર્તિપ્રતિષ્ઠા અને શ્રી અમરા બાપુની સુવર્ણ જયંતી નિમિત્તે આયોજિત ત્રિદિવસીય મહોત્સવનું ઉદ્‌ઘાટન થયું. આ પ્રસંગને શોભાડવા સ્વામીશ્રીએ સંસ્થાના સંતોને સેવામાં જોડ્યા

હોવાથી, જાજરમાન બનેલા આ અવસર માટે આયોજક શ્રી અમરા બાપુ સ્વામીશ્રી પ્રત્યે કૃતજ્ઞ હતા. એટલે જ તો મંચ પર પણ તેઓએ સ્વામીશ્રીને જ મધ્યમાં પધરાવ્યા અને પોતે તેઓની બાજુમાં બેઠા.

આ સભા બાદ પાળિયાદ ગાદીના મંદિરે પધારેલા સ્વામીશ્રીએ અહીં શ્રી ઉનડ બાપુની પ્રતિમાનું પૂજન કરી ઠાકોરજી જમાડ્યા.

ત્યારબાદ સારંગપુર પરત ફરેલા તેઓ તા. ૩/૨ની સવારે મંદિરની પાછળના ચોકમાં ઓટલા પર પ્રાતઃપૂજા માટે બિરાજ્યા ત્યારે સામે બેઠેલા સંતો-ભક્તો એકાગ્ર ચિત્તે દર્શનમાં પરોવાઈ ગયા. જો કે તેથીયે અધિક સતર્ક સ્વામીશ્રી પુરવાર થયા, કારણ કે તેઓએ પૂજાના આસન પર બેસતાંવેંત કાર્યકર શ્રી જેઠાલાલ ગોધાણીને બોલાવી કહ્યું : 'તમે વડીલો માટે ખુરશીઓ મૂકી છે પણ નીચે મોદિયું કે પ્લાસ્ટિક જેવું પાથરવું. શિયાળો છે. પૂજામાં બધા જોડા કાઢીને આવતા હોય, એમાં ખુલ્લા પગે બેસે એટલે કાંકરા વાગે.'

ભગવાનનાં ચરણારવિંદમાં નિમગ્ન રહેનારા સ્વામીશ્રી ભક્તોના પગનાં તળિયાંનું પણ ધ્યાન રાખતા !

પોતાના આવા અલૌકિક હેતભાવથી ભાવનગરને તરબોળ કરવા તેઓ તા. ૩/૨ની સવારે ૧૧:૧૦ વાગ્યે વરતેજ આવી પહોંચ્યા ત્યારે અહીંથી જ ૫૧ સાફાધારી સ્કૂટર-સવારો, ૧૨ શાળાના ૫,૦૦૦ વિદ્યાર્થીઓ તથા અન્ય ૬,૦૦૦ ભાવિકોની માનવ-સાંકળ તેઓને લાતી બજારના મંદિર સુધી દોરતી રહી. તેની સાથે માથે ટોપી અને હાથમાં ધ્વજ લઈને ઊભેલી ૧૧,૦૦૦ની આ મેદની પોતાની આગળથી પસાર થતા સ્વામીશ્રીને ધ્વજ ફરકાવી બુલંદ જયનાદોથી વધાવતી રહી.

આ ભાવભરપૂર સ્વાગત ઝીલતાં શહેરમાં પધારેલા સ્વામીશ્રીના રોકાણ દરમ્યાન શિખરબદ્ધ મંદિર માટે સંપાદિત થયેલી અક્ષરવાડીના આંગણે પ્રાતઃપૂજા અને સાયંસભાના કાર્યક્રમો ગોઠવાયેલા. તે માટે ભવ્ય મંચ, વિશાળ સભામંડપ, આકર્ષક પ્રવેશદ્વાર વગેરેની રચનાથી કોઈ મોટા ઉત્સવ જેવો માહોલ જામી ગયેલો. આ વ્યવસ્થાને લેખે લગાડતા ભાવેણા ભક્તો પ્રથમ દિવસથી જ મોટી માત્રામાં ઊમટવા માંડ્યા. વળી, શ્રી સુશીલભાઈ પારેખના ઘેર રખાયેલા ઉતારે પણ મુલાકાતીઓની માત્રા ઘણી રહેતી.

આ ક્રમમાં તા. ૭/૨ની સવારે આવેલા એક હરિભક્તને તેઓની દીકરીના સંદર્ભમાં શીખ આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'દીકરીને સમજાવવી કે

આપણે ભણેલા હોઈએ એટલે 'સત્સંગમાં આ જ કરું' એવું ન રાખવું. ગુરુ થવું હોય તો સેવક થવું પડે. સરળ, નમ્ર અને નમી દેવું તો સત્સંગનું સુખ આવે. અટંટ થયે સુખ ન આવે. આપણે તો દાસના દાસ. નાનામાં નાની આજ્ઞા કરે એય કરવું પડે. સત્સંગ એમનેમ નથી વધતો. એમાં કેટલું નમ્ર થવું પડે છે, છોડવું પડે છે !'

સત્સંગની ક્ષિતિજો વિસ્તારવાનો આ ઉપાય ચીંધી સ્વામીશ્રીએ તા. ૮/૨ના રોજ બુધેલને પાવન કર્યું. અત્રે ધર્મલાભ આપી ભાવનગર પરત પધારેલા તેઓએ તા. ૧૦/૨ની સવારે અક્ષરવાડીમાં કામચલાઉ ધોરણે બંધાયેલા મંદિરમાં પ્રતિષ્ઠા કરી ચરોતર તરફ જવા વિદાય લીધી.

આ મુસાફરીમાં તેઓ માર્ગે આવેલા શ્રીજીનિર્મિત ધોલેરા મંદિરમાં પધાર્યા ત્યારે અત્રે બ્રહ્મચારી કૃષ્ણાનંદજી તેઓને છેક મધ્ય ખંડના ગર્ભગૃહમાં લઈ ગયા. તેથી શ્રીજીસ્થાપિત મદનમોહન દેવનો ચરણસ્પર્શ કરી સ્વામીશ્રી બપોરે બાર વાગ્યે બોચાસણ પહોંચ્યા.

જેને હરિકથામાં હેત

તા. ૧૨/૨ની સવારે બોચાસણથી ધર્મજ પધારેલા સ્વામીશ્રી અત્રે મહિલાઓના મંદિરમાં મૂર્તિઓ પ્રતિષ્ઠિત કરી સાંજે વસો પહોંચ્યા.

અહીંના મંદિરમાં તા. ૧૩/૨ની સવારે હનુમાનજીની નવી મૂર્તિમાં પ્રાણ પૂરી તેઓએ સમીપવર્તી ગંગાપુરના નૂતન મંદિરમાં પણ અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવ્યા.

ત્યારબાદ કણજરી અને સંજાયાને લાભ આપતાં સ્વામીશ્રીએ તા. ૧૫/૨ની સવારે કલોલીમાં તૈયાર થયેલા મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠાનો વિધિ સંપન્ન કર્યો.

અહીંથી વિદ્યાનગર પધારેલા તેઓને આરામ મળી રહે તે હેતુસર અત્રે સાંજે કોઈ સભા ગોઠવી નહોતી, પરંતુ સ્વામીશ્રીએ તો સાયંભ્રમણ અને આસનાદિકના નિત્યક્રમથી પરવારી તરત જ કહ્યું : 'સભામાં જવું છે.'

'અત્યારે સભા નથી રાખી.' વ્યવસ્થાપક સંતોએ જણાવ્યું.

આ સાંભળી સહેજ આકળા થઈ સ્વામીશ્રી બોલ્યા : 'તમે ભલે ન રાખ્યું હોય. આજે રવિવાર છે એટલે રવિસભામાં ન જવું જોઈએ ?'

'પણ અમારે અહીં અઠવાડિક સભા મંગળવારે થાય છે.'

'એ ભલે ને કરો, પણ રવિવાર એટલે રવિવાર! જોગી મહારાજની આજ્ઞા છે એ નથી ખબર? તમારે જે અનુકૂળ આવે એ કરો તો એનો વાંધો નથી, પણ અમે આવીએ ત્યારે રવિવારની સભા થાય તોય શું વાંધો છે?'

'અત્યારે તો રાબેતા મુજબ ખાલી વીસ મિનિટ જ સભા થાય. આઠ વાગ્યે વિદ્યાર્થીઓને વાંચવાનો સમય શરૂ થઈ જાય.'

'તે છોકરાઓ ભલે જતા રહે, હરિભક્તો તો બેઠા હશે ને! એ સાંભળશે.'

કથા-વાર્તા કરવાના ઈશકમાંથી ફૂટતા સ્વામીશ્રીના સમાધાન સામે વ્યવસ્થાપકોની એકેય દલીલ કારગત નીવડતી નહોતી. છતાં એક સંતે કહ્યું: 'આવતીકાલના કાર્યક્રમ અંગે આપને પૂછવું છે.'

આમ કહેનારનો ઈરાદો સમય વ્યતીત કરીને સ્વામીશ્રીને ઉતારામાં જ રોકી રાખવાનો હતો. તે દરમ્યાન બહાર ચાલતી સભા પોણા આઠ વાગ્યે પૂરી થઈ જાય તો સ્વામીશ્રીને સભામાં જવાનું જ ન રહે. તેથી આવતીકાલના કાર્યક્રમની પૂછપરછનો પાસો ફેંકાયેલો.

પરંતુ તેને પણ અવળો સાબિત કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'પૂછવું હોય તો પૂછી લો, પછી મારે સભામાં જવું છે.'

આ વાર્તાલાપ દરમ્યાન જ એક ફોન આવતાં સ્વામીશ્રી તેમાં વાત કરવા લાગ્યા. તે જ વખતે સભાનું સૂત્ર સંભાળતા સંત ઓરડામાં પ્રવેશ્યા. તેઓ જાણવા માંગતા હતા કે 'સ્વામીશ્રી સભામાં પધારશે કે કેમ?'

તેઓએ આ વિષે ઈશારા દ્વારા જ સ્વામીશ્રી સાથે આવતીકાલના કાર્યક્રમનો વિમર્શ કરવા બેઠેલા સંતને પૂછ્યું. તે વખતે એ સંતે ઈશારા દ્વારા જ સભા પૂરી કરી દેવા જણાવ્યું. પરંતુ આ વિગત સ્વામીશ્રી જાણી જતાં તેઓ ચાલુ ફોને જ રીસીવર સહેજ અળગું કરી બોલવા લાગ્યા: 'એ બધાને શું પૂછો છો? મને પૂછો ને! હું આવું છું.' આમ જણાવી સ્વામીશ્રી બોલ્યા: 'તમે દસ સભા ગોઠવો તોય અમે તો કરીએ. કથા-વાર્તામાં આળસ શું?'

આ ઉત્સાહ સાથે સભામાં પધારેલા તેઓએ વિદ્યાર્થીઓના વાંચનનો સમય ન ખોરવાય તેમ આશીર્વાદ સમાપ્ત કર્યા. તે દ્વારા રવિસભા સહિત સૌનાં ટાણાં સાચવી તેઓ સભામાંથી ઉતારે પરત આવી રહેલા ત્યારે સાથે ચાલતા ભગવત્ચરણદાસ સ્વામીએ કહ્યું: 'અમારે અહીં છાત્રાલયમાં એવો નિયમ છે કે સમયથી એક મિનિટ કથા વધારે ન થાય. પૂરું કરી જ દેવું પડે.'

'એટલે અમેય આઠ વાગ્યા પહેલાં બંધ કરી જ દીધું ને!'

આટલું કહી સ્વામીશ્રીએ જણાવ્યું: 'ટાઇમ સાચવવામાં તો હું તમને આંટી જઉં એમ છું, પણ શું થાય? દેહની ક્રિયાઓ પણ હોય ને સત્સંગ પણ વધ્યો એટલે બધું સચવાવું અઘરું.'

આમ જણાવતાં સ્વામીશ્રી ઉતારામાં પ્રવેશ્યા ત્યારે તેઓના મુખ પર કથા-વાર્તાનો મેવો આરોગ્યાનો અવર્ણનીય આનંદ છલકાઈ રહેલો.

નિયમો પાળવા એ શૂરવીરોનું કામ છે

તા. ૧૬/૨ની સવારે સંસ્થાકીય શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં નવું સીમાચિહ્ન અંકિત કરતાં સ્વામીશ્રીએ 'સ્વામિનારાયણ વિદ્યાપીઠ'નો ખાતવિધિ કર્યો. વલાસણ ગામની સીમમાં ૩૫ એકરની ભૂમિ પર નિર્માણ પામનારું આ સંકુલ કેવળ કન્યાઓ માટે આરક્ષિત બનવાનું હતું. તેના શ્રીગણેશની વેળાએ વલાસણના ૧૩૪ યુવાનોએ વ્યસનમુક્તિની પ્રતિજ્ઞાઓ લીધી.

તેઓ પર પ્રસન્નતા વરસાવી સ્વામીશ્રી કરમસદ થઈને વિદ્યાનગર આવી પહોંચ્યા. અહીં ગત વર્ષે ઊજવાયેલા ફૂલદોલોત્સવ પ્રસંગે તૈયાર કરવામાં આવેલા બાર બારણાંના હિંડોળામાં શ્રીજીમહારાજની ઉત્સવમૂર્તિ કાયમી ધોરણે પધરાવવામાં આવી. છાત્રાલયના અક્ષર વનમાં યોજાયેલા આ પ્રસંગે સૌની વિનંતીથી સ્વામીશ્રી સ્વયં પણ ખોળામાં ઠાકોરજી લઈ હિંડોળામાં બિરાજ્યા.

તે જોઈ સંતોએ *'વરતાલ ગામ ફૂલવાડીએ...'* કીર્તન ઉપાડ્યું. આ ભજન વિરમતાં ઊભા થયેલા સ્વામીશ્રી બે હાથ વડે હિંડોળાની બે થાંભલીઓ પકડી ધાર પર ઊભા રહ્યા. તે વખતે જ હિંડોળો ગોળ-ગોળ ઘૂમવા લાગતાં *'હાલે હિંડોળો ઝૂલે છે હરિ, જય જય રહ્યા જન કરી...'*નું દૃશ્ય ખડું થઈ ગયું.

આવા જ જયજયકાર વચ્ચે સ્વામીશ્રીએ તા. ૧૭/૨ની સવારે મલાતજના આંગણે તૈયાર થયેલા એક શિખરીય મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી ગામના વિકાસનું દ્વાર ખોલી આપ્યું. તેમાં પ્રથમ પ્રવેશ પામતા હોય તેમ ગામના ૧૨૫ યુવાનોએ વ્યસનત્યાગની પ્રતિજ્ઞાઓ લીધી અને ૨૮૦ મુમુક્ષુઓએ કંઠી ધારણ કરી.

સત્સંગ અને સદાચારનો આ 'સા' આજની સાંજે વિદ્યાનગર મુકામે યોજાયેલી સભામાં છાત્રાલયના યુવાનોએ પણ ઘૂંટ્યો. આ યુવકોએ ગ્રહણ કરેલા વિવિધ નિયમોથી રીઝેલા સ્વામીશ્રીએ અમૃતધારા વહાવતાં કહ્યું:

'ગમે એ સંજોગોમાં નિયમ પાળવા એ મોટપ છે. તમે આવા નિયમો લીધા એટલે આનંદ થાય છે. પણ આપણે વાહ... વાહ... માટે નિયમ નથી લેવાના. પાછળથી અંધારું થાય એવું ન કરવું. ભાઈબંધ આગ્રહ કરે ને લેવાઈ જઈએ કે 'જવા દે ને! પછીથી એક માળા કરી લઈશું.' એવું નહીં. નિયમ લીધા એટલે લીધા. બીજા આપણને મોળા પાડે એ કરતાં એને આપણે સત્સંગી ના કરીએ? આમાં તો મરણિયા થાય તો જ કામ થાય એવું છે. નિયમો પાળવા એ શૂરવીરોનું કામ છે. નિયમમાં ઢીલા પાડવા આવે તો સામે શૂરવીર થજો. એમાં મહોબત છોડી દેવી. એના વગર સંસાર નહીં અટકે. ભગવાન સરખા ધણી બેઠા છે. આપણે ગુલામ નથી થવાનું, મનને ગુલામ બનાવવાનું છે. જેણે-જેણે નિયમ લીધા છે એ દેહ રહે ત્યાં સુધી બળ રાખજો.'

તાત ગુરુ સખા ભાઈબંધ

તા. ૧૭/૨ની રાત્રે સ્વામીશ્રી ભોજન અંગીકાર કરવા બિરાજ્યા ત્યારે શરૂ થયેલા બાળ કાર્યકરોના પરિચયવિધિમાં પિન્ટુ પારેખની વિગત આવતાં જ કોળિયો ભરી રહેલા સ્વામીશ્રી બોલ્યા: 'એને તો ઓખળ્યો. નાનો હતો ત્યારે સ્વામીની વાતો બહુ મોઢે બોલતો હતો.'

સ્વામીશ્રીનાં ભ્રમણ કે ભોજનનું ભાગ્યે જ કોઈ સત્ર એવું વીતતું કે તેમાં બાળકો-કિશોરોએ મુખપાઠની કડકડાટી ન બોલાવી હોય. તેથી વરસે-દા'ડે સેંકડો લોકો સ્વામીશ્રી સમક્ષ વચનામૃત-વાતો કે શ્લોક-સાખી ઉચ્ચારી જતા. છતાં સ્વામીશ્રીને એ બધું યાદ રહેતું. એટલે જ તો તેઓએ આજે જ્યારે કાર્યકરના પરિચયમાં પુષ્ટિ કરી આપી ત્યારે હરખાઈ ઊઠેલા તે સંચાલકે કહ્યું: 'બાપા! અત્યારે પણ 'વાત' બોલું?'

આ પ્રસ્તાવને સ્વામીશ્રીએ હાસ્ય દ્વારા સંમતિ આપતાં તે કાર્યકરે ઉચ્ચાર્યું: ''સંકલ્પ કરે તેને મહારાજ કશું આપે નહીં. ત્યાં દૃષ્ટાંત, 'એક વખત મહારાજ દહીં ને ભાત જમતા હતા, તે વખતે બધાયે સંકલ્પ કર્યો ને મેં સંકલ્પ ન કર્યો; તેથી બોલાવીને પ્રસાદી આપી.''

આ બોલવા પાછળ રહેલો કાર્યકર્તાનો ઉદ્દેશ સ્વામીશ્રીથી અજાણ્યો ન રહ્યો. તેથી તેઓએ એ યુવકના શબ્દો નહીં, પણ તેના ભાવને પ્રતિભાવ આપતાં થાળમાં રહેલી મીઠાઈનો ઘા કર્યો. તે પેલા યુવકે ઝીલી લેતાં તેની બાજુમાં બેઠેલો કાર્યકર બોલ્યો: 'બાપા! મારી આણંદની ક્રિકેટ ટીમમાં

પસંદગી થઈ છે. મને પણ કેચ ઝીલવાની પ્રૅક્ટિસ કરાવો.'

સ્વામીશ્રીએ તેનાંય હાથ અને હૈયું મિષ્ટાન્નનો ઘા કરી ભરી દીધાં. તેઓની આજની આ લીલા સૌને *'તાત ગુરુ સખા ભાઈબંધ...'*નો સ્વાદ ચખાડી ગઈ.

ગલતેશ્વર તીર્થમાં પધરામણી

તા. ૧૮/૨ની સાંજે આણંદની ડી. એન. હાઈસ્કૂલના પ્રાંગણમાં ધર્મલાભ આપી તા. ૧૯/૨ની સાંજે ઉમરેઠ પધારેલા સ્વામીશ્રીએ અત્રે અમરેશ્વર મહાદેવ પાછળ આવેલી મંદિરની સંભવિત ભૂમિ પર યોજાયેલી સભામાં અમૃતવર્ષા વરસાવી.

ત્યારબાદ તેઓ ઠાસરા પહોંચ્યા ત્યારે અહીં છેલ્લા સાત દિવસથી ચાલી રહેલા પ્રતિષ્ઠા મહોત્સવની ચરમ સીમા આવી – તા. ૨૦/૨ના રોજ. આજની સવારે સ્વામીશ્રીના વરદહસ્તે તાલુકાના દર્શનીય સ્થળ જેવા અહીંના નૂતન મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત થયા.

તે દ્વારા સૌની સેવા-ભક્તિને સાર્થક કરી સ્વામીશ્રી આજની સાંજે ગલતેશ્વર પધાર્યા ત્યારે અહીં મંદિરનું સાંનિધ્ય, નજીકમાં જ વહેતી નદીના નીરનો ખળખળ ધ્વનિ, એ નદીનો માનવીય પ્રદૂષણથી અનાવિલ તટ, ડૂબતા સૂરજથી કેસરિયું બનેલું આભનું ઓઢણું વગેરેને સનાથ કરવાનો ઉમંગ સ્વામીશ્રીને ઊભરાઈ આવ્યો. તેથી તેઓએ ઠાકોરજીને સરિતામાં સ્નાન કરાવવા સંતોને આજ્ઞા કરતાં હરિકૃષ્ણ મહારાજ પર અભિષેક થવા લાગ્યો. આ ભક્તિપ્રવાહમાં સ્વામીશ્રી પણ ખેંચાયા અને તેઓ ધોતિયું ઓટીએ ભરાવીને ઠાકોરજી પાસે જઈ પહોંચ્યા.

અત્રે સ્તોત્રપાઠના સંગે મહારાજને નવડાવ્યા બાદ તેઓએ પણ નીચા વળીને જળમાં ડૂબકી લગાવી. આ સ્નાનવિધિને અનુસરતાં સ્વામીશ્રીએ કિનારે બિરાજી મકાઈના ગરમ ડોડા, શેરડીનો તાજો રસ, તરબૂચ અને લીલા નાળિયેરનું પાણી ઠાકોરજીને ધરાવ્યું. આ પ્રસાદ તેઓએ ગોવાળ મંડળીની જેમ બેઠેલા સંતોને પણ જમાડ્યો. આસપાસ રમતા ગરીબ માછી બાળકો સુધીયે તેઓની કરુણા પ્રસાદરૂપે પહોંચી.

આમ, નિસર્ગના ખોળે રેલાઈ રહેલા આ લીલારસનું પાન કરવામાં સૌ મુગ્ધ હતા ત્યાં જ આવી પહોંચેલા ગલતેશ્વર મહાદેવના મહંત શ્રી નિર્મળદાસજી

સ્વામીશ્રીને મંદિરમાં દર્શને તેડી ગયા. અહીં ઊંડા ગર્તમાં આવેલા ગર્ભગૃહમાં પધારેલા સ્વામીશ્રી અત્રે શિવલિંગ સામે જ પલાંઠી વાળીને બિરાજી ગયા અને પુરુષસૂક્તના મંત્રોચ્ચાર સાથે તેઓએ જલાભિષેક કર્યો.

તે પછી અંધારું ઢળી જતાં સ્પોટ હેલોજનના અજવાળે સ્વામીશ્રીએ મંદિરના પથ્થરોની કોતરણી તથા ગોઠવણી નિહાળી. તે દરમ્યાન 'અહીં સદાવ્રત ચાલે છે' તે વિગત જાણવામાં આવતાં સ્વામીશ્રીએ મહંતજીને કહ્યું : 'આવતીકાલે અમે ઠાસરાથી લાડુનો પ્રસાદ મોકલીશું. તમે સૌને જમાડજો.'

સત્કાર્યમાં સહાય કરવા તો સ્વામીશ્રી હંમેશાં તત્પર.

સિદ્ધાંતફેર ન જ થવો જોઈએ

ગલતેશ્વરથી નીકળેલા સ્વામીશ્રી અંબાવ અને ઠાસરાને લાભ આપતાં તા. ૨૧/૨ની સવારે ડાકોરના નિકટવર્તી મંજીપુરા ગામે પધાર્યા. ખેતીનિર્ભર આ ગામના મધ્યમવર્ગીય ભક્તોએ પોતાના પરિશ્રમનું પાણી સિંચી મંદિરને મહોરાવેલું. તેમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી સ્વામીશ્રીએ ગ્રામીણ જનોની ભોળપ સાથે ભગવાનનો મેળ બેસાડી આપ્યો. આશીર્વાદ પણ એવા જ રૂડા વરસાવ્યા કે 'દેહ મૂકીને જ્યાં જવું છે એના માટેનો આ પ્રસંગ છે. અમૃત થોડું પીવો તોય અમર થઈ જવાય એમ આ અમૃત છે.'

આ અમૃતપાનના ઓડકાર ખાઈ તા. ૨૨/૨ના રોજ નડિયાદ પણ તૃપ્ત થઈ ગયું. આ દિવસની સવારે અહીંના મંદિરમાં આરસના અક્ષર-પુરુષોત્તમ મહારાજ તથા ધાતુનિર્મિત હરિકૃષ્ણ મહારાજની સાથે રાધાકૃષ્ણ દેવની પ્રતિષ્ઠા અને કળશ સ્થાપનનો મંગલ પ્રસંગ ધામધૂમથી ઊજવાયો. આ અવસરે મહોત્સવ સ્થળમાં ફેરવાઈ ગયેલા જે. જે. દેસાઈ કૉલેજના પ્રાંગણમાં બિરાજી સ્વામીશ્રીએ સૌને અમૃતલાભ વહેંચ્યો.

તેને અનુસરતાં તા. ૨૩/૨ની સવારે અલ્પાહાર કરવા બિરાજેલા તેઓએ સામેથી જ વાત ઉખેળતાં સંતોને પૂછ્યું : 'આજે સવારે પ્રવચનમાં કો'ક એમ બોલ્યું હતું કે "યોગીબાપાએ કહ્યું – 'એ સહજાનંદ હું જ છું,' એ વાત કોણે કરી હતી ?"

આ પૂછપરછ બાદ ઉત્તરની અપેક્ષા રાખ્યા વિના જ સ્વામીશ્રી કહેવા લાગ્યા : 'એક વાત સમજી રાખો કે શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ કોઈ દિ' આવું બોલે જ નહીં ! સંત દ્વારા ભગવાન અખંડ રહ્યા છે એ વાત

બરાબર છે, પણ આમાં તો મહારાજનો દ્રોહ થાય. નામફેર થાય એ ચાલે, પણ સિદ્ધાંતફેર ન જ થવો જોઈએ.'

શિરછત્ર સમા

તા. ૨૩/૨ની સવારે અલ્પાહાર બાદ પ્રસિદ્ધ ધર્મસ્થાન સંતરામ મંદિરે પધારેલા સ્વામીશ્રીને અત્રે મહંતશ્રી નારાયણદાસજી મહારાજે પ્રેમપૂર્વક સત્કાર્યા. આ પ્રસંગે આ સંસ્થાના અન્ય સાતેક મંદિરના મહંતશ્રીઓ પણ ઉપસ્થિત હતા. તેઓ સ્વામીશ્રીને ભીડમાંથી માર્ગ કરતાં-કરતાં મુખ્ય સમાધિ-સ્થળે લઈ ગયા. અહીં પુષ્પહાર ચઢાવી ભાવાંજલિ સમર્પિત કર્યા બાદ સ્વામીશ્રી પુનઃ નારાયણદાસજી મહારાજના આસને આવ્યા ત્યારે આ બંને સંત-વિભૂતિઓએ પરસ્પર પુષ્પહાર પહેરાવી આદર અભિવ્યક્ત કર્યો. તે પછી ચાલતા થયેલા પ્રાસંગિક વાર્તાલાપના અંતે મહંતશ્રીને શાલ-દક્ષિણાનું સન્માન આપી સ્વામીશ્રી ભાગવત ધામના આંગણે પહોંચ્યા.

આ સંકુલ નડિયાદ-સ્થિત માઈ મંદિરના આચાર્યશ્રી ભગવતી કેશવભવાની મહારાજની ષષ્ઠીપૂર્તિના પ્રસંગે નિર્માણ પામેલું. તેનું ઉદ્‌ઘાટન કરતાં પૂર્વે સ્વામીશ્રીએ મુખ્ય મંદિરમાં કાલી, અંબા અને બહુચરાજી માતાની મૂર્તિઓનું પૂજન કર્યું. તે પછી તેઓએ સભામંડપમાં પધારી અનેક સંતો-મહંતોની ઉપસ્થિતિમાં દીપપ્રાગટ્ય દ્વારા મહોત્સવને ખુલ્લો મૂક્યો.

સ્વામીશ્રીની આ કૃપાથી ગદ્‌ગદ થયેલા યજમાન આચાર્યશ્રીએ ભરસભામાં જણાવ્યું કે 'દેવી મંદિરની પ્રતિષ્ઠામાં આજે ભગવાન સ્વામિનારાયણનું પાંચમું સ્વરૂપ પધાર્યું છે. તેઓ મારા શિરછત્ર છે.'

આ અહોભાવ ઝીલતા સ્વામીશ્રીએ સભાના અંતિમ ચરણમાં ઉપસ્થિત સૌ ધર્માત્માઓને શાલ ઓઢાડી સન્માનિત કર્યા ત્યારે તેઓની નમ્રતા અને ઉદારતાની અમીટ છાપ સૌનાં હૈયે અંકિત થઈ ગઈ.

'ઘર'મંદિરમાં પ્રતિષ્ઠા

તા. ૨૩/૨ની સાંજે નડિયાદથી વિદાય લઈ માતર અને રઢુને પાવન કરતાં સ્વામીશ્રી પુરુષોત્તમપુરા પહોંચ્યા ત્યારે અહીં તેઓએ નૈરોબીના યુવાન શ્રી કિરણભાઈ પટેલને જોતાં જ ગાડી ઊભી રખાવી કાચ ખોલ્યો. તેથી આ શ્રીમંત નબીરા નજીક દોડી ગયા ત્યારે સામે ઊભેલાં બે-પાંચ

ખોરડાં અને ઘઉંના પાકથી લહેરાતી જમીન બતાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'આ અમારું ઘર છે.'

તેઓ આમ બોલ્યા, કારણ કે એ મકાનોમાં ઘણી વાર શાસ્ત્રીજી મહારાજ ઊતરેલા. ત્યાં બેસીને તેઓએ વખતોવખત કરેલી બેઠકોમાં સંસ્થાના વિકાસ સંબંધી ઘણા મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવાયેલા. એ મકાનોના માલિક શ્રી આશાભાઈ, ઈશ્વરભાઈ વગેરે સંસ્થાને સંપૂર્ણ સમર્પિત. તેથી 'એવા જે દૃઢ સત્સંગી વૈષ્ણવ છે તે જ અમારે તો સગાંવહાલાં છે' એ શ્રીજીવચન અનુસાર સ્વામીશ્રીને મન આ પરિવાર કુટુંબ સમાન અને તેઓનાં મકાન ઘરતુલ્ય.

અહીં જે નળિયાંવાળા ઘરમાં શાસ્ત્રીજી મહારાજ ઊતરતા તેના મૂળ આકારને જાળવીને તે ખોરડાનું પુનર્નિર્માણ થયેલું અને તેની પાસે જ ખડા થયેલા મંદિરની પ્રતિષ્ઠા તા. ૨૪/૨ની સવારે સ્વામીશ્રીના વરદહસ્તે સંપન્ન થઈ.

આ હેતુસર અત્રે પધારેલા તેઓ આવ્યા ત્યારથી જ શાસ્ત્રીજી મહારાજનાં ચરિત્રોમાં ગુલતાન હતા. સભા ઉપરાંત ભોજન અને શયન વખતે તથા હાલતાં-ચાલતાંયે તેઓના મુખેથી અજસ્ર ગંગાની જેમ શાસ્ત્રીજી મહારાજના પ્રસંગો વહી રહેલા. પ્રતિષ્ઠા બાદ યોજાયેલી સભામાં પણ આ રસલહાણ ચાલુ જ રાખતાં સ્વામીશ્રી બોલ્યા: 'શાસ્ત્રીજી મહારાજ અહીં આવતા તો જાણે પોતાના ઘેર આવ્યા! અમને પણ શાસ્ત્રીજી મહારાજ સાથે આવતા ત્યારે લાગતું કે 'ઘેર આવ્યા!' આ કુટુંબનો એટલો બધો પ્રેમ કે બીજું કંઈ દેખાય જ નહીં.'

આમ, શાસ્ત્રીજી મહારાજની લીલાભૂમિને એક ચિરંતન સ્મૃતિ આપી સ્વામીશ્રી તા. ૨૫/૨ની સવારે ડુંગરી ટીંબા લાટમાં પહોંચ્યા.

મનદુ:ખ ન થાય એ માટે આત્મબુદ્ધિ

આઠ-દસ ખોરડાંના ડુંગરી ટીંબા લાટ મુકામે યોજાયેલી સભા 'ઘરની મંડળી ને બાવો મહંત' જેવી હતી. તેમાં ગુરુગુણનો ગુલાલ ઉડાડતાં સ્વામીશ્રી બોલ્યા:

''એક તીરથ કરીને આવ્યા ને આ બીજું તીરથ થયું! આ કુટુંબ સાથે એટલો જ નાતો. શાસ્ત્રીજી મહારાજ માટે નિષ્ઠા, સમર્પણ ને શિર સાટાનો પક્ષ. અહીંના ગિરધર મથુર 'સરકારી સાધુ' કહેવાતા. એ ગામડે-ગામડે

સરકારના કામે જાય, પણ વાત સત્સંગની જ કરવાની. શૂરવીર એવા! એક વાર કો'ક બોલ્યું કે 'શાસ્ત્રી તો આવા ને તેવા...' એ સાંભળીને ગિરધરભાઈ તરત ઊભા થઈ ગયા અને કહે: 'શાસ્ત્રી નહીં, શાસ્ત્રીજી મહારાજ બોલ!' કોરટમાં પણ એ જ રીતે કહેલું.

અહીં શાસ્ત્રીજી મહારાજનો ઘર જેવો સંબંધ. જેમ જમીનો ને પૈસા સાચવીએ એમ આ સત્સંગ પણ સચવાવો જોઈએ. એ મૂડી પણ વધવી જોઈએ. એ ક્યારે વધે? તો બીજા પાંચને સત્સંગ કરાવીએ તો! સત્સંગમાં અભાવ-અવગુણ ન આવે, કસર ન રહી જાય એ સાચવવું. જેમ કુટુંબમાં કહેવા-સાંભળવાનું થાય છે, પણ પછી મન એક થઈ જાય છે; એમ સત્સંગ આપણું ઘર છે, સંતો-હરિભક્તો કુટુંબ છે, એમની સાથે પ્રસંગોમાં મનદુઃખ ન થાય એ માટે આત્મબુદ્ધિ છે.''

આટલું કહી સ્વામીશ્રી સામે બેઠેલા અમેરિકાવાસી તબીબ હર્ષદભાઈ ભટ્ટને ઉદ્દેશી બોલ્યા:

'ડૉક્ટર! તમે આ અમારું વિલેજ (ગામ) જોયું? અહીં અક્ષરધામ જેવું સુખ આવે. અમેરિકાના બંગલા કરતાં પણ આ વિશેષ કહેવાય. આ ગામનાં દર્શન થાય તોય જીવનું રૂડું થઈ જાય એવી વાત છે આ! અહીંયાં તો અમારે પાછળ ખેતરમાં જઈને કૂવા પર ના'વાનું. ઓપન લેટરીન (શૌચાલય) ને ઓપન બાથરૂમ. અહીં ગાડામાં આવવાનું. પ્રભુદાસ ડમણિયું રાખે. શાસ્ત્રીજી મહારાજને એમાં ઘૂઘરા જોઈએ. ઘમ-ઘમ કરતાં બળદિયા ચાલ્યા જાય. શાસ્ત્રીજી મહારાજ સાથે ડમણિયામાં બહુ બેઠેલા. તડકો હોય એટલે છત્રી ધરવાની. શાસ્ત્રીજી મહારાજનું તો એવું કે અહીંથી બેસે તે બોચાસણ આવે ત્યાં સુધી ઊતરે જ નહીં. વચ્ચે પેશાબ કરવાનું પણ ના થાય. એવું સુખ અહીં આપ્યું છે, આપણને એ ઓળખાણ થઈ છે તો કેફમાં રહેવું.'

શાસ્ત્રીજી મહારાજના સંબંધવાળાં ધૂળિયાં ગામડાંઓ વિષે પણ સ્વામીશ્રીને *'ધન્ય રમ્યા ભમ્યા જિયાં રિયા, સ્પર્શી રજ મળે કહો કિયાં...'*નો મહિમા! એ જ ભાવ સાથે આજે અમૃતધારા વહાવી તેઓએ અમદાવાદને પાવન કર્યું.

આપણે માયામાંથી તોડીને ભગવાનમાં જોડીએ

અમદાવાદ પધારેલા સ્વામીશ્રી સભામાં સૌને દર્શનલાભ આપી નિજ-

નિવાસના ઓરડે પધાર્યા ત્યારે રાત્રિના ૯:૧૦ વાગ્યાનો સમય થયેલો. તે વખતે સંતોએ વિનંતી કરી કે 'બાપા! આજે વિચરણ બહુ થયું છે તો આરામ કરો.'

'આટલા વહેલા હોતું હશે?' આ પ્રતિભાવ દ્વારા વિનંતીનો પ્રતિકાર કરતાં સ્વામીશ્રીએ હળવે રહીને વાત વહેતી કરી કે 'સંત તો ચલતા ભલા. ચૂંટણીવાળા અત્યારે ફરાફર કરે છે, પણ આપણે તો કાયમ ચૂંટણી. એ સત્તા માટે ફરે ને આપણે ભગવાન માટે. એમાં આપણે એકબીજાનો મહિમા જ ગાવાનો, અવગુણ નહીં. આપણેય તોડજોડ તો કરીએ છીએ, પણ આપણે માયામાંથી તોડીને ભગવાનમાં જોડીએ છીએ. આપણે આ ભગવાનની ચૂંટણીમાં આવ્યા તો સારું થયું.'

આ સાંભળી સંતોએ પૂછ્યું: 'સ્વામી! આપે અમને આપના પક્ષમાં કઈ રીતે પકડી લીધા?'

ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું: 'અમારો પક્ષ ભગવાનનો છે. એમાં બધા સમાઈ જાય. બધાનું સારું કરવું છે. ભગવાને આપણને સેવા આપી છે તો કરી લેવી. કથા-વાર્તા કરીને સુખી થવું ને બીજાને સુખી કરવા.'

આ હેતુસર સતત વિચરતા સ્વામીશ્રી તા. ૨૭/૨ની સાયંસભામાં પધાર્યા ત્યારે મહિલા મંડળે ઠાકોરજીની સુવર્ણતુલાનો કાર્યક્રમ યોજેલો. તે નિમિત્તે એકત્રિત થયેલો સુવર્ણરાશિ અમદાવાદના સત્સંગ મંડળે મહેળાવના નિર્માણાધીન મંદિરનાં કળશ અને સિંહાસન માટે સમર્પિત કરી દઈ, સુહૃદ-ભાવનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું.

બીજાના સારામાં આપણું સારું

તા. ૧/૩ની સવારે અમદાવાદથી નીકળેલા સ્વામીશ્રી મણિપુર મુકામે લક્ષ્મણ જ્ઞાનપીઠમાં પધાર્યા ત્યારે આ સંકુલના સંયોજક શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેઓનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું. પોતાનું આમંત્રણ સ્વીકારીને આવેલા સ્વામીશ્રીનાં પગલાં તેઓએ પરિસરમાં કરાવ્યાં અને કમ્પ્યૂટર શૉ વડે સ્થાનિક પ્રવૃત્તિઓનું નિદર્શન પણ બતાવ્યું.

તે નિહાળી રાજીપો દાખવતાં સ્વામીશ્રીએ અતિથિપોથીમાં ઊભાં-ઊભાં જ આશીર્વાદ લખી વિદાય લીધી અને બરાબર ૧૦:૪૦ વાગ્યે ગોધાવી જઈ પહોંચ્યા. આ ગામના નવનિર્મિત મંદિરમાં તેઓનાં કરકમળો દ્વારા અક્ષર-

પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત થયા.

તે પછી આજની સાંજે સ્વામીશ્રી બાપુનગર પધાર્યા ત્યારે અહીંના આર્ટેક્સ મેદાનની સમીપવર્તી ભૂમિ આ વિસ્તારના સંભવિત હરિમંદિર માટે સંપાદિત થયેલી. તે પર જ આયોજિત સભા અનેક સ્થાનિક મહાનુભાવો સહિત ૧૮,૦૦૦થી વધુ ભાવિકો દ્વારા ભરચક હતી. આ જાહેર-સભાના ઉપક્રમે છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલા વ્યસનમુક્તિ અભિયાનમાંથી પ્રેરણા લઈ આ વિસ્તારના ૩૦૦ ગલ્લાવાળાઓએ આજે તમાકુના વેચાણ પર સ્વૈચ્છિક પ્રતિબંધ લાદેલો. તેની સાથે સ્વામીશ્રીનાં દર્શન અને આશીર્વાદથી પ્રેરણા પામીને ૧૨૦ વ્યક્તિઓએ વ્યસનત્યાગના શપથ લીધા.

આ જોઈ અભિભૂત થયેલા ડાયમંડ ઍસોસિયેશનના પ્રમુખ શ્રી વલ્લભભાઈએ જાહેરાત કરી કે 'આર્ટેક્સ મેદાન હવે 'પ્રમુખસ્વામી નગર' તરીકે ઓળખાશે.' તેને અનુસરતાં અમદાવાદના મેયર શ્રી લાલજીભાઈ પરમારે પણ આ સભા-સ્થળથી પસાર થતાં નિકોલ ચાર રસ્તાને 'સ્વામિનારાયણ ચોક' જાહેર કર્યો.

આ રીતે જ્યાં જાય ત્યાં મહારાજનો મહિમા વિસ્તારતા સ્વામીશ્રીએ આજની સભામાં સદુપદેશ આપ્યો કે 'બીજાના સારામાં આપણું સારું છે.'

આ ભદ્ર ભાવના સાથે મંદિરે પહોંચેલા તેઓ અહીં તા. ૨/૩ની સવારે પર્થમાં પ્રતિષ્ઠિત થનારી પ્રતિમાઓનું પૂજન કરી આજની સાંજે જ વીરમગામ પહોંચ્યા.

અત્રે નગરપાલિકા અને લાયન્સ ક્લબ વતી માર્કેટિંગ યાર્ડમાં યોજાયેલા સત્કાર સમારોહમાં નગરવાસીઓનું અભિવાદન ઝીલી સ્વામીશ્રી રાત્રે નગાસર પધાર્યા.

આ ગોકુળિયા ગામના નવનિર્મિત મંદિરમાં તા. ૩/૩ની સવારે અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કરતાં તેઓ બોલ્યા : 'અહીં બાવીસ વર્ષે આવ્યા ને બે રાત રહ્યા એટલે સાટું વળી ગયું. અહીં ભૂધરભાઈના કુટુંબ સાથે બેઠા. આનંદ થયો.'

ભક્તો સાથે કેવો અંતરંગ નાતો !

સંકલ્પ ઊઠે એ જ ખામી

તા. ૪/૩ની સવારે સ્વામીશ્રી રંગપુર(નગાસર)થી સારંગપુર ભણી

પ્રયાણ કરવાના હતા, પરંતુ આજે ભારતના શીર્ષસ્થ નેતાઓ તેઓને મળવા આતુર હોવાથી ગાડીનું સુકાન ગાંધીનગર તરફ મરોડવાનું નક્કી થયું. તે જાણી કચ્છની પંચતીર્થી કરવા નીકળનારા એક સંતવૃંદે અલ્પાહાર વખતે સ્વામીશ્રીને પૂછ્યું : 'અમે આપની સાથે ગાંધીનગર આવીએ ?'

આ વખતે સ્વામીશ્રીએ 'હવે જે છે એ રહેવા દો' કહી કચ્છનો કાર્યક્રમ ચાલુ રાખવા રુચિ જણાવી, પણ યાત્રિકોનાં મનમાં ગાંધીનગરનો લાભ લૂંટવાની પ્રબળ ઇચ્છા જાગી ગયેલી. તેથી કો'કે ડહાપણ ડહોળ્યું કે 'બાપા ! અમારે તો અડસઠ તીરથ આપનાં ચરણે !'

'અડસઠ તીરથ તો કે દિ'નાં હતાં, આ કંઈ નવાં ઓછાં આયાં છે ? જે દા'ડે (કચ્છની પંચતીર્થીમાં) જવાનો સંકલ્પ થયો એ દા'ડે પણ હતાં જ ને !'

સગવડિયા જ્ઞાનને ચીરતા આટલા વ્યંગ દ્વારા વાતાવરણમાં હળવું હાસ્ય ફેલાવી સ્વામીશ્રીએ વધુમાં કહ્યું :

'સાધુને તો અત્યારે મન થયું એટલે પાંચ જણ ઊભા થાય. ગાડી તો મળી જ રહે. બધું નક્કી કરીને પછી મને લખે. પછી કંઈ ના પડાય છે ? ટાઇમે-ટાઇમે પંચતીર્થી થાય જ છે. એ વખતે જોગ આવી જાય. નવું ઊભું કરવાની શી જરૂર ? અમારે છપૈયા જવાનો ઊભરો બહુ હતો, પણ શાસ્ત્રીજી મહારાજે બેસાડી દીધો. તે ઠેઠ યોગીબાપાએ સ્પેશિયલ કાઢી ત્યારે મેળ પડ્યો ! લોયા, ધોલેરા પણ કેટલાં વર્ષે ગયા'તા !'

'પણ પંચતીર્થીનો સંકલ્પ તો થાય ને !'

'સંકલ્પ ઊઠે એ જ ખામી છે. સંકલ્પ જ ન થવો જોઈએ. ભગવાનની ઇચ્છાથી જ્યારે અનુકૂળ થાય ત્યારે એ બધું થવાનું જ છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓને મતે સ્થાપિત શિસ્તની સરહદ બહારનું પગલું નહીં, વિચાર પણ ખોટનાં ખાતાંની જ વાત હતી.

નેતાઓના નેતા

તા. ૪/૩ની સાંજે રાજ્યના મુખ્યમંત્રી તરીકે શ્રી કેશુભાઈ પટેલનો શપથવિધિ સમારોહ હતો. છતાં આવી અગત્યની કાર્યવાહીના કલાકેક પૂર્વે જ સાંજે સાડા ચાર વાગ્યે આશીર્વાદ લેવા દોડી આવેલા તેઓના ભાલે રાજતિલક કરી સ્વામીશ્રીએ તેઓને આવકાર્યા. તે સાથે મોંમાં મીઠાઈ આપી કાંડે રક્ષાસૂત્ર પણ બાંધ્યું.

આ સમયે મુખ્યમંત્રીની સાથે આવેલા ધારાસભ્ય શ્રી દિલુભા બોલ્યા: 'ચૂંટણી પહેલાં હું જ્યારે બાપાના આશીર્વાદ લેવા ગયો ત્યારે તેઓએ મને કહ્યું હતું કે સત્તા અને પૈસા માટે ધારાસભ્ય ના થતા. સેવા કરવા જ થવું.'

'હું જે આવે એ બધાને આ જ કહું છું કે આપણે ત્યાં સત્તા માટે નહીં પણ સેવા માટે જઈએ છીએ.' આટલું કહી સ્વામીશ્રીએ મુખ્યમંત્રી સહિત સૌને જણાવ્યું:

'પૈસાની લાલચમાં તણાઈને પ્રજા અને પક્ષનો વિશ્વાસઘાત ના કરવો. પ્રધાન બન્યા કે ના બન્યા, પણ પ્રજાની પ્રેમથી સેવા કરવી. એમાં બધું આવી જાય! તમે સેવા જ એવા પ્રેમથી કરો કે લોકો તમને ચાહે. બધાને સાચવી લેવા. બધાની વાત સાંભળવી. બધાંનું મન સંપાદન કરવું. જે કંઈ કરો એ શાંતિથી કરવું. ઉતાવળ ન કરવી. એકમાં પગ સ્થિર થાય પછી બીજું પગલું ઉઠાવવું. એવું કામ કરો કે ગુજરાત સરસ બની જાય. એકે-એક પ્રશ્ન સારી રીતે ઊકલી જાય.'

સ્વામીશ્રીની આ સલાહ શિરોધાર્ય કરી મુખ્યમંત્રી સહિત દસેક ધારાસભ્યો વિદાય થયા ત્યાં જ આજની સાયંસભામાં શ્રી અટલબિહારી બાજપાઈ, શ્રી લાલકૃષ્ણ અડવાણી, ભાજપાના મહામંત્રી શ્રી કુશાભાઉ ઠાકરે, દિલ્હીના મુખ્યમંત્રી શ્રી સાહિબસિંહ વર્મા સહિત કંઈક નેતાઓની નક્ષત્રમાળા મંદિરના આંગણે ઘૂમવા લાગી. અહીં આવવા અંગે સુરક્ષા અધિકારીઓની પરવાનગી ન હોવા છતાં અત્રે દોડી આવેલા આ સક્ષમ નેતૃત્વને ઉચિત આદરમાન સાથે સ્વામીશ્રીએ આવકાર્યું. આ પ્રસંગે તેઓએ શ્રી બાજપાઈને તો વડાપ્રધાન બનવાના આશીર્વાદ આપતાં રાજતિલક કર્યું, નાડાછડી બાંધી અને મોંમાં મગસ મૂકી મધુરતા પણ બક્ષી.

આ સ્નેહ-સત્કારથી અભિભૂત થયેલા શ્રી બાજપાઈએ સભાને સંબોધતાં જણાવ્યું: 'आज मेरा मुँह मिठास से भरा हुआ है और हृदय में स्वामीजी के प्रति श्रद्धा की, आदर की भावना है। हमें हर पल स्वामीजी का आशीर्वाद मिला, इसलिए परीक्षा में हम लोग सफल हों के निकले हैं। जब-जब आनंद के क्षण आते हैं तब पूज्य स्वामीजी का स्मरण होता है। जब-जब कठिनाई की घड़ी आती है तब भी पूज्य स्वामीजी का आशीर्वाद हमारे साथ है। हम उनसे अनुरोध करते हैं कि उनके आशीर्वाद की छत्रछाया हमारे सर पर बनी रहे।'

શ્રી બાજપાઈના શબ્દે-શબ્દે સ્વામીશ્રી પ્રત્યેનો આદર છલકાતો રહ્યો.

સ્વામીશ્રીનાં પ્રેમ અને પ્રતિભા જ એવાં હતાં કે તેઓ પાસે નતમસ્તક બની આશીર્વાદ ઝીલવાની ઇચ્છા કોઈ રોકી ન શકે. આ સંદર્ભમાં સ્વામીશ્રી નાગરિકોના તો ઠીક, નેતાઓના પણ નેતા હતા.

અમે ધર્મ-પરિવર્તન નથી કરતા

રાષ્ટ્રીય નેતાઓની વિદાય બાદ સ્વામીશ્રી નિજનિવાસમાં વાળુ કરી ટોરોન્ટોના નિર્માણાધીન મંદિરના વિમર્શ માટે બિરાજ્યા ત્યારે આ બેઠકમાં સ્થાનિક સત્સંગીઓ ઉપરાંત ગ્રીક આર્કિટેક્ટ શ્રી જ્યોર્જ પણ સામેલ હતા. તેઓ હિંદુ ધર્મમાં ઘણી દિલચસ્પી ધરાવતા હોવાથી મીટિંગના અંતે એક વ્યક્તિએ મનોરથ ઉચ્ચાર્યો કે 'સ્વામી! આ જ્યોર્જને હિંદુ બનાવવો એ અમારી ઇચ્છા છે.'

'એ શાકાહારી બને એટલે હિંદુ થઈ જ ગયો. જીવનમાં વ્યસન ન રહે તો એ હિંદુ જ છે.' આટલું જણાવી સ્વામીશ્રીએ ઉમેર્યું : 'અમે ધર્મ-પરિવર્તન નથી કરતા, જીવન-પરિવર્તન કરીએ છીએ.'

સ્વામીશ્રીની આ વિચારધારાથી પ્રભાવિત થયેલા શ્રી જ્યોર્જે વિદાય લેતાં પૂર્વે માળા લીધી.

આમ, દરેકને ભજનની પ્રેરણા આપતા સ્વામીશ્રી પાસે તા. ૫/૩ની સવારે રાજ્યના નવા વરાયેલા વિપક્ષ નેતા આવી પહોંચ્યા. તેઓને પણ આશીર્વાદની સાથે હિતવચનો સંભળાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

'આપ હવે વિરોધપક્ષે મુખ્ય છો તો સાચો વિરોધ કરજો. ખોટા આક્ષેપો કરીને એકબીજાને હલકા પાડવા એ કંઈ વિરોધ છે? સાચો વિરોધ જરૂર કરવો, જેથી પ્રજાના પ્રશ્નો ઊકલે. અને નર્મદા યોજના માટે તો બધા સંપ રાખજો. આ વખતે બધા ભેગા થઈને ઉપાડો. જો આપણે જ અંદરોઅંદર વિરોધમાંથી ઊંચા ન આવીએ તો બીજા વિરોધીઓ એનો લાભ ઉઠાવી જ લે. જે જશ લે એ ભલે લે, આપણે તો એટલું સમજવું કે ગુજરાતનું કામ તો થયું! કામ એવું કરો કે ગુજરાતને શાંતિ થાય. પ્રજાનું હિત પહેલું જોવું. પાડેપાડા લડે ને ઝાડનો ખોડો નીકળે એવું ના થવું જોઈએ.'

સ્વામીશ્રીની આ શુદ્ધ ભાવનાઓ વિપક્ષ નેતાને ઘણી ગમી ગઈ. તેઓ રાજસત્તાને સીધી લીટીમાં રાખનારી ધર્મસત્તાના પ્રતીકરૂપે સ્વામીશ્રીને જોઈ રહ્યા.

ભજન કરવું છે એને બધે ફાવે

તા. ૫/૩ના પ્રભાતે ગાંધીનગરથી નીકળેલા સ્વામીશ્રી માર્ગમાં આવતા કેરાલા ગામની ઔદ્યોગિક વસાહતમાં એક પધરામણી કરી સારંગપુર પધાર્યા.

અત્રે તેઓ તા. ૬/૩ની સવારે ૧૧:૩૦ વાગ્યે તેઓના ભોજનકક્ષમાં આવી બિરાજ્યા ત્યારે સંતો *'શીદને રહીએ રે કંગાલ...'* પદ ગાઈ રહેલા. કેફનું આ કીર્તન સાંભળી સ્વામીશ્રી પણ મોજમાં આવી ગયા અને ભોજન પહેલાં જ જ્ઞાનામૃત પીરસવા લાગ્યા કે –

''આપણે તો હાર-જીતની વાત જ નથી. જીતની જ વાત છે, કારણ કે મહારાજ-સ્વામી મળ્યા! આ વસ્તુ સમજાય ત્યારે જીવમાંથી રાંકપણું જાય. અહીં આવીને રાંકપણું રહે કે 'મને આ પદાર્થ મળે તો સારું, આ ખાવાનું મળે તો સારું, આવી પથારી મળે તો સારું...' પણ આવું રાંકપણું હોતું હશે? ભગવાનને રાખશો તો તમારી પાસે ઢગલા થશે. તમારે સામેથી ના પાડવી પડશે. છતાં આપણું રાંકપણું જતું નથી. હજી તુચ્છ વસ્તુ સારુ ખેંચાખેંચ કરીએ, એમાં અભાવ-અવગુણ થાય, પક્ષાપક્ષી થાય, પણ મારું શું ને તારું શું? એ વિચાર જ ન આવવો જોઈએ. તુચ્છ વસ્તુ સારુ તકરાર હોતી હશે? વસ્તુ કંઈ બહુ મહત્ત્વની નથી, પણ તેનો વિચાર નથી આવતો એટલે જે બળ આવવું જોઈએ તે નથી આવતું.

આપણે તો અહીંથી બીજે જવું હોય તોય વિચાર કરવો પડે કે 'મને ગામડે નહીં ફાવે.' અલ્યા, ભ'ઈ! ના શું ફાવે? ભજન કરવું છે એને બધે ફાવે. વિચાર કરવો કે 'આપણે કોના છીએ?' જોગી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ માથે પોટલાં મૂકીને ફર્યા છે, પગે ચાલીને ફર્યા છે, ઝોળી માંગીને ખાધું છે. તેમને એક જ વસ્તુ હતી કે ભગવાનનું સુખ લેવા આવ્યા છીએ. તે સુખનો વિચાર પહેલાં કરવો જોઈએ. બીજો વિચાર જ પેસવો ન જોઈએ. કોઈ બીજો ગમે તે કહે તો એને માની લેવાની જરૂર નથી, કારણ કે એ હજુ આ સુખને પામ્યો નથી. નહીંતર એ આપણને ઢીલા પાડે કે 'શું કરવા તૂટી મરે છે?' સત્સંગમાં આ કુસંગ કહેવાય, પણ તે કરવા નથી આવ્યા.

જ્યાં કહે, જે કહે, એ સેવા કરવી ને ભક્તિ કરવી, તો જ આપણને બળ ને ઉત્સાહ રહે. નહીંતર રાંકપણું આવી જાય કે 'આણે મને આમ કહ્યું!' પણ એના થકી કલ્યાણ લેવું છે તારે? કોને માટે તમે આવ્યા છો એ પહેલો વિચાર

કરવો. આપણે અહીં આવ્યા છીએ એ કોઈ વ્યક્તિને લઈને આવ્યા છીએ? પણ એ વિચાર આપણને આવતો જ નથી. આટલી બધી કથા સાંભળીએ, બધું કરીએ છતાં કોઈ કહે એટલે પાછું પડી જવાય. એ થવું જ ન જોઈએ. બધા સારા છે. સૌ-સૌની રીતે ભગવાન ભજે છે. આપણે ક્યાં નિયંતા છીએ? આપણે તો એક જ છે કે મહારાજનું સુખ લેવા આવ્યા છીએ. પછી એ ભિક્ષા માંગીને મળતું હોય તોય ભલે, વાસણ ઊટકવાથી મળતું હોય તોય ભલે, વિદ્યાવાન પંડિત થઈને મળતું હોય તોય ભલે, સંગીતમાંથી મળતું હોય તોય ભલે, રસોડાની સેવામાંથી મળતું હોય તોય ભલે! તે જે રીતે મળે તે રીતે લેવું.

આપણે સાધુ, સત્સંગી થયા પણ હજી સ્વભાવ ટાળવાના છે. સ્વભાવ ટાળ્યો હોય તો ગમે તેની જોડે, ગમે ત્યાં રહેવાનું હશે તોય ફાવશે; ને સ્વભાવ હશે તો ગમે ત્યાં હશો તોય નહીં ફાવે. પણ આપણે સ્વભાવનું પોટલું સાથે રાખીને ફર્યા કરીએ કે 'આટલી કિંમતી વસ્તુને મુકાય કેમ? કદાચ અંતકાળે આપણને કામ આવે!' એવો એનો મહિમા સમજ્યા છીએ. અંદર-અંદર એકબીજાને માન, ખટપટ છે એ મોટામાં મોટું દુઃખ છે. બહારની તો ઉપાધિ છે નહીં. મહારાજને રાજી કરવા આવ્યા છીએ તો આપણામાં સાધુતા આવવી જ જોઈએ. આપણી સાધુતા લજવાય નહીં, આપણો સત્સંગ લજવાય નહીં, આપણા ઈષ્ટદેવ અને ગુરુ લજવાય નહીં – આપણે એ ઉપર તાન રાખવું.

બધા સાથે હળી-મળીને રહેવાનું, પણ જોડાવાનું તો ભગવાન ને સંતમાં જ! એ કહે એટલે નહીં દલીલ, નહીં અપીલ. એમની મરજી કેમ છે એ જોવું, પછી ભલે ને આપણે દુઃખ આવે તો દુઃખ ભોગવી લેવું. બધામાં એકતા હશે તો સત્સંગ હજારગણો વધશે.''

મોળી વાત નહીં, મોળું કાર્ય નહીં, મોળા સંકલ્પ નહીં

તા. ૬/૩ની રાત્રે વાળુ કરવા બિરાજેલા સ્વામીશ્રી સમક્ષ 'પ્રકાશ' સામયિકમાં છપાયેલો નિષ્કુળાનંદ સ્વામી વિષયક લેખ – 'વસંતના વૈભવ સમી સંતપ્રતિભા' વંચાવાનો શરૂ થયો. તેનું રસપૂર્વક શ્રવણ સ્વામીશ્રી સમગ્ર ભોજન દરમ્યાન કરતા રહ્યા. અંતે ચળું બાદ સામે બેઠેલા સંતોને ઉદ્દેશી તેઓએ કહ્યું :

''કોઈ ઠેકાણે ડાઘ ન લાગે એવું જીવન નિષ્કુળાનંદ સ્વામી જીવી ગયા. એમના વિચારો ઉત્તમ છે. એ જીવનમાં રહે તો આપણને સુખ-શાંતિ થાય. આપણને લાગે કે 'આ બધું કઠણ છે', પણ પાળવું હોય એને માટે કઠણ

નથી. ન પાળવું હોય એને માટે કઠણ છે. હજાર સંતો થઈ ગયા તે બધા આ મારગમાં પાર ઊતર્યા છે. પણ આપણા મનમાં સંયમના કે વૈરાગના વિચારો ના હોય એટલે મનમાં લાગી આવે કે 'સત્સંગમાં નહીં નભાય.' પણ ના શું થાય? જીવ ધારે એ કરી શકે છે. પુરુષાર્થ કરે તો થાય. પણ આ તો એક દા'ડો પુરુષાર્થ કરે ને ન થાય તો તરત પાછો પડે. જોગી મહારાજ પોતાની વાતમાં કહે છે ને કે 'સાધુ હતો. તેને તાવ આવવાની તો હજી વાર હતી, પણ ઉં... ઉં... કરે.' અલ્યા, ભ'ઈ! હજી તાવને આવવા તો દે. પણ આ તો 'મને તાવ આવશે તો શું થશે?' એમ તાવ પહેલાં મોળો પડી જાય.

પણ ભગવાન ને સંતને પ્રતાપે શું ન થાય! પાંચસો સંતો સારધાર પાર ઊતરી ગયા. નહીં થાય એવી વાત જ નહીં. થશે જ! શાસ્ત્રીજી મહારાજ પાંચ સંતો સાથે નીકળ્યા. લોકોએ અપમાન કર્યાં, વિરોધ થયો, છતાં પાછા ન પડ્યા. આપણે થોડો વિરોધ થાય એમાં પાછા પડી જઈએ. થથરી જાય, પણ થથરવું નહીં. આ સંતો જેમ કડેધડ રહ્યા એમ કડેધડ રહીએ તો બધું કામ સર્વોપરી થઈ જાય. નિષ્કુળાનંદ સ્વામીના એક-એક શબ્દો સર્વોપરી છે. મોળી વાત નહીં, મોળું કાર્ય નહીં, મોળા સંકલ્પ નહીં. ગુણાતીતાનંદ સ્વામીની વાતો પણ એવી! એટલે કહેવાનું શું કે આપણે મનથી મોળા ન પડવું. બ્રહ્મરૂપ પણ થઈ જવાશે. 'આ વાત સાચી છે' એટલો વિશ્વાસ હોય તો આગળ વધાય. પણ 'આ તો થાય એવું છે જ નહીં', તો ચકલી નાહી નાંખી. નહીં થાય એમ નથી, પણ આપણાથી થતું નથી. આપણાથી નથી પળાતું એ આપણી ભૂલ છે, ખામી છે.

આપણાથી કથાવાર્તા, સત્સંગ થશે ને ત્યાગ-વૈરાગ્યનો માર્ગ પણ સારધાર પાર પડી જશે. જેટલું થાય એટલું કરવું. મહારાજે સંતો માટે કહ્યું છે કે 'પૈસા ને સ્ત્રી, એ બે મૂકો.' એ મૂકો એટલે આખી દુનિયાના તમે ભગવાન થઈ પૂજાશો.

બધા શૂરવીર થઈને આવ્યા છો તો શૂરવીર ને શૂરવીર રહેવું. ત્યાગ-વૈરાગ, કથા-વાર્તાની છટા રાખવી. સમૂહમાં જ બેસવું, ઊઠવું. સમૂહમાં જીવન સારું થાય. આજ્ઞામાં રહીને કામ કરીએ તો બાધ ન આવે.''

કરે હેત નવું નિત્ય નિત્ય રે

તા. ૧૦/૩ના રોજ સુદ તેરસ નિમિત્તે આવી રહેલા મુંડનવિધિના અનુસંધાનમાં સંતોએ તા. ૯/૩ની રાત્રે સ્વામીશ્રીને પૂછ્યું: 'આપને

પૂર્વાશ્રમમાં વાળંદ ઘેર જ આવતા ?'

'હા, વાળંદ બાંધેલા હોય, દાણા આપવાનું કર્યું હોય ! એને સમયની ખબર જ હોય એટલે આવી જાય.'

'આપ પાંથી સાઇડમાં રાખતા કે વચ્ચે ?'

'સાઇડમાં જ.'

શૈશવની આ સ્મૃતિઓનો સ્વાદ પમાડનારા સ્વામીશ્રી તા. ૧૧/૩ની સવારે નિજનિવાસમાં પત્રવાંચન કરી રહેલા ત્યારે એક સંતે પોતાનાં બે પુસ્તકો પ્રસાદીભૂત કરવાના હેતુસર સ્વામીશ્રીનાં ચરણે અડાડ્યાં. તે જોઈ પોતાનાં ચરણને પાછા ખેંચતાં સ્વામીશ્રીએ કહ્યું : 'તમે વિદ્વાન છો ને આટલું નથી સમજતા ? પુસ્તક ઉપર મહારાજનો ફોટો છે. આ રીતે અડાડાય નહીં.'

ભક્તિનો આ વિવેક શીખવતા સ્વામીશ્રીએ તા. ૧૨/૩ની સવારે પ્રાગજી ભક્તનો જન્મોત્સવ ઊજવ્યો. આ સમૈયાની સભામાં ગવાયેલા પદ *'પિયા પાયા તો ફિર ક્યા સોના...'*ના આધારે તેઓએ આધ્યાત્મિક જાગૃતિની અદ્‌ભુત વાતો સંભળાવી.

તેના પડઘા હજી ગુંજી રહેલા ત્યાં જ તેઓ તા. ૧૩/૩ના રોજ ફૂલદોલોત્સવ ઊજવવા મંચ પર પધાર્યા ત્યારે અહીં હવેલીની શોભા નીખરી રહેલી. તેના દ્વારે સંખેડાના સિંહાસન પર બિરાજમાન સ્વામીશ્રીએ આશરે ૪૨,૦૦૦ ભક્તોને રંગમાં રસબસ કરી મૂક્યા.

પરંતુ તેઓએ આ વખતે સંતોનેય તરબોળ કરવાનું ધાર્યું હશે. તેથી ભક્તોને રંગતા સ્વામીશ્રી વચ્ચે કીર્તનિયા સંતો પર પણ રંગની સેડ્ય વાળી દેતા. એ જ રીતે મંચ પર અડખે-પડખે બેઠેલા સદ્‌ગુરુ સંતોનેય ભીના કરી મૂકતા. મંચ સામે નીચે બેઠેલા સંતો-પાર્ષદોય આ હેતલ વર્ષાથી બાકાત નહોતા રહેતા. પણ આ અલપ-ઝલપ લાભથી સંતોષ ન માનતાં સ્વામીશ્રીએ છેલ્લે તો સંતોને મંચ સામે જ બોલાવી ખૂબ રંગ્યા. આ સમયે કેટલાક સંતો સ્વામીશ્રીની જમણી બાજુએ પાછળ ઊભા રહી આ લીલા નીરખી રહેલા. તે જાણમાં આવતાં સ્વામીશ્રીએ પોતાની બેઠક પરથી સહેજ ખસીને અતિ ચપળતાથી પિચકારીને લગભગ ૧૮૦ અંશના ખૂણે એ રીતે ઘુમાવી કે ટેકા તરીકે આજુબાજુ મૂકેલાં ઓશીકાંયે ફંગોળાઈ ગયાં.

આ જોશ-હોંશ સાથે ૧૧:૨૫ વાગ્યે શરૂ થયેલી રંગવર્ષા ૧૨:૫૦ વાગ્યે વિરમી ત્યારે સંતો, ભક્તો અને સ્વામીશ્રી સ્વયં રંગમાં તરબોળ બની

ગયેલા. આ પહેલો એવો રંગોત્સવ રહ્યો કે જેમાં સ્વામીશ્રી સંતો પર મન મૂકીને વરસ્યા હોય. તેથી આ કૃપાવર્ષા ઝીલનારા સંતો ગાઈ રહ્યા: *'છે તો એના એ જ આ શ્રીહરિ, પણ આવી લીલા નો'તી કરી...'*

આવો જ અનુભવ સ્વામીશ્રીના ઉતારાની રખેવાળીમાં ઊભેલા શ્રી રામસંગભાઈ અને લક્ષ્મણભાઈ પણ કરી રહ્યા.

આ ગામઠી ભક્તો અત્રે સેવામાં રોકાયેલા હોવાથી રંગોત્સવ વખતે હાજર નહોતા રહી શક્યા. તેથી તેઓનાં કોરાં વસ્ત્રો પર નજર પડતાં સ્વામીશ્રીએ તેઓને રંગવા પોતાના અને સેવકના ભીનાં ગાતરિયાં નિચોવાવીને હથેળીમાં જળ ઝીલ્યું. તે રંગમિશ્રિત જળ પેલા બે ભક્તો પર છાંટી તેઓનાં કપડાં અને કાળજાં – બેય રંગી દીધાં. સ્વામીશ્રીનો આ પ્રેમ ઝીલી એ વૃદ્ધ કાયાના કણ-કણમાં એવી જુવાની ફૂટી નીકળી કે સ્વામીશ્રી ઉતારામાં પધારી ગયા બાદ એ ડોસલાંઓ પોતાની ટોપીઓ ઉલાળતાં થનગનવા લાગ્યા.

આમ, *'કરે હેત નવું નિત્ય નિત્ય...'*ની રીતે રહેતા સ્વામીશ્રીના રંગવર્ષણનું એક વિશિષ્ટ પ્રકરણ ખૂલતું – સંત આશ્રમમાં આવેલા પ્રાસાદિક ગુરુકક્ષોમાં.

સભામંડપની ડાબી બાજુએ આવેલા શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના ઓરડાઓમાં સ્વામીશ્રી રોજ સવારે દર્શન માટે પધારે ત્યારે સંતો જે-તે ગુરુકક્ષમાં તે તે ગુરુજનોનાં બોધવચનો બોલે. તેમાં પ્રદક્ષિણા ફરતાં-ફરતાં સ્વામીશ્રી પુષ્ટિ કરતા જાય. આ મધુબિંદુઓ ઝીલવા સંતો ઓરડાની દીવાલોને ચપોચપ અડીને તો ઊભા જ હોય, પણ ઓરડાની નાની બારીઓએ પણ ઠઠ જામી જાય. એ શોભા તો 'જે માણે તે જાણે' તેવી બની રહેતી.

સ્વભાવ ભૂલીને હળી-મળી જવું

તા. ૧૯/૩ની સવારે આવેલા મુંબઈના એક ભાવિકે દીકરીની ચિંતાનું પોટલું ખોલતાં કહ્યું: 'સ્વામી ! પુત્રી માટે છોકરો જોયો છે, પણ ગ્રહ મળતા નથી.'

'છોકરા-છોકરીને એકબીજાને ગમ્યું છે ?'

'હા.'

'તો ગ્રહની ચિંતા મૂકી દેવી. ગ્રહ કંઈ નડતા નથી. છતાં મનમાં રહેતું હોય તો અક્ષર દેરીમાં મહાપૂજા કરાવી લેજો. આપણે 'સ્વામિનારાયણ' મહામંત્રના પાઠ કરવા અને કરાવવા.' વ્યથાને વિખેરતાં સ્વામીશ્રી બોલ્યા.

તેથી હાશ અને હરખ પામેલા પેલા સજ્જને જણાવ્યું : 'બાપા ! હું હજી અઠવાડિયું આપની સાથે છું.'

'તો તો ગ્રહ ને પનોતી બધાં જ જતાં રહેશે.' સ્વામીશ્રીના શ્રીમુખેથી સ્વ-સામર્થ્ય સરી પડ્યું.

તે વડે અનેકને ઉગારતા તેઓ આજની સાંજે યજ્ઞપુરુષ વાડીમાં પધાર્યા ત્યારે અત્રે આંબલીની ડાળે બાંધેલા હિંડોળા પર બિરાજી તેઓએ એ વૃક્ષ પર નજર ઠેરવી. હકીકતે એક જેવા જણાતા થડમાંથી અહીં આંબલી અને લીંબડો સાથે-સાથે ઊછરેલાં. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'દરેકના સ્વભાવ જુદા જુદા છે. એક કડવો ને બીજી ખાટી. છતાં હળી-મળીને રહે છે. આપણે પણ ભલે સ્વભાવ જુદા હોય, પણ એ ભૂલીને હળી-મળી જવું. મોટાપુરુષની દૃષ્ટિ પડે તો આપણી ખટાશ અને કડવાશ નીકળી જાય અને મીઠાશ આવી જાય.'

આ પ્રાસંગિક સદુપદેશ સાથે અમૃતધારા વહાવનારા સ્વામીશ્રીને આશીર્વાદ બાદ સંતોએ પુષ્પચાદરથી મઢી દીધા. તે વખતે ચાદરમાં અટવાયેલા સ્વામીશ્રીના હાથને જોઈ તક ઝડપતાં નારાયણમુનિદાસ સ્વામીએ સ્વામીશ્રીના શિરે પુષ્પમુકુટ પહેરાવી દીધો, પરંતુ તે સ્વામીશ્રીએ તરત જ કાઢી નાંખ્યો. જો કે ઝબકારે મોતી પરોવી લેવાની સતર્કતા ધરાવતા સંતોની કીકીમાં એ દુર્લભ દર્શન ઝીલાઈ ગયું.

તેથી કૃતાર્થતા અનુભવતા સૌને ફગવાનો પ્રસાદ આપી સ્વામીશ્રીએ વિદાય લીધી, પણ વાડીના ઝાંપે ગાડીમાંથી ઊતરી તેઓ ચાલતાં-ચાલતાં જ મંદિરે જવા નીકળ્યા. તે વખતે રાત્રિના અંધકારમાં બેટરીના અજવાળે સંત-સમૂહ સાથે જઈ રહેલા સ્વામીશ્રી ગામની ભાગોળે અનુસૂચિત જાતિના મનુષ્યોની વસાહત પાસે પહોંચ્યા ત્યારે સ્વામીશ્રીને જોતાં જ અહીંના રહેવાસીઓને પ્રેમ ઊભરાઈ આવ્યો. તેને અભિવ્યક્ત કરવા તે સૌ બૂંગિયા ઢોલ પર દાંડી પીટવા લાગ્યા. આ અભિવાદન ઝીલતાં સ્વામીશ્રી મંદિરે પધાર્યા.

સાધુતા હોય તો કળશ ચઢે

તા. ૨૦/૩ની સવારે સંસ્કૃતનો વિશેષ અભ્યાસ કરતા સાત સંતોને પ્રેરણા-પીયૂષ પિવડાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

'તમને બધાને ઉત્સાહ છે એટલે ભલે વાર લાગે પણ આંખ મીંચીને તૈયાર થઈ જવું. આપણે મેઇન (મુખ્ય) વિદ્વત્તા નથી, પણ સાધુતા છે. સાધુતા

હોય તો કળશ ચઢે. એનો ભાર જુદો પડે. અને એમાં વિદ્વત્તા હોય તો સોનામાં સુગંધ ભળે. એટલે બળ રાખીને સારામાં સારો અભ્યાસ કરજો. સત્સંગમાં વિદ્વાન હોય તો શોભે. અમે તો બહુ વિદ્વાન ન થઈ શક્યા. 'इको यणचि' કરીને પડી રહ્યા, પણ તમે બધા તૈયાર થાવ.'

અધ્યયનનું આ નિશાન દૃઢાવતા સ્વામીશ્રી તા. ૨૨/૩ની સવારે ૩૪ શિક્ષિત યુવાનોને દીક્ષિત કરી તા. ૨૩/૩ની સવારે મંદિરમાં દર્શને પધાર્યા ત્યારે હરિકૃષ્ણ મહારાજ ફૂલડે ગરકાવ હતા. આ સુમનશોભાને અનુરૂપ ગવાતા કીર્તનમાં કડી આવી: *'ફૂલદડો ઉછાળે વા'લો, લટકે મન લેવા...'*

તે જ વખતે સ્વામીશ્રીની હથેળીમાં પણ ગુલાબનો મોટો દડો આપવામાં આવ્યો. તેને ભગવાનનાં ચરણે ચડાવવા સ્વામીશ્રીએ ઉછાળતાં એ દડો સીધો જ મહારાજનાં બે ચરણમાં જઈ પડ્યો ! ગેંદલીલાનો આ ગુલાલ ઉડાડતા તેઓ તા. ૨૪/૩ની સવારે સારંગપુરથી વિદાય લઈ ટાટમને પાવન કરતાં ગઢડા પધાર્યા.

અહીં આયરવાસમાં ચાલતા ભાગવત પારાયણમાં આશીર્વર્ષા વરસાવી આપણા મંદિરે પહોંચેલા સ્વામીશ્રીએ અત્રે તા. ૨૫/૩ની સવારે ઠાકોરજી સમક્ષ મહંત સ્વામીની સફળ બાયપાસ સર્જરી માટે ધૂન કરી. બૉમ્બે હૉસ્પિટલમાં થનારી આ શસ્ત્રક્રિયા વખતે હાજર રહેવા તેઓએ ડૉક્ટર સ્વામીને ખાસ મોકલેલા. તે ઉપરાંત તેઓ શસ્ત્રક્રિયા સંબંધી અન્ય ઝીણી-ઝીણી વિગતોનુંયે ખૂબ ધ્યાન રાખતા રહેલા.

તે ક્રમમાં આજે ધૂન કર્યા બાદ હનુમાનજી-ગણપતિજીનાં દર્શન કરી સ્વામીશ્રી રંગમંડપના રસ્તેથી બહાર આવ્યા ત્યારે અહીં મંદિરના ઉત્તરાદા પગથિયાં પાસે મહિલાઓને બેસવાનો સભામંડપ બંધાયેલો. ત્યાંથી જ સ્વામીશ્રી પસાર થવાના હોવાથી બહેનો તો કોઈ નહોતાં, પણ એ મંડપમાં પથરાયેલાં મોદિયાં જોઈ સ્વામીશ્રીએ વ્યવસ્થાપકને કહ્યું: 'કાંકરામાં આ મોદિયાં પાથર્યાં છે એને બદલે થોડાં ગાદલાં પણ પાથરવાં અને કોઈ એવાં હોય એના માટે ખુરશીની વ્યવસ્થા પણ રાખવી. આ ગોઠવણ સમજી જ રાખવી. દર વખતે આ કહેવું ન પડે.'

સંસ્થાના વરિષ્ઠ સંત મહંત સ્વામીના સ્વાસ્થ્યની દરકાર કરનારા સ્વામીશ્રીએ દૂર બેસીને લાભ લેનારાં મહિલાઓનાં પાથરણાંની પણ ચિંતા કરી. જેમ માતા બાળકની દેખભાળ કરે તેમ તેઓ સંત-સત્સંગી સૌની

રખેવાળી કરતા.

પથ્થરની સામે પુષ્પ

તા. ૨૬/૩ની સવારે ગઢડાનાં પ્રાસાદિક સ્થાનોની દર્શનયાત્રાએ નીકળેલા સ્વામીશ્રી મંદિરે પરત ફર્યા ત્યારે તેઓને વળગેલા શરદીના ઉપદ્રવને કારણે નાક સતત દદડ્યા કરતું હતું. તે સંદર્ભમાં તેઓ બોલ્યા: 'શરદીને લીધે માથું ભારે રહે છે. નાકમાંથી પાણી નીકળ્યા કરે એટલે કામ કરવાની પણ મજા ન આવે.'

છતાં આવી અવસ્થામાં તા. ૨૭/૩ની રાત્રે એક લાંબો પત્ર વાંચવા બેઠેલા સ્વામીશ્રીનો દોઢ કલાક વીતી ગયો, પણ પત્ર પૂરો ન થયો!

આ જ રીતે તેઓ તા. ૨૮/૩ની સવારે સભા બાદ મંદિરના ટેકરાની નીચેના ભાગમાં આવેલા એક મકાનની ખરીદી અંગે એ ઘરના માલિક સાથે વાતચીત કરવા બિરાજ્યા. એ વ્યક્તિને સ્વામીશ્રી બજારભાવથીયે અધિક કિંમત આપી સુખી કરવા ઇચ્છતા હતા, પરંતુ લોભને વશ તે માલિક વાસ્તવિકતાની ભૂમિ પર આવતા જ નહોતા. તે મસલતમાં બપોરના પોણા એક વાગ્યાનો સમય થઈ ગયો. છતાં પેલી વ્યક્તિ કિંમત અંગે અસંતોષ વ્યક્ત કરતાં ઊભી થઈને ચાલી જ નીકળી.

તેનો આ અવિવેક જોઈ સૌ સમસમી ગયા, પણ સ્વામીશ્રીએ એક સંતને કહ્યું: 'એમને જમાડીને મોકલજો.'

પથ્થરની સામે પુષ્પ, ઉદ્ધતાઈની સામે ઉદારતા – આ જ રીત હતી સ્વામીશ્રીની!

ભક્તિ વહાલી જેને ભાવે રે

તા. ૨૯/૩ની સવારે પાન્દ્રોના સંસ્કાર ભવનની મૂર્તિઓનું પૂજન કર્યાં બાદ સભામાં પધારેલા સ્વામીશ્રીએ *'દુર્લભમાં દુર્લભ સત્સંગ...'* વાત પર નિરૂપણ કરતાં કહ્યું:

''આપણને આ લોકની મહત્તા દુર્લભ મનાય છે. અમેરિકા જવાનું થાય તો 'અહોહો! બાપાની બહુ દયા...' એવું મનાય. પણ ભ'ઈ! કેટલાય જન્મો ત્યાં ફરી આવ્યા હઈશું. ત્યાં તો શું, પણ ઇન્દ્રલોકમાં તો ઘરે-ઘરે બે-ચાર પ્લેન હોય છે. એ બધું કરીને આવ્યા છીએ, છતાં એવું કંઈક મળે તો તરત અહોહો

થઈ જાય છે. પણ આ બધા કરતાં સત્પુરુષનો સંગ મળવો દુર્લભ છે. દુનિયાનું આપનાર મળશે, પણ માયાપર કરીને સુખિયા કરી દેનારા મળવા દુર્લભ છે. આ જગતમાં ભગવાન ભુલાવે એવા તો ઘણા છે, પણ ભગવાન સંભારી આપનાર જોગી મહારાજ જેવા સંત મળવા દુર્લભ !

એવા સંત મળે પછી એમાં સંશય ન રાખવો. બાકી સો ફેરા (વખત) વિચાર કરવો. ખાલી શૉ હોય એવાથી ચેતવું. જોગી મહારાજ જેવા ગુરુ મળ્યા પછી એમ સંશય થાય કે 'કલ્યાણ થશે કે નહીં ?' અરે ! થઈ જ ગયું છે. હવે રોવાનું હોય ? તમે સંકલ્પ કરો એનું સારું થઈ જાય ! જો આ મહિમા સમજાય તો દુર્બળતા રહે નહીં ને અક્ષરધામનું સુખ આવે."

આમ, સૌને પોતાની મૂડીનો મહિમા સમજાવી તા. ૩૧/૩ની સવારે સવા અગિયાર વાગ્યે ખાખરિયા પધારેલા સ્વામીશ્રી અહીં આવતાંવેંત ૪૧ ડિગ્રીની ગરમીથી ધગધગતી યજ્ઞશાળામાં પહોંચ્યા. પ્રતિષ્ઠા નિમિત્તે યોજાયેલા આ યાગમાં તેઓ મૂર્તિપૂજન બાદ યજમાનોને આશીર્વાદ આપવા મંચની ધારે આવી ઊભા રહ્યા ત્યારે મંડપની છત તેઓના શિરે અડું-અડું થઈ રહેલી. આવી પરિસ્થિતિમાંયે તેઓએ દસેક મિનિટ અમૃતવર્ષા કરી સૌને ગરમીનું દુઃખ ભુલાવી દીધું.

આવી જ શીતળતાનો અનુભવ તા. ૧/૪ના રોજ પ્રાતઃપૂજા દ્વારા પમાડી સ્વામીશ્રી ગોવિંદભાઈ પાલડિયાના ઘેર અલ્પાહાર માટે પધાર્યા. તે જોઈ ઠાકોરજીને થાળ ધરાવતા સંતો થાળ પૂરો કરવાની પેરવીમાં પડ્યા, પરંતુ આ ગતિવિધિ પામી ગયેલા સ્વામીશ્રી બોલ્યા : 'હજી પૂજા પૂરી થઈ તેને પાંચ મિનિટ પણ વીતી નથી, માટે શાંતિથી થાળ ધરાવો. સવારે નાસ્તો કરાવતી વખતે ઓછામાં ઓછી પંદર મિનિટ તો થાળ રાખવો જ ! સ્વામી આવ્યા એટલે ઠાકોરજીને તરત ઉઠાડી ન મૂકવા.'

આ ભક્તિભાવ સાથે નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કર્યા બાદ સ્વામીશ્રીએ મંદિરના ભોંયરામાં પહોંચી મહિલા મંડળ માટેની મૂર્તિઓનાં પણ પૂજન-આરતી કર્યાં.

એ જ રીતે આજની સાંજે પાલિતાણાના દાણાપીઠ રોડ પર બનેલા સંસ્કાર ભુવનમાં ચિત્રપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી તળાજા પહોંચેલા તેઓએ તા. ૨/૪ના રોજ અલંગને પાવન કર્યું.

મહાકાય જહાજોને તોડવાના ઉદ્યોગમાં ટોચના ક્રમે આવતા આ

સ્થાનના ઘણા ખાડા[૩૮] અને ધક્કાઓ[૩૯] પર ગાડીમાં બેઠાં બેઠાં જ દૃષ્ટિ કરનારા સ્વામીશ્રી ચાલીસમો ક્રમાંક ધરાવતા ધક્કે તો નીચે ઊતર્યા. અહીં ઓઇલવાળી જમીન તથા તૂટેલાં જહાજોના ભંગાર વચ્ચેથી માર્ગ કાઢતાં કાઢતાં છેક કિનારે જઈ તેઓએ જહાજોને નિહાળ્યાં. ત્યારબાદ અત્રે આયોજિત આમંત્રિતોની સભા સંબોધી સ્વામીશ્રી તળાજા પરત ફર્યા.

મહુવામાં શ્રી સ્વામિનારાયણ જયંતી

તા. ૩/૪ની સવારે તળાજામાં નિર્માણ પામેલા મંદિરમાં વેદોક્ત-વિધિપૂર્વક અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી સ્વામીશ્રી સાંજે મહુવા પહોંચ્યા ત્યારે અહીં ભૂતનાથ મહાદેવની નજીક નગરના અગ્રણીઓએ તેઓનું સ્વાગત કર્યું. તે સ્વીકારી સાફાધારી અસવારોના કાફલાથી દોરાતા મંદિરે જઈ રહેલા સ્વામીશ્રીને માર્ગમાં નવી બંધાઈ રહેલી મસ્જિદ પાસે ખોજા આગેવાનોએ, મદીના મસ્જિદ પાસે સૈયદ સમાજના મુખીઓએ અને અરબ મસ્જિદ પાસે આરબ સમાજના મોવડીઓએ સત્કાર્યા. તે પછી ઊભેલા જૈન સમાજના શ્રેષ્ઠીઓનું અભિવાદન સ્વીકારી સ્વામીશ્રી મંદિરે આવ્યા ત્યારે સત્સંગીઓએ તેઓને વધાવ્યા.

નગરજનોના આવા જ ઉત્સાહ સાથે તા. ૫/૪ની રાત્રે શ્રી સ્વામિનારાયણ જયંતીની સભા યોજાઈ. આ ઉત્સવ માટે દશા શ્રીમાળી બૉર્ડિંગના પ્રાંગણમાં ઊભેલા પીપળા નીચે કલાત્મક મંચ તૈયાર કરાયેલો. તેની પર થર્મોકોલમાંથી બનાવેલી વિવિધ ભૌમિતિક આકૃતિઓની સજાવટ દ્વારા ધર્મસદનનું દૃશ્ય ખડું થયેલું. તેના આંગણે પુત્રજન્મના ચોઘડિયે દાનનો પ્રવાહ વહેવડાવી રહેલા ધર્મદેવ અને પારણિયે પોઢેલા મહાપ્રભુને હીંચકાવતી પ્રેમવતીની મનહર શોભા વચ્ચે વિવિધ કાર્યક્રમો રજૂ થવા માંડ્યા. આ પ્રસંગે સ્વામીશ્રીની ઉપસ્થિતિ સૌનાં અંતરમાં બાલ ઘનશ્યામના પ્રાગટ્યનો આનંદ પ્રસરાવી રહી.[૪૦]

---

૩૮. તૂટેલા જહાજનો સામાન વેચવા માટે રખાયેલી જગ્યા.

૩૯. જહાજ તોડવાની કાર્યવાહી માટે રખાયેલી જગ્યા.

૪૦. મહુવાના આંગણે ધામધૂમપૂર્વક ઊજવાયેલી શ્રી સ્વામિનારાયણ જયંતીને માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

આ સહજ-આનંદ વહેંચવા જ વિચરતા સ્વામીશ્રી તા. ૬/૪ની સવારે મહુવાથી વિદાય લઈ ઓદરકા, સોસિયા, જસપરા(માંડવા) અને ભાવનગરને લાભ આપી તા. ૭/૪ની સવારે ધોળકા પહોંચ્યા.

અહીં સાંજે કલિકુંડ તીર્થ અને જૂના સ્વામિનારાયણ મંદિરે દર્શન બાદ તેઓએ સરસ્વતી કન્યા વિદ્યાલયના પ્રાંગણમાં યોજાયેલી જાહેર-સભામાં પધારી નગરવાસીઓનું સન્માન સ્વીકાર્યું.

તેને અનુસરતાં તા. ૮/૪ના રોજ ધોળકાના સમીપવર્તી રાજપુરમાં પગલાં પાડી જલાલપુર વજીફા પહોંચેલા સ્વામીશ્રીએ અત્રે નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવતાં આર્ષવાણી ઉચ્ચારી કે 'મંદિર નાનું છે પણ ભાવ મોટો છે, એટલે ગામમાં સત્સંગનો વિકાસ થશે.'

આ રીતે ગામવાસી ભક્તોની સેવા સાર્થક કરતાં રાત્રે બોચાસણ પહોંચેલા સ્વામીશ્રીએ, અત્રે બે દિવસના રોકાણમાં ૯૦૦ ઉપરાંત મુલાકાતીઓને સંતોષ આપી તા. ૧૧/૪ના રોજ ચૈત્રી પૂનમનો સમૈયો ઊજવ્યો.

ત્યારબાદ એ જ દિવસે તેઓએ પંચમહાલ પ્રદેશમાં ગોઠવાયેલા બાર દિવસના કાર્યક્રમ માટે નીકળવા તૈયારી કરી.

વિચરણનો વણથંભ્યો વેગ

જ્યારે સ્વામીશ્રી પંચમહાલનો પ્રવાસ શરૂ કરી રહેલા ત્યારે ગરમીનો પારો ૪૬ ડિગ્રીના આંકને અડી ગયેલો. આવા કાળઝાળ તાપમાં પથ્થરિયા પ્રદેશનું આ વિચરણ મુલતવી રાખવા આ પંથકની સત્સંગ પ્રવૃત્તિ સંભાળતા મહાપુરુષદાસ સ્વામી, દિવ્યસ્વરૂપદાસ સ્વામી વગેરેએ સ્વામીશ્રીને ઘણી વિનંતી કરેલી, પરંતુ તેઓને સ્વામીશ્રીએ કહેલું : 'અત્યારે ગરમી, ચોમાસામાં વરસાદ અને શિયાળામાં ઠંડી, તો અમારે વિચરણ ક્યારે કરવું ? અમારે બધા હરિભક્તોને મળવું હોય તે ક્યારે મળાય ?'

ગામડાંમાં વસતા આદિવાસી ભક્તોને મળવાની તેઓની આ ઉત્કંઠા જોઈ સૌ ઠરી જ ગયેલા. છતાં ૭૭મા વર્ષે સ્વામીશ્રી આ રીતે વિચરે તે વાત સ્વીકારવા કોઈનું હૈયું કબૂલ થતું નહોતું. તેથી સંતોએ યોગીજી મહારાજના સમકાલીન વડીલ ભક્તો દ્વારા આ વિચરણ અટકાવવા વિનંતી કરાવી, પરંતુ તેઓને પણ સ્વામીશ્રીએ પ્રેમથી કહી દીધું : 'ગરમી ગરમીનું કામ કરશે, અમે અમારું કામ કરીશું.'

આટલું જ નહીં, આ હરિભક્તોને પોતાની પાસે મોકલનારા સંતોને પણ તેઓએ ફોન જોડી જણાવી દીધું: 'તમે ગમે એટલું કરશો તોય હું વિચરણ કરવાનો છું, એટલે તમે બધાને મોકલવાનું બંધ કરી દો. તમને ગરમી લાગે તો તમે ન આવતા, હું એકલો વિચરણ કરીશ.'

આમ, ભક્તો પ્રત્યેના સ્વામીશ્રીના પ્રેમનો પ્રવાહ એકેએક પાળ ધ્વસ્ત કરતો વહી રહ્યો. તેના જ એક પુરાવારૂપે સ્વામીશ્રીએ સંતોને એ પણ સૂચના આપી કે 'આદિવાસી વિસ્તારમાં રૂમની વ્યવસ્થા સરખી નહીં હોય, ત્યાં એ.સી. કે સંડાસ-બાથરૂમ વ્યવસ્થિત નહીં હોય, પણ કોઈ તોડફોડ કે ખર્ચા કરાવવાની જરૂર નથી. એક દિવસમાં કંઈ ખાટું-મોળું નથી થવાનું.'

અલબત્ત, એક દિવસ તો જે-તે ગામ માટે હતો, પણ સ્વામીશ્રીને તો આવા એક લેખે બાર દિવસ વિતાવવાના હતા. છતાં ભક્તોની સગવડ બાબતે ઝીણી-ઝીણી ગણતરી માંડનારા સ્વામીશ્રી પોતાની સુવિધાને કદી ગણતરીમાં જ ન લેતા.

તેથી તા. ૧૧/૪ની બપોરે તેઓ ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે એક સંત મર્મમાં બોલ્યા: 'મને એમ વિચાર આવે છે કે આવા ઉનાળામાં પંચમહાલ જેવા વિસ્તારમાં વિચરણ ન થાય એવું તો અમનેય ખબર પડે છે, તો આપને એ ખબર નહીં પડતી હોય ?!'

'ઉનાળો હોય તોય શું ને અનુકૂળ હોય તો શું ? બેયમાં દિવ્યાનંદ લેવાનો હોય.' સ્વામીશ્રીએ કહ્યું.

આવી ભવ્ય ભાવનાઓ પર તૈયાર થયેલી સ્નેહની સડકે ડગ માંડવા તૈયાર થયેલા તેઓને અટકાવવામાં સૌ અસમર્થ પુરવાર થયા અને સ્વામીશ્રી તા. ૧૧/૪ની રાત્રે બોડેલીના નિકટવર્તી અલીપુર ગામના ચંપાવતી વિસ્તારમાં જઈ પહોંચ્યા.

પ્રમુખસ્વામીના પ્રેમ અને પરિશ્રમનું પરિણામ

આદિવાસી વિસ્તારના વિચરણમાં પ્રથમ પગલે જ સ્વામીશ્રીએ તા. ૧૨/૪ની સવારે બોડેલીના હરિમંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કર્યા. તે પછી સાંજે ઢોકલિયા ગામના મહાવીર જીનમાં યોજાયેલી આ પંથકના પ્રતિષ્ઠિતોની સભામાં અમૃતધારા વહાવી તેઓ તા. ૧૩/૪ની સવારે તેજગઢ પધાર્યા.

અત્રે તેઓએ ઉપલી બજારમાં આવેલા શ્રી દેસાઈભાઈ પટેલના 'પ્રમુખ પૅલેસ'ની ઓસરીએ બિરાજી પ્રેરણાવચનો સંભળાવ્યાં કે 'આજે ભલે દુનિયા નજીક થઈ ગઈ, પણ આપણું અંતર વધતું ગયું છે, કારણ કે આપણા સંસ્કારો ભૂલી ગયા છીએ. એકબીજાનો પ્રેમ, કુટુંબની ભાવના, સાથે રહીને આગળ વધવું એ કંઈ રહ્યું નથી...' સ્વામીશ્રી આટલું બોલ્યા ત્યાં વિદ્યુતશક્તિ રિસાઈ.

આ વિસ્તારની યાત્રામાં વીજપ્રવાહની આવી આવન-જાવન ઘણી રહેતી. તે ખામી પૂરવા ક્યાંક ક્યાંક જનરેટર તૈયાર રખાતાં. જો કે તેય ક્યારેક દગો દઈ દે ત્યારે સભા જો દિવસે હોય તો પાંચ, દસ, પંદર મિનિટ ગરમી અને સભા રાત્રે હોય તો એટલા જ સમય સુધી અંધારું વેઠવાનાં થતાં. છતાં દિવ્યાનંદ માણતાં સ્વામીશ્રી શાંતિથી બેસી રહેતા. તેથી સભા પણ સ્થિર રહેતી. વીજળીના અભાવમાં કો'ક બુલંદ અવાજે ધૂન ઝિલાવે તે સંભળાય એટલા ઝીલે, બાકીના 'લોલે લોલ'ના ન્યાયે તાળીઓ વગાડે. તેમાં જેવો વિદ્યુત-પ્રવાહનો સંચાર થાય કે સ્વામીશ્રી પુનઃ કથારસ રેલાવવા માંડે. તે સમયે તેઓનો લય લેશ ખોરવાયેલો ન જણાય.

આવી જ સ્થિતપ્રજ્ઞતાનું દર્શન તેજગઢમાં કરાવી સ્વામીશ્રી બપોરે સવા એક વાગ્યે છોટા ઉદેપુર પહોંચ્યા.

આ નગરમાં આજની સાંજે સર ફતેસિંહરાવ હાઈસ્કૂલમાં યોજાયેલી જાહેર-સભા માનવમેદનીથી ભરચક હતી. પ્રખર તાપના આ દિવસોમાં પણ લોકોને આ રીતે અહીં તાણી લાવનારા પરિબળનો ઘટસ્ફોટ કરતાં સ્થાનિક ધારાસભ્ય શ્રી મોહનસિંહ રાઠવાએ કહ્યું :

"આજથી ૨૫ વર્ષ પહેલાં પ્રમુખસ્વામીએ મને કહેલું કે 'એક દિવસ એવો આવશે કે આ વિસ્તાર સમૃદ્ધ બનશે.' એમની આ લાગણી અને પ્રેમને લીધે અહીં હજારો શિષ્યો બન્યા. એ સૌને પ્રમુખસ્વામીએ જે આચાર-વ્યવહાર શીખવ્યો ને જે ગુરુમંત્ર આપ્યો એ પારસમણિરૂપે તમામનાં દિલમાં પડ્યો અને એમની, એમનાં ઘરોની પણ કાયાપલટ થઈ ગઈ. જ્યાં પેઢીઓથી ઝૂંપડીઓ હતી ત્યાં પાકાં મકાન થઈ ગયાં. જે સ્વામિનારાયણ બન્યા એમની પરિસ્થિતિ પચાસ વર્ષ પહેલાં હતી એના કરતાં સાવ જુદી થઈ ગઈ છે.'

સ્વામીશ્રીના પ્રેમ અને પરિશ્રમનું આ પરિણામ સૌએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધું.

અમે અહીં તમારા માટે જ આવ્યા છીએ

તા. ૧૩/૪ની રાત્રિસભા બાદ શ્રી રાકેશભાઈ બ્રહ્મભટ્ટના બંગલે પધારેલા સ્વામીશ્રીએ અહીં બે સગા ભાઈઓને બોલાવ્યા. તે બંનેનાં મકાનોની દીવાલ એક હતી, પણ બંનેનાં દિલ વચ્ચે હજાર ગાઉનું છેટું થઈ ગયેલું. એ બે વચ્ચે બોલચાલનો વ્યવહાર પણ મરી પરવારેલો. આજે એ મૃત સંબંધો પર સ્વામીશ્રીની સ્નેહ-સંજીવની વરસી. સ્વામીશ્રીએ તે બંનેના વિચારો સાંભળી પારસ્પરિક મતભેદોને નિવાર્યા. એટલું જ નહીં, તેઓએ આવતીકાલે એકબીજાના ઘેર સાથે જમવાનું અને ઘરડાં દાદીમાની ઉપસ્થિતિમાં બંને ભાઈઓનાં પત્ની એકબીજાનાં મોં મીઠાં કરે તેવી ગોઠવણ પણ કરી આપી.

આમ, કકળાટને સ્થાને કિલ્લોલ લાવી આપનારા સ્વામીશ્રીને કયાં જર-ઝવેરાતથી વધાવવા એ પણ પેલા બે ભાઈઓને ન સૂઝ્યું. બસ ! આંખો દ્વારા વહેવા માંડેલું તેઓનું અંતર સ્વામીશ્રીનાં ચરણો પખાળવા લાગ્યું. તે વખતે સ્વામીશ્રી બોલ્યા : 'અમે અહીં તમારા માટે જ આવ્યા છીએ એમ માનજો.'

હા, સ્વામીશ્રી આ પૃથ્વી પર પધારેલા – એકમેકને નજીક લાવવા. તેઓના સ્નેહસૂત્ર વડે બંધાઈને એકબીજાની સમીપે પહોંચેલા હજારો પરિવારના લાખો મનુષ્યો આજે સ્વામીશ્રીને વધાવતાં ગાઈ રહ્યા હશે : *'પ્રગટ્યા અમારે કારણીયે, વારે વારે જાઉં વારણીયે...'*

બાપા આવ્યા અમારા ડુંગરામાં

જ્યારે સ્વામીશ્રી આદિવાસી પટ્ટીમાં વિચરણ કરી રહેલા ત્યારે એક તત્કાલીન ગણતરી મુજબ ભારતના દર દસ આદિવાસીએ એક આદિવાસી ગુજરાતનો હતો. અહીં છેક અંબાજીથી લઈને ડાંગ અને દાદરાનગર હવેલી સુધીના વિશાળ પટ પર આ જાતિ પથરાયેલી.

તેના ઉત્કર્ષ માટે પ્રયત્નશીલ સ્વામીશ્રીએ પ્રથમ તો આ ગરીબ પ્રજાની પ્રાથમિક જરૂરિયાતો પર ધ્યાન આપી ફરતાં દવાખાનાંઓ, વિના મૂલ્યે ઔષધ વિતરણ, બીમારીમાં નજીકનાં શહેરોમાં સારવારની સુવિધા, રોગનિદાન યજ્ઞ વગેરે દ્વારા સૌને શરીરથી સશક્ત બનાવ્યા હતા. ત્યારબાદ તેઓએ આ જાતિને સમાજમાં સક્ષમ કરવા શિક્ષણ તરફ ઝોક આપ્યો હતો. તે માટે સ્વામીશ્રીએ શાળા તથા છાત્રાલયો શરૂ કરતાં બટાટા અને

ચીકુના ભેદથી બેખબર કેટલાક આદિવાસી યુવકો એમ.એ., એલ.એલ.બી., એમ.સી.એ., એમ.પી.એડ. વગેરે ઉચ્ચ પદવીઓ પ્રાપ્ત કરનારા થયા.

ભોળા આદિવાસીઓની એક નિર્બળતા એટલે વ્યસન અને વહેમ. જીવનમાં કંઈ પણ અવનવું ઘટે એટલે ભગત-ભૂવાને બોલાવી કૂકડાં-બોકડાં વધેરવાને તેઓ સલામતીનું છાપરું ગણે. દારૂનો દાવાનળ કેટલાંય કુટુંબોને ભરખતો રહે. વ્યસનોના ખર્ચા લૂંટફાટના રસ્તે લઈ જાય. આ માર્ગે આગળ વધતાં આવે જેલ અને નરક. આ બદીમાંથી ઉગારવાનું કામ શાળા-દવાખાનાં ચલાવવાં કરતાંય અઘરું!

પરંતુ સ્વામીશ્રીએ તેને પણ હાથમાં લીધેલું. તે માટે તેઓ સ્વયં તદ્દન સુવિધાશૂન્ય ગામડાં-ઝૂંપડાંમાં પહોંચ્યા. સંતોને પણ મોકલ્યા. તે સૌ આદિવાસીઓ જોડે આસન માંડી તેઓના આત્મીય બન્યા. ફળસ્વરૂપે આ વિસ્તારના હજારો આદિવાસીઓ વ્યસન અને વહેમનાં વળગણથી છૂટ્યા. કંકાસને સ્થાને કલરવ, મારઝૂડની જગ્યાએ મદદ અને કંગાલિયત-જંગાલિયતને બદલે સુઘડતા-સમૃદ્ધિનો વાસો થયો. ભયને સ્થાને ભક્તિનું સામ્રાજ્ય વિસ્તર્યું.

સૂર્યના ઉજાશ કે ફૂલની સુગંધ જેવું આ નક્કર કાર્ય કોઈ જ ઢોલ-નગારાં પીટ્યાં વિના પણ શાસકો સુધી પહોંચ્યું. તેથી રતનપુરના પત્રકાર શ્રી ભટ્ટે તો ખોંખારીને કહી દીધું: 'હું ડાબા હાથે લખી આપું કે સ્વામીજીની આજ્ઞાથી સંસ્થાના સંતો જે રીતે વિચરણ કરે છે એ જોતાં અહીં વટાળ પ્રવૃત્તિવાળા પ્રવેશી નહીં શકે.'

આ ફળશ્રુતિથી પ્રભાવિત છોટા ઉદેપુરની નગરપાલિકાએ ક્લબ રોડ પર આવેલા તળાવ નજીકની કેટલીક ભૂમિ સંસ્થાને મંદિર-નિર્માણ માટે આપવાનો ઠરાવ કર્યો. એ જમીન પર તા. ૧૪/૪ની સવારે સ્વામીશ્રી પધાર્યા ત્યારે ત્યાં નગર, રાજ્ય અને દેશના અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં નગર-પાલિકાના ઠરાવનો અર્પણવિધિ થયો.

આમ, આદિવાસી ઉત્કર્ષ માટે વધુ એક કેન્દ્રના શ્રીગણેશ કરી સ્વામીશ્રી આજની સાંજે પાવી-જેતપુર પધાર્યા.

અહીં તા. ૧૫/૪ની સવારે નિત્યક્રમથી પરવારેલા તેઓ તારાપુર થઈને પાવી-જેતપુરની સીમમાં આવેલી દસ એકર જમીન પર મંદિરનું ભૂમિપૂજન કરી રતનપુર પહોંચ્યા.

અત્રે શ્રી ખુમાનસિંહ રાઠવાના ઘરમાં બનાવેલા સંસ્કાર ભુવનમાં

આરતી ઉતારી સ્વામીશ્રીએ સાંજે મોટી બેજને પાવન કર્યું.

માખણિયા પર્વતની તળેટીમાં વસેલા આ ગામમાં છ એકરની ધરતી પર ઊભેલું બી.એ.પી.એસ. મંદિર છેલ્લાં ચાર વર્ષથી કલ્યાણની ગંગા વહાવી રહેલું. તેના પ્રાંગણમાં જ યોજાયેલી સત્સંગ-સભામાં આશીર્વાદ આપી સ્વામીશ્રી બાર ગામે રાતવાસો કરવા પહોંચ્યા.

અહીંથી તેઓ તા. ૧૬/૪ની સવારે ચૂલી જવા નીકળ્યા ત્યારે આદિવાસીઓ ભાવપૂર્વક ગાઈ રહેલા : *'બાપા આવ્યા અમારા ડુંગરામાં, અહીં થઈ રહી લીલાલહેર... હરિ ભણેલા ભક્તોને ભૂલા પાડ્યા, અહીં અભણને આગળ કર્યા... બાપા આવ્યા અમારા ડુંગરામાં...'*

આદિવાસીઓની આ અનુભૂતિમાં સ્વામીશ્રીના કાર્યનો પડઘો હતો.

તમારે તો ઘેર બેઠાં ગંગા આવી છે

ધ્રિબાંગ... ધ્રિબાંગ... ધ્રિબાંગ... ચૂલીમાં સ્વામીશ્રીનાં ચરણ પડ્યાં ત્યારે આ અંતરિયાળ ગામની ભાગોળે આદિવાસીઓનાં રામઢોલ ઢબૂકી ઊઠ્યાં. માથે કાપોટિયું, શરીરે લુંગી અને ઉપર ઝબલુંના પરંપરાગત પરિવેશમાં સજ્જ આ ભોળા ગ્રામીણ જનો હાથમાં તીર-કામઠાં તથા લેજીમ સાથે સ્વામીશ્રીને વધાવવા થનગની રહેલા. તેમાંના કેટલાકે તો માથે અને કેડ્યે વૃક્ષની ડાળખીઓ પણ બાંધી હતી. ઘાસ-વાંસની કમાનોનું સુશોભન તેઓનાં જીવન જેવું જ સાદું અને ભક્તિભર્યું જણાતું હતું.

ઉપર તપી રહેલા સૂરજની પરવા તજી સ્વામીશ્રીને વધાવવામાં સૌ ભાન ભૂલેલા. અસલ આદિવાસી લોકશૈલીમાં નાચતા આ ભક્તોના પગની ઠેકે ઊડતી ધૂળ ગરવો ગુલાલ બની સ્વામીશ્રીની ગાડી પર પથરાતી હતી. તેમાં બેઠેલા સ્વામીશ્રી પણ આ ભક્તિભાવથી રીઝતા હશે એ તો ત્યારે જ ખબર પડી કે જ્યારે ડુંગરનો ઊંચો ઢોળાવ ચડી ગાડી નવનિર્મિત સંસ્કારધામના આંગણે ઊભી રહી ત્યારે સ્વામીશ્રી તે મંદિરમાં જવાને બદલે નૃત્ય કરતા આદિવાસીઓ વચ્ચે જઈ ઊભા.

ઊડતી ધૂળ, વરસતો તાપ, સખત ભીડ – કશુંય તેઓની નજરમાં ન રહ્યું. તેઓનાં ચરણ પણ આદિવાસીઓના તાલે તાલ દેવા લાગ્યા. હાથમાં લેજીમ લઈ હળવી લયે ગોળ ઘૂમતા સ્વામીશ્રીને જોઈ આદિવાસી ભક્તોનાં હૈયાં ભાન ભૂલ્યાં અને તેમાંના એક શ્રી નીલકંઠભાઈ તો સ્વામીશ્રીને ઊંચકી

ગોળ-ગોળ ફરવા લાગ્યા.

સ્વાગતનાં આ સૂર-પૂરમાં સ્નાન કરતાં મંદિરમાં પધારેલા સ્વામીશ્રીએ ધામધૂમથી અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવ્યા. તે પછી તેઓએ અમૃતવર્ષા કરી કે –

'આજે અહીં ભગવાન બિરાજ્યા. આ એરિયાનું આ મોટામાં મોટું તીર્થ બની ગયું. સંતનું વિચરણ થયું એટલે અહીં કોટિ ગંગા ને કોટિ કાશી થયું છે. તમારે તો ઘેર બેઠાં ગંગા આવી છે. જે કંઈ મુશ્કેલી આવે, આની માનતા રાખશો તો મુશ્કેલી ટળી જશે. આમાં બીજું કાંઈ કરશો નહીં તોય ચાલશે. ભગવાન સમક્ષ પુષ્પ કે ફળ મૂકી જશો તોય એમાં બધું આવી જશે. તમે સંકલ્પ કરશો તોય પૂરા થઈ જશે. આધ્યાત્મિક જીવન બની જશે. સંસ્કારી બની જઈશું. આજે ભગવાન બેઠા છે તો પ્રાર્થના કે અન્ન-વસ્ત્રે કરીને સૌને સુખી રાખે.'

સ્વામીશ્રીના આ રૂડા આશીર્વાદ પામી *'હરિજન સઘળા હરખ પામ્યા, ને વરત્યો જયજયકાર...'*નો માહોલ ચોમેર છાઈ વળ્યો.

તેની વચ્ચે પ્રતિષ્ઠાની સભા પૂર્ણ થઈ ત્યારે પોણા બાર વાગ્યાનો સમય થઈ ચૂકેલો. અહીંથી સ્વામીશ્રીને દેવગઢ બારિયા જઈ ભોજન ગ્રહણ કરવાનું હતું, પરંતુ તેની ઉતાવળ તજી તેઓ મંદિર માટે ભૂમિદાન કરનારા નીલકંઠભાઈની ઝૂંપડીએ પહોંચ્યા. અહીં ફર્શ તથા દીવાલો હતી – છાણ, માટી અને વાંસની, પણ તેમાં પ્રેમથી ફરી સ્વામીશ્રીએ વણમાંગ્યા આશીર્વાદ આપ્યા કે *'ઘર સારાં થઈ જશે, હોં...'*

એટલું જ નહીં, આ ભક્તે દૂધમાં લોટ બાંધીને બનાવેલાં અડદનાં વડાંનો એક ટુકડો સ્વામીશ્રી તૂટલી પાટ પર બિરાજીને જમ્યા. તે વખતે *'શબરીના બોરમાં સ્વાદ ઝાઝો જડ્યો, ભાજીના ભોજને તું ધરાયો...'*નો ઇતિહાસ પુનર્જીવિત થઈ ઊઠ્યો.

સ્વામીની પ્રીત ભારી

ચૂલીથી વિદાય થયેલા સ્વામીશ્રી ૧૨:૪૦ વાગ્યે દેવગઢ બારિયા પહોંચ્યા ત્યારે અહીં વર્ષો પછી તેઓનાં પગલાં પડતાં હોવાથી સત્સંગ મંડળે રેલી કાઢી શાનદાર સ્વાગત કર્યું. તેને અનુસરતાં સાંજે દીપક મિલના પ્રાંગણમાં જાહેર-સભા પણ ભવ્ય રહી. તેમાં સૌનો આદર-પ્રેમ ઝીલતા

સ્વામીશ્રીએ તા. ૧૭/૪ની સવારે નૂતન મંદિરનું ભૂમિપૂજનેય કરી દીધું.

આ અવસરે ભક્તો પર રાજીપો વરસાવતાં તેઓએ કહ્યું : 'બારિયાનું મંડળ નાનું પણ ભક્તો શૂરવીર ને નિષ્ઠાવાન. અહીં મણિભાઈએ જમીન આપી એટલે હવે મંદિરનું સહેલ થઈ ગયું. હવે લાંબા-ટૂંકા જેટલા થશું એટલા થવાશે. હવે મંદિરનું કામ શરૂ થશે, તો સૌ સહકાર આપજો. આ લોકની બેંક પણ જો વ્યાજ આપતી હોય તો ભગવાનની બેંક ઓછી ખોટમાં જવા દેશે ?'

આ રીતે સૌમાં ઉત્સાહ સિંચી સ્વામીશ્રી સાંજે કંબોઈ જવા નીકળ્યા ત્યારે તેઓની નજરે પીપલોદનું પાટિયું આવ્યું. તે જોતાં જ તેઓ બોલ્યા : 'ગામમાં આ જ રસ્તા ઉપર ગિરિજાશંકરનું ઘર આવે છે. જાળીવાળું ઘર છે.' આમ કહેતાં સ્વામીશ્રીની આંખો ચાલતી ગાડીએ એ ઘર શોધવા લાગી. થોડી વારે એક મકાન દેખાતાં જ સ્વામીશ્રીએ કહ્યું : 'આ રહ્યું એ ઘર ! અહીં જોગીબાપા ત્રણ દિવસ રહેલા. અમે પણ '૭૫માં અહીં મેડે ઊતરેલા.'

૨૩ વર્ષ વીતી ગયાં પછી અને દેશ-વિદેશમાં સેંકડો ઘેર ઉતારા કર્યા બાદ પણ એક અદના ભક્તનું ઘર અને તેની જાળી સુધ્ધાં સ્વામીશ્રીની સાંભરણમાં હતાં. તે જોઈ સૌ કેમ ન ગાય કે *'સ્વામીની પ્રીત ભારી !'*

સ્વામીશ્રીની આવી પારલૌકિક પ્રીતનું વધુ એક પ્રકરણ આજની રાત્રે આલેખાયું.

પીપલોદથી નીકળેલા તેઓ લીમખેડા થઈને કંબોઈ પહોંચ્યા ત્યારે સંધ્યા ઢળી ચૂકેલી. તેના આછા ઉજાશમાંયે આદિવાસી સત્સંગીઓ અને કોળી ભક્તોનું આ ગામ તેઓને વધાવવા ઉપરતળે હતું. તેથી સ્વામીશ્રીની ગાડી જોતાં જ થાળીઓના ટંકારવ અને આદિવાસી વાદ્યોના ગુંજારવથી વાતાવરણ ભરાઈ ગયું. ગાડીમાં ઝગતી બત્તીના આધારે દેખાતા સ્વામીશ્રી જાણે પૂનમનો ચાંદ હોય, એમ સ્વાગતમાં ઊભેલો માનવ મહેરામણ તેઓને જોતાં જ હિલોળવા લાગ્યો. તેના ભક્તિ-તરંગોથી દોરાતા સ્વામીશ્રી શના ભોદુની ટેકરીએ ચાલી રહેલી સભા તરફ સરકવા માંડ્યા. મોટરમાં બેઠાં-બેઠાં પણ ભોળા ભક્તોની ભાવભંગિમાને પ્રતિભાવ આપતાં તેઓ સભા-સ્થળની ટેકરીએ આવેલી એક ભેખડે પહોંચ્યા. અહીં સ્વાગતયાત્રા વિરમી.

હવે ગાડીમાંથી ઊતરી સ્વામીશ્રીને સભામાં જ જવાનું હતું, પણ ગરીબ ભક્ત શનાભાઈની પ્રેમદોરી જાણે તેઓને ખેંચી રહી હોય તેમ સ્વામીશ્રી ભેખડ ઉપર સર્જાયેલી સાંકડી કેડી જાતે ચઢી ગયા. અહીંથી થોડે

આઘે ટેકરી પર ઊભેલી પેલા સુદામા-શા સત્સંગીની ઝૂંપડી સુધી જવા કોઈ વ્યવસ્થિત પગથિયાં નહોતાં. છતાં તદ્દન અસમથળ અને ક્રમશઃ ઊંચી થતી જતી એ ટેકરી પર ડગ માંડતાં સ્વામીશ્રી ઝૂંપડીએ જઈ પહોંચ્યા. જાણે તેઓને મન *'વૈષ્ણવજનની જીર્ણ ઝૂંપડી, મારે તે વૈકુંઠ ક્રોડ...'* ન હોય !

આ ઝૂંપડામાં સ્વાગતના ઉપચારરૂપે ઘીના દીવાનો ઉજાશ ફેલાઈ રહેલો. એ માટીયાળા કૂબામાં બેસવાની સગવડ તો ક્યાંથી ? તેથી ઊભાં-ઊભાં જ બધે ફરવા લાગેલા સ્વામીશ્રીએ ચૂલાની રાખ આગળ પહોંચ્યા ત્યારે બાજુમાં પડેલા મોસીટાની પૂછપરછ કરી. વર્ષભરનું અનાજ સંઘરવા માટે વાંસ ગૂંથેલા કોઠલા જેવા આ મોસીટાને ઉપરથી છાણ વડે ઢાંકી દેવાયેલું. એ મોસીટા પર ઠાકોરજીને પધરાવી સ્વામીશ્રીએ 'સઘળો પરિવાર સુખી બને' એવો સંકલ્પ કર્યો. ઠાકોરજીની આરતી પણ ઉતરાવી.

દીવાના અજવાળે આટલો વિધિ કરી સ્વામીશ્રી બહાર ઓસરીમાં આવ્યા ત્યારે અહીં થડિયાની ત્રણ ડાળને વ્યવસ્થિત કાપીને તે પર માટલું મૂકેલું. તેની પર કડવી તુંબડીની ડોયલી હતી. તે વડે કેવી રીતે પાણી પીવાય તે બતાવવા સ્વામીશ્રીએ શનાભાઈને કહ્યું. તેથી આ હરિભક્ત ડોયલી તળે ખોબો ધરી પાણી ગટગટાવવા લાગ્યા ત્યારે સ્વામીશ્રી એ ક્રિયા પ્રેમપૂર્વક નીરખી રહ્યા, જાણે એ એક-એક ઘૂંટડે પોતે તૃપ્તિ ન અનુભવતા હોય !

ત્યારબાદ તદ્દન ઊબડખાબડ લીંપેલાં પગથિયાં દ્વારા તેઓ નીચે ઊતર્યા. અહીંથી ઝૂંપડા બહાર નીકળવામાં તો સ્વામીશ્રી કેડેથી બેવડ નમી ગયા ત્યારે માંડ બહાર આવી શક્યા. તે વખતે રાત્રિના અંધકારમાં પણ ભક્તોને લાડ લડાવતી તેઓની છબી અતિ દેદીપ્યમાન ભાસી રહી.

પંચમહાલમાં પથરાયો પ્રભાવ

શના ભોદુની ઝૂંપડીએથી સ્વામીશ્રી તળેટીમાં ચાલી રહેલી સભામાં પધાર્યા ત્યારે અહીં તેઓના સભાસન તરીકે ઘાસ, વાંસ અને ખજૂરી જેવાં પાનની બનેલી પર્ણકુટી હતી. અત્રે આ પંથકમાં વર્ષોથી ધર્મજ્યોતને જલતી રાખનારા કબીરપંથી ગુરુઓ પણ બેઠેલા. સામે વિશાળ સંખ્યામાં આદિવાસી ભાવિકો અને લીમખેડાના શિક્ષકોએ સ્થાન લીધેલું.

તે સૌનું સ્વાગત સ્વીકાર્યા બાદ સ્વામીશ્રી બોલ્યા: 'આપ બધાને જોઈને આનંદ થાય છે. આ શરીર ભગવાનના ધામને પામવાનો દરવાજો છે,

તેમાં આપણે વ્યસનો છોડવાં. આપણી કમાણી થોડી છે. પૈસા બચે તો સારાં વસ્ત્ર પહેરી શકો, મકાન બનાવી શકો, છોકરાં અભ્યાસ કરી શકે. માણસ ધારે તો થોડામાં પણ સારી રીતે જીવી શકે છે. ખોટા વહેમમાં ન પડવું. ભગવાનને પશુનું નૈવેદ્ય ધરાવવાની કાંઈ જરૂર નથી. માંદા થાવ તો ડૉક્ટર પાસે જવું. અહીં જે લાભ મળ્યો છે એ બહુ જ પુણ્યને લીધે મળ્યો છે. જંગલમાં જેમ શબરીને ત્યાં ભગવાન પહોંચેલા એમ સંત દ્વારા ભગવાન પહોંચી ગયા છે.'

*'સંત ભગવંત એક સહી...'*નો આ મર્મ સમજાવી સ્વામીશ્રી સાંકાભાઈના 'પ્રમુખતીર્થ' મકાનમાં તૈયાર થયેલા સંસ્કારધામમાં પૂજન-આરતી કર્યાં બાદ દાહોદ પધાર્યા.

અત્રે સરકારી વિશ્રામગૃહમાં ઊતરેલા તેઓના વરદહસ્તે તા. ૧૮/૪ની સવારે સરદાર ચોકમાં બનેલા નૂતન હરિમંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત થયા.

આ અવસરે પોતાનું અવલોકન રજૂ કરતાં કલેક્ટર શ્રી અરુણકુમારે સ્વામીશ્રીને જ કહ્યું: 'આ વિસ્તારમાં આપે પગ મૂક્યો એને લીધે આદિવાસીઓમાં લહેર ફરી વળી છે. આ જિલ્લામાં આપ આદેશ કરો એ રીતે કાર્ય કરવું છે.'

આ અનુભૂતિ દરેકની હોવાથી દાહોદથી ગોધરા પધારેલા સ્વામીશ્રીનો સન્માન સમારંભ અહીં તા. ૧૯/૪ની સવારે સરદાર નગરખંડમાં યોજાયો. સરપંચથી સાંસદ સહિતના અગ્રણીઓથી ખીચોખીચ આ સમારોહમાં પ્રત્યેક કોમના પ્રતિષ્ઠિતો ઉપસ્થિત હતા. તે પૈકીના એક વોરા સમાજના અગ્રણી ડૉ. સાહેરવાલાએ સ્વાનુભવ ઉચ્ચાર્યો કે –

''હું આમ તો બાળકોનો ડૉક્ટર છું. બે-પાંચ બાળકોના એક પિતા મારી પાસે આવતા. તેઓને સખત વ્યસન. એક ડૉક્ટર તરીકે મેં ઘણું સમજાવ્યા પણ વ્યસન છોડી દેવામાં તેઓ સફળ ન થયા. મેં એમને કહ્યું કે 'પ્રમુખસ્વામીએ ગાંધીનગરમાં અક્ષરધામ બાંધ્યું છે, ત્યાં જઈ આવો.' તેઓ ત્યાં જઈ આવ્યા પછી મેં પૂછ્યું : 'કેમ રહ્યું ?' તો કહે, '૫૦% વ્યસન ગયું.' મેં કહ્યું : 'ફરી જઈ આવો.' ફરી ગયા પછી ૧૦૦% વ્યસન જતું રહ્યું. આ હું સારું લગાડવા નથી કહેતો. મારી પાસે એમનાં સરનામાં પણ છે.

આજે બુદ્ધિશાળીઓમાં ફેશન છે કે 'મંદિરોની શી જરૂર ?', પણ જે કામ ડૉક્ટર કે સમાજ કરી ન શક્યો એ કામ અક્ષરધામ જેવાં મંદિરો કરી

શકે છે! પ્રમુખસ્વામીએ મોરબીમાં ઈદને દિવસે મુસ્લિમોને જમાડ્યા. એમનો આ સર્વધર્મ-સમાદર જો એક મુસ્લિમ તરીકે ન વખાણું તો એમાં મારું અવમૂલ્યન ગણાય.''

આ ભાવવાહી અભિવ્યક્તિ બાદ નગરના પ્રમુખ તથા રોટરી ક્લબ, લાયન્સ ક્લબ અને તબીબી તેમ જ અદાલતી ઍસોસિયેશનના વડાઓએ સન્માનપત્ર અર્પણ કરી સ્વામીશ્રીને વધાવ્યા.

પરંતુ હજી તો આ સન્માનની સાહી સુકાઈ નહોતી ત્યાં જ આજની સાંજે શારદામંદિર હાઈસ્કૂલના વિશાળ પટાંગણમાં જાહેર સન્માન સમારંભનાં દુંદુભિ ગગડી ઊઠ્યાં. આ મેદાન મેદનીથી ચિક્કાર થતાં આસપાસનાં મકાનોની અગાશીએ ચઢી-ચઢીને સૌ સ્વામીશ્રીના આ સમારોહમાં સામેલ થયા.

હોમ ડિલિવરી (ઘેર બેઠાં) સત્સંગ!

તા. ૨૦/૪ની સવારે ગોધરાથી વિદાય થયેલા સ્વામીશ્રી વેજલપુરને લાભ આપી કણબીપાલ્લી જવા નીકળ્યા ત્યારે તેઓના હાથમાં ગુજરાતના રસ્તાઓ સૂચવતો નકશો હતો. તેમાં તેઓ અત્યારે પોતે કયા રસ્તે જઈ રહ્યા છે તે શોધતા હતા. પરંતુ આશ્ચર્ય! જેને સ્વામીશ્રી ખેડી રહેલા એ માર્ગનું નકશામાં અસ્તિત્વ જ નહોતું!

આવા અંતરિયાળ રસ્તે વિચરતા તેઓ કણબીપાલ્લીમાં પ્રવેશતાં જ આંબલીનું એક ઘેઘૂર વૃક્ષ જોઈ બોલ્યા: 'આ પ્રસાદીનો આમલો.' અહીં સ્વામીશ્રી પહેલી વાર પધાર્યા ત્યારે આ વૃક્ષ તળે સભા થયેલી અને થોડો ઘણો વિરોધ તથા સમાધાન ચાલુ સભાએ જ થયાં હતાં.

આંબલીની આ ખટમીઠી સ્મૃતિ કરી તેઓએ સંસ્કાર ભવન માટે સંપાદિત થયેલી ભૂમિ પર પદાર્પણ કર્યું ત્યારે પરંપરાગત વસ્ત્રોમાં સજધજ ગ્રામવાસીઓએ માથે મીઠાઈની માટલી, વાંસના ટોપલામાં સૂકો મેવો, ફળમેવો વગેરે એક પછી એક લાવી સ્વાગતની પુરાણી રસમ જીવંત કરી દીધી.

તેઓનો આ ભક્તિભાવ સ્વીકારી સ્વામીશ્રીએ આશીર્વાદ પાઠવતાં કહ્યું: 'મહારાજ દયાએ કરીને આ લોકમાં પધાર્યા ને આપણા જેવા થઈને આપણને મળ્યા. સામાન્યની જેમ જમ્યા, રમ્યા. શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજ પોટલાં લઈને આપણે ઘેર આવ્યા. હોમ ડિલિવરી સત્સંગ કરાવ્યો. આવા મહાન પુરુષો આપણા ઘરમાં બેસે, આપણી સાથે વાતો કરે,

સત્સંગ કરે એ એમની કેટલી દયા !'

આ દયાથી પૂરેપૂરા પલળેલા પંચમહાલને વિશેષ ભીંજવતાં સ્વામીશ્રી અહીંથી ઘોઘંબા પધાર્યા.

અત્રે ઉતારા તરીકે રખાયેલું લાભશંકર શુક્લનું ઘર એટલે ત્રણ સળંગ ઓરડાનું મકાન. તેમાં વચ્ચે સ્વામીશ્રીનો શયન કક્ષ. પાછળ વંડા આગળનો ઓરડો તે રસોડું. તેને વીંધીને આગળ જતાં આવતા વરંડામાં જ સ્વામીશ્રીના સ્નાન માટેની સગવડ કરવામાં આવેલી. આ વરંડાના એક ખૂણે શૌચાલય ઊભું કરાયેલું.

આવી અગવડમાં પણ સાનુકૂળ થઈને રહેતા સ્વામીશ્રીએ સાંજે પાલ્લા ગામની સીમમાં આવેલી કરાડ નદી પરના બંધને અમીદૃષ્ટિ અને પુષ્પવૃષ્ટિ દ્વારા પ્રસાદીભૂત કર્યો. ત્યારબાદ તેઓ તા. ૨૧/૪ની સવારે એરાલને પાવન કરતાં રાબોડ પહોંચ્યા.

અહીં ગામની સીમમાં આવેલા ખેતરને સમથળ બનાવી સન્માન-સભા યોજવામાં આવેલી. તેમાં વનમંત્રીના વક્તવ્ય બાદ દર્શન નામના બાળકે છટાદાર શૈલીમાં સંસ્થાનો પરિચય આપતું પ્રવચન રજૂ કર્યું, પરંતુ આ પ્રસ્તુતિ બાદ તે સ્વામીશ્રીના આશીર્વાદ લેવા જેવો નજીક ગયો કે તેના હૈયાબંધ છૂટી ગયા. આંખોમાંથી ઝરતી અશ્રુધારા સાથે તેણે સ્વામીશ્રીનો અભયહસ્ત મસ્તકે ઝીલ્યો ત્યારે 'બાપા' અને બાળકની એ આત્મીયતા સભાજનોને પણ ભાવપ્રવાહમાં તાણી ગઈ.

સ્વામીશ્રીનું પ્રેમાળ વ્યક્તિત્વ બાળકથી માંડી બુઝુર્ગ સુધીના સૌને ગળગળા કરી મૂકતું.

હરિના જન હરિ સરખા જાણો

રાબોડના નગરજનોનું સન્માનપત્ર સ્વીકારી તા. ૨૧/૪ની બપોરે હાલોલ પધારેલા સ્વામીશ્રીની જાહેર-સભા આજની સાંજે મહાજન સાર્વજનિક હાઈસ્કૂલના આંગણે યોજાયેલી. તેમાં પ્રારંભથી જ પહોંચી ગયેલા સ્વામીશ્રીનાં દર્શન માટે ઊમટેલા ભાવિકોથી પ્રાંગણ છલકાતું હતું. પરંતુ સભામાં વીજળી વારંવાર વેરણ થતી રહેતાં સ્વામીશ્રીના આશીર્વાદ દરમ્યાન ત્રણ વખત વીજપ્રવાહ કપાયો અને સંધાયો. સ્વામીશ્રીએ પણ ત્રણેય વાર જે વાત કરતાં પ્રવચન અટક્યું હોય એથી જુદી જ વાતથી ઉપાડ કરીને અનોખી

સ્મૃતિ આપી. તેને હૃદયસ્થ કરનારા નગરપાલિકાના હોદ્દેદારોએ ૫,૦૦૦ ફૂટ જમીન સંસ્થાને અર્પણ કરતો ઠરાવ ઠાકોરજીને સુપ્રત કરી સ્વામીશ્રીના કાર્યને ઉચિત અંજલિ ધરી.

આમ, ગામોગામ મંદિરોની ભૂમિકા રચતા સ્વામીશ્રી આ જ હેતુસર હાલોલથી વિદાય લઈ તા. ૨૨/૪ની સવારે ચંદ્રપુરા જવા નીકળ્યા.

આ ગામના પાટીદાર સમાજે અર્પણ કરેલી ભૂમિ પર નિર્માણ પામેલા મંદિરમાં આજે પ્રતિષ્ઠા-ઉત્સવ યોજાયેલો, પરંતુ એ મંદિર આવે તે પહેલાં રસ્તામાં હરિભક્તોની ભોજનશાળા આવી. તેના એક છેડે સવારે અલ્પાહાર કરીને સત્સંગીઓએ ફેંકેલા કાગળના ડૂચાઓને કેટલીક ગાયો ચાવી રહેલી. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'આ ગાયોનુંય કલ્યાણ !'

'પણ આ તો ડૂચા છે, બાપા !'

'ભલે ને ડૂચા હોય, એમાં હરિભક્તોએ નાસ્તો તો કર્યો છે ને ! એની પ્રસાદી જમશે એમાંય કલ્યાણ થઈ જશે !' સ્વામીશ્રીએ કહ્યું.

તેઓના આ ઉદ્‌ગારમાંથી *'હરિના જન હરિ સરખા જાણો...'*ની મહિમાદૃષ્ટિ ઝળકી રહી.

સંકલ્પ મારા સિદ્ધ કીધા

તા. ૨૨/૪ના સવારે ચંદ્રપુરાના મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કરનારા સ્વામીશ્રીએ આ અવસરે યોજાયેલી સભામાં ભક્તોની સેવાને બિરદાવતાં જણાવ્યું :

'આ ગામ જ ચંદ્રપુર. લોકો આજે ચંદ્ર પર જવાની વાતો કરે છે, પણ આપણે તો ત્યાં જ બેઠા છીએ. જ્યાં ભગવાન બેઠા, આવું સુંદર મંદિર થયું, આવા સંતો બિરાજમાન હોય ત્યાં ચંદ્રલોક જ છે. ત્યાં ઠંડક જ હોય. ચંદ્રલોક કરતાં પણ અધિક છે. અક્ષરધામ જેવી સભા છે. તમારે તો આ પાદરમાં તીરથ થઈ ગયું. આપણે ત્યાં તો ભગવાન સાક્ષાત્ બિરાજ્યા.'

આ આશીર્વાદની સમાપ્તિ સાથે સ્વામીશ્રીનો વડોદરા અને પંચમહાલ જિલ્લાનાં અગ્રિમ તેમ જ અંતરિયાળ સ્થાનોનો પ્રવાસ પૂર્ણ થતો હતો. વીતેલા બાર દિવસમાં તેઓએ આ પંથકનાં ૨૬ ગામોમાં વિચરી ભર ઉનાળે પણ વાસંતી વાયરાની લહર પ્રસરાવી દીધેલી. આ વિચરણમાં નગરોનાં સન્માન અને ઝૂંપડાંઓમાં પધરામણીઓને એકસમાન ભાવે ઝીલતા સ્વામીશ્રી

શ્રેષ્ઠીઓના સ્વજન, તો આદિવાસીઓના આત્મીય બની રહેલા. ગરમીમાં સ્વાસ્થ્ય કથળવાની સૌની દહેશતને તેઓએ પોતાના આત્મબળથી ખોટી ઠેરવેલી.[૪૧]

આ રીતે ગામડાના ડેલા-ડુંગરા ખેડી સ્વામીશ્રી તા. ૨૨/૪ની સાંજે અમદાવાદ આવી પહોંચ્યા ત્યારે અહીં તા. ૨૪/૪ની સવારે સેટેલાઈટ વિસ્તારનો એક યુવાન નયન માર્ગદર્શન મેળવવા દોડી આવ્યો. તેની વાત સાંભળી સ્વામીશ્રી એ યુવકની આંગળી પકડી વાતો કરવા લાગ્યા. તે જોઈ આ નયનનાં નયન ગળવા માંડ્યાં. અતિ રોમાંચિત અવસ્થામાં જ તેણે સ્વામીશ્રીને કહ્યું : 'હું આપની નજીક આવ્યો ત્યારથી સંકલ્પ કરતો હતો કે 'આપ મારી આંગળી પકડો.' હવે કાયમ મારી આંગળી પકડી રાખજો.'

*'સંકલ્પ મારા સિદ્ધ કીધા, કેમ કરી જાણે કળું...'*નો આવો અનુભવ અનેકને કરાવનારા સ્વામીશ્રી પાસે તા. ૨૫/૪ની સવારે મનીષ નામનો યુવાન આવ્યો. અઢાર વર્ષનો તે ત્રણ-ચાર વર્ષના બાળક જેવો જણાતો હતો. અષ્ટાવક્રની જેમ તેના એકેએક અંગ વળી ગયેલા. કરોડરજ્જુ વગરનો હોવાથી તે વ્યવસ્થિત રીતે બેસી પણ નહોતો શકતો. છતાં સર્વાંગે વિકળ તેની શ્રદ્ધા અડગ હતી. તેણે સહેજ પણ નિરાશા વિના સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! મને ધામમાં લઈ જાવ.'

દર્દના અણસાર વિનાનો આ રણકાર સાંભળી સ્વામીશ્રી પણ ઘડીભર ચકિત થઈ જતાં બોલ્યા : 'એને આટલું દુ:ખ છે અને બધી ખબર છે છતાં સહેજે થડકો નથી. હસે છે. દુ:ખની પરવા જ નથી.'

હીરાને ઘસી-ઘસીને પાસાદાર બનાવનારો રત્ન કલાકાર પોતે તૈયાર કરેલા હીરાની ચમકને ક્ષણભર નીરખી રહે તેમ સ્વામીશ્રી સત્સંગના એ રત્નને જોઈ રહ્યા.

આવે અંતકાળે નાથ આપે રે

તા. ૨૭/૪ની સાંજે નિત્યક્રમથી પરવારેલા સ્વામીશ્રીને રાજપુરવાસી

---

૪૧. વધતી ઉંમરે અને ભાંગતી તબિયતે સ્વામીશ્રીએ કરેલા આદિવાસી પ્રદેશના આ વિચરણને માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

સંનિષ્ઠ હરિભક્ત શ્રી પ્રહ્‌લાદભાઈ પટેલના ગંભીર સ્વાસ્થ્યની ખબર મળતાં તેઓ બોલ્યા: 'હું જ ત્યાં આવું છું.' આટલું કહેતાં પોતાની સાથે ઠાકોરજીનો પ્રાસાદિક હાર લેવડાવી મંદિરની હૉસ્પિટલમાં પહોંચી ગયેલા સ્વામીશ્રી અત્રે દર્દીના પલંગ પર જ બેસી જઈ ધૂન કરવા લાગ્યા. તે પછી બીમાર ભક્તને હાર પહેરાવી તેઓ બોલ્યા: 'અક્ષર દેરીમાં ખૂબ સેવા કરી શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનો રાજીપો લીધો છે. હવે એ બધું સંભારો અને સુખિયા થાઓ.'

આ આશીર્વાદ આપી હજી તો સ્વામીશ્રી અસ્પતાલમાંથી બહાર નીકળી ગાડીમાં બિરાજ્યા ત્યાં જ પ્રહ્‌લાદભાઈના પ્રાણ પ્રયાણ કરી ગયા.

આમ, *'આવે અંતકાળે નાથ આપે રે, તેડી જાય છે નિજ પ્રતાપે રે...'* પંક્તિને સાર્થક કરી સ્વામીશ્રી રાજપથ ક્લબમાં પહોંચ્યા. અત્રે તેઓ કેટલીક સામાજિક સવલતોનું ઉદ્‌ઘાટન કરી પુનઃ મંદિરે પરત ફર્યા.

અહીં સ્વામીશ્રી તા. ૨૮/૪ની રાત્રે ઠાકોરજી જમાડી રહેલા તે વખતે જ બાયપાસ સર્જરી કરાવીને મહંત સ્વામી આવી પહોંચતાં સ્વામીશ્રીને ભોજન ગૌણ થઈ ગયું. તેઓએ ખૂબ હેતપૂર્વક મહંત સ્વામીની ખબર પૂછી કે 'તબિયત તો સારી છે ને? અશક્તિ રહેતી હશે...'

આ વાતમાં સંમતિ આપતાં મહંત સ્વામીએ કહ્યું: 'અશક્તિ જેવું રહે છે ને બખ્તર પહેર્યું હોય એવું લાગ્યા કરે છે.' આમ જણાવી તેઓએ છાતી પર રહેલાં શસ્ત્રક્રિયાનાં ચિહ્‌નો દર્શાવ્યાં.

તે જોતાં સ્વામીશ્રી બોલ્યા: 'ઑપરેશન સારું થઈ ગયું ને રીકવરી પણ સારી થઈ. કાયમનું સુખ થઈ ગયું. હવે વાંધો નહીં. તકલીફ બધી દૂર થઈ ગઈ. શાંતિ શાંતિ થઈ ગઈ. મોટું વિઘ્ન ચાલ્યું ગયું. હવે ભગવાનની દયાથી સ્વાસ્થ્ય સારું રહે.'

આ સમયે મહંત સ્વામીએ પોતાનો અનુભવ સ્વામીશ્રીને વર્ણવ્યો કે 'સ્ટ્રેચરમાં લઈ ગયા ત્યારે આપ અને યોગીબાપા સાથે જ હોય એવું અનુભવાયું.'

આ ઉદ્‌ગારના આધારે ભોજન દરમ્યાન સ્વાસ્થ્ય સંબંધી જ વાતો ચાલતી રહી. છેલ્લે સ્વામીશ્રીએ મહંત સ્વામીને પૂછ્યું: 'એક ફોડવું કેરી જમશો?'

આ સાંભળતાં મહંત સ્વામીએ તરત જ પ્રસાદી લઈ લીધી. તે જોઈ સ્વામીશ્રીએ 'આપણે હૉસ્પિટલમાં ગયા ન'તા તે અહીં જમાડ્યા' એમ સંતોષ

વ્યક્ત કરી ‘આવો, મહંત સ્વામી ! હાર પહેરાવીએ’ કહેતાં મોગરાનો હાર પણ તેઓના કંઠમાં આરોપ્યો.

મહિમા ગા ગા કરો

અમદાવાદમાં રોજ સાંજે અમૃતહેલી વરસાવતા સ્વામીશ્રી ક્યારેક સંતો દ્વારા ચાલતા કથાપ્રસંગને અનુરૂપ, તો ક્યારેક પોતાના આશીર્વાદ પૂર્વે ગવાયેલા કીર્તનનો આધાર લઈ અમૃતધારા વહેતી કરતા.

આ ક્રમમાં તા. ૨૯/૪ના રોજ *‘મારા વા’લાજી શું વા’લપ દીસે રે…’* પદ પર છણાવટ કરતાં તેઓએ કહ્યું :

‘મુક્તાનંદ સ્વામીનું લખેલું આ કીર્તન છે. તેઓ સત્સંગની મા હતા. સ્તંભ સમાન હતા. મહારાજ એમની આજ્ઞામાં રહ્યા. મુક્તાનંદ સ્વામી કોઈનું મન પાછું પડ્યું હોય તો સમજાવીને સત્સંગમાં રાખે. બ્રહ્માનંદ સ્વામીનો ચેલો જવા તૈયાર થયો તો તેને સાચવી લીધો. તમારે છોકરાંનું અને અમારે ચેલાનું બંધન. બીજા પાસે પોતાનો ચેલો જાય તો ત્યાં ન જવા સમજાવી દે, પણ આપણે જ ચેલા છીએ ને ! દાસના દાસ છીએ, પછી ક્યાં પ્રશ્ન છે ?

મહિમા જેવી કોઈ વાત નથી. સત્સંગમાં અભાવની વાતો કરી તો વધવાના જ નથી. અંતર્દૃષ્ટિ કરવી તો આપણા જ દોષો દેખાય. અવગુણ જોવાની દૃષ્ટિ હોય તો છેક શ્રીજીમહારાજ સુધી પહોંચે. ‘ભગવાનનો સંબંધ છે’ એ મહિમા રાખીએ તો આનંદ રહે. આ મોટાપુરુષનો સિદ્ધાંત છે. આપણામાં જ દોષ છે તો બીજાના દોષ જોવાનો અધિકાર ક્યાં છે ? અમહિમાની વાતોને લઈને જ આખા સત્સંગમાં વિક્ષેપ ઊભો થાય. ભગવાનનો મહિમા સમજાશે તો પોતાની ભૂલ સમજાશે, પણ *‘તરી જાણું, ઢબી જાણું, લેકિન ઓસાન ભૂલ ગયા હૂં’* જેવું આપણે થાય છે. માટે આ વાત સાંભળીને દૃઢતા કરવી. ગુણ ગાવાથી જ વૃદ્ધિ થાય. માટે મહિમા ગા ગા કરો. બીજાના દોષ જોવામાં કોઈ અંત નહીં આવે.’

સ્વામીશ્રીએ આજે *‘અમૃત પે અતિ મીઠા મુખથી, હરિનાં ચરિત્ર સુણાવે રે…’* મુજબ સૌને રસતરબોળ કરી મૂક્યા.

સાધુ સંગત કી આધી ઘડી

તા. ૩૦/૪ની સાંજે સ્વામીશ્રીને મળવા આવેલા પૂર્વ કલેક્ટર શ્રી

ગોવિંદસિંહ ચૂડાસમા શાસ્ત્રીજી મહારાજના સમયથી સંસ્થાના પરિચયમાં. તેથી તેઓએ આવતાંવેંત ભાવવિવશ થઈ સ્વામીશ્રીને કહ્યું : 'આજે દુનિયામાં આપની બોલબાલા છે. ગુણાતીત સ્વામી, શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજ ત્રણેય સ્વરૂપ આપમાં લીન છે.'

'એ બધા લીન નથી, પણ એ તો આપણી બુદ્ધિમાં પ્રકાશ આપે છે એટલે કામ થાય છે. બાકી એ તો આપણા જેવા અનંતને લીન કરી નાંખે એવા છે.' સ્વામીશ્રી બોલ્યા.

આ ગુરુભક્તિ સાથે વિચરતા તેઓની પ્રાતઃપૂજા અને સાયંસભાના કાર્યક્રમો અત્રે નવનિર્મિત સભાગૃહના ભોંયરામાં યોજાતા. ત્યાં જવા-આવવા માટે લિફ્ટની સુવિધા ઊભી કરવામાં આવેલી, પણ તે પ્રાયોગિક ધોરણે હોવાથી લિફ્ટની કંપનીએ જ તેના સંચાલક તરીકે રાકેશભાઈ નામના કર્મચારીની નિયુક્તિ કરેલી. તેથી આ પગારદારને રોજ વીસ-ત્રીસ સેકન્ડ પૂરતો સ્વામીશ્રીનો યોગ રહેતો. આ ક્રમમાં એક વાર આ નોકરિયાતનો પરિચય સ્વામીશ્રીને અપાતાં તેઓએ માથે હાથ મૂકી આશીર્વાદ આપેલા.

પરંતુ તેની અસર વર્ણવતાં એ લિફ્ટમૅને તા. ૧/૫ની સવારે સ્વામીશ્રીને કહ્યું : 'બાપજી ! હું રોજના ૫૦ ગુટકા ખાતો, પણ આપે માથે હાથ મૂક્યા પછી મને તમાકુ ખાવાની વાત તો જવા દો, તેની સામે જોવાનીયે ઇચ્છા થતી નથી. મારા જીવનનો આ ચમત્કાર જ છે ! મેં મારા બે મિત્રોને પણ તમાકુ છોડાવી છે ને હજી છોડાવીશ.'

સ્વામીશ્રીના લવ (અતિ અલ્પ) સત્સંગનો આ તે કેવો પ્રતાપ !

જીવ જડવો એટલે...

તા. ૧/૫ની સાયંસભામાં ગઢડા અંત્ય પ્રકરણના ૩૮મા વચનામૃતના આધારે કથામૃત પીરસતાં સ્વામીશ્રીએ કહ્યું :

'આપણે કોઈ લેભાગુ સાથે જીવ નથી જડવાનો, પણ દેહાભિમાને રહિત ને વૈરાગ્યે યુક્ત સંત સાથે જીવ જડવાનો છે. સાધુમાં જીવ જડી દેવો એટલે હીરો વીંટીમાં ફિટ કરે છે તેમ ? ના. જીવ જડવો એટલે એ કહે તેમ કરવું. એમના સિવાય બીજો સંકલ્પ નહીં. એમને રાજી કરવાનો જ વિચાર. એમનામાં આત્મબુદ્ધિ એ જીવ જડ્યો કહેવાય.'

આમ, શાસ્ત્રના શબ્દોની સાચી સમજ આપતા સ્વામીશ્રી તા. ૨/૫ની

સવારે અમદાવાદના મંદિરનો પાટોત્સવ ઊજવી ગાંધીનગર પધાર્યા ત્યારે આ શહેર એક રાષ્ટ્રીય અધિવેશનના આયોજનથી ધમધમતું હતું. તેમાં સામેલ થયેલા દેશના ટોચના નેતાઓ સ્વામીશ્રીને મળવાની લાલચ પણ રોકી ન શકતા. તેથી દિવસભર મંદિરનું પરિસર મંત્રીઓની આવનજાવનથી ધબકતું રહેતું. આ ક્રમમાં કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી એલ. કે. અડવાણી, શહેરી વિકાસમંત્રી શ્રી રામ જેઠમલાણી, માનવ સંસાધન વિભાગના મંત્રી શ્રી મુરલીમનોહર જોશી, પર્યાવરણ મંત્રી શ્રી સુરેશ પ્રભુ, હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી શ્રી પ્રેમકુમાર ધુમાલ વગેરેએ લાભ લીધો.

આવો જ મોકો પામી હર્ષિત થઈ ઊઠેલા સેલવાસના કલેક્ટર શ્રી ગર્ગે તો પ્રથમ મુલાકાતમાં જ સ્વામીશ્રીને કહી દીધું : 'આપનામાં ભગવાન છે તે સાંભળ્યું હતું, પણ આજે અનુભવ્યું.'

આવા જ કંઈક અહોભાવ સાથે તા. ૪/૫ની સવારે ભારતના નવા વરાયેલા વડાપ્રધાન શ્રી અટલબિહારી બાજપાઈ પણ દર્શને આવી પહોંચ્યા. બે મહિના પૂર્વે આ જ ગાંધીનગરમાં સ્વામીશ્રીએ તેઓને વડાપ્રધાન બનવાના આશીર્વાદ આપેલા. તે આજે અક્ષરશઃ સત્ય થયા હોવાથી શ્રી બાજપાઈ સ્વામીશ્રી સમક્ષ ઋણભારથી નતમસ્તક થઈ ગયા. તેઓને સ્વામીશ્રીએ મોગરાના પુષ્પહાર અને સુખડની માળા સાથે નિર્વિઘ્ન કાર્યવાહીના આશીર્વાદ પાઠવ્યા.

મહાત્માના મહાત્મા આપણને મળી ગયા છે

તા. ૫/૫ના રોજ ગાંધીનગરથી અમદાવાદ પરત પધારેલા સ્વામીશ્રીએ અહીં તા. ૬/૫ની સાયંસભામાં *'શીદને રહીએ રે કંગાલ...'* પદ પર રસલહાણ કરાવતાં કહ્યું :

"કંગાલપણું શું ? પૈસા, સત્તા વગેરે તો છે, પણ 'કલ્યાણ થશે કે કેમ ?' એ સંશય રહે છે તે ! પરંતુ ભગવાન મળ્યા છે તે છોડશે નહીં. ભગવાન ને સંત વચનબદ્ધ છે. માટે આપણો મોક્ષ, કલ્યાણ ને મુક્તિ થઈ ગઈ છે. તે લેવા કોઈ મહાત્મા પાસે હવે જવાનું રહ્યું નથી. મહાત્માના મહાત્મા આપણને મળી ગયા છે. આ મકાનના આશરે નિરાંતે બેઠા છીએ તો ભગવાન ને સંતના આશરે શું વાંધો આવવાનો છે ? વાલ જેટલી ખામી નથી રહેવાની. માટે હંમેશાં કેફ રાખવો.

આપણું દર્શન કરે, સમાગમ કરે તેનું પણ કલ્યાણ. 'આપણે વાત કરીશું ને અવળું પડશે તો?' એમ બીક રાખવાની શું જરૂરિયાત છે? કેફથી વાત કરવી. *'જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે...'* સાગમટે નોતરું છે. Welcome. માટે આપણે ઝાઝી જગ્યાએ ચોખા મૂકવા નહીં. વિશ્વાસ નથી આવતો તેથી બીજા વિચારો આવે છે.

રાજાની રાણી ભમી ભીખ માંગે... યોગીજી મહારાજના સમયમાં ધર્મજના પારાયણમાં એક ડોસા આવેલા. મિષ્ટાન્ન વગેરે જમવાનું મળવા છતાં યોગીજી મહારાજને કહે, 'મારે હવે જવું છે.' પૂછ્યું: 'કેમ?' તો કહે, 'રોટલો ખાવા મળતો નથી.' માટે ભગવાનના ભક્ત થઈને હવે ભીખ માંગવાની હોય નહીં. કલ્યાણ થઈ ગયું છે. અનેકને આ વાત કરવી. આપણો આ લોક ને પરલોક સુધરી ગયો છે એવો અખંડ કેફ રાખવો."

શરણે આવે તેને સુખ આપે

તા. ૮/પની સવારે મુલાકાતોના ક્રમમાં આવી રહેલા રાણીપ, સાબરમતી વગેરે વિસ્તારોના હરિભક્તોમાં દસેક વર્ષના એક બાળકે પોતાનું ગુણપત્રક સ્વામીશ્રીને દેખાડવા ઊંચું કર્યું. ૮૮% ગુણાંક ધરાવતી એ માર્કશીટ જોઈ બાજુમાં ઊભેલા કાર્યકરે સ્વામીશ્રીને કહ્યું: 'આના પિતાજી ધામમાં ગયા છે અને તેની માતા આ બાળકને ભણાવે છે.'

'માતા શું કરે છે?'

'ઘરકામ કરીને ગુજરાન ચલાવે છે.'

આ સાંભળતાં જ સ્વામીશ્રીએ મંદિરના એક વ્યવસ્થાપકને તે જ ઘડીએ આદેશ આપી દીધો: 'આ છોકરાને ભણવા માટે ફીની વ્યવસ્થા આપણે કરવી.'

આ ભલામણ દ્વારા મા અને દીકરો – બેયને જાળવી લેનારા સ્વામીશ્રીને મુલાકાતના આ ક્રમમાં કોસંબાથી આવેલા બે ટંડેલ ભાઈઓ મળ્યા. પોતાના બહેનની શારીરિક તપાસણી માટે અહીં આવેલા તેઓએ પૈસે પહોંચી ન વળાય એવું લાગતાં બહેનને પરત મોકલી દીધેલી.

આ વિગત જાણતાં જ સ્વામીશ્રીએ કહ્યું: 'તમે ચિંતા ન કરો. અહીં રહેવા-જમવાનું ફ્રી (નિઃશુલ્ક) થઈ જશે ને તપાસની તમામ વ્યવસ્થા પણ થઈ જશે.' આમ કહી તેઓએ બાજુમાં ઊભેલા સત્સંગી તબીબ ડૉ. બાજડિયાને આ મહિલાની વ્યવસ્થા અંગે ઘટતું કરવા કહ્યું.

આમ, *'શરણે આવે તેને સુખ આપે, દીસંતા દયાળા રે...'*ની શૈલીથી રહેતા સ્વામીશ્રી આજની મુલાકાતો સમેટાઈ ત્યારે શૌચ-સ્નાન માટે તૈયાર થયા. તે વખતે સામી દીવાલે લટકતી ઘડિયાળ દસ વાગ્યાનો સમય બતાવી રહેલી. તે જોઈ એક સંતે સ્વામીશ્રીને પૂછ્યું : 'આપ ટાઇમ જોઈને શૌચ-સ્નાન કરવા ઊભા થયા ?'

'જવું હતું તો ક્યારનુંય, પણ તમે છોડો ત્યારે ને !' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓના મુખેથી પ્રસંગોપાત્ત સરી પડતા આવા ઉદ્ગારો એક વાત છતી કરી દેતા કે 'एते सत्पुरुषाः परार्थघटकाः स्वार्थं परित्यज्य ये...' – 'પોતાની પરવા તજીને અન્યનાં કાર્ય કરનારા આ સત્પુરુષ છે.'

સ્વામીશ્રીની આ છબી આગામી બે-ત્રણ દિવસમાં તો વધુ સ્પષ્ટ થઈ રહી, કારણ કે તા. ૯/૫ની સવારે પૂજા બાદ ભુજના મંદિરનું ભૂમિપૂજન કરી તેઓ ઉતારે પધાર્યા ત્યારે સંતોને માલૂમ પડ્યું કે સ્વામીશ્રીનું શરીર તો ૧૦૧.૩ ડિગ્રી તાવથી ધગી રહ્યું છે ! આ તાપમાન નવ કલાકના સતત ઉપચાર પછીયે ૧૦૦ ડિગ્રીએ પહોંચ્યું. બીજા દિવસની સવારે પણ તાવ સ્વામીશ્રીના શરીરને કાંતી રહ્યો. આવા સંજોગોમાંય તેઓએ મીટિંગ, ગ્રંથશ્રવણ વગેરે ક્રમ તો તૂટવા જ ન દીધો. અરે ! તા. ૧૧/૫ના રોજ તો પૂનમ હોવાથી સ્વામીશ્રીએ મંદિરે પધારી ધ્રૂજતા હાથે દંડવત્ પણ કર્યા. આ દિવસની સાંજે સભામાં બિરાજી આશીર્વાદેય રેલાવ્યા. જો થર્મોમીટર સાથે ન હોય તો સ્વામીશ્રીનો દૈનિક કાર્યક્રમ જોઈ કોઈ નક્કી ન કરી શકત કે તેઓ માંદગીથી પીડાઈ રહ્યા છે !

અખંડ આત્મારૂપે વર્તતા તેઓએ દેહનાં દુ:ખોને કદીયે દાદ દીધી નહોતી. તેથી જ તો હજી બીમારીમાંથી બેઠા થયા - ન થયા કે તેઓ તા. ૧૩/૫ના રોજ ૪૪.૬ ડિગ્રી ગરમીમાં શાંતિપુરા લાટ થઈને વાસણા(બુઝર્ગ) જઈ પહોંચ્યા.

હેત કરીને લાડ લડાવે રે

વાસણામાં શ્રી રમણભાઈ પટેલના ઘેર રોકાયેલા સ્વામીશ્રીને તા. ૧૩/૫ની રાત્રે યજમાનના પુત્ર મૂકેશે કહ્યું : 'બાપા ! ગામમાં દૃષ્ટિ કરો એટલે બધા સત્સંગી થાય.'

'તમારા ઘરમાં પાકું થયું ને હવે બહાર પણ થશે. પહેલે દા'ડે દૂધ

હોય એ બીજે દા'ડે દહીં, ત્રીજે દા'ડે ગોરસ ને પછી ઘી થાય. એમ સત્સંગનું પણ થશે.'

આ રીતે સ્વામીશ્રીએ વિકાસનું ગણિત સમજાવ્યું. પરંતુ આજની રાત્રે એક બીના ગણતરી બહારની બની.

આ સમયે સ્વામીશ્રીની છાતીમાં અચાનક દુખાવો ઊપડતાં આ ગામડામાં શક્ય હોય એટલા ઉપચાર થયા. છતાં સંપૂર્ણ નિદાન માટે તો સ્વામીશ્રીને અમદાવાદ જ લઈ જવાનું નક્કી થયું. જો કે આવી પરિસ્થિતિમાંય સ્વામીશ્રીએ તા. ૧૪/૫ની સવારે પ્રતિષ્ઠાવિધિનો નિશ્ચિત કાર્યક્રમ પૂરી સ્વસ્થતાથી સંપન્ન કર્યો. તે પછી ભોજન બાદ તરત જ તેઓને અમદાવાદ લઈ જવાયા.

અત્રે નિષ્ણાત તબીબોએ સ્વામીશ્રીના શરીરનું સઘન પરીક્ષણ કરી વિચરણમાં સંયમ રાખવા વિષે ભારપૂર્વક ભલામણ કરી, પરંતુ તા. ૧૭/૫ની સવારે અમદાવાદમાં નિર્માણાધીન કર્ણમુક્તેશ્વર મહાદેવના જીર્ણોદ્ધાર નિમિત્તે યોજાયેલું ભૂમિપૂજન કરવા પહોંચી ગયેલા સ્વામીશ્રી અહીંથી ખોખરા પધાર્યા. અત્રે દેવચકલા વિસ્તારમાં બનેલા રામજી મંદિરમાં પ્રતિષ્ઠા કરી તેઓ શાહીબાગ પરત ફર્યા.

અહીં આજની સાંજે સ્વામીશ્રી સભામાં જવા નીકળ્યા ત્યારે નારા ગજવતી નાનકડી શિશુસેના તેઓને સભાગૃહ સુધી દોરવા લાગી. તે વખતે બાળકોની ધીમી ચાલ સાથે તાલ મિલાવી રહેલા સ્વામીશ્રી કીડીથી દોરાતા કેસરી સમા શોભી રહ્યા.

આ રીતે તેઓએ મંચ પર પદાર્પણ કર્યું ત્યારે અહીં તો સઘન વન ખીલી ગયેલું. વૃક્ષ-વેલી, ફળ-ફૂલ, પશુ-પંખી અને ઘન-ઘટાની વચ્ચે સ્વામીશ્રીએ આસન ગ્રહણ કર્યું તે સાથે જ *'સ્વામીબાપાના બાળ મંડળમાં તો મજા પડે...'*ના આધારે નૃત્ય શરૂ થયું. તેમાં *'હોંશે હોંશે પ્રસાદ ખાઈશું...'* પંક્તિ ગુંજતાં સ્વામીશ્રી સમક્ષ થાળી ભરીને ચોકલેટ આવી. તે સ્વામીશ્રીએ મુઠ્ઠી ભરી-ભરી નૃત્યકારો પર વરસાવી. આજના આનંદોત્સવનું આ મંગલાચરણ થયું.

તે પછી રમઝટ બોલી રમત-ગમતની. 'ગરમ બટાટુ' નામની રમત માટે બાળકો સ્વામીશ્રીની આસપાસ કુંડાળું વળીને બેસી જતાં સ્વામીશ્રી પણ રમતના ભાગરૂપ બની ગયા. સંગીતના રેલાતા સૂર સાથે એક મોટો દડો સૌના હાથમાં ફરવા લાગ્યો. ગુંજતું સંગીત અચાનક અટકે ત્યારે તે દડો જેના હાથમાં હોય તેણે ચિઠ્ઠીમાંથી નીકળનારા આદેશનું પાલન કરવાનું રહે તેવી

શરત હતી. તેના પ્રથમ રાઉન્ડમાં જ દડો સ્વામીશ્રીના હાથમાં હતો ને સંગીત શમ્યું. તે જોઈ સૌ બાળકો અડધા ઊભા થઈ સ્વામીશ્રી તરફ આંગળી ચીંધતાં 'બાપા આ...ઉટ, બાપા આ...ઉટ'નો કલરવ કરવા લાગ્યા. તે સાંભળી ગમ્મત કરતાં સ્વામીશ્રી પણ બાજુમાં બેઠેલા બાળક પર આઉટનું આળ ઢોળવા લાગ્યા. તેથી 'ના... ના... તમે જ આઉટ'ની મસ્તી વિશેષ ચગી અને સૌ બાળકોએ ભેગા મળીને સ્વામીશ્રીને આઉટ ઠરાવ્યે પાર કર્યું.

તેથી સ્વામીશ્રીને ચિઠ્ઠીનો આદેશ પાળવાનો આવ્યો કે 'કોઈ બહેરા-મૂંગા છોકરાને ટી.વી. છોડવાનું અને સત્સંગ કરવાનું સમજાવો.' તે વખતે મંદિરના એક મૂક-બધિર કર્મચારીને સ્વામીશ્રી સમક્ષ હાજર કરવામાં આવતાં સ્વામીશ્રીએ તેને ઈશારા દ્વારા સમજાવવાનો અદ્‌ભુત અભિનય કરી સભાને રસતરબોળ કરી મૂકી.

આ રમતનો રંગ હજી તો ઓસર્યો નહોતો ત્યાં ફુગ્ગાફોડની રમતનો ગુલાલ ઊડવા લાગ્યો. બે વૃંદમાં વહેંચાયેલી આ રમતમાં એક વૃંદના કપ્તાન સ્વામીશ્રી નિમાયા. સામે છેડે હેમંત ખંભોળિયા ઊભો થયો. બંને પાસે સહાયક શિશુઓ ફુલાવેલા ફુગ્ગા ધરે. એક મિનિટની સમયાવધિમાં જે સૌથી વધુ ફુગ્ગા ફોડે તે વિજયને વરે. આ પ્રમાણે શરૂ થયેલા આ ખેલમાં સ્વામીશ્રીએ ૧૯ ફુગ્ગા ફોડીને વિજેતાપદ મેળવતાં સભાજનોએ તેઓને ઉમંગથી વધાવી લીધા.

આમ, એક કાર્યક્રમમાંથી બીજા કાર્યક્રમની કડી એવી સહજતાથી ગૂંથાતી હતી કે સૌ હાસ્યના હલેસે સરકતી હળવાશની હોડીમાં બેસી ક્યારે ગમ્મતના ઘાટે પહોંચી જતા તેનો ખ્યાલ જ ન આવતો. આ આનંદયાત્રાના એક વિસામે સૌને સ્વામીશ્રીએ પકવેલા ગુણિયલ બાળકોના સદ્‌ગુણોની સૌરભ પણ માણવા મળી.

તે પછી શરૂ થયેલી આશીર્વર્ષામાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'તમે સહુ બાળ સંચાલકો નિઃસ્વાર્થભાવે સેવા કરો છો. વળી, બાલિકા મંડળના સભ્યો પણ સેવા કરે છે તો દરેક કાર્યકર્તાને અક્ષરધામનું સુખ મળે ને સાથે સાથે બંગલા, મોટર, ગાડી પણ મળે, તે આશીર્વાદ છે.'

ભુક્તિ-મુક્તિનું દાન કરનારી આ અમૃતધારાનું પાન કરી ઝૂમી ઊઠેલા કાર્યકરોએ છેલ્લે સ્વામીશ્રીને વાર્તા સંભળાવવા વિનંતી કરી ત્યારે સ્વામીશ્રીએ કીડામાંથી કુંવર બનેલા જીવની વાર્તા કહી સત્સંગથી થતી ઊર્ધ્વગતિનો બોધ આપ્યો. પરંતુ આ વાર્તાકથન દરમ્યાન તેઓએ એવો અલૌકિક આનંદ કરાવ્યો

કે બૂઢા પણ બાળક બની ડોલવા માંડ્યા.

છેવટે વિદાય લેતા સ્વામીશ્રીની પાછળ ઍન્જિન પછવાડે જોડાયેલા ડબ્બાની જેમ બાળકો ચાલવા લાગ્યા ત્યારે તો સમગ્ર સભા સુખના સ્ટેશને જઈને ઊભી રહી ગઈ! ત્યાં ક્યાંય સુધી આનંદ-કિલ્લોલની વ્હિસલો વાગતી જ રહી.

થયાં દર્શનથી મન શાંત

તા. ૧૮/૫ની સવારે સ્વામીશ્રી પ્રાતઃપૂજા કરવા પધાર્યા ત્યારે મંચના છેડે જ દક્ષિણ ભારતીય શ્રી સુંદરરાજ તેઓની પ્રતીક્ષા કરતાં ઊભા હતા.

ખ્રિસ્તી ધર્માનુયાયી આ મુરબ્બીને તેઓનાં હિંદુ પત્ની વિવિધ હિંદુ મંદિરોની યાત્રા કરાવવા નીકળેલાં. તે ક્રમમાં ગઈકાલે રવિસભામાં આવીને બેઠેલા તેઓ બાળકોની વચ્ચે ખીલેલા સ્વામીશ્રીની હળવાશ અને નિર્દોષતા જોઈ ઘાયલ થઈ ગયેલા.

તે અનુભવ જણાવતાં તેઓએ આજે સ્વામીશ્રીને કહ્યું: ‘દક્ષિણી હોવાથી કાર્યક્રમમાં મને કંઈ જ સમજ પડી નહીં, પણ મને શાંતિનો અનુભવ થયો.’ આ અનુભૂતિ સાથે આજે તેઓ કંઠી પહેરી વિદાય થયા.

આ રીતે અનેકને ભગવાનના ખોળે મૂકવાના હેતુસર વિચરતા સ્વામીશ્રી તા. ૨૨/૫ની સાંજે સિદ્ધપુરને લાભ આપતાં તા. ૨૩/૫ની સવારે ગઢ આવી પહોંચ્યા.

આ ગામમાં તેઓના પ્રથમ આગમનને વધાવવા મેસર, વેડંચા, દલવાડા વગેરે આસપાસનાં સોળ ગામોનો લેઉઆ પટેલ સમાજ ઊમટી પડ્યો. સલ્લા ગામના શ્રી શંકરભાઈ પટેલના પ્રયત્નથી સત્સંગ તરફ વળેલા આ પટેલિયાઓએ પોતાનાં ગામોમાં સત્સંગની લહેર પ્રસરે તે હેતુથી યોજેલું ભાગવત પારાયણ સ્વામીશ્રીની પધરામણીનું નિમિત્ત હતું. તે ઉપક્રમે આવેલા સ્વામીશ્રીએ પ્રથમ ગઢની હાઈસ્કૂલમાં પગલાં પાડી અત્રે બાલ મંદિરનો ખાતવિધિ કર્યો. ત્યારબાદ યજ્ઞશાળામાં પહોંચેલા તેઓ ૨૭૮ યજમાનોને આશીર્વાદ આપી છ હજારની મેદનીથી ભરચક પારાયણના મંડપમાં પધાર્યા.

અહીં સૌને કથામૃતથી તૃપ્ત કરી સ્વામીશ્રી વાલજીભાઈ પટેલના ઘેર ઉતારે પહોંચ્યા ત્યારે અત્રે તેઓના ઓરડાની બહારના ખંડમાં ઠાકોરજી થાળ જમી રહેલા. તે જોઈ ઠાકોરજી સન્મુખ બિરાજી ગયેલા સ્વામીશ્રી પણ મનુવાર

કરીને મહારાજને જમાડવા લાગ્યા અને બોલતા જાય કે 'જય મહારાજ! ગઢના મેવા જમો.'

આ રીતે તેઓએ ગામવાસીઓને પણ મોક્ષના મેવા એવા જમાડ્યા કે તા. ૨૪/૫ની સવારે યોજાયેલા પારાયણની પૂર્ણાહુતિમાં તો મુખ્યમંત્રી સહિત ૧૮,૦૦૦ ભાવિકો એકત્રિત થઈ ગયા. તે સૌને પોતાની અમૃતધારાનું આચમન કરાવી સ્વામીશ્રીએ સાંજે ૫:૨૦ વાગ્યે મહેસાણા જવા વિદાય લીધી ત્યારે ગુંજેલા જયનાદોથી 'ગઢ'ના કણ-કાંગરા ગાજી ઊઠ્યા.

ભજે એના ભગવાન, પાળે એનો ધર્મ

મહેસાણામાં સત્સંગનો સવિશેષ ઉદ્‌ઘોષ કરવાના હેતુસર શહેરનાં વિવિધ સ્થળોએ જાહેર-સભાઓનું આયોજન ગોઠવાયેલું. તે ક્રમમાં સ્વામીશ્રીએ વિનયનગર સોસાયટી, જૂના મહેસાણા વિસ્તાર, રાજકમલ વિસ્તારનાં વિમલ પાર્ક તથા બલોલ નગરને પાવન કર્યાં.

તેની સાથે તેઓએ તા. ૨૮/૫ની સાંજે પોતાના મુલાકાત ખંડમાં એકઠા થયેલા ૫૦ કિશોરો સમક્ષ દીપપ્રાગટ્ય કરી શહેરના કિશોર મંડળનો પણ પ્રારંભ કરી આપ્યો. વળી, બાલદિન, યુવાદિન, છાત્રદિન, પ્રમુખવરણી દિન અને ઠાકોરજીનાં સુવર્ણ-સિંહાસન બનાવવાની નેમ સાથે સમર્પણ દિનની શૃંખલાયે ઉમંગભેર સંપન્ન થઈ.

આવો જ ઉત્સાહ તા. ૩/૬ની સાંજે ખેરવામાં ફરી વળ્યો. અત્રે આ પંથકના ધનિક પટેલો દ્વારા આશરે એક હજાર એકરની ભૂમિ પર ગણપત વિદ્યાનગરના નિર્માણની યોજના હતી. તે જમીન પર પગલાં કરી સ્વામીશ્રીએ પુષ્પો વેર્યાં અને ટ્રસ્ટીઓને સફળતાના આશીર્વાદ આપી આગળ વધેલા તેઓ ગોઝારિયા તથા અસલાલીને લાભ આપતાં નવાગામ(નાયકા) પધાર્યા.

અત્રે રચાયેલા નૂતન મંદિરમાં તા. ૪/૬ની સવારે ધામધૂમથી અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી સ્વામીશ્રીએ આ ગામમાં ગાંધીજીએ કરેલી પ્રાર્થનાના સ્થળે ગાંધી-પ્રતિમાનું પણ સ્થાપન કર્યું. ત્યારબાદ કલમ મંદિર વિદ્યાલયના પ્રાંગણમાં આયોજિત ઉત્સવ-સભામાં પધારેલા તેઓએ જણાવ્યું કે 'ભજે તેના ભગવાન અને પાળે તેનો ધર્મ. ભગવાન રાજી થાય તેના પર અનંત કોટિ બ્રહ્માંડ રાજી થઈ જાય. અહીં ગુણવંતભાઈ શ્રદ્ધાળુ છે, ભક્તરાજ છે. તેઓ સાથે બધાને પણ ભાવના થઈ, તો એવું સુંદર મંદિર બનાવ્યું. તેમાં

જવાનું મન થાય, આ ગામમાં બધા સુખી થાય એ પ્રાર્થના.'

આ અમૃતધારા વહાવી સ્વામીશ્રીએ આજની સાંજે ગામની ધર્મશાળાને પાવન કરી. અહીં શાસ્ત્રીજી મહારાજે ગાંધીજીને દેશની સ્વતંત્રતાના આશીર્વાદ પાઠવેલા. ગુરુના આ પ્રાસાદિક સ્થાનનાં દર્શન કરી સ્વામીશ્રી વિદ્યાનગર પધાર્યા.

આપે હરિજનને સુખ અપાર

વિદ્યાનગર મુકામે બે તબક્કામાં યોજાયેલી સંતશિબિર દરમ્યાન જ તા. ૯,૧૦ જૂનના રોજ ગુજરાતના પશ્ચિમી કાંઠે વિનાશક વાવાઝોડું ત્રાટક્યું. તેથી અસરગ્રસ્ત થયેલા કંડલા, મુન્દ્રા, જામનગર વગેરે વિસ્તારોમાં સ્વામીશ્રીની સેવાસરિતા વહી છૂટી. તેના એક ભાગરૂપે તેઓએ કેટલાક સંતોને શિબિરમાંથી તાત્કાલિક આફતગ્રસ્ત વિસ્તારોમાં મોકલી આપ્યા. તેની સાથે સ્વામીશ્રીએ પીડિતો માટે ટનબંધ સીધાં-સામગ્રી અને લાખો રૂપિયાની ઔષધીય સહાય પણ તાબડતોબ પહોંચતી કરી. તે ઉપરાંત તેઓએ ૧,૯૮૦ પરિવારોને પગભર કરવાની તથા આઠ ગામોની દસ શાળાના પુનર્નિર્માણની પૂર્ણ જવાબદારી ઉઠાવી લીધી.

સમાજસેવાનો આ અધ્યાય ખોલી તા. ૧૬/૬ની સાંજે સાંકરી પધારેલા સ્વામીશ્રી અત્રે રાત્રે વાળુ કર્યા બાદ ૬૦ પાનાંનો એક પત્ર વાંચવા બિરાજ્યા ! આ શ્રદ્ધા અને ભક્તિ સાથે તેઓએ તા. ૧૭/૬ની સવારે નિર્માણાધીન શિખરબદ્ધ મંદિરનો પ્રથમ સ્તંભ સ્થાપ્યો.

તે વિધિ બાદ ઉતારે પધારેલા સ્વામીશ્રીના હૃદયનો એકો-કાર્ડિયોગ્રામ લેવાની તૈયારીઓ થઈ ચૂકેલી, કારણ કે છેલ્લા કેટલાક દિવસોથી તેઓને સવારના વીસેક મિનિટના ભ્રમણ બાદ છાતીમાં ભાર અનુભવાતો હતો. તે વખતે તરત જ ઈ.સી.જી. લેવામાં આવતો અને તે વિશેષ વિશ્લેષણ માટે મુંબઈ મોકલાતો.

આવા કેટલાક ઈ.સી.જી.ના અભ્યાસ બાદ મુંબઈના ડૉક્ટર જાત-તપાસ માટે અહીં સાંકરીમાં જ આવી પહોંચેલા. તેઓએ આજે સ્વામીશ્રીએ વેઠેલા સ્તંભ-સ્થાપનના શ્રમ બાદ ઈ.સી.જી. લઈ પોતાનું સ્પષ્ટ તારણ રજૂ કર્યું કે 'આ પ્રકારનો દુખાવો એ 'અનસ્ટેબલ એન્જાઇના' છે અને આવા દર્દીઓને અમે તરત જ હૉસ્પિટલમાં દાખલ કરાવી દઈએ. આ પરિસ્થિતિની ઉપેક્ષા ન

થઈ શકે. મારી દૃષ્ટિએ તો આગળના તમામ કાર્યક્રમો રદ કરી મુંબઈ પહોંચી જવું જોઈએ.'

પરંતુ આ અભિપ્રાયથી લેશ વિચલિત થયા વિના સ્વામીશ્રીએ આવતી-કાલથી શરૂ થતો ધૂલિયાનો કાર્યક્રમ યથાવત્ રાખવા જણાવ્યું. ત્યાં યોજાયેલા નવનિર્મિત છાત્રાલયના ઉદ્‌ઘાટન અને નૂતન મંદિરમાં પ્રતિષ્ઠાના કાર્યક્રમ માટે સ્વામીશ્રીની દલીલ રહી: 'આ મોટો પ્રસંગ છે એટલે જઈ આવીએ. ભગવાનની દયાથી વાંધો નહીં આવે. બધા આવ્યા હોય. સૌ રાજી થાય.'

તેઓની આ ભક્તવત્સલતાને કોઈ ખાળી ન શક્યું અને મોટરમાર્ગે ધૂલિયા પધારેલા સ્વામીશ્રીએ અહીં તા. ૧૯/૬ની સવારે બંને આયોજનો સંપન્ન કર્યાં. આ પ્રસંગે ખાનદેશનાં વિવિધ ગામો અને શહેરોમાંથી ઊમટેલા આશરે પાંચેક હજાર ભાવિકોના સમુદાયને ધન્ય કરી તેઓ ચાલીસગાંવ સ્ટેશને પહોંચ્યા.

અહીંથી રાત્રે ૧૧:૫૫ વાગ્યે ઊપડેલી વિદર્ભ ઍક્સપ્રેસ દ્વારા સ્વામીશ્રી તા. ૨૦/૬ની સવારે મુંબઈ આવી ગયા.

આ દેશ તો સારો જ છે

મુંબઈ પધારેલા સ્વામીશ્રીનું સંપૂર્ણ તબીબી પરીક્ષણ ન થાય ત્યાં સુધી મુલાકાત, મીટિંગ, સભા વગેરે કાર્યક્રમો પર ડૉક્ટરોએ પાબંદી લગાવી દીધેલી. છતાં તા. ૨૦/૬ના રોજ યોજાયેલી રવિસભામાં તો સ્વામીશ્રી જઈને જ રહ્યા.

ગુરુ-આજ્ઞા પાળવાની આ તમન્ના ધરાવતા તેઓને તા. ૨૩/૬નો દિવસ તબીબી પરીક્ષણમાં વીત્યો. તે માટે બે તબક્કામાં જસલોક હૉસ્પિટલે પધારેલા સ્વામીશ્રીની તપાસ કરી નિષ્ણાત તબીબોએ હૃદયની ડાબી ધમનીમાં બ્લૉક નોંધ્યો. અતિ શ્રમની પરિસ્થિતિમાં ત્યાં લોહીનું પરિભ્રમણ મંદ માલૂમ પડ્યું. તેથી ફરી એક વાર ઍન્જિયોગ્રાફી કરવાની સલાહ પણ આપી.

આવી નાજુક પરિસ્થિતિમાં તા. ૨૬/૬ની સાંજે જન્મદિનના આશીર્વાદ લેવા આવી પહોંચેલા એક જાણીતા ઉદ્યોગપતિએ વાતચીતમાં કહ્યું: 'સ્વામી! મારા પૌત્રનો જન્મ તે સિટિઝન થાય એ માટે મેં અમેરિકામાં કરાવ્યો છે. આ દેશનું ભવિષ્ય મને બરાબર લાગતું નથી. અહીં રોજ ધમાલ ચાલે છે. ગંદકી કેટલી હોય છે!'

આ બળાપો સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'આ દેશ તો સારો જ છે. એનું ભવિષ્ય પણ સારું જ છે. આપના જેવા બુદ્ધિશાળીઓ જ આવા વિચાર કરે પછી દેશ કઈ રીતે આગળ આવે? તમારા છોકરાઓને અહીં એવા સારા કરો કે અમેરિકાનેય ટક્કર મારે.'

દેશના આ ગૌરવગાનમાં પુષ્ટિ કરતાં સ્વામીશ્રીએ વધુમાં જણાવ્યું: 'આપણે વ્યવસ્થિત અને સક્રિય રહીએ તો અહીં પણ સુધરે. તમારા જેવા આજે વૉટ આપવા જતા નથી એટલે શું થાય? લાઇનમાં ઊભા રહેતાં શરમ આવે છે, પણ શા માટે ઘરનાં બધાં જ ન જાય? મતદાન સો ટકા થતું નથી, કારણ કે પ્રજા જાગ્રત નથી. બુદ્ધિશાળીઓએ તો આગળ પડીને ભાગ લેવો જોઈએ, તો જ સારા માણસો આવશે.'

સ્વામીશ્રીએ આજે નાગરિક ધર્મના પાઠ બરાબર ભણાવી દીધા. નખશિખ આધ્યાત્મિક રહેલા તેઓની દેશસેવા પણ લેશ ઓછી આંકી શકાય તેમ નથી.

કથામાં ક્યારેય ઊંઘવાની ટેવ નહીં

તા. ૨૬/૬ના રોજ રથયાત્રા નિમિત્તે મુંબઈના માર્ગો પર ઠાકોરજીનો રથ ફરી ગયા બાદ મુંબઈના આકાશમાં જાણે ઇન્દ્રનો રથ ઘૂમવા માંડ્યો હોય તેમ તા. ૨૭/૬ના એક દિવસમાં જ દસ ઈંચ વરસાદ ખાબકી પડ્યો.

આ સમયે મંદિર સામેનું મકાન પણ ન દેખાય એવી મેઘની પ્રચંડ ધારાઓને બાથરૂમની બારીમાંથી નિહાળતાં સ્વામીશ્રી બોલી ઊઠ્યા: 'ગુજરાતમાં આવો વરસાદ થાય!' એટલું જ નહીં, તેઓએ આ નિમિત્તે ત્યાં ને ત્યાં ઊભાં-ઊભાં ધૂન પણ કરી.

આમ, પળેપળ પરહિતના ચિંતનમાં જ વિતાવતા સ્વામીશ્રી તા. ૨૮/૬ના રોજ મંદિરમાં દર્શને પધાર્યા ત્યારે અહીં મુંબઈમાં ઊભી થયેલી બારે મેઘ ખાંગાની પરિસ્થિતિને અનુલક્ષી સુશોભન કરવામાં આવેલું. તેના ભાગરૂપે વરસાદને કારણે પડું-પડું થતાં મોભને ઊંચકી શ્રીજીમહારાજ ઊભા હોય તેવું દૃશ્ય ખડું થયેલું. તે સાથે ગુણાતીતાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામીને પણ કાઠિયાવાડી પરિધાન પહેરાવી હાથમાં ડાંગ આપેલી.

મૂર્તિઓની આ શોભા જોઈ સ્વામીશ્રી પ્રસન્ન થયા, પરંતુ તેઓએ ટકોર પણ કરી કે 'ગોપાળાનંદ સ્વામીને ડાંગ ઊંધી આપી છે. જાડો ભાગ

ઉપર આવે.'

આ એકાગ્રતા અને કલાસૂઝ સાથે સ્વામીશ્રી તા. ૨૯/૬ની રાત્રે ભોજન કરવા બિરાજ્યા ત્યારે વંચાતા હરિચરિત્રામૃતસાગર ગ્રંથમાં શ્રીજીમહારાજે વર્ણવેલા નિદ્રા ટાળવાના ઉપાયોનું પઠન થયું. તે સંદર્ભમાં ધર્મસુતદાસ સ્વામીએ પૂછ્યું : 'સ્વામી ! શાસ્ત્રીજી મહારાજ કથા કરે ત્યારે આપને ઊંઘ આવતી ?'

'કથામાં કે રસ્તામાં (પ્રવાસમાં) ક્યારેય ઊંઘવાની ટેવ નહીં.'

સ્વામીશ્રીના આ શબ્દો દ્વારા તેઓની ઉચ્ચ સ્થિતિનું વધુ એક શિખર ઊંચકાયું.

મહેરની લહેર

મુંબઈમાં થયેલા શારીરિક પરીક્ષણ બાદ તા. ૪/૭ના રોજ ૧૧ સંતો સાથે પોતાની વીસમી વિદેશયાત્રાનો પ્રારંભ કરનારા સ્વામીશ્રી લંડનના સમય પ્રમાણે બપોરે બાર વાગ્યે હીથ્રો ઍરપોર્ટ પર ઊતર્યા. અત્રે શૌચ-સ્નાન અને અલ્પાહાર વગેરેનો ક્રમ એકાદ કલાકમાં સમેટી આગળ વધેલા તેઓએ અમેરિકન સમય અનુસાર સાંજે ચાર વાગ્યે ન્યૂયોર્કને પાવન કર્યું.

આ સમયે તેઓ ૧૭,૦૦૦ કિ.મી.નો પ્રવાસ કરીને આવ્યા હોવાથી શ્રમિત હતા. છતાં તેઓએ પૂરેપૂરી પ્રફુલ્લિતતા સાથે મંદિરમાં એકત્રિત થયેલા ભક્તો પર અમૃતધારા વરસાવી દીધી કે –

'માંદા થઈને ક્યાંક જઈએ તો એ કોઈને ગમે નહીં, પણ જેને હેત છે, પ્રીતિ છે, એને તો જેટલાં દર્શનનો લહાવો મળે એ જ મોટો લાભ. અનેક જન્મનાં પુણ્ય હોય ત્યારે આ દર્શનનો લાભ મળે છે. આ વખતે ભગવાનની ઇચ્છાથી આવો યોગ આવી ગયો. અમારોય કોઈ પ્રયત્ન નહોતો ને તમારોય પ્રયત્ન નહોતો. આ તો ડૉક્ટરોએ અંદરથી કાઢ્યું ને ઊભું થયું. તબિયતમાં થોડું-ઘણું એવું રહે, કારણ કે આ તો દેહના ભાવ છે. પણ ભગવાનને કામ લેવું છે તો ભગવાન સાચવે છે. આપણે ગમે એટલું કરીએ પણ સાચવે છે એ, ચલાવે છે એ ! આપ સૌનો પ્રેમ છે, લાગણી છે એટલે અમને સારું છે ને સારું રહેશે.'

સ્વામીશ્રીની રહેણી *'જેમ રાખે પ્રભુ તેમ રહેવું...'*ના દોરે ચાલતી.

તેથી પોતાની તબિયત અંગે કદી કોઈ ઉચાટ-ઉદ્વેગ ન ધરાવતા તેઓ આજે પણ સતત ૨૨ કલાકની દિનચર્યા બાદ એ જ અલમસ્તાઈથી પોઢવા

પધાર્યા ત્યારે ભારતીય સમય અનુસાર તો રાત્રિના સાડા ત્રણ વાગી ચૂકેલા !

આ યોગનિદ્રાને તજી તા. ૫/૭ની સવારે નિત્યપૂજામાં પરોવાયેલા સ્વામીશ્રી આ વિધિ બાદ ૬૦૦થીયે વધુ ભક્તોને એક બેઠકે મળ્યા.

તે પછી તેઓ ઉતારે જવા ઊભા થયા ત્યારે સૌ બુલંદ સ્વરે ગુરુ-પરંપરાનો જયનાદ ગજવવા લાગ્યા. તેને પ્રતિસાદ આપતાં સ્વામીશ્રી નિજ-નિવાસ ભણી ડગ ભરવા માંડ્યા. આ ક્રમમાં તેઓ પોતાના ઓરડા આગળ પહોંચ્યા ત્યાં જ 'પ્રમુખસ્વામી મહારાજની જય' ગુંજી. તે વખતે સામે ઊભેલા ડૉ. હર્ષદ સી. પટેલને જોતાં સ્વામીશ્રી પણ હાથ ઊંચો કરી 'ડૉ. હર્ષદની જય...' બોલાવતાં એ હરિભક્તને ભેટી પડ્યા.

તેઓની આવી મહેરની લહેરથી અમેરિકા ભીંજાવા માંડ્યું.

સૌ દાસ થઈને રહેજો

ભક્તોને દર્શનદાન આપી ઉતારે પધારેલા સ્વામીશ્રી અલ્પાહારથી પરવાર્યા ત્યારે તાજેતરમાં જ અમેરિકાના સત્સંગની સેવા માટે નિયુક્ત થયેલા સંતો તેઓને વીંટળાઈ વળ્યા. સ્વામીશ્રી પણ સૌની ખૂબી-ખાસિયત મુજબ પ્રેમ વરસાવવા લાગ્યા. પરંતુ તેઓનો સ્નેહ હંમેશાં અંતર્દૃષ્ટિ કરવા પ્રેરતો. તેથી સંતોએ પૂછ્યું : 'બાપા ! અમે અહીં આવ્યા છીએ તો શું જાણપણું રાખવું ?'

'કેમ અત્યાર સુધી કંઈ ઉપદેશ સાંભળ્યો નહીં ?'

'આ તો આપને કંઈ સ્પેશિયલ કહેવું હોય તો...'

'સ્પેશિયલ તો આપણે પ્રવૃત્તિ ગમે એટલી કરો એની ના નથી, પણ સાથે-સાથે સાધુતા, નિયમ-ધર્મ, આજ્ઞા-ઉપાસના – આ બધું રાખવું. આ આપણો બેઝ છે. આપણે પોતાનું જીવન એવું કરવું કે કોઈને આપણો દોષ દેખાય નહીં, ગુણ આવે. આપણે સારા હોઈએ, પણ બીજાનું જોઈએ એટલે નકામું થઈ જાય. દેખાય તો એનો ફેલાવો કરવાનો ન હોય, પણ આપણે ન કરવાની વાતોને વધારે મહત્ત્વ આપી દઈએ છીએ. એટલી આ મારગમાં ખામી છે. ભગવાન અને મોટા સંત બધું જાણે છે પછી આપણે શું કરવા ડાહ્યા થવું જોઈએ ? મહિમાની વાતો કરવી. સૌનો સત્સંગ દૃઢ થાય, ભૂલો સમજાય એ રીતે આપણું વર્તન હોવું જોઈએ.'

મૃદુ સ્વરે, શાંતિપૂર્વક, એક-એક વાક્ય છૂટું પાડીને સ્વામીશ્રીએ ઘણી વાતો સંભળાવી.

તે જોઈ સંતોએ કહ્યું: 'અમે શિબિર માટે ભારતમાં નહોતા આવી શક્યા પણ આજે મીની (નાનકડી) શિબિર થઈ ગઈ!'

આ સાંભળી 'શિબિરનો સાર આ છે' કહેતાં સ્વામીશ્રીએ પુનઃ અમૃતધારા શરૂ કરી કે –

"આ વખતે 'નિયમ-ધર્મ, અભાવ-અવગુણ ન લેવો, મહિમા સમજવો' પર ખૂબ વાતો થઈ હતી. દિવ્યભાવ-મનુષ્યભાવ એક થાય એ પોઇન્ટ (મુદ્દો) હતો. ગુરુમુખીનું પ્રવચન સારું હતું. ગુરુ રાજી થાય એમ જ કરવાનું! પછી 'આમ મારાથી નહીં થાય' એવું કાંઈ નહીં. પણ મૂળ વસ્તુ એ છે કે *'ખોળી ખોળીને ખોળિયું, ખરા ખપવાળાની ખોટ.'* આપણે ધારીએ તો બધું નથી કરતા? ત્યાં તો સૌથી પહેલો તૈયાર થઈ જાય.'

આ ભૂમિકા બાંધી શ્રદ્ધા, ખપ, સમાગમ વગેરે વિષયક પ્રેરણાવચનો સંભળાવી છેલ્લે સ્વામીશ્રી બોલ્યા:

"સૌ દાસ થઈને રહેજો. કોઈ મોટા થાશો નહીં. અભિમાન લાવશો નહીં. નાનામાં નાના થઈને રહેવું. ગમે તેટલા બુદ્ધિશાળી થયા, ભણ્યા-ગણ્યા, આવડત આવી, સંગીતાચાર્ય થયા, પ્રૉફેસર થયા, પંડિત થયા, અમેરિકા-ન્યૂઝીલેન્ડ સત્સંગ કરી આયા પછી 'મારાથી જ સત્સંગ થયો છે' એવું ન થવું જોઈએ. બધું ભગવાનથી થાય છે. આપણાથી સૂકું પાંદડુંય હલતું નથી. એ જાણપણું રાખીને ચાલવું. તો શાંતિ, શાંતિ ને શાંતિ. સુખ, સુખ, સુખના ઢગલા. આનંદ, આનંદના ઢગલા."

જીવ ભગવાન અને સંતને સોંપ્યો છે

તા. ૭/૭ની સવારે નિશ્ચિત થયેલી સ્વામીશ્રીની ઍન્જિયોગ્રાફી માટે હૉસ્પિટલમાં પહોંચવું સરળ બને તે હેતુથી તા. ૬/૭નો રાત્રિનિવાસ મેનહટનમાં વસેલી ધ માર્ક હૉટલમાં ગોઠવાયેલો. ત્યાં પહોંચતાં પૂર્વે વેસ્ટર્ન ક્વિન્સ મૅડિકલ સેન્ટરમાં સ્વામીશ્રીનાં વક્ષઃસ્થળનો એક્સ-રે લેવામાં આવ્યો.

અહીંથી હૉટલના ૧૬મા માળે ૧૬૧૦ ક્રમાંકના ઓરડામાં પહોંચેલા સ્વામીશ્રીને મળવા ઍન્જિયોગ્રાફી કરનારા ડૉ. જેફરી મોઝેઝ આવ્યા. તેઓએ આવતીકાલે થનારી આ પ્રક્રિયાની સમજ આપી ત્યારે સ્વામીશ્રીએ ઠાકોરજી સાથે રાખવા દેવાની ભલામણ કરી.

તેઓના આ પ્રસ્તાવથી આશ્ચર્ય પામેલા અમેરિકન ડૉક્ટર 'I wel-

come the help' – 'ભગવાનની મદદને હું વધાવીશ' કહી વિદાય થયા.

ત્યારબાદ પોઢેલા સ્વામીશ્રી તા. ૭/૭ની સવારે ઉતારાના બેઠકખંડમાં નિત્યપૂજાથી પરવાર્યા ત્યારે સાથે રહેલા ડૉ. કિરણભાઈએ પૂછ્યું: 'કેમ છે?'

'બહુ મજા!' સ્વામીશ્રીનો આ પ્રતિભાવ આવી રહેલી તબીબી તપાસના કોઈ બોજ વિનાનો હતો.

તે સાંભળી સંતોએ ઍન્જિયોગ્રાફીના અનુસંધાનમાં કહ્યું: 'હવે અમને મજા રહે તેમ કરજો.'

'જોગી મહારાજના ખોળે આવી ગયા એટલે મજા આવી ગઈ. સુખિયા થઈ ગયા. નહીંતર કેટલુંય અટરપટર થઈ ગયું હોત!'

ગુરુકૃપાને વાગોળતાં આટલું જણાવી સ્વામીશ્રી સ્વતઃ બોલવા લાગ્યા:

'*હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ.* આ મારગ ફોશી માટે છે જ નહીં. દેહ, ઇન્દ્રિયો, અંતઃકરણ ખોટાં કરી નાંખવાં પડે. સાપેણ હોય એ કુંડાળામાં સો - સવા સો ઈંડાં મૂકે. પછી ધીરે ધીરે એક પછી એક ઈંડું ખાવા માંડે. એમાંથી જે કૂદકો મારીને બહાર નીકળી જાય તે મણિધર થાય. એમ માયા સાપેણ છે. એ બધાને ગળે જ છે ને! શૂરવીર હોય એ કૂદકો મારીને નીકળે.'

સ્વામીશ્રી આવી બળભરી વાતો કરી રહેલા ત્યાં જ ઍન્જિયોગ્રાફીનું તેડું આવતાં તેઓ હસી પડતાં બોલ્યા: 'જીવ ભગવાન અને સંતને સોંપ્યો છે અને દેહ ડૉક્ટરને સોંપ્યો. ચાલો ત્યારે, જય સ્વામિનારાયણ!'

આ સ્વસ્થતા સાથે સ્વામીશ્રીએ ઍન્જિયોગ્રાફી માટે હૉસ્પિટલ જવા પ્રસ્થાન કર્યું.

હૃદયસમ્રાટની હૃદયલીલા

તા. ૭/૭ની સવારે ૭:૦૭ વાગ્યે સ્વામીશ્રી જે લેનોક્સ હિલ હૉસ્પિટલના આંગણે જઈ પહોંચ્યા તે ૧,૩૪૨ તબીબો અને ૨,૯૧૭ પરિચારકો સહિત ૫,૫૧૨ની સંખ્યાનો કર્મચારી વર્ગ ધરાવતી હતી. તે સાથે ૧૪૧ વર્ષ જૂની આ અસ્પતાલ દુનિયામાં ઍન્જિયોપ્લાસ્ટીની શરૂઆત કરવાનું શ્રેય મેળવી ચૂકેલી.

તેના દ્વારે પધારેલા સ્વામીશ્રી ગાડીમાંથી ઊતરી બે સેવકોના હાથનો ટેકો લઈ દાદરો ચઢવા લાગ્યા, પરંતુ અધવચ્ચે અચાનક જ અટકીને તેઓએ જમણી બાજુ સહેજ મસ્તક ફેરવતાં જોયું. તે દૃષ્ટિમાં ઠાકોરજી લઈને ચઢી

રહેલા ત્યાગસ્વરૂપદાસ સ્વામીને પોતાની આગળ રહેવાનો ઇશારો હતો. જ્યારે શસ્ત્રક્રિયાના ભણકારા વાગી રહેલા ત્યારે પણ સ્વામીશ્રી પરાભક્તિનું પગથિયું ન ચૂક્યા.

આ રીતે આરોહણ કરી તેઓ ૧૧મા માળે આવેલા હેસ ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજી સેન્ટરમાં પ્રવેશ્યા. અહીં સ્વામીશ્રી C અક્ષરાંકિત કેથ લેબમાં જ્યાં ખુરશી પર બિરાજ્યા ત્યાં જ તેઓને જાણકારી મળી કે 'બાજુની જ કેથ લેબ(D)માં મહંત સ્વામીની ઍન્જિયોપ્લાસ્ટી થયેલી.' તે સાંભળતાં જ 'ચાલો, ત્યાં જઈ આવીએ' કહેતાં સ્વામીશ્રી એ સ્થાનકે પહોંચ્યા અને આ જગ્યા નિહાળી પુનઃ કેથ લેબ Cમાં આવી ગયા.

અત્રે પૂરતી પૂર્વતૈયારીઓ થઈ જતાં ડૉ. જહોને ઍન્જિયોગ્રાફીની પ્રારંભિક વિધિ આરંભી. તે સમયે જ આવી પહોંચેલા બાયપાસ સર્જરીના વિશ્વપ્રસિદ્ધ ડૉ. સુબ્રહ્મણ્યમ્‌ને સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. તે વખતે કોઈનેય ખ્યાલ નહોતો કે આ આશીર્વાદ એ તબીબના જીવનમાં કઈ કમાણી રળી આપનારા પુરવાર થવાના છે!

આ અકબંધ રહસ્ય વચ્ચે ઍન્જિયોગ્રાફીની પૂર્વપ્રક્રિયા પૂર્ણ થતાં જ કેથ લેબમાં ડૉ. મોઝેઝ અને ડૉ. શ્વૉર્ટ્ઝ પ્રવેશ્યા. પોતાના ક્ષેત્રમાં ઇતિહાસનાં અમરપૃષ્ઠ જેવા આ બે તબીબો દ્વારા ૮:૨૯ વાગ્યે સ્વામીશ્રીની જમણી સાથળમાંથી હૃદય સુધી કેથેટર નાંખવામાં આવ્યું. તે પછી ૮:૩૭ વાગ્યે ડાઈ દાખલ કરીને હૃદયની ડાબે-જમણે આવેલી ધમનીઓનું અવલોકન શરૂ થયું અને ૮:૫૫ વાગ્યે તો શ્રી મોઝેઝે દૃઢતાપૂર્વક કહી દીધું: 'હૃદયની ડાબી બાજુની મુખ્ય ધમનીમાં બ્લૉકેજ છે. અન્ય પણ બ્લૉકેજ છે. વહેલામાં વહેલી તકે બાયપાસ સર્જરી કરાવવી અનિવાર્ય છે.'

આ સાંભળતાં જ ત્યાં હાજર સંતોનાં હૈયાં ધબકાર ચૂકી ગયાં. તેટલામાં તો શ્રી મોઝેઝે વધુમાં જણાવ્યું: 'છેલ્લા થોડા મહિનાઓમાં જ આ બ્લૉકેજ અસ્તિત્વમાં આવ્યો હોય તેમ જણાય છે. આજે અને હમણાં જ આ બાયપાસ સર્જરી કરવામાં આવે તે અત્યંત જરૂરી છે.'

ડૉક્ટરનો એક-એક શબ્દ ચોંકાવનારો નીવડ્યો, પરંતુ તેમાંય ડૉ. શ્વૉર્ટ્ઝે જે કહ્યું તેણે તો જાણે સંતો અને સત્સંગીઓનાં હૈયાં ચીરી નાંખ્યાં. તેઓનો અભિપ્રાય પડ્યો કે 'મારા પિતા આ સંજોગોમાં હોય તો હમણાં ને હમણાં જ સર્જરી કરાવી નંખાવું. આ ટાઇમ બૉમ્બ જેવું છે. બાયપાસ સર્જરી

શક્ય તેટલી ઝડપે કરાવો.'

અન્ય એક નિષ્ણાત તબીબ શ્રી નિલેશ પટેલે તો ત્યાં સુધી કહી દીધું કે 'છેલ્લા દસેક દિવસના સમયમાં જ ડાબી બાજુની ધમનીમાં બ્લૉકની સાથે અલ્સરેશન (ચાંદા પડવાની પ્રક્રિયા) પણ થયું છે. માટે સહેજેય વિલંબ પોસાય તેમ નથી.'

ડૉક્ટરોના આ અભિપ્રાયો બાદ હવે શીઘ્રતાથી નિર્ણયો લેવાના હતા, કારણ કે ડૉ. વલ્લવનુર સુબ્રહ્મણ્યમે પણ આ મત પર મહોર લગાવી દીધી.

તેથી શરૂ થયેલી નિર્ણયાત્મક ગતિવિધિ દરમ્યાન સ્વામીશ્રીને ૧૧મા માળેથી સ્ટ્રેચરમાં સુવડાવીને જ પાંચમા માળે આવેલા ૫૬૨૧ ક્રમાંકના ઓરડામાં લઈ જવાયા. અહીં પરિચારક શ્રી પૉલ રોજર્સે તમામ તૈયારીઓ કરી રાખેલી. તેથી સ્વામીશ્રી આવતાં જ યંત્રો દ્વારા હૃદયનું જરૂરી નિરીક્ષણ શરૂ થઈ ગયું.

આ રીતે થોડી પળો વીતી તે સમયગાળામાં વડીલ સંતો-ભક્તોએ આવશ્યક વિમર્શ કર્યા બાદ સ્વામીશ્રીને જણાવ્યું: 'બાપા! ડૉક્ટરો તાત્કાલિક ધોરણે બાયપાસ સર્જરી કરાવવાનું કહે છે. આપની શું ઇચ્છા છે?'

આ પ્રશ્નમાં જેટલી ગંભીરતા હતી તેનાથી સવાઈ હળવાશ સાથે સ્વામીશ્રીએ 'હા' કહી દીધી. કોઈ વ્યગ્રતા કે વિષાદ તો દરકિનાર, પણ તેઓએ વિશ્વસ્તરે વિસ્તરેલી પોતાની સંસ્થાના સંચાલન સંબંધી પણ કોઈ ભલામણ ન કરી! અરે! બાયપાસ સર્જરીની 'હા' પાડ્યા બાદ તેઓ તો ઘસઘસાટ સૂઈ ગયા! તેઓની આ દેહાતીત દશાએ તબીબોને ચકિત કરી મૂક્યા.

આખરે સ્વામીશ્રીની શસ્ત્રક્રિયા માટે બાર વાગ્યાનો સમય નિશ્ચિત થઈ ગયો, પરંતુ એક ઑપરેશનની સમયાવધિ લંબાતાં 'થોડું મોડું થશે'ના સમાચાર આવ્યા. તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'આપણે ઑપરેશન ત્રણ વાગ્યા પછી રાખીએ.'

જ્યાં ક્ષણનો વિલંબ પણ ઘાતક નીવડવાની શક્યતાઓ હતી ત્યાં સ્વામીશ્રી તાકીદની શસ્ત્રક્રિયાને સીધી ત્રણ કલાક સુધી ઠેલવા માંગતા હતા! તેનું કારણ તેઓના મતે આવું હતું કે 'આપણે તો ઠાકોરજી વહેલા જાગ્યા હતા તે એમને આરામ મળી જાય અને જાગે એટલે આપણને દર્શન થઈ જાય એ ઇચ્છા રહે.' આથીયે અધિક, ઠાકોરજી સાથે જ ઑપરેશન થિયેટરમાં જવાની સ્વામીશ્રીની મનોકામના હતી.

જ્યારે જિંદગીની બાજી લાગી ગઈ હતી ત્યારે પણ *'જેની પ્રીત્ય પ્રભુ સાથે જડી...'*નું તેઓનું આ દર્શન સૌને હેરત પમાડી ગયું.

તેઓને કોઈ ફરિયાદ નહોતી

બાયપાસ સર્જરી માટે નક્કી થયેલો ત્રણ વાગતાં સુધીનો સમય સ્વામીશ્રી હરિચરિત્રામૃતસાગર ગ્રંથના શ્રવણમાં વ્યતીત કરવા લાગ્યા. આ વખતે પલંગ પર અડધા સૂતા હોય તે રીતે બેઠેલા તેઓ આછા ઉજાસવાળા પોતાના ઓરડાની દીવાલ પર લગાડેલી અક્ષર-પુરુષોત્તમ મહારાજની મૂર્તિનાં એકધારા દર્શન કરતાં કથારસમાં તલ્લીન બનેલા. છાતી પર હૃદયની સ્થિતિ જણાવવા લગાડેલા વાયર અને સીધી લોહીમાં ભળી જાય એ રીતે દવા દાખલ કરવા હાથ પર નાંખેલી નળીઓ વચ્ચે પણ સ્વામીશ્રીના હાથમાં માળા ફરી રહેલી! તે જોઈ જુદી-જુદી તપાસ કરવા અમુક-અમુક સમયે આવી જતા ડૉક્ટર અને પરિચારકો 'શું આ જ દર્દીની થોડા સમય બાદ બાયપાસ સર્જરી થવાની છે ?!'નો અચંબો પામી જતા.

સ્વસ્થતાની આ જ સ્થિતિમાં ૨:૫૦ વાગ્યે કોન્ટેક્ટ લૅન્સ કાઢી સ્વામીશ્રીને ચશ્માં પહેરાવવામાં આવ્યાં અને પલંગ પરથી તેઓને સ્ટ્રેચર પર સુવડાવ્યા. તબીબી નિરીક્ષણ તથા પરીક્ષણની તમામ સુવિધાઓથી સજ્જ એ સ્ટ્રેચર દ્વારા જ દસમા માળે જવા નીકળેલા સ્વામીશ્રી બરાબર ત્રણ વાગ્યે ઠાકોરજી સાથે ઑપરેશન થિયેટરમાં પ્રવેશી ગયા અને ૩:૦૫ વાગ્યે તો શસ્ત્રક્રિયાની કાર્યવાહી શરૂ પણ થઈ ગઈ.

લાખોના હૃદયસમ્રાટની આ હૃદયલીલાએ કંઈક હૈયાં ઊંચાં કરી મૂકેલાં. તેથી આ સમયે દેશ-વિદેશમાં ફેલાયેલા સમગ્ર સત્સંગમાં ધૂન-ભજન, માળા-પ્રદક્ષિણા દ્વારા પ્રાર્થનાનો પ્રવાહ વહેતો થઈ ગયો. ભારતમાં તો મધરાત જામી ચૂકેલી, છતાં એ આખી રાત્રિ સૌ પોતાના હૃદય સમા સ્વામીશ્રીના જતન માટે જાગતા રહ્યા.

તે દરમ્યાન ઑપરેશન થિયેટરમાં ડૉ. સુબ્રહ્મણ્યમ્ સાથે સહાયક બની રહેલા ડૉ. નિલેશ પટેલ અને ડૉ. જહોન મેક્કેબે સતત સાડા પાંચ કલાક સુધી સ્વામીશ્રીના હૃદય પર શસ્ત્રક્રિયા કરી. આ પ્રક્રિયા અંતર્ગત તેઓએ હૃદયની ધમનીઓમાં જમણી બાજુ એક અને ડાબી બાજુ ચાર બાયપાસ ગ્રાફ્ટિંગ કર્યાં. તેમાંથી ચાર નસ બંને પગમાંથી અને એક નસ છાતીમાંથી

જ લેવામાં આવી. આ સમયાવધિ દરમ્યાન જ ૧૧મા માળે આવેલા ૧૧૨૧ ક્રમાંકના ઓરડામાં સ્વામીશ્રી માટે આઇ.સી.સી.યુ. ઊભું કરી દેવામાં આવ્યું. તેથી ૮:૪૭ વાગ્યે ઑપરેશન થિયેટરમાંથી બહાર આવેલા સ્વામીશ્રીને સીધા આ ઓરડામાં જ લઈ જવાયા.

અહીં ગાઢ નિદ્રામાં લીન તેઓએ રાત્રિના અગિયાર વાગ્યે પગના અંગૂઠા હલાવી પ્રતિભાવ આપવાના શરૂ કર્યા. ઑપરેશન પછી રહેતા દુખાવાની માત્રા અને તીવ્રતા માપવા પૂછવામાં આવતા પ્રશ્નોના આ રીતે જવાબ વાળનારા સ્વામીશ્રીએ મધરાતે પોણા ત્રણ વાગ્યે પ્રથમ વાર નેત્રો ખોલ્યાં. અલબત્ત, આ સમયે તેઓ સંપૂર્ણ સભાન તો નહોતા જ !

પરંતુ તા. ૮/૭ની સવારે પૂર્ણ જાગ્રત થઈ ગયેલા સ્વામીશ્રીને આ સમયે મોંમાં ભરાવેલી શ્વાસોચ્છ્વાસની નળીઓ દૂર કરી કુદરતી શ્વસનક્રિયા ચાલુ કરાવવામાં આવી. મુખ પર પારદર્શક માસ્ક પહેરાવી શુદ્ધ ભેજયુક્ત હવાની સુવિધા પણ પૂરી પાડવામાં આવી. તે વખતે સ્વામીશ્રીએ ઠાકોરજીનાં દર્શનની ઇચ્છા વ્યક્ત કરી ત્યારે સૌને ખ્યાલ આવ્યો કે તેઓનું જીવન ઑક્સિજન નામનું રસાયણ નહીં, પણ હરિકૃષ્ણ મહારાજ છે !

તે પછી આવેલી પ્રત્યેક ક્ષણ આ પ્રતીતિ વધુ મજબૂત કરતી ગઈ, કારણ કે જેવા ઠાકોરજી લઈને સંતો આવ્યા તે વખતે સ્વામીશ્રી ભગવાનને હાથ જોડવા ગયા, પરંતુ બંને હાથે જાતજાતની નળીઓ લગાડવામાં આવેલી. વળી, અશક્તિ પણ ઘણી હોવાથી હાથ ઊંચા કરવામાં તેઓને પાર વિનાનો પરિશ્રમ પડતો હતો. છતાં તેઓ હાથ જોડવા પ્રયત્ન કરી રહ્યા. તેઓના એ સમયના ધ્રૂજતા હાથે સૌને સ્થિર કરી દીધા !

નમસ્કારની મુદ્રામાં હાથ રાખી સ્વામીશ્રીએ પોપચાં ઢાળી ઠાકોરજીને મસ્તક ઝુકાવ્યાનો સંતોષ અનુભવ્યો. મોંમાંથી હમણાં જ નળીઓ કાઢી હોવાથી બોલવામાં મુશ્કેલી હતી, તોય તેઓ 'હે મહારાજ... સ્વામી... શાસ્ત્રીજી મહારાજ... યોગીજી મહારાજ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' બોલતા રહ્યા. માસ્કમાંથી આવતો એ સ્વર બહાર અસ્પષ્ટ સંભળાતો હતો.

તેઓની આ ભક્તિસભર ક્રિયાઓ ચાકરીમાં રહેલા હૉસ્પિટલના પરિચારક શ્રી રોબર્ટ ડેવેન્ટેને ડોલાવી ગઈ. તેથી તે સ્વામીશ્રી સમક્ષ તાળી પાડતાં-પાડતાં લાક્ષણિક અમેરિકન ઉચ્ચારમાં 'સ્વામી અને નારાયણ'ની ધૂન બોલવા લાગ્યો. ગત વર્ષે મહંત સ્વામીની સેવામાં રહેલો આ કર્મચારી

સ્વામિનારાયણીય સંસ્કારોની અસર તળે આવેલો, પરંતુ આ વખતે તો સંતોએ તેને તાળી પાડી ધૂન કરતાં પણ શીખવી દીધેલું. તે વિદ્યા આજે તે હસતાં-ડોલતાં સ્વામીશ્રી આગળ રજૂ કરવા લાગ્યો.

તેને ભજન કરતો જોઈ સ્વામીશ્રી પણ રાજી થઈ ઊઠ્યા અને તેની સાથે 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' બોલતાં પોતે પણ જમણી હથેળી ઊંચી-નીચી કરીને તાળી પાડવાની મુદ્રા કરવા લાગ્યા. થોડી વારે તો નળીઓથી લદાયેલા હાથે જ રોબર્ટના હાથમાં તાળી આપવા માંડ્યા. તેથી ગેલમાં આવી ગયેલો આ પરિચારક સ્વામીશ્રી સમક્ષ પોતાનું માથું નમાવતાં ઝૂક્યો. તે વખતે સ્વામીશ્રીનો વરદહસ્ત તેના શિરે મુકાયો. બાયપાસ સર્જરી પછીના પ્રથમ આશીર્વાદ ઝીલવા તે સદ્‌નસીબ બન્યો ! આ સમયે તેણે મહંત સ્વામીએ આપેલું સ્વામીશ્રીનું પૉકેટ કેલેન્ડર પોતાના ખિસ્સામાંથી કાઢી સ્વામીશ્રીને જ દર્શાવ્યું.

આઈ.સી.યુ.માંથી ભક્તિના આ તરંગો ઊઠી રહેલા તે વખતે જ સાત વાગ્યાના સુમારે ડૉ. સુબ્રહ્મણ્યમ્ આવ્યા. તેઓએ સ્વામીશ્રીને પૂછ્યું કે 'કંઈ ફરિયાદ છે ?'

સ્વામીશ્રીને કોઈ ફરિયાદ નહોતી. બાયપાસ સર્જરી જેવી ભારે શસ્ત્રક્રિયા બાદ ઊભા થતા શારીરિક દુખાવાઓ વચ્ચે પણ તેઓ પ્રથમ ક્ષણથી જ સ્વસ્થ અને સ્થિર જણાતા હતા. તેઓની આ પ્રતિભાએ ડૉક્ટરના મન પર ઘેરી છાપ પાડી.

Different than others (અન્યથી અલગ)

તા. ૮/૭ની સવારથી સેવામાં રહેલા પરિચારકો દ્વારા કરાવવામાં આવતી વિવિધ કસરતોને સ્વામીશ્રી સારો પ્રતિસાદ આપતા હોવાથી સૌને વિશેષ આનંદ થયો. તેની વચ્ચે બપોરે ૧૨:૦૫ વાગ્યે સ્વામીશ્રીના પેટમાં નાંખેલી નળીઓ પણ કાઢવામાં આવી. તે પછી ૧:૨૦ વાગ્યે અડધા પ્યાલા જેટલો પ્રવાહી ખાદ્યપદાર્થ ગ્રહણ કરનારા સ્વામીશ્રીએ સાંજે ૬:૨૫ વાગ્યે મોસંબીનું શરબત અંગીકાર કર્યું.

આ દિવસે ડૉ. નિલેશ પટેલ દ્વારા આર્ટરિયલ પંક્ચર નામની એક તબીબી પ્રક્રિયા સ્વામીશ્રીના શરીર પર કરવામાં આવી. આ શસ્ત્રક્રિયા ઘણી જ પીડાકારક હોવાથી તે થઈ રહી હોય ત્યારે ગમે તેવો ખમતીધર માણસ પણ

બુમરાણ મચાવી મૂકે; પરંતુ ડૉક્ટરને અનુભવ કંઈક અલગ જ થયો.

તેઓએ નોંધ્યું કે 'આ કષ્ટદાયી પ્રક્રિયા દરમ્યાન સ્વામીશ્રીના ભાલપ્રદેશની એક રેખા વંકાઈ નથી અને તેઓ શાંતિથી સંતો સાથે વાતો કરી રહ્યા છે!' આ જોઈ તેઓને થયું: 'જેમ તલવાર અને મ્યાન નોખાં ખખડે, તેમ આત્મા અને દેહ જેને ભિન્ન મનાયા હોય તે જ આમ વર્તી શકે.'

'ગીતા'ના અભ્યાસી એ તબીબ આ આખેઆખો ગ્રંથ સ્વામીશ્રીરૂપે મૂર્તિમાન જોઈ રહ્યા.

સૌના આ અહોભાવ વચ્ચે તા. ૯/૭ના રોજ આવેલી ગુરુપૂર્ણિમાના દિવસે તો સ્વામીશ્રીના શરીર પરથી લગભગ તમામ નળીઓ દૂર થઈ ગઈ. તેની સાથે ખુરશી પર બેસવાની પણ છૂટ મળતાં ઑપરેશનને કારણે ઠેલાયેલું ક્ષૌરકર્મ આજે કરવામાં આવ્યું.

તે પછી રાબેતા મુજબની તપાસ માટે આવેલા ડૉ. શ્વૉર્ટ્ઝ તો સ્વામીશ્રીની સ્વસ્થતા જોઈ બોલી ગયા: 'He is different than others! Divine!' – 'સ્વામીશ્રી અન્યથી અલગ છે! દિવ્ય (છે)!'

આ જ રીતે દેશ-વિદેશના અનેક નામી સંતો, મહંતો, રાજનેતાઓ, ઉદ્યોગપતિઓ વગેરેના શુભેચ્છા સંદેશાઓ પણ પૂરના પ્રવાહની જેમ સ્વામીશ્રી તરફ વહેવા માંડેલા.

તે ક્રમમાં તા. ૮/૭ના એક જ દિવસે હૉસ્પિટલના સ્વાગત કક્ષમાં આશરે ચારસો વખત સ્વામીશ્રીના સમાચાર મેળવવા ફોનની ઘંટડીઓ રણકતાં કર્મચારીઓ તાજ્જુબ પામી ગયા. તેઓ પણ સ્વામીશ્રી વિષે Different than others – અન્યથી અલગનો અનુભવ કરી રહ્યા. તેની સાથે સ્વાસ્થ્યની શુભકામના વ્યક્ત કરવા આવી પહોંચેલાં ફુગ્ગા-ફૂલોનો મોટો ઢગલો પણ Different than othersની ફોરમ જ ફેલાવી રહ્યો.

તેથી આકર્ષાઈને હૉસ્પિટલના કંઈક નામાંકિત ડૉક્ટરો અનુકૂળતાએ આવી સ્વામીશ્રીનો લાભ લેવા માંડ્યા. તે સૌને આઇસક્રીમ વગેરે જમાડવાની તકેદારી સ્વામીશ્રી ખાસ રખાવતા. દૂરના નિયમન કક્ષ(કન્ટ્રોલ રૂમ)માં બેસી સ્વાસ્થ્યનું રીમોટ મોનિટરિંગ કરતી સ્ત્રી-નર્સોને પણ સ્વામીશ્રીએ આ આઈસક્રીમનો પ્રસાદ પહોંચાડવાની વ્યવસ્થા કરાવી. બાયપાસ સર્જરીના બીજા-ત્રીજા દા'ડે જ અન્યની આવી સંભાવના કરતા સ્વામીશ્રીને જોઈને પણ સૌને તેઓ Different than others – અન્યથી અલગ જણાતા.

તેનો જ એક વધુ અનુભવ થયો – તા. ૧૦/૭ની સવારે. આ સમયે અપાયેલી એક સારવાર દરમ્યાન સ્વામીશ્રીની છાતી પરનો પાટો હટાવી દેવાતાં સ્વરપેટીની નીચેથી શરૂ થઈને છેક નાભિ સુધી લંબાતો એક કાપો ટાંકાઓ સહિત સ્પષ્ટ દેખાવા માંડ્યો. આ સમયે સ્વામીશ્રી આરામ ખુરશી પર ચરણ પ્રસારીને બેઠા હોવાથી પગ પરના ટાંકા પણ દૃષ્ટિગોચર થતા હતા. છતાં તે કશાય સામે જોવાની દરકાર સુધ્ધાં ન કરતાં સ્વામીશ્રી અન્ય વાતોમાં પરોવાઈ ગયા !

આ સમયે તેઓની છાતી પર ચોંટાડેલા જાતજાતના વાયરો અને ટેલિમેટ્રીથી થતું મોનિટરિંગ જો તેઓના હૃદયના ભાવ પકડી શકતું હોત તો સૌને સ્ક્રીન પર ચોક્કસ વાંચવા મળત કે – Different than others! Divine! – અન્યથી અલગ ! દિવ્ય !

માનવજાતને સમર્પિત જીવન

સ્વામીશ્રીના સ્વાસ્થ્ય સંબંધી સમાચારો પ્રસરાવવા માટે ખૂબ ઉત્સુક પ્રસાર માધ્યમોની જિજ્ઞાસા સંતોષવા તા. ૧૦/૭ના રોજ હૉસ્પિટલના વહીવટી અધિકારીના કાર્યાલયમાં જ પત્રકાર પરિષદ યોજાઈ હતી. તેને સંબોધતાં સ્વામીશ્રીની ઍન્જિયોગ્રાફી કરનારા ડૉ. મોઝેઝે જણાવ્યું :

'મને લાગે છે કે તેમને (સ્વામીશ્રીને) હૃદયમાં છેલ્લા થોડાક સમયમાં જ આવેલો બ્લૉકેજ ખૂબ ઝડપથી આક્રમક બનતો હતો. કદાચ એ જીવન સામે જોખમ ઊભું કરી શકે એવો હતો, પરંતુ હવે તેઓની ઉંમરના હૃદયરોગ વિનાના કોઈ પણ માણસ જેવી કે તેથીયે ઘણી સારી એમની સ્થિતિ છે.'

આ પ્રસંગે બાયપાસ સર્જરી કરનારા ડૉ. સુબ્રહ્મણ્યમે પણ માહિતી આપી કે 'તેમની (સ્વામીશ્રીની) પરિસ્થિતિ હૃદયના સ્નાયુઓને ગમે તે ક્ષણે ભયાનક સ્થિતિમાં ધકેલી દે તેવી હતી. છતાં સારી બાબત એ હતી કે તેમના હૃદયના સ્નાયુઓ એકદમ વ્યવસ્થિત રીતે પમ્પિંગ કરતા હતા. એમના હૃદયના સ્નાયુઓમાં કોઈ જ નુકસાન નહોતું પહોંચ્યું. આ હકીકતને લીધે જ તેઓ તાત્કાલિક ઑપરેશન માટે એક સારા દર્દી બની શક્યા હતા. ઑપરેશન બાદ પણ એમનું હૃદય ખૂબ સારી રીતે કાર્યરત થયું છે. આને અમે ફાસ્ટ ટ્રેક રીકવરી કહીએ છીએ, જે એમના કરતાં નાની ઉંમરના માણસની હોય. આ સર્જરીથી તેઓનું આયુષ્ય બીજાં ૧૫ થી ૨૦ વર્ષ જેટલું વધી ગયું છે.'

સ્વાસ્થ્ય સંબંધી આટલી માહિતી આપ્યા બાદ ડૉ. સુબ્રહ્મણ્યમ્‌ના મુખેથી સ્વામીશ્રીનો એક આગવો અનુભવ સરી પડ્યો કે 'He is a man that very much believes in services to mankind.' – 'સ્વામીશ્રી સમગ્ર માનવજાતની સેવામાં જ માનનારા પુરુષ છે.'

એક જગપ્રસિદ્ધ ડૉક્ટરની આ હૃદયસ્પર્શી અનુભૂતિ સ્વામીશ્રીની ઓળખ બની દૂરદર્શન અને આકાશવાણીના તરંગો દ્વારા વિશ્વભરમાં પ્રસરી ગઈ.

જેનો શ્રીહરિ પર બહુ સ્નેહ

તા. ૧૦/૭ની પ્રેસ કૉન્ફરન્સમાં હાજરી આપી તબીબી તપાસ માટે આવેલા ડૉ. નિલેશને સંતોએ સ્વામીશ્રીની છબીઓના સંપુટ 'સત્સંગ'ની ભેટ ધરી. આ સમયે સ્વામીશ્રીના બંને હાથમાં સોજા હતા. વળી, હાથ પર નળીઓ ખોસેલી હતી. નાકમાં ઑક્સિજનની નળી પણ પુનઃ નાંખવામાં આવેલી. છતાં તેઓએ હાથમાં કલમ ઉપાડી પેલા છબીસંપુટના પ્રથમ પાને હસ્તાક્ષર કર્યા.

તે પછી એ ડૉક્ટરને વર્તમાન ધરાવી સ્વામીશ્રીએ જાતે જ કંઠી પહેરાવી અને માળા ફેરવવાનું પણ નિદર્શન કરી બતાવી, એ માળા ડૉક્ટરને આપતાં કહ્યું: 'હવે તમે ફેરવી બતાવો.' આમ કહી ડૉક્ટર પાસે આખી માળા ફેરવાવી સ્વામીશ્રીએ જણાવ્યું: 'હવે રોજ કરજો. ધીમે-ધીમે ફાવી જશે.'

બાયપાસ સર્જરીના ત્રીજા જ દિવસે, પથારીમાં સૂતાં-સૂતાંય એક જીવને તારવા માટે કેવો પુરુષાર્થ! સત્સંગ-પ્રસારની ધગશનું આથી ઉત્તમ ઉદાહરણ બીજું કયું હોઈ શકે!

તેમાં પુષ્ટિ કરતા હોય તેમ ડૉક્ટરે આ જ દિવસથી સ્વામીશ્રીને સવાર-સાંજ થોડાં ડગલાં ચાલવાની છૂટ આપી. તેની સાથે આજથી જ હિંડોળા ઉત્સવનો પ્રારંભ થતાં સંતોએ ૧૧૨૨ ક્રમાંકના ઓરડામાં પલંગ પર હિંડોળો મૂકી તેમાં ઠાકોરજીને પધરાવ્યા. આ ઝાંખી કરવા માટે ચાલીને ત્યાં પહોંચેલા સ્વામીશ્રીએ શસ્ત્રક્રિયા પછીના પોતાના પરિભ્રમણનો પ્રારંભ ઠાકોરજીનાં દર્શનથી કર્યો.

પરંતુ તેઓને તકલીફ ન પડે તે માટે ઘણી વાર સંતો કહેતા: 'અમે આપની પાસે ઠાકોરજી લઈ આવીએ.'

ત્યારે સ્વામીશ્રીનો પ્રતિભાવ રહેતો: 'ના, ઠાકોરજી આપણી પાસે

આવે તેના કરતાં આપણે ઠાકોરજી પાસે જઈએ.'

આમ કહેતાં તેઓ બે સેવકોના સહારે ધીરે-ધીરે ડગ માંડતાં ઠાકોરજીના કક્ષ સુધી પહોંચતા. ત્યાં પણ સ્લિપર કાઢીને જ દર્શન કરતા. જો થાળ ચાલતો હોય તો જાડા કાચનાં ચશ્માંમાંથીયે સૂક્ષ્મતાપૂર્વક વાનગીઓનું નિરીક્ષણ કરે. જો કંઈક ખૂટતું હોય તો તે તેઓની ભક્તિભરી નજરમાં તરત ઝડપાય.

એક વાર આ રીતે પધારેલા સ્વામીશ્રી ઠાકોરજીથી દસેક ફૂટના અંતરે ઊભા રહી દર્શન કરતા હતા. છતાં તેઓએ થાળ ધરાવી રહેલા યુવક રાજુ દવેને પૂછ્યું : 'ખીચડીમાં ઘી નાંખ્યું છે?'

એ જ દિવસે આ યુવાન ઘી ઘોળવાનું ચૂકી ગયેલો, પણ સ્વામીશ્રીની ભક્તિએ ઠાકોરજીને સાચવી લીધા.

આવા ભક્તિભાવ સાથે સ્વામીશ્રી તા. ૧૦/૭ની સાંજે તો હિંડોળે ઝૂલતા ઠાકોરજી સમક્ષ આવીને બિરાજ્યા અને સંતોને હિંડોળાનાં પદો ગાવા કહ્યું. તે કીર્તનગાન શરૂ થતાં ત્યાગસ્વરૂપદાસ સ્વામી હિંડોળાની દોરી સ્વામીશ્રીને આપવા ગયા, પણ તે ન પકડતાં સ્વામીશ્રીએ કહ્યું : 'સ્નાન નથી કર્યું માટે ન અડાય.'[૪૨]

ભક્તિના આ સૂક્ષ્મ વિવેક સાથે વર્તતા તેઓના સાંનિધ્યમાં કીર્તનગાન બાદ થાળનો સમય થતાં *'રૂડી રાંધી મેં રસિયાજી ખાંતે ખીચડી...'* પદ ગવાયું. તેમાં આવતી કડી *'ચોખા દાળ જતન કરી જોઈ...'*ને સ્વામીશ્રીએ ફરી ગવડાવી. ત્યારબાદ તેઓ બોલવા લાગ્યા :

'સંતોને કેવો પ્રેમ છે! ચોખા ને દાળ જતન કરીને બરાબર જોયાં. એકેય દાણો તૂટે નહીં એમ ધીરે-ધીરે ધોયાં. પછી તાપે ખીચડી ચડાવી. પણ તાપ કેવો? મધુરે તાપે. મધુરે તાપે ન હોય તો બળી જાય. આ તો એકેએક દાણો ચડી જાય. પછી એવી માખણ જેવી ખીચડી તૈયાર થાય! વળી, એમાંય પાછું ઘી. એમાં જેટલું ઘી નાંખો એટલું હોમાઈ જાય. સંતો મહારાજને જમાડવામાં કેટલા પ્રેમથી ભક્તિ કરે છે!'

પરમહંસોની પરાભક્તિને આટલી અંજલિ આપ્યા બાદ સ્વામીશ્રી છાતી પર હાથ મૂકીને બોલ્યા : 'અમને જોગી મહારાજે એવી ખીચડી જમાડી છે ને!'

---

૪૨. આ સમયે તબીબોની સૂચના અનુસાર માથાબોળ સ્નાનની છૂટ ન હોવાથી સ્વામીશ્રી સ્પંજ બાથ લેતા.

ગુરુસ્મૃતિનો આ સ્વાદ મમળાવતાં તેઓ પોતાના ઓરડે પધારી પોઢ્યા.

વિદ્યાની એણે ખૂબ હદ વાળી

જ્યારે સ્વામીશ્રી રાત્રે શયનાધીન થાય ત્યારે અચાનક કોઈ અટપટી પરિસ્થિતિ સર્જાય તો તાત્કાલિક સારવાર આપી શકાય તે હેતુસર, જુદા જુદા સત્સંગી તબીબોના જાગવાના વારા રહેતા. જો કે આ સેવામાં રહેલા પ્રત્યેક તબીબના મનમાં અચરજ પેદા થતું કે 'આપણે સ્વામીશ્રી માટે જાગીએ છીએ કે તેઓ આપણા માટે જાગે છે ?', કારણ કે સેવામાં રહેલા ડૉક્ટરનાં ઉતારા, ભોજન, સ્નાન, શયન વગેરે સંબંધી તમામ સરભરાનું ધ્યાન સ્વામીશ્રી સૂતાં-સૂતાં પણ રખાવતા.

તેઓની આવી સ્નેહસભર સંભાળને માણનારા ડૉ. પંકજભાઈ મામતોરાએ તા. ૧૦/૭ની રાત્રે લગભગ દોઢ વાગ્યે સ્વામીશ્રીના પગે ડ્રેસિંગ બદલ્યું. તે પછી જૂની કાઢી નંખાયેલી ગોઝપીસ વગેરે સામગ્રી બે ડગલાં દૂર રખાયેલી કચરાની કોથળીમાં અને સોય બાજુમાં પડેલાં તીક્ષ્ણ સાધનો એકઠાં કરવાના ડબલામાં નાંખવાની હતી. પરંતુ આ તબીબે બે ડગલાં દૂર જવાનું જતું કરી જેમાં સોય નાંખી તેમાં જ રૂ, પાટો વગેરે અન્ય વસ્તુ પધરાવી દીધી ! તે જોઈ સ્વામીશ્રીએ તરત ટકોર કરી કે 'તમે ડૉક્ટર થઈને ભૂલા પડ્યા ?'

અડધી રાત્રે, આછા અજવાળે, બાયપાસ સર્જરીના ત્રીજા જ દા'ડે, આટલી ઝીણી બાબતમાં પણ સ્વામીશ્રીની આ ચોકસાઈ ચીવટના માપદંડને નવેસરથી પ્રસ્થાપિત કરવા ફરજ પાડે એમ છે.

તેઓની આ ગુણસંપદા સંભારવામાં પેલા ડૉક્ટરની રાત્રિ વીતી અને તા. ૧૧/૭નું પ્રભાત ફૂટતાં સેવામાં નિયુક્ત થયેલા હૉસ્પિટલના પરિચારક શ્રી રૉબર્ટ આવી પહોંચ્યા.

તેઓ વીક-ઍન્ડ (રજા) માણવા ઘેર જતા હતા, પરંતુ ત્રણ દિવસમાં જ તેઓને સ્વામીશ્રીનો એવો નેડો લાગી ગયેલો કે આજની સવારે તેઓ ખાસ વિદાય લેવા આવ્યા. તે વખતે તેઓએ ગુજરાતીમાં 'કેમ છો સ્વામીબાપા ? જય સ્વામિનારાયણ...!' કહી સ્વામીશ્રીને આનંદ કરાવ્યો. તે પછી પોતાના અંગત પ્રશ્નો અંગે માર્ગદર્શન પણ માંગ્યું. તેના ઉત્તરરૂપે સ્વામીશ્રીએ દસ મુદ્દા સંભળાવ્યા. તેનું અંગ્રેજી ભાષાંતર ડૉ. મામતોરા કરવા લાગ્યા, પણ તેમાં તેઓ 'માતા-પિતાની સેવા કરવી'નો મુદ્દો કહેવાનું ચૂકી ગયા. આ વિગત

સ્વામીશ્રીએ તેઓને યાદ કરાવી.

આ સતર્કતા એ તબીબને સ્વામીશ્રી વિષે *'વિદ્યાની એણે ખૂબ હદ વાળી...'*નો અનુભવ કરાવી ગઈ.

જગના વાસી સૌ સુખ ભોગવે

હૉસ્પિટલના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીની સેવામાં નિયુક્ત થયેલા એક પરિચારક શ્રી જોહ્‌ન કૉલેટ્ટી હસમુખા અને તરવરિયા યુવાન. તેઓ તા. ૧૧/૭ની સાંજે સ્વામીશ્રીના ડાબા હાથે ભરાવેલી સોય કાઢવા ગયા ત્યારે આ પ્રક્રિયા જોઈ અરેરાટી અનુભવતા એક ભક્તે સ્વામીશ્રીને કહ્યું: 'બહુ થઈ ગયું ! શરીરનો કોઈ ભાગ બાકી રહ્યો નથી, એટલું બધું થયું છે.'

સ્વામીશ્રીના શરીર પર થયેલી જુદી-જુદી શસ્ત્રક્રિયાઓના સંદર્ભમાં તે વ્યક્તિ આમ બોલી ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું: 'હા, જિંદગીનું સાટું વળી ગયું. આવું કોઈને ન થાય.'

*'જગના વાસી સૌ સુખ ભોગવે...'*ની ભાવના સ્વામીશ્રીને અહર્નિશ રહેતી.

ધર્મ મેલવો નહીં દર્દ દુ:ખે

લેનોક્સ હિલ હૉસ્પિટલના ટોચથી લઈ તળિયા સુધીના સૌ કર્મચારીઓ પોતાના માનવંતા મહેમાન તરીકે જ સ્વામીશ્રીની શુશ્રૂષામાં જોડાયેલા. સ્વયં ડૉ. સુબ્રહ્મણ્યમે પોતાનો નિશ્ચિત કાર્યક્રમ ફેરવી સ્વામીશ્રીની શસ્ત્રક્રિયા માટે જે સુગમતા કરી આપી તે જોઈને તો સૌને ઘણું જ અચરજ થયેલું.

તેમાં ઉમેરો ત્યારે થયો કે જ્યારે બાયપાસ સર્જરી બાદ પણ આ વિશ્વવિખ્યાત તબીબ સ્વયં સ્ટ્રેચરની આગળ ચાલતાં-ચાલતાં ઠેઠ ઓરડા સુધી સ્વામીશ્રીને મૂકવા આવ્યા. તે દરમ્યાન માર્ગમાં આવતાં મહિલા તબીબો અને પરિચારિકાઓને મર્યાદા અનુસાર એક કોરે કરવાની સેવા પણ આ ડૉક્ટરે જ બજાવેલી. ઑપરેશન પછીયે તેઓ દિવસમાં ત્રણ-ચાર વાર આવી સ્વામીશ્રીની ખબર પૂછી જતા. તેઓ સહિત ડૉ. ભૂપેન્દ્ર (ભૂપી) પટેલના સહકારથી જ ૧૧મા માળે અલાયદું આઇ.સી.સી.યુ. પણ ખડું કરવામાં આવેલું. આ ઉપરાંત સ્વામીશ્રી અને સંતો જ્યાં રોકાયેલા તે ઓરડાઓને અલગ કરતા પડદા હૉસ્પિટલ દ્વારા લગાડવામાં આવેલા, જેથી દર્દી, ડૉક્ટર કે મુલાકાતીઓની

અવરજવર નિયંત્રિત થઈ જાય અને ધર્મ-નિયમની મર્યાદા સચવાય.

આ સૌજન્ય બદલ આભાર માનતા હોય તેમ તા. ૧૨/૭ના રોજ સ્વામીશ્રી બોલવા લાગ્યા: 'અહીંયાં કેટલું બધું આપણા માટે કર્યું! આ લોકો આપણી મર્યાદા સમજે છે તો કેટલી ફેસિલિટી (સવલત) આપી! આ બહાર પરદો, રૂમ જુદી પાડી, છેક નીચે સુધી માણસો ગોઠવ્યા! સંતો આવે એટલે એમની લિફ્ટ જુદી. ટોળામાં આવો ને ટોળામાં જાઓ એવું નહીં. અને આ બધું ભાવથી, પ્રેમથી કરે. પુરુષ નર્સની પણ સગવડ કરી આપી. ઉપરના માણસોએ આપણું બધું મંજૂર રાખ્યું. આપણને અહીં મર્યાદા માટે તકલીફ નથી પડી.'

બાયપાસ સર્જરી દરમ્યાન અને તે પછીયે સચવાયેલું ધર્મપાલન સ્વામીશ્રી માટે આનંદનો વિષય હતું.

તે સાથે તેઓ આજના દિવસે ઓરડાની બહાર નાંખેલા પડદાની પેલે પાર પરસાળમાં ભ્રમણ કરવા નીકળ્યા, કારણ કે આજે રવિવાર હોવાથી હૉસ્પિટલ સૂમસામ હતી. આખી લૉબીમાં પરિચારિકાઓની લેશ ચહલપહલ નહોતી. તેથી સ્વામીશ્રી પરસાળના છેક છેડે સુધી ગયા.

પરંતુ ત્યાંથી તેઓ પાછા વળતા હતા તે વખતે જ સામેથી ખૂલતાં વસ્ત્રો, પાછળ ચોટલો, ઊભું ઓળેલું માથું ધરાવતી એક વ્યક્તિ પહોળી ચાલે લફડ-ફફડ ચાલતી આવતી જણાઈ. તેને જોઈ કોઈક મહિલા આવી રહ્યાંનો ભાસ થતાં સ્વામીશ્રી એક કોરે ખસી ઊભા રહી ગયા. હકીકતે તે પુરુષ પરિચારક જ હતો. તેથી તેઓને રાહત પહોંચી. તોય ડઘાયેલી નજરે સ્વામીશ્રી તેને જોઈ રહ્યા.

તેઓની આ ફડક સૌને *'ધર્મ મેલવો નહીં દઈ દુઃખે...'*ની તેઓની રીત યાદ કરાવી ગઈ.

અમે તો ભગવાનમાં ચાલ્યા ગયા'તા

તા. ૧૨/૭ની રાત્રે સંતોએ સ્વામીશ્રીને વ્હીલચૅરમાં બેસાડી ૧૧મા માળની લૉબીમાં વિહાર કરાવ્યો. ત્યારબાદ પોતાના ઓરડાની બહાર જ પરસાળમાં બિરાજેલા સ્વામીશ્રીને એક હરિભક્તે પૂછ્યું: 'બાપા! હવે કેમ છે? દુઃખ ભુલાઈ ગયું?'

'આવા તો કેટલાય ઘા પડ્યા છે. ગોલ બ્લેડરનો છે ને થાપેય છે.

એ તો હું ક્યારેય સંભારતો જ નથી. આ બધું ભૂલવાનું જ હોય. આય જતું રહેશે.' સ્વામીશ્રી બોલ્યા.

ભગવાનને સતત સંભારતા તેઓ પાસે દુઃખને સંભારવાનો સમય જ નહોતો!

આ મર્મ સમજાવતા હોય તેમ સ્વામીશ્રીએ વધુમાં કહ્યું: 'મૂળ મનને ડાયવર્ટ કરવું પડે. જ્ઞાન જોઈએ. એની એ વસ્તુ સંભાર્યા કરીએ એટલે દુઃખ યાદ આવે, પણ એનાથી સારું સંભારીએ તો દુઃખ જાય. એટલા માટે કથા-વાર્તા, ભજન કરવું કહ્યું છે.'

આ રીતે જ્ઞાનવાર્તા કરવામાં સ્વામીશ્રી એવા તો મશગૂલ થઈ ગયા કે રાત્રિના સાડા દસ વાગી ચૂક્યા. તેથી સેવકે કહ્યું: 'હવે હાલો અંદર, આરામનો ટાઇમ થઈ ગયો!'

આ સાંભળી હસી પડતાં સ્વામીશ્રી બોલ્યા: 'લ્યો, તમે પાછું સંભાર્યું. અમે તો ભગવાનમાં ચાલ્યા ગયા'તા. દુઃખ અહીંયાં ને અહીંયાં ભૂલવા માટે વાત કરીએ છીએ ને તમે પાછું યાદ કરી આપ્યું.'

સ્વામીશ્રીનું આ વાક્ય પૂરું થયું, પણ તેઓનું હાસ્ય નહીં. તેમાંથી જ તેઓ પુરાણી સ્મૃતિ વાગોળતાં કહેવા લાગ્યા: 'કેટલાક વે'વારિયા હોય એ વે'વારની જ વાતો કરે. સાંકરદામાં યોગીજી મહારાજ પાસે હરિભાઈ મોટા આવતા. તેઓ વ્યાવહારિક વાતો કાઢે ત્યારે યોગીજી મહારાજ સામે વચનામૃત વાંચવાનું ચાલુ કરે, એટલે પેલા ચાલવા માંડે...'

હાસ્ય-વિનોદ કરતાં સ્વામીશ્રી આ પ્રસંગ સંભળાવતા હતા ત્યાં જ એડિસનના મંદિરે રવિસભાનો લાભ આપી સંતો આવી પહોંચ્યા. તેઓને અત્રે ગોષ્ઠીમાં ચાલી રહેલા વિષયવસ્તુથી વાકેફ કરતાં સ્વામીશ્રીએ પોતાને કોઈ માંદગીના, ઑપરેશનના ફોટા બતાવવા આવેલું તે પ્રસંગ સંભળાવી કહ્યું:

''એ બધું તો ભૂલવાનું છે. એ રાખીને શું ફાયદો છે? પણ માણસને એવું ને કે ફોટો રાખીને જોયા કરે કે 'હું આવો માંદો પડ્યો હતો!' પછી રડવા માંડે. 'અરેરે! મને આવું થઈ ગયું'તું!' બૈરાં મરી જાય તો બૈરાંનો ફોટો રાખી મૂકે. એને જોયાં જ કરે કે 'આપણો સંગ હતો ને બહુ ભેગાં રહેલાં ને તમે જતાં રહ્યાં ને હું એકલો રહી ગયો!' પણ બધાય મરીને ચાલ્યા જ ગયા છે. તું વિસારી દે ને! આ જગત ભૂલવાનું જ છે. સંભાર્યા કરો તો દુઃખ જ આવે.''

આમ, ખૂબ મંદ અને મૃદુ સ્વરમાં સમસ્ત માનવજાતને સુખની સડક

ચીંધતા સ્વામીશ્રી પરસાળમાંથી ઓરડામાં પધાર્યા.

અહીં પોઢતાં પૂર્વે તેઓના શરીરે વીંટાળેલી શાલ કાઢવામાં આવતાં ગળે લટકાવેલું ટેલિમેટ્રી યંત્ર નજરે ચડ્યું. તે જોઈનેય ગમ્મત કરતાં સ્વામીશ્રીએ કહ્યું: 'પેલા મૂરખને ગળામાં પાટિયું લબડાવ્યું હતું એમ હું આ ગળામાં લટકાવીને ફર્યા કરું છું - 'બાયપાસ કરાવે એ મૂરખ મોટો... રાજા...' હવે આપણા જેવો બીજો આવશે એને આ પાટિયું પહેરાવી દઈશું.'

આમ કહેતાં સ્વામીશ્રી એવું ખડખડાટ હસતા રહ્યા કે તેઓ શબ્દો પણ સ્પષ્ટ ઉચ્ચારી ન શક્યા. આ સમયની તેઓની પ્રફુલ્લિત છબી સૌનાં મનમાં વસી ગઈ.

દિવ્યતાનો દસ્તાવેજ

તા. ૧૩/૭ના દિવસે હૉસ્પિટલેથી વિદાય લેવાની ઘડી આવી પહોંચતાં હૉસ્પિટલ સ્વામીશ્રી પ્રત્યે અને સ્વામીશ્રી હૉસ્પિટલ પ્રત્યે આભારવશ બન્યા હોય એવું દૃશ્ય સર્જાઈ રહ્યું. સ્વામીશ્રીના સહવાસમાં હૉસ્પિટલને દિવ્યતાની દીક્ષા મળી હતી. તેના પુરાવારૂપે એક આફ્રિકન પરિચારિકા અહીં સેવામાં રોકાયેલા સત્સંગી શ્રી પરેશભાઈ ત્રિવેદીને કહી ગઈ: 'તમારા લોકોનો ખૂબ આભાર! આ હૉસ્પિટલમાં તમે એક નાઈસ (સારી) વ્યક્તિને લાવ્યા છો. તેઓ ડિવાઇન (દિવ્ય) વ્યક્તિ છે. એ આવ્યા ત્યારથી આ હૉસ્પિટલમાં ડિવાઈન એટમોસ્ફિયર (દિવ્ય વાતાવરણ) થઈ ગયું છે.'

આ જ રીતે આજની સવારે ૮:૫૦ વાગ્યે ઉદર પરના ટાંકા તોડવા આવેલા ડૉ. નિલેશે સ્વામીશ્રી સમક્ષ સ્વાનુભવ ઉચ્ચાર્યો કે 'આપ અહીં આવ્યા એમાં મને તો એ સમજાયું કે આત્મારૂપ થઈને પરમાત્માની ભક્તિ કરવાની છે.'

આવા અનુભવીઓ ઘણા હતા. તેમાંના કેટલાક સ્વામીશ્રીની વિદાયવેળાએ મળવા આવી પહોંચ્યા. અલબત્ત, સહયોગીઓને સન્માનવાની સ્વામીશ્રીની પણ ઇચ્છા હોવાથી જે આવ્યા તેઓને સ્વામીશ્રી પ્રસાદ અને સ્મૃતિભેટ આપતા ગયા. આ સમયે ડૉ. નિલેશે સ્વામીશ્રીને હૃદય આકારનું ઓશીકું આપ્યું. તેની પર સ્વામીશ્રીની શસ્ત્રક્રિયા કરનારા તબીબોની સહીઓ હતી. સ્વામીશ્રીને પણ કહેવામાં આવ્યું: 'આપની સહી કરી આપો.'

આ વિનંતીને આદર આપતાં સ્વામીશ્રી ઓશીકા પર હસ્તાક્ષર પાડતાં

બોલ્યા : 'આ દસ્તાવેજ થઈ ગયો !'

હા, સ્વામીશ્રીની બાયપાસ સર્જરી એક દસ્તાવેજ બની ગઈ – તેઓની સ્થિરતાનો, તેઓની ભક્તિનો, તેઓના ધર્મપાલનનો, તેઓની દિવ્યતાનો, તેઓની દેહાતીત દશાનો !

સર્વજીવ હિતકારી તેહ રે

તા. ૧૩/૭ની સવારે દસ વાગ્યે સ્વામીશ્રી અસ્પતાલના ૧૧મા માળેથી વ્હીલચૅરમાં બેસી નીચે પધાર્યા ત્યારે અહીં અમેરિકી ગુપ્તચર સંસ્થા એફ.બી.આઇ. તથા ન્યૂયોર્ક પોલીસનો કાફલો તેઓને દોરવા તૈયાર હતો. આ સંત્રીઓએ પાર્ક એવન્યૂને સાંકળતી ૭૭મી શેરીનો વાહન-વ્યવહાર દસેક મિનિટથી થંભાવી દીધેલો. તેથી વ્હીલચૅર દ્વારા જ છેક રસ્તા સુધી આવી ગયેલા સ્વામીશ્રી ગાડીમાં બિરાજ્યા અને ૧૦:૫૫ વાગ્યે તેઓ વેસ્ટ ચેસ્ટર કાઉન્ટીની ફિઝન્ટ ડ્રાઈવ પર ઊભેલા ૨૩મા ક્રમાંકના બંગલે આવી પહોંચ્યા. ઊંચાં વૃક્ષો અને સઘન લીલોતરીથી સભર દોઢ એકરનું આ અક્ષર ભુવન સ્વામીશ્રીની વિશ્રામવાટિકા બની રહેવા સજ્જ થઈ ઊભેલું.

અત્રે યજમાન શ્રી મનુભાઈ પટેલ તથા તેઓના દીકરાઓ ડૉ. મહેન્દ્રભાઈ, મધુસૂદનભાઈ, મૂકેશભાઈ અને ભરતભાઈએ સ્વામીશ્રીને આવકાર્યા. ન્યૂયોર્ક મંદિરે રોકાયેલા સંતો પણ અહીં દર્શન માટે આવી ગયેલા. તે સૌ સાથે ચાલી રહેલા હળવા વાર્તાલાપમાં સ્વામીશ્રી સહેજે જ બોલી ઊઠ્યા : 'આવાં દુઃખ કોઈનેય ન આવે એ જ પ્રાર્થના ભગવાનને કરવાની.'

'ભગવાન ન ભજે એનેય ?'

'આપણે તો પ્રાર્થના કરીએ કે એનેય ન આવે.' સ્વામીશ્રીની કરુણા છલકાઈ આવી.

તેથી તરબતર થયેલા એકે કહ્યું : 'ડૉક્ટરો સલાહ આપે છે કે તમારે પૌષ્ટિક ખોરાક ખૂબ લેવો જોઈએ, તો રીકવરીમાં ઝડપ આવે.'

'સલાહ તો બધી આપે, પણ અહીંથી જવું જોઈએ ને !' પોતાના મુખ તરફ નિર્દેશ કરતાં સ્વામીશ્રી બોલ્યા.

ત્યારે ડૉક્ટરે પૂછ્યું : 'તો તમારે મોંમાં જાય શું ?'

'ચણા-મમરા.' આમ કહી હસી પડેલા સ્વામીશ્રીએ ઉમેર્યું : 'અમે ગરીબીમાંથી આવેલા ને, એટલે મેવા બહુ ભાવે નહીં. સાલમપાક ને મસાલા

એવું બધું આપણે બહુ ખાધેલું નહીં, એટલે ન ફાવે.'

પોતાના સહજ વૈરાગ્યને સ્વામીશ્રીએ નમ્રતાથી ઢાંકી દીધો.

મેલી દેહ મમત વિસારી રે

તા. ૧૪/૭ની બપોરે સ્વામીશ્રી વિશ્રામ માટે પલંગ પર પોઢ્યા ત્યારે તેઓના શરીરમાં તાવે દેખા દીધી. જો કે આવી પરિસ્થિતિમાંય પોઢતાં-પોઢતાં તેઓના મુખમાંથી શબ્દો સર્યા : 'મહારાજ... સ્વામી... શાસ્ત્રીજી મહારાજ...'

આટલું રટી ક્ષણાર્ધ માટે નેત્રો મીંચી ગયેલા તેઓને બાજુમાં ઊભેલા ડૉક્ટરે પૂછ્યું : 'બાપા ! શું થાય છે ?'

'ભજન.' હસતાં-હસતાં સ્વામીશ્રીએ જણાવ્યું. વળી, ઉમેર્યું : ''જોગી મહારાજે કહ્યું છે ને કે 'જગત ખોટું થઈ ગયું છે', એવું થાય છે.''

સ્વામીશ્રીની આ સ્થિતિ તેઓ સાંજે ૫:૪૫ વાગ્યે જાગ્યા ત્યારે વિશેષ ચમકી ઊઠી.

આ સમયે સેવકોને સ્વામીશ્રીના જમણા પડખે રહેલું ઓશીકું ભીનું જણાયું. તેથી અજવાળું કરીને જોયું તો માત્ર ઓશીકું જ નહીં, પણ સ્વામીશ્રીએ ઓઢેલું ગાતરિયું, પહેરેલો કટકો અને ચાદર સુધ્ધાં ભીનાં હતાં. વળી, એ ભીનાશ રક્તરંજિત હોવાથી સૌ ચોંકી ઊઠ્યા. તપાસ કરતાં માલૂમ પડ્યું કે ઑપરેશન વખતે ઉદરમાં નળીઓ દાખલ કરવા જે છિદ્રો પાડવામાં આવેલાં તે પૈકીનાં જમણી તરફના છિદ્રમાંથી લાલ પ્રવાહી ઝમી રહેલું. ચોમાસા પછી ધરતી પર ફૂટી નીકળતી નાની સરવાણી જેવું એ દૃશ્ય જોઈ દોડાદોડી મચી ગઈ.

તાબડતોબ સ્વામીશ્રીને ન્યૂયોર્કના ક્વિન્સ વિસ્તારમાં આવેલા સ્પોર્ટ્સ મૅડિસિન ઍન્ડ ફિટનેસ સેન્ટરમાં લઈ જવાયા. અહીં ભોંયરામાં ડૉ. શિરીષ થાનાવાલાએ એક્સ-રે પાડી નિદાન કર્યું કે 'હજી પેટમાં એક લિટર જેટલું પાણી છે.'

આ કાર્યવાહી દરમ્યાન પણ સ્વામીશ્રીનાં વસ્ત્રો પુનઃ ભીનાં થઈ જતાં બદલવાં પડ્યાં.

આવી પરિસ્થિતિમાં એક્સ-રે લેનારા તબીબ તથા તેઓના ભાગીદાર શ્રી નિરંજનભાઈએ પોતાના સેન્ટરના અન્ય વિભાગોમાં પધરામણી કરવા સ્વામીશ્રીને અરજ કરી. તેને નકારવાનું વાજબી કારણ હોવા છતાં સ્વામીશ્રી

ડૉક્ટરના કોડ પૂરા કરવા એમ.આર.આઇ. ખંડમાં પહોંચ્યા. અત્રે તેઓએ વિરાટકાય મશીન અને પથારી પર ઠાકોરજી પધરાવી ધૂન કરી કે 'અહીં જે કોઈ આવે એ સાજા થઈ જાય, સૌનું કલ્યાણ થાય.'

પોતે પીડાતા હોવા છતાં પરહિતને ચિંતવતું સ્વામીશ્રીનું આ સ્વરૂપ સૌને ભીંજવી ગયું.

મનનાં સમાધાન માટે વચનામૃત અને સ્વામીની વાતો

તા. ૧૫/૭ના રોજ પણ સ્વામીશ્રીના ઉદરમાંથી લાલ પાણી બહાર ફૂટતું જ રહ્યું. તેમાં હળવી ખાંસી અને કફના ઉપદ્રવનો ઉમેરો થતાં સૂવામાં પણ સુવાણ થતી નહોતી. ચત્તા સૂએ તો શ્વાસ ચડે. ડાબે પડખે સૂતાં ઉધરસ ઉપાડો કરે. આ ઉપરાંત, પેટ દુઃખે, બંને ખભાની પાછળ દુઃખે, સ્નાયુ તણાય. છતાં આવી તકલીફમાંય સ્વામીશ્રીનો ફૂલગુલાબી મિજાજ આબાદ જળવાઈ રહેતો.

આ અરસામાં ઊંડા શ્વાસ લેવાની કસરત માટે તેઓને હોકલી જેવું યંત્ર અપાતું. આજની સાંજે તે હાથમાં લેતાં જ તેઓ કંઈક ગણગણવા લાગ્યા. જો કે સ્વર ખૂબ ધીમો હોવાથી આસપાસ ઊભેલાને પણ સમજવું અઘરું પડ્યું, પરંતુ એકાગ્રતાથી કાન માંડતાં સંભળાયું કે *'છોડ છોડ રે હૂકામાં અવગુણ મોટો રે...'*

હાંફતાં-હાંફતાં, તોય અલમસ્ત થઈ હસતાં-હસતાં સ્વામીશ્રીએ બે-ચાર વાર આ કડી ઘૂંટી કહ્યું: 'લોકો ગામડામાં આ બહુ બોલે. અક્ષર સ્વામી હારે (સાથે) અમે ગામડે જતા ત્યારે ઘનશ્યામ સ્વામી બહુ બોલતા.'

આ વિનોદ સાથે શ્વસનક્રિયાનો વ્યાયામ વિરમ્યો ત્યાં જ તબીબોની સૂચના મુજબ સેવકો પોલા હાથે સ્વામીશ્રીની પીઠ થપથપાવવા લાગ્યા. તે વખતે પણ ખિલખિલાટ હસવા માંડેલા સ્વામીશ્રીને જોઈ એક સંતે પૂછ્યું કે 'કેમ હસો છો ?'

'પહેલાં હોકો પીવાનો ને પછી આ માર ખાવાનો !' સ્વામીશ્રીની આ ગમ્મતથી સૌ હસી પડ્યા.

આ રીતે રમૂજના રસાયણમાં દુઃખ-દર્દને ઓગાળતા સ્વામીશ્રી પ્રસન્ન-પ્રફુલ્લ રહીને દિવસો વિતાવતા.

તેની સાથે સહવાસી સંતો-ભક્તોને સમજણનું ભાથું પણ બંધાવતા

જતા તેઓએ તા. ૧૬/૭ની સવારે અમૃતધારા વહાવી દીધી કે –

"આખા જગતમાં ભગવાન રહ્યા છે અને ભગવાનમાં આખું જગત રહ્યું છે. દરેકને ભગવાન પર પ્રેમ એટલે જ થાય છે. આ ખુરશી છે તેમાં પણ ભગવાનનો વાસ છે. જળ-સ્થળમાં, અણુ-અણુમાં, ઝાડ-પાન-પર્વતમાં બધાંમાં ભગવાનનો વાસ છે, એટલે બધું સારું લાગે છે. ઝાડ જોવું સારું લાગે, પથ્થર જોવા સારા લાગે, ડુંગરાય સારા લાગે, નદીનાં વહેણ સારાં લાગે. પણ જો તમારામાંથી પ્રાણ, પરમાત્મા નીકળી જાય તો તમને એનું સુખ આવે? એટલે ભગવાનમાં જ હેત થવું જોઈએ.

સર્વના આધાર સત્પુરુષ છે, પણ અત્યારે ખુરશી પર બેઠા છે તે ખુરશી આધાર થઈ ને! મહારાજ ઘોડા પર બેઠા હતા તો ઘોડો આધાર થયો? પણ ઘોડામાં રહીને મહારાજ ઘોડો ચલાવે છે. આ થિયરીનું જ્ઞાન બરાબર થઈ જાય તો અનુસંધાન બરાબર જળવાય. આપણે જાણીએ કે 'સુબ્રહ્મણ્યમ્ સાહેબે ખરેખરું ઑપરેશન કર્યું.' લૌકિક રીતે એ ખોટું નથી, પણ તત્ત્વની દૃષ્ટિએ જોઈએ તો ભગવાને એમનામાં રહીને ઑપરેશન કર્યું છે. ભગવાન એમનામાં બેઠા છે અને એમણે બુદ્ધિ આપી છે એટલે એ ભણ્યા છે, એટલે ટેક્નિક શીખીને આ કર્યું છે. એટલે એમણે નથી કર્યું, ભગવાને કર્યું છે. નહીંતર આપણે તો બહાર નીકળીને એમને વળગી પડીએ કે 'અહોહો... તમે મારા જીવનપ્રાણ...' પણ જીવનપ્રાણ તો પેલો અંદર બેઠો એ છે.

જાણપણું એ રાખવાનું કે વચ્ચે કોઈ લોચો આપણને બાઝી ન જાય. આપણી પતિવ્રતાની ભક્તિ, આપણી નિષ્ઠા એક જ જોઈએ. 'તમે બહુ સારું કર્યું' એમ કહેવામાં કોઈ વાંધો નથી, પણ અંદરની મેઇન (મુખ્ય) વસ્તુ છે એમાં ગૂંચવાડો થવો ન જોઈએ."

એકધારું આટલું બોલવાને લીધે સ્વામીશ્રી હાંફી ગયા. થોડી ઉધરસ પણ ચઢી. તેથી બે-ચાર પળ વિશ્રામ લઈ તેઓ પુનઃ કહેવા લાગ્યા :

'વચનામૃતમાં ઊંડા ઊતરવું. ઝીણા-ઝીણા ફકરા પર ઊંડા ઊતરવું. પછી 'સ્વામીની વાતો' લેવી. આપણા મનનાં સમાધાન માટે વચનામૃત અને સ્વામીની વાતો. ગમે તેની ઓંભણ-બોંભણ (ગેરમાર્ગે દોરનારી) વાતો હોય એમાં લેવાવાય નહીં. આપણા સાંપ્રદાયિક ગ્રંથોનો એટલો અભ્યાસ કરવો કે આપણને બીજા કોઈનો પાશ લાગે જ નહીં.'

સ્વામિનારાયણ નામનું હેન્ડલ

તા. ૧૭/૭ની બપોરે ભોજન લેવા બિરાજેલા સ્વામીશ્રીને ભારતથી આવેલા એક ફોનના સમાચાર આપતાં સંતોએ કહ્યું: 'કલકત્તાના છોટુભાઈ બદાણીનું હૃદય સાત કલાકથી બંધ પડી ગયું છે. તેઓના દીકરાએ આશીર્વાદ માંગ્યા છે.'

'કહેજો કે અમે પ્રાર્થના કરી છે, પ્રયત્ન ચાલુ રાખજો. મહારાજ સારું કરશે.'

હજુ તો સ્વામીશ્રીના મુખેથી આ આશીર્વાદ સર્યા કે ત્યાં જ કલકત્તામાં તેનો અમલ શરૂ થઈ ગયો હોય તેમ તરત જ વળતા સમાચાર આવ્યા કે 'હૃદય ધબકવા લાગ્યું છે!'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'ભગવાનને પ્રાર્થના કરી તે ભગવાનની ઇચ્છાથી થયું.'

પરંતુ સંતોએ જણાવ્યું: 'આપે હેન્ડલ મારી હૃદય ચાલુ કરી આપ્યું, તો આપના સ્વાસ્થ્ય માટે પણ એવું કોઈ હેન્ડલ હશે તે આપ અમને બતાવો, જે અમે કરીએ તો આપ જલદી સાજા થઈ જાઓ.'

'છે ને હેન્ડલ! સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' આમ કહેતાં સ્વામીશ્રી સ્વયં ધૂન કરવા લાગ્યા.

ભજન એ જ તેઓનું ચાલકબળ.

બધાની ભાવના છે એ આવરદા જ છે

સ્વામીશ્રીના હૃદયની શસ્ત્રક્રિયા બાદ દેશ-વિદેશના ભક્તો તરફથી આવી રહેલા સેંકડો શુભેચ્છાપત્રોના સંદર્ભમાં તા. ૧૭/૭ના રોજ સંતોએ પણ સ્વામીશ્રીને કહ્યું: 'અમારી આવરદા આપ લઈ લો.'

'બધાની ભાવના છે એ આવરદા જ છે. આવો ભક્તિભાવ ક્યાં મળે?'

આ પ્રતિભાવ આપી સ્વામીશ્રીએ વધુમાં જણાવ્યું:

'આપણો ભાવ છે એ મહારાજ આગળ પહોંચી જાય. એ જ કરવાનું છે. બાકી ૫,૦૦૦ વર્ષ જીવવું કે દુનિયામાત્રની આવરદા લેવી એ તો થાય નહીં. આ મૃત્યુલોકનો ક્રમ છે. શ્રીજીમહારાજ સાક્ષાત્ આવ્યા તોય એમણે દેહ ન રાખ્યો, તો બીજાની ક્યાં વાત રહી? પણ આપણે એવી ભાવના રાખીએ

એટલી આપણી ભક્તિ થઈ જાય. માટે સમય આવે ત્યારે લેવાય એટલો રાજીપો લઈ જ લેવો.

ભગવાનની ઇચ્છાથી જે વખતે જેવો જોગ આવે તે વખતે તેવો લાભ લઈ જ લેવો. ત્યારે આઘા-પાછા ન થવું. સત્પુરુષની થોડી સેવા મળે તો થોડી, જેવી મળે તેવી કરી લેવી. થોડાં દર્શન થાય તો થોડાં દર્શન કરી લેવાં. થોડો લાભ પણ મળી જાય તો કાયમ જીવનનો લાભ થઈ જાય. બે શબ્દો પડી જાય તો સુખપાલમાં બેસી જવાય. આખી જિંદગી આનંદ-આનંદ થઈ જાય. સેવા-ભક્તિ બધી કરવાની પણ આવો સમય સાચવી લેવાનો. સમો સચવાઈ જાય તો કામ થઈ જાય.'

પહેલેથી જ એ રિવાજ નથી

વિશ્રામ લઈ રહેલા સ્વામીશ્રીનાં દર્શન-મુલાકાત માટે હાલ તો તબીબોએ પ્રતિબંધ જ ફરમાવ્યો હોવાથી સૌ ભક્તો ઘેર બેઠાં કે પોતાના વિસ્તારનાં મંદિરોમાં જઈ સ્વામીશ્રીના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરતા રહેતા. અલબત્ત, સ્વયં સ્વામીશ્રીને ભક્તોથી દૂર રહેવાનું કઠતું; પરંતુ આ સમયે તો તેઓ પણ અસહાય હોવાથી એક વાર તો બોલી ગયા કે 'અત્યારે તો ભમરો તોલમાં આવી ગયો છે.'

આ સંજોગોમાં તા. ૧૭/૭ના રોજ બ્રાયનથી આવેલા ડૉ. સુધીરભાઈ પટેલ તથા ડૉ. અશ્વિનભાઈએ પૂછ્યું: 'બાપા! આપને ખબર તો હશે ને કે આવું નીકળવાનું છે અને બાયપાસ સર્જરી કરાવવી પડશે?'

'ખબર હતી ત્યારે તો મુંબઈથી અહીં વહેલા આવ્યો.'

'પણ ખબર હોય તો જરા વહેલું બોલતા હો તો સારું.'

યોગીચરણદાસ સ્વામીએ આ વિનંતી કરી ત્યારે સ્વામીશ્રીએ કહ્યું: 'હા, એ વાત બરાબર, પણ આપણે પહેલેથી જ (મહારાજના વખતથી) એ રિવાજ નથી.'

'પણ આવી ફાઈનલ બાબતોમાં કહેવાનું રાખવું.' ડૉક્ટર બોલ્યા.

ત્યારે તેઓને એમના જ ચલણમાં ચૂકવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'તમે ડૉક્ટરો ફાઈનલ હોય તોય કોઈને વાત કરો છો કે 'તમે મરવાના છો?' બસ ત્યારે, આમાંય એવું છે!'

સ્વામીશ્રીની આ તર્કશુદ્ધ દલીલથી ચારેકોર હાસ્ય છવાઈ ગયું.

'કરે અલૌકિક ઉત્તર આપે, સુણ્યો નો'ય કે' દિ' શ્રવણે;
સાંભળી જન મગન થાય, ધન્ય ધન્ય સહુ ભણે...' એવી સ્વામીશ્રીની બોલીનો આજે એક વધુ અનુભવ થયો.

પરોપકારી સંત ગુરુહરિ

માંદગી હોવા છતાં સ્વામીશ્રીએ અમેરિકાના પૂર્વનિર્ધારિત કાર્યક્રમો યથાવત્ રાખવાનું કહ્યું હોવાથી તેઓના સાંનિધ્યમાં યોજાનારી સભાઓમાં સહયાત્રી સંતો હાજરી આપતા.

આ ક્રમમાં તા. ૧૯/૭ની સાંજે એડિસનમાં રવિસભા કરી ઉતારે આવેલા સંતોને સ્વામીશ્રી સભાનો અહેવાલ પૂછવા લાગ્યા. તે વખતે સભામાં થયેલા સંકીર્તનની વાત સાંભળી તેઓએ આ કાર્યક્રમ કરનારા શોભિતસ્વરૂપદાસ સ્વામીને પૂછ્યું : 'શાના પર સંકીર્તન કર્યું ?'

'કામદુઘા કલ્પતરુ, પારસ ચિંતામણિ ચાર; સંત સમાન એકે નહીં, મેં મનમાં કર્યો વિચાર – આ પંક્તિના આધારે.'

આ સાંભળી પલંગ પર ઓશીકાના ટેકે બેઠેલા સ્વામીશ્રી એકદમ હસવા લાગ્યા અને બોલ્યા : 'તેં વાત તો કરી પણ એ સંત તો અહીં પડ્યા છે પાટા બાંધીને. કલ્પતરુ છે તોય ઊભા થવું હોય ત્યારે ટેકો લેવો પડે ! આવું છે. બીજાનું કામ થાય, પણ આપણું ન થાય.'

સ્વામીશ્રીના મુખેથી તેઓની ઓળખ સરી પડી. જેમ વૃક્ષ ક્યારેય પોતાના છાંયે વિશ્રામ લેતું નથી, તેમ સ્વામીશ્રીએ પોતાનું ઐશ્વર્ય અન્યના સુખ માટે જ વાપરી જાણેલું. તેઓ સાચે જ *'પરોપકારી સંત ગુરુહરિ...'* હતા.

ભગતવછલ તણું બિરદ પોતે વહે

તા. ૨૦/૭થી શ્વસનક્રિયાની કસરતમાં નાના બ્યૂગલ જેવું એક સાધન પણ ઉમેરાતું હતું, પરંતુ તે નવું હોવાથી સ્વામીશ્રીએ તેને ઠાકોરજીનું પ્રસાદીભૂત કરાવીને જ ઉપયોગમાં લીધું. એ જ રીતે પગના સોજા ઉતારવા આજે ડૉ. દેવેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ પગના અંગૂઠાથી છેક ગોઠણ સુધી આવે તેવાં મોજાં લઈને આવ્યા. તેનેય સ્વામીશ્રીએ ઠાકોરજી પાસે પ્રસાદીનાં કરાવ્યાં.

આ ભક્તિભાવ સાથે વર્તતા તેઓની સેવામાં તા. ૨૧/૭ના રોજ આવેલા ડૉ. દેવેન્દ્રભાઈ જાનીએ 'જય સ્વામિનારાયણ' કહી પ્રણામ પાઠવ્યા,

પરંતુ આ સમયે સ્વામીશ્રી હજી હમણાં જ સ્નાનાદિકથી પરવારી પલંગ પર બિરાજ્યા હોવાથી તેઓએ લૅન્સ કે ચશ્માં ધારણ કર્યાં નહોતાં. તેથી તેઓ 'કોણ આવ્યું ?' તે ન કળી શક્યા.

તે જોઈ પેલા ડૉક્ટરે પુનઃ 'જય સ્વામિનારાયણ' બોલી અવાજ પરથી પોતાને ઓળખી બતાવવા કહ્યું ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'દેવેન્દ્ર ! આવી ગયા ?'

આ ડૉક્ટર આજે ઘણા સમય બાદ મળી રહ્યા હોવા છતાં સ્વામીશ્રી તેઓને અવાજ પરથી ઓળખી ગયા ! *'ભગતવછલ તણું બિરદ પોતે વહે...'*નું આથી અદકેરું પ્રમાણ કયું હોઈ શકે !

જ્ઞાનવારતા કીધી ઘણેરી

તા. ૨૧/૭ના રોજ પલંગ પર ચરણ પ્રસારી ઓશીકાંઓના ટેકે બિરાજેલા સ્વામીશ્રી સમક્ષ કેટલાક સંતો દર્શન કરતાં ઊભા હતા. ઓરડામાં આછું અજવાળું અને નીરવ શાંતિ હતાં. તે વખતે પ્રવેશેલા વિવેકસાગરદાસ સ્વામીએ વાતચીત દરમ્યાન સ્વામીશ્રીને પૂછ્યું: 'શ્રીજીમહારાજે કહ્યું છે કે સત્પુરુષના હૃદયમાં ભગવાન અખંડ નિવાસ કરીને રહ્યા છે, તો ડૉ. સુબ્રહ્મણ્યમ્‌ને એમાં ભગવાન દેખાયા નહીં ?'

'એ તો એનો એમણે અભ્યાસ નથી કર્યો. એમને તો 'મંઈ નાડીઓને બધું છે' એનો જ અભ્યાસ છે, પણ એ એમના વિષયમાં જેમ ઊંડા ઊતર્યા છે તેમ આમાં ઊંડા ઊતરે તો દેખાય. એમણે મહિમા સમજીને સેવા કરી છે તો દેખાશે. જે ભક્ત થાય એને જ ભગવાન દેખાય. એને તો હૃદયમાં જ નહીં, અંગોઅંગમાં ભગવાન દેખાય.'

'અમનેય એવું કરી દો કે આપનાં અંગોઅંગમાં ભગવાન દેખાય.'

'જેમ પેલી (ડૉક્ટરની) સાધના છે, એમ આ સાધના છે.'

'પણ અમને એક વાર તમારું અસલ સ્વરૂપ દેખાડી દો ને ! તો આ બીજી બધી માથાકૂટ મટી જાય.'

'દેખાય તો છે, પણ ક્યારેક માનવામાં એવું થઈ જાય છે. અભ્યાસથી થાય.'

'અભ્યાસ કરીએ છીએ તોય આ ભગવું ને ભગવું જ દેખાય છે, છોગલાવાળું સ્વરૂપ દેખાતું નથી. એ એક વાર દેખાડી દો ને !'

'મૂર્તિ એની એ જ છે, આકાર જુદો દેખાય છે. ગુણાતીતાનંદ સ્વામીએ

કહ્યું છે ને !'

'પણ એ અક્ષરધામની દિવ્ય મૂર્તિનું દર્શન થઈ જાય તો અમારી ભક્તિ વધી જાય ને !'

'ના, એમ ભક્તિ ન વધે. શાસ્ત્રીજી મહારાજના સમયમાં કેટલાયે જોયું હતું ! પણ એવા સમાધિવાળા ક્યાં ટક્યા છે ? સમજણથી ટકાય છે. બાકી પ્રેમના ઊભરા આવે પણ ટાણે આઘું-પાછું થઈ જાય.'

આ રીતે સ્વામીશ્રીએ જ્ઞાનનું પલ્લું જ નમતું રાખતાં સંતોએ વાતનો વિષય બદલી પૂછ્યું : 'આપણને વ્યવહારમાં ઘણી વખત એવું દેખાય છે કે કોઈ એક વ્યક્તિને રાજી રાખવા માટે કે એના મનનું ધાર્યું કરવા માટે બીજા બધાનું વ્યવસ્થિત આયોજન હોય તેમાં પણ બાંધછોડ કરવી પડે છે. કેટલી મહેનત ને કેટલું આયોજન વિચાર્યું હોય, પણ એવી એક વ્યક્તિને લીધે એ સફળ ન થાય. એનું શું સમજવું ?'

આ પ્રાયોગિક પ્રશ્નનો ઉકેલ આપતાં સ્વામીશ્રી બોલ્યા : 'આપણે આવી મોટી સંસ્થા ચલાવવી છે એ કાંઈ એક માણસથી ચાલવાનું નથી. બધાયની જરૂર છે અને બધાયના સ્વભાવ જુદા જુદા છે. એવા સ્વભાવવાળાની પણ જરૂર છે. એ રીતે જ સમજીને ચાલવું, ચલાવવું પડે. ધીરજ રાખવી પડે, તો બધું સરખું ચાલે. નહીં તો તડફડ થઈ જાય. પાંચ આમ નીકળી જાય, પાંચ તેમ નીકળી જાય. સ્વભાવ તો દરેકના છે પણ એનો ઘણી જાતનો ભોગ હોય, સેવા હોય, એ આગળ-પાછળનો સંબંધ પણ આપણે જાણવો જોઈએ. એ રીતે ઘસારો વેઠી લઈએ તો કામ થઈ જાય.'

સ્વામીશ્રીએ જાણે સફળ સંચાલનનો શિલાલેખ જ કોતરી આપ્યો.

જો કે તે અમલમાં મૂકવો અઘરો હોવાથી સંતોએ પૂછ્યું : 'સ્વામી ! આપણને ગરબડ-સરબડ લાગતી હોય તે છેલ્લે ક્યાં જઈને ઊભી રહે ?'

'એ ગરબડ-સરબડ નથી. મહારાજનું ધાર્યું જ થાય છે. બીજા કોઈનું ધાર્યું થતું નથી.'

'પરંતુ અમને તો આવા પ્રસંગે ટેન્શન... ટેન્શન... થઈ જાય. 'આમ કેમ થયું ?' એમ મનમાં રહ્યા જ કરે.'

'શ્રીજીમહારાજ સાક્ષાત્ ભગવાન આયા. એમણે બધાને સત્સંગી કરી નાંખ્યા હોત તો કોઈ ના પાડતું હતું ? એમને તો આમ ચપટીમાં જ કરવાનું હતું, તોય કેટલાં દુઃખો એમણે ભોગવ્યાં ? એમને કેટલાય આડા આવ્યા તોય

બધું પોતે ચલાવ્યું ને કામ લીધું છે. જીવાખાચર માથાનો દુખાવો હતા કે નહીં? ડગલે ને પગલે વિઘ્ન કરે. તોય મહારાજ એમને બોલાવે, બેસાડે, હાથ ફેરવે. આપણને એમ થાય કે 'એમને આગળ શું કામ કરતા હશે?' પણ એ એમની એવી રીત છે!'

સ્વામીશ્રીની આ નક્કર વાત સાંભળી ઠરી ગયેલા સૌ છેલ્લે એટલું જ બોલ્યા: 'જબરું છે આ બધું! આ તો ડિવાઇન પ્લે (દિવ્ય નાટક) જ સમજવાનું ને!'

'હા, દિવ્ય... દિવ્ય... એનું જે કહો તે દિવ્ય! બીજો કોઈ જ વિચાર જ નહીં.' સ્વામીશ્રીએ આમ સંમતિ આપી ત્યારે સંતોએ પ્રાર્થના કરી કે 'અમને એ દિવ્યતા જોવાની દૃષ્ટિ આપજો.'

'પાછું વળી જવાય છે એટલી દિવ્યતાની દૃષ્ટિ જ છે, નહીં તો પાછું ન વળાય. થોડુંક એવું આવી જાય, પણ પાછું આત્મદૃષ્ટિ થઈ જાય એ દિવ્ય દૃષ્ટિ.' આટલું કહી જ્ઞાનદૃષ્ટિ આપતાં સ્વામીશ્રી બોલ્યા:

'મૂળ સમજવાની એક જ વસ્તુ છે – એ જે કરે છે તે સારું જ કરે છે ને એમની ઇચ્છા પ્રમાણે જ થાય છે. નહીંતર ડગલે ને પગલે શંકા જ થાય. ભેગા રહીને સ્વભાવ ગમવો, ક્રિયા ગમવી એ કઠણ છે. એનું બોલવું, ચાલવું, ખાવું-પીવું, હરવું-ફરવું, વાતચીત, બધી ક્રિયા, માંદા થયા, સાજા થયા, કોઈને આમ કહ્યું, કોઈને તેમ કહ્યું – એ બધું જ મધુરમ્... મધુરમ્... 'કેમ આમ થયું? ને કેમ આમ ન થયું?' એ વિચાર જ ન જોઈએ. એમની રીત પ્રમાણે બધું થયા કરે છે.'

આટલું અજવાળું પાથરી સ્વામીશ્રી જાણે ચર્ચામાંથી સરકી એકાંતમાં સરી પડ્યા હોય એમ ખોળામાં ગોટો વળીને પડેલા ગાતરિયાને રમાડવા લાગ્યા.

તેમાંથી તેઓને પુનઃ ગોષ્ઠીના વર્તુળમાં લાવતાં સંતોએ કહ્યું: 'જેમ સુબ્રહ્મણ્યમે હૃદય ખોલ્યું તો બાયપાસ સર્જરી થઈ શકી, એમ અમે આપની પાસે તદ્દન હૃદય ખોલી નાંખીએ, કોઈ કપટ ન રાખીએ...'

'...તો હૃદયગ્રંથિ ભેદાઈ જાય.' સ્વામીશ્રી એકદમ જ બોલી ઊઠ્યા.

તે સાંભળી સંતોએ ઘૂંટ્યું કે 'અમે એક જ સાધન રાખીશું – અંતરાય તોડવો ને આપની આગળ નિષ્કપટ થઈ જવું. બરાબર છે?'

'હા, બરાબર છે.'

'એમાં બધું જ આવી જશે?'

'હા, એમાં બધું જ આવી જશે.' સ્વામીશ્રીએ અદ્‌ભુત આશીર્વાદ આપી દીધા.

કથા-વારતા ત્યાં નિત્ય થાય

તા. ૨૪/૭થી શ્રાવણ માસનો પ્રારંભ થતો હોવાથી સ્વામીશ્રીએ બે દિવસ અગાઉથી જ રોજનીશી લખનારા અક્ષરવત્સલદાસ સ્વામીને કહી રાખેલું કે 'શ્રાવણ માસમાં સવારે ને સાંજે ભક્તચિંતામણિ અને બપોરે યોગીજી મહારાજના જીવનચરિત્રનો પાઠ કરીશું. પૂજનની વિધિ કરીને શરૂ કરશું. શ્રાવણ માસ નિમિત્તે મહારાજની આજ્ઞા છે તો શ્રવણ થઈ જાય.'

સ્વામીશ્રીની આ સૂચના *'ન લોપે આગન્યા એક...'*ની તેઓની રહેણી છતી કરી ગઈ.

તે મુજબ તા. ૨૪/૭ની સવારે સ્વામીશ્રીએ યજમાનના પરિવારજનો અને મુંબઈથી આવેલા શ્રી સાધુરામભાઈ પટેલ વગેરે હરિભક્તો પાસે સંકલ્પ, પૂજન, આરતી, પુષ્પાંજલિના વૈદિક વિધિ સાથે પારાયણનો પ્રારંભ કરાવતાં ભૂમિકા બાંધી કે –

'આ અક્ષરધામતુલ્ય ઘર છે. ત્યાં પવિત્ર શ્રાવણ માસમાં ભક્તચિંતામણિ સાંભળીશું એટલે ભગવાન શ્રીજીમહારાજનાં ચરિત્રો આવી જશે અને યોગીજી મહારાજનું જીવનચરિત્ર વાંચીશું એટલે ભક્તનાં ચરિત્રો આવશે. એમ ભક્ત અને ભગવાન – બંનેનાં ચરિત્રોનું પાન કરીશું. હવે કરો આરંભ...'

સ્વામીશ્રીની નાની-શી ક્રિયાઓ પાછળ પણ કેવી સચોટ ગણતરી રહેતી તે તેઓના આ અભિપ્રાય પરથી ફલિત થયું.

તે મુજબ પુરાણી અક્ષરવત્સલદાસ સ્વામીએ *'મંગળમૂર્તિ મહાપ્રભુ, શ્રી સહજાનંદ સુખરૂપ...'* ગાઈને જ્યાં વાંચનનો પ્રારંભ કર્યો ત્યાં જ સ્વામીશ્રી બોલ્યા : 'ઊભા રહો, ચાંદલો કરવા દો, નાડાછડી બાંધવા દો. એ તો રહી જ ગયું ! પરેશ ! ભૂદેવ ક્યાં ગયો ? લાવ નાડાછડી. ચાંદલો ને ચોખા ચોડ...' આમ કહી સ્વામીશ્રીએ વક્તા-પૂજનનો વિધિ પણ કરાવ્યો.

તે પછી ગ્રંથવાંચન શરૂ થતાં જ સ્વામીશ્રી ડોલવા માંડ્યા. માંદગીને ફગાવી દેવાનું કોઈ અક્સીર ઔષધ હાથ લાધી ગયું હોય તેમ તેઓના મુખારવિંદ પર આનંદ છવાઈ ગયો.

આ ખુશી તેઓએ આજે જે-જે ભક્તો પોતાને મળવા આવ્યા તેની

આગળ પણ વ્યક્ત કરતાં કહ્યું: 'ભક્તચિંતામણિ એ મહારાજનાં ચરિત્રોનો ગ્રંથ. શ્રાવણ માસમાં એની કથા થાય, ખૂબ આનંદ આવે.'

કથાશ્રવણનો આ આનંદ તેઓએ દરિયાપાર છેક અમદાવાદ સુધી પહોંચાડતાં ઈશ્વરચરણદાસ સ્વામીને પણ જણાવ્યું: 'શ્રાવણ માસમાં ભક્તચિંતામણિનો પ્રારંભ કર્યો છે, મને ખૂબ સારું છે. જય સ્વામિનારાયણ!'

બાયપાસ સર્જરી પછી તેઓનો આ સૌપ્રથમ ટેલિફોનિક વાર્તાલાપ. તેમાંય તેઓએ કથાના આનંદને જ વહેંચ્યો.

આ જ રીતે બપોરે વંચાતા યોગીજી મહારાજના જીવનચરિત્રનું શ્રવણ કરવામાં પણ સ્વામીશ્રી એકાકાર થઈ ગયા. આ ગ્રંથની પ્રસ્તાવનાનો આસ્વાદ પામી તેઓ બોલી ઊઠ્યા: 'યોગીબાપાનું બહુ સારું લખાઈ ગયું. ઈશ્વરચરણ સ્વામી ભેગા રહેલા અને ભક્તિ એવી ને યોગીજી મહારાજની કૃપાય ખૂબ, વ્યવસ્થિત થયું છે.'

આમ, કથાકિલ્લોલથી સ્વામીશ્રીએ શ્રાવણ માસનો શાનદાર પ્રારંભ કરી દીધો.

સારા સંસારની સમજ

તા. ૨૬/૭ની સવારે દીવાનખંડમાં અલ્પાહાર બાદ પોતાના ઓરડા તરફ જઈ રહેલા સ્વામીશ્રીએ થોડે દૂર બેસી વાતે વળગેલા બે યુવકો પાસે પહોંચી પૂછ્યું: 'શું ચાલે છે?'

આ સાંભળી એક યુવાન એવું સમજ્યો કે 'સ્વામીશ્રી સંસાર કેમ ચાલે છે?' એવું પૂછી રહ્યા છે. તેથી તેણે કહ્યું: 'સંસાર સારો ચાલે છે.'

આ ઉત્તરથી ખડખડાટ હસી પડેલા સ્વામીશ્રી બોલ્યા: 'આના મનમાં 'મોટેલો ચાલે એટલે સંસાર સારો' એમ છે, પણ એ સારો સંસાર કહેવાય જ નહીં. સંસાર સારો એટલે સંસારમાં રહીને ભગવાનની ભક્તિ થાય, સેવા થાય અને જીવન ધર્મમય બને એ!'

ખારો સંસાર સારો બને તેની આટલી સમજ આપી સ્વામીશ્રી ઓરડામાં પ્રવેશી ગયા. તેમાં વિશ્રામ લઈ તેઓ સાંજે દીવાનખંડમાં પધાર્યા ત્યારે અહીં એક નવીન તખ્તો ગોઠવાયેલો.

આજની એડિસનની રવિસભામાં સંસ્થાના સર્વપ્રથમ ડિજિટલ પ્રકાશનરૂપે 'અક્ષરધામ – સીડી રોમ'નું ઉદ્‌ઘાટન થવાનું હતું. તે દશ્ય

અહીં સ્વામીશ્રીના ઉતારે દેખાય અને અહીં બિરાજેલા સ્વામીશ્રીનાં દર્શન ત્યાં સૌને થાય એવું આયોજન કરવામાં આવેલું. તે અનુસાર દીવાનખંડમાં પધારેલા સ્વામીશ્રીને પડદા પર એડિસન મંદિરમાં બિરાજમાન ઠાકોરજીનાં દર્શન કરાવવામાં આવ્યાં, પરંતુ ફૂલોના વાઘાથી શોભતી એ મૂર્તિઓ જોતાં જ સ્વામીશ્રીએ અહીં ઉતારે પગમાં પહેરેલાં કપડાંનાં પગરખાં કાઢી નાંખ્યાં !

તેઓની ભક્તિનો આ આવિષ્કાર સૌને અહોભાવ ઉપજાવી ગયો.

આપણે તો કોઈનુંય બૂરું ન ઇચ્છવું

વિશ્રામલીલા દરમ્યાન હવે સ્વામીશ્રીએ અક્ષર ભુવનની બહાર ફિઝન્ટ ડ્રાઈવ પર પણ વિહાર કરવાનું શરૂ કરેલું. રાય અને હેરિસન નગરોની સીમા પર આવેલો આ અર્ધવર્તુળાકાર પથ આગળ જઈ મુખ્ય માર્ગને મળી જતો. ઊંચા-નીચા ઢોળાવવાળા આ વિશાળ રસ્તાની બંને તરફ ફેલાયેલી વૃક્ષોની ઘટા વચ્ચે વિહરતા સ્વામીશ્રીની શોભા *'આજ મેં તો દીઠા વહાલાને વાટ વહેતા...'* જેવી બની રહેતી.

તા. ૩૧/૭ના રોજ પરિભ્રમણનો આ પીરિયડ પૂર્ણ કરી ઉતારે પધારેલા તેઓ સમક્ષ જીવનચરિત્રનું વાંચન શરૂ થયું. તેમાં યોગીજી મહારાજ પર વીતેલા અમાનુષી અત્યાચારનો પ્રસંગ આવતાં સામે બેઠેલા એક હરિભક્ત બોલી ઊઠ્યા : 'બાપા ! આવું સાંભળીએ ત્યારે મને તો કાંટો ચઢી જાય કે કંઈક કરી નાંખીએ.'

''એમ તો તમારા જેવા કેટલાયને કાંટો ચઢી જાય છે, પણ એ બધા કાંટા બેસાડી દીધા. આ સત્સંગ થયો છે એ સહનશીલતાથી, સાધુતાથી. આપણે બીજાનો વિરોધ કરવા જઈએ તો આપણો વિરોધ થાય. આપણે બીજાનું બૂરું કરવા જઈએ તો આપણું બૂરું થાય. માટે આપણે તો કોઈનુંય બૂરું ન ઇચ્છવું. આપણે તો એક જ વાત કે 'ભગવાનની ઇચ્છાથી જે થાય છે તે સારું થાય છે !' કોઈ સારું કહે કે નરસું – અખંડ અંતર્દૃષ્ટિ.''

આટલું કહી વાતને વ્યવહારુ આયામ આપતાં સ્વામીશ્રી બોલ્યા :

'આપણને આ શબ્દો યાદ રહેતા નથી ને કાંટો ચઢી જાય છે. આ બધી કથા સાંભળીને પણે જાય ને કો'ક કહે તો તરત બે તમાચા મારે. પણ જોગી મહારાજને ગુરુ માન્યા છે તો સહન કરો ને ! આપણા સ્વભાવની ખબર પડતી ન હોય ને 'પેલાનો સ્વભાવ એવો છે માટે એને સીધો કરવો છે' એવી

વાતો કરે! સીધો કરવો હોય તો તારા સ્વભાવને કર ને! એ ભલે ગમે તેમ બોલતો બોલે. આપણે હાથ જોડો. સહનશીલતા એ જ સાધુતા. આટલાં બધાં પુસ્તકો (જીવનચરિત્રો) ભરાયાં છે. એ વાંચીએ છીએ તોય મંઈથી હુંકારો થઈ જાય છે. લ્યા, આપણે આત્મા છીએ, અક્ષર છીએ, દાસ છીએ, સેવક છીએ, દાસનાય દાસ થઈને ભક્તિ કરવા આવ્યા છીએ. આ દીવાલ, થાંભલો – એને કંઈ દુઃખ થાય છે? એમ દેહ જડ છે. એને કોઈ કાંઈક કહી જાય તો દુઃખી ન થઈ જવું.'

સ્વામીશ્રી એકધારો સોનરસ રેડ્યે ગયા, પણ તેમ કરવામાં તેઓને ચઢેલો હાંફ જોઈ સૌએ વિનંતી કરી કે 'બાપા! હવે આરામ કરો.'

'આ આરામ જ છે ને!' સ્વામીશ્રી બોલ્યા.

કથા-વાર્તા કરવી એ જ તેઓને મન વિશ્રામ હતો. *'હરિગુણ ગાતા ને રહે રંગ રાતા, કરતા તે પ્રભુજીનું ગાન...'*ની તેઓની શૈલી કાળજે કોતરાઈ જાય એવી હતી.

આવા પવિત્ર પુરુષ મેં ક્યાંય જોયા નથી

શસ્ત્રક્રિયા બાદ સ્વામીશ્રીને જમવાની બહુ રુચિ થતી નહોતી. તેથી તેઓ ઘણી વાર કહેતા: 'જમવા જવું છે એવો વિચાર જ નથી થતો. 'જમવું જ નથી' એમ જ થાય છે. જમીએ તો દવાની જેમ લઈએ છીએ.'

આવા સંજોગોમાં તબીબોની સૂચનાથી ઘેર બનાવેલો આઇસક્રીમ સ્વામીશ્રીને જમવા માટે આપવામાં આવતો. આ ક્રમ મુજબ તા. ૩૧/૭ની રાત્રે ઠાકોરજીના થાળનો આઇસક્રીમ સ્વામીશ્રી સારુ લાવવામાં આવ્યો, પરંતુ તે જોઈ તેઓએ રસોઈ કરનારા પ્રબુદ્ધમુનિદાસ સ્વામીને કહ્યું: 'મારા માટે રોજ-રોજ આઇસક્રીમ મંગાવવાની જરૂર નહીં. હવે ન મંગાવશો.'

'પણ એ તો હરિભક્ત યોગેન્દ્રભાઈ પરમાર સામેથી આપી જાય છે.'

'એ ભલે લાવે, તોય મારે માટે નહીં.' આ ઇન્કાર સાથે સ્વામીશ્રીએ કહ્યું: 'ઠાકોરજી માટે લાવવો, એનો વાંધો નહીં. સંતો જમે, હરિભક્તો જમે એનો વાંધો નહીં. એમના માટે મંગાવવો, પણ મારા માટે નહીં.'

વહાલ અને વૈરાગ્ય, તપ અને ભક્તિનું અજબ સંતુલન સ્વામીશ્રીમાં સદાય જોવા મળતું.

આવાં તેઓનાં દર્શનથી આજે સ્પેનિશ-ઇટાલિયન કાર્ડિયોલોજિસ્ટ

ડૉ. મારિઓ રોન્કલ ખૂબ પ્રભાવિત થઈ ગયા. કેથલિક મૅડિકલ સેન્ટરની હૉસ્પિટલના મુખ્ય તબીબ તરીકે ફરજ બજાવતા આ આગંતુક સાંજે સાત વાગ્યાથી રાત્રે સવા દસ વાગ્યા સુધી સ્વામીશ્રીનાં ભ્રમણ, ભોજન વગેરે નિત્યક્રમને માણી બોલી ઊઠ્યા : 'આવા હોલી મેન (પવિત્ર પુરુષ) મેં ક્યાંય જોયા નથી ! મને આવી શાંતિ ક્યાંય નથી મળી !'

સામાન્ય રીતે માંદા માનવીનું મોં જોવું કોઈને ન ગમે. તે ચહેરો જોનારો સ્વયં બેચેન બની જાય. પરંતુ બીમાર સ્વામીશ્રીને નીરખનારા પણ ગાઈ ઊઠતા : *'આજ અનોપમ દહાડલો, મેં તો નીરખ્યા શ્રી મહારાજ...'*

વિનોદનો વિવેક

અક્ષર ભુવનના નિવાસ દરમ્યાન સ્વામીશ્રી તબીબી સૂચના અનુસાર સ્પંજ બાથ લેતા હોવાથી પોતાની પ્રાતઃપૂજા સ્વયં ન કરતા. છતાં તેઓ રોજ સવારે ઠાકોરજી સમક્ષ બિરાજી અડધા કલાકથીયે વધુ સમય માળા ફેરવતા. આ રીતે પોતાની ભક્તિની તૃષા છિપાવતા સ્વામીશ્રી અહીં આરસના અક્ષર-પુરુષોત્તમ મહારાજની મૂર્તિઓથી શોભતા ઘરમંદિરમાં જઈ મંદિર-દર્શનનો સંતોષ પણ મેળવતા. આ મંદિરમાં જ હિંડોળે બિરાજેલા હરિકૃષ્ણ મહારાજને તેઓ ભાવપૂર્વક ઝુલાવતા. આ ભક્તિ અદા કરવામાં પાંચ-દસ મિનિટ વીતી જાય તેનો પણ ખ્યાલ તેઓને ન રહેતો.

ભક્તિની આ આરાધના સાથે જ્ઞાનની કવાયત પણ કરાવતા સ્વામીશ્રી પાસે ભોજન દરમ્યાન અને ભોજન પછી ગોષ્ઠી કે ગ્રંથવાંચનનાં પ્રકરણ ઊઘડતાં. બપોરે અને રાત્રે તેઓ આરામમાં પધારે ત્યારે પણ હળવી વાતોનું પાનિયું ખૂલતું.

તે ક્રમમાં તા. ૩/૮ની બપોરે એક યુવકે સ્વામીશ્રીને રીઝવવા કેટલાક સંતોનો અભિનય કરી બતાવ્યો. તેમાંથી જે-તે સંતની વિશેષતાઓ પણ પ્રગટતી હતી. છતાં સ્વામીશ્રીને તે ન ગમ્યું. તેથી સહેજ આકળા થઈ તેઓએ પેલા યુવાનને કહ્યું : 'ખાલી દેશી (નકલ) જ કાઢવાની છે કે કાંઈ સાર ગ્રહણ કરવાનો છે ?' આમ કહી તેઓએ જ સંતોનાં ગુણકથનનો અધ્યાય શરૂ કરી દીધો.

લગભગ પંદરેક મિનિટ સુધી જુદા-જુદા સંતોના ગુણ ગાઈ સ્વામીશ્રીએ સૌનાં મન પરથી જાણે પેલા અરુચિકર વિનોદની અસર નેસ્ત-

નાબૂદ કરી દીધી. અંતે તેઓ બોલ્યા: 'સંતોના ગુણ જુઓ તો કાંઈક ઉદ્ધાર થાય. વાત બધી હસવામાં જતી રહે છે. માટે પેલો (ગુણકથનનો) રસ્તો લેવો. એમાં સાર છે.'

સ્વામીશ્રી રમૂજ-રસિયા હતા, પરંતુ કોઈનાં મોભા-મર્યાદા તોડે એવી રમૂજને તેઓ ક્યારેય પ્રોત્સાહન ન આપતા. તેઓનો વિનોદ નિર્દોષ અને બોધપ્રદ રહેતો.

અમારે તો બધાય સરખા જ છે

તા. ૬/૮ની સાંજે ઉતારેથી આઠેક કિ.મી.ના અંતરે આવેલા પ્લે લૅન્ડ પાર્કમાં સ્વામીશ્રી પધાર્યા ત્યારે અધ્ધર આકાશમાં સૂર્યાસ્તની શોભા બની રહેલી, તો નીચે વસુંધરાએ સ્વામીશ્રીના સ્વાગતમાં લીલી જાજમ બિછાવી દીધેલી. આવી રમણીયતા વચ્ચે થોડે દૂર ઘૂઘવતો એટલાંટિક મહાસાગર પણ સ્વામીશ્રીનાં ચરણ પખાળવાં હોય તેમ હુલસી રહેલો. આ સાગરના તટથી થોડું આઘે હળવે પગલે સ્વામીશ્રી ચાલવા લાગ્યા ત્યારે *'વળી ચાલતા હરિ વાટે, સરિતા સાગરને ઘાટે...'*ની હરિસ્મૃતિ જીવંત થઈ ઊઠી.

આ રીતે પચીસેક મિનિટનો વિહાર કરી બગીચાના ઊંચા ઢોળાવે ખીલેલા એક વૃક્ષ નીચે બાંકડા પર બિરાજેલા સ્વામીશ્રીએ આરતી-અષ્ટકના આહ્નિક બાદ સંતોને કીર્તન ગાવા કહ્યું. આ આદેશ ઝીલી સૌએ લલકારેલાં *'ધર્મકુંવરની રીત...'* અને *'સુખસાગર હરિવર સંગે...'* ભજનો સ્વામીશ્રીની ઉપદેશગંગાની ગંગોત્રી બની રહ્યાં.

એ શાંત એકાંતમાં સ્વામીશ્રીના મુખેથી અમૃતધારા વહેવા લાગી:

''*ધર્મકુંવરની રીત સુણી મનમાં ધરો...* એ રીત તમે સમજશો તો સદા મગ્ન થઈને એમની સાથે રહેવાશે. એમની રુચિ સમજ્યા ન હોઈએ તો ભેગા ફરીએ તોય લોલંલોલ. સત્સંગ ખોટો છે? ભગવાન ખોટા છે? સંત ખોટા છે? ના. આપણો સ્વભાવ ને આપણે ખોટા છીએ. સત્સંગ તો એનો એ જ છે. ભગવાનની મૂર્તિ એની એ જ છે. સંત એના એ જ છે. પણ આપણા સ્વભાવને લઈને મજા ન આવી.

પુરુષોત્તમને નથી કોઈ પર પોતાતણું... 'જો, પેલા પર વધારે હેત રાખે છે, આપણને ગણતા નથી, આપણે સેવા કરી ઘસાઈ છૂટ્યા તોય આપણું કાંઈ નહીં...' એવું અમારે કાંઈ પારકું-પોતાનું છે નહીં. અમારે તો બધાય

સરખા જ છે. પણ આપણી રુચિ પ્રમાણે ન થયું અને બીજાનું કદાચ રાખ્યું તો એમ થઈ જાય કે એનું રાખે છે ને મારું રાખતા નથી! આવા ભાવોને લઈને ભેગા રહીએ તોપણ આનંદ ક્યાંથી આવે? એટલે જોગી મહારાજ કહેતા કે 'નિર્દોષબુદ્ધિ એ જ ભક્તિ.' બે માળા ઓછી ફેરવો, તપ ઓછાં કરો એનો વાંધો નથી, પણ નિર્દોષભાવ રહેવો જોઈએ.

કરુણાનિધિમાં કામાદિક વ્યાપે નહીં... આ આપણે અખંડ ધ્યાન રાખવાનું છે. એમાં સ્વભાવ દેખાય તોય નથી, કારણ કે છે જ નહીં! દેખવા છતાં ન મનાય તો અખંડ આનંદ રહે.

કડવાં વેણ કહે પોતાના દાસને... કડવાં વચન કોને કહે? જે પોતાના હોય એને! એને આગળ વધારવો હોય એટલે જરા વઢીને કહેવું પડે. મૂળજી બ્રહ્મચારીને મહારાજે વગર વાંકે કાઢી મૂક્યા. આ તો વાંક હોય ને કહે તોય ધમપછાડા કરે, એવાય કેટલાક હોય છે. 'તમે શું સમજો છો? કેટલાય આમ કરે છે એને તમે કહેતા નથી અને મને જ કહ્યા કરો છો?' એવા હોય એ સત્તર જણનું બગાડે. આમ ભેગા રહીને મહિમા સમજવો કઠણ.

આપણને ડૉક્ટર, વાળંદ વગેરેમાં વિશ્વાસ છે તો ભગવાન જેવા સંત મળ્યા એમાં વિશ્વાસ ન હોવો જોઈએ? એ સદા સુખદાયક છે. એમાં કોઈ ડાઘ નથી, દોષ નથી, પ્રપંચ નથી, લોભ નથી, મારું-તારું નથી. એમ નિર્દોષભાવ રાખી પ્યાર કરશો તો ચોવીસેય કલાક આનંદ આવશે.''

શિકાગોના મંદિરનો સ્મરણીય શિલાન્યાસ

આ વર્ષે સ્વામીશ્રીના અમેરિકા ખાતે આગમનનો એક હેતુ શિકાગોના શિખરબદ્ધ મંદિરનો શિલાન્યાસ હતો, પરંતુ અચાનક આવી પડેલી શસ્ત્રક્રિયાને કારણે તેઓ ત્યાં સદેહે ઉપસ્થિત રહી શકે તેમ નહોતા. છતાં વિશ્રામ કરતાં-કરતાં આ ખાતવિધિ અંગે સવાયો ઉત્સાહ દાખવતા સ્વામીશ્રીએ આવી નાદુરસ્ત તબિયતમાંયે તા. ૩૧/૭ના રોજ ત્રણ મોટાં પાનાં ભરી શિકાગોના હરિભક્તોને બળ પ્રેરતો પત્ર લખી દીધેલો. આ પ્રસંગે જનારા સંતોને પણ તેઓએ ચાંદલા કરી, હાર પહેરાવી વિદાય આપેલી.

ઠાકોરજીના સેવકનેય સ્વામીશ્રીએ તા. ૧/૮ના રોજ આજ્ઞા કરેલી કે 'હવે પછી પૂજામાં અથવા તમને સમય મળે ત્યારે રોજ દેશમાં પહોંચીએ ત્યાં સુધી જનમંગલ નામાવલિના પાંચ પાઠ કરવા. ઠાકોરજીને ચોખાનો એક-એક

દાણો ચઢાવવો. પછી આ ચોખા બહાર ચકલાંને ચણવા નાખી દેવા. રાજકોટ, મહેળાવનાં મંદિર અને અહીં શિકાગોના મંદિરનું કામ નિર્વિઘ્ને પૂરું થાય, દેશનાં બીજાં નાનાં-મોટાં કામ પૂરાં થાય એમ સંકલ્પ કરીને પાઠ કરવો.'

આ સૂચના સાથે સ્વામીશ્રીએ મંદિરના શિલાન્યાસ નિમિત્તે અહીં તા. ૭/૮ના રોજ યોજાયેલા પૂર્વવિધિમાં યજમાનોને અપાનારી પૂજાપાની થાળીનું પણ ઝીણવટપૂર્વક નિરીક્ષણ કરી લીધું અને પાણીવાળાં ત્રણ શ્રીફળ તથા મગ વગેરે ધાન્યનું સ્થાપન કરવા સુધીની ભલામણ તેઓ કરતા રહ્યા.

આ રીતે સઘળી ખબર રાખતા તેઓના સાંનિધ્યમાં આજે રક્ષાબંધન પર્વની સવારે ઉતારાના દીવાનખંડમાં શિલાપૂજનનો વિધિ આરંભાયો. સવા કલાકથીયે વધુ સમય સુધી ચાલેલા આ કાર્યક્રમના અંતે શિલાઓ લઈને શિકાગોથી આવેલા ભક્તો તેમ જ અગ્રણી સત્સંગીઓને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'આ તો ફળિયામાં ઘોડો ફેરવ્યો છે, મોટો ઉત્સવ શિકાગોમાં થવાનો છે. આમ તો અહીં જ પૂર્ણ વિધિ જેવું થઈ ગયું છે. શિકાગોનું સર્વોપરી અને સુંદર મંદિર આખા અમેરિકામાં નંબર વન બને અને તેમાં હજારો મુમુક્ષુઓ જોડાઈ તેમના આત્માનું કલ્યાણ કરે એ શ્રીજીમહારાજને પ્રાર્થના.'

શ્રેષ્ઠતાનો આ સંકલ્પ ઉચ્ચારી સ્વામીશ્રી ભક્તો સાથે આનંદ કરતાં બોલ્યા: 'ગઈ સાતમીએ આપણું ઑપરેશન થયું ત્યારે ઑપરેશનનો ઉત્સવ અને આજે આ શિકાગોનો શિલાપૂજનનો ઉત્સવ!' આમ કહેતાં સ્વામીશ્રીના મુખ પર તેઓનું લાક્ષણિક હાસ્ય છવાઈ રહ્યું. તે સાથે શિખરબદ્ધ મંદિરનું મંડાણ થઈ ગયું.

તેના એક ચરણરૂપે આજે સ્વામીશ્રીએ પૂજેલી શિલાઓ તા. ૧૬/૮ના રોજ શિકાગોમાં ગળાયેલા ગર્તમાં સ્થપાઈ. તે વખતે સ્વામીશ્રીની વિશ્વવ્યાપી પ્રવૃત્તિઓને બિરદાવતાં ઈલિનોય રાજ્યના ગવર્નર શ્રી જીમ એડગરે આ દિવસને 'પ્રમુખસ્વામી દિન' તરીકે જાહેર કર્યો.

આપણો લીટો મોટો કરવો

શિકાગોના મંદિરની શિલાઓનાં પૂજન બાદ પોતાની દિનચર્યામાં પરોવાયેલા સ્વામીશ્રી આજની રાત્રે ભોજન માટે બિરાજ્યા ત્યારે તેઓ સમક્ષ એક સંવાદની પટકથાનું વાંચન શરૂ થયું. આપણી સંસ્થાના સિદ્ધાંતો

અંગે પુછાતા જાતજાતના પ્રશ્નોનો ખુલાસો કરતા આ લખાણને થોડું સાંભળી સ્વામીશ્રી કહેવા લાગ્યા :

"તમે સો વખત આવા પ્રશ્નોના જવાબ આપો તોય એવા લોકોના પ્રશ્નો તો રહેવાના જ! જેને પ્રેજ્યુડીસ (પૂર્વગ્રહ) છે એને કાંઈ અસર થવાની જ નથી. માટે આપણે એનો લીટો પડ્યો રહેવા દેવો અને આપણો લીટો મોટો કરવો. કથા-વાર્તા, કીર્તન-ભજન, નિયમ-ધર્મ રાખીને કામ કરો એટલે એની મેતે લોકોને ભાવ થશે. એવી રીતે જ આ મંદિરો થયાં છે, સત્સંગ વધ્યો છે. જવાબ આપવા બેઠા હોત તો કેટલાને જવાબ આપત?

જેમને દ્રોહ કરવો જ છે એ બધું જાણે તોય પથરો નાંખ્યા કરે. એમાં એનું કાંઈ કામ થતું નથી. એટલે વિરોધ કરતાં જ આવડતું નથી. વિરોધ કરવાની શક્તિ પણ નથી. જેનો વિરોધ કરવો છે એનાથી કંઈક સારું કરી બતાવવું, વર્તન-ઉપાસના-સાધુતા-આજ્ઞા-ધર્મ-નિયમમાં કંઈક સારું કરી બતાવવું જોઈએ ને! પણ પોતાનામાં ઠેકાણાં ન હોય ને બીજાને ઊંધા પાડવાની કોઈ વાત કરે તે શું થાય? એના માટે આપણે આ ભેજાનું દહીં કરી નાખવાનું? માટે એવા વિવાદમાં ઊતર્યા સિવાય આપણે તો આપણી સાધુતા, નિયમ-ધર્મ, ઉપાસના, સમજણ બરાબર રાખવાં, તો બધું બરાબર ચાલશે. બોલતાં-બોલતાં એવા કેટલાય જતા રહ્યા. જમીનમાંથી સાપોલિયાં સતપત નીકળે ને જન્મે કે તરત મરી જાય, એમ એવા લોકો આવે એનો આવરદા કેટલો? એનું શું ચાલે? એવા તો આવીને જતા રહે. આ અક્ષર-પુરુષોત્તમનો સિદ્ધાંત સાચો છે એ રહેવાનો છે."

વિરોધ અને વિરોધીઓની પરવા કર્યા વિના પોતાનાં નેજા-નિશાન સામે નજર રાખી આગળ ધસી જવાનું શીખવનારા સ્વામીશ્રી વિરલ નેતા હતા. તેઓ પોતાના આશ્રિતોના અંતરમાં કટુતા નહીં, કર્મઠતા ખીલવી ગયા છે. વિરોધની નહીં, વિકાસની નીતિ શીખવી ગયા છે. ભૂંસવાના નહીં, ભૂલવાના પાઠ ભણાવી ગયા છે.

ખરા કલ્યાણના કરનારા રે

સંવાદની પટકથામાંથી ફૂટી નીકળેલી ગોષ્ઠી દરમ્યાન સ્વામીશ્રીએ તેઓની પ્રાતઃપૂજામાં રહેતી અક્ષર-પુરુષોત્તમની પટમૂર્તિનો ઇતિહાસ જણાવતાં કહ્યું કે "વડતાલના જ્ઞાનબાગમાં એક ભગત રહેતા હતા. એ ત્યાંનું

બધું કામકાજ સંભાળતા. એ વખતે ત્યાં રહેતા એક પાર્ષદ બધી જૂની-જૂની છાપો મંગાવીને ભેગી કરતા. એમાં આ મૂર્તિ આવેલી, પણ આ પાર્ષદને અક્ષર-પુરુષોત્તમની મૂર્તિ ગમે નહીં. એટલે એ નાંખી દેતા'તા. ત્યારે પેલા ભગતને થયું કે 'આ મૂર્તિ હું રાખું.' પછી એને આપણા કોઈ સંત કે હરિભગત સાથે હેત થયું એટલે એણે કહ્યું કે 'મારે આ મૂર્તિ પ્રમુખસ્વામી મહારાજને આપવી છે.' પછી આપણા હરિભગત સાથે એ જ્ઞાનબાગના ભગત મળવા આવ્યા. એ કહે, 'મને થયું કે ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિ છે એટલે તમને આપું. નહીંતર આ મૂર્તિ કચરામાં જવાની હતી.' પછી એ મૂર્તિ મેં પૂજામાં રાખી.''

સ્વામીશ્રીએ વર્ણવેલા આ અતીતથી સૌ રોમાંચિત હતા ત્યાં જ તા. ૮/૮થી તબીબોએ સ્વામીશ્રીને પૂર્ણ સ્નાનની અનુમતિ આપતાં સ્વામીશ્રીએ આજથી ઠાકોરજીને થાળ ધરાવવા સહિતની તમામ પૂજાવિધિ પોતે જ કરવાનો પ્રારંભ કર્યો. આ રીતે પૂજા કર્યા બાદ તેઓએ ઠાકોરજીના સેવકને સૂચના આપી કે 'રોજ સવારે પ્રસાદીનું જળ તૈયાર થાય છે, એમાંથી થોડું જળ રાખી મૂકીને બાકીનું રોજ જુદાં-જુદાં બે-બે વૃક્ષોને પાઈ દેવું. એ બધાં વૃક્ષોનું કલ્યાણ થાય.'

આ ઉદાત્ત ભાવના સાથે સ્વામીશ્રી આજની સંધ્યાએ પેપ્સીકો પાર્કમાં પધાર્યા.

મહદંશે નિર્જન અને તેથી જ નીરવ આ ઉદ્યાનમાં તેઓ વિહરવા લાગ્યા તે સાથે જ તેઓના જમણા હાથનો અંગૂઠો આંગળીના વેઢા ગણવા માંડ્યો. આ રીતે પચીસ મિનિટ સુધી પાર્કમાં પગલાં પાડી સ્વામીશ્રી એક માનવસર્જિત તળાવના કાંઠે ઊભેલા વ્હિપીંગ વૃક્ષની છાયામાં વ્હીલચૅર પર બિરાજ્યા.

આ સમયે સુરમ્ય શોભા ધરાવતા આ તળાવના શાંત નીરમાં તરંગો વિસ્તારતાં સારસ-યુગલો શિસ્તબદ્ધ રીતે સરી રહેલાં. તળાવને સામે કાંઠે ફેલાયેલી સઘન હરિયાળીની એક તરફ ઊંચા-નીચા ઢોળાવો પર ઊછળતા ફુવારા સુંદર ભાત ઉપસાવતા હતા. એ ફુવારાનાં બુંદ લીલીછમ લૉન પર પડીને આછેરા સૂર્યપ્રકાશમાં ઝગમગતાં મોતીની શોભા ધરી રહેલાં. તળાવની પેલે પાર વૃક્ષોની ઘટા પાછળ ક્ષિતિજે ઢળી રહેલો સૂર્ય તેનાં સુવર્ણરશ્મિઓથી સ્વામીશ્રીના જમણા કપોળે તેજપુંજ પાથરતો હતો. તેથી તળાવના જંપેલા જળમાં એક કોરેથી ઊપસતું સ્વામીશ્રીનું પ્રતિબિંબ આહ્‌લાદક જણાતું હતું.

તેનો આનંદ માણતાં સૌએ સ્વામીશ્રી સાથે આરતી-અષ્ટકનું આહ્‌નિક

કર્યું. તેનો ઘોષ શમ્યો ત્યાં કો'કે પૂછ્યું : 'બાપા ! આ ઝાડ તપ કરતું હશે ને ?'

'હા, બધાં જ ઝાડ તપ કરતાં હશે !' સ્વામીશ્રીએ અગમ વાત ઉચ્ચારી દીધી.

કથા તો બહુ જ જરૂરી છે

સ્વામીશ્રી સમક્ષ રોજ થતા ભક્તચિંતામણિના પાઠમાં તા. ૯/૮ની સવારે કડીઓ આવી કે *'પ્રથમ મંડાણ મણથી કર્યું, પછી પૂછતાં પાંચસે ઠર્યું... મોર્યે નોતરું ને પછી સીધું, એમ યજ્ઞનું પરિયાણ કીધું...'*

આ સાંભળી હાસ્ય વેરતાં સ્વામીશ્રી બોલ્યા: 'સ્વામિનારાયણનું મૅનેજમેન્ટ લોકો કહે છે ને ! એ પહેલેથી આવું ! એક જ દહાડામાં હજારો ને લાખોને જમાડવાનું નક્કી કર્યું ! સીધું એકદમ લાવવું ક્યાંથી ? પણ એય આવી ગયું !'

આ સાંભળી સામે બેઠેલા એક યુવકે પૂછ્યું : 'અત્યારે એવું થાય ?'

'થાય. આ બધા સમૈયા થયા છે એ શેને લઈને થયા ?'

'શ્રીજીમહારાજનું કર્તવ્ય ચાલુ જ છે' એ ભાવ દૃઢાવતાં સ્વામીશ્રી બોલ્યા. તેની સાયદી પણ આપી કે –

'અહીં સી.એફ.આઇ. થયો એ થઈ શકે એવો હતો ? પણ લાખો માણસો આવી ગયા. આપણને ખબર પણ પડી નહીં. દેવો આવીને કામ કરી ગયા એવું ! દરેકમાં એવી શક્તિ મૂકી દીધી કે આયોજન પ્રમાણે ટાઇમે-ટાઇમે બધું થઈ જ જાય. જ્યારે-જ્યારે પ્રશ્ન આવે છે ત્યારે ઉકેલ આવી જાય છે. ભગવાનની દયાથી ધામધૂમથી થઈ જાય.'

આ સાથે સ્વામીશ્રીએ બીજી પણ એક અચરજ પમાડે તેવી વાત કરી કે 'હજુ સુધી મને કથામાં, સભામાં ઝોકું આવ્યું હોય એવું યાદ નથી. સભામાં, કથામાં મને ઊંઘ ન આવે.'

આ રીત પ્રત્યેક સંત-સત્સંગીમાં દૃઢ થાય તે સ્વામીશ્રીની રુચિ રહેતી. તેથી જ તેઓ અહીં એક રાત્રે પલંગ પર પોઢતાં-પોઢતાં બોલ્યા :

'કથા-વાર્તાનો પહેલાં તો અખાડો જામતો. હવે એવા અખાડા નથી થતા. હવે તો સત્સંગમાં પ્રવૃત્તિ એ જ અખાડો થઈ ગયો. પહેલાં તો કથા-વાર્તા ચાલ્યા જ કરતી. થાકે તો થોડી વાર જાય ને પાછા કથા કરે. કથા તો બહુ જ જરૂરી છે. સંતોએ પણ દિવસમાં બે વખત તો કથા કરવી જ જોઈએ.

પહેલાં તો એવા સરસ અખાડા જામતા! હવે તો હરિભક્તોને કહેવું પડે કે – હાલો કથામાં.'

નાઈટ લેમ્પના અજવાળે પોતાને જ સંભળાય એવા ધીમા સ્વરે સ્વામીશ્રી પોતાની આ ભાવના વહાવી રહ્યા.

પ્રેમના પ્રદેશમાં શિસ્તનાં સાઈનબૉર્ડ

ભક્તચિંતામણિના પાઠમાં તા. ૧૦/૮ની રાત્રે ડભાણમાં શ્રીજીમહારાજે કરેલી રીસનું મનુષ્યચરિત્ર વંચાયું ત્યારે તેમાંથી મહિમા અને રમૂજનો દોરો કાઢતાં સ્વામીશ્રી બોલ્યા: 'મહારાજની રીસમાં પણ કેવો વિવેક છે! ઘરેણાંઓ સાધુ તરફ નાખ્યાં ને વસ્ત્રો સ્ત્રીઓ તરફ. બેમાંથી કોઈને એ કામ ન આવે, એટલે પોતાની પાસે પાછું આવે જ!'

આ જ રીતે તા. ૧૩/૮ના રોજ ગ્રંથવાંચન દરમ્યાન આવેલા રંગોત્સવના વર્ણનમાં અંધાધૂંધીથી અકળાઈને *'લાલ ચડ્યા લીંબ ઉપર્યે...'*ની વિગત આવી. તે સાંભળી શિસ્તની શીખ આપતાં સ્વામીશ્રી બોલવા લાગ્યા:

'માણસને ઉતાવળ બહુ આવી જાય કે 'હું રહી જઈશ.' એટલે એ જુએ નહીં કે બીજાનું શું થાય છે? આપણે ત્યાંય ઘણી વાર લાભ લેવાને બદલે ઓભામણ થાય છે. જમવામાં, દર્શનમાં એવી ભીડ કરે કે ધમાલ-ધમાલ થઈ જાય. બધાને જમાડવાનું હોય, તોય 'હું પહેલાં જતો રહું' એમ બધાને થાય, પછી તે ધમાલમાં બધું જ વ્યવસ્થિત અવ્યવસ્થિત થઈ જાય. વોલન્ટિયર ઊભા રાખ્યા હોય તોય ઊપડે હડેડાટ. એટલી ધમાલ થાય કે જુઓ ને, મહારાજને પોતાને લીંબડે ચઢી જવું પડ્યું! મહારાજને દર્શન આપવાં હોય તોય કેમનાં આપે? આવી ધક્કાધક્કી થાય એમાં નવા માણસોને મહિમા કહીને લાવ્યા હોય એય નીકળી જાય! એને લાગે કે આ તો બધું ધમાલિયું જ છે. માટે જો બધાને વિવેક હોય તો સૌને ગુણ આવે, શાંતિ થાય, સત્સંગ સારી રીતે થાય.'

સ્વામીશ્રીએ પ્રેમના પ્રદેશમાં શિસ્તનાં સાઈનબૉર્ડ રોપી આપ્યાં.

તે પછી આગળ વધેલા ગ્રંથવાંચનમાં *'સંત જીત્યા અમે હાર્યા'*નો ભાવ પ્રગટ કરતાં શ્રીજીમહારાજનાં વચનો આવ્યાં. તેનો પણ મર્મ સમજાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'ભગવાન તો અલૌકિક છે. એમને હારવાનું નથી. પણ મહારાજે રીત શિખવાડી કે આપણે નમી દેવું, નહીંતર વટમાં ચઢી જવાય. આવ્યા ભક્તિ કરવા ને તોફાને ચઢી જવાય. એવો વળ ચઢી જાય કે ધમાલ

થઈ જાય. મનમાં રઈ રાખી મૂકે કે એને બરાબર બતાવી દઉં! પણ અહીં ભક્તિ કરવા આવ્યા ને વટમાં ક્યાં ચઢવાનું?'

આમ, પ્રાસંગિક પુષ્ટિ દ્વારા સ્વામીશ્રી કથાને રસપ્રદ અને બોધપ્રદ બનાવતા જતા.

લૌકિકમાં અલૌકિક સમજવાનું છે

સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય ધીરે ધીરે સુધરતાં હવે તેઓએ રોજના અડધા કલાક લેખે પત્રવ્યવહારની સેવાનો પ્રારંભ કરી દીધેલો. તેની સાથે કથા-વાર્તા કરવાનો તેઓનો ઉમંગ પણ રોજેરોજ નવી બુલંદીએ ચઢતો જતો. સવાર, બપોર, સાંજ અને રાત – એમ દિવસમાં ચાર વાર તેઓ કથા-વાર્તાનો અખાડો જમાવતા.

પોતાના આ ઉત્સાહના તારમાં શબ્દોને પરોવી કથામાળા ગૂંથતા સ્વામીશ્રી તા. ૧૫/૮ના રોજ બોલ્યા :

'આ સ્વરૂપ છે એ નિર્દોષ છે. એને એવું યથાર્થ રીતે સમજો કે 'જેમ અક્ષરધામના સ્વરૂપમાં માયા દેખાતી નથી' એમ નિર્દોષ સમજો. એમાં રંચ જેટલો ફેર પડી જાય તો માયાને ન તરાય. 'આમ કેમ કર્યું?' એટલું કહીએ એટલે પતી ગયું! એમ કહેવાનો આપણને અધિકાર જ નથી. એ ગમે તેવાં ચરિત્રો કરે, બધો સત્સંગ મટી જાય તોય મનમાં એવું ન થવું જોઈએ કે 'કેમ આમ થયું?' ગમે તે કરે તેમાં દિવ્યતા, દિવ્યતા ને દિવ્યતા જ દેખાય.

કુંભમાં આ વખતે અઢી કરોડ ભેગા થયા પણ જે ભગવાનની પ્રાપ્તિ આપણને થઈ છે એ છે? આપણને એની પ્રતીતિ બેસી જાય તો કરોડો હરદ્વાર ને કરોડો કાશી આવી ગયાં. 'પગથી ચાલી પણ શકતા ન હોય એમાં અડસઠ તીર્થ ક્યાંથી આવી ગયાં?' – એમ મનમાં શંકા થઈ જાય. ભગવાન એવા ને એવા આપણને મળ્યા છે, દર્શન આપે છે, સુખ આપે છે – એવું આપણા મનમાં દૃઢ થાય તો આ લીલાચરિત્રો સાંભળીએ છીએ એનો આનંદ આવે. લૌકિકમાં અલૌકિક સમજવાનું છે. આ તમે બધા બેઠા છો એમાં મહાતેજ દેખાય છે એમ કોઈ માને? લૌકિક દેખાય છે પણ એમાં અલૌકિકનો ભાવ લાવવો.'

કથા-વાર્તાના આ રંગ સાથે સ્વામીશ્રીએ આજની રાત્રે જન્માષ્ટમીનો ઉત્સવ-રંગ પણ ખૂબ જમાવ્યો. તેની એક ચરમ સીમારૂપે યજમાન પરિવારે ઠાકોરજીની સુવર્ણતુલા કરી સ્વામીશ્રીનો રાજીપો મેળવ્યો.

સુખ-દુઃખ ન માને શરીર

તા. ૧૮/૮ના રોજ થઈ રહેલા ગ્રંથવાંચનમાંથી ફૂટી નીકળેલી પ્રાસંગિક ગોષ્ઠીમાં સત્સંગના કાર્યમાં નડતરરૂપ કેટલીક ઉપાધિઓની વાતો ચર્ચાવા માંડી. તેના સંદર્ભમાં એક સંત બોલ્યા: 'આ બધું જોઈને ક્યારેક મનમાં એમ થઈ જાય છે કે બધી પ્રવૃત્તિ છોડીને માળા પકડી બેસી જઈએ.'

'એ ન થાય એ બ્રહ્મસ્થિતિ.' સ્વામીશ્રી બોલી ઊઠ્યા.

તેઓના જીવનમાં કદી કંટાળવાની વાત જ નહોતી.

તેઓની આ બ્રહ્મમસ્તીને માણવા તા. ૧૯/૮ના રોજ આવેલા જાણીતા ટેક્નોક્રેટ અને ભારતના પૂર્વમંત્રી શ્રી સામ પિત્રોડા પોતે પણ બાયપાસ સર્જરીમાંથી પસાર થઈ ચૂકેલા. તેઓએ આ શસ્ત્રક્રિયાનો સ્વાનુભવ વહેંચતાં સ્વામીશ્રીને પૂછ્યું: 'આપને શરૂઆતમાં બે-ત્રણ મહિના સુધી ગળામાં ઈંટ લબડાવી હોય તેવું વજન લાગશે. લાગે છે?'

'પહેલાં લાગતું હતું, હવે નથી લાગતું.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓની આ વાત સૌને ચોંકાવી ગઈ, કારણ કે આ કષ્ટની રાવ-ફરિયાદ તેઓએ આજ સુધી ક્યારેય કરી નહોતી!

*'સંકટના સમૂહ માંહી, દિલે દીનતા આણે નહીં...'*નો સ્વામીશ્રીનો સ્વભાવ જન્મજાત હતો.

ભગવાનનું સુખ અખંડ આવે એવું વાતાવરણ કરવું છે

શસ્ત્રક્રિયા દરમ્યાન પગમાંથી લીધેલી નસોને કારણે સ્વામીશ્રીના પગમાં પણ ટાંકા લીધેલા. ત્યાં ધોતિયાનો ઘસારો ન આવે તે માટે સ્વામીશ્રી શરીર પર લુંગીની જેમ વસ્ત્ર વીંટાળતા, પરંતુ હવે પગમાં યોગ્ય રૂઝ આવવાથી તેઓએ તા. ૧૯/૮થી ધોતિયું પહેરવાનું શરૂ કર્યું. આ પરિવેશમાં તેઓ બાથરૂમમાંથી બહાર નીકળ્યા ત્યારે સામે ઊભેલા સંતો સમક્ષ જોઈ હસતાં-હસતાં બોલ્યા: 'ફકીરી છોડી દીધી.'

બાયપાસ સર્જરીની એક પછી એક નિશાનીઓ સ્વામીશ્રી હવે અળગી કરી રહેલા.

તે અનુસાર ધોતિયા-ગાતરિયાના પોતાના પુરાણા પરિવેશમાં જ તેઓ તા. ૨૦/૮ની સવારે ન્યૂયોર્કના મંદિરે જવા નીકળ્યા.

અહીં આ સમયે પ્રતિષ્ઠાનું પંચામૃત વહેંચાઈ રહેલું. ફોલરિવર, વૉશિંગ્ટન, જેક્સન, ઓગસ્ટા અને જર્સી સિટીમાં નિર્માણ પામેલાં મંદિરોમાં બિરાજનારી મૂર્તિઓ પ્રતિષ્ઠા માટે અત્રે સુશોભિત મંડપ તળે ગોઠવવામાં આવેલી. આ વૈદિક વિધિ કરવા સ્વયં સ્વામીશ્રી પધારવાના હોવાથી મંદિર પરિસર ચિક્કાર થઈ ગયેલું. તેથી સ્વામીશ્રીના આગમન સમયે ગગનભેદી જયજયકાર દ્વારા વધામણીનો વરસાદ વરસી પડ્યો. સ્વામીશ્રી પણ લાંબા સમય બાદ મંદિરમાં પ્રતિષ્ઠિત ઠાકોરજીનાં દર્શન થવાથી ભાવવિભોર બની ગયા.

એ જ અવસ્થામાં તેઓ પાંચેય મંદિરોની વીસ મૂર્તિઓમાં પ્રાણ પૂરી સૌને આશીર્વાદ આપવા તૈયાર થયા ત્યારે તેઓ સમક્ષ માઇક ગોઠવવાને બદલે મુખ પાસે આવતા નાનકડા માઉથ પીસને કાન પર ચશ્માંની દાંડીની જેમ પહેરાવી દેવાયો. આ હેડસેટ માઇક્રોફોનને વિકસાવવામાં અહીંના તકનીકી કાર્યના નિષ્ણાત સત્સંગીઓએ ઘણી જહેમત ઉઠાવેલી. એ સાધનની સેવા અંગીકાર કરતાં સ્વામીશ્રીએ અમૃતધારા વહાવી કે –

'ભગવાન દિવ્ય દેહે પ્રતિષ્ઠાવિધિમાં પધારશે અને બધાને પૂર્ણ લાભ મળશે. આપણે સંતોષ માનવો. અધૂરું કશું માનવાનું નહીં. ભગવાન અને સંત મળ્યા ત્યારથી પૂર્ણકામ જ છીએ; અક્ષરધામમાં જ બેઠા છીએ.'

આ અમૃતવર્ષાથી સૌને ધન્ય કરી સ્વામીશ્રીએ બપોરનાં ભોજન અને વિશ્રામ મંદિરે જ ગ્રહણ કર્યાં.

ત્યારબાદ અક્ષર ભુવનમાં પરત ફરેલા તેઓ અત્રે વાળુ કરી સંતોને હેતપૂર્વક વાત કરવા માંડ્યા કે –

''સત્સંગ વધે એમ કરીએ છીએ પણ એકબીજાનો મહિમા સમજાય એ મોટી વાત છે. આ (સંતો) બધા (બ્રહ્મની) મૂર્તિઓ જ છે. મહારાજની દયાથી આપણે અમેરિકાનો સત્સંગ સારામાં સારો થાય, શોભે, અંતરે શાંતિ થઈ જાય એવો કરવો છે. ભગવાનનું સુખ અખંડ આવે એવું વાતાવરણ કરવું છે. એવી રીતે સ્વભાવ, પ્રકૃતિ ને ગુણો શીખવાં કે ડંકો વાગી જાય. આખું અમેરિકા રંગવાની વાત છે. પણ પહેલાં તમે રંગાવ, પછી અમેરિકા રંગાય. આ બધા શબ્દો ધ્યાનમાં રાખીએ તો અમેરિકા રંગાય અને એ ધ્યાનમાં ન રાખીએ તો બીજા રંગે આપણે રંગાઈ જઈએ. પણ સાધુતાનો રંગ બરાબર ચઢી ગયો હોય તો કોઈની દેન નથી કે અંદર બીજો કોઈ પેસી શકે. બુલેટપ્રૂફ કહે છે ને ! ગોળી પાછી પડે. કથા ને ભજન ને મહિમા ને એકબીજાનો ગુણ

– એ જ બુલેટપ્રૂફ ! બીજું કાંઈ ન પેસે.''

માયા સામે જંગે ચડેલા સંતોને સ્વામીશ્રીએ બુલેટપ્રૂફ બખ્તર બાંધી આપી નિર્ભય કરી મૂક્યા.

મનધાર્યું કરતો હોય તો ઝીરો

વિશ્રામલીલા દરમ્યાન લાભ લેવા આવેલા લંડનના કેટલાક કિશોરોનું સ્વામીશ્રી માંદગીમાંયે ઘણું ધ્યાન રાખતા. તેઓને અમેરિકાનાં દર્શનીય સ્થળોની મુલાકાતે પણ સ્વામીશ્રીએ મોકલેલા. તેની સાથે સત્સંગના સિદ્ધાંતો દૃઢ થાય તે હેતુથી જ્ઞાનવાર્તા પણ સંભળાવતા.

આ ક્રમમાં તા. ૨૬/૮ની રાત્રે આ કિશોરો સહિત સામે બેઠેલા સૌને ઉદ્દેશી સ્વામીશ્રી બોલ્યા :

'માગ્યાં ઘરેણાં પાછાં આપવાં પડે. એમ આપણુંય એવું! જોગી મહારાજને લઈને આપણને પૂજે છે, બાકી બજારમાં આપણને વેચવા જાય તો કેટલી કિંમત આવે? પણ યોગી મહારાજ જેવા ગુણ આવે તો અબજો રૂપિયા કરતાંય કિંમત વધી જાય. ભગવાન ને સંત એકડો છે. એને જેટલા તમે રાખો એટલી તમારી મહત્તા. આખા મંદિરનું કામ એકલો કરતો હોય એની મહત્તા નથી. મનધાર્યું કરતો હોય તો ઝીરો. આખી દુનિયાને સત્સંગ કરાવતો હોય, પણ મોટાપુરુષની મરજી સમજીને નથી કર્યું તો ઝીરો.

મોટાપુરુષ ભલે ને આપણું સાચું હોય ને ખોટું કરે તો ખોટું. સામે આર્ગ્યુમેન્ટ નહીં. આર્ગ્યુમેન્ટ કરે એટલે ઝીરો. તલવાર કહે તો તલવાર ને રૂમાલ કહે તો રૂમાલ! તે ઘડીએ એમ નહીં કે 'મને બેવકૂફ બનાવો છો?' કાંઈ શંકા નહીં. દરેક વાતમાં શંકા કર્યા કરો તો ઝીરો, ઝીરો ને ઝીરો. એમનામાં દિવ્યભાવ વધતો જાય તો આપણી કિંમત વધતી જાય.'

શૂન્યની આ સમ્યક્ સમજ આપનારા સ્વામીશ્રી તા. ૨૭/૮ની બપોરે વિશ્રામમાં જઈ રહેલા ત્યારે બાયપાસ સર્જરી કરાવનારી કેટલીક વ્યક્તિઓના અનુભવો વહેતા થયા. તેમાં મુખ્યત્વે શસ્ત્રક્રિયાના ગભરાટનો મુદ્દો ઊછળતો રહ્યો. તે સાંભળી સંતોએ સ્વામીશ્રીને કહ્યું : 'આપને બાયપાસ સર્જરીનું પૂછ્યું ત્યારે આપે તો ધડ્ દઈને હા પાડી દીધી. જરાય ગભરામણ નહીં. બીજા તો ટેન્શનમાં આવી જાય.'

આ અહોભાવના પ્રતિભાવમાં સ્વામીશ્રી બોલ્યા : 'એ તો મહારાજ,

શાસ્ત્રીજી મહારાજ ને જોગી મહારાજે એવું બળ આપ્યું તે હા પાડી દીધી. એમનાથી થયું, આપણાથી નહીં! એમણે આપણને સાચવી લીધા. આપણે હા તો પાડી દીધી, પણ સાચવ્યા એમણે! કેવી રીતે ઑપરેશન થઈ ગયું એની ખબરેય ન પડી.'

'હા' પાડ્યાનો યશ લેવામાં પણ સ્વામીશ્રી રાજી ન જણાયા. કેટલો કિંકરભાવ!

સંત પોતાને વહાલા છે ઘણા રે

તા. ૩૦/૮ની સાંજે પેપ્સીકો પાર્કમાં પધારેલા સ્વામીશ્રી અત્રે વીસેક મિનિટ ભ્રમણ કર્યા બાદ રેડ ઇન્ડિયન સ્પોટ તરીકે જાણીતા ટોટમ પૉલની બાજુમાં રસ્તાની જમણી કોરે બિરાજ્યા. અહીં આરતી-અષ્ટકના ગાન બાદ ગઢડા પ્રથમ પ્રકરણના ૨૭મા વચનામૃતના આધારે વરસવા માંડેલા તેઓ બોલ્યા: 'યોગીજી મહારાજના જીવનચરિત્રમાં આ બધું જ જોવા મળે છે. બધાં જ લક્ષણો એમનામાં દેખાય છે...' આમ કહીને તેઓએ જીવનચરિત્રના લેખક ઈશ્વરચરણદાસ સ્વામીનાં ગુણગાન ગાયાં. તે પછી તમામ વડીલ સંતોનો મહિમા રેલાવ્યો.

પરંતુ આજે તેઓ *'એવા સંત અનુપનાં, લેતાં નામ આવે આનંદ...'*ના ભાવમાં હતા. તેથી પોતાના સ્મરણપટ પર રમતા સંતોનાં નામ-કામ *'અનુક્રમ આવે - ન આવે, નથી તેનો નિરધાર..'*ની રીતે કહેવા લાગ્યા. તેઓના મુખેથી અસ્ખલિતપણે વહેવા માંડેલી મહિમાની આ મંદાકિનીમાં ડૂબેલા સૌને સ્વામીશ્રીની મુદ્રા પણ વધુ ગદ્ગદિત કરી રહી, કારણ કે વચનામૃતનું નિરૂપણ પૂરું થતાં વ્હીલચૅરમાંથી ઊતરવાની તૈયારીરૂપે તેઓએ ફૂટ સ્ટેપ પરથી ઉઠાવી લીધેલો પગ હવામાં એમ ને એમ અધ્ધર રહી ગયેલો! શરીરની સાથે તેઓ આજે સમયનું પણ ભાન ભૂલી મહિમાગાનમાં એવા તે રસબસ થઈ ગયા કે ચારેકોર રાત્રિનો અંધકાર ફરી વળવા છતાં સંતોનાં ગુણકથન પર પૂર્ણવિરામ મૂકતા નહોતા.

કોઠાર, ભંડાર, ગૌશાળા, ખેતીવાડી, ઉતારા, બાંધકામ, ગ્રામ્ય વિચરણ, સરભરા, મંદિરનું સંચાલન, અભ્યાસ અને અધ્યાપન, લેખન તથા વક્તૃત્વ, ચિત્ર તેમ જ સંગીત, બાળ-યુવા પ્રવૃત્તિ વગેરે વિવિધ વિભાગોમાં પોતાની જાત નિચોવીને સેવારત સંતોનું સ્થાન સ્વામીશ્રીના હૃદયમાં કેટલું ઊંડું છે

તેની સાક્ષી પૂરતી આ ક્ષણોનો કાફલો જેમ-જેમ પસાર થઈ રહ્યો તેમ-તેમ સ્વામીશ્રીના મુખ પર *'લેતાં નામ એ જનનાં, મારે હૈયે હરખ ન માય...'*નો ભાવ છવાતો ગયો. થોડા દિવસો પહેલાં બ્લડ કૅન્સરની બીમારીમાં પટકાયેલા સર્વમંગલદાસ સ્વામીને આશીર્વાદપત્ર લખતાં તેઓએ જણાવેલું કે 'દવાની કિંમત કરતાં તમારા જેવા સંતની કિંમત અધિક છે. માટે ખર્ચ થાય તે ચિંતા ન કરશો. તમારા માટે જેટલું ન કરીએ એટલું ઓછું છે.'

તેઓના આ અક્ષરો એક-એક સંત માટે સત્ય છે તેનો પુરાવો આપતાં સ્વામીશ્રીએ આજે ૮૦થીયે અધિક સંતોના ગુણોનો ગુલાલ ઉડાડ્યો. તેમાં ૭૦ મિનિટ વીતી ગઈ તોય હજી તેઓને ઓડકાર આવ્યો નહોતો.

તેથી વ્હીલચૅરમાંથી ઊતરવા અધ્ધર ઉપાડેલું ચરણ તેઓએ ૭:૫૦ વાગ્યે નીચે મૂકી ગાડી તરફ જવા પ્રયાણ આદર્યું ત્યારે પણ તેઓના મુખેથી સંતોની ગુણગંગા સરતી જ રહી. તેની વચ્ચે તેઓ કહેતા જતા: 'આપણે બધાના ગુણ જોવા. અંદરોઅંદર સંપ, એક રુચિ, એક વિચાર. દરેકમાં આવી-આવી શક્તિઓ પડી છે એ જ જોવું, તો અંતરે શાંતિ થાય. આપણે ગુણ ગાઈએ તો આપણને બળ મળે.'

ચાલતાં-ચાલતાં બોલવાને કારણે સ્વામીશ્રી હાંફી રહેલા, પરંતુ આજે વહેતો થયેલો તેઓનો ભાવપ્રવાહ શરીરની સીમાઓને ગાંઠે એમ નહોતો. અંતરિયાળ આદિવાસી ગામોમાં વિચરતા સંતો હોય કે સંસ્થાના કો'ક ખૂણે દહીં-દૂધની ઓરડી સંભાળતા સંતો – તે સૌને સંભારતાં સ્વામીશ્રી ગાડીમાં બેઠા. તે પછીયે સડસડાટ દોડવા માંડેલી મોટરની ગતિએ તેઓના મુખેથી સંત-મહિમા સરતો જ રહ્યો. ઉતારે પહોંચતાં થયેલી પંદર મિનિટ આ રીતે જ વીતી. નિવાસસ્થાન આવતાં પલંગ પર શવાસન માટે શયનાધીન થતાં-થતાં પણ સ્વામીશ્રીએ વધુ પાંચ-સાત સંતોનો મહિમા ગાઈ લીધો.

આમ, સતત દોઢ કલાક સુધી વહેલી તેઓની આ ભાવ-ભાગીરથીનું એક-એક બુંદ એક વાત તો સમજાવી જ ગયું કે *'સંત પોતાને વહાલા છે ઘણા રે...'*

એકાગ્રતામાં અજોડ

તા. ૨/૯ના રોજ જળઝીલણી એકાદશી હોવાથી પ્રાત:પૂજા બાદ સ્વામીશ્રીએ સંતોની સાથે સૌ ભક્તો, યુવકોને પણ નિર્જળ ઉપવાસનો આદેશ

આપ્યો. તેમાંથી તેઓએ અક્ષર ભુવનમાં મૃગલાંની જેમ ઊછળકૂદ કરતા બે નાના બાળકો અક્ષર અને યોગીને પણ બાકાત ન રાખ્યા.

વિશ્રામલીલા દરમ્યાન યજમાનના આ પૌત્રો સાથે સ્વામીશ્રી ખૂબ ખીલતા. જ્યારે સ્વામીશ્રીને ક્યાંય હરવા-ફરવા નીકળવાનું હોય ત્યારે આ બંને શિશુઓ પોતાના હાથમાં સ્વામીશ્રીનું એક-એક ચંપલ લઈને હાજર થઈ જાય. તે પગરખાં પહેરતી વખતે સ્વામીશ્રી બંને બાળકો પર રમૂજનો રંગ ઢોળે. ચંપલ પહેરાવ્યા બાદ પંચાંગ પ્રણામ કરીને આ બે શિશુઓ ઊભા થાય ત્યારે તેઓના માથે ને ગાલે ટપલી મારી વાત્સલ્ય વરસાવે. જ્યારે ડૉક્ટરો સ્વામીશ્રીના સ્વાસ્થ્યની તપાસ કરતા હોય ત્યારે આ બાળકોનેય યંત્રસામગ્રી દ્વારા સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય ચકાસવાના કોડ જાગે. તે પૂરા કરવા સ્વામીશ્રી ક્યારેક નાડીના ધબકારા માપવા પોતાનો હાથ આ બાળકોના નાનકડા હાથમાં મૂકે, તો ક્યારેક એ શિશુઓની નાડ પોતે પણ તપાસે.

જ્યારે સ્વામીશ્રી આરામમાં પધારે ત્યારે આ બંધુબેલડી *'પોઢો પોઢો સહજાનંદ સ્વામી...'* ગાવા દોડી આવે, પણ તેઓનું જ્ઞાન આ એક કડી પૂરતું સીમિત. તેથી પલંગ પર બિરાજેલા સ્વામીશ્રી પોઢે નહીં ત્યાં સુધી એ બાળકો આ એક જ રેકર્ડ વગાડ્યા કરે. તે સાંભળી મંદ મંદ હસતાં સ્વામીશ્રી રાજીપો વરસાવે.

આ શિશુઓને આજે પોતાની સાથે જ ગાડીમાં લઈ સ્વામીશ્રી જળઝીલણી ઉત્સવ ઊજવવા ન્યૂયોર્કમાં આર્ડ્સ્લી મુકામે આવી પહોંચ્યા. અત્રે ડૉ. મહેન્દ્રભાઈના ઘરની પાછળ આવેલા તરણહોજમાં ઠાકોરજીને જળવિહાર કરાવી તેઓ પુનઃ ઉતારે પધાર્યા.

અહીં રાત્રે સ્વામીશ્રી ભોજન કરવા બિરાજ્યા ત્યારે ભક્તચિંતામણિમાંથી ચરોતર અને ગુજરાત પ્રદેશના હરિભક્તોની નામાવલિનું વર્ણન વંચાયું. બે પ્રકરણમાં વહેંચાયેલા એ લખાણની કુલ ૨૫૬ કડીઓમાં ૮૯ ગામોના સત્સંગીઓની વિગતોનો સમાવેશ હતો, પરંતુ જેવાં આ પ્રકરણો સમાપ્ત થયાંનું સૂચવતી ઘંટડી રણકી ત્યાં જ સ્વામીશ્રી બોલ્યા: 'કપડવંજ ને આજુબાજુનાં બધાં ગામો આવ્યાં પણ મહુધા ન આવ્યું.'

આમ કહી તેઓએ પુરાણીને પંક્તિઓ પર પુનઃ નજર ફેરવી જવા જણાવ્યું. તેમ કરતાંય મહુધા નામ દૃષ્ટિગોચર ન થતાં સૌ સ્વામીશ્રીની એકાગ્રતા જોઈ ચકિત થઈ ગયા. જ્યાં સરેરાશ ત્રણ કડીએ એક ગામ નવું

ઉમેરાતું જતું હોય, ત્યાં એક-એકની નોંધ લેતા જવું અને છેલ્લે જે ખૂટ્યું હોય તે પળવારમાં તારવી બતાવવું એ એકાગ્રતાની કઈ કક્ષા !

વિદ્વત્તા કરતાં સાધુતા ઉત્તમ

તા. ૩/૯ની બપોરે ફોન દ્વારા ભારતના એક હરિભક્ત સાથે વાતચીત કરી રહેલા સ્વામીશ્રીએ અચાનક એક ક્ષણે જાણે વીજળીનો ઝાટકો લાગ્યો હોય તેમ ફોનને પોતાના કાનથી દૂર ખસેડી દીધો. આ સમયે ફોન પકડેલો તેઓનો હાથ પણ ધ્રૂજી રહ્યો. એ સ્થિતિમાં કંઈક અસુખ અનુભવતાં સ્વામીશ્રી બોલ્યા : 'આમાં કો'ક બીજું બોલે છે.' આમ કહી તેઓએ ફોન અન્યને આપી દીધો ત્યારે તેઓને હાશ થઈ.

હકીકતે તે સમયે આંતરરાષ્ટ્રીય કૉલ કાર્ડ દ્વારા થતા ફોનમાં સમયાવધિ પૂરી થવા આવે ત્યારે કમ્પ્યૂટરાઇઝ્ડ અવાજમાં સૂચના બોલાતી. તે ક્યારેક મહિલાના અવાજમાં પણ હોય. આજે તે સૂચના શરૂ થતાં સ્વામીશ્રી ફડકી ઊઠેલા. સ્ત્રી સાથે આ સીધી વાતચીત તો નહોતી જ, છતાં શ્રીજીમહારાજની આજ્ઞામાં લેશમાત્ર ચૂક ન પડવા દેવાની દૃઢતા તેઓના હાથમાં વ્યાપી વળેલી ધ્રુજારી અને અવાજમાં પ્રગટી ગયેલા કંપન દ્વારા જણાઈ આવી.

*'ફેર પડ્યાનો ફડકો ઘણો, અતિ રહે છે ઉરમાંઈ...'*ના વર્તનની આ વાત ઘૂંટાવતાં સ્વામીશ્રીએ આજની રાત્રે સંતોને પણ શીખ આપી કે –

'આપણે આદર્શ થવું. સ્ત્રી-ધનનો ત્યાગ, સાધુતા, પંચવર્તમાન – આટલું જ રાખશો તો બધા તમારી પાછળ આવશે. વિદ્વત્તા હોય તે સારું છે, પણ વિદ્વત્તા કરતાં સાધુતા ઉત્તમ ! ભલે ભણેલા કાંઈ ન હોય, તોય વર્તનથી પ્રભાવ પડે. ચારિત્ર્ય, સાધુતા, સહનશીલતા, અભાવ-અવગુણ ન લે, કથાવાર્તા – આ રાખે તો એની જાતે આગળ વધી જાય. ભગવાન બીજામાં રહીને માર્ગ કરી જ આપે.'

Peaceful અને Powerful (શાંતિસભર અને શક્તિસભર)

તા. ૫/૯નો દિવસ વિશ્રામલીલાનો અંતિમ દિન હોવાથી અક્ષર ભુવનના આંગણે સ્વામીશ્રીનો છેલ્લો લાભ લૂંટવા આજે દેશ-વિદેશના ઘણા હરિભક્તો આવી પહોંચેલા. તે ભીડમાં ઊભેલા ત્રણ અમેરિકનો – રિચાર્ડ, ડેવિડ અને રે ડાયસ સૌનું ધ્યાન ખેંચતા હતા. પરંતુ તે ત્રણેયનું ધ્યાન તો સ્વામીશ્રીના

ઓરડાનું બારણું ખૂલે તે તરફ જ હતું, કારણ કે આ ત્રિપુટી સ્વામીશ્રીનાં દર્શન પૂર્વે જ તેઓની દિવ્ય શક્તિ અનુભવી પ્રભાવિત થઈ ચૂકેલી.

શિકાગોમાં બંધાનારા મંદિરની જમીનને નિર્માણયોગ્ય કરવાનું કામ શ્રી ડેવિડે સંભાળેલું. અમેરિકાએ ખેલેલા વિયેટનામના યુદ્ધ વખતે લશ્કરી જવાન તરીકે ફરજ બજાવનારા આ મુરબ્બીને મંદિરની જમીનના કામમાં જે વૃક્ષો કપાયાં તેના વેચાણમાંથી દસ ટકા દલાલી મળવાની હતી, પરંતુ તેઓની દૌહિત્રીનું મરવા પડેલું જીવન સ્વામીશ્રીના આશીર્વાદથી ઊગરી જતાં તેઓએ દલાલીની આવકમાંથી અડધો-અડધ રકમ મંદિરમાં સમર્પી દેવાનું નક્કી કરેલું. તે માટે તેઓ સંકલ્પપત્ર પણ તૈયાર કરીને લાવેલા.

બીજા અમેરિકન શ્રી રિચાર્ડ ૬૦૦ એકરની વિશાળ જમીન પર રિસોર્ટનું નિર્માણ કરી રહેલા. આ ધનાઢ્યને શિકાગો મંદિરના શિલાન્યાસની દિવ્યતા સ્પર્શી જતાં તે સ્વયં યજમાનપદે ગોઠવાઈ ગયેલા અને આજે ઠાકોરજી માટે સુવર્ણહાર લઈને હાજર થયેલા.

૭:૫૦ વાગ્યે દરવાજો ખૂલતાં જ આ અમેરિકનો સ્વામીશ્રીનાં પ્રથમ દર્શન પામ્યા. તેઓની ઓળખ અપાતાં સ્વામીશ્રીએ શ્રી ડેવિડ સાથે હસ્તધૂનન કર્યું. આ સ્પર્શનો રોમાંચ તો એવો શબ્દાતીત નીવડ્યો કે આ અમેરિકન મુમુક્ષુએ પોતાના કોટના ખિસ્સામાં રહેલું પેલું સંકલ્પપત્ર કાઢી દલાલીની અડધોઅડધ નહીં, પણ પૂરેપૂરી રકમ કે જે હજારો ડૉલર થવા જતી હતી તે સ્વામીશ્રીને સમર્પિત કરી દીધી !

તેની સાથે પોતાનો સ્વાનુભવ ઠાલવતાં પણ આ લશ્કરી જવાન બોલી ઊઠ્યા : 'I have never seen such a powerful man in my life. He has very peaceful eyes!' – 'મેં મારા જીવનમાં આ સ્વામીશ્રી જેવા પ્રભાવશાળી પુરુષ ક્યારેય જોયા નથી. તેઓની આંખોમાં અતિ શાંતિ રહેલી છે !'

શાંતિ અને શક્તિના સમન્વય સમા સ્વામીશ્રીનો આ અનુભવ ત્યાં હાજર રહેલા સૌને ડોલાવી ગયો.

દાસ થઈ કર જોડું રે

તા. ૬/૯ની સવારે ૫:૧૫ થી ૬:૩૦ વાગ્યા સુધી અક્ષર ભુવનમાં ચંદ્રગ્રહણનો સમૈયો ઊજવી સ્વામીશ્રી ૯:૩૫ વાગ્યે વેસ્ટ ચેસ્ટર કાઉન્ટીના

હૉલમાં પધાર્યા.

અત્રે યોજાયેલો હરિકૃષ્ણ મહારાજનો હીરકતુલા મહોત્સવ હકીકતે ઠાકોરજી પ્રત્યેનો કૃતજ્ઞતા સમારોહ જ હતો. જેઓની કૃપાથી લાખોના હૃદય-સમ્રાટ સ્વામીશ્રીની શસ્ત્રક્રિયા સફળતાપૂર્વક સંપન્ન થઈ તે ઠાકોરજીને વધાવવાનો ઉમંગ આજે સૌને હતો. તેની સાથે આજથી શરૂ થતા સ્વામીશ્રીના જાહેર જીવનનો આનંદ વ્યક્ત કરવાની તક પણ ભક્તોએ ઝડપી લીધી હતી.

આ અવસરે સ્વામીશ્રીએ જ સભાસન પરથી ઊભા થઈ ઠાકોરજીને સ્વહસ્તે તુલામાં પધરાવી પૂજન, થાળ તથા આરતી કર્યાં. તે પછી બસોથીયે વધુ ભક્તોએ ઠાકોરજીને તોળ્યા.

તેઓની આ ભક્તિને બિરદાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'પરમાત્મા પરબ્રહ્મ નારાયણ પુરુષોત્તમ ભગવાન શ્રીહરિ સહજાનંદ સ્વામીની અસીમ કૃપા; ગુણાતીતાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજની ખૂબ કૃપા ને આશીર્વાદ, આપ બધા ભક્તોની ધૂન અને પ્રાર્થનાથી ઑપરેશન સફળતાપૂર્વક થયું છે, તો આજે ઘણું સારું છે. તે બધો ભગવાનનો પ્રતાપ છે, આપની ધૂનનો પ્રતાપ છે, આપના ભાવનો પ્રતાપ છે. માંદગીમાંથી ઊઠ્યા પછી આ રીતે ભગવાનની તુલાનાં દર્શન, એમની પૂજાનો લાભ મને પ્રાપ્ત થયો છે. આપ બધાનો એ ખૂબ ઉપકાર છે.'

આ સમારોહમાં ભક્તો ભગવાન પ્રત્યે કૃતજ્ઞ હતા, પણ સ્વામીશ્રી ભગવાન અને ભક્તો પ્રત્યે! *'દાસ થઈ કર જોડું રે..'*ની રીતે જાહેર જીવનનો કેવો નમ્ર પ્રારંભ!

તેને અનુસરતાં આ જ સ્થળે આજની સાંજે સ્વામીશ્રીની શસ્ત્રક્રિયામાં સહયોગ આપનારા તબીબોનો પણ કૃતજ્ઞતા સમારોહ સત્સંગ મંડળ દ્વારા યોજાયો.

તેમાં જવા માટે ઉતારેથી નીકળતાં પૂર્વે સ્વામીશ્રીએ અક્ષર ભુવનના યજમાન શ્રી મનુભાઈ તથા તેઓના ચારેય પુત્રો તેમ જ પૌત્રો શ્રી મયૂર, અલ્પેશ, અક્ષર, યોગી વગેરેને એકત્રિત કર્યા. તેઓનો આભાર માનતા હોય તેમ સ્વામીશ્રીએ અમૃતકુંભ ભેટ ધરી સમગ્ર પરિવારની સેવાને નવાજી. બે મહિના સુધી રોજના સરેરાશ સો વ્યક્તિની ભોજન-સરભરા કરનારું આ કુટુંબ પોતાનું ધન, ધામ સર્વે સ્વામીશ્રીને સોંપી સેવામાં ખડે પગે રહેલું. પરિવારના મહિલા વર્ગનો ફાળો પણ નાનો-સૂનો નહોતો. તે સૌની આંખો આજે સ્વામીશ્રીને વિદાય આપતાં સજળ થઈ રહી.

ગુણે કરી છો કૃષ્ણ સમાન

અક્ષર ભુવનથી વિદાય લઈ નીકળેલા સ્વામીશ્રી વેસ્ટ ચેસ્ટર કાઉન્ટીના હૉલમાં પધાર્યા ત્યારે અહીં મંચ પર વાદળાંઓની ઘટા વચ્ચે પુષ્પકિનારીથી શોભતી હૃદયાકાર પિછવાઈ તેઓને વધાવવા આતુર હતી. તેની અગ્રભૂમાં બિરાજેલા સ્વામીશ્રી સૌનાં હૃદયમાં બિરાજ્યા હોય તેમ શોભી રહ્યા. તેઓની સાથે ડૉ. સુબ્રહ્મણ્યમ્, લેનોક્સ હિલ હૉસ્પિટલના ઉપપ્રમુખ શ્રી ફિલિપ રોઝનથૉલ, ડૉ. જેફરી મોઝેઝ, હૉસ્પિટલના કાર્ડિયો-વાસ્ક્યુલર વિભાગના મુખ્ય વ્યવસ્થાપક શ્રી રીચર્ડ ગેમિંગ, એનેસ્થેટિસ્ટ ડૉ. એન્થની જિયોર્ડાનો, ડૉ. જોહ્‌ન મેકકેબે, શ્વસનતંત્રના નિષ્ણાત ડૉ. બુશ્ર મીના, ડૉ. ભૂપેન્દ્ર પટેલ, ડૉ. નવીન મહેતા, ડૉ. દયાનંદ નાયક, યુરોલોજિસ્ટ ડૉ. ભૂપેન્દ્ર ટોલિયા વગેરેએ પણ સ્થાન ગ્રહણ કર્યું.

હવે પછીના ક્રમમાં આ તમામ મહાનુભાવોનો પરિચય અપાવાનો હતો. તે વખતે તેઓએ સંતો દ્વારા પુષ્પહારનું અભિવાદન સ્વીકારી, સ્વામીશ્રીને વંદન કરી પુનઃ પોતાના સ્થાને બેસી જવાનું હતું. પરંતુ પ્રથમ જ આવેલા ડૉ. સુબ્રહ્મણ્યમ્ તો એટલા ભાવવિભોર બની ગયા કે થ્રી-પીસ સૂટમાં સજ્જ આ વિશ્વવિખ્યાત તબીબે સ્વામીશ્રીને ભરસભામાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. તેઓના હૃદયમાં સ્વામીશ્રીએ કરેલા ઊંડા પ્રવેશની આ નિશાની હતી.

આ આદરભાવ સાથે વારાફરતી આવતા ગયેલા પ્રત્યેક આમંત્રિતને સન્માનપત્ર તથા સ્વામીશ્રીના વરદહસ્તે સુવર્ણરસિત અમૃતકળશ ભેટ અપાયાં.

સન્માનની આ શૃંખલા વિરમતાં જ ડૉ. સુબ્રહ્મણ્યમે ભાવોર્મિ પ્રગટ કરી કે –

'૭ જુલાઈ, ૧૯૯૮ના દિવસે લેનોક્સ હિલ હૉસ્પિટલના આંગણે ભગવાન સ્વામિનારાયણ અવતર્યા હતા – અમને પ્રમુખસ્વામી મહારાજની બાયપાસ સર્જરી કરવાની શક્તિ આપવા માટે! અમારા માટે સ્વામીશ્રીની શસ્ત્રક્રિયા સરળ બનવાનું કારણ સ્વયં સ્વામીશ્રી જ હતા, કારણ કે જેઓ સૌની સંભાળ લે છે એવા સ્વામીશ્રી ખૂબ સરળ છે.

એ અઠવાડિયા દરમ્યાન સ્વામીશ્રી મારા માટે એક અતિ અસાધારણ વ્યક્તિ હતા, કારણ કે બાયપાસ સર્જરી પછી હું રોજ એમની મુલાકાતે જતો ત્યારે મને ભગવાનનાં દર્શન કરતો હોઉં એમ લાગતું. હું પવિત્ર થઈ

રહ્યો હોઉં એમ અનુભવાતું. સ્વામીશ્રી આટલી ઝડપથી સાજા થઈ ગયા એ ભગવાન સ્વામિનારાયણની જ ઇચ્છા છે. આ મારા હાથની વાત નહોતી. મારા હાથે ફક્ત ઑપરેશન કર્યું છે, પણ ભગવાન સ્વામિનારાયણે જ સ્વામીશ્રીને સ્વસ્થ કરી વિશ્વ પર કૃપા વરસાવી છે.'

સ્વામીશ્રીના હૃદયનો સ્પર્શ પામનારા આ નિષ્ણાત તબીબ માટે સ્વામીશ્રી જ હૃદયસ્પર્શી બની ગયા !

તેનો પુરાવો પૂરતાં ડૉ. સુબ્રહ્મણ્યમે અન્ય એક મુલાકાતમાં જણાવેલું કે –

'મેં સ્વામીશ્રીના હૃદયનો સ્પર્શ કર્યો, પણ તેઓ જ્યારે જાગ્યા ત્યારે એમ વિચાર્યું હશે કે 'હું તમારા હૃદયનો સ્પર્શ કરીશ.' તે દિવસે તેમણે મારું હૃદય સ્પર્શ્યું. હું તેઓમાંથી નમ્રતા, માનવતા અને આદર શીખ્યો છું. જ્યારે સ્વામીશ્રીને જુઓ ત્યારે તેઓ દિવ્ય લાગે. પરંતુ તેઓ સાદા છે. આ વિશેષતા મને આજે પણ સ્પર્શે છે. ગમે તેવી શારીરિક તકલીફો હોય તો પણ તેમને જ્યારે જુઓ ત્યારે એક પ્રેમાળ મુખારવિંદ સાથે શાંત વલણ જોવા મળે. તેઓ ધીમું બોલે પણ પ્રેમથી ભરેલા છે. મને એવું લાગે છે કે આ જ સૌથી અગત્યનો પાઠ છે, જે હું તેઓ પાસેથી શીખ્યો. તે મારા દૃષ્ટિકોણને બદલવા પ્રેરે છે.

સ્વામીશ્રીની બાયપાસ સર્જરી કરતી વખતનો અનુભવ હું શબ્દોમાં રજૂ કરી શકું એમ નથી, પણ એ મારા માટે સૌથી શ્રેષ્ઠ અનુભવ છે. પહેલી વખત જ્યારે પ્રમુખસ્વામી મહારાજ સાથે મુલાકાત થઈ ત્યારે ખૂબ જ દિવ્યતાનો અનુભવ થયો, જાણે કે કૃષ્ણ ભગવાનને મળતા હોઈએ ! મને ઉપમા આપતાં નથી આવડતું પણ એ (ભગવાન) આ પૃથ્વી પર પ્રત્યક્ષ છે આપણને મદદ કરવા માટે. સ્વામીશ્રી ધામમાંથી આપણા માટે જ અહીં આવ્યા છે એવું હું માનું છું.'

કર્મને જ પૂજા માની અતિમાનવની કક્ષાએ ક્રિયાશીલ રહેનારા એક બુદ્ધિમંત ડૉક્ટરને થયેલો સ્વામીશ્રીનો આ અનુભવ ઘણો વિશિષ્ટ કહી શકાય.

આ અનુભૂતિ સાથે ડૉ. સુબ્રહ્મણ્યમે પોતાનાં ઘર અને કાર્યાલય – બંને ઠેકાણે ઠાકોરજી સહિત સ્વામીશ્રીની મૂર્તિ પધરાવી. તેનું કારણ જણાવતાં પણ તેઓએ કહ્યું : 'મને દૃઢ વિશ્વાસ છે કે જ્યારે સ્વામીશ્રી પાસે હોય ત્યારે મને કોઈ ભય રહેતો નથી. જ્યારે તમે એ મૂર્તિ સામું જુઓ ત્યારે એમનો ભાવ બહુ વિશિષ્ટ છે. એ ખૂબ દિવ્ય છે. જ્યારે તેઓ તમારી આગળ કે પાછળ હોય

ત્યારે તમને શાંતિનો અનુભવ થાય. મને આ અનુભૂતિ થઈ છે.'

આભાર અને અભિનંદન

તબીબોનો કૃતજ્ઞતા સમારોહ જેમ-જેમ આગળ વધી રહ્યો તેમ-તેમ તે સ્વામીશ્રીના સ્વરૂપને જ ઉઘાડનારો બની રહ્યો. જે જે ડૉક્ટર પોતાની લાગણી વ્યક્ત કરવા ઊભા થતા તે સ્વામીશ્રીના પ્રેમ અને પ્રભાવથી પલળેલા જણાતા.

આ ક્રમમાં ડૉ. જેફરી મોઝેઝે પણ કહ્યું: 'સ્વામીશ્રીને મળતી વેળાએ હું એમની આધ્યાત્મિકતાથી અને બીજાને ઉપર લાવવાના સ્વભાવથી ઘણી જ પ્રેરણા પામ્યો છું. પોતાના હૃદયરોગની પરિસ્થિતિને તેઓએ જે આત્મવિશ્વાસ અને સમતોલ મનથી, સ્થિરતાથી સ્વીકારી લીધી તેણે મને ખૂબ પ્રભાવિત કર્યો છે. તેઓએ અત્યંત ઝડપથી પ્રાપ્ત કરી લીધેલું સ્વાસ્થ્ય એ ચમત્કાર જ છે. તે એમની સારવાર કરનાર ડૉક્ટરોનાં કૌશલ્યનું નહીં, પરંતુ સ્વામીશ્રીના વલણનું જ પરિણામ છે.'

પ્રાસંગિક વક્તવ્યોની આ શૃંખલા બાદ નોર્થ હેમ્પસ્ટિડ, વેસ્ટ ચેસ્ટર, નાસો અને ગવર્નર કાઉન્ટી તથા ન્યૂયોર્ક રાજ્યના ગવર્નર તેમ જ ગ્લેન કોપ ટાઉનશિપ વતી સ્વામીશ્રીને સન્માનપત્રો એનાયત થયાં. તેની સાથે મૂળ અમેરિકન નિવાસીઓ ગણાતા રેડ ઇન્ડિયનની મોહોક અને વોપિન્જર જાતિના પ્રતિનિધિઓએ તેઓને શાંતિની ચાદર ઓઢાડી. તેને અનુસરતાં દૈવી પરિવેશમાં સજ્જ બાળકોએ નૃત્યાંજલિ બાદ સ્વામીશ્રીને હૃદયાકારનો હાર પહેરાવ્યો. જાણે સૌનાં હૃદય સ્વામીશ્રીનાં ચરણે ઢગલો થઈ ગયાં!

એ હૃદયોનો ભાવ સ્વીકારી સ્વામીશ્રીએ અમૃતધારા વહાવી કે –

'દેશ-પરદેશની અંદર રહેતા તમામ ભક્તો, નાના-મોટાએ ભગવાનની જે પ્રાર્થના કરી છે, તેથી આજે મારું સ્વાસ્થ્ય સારું છે. એ બધો યશ અહીં બેઠેલા ડૉ. સુબ્રહ્મણ્યમ્ સાહેબ અને તેમની સાથે બેઠેલા ડૉક્ટરોને છે. એ સૌએ એવી કાળજીથી કર્યું છે કે જેથી મને કોઈ તકલીફ પડી નથી. એ બધાનો આભાર ન માનીએ એટલો ઓછો છે. એમને ખૂબ ખૂબ અભિનંદન છે. આવી રીતે થોડા સમયની અંદર રીકવરી થઈ અને સ્વસ્થ થઈને આજે તમારી સમક્ષ હું આવ્યો છું એ ખરેખર ભગવાનની કૃપાને આભારી છે.

ભગવાનને પ્રાર્થના કરીએ કે આ ડૉક્ટરો એમના કાર્યમાં ખૂબ આગળ વધે અને હજુ પણ એક સારી ટેક્નિક ગોતે કે દર્દીને આ તકલીફ ના પડે અને

વધારે સારી સુવિધા થાય.'[૪૩]

પહેલું પોતાનું પાકું કરવું

કૃતજ્ઞતા સમારોહ બાદ ન્યૂયોર્કના મંદિરે રહેવા આવી ગયેલા સ્વામીશ્રીનો ઈરાદો તા. ૭/૯થી રાબેતા મુજબ સવારે સાડા સાત વાગ્યે પ્રાતઃપૂજા માટે પહોંચી જવાનો હતો, પરંતુ ડૉક્ટરોએ કહ્યું કે 'તાત્કાલિક નિત્યક્રમમાં પરિવર્તન કરવાથી અનુકૂળતા નહીં રહે. માટે ધીરે-ધીરે રોજિંદા ક્રમમાં આવો તો સારું!' છતાં એક જ દિવસમાં કાયમી ક્રમનો લય મેળવી લેતાં સ્વામીશ્રી તા. ૮/૯ની સવારે તો સાડા સાત વાગ્યે પ્રાતઃપૂજામાં પધારી જ ગયા.

બિનજરૂરી આરામ એ તેઓની સમજશક્તિ અને સહનશક્તિની બહારની વાત હતી. તેથી મુલાકાત, મીટિંગ, પત્રવ્યવહાર, કથા-વાર્તા વગેરેમાં પરોવાતાં પણ સ્વામીશ્રીને લેશ વિલંબ ન થતાં હવે તેઓનાં ભોજન દરમ્યાન વિવિધ મંડળો રજૂઆત કરવા બેસતા.

આ ક્રમમાં સૌ તા. ૯/૯ની સવારે દર્શન કરી રહેલા તે વખતે સ્વામીશ્રી સમક્ષ એક મંદિરના ગ્રંથાલયમાં કેટલાંક પુસ્તકો વસાવવાની દરખાસ્ત આવી. તે સાંભળી સ્વામીશ્રીએ અભિપ્રાય આપ્યો: 'એ વાંચતાં પહેલાં પહેલું પોતાનું પાકું કરવું. પાકું ન હોય એવાં કાચાં મગજવાળા માણસો વાંચે પછી પ્રશ્નો થાય. બહારનાં પુસ્તકો લાવવામાં મોટામાં મોટું જોખમ એ જ છે! કાચા હોય તે લેવાઈ જાય. માટે ધ્યાન રાખવું.'

આટલો વાંચન-વિવેક શીખવી સ્વામીશ્રી આજની સાયંસભામાં પધાર્યા ત્યારે મંચ પર સંવાદની સામગ્રીરૂપે પડેલું ગાડું તેઓની નજરે ચડ્યું.

શ્રીજીમહારાજે વરજાંગ જાળિયામાં કરેલી મંદવાડ લીલાનું મનુષ્યચરિત્ર યુવકો આજે ભજવવાના હતા. તે માટે હૂબહૂ ગ્રામ્યદર્શન કરાવતું સુશોભન ગોઠવાઈ ગયેલું. હવે સમય આવ્યે ગાડા પર મહારાજની મૂર્તિ પધરાવી હીરા ઠક્કરનું પાત્ર ભજવનારો યુવક ગાડું ખેંચવાનો અભિનય કરવાનો હતો.

---

૪૩. સ્વામીશ્રીએ સ્વીકારેલી વિશ્રામલીલા અને તબીબોના કૃતજ્ઞતા સમારોહને માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

આ જાણી સ્વામીશ્રીએ ઠાકોરજીને લઈ આવવા જણાવ્યું ત્યારે કો'ક બોલ્યું : 'એ થાળ જમે છે.'

'થાળ નહીં જમતા હોય, લઈ આવો.' સ્વામીશ્રીએ દૃઢતાપૂર્વક કહ્યું.

...અને ખરેખર, ઠાકોરજી લેવા ગયેલા સંતે જોયું તો હજી થાળ શરૂ થયો નહોતો. તેઓ સ્વામીશ્રીની નિરાવરણ દૃષ્ટિના તેજથી અંજાઈ ગયા.

એ જ અવસ્થામાં એ સંત ઠાકોરજી લઈને આવ્યા ત્યારે સંવાદ શરૂ થઈ ગયેલો, પણ તેઓને સ્વામીશ્રીએ હરિકૃષ્ણ મહારાજને ગાડામાં પધરાવવા કહ્યું. તે જોઈ યુવકોને ભાન થયું કે 'આપણે આ વિગત તો ચૂકી જ ગયેલા. જો સ્વામીશ્રીએ આગ્રહપૂર્વક અને તાબડતોબ ઠાકોરજી ન મંગાવ્યા હોત તો ચાલુ સંવાદમાં મહારાજ જેમાં બેઠા હોય તે ગાડું ખેંચવાના દૃશ્ય વખતે કેવો ફિયાસ્કો થાત ?'

આ વિચાર કરતાં સૌ સ્વામીશ્રીની સૂઝ અને સતર્કતા પર ઓવારી ગયા. શ્રીજીમહારાજનું મનુષ્યચરિત્ર ભજવવા તત્પર યુવાનોને સ્વામીશ્રીનું દિવ્ય ચરિત્ર હાથ લાગી ગયું.

સ્વારથ નહીં લવલેશ

તા. ૧૧/૯ની સવારે ન્યૂયોર્કથી નીકળેલા સ્વામીશ્રી જર્સી સિટીના નવનિર્મિત મંદિરે આરતી ઉતારી બપોરે બાર વાગ્યે ન્યૂજર્સી આવી પહોંચ્યા.

અત્રે આજની સાયંસભામાં એડિસનના મેયર શ્રી જ્યોર્જ સ્પડારોએ તેઓને 'કી ટુ ધ સિટી' અર્પણ કરી સન્માનિત કર્યા.

સ્વામીશ્રીનો આવો લાભ સૌને મળે તે હેતુથી શનિ-રવિના દિવસોમાં અમેરિકાનાં વિવિધ કેન્દ્રોમાંથી હરિભક્તો અહીં આવે અને તેઓના કાર્યક્રમ, અહેવાલ વગેરે રજૂ કરે તેવી ગોઠવણી થયેલી.

તે મુજબ તા. ૧૨/૯ની સવારે એટલાન્ટા મંડળે તેઓની મૅડિકલ પ્રવૃત્તિનો ચિતાર આપતાં કહ્યું : 'સ્વામી ! ડૉક્ટરો સેવાભાવનાથી લોકોની સારવાર કરશે અને તેમાંથી સંસ્થાને આર્થિક ફાયદો થશે.'

'ના, ફાયદો નથી જોઈતો. સેવા જ કરવાની છે.' આમ કહી સ્વામીશ્રીએ વધુમાં જણાવ્યું : 'જીવને વ્યસન-દૂષણ છૂટે અને સત્સંગ થાય એ જ ફાયદો. એનું સ્વાસ્થ્ય સારું થાય એ જ ફાયદો. આર્થિક ફાયદાનો વિચાર ન કરવો.'

*'સહુને આપે શુભ ઉપદેશ, તેમાં સ્વારથ નહીં લવલેશ...'*ની

સ્વામીશ્રીની પ્રકૃતિ કોઈ પણ પ્રવૃત્તિ કે પ્રદેશમાં એકસમાન રહેતી.

દુર્લભ થયા સુલભ

તા. ૧૨/૯ની રાત્રે ભોજન કરવા બિરાજેલા સ્વામીશ્રી સામે બેઠેલા એક-એક હરિભક્ત પર નજર ફેરવી સૌને સુખ આપી રહેલા. તેઓની આ અમૃતદૃષ્ટિ જ બે દિવસના લાભ માટે સેંકડો-હજારો કિલોમીટરનાં અંતર કાપીને આવેલા ભક્તોને કૃતાર્થ કરી મૂકતી.

આ ક્રમમાં એક હરિભક્ત પર નજર જતાં જ સ્વામીશ્રી બોલી ઊઠ્યા: 'અહોહો, અમૃતલાલ! આવી ગયા ને! દર્શન થઈ ગયાં ને!'

સ્વામીશ્રીના આ મધમીઠા આવકારમાં અમૃતલાલ સાચે જ અમૃત-પાનનો અનુભવ કરી રહ્યા. તેઓએ રાજી થતાં સ્વામીશ્રીને કહ્યું:

'આપને મળવા વેસ્ટ ચેસ્ટરમાં બહુ પ્રયત્ન કર્યો પણ મેળ ન પડ્યો. સંત દુર્લભ! સંતનાં દર્શન દુર્લભ! સંતની વાણી દુર્લભ! સંત સાથે ટેલિફોન પર વાત દુર્લભ! એ તો બરાબર, પણ સંતને પત્ર લખવો હોય તો સંતનું સરનામુંય દુર્લભ! મારે પત્ર લખવો હતો તો કોઈ સરનામુંય નહોતું આપતું.'

આ સાંભળી ખડખડાટ હસી પડતાં સ્વામીશ્રી બોલ્યા:

'આ ક્વિન્ટલ (ક્લિન્ટન) દુર્લભ છે ને! એને મળવું હોય તો એમ ને એમ મળાય? તો આ તો ભગવાન અને એમના સંતને મળવાની વાત છે. એ તો દુર્લભ હોય જ ને! પણ આપણા માટે સુલભ થયા છે એટલે ખબર પડતી નથી. આ તો મફતમાં એન્ટ્રી મળી ગઈ છે. અમે ગ્યા'તા રાષ્ટ્રપતિ રાધાકૃષ્ણન્‌ને મળવા. મળતાં-મળતાં તો સાત પોલીસ ચોકીએ રોક્યા. ત્યારે આ તો એથીયે મોટી વાત! કેટલું મોટું ભાગ્ય હોય ત્યારે મેળ ખાય!'

સ્વામીશ્રીની આ વાણી સાંભળી સૌનાં અંતર પ્રાપ્તિના કેફથી ભરાઈ આવ્યાં.

સ્થાવર જંગમ એ છે વ્યાપક

તા. ૧૨/૯ની રાત્રે સ્વામીશ્રીનાં ભોજન દરમ્યાન ચાલી રહેલાં અહેવાલ કથનમાં ટોરોન્ટો મંડળના કાર્યકર શ્રી રમણિકભાઈ પટેલે સ્પોન્સર વૉકની વાત માંડતાં સ્વામીશ્રીને જ કહ્યું: 'સ્પોન્સર વૉકમાં સૌ પ્રથમ આપનું ફૉર્મ ભરવાનું છે. તેમાં નામની સાથે આપનું સરનામું શું લખું?'

આ પૂછપરછમાં રમૂજના મિષે સ્વામીશ્રીનો પરિચય પામવાની મથામણ હતી, પરંતુ તેમાંથી રમૂજના રસને ઘૂંટતાં સ્વામીશ્રી હળવાશથી બોલ્યા: 'સરનામા વગરના માણસ છીએ અમે તો! અમે તો આજે અહીંયાં ને કાલે બીજે. અમારે ક્યાં ઠેકાણું હોય છે? એટલે તમારે જે લખવું હોય એ લખો ને!'

'તો અમારે સરનામા વગર લખવું?'

'સરનામા વગર લખીશ તો તો સારું. અમે ગમે ત્યાં હઈશું ત્યાં પહોંચી જશે, કારણ કે અક્ષરધામ તો બધે જ છે.' મર્માળું હસતાં સ્વામીશ્રીએ ઉચ્ચાર્યું.

તેઓના આ ઉદ્‌ગારોએ ચારેકોર આનંદનો ફુવારો છાંટી દીધો.

ભગવાન અખંડ સાથે જ છે

તા. ૧૩/૯ની સાંજે સ્વામીશ્રીની મુલાકાતે આવેલા પ્રસિદ્ધ પત્રકાર શ્રી રોન પટેલના તર્કશીલ મગજ પર સ્વામીશ્રીની શ્રદ્ધાનો અમીટ પ્રભાવ પથરાયેલો. તેથી જ તેઓએ સ્વામીશ્રીને પૂછ્યું: ''મારા મનમાં એક સવાલ જાગે છે કે 'આપ જ્યારે બાયપાસ ઑપરેશન પછી ભાનમાં આવ્યા ત્યારે આપને સૌથી પહેલો વિચાર કયો સ્ફુર્યો હતો?''

'પહેલો વિચાર તો ઠાકોરજીનાં દર્શન થાય એ જ હતો.'

''આપ ભાનમાં આવ્યા ત્યારે આપને દિલમાં એવો ખેદ ન થયો કે 'હું અહીં પાછો આવ્યો પરંતુ ભગવાન પાસે પહોંચી ન શક્યો?''

'ના, ભગવાન અખંડ સાથે જ છે.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓનો આ ત્વરિત, ટૂંકો અને પ્રતીતિકર ઉત્તર શ્રી રોનને ચોંકાવી ગયો.

એ ચમકારો અનુભવી તેઓએ આગળ કહ્યું: 'મને એવો ખ્યાલ છે કે બધા જ ધર્મો માને છે કે આ લોકમાં રહેવું તેના બદલે મુક્તિ પામીને, આપણા પહેલાં લોકો જ્યાં પહોંચ્યા છે ત્યાં ભગવાનની પાસે જવું છે.'

'આપણે તો એક જ વિચાર છે કે ભગવાનની ઇચ્છા હોય ત્યાં સુધી આ દેહે કરીને ભગવાનની સેવા કરવી છે. મનમાં એક જ વાત છે કે 'ભગવાનની ઇચ્છા હશે એમ જ થશે!' એમની ઇચ્છા મુજબ જ આ જીવન છે. ભગવાનની ઇચ્છા હશે તો એ રાખશે અને જે સેવા કરવાની હશે તે થશે.'

સ્વામીશ્રીએ ઉચ્ચારેલી ઉપરોક્ત વાતમાં એકેય વાક્ય 'ભગવાનની ઇચ્છા' એ શબ્દપ્રયોગ વિના પૂરું ન થયું.

તે જોઈ આ પ્રતિષ્ઠિત પત્રકારે જણાવ્યું: 'તમે હંમેશાં તમારાં બધાં જ પ્રશ્નો, સંકટો, સમસ્યાઓ ભગવાન પર જ છોડી દો છો. આ બહુ કહેવાય!'

'હા, જે થવાનું હશે તે થશે, પણ 'મહારાજની ઇચ્છા પ્રમાણે જ થાય છે' એ ધ્યેય પહેલેથી જ! ભગવાને આ શરીર અને સેવા આપ્યાં છે તો એમની જ્યાં સુધી ઇચ્છા હશે ત્યાં સુધી સેવા કરાવશે, જીવન જિવાશે.'

સ્વામીશ્રીની વાતમાં વળી 'ભગવાનની ઇચ્છા' ઘૂંટાઈ. તેથી અમેરિકન માતાની કૂખે જન્મેલા આ ખબરપત્રી પણ ડોલી ઊઠતાં બોલી ગયા: "મને લાગે છે કે આટલા માટે જ આપને આટલી બધી ચાહના મળી છે. બીજા કેટલાય ધર્મોપદેશકો છે જેમને કદાચ વિચાર સુધ્ધાં નહીં આવ્યો હોય કે 'આ બધું જ ભગવાનની મરજીથી જ થાય છે ને હું ભગવાનનો દાસ છું ને ભગવાનની શક્તિથી જ હું કાર્ય કરી શકું છું.' એમને તો એ જ મનમાં હોય કે 'મારે હજુ જીવવું છે ને આમ કરવું છે, તેમ કરવું છે."

આટલું કહી સ્વામીશ્રીના અંતરની નિર્મળતા અનુભવતાં શ્રી રોન બોલ્યા: 'આપ જે કાંઈ કાર્ય કરો છો એમાં આપના અંતરના શુદ્ધ, પવિત્ર ભાવ છે. એમાં ક્યાંય બીજા ભાવનો ડાઘ નથી. પહેલાં ભગવાન, પાછળ બીજું બધું ચાલે છે.'

'અમારા ગુરુએ પહેલેથી જ એ મંત્ર આપ્યો છે. દેહભાવ ટાળીને, ભગવાનની ઇચ્છા મુજબ જીવન જીવવું અને સેવા કરવી.'

સ્વામીશ્રીના ઉત્તરમાં પુનઃ 'ભગવાનની ઇચ્છા' ઝળકતાં શ્રી રોન પોકારી ઊઠ્યા: 'It's such an unusual thing!' – 'આ એક અસાધારણ બાબત છે!'

તે પછી તેઓએ ત્રણ વર્ષ પૂર્વેની સ્મૃતિ તાજી કરતાં જણાવ્યું: 'હું આપના જન્મસ્થાનમાં ગયો હતો. એ સાવ કેવું નાનું ઘર! આ વિશ્વનો એ કેટલો નાનો ખૂણો! આ વિશાળ દુનિયામાં એ નાનકડા ગામની સાવ સામાન્ય હસ્તી! હું તો એ વિચારમાત્રથી મુગ્ધ થઈ જાઉં છું કે એ નાનકડા ઘોડિયામાંથી આપ આજે આ સ્થાન પર પહોંચ્યા છો. એ માર્ગ કાપતાં આપને કેટલાં પગલાં ભરવાં પડ્યાં હશે! આજે આપનું વર્તમાન સ્થાન કેટલું પવિત્ર!'

'એ બધું ગુરુની કૃપા છે. એમના આશીર્વાદ છે. એમણે આ સેવા સોંપી છે. એમની ઇચ્છાથી જ આ બધું કાર્ય થાય છે.' સ્વામીશ્રી બોલ્યા.

જો કે શ્રી રોનને આ ખુલાસો ગળે ન ઊતરતાં તેઓએ કહ્યું: 'એ બધી

વાત સાચી, પણ ચાણસદમાં આપની બાજુના જ ઘરમાં, આ જ જ્ઞાતિમાં બીજો કોઈક બાળક પણ જન્મ્યો હશે. મને ખાતરી છે કે એ બાળક આવા વિશાળ ધર્મનો નેતા નથી બન્યો, લાખો લોકોનો પ્રિય નથી બન્યો. એટલે ચોક્કસ આપનામાં કંઈક જુદું છે.'

'ભગવાનની શક્તિથી જ બધું થાય છે અને ગુરુની કૃપાથી જ બધું થાય છે. ભગવાનની ઈચ્છા એવી હશે એટલે આપણને એવી પ્રેરણા થઈ.'

સ્વામીશ્રીનો આ ખુલાસો સાંભળી 'વળી એ વાત આવી' કહેતાં હસી પડેલા શ્રી રોને કહ્યું : '(ભગવાનની - ગુરુની ઈચ્છાનું) એક મોટું ચક્ર ગોળ-ગોળ ફર્યા જ કરે છે. દરેક વાતે એ જ ઉત્તર આવ્યા કરે છે.'

તેઓની આ મીઠી મૂંઝવણ જોઈ મલકેલા સ્વામીશ્રી બોલ્યા : 'આપણું જીવન એ જ છે. હકીકતે આપણે શું કરી શકીએ ? એમની ઈચ્છાથી જ આ બધું બને છે. તમે પણ નાના ગામમાં અને નાના ઘરમાં જ જન્મ્યા હતા, પણ ભગવાનની ઈચ્છા હતી એટલે આટલા મોટા જર્નાલિસ્ટ બની ગયા. ભગવાનની ઈચ્છાથી અને કૃપાથી પ્રખ્યાતિમાં આવી ગયા.'

'વળી પાછી એની એ વાત આવી !'

'પણ એ સિવાય આપણો ભેટો ક્યાંથી થાય ? આપણો તો કોઈ પરિચય નહીં, પણ ભગવાનની ઈચ્છાથી થયું !'

સ્વામીશ્રીના પ્રત્યેક ઉદ્‌ગારમાંથી ફૂટતી 'ભગવાનની ઈચ્છા'ની વાતથી હવે તો શ્રી રોન ખડખડાટ હસી પડ્યા. તેઓનું તાર્કિક, બૌદ્ધિક, શંકાશીલ માનસ સ્વામીશ્રીની ભગવત્‌શ્રદ્ધા સામે ઝૂકી પડ્યું.

તેની પ્રતીતિ કરાવતાં તેઓએ આજની સાયંસભામાં જણાવ્યું :

''મેં એમને કેટલાક વાંકડા-વાંકડા પ્રશ્નો પૂછ્યા, પણ તેમાંથી સૌ પ્રથમ અને અગત્યની વસ્તુ બહાર ઊઠી આવી તે છે – પ્રમુખસ્વામીના આત્માની પવિત્રતા અને નિર્મળતા. પ્રમુખસ્વામીમાં મને જે જોવા મળ્યું તે બીજે જોવા નથી મળ્યું. તમે એમને ગમે ત્યારે પ્રશ્ન પૂછો, ગમે તે પ્રશ્ન પૂછો, પણ ઉત્તર એકદમ પ્યોર ! એ ઉત્તરોમાં ક્યાંય પ્રસિદ્ધિનો આશય નહીં કે ક્યાંય કંઈક સ્વાર્થવૃત્તિનો ભાવ નહીં.

અને છેલ્લે એક વધુ વાત. ગમે તેમ પણ તેમનું ગામ મારા ગામની સાવ જ નજીક છે. મારી જ્ઞાતિ પટેલ છે, તેઓ પણ પટેલ જ્ઞાતિના છે. મને એમ લાગે છે કે ક્યારેક હજાર વર્ષમાં એવું બન્યું હશે જ કે આ ગામ અને એ

ગામ વચ્ચે મેળાપ થયો હશે! અને એટલે જ આજે અને હવેથી કાયમ માટે જીવનભર હું એમને કહીશ – Uncle swami! (કાકા સ્વામી!)'

આ લાગણી સાથે વિશ્વ કક્ષાના એક પત્રકારે પ્રવચન પૂરું કર્યું ત્યારે સ્વામીશ્રીને વધાવતા ગુંજી ઊઠેલી તાળીઓનો ગડગડાટ એક જ પડઘો પાડી રહ્યો: *'તુજ સરખું નહીં કોઈ સ્વામી...'*

સૌના આ અનુભવને અનુમોદન આપતા હોય તેમ આજની સભામાં ઉપસ્થિત સંયુક્ત રાષ્ટ્રસંઘના ઉચ્ચ પદાધિકારી શ્રી બાવા જૈન પણ બોલી ઊઠ્યા: 'स्वामीजी! जब मैं आपको देखता हूँ तब मुझे मेरे गुरुजी (मुनि श्री सुशीलकुमारजी) की याद आ जाती है। जिस राह पर गुरुजी मुझे ले गए थे उसी मार्ग पर आप मुझे ले जा रहे हैं — ऐसा मुझे लग रहा है।'

સ્વામીશ્રીનું સાંનિધ્ય જ એવું હતું કે કોઈનીયે મોક્ષની મજલ અટકી ન પડે.

આખું અમેરિકા રંગવું છે

સ્વામીશ્રીનાં પ્રેમ, પરિશ્રમ અને પ્રતિભાથી હરણફાળ ભરી રહેલા અમેરિકાના સત્સંગમાં આ સમયે ૨૦ મંદિરો અને ૧૪૮ સત્સંગકેન્દ્રો કાર્યરત હતાં. તેના સૂત્રધાર સમા સો જેટલા કાર્યકરોની મીટિંગને સંબોધતાં સ્વામીશ્રીએ તા. ૧૯/૯ના રોજ જણાવ્યું: 'આખું અમેરિકા રંગવું છે. બધાં જ સ્ટેટની અંદર આપણાં મંદિરો અને મંડળો જામી જાય એ થશે. એ એક દા'ડે થઈ જતું નથી પણ બધાએ ઝંપલાવ્યું છે તો સર્વે સિદ્ધ થશે.'

આટલી આર્ષવાણી ઉચ્ચારી શિકાગોના કાર્યકરોને મંદિરના નિર્માણ સંબંધી હાકલ મારતાં સ્વામીશ્રીએ કહ્યું:

'તમે બધા તૈયાર રહેજો. *અતિ આદર્યું કામ અતોલ...* ટાર્ગેટ પ્રમાણે કામ થવું જ જોઈએ. તમે ગ્રાફ કર્યો છે? આટલા દા'ડામાં પાયાનું કામ, પાયાથી ઉપર આટલા દહાડામાં, એનો ગ્રાફ કરજો. એની સાથે એનો ખર્ચો પણ કાઢજો કે આ ગ્રાફ અહીં સુધી જાય તો આટલો ખર્ચો થાય, તો આટલાં નાણાં ભેગાં થવાં જ જોઈએ. ગ્રાફ પ્રમાણે પૈસા જોઈએ, એ પ્રમાણે માણસ જોઈએ, એની બરાબર ગણતરી કરજો. ગ્રાફ નક્કી થવો જોઈએ. એ પ્રમાણે મગજમાં રહેવું જ જોઈએ. એટલું કામ થવું જોઈએ. એ માટે અઠવાડિયામાં બે-ત્રણ વખત તો મીટિંગમાં ભેગા થજો જ! તો કામની કાંઈક ખબર પડશે.'

આ રીતે આયોજનનો એકડો સ્વામીશ્રીએ ઘૂંટાવી આપ્યો.

તે અનુસાર તેઓએ અમેરિકામાં પણ અક્ષરધામનું નિર્માણ કરવાનાં ચક્રો ગતિમાન કરી દીધેલાં. તેમાં સહયોગ આપવાની પ્રેરણા સિંચતો એક કાર્યક્રમ તા. ૧૯/૯ની સાયંસભામાં રજૂ થયો.

સૂચનાઓનું શીર્ષાસન

તા. ૨૧/૯ના રોજ એડિસનથી ન્યૂયોર્ક આવેલા સ્વામીશ્રી અહીં તા. ૨૨/૯ની સાંજે ડૉ. દયાનંદ નાયકના દવાખાને પધાર્યા. આ કાબેલ તબીબ ટૂંક સમયમાં જ ૩૦,૦૦૦ સભ્યો ધરાવતા ભારતીય ડૉક્ટરોના અમેરિકી ઍસોસિયેશન(AAPI)ના પ્રમુખ તરીકે નિયુક્તિ પામવાના હતા. છતાં તેઓ આજે મર્યાદા સાચવવા પોતાનાં મહિલા મદદનીશને દૂર રાખી સ્વામીશ્રીના સ્ટ્રેસ ટેસ્ટની તમામ વ્યવસ્થા જાતે જ કરી રહેલા.

આ રીતે તેઓએ સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય ચકાસ્યા બાદ અતિ સંતોષ વ્યક્ત કરતાં સ્વામીશ્રીને જણાવ્યું: 'આપનું હૃદય ખૂબ જ તંદુરસ્ત છે. આપની ઉંમરની વ્યક્તિ બાયપાસ સર્જરી પછી બે-ત્રણ મહિને આ ટેસ્ટ કરાવે ત્યારે બે મિનિટમાં તો તે હાંફી જાય. વધુમાં વધુ ત્રણ - સાડા ત્રણ મિનિટે તો અમારે મશીન બંધ જ કરી દેવું પડે, જ્યારે આપ સાડા પાંચ મિનિટ કરતાંય વધુ ચાલ્યા !'

આમ, સ્વાસ્થ્ય અંગે ખુશી વ્યક્ત કરી આ નિષ્ણાત ડૉક્ટરે સ્વામીશ્રીને કેટલીક ભક્તિસભર ભલામણો કરી કે –

'ડિસેમ્બર મહિના સુધી તો આપે સંપૂર્ણ આરામ જ કરવો.

વ્યક્તિગત મુલાકાતો સદંતર બંધ કરી દેવી. કદાચ તે શક્ય ન બને તો રોજ ફક્ત પાંચ જ વ્યક્તિઓને મળવું.

વિચરણ પણ સંપૂર્ણ સ્થગિત કરી દેવું. છતાં તે કરવું જ હોય તો એક સ્થળે ઓછામાં ઓછું એક મહિનો રોકાવું.

પ્રવચન પણ અઠવાડિયે એક જ વાર આપવું. આ કાર્યક્રમ મહિને એક વાર થાય તો તો ઘણું સારું...'

ડૉક્ટર દ્વારા કહેવાતી આ સૂચનાઓ અક્ષરવત્સલદાસ સ્વામી રોજનીશીમાં ટપકાવી રહેલા તે સ્વામીશ્રીથી અજાણ્યું ન રહ્યું. તેથી દવાખાનેથી વિદાય બાદ ન્યૂયોર્ક મંદિરે જવા નીકળેલા તેઓએ પેલા લહિયા

સંતને પ્રથમ તો તાકીદ જ કરી દીધી કે 'ડૉક્ટરે આપેલી સૂચનાઓ તમારે કોઈને કહેવી નહીં.'

જો આ વાત વહેતી થાય તો પોતાનું વિચરણ અટકે અને હરિભક્તોને મળવાનું ઘટે – તેવી દહેશતથી સ્વામીશ્રીએ મૌન સેવવાનો આ આદેશ આપી દીધો.

પરંતુ દોડતી ગાડીએ વિચાર બદલતાં તેઓએ પેલા સંતને કહ્યું :

"તમે એક કામ કરજો. આપણે મંદિરે પહોંચીએ ત્યારે સભામાં જ સૌને જાહેરાત કરી જણાવી દેજો કે ડૉક્ટરે સ્વામીને તપાસી 'સ્વાસ્થ્ય સારું છે' તેમ જણાવ્યું છે અને 'હવે પૂર્વવત્ વિચરણ કરવામાં વાંધો નથી' એમ પણ કહ્યું છે."

સ્વામીશ્રીએ આપેલી આ સલાહમાં દાક્તરી સૂચનાઓનું શીર્ષાસન થતું જોઈ અક્ષરવત્સલદાસ સ્વામીએ આશ્ચર્ય અને આંચકો અનુભવ્યાં. સ્વામીશ્રી ડૉક્ટરની સલાહને અવગણીને એટલે કે પોતાના સ્વાસ્થ્યને જોખમમાં મૂકીને ભક્તોને રાજી કરવા થનગની રહેલા. આવી વિગત જણાવતાં કોની જીભ ઊપડે ?

પરંતુ મંદિરે પહોંચતાં જ ચિક્કાર ભરાયેલી સભામાં સ્વામીશ્રીએ પેલા સંતની જાહેરાતનો કાર્યક્રમ સામેથી ગોઠવાવી દીધો. તે મુજબ આ સંત સ્વાસ્થ્યના સમાચાર આપવા માંડ્યા ત્યારે એકીટશે તેઓને નીરખી રહેલા સ્વામીશ્રી બરાબર ધ્યાન રાખતા હતા કે આડકતરી રીતે પણ ડૉક્ટરે આપેલી સૂચનાઓનો ક્યાંય ઉલ્લેખ તો નથી થઈ જતો ને !

છેવટે સ્વામીશ્રીની રુચિ મુજબ જ ઘોષણા થઈ ગઈ કે 'હવે સ્વામીશ્રીને પૂર્વવત્ વિચરણ કરવાની અનુમતિ ડૉક્ટરે આપી દીધી છે.'

આ ઉદ્‌ઘોષણાની પાર્શ્વભૂમિકાથી અજાણ ભક્તોએ તો આ સમાચારને તાળીઓના ગડગડાટથી વધાવી લીધા, પરંતુ સ્વામીશ્રીની દેહ પ્રત્યેની અનાસક્તિ, ભક્તો વિશેની પ્રીતિ અને સત્સંગ વધારવાની લગનીનો આ એક અનુપમ દાખલો જાણકારોને તો દંગ જ કરી ગયો !!

અમે કોઈને છેતરવા આવ્યા નથી

તા. ૨૪/૯ની રાત્રે વાળુ-ચળુંથી પરવારી મંદિરની પાછળના ભાગે મીટિંગ હૉલમાં પધારેલા સ્વામીશ્રીએ અત્રે દોઢ કલાક સુધી સંઘનિષ્ઠા દૃઢાવતાં

શાશ્વત સિદ્ધાંતસૂત્રો ઉચ્ચાર્યાં. તેના અંતે સૌ વતી આભાર માનતાં એક અગ્રણી કાર્યકર બોલ્યા : 'બાપા ! અમને માફ કરો. અમે સાવ તુચ્છ માણસો...'

'અરે ! આ તુચ્છ કહેવાય ? આ તો બધા ભગવાનના ભક્તો છે, માથાના મુગટ છે. એને તુચ્છ ન કહેવાય. જોગીબાપાનો બધાને સાક્ષાત્ સંબંધ છે !' સ્વામીશ્રીએ સ્પષ્ટતા કરી.

આ મહિમાદૃષ્ટિથી સૌને નીરખતા અને સઘળે વિચરતા તેઓ તા. ૨૬/૯ની રાત્રે ૮:૪૦ વાગ્યે લંડન જવા નીકળ્યા ત્યારે અમેરિકા ખાતેના ૮૪ દિવસના રોકાણમાં તેઓએ કંઈકને ચોરાશીમાંથી બહાર કાઢી નાંખેલા !

તે જ હેતુસર તા. ૨૭/૯ની સવારે ૭:૫૦ વાગ્યે લંડન પધારેલા સ્વામીશ્રી આ વખતે લંડનને 'બાયપાસ' કરી ભારતથી સીધા અમેરિકા પહોંચી ગયેલા. તે સંદર્ભમાં હરિભક્ત શ્રી અરુણકુમારે તેઓની લાક્ષણિક શૈલીમાં તાળીનો પટાકો મારતાં પૂછ્યું : 'બાપા ! મારો વા'લો છેતરી ગયો. અક્ષરધામમાં તો આવું નહીં કરો ને ?'

'અમે કોઈને છેતરવા આવ્યા નથી.' આટલું કહી ઓરડામાં પ્રવેશી ગયેલા સ્વામીશ્રીના શબ્દોમાંથી તેઓની જીવનશૈલી ઊઘડી ગઈ.

તે સાથે સ્નાનાદિ નિત્યક્રમથી પરવારેલા તેઓ જેટલેગને ગણકાર્યા વગર દિવસ આખો રાબેતા મુજબ જ કાર્યરત રહ્યા. તેથી જ્યારે તેઓ રાત્રે આરામમાં જવા ઊભા થયા ત્યારે સંતોએ કહ્યું : 'સ્વામી ! કાલે સવારે શાંતિથી ઊઠજો. આમેય કાલે સોમવાર છે એટલે સવારે બધા રિટાયર્ડ માણસો જ આવશે.'

'એ બધા ભલે ને રિટાયર હોય, પણ આપણે આપણી ભક્તિમાં ક્યાં રિટાયર થવાનું છે ? આપણે તો ટાઇમે-ટાઇમે કરી જ લેવાનું. ઠાકોરજીની ભક્તિમાં રિટાયર ન ચાલે.' આમ કહી સ્વામીશ્રી પોઢ્યા.

તેઓની ભક્તિ સ્થળ, સંખ્યા, સંજોગ વગેરેને આધીન નહોતી.

કથા-વાર્તા, ભજન એ જ મૌન

તા. ૨૮/૯ની સવારે મુલાકાતો બાદ પત્રવ્યવહારમાં પરોવાયેલા સ્વામીશ્રી સમક્ષ અક્ષરવિહારીદાસ સ્વામી એક પત્ર વાંચવા બેઠા, પરંતુ ગૂંચવાડાભર્યું લખાણ અને ગરબડિયા અક્ષરોએ તેઓને ગૂંચવી મૂક્યા. છતાં એ લાંબા પત્રની સઘળી વિગતો શાંતિથી સાંભળી રહેલા સ્વામીશ્રી છેલ્લે

જ્યારે સમગ્ર પત્ર વંચાઈ ગયો ત્યારે બોલ્યા: 'આ માણસ આ પ્રશ્ન માટે મારી પાસે દસ વખત આવી ગયો છે!'

આ જાણતાં જ પેલા સંત ચોંકી ઊઠ્યા, કારણ કે ધીરજના ધામ સમા સ્વામીશ્રી એક-એક પત્ર અને એક-એક વ્યક્તિને કેવી સહાનુભૂતિથી સંભાળતા તેના નમૂનારૂપ હતો આ અનુભવ!

આ અનુભૂતિથી અનેકને તરબતર કરતા સ્વામીશ્રીના મુખેથી આજે પોઢતાં પૂર્વે એક સૂત્ર સરી પડ્યું: 'કથા-વાર્તા, ભજન એ જ મૌન છે.'

તેઓએ સમજાવેલા મૌનના આ મર્મમાં મનન અને મૌલિકતા – બંને છે.

આ જ રીતે તા. ૨/૧૦ના રોજ એક પ્રાસંગિક વાર્તાલાપમાં સ્વામીશ્રીના મુખેથી મોતી ખરી પડ્યું કે 'નમ્રતા એ નિર્બળતા નથી. નમ્રતામાં જ શક્તિ છે.'

આજે બધા પ્રતિજ્ઞા લો કે...

લંડનના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ જાણે તિલક-ચાંદલાનું અભિયાન છેડી દીધેલું. આ માટે ક્યારેક પ્રેમ પીરસતા, ક્યારેક અસ્મિતા જગાવતા, તો ક્યારેક મર્મભેદક વ્યંગ દ્વારા સૌને શ્રીજીમહારાજની આજ્ઞા દૃઢાવતાં તેઓ કહેતા કે –

"કપાળ કેમ કોરું છે? કોઈ ના પાડે છે?... મનના મોળા, બીજું કશું નહીં... આમ શું મોટું તાવડી જેવું કોરું કપાળ લઈને ઊભા છો? તમને ઘરના લોકોનેય મારે કહેવું પડે?!... કપાળ કોરું કોણ રાખે? જેનો ધણી ચાલી ગયો હોય તે! તમે સારા માણસ થઈને શું આવું કરો છો? તમે ન કરો એ કેવું લાગે?... હું એમ કેઉં છું કે એમાં શરમ શું? આ ટાઇ-પાટલૂન ને ચશ્માં પહેરતાં શરમ લાગે છે તમને? આ વાળ મોટા રાખ્યા એમાં શરમ આવે છે? બસ, તો હવે ફરી કહેવું ન પડે. તિલક-ચાંદલો કરવા જ માંડો. આજથી જ ચાલુ કરી દો... અમારા ભેગા આટલું ફર્યા તોય તમારું કપાળ કોરું છે. આમ કેમ ચાલે? તિલક-ચાંદલો ધડાકાબંધ કરવો... કૂતરું ભસે એની ચિંતા નહીં. ટીકા કરનારા તો કર્યા કરે. આપણો સિદ્ધાંત છે એમાં તો દૃઢતા અને વિશ્વાસપૂર્વક થવું જ જોઈએ. આમાં ખોટું શું કરીએ છીએ? ડુ યુ અન્ડરસ્ટેન્ડ? (શું તમે સમજ્યા?)... આ એક-બે દા'ડાની વાત નથી. સ્વામીને દેખાડવા માટે નહીં. લાઇફ ટાઇમ(આજીવન)નું પાકું રાખજો. વેરી ગુડ (ખૂબ સરસ)... તિલક-ચાંદલો કરવાથી જો તમને લંડનમાંથી કોઈ કાઢી મૂકે તો

મારી પાસે આવજો, જાઓ !...''

આ જ રીતે ઘરસભાને ઘૂંટાવતાં સ્વામીશ્રીએ તા. ૩/૧૦ના રોજ યુવાદિનની સભામાં જણાવ્યું :

''ઘરસભાથી ઘણો ફાયદો થાય છે. દરેક વાતમાં 'આ કરવાથી શું લાભ ?' એ પ્રશ્ન ઊઠે છે ત્યાં સુધી કાંઈ સમજ્યા જ નથી. ઘરસભામાં સેટ થવામાં ટાઇમ લાગે તો મૂકી ન દેવું. એક મકાનમાંથી બીજા મકાનમાં જતાં સેટ થવામાં વાર લાગે, એમ ઘરસભામાંય થાય. બૈરાં બીજાં કામમાં ચાલ્યાં જાય, છોકરાં ઊઠીને બીજે ચાલ્યાં જાય, ભલે કોઈ ન રહે, તોય તમે પ્રયત્ન કરો. એક દિવસ થઈ જશે.

ઘરસભા કરવામાં ટાઇમની મુશ્કેલી નડે છે એ તો કેવળ આપણું અજ્ઞાન જ છે. કેટલોય ટાઇમ વૅસ્ટ (વ્યર્થ) જાય છે એને તમે બચાવો. ઘરસભા સારી રીતે કરી શકીએ એટલો ટાઇમ તો આપણી પાસે છે, છે ને છે જ ! ઘરસભામાં કંટાળો નહીં લાવવાનો. કોઈ ન બેસે તો બધા અક્ષરમુક્તો બેઠા છે – એમ માનીને ઘરસભા કરો. આજે બધા પ્રતિજ્ઞા લો કે 'આ કરવું જ છે !' કાર્યકરોએ તો તિલક-ચાંદલો અને ઘરસભામાં મોળું રહેવું જ નહીં. લિડરનું જીવન શુદ્ધ અને વ્યવસ્થિત હોય તો જ પ્રેરણા મળે. અમે તમારો આભાર માનીએ છીએ કે તમે શ્રદ્ધા રાખીને આ (તિલક-ચાંદલો અને ઘરસભા) કરતા રહેશો. બસ ! ભૂલશો નહીં.''

સ્વામીશ્રીએ ખીલવેલી સત્સંગવેલીમાં તેઓની આવી કથા-વાર્તા ખાતર-પાણી જેવાં ગણી શકાય. ટાણું-કટાણું કે પાત્ર-કુપાત્ર જોયા સિવાય તેઓ વરસ્યે જ જતા.

સારી ગાડી આપે તો અમને મૂંઝવણ થાય

તા. ૩/૧૦ના રોજ યોજાયેલા યુવાદિનના એકેએક કાર્યક્રમમાં ભળી જઈ સ્વામીશ્રીએ એવી તે રસલહાણ કરાવી કે આ આયોજન સમયની પાળ વળોટીને વહેતું રહ્યું. તેથી સભાના અંતે યુવકોએ ગદ્‌ગદભાવથી સ્વામીશ્રીને કહ્યું : 'આજે અમે આપને ઘણો ભીડો આપ્યો તો માફ કરજો. આપનો ખૂબ સમય લીધો. મોડું થઈ ગયું...!'

'મોડું કાંઈ થયું નથી. તમારા (યુવકો) માટે તો જોગી મહારાજે અનંત ટાઇમ આપ્યો છે. એટલો ટાઇમ તો હું આપી શકતો જ નથી.'

આ મમતા વહાવી સ્વામીશ્રીએ વધુમાં જણાવ્યું: 'આભાર તો તમારો મારે માનવાનો કે તમે અત્યારે આવા યુગમાં રહીને સમયનો ભોગ આપો છો, આયોજન કરો છો, બાળ મંડળ - યુવક મંડળ ચલાવો છો. એ અમારા માટે મોટામાં મોટું છે, એ જ તમારો ઉપકાર માનવાનો.'

સંતાનને લાડ લડાવવામાં માતાને કદી ધરવ ન થાય. યુવકો સાથે સ્વામીશ્રીનો નાતો આ કક્ષાનો હતો.

તેના અનુભવી હિતેશ પટેલ અને જયમીન પટેલ આજની રાત્રે સ્વામીશ્રી પાસે આવ્યા. તેઓ સ્વાસ્થ્ય અને વિચરણની રીતે સાનુકૂળ રહે તેવી એક સુવિધાસજ્જ મોટર સ્વામીશ્રીને ભેટ આપવા માંગતા હતા, પરંતુ આ બાબતે સંમતિ ન આપતા સ્વામીશ્રીને જોઈ ઓરડામાં પાછળ ઊભેલો એક યુવક પ્રદીપ પટેલ બોલ્યો: 'બાપા! ગામડાંના આપના વિચરણમાં આવી જ ગાડી જોઈએ.'

આ સાંભળી મસ્તક પાછળ ફેરવતાં સ્વામીશ્રી તે યુવાનને કહેવા લાગ્યા: 'તું હવે રહેવા દે ને! ગામડાં-ગામડાં કરે છે પણ તને ખબર છે ગામડે કેવી રીતે ફરાય છે? તું કોઈ દા'ડે ગામડે ફર્યો છે? અને અત્યારે મને કોઈ ગામડે ફરવા દે છે? તારે ફરવું હોય તો તું ગાડી લઈને ફર્યા કરજે. અમારે નથી જોઈતી. અમે તો જેમ છીએ તેમ બરાબર છીએ.'

સ્વામીશ્રીના આ પુણ્યપ્રકોપના પવનથી પેલો પ્ર-દીપ તો ઠરી જ ગયો.

મોટરનો પ્રસ્તાવ લઈને આવેલા બે યુવાનોને પણ સ્વામીશ્રીએ શાંતિથી સમજાવ્યા કે 'અમે અમારી રીતે નિરાંતે ફરીએ છીએ. અમને મફતમાં સારી ગાડી આપે તોય જોઈતી નથી. આપે તો અમને મૂંઝવણ થાય. એટલે એ વાત પડતી જ મૂકો.'

સ્વામીશ્રીનાં આ વચનોમાંથી ઊઠેલો તેઓનાં તપ-ત્યાગનો પડઘો સૌનાં અંતરને ભરી રહ્યો.

બીજાનો વિચાર કરે એ માણસ

તા. ૬/૧૦ની સાયંસભામાં ગવાયેલા કીર્તન *'જીવન જીવી જાણ્યું નહીં તો...'*ના આધારે અમૃતધારા વહાવતાં સ્વામીશ્રીએ કહ્યું:

'આપણો પ્રાણ ભગવાન છે. એમના આદેશો ઝીલીને જીવન નથી કર્યું તો જિંદગી નકામી છે. દેશમાંથી અહીં પાઉન્ડ કમાવા આવ્યા પણ અહીં

જિંદગી બગડી તો શું કામનું? જવાબદારીનો વિચાર રહેવો જોઈએ. પહેલો વિચાર આવવો જોઈએ – મારી પછવાડે મારું કુટુંબ. બીજો વિચાર આવે – મારી પાછળ મારો સમાજ. ત્રીજો વિચાર આવે – ભગવાને શરીર આપ્યું છે તો ભગવાન માટે કંઈક કરવું છે. તમે તમારા એકલાનો વિચાર ન કરો. બીજાનો વિચાર કરે એ માણસ, ધર્મનો વિચાર કરે એ માણસ. પોતાનો જ વિચાર કરે એ પશુ.'

સ્વામીશ્રીએ ખૂબ વેધકતાથી પાશવી અને માનવીનો ભેદ સ્પષ્ટ કરી આપ્યો.

આ જ રીતે તા. ૧૦/૧૦ના રોજ કિશોરદિન નિમિત્તે આયોજિત કાર્યક્રમ '21 young at heart'માં સ્વામીશ્રી ૨૧ વર્ષના યુવાન બનીને જ ખીલ્યા. તે સભામાં તેઓએ સ્વ-હસ્તાક્ષરમાં લખી આપ્યું કે 'તમે સત્પુરુષમાં દૃઢ આત્મબુદ્ધિ કરશો તો હું હંમેશાં એકવીસ વર્ષનો રહીશ.'

આ સભાનો સમગ્ર કાર્યક્રમ સ્વામિનારાયણ ન્યૂઝ નેટવર્ક (SNN) ટી.વી. ચેનલના માળખા દ્વારા રજૂ થયેલો. તેમાં મંચ પર ખડા કરવામાં આવેલા ટેલિવિઝન સ્ટુડિયોમાંથી એક સમાચાર એવા પણ પ્રસારિત થયેલા કે '૧૯૯૯ના ડિસેમ્બરમાં પ્રમુખસ્વામી મહારાજનો ૭૯મો જન્મોત્સવ લંડન ખાતે ભવ્યતાથી ઊજવાશે.'

આ જાહેરાતની સ્મૃતિ કરાવતાં કિશોરોએ કાર્યક્રમ બાદ સ્વામીશ્રીને પૂછ્યું: 'બાપા! જન્મજયંતીનું નક્કી થઈ જ ગયું ને?'

'એ તો ભગવાનની ઇચ્છાની વાત છે.'

'પણ એ ભગવાન આપનામાં જ બેઠા છે ને!'

'એ બેઠા છે એ જ અત્યારે બોલે છે ને!' આટલું કહેતાં હસી પડેલા સ્વામીશ્રી બોલ્યા: "આપણે દર્શનની ઇચ્છા રાખવી એ બરાબર છે, પણ પછી ભગવાનની ઇચ્છા મુજબ થાય. એમ ન સમજે તો પાછો પડી જાય કે 'મારો સંકલ્પ પૂરો કેમ ન કર્યો?"

'પણ ભગવાન આપનામાં તો સાક્ષાત્ જ રહ્યા છે ને!'

'હા, હા. એ સાક્ષાત્ જ બોલે છે – એ જ વાત કરું છું. આપણે એક વખત વિનંતી કરી દેવી, પછી એમની ઇચ્છા. એ સ્વીકારે તોય ભલે ને ન સ્વીકારે તોય ભલે. આપણે આગ્રહની ભક્તિ નહીં કરવાની.' સ્વામીશ્રીએ જણાવ્યું.

અમારી કૃપાથી તો ભક્ત બનાય

યુવાદિન અને કિશોરદિનની શાનદાર ઉજવણી બાદ તા. ૧૧/૧૦ની સવારથી બાળદિનની છડી પોકારાઈ રહી. વળી, આજે મહિલા મંડળે ઠાકોરજીની સુવર્ણતુલા પણ યોજી હોવાથી વિનોદભાઈ પટેલ, વિનુભાઈ ભટ્ટેસા વગેરે અગ્રણીઓએ પૂછ્યું : 'સ્વામી ! આ તુલાવિધિ ફક્ત મહિલાઓની ઉપસ્થિતિમાં જ થશે, તો આપનો લેખિત આશીર્વાદ-પત્ર મળી શકે ?'

'તમારે જ જણાવી દેવું કે સ્વામી સાથે વાત થઈ છે ને તેઓએ આ પ્રસંગ માટે આશીર્વાદ આપ્યા છે. એ માટે પત્રની કોઈ જરૂર નથી.' સ્વામીશ્રી બોલ્યા.

આ રીતે *'ધર્મ ત્યાગવો નહીં કોઈ દન રે...'*ની શૈલીથી રહેતા તેઓ લંડનના રોકાણ દરમ્યાન રોજ રાત્રે પોઢતાં પહેલાં શયનખંડના દરવાજે દર્શનદાન દેવા પધારતા. આ સમયે રસોડા, પાર્કિંગ જેવા વિભાગોના સ્વયંસેવકો સાથે આબાલવૃદ્ધ ઘણા ભક્તો દિવસની છેલ્લી ઝાંખી ઝડપવા એકઠા થઈ જતા. તેથી એક નાનકડી સભા જેવું જ દૃશ્ય સર્જાઈ રહેતું. તેમાં બેઠેલી કો'ક ને કો'ક વ્યક્તિ કે વિષયને નિમિત્ત બનાવી સ્વામીશ્રી મજાકના મમરા એવા મૂકતા જાય કે આખો હૉલ વાર્તાવિનોદથી ઊભરાઈ જાય ! સ્વયં તેઓ પણ મુક્ત હાસ્ય વેરતા રહે.

આ ક્રમમાં તા. ૧૫/૧૦ના રોજ મંદિરના એક સેવક શ્રી કનુભાઈ બારોટ વાંકા વળીને ભગરિયા પાડાના વેશમાં ગાંગરતાં-ગાંગરતાં સ્વામીશ્રી ભણી આવતા દેખાયા. તેઓનું ખમીસ પકડીને તેઓની પાછળ ઢસડાતા શ્રી હર્ષદભાઈ રાણા બુમરાણ મચાવી રહેલા: 'એય ભગરિયા ! મારે ઘેર નથી આવવું... મારે નથી આવવું...'

યોગીજી મહારાજની બોધકથાનું આ અદલ નિદર્શન જોઈ સ્વામીશ્રી સહિત સૌ હિલોળે ચડી ગયા ત્યારે કો'ક બોલ્યું: 'બાપા ! ગઈકાલે આપે ભગરિયા પાડાની વાત કરેલી, પણ બધા પૂછતા હતા કે ભગરિયો કેવો હોય ?'

'આ ભગરિયો પાડો થયો ને હમણાં...' સ્વામીશ્રીએ પાડાનું પાત્ર ભજવનારા યુવકને બતાવતાં કહ્યું.

તે સાંભળી એ યુવકે જણાવ્યું: 'બાપા ! આપની કૃપાથી...'

'અમારી કૃપાથી તો ભક્ત બનાય યાર ! તું પાડો બનવાની ક્યાં વાત કરે છે ? પશુમાંથી માણસ બનાવવાનું કામ અમે કરીએ છીએ.'

અદ્ભુત મુદ્રા અને લહેકાથી સ્વામીશ્રી આટલું બોલ્યા ત્યાં તો સૌ ઝૂમી ઊઠ્યા.

'સજના હસના હતા કસાઈ રે, તેને સંત મળ્યા સુખદાઈ રે;
*મહાપાપથી તેને મુકાવ્યા રે, આ જક્તમાં ભક્ત તે કા'વ્યા રે...'*નો અનુભવ સ્વામીશ્રીના સાંનિધ્યમાં રોકડો બનતો. તેઓનો આ પરિચય આજે તેઓના જ મુખે પ્રગટ થઈ ગયો. તે સાંભળી આનંદ પામતાં સૌ વીખરાયા.

સર્વે તીર્થ વસે અહીં આવી

તા. ૧૬/૧૦ની બપોરે ચાર વાગ્યે સ્વામીશ્રી આરામમાં જવા માટે પોતાના ઓરડામાં પધાર્યા ત્યારે તિલક પારેખ નામનો એક બાળક તેઓના બાથરૂમમાં ડોકિયું કરી રહેલો. મંદિરની શાળામાં ભણતો તે રોજ શાળાએથી છૂટીને સીધો અહીં આવી પહોંચતો. અત્રે સ્વામીશ્રીનાં શયન-દર્શન કરીને તે ઘેર જતો.

આ ક્રમમાં આજે આવેલો તે કુતૂહલવશ જોતો હતો ત્યારે જ સ્વામીશ્રી ઓરડામાં પ્રવેશ કરી ચૂકેલા, પરંતુ બાળક પોતાના ખાંખાંખોળામાં વ્યસ્ત-મસ્ત હતો. તે દરમ્યાન સ્વામીશ્રી તેની પાછળ આવી ઊભા રહી ગયા અને હસતાં હસતાં એ શિશુનું મસ્તક પોતા તરફ ફેરવી બોલ્યા : 'ત્યાં ક્યાં જુએ છે ? જોવાનું તો અહીં છે. અહીં જો ને !'

બાળકના મિષે સમગ્ર માનવજાતને આ સંદેશો આપી સ્વામીશ્રી આજની સાંજે મંદિરની રૂપચોકીમાં પધાર્યા.

આ અરસામાં આવી રહેલા દિવાળી અને અન્નકૂટોત્સવ નિમિત્તે બ્રેન્ટ કાઉન્સિલે બ્રેન્ટફિલ્ડ રોડના થાંભલે-થાંભલે ૐ અને વીજદીપકો ગોઠવેલા. આ દીવડામાં સ્વામીશ્રીએ ચાંપ દાબી વિદ્યુત્સંચાર કરતાં સમગ્ર માર્ગ રોશનીથી ઝગમગી ઊઠ્યો. તેના ઉજાશમાં તા. ૧૯/૧૦ની સાંજે દિવાળી નિમિત્તે ચોપડા પૂજન અને આતશબાજીના પારંપરિક કાર્યક્રમો ઉમંગભેર સંપન્ન થયા.

સૌનો આ ઉત્સાહ તા. ૨૧/૧૦થી શરૂ થતા વિ.સં. ૨૦૫૫ના પ્રભાતે તો અનેકગણો વધી ગયો. આજથી આરંભાતા નૂતન વર્ષે દેશ-પરદેશથી લાભ લેવા ઊમટી પડેલા સૌને અમૃતધારામાં સ્નાન કરાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

'આપણે તો મહાન ભાગ્યશાળી કે ઘેર બેઠાં જ દ્વારકાનાં દર્શન થઈ

જાય, અડસઠ તીરથ, હરદ્વાર, હૃષીકેશ, જગન્નાથપુરી, રામેશ્વર, તિરુપતિ બાલાજી એ બધાં જ મહાન તીર્થો આજે આપણા લંડન મંદિરમાં આવી ગયાં, કારણ કે અહીં ભગવાન બિરાજે છે. અહીં દર્શન કર્યાં એમને તમામ પવિત્ર નદીઓમાં સ્નાન પણ થઈ ગયું! આખા યુ.કે.નું કહો કે આખા યુરોપનું કહો એવું મહાન તીરથ છે. આ સ્થાન જ એવું છે કે જેમાં આવતાં આપણા વિચારોનો લય થઈ જાય અને શાંતિ થઈ જાય.'

મંદિરનો આ મહિમા ગાઈ સ્વામીશ્રી બોલ્યા :

'અત્યારે બીજું કાંઈ છે જ નહીં, અક્ષરધામમાં જ બેઠા છીએ. દુનિયા-માત્રનો પ્રલય. અત્યારે લંડનેય નથી, યુ.કે.ય નથી, આફ્રિકાય નથી, ઈન્ડિયાય નથી, અમેરિકા, રશિયા, જાપાન કશું જ નથી. અનંત કોટિ બ્રહ્માંડ પણ નથી. અત્યારે આપણે અક્ષરધામમાં જ જઈને બેઠા છીએ. એટલું જ સમજાઈ જાય તો શાંતિ થઈ જાય.'

અંતરની ઊલટમાંથી નીકળેલા સ્વામીશ્રીના આ ઉદ્‌ગારો તેઓની સ્થિતિ સૂચવી ગયા.

દેહભાવ નહીં, દાસભાવ જ

નૂતન વર્ષે અમૃતવર્ષા વરસાવી સ્વામીશ્રી સૌને પ્રણામ કરતાં-કરતાં નિજનિવાસ તરફ આગળ વધી રહેલા ત્યારે જ એક વડીલ હરિભક્તે તેઓને રોકતાં કહ્યું : 'બાપા ! નવા વરસના આશીર્વાદ લેવાના છે, પ્રાર્થના કરવાની છે.'

આ સાંભળતાં જ સ્વામીશ્રી તેઓ તરફ ફર્યા અને પોતાની કેડ પર હાથ રાખી પૂછ્યું : 'હા, બોલો. શું પ્રાર્થના છે ?'

'આપને વિષે ક્યારેય મનુષ્યભાવ ન આવે એ જ પ્રાર્થના છે. ક્યારેક આવી જાય છે, એ ન આવે એ આશીર્વાદ જોઈએ છે.'

ભક્તની આ અરજના પ્રતિસાદમાં સ્વામીશ્રીની વાણી વેગથી વહેવા માંડી કે –

''મનુષ્યભાવ આવવાનું મૂળ શોધ્યું? એ શોધો ને એને દૂર કરો. આપણું મનધાર્યું ન થાય એટલે મનુષ્યભાવ આવે છે. આપણું રાખે તો સારું લાગે, નહીંતર એમ થાય કે આપણે ધાર્યું હતું એવું ન નીકળ્યું ! અગર માન. કોઈક બે શબ્દ નાંખી જાય કે 'સ્વામી તમારા માટે આમ બોલતા હતા.' એટલે ખલાસ ! પણ સમજી રાખો, 'સ્વામી જે કરે એ નિર્ગુણ જ છે. એમાં રાગ-દ્વેષ

એવા કોઈ ભાવો જ નથી.' એટલે જ કહું છું – મૂળ પકડો, મૂળ શોધો. દેહભાવને લઈને મનુષ્યભાવ આવે છે. મોટાપુરુષ આગળ તો દેહભાવ હોય જ નહીં. એમની આગળ તો દાસભાવ જ !"

સ્વામીશ્રીના આ વાક્પ્રવાહે સૌને ચિત્રવત્ કરી મૂક્યા. ત્યાં જ પેલા હરિભક્તે પુનઃ કહ્યું : 'બાપા ! કૃપાદૃષ્ટિ રાખજો.'

'કૃપાદૃષ્ટિ તો છે જ ! એટલે તો વાત કરીએ છીએ. હવે આનાથી વધુ કેટલી કૃપા જોઈએ છે ! મૂળ ગોતી રાખો. દેહભાવ ન હોય તો અભાવ-અવગુણ કાંઈ જ નથી. આનંદ, આનંદ ને આનંદ જ છે. આ જે તમને વાત કરી તે હવે ધારજો ને વિચારજો. આ મળ્યા છે એમાં ભાવફેર ન થાય એ નિર્ગુણ જાણ્યા કહેવાય. આજે સુખ-સંપત્તિ છે, પણ જતી રહે તોય ભાવફેર ન થાય. એમનું બધું જ દિવ્ય, બધું જ કલ્યાણકારી, બધું જ અલૌકિક. બસ ! આ તો વાત કરી. મૂળ પકડજો. લો, નવા વરસના આશીર્વાદ. બોલો, હવે કહેવાનું રહ્યું કાંઈ ?'

નૂતન વર્ષના મંગલ પ્રભાતે સ્વામીશ્રીએ દિવ્યભાવનો દીવડો પ્રગટાવી આપ્યો.

દુનિયામાં દુર્લભ દર્શન

નૂતન વર્ષની સવારથી જ સૌને સ્વામીશ્રીમાં *'જેની આજ્ઞામાં સુરરાજ રે...'*નો અનુભવ થઈ રહેલો, કારણ કે આજે બ્રિટિશ હવામાન વિભાગે કરેલા ભારે વરસાદના વર્તારાને સદંતર ખોટો ઠેરવી સૂર્યદેવ ચારેકોર ઝળહળતો પ્રકાશ વેરી રહેલા. ગરમ શાલ વિના માત્ર એકવડું સુતરાઉ ગાતરિયું ઓઢી બહાર હરી-ફરી શકાય એવું ખુશનુમા વાતાવરણ પ્રસરી ગયેલું. તેથી 'આ સમયે આવી ઋતુ એ સ્વામીશ્રીનો જ પ્રતાપ' એમ આજે આવેલી ૪૨,૦૦૦ની જનમેદનીએ કબૂલ્યું.

આ માનવસંખ્યા ૮૦૦થીયે વધુ વાનગીઓના કલાત્મક અન્નકૂટનાં દર્શન કરવા મંદિરના આંગણે ઊમટેલી. તેઓ સહિત મંદિર અને ઉત્સવનાં દૃશ્યોને બી.બી.સી.એ ૯૦ દેશોનાં ૬૩૦ ટી.વી. સ્ટેશનો પર મોકલી આજના ઉત્સવને વિશ્વવ્યાપી બનાવી મૂક્યો.

સ્વામીશ્રી પણ થાળગાન, ગોવર્ધન પૂજા, આરતી વગેરેના વિધિ બાદ આશીર્વાદ આપતાં બોલ્યા :

'આજે નવા વરસે આ અન્નકૂટનાં આપ દર્શન કરો છો. એનાં દર્શન પુણ્યદાયક છે. તમને આ સ્મૃતિ રહી જશે તો અંતકાળે તમારું કામ થઈ જશે. તમે જોઈ આવો, આવો ભવ્ય અન્નકૂટ દુનિયામાં બીજે ગમે ત્યાં જશો, તમને જોવા નહીં મળે. ભગવાન માટેની આવી ભક્તિ પણ ક્યાંય જોવા નહીં મળે. અંતરની કેટલી ભક્તિ હોય ત્યારે આ થાય છે!'

સ્વામીશ્રીના આ ઉદ્‌ગાર પુનરાવર્તિત કરવાનું મન થાય એવી ઘટના તા. ૨૩/૧૦ની રાત્રે બની.

આ સમયે શયનાધીન થવા પલંગ પર બિરાજેલા સ્વામીશ્રી સમક્ષ એક બાળકને ધરવામાં આવ્યો. તેનું કોરું કપાળ જોઈ સ્વામીશ્રીએ તેને તિલક-ચાંદલો કરવાનો આદેશ આપી દીધો; પરંતુ આટલેથી સંતોષ ન થતાં તેઓએ પોતાની ડાબી કોણી ઓશીકા પર ટેકવી ડાબે પડખે સાવ ઢળી જઈ તે તરફ બેઠેલા બાળક વંદન આશિયરના કપાળે કરેલા ચાંદલા પર પોતાનો જમણો અંગૂઠો દાબ્યો. તેમ કરતાં પોતાના અંગૂઠા પર ઝિલાયેલી એ બાળકના ચાંદલાની છાપ પેલા આગંતુક બાળકના ભાલ પર પાડી સ્વામીશ્રી બોલ્યા: 'જો, કેવો સરસ લાગે છે! આમ જ કાયમ ચાંદલો કરવાનો, હોં!'

આમ કહી તેઓએ સામે બેઠેલા અન્ય એક બાળક ધર્મેશને પણ નજીક બોલાવ્યો અને વંદનના કપાળ પરથી ફરી પોતાના અંગૂઠા પર ચાંદલાની છાપ લઈ આ બાળકના ભાગ્યપ્રદેશને પણ કુમકુમથી અંકિત કરી દીધો. આ બેઉ બાળકોને ચાંદલો થઈ રહ્યો ત્યાં સુધી સ્વામીશ્રી એક પડખે સાવ ઢળેલા જ રહ્યા.

તેઓની આ ચેષ્ટા જોનારા સૌને આજની સવારે સ્વામીશ્રીએ વહાવેલા આશીર્વાદ યાદ આવી ગયા! તેને મમળાવતાં સૌનાં અંતર પોકારી ઊઠ્યાં: 'તમે જોઈ આવો, આવો દિવ્ય પ્રેમ દુનિયામાં બીજે ગમે ત્યાં જશો, તમને જોવા નહીં મળે. બાળકો માટેની આવી લાગણી પણ ક્યાંય જોવા નહીં મળે. અંતરથી કેટલો મહિમા હોય ત્યારે આ થાય છે!'

હા, સ્વામીશ્રીનાં અન્નકૂટ અને આત્મીયતા – બંને દુનિયામાં દુર્લભ!

આશીર્વાદ તો જોરદાર જ હોય છે

તા. ૨૫/૧૦ના રોજ આવેલી લાભ પાંચમના દિવસે જ લંડનમાં સ્વામીશ્રીના લાભ પર પૂર્ણવિરામ મુકાવાનું હોવાથી પ્રાતઃપૂજા બાદ ઉદ્‌ઘોષક યોગવિવેકદાસ સ્વામી બોલ્યા: 'સ્વામીશ્રી આપણને એવા જોરદાર આશીર્વાદ

આપે કે ભાથું ભરાઈ જાય.'

આ ઘોષણાનો જ આધાર લઈ સ્વામીશ્રીએ શરૂઆત કરી :

'જોરદાર આશીર્વાદ કેવા ને ઢીલા-ઢીલા આશીર્વાદ કેવા ને મધ્યમ આશીર્વાદ કેવા? આશીર્વાદ એટલે આશીર્વાદ! આશીર્વાદ તો જોરદાર જ હોય છે, આપણે પાત્ર નથી હોતા, પરંતુ ભગવાન અને સંત એ જોતા નથી. અવગુણ-દોષ ગણતા નથી. એ તો આપણો ભક્તિભાવ જ જુએ છે, આપણી સેવા જુએ છે. હવે તો આપણી દૃષ્ટિ જેટલી એમના પર રહેશે, એટલી એમની આપણા પર રહેશે.'

આશીર્વાદનો આ મર્મ સમજાવી સ્વામીશ્રી ઉતારે પધાર્યા.

આપણે તો બધા જ મુક્ત છે!

ઉતારામાં બપોરના ભોજન દરમ્યાન દર્શને બેઠેલી યુવક મંડળીમાં પાંચ ગામ, છ ગામ, સત્તાવીસ ગામ એમ વિવિધ ગોળની વાતો નીકળી. થોડી વાર તો સ્વામીશ્રીએ ગમ્મતનો આ દોર સરકવા દીધો, પણ છેલ્લે તેને પોતાના હાથમાં લઈ વીંટો વાળતાં કહ્યું : 'મૂળ તો બધા અક્ષરધામના મુક્તો જ છે. આપણે નાત ક્યાં છે ને જાત ક્યાં છે? સત્સંગની દૃષ્ટિએ તો સત્સંગી જ નાત-જાત અને બધે જ અક્ષરધામ. ગામ, નામ, ઠામ – બધું જ ભૂલી જવાનું છે. આપણે તો બધા જ મુક્ત છે!'

પોતાની બ્રહ્મદૃષ્ટિના આ ચમકારાથી સૌને આંજી સ્વામીશ્રી આજની સાંજે દર્શન કરવા મંદિર પર પધાર્યા.

અત્રે પાછળની પ્રદક્ષિણામાં યોગીજી મહારાજની મૂર્તિ પાસે વિદાયના પ્રતીકરૂપે મોટું પોટલું અને પત્તર તથા તુંબડીની ઝોળી મૂકેલી. તે જોતાં જ મુખકમળમાંથી મકરંદ ઝરે એવું અદ્‌ભુત હસી, બીજી જ ક્ષણે અત્યંત ગળગળા થઈ ગયેલા સ્વામીશ્રી યોગીબાપા સાથે સંવાદ સાધતા હોય એમ બોલવા લાગ્યા : 'ક્યાં ઊપડ્યા? ગામડે ફરવાનું છે? ગામડે ફરવાની બહુ મજા આવે છે ને?'

આટલું કહેતાં સ્વામીશ્રીની નજર સામે જાણે ત્રણ-ચાર દાયકા પૂર્વેનો અતીત ખડો થઈ ગયો. તેથી ગામડે-ગામડે ઘૂમતા પોતાના ગુરુનાં એ દર્શનમાં જ ડૂબેલા તેઓની વાણી સરતી રહી :

'જય જોગી મહારાજ! દયાળુ! આપને પ્રતાપે અમારે તો બધું સુખ

થઈ ગયું છે. આપે બહુ દુઃખ વેઠ્યું છે. આવાં મોટાં પોટલાં ઉપાડીને આપ ચાલ્યા છો. આપ તો ગાડાંમાં ફરતા! આપના પ્રતાપે અમારે તો મોટર ને ગાડીઓ ને પ્લેન! દયા કરી છે ખરેખરી! સુખિયા કરી દીધા!'

સ્વામીશ્રીના આ ભાવપ્રવાહમાં દર્શનાર્થીઓ પણ તણાઈ ગયા. તેથી જ મંદિરેથી વિદાય લઈ સ્વામીશ્રી ઍરપોર્ટ પહોંચ્યા ત્યારે અહીં આશરે બે હજાર હરિભક્તો ઊમટી પડ્યા. ટર્મિનલ-૪ તો જાણે મંદિરના સભાગૃહમાં જ ફેરવાઈ ગયું! આ ભક્તસમૂહની ભાવભીની વિદાય લઈ સ્વામીશ્રી આજે આવેલી લાભ પંચમીની રાત્રે ૯:૧૦ વાગ્યે નૈરોબી જવા ઊડ્યા.

આવું ન બોલશો

તા. ૨૬/૧૦ની સવારે ૮:૦૫ વાગ્યે સ્વામીશ્રીને લઈ આવેલું વિમાન આફ્રિકાની ધરતીને અડ્યું ત્યારથી આ વિદેશયાત્રામાં ત્રીજા ખંડ પર સ્વામીશ્રીનાં કામણ પથરાવાં શરૂ થયાં. વામન બનેલા વિરાટ પુરુષના આ ત્રીજા પગલાની અમીટ છાપ આગમનના પ્રથમ દિવસથી જ અંકિત થવા માંડી હોય તેમ શ્રી હર્ષદભાઈ રાણાએ આજના ભોજન પૂર્વે સ્વામીશ્રીને કહ્યું: 'આપ પધાર્યા ને અહીં વાઇબ્રેશન બદલાવા લાગ્યાં છે. સવારથી જ વેપાર-ધંધામાં પલટો આવવા લાગ્યો છે. જબરજસ્ત ફેરફાર થઈ જશે આપનાં પગલાંથી...'

'અમે તો એ જ પ્રાર્થના કરીએ છીએ કે બધાં વાઇબ્રેશન સરખાં થઈ જાય, કોઈને દુઃખ ન આવે. ગુણાતીતાનંદ સ્વામીએ વાતમાં કહ્યું છે કે 'મુશ્કેલી આવે ત્યારે ભગવાનને વળગી જવું.' એટલે આપણે તો ભગવાનને વળગીએ, પ્રાર્થના કરીએ.'

'બાપા! હવે બીજા ભગવાનની વાત ક્યાં કરવી? આપ જ સાક્ષાત્ ભગવાન છો. અમે તો તમને જ કહીએ છીએ.'

'ના, ભગવાન કર્તા છે, એટલે આવું ન બોલશો. અમે તો એમના સેવક છીએ, દાસ છીએ. અમે તો તમારો જે મૅસેજ (પ્રાર્થના) હોય એ ભગવાન આગળ પાસ કરીએ. બાકી કાર્ય તો ભગવાન કરે છે. અમારું કામ તો મૅસેજ પહોંચાડવાનું.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આ દાસભાવ સાથે તેઓએ આફ્રિકાના ભક્તોને લાભ આપવાનું શરૂ કર્યું.

અસ્સલ જ્ઞાનની વાત

તા. ૨૭/૧૦ની રાત્રે ભોજન લેવા જઈ રહેલા સ્વામીશ્રીને હરિભક્ત શ્રી હરીશભાઈએ પોતાના એક મિત્રની ઓળખ કરાવી. તે સાંભળી સ્વામીશ્રીએ આ આગંતુકને પૂછ્યું : 'તમે મૂળ ક્યાંના ?'

'રાજકોટ.'

આ સમયે પેલા હરિભક્ત બોલ્યા : 'બાપા ! એ આમ તો ઓરિજિનલ (મૂળ) યુગાન્ડાના.'

આ સાંભળી એ ભક્તની છાતી પર હાથ મૂકી સ્પષ્ટતા કરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'ઓરિજિનલ ઇન્ડિયાના એમ બોલો. આ અસ્સલ ભુલાઈ જાય છે. અસ્સલ જ્ઞાન એટલે ખબર છે ? હું આત્મા છું, અક્ષર છું, બ્રહ્મ છું – એ ઓરિજિનલ ! હું દેહ નથી એ અસ્સલ જ્ઞાન. ભગવાન અસ્સલ, સંત અસ્સલ, તેમની વાત અસ્સલ. આ પાકું રાખવાનું, તો સુખ, સુખ ને સુખ.'

સ્વામીશ્રી જ્યાં જતા ત્યાં આ અસ્સલ જ્ઞાનના એકડા ઘૂંટાવતા.

તે ભણેલા અહીંના ભક્તો અત્રે નિર્માણાધીન મંદિરની સેવામાં મન મૂકીને અને માન મૂકીને મંડી પડેલા. તેમાંના કેટલાક તો મર્સીડીઝ ગાડીઓ ફેરવનારા હતા. છતાં તેઓ મંદિર માટે પસ્તી-ભંગાર ભેગા કરવા જતા. ગેસ્ટનટ કંપનીમાં જનરલ મૅનેજરની ફરજ બજાવતા એક સત્સંગી તો તેઓની જ કંપનીના કર્મચારીને ઘેર બૅન્ડ વગાડવા ગયેલા ! કો'ક ક્યાંક પીરસવા જાય, તો કેટલાક યુવકો વીજળીની રોશની ઊભી કરવા પણ જતા. તેમાંથી થતી કમાણી તેઓ મંદિરમાં આપે.

આ સેવા-પ્રવૃત્તિનો અહેવાલ આપતાં કાર્યકરોએ તા. ૨૮/૧૦ના રોજ સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! આખા નૈરોબીમાં ધીમે-ધીમે લોકો હવે આપણને જ બોલાવતા થયા છે. આપ એવા આશીર્વાદ આપો કે બધા કોન્ટ્રાક્ટ આપણને જ મળે, બીજા કોઈનેય ન મળે !'

'ના, એવું નહીં. ભગવાનને પ્રાર્થના કરીએ કે બીજાનેય કોન્ટ્રાક્ટ મળે ને આપણનેય મળે. બધાનું કામ ચાલે !' સ્વામીશ્રીની વિશાળતા છલકાઈ ઊઠી.

જેમ સાગરને દરેક કાંઠો પોતાનો જ હોય છે, તેમ સ્વામીશ્રીને પણ મનુષ્યમાત્ર પોતાના હતા. આ તેઓની અસ્સલ રીત !

જેનાં સુધા સમાન વચન રે

નૈરોબીમાં નિર્માણાધીન ભવ્ય મંદિરના પ્રકલ્પમાં પ્રાણ પૂરવા પધારેલા સ્વામીશ્રી રોજેરોજ ચાલતી મુલાકાતોમાં મંદિરની સેવા અંગે પ્રેરણા આપતા રહેતા. મીટિંગોમાં પણ મંદિરના ઘાટને અંતિમ ઓપ આપતા જતા. તે ક્રમમાં તેઓ તા. ૨૯/૧૦ની સવારે તો આ નૂતન મંદિરની નિર્માણ-પ્રક્રિયા નિહાળવા જગ્યા પર પહોંચ્યા અને અત્રે સઘળે ફરી સૌને પ્રેરણા-પ્રોત્સાહન પૂરાં પાડ્યાં.

બાયપાસ સર્જરી પછી સૌથી વધુ શ્રમ આજે ઉઠાવી સ્વામીશ્રી મંદિરે પરત ફર્યા ત્યારે અહીં તા. ૩૧/૧૦ના રોજ પ્રબોધિની એકાદશીનું પવિત્ર પર્વ આવી પહોંચ્યું. તેના ફૂટતા પ્રભાતે સ્વામીશ્રી મંદિરમાં દર્શને પધાર્યા તે વખતે અત્રે નારાયણપ્રસાદ દવે દ્વારા હમણાં જ સંપન્ન થયેલી મહાપૂજાની પીઠ પર વેરાયેલાં પુષ્પો અને પ્રજ્વલિત ધૂપસળીની સુગંધ ચોમેર પ્રસરી રહેલી. તેમાં આરતીની જ્યોતિનો ઉજાસ ભળતાં વાતાવરણ દેદીપ્યમાન બની ગયું.

નિરાજનમ્‌ની ઘંટડીનો આ રણકાર શમતાં જ સ્વામીશ્રી 'ચાલો, ઠાકોરજી આગળ બેસીને ધૂન કરી લઈએ' કહેતાં મહાપૂજાની પીઠ પાસે એક સાદા ધાબળા પર પલાંઠી વાળી બેસી ગયા અને તેઓના મુખમાંથી પ્રાર્થનાનો પ્રવાહ વહેવા લાગ્યો કે 'હે મહારાજ! સ્વામી! દયાળુ! બધાના દેશકાળ સારા થાય એવું કરો. બેંકો બેસી ગઈ છે તે મુશ્કેલી દૂર થઈ જાય, મંદિરની પ્રતિષ્ઠા ધામધૂમથી થઈ જાય, નાણાંભીડ પડે નહીં, ઉત્સવમાં ત્રણેય દેશ(કેન્યા, યુગાન્ડા, ટાન્ઝાનિયા)ના રાષ્ટ્રપતિઓ આવે, પ્રતિષ્ઠાનાં દર્શન કરે તો એ બધાનો મોક્ષ થઈ જાય...'

કંઈકના કલ્યાણનું કમાડ ઉઘાડતી આ પ્રાર્થના બાદ પ્રાતઃપૂજા કરવા બિરાજેલા સ્વામીશ્રીને વિચાર આવ્યો કે 'આજે યજ્ઞ કરાવીએ.'

આ સંકલ્પ મુજબ પૂજા દરમ્યાન જ યજમાનપદ અંગે ટહેલ નાંખવામાં આવી. તેને અનુસરતાં પ્રાતઃપૂજા બાદ તામ્રકુંડો ગોઠવાઈ ગયા અને સ્વામીશ્રી અલ્પાહાર લઈ રહેલા ત્યારે તો 'सूर्यो ज्योतिर्ज्योतिः सूर्यः स्वाहा...'ના મંત્રોચ્ચાર સાથે પુરોહિતોએ યજ્ઞદેવતાને પ્રગટ કરી દીધા. મંદિરના ઠાકોરજી સમક્ષ મુકાયેલા યજ્ઞકુંડમાં તો સ્વામીશ્રીએ પણ નિયત સમયે પધારી ઘી, જવ, તલ, શ્રીફળની આહુતિ આપી.

આમ, સૌની સુખાકારી માટે યજ્ઞ કરી ઉતારે પધારેલા તેઓએ ફળાહાર બાદ સંતો પાસે 'નિષ્કુળાનંદ કાવ્ય' મંગાવ્યું. આજની સાંજે અગ્રણી હરિભક્તો દ્વારા યોજાયેલા પારાયણમાં 'સ્વામીશ્રી કથા કરે તો રંગ રહી જાય' એવો સૌનો ભાવ હતો. તે પૂરો કરવા સ્વામીશ્રીએ સાયંસભામાં 'ધીરજાખ્યાન' પર કથા કરવાનું વિચારેલું. તે માટે તેઓએ અત્યારે પાનાંઓ ફેરવી અમુક પ્રકરણો નક્કી કર્યાં. પસંદ કરેલાં તે-તે પાનાંઓ પર એક પરબીડિયું ફાડી, તેના ટુકડા ગોઠવતાં સ્વામીશ્રી બોલ્યા : 'આ અમારી નિશાની !'

હા, એ નિશાની હતી – તેઓની સાદગીની, તેઓની કરકસરની !

તે સાથે સ્વામીશ્રી સાંજે સભામાં પધાર્યા ત્યારે અહીં સંતોએ સુંદર વ્યાસપીઠ સજાવેલી. સ્વામીશ્રીને સાનુકૂળ રહે તે માટે તેઓને બેસવા સારુ તો સોફો જ રાખેલો, પરંતુ ગ્રંથ મૂકવાની પાટ, તેની ઉપર નાની માંડવી, મોતી ભરેલા ચાકળા, કદલીસ્તંભો અને ઝૂલતાં તોરણિયાંથી શોભા અલૌકિક બનેલી.

તેને સાર્થક કરતા સ્વામીશ્રીએ કંઠમાં મોગરા અને ગુલાબનો હાર પહેરી કથાના પ્રારંભમાં લલકાર્યું : *'સુખના સિંધુ શ્રી સહજાનંદજી, જગજીવન કહીએ જગવંદજી...'*

ધીરજાખ્યાનના આ મંગલાચરણ બાદ કષ્ટોની ઝડીઓ વચ્ચે ભગવાનનો અચળ આશરો રાખી ધીરજ ધરનારા ભક્તોની ગાથા સુણાવતા સ્વામીશ્રીનો જ્ઞાનપ્રવાહ અનેક દૃષ્ટાંતો, દલીલો, પ્રમાણો અને અનુભવથી સૌને મુગ્ધ કરતો વહી રહ્યો. આ સમયે આફ્રિકાના ભક્તોને આવેલી કપરી પરિસ્થિતિમાં સ્વામીશ્રીની આ અમૃતવર્ષા ભીતરમાં ભડભડતી જ્વાળાઓને ઠારનારી બની રહી.

સતત ૮૩ મિનિટ સુધી વહેલી આ અમૃતધારાનું આચમન કરી કિસુમુના શ્રી રાજુભાઈ પટેલ વગેરે તો બોલી ઊઠ્યા : 'બાપા ! આપની આજની કથા ન સાંભળી હોત તો દુઃખ ટળત નહીં. આજે આપે અદ્ભુત કથા કરી. દુઃખ વીસરાઈ ગયું.'

*'વેદવાણી સમ વાણી સંતની, જે હમેશ હિતકારી જંતની...'*નો આ અનુભવ આજે અનેકનો બની રહ્યો.

વહાલો સહુની પૂરે આશ

પ્રબોધિનીના પર્વે સ્વામીશ્રીએ રેલાવેલા કથામૃતના ઓડકાર સૌ

તા. ૧/૧૧ના રોજ પણ ખાઈ રહેલા. ચારેકોર 'અદ્‌ભુત... અકલ્પ્ય... અવર્ણનીય...' વગેરે શબ્દો દ્વારા આ પારાયણની વધામણી ચાલુ જ હતી. તેથી તરબતર હરિભક્ત શ્રી કિરણભાઈએ તો આજની સાંજે સભામાં જઈ રહેલા સ્વામીશ્રીને અટકાવતાં કહ્યું: 'બાપા! આપે તો કમાલ કરી દીધી. ગઈકાલે આશીર્વાદ એવા આપ્યા, પ્રાર્થના પણ એવી કરી અને આજે તો વરસાદ પણ લાવી દીધો! હવે તો જેમ ભૂત વળગે એમ અમે તમને વળગી જઈશું.'

ઉત્સાહમાં ઊછળતા આ ભક્તનું ગુજરાતી ભાષાનું જ્ઞાન મર્યાદિત. તેથી તેઓ ઉપમાનો મેળ બેસાડવામાં લથડી પડ્યા.

પરંતુ તેઓનો ભાવ જોઈ ખડખડાટ હસી ઊઠેલા સ્વામીશ્રી તેઓને ધબ્બો મારતાં બોલ્યા: 'તમે અમને વળગો અને અમે તમને વળગીએ, એમ આપણે અરસપરસ વળગીએ તો જ સુખ આવે!'

આધ્યાત્મિક માર્ગે સત્પુરુષની ધગશ સાથે મુમુક્ષુની તત્પરતા પણ એટલી જ જરૂરી છે.

તે તરફ આટલો નિર્દેશ કરી આગળ વધેલા સ્વામીશ્રી પાસે તા. ૨/૧૧ની રાત્રે ત્રણ વર્ષનો અક્ષર આવી પહોંચ્યો. જ્યારે તેના પિતા સ્વામીશ્રી સાથે વાતચીત કરી રહેલા ત્યારે આ બાળક વારે-વારે સ્વામીશ્રીનું ગાતરિયું ખેંચતાં 'બાપા!... બાપા!... મારી વાત સાંભળો ને!... મારે વાત કરવી છે...' બોલતો રહ્યો. તેણે લગભગ દસેક વખત આ ચેષ્ટા કરી.

છતાં વાતમાં મશગૂલ સ્વામીશ્રી તેની આ હરકતથી લેશ અકળાયા વિના એ શિશુના શિરે પોતાનો પ્રેમાળ હાથ ફેરવતાં તેને સંતોષ આપવાનો પ્રયત્ન કરી રહ્યા. પરંતુ આ બાળકને તો સ્વામીશ્રી સાથે વાત કરવી હતી. તેથી તેણે પોતાના પિતાને કહ્યું: 'ડેડી! બાપાને કહો ને કે મારી સાથે વાત કરે.'

આ સાંભળી તે બાળક પર ધ્યાન કેન્દ્રિત કરતાં સ્વામીશ્રીએ જાણે કોઈ મિત્ર હોય તેમ એની હડપચીએ અને માથે હાથ મૂકતાં પૂછ્યું: 'બોલ, શું વાત કરવી છે?'

'બાપા! તમે ઑપરેશન ક્યાં કર્યું છે?'

બાળકનું આ કુતૂહલ શમાવવા સ્વામીશ્રીએ તે જ ક્ષણે સહેજ નીચા વળીને પોતાનું વક્ષઃસ્થળ બતાવ્યું અને કોઈ પીઢ વ્યક્તિને સમજાવતા હોય તેમ જણાવ્યું: 'જો, આવી રીતે અહીં મેં ઑપરેશન કરાવ્યું હતું.'

'અહીં કરાવ્યું હતું?' બાળકે સ્વામીશ્રીની છાતી પર હાથ ફેરવતાં પૂછ્યું.

ત્યારબાદ સહાનુભૂતિ દાખવતો 'સૉરી !'નો ઉદ્‌ગાર કાઢી તે શિશુ તો રાજી થતો દોડી ગયો, પણ તે વખતે તેની નાનકડી પગલીઓમાંથી ફૂટી રહેલો આનંદ સ્વામીશ્રીની આરતી ઉતારી રહ્યો.

ઠેઠ અક્ષરધામ સુધી પકડીશું

તા. ૩/૧૧ની સવારે શુભેચ્છા સંદેશ લેવા આવેલા ઈસ્ટ એફ.એમ. રેડિયોના સંવાદદાતાઓની ઇચ્છા સંતોષતાં સ્વામીશ્રીએ સદાચાર સંબંધી ઘણી પ્રેરક વાતો કરી, પરંતુ કોઈક યાંત્રિક ખામીને કારણે તેઓના સંદેશાનું ધ્વનિમુદ્રણ જ ન થયું. તે જોઈ ખબરપત્રીઓ મૂંઝાયા.

પરંતુ તેઓની આ અવઢવ સ્વામીશ્રીથી અજાણી ન રહી. તેથી તેઓએ જ સામેથી પૂછ્યું ત્યારે પત્રકારોએ પોતાનું સંકટ જણાવ્યું. તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'કાંઈ વાંધો નહીં. લાવો ને ! ફરી વાત કરી દઈએ.'

સમયની કટોકટી વચ્ચે પણ તેઓની આ સરળતા સંવાદદાતાઓને સ્પર્શી ગઈ.

તેથી તેઓ સ્વામીશ્રી વિષે જેવો અહોભાવ અનુભવી રહ્યા એવી જ અનુભૂતિ આજે સ્વામીશ્રીનાં ભોજન-દર્શન માટે બેઠેલા હરિભક્તોની હતી. મ્વાન્ઝા, કંપાલા, જિન્જા વગેરે શહેરોમાંથી ઊમટેલા આ સમુદાયમાં રામજીભાઈ પટેલ, મહેશભાઈ બ્રહ્મભટ્ટ વગેરેએ સ્વામીશ્રી દ્વારા થયેલા પોતાના પરિવર્તનની કહાણીઓ સવિસ્તર સંભળાવી. છેલ્લે વિનંતી કરી કે 'બાપા ! આપે હાથ પકડ્યો છે તો હવે બરાબર પકડી રાખજો.'

'હવે તો ઠેઠ અક્ષરધામ સુધી પકડીશું.' હાથનું લટકું કરતાં સ્વામીશ્રી બોલ્યા.

તેઓનું આ અભય વરદાન સાંભળી સૌ ઝૂમી ઊઠ્યા.

છૂટો પડીશ તો કોઈ કિંમત નહીં રહે

દેવદિવાળી નિમિત્તે થનારા અન્નકૂટની તૈયારીઓ પર દૃષ્ટિ કરવા તા. ૩/૧૧ની રાત્રે નીકળેલા સ્વામીશ્રીએ અહીં સ્વયંસેવકો સાથેના વાર્તાલાપમાં જોયું કે 'લાકડાંનાં ત્રણ-ચાર પગથિયાંનો એક નાનકડો ટુકડો જુદો પડી ગયો છે.'

તેથી એ નિર્જીવ ટુકડાને સંબોધતાં તેઓ કહેવા લાગ્યા : 'તું છૂટો ન

પડી જઈશ. બધાંની સાથે રહે. છૂટો પડીશ તો તારી કોઈ કિંમત નહીં રહે. સંગમાં રહે.'

આમ, જડના મિષે પણ એક જીવંત અને જ્વલંત બોધ આપતાં સ્વામીશ્રી નિજનિવાસમાં પહોંચ્યા. અહીં એક મંદિરના કાર્યકર્તા અંગે આવેલા પત્રની વિગત જણાવતાં સંતોએ કહ્યું: 'એ કાર્યકર લોકો સાથે મનસ્વીપણે વર્તે છે, લોકોને તુચ્છકારી કાઢે છે.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'એને ખબર છે કે આ મંદિરો કેવી રીતે થયાં છે? એને કહેજો કે આ તો લોકો પાસે ભીખ માંગી-માંગીને મંદિરો ઊભા કર્યાં છે, એમનેમ ઊભાં નથી થયાં. લોકો પાસે હાથ લાંબો કર્યો છે, એમની જ સાથે તોછડાઈ કેમ ચાલે? સત્સંગીઓના પૈસે મંદિર કર્યું છે, એમાં આડોડાઈ કર્યે ન ચાલે.'

સ્વામીશ્રીના મુખેથી વહીવટકર્તાઓ માટેનો વર્તન-વિવેક સરી પડ્યો.

અમારે તો એવરી ડે (દરરોજ) આનંદ

તા. ૪/૧૧ની સવારે દેવદિવાળી નિમિત્તે મંદિરમાં ગોઠવાયેલા ૫૦૦થીયે વધુ વાનગીઓના ભવ્ય અન્નકૂટની આરતી ઉતારી સ્વામીશ્રીએ પૂર્વ આફ્રિકાનાં તમામ સત્સંગકેન્દ્રોમાંથી આવેલા ભક્તોને આશીર્વાદ આપ્યા કે –

'નૈરોબીમાં આજે અમને એક વિશેષ પ્રોગ્રામ જોવા મળ્યો – દેવ-દિવાળીનો અન્નકૂટ! દેશદેશાંતર બહુત ફિર્યા, પણ આ દર્શન તો યહાં હુઆ! 'ભગવાન સાક્ષાત્ બિરાજમાન છે' એમ ભાવ હોય તો જ આવો અન્નકૂટ થઈ શકે. અન્નકૂટનાં દર્શન કરીને ખૂબ-ખૂબ આનંદ થયો છે.'

આ આનંદનાં પૂર અન્નકૂટ બાદ સ્વામીશ્રી જમવા બિરાજ્યા ત્યારે પણ ઓસર્યાં નહોતાં. તેથી તેમાં ગરક થયેલા એક હરિભક્ત બોલ્યા: 'બાપા! આજે તો દિવસ આનંદમાં જ ગયો છે.'

'અમારે તો આનંદ જ છે. આપણે ક્યાં બીજું કાંઈ છે જ! એવરી ડે આનંદ!'

સ્વામીશ્રીની બ્રહ્મમસ્તીના આ મોજાથી તરબતર સૌ રાત્રિભોજનનાં દર્શન માટે પણ સમયસર આવી ગયા, પરંતુ દૂર અન્નકૂટની સંકેલણીના કારણે થતી પાટિયાંઓની ઠપાઠપ છેક ભોજનખંડ સુધી સંભળાતી હતી.

તેથી ભોજન દરમ્યાન વંચાતા ગ્રંથના શ્રવણમાં ઊભો થતો વિક્ષેપ નિવારવા એક સંતે કામકાજ બંધ રાખવાનું કહેવા એક સ્વયંસેવકને જણાવ્યું.

પરંતુ આ ગતિવિધિ પારખી ગયેલા સ્વામીશ્રીએ મોંમાં કોળિયો મૂકતાં-મૂકતાં કહ્યું : 'ના... ના... ચલાવો, ચલાવો. કામ બંધ ના કરશો.'

આમ કહી તેઓએ પેલા સંતને પણ જાણપણું આપ્યું કે 'આ બિચારા કાલના ઉજાગરા કરીને કામ કરે છે અને અત્યારે પાછો ઉજાગરો કરવાનો ? આ સેવા કરીને રાત્રે સૂવા તો દો. આપણા સુખ સારુ એ લોકોને દુઃખ આપવાનું ? આપણે થોડું સંભળાયું તોય શું ને ન સંભળાયું તોય શું ? એ લોકોને કામ કરવા દો. હરે ! હવે વાંચો આગળ.'

સ્વામીશ્રીને પોતાના કોળિયા કરતાં વધુ ચિંતા સ્વયંસેવકોની હતી. બીજાના સુખને કચડતું એક પગલું પણ તેઓએ કદી ભર્યું નહોતું.

જેને ભક્તિ હરિની વા'લી

તા. ૬/૧૧ના રોજ નૈરોબીના રોકાણનો અંતિમ દિવસ આવી પહોંચતાં ભક્તોની ભરચક ભીડ વચ્ચે સ્વામીશ્રીનાં પ્રાતઃભ્રમણ, પ્રાતઃપૂજા, અલ્પાહાર, મુલાકાતો વગેરે કાર્યક્રમો ચાલતા રહ્યા. તેમાંથી સ્વામીશ્રી બપોરે સાડા બાર વાગ્યે પરવાર્યા ત્યારે સેવકોએ ભોજન માટે ઊભા થવા વિનંતી કરી.

તે વખતે સ્વગત જ કહેતા હોય તેમ સ્વામીશ્રી બોલવા લાગ્યા : "એ જમવાનું તો છે જ ને ! એ ક્યાં જતું રહેવાનું છે ? એવું થાય છે કે 'બસ ! ભજન-ભક્તિ કરી લઈએ !"

ભજનના આ વેગ સાથે તા. ૭/૧૧ની રાત્રે ૮:૦૫ વાગ્યે મંદિરેથી વિદાય લઈ ઍરપોર્ટ પર પહોંચેલા સ્વામીશ્રીના વિમાને સાડા નવ વાગ્યે મુંબઈ જવા માટે ધરતીનો સંગાથ છોડ્યો.

થોડી વારે તેણે આકાશમાં સ્થિરતા પ્રાપ્ત કરી લેતાં 'સીટ બેલ્ટનાં બંધનો છોડી શકાશે'નો સૂર પ્રસર્યો. તેથી એક પછી એક સંતો સ્વામીશ્રી પાસે છેલ્લા આશીર્વાદની અપેક્ષાએ એકત્રિત થઈ ગયા. તે સૌને જોતાં સ્વામીશ્રીએ પૂછ્યું : 'ચેષ્ટા બોલાઈ ગઈ ?'

સૌને આ આહ્‌નિક બાકી હોવાથી સ્વામીશ્રીએ સૌ સાથે ચેષ્ટાગાન કર્યું. તે પછી આરતી, ચેષ્ટા, કથા-વાર્તાની નિયમિતતા પર ભાર મૂકતાં બોધવચનો સંભળાવી તેઓ છેલ્લે બોલ્યા : 'આપણે ચાર - સાડા ચાર મહિના

ભેગા ફર્યા એનું આ ફળ તમને આપું છું. આ નિયમ એનું ફળ છે.'

આ ફલશ્રુતિ સૌને પમાડવા વિચરતા સ્વામીશ્રી તા. ૮/૧૧ની સવારે સાડા પાંચ વાગ્યે ભારત પરત પધારી ગયા.[૪૪]

હવે 'રહી ગયા'ની વાત જ ના કરો

વિદેશયાત્રા પૂર્ણ કરીને આવેલા સ્વામીશ્રીની સ્વાગત-સભા માટે મંદિરનું પરિસર તો ઘણું સાંકડું નીવડે એમ હોવાથી તા. ૮/૧૧ની સાંજે દાદર વિસ્તારના મનીશ માર્કેટની અગાશીમાં સત્કાર સમારંભ યોજાયો.

તેમાં સૌનો આદર-પ્રેમ સ્વીકારનારા સ્વામીશ્રીએ દેશમાં આવતાં જ પ્રવૃત્તિનું ચક્ર પૂરપાટ ગતિએ દોડતું કરી દીધેલું. તેથી તેઓનો સમગ્ર દિવસ વ્યસ્તતામાં જ વીતતો. સેવા-ભક્તિના આ દોરનો છેડો રાત્રે સાડા દસ વાગ્યે આવતો. આ સમયે પોઢતાં પૂર્વે સ્વામીશ્રી શયનખંડના દરવાજે સંતો-ભક્તોને દર્શન દેવા પધારતા. પરંતુ તા. ૧૩/૧૧ની રાત્રે તબીબી તપાસના કારણે આ ક્રમ તૂટ્યો.

તેના અનુસંધાનમાં તા. ૧૪/૧૧ના રોજ એક સંતે સ્વામીશ્રીને કહ્યું: 'ગઈકાલે આશીર્વાદ આપવાના રહી ગયા હતા, તો આજે ડબલ આપી દો.'

'આશીર્વાદ તો કેટલાય આપ્યા છે. હરતાં-ફરતાં, ખાતાં-પીતાં, સૂતાં-બેઠાં આપ્યા છે ને! એમ છતાં અધૂરું લાગતું હોય તો માનસીમાં લઈ લેવા.'

આમ કહી સ્વામીશ્રીએ ઊણપ ખંખેરતાં ઉમેર્યું:

'હવે 'રહી ગયા'ની વાત જ ના કરો. 'રહી ગયા' છીએ એમ માનવું જ નહીં. 'રહી ગયા' હોત તો તો અહીં આયા જ ન હોત! જોગી મહારાજ મળ્યા, આવો સત્સંગ મળ્યો. હવે બાકી શું રહ્યું?'

સ્વામીશ્રીએ આજે આગવી રીતે –

'માટે ન્યૂન ન માનવું, રે'વું આનંદમાં અભિરામ;

*જેને મળ્યા પ્રગટ પ્રભુ, તે સહુ છે પૂરણકામ...'*નો સંદેશ સંભળાવી દીધો.

---

૪૪. આફ્રિકાના વિચરણ દરમ્યાન સ્વામીશ્રીએ વરસાવેલા અમૃતલાભને માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

બધા કેસર કેરીના આંબા જેવા છે

તા. ૧૫/૧૧ની સાંજે મનીશ માર્કેટની અગાશીમાં યોજાયેલા સ્વામીશ્રીના ૭૮મા જન્મોત્સવની પ્રતીક ઉજવણીના અવસરે સ્થાનિક મહિલા મંડળે ૭૮,૦૦૦ એલાયચી પર 'સ્વામિનારાયણ' મહામંત્ર લખીને તૈયાર કરેલો હાર સ્વામીશ્રીને અર્પણ થયો.

આ ભક્તિભાવ સ્વીકારી મંદિરે પધારેલા સ્વામીશ્રી અહીં તા. ૧૭/૧૧ની બપોરે ભોજન ગ્રહણ કરવા બિરાજ્યા ત્યારે ગ્રંથવાંચનમાં આવ્યું : 'અભાવ-અવગુણ ન લઈએ તો સત્સંગમાં કેસર કેરી જેવું સુખ આવે.'

આ સાંભળતાં જ સ્વામીશ્રીએ હાથ ઊંચો કરી એક સંતને લહેકાથી પૂછ્યું : 'ઊભા રહો. શું આવ્યું ?'

તે સંતે વંચાયેલું વાક્ય દોહરાવ્યું ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'તમારી વાડીમાં કેસર કેરીનો આંબો છે ને ! એ આંબાને ઝૂડવા માંડો તો રસ પમાય ? કાપી નાંખો તો રસ મળે ?'

આટલું પૂછી સામે બેઠેલા સંતો-ભક્તો તરફ નિર્દેશ કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'એમ આ બધા કેસર કેરીના આંબા જેવા છે. એનો અભાવ-અવગુણ લઈએ તો રસ ન આવે. બધાને બ્રહ્મની મૂર્તિ જ સમજવાના. અભાવ-અવગુણની વાત જ નહીં કરવાની. નહીંતર ખટાશ આવી જાય.'

જે માણવા-મમળાવવાનું છે તે સ્વામીશ્રીએ માર્મિક રીતે જણાવી દીધું.

સમયના સદુપયોગની સૂઝ

અમેરિકાના ડૉક્ટરે કરેલી 'રોજ પાંચ જ વ્યક્તિને મળવું'ની ભલામણ તો ક્યારનીયે હવામાં ઓગળી ગયેલી અને દેશમાં પધારેલા સ્વામીશ્રી અહીં પણ રોજના દોઢસો - બસો લેખે ભક્તો-ભાવિકોને મળવા માંડેલા.

મુલાકાતના આ સમયે પત્ર-પરિચારક તરીકે પરદેશયાત્રામાં સાથે રહેલા યોગેન્દ્રદાસ સ્વામી મદદનીશ તરીકે બાજુમાં ઊભા રહેતા. તેઓને એક વાર મુલાકાતથી પરવારેલા સ્વામીશ્રીએ પાંત્રીસેક ફૂટ દૂર ઊભેલી એક વ્યક્તિને પોતાની પાસે બોલાવવા કહ્યું ત્યારે આ સંત તે કામ માટે જવા લાગ્યા, પરંતુ તે જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'તમે અહીં રહો. બીજાને મોકલો.'

આમ કહી પેલી વ્યક્તિ આવે ત્યાં સુધી મળેલી માંડ અડધી મિનિટમાંય

સ્વામીશ્રીએ એક પત્ર માંગી, વાંચી, તેનો ઉત્તર પણ પત્ર-પરિચારકને લખાવી દીધો !

આ રીતે ક્ષણેક્ષણને લેખે લગાડતા તેઓએ તા. ૧૮/૧૧ની સવારે નવી મુંબઈમાં આવેલી વાશી અને નેરુલની સંસ્થાકીય જમીનો પાવન કરી.

તે પછી તા. ૧૯/૧૧ની સાંજે રાજકોટ જવા ઍરપોર્ટ પર પધારેલા તેઓની સાથેના સંઘનો સામાન વિમાનમાં ગોઠવાતાં વીસ મિનિટ વ્યતીત થઈ. તે દરમ્યાન સ્વામીશ્રીએ ગાડીમાં બેઠાં બેઠાં ડ્રાઈવરને સત્સંગની વાતો સંભળાવી.

સમય, સત્સંગ અને સાધારણ માનવી – આ ત્રણેયનું મૂલ્ય સ્વામીશ્રીએ જેટલું પિછાણેલું તેટલું કદાચ કોઈ સમજ્યું નહીં હોય !

ગુરુની ગેરહાજરીથી ગમગીન

તા. ૧૯/૧૧ની સાંજે ૭:૫૦ વાગ્યે સ્વામીશ્રીએ રાજકોટના હવાઈ મથક પર ઉતરાણ કર્યું ત્યારે અહીંથી જ મંદિર મહોત્સવ અને જન્મજયંતી મહોત્સવનો માહોલ જામેલો જણાતો હતો. તેથી ઍરપોર્ટથી ઠેઠ કાલાવડ રોડ પર બંધાયેલા નૂતન શિખરબદ્ધ મંદિરના પ્રાંગણે ગાડી પહોંચી ત્યાં સુધી સ્વામીશ્રી પર પુષ્પાદિક વિવિધ ઉપચારો દ્વારા સ્વાગત વરસતું રહ્યું. નગરના નજરાણા સમા મંદિરે તો તેના આ સર્જનહારને કાંગરે-કાંગરે દીવડા પ્રગટાવી વધાવ્યા. સ્વામીશ્રીની અમીદૃષ્ટિ ઝીલતાં તે ચેતનવંતું બની ગયું.

એવા જ થનગનતા ભક્તોનું અભિવાદન સ્વીકારતા સ્વામીશ્રીએ નવનિર્મિત સંતનિવાસનું ઉદ્‌ઘાટન કરી નિજનિવાસમાં પગલાં પાડ્યાં.

અત્રે તેઓ રાત્રિભોજન બાદ આયોજક સંતો પાસેથી ઉત્સવની માહિતી જાણવા બિરાજ્યા. તે વખતે તેઓએ આ સંતવૃંદને એક ટકોર કરતાં કહ્યું : 'અહીંની કંકોતરી બહાર પાડી એમાં યોગીજી મહારાજનું કાંઈ રાખ્યું નહીં ? યોગીજી મહારાજને ભૂલી ગયા ? આટલું મોટું કાર્ય, આટલો મોટો સમૈયો અને એમનું કંકોતરીમાં નામેય રાખ્યું નહીં ? યોગીજી મહારાજનું તો આ ધામ કહેવાય. અહીં તો એમણે કેટલો સત્સંગ કરાવ્યો છે !'

રાજકોટના ઉત્સવની નિમંત્રણ-પત્રિકા જ્યારથી સ્વામીશ્રીએ જોઈ ત્યારથી આ વાત તેઓને ખટકતી હતી. ગુરુ વિના થતો સીધો જ પોતાનો ઉલ્લેખ તેઓને મન શિરવિહોણા શરીર સમાન !

આ જ ભક્તિભાવથી તા. ૨૦/૧૧ની સવારે મંદિરના નિરીક્ષણ માટે નીકળેલા તેઓ મંડોવર જોઈને શાસ્ત્રીજી મહારાજની સ્મૃતિમાં ગરકાવ થઈ જતાં બોલ્યા: ‘‘શાસ્ત્રીજી મહારાજ આ જુવે તો રાજી-રાજી થઈ જાય એટલો સરસ થરવાળો મંડોવર કર્યો છે. ગઢડામાં પહેલાં સાદો મંડોવર કરવાનો હતો, પણ શાસ્ત્રીજી મહારાજે કહ્યું કે ‘ના, મારે તો થરવાળાવાળો જ મંડોવર કરવો છે’, એટલે ફેરવાવ્યું. છેલ્લે શાસ્ત્રીજી મહારાજ આરતી ઉતારવા આવ્યા ત્યારે આમ મંડોવર પર હાથ ફેરવ્યા કરે ને કહે, ‘બહુ સારું થયું છે.’’

આ રીતે મંદિરના કણ-કણમાં પોતાના પ્રતાપી ગુરુને નીરખતા હોય તેમ સ્વામીશ્રીએ મંદિરયાત્રા પૂર્ણ કરી.

રાજકોટમાં બધું જ ભવ્ય !

મંદિરની પ્રતિષ્ઠા અને સ્વામીશ્રીના ૭૮મા જન્મોત્સવ નિમિત્તે રાજકોટના આંગણે યોજાયેલા અષ્ટ દિવસીય ઉત્સવમાં રોજ રાત્રે નામાંકિત મહાનુભાવો સત્સંગ-સભાને સંબોધતા. સ્વાસ્થ્યની પ્રતિકૂળતાને કારણે સ્વામીશ્રી આ સભામાં ઉપસ્થિત નહોતા રહેતા, પરંતુ તેઓ પ્રત્યેક આમંત્રિતને ઉતારામાં પ્રેમથી મળતા. તે ઉપરાંત, વિવિધ સેવા વિભાગોમાં દૃષ્ટિ કરવા પધારતા તેઓ દરેક ઠેકાણે સંતો-સ્વયંસેવકોની સેવા જોઈ પ્રસન્નતા વરસાવતા કે ‘આયોજન સારું થયું છે. ઉત્સવો થતા ગયા તેમ અનુભવ મળતો ગયો. હવે તો સંતો બધા કડેધડે થઈ ગયા.’

સ્વામીશ્રીનાં ભોજન દરમ્યાન પણ વિવિધ વિભાગો પોતાનો અહેવાલ રજૂ કરે ત્યારે સ્વામીશ્રી સંતો-કાર્યકરોની વિશેષતા વખાણે. તે જોઈ તા. ૨૦/૧૧ના રોજ એક હરિભક્તે કહ્યું: ‘બાપા ! આપે રાજકોટને પસંદ કર્યું એ સૌથી મોટી વિશેષતા.’

‘પસંદ તો જોગી મહારાજે કર્યું છે. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ અહીં મળ્યા. ગુણાતીત જ્ઞાનનું આ નાભિકેન્દ્ર કહેવાય. અહીં કેટલા બધા મુક્તો પાક્યા ! મોટામાં મોટું તો અહીંના ભક્તોનો ભાવ. બધાનું સમર્પણ અને તમારે બે થાંભલા મળી ગયા – દરબાર (શ્રી સુરેન્દ્રસિંહ જાડેજા) ને વાણિયા (શ્રી બાબુભાઈ મહેતા). એટલે આ તો પહેલેથી જ પસંદ થયેલું છે.’

આમ, ગુરુ અને શિષ્યોના શિરે યશકળશ ઢોળતા સ્વામીશ્રીએ તા. ૨૧/૧૧ની સવારે હેમુ ગઢવી નાટ્યગૃહમાં આયોજિત સર્જન્સ ઍસોસિયેશન

ઑફ ગુજરાતની પરિષદનો મંગલદીપ પ્રગટાવ્યો. તેના અજવાળે રાજ્યના નિષ્ણાત ડૉક્ટરોએ સ્વામીશ્રીને સન્માનપત્ર આપી નવાજ્યા.

આ બહુમાન સ્વીકારી સ્વામીશ્રીએ તા. ૨૨/૧૧ની સવારે શ્રી કૃષ્ણજી અદાની દેરીએ જઈ ગુણાતીત જ્ઞાનના આ પ્રખર પ્રચારકને અંજલિ આપી.

ત્યાંથી ઉતારે પરત પધારેલા તેઓ સમક્ષ ૫૮,૦૦૦ ઘનફૂટ ગુલાબી પથ્થરમાંથી નિર્મિત અહીંના મંદિરની નિર્માણગાથા વહેતી થઈ. તેમાં કોઠારી યોગીસ્વરૂપદાસ સ્વામી તથા સંતોના માર્ગદર્શન મુજબ થયેલી ૧૯,૩૦,૫૦૦ માનવ કલાકની સેવાના ફળ સમા આ મંદિરની વિગતો સાંભળી સ્વામીશ્રી જમતાં જમતાં જ બોલવા લાગ્યા: 'બધાએ જોગી મહારાજ અને શ્રીજીમહારાજને રાજી કરવા સેવા કરી છે તો આ મંદિર રહેશે ત્યાં સુધી સૌ યાદ કરશે. મહારાજ-સ્વામી આ લોક અને પરલોકમાં તમને સુખિયા કરશે. હજારો દર્શન કરશે, લાભ લેશે તેનું પુણ્ય તમને મળશે.'

મંદિર-નિર્માણમાં સહયોગ આપનારા સૌ પર આ પ્રસન્નતા વરસાવી સ્વામીશ્રી તા. ૨૩/૧૧ની સવારે મંદિરના ભંડકિયામાં મૂર્તિઓ જોવા પહોંચ્યા. રાજસ્થાની શિલ્પીઓ દ્વારા ઘડાયેલી આ પ્રતિમાઓમાં સ્નાયુઓને ઉપસાવવા આછા પીળા કે ભૂરા રંગની રેખાઓ દોરવામાં આવેલી. આવી લકીર ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિના વક્ષઃસ્થળ પર પણ અંકાયેલી. તે પર આંગળી ફેરવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'જુઓ, આ સ્વામીએ બાયપાસ કરાવ્યું છે તે!' આટલું બોલતાં તેઓ મર્મમાં હસી પડ્યા.

આ રીતે ગુણાતીત સાથે પોતાની એકતા જણાવતા સ્વામીશ્રી તેઓના શયનખંડમાં પધાર્યા ત્યારે અહીં ઢોલિયા પર ઠાકોરજી પધરાવી તેઓની આસપાસ મૂર્તિઓના મુગટ વગેરે અલંકારો કલાત્મક રીતે ગોઠવેલા. તે જોઈને રાજીપો વ્યક્ત કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'ભવ્ય, ભવ્ય, ભવ્ય! રાજકોટમાં બધું જ ભવ્ય!'

સન્માન નહીં, બહુમાન કરવું છે

સર્વ દેવો અને અવતારો વિષે અપાર આદર ધરાવતા સ્વામીશ્રીએ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે મંદિરના સમીપવર્તી સંકલ્પસિદ્ધ હનુમાનજીના દેરાનો પણ સકળશ શિખર ચઢાવીને જીર્ણોદ્ધાર કરાવેલો. તેમાં તા. ૨૪/૧૧ની સવારે હનુમાનજીની નૂતન મૂર્તિ પ્રતિષ્ઠિત કરી સ્વામીશ્રી મંદિર પરિસરની

પાછળના મેદાનમાં બંધાયેલા સભાગૃહમાં પધાર્યા ત્યારે અત્રે સન્માન સમારોહ યોજાયેલો.

પોતાનાં સૂઝ, શક્તિ, સંપત્તિ, સામગ્રી, સમય વગેરે દ્વારા મંદિરને અવતારવામાં સહયોગ આપનારા અનેક ભક્તો-ભાવિકો આ સમારંભમાં બેઠેલા. તેઓ સમક્ષ સભાની પૂર્વભૂમિકા બાંધતાં જ્ઞાનેશ્વરદાસ સ્વામીએ જણાવ્યું : 'આપ બધાનું સન્માન કરવાની સ્વામીશ્રીને ઇચ્છા છે.'

'સન્માન નહીં, બહુમાન કરવું છે.' સ્વામીશ્રીએ સુધારો સૂચવ્યો.

અંતરના આ ઉમળકા સાથે તેઓએ તમામ સહયોગીઓને શાલ તેમ જ સ્મૃતિભેટનાં બહુમાન આપ્યાં. અંતે રૂડા આશીર્વાદ પણ પાઠવ્યા કે 'સર્વએ ખૂબ દાખડો કર્યો છે. લોયાનું ત્રીજું વચનામૃત તમે બધાએ સિદ્ધ કરી બતાવ્યું. આ લોક ને પરલોક સુધરી ગયા. સાધનમાત્ર થઈ ગયાં. અક્ષરધામના અધિકારી બની ગયા ને અક્ષરધામમાં જ બેઠા છીએ.'

આ અમૃતધારા વરસાવી સ્વામીશ્રી ઉતારે પધાર્યા ત્યારે અત્રે આવી ગયેલા મહંત સ્વામીને તેઓએ બાયપાસ સર્જરીનો અહેવાલ સ્વયં જ આપ્યો. ગાતરિયું ખુલ્લું કરી છાતી પણ બતાવી. મહંત સ્વામીની છાતીએ પણ હાથ ફેરવી સ્વામીશ્રીએ હેત વરસાવ્યું.

આવી જ પ્રેમવર્ષાથી તેઓએ આજની સાંજે ૩૨ સેવા વિભાગોના ૪,૫૦૦થીયે વધુ બાઈ-ભાઈ સ્વયંસેવકોને તરબોળ કર્યાં.

રાજકોટમાં મૂર્તિપ્રતિષ્ઠાનો મંગલમય માહોલ

તા. ૨૫/૧૧નું પ્રભાત પ્રતિષ્ઠા નિમિત્તે યોજાયેલા વિશ્વશાંતિ મહાયાગની ધૂમ્રસેરોથી આચ્છાદિત હતું. વીરાણી હાઈસ્કૂલના પટાંગણમાં આયોજિત આ મહાયજ્ઞમાં સવા નવ વાગ્યે સ્વામીશ્રી પધારતાં જ ૨૦૦ કુંડની ફરતે બેઠેલા ૧,૮૦૦થીયે વધુ યજમાનોનાં હૈયાં હરખી ઊઠ્યાં.

આ યજ્ઞની સમાંતર વ્યસનમુક્તિ યજ્ઞ પણ આરંભાયેલો. તેના ભાગરૂપે આજથી ત્રણ દિવસ સુધી શહેરના ૧૬૬ વેપારીઓ તથા ૬,૦૦૦ ગલ્લાવાળાઓએ ગુટકાના વેચાણ પર સ્વૈચ્છિક પ્રતિબંધ લાદેલો. તેની સાથે વ્યસનમુક્તિ પ્રદર્શન નિહાળી ૪,૦૦૦ વ્યક્તિઓ વ્યસનો છોડવા પ્રતિજ્ઞાબદ્ધ થઈ. સમાજસેવાની આ સરિતામાં ઝંપલાવતાં શહેરના લગભગ દોઢસો દાક્તરોએ પણ ત્રણ દિવસ સુધી નિઃશુલ્ક સેવાઓ આપવાની ટેક રાખી.

આમ, વેદમંત્રોના ઘોષ અને સેવા-સદાચારના શપથ વડે ગુંજી ઊઠેલું રાજકોટ આજની સાંજે નગરયાત્રાના પડઘમથી ગાજી રહ્યું.

૧૩ કલામંડિત રથ અને ૧૬થીયે વધુ આકર્ષક રજૂઆતો સાથે દોઢ કિ.મી. લાંબી આ શોભાયાત્રા સોરઠિયા વાડીના ચોકથી શરૂ થઈ ત્યારથી જ નગરનો વાહન-વ્યવહાર થંભી ગયો. આ ભવ્ય નગરયાત્રા તેના સાત કિ.મી. લાંબા ગમનપથ દરમ્યાન કેવડા વાડી, કેનાલ રોડ, પૅલેસ રોડ, જૂનું સ્વામિનારાયણ મંદિર, ત્રિકોણ બાગ, યાજ્ઞિક રોડને પાવન કરતી જિલ્લા પંચાયતની કચેરી પાસે પહોંચી ત્યારે તો માનવ મહેરામણ રીતસર હડૂડી ઊઠ્યો, કારણ કે અહીં બારેક ફૂટ ઊંચા આસન પર સ્વયં સ્વામીશ્રી સૌ પર અમીદૃષ્ટિ વેરવા બિરાજેલા. તેઓનાં દર્શનનું અમૃત પીને આગળ વધતી શોભાયાત્રા કિશનપરા ચોક, મહિલા ચોક થઈને મંદિરે વિરમી ત્યારે રાજકોટના બધા જ કોટ તૂટી ગયેલા !

નગરયાત્રાનો આ જયજયકાર ઝીલતાં તા. ૨૬/૧૧નો સૂર્યોદય થયો ત્યારે રાજકોટની ધરા પર ૨૦૫ x ૧૩૫ x ૮૬ ફૂટનું પરિમાણ ધરાવતું નવનિર્મિત મંદિર સરોવરમાં ખીલેલા પદ્મપુષ્પ સમું શોભી રહેલું. ત્રણ મુખ્ય શિખરો સહિત કુલ નવ શિખરો અને ૨૨ ઘુમ્મટ-ઘુમ્મટીઓ, ૯૩ તોરણો તથા ૧૦૮ ગોળાકાર સ્તંભો, ૧૧ ઝરૂખા તેમ જ ૨૪ કમાનો, ૨૦ ગવાક્ષો અને પાંચ સોપાનપંક્તિઓ ધરાવતા આ મંદિરમાં પ્રભુપ્રતિષ્ઠાનાં ચોઘડિયાં આજના બ્રાહ્મમુહૂર્તથી જ વાગવા માંડેલાં. તેની વચ્ચે મુખ્ય માર્ગ તરફના દ્વારેથી બરાબર ૮:૫૫ વાગ્યે સ્વામીશ્રીએ નાડાછડી છોડી મંદિરના પ્રાંગણમાં પ્રવેશ કર્યો ત્યારે તેઓના મુખ પર શ્રીજીચરણે વધુ એક ભક્તિસુમન ચડાવ્યાનો સંતોષ તરવરી રહ્યો.

તે સાથે મંદિરની સોપાનપંક્તિઓ ચઢી ઉપર પધારેલા સ્વામીશ્રી ઘુમ્મટ તળે બેઠેલા અઢીસોથી વધુ યજમાનો પર અમૃતદૃષ્ટિ વરસાવી ૯:૧૦ વાગ્યે પ્રતિષ્ઠાવિધિમાં સંલગ્ન થયા. આ સમયે વેદિયા વિપ્રોના મંત્રોચ્ચારને અનુસરતાં તેઓ દ્વારા મૂર્તિઓમાં પ્રાણનો સંચાર થયો. તે વખતે ઊઠેલા ભક્તોના હર્ષનાદથી અવની-આકાશ ગાજી ઊઠ્યાં.

આમ, એક ઐતિહાસિક અવસર સંપન્ન કરી સ્વામીશ્રી ઉત્સવ-સભામાં પધાર્યા ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલ સહિત કંઈક પ્રધાનો, ધારાસભ્યો, સાંસદો તથા કલેક્ટર અને કમિશનરથી માંડી હજારોની મેદની

વડે નારાયણ સભાગૃહ છલકાતું હતું. તેને સંબોધતાં શહેરના મેયર શ્રી ગોવિંદભાઈ સોલંકીએ તો મહોત્સવના મંચ પરથી જ ઘોષણા કરી દીધી કે 'હું આ મંદિરમાં આવ્યો. પ્રમુખસ્વામી મહારાજનું કાર્ય જોયું. મને થયું : 'મારે પણ જીવનશુદ્ધિ અપનાવવી જોઈએ.' હું ગુટકા ખાઉં છું તે સ્વામીજી સમક્ષ આજથી છોડું છું. ગુટકામાં મારું જે ખર્ચ થતું હતું તે ધર્મકાર્યમાં વાપરીશ.'

નગરના પ્રથમ નાગરિકની આ પ્રતિજ્ઞાને બિરદાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'આવા એક જણનું પરિવર્તન થાય તોય આ અભિયાન સફળ! આપણી સંસ્કૃતિ ત્રણ વસ્તુથી ટકી છે – એક તો મંદિરો, બીજા સંતો અને ત્રીજા આપણાં શાસ્ત્રો. તેમાં શ્રદ્ધા કરાવનાર સંત છે.'

સ્વામીશ્રીને આજે શરીરમાં કસર અનુભવાતી હતી. ૯૯ ડિગ્રીએ પહોંચેલા તાવ અને શરદીના ઉપદ્રવથી અવાજ પણ ઘણો ભારે થઈ ગયેલો. છતાં શિખરબદ્ધ મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવ્યાનો અનન્ય ઉમંગ તેઓના રોમ-રોમમાં ઊભરાઈ રહ્યો.

અહો ! આપની શું આ દયા !

પ્રતિષ્ઠા-સભા બાદ સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે ચાલી રહેલા પ્રાસંગિક વાર્તાલાપમાં એક હરિભક્તે કહ્યું : 'બાપા ! ગઈકાલે નગરયાત્રામાં બહેનોનો વિભાગ ખૂબ મોટો હતો. આ મંદિરમાં પણ બહેનોએ ખૂબ સેવા કરી છે, તો આપ આશીર્વાદ આપો કે એમની ભક્તિ એવી ને એવી રહે.'

'એમને ભક્તિ રાખવાની નથી, એમને તો એવી ને એવી ભક્તિ કાયમ છે જ !' આ પ્રમાણપત્ર આપતાં સ્વામીશ્રીએ ઉમેર્યું : 'એમની ભક્તિને લઈને તો તમે અહીં ઊભા છો. પુરુષો આઘા-પાછા થઈ જાય છે, એટલે એમણે કાયમ એવી ને એવી ભક્તિ રાખવાની છે.'

આવી ભક્તિના એક આવિષ્કારરૂપે જ તા. ૨૭/૧૧ની સવારે યોજાયેલા દબદબાભર્યા દીક્ષા સમારોહમાં ૨૨ પાર્ષદો અને ૧૫ યુવાનોએ દીક્ષા ગ્રહણ કરી પોતાનું જીવન સ્વામીશ્રીને સમર્પિત કરી દીધું.

આ યુવાધનને ભગવાનના ખોળે મૂકી સ્વામીશ્રી આજની બપોરે જમવા બિરાજ્યા ત્યારે તેઓ સમક્ષ ઠેર-ઠેરથી આવેલા જન્મદિનની શુભેચ્છા પાઠવતા પત્રોનું વાંચન થવા માંડ્યું. તે ક્રમમાં ગાંધીનગરથી આવેલા એક અભિનંદન-

પત્રમાં પંક્તિ આવી: *'હસી રહી'તી મંઝિલો ને તજી ગયો'તો કાફલો...'*

આ સાંભળતાં જ સ્વામીશ્રી બોલી ઊઠ્યા: 'આ કડી તો ઓલા સુરતના કવિની છે, (ગની) દહીંવાલા!'

આ કવિએ ૨૪ વર્ષ પૂર્વે સ્વામીશ્રીને ઉદ્દેશી વહાવેલી આરત હજીયે સ્વામીશ્રીના હૈયે અકબંધ હતી. તેઓના બાગમાં કોઈનુંય ભક્તિપુષ્પ કદી ન મૂરઝાતું. તે જોઈ સૌ ગાઈ ઊઠતા: *'અહો! આપની શું આ દયા!...'*

૭૮મો જન્મજયંતી મહોત્સવ

તા. ૨૭/૧૧ના રોજ ઊજવાઈ રહેલા સ્વામીશ્રીના ૭૮મા જન્મદિન નિમિત્તે ઊમટેલી દોઢેક લાખની જનમેદનીથી આજની સાંજે રાજકોટનું રેસકોર્સ મેદાન ભરચક થઈ ગયેલું. તે સૌની વૃત્તિ ૧૨૦ X ૪૦ X ૧૦ ફૂટનું પરિમાણ ધરાવતા દેવભુવન-શા મંચ પર કેન્દ્રિત હતી.

અહીંથી પાંચ વાગ્યે શરૂ થયેલા સભા કાર્યક્રમના દોરમાં ૫:૪૫ વાગ્યે સ્વામીશ્રી પધાર્યા ત્યારે 'સર્વજીવહિતાવહ' સંવાદની પ્રસ્તુતિ થઈ રહેલી. રાજકોટમાં જ યોજાયેલી શ્રીજીમહારાજ અને અંગ્રેજ ગવર્નર સર જ્હોન માલ્કમની મુલાકાતને કેન્દ્રબિંદુમાં રાખીને ગૂંથાયેલી આ રોચક રજૂઆત બાદ વ્યસનમુક્તિ, વહેમમુક્તિ, સ્વભાવમુક્તિ, સદાચાર-વૃદ્ધિ, સમાજસેવા જેવાં સ્વામીશ્રીનાં સીમાચિહ્નરૂપ કાર્યોની સાથે તેઓની સમતા, મમતા, અહંશૂન્યતા, દેહાતીત દશા, બ્રાહ્મીસ્થિતિ વગેરે સદ્‌ગુણોનું દર્શન કરાવતા કાર્યક્રમો એક સળંગ પ્રવાહની જેમ વહેતા રહ્યા. તેમાંથી પણ સ્વામીશ્રીની સર્વજીવહિતાવહ છબી ઊભરતી રહી.

આવા ગુરુહરિને પુષ્પહાર, પુષ્પાંજલિ અને સમૂહ આરતીનાં અર્ઘ્યથી વધાવતો આ જન્મજયંતી સમારોહ રાત્રે સાડા નવ વાગ્યે વિરમ્યો ત્યારે સૌનાં હૈયાં ગરવા ગુરુ મળ્યાની અનુભૂતિથી ધબકી રહ્યાં.

તેના એક નમૂનારૂપે ઉત્સવ પછીના દિવસોમાં સ્વામીશ્રી પર આવેલા ફેક્સમાં લખાયેલું કે 'રાજકોટમાં થયેલાં આપનાં દર્શન મારા માટે મહાન ઘટના અને જીવનમાં ટર્નિંગ પોઈન્ટ સમાન હતાં. હું મદ્રાસ અને બૅંગ્લોરમાં હતો ત્યારે ધર્મગુરુઓનાં દર્શને જતો, પરંતુ મેં આપની આંખોમાં જોયું તેના જેટલું મહાન ક્યાંય અનુભવ્યું નથી! આપે મારા જીવનને બદલ્યું છે, કારણ કે આપનાં દર્શન બાદ મેં દારૂ અને સિગારેટનું વ્યસન છોડી દીધું છે. હવે

મારી પાસે સમાજસેવા કરવા માટે પૂરતાં શક્તિ, હિંમત, વિશ્વાસ, સંપર્ક અને મહાન ચાલકબળ મળી ગયાં છે.'

રાજકોટના વરિષ્ઠ એકાઉન્ટન્ટ જનરલ શ્રી કલ્યાણસુંદરમ્‌ના આ અનુભવમાં સ્વામીશ્રીની મહાનતા અને તેઓના ઉત્સવની સાર્થકતા – બંને સમાયાં છે.[૪૫]

અતિ આસ્તિક મતિ છે ઉર રે

તા. ૨૮/૧૧ની સાંજે રાજકોટથી ગોંડલ પધારેલા સ્વામીશ્રીનાં દર્શન માટે તા. ૩૦/૧૧ના રોજ આવેલા સંતો-પાર્ષદો ભાદરા અને ડાંગરાની યાત્રા કરી હવે સારંગપુર જઈ રહેલા.

તેઓ સાથેની વાતચીત દરમ્યાન ભાદરાની ઊંડ નદીમાં ભરાયેલાં પાણીની વિગત જાણી સ્વામીશ્રીએ પૂછ્યું : 'ઊંડમાં નહાયા ?'

આ પૂછપરછમાં 'કેટલાકે સ્નાન કરેલું અને કેટલાકે નહીં'ની વિગત પ્રકાશમાં આવતાં સ્વામીશ્રી બોલ્યા :

'આવું મહાપ્રસાદીનું સ્થાન અને નહાયા નહીં ? વળી, મહારાજની દયાથી તમને પાણી મળ્યું, નહીંતર રેતી જ હોય ! તોય નહાયા નહીં ? ત્યાં મહારાજે વડ પરથી ધુબાકો માર્યો હતો, ચલાખો ચલાવ્યો હતો, સ્વામી નહાતા હતા. તેમાં નાહીને ધૂન-પ્રાર્થના બધું જ કરવાનું. જે માંદા હોય એ ન નહાય, બાકી તો બધાએ કમ્પલસરી (ફરજિયાતપણે) ના'વું જ જોઈએ. ગંગા જાય ને માથું કોરું રાખે અને હીરો ઘોઘે જઈ આવે એવું કર્યું !'

આ વસવસો વારંવાર વ્યક્ત કરી સ્વામીશ્રીએ વધુમાં કહ્યું :

'યોગીજી મહારાજને પ્રસાદીના સ્થાનનો મહિમા કેટલો બધો હતો ! આપણે વાંચીએ છીએ પણ ટાઈમે યાદ નથી આવતું. ના'વામાં વાર કેટલી ? પાંચ મિનિટનું કામ છે. તોય ન થયું !'

'મને તરતાં નથી આવડતું.'

કો'કનો આ લૂલો બચાવ સાંભળી સ્વામીશ્રીએ જણાવ્યું : 'તરતાં

---

૪૫. રાજકોટમાં ઊજવાયેલા પ્રતિષ્ઠા મહોત્સવ અને સ્વામીશ્રીના ૭૮મા જન્મજયંતી મહોત્સવને માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

ન આવડતું હોય તો કિનારે બેસીને નાહી લઈએ. યોગીજી મહારાજ ને શાસ્ત્રીજી મહારાજને ક્યાં તરતાં આવડતું'તું! આ જુવાન અવસ્થામાં મોળી વાત તો કરવી જ નહીં. જેટલો લાભ મળે એટલો લઈ જ લેવો. બે ડૂબકી તો મારી જ લેવી.'

તીર્થસ્નાનના આ આગ્રહ સાથે સ્વામીશ્રીએ પૂછ્યું : 'ડાંગરા ગયા'તા?'

'હા.'

'એ યાદ આવ્યું એટલું વળી સારું થયું! નહીંતર એમ થાય કે 'ત્યાં કોણ જાય?' પણ એમ ન થવું જોઈએ. જોગી મહારાજે મંદિર કરાવ્યું, માથે તગારાં લીધાં, શાસ્ત્રીજી મહારાજે જાગા સ્વામીની સેવા કરી, એ સ્થાન! આ બધો મહિમા સમજીને દર્શન કરવાં.'

કેટલાકના ભીતરમાં પ્રવેશેલી તીર્થસ્થાનોની ગૌણતારૂપી નાસ્તિકતા હાંકી કાઢવાની સ્વામીશ્રીને આજે ભારે ઊલટ ઊપડેલી. તેથી તેઓએ ઉમેર્યું : 'આ તો બધો હજી તાજો માલ છે, પછી તો ડાચાં ચઢી જશે ને બે જણા આમ ટેકો આપે ત્યારે ચલાય, એમાં કાંઈ સુખ ન આવે. પરાણે-પરાણે થાય. એટલે તાજું લોહી છે ત્યારે કરી જ લેવું.'

*'જિયાં ના'યા છે જગજીવન રે, એથી નથી નીર કોય પાવન રે...'*ની મહિમાદૃષ્ટિ સ્વામીશ્રીને સિદ્ધ હતી. એ આસ્તિક મતિ તેઓએ આજે સૌનાં અંતરમાં ધરબી દીધી.

કોટિ કોટિ તીરથ તાંહાં આવે

રાજકોટથી સ્વામીશ્રીને વળગેલા શરદીના ઉપદ્રવે ગોંડલમાં તો બીજી બે બીમારીઓ સાથે હાથ મિલાવી દેતાં અહીં સ્વામીશ્રીના મુખમાં ચાંદાં પડી ગયાં. તેથી જમવામાં અને બોલવામાં તકલીફ અનુભવતા તેઓને વળી ગરમીને કારણે નીચલો હોઠ સૂઝી લાલાશભર્યો થઈ ગયો. પગનાં તળિયાંમાં પણ અંદરના ભાગે ફોડલીઓ થઈ હોય એવો દુખાવો પગ મૂકતાં જ અનુભવાતો. તેથી ચાલવામાંયે ઘણી મુશ્કેલી થતી. છતાં સ્વામીશ્રીએ મંદિર-દર્શન અને દેરીની પ્રદક્ષિણા સહિત સભા, મુલાકાત, મીટિંગો વગેરેનો ક્રમ આબાદ જાળવી રાખ્યો.

કષ્ટના કુંડાળામાં કેદ થાય તો તે સ્વામીશ્રી શાના!

આ શૈલી સાથે સૌને લાભ આપતા તેઓ તા. ૪/૧૨ની રાત્રે મુલાકાતો

પૂર્ણ કરી શયનખંડમાં જવા ઊભા થયા ત્યાં જ સ્થાનિક યુવક શ્રી સુધીરસિંહ ગબડતાં-ગબડતાં તેઓ પાસે આવ્યા. તે જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું: 'કેમ? તમારે ગિરનારની ગબડયાત્રા કરવી છે?'

'ના, આપનાં ચરણોમાં કરી એટલે ગિરનારની થઈ જ ગઈ!'

'હા, આખી દુનિયાની ગબડયાત્રા થઈ ગઈ. અનંત બ્રહ્માંડની થઈ ગઈ!' સ્વામીશ્રી બોલ્યા.

તેઓના આ પ્રતિભાવમાંથી *'કોટિ કોટિ તીરથ તાંહાં આવે, જ્યાં સંત સમાગમ થાય રે...'*નો મર્મ સરી પડ્યો.

અહીં તો આખું બ્રહ્માંડ તણાઈને આવશે

તા. ૫/૧૨ના રોજ ગોંડલથી વિદાય લઈ સ્વામીશ્રી ડાંગરાને પાવન કરતાં ભાદરા પહોંચ્યા.

અહીં આજની સાંજે મંદિરના સંકુલમાં તૈયાર થયેલા નૂતન સભાગૃહનું ઉદ્‌ઘાટન કરી તેઓ સામેથી માઇક માંગી આશીર્વાદ વરસાવવા લાગ્યા ત્યારે વિદેશના એક ઉત્સાહી ભક્ત વચમાં બોલ્યા: 'બાપા! અહીં ગુણાતીત સ્થાનમાં આવું એક શિખરનું મંદિર ન ચાલે. પાંચ શિખર ને સોનાની મૂર્તિ અહીં જોઈએ.'

તેઓના આ ભાવોદ્રેકને યોગ્ય દિશા આપતાં સ્વામીશ્રીએ કહ્યું:

'જો જીવનો સત્સંગ હશે તો આ બધાં મંદિર સોનાનાં જ લાગશે. નહીંતર સોનાનાં હશે તોય પિત્તળનાં જ છે. સોનાનાં હોય તોય દર્શને અવાય નહીં, મનમાં ભાવ રહે નહીં, હેત-પ્રીત રહે નહીં, મનુષ્યભાવ આવી જાય, તો સોનાનાં હોય તોય શો અરથ? લંડનનું મંદિર કેવો પ્રકાશ મારે છે! આખી દુનિયા ત્યાં તણાઈને જોવા આવે છે, એનાં વખાણ કરે છે. દુનિયા ચકિત થઈ જાય છે. એટલે બધાં સોનાનાં જ શિખરો છે. ગણવા જાવ તો સોના કરતાંય મોંઘાં છે. સોનાનાં પતરાં લગાડીએ તો જ સોનાનાં એવું કાંઈ નથી. અહીં તો આખું બ્રહ્માંડ તણાઈને આવશે.'

આજે પણ સ્વામીશ્રીને હોઠ સૂઝી ગયેલો અને વળી હોઠના બંને ખૂણા તરડાઈ ગયેલા. છતાં તેઓએ મંદિરનો મહિમા ગાવામાં કોઈ કસર ન છોડી.

મંદિરની જેમ જ સ્વામીશ્રીને આ ગુણાતીતના ગામનો પણ ખૂબ મહિમા. તેથી તા. ૬/૧૨ની સાંજે ઊંડ નદીમાં સ્નાનોત્સવ અને પ્રાસાદિક વડ

નીચે સભા કરી તેઓ ચાલતાં-ચાલતાં જ પ્રસાદીભૂત ખેતરે તથા ઓટે પધાર્યા.

અહીંથી ગાડીમાં બેસી જૂના મંદિરે ગયા, પણ સાંકડી ગલીઓને કારણે મોટર છેક સુધી જાય એમ નહોતી. તેથી થોડું ચાલવું પડ્યું ત્યારે સ્વામીશ્રી બોલ્યા: *'આ ધન્ય શેરી ને આ ધન્ય બજાર!* અમે અહીં ઝોળી માંગેલી છે.'

સ્વામીશ્રીના સંગે આજનો આ લાભ પામી સૌ સંતો-ભક્તો પણ બોલી ઊઠ્યા: *'ધન આજનો દન.'*

દરરોજ એક વખત તો ચિંતવન કરવું જ કે...

તા. ૭/૧૨ની સવારે ભાદરાથી નીકળેલા સ્વામીશ્રી મૂળી થઈને સુરેન્દ્રનગર પધાર્યા ત્યારે આ વખતે મંદિર સામે લેવાયેલી નવી જમીન પર બાંધેલા મંડપમાં સત્સંગ-સભાઓ ગોઠવાયેલી. તેમાં તા. ૮/૧૨ની સવારે નિત્યપૂજા બાદ સમીપ દર્શનની જાહેરાત કરતાં ઉદ્‌ઘોષક બોલ્યા: 'નાદુરસ્ત તબિયત હોવા છતાં સ્વામીશ્રી કૃપા કરીને આ લાભ આપી રહ્યા છે.'

આ વિગત સ્વામીશ્રીને ખટકતાં તેઓ અકળાઈને કહેવા લાગ્યા: 'નાદુરસ્તનું તો બોલવામાં પહેલું જ આવે. જ્યાં જઈએ ત્યાં 'નાદુરસ્ત તબિયત... નાદુરસ્ત તબિયત...' બોલ્યા જ કરે. એમાં ને એમાં જ સાજા થતા નથી. આમ કહ્યા કરે પછી સ્વામી સાજા ક્યાંથી થાય?' આમ કહી સ્વામીશ્રીએ પ્રવક્તાને તાત્કાલિક આવું બોલતાં અટકાવ્યા ત્યારે તેઓને સંતોષ થયો.

માંદગીનાં મોજાં પર સવાર રહી સહાનુભૂતિની ઉઘરાણી કરતા રહેવાનું સ્વામીશ્રીને ન ફાવે. તેઓ તો હતા – જનકલ્યાણ માટે જાતને જોખમમાં ફંગોળીને વિચરનારા!

આ જીવનશૈલી સાથે તેઓ તા. ૮/૧૨ની સાયંસભામાં પધાર્યા ત્યારે યુવકોએ 'અંધારું ધોકાવીને કાઢ્યું' નામનું રમૂજી પ્રહસન રજૂ કર્યું. તેના અનુસંધાનમાં જ આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું:

''હું ને મારું' મટી જાય ત્યારે અજવાળું થયું કહેવાય. ગમે તેટલી પ્રવૃત્તિ કરે તોય અખંડ અજવાળું. પછી તમને કોઈ દુઃખ નથી. શાંતિ, શાંતિ ને શાંતિ. આ વખતે તો એટલું જ કરવું છે કે પરમાત્માની ભક્તિ કરી, નિર્વાસનિક થઈ, ભગવાનના ધામમાં જવું છે. 'હું' નહીં, 'મારું' નહીં, અભાવ નહીં, અવગુણ નહીં, વાસના નહીં – કાંઈ રાખવું જ નથી. બધું જ કાઢી નાખવું છે, કારણ કે બ્રહ્મરૂપ થયા વગર છૂટકો જ નથી. માટે આપણે દરરોજ એક વખત તો

ચિંતવન કરવું જ કે 'હું આત્મા છું, અક્ષર છું, મારે કશું સાથે લઈ જવાનું નથી.' આ વાત કરી એ પ્રકાશ કર્યો ! એ પ્રકાશમાં સુખિયા રહેવું.''

પરાવાણીનો આ પ્રકાશ રેલાવી સ્વામીશ્રી તા. ૯/૧૨ની સાંજે ગઢડા પધાર્યા.

ગઢપુરની મંદિર-વિકાસ યોજના

દુર્ગપુરમાં સ્વામીશ્રીની પ્રેરણાથી મંદિર-સંકુલના વિકાસની યોજના હાથ ધરાઈ હોવાથી તેઓનો જૂનો ઉતારો અને સભામંડપ જમીનદોસ્ત થઈ ગયેલા. તેથી મંદિરના ચોકમાં જ યોજાયેલી સભામાં આગમનના આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'આમ તો શાસ્ત્રીજી મહારાજ બહુ હિસાબી હતા, પણ આ મંદિરમાં એમણે પૈસા સામું જોયું નહીં. છેલ્લી અવસ્થાએ મંદવાડમાં સૂતાં-સૂતાં જમીનમાંથી આરસનું મંદિર કર્યું ! અહીં હવે માસ્ટર પ્લાન (સંકુલ વિકાસ યોજના) થાય છે. અહીં તો એવું સરસ થશે કે અહીં જોવા આવશે એને સમાધિ થઈ જશે. ઘેલા કાંઠે મંદિર જેવું સર્વોપરી થયું છે એવું આ કાર્ય પણ સર્વોપરી થશે.'

સ્વામીશ્રીએ આજે મૂળની સાથે ફળ પણ બતાવી દીધું.

તે મુજબ વિકાસ યોજનાના શ્રીગણેશ કરવા તેઓ તા. ૧૦/૧૨ની સવારે સાત વાગ્યે શિલાન્યાસ માટે હાજર થઈ ગયા. જૂના સભામંડપના સ્થળે જ યોજાયેલા આ વિધિમાં પૂર્વમુખે બિરાજેલા સ્વામીશ્રીએ ખૂબ ઉત્સાહથી રક્ત શિલા અને નિધિ કુંભનાં પૂજન કર્યાં. ત્યારબાદ ૭:૩૦ વાગ્યે ગર્તપૂજન કરી તેઓએ ૭:૩૭ વાગ્યે સ્વહસ્તે નિધિ કુંભ પધરાવ્યો, ૭:૪૫ વાગ્યે પ્રથમ શિલા સ્થાપી અને ૭:૪૭ વાગ્યે રજતનિર્મિત લેલા વડે સિમેન્ટ-રેતી નાંખ્યાં.

આ વિધિમાં દેશ-પરદેશના વડીલ ભક્તો અને સંતો પણ સામેલ થયેલા. તેઓને કંકુ-અક્ષત ચોડી તથા નાડાછડી બાંધી સ્વામીશ્રી ગર્તમાંથી બહાર આવ્યા ત્યાં જ તેઓએ મંદિરના જૂના સેવક હમીરને જોતાં પ્રેમથી સાદ કર્યો : 'હમીરા ! અહીં આવ. તને નાડાછડી બાંધવી છે.'

આમ કહી બે મિનિટ પહેલાં કરોડોપતિ ધનકુબેરોનાં કાંડે સૂત્રબંધન કરનારા સ્વામીશ્રીએ લઘરવઘર વેશધારી આ ગ્રામીણ ભક્તના હાથે પણ કંકણસૂત્ર બાંધ્યું ! એ જ પ્રેમથી, એ જ રહેમથી !

ત્યારબાદ નિત્યક્રમથી પરવારેલા તેઓ દિવસભર સંકુલ-વિકાસની

બેઠકોમાં વ્યસ્ત રહ્યા. તેમાં અત્રે ભગવાન સ્વામિનારાયણને અંજલિ આપતું એક પ્રેરક પ્રદર્શન તૈયાર કરવાનો મુદ્દો પણ ચર્ચાયો. તે સંદર્ભમાં નવી જમીન ખરીદીને ત્યાં જ આ પ્રદર્શન ખડું કરવાનો અભિપ્રાય સૌએ આપ્યો, પરંતુ તે માર્ગે અડચણરૂપ બની – જમીનોની ઊંચી કિંમત. તેથી સૌ મૂંઝાયા ત્યારે સ્વામીશ્રીએ મંદિર આગળનો ટેકરો ખોદીને ત્યાં જ પ્રદર્શન ગોઠવવા સૂચવ્યું. તેઓનો આ વિચાર કેટલાકને અશક્ય જણાતાં સ્વામીશ્રીએ બળ સિંચ્યું કે 'મોળી વાત શું કરો છો? યુરોપમાં દરિયા નીચે ટનલ ખોદી તો ટેકરો ન ખોદાય?'

સ્વામીશ્રીનાં આ વચનોએ સૌમાં ઉત્સાહનો સંચાર કરી દેતાં કાર્યવાહી આગળ વધી. તેથી નવી જમીન સંપાદિત કરીને કાર્ય કરવામાં થનારા કરોડો રૂપિયાના ખર્ચને બદલે ફક્ત સાતેક લાખ રૂપિયાના ખર્ચમાં જ ટેકરો ખોદીને પ્રદર્શનનું નિર્માણ શક્ય બન્યું. સ્વામીશ્રીની કોઠાસૂઝ અને આર્ષદૃષ્ટિનો પરિચય આપતું આ પ્રદર્શન આજે પણ અનેકને આકર્ષી રહ્યું છે.

સ્પષ્ટ મત અને મતિ

તા. ૧૦/૧૨ની રાત્રે સાડા આઠ વાગ્યે સ્વામીશ્રી રાત્રિભોજન માટે બિરાજ્યા ત્યારે ચર્ચાયેલા આહાર-વિવેકના મુદ્દાની પુષ્ટિ કરતાં તેઓએ કહ્યું :

'પરદેશમાં તો એકેએક વસ્તુમાં શું નાંખ્યું છે એ વાંચવું-જોવું પડે. બાકી ક્યારેક ઈંડાં હોય, માંસ હોય, મિક્સ કર્યું હોય. હવે તો ચોકલેટમાંય નાંખે છે, એટલે પૂછવું જ પડે! એના કરતાં ન ખાવું એ જ સારું! ઘણાએ ખાધી નથી તોય જીવ્યા જ છે ને! આપણા બાપ-દાદા ક્યાં ચોકલેટ ખાતા હતા? તોય જીવ્યા જ ને! એટલે પૂછવુંય નહીં ને એવું બધું ખાવુંય નહીં એ ઉત્તમ.'

ધર્મ-નિયમના પિષ્ટપેષણ નહીં, પણ પાલનમાં સ્વામીશ્રીને રસ. તેથી તેઓ છીંડાં-છટકબારી શોધવાનું છોડી ઉત્તમ માર્ગે જ પ્રયાણ કરવાનો આગ્રહ સેવતા.

ધર્મની જેમ ધનની બાબતે પણ તેઓના અભિપ્રાય ચોખ્ખા પડતા. તેથી જ તા. ૧૧/૧૨ની સવારે જ્યારે એક સંતે ભાદરા(મહુવા)ના શ્રી વલ્લભભાઈને આગળ ધરતાં કહ્યું : 'બાપા! આમને પારાયણની સેવા કરવાની ઈચ્છા છે. આપ કહો તેટલી સેવા ગઢડામાં કરે અને બીજી જે મંદિરમાંથી પુરાણીને લાવીએ તે મંદિરમાં કરે.'

ત્યારે સ્વામીશ્રી તે સંતનો હાથ પકડી બોલ્યા: 'જુઓ, આપણે બધા અક્ષર-પુરુષોત્તમના ઉપાસક. આપણા ભગવાન એક, ગુરુ એક, મંદિરો એક છે. કાંઈ જુદું નથી. એટલે 'આટલી સેવા અહીં ને આટલી સેવા અહીં' એવા ભાગ ક્યારેય પાડવા નહીં. જે વિસ્તારનું મંદિર હોય તેમાં જ સેવા કરવી. બહાર પણ આપણે ક્યાંય પધરામણી માટે ગયા હોઈએ ને સેવા આવે તો તે જ મંદિરમાં જમા કરાવી દેવી. આ કાયમી યાદ રાખજો.'

ધન અને ધર્મ – બંને માટે સ્વામીશ્રીનાં મત અને મતિ ખૂબ સ્પષ્ટ રહેતાં.

થોડું તો પોતે કરવું પડે

તા. ૧૧/૧૨ની સવારે ૧૧:૧૫ વાગ્યે સ્વામીશ્રી સભામાં પધાર્યા ત્યારે કથા કરતા સંત સમાપનમાં બોલ્યા: 'સત્પુરુષને પ્રાર્થના કે એ ભમરીની જેમ ચટકો ભરે અને તે સહન કરવાનું બળ પણ આપે.'

આ સાંભળી એકદમ હસી પડતાં સ્વામીશ્રીએ કહ્યું: 'લો, બળ પણ એ જ આપે ને ચટકો પણ એ જ ભરે. આ તો બેય કામ આપણે કરવાનાં. તો તમે શું કરશો?'

આમ પૂછી તેના ઉત્તરરૂપે જ આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું:

''ભજન તો મારાથી ન થાય, કથા તો મારાથી ન થાય, સેવા તો મારાથી ન થાય, તો થાય શું? પરંતુ પુરુષપ્રયત્ન અને ઈશ્વરકૃપા. છોકરું થોડું ઊંચું થાય તો મા તેને ઉપાડીને પોતાની કેડમાં બેસાડી દે ને ઊંચું ન થાય તો હાલતી થાય.

કુંભાર માટી ખોદવા નદીએ જાય. કોદાળીથી ઘા મારે. પછી જાલકા ભરે. પછી ગધેડા પર સવારી થાય. ગામ વચ્ચે થઈને લઈ જાય. શિયાળામાં ધૂળ નાખે, કારણ કે શિયાળામાં માટલાં કરે તો પાણી ઠંડું થાય. પછી એક તો ટાઢ હોય ને તેમાં ઠંડું પાણી નાંખે. ટાઢ ન વાય? એ વખતે ધાબળી ન મળે. ઉપરથી લાતો મારે. કસવું પડે જરા ચીકાશ લાવવા માટે. પછી પિંડો બનાવે. પછી ચાકડા ઉપર ફેરવે. પછી ગોલીટા-ટપલાનો માર ખાય. પછી તડકે મૂકે. પછી અગ્નિ(નિભાડા)માં મૂકી તપાવે. ત્યારપછી ઠાકોરજીને માટે ઠં...ડું પાણી થાય. પણ ક્યારે? આટલી પ્રોસેસ(પ્રક્રિયા)માંથી પસાર થાય ત્યારે!

શેરડીના પણ કૂચા નીકળી જાય, પછી ખાંડ બને. લોઢાને પણ ટિપાવું પડે. તેમ આપણે પણ થોડું સહન કરવું પડે. તેમાં પાસ થઈ જઈએ તો બેડો પાર. સહન પણ એ કરે ને ચટકો પણ એ મારે એ ન ચાલે. થોડું તો પોતે કરવું

પડે. એ દયાળુ છે. આપણે થોડું ખમીએ તો રાજી થઈ જાય છે. પણ 'મંગાળે મશ અડવા ન દે' એમ જરીક પણ શરીરને કારસો પડવા ન દે તો કામ ન થાય.

સેવામાં બધાને જોડે તો કેટલાક આડા-અવળા તરી જાય કે 'મારે ના'વા જવું છે... મારી તબિયત બરાબર નથી...' પણ મોટાપુરુષ જાણતા હોય. ત્યાં આઘું-પાછું કરવા જાય તો એમને તો અનંત સેવા કરનાર છે. છેતરાવાનું આપણે છે.''

સદ્‌ભાવનાનાં સ્વાદ અને સુગંધ

ગઢડામાં આરંભાયેલી મંદિર-સંકુલની વિકાસ યોજના માટે વિવિધ જગ્યાઓનું નિરીક્ષણ કરવા નીકળેલા સ્વામીશ્રી તા. ૧૧/૧૨ની સાંજે ગૌશાળાની બહારના દરવાજે મલેકશા પીરની જગ્યાએ પધાર્યા. અહીં તેઓ સંબંધિત કાર્યવાહકો સાથે નિર્માણ સંબંધી વિમર્શ કરી રહેલા ત્યારે થોડે દૂર કેટલાક બંધુ-બિરાદરો ઊભા હતા. સ્વામીશ્રીને જોતાં જ નજીક આવેલા તેઓ પૈકીના એક પગે લાગ્યા ત્યારે સ્વામીશ્રીએ પૂછ્યું : 'શું નામ ?'

'કાળુભાઈ. આપને મારા પિતાશ્રી મળેલા છે. જ્યારે આપ અહીં પધારતા ત્યારે તેઓ આપનાં દર્શને અવશ્ય આવતા.'

'હા, ઓળખ્યા. કાળી ટોપી પહેરતા.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓની આ ઘનિષ્ઠ આત્મીયતા જોઈ એ આગંતુક દંગ રહી ગયા.

એટલામાં જ રઝાકભાઈ આવી પહોંચ્યા. તેઓ જમીયતશા દાતાર તરીકે પ્રસિદ્ધ આ જગ્યાની ફરતે દીવાલ બાંધવાના હતા, પણ આવતીકાલે તેનો ખાતવિધિ સ્વામીશ્રીના હાથે કરાવીને !

તેથી તેઓ સાથે ખાતમુહૂર્ત સંબંધી વાતચીત દરમ્યાન સ્વામીશ્રીએ પ્રસાદ અંગે પૂછપરછ કરી ત્યારે એ મુસ્લિમ કોન્ટ્રાક્ટરે કહ્યું : 'હા, સ્વામીજી ! અમે ગામમાં ઑર્ડર આપેલો છે. પેંડા અને ચેવડો કાગળની ડિશમાં આપવા વિચાર્યું છે.'

'અમે પણ પ્રસાદ આપીએ તો ? મંદિર તરફથી પણ ચેવડો, ગાંઠિયા અને મીઠાઈ આપવામાં આવશે.'

સ્વામીશ્રીના આ પ્રસ્તાવમાં સદ્‌ભાવની સુગંધ હતી. તે સાથે તેઓએ તા. ૧૨/૧૨ની સવારે દાતારધાર પર પધારી નિર્માણાધીન દીવાલનો ખાતવિધિ કર્યો ત્યારે વૈદિક મંત્રોચ્ચાર અને કુરાનના કલમા – બંનેનો ઘોષ

થયો. આ પ્રસંગે ૮૦૦થી વધુ સંખ્યામાં ઉપસ્થિત હિંદુ-મુસ્લિમ ગ્રામજનો આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બન્યા. મુસ્લિમ જમાત, ખલીફા સમાજ અને દાતારધાર સમિતિના અગ્રણીઓએ સ્વામીશ્રીને ફૂલહાર પહેરાવી વધાવ્યા.

આ અવસરે થયેલાં વક્તવ્યોમાં પણ વિવિધ વક્તાઓએ સ્વામીશ્રીને બિરદાવતાં કહ્યું: 'હિંદુ-મુસ્લિમ એકતા માટે ગઢડાના ઈતિહાસમાં આ પ્રસંગ સોનેરી અક્ષરે લખાશે... હું પ્રમુખસ્વામીજીને પ્રાર્થના કરું છું કે આપ એવા આશીર્વાદ આપો કે આવી સન્મતિ દેશના બધા જ હિંદુઓ અને મુસલમાનોને મળે, જેથી હિંદુસ્તાન એક ગુલદસ્તો બને...'

સ્વામીશ્રીએ પણ આશીર્વાદમાં જણાવ્યું: 'આજનો નાનો એવો પ્રસંગ છે, પણ તેને ઘણો મહાન ગણી શકાય એવો થઈ ગયો છે. જ્યાં સુધી વિશાળતા નથી, ટૂંકી બુદ્ધિ છે ત્યાં સુધી સુખ, શાંતિ કે વિકાસ થતો નથી. આજે પૈસા અને સત્તાના લાલચુઓને બુદ્ધિશાળી કહેવામાં આવે છે, પણ એ બુદ્ધિશાળી નથી. ભગવાનને, ખુદાને જે ઓળખે છે, એમનું અસ્તિત્વ જે સ્વીકારે છે ને એના આદેશ મુજબ જે ચાલે છે એ જ ખરા બુદ્ધિશાળી છે.'

આ આશીર્વાદની મીઠાશ સૌ મમળાવતા હતા ત્યાં જ આજના પ્રસંગની ખુશાલીરૂપે સૌને મંદિર તરફથી મિષ્ટાન્ન તથા ફરસાણનો પ્રસાદ વહેંચાયો. તેમાં ભળેલાં સ્વામીશ્રીની સદ્ભાવનાનાં સ્વાદ અને સુગંધ તો સૌની દાઢે વળગ્યાં. ભેદભાવની દીવાલને ધ્વસ્ત કરતો દીવાલના ખાતવિધિનો આ પ્રસંગ નેતા-નાગરિકથી માંડી મૌલવી-મહંત સુધીના સૌને પ્રેરણા પૂરી પાડે તેમ છે.

શ્રેષ્ઠતાના સદાગ્રહી

તા. ૧૩/૧૨ની સવારે યોજાયેલી રાજુલા, વલભીપુર, સાવરકુંડલા અને અમરેલી ક્ષેત્રનાં મંદિરોના હિસાબનીશોની બેઠકમાં આશીર્વર્ષા કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું:

'બોચાસણવાસી શ્રી અક્ષર-પુરુષોત્તમ સંસ્થા એટલે સર્વોપરી સંસ્થા. આપણા ઇષ્ટદેવ સર્વોપરી, આપણા ગુરુ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ સર્વોપરી, તો આપણી દરેક સેવા પણ સર્વોપરી જોઈએ. ગુજરાતમાં ૯૨,૦૦૦ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ છે. તેમાં આપણું સર્વોપરી હોવું જોઈએ.'

શ્રેષ્ઠતાના આ સદાગ્રહ સાથે વિચરતા સ્વામીશ્રી તા. ૧૫/૧૨ની સાંજે ગઢડાથી વિદાય લઈ નિંગાળામાં આરતી ઉતારી સાત વાગ્યે સારંગપુર પહોંચ્યા.

અત્રે તેઓ તા. ૧૬/૧૨ની સવારે ઠાકોરજીનાં દર્શન કરી પ્રદક્ષિણામાં પધાર્યા ત્યારે ત્યાં હરિભક્ત શ્રી અરજણભાઈ કળથિયાને બતાવતાં સંતોએ પૂછ્યું : 'આમના ભાઈના પૌત્રની તુલા રાશિ છે. કયું નામ પાડવું ?'

'આપણે તિલક નામ રાખો. તિલક કાયમ રહે.' આટલું બોલી કેવળ ચંદનનો ચાંદલો કરીને આવેલા પેલા હરિભક્તને સ્વામીશ્રીએ કહ્યું : 'હવે રોજ તિલક કરજો.'

તેઓએ નામની સાથે કામ પણ પાર પાડ્યું.

આમ, સત્સંગની રીતિ-નીતિ સહજમાં દૃઢાવતા સ્વામીશ્રી સ્મૃતિમંદિરે પધાર્યા ત્યારે ત્યાં સારંગપુરના એક હરિભક્તને જોતાં સેવકને પૂછ્યું : 'આને ઓળખ્યો ? દેવાનો દીકરો તળશી. દેવા ભગત દરરોજ સવારે દર્શને આવતા. કથામાં બેસે. એનું નિમ પાકું હતું.'

નિયમધારી ભક્તોનાં નામ સ્વામીશ્રીના ચોપડે કાયમ રહેતાં.

વટ-બટ મૂકી કટ વળી જવું

તા. ૧૬/૧૨થી પ્રારંભ પામતા ધનુર્માસ નિમિત્તે એક મહિના સુધી ઠાકોરજી અધ્યયન કરવા જાય છે તેવી ભાવના સાથે મંદિરમાં શોભા-શણગારની સજાવટ થાય. તેમાં ઠાકોરજી પાસે નિત્ય નવીન બોધવચનો લખેલી પાટી પણ મુકાય. તેને કાયમ તો સંતો જ લખે, પરંતુ 'વિદ્યાનું મૂળ મારા ગુરુએ બતાવ્યું...' અનુસાર સંતોએ તા. ૧૬/૧૨ની સવારે સ્વામીશ્રીને જ પાટી-પેન ધર્યાં, પણ સમયની સાનુકૂળતાના અભાવે સ્વામીશ્રીએ બપોરે લખી આપવા જણાવ્યું.

પોતાના આ વાયદાને પાળતાં તેઓએ આજે ૧૨:૨૦ વાગ્યે એક્રેલિકની પારદર્શક પાટી પર કાળી પેનથી લખ્યું : 'ભગવાન અને સંત સામું જોઈ રહેવું... અંતર્દષ્ટિ કરવી, જેથી અંતરે શાંતિ રહે.'

આ સુલેખન બાદ તેનો અર્થ જણાવતાં સ્વામીશ્રીએ કહ્યું : 'જે જે આજ્ઞા છે તે પ્રમાણે વર્તવું તે સામું જોયું કહેવાય. આપણી ભૂલ સામું જોવું એ અંતર્દષ્ટિ. કેટલીક વાર ભૂલ કરી બેસીએ પણ સ્વીકારાય નહીં. 'બીજાની ભૂલ છે' તેમ થાય, પણ અંતર્દષ્ટિમાં કાયમ પોતાનું જ જોવાનું રહ્યું. બીજો શું કરે છે એ નહીં જોવાનું.'

સ્વામીશ્રી આ મર્મ સમજાવી રહેલા ત્યાં જ ઓરડામાં પ્રવેશેલા એક

સંત જમવાનું યાદ કરાવતાં ગામઠી લહેકામાં બોલ્યા : 'હાલો, બપોરાં કરવા.'

તે સાંભળી સ્વામીશ્રી પણ હસી પડતાં બોલ્યા : 'લ્યો, આ ઢોરાં ચારીને આવ્યા. કોહ (કોશ) છૂટ્યા.'

'હવે ક્યાં કોહ રહ્યા છે ? આ પરદેશીઓએ તો જોયાયે નહીં હોય.'

આ વાતમાં એક સંતે સંમતિ પુરાવી કે 'હા, જન્મજયંતીના સંવાદમાં ઢાંઢાની વાત આવી'તી. મને ખબર ન પડી કે આ ઢાંઢા એટલે શું ? અહીં આવ્યો ત્યારે ખ્યાલ આવ્યો કે ઢાંઢા એટલે બફેલો.'

'બફેલો તો ભેંસને કહેવાય. ઢાંઢા એટલે બુલોક (બળદ) કહેવાય.'

સ્વામીશ્રીની આ સ્પષ્ટતા સૌને ચકિત કરી ગઈ. ત્યાં જ સેવકે ભોજનની યાદ અપાવતાં કહ્યું : 'ચાલો, લ્યો.'

આ સાંભળી સ્વામીશ્રી ઊભા તો થયા, પણ સંતશિલ્પોને ઘડવાનો ઉમંગ હૈયે હજી ઊછળતો હોવાથી તેઓ ઊભાં-ઊભાં બોલવા લાગ્યા :

'એક વાર કહે એટલે કટ વળી જવું. એમાં સંશય ન કરવો. કહેનાર કોણ છે એ જોવું. વટ-બટ મૂકી દેવાં ને કટ વળી જવું. કોઈના કહેવાથી કહે છે એમ પણ ન માનવું. સરળતા. કોઠારીમાંથી સેવક થવાનું થાય, વાસણ ઊટકવાં પડે, જાજરૂ સાફ કરવાનું, ચોકો કરવાનો થાય તો એમ ન થાય કે મને આવું થયું ?' વાતવાતમાં સ્વામીશ્રી વરસી પડ્યા.

રે'શું વચનમાં અનુરાગી

તા. ૨૨/૧૨ની સવારે સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજના ઓરડે દર્શન કરવા આવ્યા ત્યારે વરસતા વરસાદમાં તેઓ અટલાદરાથી સારંગપુર પધારેલા તે પ્રસંગ એક સંતે રજૂ કર્યો. તેના આધારે કોઈએ સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા ! કયા વિચારથી આપે આ તકલીફ વેઠેલી ?'

'તકલીફ એમાં ક્યાં હતી ભલા આદમી ! ગુરુની આજ્ઞા થઈ એટલે કોઈ વિચાર કરવાનો હોય જ નહીં !' સ્વામીશ્રી બોલ્યા.

તેઓ *'તન-મનનાં સુખને ત્યાગી, રે'શું વચનમાં અનુરાગી...'*ની રીતે જ ગુરુ-આજ્ઞામાં ઝંપલાવતા.

પોતાની આ શૈલી જણાવી સ્વામીશ્રી આજની સાંજે સ્મૃતિમંદિરે પહોંચ્યા ત્યારે પૂજારી પ્રગટ ભગતે પૂછ્યું : 'બાપા ! શાસ્ત્રીજી મહારાજને આપે બાયપાસ સર્જરીનો કાપો બતાવ્યો ?'

'જોયેલો જ છે ને એમણે. ઑપરેશન વખતે સાથે જ હતા.' ગુરુનું અખંડ સામીપ્ય અનુભવતા સ્વામીશ્રી આટલું કહી પ્રદક્ષિણા ફરવા લાગ્યા.

આ ભક્તિ અદા કર્યા બાદ તેઓ રાત્રે ૮:૪૦ વાગ્યે ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે છ સંતોએ 'વિદ્વત્તા શ્રેષ્ઠ કે સાધુતા?' વિષયક પરિસંવાદ સંસ્કૃત ભાષામાં રજૂ કર્યો. આ ચર્ચાનું સમાપન કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'સાધુતા ને વિદ્વત્તા – એ બેય આપણે તો રાખવાનાં છે. સોનામાં સુગંધ ભળે તો એની મહત્તા વધે. એમ મુખ્ય સાધુતા છે, તેની સાથે વિદ્વત્તા હોય તો સોનામાં સુગંધ!'

આ સુબોધ સુદૃઢ થાય તે માટે સ્વામીશ્રીએ પરિસંવાદમાં ભાગ લેનારા સંતોને કાગળ પર સંસ્કૃતમાં હસ્તાક્ષર કરી આપ્યા. તેની સાથે માળા પણ ભેટ આપી. પ્રોત્સાહનનાં આવાં પીયૂષ પાઈ તેઓ વિદ્યાભ્યાસને ઉત્તેજન આપતા.

સત્પુરુષ સામે આર્ગ્યુમેન્ટ (દલીલ) કરે એટલે મૂર્ખો

તા. ૨૬/૧૨ની સવારે એક મુલાકાતીની ઓળખાણ કરાવતાં તેઓની સાથે આવેલા સંતે કહ્યું: 'બાપા! આ રોહીશાળાના બેચરભાઈ.'

'એ પહેલાં ક્યાં હતા?'

'રોહીશાળામાં જ.'

પરંતુ આ ઉત્તરથી સ્વામીશ્રીને સંતોષ ન થતાં તેઓએ દર્શન કરીને આગળ વધી ગયેલા એ ભક્તને જ પાછા બોલાવી પૂછ્યું: 'તમે પહેલાં ક્યાં રહેતા?'

'ચકમપર. ત્યાં પંદર વરસ રહેલો.'

'હં... તેણે ચકમપરમાં બે વખત પધરામણી કરાવેલી.' સ્વામીશ્રી બોલ્યા.

આ વિગતમાં સંતોને રસ પડતાં તેઓએ પેલા હરિભક્તને પૂછ્યું: 'તમે સ્વામીની પધરામણી ક્યારે કરાવેલી?'

'ચાલીસ-પિસ્તાલીસ વર્ષ પહેલાં.'

હરિભક્તનો આ જવાબ જાણતાં જ સૌ સ્વામીશ્રીની સતેજ સ્મૃતિ અને અખૂટ આત્મીયતામાં ખોવાઈ ગયા.

તે સૌ પર પ્રાતઃકથામાં સ્વામીશ્રીની અમૃતધારા વરસી પડી કે –

'આજે સર્વકર્તા પરમાત્માની સુંદર વાતો સાંભળી, પણ ઘડી પછી આપણું કર્તાપણું આવી જશે. આપણે બધા જ માનીએ છીએ કે મારા જેવી

બુદ્ધિ કોઈની નથી. 'હું જ બુદ્ધિવાળો છું' એની ધમાલ છે. રાજાના દીકરાએ લાખ રૂપિયાની બુદ્ધિ લીધી તો એને ગાદી મળી, પણ આપણે તો બુદ્ધિ લેવી જ નથી ને! સત્પુરુષનો બાપ હોય કે ભગવાન કહેવા માટે આવે તોય લેવા તૈયાર નથી. ભગવાન સહજાનંદ સ્વામી આવે ને કહે, 'લ્યો, હું બુદ્ધિ આપું.' તોય 'રહેવા દો તમારી પાસે, મારી પાસે ઘણી બુદ્ધિ છે, અમને બધું આવડે છે,' એમ કહી દઈએ.

પણ સત્પુરુષે આપી જે બુદ્ધિ એ બુદ્ધિ. એ કહે તેમ કરે તે બુદ્ધિવાળો. આપણને આજ્ઞા થઈ કે આ રીતે રહેવાનું; પછી મનનું બધું મૂકી દેવું. પછી સુખ-દુઃખ, માન-અપમાન થાય તોય કરવાનું. પણ ત્યાંથી પોટલું બાંધીને આવે. અલ્યા, ભ'ઈ! તને અહીંથી સારું પોટલું બંધાવ્યું હતું ને ત્યાંથી નઠારું બાંધીને કેમ આવ્યો? તો તેનું કારણ બુદ્ધિનો ડોળ. સત્પુરુષની બુદ્ધિનો ઉપયોગ નથી કરતા ને આપણી બુદ્ધિનો ઉપયોગ કરીએ છીએ એટલે આ ચકરાવો ચઢે છે. આપણી બુદ્ધિ એમની આગળ કાંઈ જ નથી. આર્ગ્યુમેન્ટ કરે છે એટલે મૂર્ખો જ છે. ત્યાં આર્ગ્યુમેન્ટ જ નથી કરવાની. એ જે બતાવે એ ઉગમણી દિશા. બાકી બધી દિશા અવળી થવાની છે. સત્પુરુષ કહે તેમ કરવું તેમાં સુખ, સુખ ને સુખ છે.'

નમતા રહેજો, તો બહુ સુખ રહેશે

સારંગપુરના રોકાણ દરમ્યાન જ્યારે સ્વામીશ્રી મંદિરમાં દર્શન કરી પ્રદક્ષિણામાં પધારે ત્યારે ત્યાં સંતો *'જાણે બેઠી છે હંસની હાર, એક-એકથી ઓપે અપાર...'*ની જેમ દર્શન કરવા ગોઠવાઈ જતા.

આ ક્રમમાં તા. ૨૭/૧૨ના રોજ પરમરત્નદાસ સ્વામી અડધા વાંકા વળી નમન કરતાં ઊભેલા. તે જોઈ સ્વામીશ્રીએ તેઓના માથા પર હાથ મૂકતાં કહ્યું: 'નમતા રહેજો, તો બહુ સુખ રહેશે.'

છ શબ્દોમાં તો તેઓએ જાણે ષટ્શાસ્ત્રનો સાર સુણાવી દીધો.

આવો જ અમૃતલાભ તા. ૨૯/૧૨ના રોજ પણ આપી સ્વામીશ્રી ઉતારે જઈ રહેલા ત્યારે તેઓએ દૂર બગીચામાં મંદિરના સેવકોએ પકડેલો સાપ જોયો. ખૂબ ફૂંફાડા મારતો એ સાપ આઘો-પાછો થતો હતો. છતાં સ્વામીશ્રીને આ ઝેરીલા જીવ પર પણ દયા ઊપજી. તેથી તેઓ એ સાપની નજીક ગયા ત્યાં જ તે સાવ ઠરી ગયો. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'સ્થિર થઈ ગયો. શાંત

થઈ ગયો દર્શન કરતાં... બદરિકાશ્રમમાં જાય... જય મહારાજ...' આમ કહી ગુરુપરંપરાની જય બોલાવતાં એ સાપ પર અમીદષ્ટિ વેરી રહેલા તેઓએ અંતે કહ્યું : 'લાવો, એને પાણી છાંટીએ. મોક્ષ થાય બિચારાનો.'

આ સાંભળી સંતો તરત જ જળ લઈ આવ્યા. તેની પાંચ-છ અંજલિ સ્વામીશ્રીએ 'મહારાજ... સ્વામી...' બોલતાં બોલતાં સાપ પર છાંટી.

તેઓની આવી કરુણા આજની સાંજે પરસ્પર વિષવમન કરતા ત્રણ ભાઈઓના એક કુટુંબ પર પણ વરસી. આ ક્ષત્રિય પરિવારમાં વકરેલા જર-જમીનના જટિલ પ્રશ્નનું નિવારણ કરવા સ્વામીશ્રીએ પોતાનો કીમતી સમય ફાળવી ત્રણ-ત્રણ મીટિંગો યોજેલી. છતાં છેડો ન પામેલા એ ઝઘડાનો આજે તો તેઓ નિકાલ લાવીને જ જંપ્યા અને દરેકના મોંમાં મગસ મૂકી મીઠાશ ભરી આપી.

આમ, પશુ-પંખીથી લઈને પરિવાર સુધી સૌનું કલ્યાણ કરતા સ્વામીશ્રી તા. ૩૧/૧૨ની સાંજે સારંગપુરથી અમદાવાદ જવા તૈયાર થયા.


તે વખતે મંદિરમાં વિદાયનાં દર્શન બાદ તેઓએ એક પછી એક દંડવત્ કર્યે જ રાખ્યા. તેઓની આ ભક્તિ છને બદલે બાર દંડવતે વિરમી. સૌને તેનું આશ્ચર્ય હતું. પરંતુ તેનો ઉકેલ લાવતાં સ્વામીશ્રી જ બોલ્યા: 'આપણે એકાદશી જતી રહી'તી ને !'

એકાદશીએ ચુકાઈ ગયેલા દંડવત્‌નું તેઓએ આજે બે દિવસ બાદ સાટું વાળી દીધું !

સ્વામીશ્રીની આવી સદાબહાર ભક્તિ સન ૧૯૯૮નું વર્ષ તો છેલ્લા ૩૬૫ દિવસથી જોતું આવેલું. આ ભક્તિ હૃદયની શસ્ત્રક્રિયા જેવી કટોકટીની પળોમાંયે કરમાઈ નહોતી તેનો પણ આ વર્ષ જાત અનુભવ કરી ચૂકેલું. તેની સાથે તે સ્વામીશ્રીના હૃદય અને તેમાં વસેલી અનેક શુભ ભાવનાઓનું પ્રત્યક્ષ સાક્ષી બનેલું.

તેથી જ તા. ૩૧/૧૨ની રાત્રે બાર વાગ્યે આવી ગયેલી પોતાની વિદાય-વેળાએ સન ૧૯૯૮ લાખોના હૃદયસમ્રાટ સ્વામીશ્રીને વધાવતાં ગાઈ ઊઠી :

'આજ આ જોગી આવ્યા છે જેવા, નથી બ્રહ્માંડમાં અન્ય એવા...'



માળા એ જ જેમની જીવનભરની મૂડી રહી હતી એવા
બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એટલે જન્મજાત સાધુતાનું ગૌરીશિખર,
જીવનભર અકિંચન રહી નિરંતરના પરિવ્રાજક ઓલિયા,
પરાભક્તિ અને ગુરુભક્તિનું મૂર્તિમંત સ્વરૂપ, પરહિતની સદા વહેતી કરુણાગંગા,
બીજાના સુખ માટે જીવનની આહુતિ આપનાર, નિઃસ્વાર્થ ભાવનાની સાક્ષાત્ મૂર્તિ,
સમત્વથી સૌ પર વરસતી સ્નેહની અનરાધાર વર્ષા અને
ભારતીય સંસ્કૃતિના અજોડ જ્યોતિર્ધર.
એમની ફોરમતી પવિત્રતામાં ભગવદ્‌ગીતાનું ગુણાતીતગાન ગુંજ્યા કરે.
એમના સાંનિધ્યમાં પરમાત્માની સુવાસ સહેજે મઘમઘે.
કોઈ અધિકાર કે કંઈક હોવાનો કોઈ દાવો નહીં,
કોઈ હક્ક કે માલિકીનો ભાવમાત્ર નહીં, 'હું કંઈક છું કે હું કંઈક કરું છું'
– એવા અસ્તિત્વની સભાનતા એમની નજીક પણ ફરકે નહીં.
સદા સરળ. સદા સહજ. દંભ કે કોઈ દોર-દમામનો અંશમાત્ર નહીં.
અજોડ આર્ષદ્રષ્ટા અને અદ્વિતીય સર્જક-લોકસેવક હોવા છતાં
અહંશૂન્યતાની જીવતી જાગતી પરાકાષ્ઠા. સ્વ કે શરીરની કોઈ ખેવના નહીં.
જીવનની પ્રત્યેક ક્ષણ ભગવાન સ્વામિનારાયણને ચરણે જનકલ્યાણ માટે સમર્પિત.
હૃદય ઋજુતાથી અહોરાત્ર ધબકે, છતાં સહનશીલતાનો એથી મોટો કોઈ પર્યાય નહીં.
સૌમ્ય, પ્રિય, હિતકારી વાણી. પ્રેમ અને કરુણા વર્ષાવતી એમની નિર્મળ આંખો.
રોમરોમમાં સદા પ્રફુલ્લિત એમની નમણી કાયા.
આ બધું આજે સાંભરે છે ત્યારે હૃદય ગદ્‌ગદ થઈ જાય છે.
આ પૃથ્વી અને પૃથ્વી પર વસતા કરોડો લોકો સતત ૯૫ વર્ષ સુધી
તેમના સાંનિધ્યથી ધન્ય થતા રહ્યા.
આવનારી અનેક પેઢીઓને આ ગુણાતીત મહાપુરુષના
દિવ્ય જીવનમાંથી સતત પ્રેરણા મળતી રહે તે માટે
આ ગ્રંથશ્રેણી પ્રકાશિત કરતાં હર્ષ અનુભવાય છે.

PSM Jivan Charitra Part - 8
PSM Jivan Charitra - 8